માંગલ્ય – ૧

શ્રી શ્રી શ્રી ગોકુલેશો જય જયતિ

શ્રી રસ સ્વરૂપ જય જય કરૂણામય ઉદાર શીરોમણી સર્વોપર બિરાજમાન શ્રી ગોકુલપતિ કરૂણાનિધાન દયા સાગર ભકત પ્રતિપાલ મારૂ સર્વસ્વ ધન ઉદારવર રાય રસિક શીરોમણી શ્રી વિઠલકુમાર શ્રી વલ્લભજીનું નિત્ય ચરિત્ર લખીએ છીએ.

શ્રી રૂકમણીલાલ રસાલ જેના નેત્ર વિશાલ, મોહે શ્રી અંગે અનુપમ બાલ ।। પાર્વતી પતિ સુખ નિધાન ભકતના તે રાખે બહુ પેરે માન ।। તેનું કોણ કહી શકે નિર્માણ મારા પ્રિતમજી ને અનુપમ એ છે બાણ ।। શ્રી વલ્લભજીનું શું શું કહીયે વખાણ ।। સ્નેહ બાની સ્વકિયતણી રાખે બહું પેરે કાણ ।। શ્રી વિઠલકુમાર રસાત્મિક સ્વઢપ શ્રી અંગ સોહે છે અનુપ એ છે મારો ભુપ ।। તેહોને નમન કરૂ સુખ રૂપ ।। શ્રી ચરણાર્વિંદ રસ છે અનુપ ।। તે રસપાન કરૂં સુખ રૂપ ।। શ્રી શ્રી હવે એ પ્રથમ માંગલ્ય લખીએ છીએ ।। તેહનું અનુકરણ ધોલ છે તે વચન જે ઉઠોજી પોઢીયા અલબેલા આધારજી ।। વાર લાગે રે વહાલા શાભણીજી ।। એને અનુકરણે ગવાશે ।। તે લખીએ છીએ.

પાછલી રાત ભકત આરત ભલી રીતેજી
નિંદ્રા માંહેથી જાગે ભકત અભિનવે રંગેજી
નામ પ્રિતમ તણું લે છે ભાવેજી
સ્વઢપ પ્રિતમ તણું ચિત્ત માંહે ધારીજી
કોઈ એમ ઉચ્ચરે શ્રી વલ્લભજી ઉદારજી
કોઈ કહે પરમ ઉદારવર રાયજી
કોઈ કહે વિઠલકુમાર સુખદાતાજી
કોઈ કહે પરમ ચતુર વર રાયજી
કોઈ કહે પરમ પ્રવિણ ગંભીરજી
કોઈ કહે મિત્ર મહારો પરમ સુજાણજી
એણી પેરે ભકત સહુ નિંદ્રા માંહેથી જાગેજી
શબ્દ મધુરા તે પરમ સોહાએજી
કોઈ કહે ચિરંજીવો શ્રી ગોકુલનાથજી
.....
કોઈ કહે સુંદર સુચારૂ મુખ આછુજી
કોઈ કહે વિઠલજીનો લાલ રસાલજી
કોઈ કહે જુગ જુગ જીવો મહારાજજી
કોઈ કહે કામ કલા રસ જાણજી
કોઈ કહે શ્રી ગોકુલનાથ સુચારજી
કોઈ આલીંગન મન માંહા દે સારજી

પ્રિતે જોવા જાએ વહાલા ના સહુ દાસજી
અંગે અભિલાખા ઘણી મન મુદાજી ।૧।
આવે ઉચ્ચાર શ્રી ગોકુલેશ કહીજી
ભારી વહાલા તણો સ્નેહ લહીજી ।૨।
સાર કૃપાલ સનમુખ ધરેજી
ભાએ મન રૂકમણીલાલ તે ચિત્ત હરેજી ।૩।
માતા છે સ્વકિય તણે રંગે સદાજી
થાએ પાર્વતી પતિ તે મન મુદાજી ।૪।
વીર શોભાજીનો અભિનવોજી
સુઠાણ છે રૂપ અનુપમ પ્રિતમ હવોજી ।૫।
જાગે લેતા ઉઠે નામ પ્રિતમ તણુજી
મોહાએ એ મન સ્નેહ ભર્યા સોહે ઘણુંજી ।૬।
સાથ ઉદાર શીરોમણી એમ કહેજી
..... ।૭।
રાચું મન વલ્લભજીનું નામ કહીજી
બાલ અનુપમ ભકત એમ લહીજી ।૮।
સાજ સ્નેહ તણો તે અંગ વસેજી
સુઠાણ પ્રિતમ રસ આગમન વસેજી ।૯।
વારણા લેઈને દંડવત કરેજી
પાર નહિ અંગે આરત્ય ધરેજી ।૧૦।

કોઈ કહે પ્રાણ પ્રિતમ પ્રાણ આધારજી વારંવાર તે તેણીપેરે ઉચ્ચરેજી
કોઈ મન માંહા હોએ મુદિતજી સ્વઢપનું રૂપ લેઈ હૃદયમાં ધરેઅજી ।૧૧।
કોઈ મન સ્વઢપ તે રસસું બિરાજેજી છાજે પ્રિતમ સુખ અંગે ઘણુંજી
કોઈ તે અંક ભરે અંગસુ ઉમાંહેજી થાએ વિહવલ શું કહુ તે તણુજી ।૧૨।
જેઓ ને મન સ્નેહ તે ઉગ્ર સોહાયેજી મોહાએ મન ભકત મંદિર જાતાજી
સર્વથી આગલ તે જાએ મન રંગજી સંગ કોહોનો સખી નવી ચાહેજી ।૧૩।
ચાલતા નક્ષત્ર નિહાલે ભલી રીતેજી પ્રિતે તે સમય થયો મન લહેજી
ઘસમસ્યા જાએ છે તે અભિનવે રંગેજી સંગ કોહોનો સખી નવી ચાહેજી ।૧૪।
સ્નેહને વસ થકા રંગ ભરયા ચાલેજી મહાલે છે ડર કોહોનો નવી ઘરેજી
ચિત્ત જઈ પહોંચ્યું છે વલ્લભજીને પાસજી આસ પ્રિતમ અંગે મન હરેજી ।૧૫।
ઉલટ ઉમાંહસું રંગ ભરયા ચાલેજી માહલે મન પ્રિતમજીનું રંગ જોવાજી
ભકત તણાં મનડાતે સુરત્વે સાંચ્યાજી રાતા છે મન પ્રિતમજીને મોહોવાજી ।૧૬।
એણી પેરે સ્નેહ આશકત પધારેજી સીધારે છે ભકત મંદિર રંગેજી
સોચતા ચાલે છે પ્રિતમનું સુખ અંગેજી રંગે ભર્યા ચાલે ભકત સ્નેહ સંગેજી ।૧૭।
સ્નેહ તણે ભર અંગ રંગ ભર્યા આવ્યાજી ભાવ્યા ભકત અનુપમ રૂપ સોહેજી
સિંધ દ્વાર આવ્યાને ભકત સુખ ફાવ્યાજી ભાવ્યા છે પ્રિતમજીને અંગે મોહેજી ।૧૮।
અહીં રહી દે છે ભકત આશિષ વલ્લભ અંગેજી રંગે પ્રિતમ તણી સ્તુતિ કરેજી
આશિષ દે લે સખી ભાવ તરંગેજી સંગે પ્રિતમ તેહનો સ્નેહ ઘરેજી ।૧૯।
એમ ભકત આવે છે ઘર ઘરથી સુખ માતાજી રાતા પ્રિતમ તણે અંગે સદાજી
જે જેમ ઉઠે તે તેમ ચાલ્યા આવેજી ભાવે પ્રિતમ સુખ મન મુદાજી ।૨૦।
હાથે લાગા ચાલે ભકત મન માંહાતે માહાલેજી સાલે વિપ્રયોગ દુઃખ અંગ ઘણુંજી
રાત તણું (વીછો હું) સખી અંગ અકલાતૂજી માતુ છે મનતે સ્વકિય તણુજી ।૨૧।
કોઈ ભકત પરસ્પરે જગાડે છે રંગેજી અંગે આરત્ય સખી અભિનવીજી
સમય થયો ઉઠયા હશે વહાલોજી નિહાલો પ્રિતમ અનોપમ દ્રષ્ટિ નવીજી ।૨૨।
હા રાજ ઉઠયા એમ કહીને ઉચ્ચારેજી વિચારે છે નામ તે વલ્લભ તણુંજી
કરૂણામય જીવન આશ્રય ગોકુલપત્યજી સત્ય રૂકમણીલાલ તે સોહે ઘણુંજી ।૨૩।
કોઈ કર સ્વધર્મ ધુરંધર વિઠલલાલજી બાલ કહે પ્રિતમ અંગ રસાલ સોહેજી
નામ પ્રિતમજીનું લે નિસાસો સંગજી રંગ ભર્યા અંગ તે સુરતે મોહેજી ।૨૪।
સર્વોપર બિરાજે છે મહાસુખ મણીયજી ધણીય મહારો શ્રી વલ્લભ સદાજી
એમ ભકત ઉઠે છે આલસ મોડે અંગજી રંગ ભર્યા ભકત ઘેર ઘેરથી મુદાજી ।૨૫।
એણી પેરે જુથ ઘેર ઘેરથી તે સારજી પાર નહિં તે રંગે ચાલેજી
કો ભકત મલતીપાંતે પેડે મલ્યા સંગેજી અંગ તે પ્રસન્ન મન સુખ મહાલેજી ।૨૬।
પરસ્પર બાંહાં જોડી તે કંઠ માંહાં વલતાજી મલાતા અંગરંગ શોભાએ ભરયાજી
વાતડી પ્રિતમજીની કરતા તે ચાલે છે જી મહાલે છે અંગ પ્રિતમજીએ વરયાજી ।૨૭।
એમ આવી આવી જુથ અનેક સિંધદ્વારજી પાર નહિં તે ભકતે લદાવ ભરયોજી
બોલસોમાં કોઈ પરસ્પરે વરજેજી ગરજે છે પ્રિતમ સેજ સ્વકિયે વર્યોજી ।૨૮।

કોઈ એક વરજે ખાંસી નવી ખાઓજી જાઓ બાહેર જેહને ખાંસી આવેજી
એણી પેરે ભકત તે સાવધાન બેઠાજી પેઠા મન રૂકમણીલાલ જયાંહા પોઢયા ભાવેજી ૧૨૯
(ગેહે ગહી) ભરયો છે લદાવ સુખકારજી ભારી ભરયુ ભકતે સિંઘદ્વાર સોહેજી
કોઈ એક ભાગ્યવાન ભકત અંતરંગ જેહજી તેહ જલઘરે થઈ બૈઠક માંહેજી ૧૩૦
એણી પેરે બેઠા ભકત જે જયાંહાં સુખ રીતેજી પ્રિતે વલ્લભજીના ગુણ ગાએજી
આશિષ સ્વકિય લે ભાવ તરંગજી અંગ પ્રિતમ સુખાલા લહી મન ભાએજી ૧૩૧
કોઈ કહે સુંદર લાલ રસાલોજી હંસીલો છે મિત્ર મારો સ્વકિય સંગજી
કોઈ કહે અનંગ અપરમિત જાણજી બાણ્ય પ્રિતમજીને સદા અંગજી ૧૩૨
કોઈ કહે રસનું સ્વરૂપ સુખ ધામજી કામ પુરણ સ્વકિયના અંગે કરેજી
કોઈ કહે સ્વકિયસું રંગે પોઢયા નાહજી ચાહસું પ્રિતમ રસ સ્નેહ હરેજી ૧૩૩
અંગ આરત ભણી પ્રિતમ પોઢયા રંગજી સંગ તે ભકત સ્નેહ આશિષ બોલેજી
જે જઈ બેઠા છે સિંઘદ્વાર લદાવ ભરીયજી વરી છે શ્રૃષ્ટિ તે અંતરપુટ ખોલેજી ૧૩૪
અહીં રહી આશિષ બોલે સખી સંગેજી અંગે પ્રિતમને સુખ અતિ ઘણુંજી
એહવા ભકત જે છે પરમ અનુરકતજી વિગતવ્ય કરી શું કહું તેહો તણુંજી ૧૩૫
કોઈ કહે ઉઠીયે વલ્લભ સુખદાતાજી રાતા પ્રિતમ સ્વકિયને શ્રમ થાસેજી
કોઈ કહે ઉઠે કેહી પેરે સુખદાયેજી ભાયે છે પ્રિતમ સ્વકિય અંગ પાસેજી ૧૩૬
કોઈ કહે પોઢી રહેતા વણસે કેહી પેરજી ઘેર સેવા રસ રૂપ છેજી
કોઈ કહે પ્રિતમ અનંગ સુખ કારીજી ભારી છે રમણ તે મારા ભુપનુજી ૧૩૭
રસવસ થઈ ગયા છે રૂકમણીલાલજી બાલ સહુ મન એમ લહેજી
તેણે કરી ઉઠે કેહી પેરે પ્રિતમ રંગજી અંગે પેચ ભિડયા સ્વકિય કહેજી ૧૩૮
તે રસ ઝીલે છે અનુપમ ઉભય સંગેજી રંગતે ઉભય અંગે નૃત્ય કરીજી
તે સુખ ચુકયું મિત્ર તમો નવ જાયેજી થાયે અવાર પ્રિતમ ચિત્ત ધરોજી ૧૩૯
કોઈ કહે નિંદ્રા નથી પ્રિતમજીને અંગેજી રંગે સ્વકિય સંગે કેલી કરેજી
કોઈ કહે સ્નેહ સુભટ સુરવિરજી ધીર પ્રિતમ સ્વકિયનું અનંગ હરેજી ૧૪૦
કોઈ કહે તેહો તણે રસે પ્રિતમ માતોજી રાતો દિસે છે તે સ્વકિયને અંગ ઘણુંજી
નહિતર એણીપેરે પોઢી કેમ રહેજી કહે છે જે ભાગ્ય અનુપમ સ્વકિય તણુંજી ૧૪૧
કોઈ કહે વારણાં લેઉ પ્રિતમજી ઉઠોજી બુડો છે રસ પ્રિતમ અંગ જોતાજી
કોઈ કહે વિઠલજીનો લડેતો છે લાલજી બાલ સંગ પોઢયા છે તે સ્વકિય મોહોતજી ૧૪૨
તેનું અંતઃકરણ વિશુધ્ધ ભાવે છાજેજી રાજે છે પોઢયા કહે તે શા માટેજી
સોચે છે ભકત મનતે અકુલાયે આધારજી વારણાં લેઉ એણીપેરે જોઉ વાટજી ૧૪૩
એ મારો ભાવ ગ્રાહી પ્રિતમ લહે સારજી અપાર છે ભકત ભાવ રસે ભર્યા જી
પ્રિતમજી સુજ્ઞાતાતે લહે રસ માતાજી દાતા છે વલ્લભજી તેને કાજ સર્યાજી ૧૪૪
હવે તે ઉઠવા તણો સમે સુખ રાજેજી છાજે છે ખવાસ ઉઠયા તે ભકત લહેજી
તે પરસ્પર કહે છે ખવાસ ઉઠયા રાજેજી ભ્રાજે છે કાજ કરતા તે સેવક લહેજી ૧૪૫
દેહ કૃત્ય કરી પછે ચરણામૃત લે સંગેજી રંગે ખવાસ વહાલાજીનું કાજ કરેજી
ગડુઆ દંત ધાવનને ચોખંડી માંહાં ધરીયાજી ભરીયા એકાંત સ્થલે તે સુખ ધરેજી ૧૪૬

આહાટ મંદિર ભિતર સુણીયને ભકતજી
ભાવ તરંગ ઉલટીયાં છે અંગેજી
હલ ફલી ઉઠયા ભકત અનુરકત ચિત્તલગ્નજી
ઠેલે છે એક એક ને તે ઉછાહ આનંદજી
બેઠક મધ્યે જાવાનો આનંદ ભકત અંગેજી
તાદાત્મિક થઈ તે નિહાલે છે સ્વઢપજી
ભકત દંડવત કરી કરી ઉભા રંગેજી
એણીપેરે ઉભા ભકત સાવધાન અંગેજી
આરત્ય હરણ છે શ્રી રૂકમણીલાલજી
તેહ લહીને હવે પ્રિતમ ઉઠો રંગેજી
ઉઠી તે બેઠા છે પ્રિતમ સેજ સુખાલીજી
સ્મરણ કરે છે પોતે પોતાનું નામજી
શ્રી ગોકુલાધિશ કહી એમ બોલેજી
આંતરીક ભાવસું એમ કરે સનમાનજી
સરવાંગ ઉઘાડુ તે પરમ સોહાયેજી
શિષ પર મુડબંધો સીથિલ તે ભ્રાજેજી
વિથુર્યા કેશ તે સુઃખદ અતિ સારજી
નેત્ર અરૂણ ઘુઘરટયા મિંડે સારજી
પોહોંચલે મિંડેતે વહાલો નેત્ર રસાલજી
કોઈ એક ભકત સોહાગે જે પુરાજી
આલસ મોડે પ્રિતમ અંગ સુખકારીજી
સ્નેહ ભર્યા બેઠા છે વલ્લભજી સેજ સારીજી
સ્નેહ ભર્યા વહાલોજી ઉઠાવે શીષ રંગેજી
શીષ થકી લે છે પ્રિતમ મુંડબંધો તે રંગેજી
હવે તે સ્વરૂપ વર્ણન સખી કહુઅજી
ઉઠીને બેઠા વહાલો સેજડી રસાલજી
કેશ તે સુભગ અનુપમ રાજેજી
કેશ અંબોડો તે પરમ સોહાવ્યોજી
કુંતલ પરમ સુશોભિત લાગેજી
તિલકની રેખતે કહી કહી રાજેજી
ભ્રકુટી અનુપમ અભિનવી લાગેજી
નૈત્ર અરૂણ ઉન્નત આલસ ભર્યા રાજેજી
વરૂણી અનુપમ નવિણ બિરાજેજી
નૈત્ર આલસ જુત અભિનવા લાગેજી
નાસીકા અનુપમ કાંત સુખ રાજેજી
નાસીકા સુભ્ર છે પરમ સોહાતીજી

અનુરકત તે મન માંહે હરખીયાંજી
સંગ તે સ્નેહ સુખ વરસીયાજી ૧૪૭૧
મગ્ન થયા સહુકોતે મન રલીજી
સાનિધ્ય ભકત જાસે સંગ મલીજી ૧૪૮૧
રંગે પ્રિતમજીનું મુખ જોઈએજી
ભુપ મારાને સહુ અંગે મોહિયેજી ૧૪૯૧
અંગે આરત પ્રિયને જોવા ઘણીજી
રંગે વાત કરે છે વલ્લભ તણીજી ૧૫૦૧
બાલ સહુની આરત હરેજી
સંગે અનુરકત ભકતના ભાવ વરેજી ૧૫૧૧
ભલી છે વાણી ઉચ્ચાર મધુર રસેજી
જામ થોડી રહિતે રસ વસેજી ૧૫૨૧
ખોલે છે સ્વર નાભિકમલ થકીજી
દાન રસ ભકતને તે મન લખીજી ૧૫૩૧
મોહાયે છે તનિયો મરગજો રાજેજી
સાજો છે પ્રિતે તુર્રો મસ્તક છાજેજી ૧૫૪૧
પાર નહિ શોભા કેમ કહુંજી
વારણાં લેઉ પ્રિતમ કર લહુંજી ૧૫૫૧
વિશાલ સુંદરતે સોહે ઘણુંજી
સુરા જુએ રૂપસું કહું તેહો તણુંજી ૧૫૬૧
વારી હું પ્રિયને દંડવત કરૂજી
વારી અનુપમ ચરણે મસ્તક ધરૂજી ૧૫૭૧
અંગે તે ચિન્હ સોહે મન મુદાજી
સંગે જુડો દે છે પ્રિતમજી તે સદાજી ૧૫૮૧
લહુ પ્રિતમની કૃપા બલેજી
બાલ સહુ આવી ભાવે ભલેજી ૧૫૯૧
છાજે અંબોડો લલકતો અભિનવોજી
મોહાવ્યો જગતિતલ માંહાં નવી હવોજી ૧૬૦૧
પાગે છે ભાલ જોઈ ભકત મનજી
છાજે છે ભ્રકુટી ઉભય નૌતનજી ૧૬૧૧
પાગે મન ભ્રકુટીનો નિરખતાજી
છાજે છે ભકત નિરખે હરખતાજી ૧૬૨૧
કાજે નેત્ર રસતે આછાદન કરેજી
પાગે છે મન પ્રિતમજી તે હરેજી ૧૬૩૧
છાજે છે રસ લેવા મકરંદ ઘણુંજી
મોહાતી અનુપમ શું કહું તેહ તણુંજી ૧૬૪૧

ગલસ્થલ પ્રિતમજીના અનુપમ છાજેજી
રાજે છે દંતાક્ષીત ત્યાંહાં અતિ ઘણાંજી
તેહ વલ્લભજી શ્રીકરે મીડે સારજી
અપાર વારંવાર શું કહું તેહ તણુંજી ૧૬૫૧
રસ તે દુરાવા અર્થે વલ્લભજી એમ સોહેજી
મોહે છે નખક્ષત જોઈ મન મુદાજી
જલધર પેડે થઈ જે ભકત આવ્યા સારજી
અપાર એ શોભા નિરખે તે સદાજી ૧૬૬૧
હવે મોહોસર કહીયે વિચિત્ર બિરાજેજી
છાજે છે અનુપમ શુભ્ર ઘણુંજી
ભરી છે મોહોસર ઘણું સુંદર લાગેજી
પાગે જોતા મન (શું કહું) તેહ તણુંજી ૧૬૭૧
અધર અરૂણ તે અનુપમ રાજેજી
કાજે સ્વકિય સુખ પાનનેજી
લાલીમા અભિનવી ગહેરે રંગે સોહતિજી
મોહતિ અધર સુખ દાનનેજી ૧૬૮૧
અહીંતે દંતાક્ષીત રૂચીર રસે રંજયોજી
મંજયો છે અધર સ્વકિયે ઘણુંજી
દંત પંગતી સખી કેહી પેરે કહીયેજી
લહીયે જીભ્યાસું કહું તેહ તણુંજી ૧૬૯૧
લાલ છે મુખડુ તે પરમ સંજુકતજી
ઉકત વિવિધી રસતે જુકત લહેજી
બીડું અનુપમ મુખ માંહાં સુખ રૂપજી
ભુપે આપ્યું સ્વકિયને તે કહેજી ૧૭૦૧
હવે ઠોડી (રસજયુત) બિરાજેજી
છાજે અહીં રસતે અતિ ઘણુંજી
ઠોડીના સુખડા સખી અનુપમ જુકતજી
ઉકત ભરી જુકતસું કહું ઠોડી તણુંજી ૧૭૧૧
હવે તે કર્ણ કહું મધ્યવર્તી સુખદાતાજી
જ્ઞાતા વલ્લભવર વાત એ દ્વારા લહેજી
રસ તણું કાજ જે અનુપમ રાજેજી
છાજે છે કર્ણ મધ્યે થઈ તે કહેજી ૧૭૨૧
કર્ણ થકી કાંઈ છાનું નવી રહેજી
કહે રસ કાજ ભકત કર્ણનેજી
કર્ણ મધ્યે ભર્યો છે ભકત વાત રસાલજી
બાલ સરાહે છે મધ્યવર્તી કર્ણનેજી ૧૭૩૧
કો સમય મુકતા પહેર્યા ભર્યા રાજેજી
છાજે ભકત સુખ મન મુદાજી
ભાગ્ય મુકતા તણા વિસ્તર્યા સખી સોહોતાજી
મોહોતા જુએ છે તે કર્ણ સદાજી ૧૭૪૧
એણી પેરે શ્રી મુખાર્વીંદ રાજેજી
છાજે નિંદ્રા માંહાંથી ઉઠી સેજ બેઠાજી
ઉગાડા શ્રી અંગને સંગ આલસ રંગજી
અંગ પ્રિતમ એણી પેરે ઉર પેઠાજી ૧૭૫૧
હવે તે કહીએ સખી ગ્રીવા સુખ સારજી
અપાર પ્રિતમનો સ્વર ગંભીર ભારીજી
કાંઈ એક ઉચરે છે મધુરી તે વાણીજી
જાણી પ્રિતમ સુખ પર જાઉં વારીજી ૧૭૬૧
ગ્રીવા મધ્યે માલા તુલસી તણી લલકેજી
ચલકે માલા રંગ કેસર ભરીજી
જે સ્વકિયે પહેરાવી છે રંગેજી
સંગે પ્રિતમે હૃદયે તે વારીજી ૧૭૭૧
રૂદયા બાલ વિશાલ રસાલ સુખ કારીજી
ભારી રમણ સ્થલ મન મુદાજી
રૂદયા કોમલ મહા સુભટ સુખ દાતાજી
જ્ઞાતા વલ્લભવર સોહે સદાજી ૧૭૮૧
રૂદય પ્રિતમ તણુ સ્વકિય સુખ દાતાજી
માતા પ્રિતમ રૂદય રસ ઘણોજી
રૂદય પર કુચતે કઠોર બિરાજેજી
છાજે છે રસતે સ્વકિય તણોજી ૧૭૯૧
શુભ્ર સુઠાણ પ્રિતમ કુચ સારજી
પાર નહિ રસ અભિનવોજી
જાવક રંગ અહીં અનુપમ સોહેજી
મોહે સ્વકિય રસ એહવો કહી નવી હવોજી ૧૮૦૧
બીરડી કુચ પર રસ જુત સોહોતીજી
જોતી હું દ્રષ્ટ ભરી મન મુદાજી
કુચ ઉભય બીચે હૃદય લાંક બિરાજેજી
છાજે ત્યાંહાં કેશતે સરવદાજી ૧૮૧૧
હવે તે કહીયે કાંઈ ખંભા કર સુચારૂજી
(વારંવારતે) આલસ મોડેજી
કરની અંગુલીદલ અનુપમ ચટકેજી
મટકે છે કર બેહુ જોડી મોડેજી ૧૮૨૧

ખંભા તણા સુખ કેહી પેરે કહીયેજી	લહીયે અભિસરણે તે સુખડા ઘણાંજી	
બાંહો રસીલી તે રસ તણું ધામજી	કામ પુરણ શું કહું તેહ તણાંજી	૧૮૩૦
કોહોણીના વલણ સખી અનુપમ રાજેજી	છાજે અહીં સુખ મન મુદાજી	
કાંડા પહોંચલા સખી પરમ સુઢાલજી	બાલ સહુ જોઈ મોહે સદાજી	૧૮૪૦
અંગુલી દલ પ્રિતમજીના સુંદર રાજેજી	છાજે મુદ્રિકા જોતા સુખ ઘણુંજી	
નખચંદ્ર જયોત ઉદ્યોત જયુત સોહેજી	મોહે મન નખચંદ્ર તેહ તણુંજી	૧૮૫૦
કરતલ સ્વેત સુરતિ રસ જાણજી	બાણ્ય પ્રિતમ કરતલ સોહે સદાજી	
કોમલ પરમ સુભ્ર કરતલ રંગજી	સંગ સ્પર્શતા તે મન મુદાજી	૧૮૬૦
રેખા જુએ સખી રસને તરંગેજી	સંગે ચુંબન કર્યા કરતલેજી	
કરતલ સ્વાદ સખી અનુપમ મીઠોજી	દીઠો મેં તેહ સોહાગ બલેજી	૧૮૭૦
હવે તે ઉદર તણી શોભા પ્રિતમ રાજેજી	છાજે છે રસ તે ઉદર ઘણુંજી	
પસવાડી પીઠીતે અનુપમ સોહેજી	મોહે મન જોતા શું કહું તેહ તણુંજી	૧૮૮૦
પીઠીનો લંક અનુપમ આછોજી	સાચો પ્રિતમ મારો વલ્લભ સદાજી	
નિતંબ ઉઘાડા એમ બેઠા સેજ સુખાલીજી	ભારી નિતંબ જોતા મન મુદાજી	૧૮૯૦
કટી તણો લાંક ટુંડી અનુપમ બિરાજેજી	સાજે પ્રિતમતે તનિયો પહેરે સોહેજી	
આલસ જુત જંભાઈ આવે પ્રિતમને બહુઅજી	સહુકો જેકો ઉભાતે શોભાએ મોહેજી	૧૯૦૦
ઉલટો કર શ્રી મુખે સોહાવે પ્રિતમ રંગેજી	સંગે તે કરતલ જોઉં મન મુદાજી	
હવે પ્રિતમ મારો સેજ થકી ઉઠેજી	બુઠેજી રસરૂપ સુખ એમ સદાજી	૧૯૧૦
સઘલુ શ્રી અંગ તે તનિયા નેરે રાજેજી	છાજે ઉભા રૂકમણીલાલ શોભાએ ભર્યોજી	
મધ્યસ્થલ પરમ રૂચીર સોંહે રંગેજી	સંગે રસ અંગે પ્રિતમે તનિયો વાર્યોજી	૧૯૨૦
જંઘા ઘુંટણ રંગ અદ્‌ભુત લાગેજી	પાગે મન પ્રિતમના અંગ જોઈજી	
શુભ્ર સુંદર છે લહે લહતી જુ સુઢાલજી	બાલતે જંઘાને નિરખી મોહીજી	૧૯૩૦
સ્પર્શતા ડાલ અનુપમ જુકતજી	ઉકત એહ પ્રિતમ રસ અતિ ઘણોજી	
તેહ લહે છે જે સ્વકિય અંતરંગજી	સંગ રસ સોહે પ્રિતમજી તણોજી	૧૯૪૦
હવે તે જાનુ સુખ પીંડુરી બિરાજેજી	છાજે ઢાંકણા તે સુંદર સુંદર રંગેજી	
એડી પાહાંની રંગ કેહી પેરે કહીયેજી	લહીયે તે મન માંહાં કોમલ અંગેજી	૧૯૫૦
પગની પાટલી કાંઈ સુભગ સુઢાલજી	બાલ શ્રી ચરણ જોઈ મોહી રહેજી	
અંગુષ્ટથી અંગુલી છે અગ્રભાગે રાજેજી	છાજે છે (સુ લક્ષણ) શ્રી ચરણ ભકત કહેજી	૧૯૬૦
નખચંદ્ર જોતા તે ઉદ્યોત બિરાજેજી	ભ્રાજે નખચંદ્ર સહુ શોભાએ ભર્યાજી	
ભકત તણાં મનડાં શ્રી ચરણાર્વિંદે અટકયાજી	મટકયા નહિ પ્રિતમજી એ રસે વર્યાજી	૧૯૭૦
એણી પેરે શ્રી અંગ નિવારણ નિરખુંજી	હરખ્યું શ્રી અંગ જોઈ મન ઘણુંજી	
સ્વઢપ પ્રિતમ તણું કહયું કેમ જાયેજી	થાયે મન પંગ શું કહું તેહ તણુંજી	૧૯૮૦
હવે તે પલંગથી ધોતી લઈ અને પહેરેજી	ગહેરે રંગે વલ્લભજી શોભાએ ભરેજી	
રીતુ ભેદ શીતકાલ હોય છે જયારેજી	ત્યારે રંગ રંગના નિમા પહેરી વરેજી	૧૯૯૦
દુરતા માંહાં ઓઢે છે ચાદર પ્રિતમ રંગેજી	સંગે ઉપરેણાનો મોડાસો સોહેજી	
એમ પ્રિતમ સેજ પાસે ઉભા તે રાજેજી	છાજે ભકત ધોતી તણો કાછ મોહેજી	૨૦૦૦

અહી રહી પ્રિતમ ભકત સ્મરણ કરે છેજી
એણી પેરે ભકત તણા ભાવ મહારસ ધાખેજી
શોભા પ્રિતમ તણી અનુપમ છાજેજી
અહી થકી પહોંચ્યા વહાલો ચોખંડી પધારેજી
ચાલ લટકતી તે મટકે પ્રિતમ અંગેજી
સત્વરતાએ ચાલે પ્રિતમ અંગ અતિ મહાલેજી
રૂકમણી લાલ લડેતો અંગે સોહેજી
ભકત ઉભા છે તે સ્નેહવાન સિંઘદ્વારજી
કોઈ એક સૌભાગી ભકત ઉઘાડે છે દ્વારજી
ઘસમસ્યા આવે ભકત પુર માંહાં સુરજી
ભિડ છે બહું તેણે હીંડે નહિ સહુઅજી
પરસ્પર ઠેલે પગ ભોએ નવ મહેલેજી
એણીપેરે આવ્યા ભકત સોહે બેઠક માંહાંજી
નિરખે વલ્લભજીનું રૂપ છે સારજી
એમ આવી મલ્યા સ્નેહવાન રસ સુરાજી
નિરખિયા નાહ અંગે સુખડા અપારજી
રૂકમણીલાલને નિરખે છે રંગેજી
સાત્વિક ભાવે ભરી આરંદ્ર ભકત થાયેજી
જેને જેહવો છે જે ભાવ રસ જુકતજી
તેહ લહે છે તે ભકત (સુ જ્ઞાતજી)
તેહ સુની ભકત અનુપમ હરખેજી
ભાવ બહુપેરે ભકતના તે જાણેજી
આગલનો જે પ્રસંગ સખી સારજી
એક માંગલ્ય એતે થયુ રસ રાસજી
દંત ધાવન અહીં કરશે પ્રિતમ રંગેજી
ભકત તે નિરખે છે અભિનવું રૂપજી
સ્વરૂપ રસાત્મિક રસે ભર્યું રાજેજી
રૂકમણીલાલ તે સુખનિધી સારજી

હરેઅ છે પરિતાપ રસ તે નમન કરીજી
બેસે છે પ્રિતમ ભકત રૂદે વરીજી ।૧૦૧।
રાજે રૂકમણીલાલ સેજ પાસે સોહેજી
વારે છે ભકત શ્રી અંગ સંગે મોહેજી ।૧૦૨।
સંગે વહાલોજી મધુરી વાણી બોલેજી
નિહાલે છે ભકત જોઈ મનડા ખોલેજી ।૧૦૩।
મોહે ચોખંડી મધ્યે પીંઢે બેઠાજી
અપાર અંગે પ્રિતમજી ઉર માંહે પેઠાજી ।૧૦૪।
અપાર ભિડ જોતા મોહે તેહજી
ચુર કરે અંગના પરિતાપ જેહજી ।૧૦૫।
કહુંઅ પગ ભોયેં કોઈ નવી ઘરેજી
રેલે છે ભકત ભાવે મન હરેજી ।૧૦૬।
જયાંહાં ચોખંડી મધ્યે પ્રિતમ બેઠાજી
અપાર છે શ્રૃષ્ટિ તેને ઉર પેઠાજી ।૧૦૭।
પુરા છે રસ જયુત તે ભકત તે ઘણુજી
સાર પ્રિતમ પામ્યા શું કહું તેહ તણુંજી ।૧૦૮।
સંગે દંડવત કરી દુઃખ લેછેજી
જાએ મનડું જયાંહાં પ્રિતમ વાત કહેછેજી ।૧૦૯।
ઉકત તેહને તેહવું દાન દેઈ મોહેજી
દાતા રૂકમણીલાલના વચન સોહેજી ।૧૧૦।
વરખે છે પ્રિતમ અતિ સ્નેહ ભર્યાજી
વખાણે બહુ પેરે રસજુત પ્રિય વર્યાજી ।૧૧૧।
અપાર સુખ તે આગલે માંગલ્યે કહુંજી
આશ ઘણીજી આગલનો તે રસ લહુંજી ।૧૧૨।
સંગે ચોખંડી બેઠાતે સુખ સદાજી
ભુપ વલ્લભજીને મને મુંદાજી ।૧૧૩।
છાજે પ્રિતમ સુખ નિત્ય નવાંજી
વારંવાર નિરખો સુખ હવાજી ।૧૧૪।

એ માંગલ્ય પ્રથમનું સંપૂર્ણ હવે
માંગલ્ય બીજુ લખીએ છીએ.

માંગલ્ય – ૨

શ્રી રસ સ્વરૂપજી જય જયતિ એ માંગલ્ય બીજું લખીયે છીએ. તેનું અનુકરણ સાત શોભન મધ્યે ઘોલ છે. હરીભાઈ કૃત છે તે અનુકરણે ગવાશે. તે વચન જે, આજ સખી મે શ્રી વલ્લભ દીઠાજી મીઠા લાગ્યા બેઠા ચોકીયેજી, એ અનુકરણે ગવાશે, વલી બીજી જાત ગવાશે જે આંબલીયાની ડાલેનો સરોવરની પાલેજી હીરે જડયા તોરણ નિપજેજી, એની જાતે ગવાશે.

પ્રિતમજી તે ચોખંડી મધ્યે રાજેજી
શ્રી મુખાર્વીંદ પુરવ મુખે દીસેજી
ભાગ્ય સરાહે પોતા તણું રંગેજી
એણી પેરે બેઠા છે ચોખંડી મહારાજજી
ભકત સમાજ સહુ આવ્યો છે સોહતોજી
હવે તે ખવાસજી જલ રેડેતે સારજી
કર મધ્યે દંતધાવન લેઈ કરેઅજી
દંત શુધ્ધ કરી પછે જીભ્યા તે ઘરીયજી
વલતા બેહુ કર ક્ષાલ્યા તે ભલી રીતેજી
હવે પ્રિતમજી તે કોગલા બહુઅ કરેયજી
કોગલા કરે સત્વરતાએ સુખ માતાજી
તેહ ગંડુક કાંઈ અનુપમ લાગેજી
કરની સત્વરતા સખી કેહી પેરે કહીયેજી
વલતું મુખડું તે પર વાલે વહાલો રંગેજી
શીતકાલ હોએ ત્યારે ઉષ્ણ જલ મેહેલેજી
ઉષ્ણકાલે શીતલ જલે મુખડું પખાલેજી
વલતું શુધ્ધ આચમન કરે છે તે સંગેજી
દંત ધાવન કરી પહોચ્યા વહાલો જુકતજી
એહનું સનમાન કર્યું વ્હાલેજીએ એમજી
વલતુ મુખ વસ્ત્ર તે કરે વહાલો રંગેજી
હવે તે શ્રી મુખાર્વીંદ અંગુ છે ભલી રીતેજી
વલીય પુછે તે અંગુલીદલ સારજી
હવેલી માંહાં જાણ્યું જે વહાલોજી ઉઠયા રંગેજી
જુવે તો વાહાલોજી ચોખંડી મધ્યે રાજેજી
હવે તે એકાંત સ્થલ ગડુઆ ભર્યા જયાંહાંજી
ભકતે ત્યાંહાં વાત્સલ્ય કર્યા છે ભલી રીતેજી

કાજ દંત ધાવનને બેઠા સોહેજી ।૧।
હીસે મનડુતે દીશા તણુંજી ।૨।
સંગે શ્રી અંગતણાં સુખ લહેજી ।૩।
કામ પુરે છે તે દીશા તણાંજી ।૪।
મોહતો પ્રિતમ નિરખે મન મુંદાજી ।૫।
અપાર વહાલોજી સુખે કર ક્ષાલેજી ।૬।
હરેઅછે સ્વકિય તણાં મન ઘણુંજી ।૭।
વલી ચીર ઉતારી તે મન મુંદાજી ।૮।
પ્રીતે ખવાસજી ત્યાંહાં જલ રેડેજી ।૯।
હરે જાણે ભકના મન મુંદાજી ।૧૦।
રાતા તે ભકત નિરખે મન રલીજી ।૧૧।
પાગે છે મનતે કોગલા જોઈજી ।૧૨।
લહીયે જલ ભરી શ્રી હસ્ત મુખમાં લેજી ।૧૩।
સંગે ઉભા ભકતતે શોભા જુએજી ।૧૪।
પહેલે હસંતી તે અહી ઘરેજી ।૧૫।
ટાલે સંદેહ પ્રિતમ ભકતનોજી ।૧૬।
અંગે પ્રિતમજીને સુખ ઘણુંજી ।૧૭।
ઉકત ફરી બેઠાતે પશ્ચિમ મુખેજી ।૧૮।
નેમસું રસ ભરી વૃષ્ટિ કરેજી ।૧૯।
સંગેતે પ્રથમ બેહુ કર પુછેજી ।૨૦।
પ્રીતે પુછે તે નકસોરા બેહુજી ।૨૧।
અપાર સુખતે મુખ વસ્ત્રે કર્યુંજી ।૨૨।
સંગે ઘસમસ્યા આવે પ્રિતમ જોવાજી ।૨૩।
કાજ ભકત સુખ દેવા દાનનેજી ।૨૪।
ત્યાંહાં પધારીને વેગે ફરી આવેજી ।૨૫।
પ્રીતે અહીં સુગંધ ઉખેવ્યા છે બહુઅજી ।૨૬।

ભકતના રંગતે અભિનવા સોહેજી	મોહે વાહલો પછવાડે તે કવીત ભણેજી	।૨૭।
તેહો તણો સ્નેહ અંગી કર્યો રંગેજી	સંગે સ્નેહ લેઈ તે બાહીર આવ્યાજી	।૨૮।
અટકતી ચાલને જુએ ભકત રસાલજી	બાલ સહુ શ્રી અંગે સોહેજી	।૨૯।
પનહી ગલી મધ્યે મુકે વહાલો અનુપજી	રૂપ ભકત નિરખે પ્રિતમ તણુંજી	।૩૦।
રૂકમણીલાલ લટકતો તે અંગેજી	રંગે મટકતી તે ચાલ ચાલેજી	।૩૧।
એણી પેરે ચોખંડી પધાર્યા પ્રિતમ રાજેજી	છાજે છે ભકત સમાજ સોહાતાજી	।૩૨।
હવે તે લાવણ્યસું પીઢે બેઠા સોહેજી	મોહે પ્રિતમ ચરણ ક્ષાલણ કરસેજી	।૩૩।
મૃતિકા સુવાસે ભરી ઘરી ત્યાંહાં જુકતજી	ઉકતે પ્રિતમે બેહુ કર ક્ષાલ્યાજી	।૩૪।
લેઈ લેઈ મુતિકા કર મધ્યે વહાલો નાખેજી	દાખે ભકત પ્રિતમ કર ક્ષાલ્યા સોહાતાજી	।૩૫।
મૃતિકા લઈ ચરણાર્વિંદ ક્ષાલે વહાલો રંગેજી	સંગે ભકત કોઈ ચરણામૃત લે છેજી	।૩૬।
એમ બેહું ચરણ ક્ષાલે ભલી રીતેજી	પ્રિતે ભકત ચરણામૃતને તૃષ્ટી ઘરેજી	।૩૭।
ચરણામૃત લે છે ભકત પરમ રસાલજી	બાલા નમન કરી જૈ જૈકાર બોલેજી	।૩૮।
શીષે ઘરે ચરણામૃત મન તણે રંગેજી	સંગે નેત્રે કરી છાતીયે ફેરેજી	।૩૯।
ચરણ ક્ષાલણ બેહુ કરી પહોંચ્યા જુકતજી	ઉકતે હવે વલ્લભજી કોગલા કરેજી	।૪૦।
ચપલતા કર તણી અદ્‌ભુત સોહેજી	મોહે ભકત ગંડુકને મન મુંદાજી	।૪૧।
સત્ય કરે ભરી ભરી જલ મુખમાંહાં તે મહેલેજી	છેલે છે તરંગ કોગલે રસ રેલેજી	।૪૨।
વલતું શુધ્ધ આચમન કરે પ્રિતમજી સોહતોજી	મોહતા શીતલ જલે મન મુદાંજી	।૪૩।
એણી પેરે ચરણ ક્ષાલણ કરે વાહલોજી	નિહાલે એ સુખડુ તે ભકત સદાજી	।૪૪।
વલતા કર પુછી મુખ વસ્ત્ર કરે રંગેજી	સંગે ફરી બેસે પશ્ચિમ મુખેજી	।૪૫।
હવે ભકત તેલ બિછાવણાં કરે જયાંહાંજી	ત્યાંહાં વલ્લભજી પધારશેજી	।૪૬।
શીતકાલે હોમઘર ભિતર બિછાવેજી	ભાવે હસંતી તે ત્યાંહાં ઘરેજી	।૪૭।
ઉષ્ણકાલે તિબારી તેલ બિછોના તે રાજેજી	કાજે વલ્લભજીને સુખકારીજી	।૪૮।
વિવિધી સાજ ઘર્યા બિછાનાને પાસજી	આશ ઘણી ભકત ત્યાંહાં આવી બેઠાજી	।૪૯।
પ્રિતમજી ચોખંડી મધ્યે પશ્ચિમ મુખે સોહેજી	મોહે સ્વકિય વૃંદ ઉભા જુએજી	।૫૦।
વલ્લભજી મધુર સ્વર વાતડી કરેછેજી	હરે છે મનડાતે અંતરંગ તણાંજી	।૫૧।
ભકત શીક્ષા અર્થ ચરણામૃત તે વરેઅજી	ઘરેઅતે શ્રી હસ્ત થેલી મધ્યેજી	।૫૨।
એણીપેરે ભકતને દાન દેઈ પહોંચ્યા જયારેજી	ત્યારે ઉઠયા તેલ લગાડવા કાજજી	।૫૩।
ભકત જૈ જૈકાર બોલે મધુર સ્વર સોહેજી	મોહે વલ્લભજી તે મન મુંદાજી	।૫૪।
આશિષ બોલે જેહનો સંબંધ જેણી રીતેજી	પ્રીતે રૂકમણીલાલ તે સહુ લહેજી	।૫૫।
હવે ભકત પેંડો કરાવે હાસ્ય ઘણું સોહેજી	મોહે વિઠ્ઠલકુમાર મન મુદાજી	।૫૬।
લાલ લડેતો શ્રી વલ્લભજી રસાલજી	બાલ નિરખે છે મનડા હરેજી	।૫૭।
ચાલ લટકતી તે ચાલે છે સુદેશજી	વેશ સુંદર માહારા ભુપનોજી	।૫૮।
વારણા લે છે વ્રજ નારી સુખકારીજી	વારી કરે પ્રિતમના દુઃખડા લેછેજી	।૫૯।
રંગે ચટકતે પઉધાર્યા વાહાં અંગેજી	સંગે નિરખે ભકત સમાજ સોહેજી	।૬૦।
એણી પેરે તેલ ગાદી અંગી કરી સારજી	અપાર રીતુ ભેદના સુખ લહેજી	।૬૧।
સુજાતિ સ્વકિયને એમ સ્પરસ સુખ દીધાજી	કીધા તે દાન તેહોને અતી ઘણાજી	।૬૨।

અહી રહીઅ તેલ પરદની પહેરે જુકતજી	ઉકત પ્રિતમજીની અતિ ભલીજી	૧૬૩૦
ઉભા પરદની પહેરે કાછ વાલ્યો રંગેજી	સંગે નિરખે ભકતના મન હરેજી	૧૬૪૦
ઉપવીત લેઈ બાંધ્યું રંગે કટી સોહેજી	મોહેતે કેડે ઉપવીત જોઈજી	૧૬૫૦
હવે લાવણ્ય લટકાસું બેઠા રાજેજી	છાજતે ભકત સમાજ સોહેજી	૧૬૬૦
ઘેરી ચોહોંફેરે બેઠા ભકત રંગજી	અંગ ઉલટ તેહનો અતિ ઘણોજી	૧૬૭૦
શ્રી અંગ નિરખે ભકત અનુપમ તેહજી	જેહ વાહલો બેઠા આસન વાલીજી	૧૬૮૦
શ્રીય મુખાર્વીંદ દક્ષણ દીસે સોહેજી	મોહેતે પ્રિયનું સ્વરૂપ જોઈ જોઈજી	૧૬૯૦
વલતો અંબોડો છોડે ભલી રીતેજી	પ્રિતસું કેશ ઝટકી પ્રસારીયાંજી	૧૭૦૦
પ્રથમ શ્રી હસ્તે સુઘારે કેશ સારજી	અપાર સુખતે અંગુલી દલે ઓહેલેજી	૧૭૧૦
વલતી કંગહી પ્રિતમ શ્રી હસ્તે લે જેહજી	તેહ છે સ્વકિયને મોહામણીજી	૧૭૨૦
કંગહીને જોઈ સખી એણી પેરે ઈચ્છેજી	પ્રીછે પ્રિતમ તેહનો ભાવ લહેજી	૧૭૩૦
કંગહી કાં ન સરજુ મારૂ સખી અંગજી	રંગે પ્રિતમ એમ કાજ આવ્યુજી	૧૭૪૦
તેહ લહયુ છે વલ્લભજી સુજ્ઞાતાજી	દાતા પ્રિતમ એમ સુચવેજી	૧૭૫૦
ઘરીય કંગહી કર ભકતને એમ કહે છે જી	લહે છે મન સ્વરૂપ તે તમ તણુંજી	૧૭૬૦
એમ કહી મુસ્કાઈને આરત્ય ચુરે વહાલોજી	નિહાલો સ્વકિય વલ્લભજી એમ સુચવેજી	૧૭૭૦
મુસકની ઉભય અંગે અદ્‌ભૂત સારીજી	ભારી કેશ તે પ્રિતમ ઓહોલેજી	૧૭૮૦
લાવણ્ય લટકાસું ઓહેલે કેશ રસાલજી	બાલ મોહે કેશ તે સરલા ઘણુંજી	૧૭૯૦
હવે તે ખવાસ ફુલેલ લેઈ આવ્યાજી	ભાવ્યા છે ભકતને તે અતિ ઘણુંજી	૧૮૦૦
શ્રી હસ્ત બેહું આડા લીલાટ પર રાજેજી	છાજે છે ખવાસ તાલુએ તેલ મેહેલેજી	૧૮૧૦
ચાંગલા ભરી ભરી મુકે તેલ ત્યાંહાંજી	જયાંહાં લીલાટ ત્યાંહાં ફેલી આવેજી	૧૮૨૦
તાલુએથી ફેલ્યુ તેલ સર્વત્ર અપારજી	સાર વલ્લભજી હું હું કરેજી	૧૮૩૦
વલતા કેશ તે ચોલે ભલી રીતેજી	પ્રિતે વહાલોજી તે મન મુદાજી	૧૮૪૦
ઘેરી ચોહો ફેર તે કેશ ભિડયા સારજી	અપાર મુઠી મધ્યે ઘરી ચોલ્યાજી	૧૮૫૦
તેલે ભર્યા શ્રી હસ્ત હવે મધ્ય સ્થલ સોહેજી	મોહતે કર શ્રીમુખ ફેરેજી	૧૮૬૦
સ્વકિયને એમ સુચવે રસ સર્વોપર રાજેજી	કાજે તમારે અમો રસ વર્યોજી	૧૮૭૦
પરસ્પરે સમુજી મુસકાયે તે સંગેજી	અંગ ઉભય સ્વરૂપ સુખ અભિનવાજી	૧૮૮૦
હવે ભકત તેલ લગાવે ભલી રીતેજી	પ્રિતે વલ્લભજીએ પહેલે કરીજી	૧૮૯૦
ભકત તેલ લગાવતા આનંદ મને સોહેજી	મોહે શ્રી અંગે તે સ્પર્શ કરેજી	૧૯૦૦
ભકત બે લગાડે તેલ જંઘા જાનુ ચરણજી	હરણ મન રૂકમણીલાલ સદાજી	૧૯૧૦
કોઈ એક લગાડે છે શ્રી કર બેહુ જુકતજી	ઉકત તેલ લગાવે કોઈ પીઢે સોહેજી	૧૯૨૦
પ્રિતમજીએ આસન રચ્યુ સારજી	અપારતે કહેસે અંગ ડીગે નહીજી	૧૯૩૦
એમ ભકત સર્વાંગે લગાડે તેલ જુકતજી	ઉકત રૂદે ઉદર કર ફેરેજી	૧૯૪૦
હવે તે સ્વરૂપ વર્ણન કહું જેહજી	તેહ તેલ ભર્યું સુંદર રાજેજી	૧૯૫૦
ઝલકતું શ્રી અંગ તેલ ભીનું સોહેજી	મોહે ભકત વલ્લભજીનું રૂપ જોઈજી	૧૯૬૦
તેલ ચુચુતા કેશ મસ્તક રાજેજી	છાજે તેલ અંબોડે ધારા વહેજી	૧૯૭૦
લીલાટ પર તેલ મઈ થઈ રહ્યુઅજી	કહયું તે કેહી પેરે જાયે સખીજી	૧૯૮૦

તેલ ચુચાતી ભ્રકુટી તે ઘણું સોહોતીજી
નેત્ર ચંચલ ગતિ અભિનવા ચાલેજી
ગલ સ્થલ તેલે ભર્યા સોહે રસ રાસજી
નાસા મરકંદ લહે તેલ સુવાસજી
કર્ણ સકોમલ તેલે ભર્યા રાજેજી
હવે તે મોહોસર તેલે ચુચુતી સોહાયેજી
વાતડી કરે વાહાલો સુખભર સારજી
જીભ્યા અલોલ ગતિ ચાલે મુખ મહાલેજી
સઘલુ મુખાર્વીંદ ઝલકે સખી સારજી
ગ્રીવા ગંભીર સ્વર મધુરાતે એહાં રાજેજી
માલા ગ્રીવા મધ્યે અનુપમ સારજી
શ્રી હસ્તે કરી ચોપડી છે માલા રસાલજી
હૃદય ગહેરુ ગંભીર તેલે ભર્યું રાજેજી
હૃદય પર કેશ તે તેલે ભર્યા સોહેજી
કુચતે કઠોર પર બીરડીથી રાજેજી
રમણ સ્થલ એ અનુપમ સારોજી
હવે તે ખંભા ચોરસ તેલે ભર્યા રાજેજી
બાંહે રસાલી તે પરમ રસ ઉકતજી
તેલે ભરી બાંહે તે અભિનવી સોહેજી
કાંડા પહોચલા સખી પ્રિતમજીના સારજી
નખચંદ્ર અનુપ છે પરમ ઉદ્યોતજી
ચલકે નખચંદ્ર (ચમકતા તે) રાજેજી
કરતલ શ્વેત સુંદર સુખડા જે લહીયેજી
રેખા કરતલ તણી અભિનવી સોહેજી
એમ શ્રી અંગ સઘલું તેલ મઈ રાજેજી
હવે તે ઉદરતણી શોભા સુખ સારજી
પસવાડા પીઠે તેલ સુખકારીજી
ટુંડી પાસ પરદની તેલ જુત રાજેજી
જંઘા ઉદ્યોત જોત્ય તેલ ભરી સોહેજી
ઘુંટણ જાનુ સોહે તે પીડુરી અનુપજી
ઢાંકણા એડી પાહાંની પાટલી સુઢાલજી
અંગુલીદલ નખમણી તે ઉદ્યોતજી
તેલ ભર્યા નખચંદ્ર ચલકે અપારજી
તલીયે તેલ લગાડે ભકત પરમ સુખકારીજી
એમ તેલ લગાડે છે ભકત તે શ્રી અંગેજી
એક એક અંગને નિરખે રસ રાસજી

મોહોતી તેલે ભર્યા વરૂણી નૈત્ર જોઈજી ૧૯૯૧
ભાલે તે નાયકાવૃંદ ઉભાજી ૧૦૦૧
આશ એ સ્થલ તે મન માંહાં રહેજી ૧૦૧૧
પાસે તેલે ભરી સોહે ઘણુંજી ૧૦૨૧
છાજે સ્નેહવાનનો માંહે રસ ભર્યોજી ૧૦૩૧
મોહાયે મન અધર જોઈ રંજેજી ૧૦૪૧
અપાર પ્રિતમજીના દંત ચમકેજી ૧૦૫૧
નિહાલે તે ભકત ઉભા સ્નેહ જુએજી ૧૦૬૧
અપાર તેલ ભર્યું ઘણું સોહેજી ૧૦૭૧
છાજે છે તેલ ભરી અભિનવીજી ૧૦૮૧
અપાર ચમકે છે તેલે ભરીજી ૧૦૯૧
બાલ સહુ માલાતે મોહામણીજી ૧૧૦૧
કાજે સ્વકિયને સુખ મન મુદાજી ૧૧૧૧
મોહે ઉભય ઉરસ્થલ જોતા સખીજી ૧૧૨૧
છાજે છે બાલ ત્યાંહાં તેલ ભર્યાજી ૧૧૩૧
મારો પ્રિતમ એ સોહે મન મુદાજી ૧૧૪૧
કાજે ભકતને સોહે સદાજી ૧૧૫૧
જુકત એ માંહે છે અતિ રસ ઘણોજી ૧૧૬૧
મોહે છે સ્વકિય તણાં મન મુંદાજી ૧૧૭૧
અપાર તેલ ભર્યા સોહે ઘણુંજી ૧૧૮૧
જોત સોહે છે તેલે ભરીજી ૧૧૯૧
છાજે ઉદ્યોત સુખ જોત્ય ભલીજી ૧૨૦૧
કહીયે તેલે ભર્યા તે ઉભય રાજેજી ૧૨૧૧
મોહે સ્વકિય વૃંદ તેહ જોઈજી ૧૨૨૧
સાજે છે ભકત સુખ અભિનવાજી ૧૨૩૧
અપાર તેલે ભર્યું સોહે ઘણુંજી ૧૨૪૧
ભારી સોહતુ શ્રી અંગ તેલે ભર્યુંજી ૧૨૫૧
છાજે નિતંબ તે ખુલ્યા રાજેજી ૧૨૬૧
મોહે સ્વકિય જંઘાતે ઉભેય જોઈજી ૧૨૭૧
રૂપ તેલે ભર્યું સ્વઢપ આછુંજી ૧૨૮૧
બાલ જુએ ચર્ણ તેલે ભર્યાજી ૧૨૯૧
જોત હીરાની ચમકે ઘણુંજી ૧૩૦૧
સાર છે ચરણાર્વિંદ તેલે ભર્યાજી ૧૩૧૧
ભારી ચરણાર્વિંદ તેલે ભર્યાજી ૧૩૨૧
રંગે ઉભા ભકત તે સ્વરૂપ જોએજી ૧૩૩૧
આશ રસ આનંદ ફેલ્યો ઘણોજી ૧૩૪૧

એક ભકત નિતંબે તેલ લગાડે ભલી રીતેજી	પ્રિતે વલ્લભજીતે સુખ લહેજી	।૧૩૫।
હવે તે ખવાસજી જલ સિધ્ધ કરે જયાંહાંજી	ત્યાંહાં વાહલો નાહવાને પધારશેજી	।૧૩૬।
શીતકાલે ગાગરે જલ હોમઘર રાજેજી	છાજે હસંતીતે ત્યાંહાં ઘરીજી	।૧૩૭।
ઉષ્ણકાલે આંગણ મધ્યે ગાગરજલ સોહેજી	મોહે છે ભકત તેલ જોઈજી	।૧૩૮।
અમો કાં ન સરજયા એ જલ સુખકારીજી	ભારી પ્રિતમને વિનિયોગ થાતાજી	।૧૩૯।
હવે પ્રિતમ તેલ લગાવી પહોચ્યા રંગેજી	શ્રી અંગે તેલ ભર્યું ઝલકી રહયુંજી	।૧૪૦।
તેલને જોઈ સખી મનમાંહાં એમ આણેજી	વખાણે છે ભાગ્ય તે તેલનુજી	।૧૪૧।
આપણે જો સરજયા હોત તેલ સારજી	અપાર શ્રી અંગે લપટી રહેતાજી	।૧૪૨।
તેલની જયોતિ થઈ રહેતા શ્રી અંગ સંગેજી	રંગે પ્રિતમ તણાં અંગે સોહતાજી	।૧૪૩।
કો સમે નેત્ર માંહાં તેલ જાયે છે અનુપજી	ભુપ નીચા નિહોરીતે ધોતીએ પુછેજી	।૧૪૪।
બીજુ માંગલ્ય સખીએ લહો સારજી	અપાર સુખ આગલને માંગલ્યે કહુંજી	।૧૪૫।
નાહવા કારણ પધારશે વલ્લભજી અનુપજી	સ્વરૂપ તેલે ભર્યું જે કેમ લહુજી	।૧૪૬।
એ સ્વરૂપ જોવાને ઘરૂં આશજી	પાસ પ્રિતમજી કયારે દેખીયેજી	।૧૪૭।

ઈતિ શ્રી માંગલ્ય બીજું સંપૂર્ણમ્
હવે માંગલ્ય ત્રીજુ લખીયે છીએ
શ્રી શ્રી શ્રી શ્રી શ્રી

માંગલ્ય – ૩

શ્રી શ્રી શ્રી વલ્લભો જય જયતિ, એ માંગલ્ય ત્રીજુ લખીએ છીએ, તેનું અનુકરણ ઘોલ દાન લીલાની જાતે ગવાશે. તે વલી બીજી જાતે ગવાશે. તે વચન જે. વિઠલજીનો કુંવર વ્રજ રાજીયો, પાતલો પરમ ઉદારજી એ સખીરે પતિ આપણો, અબલા તણોરે આધારજી એ બેહુ અનુકરણે ગવાશે,

તેલ લગાવી પ્રિતમ પોહોતા પાછલે માંગલ્યે કહું સારજી
હવે તો નાહવાને પધારશે તે સુખ લહે ભકત અપારજી ।૧।
શીતકાલે હોમ ઘર મધ્યે નાહે ઉષ્ણકાલે આંગણ મધ્યે સોહેજી
નાહવા આંગણ માંહાં પ્રિતમ જયારે ભકત સમાજ સહુ મોહેજી ।૨।
શ્રી મુખાર્વીંદ અભિનવુ સોહે પશ્ચિમ મુખે તેહજી
તેહને આનંદ તે અતિ ઘણો પ્રગટયો અવ્યકત રસ જેહજી ।૩।
તેલ લગાવી ઉઠયા રંગે સંગે આશિષ બોલે ભકતજી
જૈજૈકાર સોહેતે પ્રિતમસું સ્વર મધુરાતે અવ્યકતજી ।૪।
તેહ વાહલોજી સુણે રસ ભર્યા ભાવ તેહોના છે રસ જયુકતજી
દાન પ્રિતમ તેને તેવું કરે ભાવ જોઈને તે ઉકતજી ।૫।
નિતંબ ખોલા ભકત સહુ ચોલે છે ઉભા ઉભા તેલ સારજી
વહાલોજી તે ત્યાંહાં કાંઈ ટોક કરે હસતુ સ્વરૂપ સોહે અપારજી ।૬।
ભકતે હાર બાંધીને પેંડો કર્યો સોહે અનુપમ જુકતજી
હવે તે ચાલે અટકતી ચરણાંકીત પડે ઉકતજી ।૭।
ચરણાર્વિંદ તેલે ભર્યા તેણે અંકિત પડે સારજી
ભકત ત્યાંહાં દંડવત કરે મનરલી ભાવે ભર્યા તે અપારજી ।૮।
ચાલતા સમારે વાહાલો પરદની કુંજલક વલી છે રસ જુકતજી
તેહ ટાલે પ્રિતમ રસ ભર્યા અનુપમ દિસે જે ઉકતજી ।૯।
અટકતી ચાલે પ્રિતમ ચાલતા પુછે નેત્ર રસાલજી
તેલ ગયું પ્રિય નેત્ર માંહાં તેહ જુએ રસ બાલજી ।૧૦।
અરૂણ દિસે નેત્ર સુખભર્યા પુછા પ્રિતમે તે રસ જુકતજી
શોભા પ્રગટી સખી અભિનવી જોઈ જોઈ મોહેતે ઉકતજી ।૧૧।
ચાલ્યા આવે તે દક્ષણ દીશે રસ ભર્યું સ્વરૂપ ઉદ્યોતજી
શ્રી અંગ પરમ સોહામણું ઝલમલે સુંદર જોત્યજી ।૧૨।
વહાલો જેહની આગલ પધારે તે વારણાં લે ભલી રીતેજી
જૈ જૈ કાર બોલે આનંદ ભર્યા આશિષ દે ઘણી પ્રિતેજી ।૧૩।
ચાલ્યા મટકતી ચાલે રંગે સંગે તે પગ જુએ ભકતજી
ચુચુતો અંબોડો ચલકે ઘણું અભિનવી પઢે સોહે ઉકતજી ।૧૪।

ઉભય નિતંબ કાછ જંઘા સોહે મોહેતે ઘુંટણ લાંક અપારજી
ઉભય જાનુ એડી અનુપમ કોમલતા સોહે સારજી ।૧૫।
એમ વહાલોજી પધારે છે નિરોધે ભકતના મનજી
રસદાન કરવાતે રસ વૃષ્ટિ સ્વકિયના પોસે પ્રિય તનજી ।૧૬।
દાન દીધા અતિ સ્નેહ ભર્યા મુસકની સહિત અવ્યકતજી
નિકટથી નિરખે પ્રિતમ રંગે સોહે છે અભિનવા ભકતજી ।૧૭।
પેંડે પધાર્યા પ્રિતમ જયાંહાં ત્યાંહાં સુખાસનો નહિ પારજી
ભકત આમોદલે રસ ભર્યા તેહ અનુપમ સારજી ।૧૮।
રસ તણો સિંધુ વહાલો રેડતા આવ્યા ચોકી તણે પાસજી
નાહાસે પ્રિતમજી અહીં રસ ભર્યા તેહ જોયાની મન આશજી ।૧૯।
ઉભાતે દીશે ઉત્તર મુખે શોભા તે અભિનવે રૂપજી
અંગ અંગ પ્રતે રસ અભિનવો કેમ કહી શકું તે અનુપજી ।૨૦।
ભકત સમાજ જુએ સ્નેહશું ઝલકતે શ્રી અંગ ઉદારજી
રસદાન દીધા ને વલી દેશે ક્ષણુઅ ન લાગે તે વારજી ।૨૧।
હવે પ્રથમતે સમોયા છે જલ ભરે કસેડી માહા સારજી
તેહ પ્રિતમજી ને કર આપી શોભા દિસે અપારજી ।૨૨।
ઉભા ઉભા પ્રિતમ નાહે છે પરદની ભીજવે રસાલજી
મુસકાઈને કોઈ ટોક કરે તેહ જોઈ મોહે સખી બાલજી ।૨૩।
ભીંજવી પરદની તેહ ઉટલ ભર્યા જલ રેડે અપરંપારજી
પુઠનો કાછ ભીજવે વાહલોજી નીચા નિહોરાઈ અંગ સારજી ।૨૪।
પરદની ઉભા ઉભા ભીજવી પાટલી આસ પાસે તેહજી
મીહી ઘણુ તેને લપટી ગઈ પરદની શ્રી અંગ સાથે એહજી ।૨૫।
ઉભા નાહે છે તરંગસુ રંગ કહયા કેમ જાયેજી
હવે તે ચોકીયે બેઠા વાહાલો આસન વાલ્યુ તે ઉમાહેજી ।૨૬।
ભરી ભરી કસેડી ઢોલે પ્રિતમ ખંભે અનુપમ સારજી
ચલણ વલણ સખી કેમ કહું શોભા તે દિસે અપારજી ।૨૭।
ટુંડી મધ્યે ધારા દે જલ તણી ઉદર ઉતંગ સોહે રસાલજી
ઉદર થોંદ સખી રસભરી જોઈ મોહે સહું બાલજી ।૨૮।
છોડી અંબોડો તે લટકાસું અધર બીડયા સુખ સારજી
ભરીય કસેડી લેઈ શીષ પર ઢોલે છે વાહાલોજી અપારજી ।૨૯।
એમ તરંગસું નાહે છે પ્રિતમ રસ ભરી ઉકતજી
રસ ભર્યું રસાલ શ્રી અંગ છે તે માંહાં અનુપમ જુકતજી ।૩૦।
કર્ણ છીરકે છે તરંગ સું ગ્રીવા તીરછી નિહોરાવીજી
શ્રી કર કમલ માંહાં જલ ભરી ભરી છીરકે છે વહાલોજી મન ભાવીજી ।૩૧।
ભકત મન ભ્રમર થઈ ગુંજે છે છીરકે સંભાલી પ્રિતમ કર્ણજી
નિરખે છે સ્વકિય સોહાગીયા અનુપમ કીધું વહાલે વર્ણજી ।૩૨।

ઉભય કર્ણ છીરકયા તણી શોભા હું કેહી પેરે કહુઅજી
જેમ જલ કર્ણ માંહાં જાએ નહી જેમ છીરકે તે મન લહુઅજી ।૩૩।
લાવણ્ય લટકા સખી રસ ભર્યા તરંગ કહયાં કેમ જાયેજી
નાહે અનુપમ ઉકત સું જુકત જોઈ સુખ થાયેજી ।૩૪।
ચરણાર્વિંદ ઉભય ઉચા કરી ત્યાંહાં જલ રેડે તે અપારજી
ત્યારે ચર્ણ તલા દેખીયે શોભા અનુપમ સારજી ।૩૫।
ઘુટણ જંઘા જાનુ પર જલ રેડે તે લઘુ લઘાવે અતિ ઉકતજી
નિતંબ ઉદર કટી લંક માંહાં રેડે જલતે અનુપમ જુકતજી ।૩૬।
આસપાસ સરવાંગે નાહી પહોચીયા ત્યાંહાં સહુ અંગ સકુચાવ્યાજી
અધર બીડી અંગ એકત્ર કરી ભરીય કસેડી કર મધ્યે ભાવ્યાજી ।૩૭।
તેહવી બીજે કર ટેકો દેઈ શીષે ઢોલે તે અપારજી
વલતી કસેડી પોતે ભોમી ઘરે શોભા અનુપમ દિસે સારજી ।૩૮।
નાહયા પછી કેશ તે લેલાટ પર ફેલી આવ્યા છે રસાલજી
ઉભય કરસું તે સુઘારીને પાછા વાલે તે જુએ બાલજી ।૩૯।
સ્પર્શ તણાં સુખડી લહી ભાગ્ય કેશનું સહરાયેજી
સ્નેહસું કેશ ઉંચા વાલીયા ભકત આરતે તે ઉમાહેજી ।૪૦।
હવે તે ખવાસે ચોકી પર થેલી ભરી ઘરી રસાલજી
તે માંહાંથી પોતે અંગ વસ્ત્ર લે છે તેહ નિરખે છે રસ બાલજી ।૪૧।
લેઈ અંગ વસ્ત્ર તે ઉભે કર વલતું શ્રી મુખ પર સોહે ઉકતજી
મુખડું પુછું ભલી ભાંતસું નિરખ્યા મેં પોહોચલા જુકતજી ।૪૨।
નખ ચંદ્ર તે સોહે ઘણા મુખડું અંગુ છે અતિ સારજી
વલતુ ઢદને શ્રીકર લુહે શોભા તે અપરંમપારજી ।૪૩।
તેહ અંગ વસ્ત્ર પછે શિષ પર ઓઢીને ભિડે કેશ તે ઉકતજી
આવલુ શિષ વસ્ત્ર ભલી રીત શું પેચ દિધા વહાલે તે જુકતજી ।૪૪।
શિષ પર તુરો તેહનો શોભીયે લોભીયે જોઈ સખી મનજી
ધોતી મહિન તે લપટી રહી દિસે ભિતરથી પ્રિય તનજી ।૪૫।
તે માહાથી જલ બિંદુ પડે મુકતા ફલ સોહે છે શુભ્ર સુઢાલજી
મુકતાફલે જાણે નાહી ઉભા તેહ જુએ રસ બાલજી ।૪૬।
એણી પેરે બિંદુ તે ધોતી તણા મુકતાફલ સોહે સારજી
ઉગ્ર પ્રતાપૈક વલ્લભજી છે મુકતાફલે નાહયાં અપારજી ।૪૭।
હવે તે અંગ વસ્ત્ર બીજુ પ્રિતમ લે અંગ અંગુ છે ભલી રીતેજી
પીઠે ઓઢે ભલી નિતસું લુહે છે અભિનવી પ્રિતેજી ।૪૮।
કર્ણ ગ્રીવા લુહે રંગ ભર્યા માલા જનોઈ લુહે ઉકતજી
ખંભા તલે આસપાસ સ્નેહ ભર્યા લુહે છે અનુપમ જુકતજી ।૪૯।
પછવાડા પ્રૌઢ ગંભીર પુછા અંગુછા ઉરતે સુચારજી
હૃદય પુછી અભિનવું તાહાં બે બિંદુ છે સારજી ।૫૦।

વૈજણી રંગતે સોહે ઘણુ નિરખે તે અંતરંગ બાલજી
હવે અંગ વસ્ત્ર પ્રિતમ પહેરે છે વિકલ સુત સોહે લાલજી ૧૫૧
પહેર્યું અંગ વસ્ત્ર નિતંબ પર શોભા તે કેહી પેરે કહીયેજી
અંગુછે છે નિતંબ મધ્ય સ્થલ તે મન માંહાં સુખ લહીયેજી ૧૫૨
જંઘા ઘુટણને જાનુ લુહે ફરી મધ્ય સ્થલ સારજી
અંગ વસ્ત્ર તણો ખુંટ લેઈ અને નકસોરા ઉભે લુહે અપારજી ૧૫૩
પુરૂ શિષેથી અંગ વસ્ત્ર છોડીને કેશ લુહે રસ ઉકતજી
સરસા સુંદર ઘણું શોભીયે ગ્રીવા નિહોરાવી લુહે જુકતજી ૧૫૪
એણી પેરે અંગ વસ્ત્ર કરી પહોચા ધોતી ઉપરેણો રસાલજી
તેહ જુએ સખી રસ ભર્યા અનુપમ જુએ વ્રજ બાલજી ૧૫૫
ઉપરેણા તણી ગાંઠ છોડીને મુક્યો ખંભાપર સારજી
ધોતી મુસકાતા સંગે પહેરે શોભા તે અપરંપારજી ૧૫૬
કાછ પુઠ તણો તે ખોસીને પાટલી વાલે રસ જુકતજી
તે લઘુ લાઘવે ખોસી છે અભિનવી દિસે સખી ઉકતજી ૧૫૭
નીચેનો ખુંટ નિહોરી અને લેઈ ખોસે રસ રીતેજી
પાટલીનો કાછ સુધારે રંગે ખુટ બેહુને કસે પ્રિતેજી ૧૫૮
એણી પેરે ધોતી પહેરી પહોચ્યા કેશ સુધરે મહારાજેજી
અંબોડલો પ્રિતમ વાલે છે શોભા સુંદર છાજેજી ૧૫૯
લઘુલાઘવે અતિ રસ ભર્યા વાલ્યો અંબોડો અતિ સારજી
સાપ્યકા દીધા અતિ સ્નેહસું અંબોડો ઝલકે અપારજી ૧૬૦
ઉપરેણો ઓઢે અતિ રસ ભર્યો લાવણ્ય કહી કેમ જાયેજી
સ્વરૂપ જુએ દ્રષ્ટિ ભરી ભરી તેણે તે પુરણ કામ થાયેજી ૧૬૧
અહીથી પહોચ્યા જયારે સુખ ભર્યા પ્રિતમ લટક લડેતોજી
પીઢો ધર્યો છે ખવાસજી એ ત્યાંહાં પધારે સુખ દેતાજી ૧૬૨
ચાલ્ય ચર્ણ ચાલે અલવસું ધરણી રોમો દ્રમ થાએજી
સ્પર્શ તણાં સુખડા લહી આનંદ ઉર ન સમાયેજી ૧૬૩
એણે પેરે આવ્યા અતિ હરખસું પીઢે બેઠા સુખ રાસજી
વચન બોલે મધુરા ઘણું મીઠા તે જોઉ સખી પાસજી ૧૬૪
બેસે પુરવ તે મુખ સદા કરે સંધ્યા વંદન જયારેજી
તોહોને સુખ આપીને અભે કરે શ્રી વલ્લભજી તે ત્યારેજી ૧૬૫
હસતુ મુખાર્વીંદ રસ ભર્યું લાવણ્ય જુત પેખ્યુ નયણેજી
હવે તે તિલક પ્રિતમજી કરે શોભા તે કેમ કહું વરણેજી ૧૬૬
કર બેહુ ક્ષાલી ચંદન સીપ લે તે વહાલોજી અનુપજી
મુદ્રીકા સોહે છે શ્રીકર મધ્યે તિલક ધરે સુખ રૂપજી ૧૬૭
જલબિંદુ સીપ મધ્યે મુકીને તિલક સમારે પોતે હાથજી
મંદ મંદ હસે પ્રિતમ લાડીલો વલતું તિલક કરે માથજી ૧૬૮

ભાલ ઉચું તે ચઢાવીને તિલક કરે એણી રીતેજી
કરતે શિષ પર સોહે છે અંગુલી ભાલ પર પ્રિતેજી ૧૬૯
સ્વકિયને એણી પેરે સુચવે તમને ધર્યાં અમો ભાલજી
સ્વકિય તે મન માંહે આનંદીયા તેહ અનુપમ બાલજી ૧૭૦
પ્રિતમ રૂપ ભાલે ધર્યું સ્નેહ તિલક સોહે સારજી
સર્વે અનુપમ શોભીયે નિરખતા સુખ તે અપારજી ૧૭૧
ભાલ વિશાલ રસાલ છે તિલક જોત અતિ રાજેજી
ઝગમગતુ રે મોહામણું તિલક સોહે સખી કાજેજી ૧૭૨
વલતુ તિલક ખંભેરી કરે વેદોકતે કહયું જયાંહાં રીતજી
તે ટાલે ઠામ ને કરી પહોચા મરજાદા તણી નીતજી ૧૭૩
વલતા અંગુલી દલ પુછે છે સ્વેત ધોતીએ સુખકારીજી
હવે કર ક્ષાલીને સંધ્યા કરે આચમન કીધા તે ભારીજી ૧૭૪
મુન્ય ગ્રહી બેઠા પ્રિતમ અંગે નાસીકા શુભ સારજી
ભણતા જાએ કાંઈ રીદેધો શોભા દિસે અપારજી ૧૭૫
કરતે ઉપરેણા મધ્યે મુકીને ભકત સ્મરણ રસ ઉકતજી
કરે છે વહાવલોજી તે સ્નેહસું સોહે તે અભિનવી જુકતજી ૧૭૬
ડાબો કર તે સ્કંધા પર સોહે ઘુંટણ ટેકો બિરાજેજી
પુરવ મુખે બેઠા વાહાલોજી તે સંધ્યા કરે એમ છાજેજી ૧૭૭
વલતા ચારે દીશ વરીયને ફરીય બેઠા સુખ રાસજી
ઉભે કર તણું તે સંપુટ કરી બેઠા તે ભકત જોયુ તે પાસજી ૧૭૮
સ્વકિય અકુલાયે મનમાંહાં ઘણું બોલતા નિરખું હું કયારેજી
રસ તણા દાન સખી ત્યારે લહું બોલે વચન પ્રિય જયારેજી ૧૭૯
સંધ્યા કરીને વેગા પહોચા આરત હરણ મહારાજજી
આચમન કરીયને બેઠા રંગે ભકતના પુર્યા તે કાજજી ૧૮૦
આચમન લેતા એમ સુચવે સ્વકિયને પરમ સુદેશજી
ભાવ લેઉ છું અમો તમ તણો સોહે છે તે રસ વેશજી ૧૮૧
વાહાલોજી ઉઠયા પીઢે થકી ભકત બોલે જૈ જૈ કારજી
શોભા કેમ કહી જાયેજી રીતુ ભેદે શીતકાલ હોએ જયારેજી ૧૮૨
ત્યારે એણી પેરે થાયેજી નીમો પહેરે અતિ હરખસું
શિષે તે ટોપી સોહાયજી ૧૮૩
ઉપરેણો ઓઢે મસ્તક પર ટોપ ઉપર તે મોહાયેજી
.... ૧૮૪
તનિય બાંધે તે ઉલટ ભર્યા બંધ સોહે છે અપારજી
મગજી અનુપમ બિરાજે છે રંગ રંગ નીમા સોહે સારજી ૧૮૫
એણી પેરે ભકત લાવે છે ભેટ નીમા રસ બાલજી
રૂકમણીલાલ અંગી કરે ભાવ તણા પ્રતી પાલજી ૧૮૬

એમ ભિતર તે પધારશે	શીતકાલે તે અનુપજી	
ઉષ્ણકાલે સ્વેત ધોતી ઉપરેણો	પહેરી પધારે મહારો ભુપજી	૧૮૭૧
એમ રીતુ ભેદના સુખ લહયાં	કહયાં તે કેહી પેરે જાયજી	
હવે તે ભિતર પ્રિતમ પધારશે	ભકતને વિપ્રયોગ દુઃખ થાયેજી	૧૮૮૧
ભકતે દીવી પ્રગટ કરી	લાવે સદા નીત નેગજી	
પેંડો કરી ઉભા રહયા	ભકત અનુપમ વેગેજી	૧૮૯૧
હાર બાંધી સોહે ઉકતસું	થરેથર અતિ જુકતજી	
તેહ વલ્લભજી પોતે લહે	સુખ નીધી વર રસ ભુકતજી	૧૯૦૧
સ્વરૂપ રસાત્મિક રસ ભર્યું	દેવુ છે રસ જુકત દાનજી	
વિઠલકુંવર અતિ રસ ભર્યો	સ્વકિય તણું રાખે માનજી	૧૯૧૧
એમ તે ભિતર પધારશે	પ્રિતમ લટક લડેતો સુદાતાજી	
ભાવ ભકત તણાં સહુ લહે	રૂકમણીલાલ રસ જ્ઞાતાજી	૧૯૨૧
જૈ જૈ કાર બોલે છે ભકત સહુ	આશિષ દે મન રંગેજી	
સ્નેહ ભર્યા મન રસજુત રહયા	પ્રિતમ તણે સંગજી	૧૯૩૧
સ્વર તે મધુરા સોહામણા	વચને કહયુ કેમ જાયેજી	
સાંભલે સુખ તે અપરમિત	અંગ અંગ શીતલ થાએજી	૧૯૪૧
એમ જૈ જૈ કાર ઠામ ઠામ બોલે	ઉભા ભકત છે અનુપજી	
ભિતર પધારશે વાલમો	શ્રી વલ્લભ સુખ રૂપજી	૧૯૫૧
એહ સ્વરૂપને ચરણે નમું	વારણાં લેઉ ભલી રીતેજી	
આશિષ બોલે સખી ભાવસું	સ્નેહ તણી જે છે નીતજી	૧૯૬૧
તેહ લહે છે પ્રિતમજી રંગે	અંગે તે સુખડુ અપારજી	
રૂકમણીલાલ લડેતો છે	બોલતા વચન રસ સારજી	૧૯૭૧
એહ સ્વરૂપ મારે ઉર વસે	અવર ન લહું તે લગારજી	
ભાવ ભકત તણાં તે સદ્ય લહે	ક્ષણુઅ ન લાગે તે વારજી	૧૯૮૧
ઉલટ સુ રે આરત ઘરે	હરે શ્રી ગોકુલ પાલજી	
મન માંહે રંગ અતિ રસ ભરે	ઠામ ઠામે ઉભા વ્રજબાલજી	૧૯૯૧
એક ચિત્ત લગ્ન થઈ જુએ	પ્રિતમ પધારે તે ગેલજી	
એક આવી તે શ્રી મુખ જોઈ જાએ	પેંડા મધ્યે સુખ સેલજી	૧૧૦૦૧
એમ આંગણ તે ગહે ગહી ભર્યું	પ્રિતમ સંયુકત તે રંગેજી	
ભાવ અપરમિત કેમ કહું	ભકત તણે સોહે અંગેજી	૧૧૦૧૧
કહેતા તે પાર આવે નહિ	ભાવ તણાં તે પ્રકારજી	
આશા અભિલાખે ફેલી ઘણું	ઉભય સ્વરૂપ તે સારજી	૧૧૦૨૧
રસ તણો રોલ શ્રી અંગેથી	ઉઠે તે અપરંપારજી	
એહ કારણ તે પ્રગટ હવું	સાર તણું સુખ સારજી	૧૧૦૩૧
ભિતર પધારશે તે મલપતા	નિરખશે ભકત સમાજજી	
દાન દેશે અતિ સ્નેહ ભર્યા	વલ્લભજી રસ કાજજી	૧૧૦૪૧

ભકતના મનડા નિરોધશે સ્વરૂપ સમેત રસ દાનજી
ભકત અનુપમ રસે ભર્યા કરશે શ્રી અંગ રસ પાનજી ।૧૦૫।
તેહ પ્રકાર આગલ કહું માંગલ્ય તે સખી સારજી
ભિતર પધારે વહાલો નિરખશે નિકટથી તેહ અપારજી ।૧૦૬।
તે સુખ વચને તે કેમ કહું અનુભવ દાન હોએ પાનજી
દાતા ભોકતા તણુ મન લહે સ્વકિયનું રાખે વહાલો માનજી ।૧૦૭।
હવે માંગલ્ય સખી એ થયા લહયા તે ભકતે રસાલજી
આગલનો જે પ્રસંગ છે ચોથે માંગલ્યે સુનો બાલજી ।૧૦૮।
પ્રિતમ જે ભિતર પધારશે સ્વરૂપ વર્ણન કહું સારજી
ભકત સમાજ તે નિરખશે પ્રિતમ અંગ અપારજી ।૧૦૯।

ઈતિ શ્રી માંગલ્ય ત્રીજું સંપૂર્ણ્
હવે માંગલ્ય ચોથુ લખીયે છીએ
શ્રી શ્રી શ્રી શ્રી શ્રી

માંગલ્ય – ૪

શ્રી શ્રી શ્રી ગોકુલેશો જય જયતિ એ માંગલ્ય ચોથું લખીયે છે. તેનું અનુકરણ લૌકિક ગીત છે તે વચન સમોવડ સમોવડ ભડથલી સમોવડ હુઓરે વિવાહ એ અનુકરણે ગવાશે.

વહાલો ભિતરથી પધારે છે
ભકતને આરત અતિ ઘણીય
વિઠ્ઠલકુંવર છે રસ ભર્યો એ
પારવતી પતિ સુખ નીધિ એ
મિત્ર મહારે તે એ રસ વર્યા એ
નેત્રને જોઈ સહુ મોહી રહે એ
કોઈ મોહે શ્રી વલ્લભ તણા એ
સેર્યો બેહુ તે સોહામણી એ
તેજ પુંજ ઝલકી રહયા એ
લટ લટ માંહે સોહામણા એ
સ્વેત વેલી તે માંહાં સોહે એ
કેશ મધ્યે તે શોભા ધરે એ
કેશ ચલકતે ઝલક કરે એ
ઝગમગ જયોતિ ઝલહલી રહીએ
રૂકમણીલાલ રસાલનો એ
ઢલક ચલક અતિ શોભીએ
પીઠ ઉપર તે ઝલકી રહયો એ
ભિતર પધારતા શોભિયે એ
તેજ પુંજ અતિ ઝલકી રહયો એ
કોઈ મન અંબોડે રહયાએ
અંબોડો એહવો કહી નવ હવોએ
ભુતો ન ભાવી કહી હવો એ
તેને જોઈ સહુ મોહી રહે એ
ભિતર પધારતા અટકીયે એ
અંબોડલો જોઈ સુખ હવો એ
અંબોડો જોઈ મન ઘરીયા એ
સચિકણ અતિ લહે લહે એ
સ્વકિય સુજાતિ તે મોહી રહયા એ

એ સુખડા કહયા કેમ જાયે
આરંદ્ર અતિસય થાએ ।૧।
ભિતર પધારતો સોહાએ
બહુ પેરે તેહ મોહાએ ।૨।
હંસીલા છે નેત્ર રસાલ
અનુપમ ઉભા વ્રજબાલ ।૩।
કેશ સચિકણ સાર
શોભા અપરંપાર ।૪।
મસ્તક કેશ સુદેશ
સોહે સુંદર સુવેસ ।૫।
પેથી અનુપમ સાર
પેથી સ્વેત તે અપાર ।૬।
નિરખે છે ભકત રસાલ
કેશ મોહે વ્રજલાલ ।૭।
અંબોડલો તે અનુપ
યે અંબોડેલો સુખરૂપ ।૮।
અંબોડલો તે જગમગ જોત
અંબોડો તે પરમ ઉદ્યોત ।૯।
અંબોડાની છબી છે અનુપ
તે જાણે શ્રી ગોકુલ ભુપ ।૧૦।
શ્રી રૂકમણીલાલનો જેહ
અંબોડલો સખી તેહ ।૧૧।
અંબોડો પ્રિતમજીનો સાર
મન તે અંબોડે અપાર ।૧૨।
રસ તે ભર્યો ભરપુર
દુઃખ તે કર્યા સહુ ચુર ।૧૩।
અંબોડો ધર્યો રસ રૂપ
મન અટકયા અંબોડે અનુપ ।૧૪।

કોઈ મન કુંતલ શોભીયે એ ભિતર પધારે સુખ રાસ
નિકટ રહી નિરખે સ્વકિય એ કુંતલ ને જુએ તે પાસ ।૧૫।
કોઈ મન ભાલ વિશાલે રહું એ ઝગમગતું તે અનુપ
તિલક સુંદર ઘણું શોભીએ એ કુતલ મધ્યે સુખ રૂપ ।૧૬।
તેહની છબી સખી સી કહું એ શામ મધ્યે પીત નવરંગ
કુંતલ મધ્યે સોહે ઘણાં એ તિલક અનુપમ સંગ ।૧૭।
હવે તે ભાલનું તિલક કહું એ સેર બે અનુપમ રૂપ
ભિતર પધારે પ્રાતઃ કાલ સમયે તેહ સોહે મારો ભુપ ।૧૮।
તિલક કેસર અતિ રસ ભરીયે સ્વકિય મન ત્યાંહાં લલચાયે
શ્યામ રેખા અતિ જગમગે એ તિલક મધ્યે મન ત્યાંહાં જાએ ।૧૯।
ભાલે તિલક છે મોહામણું એ ભ્રકુટી ઉભય મધ્ય તેહ સુદેશ
તેહ જોઈ સ્વકિય મોહી રહે એ મારા પ્રિતમનું સુંદર વેશ ।૨૦।
ભ્રકુટી સચિકણ સોહે ઘણું એ કપટ કુટીલ રસ રૂપ
ભ્રુઅ ભ્રંગ નામ સુવેશ છે એ વિરલ સોહેતે અનુપ ।૨૧।
નિપટ છોટી સામ અતિ ઘણું એ તિક્ષ્ણ ગતિ તે તરંગ
કેહેના હાથ માંહાં આવે નહિ એ ભ્રકુટી તે સોહે પ્રિય સંગ ।૨૨।
પાતલે અંગે સોહાસણી એ ભ્રકુટી ભરી રસે ભરપુર
ભ્રગુટી મધ્ય વરતી સોહે ઘણુંએ અનુપમ સોહે રસ સુર ।૨૩।
સ્વકિય સમાજને રીઝવે એ પ્રિતમજી લહે છે તેહ
ભ્રકુટી સ્વકિયને મન સાંચરે એ મધ્યવર્તી થઈ જેહ ।૨૪।
તેણે કરી ફલ સંપન્ન હવા એ ઉભય સ્વરૂપે રસ ભોગ
ભ્રકુટી એણીપેરે મેલવે એ રસ રમણ બહુ જોગ ।૨૫।
અનુભવ સાધ્ય એ રસ લહે એ અવર ન પ્રિછે તે કો એ
નાહી પધારે છે વાલમો એ સ્વકિય નેત્ર ચપલ ગતિ જોએ ।૨૬।
નેત્ર વરૂણી અતિ રસ ભર્યા એ વચને કહયા કેમ જાએ
નિરખતા રંગ વાધે ઘણુંએ સ્વકિય અંગ સિથીલ બહુ થાએ ।૨૭।
નેત્ર અલોલ તે અભિનવી એ ઝલકે પરમ સુવેસ
રસે ભર્યા તે રસાલ છે એ સ્વેત શ્યામ તેહ સુદેશ ।૨૮।
લાલ ડોરા રેખા ઝગમગે એ નેત્ર વિશાલ રસ રૂપ
ચપલ નેત્ર તે ચાલે ઘણુંએ ઉગત જુગત તે અનુપ ।૨૯।
નેત્ર પુતલી અતિ ત્રપત્રેપે એ સ્વકિય જોતા અતિ મન રંગ
નેત્ર મધ્યે તે અનંગ ભર્યો એ સ્વકિય દીસે અનુપમ સંગ ।૩૦।
પ્રિતમજી નાહી પધારે છે એ તેહ સોહે રૂકમણીલાલ
નેત્ર તે નિરખે છે સ્વકિય જન એ તે ઉભા અનુપમ બાલ ।૩૧।
અદ્‌ભુત રસ છે પ્રિતમ તણો એ નેત્રે ભર્યો રસ સાર
એ સમે બીજો રસ નહિ એ નેત્ર ભર્યો છે અપાર ।૩૨।

એથી આગલ રસ મધ્યે એ	જે જે ઉપજે સ્વકિય ભાવ	
નેત્ર સુલક્ષણ ચાલે છે એ	જયાંહાં વણે જેહવો ભાવ	।૩૩।
એ રસતે કેહી પેરે કહું એ	લહી અનુભવ સાધ્ય પ્રકાર	
પ્રિતમ નેત્ર રસ દાનને એ	ક્ષણુંઅ ન લાગે તે વાર	।૩૪।
નેત્ર ચપલ તે તિક્ષ્ણ ઘણુંએ	વેધે માનીની અંગ અંગ મુલ	
તે શોભા સખી કેમ કહું એ	મે નિરખ્યા નેત્ર અનુકુલ	।૩૫।
નાહી પધારે વલ્લભ રંગે એ	શ્રી અંગે આમોદ અનુપ	
ગલ સ્થલ સોહે ઘણું એ	મન અટકયા સ્વકિયના સુખરૂપ	।૩૬।
ગલ સ્થલ સોહામણા એ	રમણ સ્થલ પરમ વિચિત્ર	
નામ વલ્લભજી સોહામણું એ	સખી એ છે મારો મિત્ર	।૩૭।
સચિકણ કોમલ ઘણું એ	ગલ સ્થલ અભિનવે રંગ	
ઝાંઈ ઝલમલે રસ ભરીયે	ક્ષીત કીધા છે સ્વકિયને સંગ	।૩૮।
ગલ સ્થલ સુખ કેમ કહું એ	સંજોગે લહું સુખ સાર	
સ્વાદ એહનો અતિ મધુર છે એ	તેહનો તો નહિ પાર	।૩૯।
કોઈ તે નાસીકાને મોહી રહયાએ	તેજ પુંજે છે અનુપ	
શુભ્ર સચિકણ નાસા રસ ભરીએ	સોહે શ્રી ગોકુલ ભુપ	।૪૦।
અધર રસાલતે કેમ કહું એ	સ્વકિયનું સરવસ ધન	
મહા સુખભર વિલસતા એ	તે જાણે છે સખી મન	।૪૧।
કોઈ અધરની શોભા કહે એ	ફરી ફરી ને રસ રંગ	
નાહી પધારે છે મલપતા એ	ભકત જુએ સહુ સંગ	।૪૨।
શ્રી મુખે વચન પ્રકાશ કરે એ	જીભ્યા ચલકે તે અનુપ	
હાસ્ય મિસે ટોક અભિનવી એ	જીભ્યા છે રસ રૂપ	।૪૩।
દંત પંગત્ય ચમકે ઘણુ એ	વાહાલાજી ને અભિનવે રંગ	
તે શોભા સખી કેમ કહું એ	ભકત નિરખે છે તે સંગ	।૪૪।
મોહોસર ભરી બિરાજે છે એ	જગમગતી સોહે તેહ	
ભુતો ન ભાવી એહવી કહી હવી એ	મોહે સ્વકિય વૃંદ તેહ	।૪૫।
મોહોસર જોઈ સખી મન ઢરે એ	સાંભલો સ્વકિય સુજાણ	
પરસ્પરે સ્વકિય એમ કહે એ	સોહે છે તે સુઠાણ	।૪૬।
મોહોસર સુભગ સોહામણી એ	ઉગ્ર પ્રતાપ મઈ રૂપ	
વલ્લભજીની સોહે ઘણું એ	મોહોસર તેહ અનુપ	।૪૭।
તેહની જોત તે જગમગે એ	શ્રી મુખ પર તેહ વિચિત્ર	
મોહોસર અનુપ રસે રંજી એ	તે છે મારો મિત્ર	।૪૮।
કોઈ મન ઠોડીએ અટકીયા એ	રસતે કહયો નવી જાએ	
ઠોડી સ્થલ તે વિશાલ છે એ	સ્વકિયને ઉલટ નવ માએ	।૪૯।
અમૃત કુંભ ઠોડી ઝગમગે એ	સોહે રસિલી રસાલ	
સ્વાદ રસ સહુ કેમ કહું એ	કહે છે રસ બાલ	।૫૦।

ઠોડી જોઈ મન મુદિત છે એ
સર્વસ્વ ધન સખી આપણું એ
નાહી પધારતા નિરખે છે એ
ડગ તે ઉતાવલા ભરે રંગ એ
કર્ણ ઉભય અતિ જગમગે એ
ભકત જૈ જૈ કાર બોલે છે એ
કર્ણ એ તેજ પુંજ રસ ભર્યા એ
નાયક નિરખે છે રસ ભર્યા એ
કનપટી કેશ ફરહર કરે એ
હવે ગ્રીવા ગોલ અભિનવી એ
ત્યાંહાં માલા બહુ રાજે છે એ
ઉર પર વિલસતા સુખ ઘણું એ
રૂદેય વિશાલ રસાલ છે એ
રસ જે અનુપમ સાર છે એ
એહવું રૂદેય સોહામણું એ
અથાહ અપાર અમિત રસે રંજુએ
તેજ ક્રાંત ઝલકી રહયું એ
રૂદે કોમલ તે વિશાલ છે એ
રૂદેય પર કુચ તે કઠોર છે એ
ચાલે ઉમંગસું તે રસ ભર્યા એ
તેહ જોવાની આરત ઘણીએ
ભિતર પધારે તે કયાંહાં દેખું એ
કુચ પર બીરડી બિરાજે છે એ
ઉભે અપરમિત રસે રંજી એ
રૂદય બાલ બિરાજે છે એ
સ્વકિય સમાજ જુએ રહયા એ
હવે તે ખંભા કહું રસ ભર્યા એ
જગમગ જોત ચૌરસ ઘણું એ
સ્વકિય મન ત્યાંહાં અતિ લોભીયા એ
તેહને તે દાન દે છે સ્નેહ ભરીએ
બાંહો રસિલી એ રસ ભરીએ
પરી રંભણે અતિ રસ ભર્યું એ
બાંહો કોહોનીનો રસ મન લહે એ
તેહ આરત મન માંહાં રહે એ
હવે તે પોહોચલા જોત્ય રાજે છે એ
તેજ પુંજ અતિ છાજે છે એ

સ્વકિય સમાજ અનુરકત
બોલે છે રસ જયુત ભકત ૧૫૧
ભિતર સદા નિત્ય નેગ
પ્રિતમજી સુખ વેગ ૧૫૨
તિલક સોહે પીત રંગ
કર્ણ સુણે ઉભે સંગ ૧૫૩
સોહે છે ભરપુર
ઉગ્ર અનુપમ સુર ૧૫૪
પઉંધારતા ગોકુલ ભુપ
ઘાટી તેહ અનુપ ૧૫૫
વૃંદ અનુપમ જેહ
માલા વૃંદ પહેર્યા તેહ ૧૫૬
રમણે ભર્યું નિજધામ
સ્વકિયના પુરે તે કામ ૧૫૭
કેહી પેરે લહીયે તે પાર
સાર તણું રૂદેસાર ૧૫૮
શું શું કહું તે વખાણ
સુભટ શીરોમણી જાણ ૧૫૯
પ્રિતમના સુખ અંગ
થર થરે કુચ પ્રિય સંગ ૧૬૦
કેમ પામુ પ્રિતમ અનુપ
સખી પ્રિય મારો ભુપ ૧૬૧
રંગ અનુપમ સાર
તેહનો કેમ કહુ પાર ૧૬૨
સુલક્ષણ પ્રિય મન
પ્રિતમજીના શુભ તન ૧૬૩
ત્યાં ઉપરેણો છે સંગ
ખંભાય નવિન પ્રિય અંગ ૧૬૪
ખંભાય જોઈ સુરધીર
શોભાજીનો વીર ૧૬૫
યુવતિ લહે એહનો સ્વાદ
બહુપેરે લાગો છે વાદ ૧૬૬
કેહી પેરે કરૂં તે પ્રકાશ
બહુ પેરે ધરૂ મન આશ ૧૬૭
મોહે જોઈ સ્વકિય સમાજ
યોહો ચલી સોહે રસ કાજ ૧૬૮

ચુંબન ચારૂ સોહામણા એ	સ્વકિયે કર્યા વ્રજબાલ	
પોંહોચલા અનુપમ રાજે છે એ	સોહે શ્રી રૂકમણીલાલ	૧૬૯૧
અંગુલીદલ ભરી છાજે છે એ	મુદ્રિકા નંગ અનુપ	
ભિતર પધારે અતિ રસ ભર્યા એ	પરમ પ્રિય સુખરૂપ	૧૭૦૧
નખચંદ્ર જોત્ય ઉદ્યોત છે એ	કહી તે કેહી પેરે જાએ	
દિવીની જોત સંગ જલમલે એ	નખ તેજ પુંજ અતિ થાએ	૧૭૧૧
સ્વેત અરૂણ તે આભા ઘરે એ	કેહી પેરે કહું નખ રંગ	
સચિકણ તેજે ભર્યા એ	નખ સોહે અંગુલી દલ સંગ	૧૭૨૧
કરતલ સ્વેત સોહામણા એ	કોમલતા નહિ પાર	
નિરખતા અંગને આરત હોએ એ	સ્વકિય ઉભા છે તે સાર	૧૭૩૧
કરતલ મધ્યે રેખા રાજે છે એ	નવ નવી ઉકત વિચિત્ર	
શોભાએ ભર્યા કરતલ સ્વેત છે એ	નાહી પધારે છે મારો મિત્ર	૧૭૪૧
કોઈ મન કરતલે અટકીયા એ	પાન કરે સુખદાન	
ઉભય સ્વરૂપે તે લહે એ	પ્રિતમજી રાખે છે માન	૧૭૫૧
કરતલ સુખ સખી સાંભલો એ	મુહને કહેતા આવે લાજ	
એ ફલ કહીએ પામુ હવે એ	કેહી પેરે થાશે કાજ	૧૭૬૧
હવે તે ઉદર ગંભીર કહું એ	ત્રય ત્રપતું સોહે સખી સાર	
ચાલતા તે હાલે રસ ભર્યું એ	માહાલે અપરંપાર	૧૭૭૧
થોંધ લહે લહેતી સોહામણી એ	વલ્લભજીની તે સકુમાર	
પસવાડા પ્રૌઢ રંગે રંગ્યા એ	દિસે અનુપમ ચારૂ	૧૭૮૧
તેજ કેહી પેરે કહી સકુ એ	આસ પાસે ઉદર રસાલ	
રંગ ભર્યા નાહીને ભિતર જાએ એ	ઉભા જુએ વ્રજબાલ	૧૭૯૧
ઉદર પાસા ટુંડી રસ ભરી એ	જનોઈ રહે અહી સાર	
ધોતી સ્વેત સોહામણી એ	કટી મધ્યે રાજે અપાર	૧૮૦૧
નિતંબ અનુપમ નિરખીએ એ	રંગ ભર્યા તે મોહાએ	
ઢલક ચલકતા બિરાજે છે એ	નિતંબ તે ઘણુંઅ સોહાએ	૧૮૧૧
નિતંબ નિરખી મન સુખ લહીયે એ	કેહી પેરે કહયા તે જાએ	
નાહી પધારે મીઠો વાલમોએ	સ્વકિય નિરખતાં વ્યાકુલ થાએ	૧૮૨૧
મધ્ય સ્થલ શોભા એમ ભર્યું એ	ત્યાંહાં મોહે અનુપમ બાલ	
રસ જયુત પ્રિતમ પધારે છે એ	શ્રી રૂકમણીજીનો લાલ	૧૮૩૧
કર સ્પર્શે રસ અંગ ને એ	કરે દાન સ્વકિયને રસ રંગ	
મધ્ય સ્થલ સુખ કેમ કહું એ	લહે સ્વકિય તે અનુપમ સંગ	૧૮૪૧
જંઘા જુગલ સુખ અનુપ છે એ	સુંદરતા નહિ પાર	
ચલણ વલણ ચંચલ ઘણુ એ	જંઘા તે અનુપમ સાર	૧૮૫૧
ઘુંટણ જાનુ સોહામણાં એ	જગમગે કાંત અનુપ	
ઝાંઈ જલ મલે જોતસું એ	જાનુ સોહે સુખ રૂપ	૧૮૬૧

પીંડુરીના તેજ સખી કેમ કહું એ ઢાંકણે લાગ્યું મન રંગ
એડી કોમલ તેજે ઝલકતી એ સ્વકિય મન લાગ્યા તે સંગ ૧૮૭૦
પાહાની અનુપમ ઉકત છે એ જુકત કહી કેમ જાએ
રંગ રંગ ચાઢ છે એ ક્ષણુ લાલ અનુપમ થાએ ૧૮૮૦
પાટલી શ્રી ચર્ણની ઉતંગ છે એ તેજ તણો તે ભંડાર
ભરી તે પાટણી ઘણું રાજે છે એ ભકત અંતરંગ સોહે સાર ૧૮૯૦
સ્પર્શતા સુખ તે સોહામણા એ મન અટકયા પાટલી ચર્ણ જયાંહાં
નાહી પધારતા ચમકે છે એ બીડુ તગતી પાટલી ત્યાંહાં ૧૯૦૦
અંગુલી અંગુષ્ટ શોભા ભર્યા એ નખ ચંદ્ર રાજે સુખ રૂપ
તેજ પુંજ સોહે ઘણું એ નખ ઝલકે છે અનુપ ૧૯૧૦
ચરણાર્વિંદ જોઉ મન રલી એ વલી નિરખ્યું શ્રી અંગ
અંગ અંગ અતિ મોહામણું એ પ્રિતમજી ના સુરંગ ૧૯૨૦
મુખારવીંદ જોવું ઝલકતુ એ ભિતર પધારે અનુપ
ફરી ફરી જોઉં શ્રી અંગ છલા એ પ્રિતમનું સુખ રૂપ ૧૯૩૦
નિરખતા રૂચીતે વાધે ઘણી એ અંગ શોભા સાર અપાર
ભકત ને દાન તે ઉમંગ ભર્યા એ દેતા ચોલા તે સુખ સાર ૧૯૪૦
એણે પેરે ભિતર પધારે છે એ પ્રિતમજી સોહે છે સદા
સ્વકિયને દાન દે ઉલટ ભર્યા એ દે છે મન તે મુદા ૧૯૫૦
એણી પેરે રંગ બે અનંગ ભર્યા એ ભિતર જાયે છે મહારાજ
ભકત સમજ પુઠે નિરખે છે એ શ્રી અંગ રસ તણો સાજ ૧૯૬૦
ભિતર જઈ ત્યાંહાં કાજ કરે એ વિલસવા શ્રી અંગે સુખરૂપ
ગલય દ્વાર ત્યાંહાં ચરણ ક્ષાલે એ ચરણામૃત આપે તે અનુપ ૧૯૭૦
ભિતર પોહોતાં મારો વાલમો એ ત્યાંહાં લીલા ગોપ્ય સુખરાશ
જેને જણાવે તે લહે એ અંતરંગ રહે પાસ ૧૯૮૦
હવે તે ભકત ઘેર વલેય છે એ પરમ સોહાગીયા જેહ
ભાવ અનંત રૂદે ભર્યું એ પ્રિતમ નિરખ્યા છે તેહ ૧૯૯૦
કોઈયે તે ઉઠતા નિરખ્યાં છે એ સેજડી પરે તે રસાલ
કોઈયે ધોતી પહેરતા જોયા એ શ્રી રૂકમણી સુત બાલ ૧૦૦૦
કોઈયે તે દંતધાવન કરતા જોયા એ રૂપ વિચારે છે મન
કોઈએ ચરણ ક્ષાલણ કરતા જોયા એ તેહ વિચારે છે દંત ૧૦૧૦
કોઈએ તે તેલાભ્યંગ કરતા જોયા એ તેલાભ્યંગ રૂદે માંહાં
એમ ભકત ઘેર પધારે છે એ હવેલી બડી સુખ ત્યાંહાં ૧૦૨૦
કોઈએ તે નાહતાં નિરખ્યા રંગ એ રૂકમણીલાલ રસાલ
કોઈએ ચરણામૃત લીધા રંગે એ તેહ વિચારતા બાલ ૧૦૩૦
કોઈએ અંગ વસ્ત્ર કરતા જોયા એ સ્વરૂપ રસીલુ તેહ
તે ધોતી પહેરતા નિરખીયા એ નામ વલ્લભજી છે જેહ ૧૦૪૦

કોઈએ તિલક કરતા જોયા એ સંધ્યા કરતા સુખ રૂપ
ભિતર પધારતા નિરખીયા એ કોઈએ પ્રિતમ અનુપ ।૧૦૫।
તેહ સ્વરૂપ રૂદે રમે એ ભકત આવે સહુ ઘેર
વચન તે મીઠા બોલતા એ ચાલે છે તે ભલી પેર ।૧૦૬।
ભકત પધારે હાસ્ય સુખદ છે એ વચને કહયું કેમ જાએ
કોઈને મન અતિ સોચ છે એ વિપ્રયોગ દુઃખ થાએ ।૧૦૭।
કોઈ કહેતા એમ આવે છે એ ભાગ્ય આપણું સખી ધન્ય
સ્વરૂપ પ્રિતમજીનું નિરખીયું એ તે જાણે છે મન ।૧૦૮।
સરવસ ધન સખી આપણું એ શ્રી વલ્લભજી સુખદાય
શ્રી અંગ સુખદ સોહામણું એ નિરખીયે તે મન ભાયે ।૧૦૯।
કોઈ મન બહુ પેરે તલફલે એ શ્રી મુખ જોવા અકુલાયે
કોઈને સ્નેહ અંગે ઘણો એ ક્ષણું સત જુગ સમ થાએ ।૧૧૦।
જોવાને તે આરત ઘરે એ પ્રિતમના સુખ સંગ
ચેન પડે નહિ જીવને એ અગ્ર અનુપમ અંગ ।૧૧૧।
કોઈનું બોલ્યુ ગમે નહિ એ મન લાગ્યુ પ્રિય સંગ
તે કાંઈ કહયુ જાએ નહિ એ પણ અનુપમ દિસે રંગ ।૧૧૨।
વેધીને વેધી મલે એ તેહ લહે મન વૃત્ય
બીજુ કોએ જાણે નહિ એ સ્નેહવાન લહે સત્ય ।૧૧૩।
વાલોજી નાહી પધારીયા એ ભાવે ભર્યા આવે ભકત ઘેર
મહા સુખ આનંદે મન ભર્યું એ આવે છે ભલી પેર ।૧૧૪।
પરસ્પરે વાતો કરે એ પ્રિતમજીની અનુપ
સ્વરૂપ રૂદે માંહાં બિરાજે છે એ તેણે સુંદર દિસે છે રૂપ ।૧૧૫।
આપાપણાં ઘર માંહાં જઈ એ કરે કાજ ઉતાવલા રંગ
બીજીવાર બાહેર પધારએ જઈ નિરખશે પ્રિયના અંગ ।૧૧૬।
શ્રી અંગ સંગના સુખ લહે એ તેહ વિચારે છે મન
રૂકમણીલાલ જોવા તણી એ આરત સોહે સ્વકિય તન ।૧૧૭।
પાર્વતી પતિ ગુણ નીધિ એ રસે ભર્યો ભરપુર
તે જોવાને ઉલટ ઘણો એ મન તે થયા બહુ સુર ।૧૧૮।
કોઈ મન સ્વરૂપ રસ રંજુએ રમણ કરે સુખ સાર
ઘેર આવીને તાદાત્મિક થયા એ વિલસે અપરંપાર ।૧૧૯।
અંતર રમણ સોહામણાં એ આવી મલે તે શ્રી રૂકમણીલાલ
સ્વકિયને સુરતી નહિ દેહના એ કરે વાત્સલ્યતે વ્રજબાલ ।૧૨૦।
પ્રિતમજી તે પ્રસન્ન થાએ એ જોઈ સ્નેહ અપરમિત સાર
દાન દે રસ અંગ સ્વરૂપનું એ ક્ષણુઅ ન લાગે તે વાર ।૧૨૧।
કોઈ ભકત ફુલ વિણવા જાએ એ સમજી પ્રિતમ સુખ ભોગ
સ્વકિય સમાજ મલી વીણી લાવે એ પ્રિતમજી કરે વિનીયોગ ।૧૨૨।

પ્રિય સાંપ્રત્ય ફુલ ગુંથસે એ
વલ્લભજી તે નિરખશે એ
ઉભય મુસકની સોહામણી એ
માલા મિસે કાંઈ ઉચરે એ
ફુલ તણો રસ પ્રિય સદા એ
તેહ વિચારી ભકત લાવશે એ
દ્રષ્ટિ ભરી પ્રિય નિરખશે એ
ઉભય રસના તે જ્ઞાતા સદા એ
ભાવ ગ્રાહી મારો વાલમો એ
તેહ લહે છે પ્રિતમ સદા એ
ચાર માંગલ્ય પ્રાતઃકાલ તણા એ
હવે બીજી વાર પધારશે એ

સ્વકિય બેઠક માંહાં અનુપ
ફુલ મિસે સુખ રૂપ ।૧૨૩।
કરસે અપરંપાર
વચન વલ્લભજી તે સાર ।૧૨૪।
રૂકમણી લાલ ને અંગ
વીણી ને ફુલ સો રંગ ।૧૨૫।
ફુલ અનુપમ રૂપ
ગોકુલ કેરો ભુપ ।૧૨૬।
ભકત ભાવ રસ પુર
અંગ અનુપમ સુર ।૧૨૭।
સોહે છે તે અનુપ
કહીયે તે મુદિત સ્વરૂપ ।૧૨૮।

ઈતિ શ્રી માંગલ્ય ચોથું સંપૂર્ણ
" શ્રી શુભમ "

માંગલ્ય – ૫

શ્રી શ્રી શ્રી એ માંગલ્ય પાંચમું લખીયે છીએ, તેનુ અનુકરણ ધોલ ભાઈ શ્રી માધવદાસજી કૃત છે.
તે વચન જે "ભલે જનમ્યાજી શ્રી ગોકુલ નાથજી રે" એને અનુકરણે ગવાશે.

ઘેર આવ્યા છે ભકત સોહાગી જીરે — પ્રિય ફલ્યા છે મન અનુરાગી જીરે — ૧૧
કાજ કરી ઉતાવલા પહોંચે જીરે — જાવું મંદિર તે એણી પેરે ભકત લોચે જીરે — ૧૨
શ્રૃંગારતે બહુ પેરે કરેઅ જીરે — મન આસ તે પ્રિય તણી ઘરેઅ જીરે — ૧૩
રસ ભાવના સુખ મન આણી જીરે — સ્નેહ સંયુકત શું શું કહીયે વખાણી જીરે — ૧૪
પ્રિય પ્રમોદે નિરખશે તે એમ જીરે — જે શ્રૃંગાર કરે સુભગા નેમ જીરે — ૧૫
માંગલ્ય શુભ અર્થને ટીકો તે ઘરીયા જીરે — નેત્ર માંહો તે કાજલ કરીયાં જીરે — ૧૬
ચોટી પાટી કરે રૂડી રીતે જીરે — માંગ ભરે છે તે અતિ ઘણી પ્રિતે જીરે — ૧૭
સાડી રંગ બીરંગી તે અપાર જીરે — પહેર્યા સોહે છે નિજજન અતિ સાર જીરે — ૧૮
ચોલી ચમકે છે નવી નવી ભાંત્યે જીરે — શ્રી વલ્લભજી નિરખશે અતિ ખાંત્યે જીરે — ૧૯
લહેગા ઘમઘમતા તે સુદેશ જીરે — પહેર્યા સ્વકિય વૃંદે સુખદ વરેસ જીરે — ૧૦
ચાલ્યા મદ ભર્યા મંદિર રંગે જીરે — એક પેંડા માંહાંથી સાથે થયા સંગે જીરે — ૧૧
કોઈ કોઈની સંભાલ ન કરેઅ જીરે — મન આરત તે પ્રિય તણી ઘરેઅ જીરે — ૧૨
એમ ચાલે છે ઉતાવલી ચાલે જીરે — ભુષણ ખલકે છે મન અતિ મહાલે જીરે — ૧૩
નકવેસર તણું મુકતાફલ લલકે જીરે — પાયે ઝાંઝર તે અતિ ઘણું ખલકે જીરે — ૧૪
એમ આવે છે સોહાગ મદ ભર્યા પુરા જીરે — પ્રિય સુખ જોશું તેણે મન સુરાજી — ૧૫
એણી પેરે મંદિર આવી પહોતાં જીરે — પ્રિય જોવા તણી આરતે અતિ સોહોતા જીરે — ૧૬
એમ જુથ તે આવતા જાયે જીરે — એણી પેરે મંદિર તે ભરાયે જીરે — ૧૭
ભકત અનુરકત આવ્યા એણી પેરે જીરે — પ્રિય બેઠક જાની નિજ ધેર્યે જીરે — ૧૮
આરત તે અતિ ઘણી થાયે જીરે — પ્રિય શ્રી મુખ જોશું હરખ ન માયે જીરે — ૧૯
પણ હજી નથી બાહિર પધાર્યા જીરે — એમ ઠામ ઠામે ભકતે શબ્દ ઓચાર્યા જીરે — ૨૦
પ્રિયે આરત તે ભકતની જાણી જીરે — મન ઘરીયને ઉચર્યા ત્યાંહાં વાણી જીરે — ૨૧
હવે વહાલોજી પધારે બીજી વાર જીરે — મન ભાવતે પ્રિયને સાર જીરે — ૨૨
પ્રિય પધારે છે રંગ રસે ભરીયાં જીરે — સ્વકિય જન તણાં મનડાને હરીયા જીરે — ૨૩
હવે વધામણી મંદિર માંહાં આવી જીરે — ભકત રસાલને મન અતિ ભાવી જીરે — ૨૪
ઉછાહાતે અતિ ઘણો થાયે જીરે — વહાલો બાહેર પધાર્યા એમ કહેવાયે જીરે — ૨૫
આવી જલઘરા માંહે તે ઉભા જીરે — ત્યાંહાં હતા જે તેહના મન લોભાયજી જીરે — ૨૬
જૈ જૈ કાર ભકત મધુર ત્યાંહાં બોલે જીરે — સ્નેહ સંયુકત અંતરપટ ખોલે જીરે — ૨૭
ત્યાંહાં હસી હસી વાત તે કરેય જીરે — ભકત ઉભા છે તે મન માંહાં ઘરેઅ જીરે — ૨૮
પ્રિય રૂપ તે સુંદર લાગે જીરે — કોઈ ચાલવા ને વિદાય તે માંગે જીરે — ૨૯
તેહો તણું સનમાન કર્યું પ્રિતે જીરે — કરીય વિદાયે અનુપમ રીતે જીરે — ૩૦
હવે ત્યાંહાં થકી ચાલે છે સુખદાયે જીરે — પ્રિય ઉછાહાતે અંગ ન માયે જીરે — ૩૧
એમ મલકતા રસ ભર્યા પધારે જીરે — પ્રિય રૂપ જુએ જૈ જૈ કાર ઉચારે જીરે — ૩૨

હવે ચાલ ઢલકતી તે રસાલ જીરે	પ્રિય પધારતા જોઈ મોહે વ્રજબાલ જીરે	૧૩૩૩
પ્રિય હસતા વરસતા સુખકારી જીરે	હવે પધારે છે જગ મોહન ભારી જીરે	૧૩૪૩
એમ સિંઘદ્વાર લગી આવ્યા જીરે	સખી ભાગ્યવાન તેહોને મન ભાવ્યા જીરે	૧૩૫૩
અહીં દર્શન તે સહુ કરેય જીરે	જેકો મંદિર માંહાં તે મન ધરેય જીરે	૧૩૬૩
એમ કરતા પધાર્યા મંદિર માંહાં જીરે	ભકત સર્વ કોહોની આરત ટાલી ત્યાંહાં જીરે	૧૩૭૩
પરિતાપ નસાવ્યો તે રંગે જીરે	જોયું શ્રી મુખ સુખદ રસ રંગે જીરે	૧૩૮૩
આવી ઉભા રહયા ચોક મધ્યે જયાંહાં જીરે	ફરતો ભકત સમાજ સોહે ત્યાંહાં જીરે	૧૩૯૩
મંડલી મધ્યે ઉભા છે નાથજી જીરે	ભકત સમાજ મલ્યો છે બહુ સાથ જીરે	૧૪૦૩
ઉપર સમીયાનો તે બાંધ્યો છે ભલી રીતે જીરે	ભકત ભાગ્યવાન તણી પ્રિતે જીરે	૧૪૧૩
કોઈ જલઘરે ચોતરી ઉભા જીરે	તેહોના મન પ્રિય જોઈ લોભ્યા જીરે	૧૪૨૩
શીત કાલનો સમો ઘણું સારો જીરે	અહીં તપે છે નાહ સખી મારો જીરે	૧૪૩૩
ચેલી બલે છે અંગીઠી માંહાં જીરે	તેહની જોત તે અદ્‌ભુત ત્યાંહાં જીરે	૧૪૪૩
વાત કરે છે રસાલી રસ સાથે જીરે	પ્રિય તાપે છે સુખ ભર હાથે જીરે	૧૪૫૩
તેહ સમય પ્રિય પહોંચલા સાર જીરે	ચમકે છે મુદ્રિકા જુત તે અપાર જીરે	૧૪૬૩
કરતલ તણી શોભા કેમ કહીએ જીરે	ભિતર રેખા તે જોઈ મન લહીયે જીરે	૧૪૭૩
નીમો પહેર્યો તે કેસરી રંગે જીરે	મેં પ્રિય જોયા ભકત સહુ સંગે જીરે	૧૪૮૩
શીષ મુડાસો તે અદ્‌ભુત લાગે જીરે	પ્રિય સુખ જોતા માન સખી ભાગે જીરે	૧૪૯૩
ભાલે તિલક તે સોહે અનુરાગ જીરે	પ્રિય રૂપ જોતા નવી જડે માગ જીરે	૧૫૦૩
ભ્રકુટી તે અનુપમ સોહે જીરે	નેત્ર ચપલ ચલકે રસ રૂપ જીરે	૧૫૧૩
કર્ણ તણી કોમલતા ન કહેવાયે જીરે	ગલ સ્થલ જોઈ સાંતા બહુ થાયે જીરે	૧૫૨૩
નાસિકા પ્રિય સુખકારી જીરે	**સ્વકિય દંતાક્ષીત તેણે કરીયે સાચી જીરે**	૧૫૩૩
લાલય માગે હેરે રંગે આછી જીરે	**સ્વકિય દંતાક્ષીત તેણે કરી સાંચી જીરે**	૧૫૪૩
દંત પંગતી વાહાલાજીની સામ જીરે	પ્રિય સુખદાઈ છે તે સાચી જીરે	૧૫૫૩
હવે રૂદય તણી શોભાતે કહીયે જીરે	મન માંહાંનું મન માંહાં તે લહીયે જીરે	૧૫૬૩
ઉર ઉંચા ગોલ ઘણું રાજે જીરે	સખી અંતરંગ તેહ તણે કાજે જીરે	૧૫૭૩
રૂદેનો લાંક ઘણું સોહે જીરે	જોતા તે મનડુ મોહે જીરે	૧૫૮૩
ઉદર થુદ તે પ્રિય તણી ભારી જીરે	ધોતી પહેરી છે સ્વેત અતિ સારી જીરે	૧૫૯૩
મધ્ય સ્થલ પરમ અનુપ જીરે	કટી નિતંબ સોહે સુખ રૂપ જીરે	૧૬૦૩
જંઘા ઘુટણ જાનુ અતિ રાજે જીરે	શ્રી ચરણાર્વિંદ રસ અતિ છાજે જીરે	૧૬૧૩
નિરખતા પરમ સુખકારી જીરે	શોભા તે અનુપમ ભારી જીરે	૧૬૨૩
ચરણ તલે દુલીચા બિછાવી જીરે	ત્યાંહાં ઉભા છે પ્રિતમ આવી જીરે	૧૬૩૩
શોભા તે સખી કેમ કહુંઅ જીરે	પ્રિય તાપે છે મન માંહાં તે લહુઅ જીરે	૧૬૪૩
નીમા તણો ઘેરો તે આછો જીરે	મારો પ્રિય છે વલ્લભજી એ સાચો જીરે	૧૬૫૩
અંગીઠીની જોત અતિ ભારી જીરે	તેણે શ્રી મુખ જોઈએ પ્રિય સુખકારી જીરે	૧૬૬૩
મંડલી તણો ઉભો ત્યાંહાં ભુપ જીરે	પ્રિય આભા તે અભિનવી સુખ રૂપ જીરે	૧૬૭૩
વાલોજી ત્યાંહાં મંદ મંદ હસેય જીરે	ઉંચી બાંહે ચઢાવે તે મન વસેય જીરે	૧૬૮૩

કો સમય નીમાતે નૌતન આવે જીરે	સોસણી સંગ બહુ પેરે ભાવે જીરે	૧૬૯૧
મગજી બંધ પીલાતે સાર જીરે	એમ નીમા આવે તે અપાર જીરે	૧૭૦૧
વહાલોજી તે અંગી કરેય જીરે	ત્યાંહાં ભકતના મન હરેય જીરે	૧૭૧૧
પ્રિય સુખ હવે કેહી પેરે કહી યે જીરે	રૂપ જોત તે પાર ન લહીયે જીરે	૧૭૨૧
હવે નખશીખ વર્ણન કહીયે જીરે	દાહીનાવલ સોહાગે જે લહીયે જીરે	૧૭૩૧
અંગુલી દલ નખમણી ભ્રાજે જીરે	પગ પાટલી ભરી ત્યાંહાં રાજે જીરે	૧૭૪૧
પાહાની રંગ સોરંગ સોચાર જીરે	જોતા કોટીક મોહે ત્યાંહાં માર જીરે	૧૭૫૧
પીંડુરી પ્રિય એડી રસાલ જીરે	જુએ ઢાકણાં સ્વકિય રસ બાલ જીરે	૧૭૬૧
જાનુ ઘુટણ અભિનવા રાજે જીરે	સખી સૌભાગી છે તેહોને એ કાજે જીરે	૧૭૭૧
જંઘા સ્થલ નિતંબ તેજે જીરે	મધ્ય સ્થલ ત્યાંહાં સખી સુખ છાજે જીરે	૧૭૮૧
ધોતી પહેરી છે સ્વેત સુખકારી જીરે	પ્રિય સંકોરતા લાવન્ય ભારી જીરે	૧૭૯૧
નીમાની ફડક ઉંચી કરેય જીરે	જેકો ભાગ્યવાન છે તે ઘરેય જીરે	૧૮૦૧
પ્રિય ટુંડી તે અતિ ઘણું સાર જીરે	ત્યાંહાં કર ફેરે વાહાલોજી અપાર જીરે	૧૮૧૧
વલી ઉદર તે એણી પેરે કર સોહે જીરે	જોતા મનડુતે સખી મારૂ મોહે જીરે	૧૮૨૧
એમ વહાલોજી ઉભા આંગણ મધ્ય જીરે	પ્રિય રૂપ જોતા નવી રહે શુધ્ધ જીરે	૧૮૩૧
એમ તાપે છે સુખ ભર મીઠો જીરે	શ્રી વિઠલકુંવર મે તે દીઠો જીરે	૧૮૪૧
તેણે સમય કાંઈ કર તણું માન જીરે	નખ જોત તે કેમ કહુ પાન જીરે	૧૮૫૧
અંગુલી દલ મુદ્રિકા નંગ જીરે	જોત ચમકે ત્યાંહાં મન મારૂ સંગ જીરે	૧૮૬૧
કરતલ તણી શોભા સખી રાજે જીરે	લાલીમા તે અદ્‌ભુત ભ્રાજે જીરે	૧૮૭૧
કર કોહોની તે અતિ સુખકારી જીરે	ખંભા જોતા હું બલિહારી જીરે	૧૮૮૧
હવે ઉરોજ ઉતંગ તે કહુંઅ જીરે	જોતા તેહ તણો પાર ન લહુઅ જીરે	૧૮૯૧
ગોલ શુભ્ર સચિકણ સાર જીરે	બીટડી જોઉ સખી વારંવાર જીરે	૧૯૦૧
એ શોભા તે અભિનવી લાગે જીરે	એણે ઠોરતે મન મારૂ પાગે જીરે	૧૯૧૧
હવે કહીયે લાંક ઉર પાસ જીરે	પ્રિય તણા મુહને છે આસ જીરે	૧૯૨૧
ઠૌર રમણીક અતિ સારો જીરે	સખી જન કાજે રાખ્યો અતિ પ્યારો જીરે	૧૯૩૧
એણી પેરે વિશાલ અતિ લાગે જીરે	ત્યાંહાં મન જઈ મારૂ તે અતિ પાગે જીરે	૧૯૪૧
ઉર પર માલા તુલશી રસાલ જીરે	તે જોઈ મોહે સહુ બાલ જીરે	૧૯૫૧
હવે ગ્રીવા ઘાટી સુંચાર જીરે	સખી તેહને પામું ન પાર જીરે	૧૯૬૧
ઠોડી સ્થલ અતિ સ્વકિય સુખદાઈ જીરે	પ્રિય કર ફેરે હરખ ન માઈ જીરે	૧૯૭૧
અધર તણી શોભા કેમ કહીયે જીરે	પ્રિય રસદાન કરે તેથી તે લહીયે જીરે	૧૯૮૧
દંત પંગતી અદ્‌ભુત સારી જીરે	જગમગ થાયે જોત અનુહારી જીરે	૧૯૯૧
ગલ સ્થલ જગમગ જોત જીરે	લાલીમા છે અતિ ઉદ્યોત જીરે	૧૦૦૦૧
કર્ણ કોમલ અતિસય સાર જીરે	સખી વાત સુણેવાએ ત્યારે જીરે	૧૦૦૧૧
નાસીકા અદ્‌ભુત રંગે જીરે	સખી જન તણાં મન રહયાં સંગે જીરે	૧૦૦૨૧
નેત્ર કમલ પ્રિય સારા જીરે	સખી સાંભળી અતિ અણીયાલા જીરે	૧૦૦૩૧
હવે ભ્રમરનો લાંક અતિ આછો જીરે	પાર્વતી પતિ સખી સાચો જીરે	૧૦૦૪૧

ભાલે તિલક તે પ્રિય તણે સોહે જીરે
શીષ મુડાસો તે ઉજવલ રાજે જીરે
ઉપર તુર્રો ફરહરે ભલી ભાંતે જીરે
એમ મંડલી મધ્યે ઉભો વહાલો જીરે
પુઠ પાછલ ઉભા છે જે કોઈ જીરે
એણે સમય સૌભાગીયા ભકત જીરે
હવે અહીંથી પધારે વહાલો જયાંહાં જીરે
સુગંધ ઉખેવી બહુ સાજ જીરે
એણે સમય આરત ભકતને થાયે જીરે
ઉષ્ણકાલે ધોતી ઉપરેણો ભર રાજે જીરે
પ્રથમ માંગલ્ય બીજીવારનું સાર જીરે
માંગલ્ય ચાર પ્રાતઃકાલના જેહ જીરે
હવે આગલનો પ્રસંગ જે સાર જીરે

જોતા મનડુ તે મારૂ સખી મોહે જીરે ।૧૦૫।
સખી સુજાતિ ને મોહોવાને કાજે જીરે ।૧૦૬।
સખી જોવાને મન કરૂ ખાંતે જીરે ।૧૦૭।
સ્વકિય જન સહુ મલી મલી નિહાલો જીરે ।૧૦૮।
તેને મુખારવીંદ જોવા મન હોઈ જીરે ।૧૦૯।
નિરખે શ્રી મુખ તે પ્રિય સુખ અવ્યકત જીરે ।૧૧૦।
જલ પાત્ર ભરી રાખ્યા છે ત્યાંહાં જીરે ।૧૧૧।
વિનીયોગ કરશે તે માહારાજ જીરે ।૧૧૨।
થાશે વિપ્રયોગ તે દુઃખ નવ માયે જીરે ।૧૧૩।
ચોક મધ્યે સ્વરૂપ સુખ છાજે જીરે ।૧૧૪।
બીજે માંગલ્યે વાહાલોજી નાહસે નાહી વાર જીરે ।૧૧૫
પહેલા પાંચ માંગલ્ય થયા એહ જીરે ।૧૧૬।
દંડવત કરી કહેશું રસ તે અપાર જીરે ।૧૧૭।

ઈતિ શ્રી માંગલ્ય પાંચમું સંપૂર્ણ
હવે માંગલ્ય છઠું લખીયે છીએ.
શ્રી શ્રી શ્રી શ્રી શ્રી

માંગલ્ય – ૬

શ્રી શ્રી શ્રી પ્રાણપતિ જય જયતિ હવે માંગલ્ય છઠું લખીયે છે તેનું અનુકરણ ઘોલ વધાવવાનું છે તે વચન જે "આનંદસાગર ઉલટયો સખી આજ મારે મન માંહાં રે " એ અનુકરણે ગવાશે.

લટકતી ચાલે ચાલતો મોહાવતો મારો લાલ
રૂકમણી કુંવર કોડામણો સખી પ્રિય છે પ્રતિપાલ ।૧।
શ્રી વિઠ્ઠલજીનો લાડીલો સખી આપણો એ શ્રૃંગાર
પાર્વતી પતિ મોહામણો પ્રિય સુભટ શીરોમણી સાર ।૨।
તે શુભ્ર સોહતો જોત મોહતો વલ્લભજી રસ રૂપ
અંગ અંગ પરમ સોહામણો મોહામણો છે અનુપ ।૩।
વ્રજ યુવતિનો એ વાલમો સખી મારૂ સરવસ સાર
વાહાલો તાપે છે આંગણમધ્યે હવે પધારે કેમ કહું ઉચાર ।૪।
પનહી ચરણે ધરીયને જઈ એકાંત સ્થલ કરી આવ્યા
સૌભાગીયા જે આરત ભર્યા તેહોને મન અતિ ભાવ્યા ।૫।
ભકત હાર કરી ઉભા રહયા ચોખંડીમાં આવ્યા પ્રિય સોહે
વહાલો આવી પીઢે બેઠા રંગભર સોહાગીયા મન મોહે ।૬।
બાંહે ઉંચી ચઢાવે આનંદસું પ્રિય કર પ્રક્ષાલણ કાજ
હવે મૃતિકા ઉષ્ણોદકસું કર પ્રક્ષાલે મહારાજ ।૭।
ભકતે પ્રથમ ત્યાંહાં આણીધરી સુવાસનો નહિ પાર
પછે ચરણ ક્ષાલણ કરે સુખસું મૃતિકા લેઈ સાર ।૮।
હવે કોગલાતે કરે વહાલોજી રસે ભર્યા છે તરંગ
પછે શુધ્ધ આચમન કરે પ્રિતમજી તેણે સમય કરી સંગ ।૯।
સખી જુએ છે વાહાલો પીઢે વેગ તેહોને મન અતિ ફુલ
હવે પીઢે થકા વહાલો ફરીય બેસે પશ્ચિમ દીશે અનુકુલ ।૧૦।
ત્યાંહાં કર પુછે ભલી ભાંત્યસું મુખાર્વીંદ તે સંગ
એમ હરખે મુખ વસ્ત્ર કરે વાહાલો જોનારા મન રંગ ।૧૧।
ત્યાંહાં હસી હસી વહાલો વાત કરે છે ટોક બહુઅ વચન
જાણ થયુ છે હવેલી માંહાં તે આવે છે ભાવા પન્ન ।૧૨।
દૌડતા આવે મહાલતા પ્રિય જોવા મન આનંદ
જુવે તો વાહાલો ચોખંડી માંહાં બેઠા હસે મંદ મંદ ।૧૩।
હવે અહી કો ભગવદી ચાલવાને વિદાય માગે પ્રિય પાસ
દુઃખ મન માંહે વિપ્રયોગનું ફરી આજ જોયુ મન આશ ।૧૪।
દુઃખ સહી મન માંહાં એમ કહેને ચરણાર્વિંદ છોહે સાર
પ્રિય ભાવ તેહનો અંગીકરે ને સતકાર કેમ લહુ પાર ।૧૫।
વાહાલો સ્નેહ ભર આનંદ મને આપે છે તેહોને તે દાન
નીરવીધી નિરૂપમ કેમ કહું રાખે છે એહો તણા મન ।૧૬।

શ્રી કરે તેહોના શીષ ઉઠાવેને કરે બહુ મનુહાર
કોઈને શ્રી કરે બીડું આપે ને વચન કહે શુભ સાર ।૧૭।
કોહોને તે માહા પ્રસાદ અપાવે કોહોને અવસ કહે મારો નાથ
એમ ભગવદી ચાલે તે કોઈ કોઈ મલીય ને તે સાથ ।૧૮।
એણે સમય કોઈ કોઈ ભકત તે ચરણામૃત પામે સાર
વહાલો નીમા તણી બાંહ ઉતારેને હસે તે કેમ લહું પાર ।૧૯।
પ્રિય અહીંયે બેઠા દાન દીધા તે કેમ કહુઅ સંક્ષાત
યુવતિ તે જનના મન લહે આપાપણી સખી વાત ।૨૦।
તે સમજી મન આનંદ પામે શ્રી મુખ કમલકો એ સાર
કોઈ પરસ્પર મલતી તે પાણે કરે છે કેમ લહું પાર ।૨૧।
કોઈ તે વિસ્મય થઈ રહયા ને કહયુ કાંઈ ન જાયે
કોઈ તે પ્રિય સું ભાવ રસાલે વાત કરે સુખ થાયે ।૨૨।
કોઈ તે ઝગડે છે વાહાલાસું સંબંધ મઈ સુખ રાસ
વાહાલો ચોખંડી માંહાં બેઠા છે મન જઈ જઈ પ્રિય પાસ ।૨૩।
કોઈ તે પ્રિયને નેત્રસું હટકે છે પરમ અનુપ
તે સમજીને વાહાલો હસે છે કેમ કહું રસ રૂપ ।૨૪।
ભાવ તેહોના અંગીકરે ને દાન દે સુખ રાસ
આપ આપણું સમજે નહિ મન આપીયા પ્રિય પાસ ।૨૫।
સખી સુજાતિના મન ગ્રહી અહીં બેઠા છે રૂકમણીલાલ
તેણે રસે રાતા મદે માતા હરખસું ગ્રહે માલ ।૨૬।
પ્રિય સ્વકિયને આજ્ઞા કરે તે કેમ કહું સુખ રાશ
તે જોતા મન મારૂ તે વિહવલ થાયે છે પ્રિય પાસ ।૨૭।
વાહાલો ચોખંડીથી ઉઠે છે હવે નાહવા કાજ પધારે
સ્વકિય સુજાતિ ઉભા છે તે તન મન ધન સહુ વારે ।૨૮।
ભગવદી સહુ ઉભા રહયા પેંડો કરી ઘણું સોહે
એક એકથી ભાવ અભિનવા તે જોઈ પ્રિતમજી મોહે ।૨૯।
ભકત આશિષ દે બહું ભાત્યસું ને જૈ જૈ શબ્દ ઉચારે
મન આરત્યા બહું ભાત્યસું ને દુઃખડાલે કર વારે ।૩૦।
હવે મટક ચટક અટકતી ચાલે પધારે રૂકમણી લાલ
રસ ભકત હાર બાંધી રહયા શોભીયે છે વ્રજ બાલ ।૩૧।
હવે જેહોની આગલ થઈ પધારે તેહોને સુખ તે અપાર
લાવણ્યામૃત ભર્યું શ્રી મુખ જુએ તે શોભા કેમ કહું સાર ।૩૨।
એમ સ્વકિય સુજાતિ સુસંગીને મોહાવનો મીઠો મિત્ર રંગે
ચાલે તે અતિ ઉછાહસું તે જોનારા મન સંગે ।૩૩।
વહાલો ચાલતા કાંઈ મુસકાતા જાએ તે જોતા મન મારૂ મોહે
આ ભિતર થકી મુસકાયે વાહાલો તે રૂપ અભિનવ સોહે ।૩૪।

રસ ભકત પરમ પ્રમોદ સું ગુંથે ફુલ માલા અનુપ
પ્રિય માલા મીસ કાંઈ ટોક કરે છે ચાલતા સુખ રૂપ ।૩૫।
હવે પીઠ નિરખીયે પ્રિતમ તણી તે ઘણું સુંદર લાગે
ચરણાર્વિંદ તણી એડી જોતા સખી મનડું પાગે ।૩૬।
હવે પ્રથમ સાજ કરી રાખ્યો છે ખવાસજી એ જલ ભરીય
ગગરાતે ભરી રાખ્યા શીત ઉષ્ણોદ કે સોહે સુંદર સિધ્ધ કરીય ।૩૭।
ચૌકી તે નાહવા તણી ઘરી ત્યાંહાં પધાર્યા નાહ સુરંગ
હવે નીમો ઉતારે મીઠો વાલમો ભકત તેલ લગાવે શ્રી અંગ ।૩૮।
આનંદ મનમાંહાં અતિ ઘણો મે લહી સ્પર્શ સુખ રસરાશ
તેલ લગાવાને કાજ આવે તે ભકત ઘરી મન આસ ।૩૯।
વાહાલો ના કહે પણ આગ્રહથી લગાડે રંચક લેઈ અંગે
માલા તે ચોપડે હરખસું ને મુખારવીંદ તે રંગે ।૪૦।
ત્યાંહાં સેવક કોઈ લેઈ ચોપડે છે જંઘા ઘુંટણ જાનુ
ચરણાર્વિંદ તેલ લગાડે છે મન હરખસું કરે પાન ।૪૧।
હવે નાહવા તણે કારણે ખવાસે કસેડી પ્રિય કર દીધી
અંતરંગ ને તે એમ સુચવે તેમ ભાવ કસેડી કર લીધી ।૪૨।
ભાવ અંગીકરી પ્રિતમે પુછુ કો પેહેરે હીયા એમ વાણી
ભગવદી જીરાજ કહી બોલ્યા વહાલો ઓચર્યા સુખ જાણી ।૪૩।
એક બીડા લાયો એહવું વચન બોલ્યા તે અનુરકત ભકત સીઘ્ર લાવ્યા
બીડુ શ્રી પ્રભુજીના કર માંહાં આપ્યા વાહાલાજીને મન ભાવ્યા ।૪૪।
પ્રિય ભાવ ગ્રાહી બોલીયા નામ લેઈ તેડયા પાસ
તે ભકત કર વાહાલે બીડુ આપ્યુ ને પુરી બહુ પેરે આસ ।૪૫।
વાહાલો અંતરંગના દુઃખ હરણ પ્રિય સરવાંગે સુખદાય
હવે નાહે છે વાહાલોજી ઉભા તે ભકતને મન ભાય ।૪૬।
વાહાલો ઉભા ધોતી ભિજવે તે જોનારા મન રંગ
ભિજવે છે ધોતી ભલી ભાંત્ય સું પાછલો કાછ તે સંગ ।૪૭।
એમ નાહે છે પ્રિય રંગ ભર્યા ઉત્તર મુખે મહારાજ
શીતકાલે એ દીશા તણા પુરે છે વાહાલો કાજ ।૪૮।
હવે બેઠા વાહાલોજી ચૌકીયે તે લાવણ્ય કહીય ન જાયે
ભકત જોઈ મન હરખે ઘણું તે ફુલ અંગ ન માયે ।૪૯।
હવે સુખસું વાહાલો નાહે છે તે રસે ભર્યા અંતરંગ
ભરી ભરી કસેડી લેઈ ખંભે નાખે છે હરખસુ ભર્યા સંગ ।૫૦।
વલી ઘુંટણ બેહુ પર નાખે છે ચરણાર્વિંદ બેહુ સાર
હવે પુઠલની કાછ ભિજવે જોયુ નવી જડે પાર ।૫૧।
શ્રી અંગ નીચુ નિહોરાવે લાવણ્ય સહિત રસ રૂપ
તે નિરખી રસ ભકત હરખીયા શોભા છે પરમ અનુપ ।૫૨।

વહાલો નાભી કમલ પર ધારા દે છે તે સુખ તણો નહિ પાર
પ્રિય નાહે છે એણી પેરે રંગ ભર્યા શોભા એ સખી સાર ૧૫૩૧
હવે કર્ણ છીરકે વાલમો સખી કહયું કેમ તે જાય
ગ્રીવા નીચી નિહોરાવી પ્રિય કરસું છીરકે તે ચાપલ્યતા નવી માયે ૧૫૪૧
હવે સરવાંગે નાહી પોહોચીયાં વાહાલો સુખસું જેણીવાર
મીઠો નૈત્ર બીડી અધર બીડી સકુચાવે સરવાંગ સાર ૧૫૫૧
પ્રિય વર કસેડી લઈ શીષ ઢોલે શોભા કહી નવ જાયે
આનંદ સું વાહાલો નાહી રહયા ફુલ અંગ ન માંયે ૧૫૬૧
કુંતલ કેશ લસી આવીયાં તે ભાલ ઉપર સોહાયે
વાહાલોજી તે કરસું ઉચા કરે છે હરખ અંગ મોહાયે ૧૫૭૧
હવે ખવાસજીએ ત્યાંહાં ઘરી ચૌકીએ થેલી તે અતિ સાર
મીઠો તેહ માંથી અંગ વસ્ત્ર લે છે તે ઘણું સુંદર અપાર ૧૫૮૧
હવે તે હૈલે ઝાંપટી અને શ્રી મુખારવીંદ સોહાવે
વાહાલો મુખારવીંદ પુછી ઉભા થાયે એમ તે મોહાવે ૧૫૯૧
હવે કર લુહી મસ્તક ઓઢે તે કેશ ભિતર આણે
અંગ વસ્ત્ર આંબલીને મસ્તક વીટે સખી એણી પેરે સુખ માણે ૧૬૦૧
હવે બીજુ અંગ વસ્ત્ર લે વાહાલોજી ગ્રીવા સ્કંધ લુહે સાર
પીઠ પાછલ ઓઢી અંગ મોડી કેમ લહું સુખતે અપાર ૧૬૧૧
હવે જનોઈ લુહી અંગ વસ્ત્ર પહેરે ધોતી ભીની મુકે પ્રિતે
નિતંબ લુહે ભલી ભાંત્યસું સખી મધ્ય સ્થલ તેમ નીતે ૧૬૨૧
જંઘ ઘુંટણ જાનુ લુહે છે પીંડુરી તે અનુપમ સંગે
એમ કીધુ અંગ વસ્ત્ર હરખસું તે જોનારા સખી મન રંગે ૧૬૩૧
હવે મસ્તકસું અંગ વસ્ત્ર છોડીને કેશ લુહે તે રસાલ
કર ગ્રીવાની લટકની સાથે તે જોઈ મોહે સહુ બાલ ૧૬૪૧
હવે ધોતી ઉપરેણો લે છે વાહાલો તે ઘણું સુંદર લાગે
કોમલ તે મિહીન ખાસા તણો સખી જોઉ મનડુ પાગે ૧૬૫૧
ધોતી ઉપરેણાં તણી ગાંઠ છોડી ખંભે ઉપરેણો તે મુકે
પછે ધોતી પહેરે હરખતા સખી જુઓ છો નિત્ય નવી ચુકે ૧૬૬૧
ધોતી તણા સટકીયા છોડી કાછ તે ખોસતા સોહે
હવે પાટલી વાલે અગ્રભાગની તે જોનારા સખી મન મોહે ૧૬૭૧
કર ચાક્ષ ચક્ષ ચપલતા સાથે લઘુ લઘવે કરી ખોસે
તે ખોસીને વલી પટલી જોશે કટી વલે દેસે વલી મોહોસે ૧૬૮૧
વલી નીચા નિહોરી ધોતી પુટ લેઈ પ્રિતમજી ખોસે રસ ઉકત
હવે ઓઢે ઉપરેણો લટકા સું તે જુએ ભકત મલી જુકત ૧૬૯૧
તે ઓઢીઓ ભલી ભાંત્ય સું યુવતિ જુએ મન ખાંત્યે
હવે કેશ ઝાંપટી અંબોડો વાલે તે જોઉં પ્રિતમ તણી ભાંતે ૧૭૦૧

વાહાલો લટકતા જયાંહાં પીઢો ધર્યો છે ત્યાં પધાર્યા પાસ
હવે બેસીયા ત્યાંહાં પીઢા ઉપર પુરી સ્વકિય મન આશ ।૭૧।
ત્યાં કર ક્ષાલી કાંઈ ઓચરે છે મધુર વચન રસાલ
કર ઝાંપટી તે લે છે વાહાલો ચંદન શીપ જુએ બાલ ।૭૨।
રંચક જલ માંહે મુકે વાલમો તિલક દે શુભ રંગે
અનુરાગ ભાલ તિલક વેસર તે દેખી મોહે સ્વકિય અંગે ।૭૩।
તિલક કરે મારો વાલમો સઘલે છે ઠામ જેમ નીતે
કર તણી ગતિ કાંઈ ચપલતાની સખી અભિનવી રીતે ।૭૪।
તિલક કરી મીઠો પોહોચીયા ત્યારે અંગુલી ધોતીયે લુહે
મુદ્રિકા ચમકે અંગુલી દલ સખી જોતા મનડું મોહે ।૭૫।
હવે સંધ્યા વંદન કરીય ને તર્પણ કરે તેમ નીતે
પછે વાહાલોજી તે હસી હસીય ને વાત બહુ કરે પ્રિતે ।૭૬।
વાત માંહેથી સખી અંતરંગતે સુચવે તે સંકેત
વાહાલો ચતુર નાયક અભિનવો મન હરે પ્રાણ સમેત ।૭૭।
એમ શીત કાલે હોમ ઘર માંહાં નાહે પ્રિતમજી રંગે
હવે ઉષ્ણકાલની રીતુ કહું નાહે આંગણ મધ્યે તે શ્રી અંગે ।૭૮।
તે શોભા કેમ જાયે કહી સંગ ભકત ઉભા અનુપ
કો આંગણ મધ્ય કો અટાલી બેહું મુડેરી છજે સુખરૂપ ।૭૯।
એમ ભકત ઉભા રસે ભર્યા અસંક્ષાત કહયાં કેમ જાયે
તે નિરખે રૂપ પ્રિતમ તણું ને આરંદ્ર મન માંહાં થાયે ।૮૦।
મંડલા કારે ભકત ઉભા છે લાગે પરમ અનુપ
મધ્યે લાલ રૂકમણી અભિનવો તે સોહે શ્રી ગોકુલ ભુપ ।૮૧।
ઉષ્ણકાલ રીતુ મહા સુખ ભરી નાહાશે તે વલ્લભ લાલ
શ્રી અંગ શોભા કેમ કહું તે નિરખે સહુ વ્રજબાલ ।૮૨।
નાહવા કારણ પશ્ચિમ મુખે ઉભા છે પ્રિય સુખરાશ
બીજી વાર નાહાશે રંગ ભર્યા તે સ્વરૂપ નિરખ્યું મે પાસ ।૮૩।
પ્રિય રૂપની પરમિત નહી સખી કહયું કેહી પેરે જાયે
દંડવત કરી ચરણે નમું શ્રી વલ્લભજીને મન ભાયે ।૮૪।
ચરણ સ્પર્શ દુર્લભ ઘણુ પણ કરૂણા ભર મારો લાલ
તેણે ચરણ સ્પરસી અંગ દરસી હરખીયા વ્રજબાલ ।૮૫।
કોઈ નિરખે છે નખમણી જોત કો અંગુલી દલ તે અનુપ
કોઈ ચરણની પાટલી નિરખે ભરીય અવ્યકત સુખ રૂપ ।૮૬।
કોઈ પાહાની જુએ રસ ભરી એડી કોમલ સુખરાશ
કોઈ મહાતમ પક્ષ જાણીને નિરખે કોહોને તે સ્નેહ રસ પાસ ।૮૭।
કોઈ ચરણ પર આશકત છે અવ્યકત કહયા કેમ જાયે
કોઈ સ્પર્શની આશા ધરે તેણે આરત અતિસે થાયે ।૮૮।

ચરણાર્વિંદ રસ ઝલકતો	નિરખેતે અભિનવુ રૂપ	
કોઈને તે મન એહનો સ્પર્શ મીઠો	સ્થાપિત કરે તે અનુપ	૧૮૯૧
કોઈ સ્નેહ સું ચુંબન કરી દે	આલીંઘન ચરણે રસાલ	
કોઈ ચરણાર્વિંદ સ્થાપે હૃદયા સાથે	અનોપમ વ્રજબાલ	૧૯૦૧
પ્રિય ચરણ રસ સોહામણો	મોહામણો સુખદાયે	
વાહાલો નાહવા કારણ ઉભા છે	ચરણ કમલ મન ભાયે	૧૯૧૧
ત્યાંહાં ભકત ભ્રમર નિરખે રહયાં	પરાગ લે છે અનુપ	
એ ચરણ રસ મરકંદ મીઠો	અભિનવા સુખ રૂપ	૧૯૨૧
તે પાન કરે નિજ ભકત ઉભા	ફરી ફરી ચરણ તે રસાલ	
કોઈ ઢાંકણાં પીંડુરી તે નિરખે	જાનુ જુએ વ્રજબાલ	૧૯૩૧
એ તેજ પુંજ રસાલ લહીયે	જાનુ છે સુખદાયે	
સ્વકિયને કારણ એ ઘર્યા	જાનુ તે અતિ મન ભાયે	૧૯૪૧
કોઈ તે ઘુંટલા રસે પાગ્યા	જંઘા નિરખે અનુપ	
એ જંઘા રૂચિર સોહામણી	મોહામણી સુખ રૂપ	૧૯૫૧
કોઈ નિતંબ પર ચિત્ત ઘરી રહયા	અવ્યકત કહયા કેમ જાયે	
તેહની શોભા પરમ રસાલી લાગે	જોતા ગતિ પંગ થાએ	૧૯૬૧
કોઈ મધ્ય સ્થલ તે રસાલ રંજે	નિરખતા રસ દાન	
એ સ્થલ રસીલો રસાલ રાજે	સ્પર્શતા સુખપાન	૧૯૭૧
નાહવા તણે કારણે ઉભા	આંગણ મધ્યે સુખ રૂપ	
તે સ્વરૂપ પર હું જાઉં વારી	સોહે વલ્લભજી અનુપ	૧૯૮૧
શ્રી અંગ સર્વ ઉઘાડુ રાજે	જોત કહીયન જાયે	
નિરખતા મનને આનંદ ઘણો	અંગ અંગ સ્વકિય સુખ થાયે	૧૯૯૧
કોઈ તે કટીલંક જુએ રંગે	સંગે કાછ ધોતી તણાં	
શ્રી અંગ જુએ લાવન્ય ભર્યું	એહવા ભકત ભાવાત્મિક ઘણાં	૧૧૦૦૧
કોઈ ઉદર રૂપ અનુપ જોઈ	કોઈ ટુંડી રસ સુખદાયે	
ઉદર તે ઝલકે વિશાલ આછું	જોત કાંત મન ભાયે	૧૧૦૧૧
પસવાડા પ્રૌઢ ગંભીર નિરખે	ધીરા અનુપમ બાલ	
રૂકમણીલાલ લડેતો રાજે	સ્વકિયનો પ્રતિપાલ	૧૧૦૨૧
નાહાવા મિસે અહી ભકત નિરખે	નિરાવરણ શ્રી અંગ	
કોઈ પીઠ નિરખે રસ ભરી	ત્યાંહાં મસ છે અભિનવો સંગે	૧૧૦૩૧
એ પીઠ લંક પ્રનાલ આછી	રસ ભરી પુર	
યુવતિ તે વૃંદ સ્નેહ ભરી	આ જુએ રસ સુર	૧૧૦૪૧
કોઈ પીઠ પર લલકી રહયો	અંબોડો જુએ સુખ રૂપ	
એહોના જોત હું કેહી પેરે કહું	અંબોડો સોહે અનુપ	૧૧૦૫૧
કો ખંભાની ચૌરસ જુએ	પીઠે થકી કરે પાન	
સનમુખ થકી કોઈ રૂદય નિરખે	અભિનવા હોએ દાન	૧૧૦૬૧

એ રૂદય ઝલકે મનડા ઢલકે શોભા દિસે અનુપ
જોતા તે મન રીજે ઘણું એ રૂદય છે સુખરૂપ ।૧૦૭।
રૂદય બાલ ફરકતા બિરાજે અવ્યકત કહયા કેમ જાયે
અહી ઉરતે માહા સુંદર ઘણું જોતા અંગ સિથીલ થાએ ।૧૦૮।
એ ઉગ્ર રસ અતિ પ્રબલ સોહે મોહે છે સુભગાના મન
તે નિરખી અતિ આનંદ પામે કહે ઉરોજ રસ ધન્ય ।૧૦૯।
એ ઉર તણાં સુખ શું કહું તે સ્પર્શ કરે લહેવાયે
સ્વકિયના મન મોચન કરે તે વચન કેમ કહેવાય ।૧૧૦।
કોઈ કહે ઉર અતિ ઉઘ્ર સજે ઉંચા ગોલ સુઢાલ
ચલકતા માહા શોભાએ ભર્યા તે જોઈ મોહે વ્રજબાલ ।૧૧૧।
પ્રિય કુચ કઠોર અવ્યકત રાજે યુવતિને સુખદાયે
વલ્લભજી ઉભા આંગણ મધ્યે નાહવાને ભકત મન ભાયે ।૧૧૨।
કોઈ ઉર તણી બીટડી નિરખે સ્વરૂપાત્મિક સ્નેહવાન
ત્યાંહાં બાલ ફર ફરતા તે સોહે જોતા મહાસુખ પાન ।૧૧૩।
એ રૂદય ઉર અતિ સુભગ સુંદર કહયું કેહી પેરે જાયે
અહી માલા જોત ઉદ્યોત વિલસે નિરખી ગતિ પંગ થાએ ।૧૧૪।
કોઈ ખંભા નિરખે હરખસું કોઈ બાંહો પર ચિત્ત લગ્ન
કોઈ રસ તણા પેચ સુરતી કરી બાંહો માંહા થઈ રહયા મગ્ન ।૧૧૫।
કોઈ વલ્લભજી ના પોહોચલા નિરખે અવ્યકત દિસે રૂપ
નાહવાનો સમે લહી લહી ઉભા છે રૂકમણીલાલ અનુપ ।૧૧૬।
ભકત નિરખે રસાલ રૂડા કરબુંજ સુખ સાર
કોમલતાની પરમિત નહી શીતલતા લાગે અપાર ।૧૧૭।
કોઈ અંગુલી દલ માંહાં મગ્ન છે કોઈ નખ જુએ મન રંગ
એહોની સ્વેત જોત આરકત રાજે ચલકે નખમણી સંગ ।૧૧૮।
કરતલ તણી શોભા સખી અવ્યકત પરમ રસાલ
આરકત સ્વેત ઝાંઈ ઝલમલે નિરખી મોહે વ્રજબાલ ।૧૧૯।
કોઈ કર તણી રેખા એ રંજયા મગ્ન મહા રસ પુર
કોઈ રસાત્મિક થઈ ચુંબન દે છે કર મધ્યે અતિ સુર ।૧૨૦।
એ રસ તણી પરમિત નહી વલ્લભજી સમજે અનુપ
ભાવ ગ્રાહી ઉભા આંગણ મધ્યે નાહવા કારણ સુખ રૂપ ।૧૨૧।
ભગવદી સહુના ભાવ પોતે અનુભવે લહે છે અપાર
તેને દાન દે છે રસ ભર્યા શ્રી અંગ સુખદ છે સાર ।૧૨૨।
વિવિધી પ્રકાર રસ જાણે નિપુણ શ્રી વલ્લભજી ગુણ જ્ઞાતા
તે આપે છે અતિ હરખસું ભકત ને માંહાં રસ દાતા ।૧૨૩।
કોઈ ગ્રીવાની લટકની એ અટકયા મટકે નહી તે લગાર
કોઈ ઠોડી સ્થલ અતિ રસ ભર્યો નિરખે તે વારંવાર ।૧૨૪।

અહી સ્વાદની પરમિત નહી તે લહે છે વ્રજબાલ
ઠોડી તે ચલક ઝલક કરે સોહે તે રૂકમણીલાલ ।૧૨૫।
ઠોડીના દાન અવ્યકત રાજે પાન કર્યા કેમ જાયે
સુરતી સમે એ સુખ લહેવાએ અંગ અંગ શીતલ થાએ ।૧૨૬।
ગહેરી ગંભીર તે અધર રાતો માતો રસ માહાવીર
એહની સ્વાદ મધુર માહે અવ્યકત રાજે સ્વકિય લહે માહાધીર ।૧૨૭।
કોઈ અટકીયા એ અધર માહે ચટક રૂપ અવ્યકત
એહોની ચલક ઝલક અનુપ સોહે મોહે છે નિજ ભકત ।૧૨૮।
અધર તે નિરખે સ્વકિય હરખે ફુલ અંગ ન માયે
અભિલાખ વાધે મન આરાધે અધર પર ચિત્ત જાએ ।૧૨૯।
યુવતિ તે જન અહી રંજીયા મંજીયા મન રસ પુર
અધર તણી ચાચલ્યતા નિરખે અભિનવા દિસે સુર ।૧૩૦।
અધર મધુર વલ્લભ તણો કંઈ જુએ છે વ્રજબાલ
આંગણ મધ્યે નાહવાને ઉભા સોહે શ્રી રૂકમણીલાલ ।૧૩૧।
કોઈ દંત નિરખે ચમકતા ચોકો તે ઠાણ્ય અનુપ
કોઈ જીભ્યા જુએ અતિ મૃદુલ છે અવ્યકત દિસે રૂપ ।૧૩૨।
કોઈ વચનામૃતનું પાન કરે પ્રિતમજી બોલે રસાલ
કોઈ મોહોસર જોઈ મનડાતે ખોલે હસે છે વ્રજબાલ ।૧૩૩।
તેહ લહે છે વલ્લભજી જ્ઞાતા દાતા પરમ ઉદાર
તેહને દાન દીધા રસ ભર્યા મુસકનીએ નહી સખી વાર ।૧૩૪।
હવે ગલ સ્થલ જગમગતા લહીયે જોત કહીય ન જાએ
કોમલતાની પરમિત નહી એ સ્પર્શ કરે સુખ થાયે ।૧૩૫।
કોઈ મોહીયા એ રગને ગલસ્થલ ઝાંઈ સુરંગ
ચમકતા ચારૂ શોભાએ ભર્યા ગલ સ્થલ ઉભય તે સંગ ।૧૩૬।
અનુરાગ જોત અતિ જલમલે ઉદ્યોત છે સુખ રૂપ
એહોની કાંત કેહી પેરે કહું ગલસ્થલ દિસે અનુપ ।૧૩૭।
હવે કર્ણની કોમલતા ભારી ન્યારી છે રસ જુકત
કો સમય મુકતા કરણે પહેર્યા અનુપ દિસે ઉકત ।૧૩૮।
વલ્લભજીના કર્ણ પુટ મધ્યે ભર્યા સ્વકિયે ગુંજ રસ પુર
તે સમજી નિરખે હરખસું ને દુઃખ થયા સહુ ચુર ।૧૩૯।
એ કર્ણ સુખ દાતા સ્વકિયના પોષક પરમ ગંભીર
કર્ણ દુઃખ હરતા સ્વજાતિના સુને વિનંતી રસ ધીર ।૧૪૦।
એ વલ્લભજીને સંભલાવશે મધ્યવર્તી થઈ સુખ રૂપ
સુની દાન કરે રસ ભર્યા તે કહયા કેમ થયે અનુપ ।૧૪૧।
કોઈ નાસા નિરખે રસ ભર્યા આનંદ કહયો કેમ જાયે
તેજ પુંજ અતિ ઝલકી રહી નાસા જોઈ સુખ થાયે ।૧૪૨।

એ શુભ્ર સોહતી જોત મોહતી નાસા નિર્મલ જોત
આંગણ મધ્યે નાહવાને ઉભા લાલ રૂકમણી ઉદ્યોત ૧૧૪૩૧
ભકત ઘેરી દસે દીશ ઉભા મંડલ સોહે અનુપ
મધ્યે વલ્લભજી ઉભા બિરાજે સુંદર લાગે રૂપ ૧૧૪૪૧
કોઈ નેત્ર રસ ગંભીર નિરખે તે માંહે ચિત્ત થયા લગ્ન
એ નેત્રની ચાંપલ્યતા જોઈ સ્વકિય થયા અતિ મગ્ન ૧૧૪૫૧
નિરખતા વિહવલ મન ઘણું દિસે નેત્ર રસ માહા પુર
સખીય સ્વજાતિ તે માંહે પડયા દુઃખ તે થયા સહુ ચુર ૧૧૪૬૧
એ નેત્રની શોભા તે આછી આલોલ ગતિ સુખ કારી
સ્નેહવાન એ રસ પાન કરે છે મગ્ન થયા સ્વકિય ભારી ૧૧૪૭૧
કોઈ ચપલતા નેત્ર જુએ કોઈ ઝલકતા કરે રસ પાન
કોઈ ચંચલ ચિતવની માહે રાતા કરે પ્રિતમ રસ દાન ૧૧૪૮૧
કોઈ નેત્ર વિશાલ જોઈ રંજીયા મંજીયા મન તે અનુપ
કોઈ નેત્ર મધ્યે રેખા અરૂણ અવિલોકે છે સુખ રૂપ ૧૧૪૯૧
કોઈ વરૂણી મંજુલ ટોપચા નિરખે તે પરમ નવિન
એ ભમર તેજ પ્રકાશ જોતા દિસે છે તે પ્રવિણ ૧૧૫૦૧
એ ભ્રગુટી પરમ સુવેશ આછી શ્યામ છે તે અનુપ
ભું ભ્રંગ સ્નેહ રસે ભરી એ ન્યારી છે સુખ રૂપ ૧૧૫૧૧
કોઈના મન અહી અટકીયા ભોંહ નિરખતા તે રસાલ
ઉભય ભોંહ બિચ જે તિલક આછું જુએ છે વ્રજબાલ ૧૧૫૨૧
કોઈ ભાલની ઝલકની એ મોહયા ચલકે અપરંપાર
વિશાલ ભાલ ઉદ્યોત રાજે જોત છે સુખ સાર ૧૧૫૩૧
જગમગતું ભાલ ઉતંગ અનુપ ત્યાંહાં તિલક સોહે છે રસાલ
એ ભાલની ચલકની આછી જોઈ મોહયા વ્રજબાલ ૧૧૫૪૧
વિશાલ તિલક રસાલ મીઠુ મધ્યે રેખા શ્યામ
તે નિરખતા આનંદ ઘણોને પુરણ થાયે કામ ૧૧૫૫૧
કોઈ કુંતલ પર મન અટકીયા કોઈ કેશ માંહે છે મગ્ન
એ ચલકતા સુંદર ઘણું કોઈ ઝલક જોઈ થયા લગ્ન ૧૧૫૬૧
પવન આવે મહાલતો કેશ થર હરે તે અનુપ
અંબોડાની ઝલકની આછી ચલકે છે સુખરૂપ ૧૧૫૭૧
એ રૂપ કહયું તે રસ ભર્યું રસાત્મિક કહયુ કેમ જાએ
નાહવાને ઉભા છે વલ્લભજી નિરખતા અતિ સુખ થાએ ૧૧૫૮૧
ચૌકીની આગલ ઉભા છે શ્રી અંગ જગમગ જોત
લાવણ્યામૃત કાંઈ વચન બોલે સહેજ પરમ ઉદ્યોત ૧૧૫૯૧
પ્રિય અંગ કાંત મોહામણી જે અભિનવુ સુખરૂપ
ધોતીય ભર શ્રી શ્રી અંગ રાજે શોભા દિસે અનુપ ૧૧૬૦૧

અહી નાહતા સુખતે અવ્યકત સોહે મોહે સહુ વ્રજબાલ
પ્રિય મંડલ મધ્ય ઉભા તે રાજે શ્રી અંગ નિરખું તે રસાલ ।૧૬૧।
અહીં પ્રાણી માત્ર જે કો ભગવદી તેહોને દર્શન થાએ
શ્રી અંગ જુએ લાવણ્ય ભર્યું તેહને હરખ અંગ ન માયે ।૧૬૨।
નાહતા તે નિરખે સુખ ભર્યા વહાલો દિસે અનુપમ સાર
શ્રી અંગનું સુખ શું કહું નાહે છે અપરંપાર ।૧૬૩।
તે લટકા પર હું જાઉં વારી વલ્લભજી સુખદાયે
ઉષ્ણકાલ ઋતુ આગણ મધ્યે નાહે શોભા મન નવી માયે ।૧૬૪।
પ્રિય નાહી ઉઠયા રંગ ભર્યા અંગ વસ્ત્ર કર્યા સુખરૂપ
શ્રી અંગ સર્વ અંગુછીને પછે ધોતી પહેરે અનુપ ।૧૬૫।
ઉપરેણો ઓઢી અંબોડો વાલે શ્રી અંગ સોહે ઉદ્યોત
ઉપર ઉજવલ સ્વેત ગગન રાજે તે ભલી લાગે જોત ।૧૬૬।
પવન આવે ત્યાંહાં સેવા કરણ મંદ મંદ સુખરાસ
ફરહરે ઉપરેણાના ખુંટતે જોઉ અનુપમ પાસ ।૧૬૭।
હવે તિલક કારણ પીઢે પધારે લટકતા આધાર
ત્યાંહાં ભકત સહુ આશિષ બોલે વારણાં લે નહી વાર ।૧૬૮।
પીઢે તે બેઠા આનંદસું પુરવ મુખે સુખરૂપ
નિરખે છે ભકત રસે ભર્યા શ્રી મુખાર્વીંદ અનુપ ।૧૬૯।
જલઘરા માંહાં બેઠા સ્વકિય સુજાતિ એ સ્વરૂપ જોઈ મન પાગે
જલકતા અંગ રસે ભર્યા તે શોભા અનુપમ લાગે ।૧૭૦।
અહી ગુણીય બેઠા ગાન કરે બંધાન કહયા કેમ જાયે
ઘુર પદ તે નવિન ભાંતના સુની વહાલોજી મુસકીત થાએ ।૧૭૧।
એ ગાન પર રીઝે ઘણું પ્રિય અનુભવ તે સ્ફુરી આવે
તદાત્મિક થઈ કાંઈ ઉચરે છે સ્વકિયને મન અતિ ભાવે ।૧૭૨।
પીઢે તે બૈઠા તિલક ઘરે છે શ્રી અંગ સોહે અનુપ
ઉષ્ણકાલ ઋતુ આનંદ મઈ ભકત પંખા કરે સુખ રૂપ ।૧૭૩।
શ્રી અંગ તે સુખદાઈ છે મોર પંખના તે અનંગ
એમ પંખા પ્રિતમજી ને થાયે ભકત નિરખે સંગ ।૧૭૪।
તેહોનો પવન ચાલે ઉપરેણો હાલે ધોતી માહાલે રસાલ
ફરકતા કેશ રસાલ નિરખે ઉભા જુએ વ્રજબાલ ।૧૭૫।
કોઈ ભગવદી મુઠો કરે છે માખી નિવારણ કાજ
હવે સંધ્યા તર્પણ કરીય ભિતર પધારશે માહારાજ ।૧૭૬।
શ્રષ્ટિ નિરખે અસંખ્યાત ઉભા દિસે છે વ્રજબાલ
રૂકમણીલાલ પીઢે બિરાજે છે સ્વકિયના અંગપાલ ।૧૭૭।
અટાલી ઉપર સ્વકિય રે બેઠા સ્વરૂપ નિરખ્યું ભાંતે
ધોતી તે પહેરતા મધ્યસ્થલ જોયું અનુપમ રસ ખાંતે ।૧૭૮।

મુસકાઈને આનંદ પામે સ્વકિય અભિનવે રૂપ
પ્રિતમજી લહે રસ ભર્યા રંગે ઉભય મુસકની અનુપ ।૧૭૯।
એ રસને અનુભવી પાત્ર જાણે અવર ન સમજે કોએ
ભગવદી અનેક સમાજ ઉભા બેઠા શ્રીમુખ જોએ ।૧૮૦।
બીજીવાર આંગણ મધ્યે નાહી બેઠા છે પીઢે અનુપ
અંગ અંગ નિરખુ મન માંહાં હરખું પ્રિતમ છે સુખ રૂપ ।૧૮૧।
હવે ભિતર તે પઉંધારશે તે આરતી અતિશે થાશે
સ્વરૂપ જુએ નયણા ભરી વિપ્રયોગ માંહાં મન જાએ ।૧૮૨।
સંયોગ માંહાં વિપ્રયોગ દુઃખ શાલી તે આવે અપાર
ભાવ ગ્રાહી વલ્લભજી અનુપમ લહે એ રસ સાર ।૧૮૩।
કાંઈ વચન કહી તેહો તણું પોષણ કરે તે અનુપ
સ્વકિયને તે રીઝવી ઉઠે શ્રી ગોકુલ ભુપ ।૧૮૪।
હવે ભિતર પઉંધારે છે વાહાલો તે શોભા કહી કેમ જાયે
ભકત હાર કરી ઉભા રહયા તે જોઉ હરખ ન માયે ।૧૮૫।
વાહાલો પધારે ભિતર ભલી પેર કરી સાજ શ્રૃંગાર
હવે ચાલ અટક ચટકતી ચાલે મટકતો પ્રિય સાર ।૧૮૬।
મહાલતો ચાલે મદભર્યો સ્વકિય મોહાવતો રસરૂપ
શ્રૃંગાર અભિનવો શોભીયે સખી કેમ કહું અનુપ ।૧૮૭।
તે શ્રીમુખ પર હું જાઉં વારી ને પ્રિયા નિકટ મનુહાર
રૂપ જોઉં મીઠુ રસે ભર્યું વાહાલો આવે સુખ છે અપાર ।૧૮૮।
મહા પ્રભુજી નિકટ પધારીયા તે શોભા કહી કેમ જાયે
ભગવદી સર્વે ઉભાતે નિરખે જૈ જૈ શબ્દ તે થાયે ।૧૮૯।
વાણી તે મધુરી ગંભીર રાજે અવ્યકત કલ ઘુની ગાજે
તે શબ્દ પરમ સોહામણા મોહામણા અતિ છાજે ।૧૯૦।
વારણાં લે કર શીષ ચટકે ઉલટ અંગ ન માયે
પધારે છે ભિતર તે સુખસું સ્વકિયને દુઃખ થાયે ।૧૯૧।
વિપ્રયોગ દુઃખ સાલી આવે સખી ગાત્ર ભંગ તે સોહે
પાછલ થકી તે પુઠ નિરખું નિસ્વાસ થયા અંગ મોહે ।૧૯૨।
ગલી દ્વાર આવ્યાં ત્યાંહાં ચરણ ક્ષાલ્યા ભકતને મન ભાએ
કોઈ એક ભકત ચરણામૃત પામે તેને આનંદ અતિશે થાએ ।૧૯૩।
વાહાલોજી ભિતર પોહોચીયા આરત હરણ માહારાજ
હવે તેને તાં દાન છે સ્વરૂપ શ્રૃંગાર રસ કાજ ।૧૯૪।
ભગવદી સહુ કો ઘેર આવે આરતી ભર્યા સખી અંગ
વાહાલોજી ફરીય પધારશે ત્યારે જોઈસે મન રંગ ।૧૯૫।
ઘેર આવી સહુકો કાજ કરે છે સેવા પાક બહુ સાજ
કોઈતે શ્રૃંગાર અંગ ઘરે મન મોહોતા પ્રિય કાજ ।૧૯૬।

કોઈને મન આરત ઘણી સખી દુઃખીત તેહ અપાર
કોઈય તે મલતીય પાણ્ય એકઠા બેસીયા સખી સાર ।૧૯૭।
તે વાત કરે વાહાલા તણી જોઈ આવ્યા છે પ્રિય ભુપ
મારા પ્રિતમજીના ગુણ સરાહે રૂપ સોહે અનુપ ।૧૯૮।
એમ વાત વાહાલાજીની કરે ને આરંદ્ર અતિસે થાએ
ગદ ગદ કંઠ ભરાઈ આવ્યા ને કહયું કાંઈ અ ન જાયે ।૧૯૯।
તેને હું દંડવત કરું જેહને પ્રિયસું સંબંધ જેહ
બીજો વ્યાસંગ કાંઈ નવી લહે પ્રિય સુખે સુખી મન તેહ ।૨૦૦।
હવે રાજભોગ સમય થયો ભકત ચાલીયા તે અનુપ
ઉછાહ સિંધુ તે ઉલટયો એમ માહાલીયાં સુખરૂપ ।૨૦૧।
હસતા તે હીડે માહાલતા મંદિર આવ્યા રંગ
એણી પેરે આંગણ ભરાતુ જાએ બેઠક માંહે સોહે સંગ ।૨૦૨।
હવે વાહાલોજી શ્રૃંગાર કરી બેઠા છે જલઘર માંહે
ગાદી તકીયે સુખસું બેઠા મન મોહિયા સખી ત્યાંહે ।૨૦૩।
એ સમય તે આવર્ણ રહિત છે પ્રિયને ઘણું સોહાયે
દસબાર તહાં ભગવદી બેઠા અંત રંગ સુખ થાયે ।૨૦૪।
પ્રસંગ ચાલે છે અતિ ઘણું ત્યાંહાં સ્નેહ તણાં તે પ્રકાર
વાહાલોજી શ્રી મુખથી કહે દાન દે અભિનવુ સાર ।૨૦૫
વલી સંબંધ ના તે પ્રકાર કહે છે અભિનવા સુખ રાશ
પ્રિય પાન રસ ભર્યું દાન દે છે ઉભા સુણે તે પાસ ।૨૦૬।
વાહાલો હરખી અતિ આનંદસું કરે વાત ફુલ્યા રસાલ
તે રસ ભર્યા પ્રિય વચન સુની સખી મોહીયા તે બાલ ।૨૦૭।
પ્રસંગ ચલાવે પ્રાગટય તણો તે વિસ્તાર પોતે કહે
ભગવદી તહાં બેઠા છે તેહ તણાં મન તે સખી લહે ।૨૦૮।
કોઈ સમય લરીકા આવે ભણવા તે કથા કહે પ્રિય સાર
મધુર વચન કહી ઓચરે તે લહે ભગવદી અપાર ।૨૦૯।
વાણી તે મધુરી ગંભીર બોલે શબ્દ વિવિધી અનુપ
કર તણે લટકે કહી દેખાડે નિરખતા સુખ રૂપ ।૨૧૦।
મુદ્રિકા ચમકે અભિનવી પ્રિય પોહોચલા જોઉ સાર
તિલક ભાલે જગમગે પ્રિત જોત અંગ અપાર ।૨૧૧।
પામરી ઓઢી દુસાલાતે વાહાલો ઘણું સુંદર રાજે
કેશ સચિકણ શોભીયે તે અભિનવા સુખ ભ્રાજે ।૨૧૨।
ત્યાંહાં જોઉં રૂપ વાહાલાં તણું સખી નિરખતા તે મનડુ તે પાગે
તે શોભા અભિનવી તે રાજે છે પ્રિય રૂપ જોઉં મન લાગે ।૨૧૩।
ઉત્તર મુખે શ્રી મુખાર્વીંદ જોતા તે મનડુ રંજે
અંગ અંગ ઝલકે ઉદ્યોત સું અતિ સુભટ છે તેજ પુંજે ।૨૧૪।

ગાદી તકિયે બેઠા છે
વાહાલો વાત કરે અતી રસ ભરી
પ્રિય રૂદેય તણી શોભા કેમ કહું
આંતરીક ભાવે વાહાલો રસ ઢરે
પરિતાપ હારક અંગ સાહાયક
એમ ચરિત્ર માહા બેઠા કરે
બહુ બેટી કો સમય આવી જુએ
નેત્ર ભરી નિરખે તે સમે
આશિષ દે મન માંહાં ઘણી
વાહાલોજી એ તેહોના કોડ પુર્યા
એણે સમય અહી કોઈ આવે છે
સનમુખ બેસાડી તેહને વરે
હવે બેઠક માહા ભગવદી આવ્યા
રાજભોગ સર્યો ત્યાંહાં પધારી આવ્યા
છ માંગલ્ય એ થયા સાર સખી હવે
રાજભોગ સર્યા પછી પઉંધારે

એમ સુંદર રૂપ રસાલ
શ્રી અંગ જોઉં વિશાલ ।૨૧૫।
તેહ માંહે મન લલચાયે
તે કહયું કેહી પેરે જાયે ।૨૧૬।
વાહાલાજી છે ઉદાર
પ્રિય હરખસુ અતિ સાર ।૨૧૭।
વાહાલોજી બેઠા છે જયાંહાં
ને શીષ નમાવે તાંહાં ।૨૧૮।
લે ઓવારણાં સુખ રૂપ
તે ભિતર ગયા અનુપ ।૨૧૯।
નિવેદન કરવા રંગે
દે દાન સુખ રસ સંગે ।૨૨૦।
તેહ તણી આરત જાણી
ઓચર્યા મીઠી વાણી ।૨૨૧।
સાતમે બાહેર પધારે
તે ભકત જોઈ સહુવારે ।૨૨૨।

ઈતિ શ્રી માંગલ્ય છઠ્ઠું સંપૂર્ણ
હવે માંગલ્ય સાતમું લખીસું.
સમાપ્તમ્

માંગલ્ય - ૭

શ્રી શ્રી શ્રી ગોકુલેશો જય જયતિ, એ માંગલ્ય સાતમું લખીયે છે તેનું અનુકરણ લૌકિક ગીત છે તે વચન જે। મહેલો મહેલો રે કાકી બહેન કોઈ અર તમારા કર આપશું । મેલો મેલો રે માડી છેડા। અમારા તમારા કારકોમ સુખસું । એ અનુકરણે ગવાશે.

એકાસી ભાવના ભગવદી જે
પઉંધાર્યા બેઠક મધ્યે
લખીય જે અંતઃકરણ પ્રબોધ માંહાં
તે કારણ સમજી મેં લખ્યું
એહો તણી આરતી નવી સહે
જલઘરા મધ્યે ઉભા છે વાહાલો
ત્યાં હસી હસી વાતો કરે
બોલતા જાણે ફુલ ઝરે છે
તેહો તણે સ્નેહે પાગીયા
આરત હરણ શ્રી ગોકુલધણી
હવે બેઠક માંહાં જે ભકત બેઠા
પઉંધારશે મીઠો વાલમો
વાહાલો આવશે ઉછાહ ઘણો
સખી સુજાતિ મલી લહે
એહવે તે એક ભગવદીએ આવી
વાહાલો પધારીયા સહુ સિધ્ધ થયો
જેણે એ વધામણી ખાધી
દંડવત કરી તનમન ઓવારી
મુસકની પરસ્પર કહીય ન જાયે
નેત્ર માંહાંથી રસ ધારા છુટે
એકાંત સ્થલ ગડુઆ ભર્યા
વાત્સલ્ય કરે અતિ સ્નેહસું
હવે આનંદ પરમ પ્રમોદસું
હસી હસી ચીતવે દ્વાર દીશ
આરત હરણ સુંદરી તણો
પઉંધારે છે અતિ હરખસું
ગલી માંહે આવ્યા ભકત ભાવ્યા
હવે જગમોહન પધારે વાહાલો
જૈ જૈ કાર હોએ અભિનવા
સ્વકિય સુજાતિ ઉભા જુએ છે

શ્રીમુખે કહયો તે સહી
તે શોભા નવી જાયે કહી ।૧।
વાહાલાજીયે પોતે ચિત્ત ધરી
સોહાગ શ્રૃષ્ટિ પ્રિતમે વરી ।૨।
વાહાલો પધારે સ્નેહ વચન કહી
તેહો તે સ્નેહ લહી ।૩।
ઉભા સુણી જે અહી છે સદા
ભકત નિરખે મન મુદા ।૪।
અનુરાગીયા વાહાલો અહી
પઉંધારશે વાહાલો જે મહી ।૫।
તેહોના મન આશા ઘરે
ત્યારે જોઈએ આનંદ ભરે ।૬।
ફરી ફરી જુએ પેંડો ચહે
થયો પધારવા સમે કહે ।૭।
વધામણી ખાધી અહી
સુણી હરખ નવી માયે કહી ।૮।
તે પર વારે ભાવીયા
તેહોસું નેત્ર મેલાવીયા ।૯।
રસ ઉલટયો વાહાલો જોઈએ
તે તે ચપલતા જોઈ મોહીયે ।૧૦।
ત્યાં સુગંધ ઉખેવ્યો સદા
એણીપેરે ખવાસ તે મન મુદા ।૧૧।
ભકત હાર સહુ બાંધી રહે
વહાલોજી તે પધાર્યા લહે ।૧૨।
તે નાહ મીઠો રસ ભર્યો
સ્વકિય તણે સ્નેહ અંગી કર્યો ।૧૩।
અટાલી પરથી જોયા અહીં
તે શોભા નવી જાયે કહી ।૧૪।
ઓચર્યા શબ્દ સોહામણા
પ્રિતમ અંગ મોહામણા ।૧૫।

અહી સ્વરૂપ વર્ણન સુચન અર્થ કહીસે કાંઈ એક મન મુદા
શ્રી અંગ મહા રસ રૂપ છે અનુપ તે સોહે સદા ।૧૬।
નિરખે તે વાહાલાજીનું રૂપ મીઠુ અંગ પર ચિત્ત ઘરી રહયા
કોઈ મોહીયા ચરણાર્વિંદ કોઈ અંગુલી દલ નખમણી લહયા ।૧૭।
કોઈ તે પીંડુરી જાનુ મોહે કોઈ તે ઘુંટણ રસ લહી
કોઈ જંઘા જોઈ મધ્ય સ્થલ મોહે કોઈ તે કટી નિતંબ કહી ।૧૮।
કોઈ ધોતી તણી આભાએ મોહે શું કહું સખી તેહ તણું
ઉજવલ ક્રાંત સોહામણી હીરા જોતથી જીતે ઘણું ।૧૯।
ફેલી રહી પ્રિય જાનુ પર બે શોભા નવી જાયે કહી
એ ધોતી પરમ સોહામણી મોહામણી સખી મન રહી ।૨૦।
ધોતી તણી કાંઈ ચપલ ગતિ સખી તેહ જોઈ મન મોહી રહે
ચાલતા ફેલે સખી રંગ રેલે જોતા મન માંહે લહે ।૨૧।
કરતણી શોભા કેમ કહુ તે દીઠો ધિરજ રહે સદા
કોમલ તે કર મારા વાહાલાજીના જોઉ મન આનંદ મુદા ।૨૨।
નખતણી આભા કેમ કહું અંગુલી દલ સોહે ઘણું
મુદ્રિકા ચમકે અંગ દમકે ચરિત્ર જોઉ પ્રિય કર તણું ।૨૩।
કર કમલ જોઉ મન આરત વાધે સખી અંગોમાં સંચન એહ
સ્વકિય વૃંદને પોષણ તે કરતા પોહોચલા સુંદર તેહ ।૨૪।
ઉદર તણી શોભા કેમ કહું જોતા પાર તેહનો નવી લહું
પસવાડા પ્રોઢ ગંભીરતા જોતા રૂદે સ્થલ તે કેમ કહું ।૨૫।
ઝલકતું રૂદય સોહામણું ચલકે તે સ્વકિયના ભાવથી
અનુરાગ ઝાંઈ ઝલમલે સખી જોઈ મોહે રસ દાબથી ।૨૬।
એ રદેય તણી શોભા કેમ કહું વિશાલ સ્વકિય સુખદાયક સદા
આરત હરણ એ રૂદેય કહીયે પરિરંભણે બહુ મન મુદા ।૨૭।
એ ઉર ઉપર બહુ જુથ રાજે જે રમી વલ્યા છે સુખ ભરે
એ શોભા નવી જાયે કહી ઉર તણાં કારણ મન હરે ।૨૮।
ઉર જોઈને તન મન વારે છે સખી નાયકા ભાવ ઉપજાવે છે
પોતા તણું સર્વસ્વ ઓવારી એહને સખી શીર નામે ભાવે છે ।૨૯।
માલા તે શ્રી કંઠ માંહે સોહે સ્વકિય સુજાતિ જોઈ મોહે
એહો તણાં ભાગ્યનું શું કહું એ ઉર ઉપર આવી સોહે ।૩૦।
ઉપરેણા તણી છબી શી કહું સખી છેડા જોઉ સુખ ભરે
ચારે ખુંટ ફરકતા તે દેખુ અંગ મારૂ થર હરે ।૩૧।
જગમોહનમાં મીઠો વાહાલમો ઉપરેણો તે સ્કંધ છાજતો
મીઠા ચરિત્ર કરતા પધારે છે યુવતિ જન મન રાજતો ।૩૨।
ખંભા તે ચમકે શ્રી અંગ દમકે ઠોડી તણું સુખ શું કહું
અધર અરૂણ અતિ શોભિએ તે જોઈ જોઈ મન માંહાં લહું ।૩૩।

તેહ તણી શોભા કેમ કહું અધર જોઈ મનડુ ઠરે
એ મન તણો વિશ્રામ છે સખી કામ પુરણ સહુ કરે ।૩૪।
ગલ સ્થલ જોઉ રસે ભર્યા ને નાસીકા સુખ કેમ લહું
પ્રિય નેત્ર જોતાં સંગ સોહતા ભમરે ગતિ સખી શું કહું ।૩૫।
ભાલે તે તિલક અનુરાગનું તે જગમગે જોઈ મોહીયે
તેજ તણો કાંઈ પાર નહિ સખી પ્રિતમનો સોહીયે ।૩૬।
જગમગતી જયોત અપાર આછી સરવે મોહામણી
એ ભાલ ઉપર અદ્‌ભુત રાજે સર્વોપર સોહામણી ।૩૭।
શીષે તે કેશ સોહામણા મોહામણા આનંદમઈ
સુંદર તે સરલ શ્યામ સચિકણાં લહે લહે શોભા સહી ।૩૮।
અંબોડલો સખી અદ્‌ભુત રાજે જોતા કેમ ન અઘાઈયે
એ શ્રી મુખ પર સખી સર્વાંગ વારૂ જોઈ જોઈ હું ઉમાહીયે ।૩૯।
જગમોહતો ચાલે જગમોહન અટકતો શોભા ભર્યો
રૂકમણી કુંવર ઉદાર વર ચાલે તે સખી સંગ રસ ઘર્યો ।૪૦।
પ્રિય રૂપ જોતા શ્રી અંગ મોહતા પ્રિતમનું સુખ શું કહું
પૌંઘારીયા સિંઘ દ્વાર ત્યાંહા બહુ જુથ તે ઉભા લહુ ।૪૧।
જૈ જૈ કાર કહી ઓવારણાં લે છે તે બહુ પેરે આશિષ બોલે
પાર્વતી પતિ સોહામણો નિરખતા તે અંતરપુટ ખોલે ।૪૨।
લદાવ માંહાંથી ભકતે દિઠું વ્હાલોજી પધારે સહી
તે દોડી આવ્યા ઘસમસ્યા પ્રિય રૂપ નિરખ્યું આનંદ મઈ ।૪૩।
તેહોને મન ઉછાહ ઘણો ફરી ફરીને શ્રીમુખ જુએ
પોતા તણું ભાગ્ય સરાહે અંતર રમણ રંગે સોહે ।૪૪।
હવે પધારે આંગણ મધ્ય શ્રી અંગ શોભા અતી ઘણું
નિરખતાં શ્રીમુખ સંગ ઉરઝુ મનડુ સોહાગણી તણું ।૪૫।
આરત ભર્યા અતી પ્રેમ જુત તે ઈક્ષણે સહુ સંતોષીયા
વાહાલોજી આવ્યા આંગણ મધ્યે તે સ્વરૂપ જોઈ જોઈ પોસીયાં ।૪૬।
ઠામે ઠામ જૈ જૈ કાર બોલે આશિષ દે મનને ગમે
દંડવત કરી લે વારણાં તે શોભા જોઉ એણે સમે ।૪૭।
જેહના તે જેવા ભાવ છે તે શું તે તેહવા થઈ મલે
એક હરખી અતિ આનંદ પામી પરસ્પર માહોમાહ મલે ।૪૮।
એક જુએ રૂપ વાહાલા તણું ને હરખ આંસુ નયણે ઝરે
એક જોઈ દીગ્મુઢ થઈ રહયાં ને ઉચ્ચાર કાંઈ નવી કરે ।૪૯।
કોઈને તે અનુસંધાન ભુલે સખી સુરત્ય નવી જોવા તણી
પોષણ કરે મારો વ્હાલમો સહુ કોઈને એ પ્રિય ઘણી ।૫૦।
કોઈને મન ઉછાહ ઘણો પ્રિતમજીને શીર નામે છે
કોઈ તે પ્રિય સનમુખ જોઈને દુઃખડા સહુ એ વામે છે ।૫૧।

કોઈ પલક મેલી રસપાન કરે છે
કોહોને તે મન આરત વાધી
કોઈને તે રોમોદ્રમ થાએ
કોઈના તે ગદગદ કંઠ ભરાયા
કોઈના તે અમી સુકી ગયા
કોઈને તે અંગ થરી થરી ચાલી
કોઈ તે સ્નેહ સુચન કરે
કોઈ તે સરવસ થઈ ગયા છે
કોઈ તે આનંદ રસ માંહાં પાગ્યા
કોઈને મન પરિતાપ વાધ્યો
કોઈ તે રસ માંહાં મગ્ન છે તે
પોતા તણું ભુલી ગયા
કોઈ તે આશ્ચર્ય થઈ રહયા
કોઈ તે થાહા પામે નહિ
વિલસે છે વાહાલા સંગ તદાત્મિક થઈ
દાતા ભોકતા તણું મન તે જાણે
જોઈ વલ્લભજી તે ઉર ઘરે
વાત્સલ્ય જુત બહુ પ્રિતસું
વાહલોજી નિરખે ભલી રીતસું
.....

શ્રી અંગ પરમ સોહામણું
આલિંઘન દેવા મોહામણું ૧૫૨૧
કોઈના તે અંગ સિથીલ લહયાં
કોઈના સ્વર ભંગ થયા ૧૫૩૧
કોઈ જાણે છે સ્વપ્ન તે મન ઘરી
હિત ભાવે વાત્સલ્ય ભરી ૧૫૪૧
વાહાલોજી તેણે અનુભવ મન વસે
પ્રિતમજી જોયા રસે ૧૫૫૧
લહેર સુખ સમુદ્ર તણું
અયોગ દુઃખ સાલે ઘણું ૧૫૬૧
આતુર થઈય ને અઘર ડસે
વાહાલોજી તે મન માંહાં વસે ૧૫૭૧
પ્રિતમને જોઈ નયણા ભરે
અંતર રમણ પોતે કરે ૧૫૮૧
આનંદ કેમ જાયે કહયા
કોઈ તે હટકે નેત્ર માંહાં ૧૫૯૧
કેહેના તે નેત્ર રસે ભર્યા
કોલના તે નેત્ર હસી રહયાં ૧૬૦૧
.....
..... ૧૬૧૧

કોઈ હસીને મુસકની કરતા
કોઈ ચમકતી ચાલે મોહે
કોઈ સોહાગને ગર્વે ભર્યા
કોઈ વાત્સલ્ય સ્નેહ ભરી રહયા
કોઈ પરસ્પરે આલિંઘને
કોઈ સ્વકિયના કર દાબીને
કોઈ પ્રિતમજીના કુચ જોઈ અને
કોઈ હાવ ભાવ કટાક્ષ કરી
કોઈ મંદમંદ મુસકનીયે
પઉંઘારીયા મીઠો વાલમો
ભાવ લહીય ને વાહાલો જીતે
રીઝે તે મન માંહાં અતિ ઘણું ને
જેને તે જેહવા ભાવ છે
આપે છે પ્રિયજી ઉદાર વર
કટાક્ષ કરી વાહાલોજી ચિતવે
મુસકની બહુ પેરે દાન દે છે

વાહાલાજી ને મોહાયે છે
વાહાલોજી શ્રી અંગ સોહાયે છે ૧૬૨૧
પ્રિતમ તણું મન નિરખે છે
અનુરાગસું પ્રિય હરખે છે ૧૬૩૧
અંક માંહો માંહાં ભરેય છે
પ્રિતમ અંગ સુખ ઘરેય છે ૧૬૪૧
અંગ તે સર્વ મોહાવે છે
તિક્ષણ તે તેજે સોહાવે છે ૧૬૫૧
હસતા પરમ સુંદર લાગે છે
એણી પેરે તે જોઈ મન પાગે છે ૧૬૬૧
સહુ તણાં પોષણ કરેઅ છે
આનંદ રસે બહુ ભરેય છે ૧૬૭)
તેહને તેહવા દાન આનંદ મને
બોલતા ચાલે છે રસ ભીને ૧૬૮૧
તે માંહે સુખ ઘરેય છે
સ્વકિયના સર્વ હરેઅ છે ૧૬૯૧

કોઈ ના તે અંગ શીતલ કરે ઈક્ષણે દુઃખ તે નસાવે છે
કોઈને તે સ્વરૂપ રસે ભરીને અંગ કામ વસાવે છે ૧૭૦૧
કોઈ તે સું રસે બહુ વિલસ્યા છે તેહોને દેખાડી ચિન્હ મોહાવે છે
કોઈને તે જોઈ મોહી રહીને કામ અંગ સોહાવે છે ૧૭૧૧
કોઈને તે આજ્ઞા કરે રસાલી રમવા તણી પેરે લહે
કોઈસું તે નેત્ર રસે ભર્યા પરિતાપ ઉપજાવા સહે ૧૭૨૧
કોઈતે સું હાસ્ય વિલાસ બોલે નેત્ર જોઈ મનડુ ખોલે
કોઈસું તે કરી મીઠી વાતડી સંભલાવવા સુખસું બોલે ૧૭૩૧
કોઈને તે સરવસ થઈ ગયા પોતાપણું કાંઈ નાવે રહયું
કોઈને તે હાથે આવે નહિ પ્રિતમ તણાં એ ચરિત્ર કહું ૧૭૪૧
કોઈ પર તે ચંચલ ચીતવની ચાલે નિહાલતા સખી રંગભરે
કોઈ પર તે ટોક કરે રસાલી સુણતા તે મનડા હરે ૧૭૫૧
કોઈને તે સંબંધ સુચન કરે અતિ આતુર થઈ પ્રિતે સદા
કોઈને તે વ્યંગ વચન કહે પ્રિતમજી સોહે મન મુદા ૧૭૬૧
કોઈ પર તે એક ચિત જોઈ રહે સખી નિહાલતા મનડુ ઠરે
કોઈ પર તે હેતે પાગીયા લાગી રહયાં અનંગ હરે ૧૭૭૧
કોઈ પર તે રૂચતી હિલગ સાધે બાંધે તે મનને ગમે
કોઈના તે મન મોચન કરે સખી રીઝીને સુખડે રમે ૧૭૮૧
કોઈ પર તે અંગ એ ડાબી ચટકે મટકાનું સું કહું
કોઈને જોઈ પ્રિયે રૂદેય સ્પર્શે માલા મીસ સખી તેહ લહુ ૧૭૯૧
અમ જુથ જુથ મોહામણા પ્રિય સોહામણા સંગે મલે
જેને જેહવી આરત હતી તેસું તે તેણે સમે ઢલે ૧૮૦૧
આરત હરણ મારો વાલમો તે નામ પ્રસિધ્ધ કહેવાય છે
નામ તણું ફલ અહી સિધ્ધ કીધું સ્વકિયને લહેવાય છે ૧૮૧૧
પઉંધારતા એહવા ચરિત્ર કીધા શ્રી વિઠલ કુંવર કોડામણો
ઉનમત ગતિ ગંભીર સું શ્રીય ચાલે છે આનંદ ઘણો ૧૮૨૧
તે શોભા નિરખે સોહાગીયા પ્રમોદસું શ્રીમુખ ચહે
મિત્ર વિચિત્ર છે પાર્વતી પતિ તે તણાં સુખ સ્વકિય મન લહે ૧૮૩૧
પઉંધારતા સખી રસે પોષ્યા ગુણ ચરિત્ર એહોના શું કહું
હવે મંદ મંદ મુસકનીયે હસતા પાઉંધારે તે શોભા લહુ ૧૮૪૧
પનહી ચરણે પહેરીય ને ઉપવીત કર્ણ તે ઘરે સદા
તે લટકો નિરખે ભકત હરખે વલ્લભજી ઉભા મન મુદા ૧૮૫૧
ઘસમસ્યા કોઈ આવે પાછલથી તે શ્રીમુખ જોઈ અતિ સુખ લહે
મારે કાજે વાહાલોજી થોભ્યા ભકત મનમાં એમ કહે ૧૮૬૧
તે પ્રિતમજીના ગુણ સહેરાહે શ્રી અંગ જોઈ લોભીયા
બહુ જુથ તે ઉભા રહયાં નિરખતાં અતિ સુખ શોભીયા ૧૮૭૧

વાહાલોજી એંકાંત સ્થલ પઉંધારીયા ફરી આવ્યા તે ચોખંડી ભણી
લટકતા ચાલે મનમાહાં માહાલે શ્રી ગોકુલપતિ મહામણી ૧૮૮
ભકત સહુ જૈ જૈ કાર કહે છે આશિષ દે મન તે ખોલે
જેને તે જેહવા વચન તેહવા સ્વર બોલે ૧૮૯
મીઠા તે મધુરા અનુપ રાજે વલ્લભજીને મોહામણી
વાહાલો પધારે ચોખંડી માંહાંતે સ્વર સુણે સોહામણા ૧૯૦
હવે પીઢે બેસે અંગ સંકોડે યુવતિ જુએ ખાંત્યસું
ધોતી તણાં છેડા સંકોડી વાહલો બેઠા ભલી ભાંતસું ૧૯૧
મૃતિકા લેઈ ચરણ પખાલે પછે તે ચરણ ક્ષાલણ કરે
તેણે સમય ત્યાંહાં ભગવદી ચરણામૃત લેવા કર ઘરે ૧૯૨
તે લઈયને વલી કોઈને આપે ચરણામૃત રસરૂપ છે
તેહને મન આનંદ ઘણો શીષ ચઢાવે અનુપ છે ૧૯૩
ચરણામૃત લેઈ તે હૃદય સ્પર્શે ભગવદી આનંદ મુદા
તે રસ તણો સ્વાદ લહે છે અંતરંગ સુખડા સદા ૧૯૪
વાહાલે બેહુ ચરણાર્વિંદ ક્ષાલ્યા શોભા જોઈ સુખસું કહું
નિરખતા પરમ અવ્યકત લાગે ચરણ રસ જોઈ સુખ લહું ૧૯૫
કોગલા કરે સુખસું જે આછા યુવતિ જન ના મન ભરે
પછે આચમન સદ્ય કરેય છે જાણે સ્વકિયના સરવસ હરે ૧૯૬
મન હરીય ને પછે ફરીય બેઠા કર પુછી મુખવસ્ત્ર કરે રંગે
પશ્ચિમ દીશ તે શ્રીમુખ બિરાજે ભાગ્ય એહોના ફલ્યા સંગે ૧૯૭
ચટાઈ સાજ બિછાવીયો છે ભકત તે સ્નેહ વાત્સલ્ય મુદા
ત્યાંહાં આવી પિયુજી અંગી તે કરશે ચટાઈ સ્વકિયવત છે સદા ૧૯૮
તે પરમ સુખદ સોહામણી કોમલ તણી પરમિત નહિ
વાહાલોજી બેઠા ચોખંડી માંહેથી પધારે અહીં ૧૯૯
પ્રિતમજી ઉઠીને પઉંધારે છે મદભરી ચાલે સોહાવે છે
ભકત બોલે જૈ જૈ કાર આશિષ દે છે વાહાલાજીને મોહાવે છે ૧૦૦
શ્રી ચરણના અંકિત પડે તે ભોમ પર સુંદર સોહે
તે શોભા કેહી પેરે કહીયે છે જોઈ સ્વકિય સુજાતિના મન મોહે ૧૦૧
હસતા તે આવે માહાલતા વાહાલો પધાર્યા ચટાઈ પરે
ભગવદી સહુ આસપાસ સોહે બેઠા તે શ્રી વલ્લભ વરે ૧૦૨
પાછે ભકત સહુ આશિષ દેઈ દંડવત કરીને બેસીયા
સૌભાગીયા સખી વૃંદ ઉભા તેહોને ઉરમાંહાં પેસીયા ૧૦૩
હવે વધામણી હવેલીયે આવી ભકત સહુ કોઈયે સુણ્યું
વાહાલોજી બેઠા ચટાઈ પર તે સાંભળી મન આતુર ઘણું ૧૦૪
કાજ તે સહુ મુકીને અકુલાઈ ચાલે સ્વકિયો ઘણી
આપાપણાં ઘર માંહાથી આવે નાના મોટા મંદિર ભણી ૧૦૫

હીંડે તે અતિ ઉતાવલા રખે જાણે દરશન નવી થાયે
વાહાલાજીનું મુખ નિરખવાને હરખ મન માંહાં નવી માયે ।૧૦૬।
વલતા અતિ ઉનમત માહાલે જોતવત તે દેખીયે
એણી પેરે આવ્યા હરખતા નિરખતા શ્રીમુખે પેખીયે ।૧૦૭।
એમ જુથ જુથ આવી જુએ વાહાલોજી સોહે ચટાઈ પરે
તે શોભા પર બલી હારણે હું જાઉ છું શ્રી વલ્લભ વરે ।૧૦૮।
નિરખીયે રૂપ મોહામણું અંગ મોડીને જુડો છોડે
હસતા તે જાયે કાંઈ ટોક કારણ વાહાલોજી શ્રી અંગ મોડે ।૧૦૯।
એક ચિત્ત લાગી પ્રિય પાગી સાંભલે છે સહુ કોયે
હસતાં તે હાંસી માયે નહિ વાહાલો લોટ પોટ થયા સહુ જોયે ।૧૧૦।
ટોક તણી ગતિ સખી પરમ સુંદર વાહાલાજીનું શ્રી મુખ સોહે
હાંસી મિસે સહુ ભકતના મનડા તે એણી પેરે મોહે ।૧૧૧।
સ્વકિયને એણી પેરે રીઝવે દાન દેઈ સ્વરૂપ ભરે
સુંદર સકોમલ પાતલા પીઠે તે કેશ ફેલાવી ઘરે ।૧૧૨।
સરલા સચિકણ શોભીયે પ્રિય કેશ ચલક મોહામણી
વહાલો અંગુલીદલ માંહાં ભરાવે કેશ તણી ગતિ સોહામણી ।૧૧૩।
પ્રિય સુકવે છે મન ઉછાહે કેશને પોષણ કરે
કરકમલ ત્યાંહાં સોહે ઘણું મોહે કેશ સુખદાયક ભરે ।૧૧૪।
એની શોભા પરમ નવીણ લાગે ચાક્ષચક્ષ ચક્ષસું આનંદ મઈ
રસભકત તે નિરખે છે રંગે કેશ સંગ તદાત્મિક થઈ ।૧૧૫।
ઉજજવલ તે કર સોહામણાં માંહે શ્યામ કેશ શોભા ઘરે
કેશ સુકવે મટકાસું ભારી સામ લટ બહુ મનડા હરે ।૧૧૬।
સામ લટ લટકતી સુંદર ઘણું સખીજન તે જોઈ સહુ મોહે
તે વિરલા કરે વાહાલોજી બેહુ કરે શોભા જોઉ શ્રીકર સોહે ।૧૧૭।
મુદ્રિકા સોહે શ્રીકર માંહાં આછી કેશ સુકવે છે મન મુદા
પાર્વતી પતિ બહુપેરે બોલે વચન મીઠા સુખ સદા ।૧૧૮।
તે સાંભલી મન રંજે નિરોધ દાન એણી પેરે કરે
સ્વકિય સુજાતિના અંગ નિરોધી બેઠા છે વાહાલો સુખ ભરે ।૧૧૯।
તે મદે માતા અંગ રાતા મોહતા વ્રજ નારને
એમ જુથજથ મોહામણાં નિરખે તે સુખ નિધી સારને ।૧૨૦।
ભિક્ષુક આવે માગવા ચટાઈ બેઠા જાણીને
તેહને તે જે લાલચ હતી તેહને આપે છે તે મન આણીને ।૧૨૧।
તે હરખી અતિ આશિષ બોલે વલ્લભજીને સુખ બને
શિષ નમાવીને ચાલીયા તે માહાલીયા આનંદ મને ।૧૨૨।
ત્યાંહાં ગુણીય બેઠા ગાયે છે અતિ તાન માન બંધાનસું
રાગ રંગ સ્વર ફેલી રહયાં પ્રિતમજી સુણે સાવધાનસું ।૧૨૩।
તે ગુણીય મન આનંદ ઘણો વાહાલોજી સુણે મન મોદસું
પ્રિતમજી ચુટકી દે છે ત્યાં સ્વકિય જોયે નિરોધસું ।૧૨૪।

સારંગી શબ્દ સોહામણા વાહાલાજી ને તે પ્રિય ઘણું
તે બજાડે છે આનંદસું સખી મધુર ગાન તે તેહો તણું ।૧૨૫।
તાલીય દે છે ઉલટ ભર્યા સ્વર સાંભલે સુખડા લહું
વાહાલાજી બેઠા સુણેઅ છે તે ગાન સુંદર શું કહું ।૧૨૬।
એક તકિયો ત્યાંહાં આણી ધર્યો બડો તે કફઈ વીલાતી તણો
કોમલ તે શ્યામ સોહામણો તોઈ તે લાલ અતલસે વણ્યો ।૧૨૭।
વાહાલોજીને તે સુખદ બહુ પેરે ફરી ફરી કરસું ઘરે
જોતા તે સખી પ્રિય રંગ રાજે મનડુ તે એની પેરે હરે ।૧૨૮।
પેચ પાંચ દે ભલી ભાંતસું જોતા તે અંગ આરત વધે
તકિયાનું હું ભાગ્ય સરાહું પ્રિતમજી એણી પેરે સધે ।૧૨૯।
ગાઢે તે ભર્યો ભલીભાંતસું એ વાહાલાજીનું મન હરે
તેહ તણી તે સુઘરાઈ જાણી પ્રિતમજી બેહુ કર ઘરે ।૧૩૦।
તે જોઈ અને સખી અંગ લોચે મન માંહાંનું મનમાંહાં લહે
સ્વરૂપ તકિયો સુખદ છે સ્વકિય અનુપમ એમ કહે ।૧૩૧।
શીતકાલે ચટાઈ રાજે તિબારી માંહાં સોહામણી
ત્યાંહાં ધામ આવે સેવા કારણ જોત તેહની મોહામણી ।૧૩૨।
વાહાલોજી બિરાજે છે પશ્ચિમ મુખે સુખ છાજે છે
ત્યાંહાં કેશ સુકવે રંગ ભર્યા કરતલ તે અનુપમ ભ્રાજે છે ।૧૩૩।
શ્રી અંગની શોભા કેમ કહું ઝાંઈ ઝલકતા ઉદ્યોત ભરે
રૂકમણીલાલ રસે ભર્યા ચટાઈ બેઠા મન હરે ।૧૩૪।
વરતા માંહા બેસે ચટાઈ કો સમય પૂર્વ મુખે
ત્યાં હાસ્ય અતિ પ્રગટ બોલે નિઃસંકોચે પ્રિય સુખે ।૧૩૫।
ભગવદી સ્વકિય સમાજ હરખે શું કહું સખી તેહ તણું
એમ તિબારી ગેહેગહી ભરી છે ચટાઈ યે પ્રિયને સુખ ઘણું ।૧૩૬।
સ્વકિય વૃંદ ઉભા હરખસું નિરખે છે રૂકમણીલાલને
ચટાઈ બેઠા દાન દે છે વલ્લભજી વ્રજબાલને ।૧૩૭।
તિબારી રૂપ અનુપ રાજે બેઠા છે પ્રિતમ રંગે
પ્રિય લાવણ્ય કેહી પેરે કહી શકું અનંગ રાજે છે અંગે ।૧૩૮।
તે સ્વકિય સુજાતિ મન લહે અન્ય કો સમજે નહિ
આસપાસ ભકત ભરાઈ બેઠા સોહે છે સુંદર અહીં ।૧૩૯।
શીતકાલે વરતે ચટાઈ બેસે તિબારી માંહાં સુખ ભરે
ચૌમાસે પણ અહીંજ બેસે વલ્લભજી તે મન હરે ।૧૪૦।
ચટાઈ બેઠા શ્રી અંગ નિરખ્યું ફરી ફરી મુખડું જોઉ
શ્રી વિઠ્ઠલજીના લાલના અંગ અંગ પ્રત્યેક મોહુ ।૧૪૧।
એ સ્વરૂપ પરમ સોહામણું મોહામણું મન માંહાં લહું
હવે ઉષ્ણકાલની રીતુ ભલી ચટાઈ સુખડુ તે કહું ।૧૪૨।
સાત માંગલ્ય એ થયા રસ ભર્યા આઠમે તે ઉષ્ણ રીતુ ભલી
આંગણ મધ્યે બેસે ચટાઈ શોભા અનુપમ એ મલી ।૧૪૩।

ઈતિ શ્રી માંગલ્ય સાતમું સંપૂર્ણમ્ હવે માંગલ્ય આઠમું લખીયે છીએ શ્રી શ્રી શ્રી શ્રી શ્રી

માંગલ્ય - ૮

શ્રી શ્રી શ્રી પ્રાણેશજી જીવનજી જય જય જય । એ માંગલ્ય આઠમું લખીએ છે ।
તેહનું અનુકરણ લૌકિક ગીત છે । જે વચને જે એક ડુંગર ઉપર મેહ ઘડુકે ।
તલગઢ આંબા મોરીયા । એ જાતે ગવાશે ।।શ્રી ।।

બેઠક તે છાત સમારી સોહે, ભકત સ્નેહ વાત્સલ્ય ભરે
તે ઉપર તે સમિયાનો બિરાજે પ્રિત જયુત આભા ઘરે ।૧।
ભકતે તે બાંધ્યો આરત ભર તેહની ઝાંઈ ઝલમલતી સોહે
ચટાઈ તે સુખ તે અનુપમ રાજે બેઠા વલ્લભજી મન મોહે ।૨।
ચોહોફેર ભકત ભરાઈ બેઠા શોભા સુખડા અનુપ તે
શ્રી રૂકમણીલાલ ચટાઈ રાજે દક્ષણ મુખ સુખ રૂપ તે ।૩।
સ્વકિય વૃંદ ઉભા તે રાજે નિરખે વિઠ્ઠલકુમારને
રૂપે તે પુરા ગુણે તે શુરા સ્નેહ ભર્યા સુખ સારને ।૪।
એમ જુથ જુથ સોહામણાં નિરખે તે પ્રિયને સુખ ભરે
ઉષ્ણકાલ ઋતુ અતિ સુખ ભરી બેઠા ચટાઈ મન હરે ।૫।
ત્યાં પંખા થાએ અભિનવા સોહામણા સુંદર ઘણું
મોર પંખના તે અનુપમ રાજે શું કહીયે સખી તેહ તણું ।૬।
વલી જલ ગુલાબે ભિજવીને પંખા ભકત વાત્સલ્યે કરે
ચટાઈ બેઠા ચોક માંહાં ચોખંડી પાસે મન હરે ।૭।
શ્રી મુખની શોભા કેમ કહું જે તેજ પુંજ ઝલકી રહે
અંગ અંગ તે પ્રત્યંગ નિરખું રસ તણી ધારા વહે ।૮।
ત્યાં ભકત અતિ વાત્સલ્ય કરે છે કેહવી પેરે જાયે કહયાં
જલ ગુલાબે અત્તરતે સાણી ઉપરેણા માંહાં તે લહયા ।૯।
એમ આપીયો ઉપરેણો તે મુખ વસ્ત્રનો સોહે ઘણું
સ્નેહ પાગ્યો અતિ સકોમલ શુ કહું સખી તેહ તણાં ।૧૦।
એ તે જલ ગુલાબે ભર્યો છે મુખ વસ્ત્ર લેઈ નેત્રે ઘરે
છાતીએ સ્પર્શયો સ્નેહશું ઉપરેણો ભકતના મન હરે ।૧૧।
શીતલ સકોમલ સુખદ છે પ્રિતમજી અંગ સ્પર્શે ઘણું
તે ભકત ઉભા જુએ રંગે શું કહું મુખ વસ્ત્ર તણું ।૧૨।
તેહને જોઈ સ્વકિય એમ સહેરાયે ભાગ્ય એહોનું ફલ્યુ ખરૂં
મુખ વસ્ત્ર છે પ્રિય અંગે સ્પર્શયુ વલ્લભજીનું મન હર્યું ।૧૩।
એ સુખદ પરમ સોહામણું મોહામણું મુખ વસ્ત્ર સદા
રસ જુકત ઉકત અવ્યકત દિસે સ્પર્શે પ્રિયજી તે મનમુદા ।૧૪।
એણી પેરે તે અંગી કર્યું મુખ વસ્ત્ર પરમ રસે ભર્યું
ચુચુતે રસે તે ગુલાબે ભરીયું પ્રિતમે પોતે વર્યું ।૧૫।

એણી પેરે ભકતના કોડ પુર્યા તદાત્મીક થઈ રસ વસે
દાતા ભોકતા તણું મન લહે મુસકની પરમ સુંદર હસે ।૧૬।
એમ ચટાઈ બેઠા પ્રિતમજી તે સુખ આપે સહુને મન મુદા
મિશ્રીનો ટુક આરોગીયા તે જોતા આનંદ હોએ સદા ।૧૭।
એ ચપલતા કોઈએ નદીઠી મીઠી શોભા એ લહી
ચટાઈ બેઠા આરોગીયા મિશ્રી તે અનોપમ એ કહી ।૧૮।
એક ભકત ત્યાં મુઠો કરે છે આનંદ મન માંહાં અતિ ઘણો
માખી નિવારે હરખસું વાત્સલ્ય અનુપમ તેહ તણું ।૧૯।
તેહનો પવન આવે પ્રિય સોહતો વસ્ત્ર કેશ કાંઈ એક ફરહરે
સ્વકિય વૃંદ ઉભા નિરખે છે તેણો તણાં અંગ શીથીલ કરે ।૨૦।
અંગે અંગ તે અનંગ વ્યાપ્યો વચને તે કેમ જાયે કહયો
ધીરા તણું ધીરજ નવી લહે એ રસ તે સ્નેહે જાએ લહયો ।૨૧।
એમ પ્રાણ પ્રિય બેઠા ચટાઈ દક્ષિણ મુખમાં સુખ ઘરે
ભગવદી આવે ઘેરથી નિરખે તે સનમુખ મન હરે ।૨૨।
ઝલકે છે મુખડુ પ્રિય તણું તે શોભા કેમ જાએ કહી
પ્રિતમ સહિત બેઠકે બિરાજે શીતલતા લહી ।૨૩।
છીરકે છે અનુપમ ભાંત એ તે તે વચન કેહી પેરે કહું
બેઠક તે નિરખુ મન માંહાં હરખુ શીતલતા પ્રિય સંગ લહું ।૨૪।
પંખા તણો પવન સોહતો સત્વર ગતી પ્રિયસુ મલે
અંગ અંગને તે સુખદ છે એ પવન શ્રી અંગે મલે ।૨૫।
તેહને જોઈ સ્વકિય એમ ઈચ્છે પવન સુખદ સોહામણો
એણી પેરે પ્રિયને જઈ મલુ અંગ અંગ છે મોહામણાં ।૨૬।
પવનને માહાલે સુખ ભર્યો ઉપરેણો કેશ તે ફર હરે
તે શોભા જોઉ હરખસું સખી અંગ મારૂ થરહરે ।૨૭।
એમ ચટાઈ બેઠા વાહાલોજી રૂકમણીલાલ સોહે સદા
સ્નેહવાન ઉભા સૌભાગીયા તે નિરખે છે સુખ મન મુદા ।૨૮।
ચટાઈ બેઠા ગુણીય આવે અપરમિત કેવી પેરે કહું
ઉષ્ણકાલ ઋતુ સોહામણી પ્રિય બેઠા ચટાઈને સુખ લહું ।૨૯।
ગુણ ગાન તાન બંધાન જોઈ વાહાલોજી રીઝે ઘણું
ચુટકી તે દે આનંદસું કેહી પેરે કહુ સખી તેહ તણું ।૩૦।
ઉદ્યોત જયોત ચમકી રહી શ્રી અંગ મહા રસ ભાંતસું
તે સ્વરૂપ વર્ણન કહું હવે નિરખુ તે અનુપમ ખાંતસુ ।૩૧।
ચટાઈ બેઠા વાહાલોજી શ્રી ચરણ તે સોહે ઘણું
એક ચરણનું તે તલીયુ તે દિસે શું કહુ સખી તેહ તણું ।૩૨।
ત્યાં રેખા છે રસ જુકત સુ અવ્યકત કેમ જાએ કહી
વૈજણી રંગ બિરાજે છે પ્રિય કૃપા બલથી મેં લહી ।૩૩।

તે શુભ્ર સોહતી જયોત મોહતી રેખા ચિત્ર અનુપ છે
તે સ્વરૂપ માંહાં નિરખે છે રેખા પ્રિતમ ને તે સુખ રૂપ છે ૧૩૪૧
એ ભકત કારણ પ્રિય ધરી છે રેખા અનુપમ જુકત છે
ચટાઈ બેઠા ચરણ ચાલે નખમણી અતિ ઉકત છે ૧૩૫૧
ચમકતે પર ઉધ્યોત આછી જયોત નિરમલ નખમણી
તે જોઈ જોઈ અતી હરખીયે જાણે એ વલ્લભવર ધણી ૧૩૬૧
અંગુષ્ટ અંગુલીદલ બિરાજે પરમ ઉકત જુકતે ભર્યા
તેહની જયોતિ જગમગ અતિ ભલી પ્રિતમજી એ પોતે વર્યા ૧૩૭૧
પાટલી ઉતંગ બિરાજે છે ઢલકતી સોહે અનુપ તે
એહની કાંતી અનુપમ કહું ભર્યો ભકત અનુરાગ રૂપ જે ૧૩૮૧
ચરણ પાટલી રસ ધામ છે ભકતનું પુરણ કામ છે
એડી પાની અતી સકોમલ ચરણાર્વિંદ રસનામ છે ૧૩૯૧
ચંપક વરણ સુચાર આછી પાટણી પરમ વિચિત્ર છે
રૂકમણીલાલ રસાલના ચરણાર્વિંદ સુખ મિત્ર છે ૧૪૦૧
પ્રિય જાનુ જયોત સોહામણી મોહામણી ઘુંટણ સદા
ચટાઈ બેઠા નિરખીએ પ્રિય રૂપ મન માંહે મુદા ૧૪૧૧
જંઘા તે પરમ વિચિત્ર છે નિતંબ કટી ધોતી ધરી
કોઈ સમય તે કેસર તણી છીરકી છે અનુપમ મન ભરી ૧૪૨૧
કીનાર તેહની કેસરી મધ્યે સોંઘા છીંટ અનુપ છે
એહવી તે ધોતી પહેરી સોહે કો સમય સુખરૂપ છે ૧૪૩૧
ઉપરેણો એણેજ રંગે ઓઢયો પરમ વિચિત્ર છે
એ રૂપ લઈને હૃદય સાંચુ વલ્લભજી પ્રિય મિત્ર જે ૧૪૪૧
હવે મધ્ય સ્થલ સોહામણું ધોતી સ્વેત પહેરે સદા
તે પરમ સકોમલ મીહી ઘણું નિરખીયે તે સખી મન મુદા ૧૪૫૧
પ્રિતમજી બેઠા ચટાઈ સોહે દક્ષણ મુખ સુખ અભિનવા
ઉષ્ણ રીતુ તે અનુપમ રાજે એહવા સુખ કહી નવ હવા ૧૪૬૧
હવે ઉદર થોંદ સોહામણી ટુંડી તે અનુપમ ઉકત છે
તેજ પુંજ અતી ઝલકી રહયું પસવાડામાં રસુ જુકત છે ૧૪૭૧
એમ ઉદરની શોભા સખી કેહી પેરે તે જાએ કહી
હવે હૃદય પર જે બાલ રાજે સુક્ષ્મ જયોત ભલી મેં લહી ૧૪૮૧
પંખા તણો જે વયાર આવે તેણે તે એહોને ઘણું
ફરહરે છે હૃદય બાલ સુંદર સકોમલ શું કહું તેહ તણું ૧૪૯૧
એ હૃદય પર વિચિત્ર સોહે મિત્રનું કહવી પેરે કહું
રમણીક ઠોર સોહામણો મોહામણો તે મન લહું ૧૫૦૧
એમ હૃદય પર ચિત્ત લાગીયા પાગીયા મન આનંદ ભરે
કહુ ફરીય નિરખે અતીસે હરખે હૃદય તે સુખડા ધરે ૧૫૧૧

વિશાલ ઠોર રસાલ રાજે સ્વકિયનું ભુષણ સદા
પ્રિય હૃદય પર હું જાઉં વારી નિરખતા તે મન મુદા ।૫૨।
ઉન્મત ઉરોજ બિરાજે છે પ્રિતમ તણાં તે મન લહું
ચટાઈ બેઠા છાજે છે સખી રસ તે અનુપમ એ કહું ।૫૩।
ઉરોજ ચમકે કાંત દમકે નિરખતા સ્વકિય વૃંદ તે
ચંપક વરણ કઠોર જોઈ સ્વકિય હંસે મુખ મંદ તે ।૫૪।
અભિલાખ બહુ આરત ઘરે ઉરોજ સ્પર્શ કેહી પેરે કરૂ
ઉરોજ મૃદુલ સોહામણાં કર મધ્યે સ્પર્શી મન ભરૂ ।૫૫।
બિટડી પરમ સોહામણી મોહામણી ઉરોજે ઘરી
ત્યાં બાલ ફરહરતા તે સોહે સ્વકિય જોએ સુખ મન ભરી ।૫૬।
ચટાઈ બેઠા હૃદય ચમકે દમકતાં ઉરોજ તે
સ્વકિય વૃંદ તે એ રસે પાગ્યાં નયન ભરીયા સરોજ જે ।૫૭।
હૃદય પર માલા સોહે સોહામણી ઉધ્યોત ગતિ વિલસે ઘણુ
તે ચમકતા શોભા ઘરે માલા તે જુથ સ્વકિયો તણું ।૫૮।
તેને તે જોઈ મન એમ ઈચ્છે માલા મીસ પ્રિય હૃદય ઘર્યા
તેહો તણું તે ભાગ્ય સરાહી એણે ઠોર પ્રિતમજી વર્યા ।૫૯।
વલ્લભજી બેઠા ચટાઈ રાજે હૃદય શોભા કેમ કહું
જનોઈ ઉર ઝલકી રહી જો ઉત્તર દીશ સનમુખ લહું ।૬૦।
પ્રિતમ તણુ મુખડુ તે રાજે દક્ષણ મુખ મહા સુખ ભર્યું
હવે તે ખંભે ઉપરેણો તે રાજે કોત સુંદર પ્રિય વર્યું ।૬૧।
એ ખંભાની ચાપલ્યતા ઉન્મત જોઈ મનડુ ઠરે
ચંચલતા પરમ સુચાર એ જે ખંભા તે અનંગ ઘરે ।૬૨।
એ રસે ભર્યા રસાલ સોહે ચોરસ ચપલ જોઈ લોભીયે
સ્વકિય વૃંદ ખંભે અટકી રહયા ચટાઈ બેઠા શોભીયે ।૬૩।
એ બાંહે મધ્ય સોહામણો તકિયો તે ઠાડો પ્રિય ઘર્યો
એહના પેચ પરમ ઉધ્યોત રાજે મહા રસે પ્રિતમ વર્યો ।૬૪।
પ્રિય બાંહે સુખ રસ ઘારતો સ્વકિયનું સર્વસ્વ સાર છે
એ બાંહે મહા રસ સુર છે એહના પુર અપરંપાર છે ।૬૫।
એ લહે છે જે સ્વકિય સુજાતિ અંતરંગ અનુભવી ઘણું
કોહોણીને કાંડા પહોંચલા ચમકે તે શું કહું તેહ તણું ।૬૬।
અંગુલી તે દલ ઉધ્યોત સોહે જયોત મુદ્રિકા અતી ભલી
તેહના નંગ ચમકે કાંત દમકે મુદ્રિકા અંગુલીએ મલી ।૬૭।
નખચંદ્ર જોઈ મન લોભીયે શોભીએ પરમ અનુપ તે
ચટાઈ બેઠા રાજે છે ચમકતા રસ સુખ રૂપ જે ।૬૮।
કરતલ કમલ સોહામણાં જોઈ ભ્રંમર ગુંજરવ કરે
મરકંદ તેહનો ફેલીયો નિરખતા તે મનડુ હરે ।૬૯।

કરતલ કમલ ઉધ્યોત ચમકે દમકતા સુંદર ઘણું
એ સ્વેત નિરમલ જયોત રાજે શું કહું એ કાંત તણું ૧૭૦૧
શ્રી વલ્લભજીના કરતલ સમાન તે બીજુ કાંઈ નવી લહુ
કરતલ ઉદારતા રસભરી તે સ્વકિય લહે સુખ હવે કહું ૧૭૧૧
એહનો સ્પર્શ પરમ સોહામણો મોહામણો સુખ ભર્યો સદા
એ સ્વકિય સમાજને રીઝવે કરતલ સુરત તે કરે મુદા ૧૭૨૧
કરતલ તે મહા ઉન્મત દેખી નિરખતાં મનડું ઠરે
એ રસ તણો સાગર સદા તરંગ કરતલ સુખ ભરે ૧૭૩૧
ચટાઈ બેઠા કર મધ્યે રેખા તે રાજે ચમકતી
એક એકથી તે પરમ સુંદર રેખા અનુપમ દમકતી ૧૭૪૧
એ કરતલના લાવણ્ય કેહી પેરે તે સખી જાએ કહયાં
રસ ઉકત વિવિધી પ્રકાર રાજે તે સુરત સમે જાએ લહયા ૧૭૫૧
એ કર કમલ તે અનુપ સોહે મોહે યુવતિ જન સદા
કર નિરખી અતી આનંદસુ હું જાઉ વારી મન મુદા ૧૭૬૧
હવે ગ્રીવા ગોલ સુઠાણ રાજે મધુર સ્વર તે વચન કહે
તે સાંભલી આતુર ઘણું ભકત મોદ મન માહે લહે ૧૭૭૧
ઠોડી કલશ અતી સરસ રાજે કાજે સ્વકિયને એ ભર્યો
ઠોડીયે કર ધરીયને કહે સ્વકિયસું એ રસ ધર્યો ૧૭૮૧
તમ કારણ એ ન્યારો તે રાખ્યો સ્પર્શી આવી મન મુદા
એણી પેરે સ્વકિયને સુચવે એ રસ તમારો સદા ૧૭૯૧
ચટાઈ બેઠા નિરખીયે ઠોડી તે રસ મોહામણો
ઠોડી તે અતિ ઉદ્યોત કહીયે લહીયે રસ સોહામણો ૧૮૦૧
એ નિરખતા શોભે ઘણું ચમકતી જયોત અતી અભિનવી
ઠોડી તે રસમાં પુર રાજે શુર એવી કહી નવી હવી ૧૮૧૧
એ તેજનો ભંડાર ચમકે દમકે અતિ શોભા ઘરે
ઠોડી સ્વરૂપ અનુપ રાજે ચટાઈ બેઠા મન હરે ૧૮૨૧
પ્રિય અધર નિરખું મન હરખું ચમક જોઈ લોભીયે
ઉન્મત રાજે ભર્યો ગાજે રસ તે અનુપ શોભીએ ૧૮૩૧
એની લીલા માહા તે અનુપ રાજે અધર જોઈ મનડું ઠરે
ચમકતો રસ અતી ઉકત સોહે જુકત બહુ પેરે સુખ ભરે ૧૮૪૧
એ અધર કહીયે સુખ તે લહીએ રસ તે અનુપ છે સદા
ચટાઈ બેઠા પાન કરે સખી અભિનવા તે મન મુદા ૧૮૫૧
પ્રિય હાસ્ય રસ કાંઈ બોલે છે ચમકતી જીભ્યા અનુપતે
એહની ચાતુરી મહા ઉગ્ર રાજે જીભ્યા રસ સુખરૂપ તે ૧૮૬૧
સહુકો તે નિરખે મન હરખે જીભ્યા મહા સુખ સાર છે
એ સુખ તણાં સાગર સદા જીભ્યાનો રસતે અપાર છે ૧૮૭૧

ત્યાં દંત ચમકે મુખડું દમકે શોભા કેમ જાયે કહી
ચાક ચક્ષ પરમ અનુપ રાજે જીભ્યા મુખમાં સુખ લહી ૧૮૮૧
મોહોસર તણાં સુખસું કહું દેખતા મનમથ લાજે છે
શોભા તણી પરમિત નહિ મોહોસર તે એણી પેરે ગાજે છે ૧૮૯૧
હવે ગલસ્થલ શોભા કહું ચટાઈ બેઠા મન હરે
ઉષ્ણકાલ ઋતુ સોહે ઘણું ગલસ્થલ અનુપમ સુખ ધરે ૧૯૦૧
એ શુભ્ર સચિકણ બિરાજે કોમલતા કેહી પેરે કહું
એ ગલ સ્થલ સાગર સદા રસ આગર તે તરંગ લહું ૧૯૧૧
એ રસ માંહાં મગ્ન અનુપમ ઝીલે સ્વકિય સદા સુખ બાલતે
એ ઝલકતો ગલસ્થલ કહીયે લહીયે છે રસ બાલતે ૧૯૨૧
સ્વકિય જુએ મન ખ્યાંતસું ગલસ્થલ શોભા અભિનવી
એહની જોત અતી ઉદ્યોત રાજે એહવી કહી તે નવી હવી ૧૯૩૧
એહની ક્રાંત નિરખું મન માંહાં હરખું ગલસ્થલ ગહેરો જોઈ
અહીં ચુંબન ચારૂ સોહે સદા કરે તે સ્વકિય મન મુદા મોહી ૧૯૪૧
એ રસ કેહી પેરે કહું અવ્યકત કેમ જાયે કહયો
એ રસિક જન જે સ્વકિય રાતા માતા તેહોને સુરતે લહયો ૧૯૫૧
ગલ સ્થલ એ રસ રાજતો ગાજતો સ્વકિય સુભટે વર્યો
તરંગ વિવિધી પ્રકારના સુખ સાગર એ ગલ સ્થલ ભર્યો ૧૯૬૧
ચટાઈ બેઠા પુર રસ માંહાં સુર ગલસ્થલ સદા
હવે નાસીકા તે સુભગ કહીયે રાજતી સોહે છે મન મુદા ૧૯૭૧
મકરંદ વિવિધી પ્રકારના તે ભુકતવા નાસા સોહે
એ તેજનો ભંડાર રાજે રસ સમે તે મન મોહે ૧૯૮૧
નાસા તે નીરવીધી અનુપ શ્રી વિઠલજીના કુંવરની
તેજ પુંજ માહા ઝલકી રહી ચટાઈ બેઠા અતી બની ૧૯૯૧
નાસા તે સુભગ સોહામણી મોહામણી રસરૂપ છે
સ્વકિય વૃંદ ઉભા નિરખે છે નાસાનું રૂપ અનુપ છે ૧૧૦૦૧
હવે નેત્ર ગતિ ગંભીર કહીયે ધીર વલ્લભજી સદા
ચિતવે છે અનુપમ દ્રષ્ટિ સું પ્રિતમજી સોહે છે મનમુદા ૧૧૦૧૧
એ નેત્ર પરમ વિશાલ રાજે ભર્યો રસ અતિ ચમકતો
યુવતિને જુએ બહું ખાંતસું એ રસ તે અનુપમ દમકતો ૧૧૦૨૧
એ નેત્ર રસ માંહાં મત્ત સોહે મોહે છે વ્રજ બાલતે
નિરખે છે સ્વકિય સમાજ ઉભા બેઠા શ્રી ગોકુલપાલ જે ૧૧૦૩૧
પ્રિય નેત્ર પરમ ઉદાર રાજે સ્વકિય તણું સરવસ હરે
સુર ધીર પરમ ચપલતા સાથે નેત્ર રસ અનુભવી ઘરે ૧૧૦૪૧
સ્વેત શ્યામ સચિકણ સોહે આરકત રેખા કહી કહી લહી
પ્રિય નેત્ર પરમ હસીલા રાજે એ વસીલા છે રસ કહી ૧૧૦૫૧

વરૂણી તે મંજુલ અતિ સોહતી મોહતી નાસા નેત્ર ઘરી
તેજ તિક્ષણ પરમ સુંદર વરૂણીતે શોભાએ ભરી ૧૧૦૬૧
પ્રિય કર્ણ કોમલ નિરખતાં ચટાઈ બેઠા સુખ સદા
એ સચિકણ અતિ પાતલા છે કર્ણ પ્રિય સુંદર મુદા ૧૧૦૭૧
આરકતતા સંજુકત રાજે કર્ણ ઉકત સોહે ઘણું
પ્રિય કર્ણ પર હું જાઉં વારી નિરખસું કહું તહ તણું ૧૧૦૮૧
એ ભ્રોં ઉભય અનુપ રાજે સ્વરૂપ એહનું કેમ કહું
નિરખત ગતિ મન પંગ થાએ ભ્રોંહે તે રસ મન લહું ૧૧૦૯૧
એ શુભ્ર સોહતી સામ અંગે મંગે તેજ અનુપ છે
પાતલી પરમ રસાલી મોહે તે સુખ રૂપ છે ૧૧૧૦૧
પ્રિય તિલક ભાલ જગમગે અનુરાગ સોહતો સાર છે
તેહની કોર ચલકે મનડા ઢલકે સ્વકિય મોહે તે અપાર છે ૧૧૧૧૧
પ્રિય ભાલ વિશાલ અનુપ લહીયે નિરખતા મનડું ઢરે
તેજ પુંજે અતિ ઝલકી રહયું તિલક અનુપમ મન હરે ૧૧૧૨૧
ચટાઈ બેઠા ભાલ સુંદર તિલક તે સોહે સદા
ઉષ્ણરીતુ મોહામણી વલ્લભજી દિસે મન મુદા ૧૧૧૩૧
એ તિલક પર હું જાઉ વારી ફરી ફરી મુખડું જોઉ
મધ્યે શ્યામ રેખા ઝલકતી અનુપ જોઈ અને તે મોહું ૧૧૧૪૧
કુંતલ સકોમલ રાજતા પ્રિય ભાલ પર શોભા ઘરે
હવે શિષના તે કેશ કહું ચમકતા સુંદર મન હરે ૧૧૧૫૧
તે નિરખતા સંઘાણ ભુલે દેહનું સખી મન મુદા
વલ્લભજીનો અંબોડલો ઝલકતો અનુપમ છે સદા ૧૧૧૬૧
એ કેશ રસ તે કેમ કહું નિરખતા પરમ અનુપ છે
એહની જોત તે ફલી રહી ઉદ્યોત ગોકુલભુપ છે ૧૧૧૭૧
એ કેશ અંબોડો સુભગ રાજે છાજતો પીઠે સોહે
શ્રી મુખકમલ મકરંદ લેવા ભકત સહુ બેઠા મોહે ૧૧૧૮૧
એમ ઉષ્ણ ઋતુ બેઠા ચટાઈ તેહ સુખડા છે સદા
એણે સમય તે કોઈ એકને આપે નિવેદન આનંદ મુદા ૧૧૧૯૧
જેકો આવ્યા આસ્ય નિવેદન કરેવા આનંદ ભરે
ટેરા તે ચોહો દીશ કરાવી વાહાલો તેહો તણા ચિત વિત હરે ૧૧૨૦૧
બેસાડી સનમુખ ઓચરે વચન તે રસ સું પાગ્યા બહું
તુલસી મીસે તેહને સરવસ આપી તેહો તણી તે લે સહું ૧૧૨૧૧
એમ કરાવી નિવેદન રંગે તદાત્મીક રસ વસ ઘણું
દાન આપીયા તે બહુઅ પ્રકારે રસ સંયુકત શું કહું તેહ તણું ૧૧૨૨૧
વહાલાજી ને ઉલટ ઘણો રસ ભુકતવો એ દ્વારા રંગે
વિવિધી પ્રકારે વિલસવો છે આપી નિવેદન તેહો સંગે ૧૧૨૩૧

તેને સ્વકિયને શ્રી અંગ માંહાં અનંગ રસ ઉદ્બોધ થયો
તે ભકત જે બેઠા છે કરવા એ નિવેદન તેહોને લહયો ।૧૨૪।
એમ રસ તણા કાજ સિધ્ધ થયા આપતા નિવેદન રંગ ભરે
તેહનો સ્થાપિત કીધો ભાવ રૂદે એ રસ તણો તે રસિક વરે ।૧૨૫।
ને વર્ણ કીધું રસ ભર્યું સંબંધ જુત આનંદ મને
ને નિવેદન પ્રિતમ પ્રસરીયો છે તેહો તને ।૧૨૬।
તે વચને નવી જાયે કહયું અનુભવે એ રસ તે લહે
જે બેઠા છે નિવેદન કરવા તે રસ ભર્યુ શ્રી મુખ ચહે ।૧૨૭।
ત્યાંહાં અવર કોઈ ઝાંકી ન શકે તો કેહી પેરે એ રસ લખે
શ્રી વલ્લભજી નિવેદન આપે તે રસ કોણ કહી શકે ।૧૨૮।
જેહવું તે પ્રાગટય પ્રબલ છે તેહવું નિવેદન સ્થાપિત કરે
આનંદ અંત નો નિર્વાહ કરીને સકલ રસ તેહોને ભરે ।૧૨૯।
એમ કરી તેહને આપીયું નિવેદન એ ફલ સ્વરૂપ સંગે
તેને કરીયને કાજ સિધ્ધ થયા તેહો તણાં તે આનંદ રંગે ।૧૩૦।
પછે વિનયસું દંડવત કરી ભકત ઉઠયા તે પ્રમોદસું
દાન દિધુ છે વાહાલાજીએ અનિર્વચનીય શ્રી અંગ સંગ નિરોધસું ।૧૩૧।
તેને કરીયને આનંદ પામે તે ભગવદી મન માંહાં ઘણું
તે વચન કેમ જાયે કહયું ભાગ્ય છે અનુપમ તેહ તણુ ।૧૩૨।
વાહાલો બેઠા છે ચટાઈ એણી પેરે ભકતને ઉલટ સદા
નિજ સેવક આવે પરદેશથી એણે સમય તે આનંદ મુદા ।૧૩૩।
તે શ્રીમુખ જોઈ હરખીયાં પ્રિય સ્નેહસું સનમાન કરે
કહો કબકે નિકસે હુતે તુમ એહવા વચન કહી વાહાલો મન હરે ।૧૩૪।
કોન મીસ કરીકે આવનો ભયો ઉન આજ્ઞા કેસે કર દેઈ
ત્યારે ભકત શીરોમણી બોલીયા એજ કૃપાબલ તેહને કહું જઈ ।૧૩૫।
તેણે કહયું ભલો તમો જઈ આવો તે સાંભળી પ્રસન્ન પ્રિય થયા ઘણું
એ પરસ્પરે વચન વિલાસ કરી હરખેસું કહું તે તણું ।૧૩૬।
હવે ભોજન ને પધારશે પ્રિતમજી સોહે મન મુદા
એહવા સુખડા ચટાઈ બેઠા આપે શ્રી વલ્લભજી સદા ।૧૩૭।
ચાર માંગલ્ય પ્રાતઃકાલ તણાં કહયા તે અતી રસ ભર્યા
બીજીવાર નાહવા પઉંધારીયા તે બે માંગલ્ય કરી રસે વર્યા ।૧૩૮।
બેઠા ચટાઈના થયા અનુપમ પહેલા આઠ માંગલ્ય એ કહયાં દંડવત
કરી લેઉ વારણાં પ્રિતમજીના સુખ એ લહયાં ।૧૩૯।

એ માંગલ્ય આઠ સંપૂર્ણ
હવે માંગલ્ય નવમું લખીયે છે.

માંગલ્ય - ૯

શ્રી શ્રી શ્રી ગોકુલેશો જય જયતિ ॥
હવે માંગલ્ય નવમું લખીએ છે ॥ તેનું અનુકરણ લૌકિક ગીત છે ॥
તે વચન જે કમણ સેજાડય કયોને કમણ ॥ સેષાડયો કમણસે ઘોઈ ઘોઈ ઓરયો ॥
એ અનુકરણે ગવાશે ॥ પ્રથમ માંગલ્ય ભોજનનું ॥

હવે તે ભોજન તણો સમે સુખ કહીય
લહીયે તે મનને આનંદ ઘણો
એ સમયની આરત સખી મુજને
તુજને કહું ઉછાહ પ્રિય તણો ।૧।
દંડવત કરૂં હું પ્રિતમજીને એમ
જેમ રીઝે વહાલો મન
તે બલે સખી કારજ સાધુ
લાધુ પ્રિતમ ફલ તેને ।૨।
એ ફલ સખી મુજને દાતા
ગ્યાતા વલ્લભવર સાર
પ્રિય તણો આધાર છે મુજને
તુજને કહીયે તે ઉચાર ।૩।
એહ વીના બીજું હું નવી જાણું
આણું મન રૂકમણી લાલ
એહને સુખે મન અતી સુખ લહીયા
કહીય ભોજન તે રસાલ ।૪।
ભિતર બહુ બેટી પહોચ્યા જયારે
ત્યારે બોલાવા તે આવે
તે સુણી મન પ્રગટયો આરામ
ધામ ભોજન સ્થલ ભાવે ।૫।
રાયજી આવી વહાલાજીને કહયું
લહયું તે તીલંગી ભાષએ કરી
તે વચન સ્વકિય સહુકોને વહાલું
મહાલુ મન એ શોભા ચિત્ત ધરી ।૬।
એહ સમય સખી મેં ભલો દીઠો
મીઠો ભોજન ને પધારે
તે સુખ સુભગાએ કહયા નવ જાએ
થાએ ગતિ પંગ અંગ વારે ।૭।
વહાલોજી અંબોડલો વાલી
ક્ષાલી કર કમલ રસાલ
તે પુછી ઉપરેણો ભલી રીતે
પ્રિતે જુએ વ્રજબાલ ।૮।
હવે તે ઉઠયા વહાલોજી ભોજન કાજ
સાજ સ્નેહ તણો અંગે
ભકત સમાજ ઉઠયો સહું સંગે
રંગે આનંદ રસ સંગે ।૯।
સ્વકિય તણું સર્વસ્વ ધન વહાલો
નિહાલો ભકત સમુદાઈ
તેહ સમય સહુ જૈ જૈ કાર બોલે
બોલે આશિષ મન ભાઈ ।૧૦।
દુઃખડા લેઈ સહુ દંડવત કરતા
ભરતા શ્રી અંગે રસ એમ
આશિષ દે મન ભાવતે રૂપે
સ્વકિય સમંધ જેહનો જેમ ।૧૧।
તે સમય સખી સુખનું શું કહીયે
લહીયે આગમન રસ રીત
સ્નેહ સંયુકત ગલી દિસે
હીસે મન અનુપમ પ્રિત ।૧૨।
વહાલાજી એ એક ચરિત્ર ત્યાંહાં કીધું
દિધું નેત્ર રસ દાન
નેત્ર માંહાં ઉદ્યોત રસ તણી દિસે
મીઠો અવ્યકત રસમાન ।૧૩।
તેણે કરી મન આનંદ વાધ્યો
સાધ્યો તે રસનો પ્રસંગ
સમય તે સુચન કર્યો જાણીને એમ
નેમ મધ્યાન સંગ અંગ ।૧૪।
વહાલોજી ઉભા ચટાયે રાજે
કાજ ભોજન ને પધારે
ભકત સમાજ શ્રી અંગ પર લગ્ન
મગ્ન થઈ તન મન વારે ।૧૫।

તે સમય સખી નખ શિખ નિરખ્યું હરખ્યું મનડું રસરૂપ
પરમ સુંદર નખમણી જયોત રાજે ભ્રાજે અંગુલી તે અનુપ ।૧૬।
શ્રી ચરણાર્વિંદ સુખમાતા રાતા જુએ વ્રજબાલ
પાટલી પરમ સુઢાલ સોહતી મોહતી એડી છે રસાલ ।૧૭।
પાહનીનો રંગ અનુપમ ચમકે દમકે તે અભિનવ ઉકત
તે તણી શોભા કેમ કહીયે લહીયે એ રસ તણી જુકત ।૧૮।
ઢાંકણ જાનું ઘુંટણને જંઘા રસ વસ થયા સુભગા મધ્ય સ્થલે
તે પ્રકાર વચને નવી કહીયે લહીયે જે રસ ભકત અહી ભલે ।૧૯।
ઘોતી પહેરે છે કોમલ રસ રૂપ અનુપ કહી કેમ જાએ
સ્વેત સકોમલ અભિનવી જયોત ઉદ્યોત અનુપમ ભાએ ।૨૦।
તેની શોભા અપરમીત..... .....રીતે સહુને સોહાતી
ઘોતી નાયકા અહી અનુસરે પ્રિતે રસ રીતે સુભગા મોહાતી ।૨૧।
ઘોતીની પાટલી અદ્‌ભુત રાજે ભ્રાજે છે કાજ સુચાર
તેની શોભા તે પરમ નવિણ પ્રવિણ કૌટિક મોહે માર ।૨૨।
પેચ પાંચ સખી ઘોતીના જે તેહ સ્વકિય સુખદાઈ
કટી તણો લંક કેહી પેરે કહીયે લહીયે અનુપમ મન ભાઈ ।૨૩।
ટુંડી જોઉ તો રમણ સ્થલ આસે પાસે છે રસના તરંગ
પરમ સકોમલ અતિય રસાલી માલી સ્વકિય રસ સંગ ।૨૪।
તેણે કરી મન ટુંડીએ લાગ્યું પાગ્યું સુભગ અંગ સાર
ત્યાં સોહે છે જનોઈ રસાલ વ્રજબાલ જુએ છે અપાર ।૨૫।
હવે ઉર તણી શોભા જે લહીયે કહીયે તે અભિનવું રૂપ
જગમગ જયોતિ ઝલહલતી બિરાજે કાજે સ્વકિયને અનુપ ।૨૬।
પરમ વિશાલ રસાલ છે આછું સાચુ ઉદર રસ રમ્ય
વિલસતા ત્યાં ઉદ્‌બોધ અવ્યકત રસ ભકતોનો ત્યાં ગમ્ય ।૨૭।
બીજુ કોઈ એ વાત ની જાણે વખાણે સ્વકિય રસ સાર
રૂદૈય કમલ અતિ સુખદાતા છે જ્ઞાતા વલ્લભજી ઉદાર ।૨૮।
મૂદુલ મનોરથ રસ તણી આસ રમ રૂદેય પાસ
તેહ પ્રકાર રસે રસપુર સુરા લહે રસ રાસ ।૨૯।
રૂદેય તણા સખી દાન શું કહીયે લહીયે પ્રિતમજી જયારે સ્પર્શે
તે જોઈ મનડું એમ ઈચ્છે પ્રિછે રમણ રસ પરસે ।૩૦।
એહ રસે ભરયું મનડું તે માતુ રાતુ ૧દૈય પ્રિયે રંગે
ઉદર તણો અતિ સ્વાદ છે મીઠો દીઠો રૂકમણી સુત સંગે ।૩૧।
સ્પર્શતા સુખ અતી બહુ પેરે થયો આજે મન રૂદેય માંહાં સમાશે
એહ પ્રકારે વચને કેમ કહીય લહીયે મનમાંહાં અતી માંહે ।૩૨।
તે જોઉ સખી અભિનવી રંગે સંગે સુરત્યે રસપાન
બહુ બહુ ભાંત્ય ઉર સ્થલ ચમકે દમકે સ્વકિય ક્ષત દાન ।૩૩।

ઉર ઉચા અતી ગોલ સુંઠાણ ઉમાંણાં માનીની કરચુર
તેહ ભરયા કર કુચ રસ સોહે મોહે રસિક રસ સુર ।૩૪।
એ સ્થલ પરમ સૌભાગ્ય છે માહરૂં તાહરૂં પ્રિતમ રૂદૈય સારૂં
નિરખી નિરખી મન આનંદ પામું નામુ શીષ કર વારૂં ।૩૫।
ઉર ઉપર બેહુ માલા તે વિલશે હુલસે સ્વકિય સુખદાઈ
રૂદેય તણી પ્રોઢાઈ છે સારી વારી સુભગ મન માઈ ।૩૬।
રૂદેય તણી ગંભીરતા દિસે હીસે સ્વકિય તણાં મન
આરત અભિલાખા જયુત એમ નેમસું સર્વસ આપે તન ।૩૭।
પરમ પ્રસન્ન મનોહર આછુ સાચું રમણ રૂદયે રમ્ય
તે તણો રસ સુભગા તે લહે છે કહે છે ત્યાંહાં નહિ કોહોનો ગમ્ય ।૩૮।
ખંભા બેઉ બલવાન તે સ્વારી સારી તે બોહે રસાલી
તેહ જોઈ અને આનંદ પામ્યું વામ્યું દુઃખ બોહે સુખ ભાલી ।૩૯।
કોહણી તણું તે વલણ અતી આછુ પાછુ તે મન અકલાતું
તેહ સુરતી સંગ ચિત્ત અતી લાગ્યું પાગ્યું મનડું રસે રાતુ ।૪૦।
પોહચલા પરમ સુઢાલ છે સોહતા મોહતા કર કમલ રસાલ
તેહ શોભા શુભ્ર અભિનવી લાગે પાગે મન જુએ વ્રજબાલ ।૪૧।
અંગુલીદલ માંહે મુદ્રિકા ચમકે દમકે છે નખમણી સાર
કરની લાવણા સખી કેહી પેરે કહીયે લહીયે સુખ સુરતે અપાર ।૪૨।
કોમલ કરતે પ્રિતમજીના સોહે મોહતે સ્વકિય અભિલાખી
તે રસ સુખ સુભગા મન જાણે વખાણે કેહી પેરે ભાખી ।૪૩।
હવે ગ્રીવા ગંભીર સુખ રાજે કાજે સ્વકિય તણે એહ
વિચિત્ર પ્રકારે ગ્રીવા રસ સોહે મોહે સુભગા કર જેહ ।૪૪।
ઠોડી તણું તે પરમ ધન ધાન્ય જ્ઞાન વલ્લભ સુખદાન
તેહ સમજી સુભગા મુસકાએ ભાએ ઠોડી સમાન ।૪૫।
અધર તણો અભિલાખ છે આછો સાચો પ્રિતમ રસે માતો
મૃદુલ મનોહર અધર અનુપ ભુપ વલ્લભ રસ રાતો ।૪૬।
લાલ અધરની ઉદ્યોત છે ભારી વારી નિરખે સુખકારી
વચન મધુરા બોલે પ્રિય રંગે સંગે કહે રસ તે ઓચારી ।૪૭।
ચમકે છે દંત પંગત રસ રાસ પાસ જીભ્યા છે અનુપ
તેહની માધુર્યતા અતી મીઠી દિઠી જીભ્યા સ્વરૂપ ।૪૮।
મોહોસર પરમ ઉદ્યોત સુખકારી ભારી રૂપ રસાલી અવ્યકત
તેહનો રસ તે સુરતી સમે જાણે વખાણે રસિક રસ ભકત ।૪૯।
નાસા મનોહર ઝલકે ઉદ્યોત જોત રસિલી અપાર
તેહ પ્રમોદસું ફેલી છે જયારે ત્યારે મોહે કોટિક માર ।૫૦।
ગલસ્થલ અતી બહુ રંગ ભ્રાજે રાજે મૃદુલ સુખદાઈ
નિરખતા રસ તણો ઉદ્બોધ અંગે રંગે પ્રગટ મન ભાઈ ।૫૧।

તેહ તણાં સખી સુખડા જે લહીયે કહીયે તે પાર ન આવે
જે જે સુરતે અહી કહયા પ્રિયમાન દાન રસિક રસ ભાવે ૧૫૨૧
રંગ ભોમ્યાએ અપરમિત ભારી ઓચારી ચુંબન કરી અહીય
તેહ લહે સુભગા જે સુજાતિ માતિ છે ગલસ્થલ જહીય ૧૫૩૧
કર્ણ સુનત તે શીરોમણી વાતલ દાતા સુને વાત માતા
સ્વકિય તણો જસ રસ તણો જેહ તેહ સુણી હોય સાંતા ૧૫૪૧
નયણા કહીયે હવે પરમ ગંભીર ધીર ચંચલ સાથે નાથ
નેત્ર તણી આછી છે અલોલ કલોલ કરે સ્વકિય સાથ ૧૫૫૧
ભ્રકુટી તે પરમ ચતુર છે સોહતી મોહતી તે નાર રસાલ
સુભગા પ્રવિણ નવિન રસ દાતા જ્ઞાતા ભ્રકુટી રસ બાલ ૧૫૬૧
ભાલ ઉતંગ પર તિલક બિરાજે સાજે મોહવા સ્વકિય કાજે
સેરો તિલક તણી સોહે અનુપ સુખરૂપ શ્રૃંગાર ભ્રાજે ૧૫૭૧
કુંતલ કેશ અલોલ અણીયાલા વાલા થરકે તે રસાલ
તેહને જોઈ સુભગા સહુ મોહે સોહે છે કેશ તણા બાલ ૧૫૮૧
જગમગે જોત તે કેશની ભારી સુખકારી અંબોડો અવ્યકત
પીઠ પ્રતાલ જોઈ મન હરખે નિરખે રસિલી રસ ભકત ૧૫૯૧
શ્રી મુખ શોભા તે કેહી પેરે કહીયે લહીયે તે સુખદ બિરાજે
તેહ જોઈ મનને અતી મોદ પ્રમોદ પ્રગટે રસ કાજ ૧૬૦૧
હવે તે ભોજનને પધારે વાહાલો નિહાલો શ્રી અંગ રસ રૂપ
ભકતને મન અતી આનંદ વાધ્યો સાધ્યો પેડોતે અનુપ ૧૬૧૧
બેહુ પાસે ભકતની હાર તે સોહે મોહે સુભગા પેંડો નિરખી
થરે થરે ઉભા છે ભગવદી જેહ તેહ બોલે જૈ જૈ કાર હરખી ૧૬૨૧
એમ વહાલોજી પધારે છે રંગે સંગે છે ભકત સમાજ
ભોજનને પઉંધારે એ મીઠો દિસે શ્રી અંગ રસ સાજ ૧૬૩૧
જેહની આગલ થઈ અને પધારે વારે કર શીષે તે ચટકે
તેહ શોભા અતી અદ્‌ભુત લાગે પાગે મન પ્રિયજીને લટકે ૧૬૪૧
આશિષ દે બહુ ભાવ સુખલે દુરવા છે નેત્ર અપાર
વિપ્રયોગ તણો સમે મન માંહાં વિચારી ભારી તરંગ દુઃખ સાર ૧૬૫૧
તેહ લહે છે પ્રિતમજી સુજ્ઞાતા દાતા શ્રી રૂકમણીલાલ
અન્ય ઉપદેશે વચન કહે એમ નેમસું કરે પ્રતિપાલ ૧૬૬૧
સુભગાની મન વ્રત જાણે પ્રિય રંગે સંગે કરે સનમાન
ઈક્ષણે કરી પ્રિય તાપ નસાવે વસાવે અંગ રસ ધ્યાન ૧૬૭૧
શ્રીમદ્ પ્રભુજી એણીપેરે તે ચાલે માહાલે છે જુએ રસ ભકત
પિયુજી ભોજનને પધારે સહુ મોહે સોહે છે શ્રી અંગ તે અવ્યકત ૧૬૮૧
ભકત સમાજ નિરખીને હરખે વરખે આનંદ રસ રંગે
ભગવદી સમાજ ઓચરે અહીં વાણી વખાણી જૈ જૈ કાર સંગે ૧૬૯૧

આશિષ દે અંગ અંગ પ્રતે સોહતી મોહતી સુભગા એણી રીતે
સ્નેહ તણી પરમિત સહુ લહીને કહીને ઉચાર રસ પ્રિતે ૧૭૦૧
જેહની આગલ થઈ પ્રિય ચાલે નિહાલે છે એણી પેરે તેહ
એક થકી એક ભાવે છે પુરા સુરા જુએ સુખ એહ ૧૭૧૧
તેહ પ્રકાર મેં કહયો કેમ જાએ થાયે સ્વરૂપ માંહાં તે મગ્ન
સ્નેહ તણી પ્રૌઢાઈ છે તેહને જેહને વલ્લભજીસું લગ્ન ૧૭૨૧
એણી પેરે તે રસ ભર્યું રૂપ નિરખે હરખે તે મન માંહાં અપાર
ભોજનને પધારે છે મીઠો મિત્ર વિચિત્ર અનુપમ સાર ૧૭૩૧
દાન પાત્રને તે રસ દાન દેતા દેતા પધારે મહારાજ
એક એક તણું તે કોઈ નવી જાણે વખાણે પુરણ થાયે કાજ ૧૭૪૧
એણી પેરે સિંઘદ્વાર લગી પ્રિય આવ્યા ભાવ્યા જગમોહન પધારે
પીઠી નિરખે ત્યાંહા ભગવદી રંગે સંગે જૈ જૈ શબ્દ ઉચારે ૧૭૫૧
વલ્લભવર તે મોહાવતો ચાલે માહાલે સ્વકિય વૃંદ સાથ
સ્નેહ તણો સાગર ઉમડયો તે દિસે હીસે શ્રી ગોકુલનાથ ૧૭૬૧
ભંડારના દ્વાર આગલ આવ્યા ભાવ્યા પ્રિતમજી સહેરાવ્યા
તેહ સમે અંગ ઉદ્બોધ રંગે સંગે સુરતી રસ ભાવ્યા ૧૭૭૧
ઉભા રહી વાહાલે સનમાન કરીયાં ભરીયાં માલા મીસે વરીયાં
મીઠા મધુરા વચન પ્રિય બોલે રસ ખોલે સ્વકિય કાજ સરીયા ૧૭૮૧
તેહ સુણી મનડું અતી રીઝે સીઝે સ્નેહ રસ જુકત
તેણે કરી મન અભિનવો રંગ સંગ અંગ પ્રિય રસ ભકત ૧૭૯૧
હવે તે પ્રિતમજી ગલી માંહાં પધારે ઉચરે ભકત જૈ જૈ રસ રૂપ
દે છે આશિષ તે પ્રગટ પ્રકાશ હાસ્ય સુખ તણી તે અનુપ ૧૮૦૧
ભગવદી હવે સહુ વલીયા છે ઘેર પેર ભર્યા પેંડા મધ્ય રાજે
ચાલતા માહાલે છે અતિ ઉદ્યોત જોતા અવ્યત ભકત છાજે ૧૮૧૧
મંદિરને હવેલી સુધી એમ જેમ એકત્ર હાર સોહે
એક એક થકી ભાવે છે પુરા સુરા જોઈ સહુ મોહે ૧૮૨૧
વાહાલાજીને રસે મનડું તે ભરીયું ઢરીયું પ્રિતમ ચિત્ત વરીયું
એણી પેરે ઘેર આવ્યા ભકત અનુપ સુખ રૂપ જોઈ કાજ સરીયું ૧૮૩૧
તેહ પ્રકાર આગલ કાંઈ કહેશું લહેસું પહેલે કર્યું દાન
જૈ જૈ હવેલી માંહાં ભકત કરે છે અવ્યકત સ્વરૂપ રસ પાન ૧૮૪૧
પ્રિયજી હવે ભોજન સ્થલે તે પધારે ઓચરે ત્યાંહાં બહુ બેટી સાથ
જૈ જૈ શબ્દ કહી મન રંગે સંગે નમાવે તે માથ ૧૮૫૧
આશિષ દે અતી સુખભર એમ નેમ પૂર્વક રસ રમ્ય
નિરખે સ્વરૂપ સલુણું સુદેશ લેશ ન ત્યાંહાં કેહેનો ગમ્ય ૧૮૬૧
શ્રી મુખ કમલ બેટી બહુ નિરખે હરખે તે ફુલ ન માયે
અંગ અંગ પરમ સુભટ રસ પુરા સુરા જોઈ સુખ થાયે ૧૮૭૧

શીષ થકી નખ લગી જુએ છે તે એમ જેમ અંગ અંગ પ્રતે નેમ
ફરી અવિલોકે છે નખ થકી શીષે મીસ કરી જુએ કહું કેમ ૧૮૮૦
શ્રી ચરણ નિરખતા તે માંહે મગ્ન લગ્ન થયા અતિ રંગે
ક્ષણું એક જાનુ ઘુંટણ ને જંઘા જોઈ મોહી રહયા છે તે સંગે ૧૮૯૦
નિતંબ મધ્ય સ્થલ કટી લંક નિરખે વરખે ઉદર રસ રૂપ
ટુંડી પારસ્વ પીઠી સુખકારી ભારી કરાંબુજ અનુપ ૧૯૦૦
ક્ષણું અંગુલી દલ નખમણી જોતા સોહાતા પોહોચલા મન ઉકત
બાહે કોહોની ઝલકે છે ઉદ્યોત જોત ખંભે રસ જુકત ૧૯૧૦
હૃદય પર કુચ તે અનુપ બિરાજે કાજ રસિક રસ સાજે
માલા નાયકા વિલશે રસ રીતે પ્રિતે ભરી રૂદે છાજે ૧૯૨૦
ગ્રીવા ઠોડી રસ અદ્‌ભુત દિસે હીસે અધર જોઈ મન
મધુર હાસ્યસું રસના અતી ચલકે ઝલકે રસિક પ્રિય તન ૧૯૩૦
મોહોસર ગલ સ્થલ રંગ સુચાર માર મોહે કેઈ વાર
કર્ણ સકોમલ અભિનવા લાગે પાગે તે જોઈ મન સાર ૧૯૪૦
નાસા નિરૂપમ ક્રાંત રસાલી વસીલી બહુ નિરખે હસીલી
નેત્ર કમલ પ્રિય ચંચલ ચાલે નિહાલે લક્ષ્મી વહુ રસિલી ૧૯૫૦
ભ્રકુટી વચ્ચે રસ તિલક ને પીત નિત્ય શ્રૃંગાર સુખ રૂપ
કેશની શોભા જોઈ મન અટકે લટકે અંબોડો અનુપ ૧૯૬૦
એણી પેરે બહુ બેટી સહુ નિરખે હરખે તે મન માંહાં અપાર
એણી પેરે વાહાલોજી પધારે છે અહીયે જહીય ભોજન સ્થલ સાર ૧૯૭૦
આસન રચ્યુ તે.....સોહતુ મોહાતુ પ્રિતમ સુખકારી
આવીને પીઢે બેઠા ત્યાંહાં વાહાલો નિહાલો સ્વઢપ ચિત્ત ધારી ૧૯૮૦
થાલ વિશાલ જગમગતી તે ઝલકે ચલકે સોવર્ણ અતિ સાર
હેમ કટોરા તણી પંગત રાજે ભ્રાજે છે અપરંપાર ૧૯૯૦
થાલ થરી છે પડધી પર એમ નેમ પુર્વક ભલી રીતે
કટોરી કટોરા વલી રજતના ધરીયા વરીયા ભોજન અર્થે પ્રિતે ૧૦૦૦
ચંદનનો તકિયો વામ પાસે આસે લહી સખરૂપ
ત્યાંહાં ધર્યો છે પ્રિતમજીને કાજે રાજે તે ગાજે અનુપ ૧૦૧૦
સ્પર્શ કરે વાહાલો સુખને તરંગે શ્રીઅંગ ઉદ્‌બોધ રસ વાધે
તેહ જુએ બેટી વહુ નામ કામ પ્રિય સુચવી સાધે ૧૦૨૦
તકિયા મીસે કર લડાવે છે તેહને જેહને એ રસ માંહાં છે ગમ્ય
તે સમજી રીઝે અતિ મન તન ધન આપે સરવસ રમ્ય ૧૦૩૦
વાહાલોજી બેઠા છે આસન વાલી નિહાલી જુઓ પીઠે સોહે
દક્ષણ દીશે શ્રી મુખાર્વીંદ દિસે હીસે જોઈ મન મોહે ૧૦૪૦
ત્યાંહાં વામ પાસ ગડુઓ તે ધરીયો ભરીયો છે જલપાન કાજે
હેમતણો અતી સુંદર સોહતો મોહતો નેવરા જુત છાજે ૧૦૫૦

ભોજનશાલા માંહાં જગમગે જોત ઉદ્યોત દિસે મન ગમતી
ઝાંક ઝમાલસું કુલવધુ આવે ભાવે પરોવા રમતી ૧૦૬૬
શ્રી પ્રભુજીની પંગતી માંહાં જે સોહે મોહે વાહાલાજીને જોઈ તેહ
શ્રી વલ્લભજીને નિરખી સુખ પામે નામે શીષ સહુ એહ ૧૦૭૭
ભાવ ગ્રાહી ભાવ ભુકતા પ્રિય મીઠો દિઠો તે ભોજન કરતો
આરતવંત તૃષિત કુલવધુ તે તેહ તણાં મન હરતો ૧૦૮૮
પાર્વતી પતિ લડે તો છે અહીય જહી ભોજન કરે રંગે
પ્રથમ શ્રી વહુજી તે પરોસવા આવે દાવે બેટી વહુ સંગે ૧૦૯૯
પરમ પ્રસન્ન પ્રિય બેઠા સુખ ભરસું કરસું ભોજન કરે સાર
પરોસવા આવે બેટી વહુ પ્રિય પાસે આશે રસ ભાવ લહીય અપાર ૧૧૧૦
ઝમકતે પાયે લક્ષ્મીવહુ આવે ભાવી ભોજન રસ લાવા
સ્નેહ સંયુકત ઉકત રસ પુરા સુરા સુખે પરોસતા ફાવ્યા ૧૧૧૧
તેહવા વાહાલોજીને ઘણુંઅ સોહાયે મોહાયે શ્રી અંગ સુખ દાઈ
ઘસમસતા ચાલેને મન માંહાં મહાલે નિહાલે પ્રિતમ મને ભાઈ ૧૧૧૨
એહોનું હિત તે અપરમિત દીઠું મીઠુ ભોજન લાવે પ્રિતે
જે જે વાહાલાજી ને રૂચતુ જાણી આણી પરોસે રસ રીતે ૧૧૧૩
વ્યંજન શાક સ્નેહ ભરી લાવે ભાવેતે પ્રિતમજીને ઘણુંઅ
અંગ અંગ પરમ સુભટ ગુણ જ્ઞાતા દાતા સું કહું તેહ તણુંઅ ૧૧૧૪
તેહ પરોસે લાવણ્ય ગતિ ભારી સારી તે થાલ માંહા ધારી
નવી નવી ભાંતી પરોસે તે એમ નેમ પુર્વક સુખ કારી ૧૧૧૫
વાહાલોજી હસે મુસકની છે ગંભીર ધીર શોભાજીનો વીર
જુએ છે તે રસ બહુ બેટી રંગે શ્રી અંગ ચાલ્યા રસનીર ૧૧૧૬
પરોસે લક્ષ્મી વહુ ઉનમત રસ માહાલે ચાલે છે ચાલ સુદેશ
તેહ જોઈ મનડું અતી મોહે સોહે છે પરમ વરેસ ૧૧૧૭
તેહ લાવ્યા મુગભાત ઘૃત રંગે સંગે કઢી રૂચી કારી
વાહાલોજી ભોજન સ્નેહ કરે છે હરેય છે મનડું અતી ભારી ૧૧૧૮
ઝમઝમ કરતા એણીપેરે ચાલે માહાલે છે રંગ તણી ઉકત
એહોનું ભાગ્ય તે કેહી પેરે કહીયે લહીયે રમણ રસ જુકત ૧૧૧૯
સ્નેહ ભર્યા તે પરોસવા આવે ભાવે ભોજન રસ રૂપ
હસી હસી લે છે વહાલોજી રસ રીતે પ્રિતે પ્રમોદસું અનુપ ૧૨૦૦
રોટી લાવે સંગ લોટી સોહતી સોહાતા તે ક્ષીર છે તાતી
આપલા સંયુકત સીરો જે લહીને કહીને પરોસે સુખમાતી ૧૨૧૧
શીખરણ દુધ ગોરસ બહુ લાવે ભાવે પ્રિયને મોહાવતા આવે
કેરી તણો અમરસ સુખ દાતા જ્ઞાતા પરોસે રસ કાવે ૧૨૨૨
પ્રિતમજીને પરોસીયા રંગે સગે પંગત બેઠા જેહ
રણજણ રણજણ કરતા તે ચાલે માહાલે લક્ષ્મી વહુ તેહ ૧૨૩૩

ભીતર પરોસીને વાહાલો આવ્યા ભાવ્યા વૈષ્ણવની તિબારી
ત્યાંહાં પરોસે વિવેકસું ભારી ન્યારી પતલ લાવે સારી ૧૧૨૪
જેહનો નેગ જથા વિધી જેમ તેમ પરોસે તે પ્રિતે
ઝલકતે.....પ્રમોદસું ચાલે માહાલે છે રસ ભરી રીતે ૧૧૨૫
અહી થકી પોહોચ્યા ભીતર ભણી આવે ભાવે જયાંહાં રૂકમણીલાલ
તેહને જોઈ અને આનંદ મન વાધે સાધે સ્નેહ રસબાલ ૧૧૨૬
પાર્વતીપતિ મનોહર રૂપ ભુપ વલ્લભજી અનુપ
તેને પરોસતા મન અતી મગ્ન લગ્ન સોહે રસ રૂપ ૧૧૨૭
શ્રી વિઠ્ઠલજીનો સુત એ નવિણ પ્રવિણ વલ્લભજી ઉદાર
તેહોને પરોસે છે કુલવધુ રંગે અંગે ઉલટ અતી સાર ૧૧૨૮
અભિનવુ સ્વરૂપ રસાત્મિક રાજે કાજે સ્વકિય સુખ છાજે
તેહ લહે છે આપાપણી વાતે વિખ્યાત રસ તણી ભ્રાજે ૧૧૨૯
ભોજન કરતા વલ્લભજીને પેખુ દેખુ સ્વરૂપ ચક ઓટે
પીઢે બેઠા છે પ્રિતમજી તે એમ નેમસું હસે લોટ પોટે ૧૧૩૦
અહી થકી નિરખું અંગ અતી ઝલકે સલકે તે મન પ્રિય પાસ
તેહને જોઈ મન આનંદ પામે તામે શીષ રસ આસ ૧૧૩૧
કરેય છે ભોજન બહુ સુખે રાતા માતા આશિષ દે છે રંગે
ભાવ લહીને વલ્લભજી તે બોલે ખોલે હાંસી તે શ્રી અંગે ૧૧૩૨
તેહ સુણી વહુ બેટી તે મોહે સોહે છે પ્રિયજી તે રસાલ
અનેક અનેરા રસ કૌતક કહે છે લહે છે સુભગા વ્રજલાલ ૧૧૩૩
વાહાલા વચન ગંભીરતા ભારી ન્યારી તે ટોક રસાલી
વચન વિલાશ વિવિધ રસ જાણે વખાણે સ્નેહ રસ ભાલી ૧૧૩૪
તેહ સુણે જે કો પંગતી બેઠા પેઠા વાહાલો તેહના ઉર માંહાં
હાસ્ય રસ તે પ્રિયને ઘણું વાહાલો નિહાલો ભોજન કરે જયાંહાં ૧૧૩૫
હાસ્ય સાંભળી સ્વકિય બહુ પેરે ઢરતા કરતા તે ભાવ પ્રકાશ
ગુંજ પરસ્પરે દાનના કહે છે લહે છે તે મહા રસ રાસ ૧૧૩૬
અગણિત સામગ્રી અપરંપાર સાર રસ પરોતા મોહે
તેહ વિસ્તાર વચને કેમ કહીયે લહીયે અવ્યકત રસ સોહે ૧૧૩૭
એણી પેરે ભોજન પ્રિય તે કરે છે ઘરેય છે મન જયાંહાં રસ ભકત
તેહ આનંદ અપરમિત લોચે સોચે છે રસ તે અવ્યકત ૧૧૩૮
પ્રથમ હવેલી માંહાં જે ભકત સિધાર્યા વધાર્યા તે મન રસ રૂપ
તેહ પ્રકાર આગલ કહુ સાર અપાર સુખ સ્વરૂપ અનુપ ૧૧૩૯
પ્રથમ માંગલ્ય એ ભોજન તણું જાણે આણે મન રૂકમણીલાલ
તેહનું સ્વરૂપ વર્ણન સુખ લહીયે કહીયે તે સુણે સહુ વ્રજબાલ ૧૧૪૦
જે જે શ્રી અંગ તણી શોભા જે દિઠી મીઠી મધુરી અવ્યકત
તેહ સરાહે બેઠા હવેલી માંહાં એમ નેમ પુર્વક રસ ભકત ૧૧૪૧
તેહ પ્રકાર માંગલ્ય આગલે કહેશું લહેશું શ્રી અંગ રસ પુર
પ્રિયને સહેરાહીને મનડું તે ભરશું કરશું દુઃખડુ સહુ ચુર ૧૧૪૨

ઈતિ શ્રી માંગલ્ય નવમું સંપૂર્ણમ્

માંગલ્ય - ૧૦

શ્રી શ્રી શ્રી રસિકરાય જય જયતિ ।। એ માંગલ્ય દશમું લખીયે છે તેહનું અનુકરણ લૌકિક ગીત છે, તે વચન જે, આંબલીયાની ડાલે ને સરોવરની પાલેજી હીરે જડયા તોરણ નિપજેજી, એ અનુકરણ ગવાશે.

ભકત સમાજ હવેલી મધ્યે રાજેજી
છાજે ભોજન કરતા પ્રિતમ ચિત્ત ઘરેજી ।૧।
આપાપણા ઘર મધ્યે ભકત કાજ કરે જે હજી
તેહ પ્રકાર કાંઈ હવે કહીયેજી ।૨।
કોઈતાં રસોઈ કરે છે રસે ભરી સારીજી
ભારી વિઠલકુંવર આરોગશેજી ।૩।
તેહ લહે છે વલ્લભજી સુજ્ઞાતાજી
દાતા રૂકમણીલાલ રસાલ છેજી ।૪।
સ્નેહ તણી રીતે વલ્લભજી અતિ પ્રિતેજી
નીતે આવી આરોગે આનંદ ભર્યાજી ।૫।
મારગ બલસું પ્રસિધ્ધ તે આરોગીઆજી
ભોગીયો કુંવર શ્રી વિઠલજીનોજી ।૬।
સ્નેહ વાત્સલ્ય ભકત બહુ પેરે કરીયજી
ભરીય થાલ પુરે છે વલ્લભજી કાજેજી ।૭।
ત્યાંહાં બેસી આરોગે છે હિત ભર્યા રંગેજી
અંગે પ્રિતમજીને તે સુખ ઘણુંજી ।૮।
સ્નેહ સંયોગના બીડા ત્યાં ઘરીયાજી
સરીયા છે કાજતે શ્રૃષ્ટિનાજી ।૯।
હવે તે કહીયે કાંઈ ભકત પ્રકાર રાજેજી
છાજે તે કાજ કરે જેહને જેમ રૂચેજી ।૧૦।
કોઈ તાં પ્રસાદ લે છે મલતીય પાંત્યજી
ખાંત્ય સહિત તે તેડાવીયાજી ।૧૧।
તેહોને અતિ આનંદ છે અપરમિત અંગેજી
સંગે બેસી મહા પ્રસાદ લે છે રંગેજી ।૧૨।
કોઈ તાં શ્રૃંગાર કરે પ્રિય સુખ સોહતાજી
મોહતા પ્રિતમ કાજ રસ ભર્યાજી ।૧૩।
કોઈને આરત તે અંગ અંગ અપારજી
માર જોઈને તે લાજી રહયોજી ।૧૪।
કોઈ તાં કરે છે ઘરના સખી કાજજી
સાજ બહુ પેરે તે સોહામણાજી ।૧૫।
કોઈને તાં વાધી છે અભિલાખ સુખ રીતેજી
પ્રિતે વલ્લભજીને જોઈ મોહુંજી ।૧૬।
કોઈને તાં સ્નેહ અપરમીત લહીએજી
કહીએ કેઈ પેરે તે આરત ઘરેજી ।૧૭।
કોઈને વિપ્રયોગ મનમાંહાં અતી દુઃખજી
સુખ તણો લેશ તે જાણે નહિજી ।૧૮।
કોઈના અંગ પ્રજલે અગ્ની વતજી
અનુપ પ્રિતમને જોવા કાજજી ।૧૯।
તેના ભાગ્યતે શી પેરે કહીયેજી
લહીયે વલ્લભજી જે દાન કરેજી ।૨૦।
કોઈ તો બેસે છે રે અનુપમ ઉકતજી
જુકત વહાલા તણી વાત કરેજી ।૨૧।
કોઈ તાં હંસી કહે રે પ્રિતમ મુખ આછુજી
સાચુ તે પરમ રસાલ સોહેજી ।૨૨।
કોઈ તાં સહેરાહે છે રે શ્રીઅંગ અનુપજી
રૂપ ભલુ તે મહારા નાથનુંજી ।૨૩।
હવે ભકત કહેશે સ્વરૂપ વર્ણન સારજી
અપાર ઘેર બેઠા શ્રી અંગ સરાહે છેજી ।૨૪।
કોઈ તાં કહે છે રે કેશ સુખકારીજી
ભારી સોહે અંબોડો પ્રિતમ તણોજી ।૨૫।
કોઈ કહે કુંતલ પરમ અપારજી
સાર ચલકે છે ભાલ વલ્લભજીનુંજી ।૨૬।
કોઈ તાં સહેરાએ છે તિલકની રેખજી
વેષ ભલો સોહે પ્રિતમ તણોજી ।૨૭।
કોઈ તે ભ્રકુટી કોઈ વરૂણીને નિરખેજી
હરખે મન નેત્ર કમલ જોઈજી ।૨૮।
નાસીકા રૂપતે અભિનવું રાજેજી
ભ્રાંજે ગલસ્થલ રંગ જોઈજી ।૨૯।
કર્ણ સકમલ પરમ પ્રવિણજી
નવિન સુણે વાત સ્નેહ ભરીજી ।૩૦।
કોઈ તો મોહોસર જોઈ ચિત્ત થયા લગ્નજી
મગ્ન સોહે એ રસ નિરખતાજી ।૩૧।
કોઈ તો અધરની આરકતતા સહેરાએજી
ભરાયે છે મન તે અધર જોઈજી ।૩૨।
કોઈ મન જીભ્યા અલોલ અણીયાલીજી
નિહાલીતે હાસ્ય રસે ભરીજી ।૩૩।

કોઈ કહે ચિબુક રમણ સ્થલ ધામજી
કોઈના મન માંહાં એ સ્વરૂપ મોહાતુજી
એણે પેરે ભકત બેઠા સરાહે અપારજી
તેહ પર હું વારી રે ભારી છે સારીજી
કોઈ તે ગ્રીવાને ગંભીર સ્વરે રાતાજી
કોઈ તે હૃદયની કોમલતા સહેરાહેજી
કોઈ મન ઉર ઉઠાણ અનુપજી
તેહ દાન લહે છે સ્વકિય સુજાતિજી
હૃદય અતિ ભારીજી કામ અનુહારીજી
આસપાસ રસ અપરંપારજી
હૃદય પ્રિતમજીનું અતીય સોહાતુજી
કોઈ જુવે ટુંડી મધ્યે કુપ રસાલોજી
કોઈ મન કરતલ રસાલ તે રાજેજી
કોઈ કહે અંગુલીદલ નખમણી જોતજી
કોઈ કરતલ માંહાં છે પરમ સોહતાજી
કોઈ કહે કરતલ મધ્યે રેખા અનુપજી
કોઈ તે પોહોચલા નિરખે પરમ રસાલજી
કોઈ તે કાડા પ્રિતમના સહેરાહેજી
ખંભા એ રસ તે બેહુ પાસે ભલા રાજેજી
ત્યાંહાં ઉપરેણો તે પરમ સોહાવેજી
હૃદય ઉદર તે પ્રથમ કહી આવ્યાજી
કોઈ તે કહે છે એ નિતંબ સુદેશજી
રાજતું પરમ સુખાલ છે સારજી
કોઈ મન ધોતીની પાટલીએ ત્યાંહાં રાજેજી
કોઈને ધોતી સ્વેત ઘણુંઅ સોહાતીજી
કોઈ કહે જંઘા ઘુંટણ જાનું કાણેજી
પરમ સકોમલ એડી જગમગ જોતજી
કોઈને ચર્ણ પાટલી તે પરમ રૂચીકારીજી
કોઈ કહે અંગુલીદલ અદ્‌ભુત આછીજી
એમ સહેરાહી કહે ભકત સહુ વાતજી
વાતડી રસાલીતે પરમ સોહાતીજી
ભકત હવેલી માંહાં અનુપ બિરાજેજી
કેહોનો તે રસનો સંકેત છે આજજી
પરમ સોહાગીયા જે રત્ન રસાલીયાંજી
તેહ સમારે સાજ સહુ બહુ અંગેજી
એ આરતસું જે કરે અતિ ખાંત્યસુંજી
ઉબટણા કરે અંગે ફુલેલ તે સંગેજી
તેહ આનંદ વચને કેમ કહીયેજી

કામ પુરણ હોએ સ્વકિય સાથનાજી ૧૩૪૧
સોહાતુ ભોજન કરે છે પ્રિય જયાંહાંજી ૧૩૫૧
સાર વાતડી કરે વલ્લભ તણીજી ૧૩૬૧
ન્યારી પ્રિતમના વાતે મોહુજી ૧૩૭૧
માતા છે જુથ માલા બહુજી ૧૩૮૧
ભર્યા એ છે મન તે રમણ ભોમજી ૧૩૯૧
રૂપ સુંદર માંહે રસ ભર્યોજી ૧૪૦૧
માતી રહે એણે રસે સદાજી ૧૪૧૧
વારી અંગ રંગ રામા મોહી રહયાજી ૧૪૨૧
વાર નહિ રે મીઠા મિત્રનેજી ૧૪૩૧
મોહાતુ છે મનડુ માઢ લહેજી ૧૪૪૧
નિહાલોતે રસને પાસે વસેજી ૧૪૫૧
છાજે વિઠ્ઠલ સુત લાડકોજી ૧૪૬૧
ઉદ્યોત વીંટીની ચલકે મોહામણીજી ૧૪૭૧
મોહતા છે સ્વકિયે કર જોડીજી ૧૪૮૧
રૂપ એહોનુ કેમ જાએ કહયુજી ૧૪૯૧
વિશાલ એ સ્થલ જોયુ મન મુદાજી ૧૫૦૧
ભરાયે મન બાહો વિશાલ માંહાંજી ૧૫૧૧
કાજે સ્વકિયને સુરતે ભરેયજી ૧૫૨૧
મોહાવે તે જનોઈ રસાલ જોતાજી ૧૫૩૧
ભાવ્યા સ્વકિય કટી લંક જુએજી ૧૫૪૧
વેશ રસ મધ્ય સ્થલ સોહામણુંજી ૧૫૫૧
વારૂ હું તન મન તેહ લહીજી ૧૫૬૧
છાજે તે કાજ મોહામણેજી ૧૫૭૧
મોહાતી તે નાર્ય પ્રિતમ પહેરીજી ૧૫૮૧
માંડે શ્રી ચરણ પ્રિતમ રસ ભર્યાજી ૧૫૯૧
ઉદ્યોત માંહાંની રંગ તે કેમ લહુંજી ૧૬૦૧
ભારી ચમકે તે અનુપ રંગેજી ૧૬૧૧
સાચા નખચંદ્ર પ્રિતમ તણાંજી ૧૬૨૧
સાથ સર્વતે મલી બેઠોજી ૧૬૩૧
મોહાતી તે આપાપણે રંગે કરેજી ૧૬૪૧
છાજે પ્રિતમ રસ સુખ સદાજી ૧૬૫૧
સાજ બહુ પેરે તે ઉલટે કરેજી ૧૬૬૧
ભાલીયા છે વાહાલેજી એ સ્નેહ ભર્યાજી ૧૬૭૧
રંગે રમવું તે પ્રિતમ સંગેજી ૧૬૮૧
ભાત્ય ભલી રતિ પતિ કાજેજી ૧૬૯૧
રંગે મર્જન સ્વકિયે કર્યાજી ૧૭૦૧
લહીયે અનુસાધ્ય હોએ જેહનેજી ૧૭૧૧

અંગ અંગુ છું તે બહુ રંગે પુછાજી
તેહ સુકવીય સોંઘે ફુલેલસું ભરીયજી
તિલક અનુરાગતે પીત સોહે ભાલજી
સાડીય સ્વેત ભરી છે જે સોંઘા સમેતજી
ચોલી સુખકારીજી બેઠી અંગે સારીજી
મોતીની દુલરી તિલરી હાટયકની રાજેજી
કર્ણ મધ્યે વલી ઉદ્યોત જોત રાજેજી
નાક નકવેસર ઝલકતું અનુપજી
લલકે મુકતાફલ અધરપર આછુંજી
કર કાંણે સોહે છે કંકણ તે અનુપજી
ભરી પહેરી છે અંગુલી દલે સારજી
ચરણે ઝાંઝર તે ચિત્ર ભલા રાજેજી
લહેગો તે લાલ અનુપ બિરાજેજી
પ્રિય સંગ વાલતે કરશે બહુ ખ્યાલજી
એહ ઉપયોગતે પ્રિય સંગ ભેગજી
હવે તે કહીયે ભકત વિપ્રયોગ માંહાં પાગ્યાજી
ભકત સમાજ હવેલી મધ્યે સોહેજી
પ્રથમ તાં સ્વરૂપ શ્રી અંગ સરાહુંજી
કોઈને સાલે છે તે વાતડી અનુપજી
કોઈ તે આનંદસું કરે મન રંગેજી
એહવા એ રસિયા પ્રિય મન વસીયાજી
કોઈને તાં અંગ સીથિલતા અપારજી
કોઈને તાં મન માંહે ઘ્રાસકા ઉઠેજી
કોઈને તાં અંગ થરથરી બહુ સારજી
કોઈના તો અંગ રોમોદ્રમ થઈ આવેજી
કોઈના તાં મનડા વિલક્ષણ કરખેજી
કોઈના તાં પરિતાપ અભિનવો રંગજી
ભકત જે જે કહે છે જી વહાલોજી તે લહેછેજી
એહ સ્વરૂપ અનુપ અવ્યકતજી
અનુરકત હવેલી મધ્યે બેઠા બિરાજેજી
કોઈના નેત્ર સ્નેહ જલસું ભરાઈ આવેજી
કેહેને તાં મન શીતલતા વ્યાપી બહુઅજી
કોઈના તાં ગાત્ર છીન થયા જાએજી
કોઈનો તાં અધરનો સુકાના અભિસારજી
એમ અવસ્તા ભેદે ભકત સહુ ભર્યાજી
કોઈને તાં કેહેનું બોલ્યુ નવી ગમેઅજી
કોઈતો એકલા અતી દુઃખ માંહો ભરીયાજી
કોઈના તાં મન તન ગતિ થઈ છીનજી

લુછયા ફરી ફરી કેશ રસાલ રાજેજી ૧૭૨
કરીય કંગહી ચોટીપાટી ચલકેજી ૧૭૩
બાલ રસાલ સહુ જોઈ અંગે મોહેજી ૧૭૪
વેત ચોલીનો ભલો વણ્યોજી ૧૭૫
ભારી ચોલીની ઉદ્યોત ઘણીજી ૧૭૬
છાજે છે દોહરી હમેલ જાંબુનંદ તણીજી ૧૭૭
છાજે છે ઠોડી હેમ તણી સોહેજી ૧૭૮
ભુપ વલ્લભજી તે જોઈ મોહસેજી ૧૭૯
સાચું પાનુતે ચલકે ઘણુંજી ૧૮૦
રૂપ ચુડાનું કેમ જાયે કહયુજી ૧૮૧
અપાર મુદ્રિકા તે સોહે ઘણુંજી ૧૮૨
છાજે એ શ્રૃંગાર તે સુક્ષમ કહયોજી ૧૮૩
છાજે ઘેરો સુંદર અતી વણ્યોજી ૧૮૪
લાલ રૂકમણી મોહસે ઘણુંજી ૧૮૫
જોગ મલશે જયારે પ્રિતમ પોઢશેજી ૧૮૬
લાગ્યા છેમન વલ્લભ જયાંહાંભોજન કરેજી ૧૮૭
મોહે બેઠા વાત પ્રિતમજીની કરેજી ૧૮૮
ભરાયુ છે મનતે અવસ્થા ભેદજી ૧૮૯
રૂપ જોવાની આરત હવીજી ૧૯૦
સંગે મલી બેસે જુથ આપાપણાજી ૧૯૧
હસીયા મુખ પ્રિતમજીની વાત કરેજી ૧૯૨
સાર ચાલી ધારા તે પ્રસ્વેદનીજી ૧૯૩
બુડે છે મેહતે પ્રિતમ સુખજી ૧૯૪
ભારી વાહાલાજીના સુખ તે લહેજી ૧૯૫
ભાવે વલ્લભજી ચિત્ત આવીયાજી ૧૯૬
ફરકે તે અંગ રસે ભર્યાજી ૧૯૭
સંગે મોહોવાનીઅ....બહુઅજી ૧૯૮
સોહે છે ..અ છે તે ભોજન ભિતર કરેઅજી ૧૯૯
ભકતકો મનની અહિ આરત હરેજી ૧૦૦૧
છાજે વાત મીઠા પ્રિતમ તણી કરેજી ૧૦૧૧
ભાવે ધારા રસ રેલ નયણે વહેજી ૧૦૨૧
સહુ આપાપણે ભાવે પુરાજી ૧૦૩૧
થાયે અવસ્થા તે કેમ કહુંઅજી ૧૦૪૧
અપાર બીંબ ઉડે મુખ માંહાં ઘણીજી ૧૦૫૧
સર્યા છે સહુ કાજ તેહ તણાજી ૧૦૬૧
સમય કેહીપેરે થાએ પ્રિતમે નિરખુંગી ૧૦૭૧
ઘરીય સોચ બહુતે કરેઅજી ૧૦૮૧
મીનવત તે ઘણું તલફલેજી ૧૦૯૧

કોઈ તો તાં કોઈ વ્યાપે નહિ અહીયજી જહા બેઠા તહી સુખ લહેજી ।૧૧૦।
કોઈ તાં પુછે છેરે ફરી ફરી એહજી જેહ પધારવાનો સમય થયોજી ।૧૧૧।
કોઈ તે વાત રસ માંહે છે રાતાજી માતાતે પ્રિતમજીને સુખે ભર્યાજી ।૧૧૨।
કોઈને તાં કાંઈ સુજે નહિ ઘર માંહાંજી જયાંહાં વલ્લભજી ત્યાંહાં ચિત્ત ગયુંજી ।૧૧૩।
કોઈ વિસ્મય દિગમુઢ થઈ રહયાજી કહયા તે જાયે સખી કેહી પેરેજી ।૧૧૪।
કોઈ કરે છે વાતડી પ્રિયની સોહાતીજી મોહાતી તે નેત્ર મેલી પાન કરેજી ।૧૧૫।
કોઈને તાં અંગ ચપટી બહુ થાએજી જાએ તે જયાંહાં પ્રિતમ તે ભોજન કરેઅજી ।૧૧૬।
તેહ સમારે છે પધારવાની ગલીયજી રલીઅ હું મનને આનંદ ઘણોજી ।૧૧૭।
પેંડો સુઘર્યો ભલી ભાંત્યે નિહાલ્યોજી ભાલી મીઠો પ્રિતમજી જયાંહા ભોજન કરેજી ।૧૧૮।
ભકત હવેલી માંહાંજી બેઠા રસ રાજેજી છાજે અહી સુખતણી વૃષ્ટિ થાયેજી ।૧૧૯।
અંગને તે અભિલાખા પ્રસરી બહુ સારવાજી ભાષાએ તે મુખ કેહી પેરે કહેજી ।૧૨૦।
કોઈના તાં ગદ્‌ગદ કઠ ભરાયેજી હરાયે મન ગતિ સહુ પંગ થઈજી ।૧૨૧।
સ્વકિય તણાં અંગ છીન સોહે છે સ્નેહ ભરજી સ્વર તે એહોના અતિ ભંગ થયાજી ।૧૨૨।
તેહ પર હું વારીજી સ્વકિય છે સારીજી ભારી ભાવ જોએ એહોને મન મુદાજી ।૧૨૩।
કોઈને તાં સુરતિ સમે સ્ફુરી આવ્યોજી ભાવ્યો છે પ્રિતમજી તે વાત્સલ્ય કરેજી ।૧૨૪।
કોઈ તે તદમઈ થઈ ગયા છે તે મનજી તન તે પ્રિતમસું મેલાવીયાંજી ।૧૨૫।
કોઈ તાં નિસ્વાસ થઈ નિસ્વાસા બહુ નાખેજી દાખે ઉસાસા કેહીપેરે કહુંજી ।૧૨૬।
કોઈ તાં ગંભીર સ્વર મધુરાતે બોલેજી ખોલે અંતર ગુંજ આપાપણુંજી ।૧૨૭।
ભકત કરે વાતજી પ્રિય ચિત્ત હાથજી સાથ વલ્લભ મીઠો નાહ છે જી ।૧૨૮।
સ્વ હૃદય આરૂઢ થયું ઉર ત્યાંહાંજી ત્યાંહાં ભગવદી તે સમાજ બેઠોજી ।૧૨૯।
એહવા એ ભકત છે પરમ રસ રાસજી પાસ વલ્લભ મીઠો ત્યાંહાં રહેજી ।૧૩૦।
જુએ તે અંતરગની અવસ્તાના ભેદજી ખેદ સ્નેહ પેચ પાંચ પ્રિતમ લહેજી ।૧૩૧।
હવે તે સમય વાહાલો પઉંધાર્યાનો થયોજી લહયો મન માંહે સોહાગી ભકતેજી ।૧૩૨।
અવસ્તા ભેદે સ્વકિય કરે તે કલોલજી અલોલ રસે ભરે નેત્ર કમલ જોયુજી ।૧૩૩।
સ્નેહ અવસ્તા ભેદે બહુ પરે લહીયેજી કહીયે તો પાર કહેમ આવે નહિજી ।૧૩૪।
સમય પઉંધારવાનો થયો જાણી સહીયજી થઈય પ્રસન્ન સહુ ઉઠીયાજી ।૧૩૫।
દુઃખડા લે ભાવીયાજી એહ સોહાગીયાજી ભાગીયા ભકતતો સોહે સદાજી ।૧૩૬।
મિશ્રી મંગાવી ભકતે રત્ને અતિ સુખ કારીજી ભારી આપી ભકતને તે મિશ્રી લહુંજી ।૧૩૭।
તે સહુએ લીધી કોઈ શીષે તે દિધીજી કીધી તે આનંદ વધામણીજી ।૧૩૮।
તેહોને ઉછાહતે અભિનવો રાજેજી ભ્રાજે મન પ્રિતમ ત્યાંહાં ભોજન કરેજી ।૧૩૯।
હવે ભકત મંદિર સીધારશે ભલીભાંતજી ખાંત્ય સહિત તેહ સહુ કહેશુંજી ।૧૪૦।
મદ ભર્યા મહાલશે તે સ્વકિય સોહાવશેજી મોહાવશે મંદિર માંહો આવશેજી ।૧૪૧।
પ્રિતમજીને જોશેરે મુખડે તે મોહશેજી હોસે માંગલ્ય મન ઈચ્છીત દાનજી ।૧૪૨।
પાન તે કરશે રે પ્રિય મન ભરશેજી હરશે વાહાલાજીનું મન તનજી ।૧૪૩।
હવે તે કહીયે ભકત મંદિર માંહાં આવેજી ભાવે તે પ્રિતમજીસું મન મેલેજી ।૧૪૪।
તેહ પ્રકાર આગલને માંગલ્યે તે કહીયેજી લહીયે વલ્લભજીને દાન કરેજી ।૧૪૫।
બીજુ માંગલ્ય એ ભોજન તણું સારજી અપાર સુખે પ્રિયને ચરણે નમન કરૂજી ।૧૪૬।

ઈતિશ્રી માંગલ્ય દશમું સંપૂર્ણમ્ "સમાપ્તમ્"

માંગલ્ય - ૧૧

શ્રી શ્રી શ્રી જીયવર જીવનજી જય, એ માંગલ્ય અગ્યારમું લખીએ છીએ,
તેનું અનુકરણ તે વચન જે, એ ધોલ અનુભવાનંદ ગ્રંથ માહે છે, તે વચન જે,
શ્રાવણ સુદી તે દ્વાદસી આવીજી, ભકત રસિક
જનને મન ભાવીજી, એણી જાતે ગાવું.

ભકત હવેલી માંહાં અનુપમ રાજેજી ભગવત વાત કરે સુખ છાજેજી ૧૧
તે પાછલને માંગલ્યે કહયું રંગેજી જુથ મલી બેઠા આપાપણે સંગેજી ૧૨
હવે તે કહું કાંઈ ભકતની વાતજી મંદિર આવે સહુ હરખ ન માતાજી ૧૩
સાવધાન થઈને તે માહાલેજી ચાલ મટકતી તે સુંદર ચાલેજી ૧૪
જુથ તે મલતી પાંતે સોહેજી મંદિર જાતા તે સહુકો મોહેજી ૧૫
ભાવ અનુપ તે અભિનવા રાજેજી શોભા જોઉં તે સ્વકિય સુખ છાજેજી ૧૬
કોઈ એક ભોજન શાલાએ જાએજી સ્વકિય મન આનંદ બહુપેરે થાયેજી ૧૭
જેહને ભાવ અનંત અપારજી પ્રિય સુખ પામવા છે સારજી ૧૮
ભોજન કરે વાહાલો જયાં રંગેજી બહુ બેટી છે ત્યાંહાં સહુ સંગેજી ૧૯
તરંગ તે વિધી વિધીના સ્વકિય ઉઠેજી જાણે રસ માંહે અપરમિત બુઠેજી ૧૦૦
શબ્દ સુચારૂ મનોહર રાજેજી સોહે કોકીલા સ્વર ધુની ગાજેજી ૧૧૧
હવે બેઠક માંહા ભકત જે આવેજી તે કહીયે કાંઈ મન બહુ ભાવેજી ૧૨૨
ભાવ અનંત પ્રકારના રાજેજી આવતા દેખુ પ્રિય સુખ કાજેજી ૧૩૩
કોઈને તાં રસના ઉઠે છે તરંગ જી વલ્લભ અંગ પામવા છે સંગજી ૧૪૪
કોઈને મન શ્રીમુખ ચારૂ જોવાનેજી રૂકમણીલાલ રસાલને મોહોવાનેજી ૧૫૫
કોઈ આલિંઘવા પરમ પ્રસન્નજી ભાવ અનંત વાંછે છે જાણે મનજી ૧૬૬
કોઈ અંગ રસપાન કરવા રાજેજી પ્રિય સુખ અભિનવા છાજેજી ૧૭૭
હવે કહું સ્વરૂપ વર્ણન શુભ સારજી શ્રી અંગ જોવા આવે ભકત અપારજી ૧૮૮
કોઈ મન કેશ અંબોડે અટકયાજી સ્વરૂપ જોવા આવે રંચ ન મટકયાજી ૧૯૯
ચીકુર મલકતા અભિનવા દિસેજી કોઈ આવે કુંતલ જોઈ મન હીસેજી ૨૦૦
કોઈ મન તિલક અનુરાગે રાજેજી ભાલ ઝલકતું જોઈ સુખ છાજેજી ૨૧૧
કોઈ શ્યામ રેખા માંહાં પાગ્યાજી તિલક મધ્યે નિરખી અનુરાગ્યાજી ૨૨૨
કોઈ એક ને ભ્રકુટી તે ઘણુંઅ સોહાએજી કુટીલ અપરમિત જોઈ મોહાયેજી ૨૩૩
કોઈ નિરખે નેત્ર ચપલ અલોલજી સ્વકિય વૃંદ ઉભા કરે ત્યાંહાં કલોલજી ૨૪૪
નેત્ર મધ્યે રાખ્યા લાલ અનુપજી સ્વેતતા સોહે સુંદર રૂપજી ૨૫૫
કોઈ આવે વરૂણી જોવા રસે રાતાજી ટોપચા નિરખે ભકત તે માતાજી ૨૬૬
કોઈ મન ગલ સ્થલ સુખ રાજેજી રંગ ભોમ એ અનુપમ છાજેજી ૨૭૭
કોમલ ગાલ ભર્યા રસ પુરજી સ્વકિયને તે સ્પર્શતા થાએ દુઃખ ચુરજી ૨૮૮
એણે ભાવે આવતા જાએ સહુ ભકતજી મન તે થયા છે સ્વરૂપાસકતજી ૨૯૯

જેહને તે જેહવા ભાવ અહિ રાજેજી મિત્ર સુખ અભિનવા છાજેજી ૧૩૦૧
એ તે શ્રી વિઠ્ઠલજીનો તે લાલજી કરેય છે સ્વકિયના પ્રતિપાલજી ૧૩૧૧
એતે પાર્વતી પતિ આછોજી સખી માંહાં નાહો મીઠો એ સાંચોજી ૧૩૨૧
કોઈ આવે નાશા અનુપમ જોતાજી રૂકમણલાલને શ્રીમુખ મોહતાજી ૧૩૩૧
કોઈ એક કર્ણ સકોમલ પાગ્યાજી સ્વકિય સુજાતિની વાત કહેવા લાગ્યાજી ૧૩૪૧
અંતર રમણ ભલી પેરે કરતાજી આવે મંદિર બહુ ભાવે ભરતાજી ૧૩૫૧
પરમ રંગીલો નાહો રસાલજી આવી સુખ ભરશે શ્રી રૂકમણીલાલજી ૧૩૬૧
કોઈ મન મોહોસર નિરખે રસાલજી રસીલી નાર જુએ એ રસ ભાલજી ૧૩૭૧
કોઈ એક તે અધર આરકતતાએ માતાજી મંદિર આવે એણે રંગે રાતાજી ૧૩૮૧
કોઈ મન દંત પંગત તે સોહાયેજી જીભ્યા અલોલ જોઈ અને તે મોહાએજી ૧૩૯૧
એ સ્થલ પરમ વિશાલ રસાલોજી સ્વકિય આવી જોશે શ્રીમુખ નિહાલોજી ૧૪૦૧
કોઈ મન ઠોડી સ્થલે કામનીઆજી લાગે છે પરમ સુદેશ રમણીયજી ૧૪૧૧
એ સ્થલ અનુપમ સ્વકિય રૂચી કારીજી સ્પર્શતા વાધે ભાવ અતી ભારીજી ૧૪૨૧
અધર ઠોડી તે રમણ રસ ધામજી સ્વકિયના પુરે બહુ પેરે કામજી ૧૪૩૧
એકેકાલે અધર ઉભય પાનજી આપે પ્રિતમજી તે બહુ સુખ દાનજી ૧૪૪૧
એ સ્થલ પરમ સૌભાગ્ય માહારૂ રાજેજી સ્પર્શે સ્વકિય સુખ અભિનવું છાજેજી ૧૪૫૧
પરમ ઉદબોધક જે છે અવ્યકતજી અધર અમૃત રસ લહે રસ ભકતજી ૧૪૬૧
એ સ્થલ સ્વકિય સુરતિ રસ કાજેજી આપે પ્રિતમ દાન સુખ છાજેજી ૧૪૭૧
એણે ઠોરતે વિવિધી વિલાસજી સ્વકિય તણી પુરે તે પ્રિય બહુ આસજી ૧૪૮૧
ઉપજે નાના ભાવ તરંગજી છલબલ કરવા વલ્લભજીને સંગજી ૧૪૯૧
એણે મદે માહાલતા મંદિર આવેજી મન માંહે ભાવ બહુ ભરી લાવેજી ૧૫૦૧
ઠોડીના મતે સ્વકિય સુખ ધામજી પુરે છે યુવતિ જનના કામજી ૧૫૧૧
એહોના સ્વાદ અપરમિત મીઠોજી માધુર્યતા ફલ રસ એ દીઠોજી ૧૫૨૧
એહોના સુખ તે સ્વકિય કેમ કહીયેજી સ્વાદ વિવીધી પેરેતે મનમાંહાં લહીયેજી ૧૫૩૧
કોઈ એક તે મધુર હાસ્યસું આસકતજી એમ આવે અધર ઠોડીયે પાગ્યા ભકતજી ૧૫૪૧
કોઈ વચનામૃત સુણવા મત્તજી ચાલ્યા આવે છે ગયંદ રૂપી ગત્યજી વિલાસ ૧૫૫૧
વચન તે પ્રિય તણાં રાજેજી હાંસી વલ્લભજીની અપરમિત છાજેજી ૧૫૬૧
હવે તે કહીયે ગ્રીવા સુર ધીરજી સોહે છે શોભાજીનો વીરજી ૧૫૭૧
એણે ભાવે મંદિર ભકત તે આવેજી ભોજન કરે ભિતર પ્રિય ભાવેજી ૧૫૮૧
કોઈ મન ગ્રીવા ગંભીર સુઢાલજી બેઠક પધારે તે ધસમસ્યા બાલજી ૧૫૯૧
કોઈ ચિત્ત હૃદયે પર રમણીયજી આવી ભરશે પ્રિતમજીને સંગજી ૧૬૦૧
એ સ્થલ પરમ પ્રસન્ન સોહાતોજી સ્વકિય વૃંદ તેણે રસે મોહાતોજી ૧૬૧૧
હૃદય રસાલ વિશાલ સુખરાજેજી માહારૂ સૌભાગ્ય એ સ્થલ ભર્યું છાજેજી ૧૬૨૧
અ હૃદય છે પરમ મનોહર રૂપજી રમણ રસાલ વલ્લભ સુખ ભુપજી ૧૬૩૧
એ સ્થલ અતિ રસ દાતા છે મુજનેજી સખી તમો સાંભલી કહું તુજનેજી ૧૬૪૧
એ હૃદય માંહાં સ્વકિયના ગુણ ગંભીરજી રાખે શ્રી વલ્લભજી વર ધીરજી ૧૬૫૧

જે હૃદય પરમ રસ રાસજી
કોઈ આવે છે મહા સુખ ભરીયાજી
કોઈ ચાલે છે ચાલ તે ગંભીરજી
કોઈ પધારે છે માહા ઉનમતજી
ચાલ વિશાલ ચમકતી રસાલજી
હૃદય રમણ સ્થલ એ સુખ ધામજી
કોઈ ચાલે છે ગયંદ અતી ચાલેજી
એણી પેરે ભકત વિવિધી રંગ રાતાજી
હૃદય ભંડાર અપરમિત સારોજી
વાત અનુપમ છે રસ સાથેજી
વચન વિલાસ સુરતિ સમે રૂપજી
રૂદે રમણ સુખ રસે કરી રાતુજી
તેહ સૌભાગ્ય સદન સુખ માહારૂંજી
હૃદય સમુદ્ર માંહાં મન પડીયુંજી
હૃદય રમણ ઉરોજ રસ સારજી
કોઈ એકતે કુચ કમનીય ઠહેરાયેજી
એ માંહાં ભર્યો છે તે રસ અનુરાગજી
પરમ સુંદર એ સમય નહિ આનજી
એ ગોલ અભિનવા પ્રિય ઉર રાજેજી
અહીના સ્વાદનો અનુપમ સારજી
સુંદર શુભ્ર સચિકણ રંગેજી
ઉપજે ત્યાંહાં નાહના ભાવ અનુપજી
છલબલ કૌતિક રસ અહી રાજેજી
ઉરોજ જોવા આવે ભકત તે ચાલ્યાજી
ભગવદી એણીપેરે બેઠકે આવેજી
અંતર રમણ ભલી પેરે રાજેજી
કોઈ આવે છે સોહાગ મદે પુરાજી
હૃદેય પ્રિય માલા સોહે છે અનુપજી
તુલસી માલા અપરમિત રાજેજી
કુચ કઠોર કેહીપેરે કહીયેજી
ઉરોજ ઉતંગ બીટડી અનુપજી
હૃદય તણી શોભા કેહીપેરે કહીયેજી
હવે કહું કાંઈ ખંભા છે ઉદ્યોતજી
ખંભા બેહુ બલવાન રસાલજી
ખંભા ચૌરસ તેજ પુંજ પ્રકારજી
અંતર રમણ રસે મન પુરાજી

હુલસવા હાંસી ટોક ત્યાંહાં પાસજી ૧૬૬૧
હૃદય જોવા મીસે કાજ તે સરીયાજી ૧૬૭૧
બેઠકે આવે સ્વકિય બહુ ધીરજી ૧૬૮૧
ભુષણ ખલકે છે અભિનવ ગત્યજી ૧૬૯૧
જોવા આવે રૂકમણીલલને રસ બાલજી ૧૭૦૧
સ્વકિયને રસાત્મિક પુરણ કામજી ૧૭૧૧
હૃદય જોશે વલ્લભજીનું સુખ માહાલેજી ૧૭૨૧
હૃદય જોવા આવે છે પરમ સોહાતાજી ૧૭૩૧
ભરે માહાં સ્વકિય તણો રસ મિત્ર માહારોજી ૧૭૪૧
હૃદય માંહે ધરીય છે શ્રી ગોકુલનાથેજી ૧૭૫૧
તે જાણે છે પ્રિતમજી અનુપજી ૧૭૬૧
સ્થલ એ વિલાસ ગંભીર રૂદે માતુજી ૧૭૭૧
અભિનવું જાણું હું પ્રિય અંગ તાહારૂજી ૧૭૮૧
એણે સ્થલે સ્વકિય તણું મન ગડીયુંજી ૧૭૯૧
કહેતા કેમે નવી આવે તે પારજી ૧૮૦૧
રમણીય અપરમિત કહયા કેમ જાયેજી ૧૮૧૧
સુરતિ સમે ત્યાંહાં નવી જડે માંગજી ૧૮૨૧
કુચ જોઈ નાયકાને નવી રહે માનજી ૧૮૩૧
સ્વકિય સ્પર્શતા તે સુખ અતી છાજેજી ૧૮૪૧
કુચ નિરખી નવી પામીએ પારજી ૧૮૫૧
સ્વકિય સ્પર્શે કુચ પ્રિતમ અંગેજી ૧૮૬૧
સમજે તે રૂકમણીલાલ તેહનું રૂપજી ૧૮૭૧
અભિનવા સુખતે સ્વકિય તણાં છાજેજી ૧૮૮૧
ભાવ બહુ પેરે મન માંહાં તે માહાલ્યાજી ૧૮૯૧
વાહાલોજી ભોજન કરે ભિતર ભાવેજી ૧૯૦૧
મંદિર ભરી બેઠા ભકત સુખ છાજેજી ૧૯૧૧
ભાવે ભર્યા ભગવદી દિસે અતિ સુરાજી ૧૯૨૧
સ્વકિય નિરખવા આવે તેહનું રૂપજી ૧૯૩૧
નાયકા વૃંદ પહેર્યા ઉર રાજેજી ૧૯૪૧
સ્વકિય તણાં કરનો **આહાર** તે લહીયેજી ૧૯૫૧
અહી બાલ સુક્ષ્મ થરકે તે અનુપજી ૧૯૬૧
ઝલકતા બાલ જોઈ એ સુખ લહીયેજી ૧૯૭૧
જેહનો લાગે છે સુંદર જોતજી ૧૯૮૧
કોઈ આવે છે એણે રસ બાલજી ૧૯૯૧
લહે લહેતી બાંહ સોહે છે સારજી ૧૧૦૦૧
એણી પેરે આવે છે મંદિર ભકત સુરાજી ૧૧૦૧૧

કોઈ મન કોહોણી રસ ભરપુરજી
સ્પર્શતા સ્વકિયના થાએ દુઃખ ચુરજી ।૧૦૨।
કોઈ આવી કોહોણી નિરખે સુખ જયાંહાંજી
પેચ પાંચ જે સુરતિ સમે કર માંહાંજી ।૧૦૩।
અભિશરણે દાનપાન સુખ લહીયેજી
કોઈ આવી કર કાંડા જુએ અનુપજી ।૧૦૪।
નખચંદ્ર જોત ઉદ્યોત સુખ રૂપજી
..... ।૧૦૫।
કોઈ આવી પોહોતા ભિતર જયાંહાંજી
વાહાલોજી ભોજનશાલાએ ત્યાંહાંજી ।૧૦૬।
કોઈ જુએ પોહોચલા સુંદર રાજેજી
સ્વકિય બહુપેરે નિરખતા રસ છાજેજી ।૧૦૭।
કોઈ આવે અંગુલીદલે સુખ ભરીયાજી
મુદ્રિકા જોત જોઈ કાજ સરીયાજી ।૧૦૮।
કોઈ મન ઠહેરાયે કરતલ જયાંહાંજી
કોઈ એક રેખા જુએ સુખ ત્યાંહાંજી ।૧૦૯।
કરતલ કમલ સોહે અપારજી
સ્પર્શતા વાધે ભાવતે સારજી ।૧૧૦।
શ્રી હસ્તના સુખડા તે કેહીપેરે કહીયેજી
પ્રિતમજીની કૃપાબલે લહીયેજી ।૧૧૧।
કર રમણીક અપરમિત ભારીજી
ચુંબન ચારૂ કરે સુખકારીજી ।૧૧૨।
એ કર માંહાં લાવન્ય છે અનુપજી
તેહનું કેવી પેરે કહી શકું રૂપજી ।૧૧૩।
કર કમનીય અભિનવા રાજેજી
રમણીય અપરમિત એણીપેરે છાજેજી ।૧૧૪।
એણે ભાવે ભકત હવેલીથી આવેજી
મંદિર અભિનવે રૂપે તે ભાવેજી ।૧૧૫।
કોઈ મન ઉપરેણો સુખ રાજેજી
નિરખતા અનુપમ રસ તે છાજેજી ।૧૧૬।
ખુટ ઉપરેણાના અતિ ફરકેજી
જોતા મનડું તે મારૂ થરકેજી ।૧૧૭।
કોઈ આવે જનોઈ જુએ રસ રૂપજી
કરતા અંતર રમણ અનુપજી ।૧૧૮।
કોઈ જોશે નાભી ઉદર ગંભીરજી
પસવાડા પ્રૌઢ અતી ધીરજી ।૧૧૯।
કોઈ મન નાભિકમલ સુખ દાતાજી
સ્વકિય નિરખતા હોએ બહુપેરે સાંતાજી ।૧૨૦।
એમ સહુ ભકત બેઠક મધ્યે આવેજી
વલ્લભજી કરે ભોજન રસ દાવેજી ।૧૨૧।
વાહાલોજી નાભી ઉદર કર ફેરેજી
ન્યારા હોયે છે સ્વકિય ત્યાંહાં હરેજી ।૧૨૨।
કોઈ મન ઉદર કમલ પર ભારીજી
સ્પર્શતા રંગ વાધે સુખકારીજી ।૧૨૩।
આસપાસ રસ બહુ પેરે રાજેજી
ઉદર શોભા તે એણી પેરે ભ્રાજેજી ।૧૨૪।
એ સ્થલ સ્વકિયનું સુરતિ સુખ કારીજી
રમણ રસે ત્યાંહાં ગતિ ભેદ ભારીજી ।૧૨૫।
એહ ઉદરની શોભા કેમ કહીયેજી
મનમાંહાં સુખ તે અપરમિત લહીયેજી ।૧૨૬।
કોઈ આવી મોહોસર ટુંડી રસાલજી
ધોતી પહેરી છે શ્રી રૂકમણી લાલજી ।૧૨૭।
કોઈ આવે ધોતી પાટલીએ મન રાતાજી
એણી પેરે કાછ માંહાં રસ માતાજી ।૧૨૮।
કટીલંક નિતંબ જે અભિનવો રાજેજી
ત્યાંહાં મધ્યસ્થલ બહુ પેરે ગાજેજી ।૧૨૯।
એ સ્થલ પરમ સુભટ રસ વીરજી
જાણી ભરે સ્વકિયને વલ્લભ ધીરજી ।૧૩૦।
એણે ભાવે મંદિર ગહે ગહી ભર્યુજી
ભિડ અપરમિત કયાંહાં પગ ધરૂઅજી ।૧૩૧।
ભિતર ભોજન કરે મારો નાથજી
એમ આવી બેઠા મંદિર બહુ સાથજી ।૧૩૨।
કોઈ જોશે જંઘા ઘુંટણ તે સારજી
જાનુ પીંડુરી એ રસતે અપારજી ।૧૩૩।
કોઈ મન ઢાંકણા એડી સુખ રૂપજી
સુરતિ સમે અહી રસ છે પરમ અનુપજી ।૧૩૪।
એણે રસે સ્વકિય તણાં મન લાગ્યાજી
આવેછે ભકત અનુરત તે પાગ્યાજી ।૧૩૫।
પાહાની પાટલી ભરી છે સુરંગજી
કોઈ અંગુલી નખમણી સંગજી ।૧૩૬।
તેહની જોત અપરમિત સારીજી
ઝગમગે શ્રી ચરણાર્વિંદ ભારીજી ।૧૩૭।

અદ્‌ભુત દિસે ચરણ રસાલજી
તેણે રસે રાતા તલવા સોહતાજી
એણીપેરે ભગવદી સહુ કોતે આવેજી
એણે માંડવે દિસે સહુ હરખેજી
જેહનો ભાવ છે સ્નેહ તણું ભરીયજી
તો સર્વેતે કેહી પેરે કહીયેજી
બેઠકે બેઠા વિવિધી રંગ રાજેજી
એહોના ભાગ્યતણું શું કહીયેજી
હવે કહિયે આગલનો પ્રસંગેજી
સેજ બિછાવી છે ભોમ અનુપજી
જયારે ભોજન કરીય ઉઠશે વાહાલોજી
ત્રીજુ માંગલ્ય એ ભોજન તણું સારજી
મેહેલ્યા અગ્યાર માંગલ્ય એ અનુપજી
સ્વકિયના પુરે વાહાલો કામજી
સુંદર લાગે છે અભિરામજી
એહનું શું શું કહું તે વખાણજી
એહોને અંગે સોહે છે રસ બાણજી

કોઈ તલીયે ચુંબન કરે બાલજી ।૧૩૮।
ભકત રસિક જન નિરખી મોહતાજી ।૧૩૯।
શ્રી વલ્લભજીને મન અતી ભાવેજી ।૧૪૦।
પણ ભાવ ન્યુનાધીક જોઈ હરખેજી ।૧૪૧।
તે ઉપર વાહાલોજી છે મગ્નજી ।૧૪૨।
સર્વે જોઈ ન્યુનાધીક ભકતની લહીયેજી ।૧૪૩।
ભાવ અભિનવે ભર્યા સ્વકિય સુખ છાજેજી ।૧૪૪।
વલ્લભજીની કૃપાબલ લહીયેજી ।૧૪૫।
પ્રિય સુખ પામવા છે રંગેજી ।૧૪૬।
તેહના ભોગી શ્રી વલ્લભવર ભુપજી ।૧૪૭।
આવી અચવશે પીઢે પ્રિય નીહાલોજી ।૧૪૮।
આઠ પ્રથમના સોહે રસ પ્રકારજી ।૧૪૯।
સુખદાઈ છે શ્રી ગોકુલભુપજી ।૧૫૦।
રસધર સોહે તેહનું નામજી ।૧૫૧।
નેત્ર એહોના ચંચલ સ્વેત શ્યામજી ।૧૫૨।
સ્વકિય તણી સ્નેહે રાખે વાહાલો કાણજી ।૧૫૩।
સ્વરૂપ રસાત્મીક રસની એ ખાણજી ।૧૫૪।

ઈતિશ્રી માંગલ્ય અગ્યારમું સંપૂર્ણમ્
હવે માંગલ્ય બારમું લખીએ
શ્રી ગોકુલેશજી જય જય જય શ્રી શુભમ્ ભવાતુ

માંગલ્ય - ૧૨

શ્રી શ્રી શ્રી પ્રાણ પ્રિતમ જય જયતિ
એ માગલ્ય બારમું લખીયે છે તેહનું અનુકરણ લૌકિક ગીત છે, તે વચન જે,
વર આવ્યો છે કાંઈ ઢાંકણલો રે, વેવાઈનો માંડવ સાંકલોરે,
એણે અનુકરણે ગવાશે.

ભગવદી સહુ આવી બેઠા મંદિર માંહાંરે વાહાલોજી તે ભોજનશાલા જયાંહાં રે ।૧।
પ્રિય પ્રમોદસું ભોજન કરે સદારે બહુ બેટી પરોશે મન મુદારે ।૨।
ઉદબોધ સહિત અતી રીજવેરે ઉભય સ્વરૂપના રસ કાજ સીજવે રે ।૩।
તેણે કરી પ્રિયજી સુખ પામે પ્રિતે જીરે કરે ભોજન બેઠા વાહાલો રસ રીતે જીરે ।૪।
અહી અંતરંગ કો કો નિરખી હરખે જીરે પ્રિતમજી પ્રેમભર માહારસ વરખે જીરે ।૫।
નાના વિધિ ભોજન રંગ રસે જીરે કરે રૂકમણીલાલ અતી રસ વસે જીરે ।૬।
એ સુખ જુએ પ્રેમદા કોઈ પ્રેમે ભર્યા રે વાહાલોજીએ અદ્‌ભુત રસે વર્યા રે ।૭।
તેહનું અણું અપરમિત ભાગ્ય કેમહું લહુઅરે હવે બેઠક માહાં ભકત બેઠા તે કહું અરે ।૮।
બહુ રંગની સાડીઓ રસિકાએ પહેરી રે તેહની શોભા અભિનવ લાગે ગહેરી રે ।૯।
જુજવી ભાંતના તે સુખદ સોહેરે ચાક્ષ ચક્ષસું ચલકે તેણે મન મોહેરે ।૧૦।
સાડી ચોલીયો વિચિત્ર જોઈ ચિત્ત રંગે રે અદ્‌ભુત શોભાએ ભરી તેજ પુંજે રે ।૧૧।
સૌરભે ભરી મહેકે મોહામણી રે ચોલી સાડીઓ સોહે સોહામણી રે ।૧૨।
પ્રિય ઉપયોગ જાણી પ્રમદાએ પહેરી રે સાડી ચોલીયો ઝલકે છે રંગ ગહેરી રે ।૧૩।
પહેર્યા ભુષણ પ્રિયના રસ ભોગને રે સમજી રસ અદ્‌ભુત સંયોગને રે ।૧૪।
તે ચમકે સ્વકિયને અંગ અંગે રે એહવા ભુષણ પહેર્યા બહુ વિચિત્ર રંગેરે ।૧૫।
જેને અંગે જે આભુષણ શોભીયે રે પ્રમોદે ઘર્યા છે રસ લોભીયે રે ।૧૬।
એહવા શ્રૃંગાર કરી બેઠા સોહાસણીરે રસિકા સકુમાર નાર ઘણી રે ।૧૭।
શીષે ચોટી ચમકે છે અદ્‌ભુત ભાંતે જીરે હીંગલો એ માંગ ભરી પ્રેમદા એ ખાંત્યે જીરે ।૧૮।
બહુ ભુષણ શીષે ઓપી રહયા રે ભાવ સહિત ઝલકે કેશ જાએ કહયા રે ।૧૯।
રસ જુત ભાલે ટીકી ઝલકે ઘણુંરે **અદ્‌ભુત સોહાગ.....તણુંરે** ।૨૦।
તે અનંગ અપરમિત દેખીયેરે પ્રિયજીનો સોહાગ ભાલે પેખીયે રે ।૨૧।
નેત્ર મધ્યે અંજન વાહાલાને રંજે રે નકવેસર ઝલકે છે રસ પુંજે રે ।૨૨।
કર્ણ આભરણ ભામીની તણું શોભીયેરે કંઠના ભુષણ જોઈ લોભીયે રે ।૨૩।
કર કાંણે કર્યા છે શ્રૃંગાર બહુ રે કાંહાં લગી તે વિસ્તારે કહેવાયે સહુરે ।૨૪।
ચરણ ભુષણ વિચિત્ર ઝલકી રહયાંરે રણઝણ કરે કહીપેરે જાએ કહયારે ।૨૫।
કરી શ્રૃંગાર રસિકા માહા રસે બેઠારે તે પ્રાણ પ્રિયના ઉરમાંહાં પેઠારે ।૨૬।
એ શોભા અભિનવી સોહે રંગે રે કુસમવત ભકત ફુલ્યા ઉમગ અંગેરે ।૨૭।
તે ભિન્ન ભિન્ન જાતના શોભીયે રે બહુ કુસુમ વિચિત્ર જોઈ લોભીયે રે ।૨૮।
એણી પેરે ભકત બેઠા છે પ્રમોદસું રે કરે વાત પ્રિતમની નિરોધસુંરે ।૨૯।

રસ ઉદ્બોધે ભર્યા રસિકા બોલે રે
પ્રિય ભોજન કરતા હરખે ઘણું રે
તેણે આનંદે સરોવર પ્રગટ હવું રે
અનુરાગ રૂપીયો રસ તેહ માહાં સોહેરે
શીતલતા દશે દીશ વ્યાપી રહી રે
તેહ માંહાં ભકત કમલવત ફુલ્યા બહુ રે
વિધી વિધી કમલ રસ કારણે રે
અતી મૃદુલ મનોહર મન રંજે રે
તે ફુલ્યા છે અદ્ભુત ભાંત સું રે
એણી પેરે ભકત બેઠક માંહાં રાજે સદારે
એ ભકત વિવિધ રસસું રાતા રે
અહી અંતરંગ ભકત સેવા કરે રંગે રે
જાજમ પર સુપેતી સુખદ બહુઅરે
તે ભિન્ન ભિન્ન રંગે અતી સોહોતીરે
એહવી સુપેતી જોઈને રસિકા રંજે રે
તે બિછાવી ભોમ સેજયા પર રાજે રે
પંગત્ય તણી બાલીસ્ત કફઈ તણી રે
તે ઉપર ચાદર ચોપ કરી રે
રખે કાંઈ કુંજલક એહ માંહાં રહે રે
ફરી ફરી કર ફેરવે સેજયાએ પ્રિતે રે
સીરાહણું સુખદ ત્યાંહાં આણી ધર્યું રે
તેણે ઝાવા ઝલકે છે વિચિત્ર ભાંતે રે
તેહની શોભા જોઈ ભગવદી મોહે રે
પુરતે ધર્યું સેજયા પર મન મુદા રે
બહુ જત્ન સું સમારી ખુંટ ખોસે પ્રિતે રે
અદ્ભુત કોમલ કફઈના તે ભ્રાજે રે
મહિન ચાદર ઓઢવા અર્થે ધરી રે
સીરાહણેં સોંઘો તે લગાવીયો રે
ઋતુ ભેદે સુપેતી ઓઢવા મુકે રે
એહવી સેજયા તિબારી ખુણે લસે રે
સીરાહણું પશ્ચિમ દીશે જલકતુ રે
પંગત્ય પુર્વ દીશે સોહે રંગે રે
ઉત્તર દીશ ખુણા માંહે રાજતી રે
તે ઉપર ચોરસો ઢાંકયો પ્રિતે રે
ચરણ વસ્ત્ર જુલીચી સેજયા નિકટ રાખી રે
પ્રિય કરે છે ભોજન ભિતર સદા રે

કરે અંતર રમણ તે ઝાક ઝોલેરે ૧૩૦
દાન આપે વિચિત્ર તે શ્રી અંગ તણું રે ૧૩૧
બેઠક મધે સોહે છે નૌતન નવું રે ૧૩૨
બહુ ભાવ રૂપી લહેરો જોઈ મોહેરે ૧૩૩
આનંદ સરોવર તણી કેમ જાયે કહી રે ૧૩૪
પરાગે ભર્યા લહે લહે સહુ રે ૧૩૫
અહી પ્રગટયા તે જોઈ જોઈ ઓવારણે રે ૧૩૬
ભકત રૂપીયો અંબુજ રાજે રસ પુંજે રે ૧૩૭
ઉદબોધ સહિત અતી ખાંતસું રે ૧૩૮
કો ઉભા છે કો બેઠા મન મુદારે ૧૩૯
ભાવે ભર્યા સોહે બેઠક માંહાં રસ માતારે ૧૪૦
સેજયા બિછાવે છે અદ્ભુત ઉમંગ અંગે રે ૧૪૧
બિછાવી છે નાયકા સ્વરૂપે સહુઅ રે ૧૪૨
સૌરંભે ભરી પ્રિયનું મન મોહતી રે ૧૪૩
કોમલ કારૂણીક દિસે રસ પુંજે રે ૧૪૪
પ્રિતમને માંહાંરસ વિલસવા કાજે રે ૧૪૫
સેજયા પર આણી ધરી તે સોહામણી રે ૧૪૬
બિછાવી છે ભકતે તે સ્નેહ ધરી રે ૧૪૭
ચારે ખુંટ દાબે અતિ રસ લહે રે ૧૪૮
ચોહો દીશ ચાદર દાબે છે વિચિત્ર રીતે રે ૧૪૯
કફઈ તણું અદ્ભુત ભાવે ભર્યું રે ૧૫૦
ભરાવ્યું મફતુલ તેહ માંહાં ભકતે ખાંત્યે રે ૧૫૧
એહવા હાટયકના ઝાવા સીરાહણેં સોહે રે ૧૫૨
સ્વેત વસ્ત્ર સીરાહણેં લપેટે સદા રે ૧૫૩
ઉભય ગીરદા ધર્યા છે ત્યાંહાં વિચિત્ર રીતે રે ૧૫૪
સ્વેત ખોલ તેહને પહેરાવી સુંદર રાજે રે ૧૫૫
બહુ ભાંતના સુગંધ.....તે ભરી રે ૧૫૬
ઉભય ગીરદા ચુએ ભર્યા તે ભાવીયો રે ૧૫૭
ભકત ભાગ્યવાન સેવા કરે નવી ચુકે રે ૧૫૮
રસ ભકત બેઠા જુએ તે અનુસાર રસે રે ૧૫૯
આવિલોકતા માનીના મન ઢલકતુ રે ૧૬૦
ભકતે બિછાવી સેજયા તે ઉભય અંગે રે ૧૬૧
એમ સેજયા બહુ રસે ગાજતી રે ૧૬૨
દ્રષ્ટિ નિવારણ અર્થે તે વિવિત્ર રીતે રે ૧૬૩
એહવા સુખ જુએ સુભગાતે અભિલાખી રે ૧૬૪
ભકત સમાજ બેઠક માંહાં સોહે સદા રે ૧૬૫

રસિકા રસવસ એ સેજયા નિરખે રે
સેજયા આવિલોકે ફરી ફરી રે
એમ હલી મલીને હારંદ્ર આપે રે
તેહ પ્રકાર અનુભવી પાત્ર લહેરે
સેજ નિરખતા નેત્ર મકે નહી રે
એ ભોમ સેજયા સુખ ભર ભ્રાજે રે
એહના ભોગી શ્રી **વલ્લભદાસ** રે
એ સુભગ સોહાસણી અદ્‌ભુત લાગે રે
એ સેજયા રમણ તણું ધામ સોહતુ રે
સેજયા સુરતિ વિચિત્ર રસ જાણ ભલી રે
એ સેજયા સોહાગ સાર રાજતી રે
સેજયા રત્ન એ હુલસે ઘણું રે
એ સેજયા ઉદ્યોત જોત ઝલકતી રે
રસ ભકત બેઠા સેજયાને જુએ પ્રિતે રે
એ સેજયા ઉપર સર્વસ્વ વારે રે
બહુ પેરે વિલસ્યા છે પ્રિય રંગે રે
સેજયાના સુખ તે કેહી પેરે કહે રે
પ્રેમદા પ્રેમભર આવિલોકે રસે રે
અહી સમૃધ્ધ બહુ પેરે સોહતી રે
અવ્યકત સ્વરૂપ એ સેજયા તણું રે
સેજયા એ ઉદીયન કામ કરતો રે
અદ્‌ભુત ભોમ સેજયા એ સુખદ સદાએ
ભાગ્યવાન રસિકા જુએ રસ ભર્યા રે
તે સેજયા જોઈ બહુ પેરે હરખે રે
આંગણ માંહાં બેઠા છે અતિ મોદસું રે
પ્રિયજી ભોજન ભિતર કરે રે
બેઠક માંહાં ભકત સહુ બઠા પ્રિતે રે
તે પ્રિયજી જોશે આનંદ મુદા રે
કોન ભકત મન માંહાં એમ જાણશે રે
પણ હું તાં કાંઈ સમજુ નહી રે
એ અદ્‌ભુત રસ શ્રી માહાપ્રભુ તણો રે
તે રસને લખી હું કેહી પેરે જાણું રે
એ લેખન મેં નથી લખ્યું હાથે કરી રે
તેણે અવ્યકત રસ પ્રગટે બહુઅરે
એણે પ્રકારે થાયે છે લેખન રંગે રે
પ્રિય ભોજન કરે છે તે મન રલીય રે

અનુભવ સ્ફુરી આવે મન માંહાં હરખે રે ૧૬૬૧
પરસ્પર સ્નેહ રસ સું ઘરી રે ૧૬૭૧
શુભગા પરસ્પરે રસ સુખ સ્થાપે રે ૧૬૮૧
બીજુ કોઈ વચને કરી કેમ કહેરે ૧૬૯૧
પ્રેમદાને મહારસ દાન સ્ફુરે અહી રે ૧૭૦૧
પ્રિતમજીના રસ ઉપયોગ કાજે રે ૧૭૧૧
વિચિત્ર ભોમ સેજયા સોહે મન મુદા રે ૧૭૨૧
બહુ પેરે વિલસે પ્રિય અનુરાગે રે ૧૭૩૧
કામ પુર પ્રેમદા તણું મન મોહતુ રે ૧૭૪૧
રૂકમણીલાલ વિલસસે મન રલી રે ૧૭૫૧
થાશે અભીસાર તેણે રસે ગાજતી રે ૧૭૬૧
પ્રિય પોઢી ભાગ્ય વિસ્તારશે તે તણું રે ૧૭૭૧
નાયકા રત્ન રસભર ચલકતી રે ૧૭૮૧
કરી હુલસે છે તે રસ રીતે રે ૧૭૯૧
પ્રેમદા પ્રિતમનો રસ ચિત્ત ધારે રે ૧૮૦૧
સ્નેહ સહિત ઉદબોધશુ પ્રિય સંગે રે ૧૮૧૧
એ અદ્‌ભુત રસને રસિકા લહે રે ૧૮૨૧
સેજયાનું સ્વરૂપ જેહને ચિત્ત વસે રે ૧૮૩૧
રસવાન સ્વકિય સેજયા જોઈ મોહતી રે ૧૮૪૧
ભાવ ભરે અવિલોકે ભાગ્ય ઘણું રે ૧૮૫૧
સ્વકિય સુજાતિ તણું મન હરતો રે ૧૮૬૧
એણે પ્રિયજી પોઢશે મન મુદા રે ૧૮૭૧
જેના વર્ણ વાહાલે રસ માંહા રંગે કર્યા રે ૧૮૮૧
આશકત ભાવ આતુર થઈ નિરખે રે ૧૮૯૧
સુભગ સહુ પરમ પ્રમોદસું રે ૧૯૦૧
ત્યાંહાં બહુ બેટીયો તણું મન હરે રે ૧૯૧૧
શ્રી અંગ જોવા આવ્યો છે વિચિત્ર રીતે રે ૧૯૨૧
અદ્‌ભુત સુખ છે એણે માંડવે સદા રે ૧૯૩૧
જે એણે લખ્યુ છે તે પ્રમાણસે રે ૧૯૪૧
લેખણ તણી પેર્ય હોએ કહી રે ૧૯૫૧
અગાધ્ય સોહે છે સોહામણો રે ૧૯૬૧
અનુભવ રસ સુખ ચિત્ત માંહાં આણું રે ૧૯૭૧
શ્રી વલ્લભજી લખવા લાગ્યા છે સ્નેહ ઘરી રે ૧૯૮૧
રસ ભેદ વાહાલોજી જાણે સહુઅ રે ૧૯૯૧
શ્રી પ્રભુજીને તે લેઈ સંગે રે ૧૧૦૦૧
લક્ષ્મી વહુ પરોસે સ્નેહ વલી વલી રે ૧૧૦૧૧

આતુર થઈ પ્રિય કને આવે પ્રિતે રે
બોલે વાહાલોજી રીઝે અદ્‌ભુત ભાંતે રે
તે અંગી કરે વાહાલોજી હસી હસી રે
જલહલ જોત ભોજનશાલા માંહાં દિસે રે
બેઠક માંહાં ખવાસજી સેવા કરે રે
સ્નેહ ભર સેજયા બિછાવી રે તે નિત્ય નેગે રે
વલી જે જે જોઈએ તે સહુ સાજ કીધા રે
ભકતજુથે બેઠક માંહાં સોહે સહુઅ રે
તેહનો વિસ્તાર લખતાં તે ગ્રંથ વાધે રે
હવે ખવાસજી પહોચ્યા છે અહી થકી રે
સાથે ગડુઓ તષ્ટી સરસવ ખલી રે
એ આજ સહુ લેઈ ચાલીયા રે
આવી પહોચ્યા ભોજન સ્થલે રંગ રસેરે
રચ્યુ આસન અચવવા અર્થે સોહોતુ રે
પીઢા નિકટ ગડુઓ કસેડી ધરી રે
ઋતુ ભેદ તણે તે પ્રકારે સોહે રે
હસતી શીતકાલે અહીયે ઘેરે રે
એણી પેરે આસન મન મુદા રે
વાહાલો કરે છે ભોજન તિબારી માંહાં પ્રિતે રે
જલકે શ્રી અંગ રસે ભર્યું રે
અહી હાંસી કરે વાહાલો પ્રેમસું રે
બહુ બેટી તે સુણી હરખે ઘણું રે
પ્રિય તણી હાંસી ગહેરી ગંભીર ભારી રે
મોદ ભરે આવે બહુ બેટી હરખતા રે
તે શ્રી મહાપ્રભુજી તણું મન લહે રે
પરસ્પરે બહુ પરે હુલસીયા રે
દાતા ભુકતા છે એ રસ ભોગી રે
ભોજન કરતા જલપાન કરે રે
તે શોભા જુએ વહુ બેટી સહુ રે
શીતકાલ ભોજન કરતા હસંતી મેહેલે રે
એણી પેરે સુખ આપે વાહાલો અહી ઘણું રે
અનિર્વચનીય એ સુખ સદા રે
વિવિધી પ્રકારે રસ ભોગ કીધા રે
હવે પ્રિયની કૃપાથી જે રસ લહુંઅ રે
સ્વરૂપ વર્ણન કહું મન રલીય રે
અદ્‌ભુત રસ પ્રિય અહી આપીયો રે

પરોશે છે સામગ્રી સહુ રસ રીતે રે ।૧૦૨।
નૌતન સામગ્રી લક્ષ્મી વહુ પરોશે ખાંતે રે ।૧૦૩।
બહુઅ પ્રકારે લક્ષ્મી વહુ પ્રિયને ઉર વસી રે ।૧૦૪।
વહુ બેટી તણાં મનડા હીસે રે ।૧૦૫।
આવે ઉપયોગ પ્રિયને તે ચિત્ત ઘરે રે ।૧૦૬।
પ્રેમ ભર્યું બીડુ સુઘાર્યું તે વેગ વેગે રે ।૧૦૭।
સકલ અર્થ સેવા વર્તીના સીઘારે ।૧૦૮।
સ્નેહ ભર ભાવ સાચો છે તે બહુઅ રે ।૧૦૯।
પ્રેમ ભર પ્રેમદા પ્રિયસુ મન સાધે રે ।૧૧૦।
જાએ ભોજન શાલાએ તકી રે ।૧૧૧।
પીઢો ને સલી લીધી મન રલી રે ।૧૧૨।
વેગ વેગ પ્રિતમ કને માહાલીયા રે ।૧૧૩।
ચોક માંહાં સાજ ઘરીને બેઠા હસેરે ।૧૧૪।
મોટી તષ્ટીને પીઢો જોઈ મન મોહતું રે ।૧૧૫।
માંહે જલ ભરીયું અતિ સ્નેહે કરી રે ।૧૧૬।
શીતલ ઉષ્ણજલ લેઈયને તે મન મોહે રે ।૧૧૭।
બહુ પ્રકારે વાત્સલ્ય ખવાસજી કરે રે ।૧૧૮।
આશસકત ભકત તે નિરખે સદા રે ।૧૧૯।
સોહે દક્ષણ દીશે શ્રીમુખ વિચિત્ર રીતે રે ।૧૨૦।
દક્ષણ દીશા તણું ભાગ્ય વિસ્તર્યું રે ।૧૨૧।
ભોજન કરતા મીઠો નેમસું રે ।૧૨૨।
ભાગ્ય સરાહે ફરી ફરી પોતા તણું રે ।૧૨૩।
અદ્‌ભુત ભાંત કરે હાંસી સુખકારી રે ।૧૨૪।
પરોશે પ્રેમ ભર્યા માહા રસ વરસતા રે ।૧૨૫।
વાત કરી વચને કેહીપેરે કહે રે ।૧૨૬।
એણે પ્રકારે પ્રિતમજી સંગ વિલસીયા રે ।૧૨૭।
પાર્વતી પતિ રસ છે સંજોગી રે ।૧૨૮।
વિચિત્ર ધારસું મુખાંબુજ ભરે રે ।૧૨૯।
ભાવ પ્રગટે છે તેણે સમય બહુ રે ।૧૩૦।
અદ્‌ભુત ભાંતે તાપે પ્રિય રંગ રેલે રે ।૧૩૧।
કોણ ભાંતી કહી શકું તે સોહામણા રે ।૧૩૨।
શ્રી મહાપ્રભુજીએ ભોજન કીધું મન મુદા રે ।૧૩૩।
કુલ વધુઓ તણો અહી અર્થ સીધો રે ।૧૩૪।
ભોજન કરી ઉઠે વાહાલો તે કહુંઅ રે ।૧૩૫।
શ્રી અંગ તણી છબી જોઉ વલી વલીય રે ।૧૩૬।
બહુ બેટીને વિપ્રયોગ તે વ્યાપીયો રે ।૧૩૭।

તે શ્રી માહાપ્રભુજીએ સદ્ય લહયું રે
તેણે કરીને મોદ અંગે અંગે વાધ્યો રે
પ્રયણભર સમાધાન એણી પેરે કર્યો રે
એમ ભોજન કર્યું પ્રિય પ્રમોદસું રે
દક્ષણ કર ઉંચો વાહાલો શોભીયે રે
તેહ લટકે છે વિચિત્ર સોહામણો રે
ખવાસજી ચક ઉંચી કરે પ્રિતે રે
ઉત્તર દીશે શ્રીમુખ શોભા ઘરે રે
આપ્યો ગડુઓ શ્રી હસ્તથી ખવાસને રે
દે આશિષ પ્રિયને પ્રેમે કરી રે
વારણાં લે છે સહુકો આનંદ મુદા રે
એમ અચવવા પધારે પ્રિય રંગ રસે રે
પ્રયણ ભર જે પ્રમોદસું નિરખીયું રે
હવે શ્રી અંગની શોભા કહું પ્રેમે પાગી રે
શ્યામ સચિકણ કેશ લહલહે રે
ચમકે છે અંબોડો ફુલ્યો ફલ્યો રે
તે નિરખતાં મનડું વ્યાકુલ થાયે રે
થર હરે પ્રેમ ભર મનની રલી રે
પવન વસ ફર હરે મોદસું રે
કનપટી તણાં કેશ મનડું રંજે રે
અનુરાગ રસે બે સોહામણી રે
અહી શામ રેખા સુખદ રાજે જીરે
ભ્રુ મ્રનાલ મનોહર દેખીયે રે
બહુ પાંખડી વરૂણી વિચિત્ર દિસે રે
તે માહારસ ભકત ગુંજરવ કરે પ્રિતે રે
એહવા નયણ પ્રિતમજીના શોભીયે રે
નાશા નવલ ત્રીયા તણું ચિત્ત હરે રે
ગલસ્થલ ગોલ ગૌરતા સાથે રે
મોહોસર મનોહર પ્રિયની ભલી રે
ગોરસ ઘૃત દુધ અધરે દિસે રે
પ્રિય તણો અધર તે મધુર સોહે રે
હરપટી હસી રહી છે આનંદકારી રે
કર્ણ કોમલ તે અદ્‌ભુત રંગે રે
તે લલકે રસ રૂપી ભાવશું રે
રૂકમણીલાલ સોહે રસ દાન દાતા રે
શ્રીમુખ સુખની રખીયે ફરી ફરી રે

એહોના સમાધાન અર્થે કાંઈ વચન કહયું રે ૧૩૮૧
અદ્‌ભુત રસ શ્રી મહાપ્રભુજીએ સાધ્યો રે ૧૩૯૧
કુલ વધુઓના પ્રિતમે ચિત્તવિત્ત હર્યા રે ૧૪૦૧
હવે ઉઠે વાહાલો પરમ પ્રમોદસું રે ૧૪૧૧
વામ હસ્ત માંહાં ગડુઓ લીધો **લોભીયે રે** ૧૪૨૧
અચવવા પધારે છે પ્રિય મોહામણો રે ૧૪૩૧
વાહાલો ચોક માંહાં પધારે વિચિત્ર રીતે રે ૧૪૪૧
રસ ભકત અહી ઉભા તેહનું ચિત્ત હરે રે ૧૪૫૧
ઉલટ હવો નિજદાસને રે ૧૪૬૧
જૈ જૈ કાર બોલે અતી સ્નેહ ધરી રે ૧૪૭૧
બહુ ફુલ સહિત તે પ્રમોદ સદા રે ૧૪૮૧
તે સ્વરૂપ રસ ભકત તણો ઉર વસે રે ૧૪૯૧
ત્યારે મનડુ બહુ પેરે હરખીયુ રે ૧૫૦૧
નિજ ભકત અવિલોકે અતી અનુરાગી રે ૧૫૧૧
શીષે રહયાં ઝલકે કો કેમ કહે રે ૧૫૨૧
લલકી રહયો અદ્‌ભુત પીઠી મેહેલો રે ૧૫૩૧
નવિન અંબોડો ચિત્ત માંહાં ભરાયે રે ૧૫૪૧
કેશ તણી શોભા જુએ ભકત વલી વલી રે ૧૫૫૧
કુંતલ નમી રહયા છે પ્રમોદસું રે ૧૫૬૧
ભાલ ઉતંગે તિલક દિસે તેજ પુંજે રે ૧૫૭૧
વિચિત્ર ભાલે ઘરી છે મોહામણી જીરે ૧૫૮૧
તિલક મધ્યે અદ્‌ભુત ભાંતે ભ્રાજે જીરે ૧૫૯૧
નેત્ર કમલ કોમલ અવરેખીયે રે ૧૬૦૧
નેત્રાબુંજ ફુલ્યા જોઈ મન હીસે રે ૧૬૧૧
આમોદ લે છે અતી સ્નેહ રીતે રે ૧૬૨૧
આવે અચવવા તેણે સમય લોભીયે રે ૧૬૩૧
અદ્‌ભુત ભાંતે જલકે છે ભાવ ભરે રે ૧૬૪૧
રસિકાએ રસ ક્ષત કહી કર્યા હાથે રે ૧૬૫૧
વ્યંજન ભાંત લાગ્યો છે મનની રલી રે ૧૬૬૧
કહી કહી લાગ્યુ જોઈએ મન હીસે રે ૧૬૭૧
જોઈ જોઈ માનીની તણાં મન મોહે રે ૧૬૮૧
અવિલોકતા રસ પ્રગટે ભારી રે ૧૬૯૧
કયારે મુકતામણી પહેર્યા છે ઉમંગ અંગે રે ૧૭૦૧
રસિકા જુએ રસ દાવશું રે ૧૭૧૧
શ્રીમુખ અવિલોકતા હોએ શાંતા રે ૧૭૨૧
પધારે છે અચવવા પ્રિય આનંદ ઘરી રે ૧૭૩૧

ગ્રીવા ગોલ ગૌર વિચિત્ર લાગે રે
શ્રી કંઠે ને રૂદેશું લપટી રહી રે
તે રૂદે પર વિલશે આનંદ મુદા રે
ઉરોજ શુભગ સુંદર ઘણું રે
એહવા ઉરોજે ગોલ ગૌરતા સાથે રે
પારસ્વ પીઠી ઝલકે પ્રિતે રે
જનોઈ ઉપરેણો ખંભા પર સોહે રે
ચારે ખૂંટ ઉપરેણાના લલકતા રે
એમ ઉપરેણાના ખૂંટ શોભીયે રે
ભુજદંડ દાનાતુર દેખીયે રે
કાંડા પહોચલા તણો રસ મીઠો રે
વ્યંજન ગોરસ ઘૃતસું ભર્યો રે
જત્નસું મુઠીવત વાલ્યો તેણે કરી રે
તે શોભા નિરખું મનડું ઠરે રે
એણે પ્રકારે શ્રી કરતલ શોભીયે રે
નખમણી પંગત્ય ત્યાંહાં વિચિત્ર રીતે રે
વામ કરે તે લલકતો લહેકે ઘણું રે
એણે પ્રકારે અચવવા પધારે વાહાલો મીઠો રે
ઉત્તર દીશ ભણી ચાલે પ્રિય રંગે રે
કટી લંક લહેકે છે આનંદ મુદા રે
તે મહિન મનોરથે ભરી ચલકતી રે
વાહાલો મંદ ચાલે ચાલે પ્રિતે રે
નિતંબ શોભા જોઈ જોઈ મન ઢરે રે
જંઘા જુગલ તે સસોભીયે રે
ઘુંટણ જાનું જુગલ સુખદ લાગે રે
ઢાંકણાને એડી રસરૂપ દિસે રે
તે ઉતંગ અનુપમ દેખીયે રે
અંગુષ્ટ અંગુલી દલ દાન દાતા રે
ચરણાર્વિંદ મરકંદે ભર્યા રે
પ્રિય ચાલતા ચર્ણ તલવા દેખું રે
એણે પ્રકારે શ્રી અંગ તણું સુખ જોયું રે
અંગ અંગની છબી કોણ કહી શકે રે
તે સ્વરૂપના સુખ વિધી વિધી તણાં રે
તે વચને કરી કહયા નવી જાયે રે
તેણે કરી ફરી ફરીને શ્રી અંગ નિરખું રે
એમ અચવવા પધારે પ્રિય પ્રેમશું રે

તુલશી વૃંદ પહેર્યા વાહાલે અનુરાગે રે ૧૭૪૧
બહુ જુથ માલા તણાં કેમ જાયે કહયા રે ૧૭૫૧
લલકે છે પ્રેમદા પ્રેમ ભાવે સદા રે ૧૭૬૧
ચલકે છે સ્વરૂપ માહારસ તણું રે ૧૭૭૧
બીટડી ધરી તાહાં રસનીધિ નાથે રે ૧૭૮૧
ઉદર તણી શોભા છે વિચિત્ર રીતે રે ૧૭૯૧
ટુંડી પર ઝુમી આવ્યો જોઈ મન મોહે રે ૧૮૦૧
અદ્‌ભુત ભાંત નૃત્ય કરી ચલકતા રે ૧૮૧૧
ફરહરતા જોઈ ઘણું લોભીયે રે ૧૮૨૧
બેહુ કોહોણી તણો રસ પેખીયે રે ૧૮૩૧
દક્ષણ કર ઉંચો વાલ્યો તે દિઠો રે ૧૮૪૧
તે કર માંહાં સ્નેહ રસ પ્રિય ધર્યો રે ૧૮૫૧
શાક પાકે ભર્યો છે સોહામણો રે ૧૮૬૧
કહીયે એક ભાંતી લાગે છે તે ચિત્ત હરે રે ૧૮૭૧
અંગુલી દલની છબી જોઈ લોભીયે રે ૧૮૮૧
ઝલકે છે અનુપમ રસ પ્રિતે રે ૧૮૯૧
અદ્‌ભુત રૂપ સોહે તેહ તણું રે ૧૯૦૧
રસ રૂપ વાહાલો તે નયણે દિઠો રે ૧૯૧૧
મંદ મંદ મુસકની કરે સંગે રે ૧૯૨૧
અહીં ધોતી પહેરે વાહાલોજી સદારે ૧૯૩૧
કટી નિતંબે ધોતી અદ્‌ભુત ઝલકતી રે ૧૯૪૧
અચવવા પધારે તે વિચિત્ર રીતે રે ૧૯૫૧
મધુર મધ્ય સ્થલ ચિત્ત વિત્ત હરે રે ૧૯૬૧
એહોના ચરિત્ર જોઈ ઘણું લોભીયે રે ૧૯૭૧
અહી ધોતી લલકતી દેખી મન પાગે રે ૧૯૮૧
અનુરાગે ચૌડી પાટલી જોઈ મન હીસે રે ૧૯૯૧
પાહાની પાટલી સંગ પેખીયે રે ૧૨૦૦૧
નખ ચંદ્ર ચલકે બહુ રસ જ્ઞાતા રે ૧૨૦૧૧
અહી અનેક ભકત રસ ભાવે વર્યા રે ૧૨૦૨૧
રેખા સંયુકત ચર્ણ ચલાયે પેખું રે ૧૨૦૩૧
શીખનખ લગી તે મનડું મોહયું રે ૧૨૦૪૧
વિસ્તાર કરી કોઈ કેમ લખે રે ૧૨૦૫૧
પ્રગટે ક્ષણું ક્ષણું માંહે અતી ઘણા રે ૧૨૦૬૧
સ્વરૂપ સુખ જોઈને સાંતા થાયે રે ૧૨૦૭૧
નખશીખ શીખનખ લગી જોઈ હરખું રે ૧૨૦૮૧
બહુ બેટી ચક ઓટે જુએ નેમશું રે ૧૨૦૯૧

અતી અદ્‌ભુત મોદે ભર્યા વાહાલો રે
અહી અચવશે પ્રિયજી આનંદ ઘરી રે
અહી બહુ ભાંતે સેવાવર્તી કરે સેવા રે
ઉષ્ણકાલે પંખો કરે હરખતા રે
પવન વસ કેશ તે ફર હરે રે
કોઈ માંખી મુઠાશું વરજે પ્રિતેરે
સેવાવર્તી સેવા કરે અહી આનંદ મને રે
શીત કાલે હસંતી લાવે માહા મોદશું રે
બહુ વાત્સલ્ય અનેક પ્રકારે કરે રે
તેહનો સુગંધ ફેલ્યો છે અતિ સુખકારી રે
ખવાસજી નિકટ બેઠા સોહે રે
બેઠક મધ્યે ભકત જે કો બેઠા પ્રિતે રે
શ્રી મહાપ્રભુ ભોજન કરી ઉઠયા રંગે રે
તે સુણતા માત્ર ભકત હરખીયા રે
એ ભકત સોહાગ રસે પાગીયા રે
તે પ્રિયજી ને જોવા લોચે ઘણું રે
શ્રી માહાપ્રભુજી ભોજન સ્થલે પીઢે બેઠા રે
પ્રિય અચવ્યા તણી જે વિધી લહુઅ રે
ભોજન તણું એ ચોથુ માંગલ્ય સોહે રે
રૂકમણીલાલ રત્ન રસ ભર્યું રે
તેણે કરીયને માહારસ કાજ સીજયુ રે
પાર્વતીપતિ મહા સુખ કારી રે

આવી પીઢે બેઠા સહુકો નિહાલો રે ૧૨૧૦૧
તેહ પ્રકાર આગલને માંગલ્યે કહુંસ્નેહ કરી રે ૧૨૧૧૧
પ્રાણ વલ્લભજીને અંગે તે સુખ દેવા રે ૧૨૧૨૧
શ્રી અંગ તણી શોભા તે નિરખતા રે ૧૨૧૩૧
લહલહે ઉપરેણો ધોતી ઉછાહા ભરે રે ૧૨૧૪૧
પ્રિય પીઢા પર બેઠા છે વિચિત્ર રીતે રે ૧૨૧૫૧
વિધી વિધીના ભાવ છે તે ભકત કને રે ૧૨૧૬૧
પ્રિયને નિકટ ઘરે તે પ્રમોદશું રે ૧૨૧૭૧
હસંતી મધ્યે તે અગર ઘરે રે ૧૨૧૮૧
પ્રિય અચવવા પરાગ લે છે ભારી રે ૧૨૧૯૧
વાહાલાજીને અચવતા મનડું મોહે રે ૧૨૨૦૧
તેહોને વધામણી ગઈ માહા રસ રીતે રે ૧૨૨૧૧
અચવવા બેઠા પીઢા પર ઉમંગ અંગે રે ૧૨૨૨૧
ઉદબોધ ભાવે ભર્યા સ્નેહ વરખીયા રે ૧૨૨૩૧
ભકત ભાવે ભર્યા અનુરાગીયા રે ૧૨૨૪૧
કેમ કહી શકીએ ભાગ્ય એહો તણું રે ૧૨૨૫૧
રસભર રસિકા તણે ઉર પેઠા રે ૧૨૨૬૧
તે પ્રકાર એથી આગલે માંગલ્યે કહું રે ૧૨૨૭૧
પ્રિય પીઢે બેઠા જોઈ મનડું મોહે રે ૧૨૨૮૧
તે સ્વરૂપ ભકતે સ્નેહ ભર ઉર માંહાં ધર્યું રે ૧૨૨૯૧
ઉભય સ્વરૂપ તણું મનડું રીજયુ રે ૧૨૩૦૧
તેહોના અંગ અંગ જોઈ ભકત જાએ વારી રે ૧૨૩૧૧

ઈતિશ્રી માંગલ્ય બારમું સંપૂર્ણમ્
શ્રી શુભમ્ - શ્રી શ્રી શ્રી શ્રી શ્રી.

માંગલ્ય - ૧૩

શ્રી શ્રી શ્રી ગોકુલેશો જય જયતિ

એ માગલ્ય તેરમું લખીયે છે. તેને ગાવાને અનુકરણ તે વચન જે,

વેવાઈ તહારો માંડવો સંભાલ, રસિક વર રમી વલ્યાએ, એ જાતે ગવાશે.

અચવવા પીઢે પ્રિતમ બેઠા તો શોભા કેહી પેરે કહીયે એ
તે રૂપ અનુપમ સારૂ તો જોઈ જોઈ મન માંહાં લહીયે એ ।૧।

સ્નેહ ભર દંડવત કરૂ હું પ્રિતમજીને ખાંત કરીએ
રૂપ જોઉ તે રસ જુકત વારણાં લેઉ ફરી ફરીએ ।૨।

ભકત સમાજ ત્યાંહાં ઉભો છે નિરખે છે નાથને એ
અંગ સેવક તે સવા કરે પ્રિય સુખ સાથને એ ।૩।

બહુ બેટી ઉભા ચોક માંહે વલ્લભજીને નિરખે છે એ
વાહાલોજી અચવે છે પીઢા પર જોઈ મન હરખે છે એ ।૪।

ભકત બેઠા છે બેઠક મધ્યે વધામણી ત્યાંહાં કહીયે એ
પ્રિતમજી અચવે છે પીઢા પર તે સહુ કોઈ એ લહીયે એ ।૫।

તેહ આનંદયા અપાર ભાવ બહુ ચિત ધરે એ
રૂકમણીલાલ ચિત્તચોર ભલી પેરે મન હરે એ ।૬।

હવે કહું અચવ્યાના સુખડા જેહવા કૃપાબલે લહીયે એ
રસ ભર્યું પરમ રસાલ શ્રીમુખ જોયું મનમાંહાં કહીયે એ ।૭।

શ્રી વિઠ્ઠલલાલ અનુપ છે કુંવર રૂકમણી તણો એ
પાર્વતી પતિ ગુણ નીધિ નિરખ્યું તે આનંદ ઘણું એ ।૮।

પીઢા પર બેઠા તે સોહે છે લાવન્ય ચપલ ગતિ એ
પ્રિતમજીએ કરતે પ્રસાર્યા જલ રેડે ખવાસ શુભ મતિ એ ।૯।

પ્રથમ જલસું કરક્ષાલીને સુકી ખલી શ્રી હસ્તે ઘરી એ
તે વાસ ફેલી બહુ છે હેલી સુગંધ માંહે ભેલી કરી એ ।૧૦।

પરમ કોમલ સુખદાઈ તે ખલી ઉપયોગ આવે સદાયે
તેહ તણું ભાગ્ય છે અનુપ તે ખલી સોહે મન મુદા એ ।૧૧।

રંચક જલ મુકે છે ખલી પર કર માંહાં પ્રિય ફરી ફરી એ
ઉપરથી રેડ છે ખવાસજી જલ સોહતા ગડુઓ કરી એ ।૧૨।

કર કમલ તે ચોલે રંગસું સંગ સહુ સાથ સોહે એ
લાવન્ય ગતિ તે સુચાર જોઈ જોઈ ભકત મોહે એ ।૧૩।

કરતે ભિડયા તણી ભાંતે ચપલતાએ ચિત્ત હરે એ
તે કર લેઈ પોતે ખલી ભર્યો અધર મીડે રસ ભર્યો એ ।૧૪।

એ શોભા અનુપમ રાજે છે નિરખતાં સુખ સદા એ
અધર સ્પર્શ વાહાલો રંગ વિવિધી પેરે માન મુદા એ ।૧૫।

વલતા તે બેહુ કર ક્ષાલીયા ભાંત ભલી કરી એ
ફરયથી હસ્ત માંહાં ખલી મુકી ચોલે વાહાલો મન ઘરી એ ।૧૬।
કરતે મિડે છે અનુપ રૂપસું કહું તેહ નાથ તણું એ
જલસું સમાર્યા સુધાર્યા નખચંદ્ર માંહાં સલી કરે ઘણું એ ।૧૭।
એમ કર પ્રક્ષાલ્યા ભલીભાંત પછે તે કોગલા કરે એ
ગંડુકે ઉઠે છે તરંગ વાહાલોજી ત્યાંહાં મન હરે એ ।૧૮।
ચપલ ચતુર વરરાયે કોગલા તષ્ટી માંહાં નાખે એ
ભરી ભરી ગંડુક ગાલ કોગલાનો રસ તષ્ટી ચાખે એ ।૧૯।
એણી પેરે અચવે છે રંગ તરંગ સ્વક્રિય મન ભરે એ
શ્રી અંગ પરમ મનોહર નિરખતાં કાજ સરે એ ।૨૦।
અહી નિરાવરણ તે ઠામ થોડા ભગવદી રહે એ
તેહોના ઉલટ છે અપાર આનંદ ઘરી એમ કહે એ ।૨૧।
ભાગ્ય ફલ્યું માહારૂં આજ સખી મેં એ સુખ જોયું એ
અચવે છે પ્રિતમ સાર તે નિરખતા મન મોહુ એ ।૨૨।
દંત પંગત્ય સોધે સલીસું વલ્લભજી તે ઉકતસુએ
કરતે ક્ષાલીને કોગલા કરે વાહાલો ભલી જુકતસું એ ।૨૩।
અચવી પોહોંચે છે જેણીવાર ત્યારે સુધ્ય આચમન કરે એ
તેહ ચપલતા તે ભારી જોતા તે મનડું હરે એ ।૨૪।
ચરણ ક્ષાલ્યા બેહુ સાર તે તલે કટોરો રાજે એ
સુંદર રૂપ સુચારૂં માંહે ચરણામૃત રસ છાજે છે એ ।૨૫।
તેહ કટોરો ખવાસજી આપે બહુ બેટી ભણીએ
કુલ વધુ તે મન આનંદયા ચરણામૃત લે છે ઘણી એ ।૨૬।
પાદમુલ રસપાન કરી જુએ છે મીટય ભરીએ
વાહાલોજી તે પીઢા પર રાજે છે અચવી બેઠા ફરી એ ।૨૭।
મુખ વસ્ત્ર કર્યા તણી લાવન્ય સખી કેહી પેરે કહું એ
એહ સ્વરૂપ અનુપ શોભા મન માંહાં લહું એ ।૨૮।
ઝલકતું શ્રી મુખાર્વીંદ નિરખીયે ફરી ફરી એ
ચમકતુ ચારૂં શ્રી અંગ જોઉ મન ભરી ભરી એ ।૨૯।
રૂપ અવિલોકું વાહાલો ભુપ પ્રિતમજી તે ચિત્ત હરે એ
સનમુખ રહી ઉભી નિરખું એ સ્વરૂપે તે કાજ સરે એ ।૩૦।
હવે તે અભાગ્ય મારૂં ફુલ્યું છે તેણે કાંઈ નવી દેખુ એ
તે દુઃખ તે મન માંહે એ સુખ હવે કયારે પેખુ એ ।૩૧।
પ્રિતમ કૃપાબલે પામુતો સખી તારે સંગ લહું એ
તમો વિનવો વલ્લભજી રસાલને સખી હું તુહને કહું એ ।૩૨।
હવે તે કહું પ્રિય અચવીને પીઠે બેઠા ફરી એ
જમણા તે કરની અંગુલીદલ તેહ ટુંડી માંહાં ધરી એ ।૩૩।

કાંઈ એક ભણે છે તે વાહાલો ભગવદીયના નામ કહું એ
ભક્ત જે બેઠા આંગણ મધ્યે તેહો તણાં ભાવ લહું એ ।૩૪।
ભાવ અંગીકરી સુધાર્યા રૂદેય માંહે હિત કરીએ
દેવું છે તેહોને દાન અપરમિત સ્નેહ વાત્સલ્યે ભરી એ ।૩૫।
એમ પ્રિતમ પીઢા પરતે સોહે છે મોહાવે ભકતને સંગે એ
કરતલ બેહુતે મેહેલીને જલ મર્દન કરે નાથ રંગે એ ।૩૬।
શ્રીમુખ ઉંચુ તે કરીયને જલ બીડું નેત્રે ભરે એ
શીતલ થાએ સર્વાંગ તેણે મન સુખ ઘરે એ ।૩૭।
તે શોભા અનુપમ લાગે એમ સુચવે ભકતને એ
એણીપેરે મનમાંહાં તે રાખે છે નેત્ર માંહાં અનુરકતને એ ।૩૮।
એમ કહી વાહાલોજી સુચવે છે તેહોને આનંદ ઘણો એ
ચતુર પ્રિતમજી અનુપ એ કુંવર વિઠ્ઠલતણો એ ।૩૯।
હેત કલા ચાતુરી બહુ જાણે છે વખાણે કેહી પેરે કરૂ એ
અનુભવ સહિત મેં લખ્યું છે પ્રિતમને જોઈ સુખ ધરૂં એ ।૪૦।
એણીપેરે પીઢે તે બેઠા છે ભકતના મન હરે એ
અહીયે પ્રિય કાંઈ એકતે બોલે છે હાસ્ય પ્રગટ કરી એ ।૪૧।
કરેઅ તે ટોક રસાલી કારણ તે પોતે લહે એ
ટોક મીસે તે નિરોધીયા બહુઅ બેટી સહું કરે એ ।૪૨।
તેહોને દુઃખ મન માંહે વાહાલોજી પધારશે એ
દંડવત કરીને ઓવારણા લેઈ કર વારશે એ ।૪૩।
ચિત્ર લખ્યાસ્યા નિહાલે છે વાહાલોજી પીઢે બેઠા એ
પરમ ચતુર વર રાય તે એહોના ઉર માંહાં પેઠા એ ।૪૪।
સુખ અનુભવ કહયો ઘણોય તે દુઃખ કેહી પેરે સહે એ
દુઃખડું અસહી થયુ અપાર નેત્ર માંહાંથી જલ વહે એ ।૪૫।
નિસાસા મુકે છે સ્નેહ રીતે પ્રિતમ મન અતિ ઘણી એ
સમજે ચતુર વર રાયે મનવ્રત લહે તેહો તણી એ ।૪૬।
એણીપેરે ચિત્ત તે નિરોધ્યા વાહાલો એહવા હિત ભરી એ
પીઢે બેઠા છે પ્રિતમજી અહી સ્નેહ ભરી દ્રષ્ટિ કરી એ ।૪૭।
ભકત સમાજ તે જુએ છે મનને આનંદ ઘણો એ
સુભટ શીરોમણીરાયએ એ કુંવર રૂકમણી તણો એ ।૪૮।
પાર્વતી પતિ સાર મારો એ પ્રિતમ ખરોએ
વલ્લભજી છે પરમ રસાલ જોઈ જોઈ મનડા ભરો એ ।૪૯।
રૂપ અનુપ એ સ્વરૂપનું સુખડુ સદા લહો એ
કરો મન ભાવતા કાજ પ્રિતમજીને એમ કહો એ ।૫૦।
સુરતિ રસિલી રસાલતે વાલ તણી કરો એ
આનંદ મોદ પ્રમોદસું પ્રિયનો અનંગ હરો એ ।૫૧।

પીઢે બેઠા સુખરાસ આનંદમઈ દાન દે છે એ
એણી પેરે ચરિત્ર વિલાસ રસ કરે તે સ્વકિય પાન લે છે એ ૧૫૨૧
વચન બોલે રસપુર સુર છે વાહાલો ઘણું એ
સ્વકિય વૃંદને સુખકારી હું સું કહું તેહ તણું એ ૧૫૩૧
રૂકમણીલાલ લડેતો છે ભાગ્યબલે પામી એ
પુરણ કૃપા જયારે હોએ એહોને જોઈ દુઃખ વામીએ એ ૧૫૪૧
એ ફલ પરમ ઉદ્યોત જોત તે દુર્લભ સદા એ
પીઢે તે બેઠા નાથ સાથ જુએ મન મુદા એ ૧૫૫૧
પધારવા સમય તે લહીને લાલજી ત્યાંહાં આવીયાં એ
સ્નેહ વાત્સલ્ય હિત ભરે આવ્યા પ્રિતમ મન ભાવીયાં એ ૧૫૬૧
પ્રિતમજીએ સુંદર રસાલી ભાંતે કરકમલ પુછાં એ
વિચિત્ર મનોહર રૂપ નકસોરા ભલી ભાંતે લુછાં એ ૧૫૭૧
એ શોભા તે કહી કેમ જાએ સ્વરૂપ સુંદર સખી એ
નિરખી નિરખી મન રંગએ શોભા મેં તે મન લખી એ ૧૫૮૧
પ્રથમે તાં ભોજન કરે છે તે માંગલ્ય એકે કહું એ
બીજે તાં ભકત હવેલી માહાં અવસ્તા ભેદે તે લહું એ ૧૫૯૧
ત્રીજે તાં ભકત બેઠક માંહાં આવે તે ઉનમત રસે એ
ચોથે તાં વાહાલોજી ભોજન કરી ઉઠયા તે મન વસે એ ૧૬૦૧
પાંચમે પ્રિતમજી અચવ્યા હવે બઠેક પઉંધારશે એ
અહીં પીઢે બેઠા સુંદર લાગે છે ભકત જોઈ મન વારશે એ ૧૬૧૧
કો સમય બીડા અહી આરોગે છે લાલ રંગ અધર ચલકે એ
તે લાવન્ય ચપલતા જોઉ શ્રી મુખાર્વીંદ ઝલકે એ ૧૬૨૧
કો સમય એહવો વાણે આવ્યો જે આવ્યા ભકત પ્રિતમ પાસે એ
સનમુખ રહીઅ ધરાવે છે પાગતે કેસરી આસે એ ૧૬૩૧
વાહાલોજી પરમ પસન્ન પાગ બાંધી પહોચ્યા જયારે એ
શ્રી ચરણાર્વિંદ રસાલાતે ભકતે છોહયા ત્યારે એ ૧૬૪૧
શીષ ઉઠાવે મારો નાથ પ્રિતમજી તે કર ધરી એ
શ્રી હસ્ત કર ધરી સાર સ્પર્શ સુખ સ્નેહ ભરી એ ૧૬૫૧
શીષ ઉઠાવ્યું ભલી ભાંતે તે ખાંતે કરીએ જોયું એ
પુર્યા છે મનોરથ ભકતના મહેદ તણું મન મોહું એ ૧૬૬૧
અભિનવો સુખ અહી આપીને પ્રિતમ પધારે છે એ
વહું બેટી દંડવત કરીને તન મન તે ઓવારે છે એ ૧૬૭૧
સિથિલ થયા સહુ ગાત્ર ને ગદગદ કંઠભર્યા એ
પરમ ચતુરવરરાયે વાહાલો તેહના ભાવ વર્યા એ ૧૬૮૧
પ્રિય પીઢે બેઠા છે રસ રાસ તેજ તણો પુંજ લહું એ
બીડુ આરોગે મુખ ચારૂ હાસ્ય રસ તે કહું એ ૧૬૯૧

મુસકની લાવન્ય રસાલી તે માલી પ્રિય સુખ જોયા એ
મંદમંદ હસતા તે જાએ મુખાર્વીંદે મન મોહયા એ ।૭૦।
ગાલ ભર્યા પ્રિય પાન અધર રસ ફેલી ચાલ્યો એ
ચાકોચારૂ તે સુઠાણ સ્વકિયને અંગે ફુલી માહાલો એ ।૭૧।
જીભ્યા અલોલ અતિ લાલ કલોલ મુખ માંહાં કરે એ
જાણે નૃત્ય કરે નવલીતે ભાંત શોભા તે ઉર ભકત ઘરે એ ।૭૨।
અહીં હદ કહું છું કાંઈ એક તે સ્વરૂપ વર્ણન લહું એ
અચવીને પીઢા પર બેઠા છે પ્રિતમજીતે સુખ કહું એ ।૭૩।
શોભા અનુપમ લાગે છે શ્રી અંગ સુંદર ઘણું એ
કેશ તે સચિકણ શ્યામ શું કહું અંબોડા તણું એ ।૭૪।
પીઠ ઉપર તે લલકી રહયો અંબોડો રસ ભર્યો એ
ફર ફરે કેશ સુદેશ એ રસ તે સ્વકિયે વર્યો એ ।૭૫।
ભાલ ઝગમતું અનુપ તિલક ત્યાંહાં બિરાજે છે એ
સ્વકિય વૃંદ ઉભા નિહાલે તેહોના સુખ છાજે છે એ ।૭૬।
તિલકની સર બે અનુપમ માંહે શ્યામ રેખા વરી એ
શ્યામ તે પીત એ આભા બેહુ મલી શોભા ઘરી એ ।૭૭।
ગૌર ભાલ અનુપમ એ ત્રણ્યે એકઠી મલી એ
ત્રપ ત્રપે તેજ પ્રકાશ રાજ રીતે તે ભલી એ ।૭૮।
સનમુખ જોઈ કો નવી શકે એહવું તેજો ભરી એ
પ્રિતમજી દાન જેને કરે તે જુએ છે નિશ્ચિત થઈ એ ।૭૯।
ભાલ પાસે તેજ સોહે ત્યાંહાં ભ્રકુટી ભલી મલી એ
કટીલંક નિપટ અણીયાલી એ નાર અહીએ મલી એ ।૮૦।
ભુઅ વિલક્ષણી નાર્ય એ શોધી લાવે નાયકાને એ
મધ્યવર્તી તણું કાજ કરી પધારે સુખ દાયકાને એ ।૮૧।
એહવી એ ભ્રકુટી કટીલી ઘટીલી છે ક્ષણુ માંહાં એ
ફેર ફંદ બહુએ તો જાણે છે માને નહી અણું માંહાં એ ।૮૨।
નેત્ર અલોલ અણીયાલા માંહે લાલ રેખા ઘરી એ
કલોલ કરે તે સખી સાથ નેત્ર માંહા રસે ભરી એ ।૮૩।
નેત્ર ચપલ અકુલતા મદે ભર્યા માનીની જુએ એ
પ્રિતમ છટીલો હટીલો નેત્ર જોઈ મન મોહે એ ।૮૪।
અચવી બેઠા છે વલ્લભલાલ સ્વકિય સહુ એ સુખ નિરખે એ
ભકતને ઉલટ અપાર સ્વરૂપ સુખ જોઈ હરખે એ ।૮૫।
નાસીકા નવલ અનુપ રૂપ સુંદર પ્રિય તણું એ
નિરખતા અભિનવો રંગ સ્વકિય જુએ અતિ ઘણું એ ।૮૬।
મીઠો અંગ આમોદ લે નાસા તેને કરી ઘણું ગમે એ
નાસિકા મરકંદ આહાર પાન કરે તેણે સમે એ ।૮૭।

બીડુ આરોગે સુખરૂપ ભુપ પ્રિય રાજે છે એ
તેણે કરી ગલસ્થલ ઝલકે તે અભિનવા છાજે છે એ ૧૮૮૧
કર્ણ કોમલ સુખરાશ પાસે જોઉ મદ ભર્યા એ
ઝાંઈ ભલી મલે અપાર પ્રિય ભકત તણાં ભાવ વર્યા એ ૧૮૯૧
કો સમય કર્ણ મુકતાફલ પહેર્યા સોહે અભિનવા એ
તેહની જોત કપોલ મધ્યે પડે કર્યા એક ભવા એ ૧૯૦૧
એ સ્થલ તે રસિલી રસાલ ત્યાંહાં આવી અનુસર્યા એ
વિસ્તાર્યા છે ભાગ્ય મુકતા તણા પ્રિતમે અંગી કર્યા એ ૧૯૧૧
હવે તે કહું મુખચારૂ અધર શોભા મન વસે એ
લાલ ભર્યા છે રસાલ જીભ્યા દંત સંગ હસે એ ૧૯૨૧
ઠોડી જોઉ તે અવ્યકત જુકત એહોની અતિ ભલી એ
સ્પર્શતા અતિ સુખદાએ સુરતે સ્વકિય અહી હલી એ ૧૯૩૧
મનોહર ઠોડી સુદેશ નિરખતા તે સુખ ઘણું એ
ચીબુક ચતુર ચપલાએ નાર સું કહું તેહ તણું એ ૧૯૪૧
ઠોડીનો રસ તે અલોલ કલોલ કરે સ્વકિય સંગે એ
રસ ભરી રસિકા સુદેશ વરેશ પ્રિય રંગ અનંગે એ ૧૯૫૧
ઠોડીની મટક ચટક તે અટક સુખ કેમ કહું એ
રસ ભર રસિલી હસિલી વસિલી તે મન લહું એ ૧૯૬૧
ઠોડી સુભગા સુખકારી ભારી દાન અભિનવા એ
રસ જુત અનુપમ ઉકતજુકત સખી સંગ રંગ હવા એ ૧૯૭૧
હવે ગ્રીવા ગંભીર સ્વર રાજે અચવીને પીઢે બેઠા છે એ
સ્વર તે સુણે છે વ્રજનાર તેહોના ઉર માંહાં પેઠા છે એ ૧૯૮૧
હવે ખંભા બેહુ તે સુઢાલ બાલ જુએ રંગ ભર્યા એ
ખંભા જોત અભિનવી રસાલ તેણે તે મનડા હર્યા એ ૧૯૯૧
પ્રિય બાંહે છે સ્વકિય સુખદાયે લાવણ્ય જોઈ સુખ લહું એ
એહોના પેચ પાંચતે અપાર સાર રસ કેમ કહું એ ૧૧૦૦૧
બાંહે કોહોની કર સુખડા પોંહોચલા જોઉ મન ધરી એ
કરતલ પરમ રસાલ સ્પર્શ કરૂ ચિત્ત ધરી એ ૧૧૦૧૧
રેખા અભિનવી છે સુચારૂ કોમલતાનો પાર નહી એ
સ્પર્શ કર્યા અતિ બહુ પેરે દર તે સોહે અહી એ ૧૧૦૨૧
અંગુલીદલ અતિ આછા સાચા નખચંદ્ર લહુ એ
મુદ્રિકા ચમકે ઉદ્યોત જોત હું કેહી પેરે કહું એ ૧૧૦૩૧
પ્રિતમજીના કરછે રમણીક લહી સ્વકિય અનુભવી સદાએ
જેને સુરતિ સુખદાન પાન કરે મન મુદા એ ૧૧૦૪૧
હવે હૃદય તણી શોભા હુલસીને કાંઈ એક કહું એ
એ ઠોર અભિનવો છે મારો રસાલો તે મન લહું એ ૧૧૦૫૧

હૃદય રમણ સુખ ધામ પુરે કામ સુંદરી તણું એ
આરત હરણ એહનું નામ એ સુખ આપે અતિ ઘણું એ ।૧૦૬।
હૃદય બાલ રસાલ રમણીક તે સ્થલે રાજે એ
પરમ સકોમલ સાર હૃદય તે સુંદર છાજે એ ।૧૦૭।
એ ગેહેરૂ ગંભીર છે અનુપ વહાલોજી પોષણ કરે એ
હૃદયે જોઈને મન માંહાં ભકત આશા અભિલાખા ધરે એ ।૧૦૮।
માલા અનુપમ ઝલકતી હૃદેય ઘણું સોહે એ
અભિનવી વિલક્ષણ નાર તે મનડા જોઈ મોહે એ ।૧૦૯।
માલા તણું ભાગ્ય સરાહે છે ભકત સહુકો મલી એ
હૃદય પર વિલસે છે નિશદીન માલા ઉર સંગ હલી એ ।૧૧૦।
હૃદય પર માલા તે સુચારૂ રમણીક લાગે અતિ ઘણું એ
પ્રિતમજી બેઠા છે ઉર ઉતગે હું સું કહું તેહ તણું એ ।૧૧૧।
હૃદય ઉર જોઈને હું વારૂ સખી પ્રિય પર તન મન એ
પરમ રસિલું રસાલ સખી મારે પ્રિય ધન એ ।૧૧૨।
મુલ પુંજી મારે એહ પ્રિતમના રૂદે તણી એ
તેણે કરી જોતા મન વાધે આશા તે ફેલી ઘણી એ ।૧૧૩।
હૃદય જુએ વ્રજનાર તે પાર કેહી પેરે લહું એ
તે સમજે આપાપણી વાત હું ચલક ઝલક કહું એ ।૧૧૪।
નાભી કમલ સુખ સાર અપાર સુંદર સોહે એ
સુભગા છે પરમ સુદેશ જોઈ જોઈ મન મોહે એ ।૧૧૫।
ઉદરતે અભિનવું રાજે આસપાસે રસ બહુ એ
ઉપરેણો જનોઈ તે સોહે છે ટુંડી પર દેખે સહુ એ ।૧૧૬।
ધોતી પહેરી છે કટી નિતંબ તે લાવન્ય કેહી પેરે કહું એ
મધ્યસ્થલ રૂચીર રસાલ તે મનનું મન માંહાં લહું એ ।૧૧૭।
ધોતી તણી પાટલી સુદેશ વરેશ પ્રાણપતિ બેઠા એ
ભકત સમાજ શ્રી મુખ જુએ પ્રિય તેહને ઉર પેઠા એ ।૧૧૮।
અચવી બેઠા છે સુખસાર સ્વરૂપ કેમ જાએ કહયું એ
અથાહ અપરમિત રૂપ અનુપ કૃપાબલે લહું એ ।૧૧૯।
કો સમય શોભે કેસરી ધોતી ઉપરેણો પહેર્યો સોહે એ
રંગગહેરો છે અપાર તે પ્રિય તન જોઈ મોહે એ ।૧૨૦।
જંઘા ઘુંટણ જાનુ નિરખતા ઉદ્યોત તે અતિ ઘણું એ
એડી પાહાંની રંગ સા શું કહું કોમલતા તણું એ ।૧૨૧।
શ્રી ચરણ પાટલી અનુપ ઉદ્યોત ઢાંકણે મલી એ
ઉતંગ અભિનવી બિરાજે ચરણાર્વિંદ જોત હલી એ ।૧૨૨।
અંગુલીદલ નખમણી નિરખ્યું જોત જોઉં મન માંહાં લહું એ
શ્રી ચરણાર્વિંદ રસ ઉગ્ર પ્રતાપ હું કેમ કહું એ ।૧૨૩।

મુખાર્વીંદ રસ નિરખ્યું પ્રિતમ અચવી બેઠા છે એ
બહુ બેટી આદે જે સમાજ પ્રિય તેહોના ઉર માંહાં પેઠા છે એ ।૧૨૪।
અહી થકી ઉઠીયા નાથ હવે બેઠક પધારે છે એ
બહુ બેટી સર્વ સમાજ દુઃખડા લેઈ વારે છે એ ।૧૨૫।
ચાલ લટકતી ચટકતી મટકતી પ્રિય આવે છે એ
આશિષ દેઈ જૈજૈકાર બોલે વ્હાલાજીને ભાવે છે એ ।૧૨૬।
ગલી તણું દ્વાર ઉતરીયા ચપલતાએ પ્રિતમ રંગે એ
પુઠે જુએ રસ ભકત અનુરકત સોહે સંગે એ ।૧૨૭।
શ્રી અંગ આમોદ લે સ્વાદ ભગવદી તે મન મહાલે છે એ
હવે તે સાહમી ગલીએ ઉત્સાહ ભર્યા વાહાલોજી તે ચાલે છે એ ।૧૨૮।
તે પ્રકાર કાંઈ એક તે આગલને માંગલ્યે કહું એ
સનમુખ ભકત નિહાલે તે પેરે ભલી લહું એ ।૧૨૯।
પાંચ માંગલ્ય એ ભોજન તણાં અભિનવા રાજે છે એ
આઠ પ્રથમના સુદેશ મેહેલા તેર છાજે છે એ

ઈતી શ્રી માંગલ્ય તેરમું સંપૂર્ણમ્ સમાપ્તમ્

માંગલ્ય - ૧૪

શ્રી શ્રી શ્રી પ્રાણ પ્રિતમજી જય જયતિ એ
માગલ્ય ચૌદમું લખીયે છે. તેહને ગાવાને અનુકરણ છે "ઝર ઝર વરક દીવડો સ્થલ વલે,
રાણી રૂકમણી પુત્ર ભલો જણે", એણે અનુકરણે ગાવું, એ માંગલ્યની વલી બીજી જાતે ગવાશે,
તે વચન જે, ગોલ ગલીયોને મીઠો ચોપડો, કંસાર કપુરે વાસીયો, એ જાતે ગવાશે

પ્રથમ તે અચવ્યા તણી જેહ કહી આવીયાં અચવી બેઠા તેહ ।૧।
હવે ગલીએ પધારતા નિરખે છે સાહમા ઉભા તે ભકત સહુ હરખે છે ।૨।
તેહ શોભા કહેવા હું મન ધરૂં સ્નેહ ભર દંડવત પ્રિતમજીને કરૂં ।૩।
નિચા નિહોરીને શીષ ઉઠાવે છે તે મારા મન માંહાં અતિ ભાવે છે ।૪।
તેણે કરી મનને ઉત્સાહ ઘણો વલ્લભલાલ શ્રી રૂકમણીજીય તણો ।૫।
એહોની કૃપા બલે લહિયને તેહુ કહું પ્રિય ગલીયે પધારશે સનમુખ લહું ।૬।
એ ગલીયું રસિલી રસાલતે જયાંહાં પધારે શ્રી રૂકમણી બાલતે ।૭।
એ ગલીય રમણ રસ ધામતે પુરે છે પ્રિતમજીના કામતે ।૮।
એ ગલી વાહાલાને રૂચી કારી છે પ્રિય પધારે છે રસ સુખ ભારી છે ।૯।
એ ગલી ચતુર ચપલાતી છે અહીં અભિશરણ સ્વકિય પલાતી છે ।૧૦।
એ ગલીય તેણે પ્રિયને વાહાલી છે સ્વકિય સુજાતિ અહી અભિશરણે મહાલી છે ।૧૧।
તેહનો સુવાસ ફેલ્યો ચોહોં ઓરતે તેણે કરી અહી બહુ સારતે ।૧૨।
એ ગલીયના ભાગ્યનું શું કહું અભિશરણ પ્રિતમ વિનિયોગ લહું ।૧૩।
ગલીયા રસ ઉપયોગીની દ્વારતે સુરતે ભરે વાહાલાને રસ પાર તે ।૧૪।
પ્રિતમની એ ગલીય વસીલી છે રસિલીય નાર એ હસીલી છે ।૧૫।
અહી અવનવા અભિશરણ થાએ તે બહુજી પધારે પ્રિયને સોહાયે તે ।૧૬।
વલ્લભજીને ગલીયે સુખદાઈ છે સ્વકિય સુજાતિને મન અતિ ભાઈ છે ।૧૭।
એ ગલીયનું રૂપ હું કેમ કહું બાહાજય થાએ તેણે મન માંહાં લહું ।૧૮।
એ ગલીય સુદેશ સોહામણી જયાંહાં વલ્લભજી પધારે તે મોહમણી ।૧૯।
ભોજન કરી પ્રિતમ પધારે છે સ્વકિય વૃંદ નિરખી પ્રાણ ઓવારે છે ।૨૦।
પ્રિય ચાલ લટકતી તે ચાલે છે મટકતા શ્રી અંગ સહુ માહાલે છે ।૨૧।
પ્રિતમજી તે રસ ભર્યા આવે છે ભકત પ્રિય સંગ ચાલે તેને ભાવે છે ।૨૨।
અહી સુવાસ અપરમિત ફેલીયો શ્રી અંગની આમોદ તે છેલીયો ।૨૩।
તે પાન કરે નિજ ભકત જેહ સાથે ચાલે પ્રિયને અનુરકત તેહ ।૨૪।
સાહમા જુએ ભકત પ્રિય મુખ રસ ભર્યું પ્રિતમજીએ તેહોનું તે ચિત્ત હર્યું ।૨૫।
સાહમી ગલીએ પધારે છે સુખનીધિ વલ્લભજી પ્રિતમ મારેએ રીધી ।૨૬।
મારી રીધી એ અનુપમ રાજે છે પ્રિય નવિણ રૂકમણી સુત છાજે છે ।૨૭।
એ પરમ લડેતો સુવેસ છે પ્રિયનું શ્રી અંગ સુભટ તે સુદેશ છે ।૨૮।
ભોજન કરી પધારતા સુખ ઘણું ભકત નિરખતાં નવી મટકે અણું ।૨૯।

મારા સુખડા તે પ્રિયકને રાજે છે	શ્રી વલ્લભજીને જોઉ મન ગાજે છે	૧૩૦૧
વિઠલજીનો લાલ પ્રેમવત સદા	રસે ભર્યા વચન બોલે તે મન મુદા	૧૩૧૧
તે સુણે ભકત હાસ્ય અહી અભિનવુ	પ્રિય કરે છે ભુતો ન ભાવી કહી હવું	૧૩૨૧
વાહાલો હસતા શ્રી અંગ લાલ થાયે છે	તેણે કરી સ્વકિયને મન સોહાયે છે	૧૩૩૧
એમ વાહાલોજી વાત રસે ચાલે છે	પ્રિતમજી અભિનવે રંગે માહાલે છે	૧૩૪૧
તે શોભા અનુપમ લાગે છે	પ્રિય પધારતા જોઈ મન પાગે છે	૧૩૫૧
એ સ્વરૂપની લાવણ્ય અભિનવી	એહવી શોભા ભુતો ન ભાવી કહી હવી	૧૩૬૧
અભિશરણ જાણી પ્રિય ચાલે છે	સંકેત સુરત આવી માહાલે છે	૧૩૭૧
તેણે શ્રી અંગ વિલક્ષણ દિસે છે	તે શોભા નિરખતા મન હિસે છે	૧૩૮૧
વાહાલોજી ઉપડતા ચરણ ચાલે છે	રસ પ્રવિણ નાયકા માલે છે	૧૩૯૧
પ્રિય ગતિ મેદેથી શ્રી ચરણ ઘરે છે	તે જોતા મનડું પ્રિતમ હરેઅ છે	૧૪૦૧
એણે રસે પ્રિય મદ ભર્યા રાજે છે	સ્વકિય સુરતી અભિશારે મન ગાજે છે	૧૪૧૧
વલ્લભના ચરિત્ર તે શું કહું	સમજી મન માંહાં સુખ રસ લહું	૧૪૨૧
એ સ્વરૂપ તેજોમઈ રસ ભર્યું	સ્નેહવાન નિરખતા ચિત્ત હર્યું	૧૪૩૧
અહીં સ્વરૂપ વર્ણન કાંઈ કહું છું	જહવું તે યથા વિધી લહુંઅ છું	૧૪૪૧
હું તો વચન ચાતુરી જાણું નહી	પ્રિય રસતે અગાધ્ય અનુભવ્યો અહી	૧૪૫૧
તે આશય હું મન માંહાં ધરૂ	શ્રી મુખાર્વીંદ જોઈ રસે ચિત્ત ધર્યું	૧૪૬૧
વલ્લભલાલ ભોજન કરીય પધારે છે	ભકત સનમુખ ઉભા તે મન વારે છે	૧૪૭૧
શીષ કેશ ચલકતા અપાર છે	અંબોડો લલતો પીઠે સારે છે	૧૪૮૧
મારા વાહાલાના અંબોડાનું શું કહું	એહવો જગતીતલ માહાં બીજો નવી લહું	૧૪૯૧
એ અંબોડો પ્રિતમજીએ શીષે ધર્યો	વાલ્યો શ્રી હસ્તે સ્પર્શી અભે કર્યો	૧૫૦૧
એ તો ઝલક લલક ચપલાતો છે	અંબોડો પ્રિતમ સંગ માતો છે	૧૫૧૧
એહોની હલક ઢલક અતિ સારી છે	અંબોડો તેજ પુંજ ભારી છે	૧૫૨૧
ચુચુતો અંબોડો એ રસ ઘની	શોભા એ અપરમિત એ બની	૧૫૩૧
અંબોડો પ્રિય ચાલતા ઘરકે છે	જોતા સ્વકિય તણાં અંગ ફરકે છે	૧૫૪૧
ભોજન કરી પધારે વલ્લભ ઘણી	જાણે સ્વકિય નીધિએ મોહામણી	૧૫૫૧
અંબોડો રસિલો એ રસે ભર્યો	વાહાલાજીએ સુખસું મસ્તકે ધર્યો	૧૫૬૧
પવન ચાલે અંબોડલો ફરકે છે	અવિલોકતા સ્વકિય વૃંદ થરકે છે	૧૫૭૧
પ્રિય ચાલે અંબોડલો હાલે છે	નિરખતા સ્વકિય સુજાતિતે માહાલે છે	૧૫૮૧
અંબોડલો જોઈ સખી સુખ હવા	પ્રિય નિરખતા આવે છે તે એક મવા	૧૫૯૧
કેશ મસ્તક ઝલક ચલક કરે	હવે કહી તે કુંજલક આભા ઘરે	૧૬૦૧
ચુચુતા કેશ ચલકે ઘણું	માંહે સ્વેત વેલી સોહે શું કહું તેહ તણું	૧૬૧૧
શ્યામ સ્વેત સખી અહી રાજે છે	એ શોભાતે અનુપમ ભ્રાજે છે	૧૬૨૧
ભાલ ઉપર કુંતલ કેશ અભિનવા	પ્રિતમજીએ કર્યા છે તે એક નવા	૧૬૩૧
કુંતલ નિપટ છોટા કૃતે મોટા સોહે	ભાલ ઉપર નમી રહયા જોઈ સહુ મોહે	૧૬૪૧
કુંતલ કોઈના હાથ માંહાં આવે નહી	ભાલ ઉપર વિલસે છે સુંદર અહીં	૧૬૫૧

એ કુંતલ સુભગતે સોહામણાં	સ્વકિય વૃંદને પરમ મોહામણાં	૧૬૬૧
હવે કહું કનપટી કેશ રસાલ છે	ફર ફરતા જોઈ મોહે વ્રજબાલ છે	૧૬૭૧
તેની શોભા અનુપમ લાગે છે	તે જોઈ સ્વકિય વૃંદ મન પાગે છે	૧૬૮૧
પવનને સંગ કેશ ફરહરે	પ્રિય પધારતા જોઉ મન થરહરે	૧૬૯૧
એહવા સુખડા પ્રિતમ તણાં રાજે છે	પધારે ભોજન કરી છાજે છે	૧૭૦૧
ભાલ જગમગ જોત પ્રગટ ઘરે	અહીં તિલક પ્રિતમજી નિત્ય કરે	૧૭૧૧
અનુરાગ સેર બે અભિનવી	એહવી ભુતો ન ભાવી તે કહી હવી	૧૭૨૧
માંહે શ્યામ રેખા નાર સુભગ વડી	જાણે સ્વકિયના મનની આરત જડી	૧૭૩૧
તેને તુર્રો સર્વોપર રાજે છે	પ્રતિક્ષણ પ્રમાણ તે ભ્રાજે છે	૧૭૪૧
ભાલે તિલક વિશાલ એ રસ ભર્યું	જોતા સ્વકિય તણું તે સાજ સર્યું	૧૭૫૧
પ્રિતમ તિલક તેજ તિક્ષણ ઘણું	જોતાં મનડું તે નવી મટકે અણું	૧૭૬૧
પ્રિય તિલક શોભા સ્વકિય કેમ કહું	સાહમા ઉભા છે ભકત તે મન લહું	૧૭૭૧
તે આશિષ દે અભિનવે રંગે	વાહાલો પધારે ભોજન કરી ભકત સંગે	૧૭૮૧
હવે ભ્રકુટી કુટીલ કાંઈ કહીયે છે	જાણે કામાણ્ય તણી સુખ લહીયે છે	૧૭૯૧
માહે વાણ્ય તેજ તિક્ષણ અભિનવા	અહી પ્રિય કટાક્ષ અનુપમ હવા	૧૮૦૧
એહવા નેત્ર સુખીત જોઈ સુખ સદા	વરૂણી સોહે રસે ભરી મન મુદા	૧૮૧૧
પ્રિય નેત્ર ચંચલ ગતિ ચાલે છે	માનીની જુએ મદ ભર્યા માહાલે છે	૧૮૨૧
અહી નયણ પરસ્પરે સુખ હવા	પ્રિય યુવતિ કર્યા પ્રિય એક ભવા	૧૮૩૧
નેત્ર નિપટ મૃદુલ રસ રાસ છે	માંહે ભર્યો અનુરાગ વિલાસ છે	૧૮૪૧
એ નેત્ર કમલ અતિ સુખ કહું	જાણે સ્વકિય સુજાતિના મન લહું	૧૮૫૧
સ્વેત શ્યામ આરકત રેખા ભલી	ત્રિવિધી નાયકા તે નેત્રે મલી	૧૮૬૧
રાજસ તામસ અતિ રસ ભરી	સાત્વિકતે પ્રિતમજી એ વરી	૧૮૭૧
જેહની શોભા નેત્ર મધ્યે રાજે છે	સ્વેત શ્યામ અરૂણ રેખા છાજે છે	૧૮૮૧
કોઈ જોવા વિહવલ અહીં થાયે છે	કોહોના સિથીલ અંગ થયા જાયે છે	૧૮૯૧
પ્રિય ભોજન કરી પધારે સોહાવે છે	નિજ ભકતના સોહાગસું મોહાવે છે	૧૯૦૧
હવે ગલસ્થલ સુખ અનુભવ કહું	પ્રિય સંગ વિલાસ સુરતે લહું	૧૯૧૧
પ્રિતમજીના ગલ સ્થલ સોહામણાં	એ નિપટ મૃદુલ છે મોહામણાં	૧૯૨૧
એ રમણ રસિલું તે ધામ છે	ગલસ્થલ પુરણ કામ છે	૧૯૩૧
ગાલ ગોલ શુભ્ર જોત રાજે છે	સ્વકિય દંતાક્ષત લાલ રસ છાજે છે	૧૯૪૧
પ્રિય ગલસ્થલ સુખનીધિ શું કહું	મારે અનુપમ રીધી એ હું મન લહું	૧૯૫૧
ગલસ્થલ ચલક જલક કરે	જોઈ સ્વકિય સુજાતિ તે મન ઘરે	૧૯૬૧
હવે નાસાનું સુખ સખી શું કહું	જોઈ જોઈ અનુભવ સુરતે લહું	૧૯૭૧
નાસા રસિલી તે મકરંદ ભુકત છે	વિવિધી સૌરંભ લેવા જુકત છે	૧૯૮૧
એ નાસા માંહાં નિરવિધી નેહ છે	એ મકરંદ તણું અતે ગ્રેહ છે	૧૯૯૧
નાસા વિવિધી મકરંદ રસે રંજે છે	જોઈ ભકત આલિંઘન ગંજે છે	૧૧૦૦૧
નાસા તેજ તિક્ષણ ગતિ અભિનવી	સુરતિ સમે અનુપમ નૌતન હવી	૧૧૦૧૧

નાસા ચલક ઝલક ઉદ્યોત કરે	ક્ષણું ક્ષણું પ્રતે રૂપતે નવી ધરે	૧૦૨૨
ભોજન કરીય પધારે તે સમે અભિનવો	એહવો પ્રિતમ ભુતો ન ભાવી કહી હવો	૧૦૩૩
તે આ અંગ મટકતે ચાલે છે	જોઈ જોઈ સ્વકિય વૃંદ સહુ માહાલે છે	૧૦૪૪
ગુણ નીધિ પ્રિતમ પર હું વારૂ છું	મારો દેહ પ્રાણ ઓવારૂ છું	૧૦૫૫
હવે મોહોસર જોઉં નિત પ્રતિ સદા	અહીં સ્પર્શે પ્રિતમજીને મન મુદાં	૧૦૬૬
તે શોભા અવ્યકત બિરાજે છે	મોહોસર જોઈ સ્વકિય સુખ છાજે છે	૧૦૭૭
તેણે ઉભય મુસકની તે પ્રિતસું	વિસ્તારી છે અનુપમ રીતસું	૧૦૮૮
તે સ્વકિય સુજાતિના મન લહે	બાહાજય થાએ તેણે કરી કેમ કહે	૧૦૯૯
હવે અધર અનુપમ રસે રંજયો	એતો સ્વકિય સુરતી દંતાક્ષીતે મંજયો	૧૧૦૦
તેણે કરી લાલયમાં અહી રાજે છે	ગહેરો સ્થલ અભિનવો ભ્રાજે છે	૧૧૧૧
અધર પાન કરે પ્રિયને મોહામણી	નાગવેલી તે પરમ સોહામણી	૧૧૨૨
એ નાસીકા નિડર થઈ વિલસે છે	જોતા સ્વકિય તણાં મન હુલશે છે	૧૧૩૩
અધર નાગવેલી ફેલી રહે	અહી રસતે અભિનવો છેલી રહે	૧૧૪૪
તે પાન કરે સ્વકિય મન લહું	પણ વચન તે કેહી પેરે કહું	૧૧૫૫
અધર જે આરકત આભા ધરે	તે સ્વકિય સુજાતિ તણાં ચિત્ત હરે	૧૧૬૬
અધર તેજ પુંજ અતિ ત્રપ ત્રપે	જોઈ સ્નેહવાન સ્વકિય ઘર માંહાં ઝપે	૧૧૭૭
પ્રિયનો અધર સકોમલ રસ ભર્યો	સ્વકિયે તે સુરતી રસ અહીયે ધર્યો	૧૧૮૮
એ અધરના સુખડા તે શું કહું	અભિશરણ વિનિયોગ વિલાસે લહું	૧૧૯૯
હવે તે દુર્લભ સખી શું કરૂ	એણી આરતી નિશદિન મન ભરૂ	૧૨૦૦
એ સ્વરૂપને કહીયે તે જોઈશે	જેણે કરી દુઃખડુ તેખો હીસે	૧૨૧૧
હવે જીભ્યા અલોલ રસ કહીયે છે	તે જોઈ કલોલ મન લહીયે છે	૧૨૨૨
જીભ્યા વીરસ નવલી પેરે રસે ભરી	સુરતી કરે સ્વકિયની તે સુખ ધરી	૧૨૩૩
જેણે કરી જીભ્યા પ્રિયને વાહલી છે	સ્વકિયતે જીભ્યા સુખ સંગ માહાલી છે	૧૨૪૪
એ જીભ્યા ચતુર ચપલાતી છે	નાયકા સંગ કેલે વિલાતી છે	૧૨૫૫
રસના લાલ ચલકતી ચારી છે	તેજ પુંજ જીભ્યા રસ ભારી છે	૧૨૬૬
લહે લહેતી રસના અતિ ત્રપ ત્રપે	સ્વકિય વૃંદ જુએ મનડાં તેહ માંહા ઝપે	૧૨૭૭
વિવિધી રસ જીભ્યાએ ભુકતે છે	પ્રિય જીભ્યા માંહા સુરતી સમે જુકત છે	૧૨૮૮
એહના વચન મીઠા સખી શું કહું	તે સાંભળી મન માંહાં પ્રમોદ લહું	૧૨૯૯
પ્રિય દંત પંગત્ય સુખ રાજે છે	ભોજન કરીય પધારતા ભ્રાજે છે	૧૩૦૦
દંત પંગતી પ્રિતમજીની અભિનવી	ઝાતકાર સહિત મુખમાંહા હવી	૧૩૧૧
દંત પરમ ચમકતા તે ચારૂ છે	પ્રિય દંતાક્ષત રસ માંહાં ધારૂ વહું છે	૧૩૨૨
દંત ચલક ઝલક કીલકતા છે	એ પ્રિતમ સંગે રંગે રાતા છે	૧૩૩૩
દંત ચમકે છે સુખદ વિદ્યુતગતે	ત્યાંહાં હાસ્ય કરે પ્રિય મન મને	૧૩૪૪
એહવા સુખડા સ્વકિય જન જોએ છે	ભોજન કરીય પધારે તે મોહે છે	૧૩૫૫
સાહામી ગલીએ ચાલે પ્રિય રસ રીધી	પૂર્વ દીશે શ્રીમુખ સોહે છે મહાનીધિ	૧૩૬૬
ઝલકતી ઠોડી રસે ભરી રાજે છે	ઠોડી સુખડે મીઠું મન ગાજે છે	૧૩૭૭

અમૃત કુંભ ચીબુક માહા રસ ભર્યો	અહી સુરતે સ્વકિયે રસે કર ધર્યો	૧૧૩૮૧
તે પાન કરે સુભમતી લાલી	ઠોડી સ્પર્શતા સ્વકિયે તે સુખડે માહાલી	૧૧૩૯૧
જોતા ઘિરા ઘિરજ અતિ વાધે છે	એણી પેરે ચિબુક રસ સાધે છે	૧૧૪૦૧
ઠોડી ગહેરે ગંભીર સ્થલ રાજે છે	અનુરકત ભકતના સુખ છાજે છે	૧૧૪૧૧
ઠોડી અધર વીચે લીક અભિનવી	જાણે સુરતીને સખી નૌતન હવી	૧૧૪૨૧
એહવી લીક અનુપમ રાજે છે	તે આરત જુત સુભગા છાજે છે	૧૧૪૩૧
કર્ણ સકોમલ કહીયે છે	પ્રિય પધારતા ભકત સનમુખ લહીયે છે	૧૧૪૪૧
કર્ણ મધ્યે છોટા વાલ રાજે છે	જાણે કર્ણના તે પોલીયા છાજે છે	૧૧૪૫૧
કર્ણ મધ્યવર્તી સુખદાતા છે	પ્રિતમજીને રૂદે રસભરે માતા છે	૧૧૪૬૧
વાત કરેવા એ કર્ણ સુખકારી છે	રસે વરી વાત એણે ચિત્ત ધારી છે	૧૧૪૭૧
કર્ણ સ્વકિય સુજાતિનો રસ લાવે છે	સમજાવે પ્રિતમજીને ભાવે છે	૧૧૪૮૧
કર્ણ વાત સુણવા રંગે રાતા છે	સ્વકિયનું કહેણાં કર્ણ માતા છે	૧૧૪૯૧
કર્ણ વિનવેથી રસ ઉદબોધે છે	શ્રી વલ્લભજીને રૂદે તે પ્રબોધે છે	૧૧૫૦૧
કર્ણ પત્ર કોમલ અતિ લહે	લહે આરકત સંયુકત દિસે કહે	૧૧૫૧૧
પ્રિય કર્ણ સુભગતે સોહાગીયાં	શોભા નિરખે છે અનુરાગીયાં	૧૧૫૨૧
હવે ગ્રીવા ગોલ ઘાટી અભિનવી	એ સુંદર છે પ્રિતમે કરી એક ભવી	૧૧૫૩૧
ભકત નિરખતાં મનડાં ત્યાંહાં જાએ છે	સ્વકિય અંગે રોમોદ્રમ થાયે છે	૧૧૫૪૧
અવિલોકે પ્રસ્વેદ અંગે ચાલે છે	શુભ થરથરી સ્વકિય તને માહાલે છે	૧૧૫૫૧
કોઈ હરખ આંસુ નેત્ર ભરે	કોઈ ગદગદ કંઠ અનુપમ ઘરે	૧૧૫૬૧
સાહમી ગલીયે પધારતા દેખે છે	રસે ભર્યા સુખડાં પ્રિય પેખે છે	૧૧૫૭૧
કોઈ વિસ્મય તે થઈ અને જાએ છે	કોહોને ઉત્સાહ અપરમિત થાયે છે	૧૧૫૮૧
કોહોને દેહ સુરતી નહી નિરખતાં	આવીલોકે ભકત અતિ હરખતા	૧૧૫૯૧
કોઈ અટાલીથી ભકત તે દરશે છે	અંતર રમણે શ્રી અંગને સ્પર્શે છે	૧૧૬૦૧
એમ ભકત અવસ્થાતે રસભરી	સ્નેહ સંયુકત પ્રિતમજીએ તે વરી	૧૧૬૧૧
કોઈ સેવા મીસે પાસે જાએ છે	કરે છાયા શ્રી અંગે સોહાયે છે	૧૧૬૨૧
ભોજન કરી સાહમી ગલીયે તે ચાલે છે	જુએ ભકત અવસ્તા પ્રિય માહાલે છે	૧૧૬૩૧
હવે ગ્રીવા ગંભીર ગહેરે રસે ભરી	સુરતી સમે સ્વકિયે ત્યાંહાં બાંહેઘરી	૧૧૬૪૧
તેણે કરી ગહેગહી ભરી રંગ રસે	વિપરીત રસે તે સ્વકિય હસે	૧૧૬૫૧
ગ્રીવા તુલસી માલા જુથ અભિનવા	હૃદેય પર વિલસતા બહુ સુખ હવા	૧૧૬૬૧
સ્થલ હૃદય પરમ રમણીક સદા	જુએ સ્વકિય તણાં મન અહી મુદા	૧૧૬૭૧
હૃદય ચમક ચારૂ જગમગ કરે	ઝાતકાર જોઈ ભકતના મન હરે	૧૧૬૮૧
હૃદય પરમ સુભગતે વિશાલ છે	અહીં સ્વકિય વિશાલ રસાલ છે	૧૧૬૯૧
મારા વાહાલાના હૃદયનું શું કહું	સમજીએ રમણ સ્થલ મન લહું	૧૧૭૦૧
બહું ઉકત જુકત રસે રૂદે ભર્યું	સ્વકિયે તે સુરતી સુખ અહીં ધર્યું	૧૧૭૧૧
એ રૂચી હૃદય રસ અભિનવો	પરિરંભણે અનુપમ રસ હવો	૧૧૭૨૧
તન મન આપી હૃદય તે સુખ ભરે	અહી સ્વકિય રસ ભાવ અભિનવો ઘરે	૧૧૭૩૧

રૂદે મોહ પ્રમોદ ગુણે નવું	સુરતી સમે સ્વકિયને તે દાન હવું	૧૭૪૧
હૃદય જયોતિ અપરમિત રંજયું છે	એ અનુપમ સ્વકિય રસે મંજયું છે	૧૭૫૧
અહીં ઉરોજ ગોલ શુભ રાજે છે	જોતા સ્વકિયના સુખડા તે છાજે છે	૧૭૬૧
વાહાલો ચાલે ઉરોજ તે હાલે છે	ઉપર કેશ અનુપમ માહાલે છે	૧૭૭૧
જાવક રંગ બીટડી સોહે છે	સ્વકિય વૃંદ જોઈને તે મોહે છે	૧૭૮૧
પ્રિય ઉરોજ સુઢાણ હું શું કહું	કઠોર સુભગ સુખ મન લહું	૧૭૯૧
ઉર ગોલ ઉઠાણ સોહતા છે	માનીની કર સ્પર્શે મોહલા છે	૧૮૦૧
હવે હૃદયનો લાંક અનુપ છે	એ ઠામ સ્વકિયને સુખરૂપ છે	૧૮૧૧
અહીં વાલ અનુપમ રાજે છે	જાણે સ્વકિયનું ગંડસ્થલ છાજે છે	૧૮૨૧
હવે ખંભા બેહુ તે ચૌરસ ભલા	બલવાન બેહુએ માંહાં અતિ કલા	૧૮૩૧
ખંભા તેજપુંજ સુભગ તે રાજે છે	ભોજન કરી પધારતા છાજે છે	૧૮૪૧
ખંભા ચલક ઝલકતા વિદ્યુત ગતે	શોભા જોઈ મોહે સ્વકિય મન મતે	૧૮૫૧
ખંભા જોત ઝાંઈ ઝલમલ કરે	જોતા સ્વકિય સુજાતિ તણાં મન હરે	૧૮૬૧
એ ખંભા કામ કેલી રસ જાણે છે	સ્વકિય અંગ પ્રતિ અંગ વખાણે છે	૧૮૭૧
ખંભા મટક ચટક સુંદર ઘણું	નિરખીને શું કહું તે ખંભા તણું	૧૮૮૧
ખંભા નીચે તિલક અતિ અભિનવું	તે પરમ સુદેશ સુભગહવું	૧૮૯૧
ત્યાંહાં મુદ્રા ફુલકારી ચિત્ર ઘર્યા	જાણે સ્વકિય સુજાતિના ચિત્ત વર્યા	૧૯૦૧
પ્રત્યક્ષ પ્રમાણએ દેખીએ	ઘર્યા મુદ્રા વિચિત્ર ફુલ પેખીયે	૧૯૧૧
પ્રિય શ્રૃંગાર એ અનુપમ રાજે છે	ભોજન કરી પધારે સુખ છાજે છે	૧૯૨૧
હવે બાંહે કોહોંણી અતિ રસભરી	એણે શોભા અનુપમ અહીં ઘરી	૧૯૩૧
કોહોંણી બાંહે વલણ અતિ અભિનવા	એ હવા વલણ ભુતો ન ભાવી કહી હવા	૧૯૪૧
પ્રિય કાણાં પોહોચલા તે અનુપ છે	સુરતી સ્વકિયને સુખ રૂપ છે	૧૯૫૧
પોહોંચલા તે પ્રિતમના સુઘાલ છે	મીઠા પોહોંચલા જુએ સ્વકિય વાલે છે	૧૯૬૧
કરતલ તે અનુપમ કેમ કહું	સુરતી સમે સ્પર્શ કરે લહું	૧૯૭૧
કરતલ તે રસે બહુ જુકત છે	એ માંહા સુરતી સમે અતિ ઉકત છે	૧૯૮૧
કરતલ તે અનુપમ રસે રંજયા	સ્વકિય સુરતી વિલાસ હુલાસે મંજયા	૧૯૯૧
શુભગ કરતલ તે મૃદુલ સોહે	સ્પર્શેથી સ્વકિય સુજાતિ મોહે	૨૦૦૧
કરતલ જગમગ જોત આવે ઘણું	ઉભય નિરખતાં શું કહું તેહ તણું	૨૦૧૧
કરતલ મધ્યે તે રેખા અભિનવી	એ તે સ્વકિય સુજાતિ જાણે કર ઘરી	૨૦૨૧
રેખા છોટી મોટી અહીં રાજે છે	સ્વકિય વૃંદ જુથ કર મધ્યે છાજે છે	૨૦૩૧
એ રેખાના ભાગ્યનું હું શું કહું	સ્પર્શી સુખડું મન માંહા લહું	૨૦૪૧
અંગુલદલ ચલક ઝલક કરે	શ્રી વલ્લભજી અનુપ સુખ મન હરે	૨૦૫૧
અંગુલીની રેખા સુખ રાજે છે	તેહોની શોભા અનુપમ છાજે છે	૨૦૬૧
અંગુલીદલે મુદ્રિકા નંગ દિસે	ચમકે તે ચારૂ જોઈ મન હીસે	૨૦૭૧
એમ વલ્લભજી ભોજન કરી આવે છે	અનુરકત ભકતને ઘણું ભાવે છે	૨૦૮૧
પ્રિતમ મુદ્રિકા ચલક ઝલક કરે	ક્ષણું ક્ષણું પ્રતે રૂપ નવું ઘરે	૨૦૯૧

મુદ્રિકા લાલ સામને પીત મલી	અંગુલી દલ માહા મુદ્રિકા ભલી	।૨૧૦।
એહોનું રૂપ અનુપમ શું કહું	જોઈ જોઈ ઉર માંહા આનંદ લહું	।૨૧૧।
પ્રિય નખમણી જોત તે અભિનવી	તેહ માંહા સ્વેત લાલ ઝાંઈ અનુપમ હવી	।૨૧૨।
નખ ચલક ઝલક દમકતા છે	નખમણી જોત પ્રિય સંગમાતા છે	।૨૧૩।
સ્વેત શુભ્ર નખચંદ્ર સચિકણ ઘણું	માનીનીને દાન દે નખક્ષત તણું	।૨૧૪।
પ્રિય નખચંદ્ર અનુપમ રાજે છે	કોમલતા સહિત તે છાજે છે	।૨૧૫।
નખચંદ્ર ઝાંઈ અતિ ઝલમલે	ક્ષત સુરતી આવે મન કલમલે	।૨૧૬।
એહવા નખચંદ્ર પ્રિયના અનુપ છે	ઘરે શોભા વિચિત્ર સુખ રૂપ છે	।૨૧૭।
હવે ઉદર સુદેશ તે કહીયે છે	સ્પર્શે સુખ અનુભવ લહીયે છે	।૨૧૮।
કોમલ તે રસિલુ રસાલ છે	ઉદરે લાલ ઝાંઈ ઝાંક ઝમાલ છે	।૨૧૯।
પ્રિય ચાલે ઉદર અતિ લહ લહે	જોઈ સ્પર્શને મનડું તે ડહ ડહે	।૨૨૦।
એહોની જોત ઉદ્યોત સુખ રાજે છે	વલ્લભજી પધારતા મન ગાજે છે	।૨૨૧।
પ્રિય ચાલે ઉદર થોંદ થર થરે છે	ઉદ્યોત જોત ઉપરેણો ફરફરે	।૨૨૨।
ઉદર ચલક ચલક જોત જગમગે	સ્વકિય નિરખતા મનડું તે ત્યાંહાં પાગે	।૨૨૩।
આસપાસ તે રસ અનુપ ભર્યો	પસવાડા પ્રૌઢ જાણી અહીં ધર્યો	।૨૨૪।
હવે ટુંડી રસિલીએ રસ ભરી	અહી ધોતી તે અનુપમ કટી ધરી	।૨૨૫।
ધોતી કેશર સોંઘે છીટ મહ મહે	કિનાર કેશરી રંગ લહલહે	।૨૨૬।
સ્વકિય તે સમર્પી સુરતી સમે	રસ નીધિ વર પ્રિયને તે અતિ ગમે	।૨૨૭।
ધોતી સમર્પતા વાહાલોજી એમ ઉચર્યા	મીઠી વાણી અનુપમ સુખ ભર્યા	।૨૨૮।
કહું ઉપરેણા ધોતી તુમહી યાં ધરો	પહેરૂંગો પ્રાતઃકાલ સુખ તુમ કરો	।૨૨૯।
એહવા વચન પ્રિતમ સત્ય બોલે છે	તે ધોતી અહી ધરી મન ખોલે છે	।૨૩૦।
એ ધોતીની શોભા સખી શી કહું	ભોજન કરી પધારતા મન લહું	।૨૩૧।
છાતી ઉપરેણો કેશરી કિનાર છે	માંહે છીંટ કેશર સોંઘે સાર છે	।૨૩૨।
ઉપરેણો જનોઈ અહી રાજે છે	ટુંડી ઉપર મલપતા છાજે છે	।૨૩૩।
ધોતીની પાટલી તે ઉદ્યોત કરે	જલ હલતી જોત જોઈ મન હરે	।૨૩૪।
એહવી ધોતી સુભગ હું તે શું કહું	પહેરી છે પ્રિતમ મારે મન લહું	।૨૩૫।
એ ધોતીને જોઈ સ્વકિય ઈચ્છે છે	એણે ઠોર રહું મન પ્રિછે છે	।૨૩૬।
જાણે સ્વકિય સુજાતિ લપટયા અંગે	ચાલે પ્રિતમ રંગ અંગ સ્વકિય સંગે	।૨૩૭।
હવે કરી નિતંબ સખી શી કહું	મધ્ય સ્થલ રૂચીર તે મન લહું	।૨૩૮।
એ સ્થલ તે અનુપમ રસ રંજયો	એતો સ્વકિયે સુરતી સુખ ભર મંજયો	।૨૩૯।
પ્રિય મધ્ય સ્થલ રસિલું રસાલ છે	અહીં વિલસે સ્વકિય વ્રજબાલ છે	।૨૪૦।
કોમલ તે સુંદર સુખ લહે લહયું	સ્વકિય સ્પર્શતા તે મનડું ડહે ડહયું	।૨૪૧।
એ રસ તે અનુપમ સુર છે	સુરતી સીધું અભિનવા પુરે છે	।૨૪૨।
હવે જંઘા ઘુંટણ જાનુ કહીયે છે	એહોના સુખડા તે બહુ પેરે લહીયે છે	।૨૪૩।
એહોના પ્રબલ પ્રતાપ તે રાજે છે	ધિરા ધિરજ જુએ રસ છાજે છે	।૨૪૪।
ઢાંકણ એડી ચલક ઝલક ઘરે	પાહાની રંગ પાટલી અતિ મન હરે	।૨૪૫।

કરી ભોજન પ્રિયતે પધારે છે નિરખી ભકત તન મન વારે છે ૧૨૪૬૧
અંગુલીદલ નખમણી રસે રંજયા એતો કેલી વિલાસ સ્વકિયે મંજયા ૧૨૪૭૧
પ્રિય ચરણ જોત અતિ અભિનવી ઝાતકારસું એહવી કહી નવી હવી ૧૨૪૮૧
જોત ઉદ્યોત તે શ્રી અંગની શી કહું અંગ અંગ પ્રત્યંગ મન સુખ લહું ૧૨૪૯૧
એમ હસતા વરસતા તે સુખ નીધી આવ્યા સિંધદ્વાર લગી માહારીધી ૧૨૫૦૧
એણી પેરે ભોજન કરી આવીયા ભકત નિરખે સ્વરૂપ સુખ ભાવીયા ૧૨૫૧૧
હવે બેઠકે પધારે તે મન લહું તેહની શોભા આગલને માંગલ્યે કહું ૧૨૫૨૧
સ્વકિય સુજાતિ હવે ભિતર જાએ છે માહા પ્રસાદ લેવા મન તે ઉમાહે છે ૧૨૫૩૧
એ પ્રસાદનું સખી હું તે શી કહું કહેવા યોગ્યતા નહીં હું મન એમ લહું ૧૨૫૪૧
એ પ્રસાદ શ્રી વલ્લભલાલનો મેં લીધો શ્રી રૂકમણીબાલનો ૧૨૫૫૧
એ પ્રસાદ અનુપમ અભિનવો એહવો ભુતો ન ભાવી કહી હવો ૧૨૫૬૧
એ પ્રસાદના સ્વાદનું શું કહું લીધો સોહાગ બલે સુખ મન લહું ૧૨૫૭૧
માહા પ્રસાદ જગમગતી તે જોત છે સ્વકિય આપે છે પરમ ઉદ્યોત છે ૧૨૫૮૧
તે પ્રસાદ લેઈ ભકત મસ્તકે ધરે એ પ્રસાદ ને નમન કરી સ્વકિય ફરે ૧૨૫૯૧
શ્રી વલ્લભજીનો પ્રસાદ એ સાર છે મારે સરવસ ધન એ અપાર છે ૧૨૬૦૧
એ પ્રસાદ ઉપર હું વારૂ છું સરવસ ધન અંગ ઓવારૂ છું ૧૨૬૧૧
એ પ્રસાદ દુર્લભ હવે કેમ પામું પ્રિતમ કૃપા કરે તો એ દુઃખ વામું ૧૨૬૨૧
એ પ્રસાદને મન ઘણું લોચે છે આઠે પ્રહર આસ્યા ઘરી સોચે છે ૧૨૬૩૧
પ્રિયતમ બલે એ સુખ હવે લહું સાંભલો શ્રી વલ્લભજી તમને કહું ૧૨૬૪૧
મારે તમ વીણ એકુ બલ નથી સંસાર માંહાં ક્ષણું મુહને કલ નથી ૧૨૬૫૧
એ છઠું માંગલ્ય અનુપ ભોજન તણું સાતમે બેઠકે પધારે પ્રિય સુખ ઘણું ૧૨૬૬૧
એ સ્વરૂપ સુખદ અતિ રસ ભર્યું ભોજન કરી પધાર્યા ભકતે સુખ ધર્યું ૧૨૬૭૧
શ્રી અંગે નિરખે રૂચી અતિ ઘણી ઉભય મુસકની પરમ સુંદર વણી ૧૨૬૮૧
પ્રિય લટક લડેતો માહારાજ છે એહ કને રસનો બહુ સાજ છે ૧૨૬૯૧
તે દેખી યુવતિ જન મોહે છે શ્રી અંગે શોભા બહુ સોહે છે ૧૨૭૦૧

ઈતિશ્રી માંગલ્ય ચૌદમું સંપૂર્ણમ્
સમાપ્ત
હવે માંગલ્ય પંદરમું લખીયે છે
શ્રી શ્રી શ્રી

માંગલ્ય - ૧૫

શ્રી શ્રી શ્રી ગોકુલાધિશ જીવન જીવનજી
જય જયતિ, એ માંગલ્ય પંદરમું લખીયે છે
તેને ગાવાને અનુકરણ તે વચન જે, આવો આવોજી સુજાતિ સહિયર સાથ
આવી અવિલોકો શ્રી ગોકુલનાથ, એ ધોલને અનુકરણે ગાવું.

પ્રિતમ અચવી સાહમી ગલીયો પધારતા રંગે — તે શોભા પાછલે માંગલ્યે કહી તે સંગે — ૧૧
હવે વાહાલોજી તે સિંઘદ્વાર પર રાજે — બેઠક માંહાં પધારે સ્વકિય સુખડા છાજે — ૧૨
ત્યાંહાં ભિડ અપરમિત બહુઅ ભરીય — પેંડો કરી તે રહયા છે એક ચિત્ત ધરીય — ૧૩
તેહો તણો મન ઉલટ અતિ અંગ વાધ્યો — પ્રિતમ પધારતા નિરખે સ્વકિય સ્નેહ વાધ્યો — ૧૪
તે શોભા કેહીપેરે કહીતે જાએ — નિરખતા મનને તે ઉમાહા થાએ — ૧૫
એહવા ભકત છે સ્નેહ વાન તે પુરા — વલ્લભજીને સોહાગ સુખે ઘણું તે સુરા — ૧૬
પ્રિતમજી મારાને તે હું દંડવત કરૂં — નીચું નમીને તે શ્રી ચરણે મસ્તક ધરૂં — ૧૭
વાહાલોજી તે કરૂણાભર શીષ ઉઠાવે પ્રિતે — ઘરે શ્રી હસ્ત મસ્તક સ્વકિય સ્નેહ રીતે — ૧૮
હવે તે બલ લેઈ અને ગુણ ચરિત્ર કહું — સુખનીધિ વર ભોજન કરી પધારે તે સહુ — ૧૯
ભકત હાર બાંધી રહયા છે ત્યાંહાં ઉભા તે રાજે — આપાપણા ભાવ સમાન તે સુખડા છાજે — ૧૦૧
જેહનો સંબંધ છે શ્રી અંગે તે જેહવો ઉકત — તે તેણે ભાવે જોશે સ્નેહ પરમ જુકત — ૧૧૧
જેસુ પ્રિતમજીને જેહવી સોહે — તે ભકત તેહવે સ્વરૂપે થઈ શ્રી અંગ મોહે — ૧૨૧
હવે ગુણનીધિ વર પ્રાણપતિ પધારે રંગે — સાથે ભકત અપરમિત બહુ તે સંગે — ૧૩૧
ખવાસજી દીનકરભાઈ ઘસી આગલ થયા — સેજ આગલ તે ઉભા રહયા સહુ કોઈએ લહયા — ૧૪૧
હવે પ્રિતમજી ચટક મટક તે ઘરે — પઉંધાર્યા બેઠક પ્રિય મનડા હરે — ૧૫૧
તે શોભા અપરમિત સ્વકિય સુખ શું કહું — પ્રિયનું રૂપ રસે પાન કરી ઉર માંહા લહુ — ૧૬૧
અહી જૈજૈકાર બોલે ભકત સ્નેહ રીતે — કોઈ ઓચરે છે અભિનવી પ્રતિ નીતે — ૧૭૧
સહું વારણા લે વ્રજનાર સાર — કેમ કહીયે જે અસંખ્યાત તે નાવે પાર — ૧૮૧
બહુ પેરે આશિષ બોલે મનને રંગે — અભિનવી પ્રિતે બોલે અતિ તરંગે — ૧૯૧
તે શબ્દ મધુર ધુની અવ્યકત ગાજે — મારો પ્રિતમ વલ્લભજી તે આંગણ મધ્યે રાજે — ૨૦૧
ભકત સમાજ નિરખતાં તે સુખડા સોહે — રસ ભર્યું એ સ્વરૂપને જોઈ જોઈ તે મોહે — ૨૧૧
કોઈ દંડવત કરે છે તે મનને રંગે — ભકત ઝલકતા મુખડાતે પ્રિતમ સંગે — ૨૨૧
અવિલોકે પરસ્પરે ભાવ અવ્યકત — તેની શોભા છે રસ ભરી પરમ જુકત — ૨૩૧
પ્રિય નાહને મીટ ભરી નિરખે તે રંગે — ત્યાંહાં વાહાલોજી દ્રષ્ટિ કરે અનુપ સંગે — ૨૪૧
પ્રિતમ કટાક્ષ બાણ સ્વકિય અંગ લાગા સોહતા — તેણે કરી અંગે અનંગ છે રંગ મોહોતા — ૨૫૧
તે કટાક્ષ અવિલોકી રસપાન કીધા — આવ્યા પ્રિતમજી મુસકાતા જોઈ મનડા ગીધા — ૨૬૧
જોઈએ વલ્લભજીના સુખડા તે હરખે લહીયે — અકુલાઈને હવે શ્રી અંગ શોભા કાંઈ કહીયે — ૨૭૧
જે સ્વરૂપ વર્ણન સ્વરૂપ તણી છે રાસ — હવે કહુ જે અવીલોકયું પ્રિયા સુખડું પાસ — ૨૮૧
અંગુલીદલ નખમણી તે ઉદ્યોત રાજે — શ્રી ચરણાર્વિંદ જોત જગમગતી છાજે — ૨૯૧

એડી પાહાની પાટલી અતિ મૃદુલ સોહે પ્રિય શુભગ ચરણાર્વિંદ જોઈ મનડા મોહે ૧૩૦૧
હવે ઢાંકણ જાનું ઘુંટણ નિતંબ તે સદા પાસે મધ્યસ્થલ સોહે અભિનવું મન તે મુદા ૧૩૧૧
અહીં ધોતી કેસર સોંઘે કટીને લંકે પ્રિતમ ઉપરેણો ઓઢે શ્રી અંગ ઢંકે ૧૩૨૧
હવે ટુંડી ઉદર નાભી રૂદે રસાલ કુચ સ્થલે માલા જોઈ મોહે તે બાલ ૧૩૩૧
ઝાતકાર ઝલમલતા ઉર રૂદે તે રાજે અહીં બાલ રસિલા રૂદે પરતે છાજે ૧૩૪૧
પ્રિય ખંભા બાંહે કોહોની કાંડા કર રૂડા સ્વકિય સુરતી સમે એતો કંપટે કુડા ૧૩૫૧
નખ જોત જગમગતી અનુપમ સારી અંગુલીદલ મુદ્રિકા તે ચમકે ન્યારી ૧૩૬૧
કરતલ સ્વેત સકોમલ પરમ ઉકત રેખા સહિત જગમગે સ્વકિય બહુતે જુકત ૧૩૭૧
હવે ગ્રીવા ઘાટી ઠોડી રસાલી સદા અધર જીભ્યા દંત જોયું સુખતે મુદા ૧૩૮૧
જેણી આરતે જે ભકત આવ્યા પ્રથમ રંગે તેને અધરામૃત દાન આપે શ્રી અંગ સંગે ૧૩૯૧
હવે મોહોસર ગલ સ્થલ ને નાસા ઉકત સકોમલ કર્ણપુટ નિરખ્યું પરમ જુકત ૧૪૦૧
ત્યાંહાં વાલ મૃદુલ રાજે શુભગ સોહતા પ્રિતમજીના કર્ણ સુંદર જોઈ ભકત મોહતા ૧૪૧૧
હવે નેત્ર વરૂણીની અલોલ તે સોહીયે પ્રિય ચોહોં દીશ ચિતવે સખી સુખતે કહીયે ૧૪૨૧
રસજુત જુએ વાહાલોજી તે સ્નેહ સંગે ઉદીપન રસ સુખ વાધે અનંગ અંગે ૧૪૩૧
એણી પેરે ચિતવની પ્રિય ચંચલ ચાલે ઉભા સ્વકિય વૃંદ નિરખે એ શોભાતે માલે ૧૪૪૧
હવે વંક ભ્રકુટી તણો લંક સારો ભોજન કરીયને પઉંઘાર્યા બેઠક પ્રિતમ મારો ૧૪૫૧
ભાલે તિલક અનુરાગ સોહે જગમગતી જોત માંહે શ્યામ રેખા ઝલકતી અતિ ઉદ્યોત ૧૪૬૧
હવે શુભગ કુંતલ કેશ મોટા તે રાજે ઝાતકર સહિત પ્રિય મસ્ત છાજે ૧૪૭૧
અંબોડલો ઝલકતો તે રંગે રાતો પીઠ પર લલકે છે તે સુખદ માતો ૧૪૮૧
હવે સ્વરૂપે વાહાલોજી તે આંગણ માંહાં ચાલે શ્રી મુખ જોઈ સ્વકિય વૃંદ તે માહાલે ૧૪૯૧
એમ હસતા વરખતા પ્રિય સુખની રાસ ચાલ્યા આવે છે સ્વકિય સુજાતિ તેણે તે પાસ ૧૫૦૧
તેજ પુંજ છે રસાલ શ્રી વલ્લભજી સદા મારા મનને રંગે જોયું તે મન મુદા ૧૫૧૧
અહીં ભકત સમાજ તે અનેક ઉભો શ્રી રૂકમણીલાલ મારા ઉરમાંહાં ચુભ્યો ૧૫૨૧
એહ રૂપ અનુપ સુખતે અદ્‌ભુત લહું પ્રિય સમે આતુર કરે હવે તેહ કહું ૧૫૩૧
કોઈ સમય ચૌક મધ્યે વાહાલો ઉભા રહે છે વિપ્ર કરમાંહા અક્ષત લેઈ આશિષ દે છે ૧૫૪૧
મંડપ મધ્યે વલ્લભજી તે ઉભા સોહે પ્રિયગોદ પસારતા જોઈ ભકત મોહે ૧૫૫૧
વિપ્ર અક્ષત તે ગોદ મધ્યે નાખે રંગે તે પ્રિતમજી શીષે ધરે છે પ્રમોદ અંગે ૧૫૬૧
કેશ શ્યામ માંહાં અક્ષતે પીત ધરે એણી શોભાએ ભકતના મન તે હરે ૧૫૭૧
કેશ ચલકતા ઉદ્યોતે મનોહર રૂપે તેહ માંહાં અક્ષત ધર્યા છે તે શ્રી ગોકુલ ભુપે ૧૫૮૧
તેની શોભા અવ્યકત તે મધુર લાગે શુભ અક્ષત પીત જોઈ મનડું પાગે ૧૫૯૧
ચોહોં ફેરે ભકત પ્રિતમને ઘેરી ઉભા મધ્ય વલ્લભજી રસાલ મારા ઉર માંહા ચુભ્યા ૧૬૦૧
તે શોભા સખી કેહી પેરે હું તે કહું ઉભા ચલકતે અંબોડે મારો પ્રિતમ લહું ૧૬૧૧
ગુણનીધિ વલ્લભવર અંગ તેજ પુંજ જેહ એહવા અંગનો આમોદ લે ભકત મધુપ તેહ ૧૬૨૧
એ સ્વરૂપ રસાત્મિક રસની રેલ નિરખે છે સ્વકિય સુજાતિ તે અમૃત વેલ ૧૬૩૧
તે પાન કરે યુવતિ વૃંદ મન અતિ હુલાસ મારા પ્રિતમજીનું શ્રી અંગ છે અતિ વિશાલ ૧૬૪૧
હવે રિતુ ભેદ શીતકાલ જયારે સોહે ત્યારે આંગણ મધ્યે ચૌકી ધરી તે ભકત મોહે ૧૬૫૧

સકોમલ તે ઉપર ગાદી મખમલી રાજે શ્રી ચર્ણ પુછી બેઠા શ્રી વલ્લભજી છાજે ૧૬૬૧
ત્યાંહાં ભકત ચોહેં ફેર તે ઘરી બેઠા વાહાલો હાસ્ય રસે તેહ સ્વકિયના ઉર માંહાં પેઠા ૧૬૭૧
અહીં બીડું આરોગે પ્રિય સુખની રાસ ચુનોને કપુર લે છે તે હું જોઉં પાસ ૧૬૮૧
બીડું અંગુલી દલ ચાંપુએ લીધુ તે વાહાલે મુખ વિકસિત કરી નાખ્યું તે શ્રીમુખ માંહાં માહાલે ૧૬૯૧
પ્રિય ચુનો બરાસ તેણી રીતે લીધા તે નીરખ્યા તે મેં નયણે તે અમીય પીધા ૧૭૦૧
એણે સમય તે મુદ્રિકા ચલકે છે ઘણું પોહોચલા તણી લાવન્ય શું કહીયે તેહ તણું ૧૭૧૧
બીડું આરોગતા નખ ચકતા તે રાજે શ્રી મુખારવીંદ જોઉ દંત રસના છાજે ૧૭૨૧
બીડું ચલણે વલણે મુખ શોભાતે લહીયે ચૌકી બેઠા કેશ પ્રસારે તે હવે કહિયે ૧૭૩૧
જુડો છોડી કેશ પ્રસારે છે તે મુખડા માલે તે સમય શોભા સુવાસ ફેલી તે ભકત નિહાલે ૧૭૪૧
ત્યાંહાં ધામ સેવા કારણ રાજે સુખદ અનુપ બેસે તે ચોકી પર શ્રી ગોકુલ ભુપ ૧૭૫૧
તે ધામ પ્રિતમને સોહતો છે રંગે આવી પ્રસરીયો સુભગ શ્રી અંગ સંગે ૧૭૬૧
એ ધામને જોઈ સુજાતિ સ્વકિય એમ લહે આપણ ધામ કાં ન સરજયા એહવા વચન કહે ૧૭૭૧
ધામવત થઈ શ્રી અંગે ફેલીતે રહેતા તેણે આનંદ પ્રમોદે છેહેલી રસ તે લહેતા ૧૭૮૧
એણી પેરે ધામ તણી સ્તુતિ સ્વકિય તે કરે વાહાલો કેશ સુકવે છે ત્યાંહાં મનડાં હરે ૧૭૯૧
પ્રિતમ કરની અંગુલી મધ્યે કેશ રાજે ચીકુર પ્રસારણ કરતા શ્રી અંગતે છાજે ૧૮૦૧
વલી ઉલટે કરસું તે પ્રિય પ્રસારે કેશ ગ્રીવા તીરછા નિહોરાવે વાહાલો સુંદર સુવેશ ૧૮૧૧
ત્યારે કરકમલ મુદ્રિકા અનુપ ઝલકે કેશ નિરખતા ભકતના મનડા ચલકે ૧૮૨૧
કરતલની શોભાતે અવ્યકત સોહે કર મધ્યે ચીકુર ચલકતા જોઈ ભકત મોહે ૧૮૩૧
કેશ પ્રસારે પ્રિતમજી ત્યાંહાં હાસ્ય કરે ભકત અનેક ઉભા જુથ મન માંહાં ધરે ૧૮૪૧
શ્રી વલ્લભજીની હાંસી અનુપમ મીઠી લાગે ચોકી બેઠા નિરખતા મારૂં મનડું પાગે ૧૮૫૧
વાહાલો હસી હસી લોટ પોટ તે થાયે ત્યાહાં ભકત સહુ હસે હરખ નવી તે માયે ૧૮૬૧
પ્રિતમ હાંસી રસિલીએ સુખ તે સદા સ્વકિય વૃંદ ઉભા સાંભલે છે મન તે મુદા ૧૮૭૧
એમ પ્રિતમજી કેશ પ્રસરે રંગે સાથે હાસ્ય અનુપમ છાજે સંગે ૧૮૮૧
મંડલાકારે બેઠા છે ભકત ભરાઈ સોહતા ચોકી મધ્યે બેઠા વલ્લભજી ને ભકત જોઈ મોહતા ૧૮૯૧
આસપાસ સ્વકિય વૃંદ પ્રિયને ઘેરી ઉભા શ્રી અંગ તણાં સુખડા જોઈ મનડા લોભ્યા ૧૯૦૧
એ મંડલ સુભગતે સુવેસ સદા જયાંહાં બેસે રૂકમણીલાલ મન તે મુદા ૧૯૧૧
એ મંડલ ઉદ્યોત જોત કહીય ન જાયે ઝાતકાર સહિત તે પરમ સોહાએ ૧૯૨૧
અતિ ઉગ્ર મંડલ એ તે સ્વરૂપાનંદ અહીં ચોકીએ બેઠા છે વાહાલો આનંદ કંદ ૧૯૩૧
પશ્ચિમ દીશ શ્રી મુખાર્વિંદ અવ્યકત લાગે અંગ અંગ તણી છબી જોઈ ભકત તે પાગે ૧૯૪૧
તે શોભા શુભગ પ્રિતમ અનુપ દિસે અંગ અંગ પ્રતે રસ જોઈ હૈંયડું હીસે ૧૯૫૧
ત્યાંહાં ગુણીય બેઠા છે બહુ ગાન કરે સમય જોઈ અને તે તાન ગાન બંધાણ ઘરે ૧૯૬૧
એમ ગુણી તે ગાએ છે ફેલ્યો રાગ રંગ ગાન સુણતા તે પ્રિતમજીને અંગ અનંગ ૧૯૭૧
પોતે રઝીને તાલી દે છે સુખનિધાન ચુટકી દેઈ તેહોનું પ્રિય રાખે છે માન ૧૯૮૧
પ્રિતમ ચતુર શીરોમણી સુખનો દાતા એ તો મનવૃત લહે વાહાલો પુરણ જ્ઞાતા ૧૯૯૧
એમ ગુણીય સોહે છે ત્યાંહાં ભકત બેઠા સ્વકિય વૃંદ ઉભા છે પ્રિતમ ઉર માંહાં પેઠા ૧૧૦૦૧
એમ મંડલ મધ્યે વાહાલો ચોકી બેઠા રાજે વિધી વિધી લટકાસું કેશ પ્રસારે છાજે ૧૧૦૧૧

ત્યાંહાં સારંગીના શબ્દ અતિ મનોહર ઉઠે પ્રિય રીઝતા જોઉ રસ મેહ વુઠે ૧૧૦૨૧
અહીં રૂપ અનુપમ ઘણું તે લાગે જોઈ જોઈ સ્વકિય વૃંદ સ્વકિય તે પાગે ૧૧૦૩૧
હવે કેશ પ્રસારી પ્રિય પહોંચ્યા જયારે ઝલકતો અંબોડો વાલે પ્રિતમજી ત્યારે ૧૧૦૪૧
લઘુ લાઘવે સાદ્યકો દે છે સાર અંબોડો વાલતા જુએ કેહેને ન જડે પાર ૧૧૦૫૧
અંબોડો વાલીને વલ્લભજી પહોચા તે અનુપ કર પ્રસારીને ક્ષાલે છે માહા સુખરૂપ ૧૧૦૬૧
તે કર પુછે ઉપરેણે વાહાલો સદા અહીં સ્વરૂપ વર્ણન કાંઈ કહું તે મુદા ૧૧૦૭૧
વાહાલો ચોકીએ બેઠા છે શ્રી અંગ સોહે ઉદ્યોત ઝાતકાર સહિત પ્રિય પાગી છે જોત ૧૧૦૮૧
હવે પ્રિતમજીને નિરખે છે સ્વકિયને રંગે વાહાલોજી તે બેઠા છે ભકત સમાજ સંગે ૧૧૦૯૧
કોઈ કેશ અંબોડલો જોઈને મોહે ઝલકતા મસ્તક કુંતલ સુભગ સોહે ૧૧૧૦૧
ભાલે તિલકની સેર બેહુ સુંદર લાગે માંહે શ્યામ રેખા અવ્યકત જોઈ સ્વકિય તે પાગે ૧૧૧૧૧
ભાલ વિશાલ ઉતંગ શોભા સુંદર રાજે ચોકીએ બેઠા શ્રી વલ્લભવર તે સુખડા છાજે ૧૧૧૨૧
કોઈ ભ્રકુટી ઉદ્યોત જોત નિરખે છે રંગે વંક ભ્રકુટીનો લંક જુએ સુભગા સંગે ૧૧૧૩૧
શ્યામ સચિકણ પાતલી છે નુતનુત સોહતી ભ્રુઅ ભ્રંગને જોઈ સખી વૃંદ સહુ મોહતી ૧૧૧૪૧
કોઈ નેત્રને ટોપચે કોઈ વરૂણી ઉકત કોઈ લોચન અણીયાલા જુએ પરમ જુકત ૧૧૧૫૧
સ્વેત શ્યામને આરકત રેખા તે રાજે ચોહોં દીશ ચંચલ ચિતવે પ્રિય સુખડા છાજે ૧૧૧૬૧
એમ ચોકી બેઠા છે પ્રિતમજી રંગે રાતા અવિલોકતા સ્વકિયને અંગ થાયે છે સાંતા ૧૧૧૭૧
કોઈ નાસા શુભગ જોઈ ઉરઝયા ત્યાંહાં કોઈ નાસા મકરંદે મોહયા કહીયે તે કયાંહાં ૧૧૧૮૧
એમ વાહાલોજી તે દાન દે છે આનંદ મોદે એક ચરણાર્વિંદ પ્રિતમ લેઈ બેઠા છે ગોદે ૧૧૧૯૧
તે શોભા પરમ તે રસાલી લાગે એહવું સ્વરૂપ રસાત્મિક જોઈ સ્વકિયતે પગે ૧૧૨૦૧
કોઈ શુભગ ગલસ્થલ નિરખે રમણે રંજયા જલહલતા ઝાતકાર જોઈ મનડા મંજયા ૧૧૨૧૧
મૃદુલ ગલસ્થલ તણી સ્વકિય શોભા શી કહીયે દાન પાન હોએ સ્પર્શ સુરતે તે લહીયે ૧૧૨૨૧
હવે કર્ણ કોમલ પત્ર અરૂણ રાજે ત્યાંહાં વાલ ફર ફરે તે અનુપ છાજે ૧૧૨૩૧
કોઈ સમય કર્ણે મુકતા હિરોટી તે પહેરે કુંડલ લલકતા ઝલકે છે રંગ તે ગહેરે ૧૧૨૪૧
પવન સંગ કનપટી કેશ થરથરતા સોહે તેહની શોભા અવ્યકત જોઈને ભકત તે મોહે ૧૧૨૫૧
હવે અધર રસિલો લાલ રસનો દાતા પ્રિય અધર જોતા સ્વકિયને હોયે છે સાંતા ૧૧૨૬૧
એ શુભગ મૃદુલ છે અધર અનુપ લાલીમા તે ગેહેરે રંગે માહા સુખ રૂપ ૧૧૨૭૧
ઝલકે છે ઝાતકાર તે વિદ્યુત રસાલ એ અધરને જોઈ સ્વકિય મોહે તે બાલ ૧૧૨૮૧
હવે ચલણ વલણ સંગે અનુપ રંગે જીભ્યા નૃત્યકરે શ્રી મુખ માંહે અવ્યકત ઉમંગે ૧૧૨૯૧
રસના ગતિ ભેદે નાચે છે સુઢંગ અનુપ માન પાડે છે અવ્યકતતે મનોહર રસ રૂપ ૧૧૩૦૧
એમ નૃત્ય કરે રસના મુખ સુખ સંયુકત ત્યાંહાં દંતાવલી વાજીંત્ર છે કીલકાતા અતિ ઉકત ૧૧૩૧૧
શબ્દ વિવિધી તરંગે ગાન મધુરા રાજે અમ વાહાલો મીઠો ચોકીએ બેઠો સુખડા છાજે ૧૧૩૨૧
હવે મોહસર રસાલી છે રસિલી સદા અધર નાગવલી રંગ મનતે મુદા ૧૧૩૩૧
ત્રપત્રપતો અધર ઘણું રસે સોહાતો યુવતિ જન તણો સુખભરે મોહાતો ૧૧૩૪૧
અધર લાલ રંગ છે તે અનુપ રંજયો સાંચો કોલે વિલાસ સ્વકિયે તે મંજયો ૧૧૩૫૧
ઠોડી અમૃત કુંભ છે અવ્યકત તે ભર્યો અનુરકત ભકતે અહી રસતે ધર્યો ૧૧૩૬૧
હવે ગ્રીવા ઘાટીને માલા રસાલ રૂદય ઝલકતું જોઈને તે મોહે વ્રજબાલ ૧૧૩૭૧

કોઈ શુભગ રૂદે તે નિરખે રંગે રાતુ	એ તો સ્વકિયને વિલાસ સુરતે માતુ	૧૩૮૧
રૂદય રમણ ગમન તે ઉદ્યોત રાજે	કુચ નિરખે હરખતા મન સુખડા છાજે	૧૩૯૧
હૃદય પરમ રસ રાસ સખી કોણ તે કહે	પ્રિતમજી ચોકી બેઠા છે સુખ મનડું લહે	૧૪૦૧
રૂદે ..... કચલંક કુચ સુંદર સુદેશ	ઉતંગ થઈ બેઠા છો પ્રિય પ્રાણ વરેશ	૧૪૧૧
તે સ્વરૂપ રસે ભર્યું છે રસિલુ દિસે	પ્રિય રંગ અંગ નિરખતા હૈયડુ હીસે	૧૪૨૧
કોઈ ખંભાની ચોરસ ચપલાઈએ મોહે	ત્યાંહાં જનોઈ ઉપરેણો સુખ પરમ સોહે	૧૪૩૧
કોઈ બાંહે કોહોણી તણી લંકે રાતા	તેહના વલણ રસે ભર્યા છે અવ્યકત માતા	૧૪૪૧
કોઈ કાણાં પોહોચલા તણે રંગે રંજયા	સ્વકિયે કટાક્ષ બાણ રસ સંગે મંજયા	૧૪૫૧
એહવા પોહોંચલા સુભગ સુખડા શું કહીયે	એહનો સ્વાદ મધુર આનંદ પ્રમોદે લહીયે	૧૪૬૧
અંગુલી દલે મુદ્રિકા અનુપતે રાજે	પ્રિતમ ચોકીએ બેઠા છે રસ સુખતે છાજે	૧૪૭૧
કોઈ નખચંદ્ર નિરખે છે અવ્યકત પુરા	ઝાતકર સહિત ભકત અનેક સુરા	૧૪૮૧
નખ દીનમણી તેજ પ્રતાપ લહીયે	હવે કરતલ પરમ રસાલા તે કહીયે	૧૪૯૧
સ્વેત મૃદુલ સચિકણ આભા તાલે માતા	કરતલ જોઈ સ્વકિયને મને થાયે છે સાંતા	૧૫૦૧
કોઈ કરતલ મધ્યે અનુપ રેખા એ રસ રંજે	સુભગા જે સ્વકિય તે કરી ચુંબન મંજે	૧૫૧૧
કરતલ મધ્યે રસતણાં રોલ ઉઠે	એહોના શબ્દ મનોહર સ્વકિય અંગે મેહ વુઠે	૧૫૨૧
તેણે સ્વકિય અંકુર પલવીત ફલ સહુ સંગે	પ્રિય મધુર ફલ છે અંગ સંગ તે રંગે	૧૫૩૧
એહવા અવ્યકત કરતલતે કહયા કેમ જાએ	ચોકી બેઠા નિરખીયે અંગ સુખતે થાએ	૧૫૪૧
પ્રિતમજીના કર તણી ચાપલ્યતા તે લહું	હવે ઉદર આનંદ મઈ તે શોભા કહું	૧૫૫૧
ઉદર થોંદ પ્રિતમજીની અતિય અવ્યકત	ચોકી બેઠા પ્રિયને નિરખે છે તે અનુરકત ભકત	૧૫૬૧
ઉદર ચલક ઝલક લહ લહે શું રાજે	કોઈ આસપાસ રસ નિરખે સુખડા છાજે	૧૫૭૧
કોઈ પીઠ રસાલી જોઈ આશકત તે થયા	કોઈ ટુંડી તણાં કુપતે રસાલ ત્યાંહાં રહયાં	૧૫૮૧
એમ ઉદર શોભા અવ્યકત મનોહર દિસે	એહોના ઝાતકાર જોત નિરખું હૈયડુ હીસે	૧૫૯૧
હવે કટી તણો લંક કહીયે પરમ સુદેશ	ચોકી પર બેઠા છે પ્રિતમજી પ્રાણ વરેશ	૧૬૦૧
ત્યાંહાં ધોતી ઉદ્યોત જોઈ કહીય ન જાયે	એહનો પેચ પાંચ કાછ પાટલી અતિસે ભાએ	૧૬૧૧
અહીં મધ્યસ્થલ અવ્યકત મધુરાતે ગાજે	ઉભય નિતંબ શુભ્ર જોઈ સુખડા છાજે	૧૬૨૧
જંઘા તે જુગલ સોહે મનોહર રૂપ	ઘુંટણ તણો લાંક દિસે અવ્યકત અનુપ	૧૬૩૧
જાનુ જગમગતા જોઈએ સુખડા સદા	ઝાંઈલાલ તેહની નિરખીયે મનડુ મુદા	૧૬૪૧
કોઈ જુવે છે ઢાંકણાં એડી વિચિત્ર સારી	પાહાની રંગ નિરખતા તે ઝલકે છે ભારી	૧૬૫૧
પાટલીને ઉતંગ શુભ્ર ભરીય સુઠાણ	એ ચરણાર્વિંદ ભકત તણી રાખે છે કાંણ	૧૬૬૧
અંગુલીદલ નખમણી ચલકે છે ઘણું	અનુરકત ભકત નિરખે નવ્ય મટકે અણું	૧૬૭૧
નખચંદ્ર સુખ નિરખતા રસની રેલ	ચરણાર્વિંદ રસ જુએ સ્વકિય અમૃત વેલ	૧૬૮૧
પ્રિય ચોકીએ બેઠા તણું દર્શન મીઠું	વાહાલે ઉભય ચરણ પ્રસાર્યા ભકત સહુ કોઈએ દિઠું	૧૬૯૧
ત્યારે તલીયા કોમલ અતિ મૃદુલ દિસે	ચરણ તણી રેખા જોઈ સ્વકિય હૈયડુ હીસે	૧૭૦૧
હવે બીજુ બીડું ખવાસજી સદ્ય ત્યાંહાં લાવ્યા	લાવી બૈઠા પ્રિય પાસે સહુ કોઈને ભાવ્યા	૧૭૧૧
હવે શ્રી મુખ માંહા બીડું જે પ્રથમનું સોહે	વાહાલો ભકત કર આપે સહુ કોઈ તે મોહે	૧૭૨૧
ગ્રીવા નીચા નિહોરાવે પ્રિય કર રૂદે સ્પર્શે	એહવા ચરિત્ર પ્રિતમ રસ ક્ષણું ક્ષણું વરસે	૧૭૩૧

કર સ્પર્શ્યો રૂદય તે સ્વકિયને સુચવ્યું રંગે શ્રી અંગ તણા સુખ આપું સંગ રંગે તે અંગે ।૧૭૪।
હવે બીજુ બીડુ લે છે વાહાલોજી તે સદા ભકત સમાજ નિરખે એહવા સ્વકિય તે મુદા ।૧૭૫।
મુખ વિકસીત કરે પ્રિય વલ્લભલાલ એહવું અવ્યકત મુખડું નિરખે ઉભા વ્રજબાલ ।૧૭૬।
બીડું શ્રીકર ચાપુંઆ મધ્યે તે રાજે ટચી આંગલી ઉંચી રાખે સુખદા છાજે ।૧૭૭।
લઘુ લાઘાવે બીડુ શ્રી મુખ માંહા તે ધર્યું નાખ્યુ ઉંચાથી તે શોભા જોઈ મનડું હર્યું ।૧૭૮।
ચુનોને કપુર લે છે એણી રીતે ભકત સમાજ નિરખે સખી સુખદ પ્રિતે ।૧૭૯।
તે પ્રકાર આગલને માંગલ્યે કહેસું તરંગે જે જે પ્રિય સંગ સુખ અનુભવ્યા છે અંગે ।૧૮૦।
હવે તે પ્રિતમ હું તે કયાંહાં દેખુ મીઠો નાહ નયણાં ભરી કયારે હું પેખું ।૧૮૧।
સાત માંગલ્યે એ ભોજન તણાં અનુપ રાજે આઠ પ્રથમના થઈ મેહેલ્યા પનર છાજે ।૧૮૨।
એ સ્વરૂપ પ્રિતમજીનું અવ્યકત સોહે ચોકી બેઠા છે શ્રી વલ્લભજી તે જોઈ સહુ મોહે ।૧૮૩।
પ્રિય પાર્વતીપતિ સુભટ શીરોમણી દાતા શ્રીઅંગ સુખ રસ નિરખ્યું હોએ છે સાંતા ।૧૮૪।
એ સ્વરૂપ રસાત્મિક ગુણ છે ગંભીર શ્રી વલ્લભજી અવ્યકત છે પરમ રસ ધિર ।૧૮૫।
અંગ અંગ તે મૃદુલ અતિ સુખદ રાજે એણી પેરે ચોકી બેઠા પ્રિય રસ તે છાજે ।૧૮૬।

ઈતી શ્રી માંગલ્ય પંદરમું

સપૂર્ણમ્ - સમાપ્ત

શ્રી શ્રી

માંગલ્ય - ૧૬

શ્રી શ્રી શ્રી વલ્લભો જય જયતિ

એ માંગલ્ય સોલમું લખીયે છે. તેને ગાવાને અનુકરણ લૌકિક ગીત છે તે વચન જે
હવે નહી પેસુ નહી પેસુ ચૌરી, દસ પાપડ ઘોલ્યા છે ઝોલી, એણે જાતે ગવાશે.

પ્રિતમજી ચૌકીએ બેઠા તે રાજે કહયા પાછલે માંગલ્યે સુખ છાજે ।૧।
હવે અહીં થકી ઉઠે છે વાહાલો સેજ પધારતા મીટય ભરીય નિહાલો ।૨।
એ સ્વરૂપ સુખ તણી છે રાસ પઉંધારે પ્રિય સેજ તણે પાસ ।૩।
સેજ રમણ રસિલી ઉદ્યોત શ્રી વલ્લભજી અંગી કરે જોત ।૪।
હવે દંડવત કરૂં હું સુદેશ તે માની લે છે પ્રાણ વરેશ ।૫।
પ્રિતમ અવશ્ય નીકે કહી ભાવે શ્રી હસ્તતે મસ્તક રાખે ।૬।
એહવા સુખડા વાહાલાજીના રાજે મારે માથે પ્રિતમ સુખ છાજે ।૭।
હવે તેહ બલ લેઈ લેઈ તે અનુપ મારો નાહ શ્રી ગોકુલ ભુપ ।૮।
તેહોના સુખનું સખી સાર કહીયે રમણ રસિલું અપાર ।૯।
હવે વાહાલો ચોકી થકી ઉઠયા રાજે સંગ ભકત સમાજ તે છાજે ।૧૦।
સહુ જૈ જૈકાર બોલે અપાર સ્વર મધુરા છે અનુપમ સાર ।૧૧।
કોઈ આશિષ દે બહુ પ્રિતે વારણા લે છે સ્નેહ તણી રીતે ।૧૨।
એમ આશિષ દે મન રંગે સ્નેહ વાત્સલ્ય અનુપમ સંગે ।૧૩।
તે પ્રિતમ અંગ અંગ સુખદાઈ શ્રી વલ્લભજીને મન અતિ ભાઈ ।૧૪।
કોઈ દંડવત કરે શુભ રીતે સ્નેહ સહિત અપરમિત પ્રિતે ।૧૫।
દૈન્ય ભાવસું દંડવત કરે તેણે કરી વાહાલાનું ચિત્ત હરે ।૧૬।
ભાલે દંડવત તિલક સોહાએ તે દેખીને પ્રિતમજી મોહાયે ।૧૭।
એમ ચોકીથી ઉઠયા તે નાથ નિરખે સહુ ભગવદી સાથ ।૧૮।
ઘેરી ચોહોં ફેર ઉભા છે ભકત મધ્યે લાલ રૂકમણી અવ્યકત ।૧૯।
એહવું મંડલ સુભગ સુદેશ પ્રિતમ ઉભા છે પ્રાણ વરેશ ।૨૦।
કાંઈ બોલે છે મધુર પ્રકાશ વાહાલોજી કરે છે તે રસ હાસ ।૨૧।
તે સુણતા સુખ બહુ થાએ હૈયામાં હુલાસ ન માયે ।૨૨।
હવે પ્રિતમ લટક લડે તો ચાલે છે પરમ સુખ દેતો ।૨૩।
ભકતે પેડો કર્યો અનુપમ રાજે તેહોની આગલ થઈ પ્રિય છાજે ।૨૪।
ચાલ રંગ ચટકતી તે ચાલે શ્રી અંગને જોઈ ભકત માહાલે ।૨૫।
પશ્ચિમ મુખે ડગ પ્રિય ભરતા વલતા ઉત્તર મુખે મન હરતા ।૨૬।
વલ્લભલાલ લહે લહેતો સુચારૂ પઉંધારતા જોઈ મોહે મારૂં ।૨૭।
સ્વકિય વૃંદ જુએ મન માંહાં તે મોદ ફેલ્યો છે તે પરમ પ્રમોદ ।૨૮।
પ્રિય રૂપામૃત મેહ ઘણું વરશે સ્વકિય શ્રીઅંગ રસ સુખ પરખે ।૨૯।
વાહાલો હસતા વરસતા તે રાજે આવ્યા ચરણ વસ્ત્રે ઉભા છાજે ।૩૦।

અહીં સ્વરૂપ તે સુંદર લાગે	પ્રિતમજીને જોઉં મન પાગે	૧૩૧
ચરણ પુછે છે ભકત સુખ દાતા	પ્રિય સેજ અંગીકરી થઈ સાંતા	૧૩૨
સેજ રમણ રત્ન સુખ જોગ્ય	શ્રી વલ્લભજી કરસે રસ ભોગ્ય	૧૩૩
પ્રથમ બિછાવી સેજ ભકતે	ત્યાંહાં વિલસે પ્રિય બહુ જુકતે	૧૩૪
બેઠા સેજ રૂકમણી સુત રાજે	ભકત નિરખે છે સુખ બહુ છાજે	૧૩૫
પુરવ દીસે શ્રી મુખ સોહે	શ્રી અંગ જોઈ સ્વકિય વૃંદ મોહે	૧૩૬
અહીં જૈજૈકાર સહુ બોલે	સ્વર અવ્યકત મધુરા અમોલે	૧૩૭
તેની સુભટ મધુર ધુની ગાજે	શ્રી વલ્લભજી પર રાજે	૧૩૮
એહવા સ્વરતે મધુર અતિ સોહોતા	પ્રિતમજીનું મન રસે મોહતા	૧૩૯
ભકત આશિષ દે મન રંગે	ભાવ ઉદબોધ થઈ તે તરંગે	૧૪૦
હવે પુરવના ભકત સુર	સુખડા તે કર્યા સહુ ચુર	૧૪૧
પ્રિતમ હિત અંતર પુટ ખોલે	આશિષ દેઈ સહુ બોલે	૧૪૨
અહીં પ્રસરી ભાવ વલી રંગ	ફુલફુલ તે પ્રિતમ રસ અંગ	૧૪૩
ફુલ અવ્યકત મધુર રસ રૂપ	ભર્યું શ્રી અંગ પરમ અનુપ	૧૪૪
તેહનો સ્વાદ મધુર કેમ કહીયે	અંગ અંગ પ્રતે સ્વાદ તે લહીયે	૧૪૫
એહવી વેલી એ સુભગ સુદેશ	જેહનું ફલ શ્રી વલ્લભ વરેશ	૧૪૬
તે લહે લહેતી છે અમોલ્ય	ભાવ વેલી સમાન ન કો તોલ્ય	૧૪૭
તેહની જગમગતી છે તે જોત	ભાવવેલી છે પરમ ઉદ્યોત	૧૪૮
તે પ્રસરી અનુપમ રંગ	ફુલ સુભગ તે સોહે શ્રી અંગ	૧૪૯
એહવી ભાવ વેલી અનુપમ રાજે	એહોને જોઈ મનડું તે ગાજે	૧૫૦
તે વચને કહયા કેમ જાયે	અભિશરણે સુરતે તે લહેવાયે	૧૫૧
એમ પ્રસરી શ્રી અંગ સંગ રંગે	ભાવ ઉદબોધ થયા છે શ્રી અંગે	૧૫૨
તેની લાવન્ય ગતિ તે સુદેશ	સેજ સોહે પ્રાણ વરેશ	૧૫૩
એમ આશિષ દીધિ અનુપ	ભાવ સહિત ભકતે સુખ રૂપ	૧૫૪
કોઈ દંડવત કરે રસ રીતે	કોઈ બેસી ગયા મન પ્રિતે	૧૫૫
કોઈ વારણા લે સુખ દાતા	તે જાણે છે સ્નેહ રસ એ જ્ઞાતા	૧૫૬
જે શ્રી અંગ રસ ઉપયોગી	ભાવ પ્રગટ કરે છે સંયોગી	૧૫૭
કોઈ ઉભા રહે સુખ નીતે	સેજ પર નિરખે વાહાલો પ્રિતે	૧૫૮
કોઈ બેઠા ઉભા છે તિબારી	કોઈ આંગણ મધ્યે સુખ ભારી	૧૫૯
કોઈ જલઘર ચોતરે રાજે	કોઈ અટાલી અનુપમ છાજે	૧૬૦
કોઈ સીઢી વેહને પર સોહે	કોઈ રહયા વેદી ચોતરે મોહે	૧૬૧
કોઈ તિબારી ખૂણા મધ્યે ગાજે	એમ ભકતે ભર્યું બેઠક છાજે	૧૬૨
એ શોભા મનોહર રૂપ	એહોના ભોગી શ્રી ગોકુલ ભુપ	૧૬૩
તે વચને કેહી પેરે કહેવાય	અનુભવ સાધ્ય સુખ એ લહેવાય	૧૬૪
એમ સેજ બેઠા વાહાલો તે રાજે	ભકત નિરખતા સુખ બહુ છાજે	૧૬૫
ખવાસજી આવી બેઠા રંગે	લાવ્યા બીડું અનુપમ સંગે	૧૬૬

અહીં આરોગે છે બીજુ પ્રિય જુકત કરે છે નાના વિધી ઉકત ૧૬૭૧
બીડું શ્રીકર ચાંપુ એ લે છે મુખ વિકસીત કરી સુખ દે છે ૧૬૮૧
કર લાવણ્યે મુખ માંહા તે નાખે ટચી આંગલી ઉંચી તે રાખે ૧૬૯૧
તેની શોભા અવ્યકત અનુપ મુખડું સોહે તે સુખ રૂપ ૧૭૦૧
લાલ અનુપમ ઝલકતો રંગ મુખ માંહા ચલકે છે તે સંગ ૧૭૧૧
ઝાતકાર જોઈ મન રંજે નેત્ર ભ્રમર થઈ રસ ગુંજે ૧૭૨૧
એણી પેરે બીડુ મુખ માંહાં તે નાખે કપુર ચુનો લે સ્વકિય સુખ દાખે ૧૭૩૧
ત્યારે પોહોચલા મુદ્રિકા તે અનુપ ચમકે છે માહા સુખ રૂપ ૧૭૪૧
તેની જોત અપરમિત ભારી ઝલકતી મુદ્રિકા અતિ સારી ૧૭૫૧
અધર લાલ રંજો રસ જુકત ગહેરો છે તે અનુપમ ઉકત ૧૭૬૧
તેની ઝલક ચલક છે અવ્યકત ગહેરી લાલીમા જોઈ મોહે ભકત ૧૭૭૧
તેની પીક અપરમિત બાંધી લોક નિરખતા આરત વાધી ૧૭૮૧
અધર પાનને મન અકુલાયે સ્પર્શેથી સાંતા બહુ થાએ ૧૭૯૧
તે અવ્યકત મનોહર રૂપ સમજે તે શ્રી ગોકુલ ભુપ ૧૮૦૧
એહવો અધર રસિલો રસાલ જોતા તૃપ્તિ ન થાયે વ્રજબાલ ૧૮૧૧
હવે રિતુ ભેદ હોય તે જયારે ઉષ્ણકાલ અનુપમ હોએ ત્યારે ૧૮૨૧
તેની શોભા છે સુભગ તે સારી અભિનવા સુખ આપે પ્રિય ભારી ૧૮૩૧
વાહાલોજી સેજયાપર અતિ સોહે બેઠા જોઈને ભકત તે મોહે ૧૮૪૧
બેઠક છાંટી સુઘારી સુખકારી ઉપર સમીયાનો બાંધયો તે ભારી ૧૮૫૧
તેની શોભા અનુપમ લાગે પ્રિતમ સેજ બેઠા જોઈ મન પાગે ૧૮૬૧
સેજયા પર બિછાવી છે તે ચટાઈ કોમલ પ્રિયને સુખદાઈ ૧૮૭૧
તે ઝલકતી સુંદર રૂપ ત્યાંહાં બેઠા છે શ્રી ગોકુલભુપ ૧૮૮૧
ચટાઈએ શુભગ સુદેશ તે અંગીકરી પ્રાણ વરેશ ૧૮૯૧
અહીં ભકત માલા અનુપમ લાવે ગુલાલ ચમેલી ચંપા તણી ભાવે ૧૯૦૧
રાયવેલ સૌરભ સુખરૂપ રંગ રંગ થાક વિચિત્ર અનુપ ૧૯૧૧
એ માલા મેહેકે અતિ ઉકત સૌરભ ફેલી છેલ્યા છે જુકત ૧૯૨૧
તે માલા આપે પ્રિય કર ભકત નેત્રે દેતાં નિરખે અનુરકત ૧૯૩૧
બેહુ કરે તે ખોભલા જુત સોહે માલા નેત્ર દિધી મન મોહે ૧૯૪૧
એ રસિક નાયકા તણું સુખ રૂપ તેણે નેત્ર સ્પર્શાવી પ્રિય અનુપ ૧૯૫૧
પ્રિતમ પોહોંચલા જગમગ રાજે અંગુલી દલે મુદ્રિકા છાજે ૧૯૬૧
તેની જોત જલહલતી તે દિસે મુદ્રિકા જોઈ હૈયડું તે હીસે ૧૯૭૧
શ્રી વલ્લભજી સેજયા પર બેઠા ભકત અનુરકત તે ઉર પેઠા ૧૯૮૧
હાસ્ય રસે તે વાહાલો અહીં રાજે બેઠા પુરવ મુખે સુખ છાજે ૧૯૯૧
તે રૂપ અનુપમ લાગે એ સ્વરૂપને જોઈ મન પાગે ૧૧૦૦૧
ભકત બેહુ છે પાંગત્યો સુખદાઈ પ્રિતમજીને નિરખે મન ભાઈ ૧૧૦૧૧
થરે થર ઉભા દિસે સુદેશ વાહાલો જુએ તે પ્રાણ વરેશ ૧૧૦૨૧

અહીં પંખા પ્રિતમજીને થાયે	મોર પંખનાતે અતિય ઉમાહે	૧૦૩૧
પંખાને પવને કેશ હાલે	જોઈ જોઈ સ્વકિય વૃંદ સહુ માહાલે	૧૦૪૧
ભકત કરે છે પંખો સ્નેહ રીતે	વાત્સલ્ય ભાવ અનુપમ પ્રિતે	૧૦૫૧
તે વલ્લભજીને અતિ સુખદાઈ	કરે છે પંખા મન ભાઈ	૧૦૬૧
પંખો પરમ સુંદર ગતિ માહાલે	ધોતી ઉપરેણો વાહાલાજીનો હાલે	૧૦૭૧
ફર ફરતો ઉપરેણો તે રાજે	વાહાલો ઓઢે તે અનુપમ છાજે	૧૦૮૧
એમ રિતુ ભેદ ઉષ્ણકાલ જયારે	એહવા સુખડા આપે પ્રિય ત્યારે	૧૦૯૧
જલ ગુલાબ ચમેલીનું સુવાસ	અતર તે ઉપરેણા માહાપાસ	૧૧૦૧
સોંઘોને જવાદ સીરાહણે	ઉભય ગીડદા સુવાસ માંહાં સાણે	૧૧૧૧
તે પ્રિતમજીને ઘણું સુખદાઈ	ગીડદા ગલસ્થલે મનભાઈ	૧૧૨૧
તેહનો સૌરમ ફેલ્યો સુખરૂપ	ભોગી છે શ્રી વલ્લભ અનુપ	૧૧૩૧
ચાદર ઓઢવાની સુગંધ માંહાં સાણી	છીરકયુ બહુ ગુલાબનું પાણી	૧૧૪૧
જેમ શીતલતા અતિ થાએ	જલ ચમેલીનું છીરકે ઉભાએ	૧૧૫૧
વાહાલો સેજ ઉપર તે બિરાજે	સૌરભ લે છે સુખડા છાજે	૧૧૬૧
એમ ભકતની સેવા પ્રિય માને	પાન કરે છે ભગવદી તે દાને	૧૧૭૧
એમ મુખ વસ્ત્ર સુગંધે તે સાણી	પ્રિતમજીને વિનિયોગ આણી	૧૧૮૧
એ મુખ વસ્ત્ર સુખ તણી રાસ	વાહાલો સ્નેહસું રાખે છે પાસ	૧૧૯૧
તેહનો સૌરભ પરમ નવિણ	આમોદ લે છે પ્રિય તે પ્રવિણ	૧૨૦૧
સેજ બેઠા છે પ્રિતમજી તે જોગ્ય	એ સુગંધ કરે પ્રિય રસ ભોગ્ય	૧૨૧૧
એહવા સુખડા નિરખે રસ રીતે	વાત્સલ્ય અનુપમ પ્રિતે	૧૨૨૧
વાહાલો દાન દે છે રસ રાસ	નિરખે છે સ્વકિય તે પાસ	૧૨૩૧
જેણી આરતે જે આવ્યા રંગે	તેહને સુખડા આપ્યા તેહવા સંગે	૧૨૪૧
જે જેણે રસે ઉનમત	પ્રિતમજી લહે મન વૃત	૧૨૫૧
તેહને તેહવો રસ આપી ઉકત	સંતોષે પ્રિતમજીતે ઉકત	૧૨૬૧
પ્રિય છલ વલક લે રસ જાણે	સ્વકિય સુરતિ સંતોષ મન આણે	૧૨૭૧
એણીપેરે ભર્યા રસે તે અપાર	દાન દિધા ભકતને તે સાર	૧૨૮૧
પ્રિતમજી વિલાસ સુખ દાતા	કરે કામ કેલી રસે માતા	૧૨૯૧
તે અવ્યકત મનોહર રૂપ	કેલી કરે છે વિવિધી તે અનુપ	૧૩૦૧
દાતા ભુકતા લહે એ દાન	કરે છે રસિલું તે પાન	૧૩૧૧
કોઈ સ્વજાતિ સ્વકિય લહે જ્ઞાતા	એણી પેરે પ્રિતમ રસ રાતા	૧૩૨૧
સેજ બેઠા છે માહા રસ ભોગી	તે વલ્લભજી છે સ્નેહ સંજોગી	૧૩૩૧
હવે સ્વરૂપ વર્ણન કાંઈ કહીયે	પ્રિતમજી અંગ સુખડા તે લહીયે	૧૩૪૧
ઝલકતુ શ્રીમુખ સુખ રાસ	તે સ્વરૂપ જોયું ભકતે પાસ	૧૩૫૧
પ્રિય અંગ અંગ સુભગતે રાજે	નિરખતા સ્વકિય સુખ છાજે	૧૩૬૧
કેશ ચલક ચુચુતા રસાલ	અંબોડો જુએ વ્રજબાલ	૧૩૭૧
કેશ તેજ પુંજ ક્રાંત છે સારી	ઝલકે છે અનુપમ ભારી	૧૩૮૧

તેહની શોભા તે કહી કેમ જાએ	નિરખતા અંગ શીતલ થાએ	૧૩૯૧
કેશ લટ લટ માહે અટીલી	એ લટીલી મટીલી હટીલી	૧૪૦૧
તે અનુપમ દિસે કટીલી	મલી પરસ્પરે રંગ ચટીલી	૧૪૧૧
કેશ શોભા તે સોહે છટીલી	સેજ અભિનવી મલી છે મટીલી	૧૪૨૧
હવે કુંતલ કેશ તે રાજે	કનપટી કેશની શોભા છાજે	૧૪૩૧
ભાલે તિલક તે જગમગે જોત	એહની શોભા તે પરમ ઉદ્યોત	૧૪૪૧
બેહુ સેર સુભગ તે સુદેશ	માંહે શ્યામ રેખા ચલકે વરેશ	૧૪૫૧
પ્રિય સોહે સુખદાઈ	સેજ બેઠા છે પ્રિતમ મન ભાઈ	૧૪૬૧
હવે ભ્રકુટી તે તેજ પુંજ સારી	ચલકે છે વિચિક્ષણ ભારી	૧૪૭૧
એહોનુ ભ્રુઅ ભ્રંગ નામ સુદેશ	ભ્રકુટી તે સોહે બહુ વેશ	૧૪૮૧
એ ભ્રોંહ નિપટ અણીયાલી	પાતલી નાર ત્રપત્રપે કાલી	૧૪૯૧
તે વ્યકત મનોહર રૂપ	ભ્રકુટી તે દિસે છે અનુપ	૧૫૦૧
હવે નેત્ર અલોલ ગતિ રાજે	વરૂણી તે કલોલ જોઈ છાજે	૧૫૧૧
ત્યાંહાં ટોપચી સુભગતે દિસે	નેત્ર ઘુંઘરટયા જોઈ મન હીસે	૧૫૨૧
એ માહા સ્વકિય સુજાતિ તે પાગે	નેત્ર નિરખી સ્વકિય જન માગે	૧૫૩૧
એ ભર્યા છે પરમ રસપુર	અભિનવા તે તરંગ છે સુર	૧૫૪૧
નેત્ર ચપલ ચંચલ ગતિ ચાલે	સ્વકિય થરકતા નિરખે માહાલે	૧૫૫૧
હવે ગલ સ્થલ સુખ જોત	બીડે ભર્યા છે તે ઉદ્યોત	૧૫૬૧
તેની ઝાંઈ ઝલમલે અપાર	એતો સુરતિ સમે મહાસાર	૧૫૭૧
ગલ સ્થલ અભિનવુ રૂપ	મારો નાહ સદા સુખ ભુપ	૧૫૮૧
એ રંગ ભોમ છે વિશાલ	તે મૃદુલ અતિ સોહે રસાલ	૧૫૯૧
અહીં નૃત્ય તે અભિનવો થાયે	સ્વકિય સંગ અંગ રંગ સોહાયે	૧૬૦૧
એહવા ગલ સ્થલ રસ રાસ	સેજ બેઠા છે કરે બહુ હાસ	૧૬૧૧
હવે નાસા મરકંદે સુદેશ	એ માહા સૌરભ ભર્યો છે સુવેસ	૧૬૨૧
તેહની ચલક કાંત તે મોહતી	ઝાંઈ ઝલમલે પરમ સોહાતી	૧૬૩૧
નાસા રંગ સુરંગ અમોલ	એ સમાન નહી કો તોલ	૧૬૪૧
હવે મોહોસર સુભગ તે રાજે	ભરીય અનુપમ રસ સુખ છાજે	૧૬૫૧
ઝલકતી મોહોસર તે ઉદ્યોત	એહની રસ સમે ઉગ્ર છે જોત	૧૬૬૧
હવે અધર અમૃત રસ રૂપ	શ્રી મુખાર્વીંદ મધ્યે કુપ	૧૬૭૧
તે રસિલો ભર્યો છે વિશાલ	વૃજ યુવતિ જુએ અતિ બાલ	૧૬૮૧
અધર લાલીમાં પરમ સુદેશ	ત્રપ ત્રપતો તે સુભગ વરેશ	૧૬૯૧
અધર કાંત તેજ રસ રૂપ	તે સ્વકિયનું સરવસ સુખ ભુપ	૧૭૦૧
અધર ચલક ઝલક ચપલાતી	સ્વકિય મન તને અહીયે તે પલાતી	૧૭૧૧
તેહનું રૂપ રસિલુ રસાલ	અધર જોઈ મુર્છીત હોએ બાલ	૧૭૨૧
એહનો રંગ ચટકીલો તે દિસે	કોમલ અધર જોઈ મન હીસે	૧૭૩૧
ભોમ સેજે બેઠા છે રસ રાસ	ભાગ્ય નિરખે છે સહુ કોઈ પાસ	૧૭૪૧

હવે જીભ્યા અલોલ સુખરૂપ	કલોલ કરે માહા સુખ અનુપ	૧૭૫૧
એહની વચન ચાતુરી તે સુદેશ	ક્ષણું ક્ષણું માંહા અભિનવે વેશ	૧૭૬૧
વચન જીભ્યા તણાં છે રસાલ	બોલે સ્વકિય સંગ રૂકમણીલાલ	૧૭૭૧
દંત ઝલકતા પરમ છે ઉકત	કીલકાતા છે સુખભર જુકત	૧૭૮૧
જીભ્યા ગતિ ભેદે નૃત્ય અનુપ	નાચે પ્રિય મુખ માંહાં સુખરૂપ	૧૭૯૧
માન પડે છે અવ્યકત તે રંગે	સ્વર મધુરા ઉઠે છે તરંગે	૧૮૦૧
પ્રિતમ બેઠા છે સેજ સુખ રાજે	શ્રી વલ્લભજીને જોઈ મન ગાજે	૧૮૧૧
હવે ઠોડી રસિલી રસાલ	અહી વિલસે સ્વકિય વ્રજબાલ	૧૮૨૧
એતો અમૃતે ભરી છે રસિલી	ઠોડી સુરતિ સમે છે વસિલી	૧૮૩૧
એ ગુણ ગંભીર રસ દાતા	ઠોડી સુખ લહે સ્વકિય જન જ્ઞાતા	૧૮૪૧
વિશ્રામ તણું એ છે ધામ	ઠોડી સુભગાના પુરે તે કામ	૧૮૫૧
એહોના સુખડા અનુપમ રાજે	સ્વકિય નૃત્ય કરે અહી છાજે	૧૮૬૧
ઠોડી રમણ રસિલું એ દ્વાર	એહોનો કોએ ન પામે તે પાર	૧૮૭૧
પણ સ્વકિય તે લહે રસરૂપ	ઠોડી આપે છે રસ તે અનુપ	૧૮૮૧
અહીં વિવિધી તરંગ તે ઉઠે	રસ સુરતિના મેહ તે વુઠે	૧૮૯૧
ઠાડીનો રસ કહયો કેમ જાયે	અભિશરણે સુરતે લહેવાયે	૧૯૦૧
હવે કર્ણ કલસ ગહેરાતો	જેહ માહા ભર્યો છે સ્વકિયનો રસ માતો	૧૯૧૧
પ્રિય કર્ણ વિલક્ષણ ભાંત્ય	કાંત ઝલકે અનુપમ ખાંત્ય	૧૯૨૧
કર્ણ પરમ સુભગ સુખદાતા	લહે લહેતા સુચારૂ તે રાતા	૧૯૩૧
એમ વાહાલોજી સેજ સોહાવે	ભગવદી સહુ કોહોને મોહાવે	૧૯૪૧
સ્વકિય વૃંદ જુથ રસ રાસ	તે ઉભા છે પ્રિતમ તણે પાસ	૧૯૫૧
અવિલોકે વાહાલોજીને રંગે	કલ મધુરાતે સોહે શ્રી અંગે	૧૯૬૧
એક એક થકી ફલ મીઠા	રૂકમણીલાલ કને મેં તે દીઠા	૧૯૭૧
ફલ અવ્યકત મનોહર રૂપ	સોહે છે શ્રી અંગ તે અનુપ	૧૯૮૧
હવે કહીયે ગ્રીવા સુરધીર	સુરતિ સમે રસ માહાવિર	૧૯૯૧
ગ્રીવા ચલણ વલણ અતિ ઉકત	કરે સ્વકિય સંગ બહુ પેરે જુકત	૨૦૦૧
માલા તુલશી ગુંજા તણી રાજે	ગ્રીવા મધ્યે પહેરી તે ભ્રાજે	૨૦૧૧
માલા રમણે રસિલી રસ જોગ્ય	વિલસે ઉર પર સુખ ભોગ્ય	૨૦૨૧
એહવું ભાગ્ય માહા બલવાન	પ્રિતમ ઉર ધરી રાખે તે માન	૨૦૩૧
તેણે માલા એ શ્રેષ્ઠ બિરાજે	જાણે સ્વકિય વૃંદ તણાં સુખ છાજે	૨૦૪૧
હવે હૃદય તણી કાંત અતિ સારી	સેજ બેઠા ઝલકે સુખ ભારી	૨૦૫૧
રૂદે લાંક મધ્યે વાલ તે સોહોતા	તેહની જોત ઉદ્યોતે ભકત મોહોતા	૨૦૬૧
રૂદય ઉપર રમણ રસાલું	તે અવ્યકત મનોહર ભાલુ	૨૦૭૧
એ સ્થલ તે વિસાલ રસાલ	અહી રંજે છે બહુ વ્રજબાલ	૨૦૮૧
હૃદય ઉરતે અનુપમ રાજે	સ્વકિય વૃંદનો રસ સુખ છાજે	૨૦૯૧
હૃદય ચલકે ઝલમલે અપાર	મારે સાર તણું શુભ સાર	૨૧૦૧

તે વચને કહયા કેહી પેરે જાયે	નિરખતા સાંતા બહુ થાએ	૧૨૧૧
રમણ રૂદે સુભગ તે સુદેશ	અહીં સ્વકિયનો સંયોગ તે વરેસ	૧૨૧૨
હૃદય ઝાતકાર જોત અનુપ	સ્વકિયને રમણ સ્થલ સુખ રૂપ	૧૨૧૩
એહનો સ્પરસ સુદેશ અમોલ	મારો પ્રિતમ સમાન નકો તોલ	૧૨૧૪
હવે ખંભા ઝલકતા ચલકતા	એ તો માનીની રસે બહુ માતા	૧૨૧૫
પ્રિય ખંભાની ચોરસ ચપલાઈ	સુરતે સ્વકિય અતિ અકુલાઈ	૧૨૧૬
ખંભા સુર ગંભીર મહાધિર	શ્રી અંગે સુરતે ચાલ્યા નીર	૧૨૧૭
અહીં જનોઈ ઉપરેણો તે રાજે	શોભા અતિ અભિનવી તે છાજે	૧૨૧૮
હવે બાંહે મહા બલવાન	કોહોની નાયકાનું રાખે તે માન	૧૨૧૯
એ સત્વરતા એ અતિ પુરી	વલણ દેવા રસ સુખ ભરી	૧૨૨૦
એહનો રંગ રસ અનુપમ રાતો	પેચ પાંચ વિલક્ષણે માતો	૧૨૨૧
હવે કાણાં પોહોચલા સુખકારી	અંગુલીદલ નખમણી ભારી	૧૨૨૨
નખ જોત ક્રાંતી અતિ રાજે	સ્વેત લાલીમા સહિત તે ભ્રાંજે	૧૨૨૩
નખ ચલકે સેજ બેઠા રંગ	ભકત નિરખે અનુપમ સંગ	૧૨૨૪
નખ ઝલક ચલક અતિ સારી	સ્પર્શતા કોમલતા તે ભારી	૧૨૨૫
અંગુલીદલે મુદ્રિકા નંગ	ભકત નિરખે અનુપમ સંગ	૧૨૨૬
તેની શોભા વિલક્ષણ સોહતી	મુદ્રિકા જોઈ સ્વકિય સહુ મોહતી	૧૨૨૭
સ્વેત લાલ શ્યામ પીત ઉકત	જોત જગમગે પરમ છે ઉકત	૧૨૨૮
એ મુદ્રિકા સુભગ સુવેસ	તે અંગીકરી પ્રાણ વરેસ	૧૨૨૯
હવે કરતલ રૂચિર રસાલ	એહ માંહાં પાગે સ્વકિય વૃંદ બાલ	૧૩૦૦
કરતલ તે કોમલ સુખદાતા	સ્વકિય સ્પર્શ સુરતે અતિ માતા	૧૩૧૧
કરતલ છે પરમ ઉદ્યોત	સ્વેત લાલ ઝાંઈ પડે જોત	૧૩૨૨
કરતલ મધ્યે રેખા તે રાજે	તેહની લીકો અપરમિત છાજે	૧૩૩૩
કેહી પેરે કર તણાં સુખ કહીયે	તેહને સ્પર્શી અભે રસ લહીયે	૧૩૪૪
કરતલ તે મનોહર રૂપ	સ્વકિય સંગ વિલસ્યા પ્રિય ભુપ	૧૩૫૫
હવે ઉદર રસિલુ તે કહીયે	બેઠા છે સેજ પર સુખ લહીયે	૧૩૬૬
ઉદર ગોલ સુઠાણ સુચારૂ	તે લહે લહેતુ જોઈ મોહે માર	૧૩૭૭
પસવાડા પ્રૌઢ રસ જુકત	એહ માંહા પ્રેમદાનો રસ ભર્યો ઉકત	૧૩૮૮
હવે ટુંડી અનુપમ સારી	કટી પહેરી છે ધોતી તે અતિ ભારી	૧૩૯૯
ધોતની પાટલી રસે રાજે	મધ્ય સ્થલ પાસે તે છાજે	૧૪૦૦
બેહુ ચરણ પ્રસારી બેઠા નાથ	નિરખે સહુ ભગવદી સાથ	૧૪૧૧
નિતંબ મધ્યસ્થલ સાર	એહનો પામે નહી કો પાર	૧૪૨૨
તે તો રૂચીર મનોહર રૂપ	સ્પર્શે છે શ્રી ગોકુલ ભુપ	૧૪૩૩
તે લાવન્ય ગતિ પ્રિય સારી	નાયકા નિરખે સુખકારી	૧૪૪૪
હવે જંઘા ઘુંટણ જાનુ સોહે	એડી પાહાની જોઈ સહુ મોહે	૧૪૫૫
ઢાંકણનો રંગ ચટકીલો	ચરણાર્વિંદ રસ મટકીલો	૧૪૬૬

ચરણ પાટલી પરમ સોહાતી	અંગુલીદલ જોત મોહાતી	૧૨૪૭૭
નખચંદ્ર નવલ રસ રાસ	અવિલોકયા પ્રિતમજીને પાસ	૧૨૪૮૧
નખમણી પર રવિ શશી વારૂ	નખ પંગતી જોઈ ચિત્ત ધારૂ	૧૨૪૯૧
એહના ઝાતકાર જલહલ દિસે	નખમણી જોઈ હૈયડું તે હીસે	૧૨૫૦૧
પ્રિય ચરણ તલા સુખ રાજે	સખી ચુંબન છે સુખ છાજે	૧૨૫૧૧
તેહની આરકત જોત અપાર	સ્વકિયને રૂદેય સ્થાપ્યા તે સાર	૧૨૫૨૧
શ્રી ચરણાર્વિંદ સુખરૂપ	સેજ બેઠા છે શ્રી ગોકુલ ભુપ	૧૨૫૩૧
ચરણ તલે રેખા અવ્યકત અમોલ	તે વિચિત્રે કોહોને કરૂ સમતોલ	૧૨૫૪૧
રેખા વૈજણી રંગે તે રાતી	પ્રિય ચરણ ધરીય સમાતી	૧૨૫૫૧
એહોના ચિત્ત અનુપમ લાગે	તે રેખા જોઈ મનડું તે પાગે	૧૨૫૬૧
ઝલકતી તે સુભગ સુદેશ	તે સ્વપ્ન માહા જોઈ રસ વેશ	૧૨૫૭૧
રેખા જગમગ ક્રાંતી રસીલી	એ હસીલી પરમ છે વસીલી	૧૨૫૮૧
નિજ ભકત અર્થે એ તે રાજે	સ્વકિય વૃંદના રસ સુખ છાજે	૧૨૫૯૧
એમ વાહાલોજી બેઠા છે સેજ	ભોજન કરી પરમ તે હેજ	૧૨૬૦૧
તે સ્વરૂપ સુંદર પ્રિય લાગે	એહોને અંગ અંગે મનડું તે પાગે	૧૨૬૧૧
એમ સ્વરૂપ કહયું તે સુવેસ	અધર લાલ પ્રિયતે વરેશ	૧૨૬૨૧
શ્રી મુખ સુખ સોહે તે અનુપ	મારા પ્રિતમનું સુંદર રૂપ	૧૨૬૩૧
તેણે રીઝી રીઝી મન રંજુ	મધુપ વત થઈ અહીં ગુંજુ	૧૨૬૪૧
પ્રિય મકરંદ લેઉ તે પ્રમોદે	આનંદે વાહલો ચિત્ત તે નિરોધે	૧૨૬૫૧
એમ અંગ રંગ સુખદાઈ	માહા નીધિ છે પ્રિતમ મન ભાઈ	૧૨૬૬૧
પ્રિય નીધિ રીધિ સંપન્ન	તે જાણે છે સ્વકિય સુખ મન તન	૧૨૬૭૧
હવે આગલનો જે પ્રસંગ	કહું નોમે માંગલ્યે મન રંગ	૧૨૬૮૧
ભોજન તણું સુખ જે સમુલ	કહયા આઠ માંગલ્ય અનુકુલ	૧૨૬૯૧
અને પ્રથમના આઠ તે ઉકત	મહેલ્યા સોલ થયા મલી જુકત	૧૨૭૦૧
હવે સેજના સુખડા તે સાર	કહીયે જોઉ તે નવી જડેપાર	૧૨૭૧૧
એણી આરતે નીસ દિન જાએ	હૈયા માંહે દુઃખ તે સમાયે	૧૨૭૨૧
સખી કોહોની આગલ દુઃખ ભાખુ	એ પ્રાણને કયાંહાં હું રાખું	૧૨૭૩૧
લેઈ દુઃખના સમુદ્ર માહા સાણું	એણી પેરે પ્રાણને હું છાણું	૧૨૭૪૧
પ્રિતમ વીણ સર્વ અકાજ	સખી કહેતા આવે મુહને લાજ	૧૨૭૫૧
બાહાજય થાયે તેણે કેમ કહીયે	અભાગ્યે અપંગ થઈ રહીયે	૧૨૭૬૧
સ્વકિય તમો વિલક્ષણી નાર	મુહને દિજે પ્રિતમ સુખસાર	૧૨૭૭૧
હવે આગલે માંગલ્યે રસ મોહે	પ્રિય સ્વેત સમાજતે સોહે	૧૨૭૮૧
સેજ બેઠા છે રમણ રસે રૂપ	ચંદન પહેરશે તે અનુપ	૧૨૭૯૧
શ્રી વલ્લભજી રસ રાસ	ભગવદી તે નિરખતે પ્રિય પાસ	૧૨૮૦૧
પહેરશે ચંદન પ્રિય રંગ	સ્વેત સ્વરૂપે સોહસે તે શ્રી અંગ	૧૨૮૧૧
તેની શોભાતે લાગસે સારી	સ્વેત સ્વરૂપે પ્રિતમ સુખકારી	૧૨૮૨૧

હવે માંગલ્ય ૧૭મું શ્રીજી સેજ બેઠા ચંદન પહરશે તે પ્રકર્ણ લખીશું. શ્રી શ્રી શ્રી શ્રી શ્રી

માંગલ્ય - ૧૭

શ્રી શ્રી રસ સ્વઢપ જૈ જૈ જૈ એ માંગલ્ય સત્તરમું લખીયે છે. તેહને ગાવાને અનુકરણ
ધોલ ભાઈ શ્રી ગોકુલભાઈજીનું કીધેલ છે. તે ધોલનું વચન જે
સહિયર સમાણી મલિયને, ચાલો સોહાગી સાથ. વલ્લભવરને નિરખીએ
એ અનુકરણે આંચલી સહિત ગવાશે.
રાગ સુહો. શ્રી રસ સ્વરૂપ જીયવરજી જૈ જૈ જૈ જૈ જૈ

પ્રિતમ સેજ પ્રિતમ બેઠાં છે અભિનવા સુખ આપ્યા ત્યાંહાં
તે શોભા કહેવા કાંઈ મન ધરૂ શ્રી વલ્લભ સેજે બેઠા જયાંહા .....પ્રિતમ ૧૧
દંડવત પ્રિતમને કરૂં શ્રી રૂકમણીલાલ મુખ જોઉં
શ્રી ચરણાર્વિંદ સ્પર્શતા અંગે રોગોદગમ થઈ મોહું .....પ્રિતમ ૧૨
વાહાલોજી શીષ ઉઠાવે છે સ્પર્શે સુખતે અતિસાર
દરશ પરસ સુખ અભિનવા કહેતા તે કેહેને નાવે પાર .....પ્રિતમ ૧૩
પહેલા માંગલ્ય માંહા કહી થાશે સેજ ગરમી તણી રિતુ
હવે તે ગરમી અતિસે કહું વૈશાખ જેઠ દ્યો ચીતુ .....પ્રિતમ ૧૪
ઉગ્ર ગરમી તે સોહે અભિનવી અવ્યકત મનોહર રંગ
વૈશાખ જેઠના દિન ભલા સોહેશ્રી અંગ સુખ સંગ .....પ્રિતમ ૧૫
સમિયાના પછવાડી સ્વેત સોહે સ્વેત સેજયા છે રસ રૂપ
શ્રી વલ્લભજી સ્વેત બેઠા સોહે સેજયાએ ગોકુલ ભુપ .....પ્રિતમ ૧૬
તે સ્વરૂપની શોભા હું કેમ કહું આનંદ ભર છે અમોલ્ય
અંગ અંગ પરમ રસે ભર્યા તે કોહોને કરૂં સમતોલ .....પ્રિતમ ૧૭
ભકત સમાજ સહું સ્વેત સોહે સ્વેત ઉભા છે વ્રજ નાર
સ્વેત ચંદન પ્રિતમજી પહેરશે સુખ કેમ કહીયે તે સાર .....પ્રિતમ ૧૮
સ્વેત પંખા તે અહીં થાએ છે શ્રી વલ્લભજીને સુખ રૂપ
તે વસ્ત્ર સ્વેત જલ ગુલાબસું ભરીને પંખા થાએ અનુપ .....પ્રિતમ ૧૯
તેહની ફુહી સ્વેત પ્રિતમ પર આવે સ્વેત શ્રી અંગે તે સોહાતી
બેઠક તે સ્વેત સુઘારી છે સ્વેત ગુલાબ જલે મોહાતી .....પ્રિતમ ૧૦
છાંટી બેઠક ભકતે રંગ રસે તેહની શીતલ સૌરભ મહેકે
ઝાંબક જોલે તે કલોલસું છીરકીયા ચમેલી જલ કર લહેકે .....પ્રિતમ ૧૧
સ્વેત સેવંતીનું જલ ભલુ મૃદુલ રસિલું રસાલ
રાયવેલ જલતે સુંદર ઘણું છીરકયા સ્વેત જુએ વ્રજબાલ .....પ્રિતમ ૧૨
સૌરભ પરમ સોહામણા મહેકે છે ઉગ્રતે અવ્યકત
એણીપેરે બેઠક સમારી છે સ્વેત અનુરકત છે ભકત .....પ્રિતમ ૧૩

સ્વેત સેજયા પર સોહામણો	તે રૂકમણીલાલ રસ ભીનો		
સ્વરૂપ રસાત્મિક રસ ભર્યું	અનુરકત ભકત સંગ અધીનો	.....પ્રિતમ	।૧૪।
તેહની લાવન્ય કેહી પેરે કહી શકું	અવ્યકત મનોહર રસ રાસ		
સ્વેત સેજયાએ બેઠા સુખ નીધિ	કરે છે અનુપમ હાસ	.....પ્રિતમ	।૧૫।
સ્વેત ખવાસ પાસે શોભીએ	તે સમાન વય છે સુખરૂપ		
સ્વેત વસ્ત્ર ખવાસે પેહેર્યા	શોભા તે પરમ અનુપ	.....પ્રિતમ	।૧૬।
સ્વેત સાડી તે વ્રજ નારે પહેરી	સ્વેત ચોલી માંહાં સૌરભ રંગે		
બહુ બહુ ભાંત્યની દેખીએ	સાડી છે ચોલી રસ અંગે	.....પ્રિતમ	।૧૭।
કોહોની તાં સ્વેત કસીદા તણી	કોહોની સ્વેત ભર્તી છે અમોલ્ય		
સ્વેત દુતારા કોહોની શોભીએ	તે કોહોને કરૂં સમતોલ	.....પ્રિતમ	।૧૮।
સ્વેત સુતરની સોહામણી	તે કસીદે પરમ નવિન		
સ્વેત ફુલ સાડી માંહાં ઘણાં	તે જુએ શ્રી વલભજી પ્રવિણ	.....પ્રિતમ	।૧૯।
કોહોની સ્વેત જાલીની તાર તોડે છે	જુ જુવી જાતની અપાર		
એહવી સાડીને ચોલીતે અતિ ઘણી	સ્વેત કસીદા તે ભર્યા સાર	.....પ્રિતમ	।૨૦।
કોહોની ચિત્ર વિચિત્ર ભલી દેખીએ	સ્વેત છાપેલ તે અભિરામ		
કોહોના પાલવ કોર સ્વેત છાપ્યા છે	તે સાડી પુરે વાહાલાના કામ	.....પ્રિતમ	।૨૧।
કોઈએ ચિત્ર વિચિત્ર અતિ અભિનવા	ફુલ છપાવ્યા છે મન ઉકત		
જુજુવી ભાતના તે સ્વેત સોહે	છાપ્યા જલહલતા ભલી જુકત	.....પ્રિતમ	।૨૨।
એહવી સાડી ચોલી અતિ આનંદસું	પહેરી છે સ્વકિય વૃંદ સાથ		
તેહ જુએ છે તે પ્રમોદસું	સેજ બેઠા છે ગોકુલનાથ	.....પ્રિતમ	।૨૩।
હવે તે ભકતનો શ્રૃંગાર કહું	સ્વેત સુંદર દિસે રૂપ		
સ્વેત પાઘને ઘોતી ઉપરેણાં	ભકતે ધર્યા છે તે અનુપ	.....પ્રિતમ	।૨૪।
સ્વેત ક્રાંતને સોહમણી	ભકત સમાન વયતે રાજે		
અવ્યકત અનુરકત રસે ભર્યા	ઉભા છે પ્રિય સુખ છાજે	.....પ્રિતમ	।૨૫।
સ્વેત ચંદન વાહાલો પહેરશે	રૂકમણીલાલ રંગે અંગે		
તે શોભા જોશે સ્વેત રસ ભરી	ભકત અનુરકત સહુ સંગે	.....પ્રિતમ	।૨૬।
સમાન વયતે સુભગા ઉભા	અનેક સ્વેત જુથ અનુપ		
સ્વેત ક્રાંત તેહની શોભીએ	મુખડાતે પ્રિયને સુખ રૂપ	.....પ્રિતમ	।૨૭।
સ્વેત પાંગત્યો બહુ ભકતની	ઉભા છે ઠાટ અભિરામ		
સ્વેત રૂપ અતિ ઝલમલે	અલૌકિક સોહે ભકત નામ	.....પ્રિતમ	।૨૮।
સ્વેત પ્રિતમ મારો રાજે છે	સ્વેત સેજયામાં અમોલ્ય		
ઘોતી ઉપરેણો સ્વેત પહેર્યા છે	તે કોહોને કરૂં સમતોલ	.....પ્રિતમ	।૨૯।
સ્વેત ક્રાંતે પ્રિતમજી સુભગ છે	સ્વેત પાર્વતી વહુનો ભુપ		
સ્વેત નાયકા અહીં આવશે	અભિશરણે પ્રિતમને સુખ રૂપ	.....પ્રિતમ	।૩૦।
સ્વેત ચાંદની છીંટકી જાણે	ઉભા છે ભકત તે સમાજ		
સમિયાનો સ્વેત આંગણ મધ્યે રાજે	સ્વેત ઘટા ઉમડી પ્રિયકાજ	.....પ્રિતમ	।૩૧।

તેહની સ્વેત જોત ઝલમલ કરે ઘટા સ્વેત ઘન અમોલ
એહની સ્વેત ઝાંઈ તે અતિ ચલકતી વલ્લભજી સમ કો નહી તોલ .....પ્રિતમ ।૩૨।
રાજ રીતે પ્રિતમ બેઠા છે સેજ ચાંદની માહા સુખ રૂપ
સ્વેત માલા ફુલ અભિનવા રાયવેલ ચમેલી અનુપ .....પ્રિતમ ।૩૩।
આણી તે સેજયા ઉપર ધરી સુવાસ મધુરી છે અવ્યકત
સ્વેત જલપાન ગડુએ નેવરો સમારી ધર્યો છે નિજ ભકત .....પ્રિતમ ।૩૪।
સ્નેહ વાત્સલ્યે જત્ન બહુ કર્યા પ્રિયને જલપાન કરવું જાણી
સ્વેત ચુનેરી માંહાં ચુનો સ્વેત કપુરદાની કપુર સ્વેત ભરી આણી .....પ્રિતમ ।૩૫।
સ્વેત પીઢા પર એ સહુ ધર્યું સ્વેત ઝાતકારસું અભિરામ
પ્રિય ઉપયોગ તે જાણીને ગડુઓ ચુનોટી કપુરદાની નામ .....પ્રિતમ ।૩૬।
એ સહુ સેજયાની પાસે સોહે સ્વેત સાજ તે મન હરણ
અનુરકત ભકત પ્રિયને નિરખે છે સ્નેહ જુકત કિધું વાહાલે વરણ .....પ્રિતમ ।૩૭।
સ્વેત વારાની ટાટીઓ ધરી એહનો મકરંદ પ્રિતમને સુખરૂપ
સ્વેત સ્વેત સહુ થઈ રહયું લાગે છે શોભા સ્વેત અનુપ .....પ્રિતમ ।૩૮।
જાણે સ્વેત ચંદન થૈ તે બેઠા છે ચાંદની મોહોલ છીંટકો રસાલ
સ્વેત હાંસી તહાં પ્રિતમ કરે સનમુખ જુએ સ્વેત વ્રજબાલ .....પ્રિતમ ।૩૯।
હવે સ્વેત પુત્ર અહીં આવીયા રાયજી ચંદન સ્વેત લાવ્યા
સ્વેત ગુલાબ જલસું ઘસ્યું સ્વેત કપુર માંહે ધરી આવ્યા .....પ્રિતમ ।૪૦।
અનેક સુગંધ તેહ માંહાં ઘોલી જેમ વાહાલાજીને સુખ રૂપ
હવે સ્વેત ચંદન વિનિયોગ કરે સેજે બેઠા પ્રિય ચંદ્ર અનુપ .....પ્રિતમ ।૪૧।
શ્રીમુખ ચંદ્ર પ્રસન્ન થઈ બેઠા રાયજી ચંદન સ્વેત પહેરાવે
શ્રી અંગ અગ પરમ વાછલ્ય કરી ઉચિત જયાંહાં જયાંહાં પ્રિયને ભાવે .....પ્રિતમ ।૪૨।
સ્વેત ચંદન શ્રી અંગે પહેર્યું સ્વેત શુભ્ર અંગ લાગે
ભકત તે જૈ જૈ બોલે છે આશિષ દેઈ મન માગે .....પ્રિતમ ।૪૩।
સ્વેત ચંદન પહેરી પહોચીયા વાહાલો શ્રી અંગે શીતલ સોહાએ
ભાવીયા વારણાં લે છે રંગે સ્વેત શોભાએ તે મોહાએ .....પ્રિતમ ।૪૪।
શ્રી અંગ સર્વતે ચંદન મઈ પ્રિય ચંદન રૂપે થઈ બેઠા
તે શોભા વિલક્ષણ સ્વેત અભિનવી એણી પેરે પ્રિતમ ઉર માંહાં પેઠા .....પ્રિતમ ।૪૫।
અહીંયે તે પંખા વાહાલાજીને થાએ વારા સ્વેતના સુરંગ
તેહનો પવન સુગંધે મહેમહી રહયો તે લાગે છે સ્વેત શ્રી અંગ સંગ .....પ્રિતમ ।૪૬।
ચંદન જોઈ સ્વકિય એમ કહે હું ન સર્જી ચંદન રૂપ
સ્વેત શ્રી અંગે એમ લપટી રહું ચંદન વત થઈ અનુપ .....પ્રિતમ ।૪૭।
ભકત શોભાતે સહુ નિરખે છે સ્વેત સુભગ કેમ કહેવાયે
ચંદન પ્રિતમજીએ પહેરીયા સુખ તે કહયા કેમ જાએ .....પ્રિતમ ।૪૮।
વલ્લભજી ચંદન પહેરી બેઠા છે અવ્યકત મનોહર દિસે
સ્વેત ચંદનનો સૌરભ ફેલ્યો પ્રિય સેજે બેઠા છે જોઈ મન હીસે .....પ્રિતમ ।૪૯।

હવેલી માંહાં સહુ કોઈએ જાણીયું પ્રિય ચંદન પહેર્યું છે અનુપ
નાના મોટા સહુ મંદિરે આવે ઉલટી પ્રિય જોવા રૂપ .....પ્રિતમ ૧૫૦૧
અકુલાઈ ઘશમસ્યા ચાલે છે ગલીયે માહાલે માહા ઉનમત
પ્રિયનું સ્વરૂપ ઉર માંહાં વસ્યુ તેણે ચાલતુ દિસે જાણે ચિત્ત .....પ્રિતમ ૧૫૧૧
જેમ ચિત્તનો વેગ તેમ આવી મલ્યા સ્વેત જે શ્રી અંગે જોયુ સાર
સ્વેત દરશ સંગ પરસ હવા સ્વેત શોભા નહી પાર .....પ્રિતમ ૧૫૨૧
જાણે ચાંદની સ્વેત માંહાં પ્રિતમ બેઠા જોત સ્વેત અતિ સાર
સનમુખ પ્રિતમ જુએ જયારે ત્યારે સ્વકિય હસે સુખભારી .....પ્રિતમ ૧૫૩૧
મુસકની પ્રિતમજીની અભિનવી કરે પરસ્પરે સ્વકિય સંગ પાન
પ્રિય હુલાસ રૂદે માંહાં સમાયે નહી વિલાસ કરે સ્વકિયને દાન .....પ્રિતમ ૧૫૪૧
એહ શોભા તે અતિસે બની પરસ્પરે હાસ્ય તે અનુપ
તે મીસ કરી પરમ વિલક્ષણ લહે પ્રિતમ મારો ભુપ .....પ્રિતમ ૧૫૫૧
સ્વેત સ્વરૂપ તે સુંદર રાજે વાહાલોજી સુભગ સુદેશ
હવે શોભા જોવા મન તલફલે વલ્લભજીનું સ્વેત સુવેશ .....પ્રિતમ ૧૫૬૧
માહા અભાગ્યે હાથ માંહાંથી ગયું એ દુઃખ કોહોની આગલ કહીયે
હવે તે એ દુઃખ કેમ જાએ મરણ આવે તો જાએ લહીએ .....પ્રિતમ ૧૫૭૧
હવે એ ચાંદની મોહોલ સુખ કહીએ જોઉ વાહાલનું રૂપ
સેજયા સ્વેત માહે સ્વેત અંગે બેઠા છે વલ્લભજી રસ ભુપ .....પ્રિતમ ૧૫૮૧
અહીયે તે ભકત કોઈ કોઈ લાવે છે માલા પ્રસાદી કરવા કાજ
કોઈ તે પ્રિતમને પહેરાવે છે નિરખે છે સર્વ તે સમાજ .....પ્રિતમ ૧૫૯૧
તેહને પ્રસાદી કરી આપે છે પહેરાવે તે પોતે પહેરે
તેહના સનમાન પ્રિય બહુ કરે ભકત નિરખે ભાવ ગહેરે .....પ્રિતમ ૧૬૦૧
અહીયે તે જંભાઈ પ્રિયને આવે છે વિકસીત શ્રી મુખ તે સોહાવે
ત્યારે તે શ્રીકર મુખ પર ઉલટો દે સ્વેત કરતલ તે મોહાવે .....પ્રિતમ ૧૬૧૧
તે કરતલ લેઈ પોતે કર્ણને સ્પર્શ કરે તે સુખ રૂપ
ભકતતે સ્નેહ વાત્સલ્ય સું ચુટકી દે છે સહુ અનુપ .....પ્રિતમ ૧૬૨૧
ચુટકીના શબ્દ સોહામણાં તેહની અવ્યકત મધુર ધુની ગાજે
સાંભલતા સુખ અતિ ઘણું પ્રિય સ્વેત સ્વરૂપે સેજે રાજે .....પ્રિતમ ૧૬૩૧
હવે સ્વરૂપ વર્ણન કહું સ્વેત ચંદન પહેર્યા રંગ અંગે
પ્રબલ પ્રતાપ એ પ્રભુ તણો અનુરકત ભકત નિરખે સંગે .....પ્રિતમ ૧૬૪૧
કોટી સકોટ વૈભવ વારીએ વલ્લભજીને એક રોમે
અતુલ પ્રતાપૈક પ્રિય રાજે છે બેઠા છે વાહાલોજી સેજ ભોમે .....પ્રિતમ ૧૬૫૧
સ્વેત સ્વરૂપે થઈ બેઠા છે ચરણ પ્રસારી રૂકમણીલાલ
સ્વેત ચરણનાં તલા શોભીએ સ્વેત રેખા જોઈ મોહે બાલ .....પ્રિતમ ૧૬૬૧
સ્વેત નખમણી અંગુલીદલ સોહે કાંત સ્વેત તેહની રાજે
નખમણી સ્વેત જોત અભિનવી સ્વેત પાંગત્ય તેની છાજે .....પ્રિતમ ૧૬૭૧

સ્વેત પાહાનીનો રંગ અતિ ઝલમલે	સ્વેત એડી છે તે અનુપ		
સ્વેત ચલક તેહની જગમગે	અભિનવી પરમ સુખરૂપ	.....પ્રિતમ	૧૬૮૦
સ્વેત ચરણ પગ પાટલી	ભરી છે સ્વેત સુખકારી		
શ્રી ચરણાર્વિંદ સ્વેત સોહે છે	સ્વેત કોમલ રસ ભારી	.....પ્રિતમ	૧૬૯૦
સ્વેત કાંતતે સુંદર ઘણું	સ્વેત ઝાંઈ ઝલમલે સાર		
સ્વેત ભકત તે કોઈ કોઈ આવે છે	સ્પર્શે ચરણ રસ અપાર	.....પ્રિતમ	૧૭૦૦
હવે ઢાંકણા અતિ અભિનવા	સ્વેત સ્વરૂપ છે સોહતા		
જાનું ખંભ રસ સુખદ છે	સુરતિ સમેતે મોહતા	.....પ્રિતમ	૧૭૧૦
સુભગા અનુપમ એમ કહે	જાનુ સુરતે માહા સુર ધીર		
જાનુ માંહાં પંચ પાંચ રસ ભર્યો	સ્વકિયતે લહેએ વિરાધિવિર	.....પ્રિતમ	૧૭૨૦
જાનુ સમ બલવાન કોઈ નહી	સુભટ ધિરજ એહનુ રૂપ		
હવે જંઘા ઘુંટણ સ્વેત રાજે છે	જેહનું સ્વરૂપ અવ્યકત અનુપ	.....પ્રિતમ	૧૭૩૦
સ્વેત રમણ અહીં અભિનવા	પરમ રૂચિર સુખ રસ દાન		
જહાં તે સુભગ અનુપ છે	શ્રી વલ્લભજીનું રસ માન	.....પ્રિતમ	૧૭૪૦
નિતંબ મૃદુલ સુંદર સોહે	સ્વેત ચોંકોતે સુઠાણ		
સ્વેત વર્ણન કોણ કહી શકે	નિતંબે સોહે રસ બાણ્ય	.....પ્રિતમ	૧૭૫૦
સ્વેત નિતંબ રસ રાજે છે	ભરી રહયો કામ કેલી અપાર		
નિતંબ સ્વેત ચપલ અભિનવા	એ સાર તણું છે સ્વકિય સાર	.....પ્રિતમ	૧૭૬૦
નિતંબે રસ સુખ અવ્યકત છે	અથાહ તે કહયો નવી જાએ		
નિતંબ પુર આવે તરંગ સું	સ્વકિય ઝીલે છે તે ઉમાહે	.....પ્રિતમ	૧૭૭૦
તરંગ લહેરો અતિ ઉછલીત છે	નિતંબ સ્વેત સુરતિ જાણ		
વિવિધી રસે તે સુખદ પ્રવિણ છે	સ્વકિય લહે એહનુ ઉમાણ	.....પ્રિતમ	૧૭૮૦
સેજ સોહાગીણી પર બેઠા છે	સ્વેત સ્વઢપે તે મહારાજ		
અનુરકત ભકત સહુ નિરખે છે	એ સ્વરૂપને જોઈ સર્યા કાજ	.....પ્રિતમ	૧૭૯૦
નિતંબ સ્વેત તે સુદેશ છે	ક્ષણું ક્ષણું ઘરે અનુપમ વેસ		
નિતંબ સ્વેત તે અલોલ કરે	કલોલ સ્વકિય સંગ પ્રાણ વરેસ	.....પ્રિતમ	૧૮૦૦
સ્વેત નિતંબ રસ સુભગ છે	મધુર મધુર રસ તે સાર		
અવ્યકત નિતંબ રસ કેમ કહી શકું	કહેતા ન આવે સખી પાર	.....પ્રિતમ	૧૮૧૦
હવે તે મધ્ય સ્થલ કહીયે છે	તેહનો રસ તે અગાધ્ય		
અખૂટ રસે એ ભંડાર ભર્યો	તે સ્વકિય સુજાતિને સાધ્ય	.....પ્રિતમ	૧૮૨૦
સ્વેત મધ્ય સ્થલ છે રાજતુ	ગાજતું પરમ રસ યુકત		
મધ્યસ્થલ સ્વેત છે સુખનીધિ	ભર્યું છે રસે બહુ ઉકત	.....પ્રિતમ	૧૮૩૦
મધુર મધ્યસ્થલ પેચ પાંચસું	અવ્યકત રસ કહયો કેમ જાએ		
સ્વાદ તેહનો તે માનીની લહે	તે ભાગ્ય સરાહીને ઉભા એ	.....પ્રિતમ	૧૮૪૦
સ્વેત મધ્ય સ્થલ તે મૃદુલ ઘણું	સ્પર્શતા રોમોદગમ થઈ આવે		
અંગ અંગ સ્પર્શતા સિથીલ થાએ	સંગે પ્રસ્વેદ અંગે ભાવે	.....પ્રિતમ	૧૮૫૦

સ્વેત મધ્યસ્થ છે સોહામણું	સ્પર્શતા સ્વર ભંગ થાએ		
તે વચન કેહી પેરે કહી શકું	અુભવ રસ સુખભાએ	.....પ્રિતમ	૧૮૬૧
સ્વેત મધ્સ્થલ મેં લહે લહી રહયું	સ્પર્શે અંગ થરથરતા તે દિસે		
પ્રિતમજી રસ સેજે બિરાજે છે	સ્વેત સ્વરૂપ જોઈ મન હીસે	.....પ્રિતમ	૧૮૭૧
મધ્ય સ્થલ વિશાલ રસાલ છે	રમણ રસે માહા જુકત		
એહની ક્રાંત કેહીપેરે કહી શકું	અનીરવચની એહે માંહા ઉકત	.....પ્રિતમ	૧૮૮૧
હવે કટી સ્વેત ધોતી ધરીય છે	પાટલી ધોતી સ્વેત રાજે		
સ્વેત સેજયાએ બેઠા એ શોભીએ	પ્રિતમ રસ સુખ છાજે	.....પ્રિતમ	૧૮૯૧
હવે તે ટુંડી સ્વેત ઉદર સ્વેત	અહીં પહેર્યું છે ચંદન સ્વેત રંગે		
પશ્રુઆડા સ્વેત ચંદને ભર્યા	પીઠે ચંદન સ્વેત સંગે	.....પ્રિતમ	૧૯૦૧
સ્વેત સ્વેત સહુ તે ઉદર સોહે	તે જોઈ જોઈ મોહે વ્રજબાલ		
સ્વેત ઉદર શોભા કેમ કહું	વાહાલો કરે છે ભકતના પ્રતિપાલ	.....પ્રિતમ	૧૯૧૧
સ્વેત ઉદર ટુંડી રસ ભરી	ચંદન પહેર્યું સ્વેત સાર		
ઉદર કોમલ ચંદન જગમગે	શોભા સ્વેત પ્રગટી અપાર	.....પ્રિતમ	૧૯૨૧
એહના સ્પર્શ સુખતે સ્વકિય રસ ભર્યા	તે અભિશરણ લહેસે રત્ન નાર		
હવે રૂદેની શોભા સ્વેત કહીયે છે	સોહે રસ ઉગ્ર ચિત્ત ધાર્ય	.....પ્રિતમ	૧૯૩૧
સ્વેત રૂદે તે જગમગ જોત છે	ઉદ્યોત પરમ સોહાતી		
સ્વેત ચંદન પહેરી બેઠા છે	નિરખતા વ્રજનાર મોહાતી	.....પ્રિતમ	૧૯૪૧
રૂદે તે વિશાલ સ્વેત અભિનવું	મધુર રસ સ્વેત રૂપ		
કોમલ રૂદે સ્વકિય રસ મઈ	સ્વેત અનુપ મારો ભુપ	.....પ્રિતમ	૧૯૫૧
ઠોર એ સદા તે સોહાગનો	સ્વકિયનો પરમ પ્રિતમ સુખદાઈ		
સ્વેત રૂદે તે સખી કેમ કહું	ચંદન જોઈ મન ભાઈ	.....પ્રિતમ	૧૯૬૧
એ શોભા જોઈ જોઈ ઉર માંહા ધરૂં	સુભગ રૂદે સ્વેત અપાર		
કુચ કમની તે બિરાજે છે	રમણી રૂદે પર સ્વેત ઉર સાર	.....પ્રિતમ	૧૯૭૧
કુચ કઠોર તે માહા સુખ નીધિ	સુજાતિ સ્વકિયના સુખ અહીં છાજે		
સ્વેત ઉરોજ ચંદન પહેર્યું છે	ભર્યા તે શુભ્ર ગોલ રાજે	.....પ્રિતમ	૧૯૮૧
એમ સ્વેત સ્વેત મઈ થઈ બેઠા છે	સ્વેત સેજયા પર પ્રિય સોહાતો		
સ્વકિય સમાજ સહુ નિરખે છે	તેને રસે વાહાલોજી મોહાતો	.....પ્રિતમ	૧૯૯૧
પ્રિય કુચ થર થરતા સખી કેમ કહું	જોતા આરત અંગ અંગ વાધે		
સ્વેત કુચ તે એણીપેરે કરે	નવલ નાટક રસ સાધે	.....પ્રિતમ	૧૦૦૧
સાધના એહની કો નવી લહે	સ્વેત સુભટ કુચ રાજે		
રસિક સ્વકિય તે એહનું સુખ લહે	સ્નેહ આશકત રસ છાજે	.....પ્રિતમ	૧૦૧૧
અનીરવચનીય કુચ ચંદને ભર્યા	સ્વેત સ્વરૂપે શ્રી અંગ ભાવે		
મહા નાયક બેઠા છે રસિક વર	ભકત નિરખે રસ દાવે	.....પ્રિતમ	૧૦૨૧
હવે ઉર પર માલા જનોઈ સોહે	સ્વેત મઈ છે તે સુખ રૂપ		
રમણી રૂદે સુખ કેમ કહું	સ્વેત ક્રાંત છે અનુપ	.....પ્રિતમ	૧૦૩૧

ખંભે ઉપરેણો ત્યાંહાં સ્વેત છે	ચંદન પહેર્યું ખંભે સાર		
સ્વેત જોત ચંદન જગમગે	શોભા કેમ કહીયે તે અપાર	.....પ્રિતમ	।૧૦૪।
ખંભા ચૌરસે ચંદન સ્વેત રાજે	મટક ચટક સુખકારી		
ચોરસ ચપલતે ખંભા ઘણું	સ્વકિય સંગ રસ સમે બલ ભારી	.....પ્રિતમ	।૧૦૫।
સ્વેત ખંભા પેચ પાંચે ભર્યા	સ્વકિય સ્વાસો સ્વાસ અકુલાઈ અંગે		
તે સુખતે સ્વકિય મન લહે	તમોજો અતિ સહુ સંગે	.....પ્રિતમ	।૧૦૬।
હવે બાંહેનો રસ સુભટ શીરોમણી	ચંદન સ્વેત પહેર્યું સાર		
પ્રિય બાંહેની સ્વેત જોત અતિ ભલી	ચંદન સ્વેત લપટું અપાર	.....પ્રિતમ	।૧૦૭।
કોહોની કાણાં સખી કેમ કહું	ચંદન ઝલકે છે અગાધ્ય		
વણન કોહોણીનો રસ તે અતિ ભલો	પ્રિયજીને એ છે ઘણું સાધ્ય	.....પ્રિતમ	।૧૦૮।
પોહોચલે ચંદન સ્વેત પહેર્યું છે	નખ ચંદ્ર સોહે તે ઉદ્યોત		
સ્વેત ઝાંઈ સંગ નખ ઝલ મલે	સ્વેત છે જેહની ઉગ્ર જોત	.....પ્રિતમ	।૧૦૯।
હવે સ્વેત કરતલ તલ તે બિરાજે છે	સ્વેત અંગુલી દલે સાર		
.....	.....	.....પ્રિતમ	।૧૧૦।
.....	.....		
.....	.....	.....પ્રિતમ	।૧૧૧।
કરતલ તણી શોભા શી કહું	સ્વેત છે સઘલુ અંગ		
હવે સ્વેત ગ્રીવા ગંભીર કહું	ચંદન પહેર્યું છે સ્વેત સંગ	.....પ્રિતમ	।૧૧૨।
ગ્રીવા નામ તે સુઠાણ છે	સ્વકિય કર રહેવાને ઉમાણ		
તેહ લહે છે સુભગા પ્રવિણ છે	ચતુર શીરોમણી જાણ	.....પ્રિતમ	।૧૧૩।
ગ્રીવાના સુખતે ગંભીર સોહે	કૃપાએ હાથે સુરતે પાન		
વાહાલોજી બહુ રસે ભરેઅ છે	સ્વેત ગ્રીવાએ રસ સુખ દાન	.....પ્રિતમ	।૧૧૪।
ચલણ વલણ ગ્રીવાના ભલા	તે અનુપમ દિસે રસ સુર		
સ્વેત શુભ્ર અતિ દેખીયે	તે ચાલ્યા આવે તરંગ પુર	.....પ્રિતમ	।૧૧૫।
હવે ઠોડી કલ સરસ સુખ કહું	અવ્યકત મનોહર રૂપ		
ઠોડીએ સ્વેત ચંદન રાજે છે	સ્વકિયને કારણે અનુપ	.....પ્રિતમ	।૧૧૬।
સ્વેત ચંદન શુભ્ર જગમગે	સ્થલ એ ઠોડીનો તે રસાલ		
બેઠા છે સ્વેત સેજે પ્રિય પાતલો	સ્વેત ચંદન જુએ વ્રજબાલ	.....પ્રિતમ	।૧૧૭।
હવે અધર શોભા રસ સુખ કેમ કહું	લીધા સ્વેત પાન બીડા સાર		
ચુનો કપુર લીધા સ્વેત સોહે	મૃદુલ અધર અપાર	.....પ્રિતમ	।૧૧૮।
એહોને જોઈને મન હુલસે	વિલસવા રસ ભરી બહુ જુકત		
વિવિધી પ્રકાર રસ સિંધુના	ઉઠે તરંગ અધરે ઉકત	.....પ્રિતમ	।૧૧૯।
સ્વેત શોભા મારા ભુપની	હવે કહીયે દેખુતે સ્વરૂપ		
અંગ અંગ ચંદન સુંદર ઘણું	અધરે લાલ રંગ અનુપ	.....પ્રિતમ	।૧૨૦।
બીડું આરોગે મારો વાલમો	જીભ્યા ચલકે છે અપાર		
દંત પંગત્યતે પ્રિતમ તણી	ઝલકે ઉદ્યોત જોત સાર	.....પ્રિતમ	।૧૨૧।

મોહોસર જોઈ સખી શું કહું	અનીરવચનીય વિસ્તાર રંગે		
એ રસ કેહી પેરે કહી શકું	તે જાણે સુભગા પ્રિય સંગે	.....પ્રિતમ	।૧૨૨।
હવે સ્વેત નાસા શુભ્ર શોભિએ	ચંદન પહેર્યું છે અવ્યકત		
સ્વેત સ્વરૂપે શ્રી વલ્લભ રાજે	અવિલોકે રસે ભર્યા ભકત	.....પ્રિતમ	।૧૨૩।
સ્વેત નાસા લે સૌરંભ અતિ ભલો	ચંદન સ્વેત ફેલ્યુ સાર		
મીઠી મધુરી સુવાસ છેલી છે નાસા	સ્વેત આમોદલે અપાર	.....પ્રિતમ	।૧૨૪।
હવે ગલસ્થલ સ્વેત સુખદ ઘણું	ભર્યા છે ચંદન મૈય અનુપ		
સ્વેત ગલસ્થલ જલમલે	અવ્યકત મનોહર રસ રૂપ	.....પ્રિતમ	।૧૨૫।
સુભગ ગલસ્થલ મૃદુલ રાજે	ચલકે છે બીડે ભર્યા સુખદાઈ		
સ્વેત ક્રાંત તે ગલ સ્થલ દિસે	ચંદને ભર્યા જોઈ મન ભાઈ	.....પ્રિતમ	।૧૨૬।
હવે કર્ણની સ્વેત જોત કહીયે છે	કહી કહી ચંદન છીંટ લાગી		
કર્ણ મધ્યવર્તી તે બિરાજે છે	તેને જોઈ સુંદરી અહીં પાગી	.....પ્રિતમ	।૧૨૭।
અદ્‌ભુત ચિત્ત ચમકે કર્ણની	દમકે હિરોટી સ્વેત ક્રાંત		
તે લલકતી સ્વેત સોહામણી	ઝલકે છે મારો સુખ દાંત્ય	.....પ્રિતમ	।૧૨૮।
હિરોટી કર્ણે જગમગ કરે	તેની ઝાંઈ કપોલ પર ભ્રાજે		
સ્વેત ચંદન શુભ્ર શોભિએ	કનપટીએ પહેર્યું છાજે	.....પ્રિતમ	।૧૨૯।
હવે નેત્રની શોભા સખી કેમ કહું	સ્વેત શ્યામ ઝલકે સાર		
નેત્ર ચપલ તે અલોલ કરે	કાલોલ સ્વકિય સંગ અપાર	.....પ્રિતમ	।૧૩૦।
એહનો રસ તે અખુટ ભંડાર છે	એ લોચન સકલ ગુણે સંપન્ન		
વિવિધ પ્રકારના દાનતે	નેત્રે સુખ આપે પ્રિય ધન	.....પ્રિતમ	।૧૩૧।
ટોપચે ચંદન સ્વેત લાગ્યુ છે	ભ્રગુટી ચંદને ભરી અમોલ્ય		
ભાલે ચંદન સ્વેત મોહામણું	તે કોહોને કરૂં હું સમતોલ	.....પ્રિતમ	।૧૩૨।
એ સરખું એહજ મુખ	સ્વેત શ્રીમુખ છે રસાલ		
અવ્યકત શોભાતે પ્રગટ હવી	સનમુખ જુએ છે વ્રજબાલ	.....પ્રિતમ	।૧૩૩।
શ્યામ કેશ શીષે જગમગે	અંબોડો ઝલકે અનપ		
કહીં કહીં ચંદન છીંટ લાગી છે	સ્વેત આભા છે સુખરૂપ	.....પ્રિતમ	।૧૩૪।
સ્વેત શ્રી અંગ રસ કહયો	સ્વેત મુખાર્વીંદ સાર		
અંગ સંગે ચંદન સુંદર ઘણું	પહેર્યું છે અપરંપાર	.....પ્રિતમ	।૧૩૫।
પરમ લડેતો એ લાડીલો	વલ્લભ વર છે નવિન		
ભકત સમાજ સહુ નિરખે છે	આનંદ મને તે પ્રવિણ	.....પ્રિતમ	।૧૩૬।
મહેદ ભકતે તે ચંદન પહેરીયા	સ્વેત શોભા દિસે અંગ અંગે		
પ્રિય સુખ અર્થ તે જાણીને	ચંદન ધર્યું અંગ સંગે	.....પ્રિતમ	।૧૩૭।
તેણે કરીને એમ જણાવીયું	ચદન કીધું અંગીકાર		
સ્વેત સ્વેત સહુ થઈ થઈ રહયું	સ્વેત શ્રી અંગ સુખસાર	.....પ્રિતમ	।૧૩૮।
એણી પેરે ચંદનતે પ્રિતમે પહેર્યું	સેજે બેઠા છે સુખ દિસે		
અંગ પરાગ ફેલી છેલીયો	સ્વેત શ્રી મુખ જોઈ મન હીસે	.....પ્રિતમ	।૧૩૯।

હવે એ ગ્રંથનું નામ કહીયે છે
આનંદ પરમ પ્રમોદસું
એ સ્વરૂપ અથાહ તેહું કેમ કહું
પણ એહોનું તે અંકિત લેઈ કહું
કમણ ગણ ગ્રંથ શ્લોકે કહયું છે
જેહ પ્રિતમને સંભલાવીયું
અંગ અંગ પ્રિતમજી પ્રસન્ન થયા
સ્વપ્ન માંહે તે અનુભવ કર્યો
તે અણ ઉચીષ્ટ એ મેં લખ્યું
અલૌકિક ચંદ્ર થૈને બેઠા છે
સ્વેત ચાંદની અલૌકિક ભકત છે
તે સ્વેત સ્વરૂપ નિરખે પ્રિય તણું
પ્રિતમજીની દ્રષ્ટ જહાં જહાં આવે
સ્વેત શ્રી અંગ મુખ જોઈને
હવે એ સ્વેત શોભા અભિનવી
સ્વેત સ્વરૂપ મારા મિત્રનું
તે ઘડી કહીયે મુહને આવશે
મિત્ર કૃપા થકી તે પામીએ
નવ માંગલ્ય સખી એ થયા
ને આઠ પ્રથમ તણાં રાજે છે
સ્વેત સ્વેત સહુ રસમઈ
તેહોને મનતે આનંદ ઘણો
દંડવત હું તેહોને કરૂં
બલૈયા તેહોની હું લેઉં છું

અલૌકિક પ્રગટ હવું જેહ
ધર્યું છે મોહનભાઈ એ એહ .....પ્રિતમ ૧૪૦૧
કહેવા મારૂં નહી ગાત્ર
ગ્રંથ નામ અણું માત્ર .....પ્રિતમ ૧૪૧૧
સ્વરૂપ મોહનભાઈએ અનુપ
રસે ભર્યું સલુણું સ્વરૂપ .....પ્રિતમ ૧૪૨૧
સુણતાએ ગ્રંથ રસ રાસ
મહેદ કૃપાએ વાહાલો પાસ .....પ્રિતમ ૧૪૩૧
સ્વરૂપ સ્વેત સુખકારી
સ્વેત સેજયા માંહા સુખભારી .....પ્રિતમ ૧૪૪૧
અગણીત પ્રગટી છે અવ્યકત
વાધ્યો મન ભાવ રસ ભકત .....પ્રિતમ ૧૪૫૧
તાંહાં તાંહાં મુસકની અતિ સારી
ભકત હસે તે મુખભારી .....પ્રિતમ ૧૪૬૧
કહીયે તે જોઉં મહારાજ
સેવા કરૂં રસ કાજ .....પ્રિતમ ૧૪૭૧
ને સ્વેત સ્વરૂપે હોએ દાન
પ્રિતમ કરે સનમાન .....પ્રિતમ ૧૪૮૧
ભોજન તણાં રસ રૂપ
મહલી સત્તર થયા અનુપ .....પ્રિતમ ૧૪૯૧
સ્વેત અભિશરણ અહી થાસે
તે રહેસે પ્રિતમજીને પાસે .....પ્રિતમ ૧૧૫૦૧
ઉપયોગ થાશે અહીં જે રંગે
કરસે અભિશરણ પ્રિય સંગે .....પ્રિતમ ૧૧૫૧૧

ઈતિ શ્રી માંગલ્ય સત્તરમું સંપૂર્ણમ્
સમાપ્ત્
શ્રી શ્રી શ્રી શ્રી શ્રી

માંગલ્ય - ૧૮

શ્રી શ્રી શ્રી વલ્લભજી જય જયતિ, એ માંગલ્ય અઢારમું લખીયે છે. તેહોને ગાવાને અનુકરણ લૌકિક ગીત છે તે વચન જે વીરાર નવન પાકી છે બોર, ઉપર આતલી ચટી ચુટો મોહનદાસ વીર, બહેન ઉતાવલી, એણે અનુકરણે ગવાશે. એ જાતે ગવાશે, તથા બીજી જાત, મહેદ કૃત ગોકુલભાઈજી કૃત માંગલ્ય છે. શ્રી મહા ઉત્સવનો તે મધ્યે પ્રથમ માંગલ્યનીએ જાત છે. તેણે ગાવું શ્રી શ્રી

પ્રિતમજી બેઠા છે તે સેજ સુખડા હું શું કહું
હવે પોઢશે પરમ સુદેશ તે મન માંહા લહું ।૧।
પાછલે માંગલ્યે રસ રાસ પહેર્યું ચંદન રાજે
તેસો મહા પરમ અગાધ્ય ચંદન શ્રી અંગ છાજે ।૨।
સ્વેત સ્વરૂપ સુભટ વરધિર આનંદ મઈ દિસે
અંગ અંગ છે સુભગતે નવિણ જોઈ મનડું હીસે ।૩।
તે વિઠલસુત રસ રૂપ વલ્લભની સોહે
એહનું સ્વરૂપ સલુણુ અનુપમ જોઈ ભગવદી મોહે ।૪।
એ દસમું માંગલ્ય શુભ સાર ભોજન તણું લહો
ને આઠ પ્રથમના રસાલ અઢાર તે સુણી કહો ।૫।
સ્વેત સેજયા માંહાં બેઠા છે નાહ વાહાલોજી રસ રીતે
સ્વેત ભકત સમાજ ઉભો સાથ નિરખે તે પ્રિય નીતે ।૬।
તે આશિષ બોલે અનુપ પ્રિતમજીને મન મુદા
જે છે શ્રી અંગ રસ સુખદાઈ તે એણીપેરે કહયા સદા ।૭।
હવે પોઢીએ શ્રી મહારાજ રસ તે પ્રગટ કરો
મન વાંછીત કીજે પ્રિતમ કાજ ભકતને રસ ભરો ।૮।
એમ આશિષ બોલે ભકત રંગ પ્રિતમ અંગ સોહતી
તેહનો અનીરવચનીય વિસ્તાર પ્રિય તણે અંગે મોહતી ।૯।
એહવા સુખડા તે નિત્ય નિત્ય રાજે પ્રિતમને અંગે
ભકત સંગે તે પરમ વિલાસ કરે છે વાહાલો રંગે ।૧૦।
હવે દંડવત સુખ નીધિ નાહ હું તમને કરૂં
બીજુ કાંઈ ન જાણું લગાર વલ્લભજીને ઉર ધરૂં ।૧૧।
મારે એહ સાધન એહ ફલ પ્રિતમ સદા તમો
મારૂં સુખડું તે તમ કને રાજે વલવલુ છે અમો ।૧૨।
તે માટે સુણીયે પ્રિય સાર હું તમને કહું
એ તો લજયા તમને પ્રિય નાહ દુઃખ અમો કેમ સહું ।૧૩।
તમ તણો મુઝનેતે આધાર વાહાલોજી ચિત્ત ધરો
તમો રસિક શીરોમણી રાય ભકતને તે રસે ભરો ।૧૪।
પ્રિતમ સેજ બેઠા છે સુખરાસ મન માંહાં આનંદ ઘણો
ભકત નિરખે છે સ્વરૂપ અનુપ સ્નેહ પ્રિતમ તણો ।૧૫।

અવિલોકે છે વારંવાર નિમેખતે નવી મટકે
પ્રિયનું રૂપ રસિલું રસાલ જોઈ જોઈ મન અટકે ।૧૬।
સ્વેત સ્વરૂપ તે પ્રિતમ સોહાયે ફરી ફરી ભકત મોહે
તેહોને મન દુઃખ અતિ થાએ વિપ્રયોગ અંગ અતિ સોહે ।૧૭।
પ્રિય પોઢવા સમય લહી એહ ભકત વિહવલ દિસે
થાશે વિપ્રયોગ લહી અકુલાયે પ્રિયને જોઈ હીસે ।૧૮।
તેણે અમીય તેહોના સુકાયે નેત્રે તે જલ ભરે
પ્રિયને નિરખતા અંગ શીતલ થાયે તે કેમ કરી ધીર ધરે ।૧૯।
તેણે કરીય ઉભા ન રહેવાય પગ લડથડા જાએ
વિપ્રયોગ થાશે લહી મન દુઃખડું તે નવી માયે ।૨૦।
સુખ અનુભવ કિધો અપાર તે દુઃખ હવે કેમ સહે
તેણે કરીય ચિત્ત અકુલાયે એ દુઃખડુ કેહને કહે ।૨૧।
મન આરંદ્ર અતિસે થાએ ગતિ મતિ છીન થઈ
સૌભાગી નિરખે એણી રીતે પ્રિય છે આનંદ મઈ ।૨૨।
અયોગ રસતે અતિસાર પ્રિતમ લહે સદા
તે વચન વિલાશ સુખ રૂપ વાહાલોજી કહે સદા ।૨૩।
તેણે વિપ્રયોગ ભાવ દુર થાયે પાગે ભકત સંયોગ માંહાં
સ્વકિય આશિષ દે મન ભાયે વલ્લભજી બેઠા ત્યાંહાં ।૨૪।
પ્રિતમ સેજે સ્વેત સુખરાશ બેઠા છે જુકતસું
અહીં કરે છે તે કેલી વિલાશ અનુપમ ઉકતસું ।૨૫।
હવે ઓચરે છે ભકત રસાલ પોઢીયે વલ્લભરાજ
ફરી દર્શન દિજે મહારાજ ઉથાપન સમે કાજ ।૨૬।
ત્યાંહાં લગી કરોજે મન ભાયે સ્વકિય પર રસે ઢલો
એમ ગદ્ય વચન બોલે નાર તેહસું સુખે મલો ।૨૭।
તે સમુજે રસિકવર રાયે જે આષિશ સ્વકિય બોલે
એમ હરખ આશિષ શુભ રીત અંતરપુટ ખોલે ।૨૮।
વાહાલે મુસકાઈ ભરે રસ પાર તેહનો અનંગ ચુરે
પ્રિય અંગ સુભટ સુખસાર સ્વકિયને ભરે સુરે ।૨૯।
એમ બેઠા છે સેજ તે રસાલ રસિલી સુખદ ઘણું
એહનું શું શું કહીયે તે વખાણ પાર્વતી પતિ તણું ।૩૦।
અયોગનો રસ અતિસાર તે કેમ કહયો જાએ
પલપલે મન અતિ અકુલાયે અવસ્તાતે બહુ થાએ ।૩૧।
ક્ષણું માંહા મન વિપ્રયોગ થાએ હું કેહી પેરે કહું
હવે વાહાલોજી પોઢશે સેજ તે સુખ મન લહુ ।૩૨।
ઉપરેણો લીધો પ્રિયજીએ હાથ કેસ પેચ માંહા લીધા
તે ઓઢે દક્ષણ વામ ભાગ મસ્તક જોઈ ભકત ગીધા ।૩૩।

સ્વરૂપ સ્વેત સુંદર તે સુચારૂ પેચ પાંચે ચિત્ત મોહે
પ્રિય અંગ રસતે સ્વકિય સાર વાહાલોજી સ્વેત સોહે ।૩૪।
એક ચરિત્ર કરે મીઠો નાહ તેહ સુખ હવે કહું
સ્વેત કેવડો સેજ સોહાયે તે રસ મન માંહાં લહું ।૩૫।
તે લે છે પ્રિતમજી રસાલ ચુટકી તેહની કરે
તે બજાડે અભિનવી ભાંત્ય ભકતના મન હરે ।૩૬।
કર લાવણ્ય કહી કેમ જાયે ચપલ સ્વર ગતે
ટાંચકડા બજાડે છે રંગ વાહાલોજી મન મતે ।૩૭।
તેહોના શબ્દ ઉઠે છે તરંગ સ્વકિય થર થરે
તે પ્રિતમજી જુએ રસરૂપ ચિત્તતે ઉલટ ભરે ।૩૮।
એમ ટાંચકાકે બજે સંગ ચુટકી તે અતિ ભલી
સ્વકિય દ્રષ્ટિ જુએ છે અનુપ પ્રિતમ સંગે મલી ।૩૯।
વલી કેવડો ચોરી સુઘાર્યો અનુપમ ભાંતસું
કરે ત્રણ સેર અતિસાર સુખનિધી ખાંત્યસું ।૪૦।
તેહની ચોટી ગુહે વાહાલો રંગ અંગ સુખ સ્વકિય લહે
તે ખેલાવે પ્રિય ચોટી રસાલ સ્વકિય તે એમ કહે ।૪૧।
તમ સંગ કર્યું સુખ રંગ તેહ સુચન કરૂં
એમ સુચવીય પ્રિતમ મુસકાયે એણે રસે મન ભરૂં ।૪૨।
તેણે મોદ ઉલટ છે અવ્યકત ભકત ને મન મુદા
સ્ફુરી આવી લીલા રસ ગુપ્ત ચિત્ત તે તપ્તર તદા ।૪૩।
એમ ચોટી ખેલાવે પ્રિતમ રંગ સેજ બેઠા સુખ ઘણું
કેવડાની ગોહે છે સુસંગ શું કહું તે ચોટી તણું ।૪૪।
એમ વાહાલોજી સેજ સોહાયે ચોટી ખેલાવતા
ફરી ફરી ને ગુહે તે કરમાંહે સ્વકિયને તે મન ભાવતા ।૪૫।
એમ ચોટી ખેલાવે સુખરાશ સેજે તે મન લહું
કરાંબુજ ચોટીએ લપટાએ હવે દુઃખ કેમ સહું ।૪૬।
કેવડાની અનુપમ સાર ચોટી તે શોભીયે
હવે તે કેમ ભુલે રાજ ચોટીને જોઈ લોભિયે ।૪૭।
તમો ચોટી ખેલાવી રસાલ બાલ તે મન લહે
હવે કહીયે પામીયે તે માહારાજ સ્વકિય એણીપેરે કહે ।૪૮।
એમ ભાગ્ય કેવડાનું અનુપ પ્રિતમ ચોટી ખેલાવી છે
શ્રી હસ્ત રસાલ માંહા લેઈ ચોટી મહેલાવી છે ।૪૯।
કેવડો કોમલ છે સુવાસ તેહની વણાવી છે
એમ ભકતના નિરોધ્યા છે મન ચોટી ચુણાવી છે ।૫૦।
એહવા ચરિત્ર કરે મીઠો નાહ સખી હું તે શું કહું
હવે પોઢે છે શ્રી મહારાજ સ્વેત સ્વરૂપ લહું ।૫૧।

સિરાહાણેથી ખસે સુખરાસ પંગતી દિસે આવે
ચાદર લે છે શ્રી હસ્તે સારી એણી પેરે મન ભાવે ૧૫૨૧
ઓઢીને પ્રિતમજી રસાલ હવે તે પોઢયા રાજે
ભકત બોલે છે જૈ જૈ કાર સર્વ કોઈ સંગે ૧૫૩૧
કોઈ ઓચરે છે રસ તણી રેલ શોભા તે કેમ કહું
કોઈ આશિષ દે મન રંગ એણી પેરે ચિત્ત લહું ૧૫૪૧
ભાવ સમાન વિચારે છે મન પ્રિય તણું
સુખ ઘણું વર્ણ ભેદે અપરમિત સોહે શું કહું તેહ તણું ૧૫૫૧
જેહનું વરણ પુષ્ટ પુષ્ટ રીતે પ્રિતે આશિષ બોલે
શ્રી અંગના સુખતે વિચારી અંતર પટ ખોલે ૧૫૬૧
કોઈ બોલે છે ભાવ તરંગ સખી હુતે શી કહું
કોહોને મન અતિ પરમ આનંદ ઉછલીત રસે લહું ૧૫૭૧
કોઈ દંડવત કરે છે અનુપ પ્રિય સુખ ભોગને
કોઈ વારણાં લે રસરૂપ પરમ સંજોગને ૧૫૮૧
કોઈ સ્નેહ તણું રસ રંગ ગદ ગદ કંઠ ભરે
પ્રિતમજી પોઢયા છે અવ્યકત ભકત ધીરજ કેમ ધરે ૧૫૯૧
કોઈ મનડું તે અતિ અકુલાયે શ્રી અંગ સુભગ સદા
તે સ્પર્શવા ચિત્ત તે ઉમાહે સુભગા સોહે સદા ૧૬૦૧
પ્રિય સેજ પર પોઢયા છે સોહાયે લાવણ્ય હું શી કહું
એ સ્વરૂપ જોઈ સુખ થાયે મિત્ર તણું સુખ લહું ૧૬૧૧
પ્રિય ઓઢી છે ચાદર તે ઉમાહે મિહિન મલમલ તણી
શીતકાલ હોએ જેહવી રિતુ ઓઢણ સુપેતી ઘણી ૧૬૨૧
ઉષ્ણકાલ સોહે છે અનુપ તેણે તે ચાદર ધરી
ઝલકે છે ભિતરસું શ્રી અંગ ગુલાબ અત્તરે ભરી ૧૬૩૧
તેહની શોભા છે માહા રસરૂપ અંગ ઝલકી રહયાં
સ્વેત ક્રાંત ઝલકે છે અનુપ સખી કેમ જાયે કહયાં ૧૬૪૧
એહવો વાહાલો મીઠો રસ રાસ પ્રિય પોઢયા સેજ પર
તે ફરી ફરી નિરખીયે નાહ પ્રિતમ મારો સુખ ઘર ૧૬૫૧
એ સુખડાં તે નવી મુકાયે ભકત ઘેર કેમ જાયે
થાશે વિપ્રયોગ દુઃખ મન માંહે તેણે તે આકુલા થાએ ૧૬૬૧
ખવાસજી બોલ્યા સુદેશ જાઓ તે ઘર સહુ
વાહાલો પોઢયા શ્રી અંગ સુખ સોહે ઉથાપને જો જો બહુ ૧૬૭૧
પણ તોહે ન મટકે કોઈ લેશ ઘેર જવા નવી કરે
અંગ આરતી વાધી અપાર ચિત્ત નવી ઘિર ધરે ૧૬૮૧
બોલ્યા ખવાસજી એણીપેરે બેઠા જુએ કોઈ નવી જાએ
એમ સતરાયે છે તે ખવાસ ઉલટ નવી માયે ૧૬૯૧

ત્યારે આશિષ દેઈ વલ્યા ભકત સહુકો શોભાએ ભર્યા
કેટલા એક અતિ અનુરકત ફરી મન સુખ ધર્યા ૧૭૦૧
થઈ ભીડ થોડી મન રંગે અંગ પ્રિયના નિરખે
તે શોભા પરમ અનુપ પ્રિય પોઢયા જોઈ હરખે ૧૭૧૧
ઉભય અંગ માંહા રસ ભોગ સુખ કેમ જાયે કહયાં
તેનું સુભગા સ્વકિય લહે રૂપ અનુભવે જાયે લહયાં ૧૭૨૧
હવે સમજી પ્રિતમજીએ રંગે કરવટ લીધી છે
તે અનીરવચનીય વિસ્તાર પ્રિય સંગ ગીધી છે ૧૭૩૧
એ વર્ણન કહેવાયે ને કેમ તે સુખ કેહી પેરે કહું
પ્રિય પોઢયા રમણ રસરૂપ મન માંહાં આનંદ લહું ૧૭૪૧
એહની શોભા જોઉ રસ ભેર સખી ધિર કેમ ધરૂં
હવે કહીયે દેખુંએ સ્વરૂપ હાય હાય શું કરૂં ૧૭૫૧
મારો ભોગતે કહયો નવી જાયે સખી દુઃખ કેમ સહુ
પ્રથમથી વિછોહુ છે તન તેણે તે કુચેન લહુ ૧૭૬૧
તે કહેતા મનડું સકુચાયે દુઃખડું તે અંગ સહે
આઠો પહોર સોચ સંગ જાએ તેણે અંગ દહ દહે ૧૭૭૧
હવે કરવટ લીધી શ્રી અંગ પ્રિતમજીએ સંગે
તે જોઉ એ અભિનવું રૂપ પ્રિતમજીને રંગે ૧૭૮૧
તે સુખડુ તે નવી મુકાએ ખવાસે ટેરો તાણ્યો
ટેરા ભીતર ઉભા જેકો ભકત તેહોને આનંદ આણ્યો ૧૭૯૧
તેણે સમયતે નિરાવર્ણ ધામ કામ પુરણ થયા
શ્રી અંગ નિરખ્યું તે અવ્યકત રસજુત સુખ લહયાં ૧૮૦૧
સ્વકિય સમજીને બાહેર આવે પણ પગ તે પાછા ફરે
આવે બાહેર તે ફરી જાએ ટેરા મધ્યે એમ કહે ૧૮૧૧
જઈ નિરખે વલ્લભજીને વેગ પોતાનો પ્રિય લહે
તેહના અંગ પરમ છે રસાલ સુભગા તે એમ કહે ૧૮૨૧
પ્રિતમ પોઢયા છે કરવટ લીધી પણ નિંદ્રા આવી નથી
આજે સુંદર છે રસરાશ અભિશરણ કહે કથી ૧૮૩૧
તે સુણો સ્વકિય પરમ આનંદ હરખ માયે નહી
અવિલોકે રસભર અંગ પ્રિયના સોહે અહી ૧૮૪૧
હવે થયુ છે નિરાવરણ ધામ બેઠક શ્રી વલ્લભ લહે
તેણે કરીય અંગ ઉદીપન કામ સંગ રંગ રસ વહે ૧૮૫૧
તે જુએ છે સ્વકિય જે સુજાતિ શ્રી અંગ ચટપટી
પ્રિતમને આરતી અતિ વાધી અંગ અતિ સટપટી ૧૮૬૧
હવે ટેરા સંપુરણ તાણ્યો વાહાલે મન સુખ લહું
ચટપટી જોઈ સ્વકિય તે સુજાણ જઈ તેહોને કહું ૧૮૭૧

માંહા મોદસું સુખભર બોલ્યા ઉછાહા આનંદ ઘણો
રસ ઉલટ છે મન માંહે શું કહું સ્નેહ તેહ તણો ૧૮૮
હિત વાત્સલ્ય પ્રિય તણા જાણે સુભગાએ સોહે સદા
રસ ભર્યા રસિલા રસાલ એ ભકત સોહે તદા ૧૮૯
કર્યું મધ્યવર્તી તણું કાજ પ્રિતમજી એ સુખ લહું
બોલ્યા સમય થયો શુભ સાર સ્વકિયે એમ કહયું ૧૯૦
તે સુણી હરખ્યા મન માંહે પણ અંગ થર થર્યા જાએ
અધરના અમિ તે સુકાયા ચિત્તતે વિહવલ થાએ ૧૯૧
જાણી સમય થયો નિરધાર અંગે રોમોદ્રમ સોહે
ગદગદ કંઠ તે ભરાયે નેત્ર જોઈ સ્વકિય મોહે ૧૯૨
જે ભર્યા જલ રસસું અમોલ્ય હરખ આંસુ નયણે વહે
તે સાત્વિક ભાવ પ્રગટ પ્રિયનું સ્વરૂપ લહે ૧૯૩
અંગ પસ્વેદ તે થઈ આવે મન પ્રિયકને જાએ
એહવી અવસ્થા અનુપમ સાર રત્ન અંગ અંગ થાએ ૧૯૪
તે નિરખતા અભિનવુ રૂપ વચને કેમ જાએ કહયું
તે અવ્યકત મનોહર સાર અનુભવે જાણે લહું ૧૯૫
હવે સમાધાન કર્યા સ્વકિયે તે આનંદ નવી માયે
ત્યારે ઓચર્યા મધુરીતે વાણી એ સ્વપ્ન કે સત્ય થાએ ૧૯૬
એહવી અવસ્તાના વચન સુણીને સ્વકિયે દંડવત કર્યા
નોછાવરી તેહોપર વારી મન માંહા સુખ ભર્યા ૧૯૭
ઓવારણા લેઈ અને ઉતારે રાઈ લુણ તેહો પર
રખે લાગે કોહોની દ્રષ્ટિ એહોને સ્વકિય સોહે મનોહર ૧૯૮
સખી શ્રૃંગાર એહોનો જે સાર હવેલીને માંગલ્ય કહો
હવે પધારે છે રત્ન જોત નાર તે સ્વરૂપ મન માંહાં લહો ૧૯૯
પહેર્યા કંઠ માંહા ફુલના હાર અનેક સુગંધ તેહ
કરી ચોટી ફુલ તણી સાર મહે મહેતી જેહ ૧૦૦
ભાલે તિલક જગમગતી અનુપ સુંદર અનુરાગતે રાજે
તેની શોભા તે કહી નવ જાયે રસિલુ તિલક છાજે ૧૦૧
રવી અનેક સમાજ છે જેહ એહોને જોઈને ઝાંપ્યા
તે ચાલે છે પરમ સુદેશ સુભગા એણીપેરે છાપ્યાં ૧૦૨
સ્વેત જોત એણીપેરે રંગ આવે તે ઉમંગસું
હવે ત્યાંહાં ફરી જુએ મિત્ર અંગ સટપટ રંગસું ૧૦૩
ચટપટી લાગી છે તે અપાર હોમઘર દિશ નિરખે
અંગ આરત રત્ન સોહાયે અને અંગ અનુપમ સાર ૧૦૪
થરથરતા ભાયે નેત્ર લાલ ઘુર્ણીત સોહાયે એહવા પ્રિતમ છાજે
ક્ષણું સેજયા માંહા પોઢયાતે દિસે ક્ષણું માંહા બેઠા રાજે ૧૦૫

ક્ષણું એક માંહાં ગડુએ જલપાન આરોગતા પ્રિય દિસે
જાણે જલ લેઉતો અમી આવે આરત ભર્યા અંગ હીસે ।૧૦૬।
પણ સ્નેહત્વ કેમ જાયે તેણે કરી અમીય ન આવે
સ્નેહ સ્પર્શે કરે સુખ થાએ એણીપેરે મન ભાવે ।૧૦૭।
એમ અવસ્તા પ્રિતમજીની સાર બીજુ કાંઈ નવ રૂચે
ફરી ફરીને એહ સોહાયે સ્પર્શ કરે કુચે ।૧૦૮।
એમ અરત ભર્યા તેઉ માહારા સેજ બેઠા પ્રિય સોહે
એહ બેઠા નાયક હોમઘર દ્વાર તે સુભગા જોઈ મોહે ।૧૦૯।
રત્ન જોત ઉદ્યોત અપાર કહી કેમ જાયે એહ
આનંદ પ્રમોદ ઉછાહ આવ્યા ભિતર તેહ ।૧૧૦।
પ્રિતમ દુબકીય ને પોઢયા તે વેગ નિંદ્રા તણું મીસ કર્યું
તે જોયુ સ્વકિયે માહા હેજ એણે રસે મન ભર્યું ।૧૧૧।
એમ આવ્યા હોમ ઘર માંહે ઉલટ ઉછાહ ઘણો
અયોગથી નિરખે છે નાહ સ્નેહ સુભગા તણો ।૧૧૨।
અહીયે પહેરે છે સાડી રસાલ પ્રભુતણી સોહાતી
બહુ કુસુમસું ચિત્રિત તેહ અનુપમ રંગ મોહાતી ।૧૧૩।
તેહનો સૌરભ સુખદ અપાર પ્રિયને ઉપયોગ રાજે
ને આરોગે છે બીડા બરાસ મકરંદ ભર્યા છાજે ।૧૧૪।
રત્ન જોત તે સુંદર લાગે ભાંત હું શી કહું
મુસકતા જાએને બીડા ખાયે તે સુખ મન લહું ।૧૧૫।
તેહને દંડવત શુભસાર ઉછાહે હું કરૂં
આરત ભર પરમ આનંદ ચરણે મસ્તક ધરૂં ।૧૧૬।
ને આશિષ દે એ સોહાગ હો રાજધ્રી સદા
એહોની બલૈયા સુખ માંહે એણીપેરે મન તદા ।૧૧૭।
હવે ધમધમતા તે સુચારૂ રત્ન પધારીયાં
એ શોભા પરમ રસાલ જોઈ જોઈ વારીયાં ।૧૧૮।
રસિકા રત્ન આવે પ્રિય પાસ માહા રસ જોતસું
જલ હલે છે સકલ સરવાંગ પરમ ઉદ્યોતસું ।૧૧૯।
ટેરો તાણ્યો તેણે તે તિબારી પણ એહની જોત માહાલે
રસિકા આવે પ્રિય કને એમ જાણે રસચંદ્ર ચાલે ।૧૨૦।
ઘટા ભિતર થકી થઈ ઉદ્યોત જોત ચંદ્રમાં તણી
તે નિરમલ સ્વેત સુદેશ સોહે છે અતિ ઘણી ।૧૨૧।
ઝાતકાર ઝલકે છે અનુપ તેણે જગમગી રહું
ટેરા ભિતર રત્ન જોત સાર તે પ્રિતમજી એ મન લહું ।૧૨૨।
પણ પોઢી રહયા વાહાલો રંગ એહોનો રસ લેવા
માનીની તે આવ્યા છે રસાલ કરવા પ્રિય અંગ સેવા ।૧૨૩।
વિવિધી મનોરથ મન માંહે રસતણાં સોહે ઘણું
તે ચાલે છે ચાલ રસાલ શું કહું તેહ તણું ।૧૨૪।

ટેરા ભિતર રમણીક રત્ન રસ ભર શોભિયે
સોહાગે ભર્યા ભરપુર જોઈ જોઈ લોભિયે ।૧૨૫।
સુભગાતે સુખદ છે પ્રવિણ નવિન રસે રાજે
જુએ પ્રિય તણું રૂપ રસાલ ઝલકે છે તેજ પુંજે ।૧૨૬।
વાહાલો પોઢયા છે રસતણી રીત પ્રિતે મન માંહાં ઘણી
તે નિરખે છે રસિકા રસ રૂપ જાણીને નિજ ઘણી ।૧૨૭।
ઉભય સ્વરૂપે મન માંહા અતિ મોદ ઉદબોધ રસ સોહે
અયોગ થકી અકુલાયે પરસ્પરે રસ મોહે ।૧૨૮।
વચન કહેવા તણો તે ઉમાહે મન તે વિહવલ દિસે
એમ આવી ઉભા સ્વકિય રંગ પ્રિય જોઈ ચિત્ત હીસે ।૧૨૯।
વાહાલાજીને નિકટ સોહાયે અનુપમ ભાંતસું
સોચે રસ તણાં ભેદ અપાર રસ ભર ખાંતસું ।૧૩૦।
દશ માંગલ્યે કહયા ચરિત્ર ભોજન તણાં મન મુદા
હવે પાંચ માંગલ્યે કરી કહું રસ લીલા સોહે સદા ।૧૩૧।
ગુપ્ત રસ એ રસિકા તણો હેત બીજુ કો નવી લહે
એ સકલ સિધ્ધાંતનું તત્વ પ્રેમદા પ્રેમે કહે ।૧૩૨।
પાંચ માંગલ્ય કહયા છે રસાલ પ્રિતમજીને પ્રિય ઘણું
સોહે પરમ રસિલા રસાલ રસ ચરિત્ર પ્રિય તણું ।૧૩૩।
જે જે કિધાં વાહાલે સ્વકિય સંગ સ્નેહ ભર રસ રીતે
રસિકા સંગ રસે રમ્યા નાથ સેજ પરે બહુ પ્રિતે ।૧૩૪।
તે લીલા ઉથાપન લગી રસિકાનો રસ બહું
જે જે અનુભવ્યો રસ ભર ભોગ પ્રિતમજી તે જાણે સહુ ।૧૩૫।
એ રસ તણા પાંચ માંગલ્ય કહયા પુઠે કહેસું ફરી તે ભોજન કરી
પ્રિય પોઢયા પુઠી ભકત ઘરે આવે ચિત્ત ધરી ।૧૩૬।
તે પ્રકાર ચોવીસમે માંગલ્યે કહેસું આનંદ મુદા
વચ્ચે પાંચ માંગલ્ય કહયા સાર લીલા ગુપ્ત છે સદા ।૧૩૭।
અઢાર માંગલ્ય કહયા પુઠી રસલીલા કહી રંગે
તે મધ્યાન સમય પ્રિય પોઢયા રત્ન જોતને સંગે ।૧૩૮।
એ લીલા ઉથાપન્ન લગી વિસ્તારી રંગ રસે
ભાગ્યવાન રસિકા રસ રૂપ તેહ તણે ચિત્ત વસે ।૧૩૯।
એ લીલા તણું ધન્ય ધન્ય બીજું કોઈ નવી લહે
આઠ પહોર સોચે મન માંહે રસિકા એ રસ ચાહે ।૧૪૦।
હવે આગલ પ્રસંગ સુંદર કહીયે છે મન મુદા
રત્ન જોત ઉભા સેજ પાસ સોહે છે તે સદા ।૧૪૧।
અહીં કરશે કો લે અવ્યકત પ્રિય સંગ રસ ભરી
તે માની લેશે વાહાલો રંગ પ્રમોદસું ચિત્ત ધરી ।૧૪૨।

ઈતિશ્રી માંગલ્ય અઢારમું સંપૂર્ણમ્ ..... હવે ઓગણીસમું માંગલ્યરસ સમયનું
ભોજા સેજયાનું લખીશે .... શ્રી શુભમ્ શ્રી ભુયાત્

માંગલ્ય - ૧૯

શ્રી શ્રી જીયવર રસદાતા મહોદાર અતિ રસ જુકત રસિક શીરોમણી
શ્રી શ્રી શ્રી ગોકુલેશો જય જયતિ
એ માંગલ્ય ઓગણીસમું લખીયે છે. એ માંગલ્ય પ્રથમ સેજયાનું છે
તેને ગાવાને અનુકરણ લૌકિક ગીત છે તે વચન જે
ઝાલા ઝુમરડુરે રહયુ ઝલા બાહેર, મારૂં મણીકડુરે માહેરા માંહા.
એણે અનુકરણે ગવાશે. એ માંગલ્ય ૧૯ થી ૨૩ લગી શ્રીજી ભોમ સેજયા મધ્યાન સમયનું માંગલ્ય છે
તે આ પ્રથમનું લખીયે છે પ્રિયજી જય જય જય.

સેજ નીકટ રત્ન જોત આવ્યા — આવી ઉભા છે પ્રિતમજીને મન ભાવ્યા ।૧।
જલ હલતી જોત છે રસાલ — સર્વાંગ અનંગે ભર્યું વ્રજબાલ ।૨।
તેહની ઉદ્યોત અપરમિત દિસે — અવીલોકતા પ્રિયનું મન હીસે ।૩।
વાહાલો જુએ છે દ્રષ્ટિ તે દુરાવી — પોઢયા પોઢયા નિરખે મન ભાવી ।૪।
સુભગા તણું સુંદર તન — પ્રથમ પરસ્પરે આપી રહયા છે ।૫।
સ્નેહ ભરતે સુખદ રસ રાસ — આવીલોકે પરસ્પરે રસ આસ ।૬।
રસિકા તે સ્નેહ ભર છે આધિન — સ્વરૂપ રસ માંહા થયા લીન ।૭।
તેણે પ્રગટી અગ્ની તે અમોલ્ય — એ સમાન નહી કોઈ તોલ્ય ।૮।
અંગ અંગ પ્રતે આરત તે વાધે — રસ રૂપી અગ્ની કારજ સાધે ।૯।
એહવો રસતે સ્વકિય અંગે છાજે — સર્વાંગ થર હરતા તે ભ્રાજે ।૧૦।
અંગ અંગે રોમોદ્રમ સોહે — તે દેખીને પ્રિતમ ઘણું મોહે ।૧૧।
ક્ષણું ઉસાસા લે છે તે સુભગા પ્રિતે — અમી સુકાયે મુખ માંહા રસ રીતે ।૧૨।
છાતી ધુકુર ધુકુર કરે — ઉમાહા સંયોગ રસ તણું ચિત્ત ચાહે ।૧૩।
ક્ષણું છીનતા પ્રગટે અવ્યકત — નેત્ર કમલે જલ ભરી આવ્યા રસ ભકત ।૧૪।
પુલકીત થઈ નેત્રે નીર ઢાલે — ક્ષણું પ્રસ્વેદ અંગે સોહેતે સંભાલે ।૧૫।
ક્ષણું ગદ ગદ કંઠે તે ભરાયે — એહવી અવસ્તા સુભગા અંગ થાએ ।૧૬।
સાત્વિક ભાવે ભરી આવ્યા — સ્નેહ સંયુકત અવ્યકત રસ ભાવ્યા ।૧૭।
ક્ષણું સોચે એણી પેરે મન — રખે સ્વપ્ને એ હોએ ભાવાપન ।૧૮।
એહવી રસિકાએ ચતુર ગુણવંત — એહોના રસનો કોએ ન પામે અંત ।૧૯।
એ સુખદ શીરોમણી રસે રાતા — પ્રિયના અંગ અવીલોકે સ્નેહ માતા ।૨૦।
આશકત અવ્યકત ચિત્ત દિસે — પ્રિય પ્રેષ્ટને નિરખી મન હીસે ।૨૧।
એણી પેરે સેજ નિકટ ઉભા રાજે — પ્રિતમ તણાં હિત રસ સુખ કાજે ।૨૨।
વાહાલો પોઢયા છે રસભરી જુકત — નિંદ્રા તણું મીસ કર્યું પ્રિય રસ ઉકત ।૨૩।
સુભગા તે પ્રવિણ રસ પુરા — શ્રી ચરણાર્વિંદ જુએ સ્નેહે સુરા ।૨૪।
ચરણ કમ મૃદુલ મન રંગે — જોત ઉદ્યોત જલહલે ચરણ સંગે ।૨૫।
સ્વેત ક્રાંત ચમકે છે રસરૂપ — અરૂણ આભા પ્રતિબીંબે ચર્ણે અનુપ ।૨૬।
ચરણ તલાં તે કોમલ રસ રાસ — રેખા સ્વરૂપે સોહે સ્વકિય બહું પાસ ।૨૭।

અંગુષ્ટ અંગુલીયે રસ જોત	નખમણી જલહલતી ઉદ્યોત	૧૨૮૧
શુભ્ર ગોલ સ્વેત અરૂણતાસું સોહે	એહવા નખમણી જોઈ રસિકા રસે મોહે	૧૨૯૧
ચરણ પાટલી અનુરાગે ભરી પ્રિતે	મૃદુલ મનોહર સોહે રસ રીતે	૧૩૦૧
એડી પાહાની પ્રહસીત દિસે ઘણું	શું શું કહીયે સુખ ચરણાર્વિંદ તણું	૧૩૧૧
એહોને જોઈને રસિકા લલચાયે	શ્રી ચરણે ચુંબન દેવા મન થાએ	૧૩૨૧
ટાંકણાં જાનુ પ્રેમદા પ્રેમે નિરખે	જંવા જુગલ રસે ભરી જોઈ હરખે	૧૩૩૧
મધ્ય સ્થલ મનોહર સુખકારી	એહને અવીલોકતા પ્રગટે રસ ભારી	૧૩૪૧
નિતંબ નયણ ભરી પેખે	કટીલંક બંક રસશું વરખે	૧૩૫૧
ત્યાંહાં સકોમલ મીહી ધોતી પહેરી	કાછ સોહે છે પાટલી અતિ ગહેરી	૧૩૬૧
ઉદર આનંદ મઈ ઝાતકર દિસે	ટુંડી રસિકા રસ જોઈ મન હીસે	૧૩૭૧
પીઢ પારસ્વ પ્રૌઢ છે ગંભીર	એમ શ્રી અંગ અવિલોકે રસિકા ધિર	૧૩૮૧
નીંદે કમલ કમનીય બિરાજે	રમણીક અપરમીત ભ્રાજે	૧૩૯૧
રૂદય ઉરોજ ઝલકે તેજ પુંજે	વિપરીત રસસુખ લેવા મન રંજે	૧૪૦૧
કુચ ગૌર ગોલ ફલ મિષ્ટ	સ્વકિય સંગ હોએ મહા રસ મિષ્ટ	૧૪૧૧
અહીં માલા તણાં જુથ બહુ વિલસે	તે જોઈને સુભગા મન હુલસે	૧૪૨૧
ખંભા જનોઈ સુંદર ઘણું લાગે	ભુજદંડને નિરખી રસિકા લાગે	૧૪૩૧
કોહોની કાંણાં પોહોંચલા અતિ ભવ્ય	મુદ્રિકા ચમકે અંગુલી દલ સવ્ય	૧૪૪૧
નખમણી પર રવિ શશી વારૂં	સ્વેત અરૂણ ઝલકે ચિત્ત ધારૂં	૧૪૫૧
કર કમલ ઉદ્યોત રસ રૂપ	જોત સહિત ચલકે છે અનુપ	૧૪૬૧
કરોબુજ કોમલ મનોહર સુખદાઈ	રેખા સંયુકત બિરાજે મનભાઈ	૧૪૭૧
કરતલ તે રસિક રસે પુરા	સ્વકિય સંગ વિલસતા તે સુરા	૧૪૮૧
હવે કહું ગ્રીવા ગોલ ગેહેરાતી	અવિલોકે છે રસિકા રસે માતી	૧૪૯૧
ચિબુંક ચારૂં કમણીય	ઠોડી ઠૌર રસ સંયુકત રમણીય	૧૫૦૧
અધર પલવ પ્રહસિતે દિસે	ગેહેરી લાલીમા જોઈને મન હીસે	૧૫૧૧
શ્રી મુખ માંહાં જીભ્યા દંત રસ સોહે	ભરી મોહોસર જોઈ સુભગા મોહે	૧૫૨૧
ગલસ્થલ ગૌર ગેહેરાઈસું બિરાજે	ભાંત્ય ભાંત્ય રસ વિલસવા કાજે	૧૫૩૧
કર્ણ કોમલ માંહા રસ વાન	કયારે મુકતામણી પહેરી કરે દાન	૧૫૪૧
નાસાતે નવલ રંગ અંગે	શુભ્ર સચિકણ ઝલકે છે સંગે	૧૫૫૧
નેત્ર નવલ સુખદ રસ રાસ	અધ પડીયલા રાખ્યા છે રસ આસ	૧૫૬૧
વરૂણીના ટોપચા છે અવ્યકત	ભ્રો તણો બંક જુએ રસ ભકત	૧૫૭૧
ભાલે તિલક કેશર સુખદાઈ	માંહે શ્યામ રેખા ઝલકે મનભાઈ	૧૫૮૧
ભાલ ગૌર ઉતંગ છે નવીણ	શીષે ઉપરેણો લપેટયો છે નવીણ	૧૫૯૧
તે માંહેથી કહી કહી કેસ દિસે	શ્યામ અંબોડો જોઈને મન હીસે	૧૬૦૧
એમ પોઢયા છે પ્રિય સુખકારી	અયોગ રસ કેમ કહીયે તે ઓચારી	૧૬૧૧
રસિકાએ આવી શ્રી અંગ એમ જોયું	રસ ભાવ સહિત એમ મોહું	૧૬૨૧
અહી નમન કરે પ્રેમદા રસ રીતે	એમ અવિલોકીયું શ્રી સુખભર પ્રિતે	૧૬૩૧
પ્રિય અંગ અંગ જોઈ રૂચી વાધે	રસ વિલસવા અર્થ કારજ સાધે	૧૬૪૧

હવે કહીયે રત્ન જોત રંગે	કરે પ્રિયજીને પાસે સુખ સંગે	૧૬૫૧
ઉત્તર પ્રતી ઉત્તર કરશે રસ જુકત	કામ કેલી કરવાને બહુ ઉકત	૧૬૬૧
પાસે જઈ અને ચાદર ખુંટ સરકાવ્યો	તે પ્રિતમજીને મન અતિ ભાવ્યો	૧૬૭૧
એમ બોલ્યા જે નિંદ્રાતો રંચે નથી	પોઢી રહયા છો શું મન કથી	૧૬૮૧
એવડી તે અમસું શી ઠગાઈ	પોઢી રહયા છે પ્રિતમ સુખદાઈ	૧૬૯૧
એહવા નાયકા સુભટ રસ પ્રીતી	માન કર્યું છે પ્રિતમે સ્નેહ રીતી	૧૭૦૧
વાહાલોજીને નિંદ્રા નથી તે લગાર	પોઢી રહયા છે રસ લેવા સુખસાર	૧૭૧૧
ક્ષણું માહાતે નેત્ર વિકસીત કરે	ફરી નિંદ્રા મીસે નયણાં મેલી ઘરે	૧૭૨૧
શ્રી વલ્લભજી ક્ષણું હું હું કહી ભાખે	મીઠા વચન સુભગા તે ચિત્ત માંહાં રાખે	૧૭૩૧
સ્વકિય બોલે છે પ્રિયને સુખદાતા	તે લહે છે વાહાલોજી રસ જ્ઞાતા	૧૭૪૧
પ્રેમદાના વચન સુણવા પ્રિય લોચે	પોઢયા પોઢયા એ રસ ઘણું સોચે	૧૭૫૧
એમ કર્યું છે પ્રિય માન રસ રીતી	રસ અલૈકિક તણી એ છે નીતી	૧૭૬૧
નાયકાનું માન તે લૌકિક ઉકત	પ્રિતમજીનું માન સોહે રસ જુકત	૧૭૭૧
એ શ્રી મુખથી કહયું છે શુભસાર	અલૌકિક રસ તેજે પ્રિય માન અપાર	૧૭૮૧
દેવું છે અલૌકિક સ્વકિયને તે દાન	તે માટે નિંદ્રા મીસે પોતે કર્યું માન	૧૭૯૧
હવે નાયકા ઓચર છે એણી રીતે	નીજ નાહ તમારી છે ભલી પ્રિતી	૧૮૦૧
તમો ભલા મિત્ર મલ્યા ઈષ્ટ	કરી તમો તે માહા રસ તણી વ્રિષ્ટ	૧૮૧૧
સુણો વલ્લભજી રસિકવર રાયે	પોઢી રહયા છો એતા નેમ નભાએ	૧૮૨૧
ધન્ય નિંદ્રા તમારી પ્રિય સારી	તમને નિંદ્રા આવે અતિ ભારી	૧૮૩૧
તેણે જણું હું જે નિંદ્રા તમને વાલી	ત્યારે સંગે નિંદ્રા સખી માહાલી	૧૮૪૧
ત્યારે વાહાલાજીના અંગ કસ કસીઆ	સ્પર્શે છે સ્વકિય તે મન વસીયા	૧૮૫૧
હું હું કહાં કરત હો પ્રિતી ભાખે	મીઠા વચન કસ કસતા સ્વકિય ચાખે	૧૮૬૧
ત્યારે પ્રવિણ સુભગા એમ બોલે	પ્રિય તમ સમાન નથી કોઈ તોલે	૧૮૭૧
કપટ મુકો ઉઠો સુખદાઈ	રસ વૃષ્ટિ કરો પ્રિય મન ભાઈ	૧૮૮૧
તોહે વાહાલોજી તે માન નવી મુકે	સ્વકિય સંબંધ ભર રસથી નવ ચુકે	૧૮૯૧
પ્રિતમજી નિંદ્રા મીસે અણું નવ મટકે	તે રસિક રસ રસિકાને ખટકે	૧૯૦૧
ક્ષણું એક સોચી રહયા એમ	અંગ આરત વાધે સ્વકિય તેમ	૧૯૧૧
હવે કોણ કરૂં હું ઉપાયે	પ્રિતમજી પ્રસન્ન કેમ થાએ	૧૯૨૧
અંગ સ્પર્શી બોલ્યા સખી સાર	મુકો હઠમાન નહી કાંઈ પાર	૧૯૩૧
સુંદરવર પ્રિય ત્યારે મુસકાયા રંગે	રસિકા ચુંબન દે છે શ્રી અંગે	૧૯૪૧
એણે રસે તે પોઢી રહયા મહારાજ	હવે ઉઠોજી કરો રસ કાજ	૧૯૫૧
ત્યારે વાહાલો ઉચર્યા તે મીઠી વાણી	કહો કેમ આવ્યા છો કાજ સું જાણી	૧૯૬૧
સ્વર ભારે અનુપમ રાજે	નેત્ર અરૂણ ઘુંઘરટયા તે ભ્રાજે	૧૯૭૧
ત્યારે સ્વકિય બોલ્યા મધુર રસરાતા	અમો આવ્યા તમકને સ્નેહ ઘાતા	૧૯૮૧
ત્યારે અવ્યકત રસે બોલ્યા પ્રિતમ એમ	રસિક રીઝે મન માંહાં ઘણું તેમ	૧૯૯૧
કોઈ દેખસે કેમ આવ્યા	તેને ઉત્તર સો દેખો મન ભાવ્યા	૧૧૦૦૧
સુભગા મુસકાઈ એણીપેરે બોલ્યા	હજી છલ નથી મુકતા મન ખોલે	૧૧૦૧૧

અમસું કપટ કરો છો તમો અપાર	ત્યારે વાહાલો અંતરપુટ ખોલે સાર	।૧૦૨।
સાને આવ્યા છો અહી સું છે કાજ	તમતણું સ્વરૂપ રૂપીયો રસ લેસું અમો ઘણું	।૧૦૩।
એમ મદ ભર્યા બોલે સ્વકિય અનુપ	તે પ્રિતમજીને રૂચી કરતા સુખરૂપ	।૧૦૪।
વાહાલો ઉઠીને બેઠા રસ સેજ	રસિકાને જણાવે રસ હેજ	।૧૦૫।
પ્રિય મુસકની સુંદર લાગે	મીઠા વચન સુણીયને સ્વકિય પાગે	।૧૦૬।
હવે ઉભય સ્વરૂપને ચિત્ત ધારી	પ્રિય દંડવત કરૂં હું સુખકારી	।૧૦૭।
વાહાલોજી તે માહા રસ ભર સોહે	સ્નેહ સંયુકત ત્યાંહાં પ્રેમદા તે મોહે	।૧૦૮।
હવે સ્વકિયસું બોલે છે પ્રિય વિચિત્ર	પેડા માંહાં કોઈએ દિઠા હસો મિત્ર	।૧૦૯।
વાહાલો ઉઠી બેઠા તમ સંગ	કેહી પેરે કરસો રસ રંગ	।૧૧૦।
ત્યારે રત્ન જોત મુસકાયા અમીય ઉકત	પીય પુછે છે શું હસો છો રસ જુકત	।૧૧૧।
કોઈને હસાવી હસો તો રૂડા લાગે	ત્યારે રસિક સુંદરી રસ માંહાં પાગે	।૧૧૨।
કહે લક્ષણ મેં તમારા પ્રિય જાણ્યા	સ્વકિય કહે તે પહેલે ઉર માંહાં આણ્યાં	।૧૧૩।
તમો અંગે અંગે અકુલાયા તે ઘણું	શું શું કહીયે વખાણ તમ તણું	।૧૧૪।
પ્રિય બોલ્યા જે અકુલાઈયે તે	શા માટે તમો જોઈ અમારી બહુ વાટ	।૧૧૫।
વાહાલો કહે વાટ શી જોવી એ કારણે	રસિકા કહે અમો વાધ્યા તમારે વારણે	।૧૧૬।
એમ પરસ્પરે વચન રસ વિલાસ	અંગ અંગ અપરમિત હુલાસ	।૧૧૭।
પ્રથમ માંગલ્ય એ રસ તણું અવ્યકત	આગલ કહેસું તે રસ લહેસે રસભકત	।૧૧૮।
શ્રી અંગે સોહસે તે ફુલનો શ્રૃંગાર	રત્ન જોત કરવાવસે શ્રૃંગાર સાર	।૧૧૯।

ઈતિ શ્રી માંગલ્ય ઓગણીસમું સંપૂર્ણમ્
હવે વીસમું માંગલ્ય મધ્યાનની સેજયાનું લખીશું
સમાપ્તમ્
શ્રી શ્રી શ્રી શ્રી શ્રી

માંગલ્ય - ૨૦

શ્રી શ્રી શ્રી ગોકુલેશો જય જયતિ એ માંગલ્ય ૨૦મું લખીયે છે. તેને ગાવાને અનુકરણ
ગુજરાતના પ્રસંગ માંહા છે તે વચન જે
વિઠલદાસે કર્યો મનોરથ ઉત્સવનો બહુ પેરજી
વાહેણી સિધ્ધ કરીને મોકલી તેડાવ્યાં સહુ ઘેરજી
એણી જાતે ગવાસે, એ માંગલ્ય ભોમ સેજયાનું બીજુ રસ સમેનું છે તે લખીયે છે.

સ્વકિય સંગ બેઠા છે પ્રિતમજી સ્નેહસું બોલે રંગેજી
તે પાછલને માંગલ્યે કહયું ને વલી કહુ માહા રસ સંગેજી ।૧।
વચન પેચ છલભરી પેરે બોલે પ્રિતમ સમ નહી કોએજી
તેહ રસ ગીધા સ્વકિય સુંદર વાહાલાજીનું શ્રીમુખ જોએજી ।૨।
વલ્લભજીએ રસપાન કર્યું છે તેણે કપટે બોલેજી
મનમાંહે રચના રચી રચીને વચને તે મીઠા પ્રિય બોલેજી ।૩।
વલી પુછે તમો કેમ પધાર્યા શું કારણ મન ધરીયજી
સ્વકિય કહે અમો તાં આવ્યા છે ઉચિત હોય તે કરીયેજી ।૪।
માન તમો ભલે કીધુ ઠગાઈ કરો અમ સાથેજી
પ્રણત પ્રસર ખઈ મિત્ર પ્રિતમજી રાજો છો મારે માથેજી ।૫।
તે બલે હું સર્વ લહું છું તમારા મનની વાતજી
તમને જે જે અવસ્તા વીતી તેહ લહી મેં અંગ ઘાતજી ।૬।
ત્યારે પ્રિય મુસકની કરીય બોલ્યા અવસ્તા શ્રી શા કાજજી
સ્વકિય કહે તમો ભલુ ગ્રહુ છે રસિક માન મહારાજજી ।૭।
હજી લગણ તમો રંચ ન મટકો માન થકી તે અણુંઅજી
અમ વીણ તમને થઈ ચટપટી ક્ષણું ક્ષણું માંહે તે ઘણુંઅજી ।૮।
ત્યારે પ્રિતમજી ઓચર્યા મુસકાઈ રસ તણી રીતજી
ચટપટી શા કારણ થાએ તમસું નથી કાંઈ પ્રિતજી ।૯।
ત્યારે રસિક સુભગા એમ બોલ્યા ખરૂં ચટપટીસું થાએજી
તમારે શ્રી અંગ સ્નેહ તણું તે વાધી કહી તે સમાએજી ।૧૦।
પરમ સુંદર શોભાયમાન લાગે તપ્ત રસિક રસિક સેવા કાજજી
પ્રહસિત થઈ અને પ્રમોદે પ્રસરી અંગ અંગ શ્રી મહારાજજી ।૧૧।
ત્યારે પ્રિતમથી મુસકાત પ્રતે સાહાની થાએજી
રસિક સુભગા ઓચરે સ્નેહ માતા બહુ રસભર સુખ ભાએજી ।૧૨।
શ્રી મુખમાંહે અમિ તે સુકાયા સ્નેહ તણે ભર પ્રિતેજી
અમારે કાજે થઈ અવસ્તા આનંદ ભર રસ રીતેજી ।૧૩।
પ્રિતમજી બોલ્યા માહા સુખભર અમી તે સીદ સુકાયેજી
તમ વીણ સુઅસર્યુ હતુ જેણે અધરપુટ ફર્યા જાયેજી ।૧૪।

સ્વકિયે કહયું તે તા તમો જાણો અકુલાયા શી વાતજી
એમ રહી રહીયને પ્રિયજી માન મુકે તે હરખ ન માતાજી ।૧૫।
બોલે સુભગા મધુરા વચન તે પ્રિતમજીને મન ભાવેજી
સ્નેહ તપ્ત વાધતી જાએ પણ સ્વકિયને કાંઈ ન જણાવેજી ।૧૬।
પ્રમદા પ્રવિણ સુંદર માહાધિરા સદ્ય લહી મન વૃતજી
ભલુજીતે તાં સર્વ પાછલ રહયું પણ નેત્ર ઘુર્ણીત શી કૃત્યજી ।૧૭।
ત્યારે પ્રિતમજીનું માન રહયું નહી સ્વકિય અંગ કર સ્પર્શાવ્યોજી
રસિકા બોલ્યા તમને શ્રમ થાશે પણ મનમાં અતિ ભાવ્યોજી ।૧૮।
શ્રીકર કમલ સ્પર્શતા માત્રે અંગે રોમોદ્રમ સોહેજી
એહવી અવસ્તા જોઈ વાહાલોજી સ્પર્શ કરતાં ઘણું મોહેજી ।૧૯।
સ્વકિયે કહયું સાહાને કાજેજી જલ લેઈ તપ્ત સમાવોજી
માન અપરમિત કીધું છે તમો અમકને સાહાને આવોજી ।૨૦।
માનના રસ માંહા રીઝીને તમો રમણ કરો રસ રૂપજી
રસિકા સ્નેહ ભર્યા એમ બોલે વચન તે મીઠા અનુપજી ।૨૧।
એવડુ અમારે તમ સાથે શું છે જેણે અંગ મેલાવોજી
માટે મીઠુ જલ લ્યો પ્રિતમ શીતલ અંગે ભાવોજી ।૨૨।
નહીતો પ્રિતમ એક કરો જે દુવકીયને પોઢો રાજજી
અમને આવતા જોઈ અને તમો સદ્ય પોઢયા રસ કાજજી ।૨૩।
માટે પ્રિતમ વિલંબ ન કિજીયે ત્યાંહાં પોઢી રસ લીજેજી
નિંદ્રા નાયકા સંગ મલી તેને અપરમિત દિજેજી ।૨૪।
અને માન અમ સાથે કરીને પોઢીયે પ્રિય પ્રિતેજી
શ્રી અંગે લક્ષણ સહુ દિસે અને રસિક રસ રીતેજી ।૨૫।
તમને માન રૂચે છે અપરમિત તે અમને અતિ ભાવેજી
રાજને સુખે અમો સુખ લહીયે એટલું મન માંહાં આવેજી ।૨૬।
હું જાણું છું જો પ્રિય તમને માનતે મીઠુ લાગેજી
માનવંતા થઈ અને બેસો ત્યારે બહુ રસે અંગ અંગ પાગેજી ।૨૭।
તે માટે તેહજ કીજે અંગ સુખાલા થાયેજી
હાં હાં ખાંઉ પાયે પડુતોરે તેણે હરખ ન માયેજી ।૨૮।
એહવા વચન સુણી પ્રિતમજી વિહવલ થયા ઘણું સોહેજી
કરતલ તેહનો લે પ્રિય પ્રિતે ચુંબન દેતા મોહેજી ।૨૯।
દરસ પરસ સુખ માંહા ગીધા વચનને તે કહયા કેમ જાયેજી
અનુભવ સાધ્ય એ રસ હોયે જેહોને તેણે એ સુખ લહેવાયેજી ।૩૦।
વિવિધી રસેરાતા અતિમાતા કોલે કરે મન રંગજી
સ્વસંગી સ્વકિયા મલી તેસું રંગ અપરમિત સંગજી ।૩૧।
માહા રસ મગ્ન મનોહર ઝીલે સુંદર અંગ રસાલજી
પ્રિતમજી નૌતન ગતિ નાચે રાચે છે વ્રજબાલજી ।૩૨।

અનુપમ ભાવ વિસ્તર્યા સ્વકિયના પ્રિતમજી કરે રસ દાનજી
અંગ અંગે અતિ સુરત્વ વાધે અનુભવે છે ભાગ્યવાનજી ।૩૩।
કોકીલ શબ્દ મનોહર ઉઠેતે પ્રિયજીને ઘણું સોહાયેજી
અંગ અંગ પ્રતે અનેક સુખ હવા ઉભય સ્વરૂપે મોહાયેજી ।૩૪।
તેહવા માંહેથી કરી વિનંતી પ્રિય તણે અંગ સોહતીજી
રસિક મનોરથ પ્રગટ થયો તેણે રસિકા મન માંહાં મોહતીજી ।૩૫।
પ્રિયને કહે સાંભલો સુખદાતા જ્ઞાતા તમો રસ રૂપજી
સેજયા એક મનોરથ મુહને પ્રગટ થયો છે અનુપજી ।૩૬।
પ્રિય બોલ્યા તુમ કહાં કહે તમો કહો જો તુમ મન ભાવેજી
રસિકા કહે શ્રી મસ્તક ફુલ ઘાલુ એહવું મનમાહાં આવેજી ।૩૭।
મનોરથ લહી વાહાલાજીએ માન્યુ એ રસ મન માંહાં ભાવ્યોજી
રત્ન પ્રસન્ન થઈ સાજ મંગાવ્યા ફુલ તણો અહી આવ્યોજી ।૩૮।
પ્રિતમજી સુંદર બેઠા છે સેજ અનુપમ રંગેજી
સ્વકિય વાહાલાજીનો જુઠો છોડે શોભા કહું રસ રંગેજી ।૩૯।
કેશ તે પરમ સચિકણ સરલા કોમલતા નહી પારજી
તે માંહે ફુલેલ ભરીને ઓહલે રસિકા અતિ સારજી ।૪૦।
તે પાટી પાળી ચોટી ગુંથે ફુલ તણી અતિ સોહતીજી
કેશ તે ચમકે અવ્યકત રસાલ એ શોભા જોઈ સ્વકિય મોહતીજી ।૪૧।
ફુલતણું વરસતુ દિસે ફુલ શોભા અતિ ભારીજી
ગુલાબ તણી ફુલ મધ્યે મધ્યે રાજે ચોટી ચમકે સુખકારીજી ।૪૨।
ફુલ તણી છે સંગી અનુપમ તે માંહાં ચિત્ર અનુપજી
પહેરી છે શ્રી રૂકમણીલાલે એ છે મહારો ભુપજી ।૪૩।
પ્રથમ જે ચંદન પહેરયું છે તે અંગ અંગુછી પુછેજી
સ્વચ્છ કરી અંગે ફુલેલ લગાવી બહુ પેરે તે લુછેજી ।૪૪।
અંગ અંગ સુરત વાધી ફુલ અનુપમ દિસેજી
શ્રી અંગે ભુષણ પહેરાવે ફુલ તણાં જોઈ હીસેજી ।૪૫।
ખીટલા કર્ણ ફુલ બેઉ રાજે પાટીયે સેર છે અનુપજી
જગમગ જયોત ફુલના સોહે આભરણ સહુ સુખ રૂપજી ।૪૬।
ફુલ તણી દુલરી તિલરી એકલરી માલા ભારી રાજેજી
ફુલ તણી ધુક ધુકી અતિ સોહતી જે સુંદર પ્રિય ઉર ભ્રાજેજી ।૪૭।
તીમની પણ ફુલની કરે છે વિચિત્ર તે કહીયન જાયજી
હંસી હંસીને સુંદરી પહેરાવે પ્રિયજી પ્રસન્ન અતિ થાયેજી ।૪૮।
તે મુસકની કાંઈ અનુપમ લાગે નયણે ચપલ ગતિ સોહેજી
સુંદર સ્વેત શ્યામ લહ લહેતા શોભા જોઈ સ્વકિય મોહેજી ।૪૯।
એહવું મુખ પ્રિતમજીનું નિરખે પ્રેમદા વ્યાકુલ થાયેજી
વાહાલાજીનું શ્રી મુખ ગ્રહીને ચુંબન દેઈતે ઉમાંહેજી ।૫૦।

મંદ મંદ મધુરી વાણી ઓચરે સુંદર પ્રિય લાગેજી
શ્રી મુખ કાંત અનુપમ જલકે તે જોઈ હૈયડું પાગેજી ૧૫૧
ફુલ તણી અંગીયા પહેરાવે કુચપર ભરી બેઠી સોહેજી
પરમ સુંદર તે શોભાયમાન સોહતી સ્વકિય સલુણી મોહેજી ૧૫૨
વાહાલોજી રસભર મુસકાએ ગુંજ અંતરપુટ ખોલેજી
કોહની અંગ કોહના સુંદર છે ગર્વસું પ્રિતમ બોલેજી ૧૫૩
મુસ્કાઈ કહે પ્રિય પ્રિતમ સુંદર અંગ તમારાજી
તે કાંઈ મેં વચને ન કહેવાયે અનુપમ સોહે છે સારાજી ૧૫૪
એહવા વચન બોલે છે મધુરા વાહાલાજીને સુખ દેણજી
પ્રિતમ પર સર્વસ્વ વારે ને ઉચ્ચરે મીઠા વયણજી ૧૫૫
ફુલ તણાં ઢાંક પહેરયા નવ જાએ સુંદર સોહેજી
તેહના ફુંદણ અભિનવા લલકે તે જોઈ રસિકા મોહેજી ૧૫૬
ફુલ તણી ચુડી અતિ સોહાવી કંકણ તેહરા રાજેજી
ગજરા ફુલ તણાં અતિ સુંદર જવ તે અુપમ ભાજેજી ૧૫૭
ફુલ તણી પોહચી ઘણું સોહતી નંગ વિવિધી ફુલ જલકેજી
જવના ગોટી વિચિત્ર બિરાજે તેહમાં ફુલ નંગ ચલકેજી ૧૫૮
પહોચલે રત્ન ચોકી અતિ ચમકે મુદ્રિકા સહિત તે બિરાજેજી
એ કરની હું બલેયા લેઉ રસ ભર પ્રિય મહારો એ ભ્રાજેજી ૧૫૯
શ્રી કરે પહેરયા ફુલ તણા આભુષણ અભિનવા ચલકેજી
તેહની શોભા સુભગ બિરાજે જોઈ સ્વકિયનું મન ઢલકેજી ૧૬૦
ફુલ તણા જેહર પહેર્યા છે પાયલ ફુલના સોહેજી
અણવટ બિછુઆ ફુલના ભ્રાજે જોઈ રસિકા રસે મોહેજી ૧૬૧
અંગુઠી અંગુલી પર સુંદર લાગે અભિનવુ સુખદ એ સુદેશજી
ફુલ તણો શ્રૃંગાર કર્યો છે પ્રિતમ અંગ પ્રાણ વરેશજી ૧૬૨
જાવક રંગ સુચારૂ અનુપમ ખાંત્ય સહિત રંગી પાહાનીજી
પાટલી પર એક વિચિત્ર સાથીયો કાઢયો રસિલી વાનીજી ૧૬૩
શ્રી ચરણાર્વિંદ અતિ સુંદર કર્યો ફુલેલ તણો ત્યાંહાં શ્રૃંગારજી
સ્વકિય અકુલાયા મન માહા ઉમાહયા ચરણે ચુંબન દિધા સારજી ૧૬૪
ત્યારે પ્રિયમજી મુસકાયા પુરે પુરે કહી ભાખેજી
સ્વકિયનો સ્નેહ અપમિત જાણી શ્રી હસ્ત માથે રાખેજી ૧૬૫
રસ અંગ સ્પર્શી શીશ ઉઠાવે પ્રિય વચન બોલે રસ રીતેજી
ઈતની કાહે કરત હો તુમ સબ બોહોત કરી અતિ પ્રિતેજી ૧૬૬
ત્યારે સ્વકિય સલુણા બોલ્યા ગદ ગદ કંઠ ભરાયેજી
નેત્ર મધ્યે તે જલ ભરી આવે વચન કહયા નવજાયેજી ૧૬૭
અંગ અંગે રોમોદ્રમ દિસે પ્રસ્વેદ અનુપમ આવેજી
એહવી અવસ્તા જોઈ પ્રિય હરખ્યા મન માંહાં એ રસ ભાવેજી ૧૬૮

પ્રિતમજી સરકીને પોતે સાવધાન કરે તેહોનેજી
અંગ સ્પર્શીને ચુંબન દે છે અભિનવે રંગે રસ એહોનેજી ૧૬૯૧
થર થરતા ઉભે અંગ શોભીયે વાહાલોજી તેહોને બોલાવેજી
હા હા એસી કાહે કરત હો સ્વકિયનું ગુંજ ખોલાવેજી ૧૭૦૧
ત્યારે કાંઈ એક સાવધાન થઈ પ્રેમદાતે ઉત્તર આપેજી
પ્રિતમજી એ સુખતે દુર્લભ તેણે કરી દુઃખ વ્યાપેજી ૧૭૧૧
ક્ષણું એક રહી બોલ્યા વાહાલોજી એ સુખ કયાંહાં હવે દેખુજી
એકાંત સમય શ્રી મુખ સુખ નિરખી હરખી ભાગ્ય લેખુંજી ૧૭૨૧
પ્રિયજી કહે એ સુખ તુમકું હોયગો નિત્ય ભલી ભાંત્યેજી
બહુ પેરે એમ સાવધાન કરે વાહાલોજી અતિ ખાંત્યેજી ૧૭૩૧
એસી કાહે કરત હો બાબા તુમતો નિત્ય સુખદાઈજી
હમકું તુમ નિત્ય બહોત કરત હો મુખતે કહી કયોં જાઈજી ૧૭૪૧
સ્નેહ તણાં વચન એમ બોલે પ્રિયજી સ્વકિયને સુખદાતાજી
સાવધાન કર્યા વાહાલાને શ્રૃંગાર જુએ રસ જ્ઞાતાજી ૧૭૫૧
માંગ ભરે પ્રિતમની પોતે હીંગુર રંગ ઘણું સોહેજી
ફુલ તણું સીસફુલ બાંધીને રસિકા રસ જુત મોહેજી ૧૭૬૧
ટીકો તે અતિ સુંદર રાજે ભાલ જગમગે અનુપજી
નકવેસર મુકતાફલ લલકે તેહનું સુંદર રૂપજી ૧૭૭૧
ચુઆ બેંદી ભ્રુ મધ્યે ઝલકે શોભા શ્રીમુખ મોહતીજી
નકવેસર જગમગતી અતિ થાએ એ નાસા ઉપર ઘણું સોહતીજી ૧૭૮૧
નેત્ર મધ્યે કાજલ પહેર્યું તેની શોભા અનુપમ લાગેજી
ચતુર ચપલ વર ચિતવે ચંચલ જોઈ રસિકા રસે પાગેજી ૧૭૯૧
નાના અગ્ર નાટક રસે નાચે નેત્ર અલોલ અતિ ભારીજી
પ્રિતમજી કલોલ કરે છે સ્વકિય સંગ રસ સુખ કારીજી ૧૮૦૧
ફુલ તણો શ્રૃંગાર રસ શોભીત પ્રિય અંગે અદ્‌ભુત દિસેજી
શોભા પરમ રસિલી લાગે જોઈ રસિકા મન હીસેજી ૧૮૧૧
ફુલ તણો લહેંગો પહેરાવ્યો ઘેરો ઘમઘમતોજી
તેણીએ સુંદર ફુલના ફુદણા પ્રિતમ બહુ રસે રમતોજી ૧૮૨૧
સાડી સુંદર ફુલતણી તે શ્રી મહા પ્રભુને પહેરાવેજી
રંગ રંગ વિચિત્ર રસે રંજી પ્રિતમજીને મન ભાવેજી ૧૮૩૧
અંગ અંગ શ્રૃંગાર અનુપમ વાહાલોજી સેજ બેઠા રાજેજી
સ્વકિય સોહાગ બલે લાવ્યા ત્યાંહાં દર્પણ નૌતન ભ્રાજેજી ૧૮૪૧
હંસી મુસકાઈ કહે પ્રિતમજીને રૂપ જુઓ મહારાજજી
દર્પણ લેઈ પ્રિયને કર આપ્યુ પુરણ કીધા રસ કાજજી ૧૮૫૧
માહા પ્રભુ મુસકની કરીને રસિકા સંગને વસે લાવેજી
તે શોભા કાંઈ અવ્યકત રસાલી રત્ન જોત મન ભાવેજી ૧૮૬૧

પ્રિતમજી જુએ છે દર્પણ મંદ મંદ હસતા જોએજી
ફુલ તણાં ભુષણ સર્વાંગે તે જોઈ મહા સુખ થાયેજી ૧૮૭૦
નીજ સ્વરૂપ અવિલોકે પ્રેમે દર્પણ માંહાં રસરાસજી
ઉદ્બોધ અંગ અંગ પ્રત્યે પ્રગટયો વાધી બહુ રસ આસજી ૧૮૮૦
સ્વકિયે ટોક કરી પ્રિતમ સુખ કેહેવુ સુંદર લાગેજી
માહા નાયક વર નાયક સ્વરૂપે જોઈ જોઈ હૈયડુ પાગેજી ૧૮૯૦
વાહાલોજી મુસકાઈ કહે હાં હાં તમ સાચી કહીયજી
યોહી હેતુ ભાવેને વિચારો મે તબહી વેલહીયજી ૧૯૦૦
કહાં કહું અબમેં તુમકું જે તુમ મોકુ સુખ દિનોજી
અંગ અંગ પ્રતે મોકું રૂચીકારી સો સબહી તુમ કીનોજી ૧૯૧૦
એહવા વચન સુણી સુંદરી તે નમન કરે મહારાજજી
રાજે દયા અપરમિત કિધી પુરણ થયા સહુ કાજજી ૧૯૨૦
પ્રિતમજી મસ્તક ઉઠાવે ચુંબન ચારૂ કરે રંગેજી
અગ અંત સાંતા બહુ થાએ રસિકાને રસ આપે સંગેજી ૧૯૩૦
એહ સમય વનીતા વિનવે છે પ્રિતમજી કાંઈ લીજેજી
ત્યારે વાહાલોજી બોલ્યા જો તુમ કહો સો કીજેજી ૧૯૪૦
તબકડી તયાંહાં સ્નેહે ભરી આંણી રસિકા પ્રિયને અરોગાવેજી
અનાર દ્રાક્ષ મિઠાઈ મેવા પ્રિતમજીને જેજે ભાવેજી ૧૯૫૦
તે તે સામગ્રી રૂચતી આવે વાહાલોજીને કર સોહતીજી
શ્રી મહા પ્રભુજી આરોગતા જાએ રસિકા મન માંહાં મોહતીજી ૧૯૬૦
પ્રિતમજીએ એક ચરિત્ર ત્યાંહાં ઠાણ્યું માન તણું અભિરામજી
અબતો મોકું ભુખ નહી યહ પુરણ ભયો સબ કામજી ૧૯૭૦
સ્વકિયા મુસકાઈ કહે વલી માહે માન તણું તમો દાનજી
વાહાલોજી કહે ભુખ નહીતો કીનો કહાં હમ માનજી ૧૯૮૦
રસિકા કહે હાંજી તે ખરૂં છે માની સત્ય એ વાતજી
તમને રૂચે ભુખ નહી તે જાણી અમો અંગ ઘાતજી ૧૯૯૦
ભુખ વીના રંચ કેમ લ્યો તમો વિઠલકુંવર રસાલજી
રસિકાને બહુ રસસું સંતોષ્યા કિધા અતિ પ્રતિપાલજી ૨૦૦૦
વાહાલોજી મુસકાઈ કહે તુમ એસી કાહે કહેત જુ
ભુખ નહીતો કહા કરૂં મેં કે તું એ સબ કછુ લહેત જુ ૨૦૧૦
સ્વકિય કહે હા રાજ તમારા લક્ષણ હું સબ જાણુંજી
માન તણું પરમિત નહી તમને સુ સું ચિત્તમાંહાં વખાણુંજી ૨૦૨૦
ત્યારે પ્રિતમજી મુસકાયા સુંદર સ્વરૂપ બિરાજેજી
સુભગા કહે એટલા ઉપર વલી હસો છો તમો કોણ કાજેજી ૨૦૩૦
એમ કહી લહેરાવે સ્વકિય તે મુખ માંહા મેહેલે પ્રિતેજી
વાહાલોજી પ્રસન્ન ઘણું થાયે સ્નેહ તણી લહે રીતેજી ૨૦૪૦

એણે રસે ગીધા છે પ્રિતમજી માન કર્યું સુખ રૂપજી
પરસ્પરે દિઠાઈ ગ્રહી લેવરાવે સામગ્રી અનુપજી ।૧૦૫।
અતિ આનંદ માહા રસ વાધ્યો શોભા કેહી પેરે કહીયેજી
પરસ્પરે કલ બલ સહુ જાણે એ શોભા જોઈ સુખ લહીયેજી ।૧૦૬।
એહવો પ્રિતમ લાડ લડેતો સ્નેહ સકલ ગુણ જાણેજી
રસ ભર સોહે એ સુભટ વર ધીરો પ્રેમદા પ્રેમે વખાણેજી ।૧૦૭।
પ્રિય તણો નીરવાહ એણે પુરો સુરો રૂકમણીલાલજી
એણીપેરે તે લેવરાવી પોહોચા રસે રમ્યા છે એ વ્રજબાલજી ।૧૦૮।
મન ગમતા સુખડા અતિ કિધા દિધા પરસ્પર દાનજી
એણી પેરે મીઠો મિત્ર લહે લહેતો રસિકાનું રાખે માનજી ।૧૦૯।
આરોગી પ્રિતમ પોહોચા જલ પાન કરે સુખ લહીયેજી
રહી રહીને લાવન્ય લટકાશું પ્રિયજીના સુખ કેમ કહીયેજી ।૧૧૦।
ગડુઓ લેઈ વાહાલે સ્વકિય કર આપ્યો બેઠા છે સેજ રસિલીજી
બીડું લાવીને પ્રિતમ કર આપ્યું સુંદરી સુભગ હસીલીજી ।૧૧૧।
પ્રિતમજી પ્રસન્ન થઈ લે છે હર્ષે બીડુ આરોગે તે રંગેજી
શ્રી કર તણી લાવણ્ય કેમ કહીયે ભુષણ ફુલના સંગેજી ।૧૧૨।
પહેર્યા છે શ્રી અંગ સોહતો ફુલ તણો શ્રૃંગારજી
અંગે અંગે રસ કાંતી અતિ ઝલકે શોભા અનુપમ સારજી ।૧૧૩।
બીડુ લે મહાપ્રભુ સુખદાતા માતા છે રસે રાતાજી
અધર લાલ ઝલકે છે અનુપમ સ્વકિય નિરખે હોએ સાંતજી ।૧૧૪।
સેજ પર મારો મીઠો પ્રિતમ તેહ ભલે મેં દિઠોજી
સુંદર રૂપ સલુણુ વરસે અદ્‌ભુત લાગે મીઠોજી ।૧૧૫।
બીડુ આરોગાવે પ્રિતમને ભાંત ભલીતે નવિનજી
રસિકા રસે આરોગાવે પ્રિતમને પ્રિતે લે છે પ્રવિણજી ।૧૧૬।
સુંદર પાનની નસ ઉતારે ચીપને એહેરી વાલેજી
વાત્સલ્ય સહિત ભાવ રસ રૂપે પ્રિતમજીને નિહાલેજી ।૧૧૭।
તેહ ચીપ સુધારી સુભગા વાહાલાજીને કર દે છે જી
પ્રિય પ્રસન્ન સ્નેહ ભર સોહે ચીપતે કર માંહાં લે છે જી ।૧૧૮।
તેહ આરોગે સ્વાદ અતિ મીઠો સ્વકિયે પ્રિતમ દિઠોજી
એણી પેરે પાન સમારી આપે મુખ માંહાં મેહેલે મીઠોજી ।૧૧૯।
કોઈ સમય વલી આતુર થઈને રસિકાને વાહાલો લેવરાવેજી
એણી પેરે લે લેવરાવે પ્રિય સ્નેહ સહિત અતિ ભાવેજી ।૧૨૦।
એહવા સુખડા જોઈ સ્વકિયને રસાત્મિક ભાવ અંગ દિસેજી
તેહ વહાલાજીએ નિરખ્યું નયણે તેણે કરી મન હીસેજી ।૧૨૧।
એણી પેરે મહાપ્રભુજી રસ ભર્યા બેઠા સેજયાએ સોહેજી
ભાગ્યવંતી ભામીની નિહાલે અંગ અંગ અતિ મોહેજી ।૧૨૨।

એહનું ભાગ્યતે કયાંહાં લગી કહીયે તે સંબંધ સંયુકત રસે માતાજી
શ્રી અંગ સંગ રમણ માહા સુખભર કરવાતે રંગે રાતાજી ।૧૨૩।
ઉછલીત રસ મહા પ્રમોદશું વરસે એ છે રત્ન રસાલજી
બીડા આરોગાવે છે પરસ્પર સ્નેહશું કરે પ્રતિપાલજી ।૧૨૪।
અધર ચારૂં ચમકે છે મનોહર પાન કરે છે બહુ સુરાજી
પ્રેમ સંયુકત અતિ છલબલ જાણે તેહ રસ માંહાં ઘણું પુરાજી ।૧૨૫।
આપાપણાં રસ માંહાં મગ્ન બેહુ રંચ ન આપે નમીયજી
સ્નેહ તણો રસભર ઉભે અંગે તેણે નહી કાંઈ કમીયજી ।૧૨૬।
સેજ સુખાલી માહા ગુણઆલી બેઠા છે બેહુ રંગેજી
પાન કરે વિવિધ વિલાસસું કરે હાસ્ય મુસકની સંગેજી ।૧૨૭।
નેત્ર ચપલ અતિ ગતિ ભેદે ચાલે પરસ્પરે બેહુ રસીયાજી
નિરખે સ્વરૂપ સ્નેહસું હરખે આનંદ મન વસીયાજી ।૧૨૮।
એહવા રસના રોલ અનુપમ અનુભવે તેહ લહેવાએજી
પ્રિતમજી અહી કલોલ કરે છે વચને તે કેમ કહેવાયેજી ।૧૨૯।
વિવિધી પ્રકારે રસ બહુ પુરણ સુભગાને અંગે એ સોહાગેજી
લાડ કરે પ્રિય સંગ લડે તો અહી કોઈ એહવો નહી લાગેજી ।૧૩૦।
વાહાલોજી અતિ સ્નેહસું જ્ઞાતા મલીય રહયા રસ માંહેજી
ઉભય સ્વરૂપે બહુ રસ ભોગી સંજોગી રસ તાંહાંજી ।૧૩૧।
હવે પ્રિતમજીની અગ્રમ લીલાતે આગલે માંગલ્યે કહેશુંજી
જેહવું સ્વઢપ હૃદય માંહાં વસે છે તે બાહાજય કરી રસ લહેસું જી ।૧૩૨।
રસ પાન કરવાને મન અકુલાયે ધીરજ મન નવી ધરેયજી
તે માટે એ બાહાજય કરીને ફરી માહારસે ચિત ભરેયજી ।૧૩૩।
પ્રેમદા પાન કરે રસ રીતે જેણે આહાર સુખ થાએજી
વલ્લભલાલ રસિલો મીઠો તે જોઈ જોઈ હરખ ન માયેજી ।૧૩૪।
દંડવત કરૂં હું પ્રિતમને સોહાતો માતો છે રસે રાતોજી
બીડા આરોગે છે સેજ પર સોહતો મધુર વચને પ્રિય માતોજી ।૧૩૫।
હવે આગલા માંગલ્ય માંહાં કહેશું આરતી પ્રિયની કરશેજી
એકાંત સમય આરતી ઓવારી વાલાજીનું ચિત્ત હરેયજી ।૧૩૬।

ઈતિશ્રી માંગલ્ય ૨૦મું સંપૂર્ણમ્

હવે માંગલ્ય ૨૧મું લખીયે છે. મધ્યાન સેજયાનું સંપૂર્ણમ્

હવે ત્રીજુ માંગલ્ય લખીશું. શ્રી શ્રી શ્રી શ્રી શ્રી

માંગલ્ય - ૨૧

શ્રી શ્રી શ્રી વલ્લભો જયતિ એ માંગલ્ય ૨૧મું લખીયે છે. તેહની જાત, "આવો ગોરી આવો સાંમલી કહું રલીયામણી વાતજી" એ જાતે ગવાશે ને એ માંગલ્ય મધ્યાનની સેજયાનું ત્રીજુ રસ સમયનું તે લખીયે છે.

પ્રીતમજી સેજ બેઠા છે સ્વકિય સલુણીને સંગ રંગેજી
પરમ ઉત્સાહ આનંદ ઘણો અનુપમ સોહે છે શ્રી અંગેજી ।૧।
ફુલ તણો તે શ્રૃંગાર કર્યો છે વાહાલાજીએ રસ રૂપજી
નાયકા સ્વરૂપે બિરાજે છે શ્રી મહાપ્રભુજી તે અનુપજી ।૨।
પહેર્યા છે ભુષણ ફુલના અંગે અનુપમ દિસેજી
તેહ પ્રકાર કહયો છે પાછલને માંગલ્ય જોઈ મન હીસેજી ।૩।
સુભગા તે બીડા આરોગાવે શ્રી મહાપ્રભુજીને ઘણી પ્રિતેજી
વાત્સલ્ય સ્નેહ અપરમિત પ્રેમ સહિત રસ રીતેજી ।૪।
લાવણ્ય સહિત પરસ્પરે પાનની ચીપ આપે સ્નેહ ભાવેજી
તેહ આરોગે આનંદ મન અનીરવચનીય રસ દાવેજી ।૫।
પરસ્પર મુસકાયે રંગેને રસસું ટોકે બોલે બેહુ સારજી
શોભાતે અભિનવી દેખીયે શ્રીમુખ ઝલકે છે અપારજી ।૬।
તેહ સમય વિનતી કરી રસિકાએ રસ ભરી રસાલજી
રાજ એકાંત સમય મલો મનોરથ પુરણ કરો પ્રતી પાલજી ।૭।
પ્રિતમજી એમ બોલીયા કહાં કહેતહો એણી પેરજી
ત્યારે સ્વકિયે તે એમ કહયું આરતી તમને કરૂં સુખ ભેરજી ।૮।
એકાંત તણી તે આરત ઘણી રાજને આરતી કરૂં રસ રીતજી
સમય નિરાવરણ અતિ ભલો પ્રગટયો મનોરથ પ્રિય પ્રિતેજી ।૯।
જાણ પ્રવિણ મારો મિત્ર છે સઘલે હુતે એ રસ કાજજી
નેત્ર મધ્યે રસભરી આવ્યો ઝલકે સર્વાંગ રસીલુ મહારાજજી ।૧૦।
રસિકાતણું મુખડું જુએ વાહાલોજી પરમ ચતુર વરરાયેજી
નેત્ર ચપલતે ચાલે ઘણું પ્રિય સેજ બેઠા છે સુખદાયેજી ।૧૧।
એણી પેરે સ્વકિય વિનંતી કરી આરતી તણી શુભ સારજી
શ્રી મહાપ્રભુ એમ ઓચર્યા અવસ્ય કહી ઉચ્ચારજી ।૧૨।
તેહ સુણી સ્વકિય હરખિયા સ્નેહભર ચુંબન પ્રિયને દિધાજી
દંડવત કરી ચરણે પરસીયા ઓવારણા લેતા રસ કાજ સીધાજી ।૧૩।
પ્રિતમજી તે પ્રસન્ન થયા સુભગાનો ભાવ જોઈ તે રસાલજી
આરતી પ્રગટી ત્યાંહાં અતિ ભલી લાવ્યા પ્રેમદા પ્રેમભર તતકાલજી ।૧૪।
તેની જોત તે કેમ કહું ટેરા મધ્યે જગમગ ઘણું થાએજી
એક એકની જોત શ્રી મુખ તણી અંગ અંગ અવિલોકીયે સુખદાયેજી ।૧૫।
બીજી જોત સ્વકિય સુંદર જગમગે કાંત અનુપમ દિસેજી
ત્રીજી જોત ઉભય મન તણી શોભાએ જોઈ હૈયડુ તે હીસેજી ।૧૬।

ચોથીતે આરતીની થઈ જોત ઝલહલે અતિ સારજી
પ્રિય સનમુખ સુભગા ઉભા કર મધ્યે આરતી ઉદ્યોત અપારજી ।૧૭।
રત્ન રમણ રસ જલહલે શ્રી મહાપ્રભુજી જોઈ ઘણું રીઝેજી
આરતી કરે અતિ સ્નેહસું સ્પર્શતા માત્રે કાજ સહુ સીજેજી ।૧૮।
માલા ધરાવે મુકતા તણી હેમની સાંકલી અતિ સારજી
તે મધ્યે ધુકધુકી અનુપમ ચમકે છે ચુનીતે અપારજી ।૧૯।
માલા તુલસીને ગુંજા તણી ધરાવે પ્રિયજીને ધરી નેહજી
શ્રૃંગાર વિચિત્ર એ શોભીએ વાલાજીને રસ રીતે તેહજી ।૨૦।
ને વલી મુદ્રિકા ધરાવે છે અંગુલીદલ સ્પર્શીને અવ્યકતજી
પોહોચલા પોહોંચી ધરાવે તે અતિ ભલી નંગ ચમકે તે જાણે નિજ ભકતજી ।૨૧।
હવે રત્ન જોત હાથ માંહાં આરતી સુંદર લાગેજી
કરે છે તિલક મીઠા મિત્રને સ્નેહ સહિત મન પાગેજી ।૨૨।
ભાલે તે પ્રથમ કરીયને ગ્રીવાએ કરે શુભ સારજી
વલતાં ગંધાક્ષત પીત લેઈ ભાલે તે તિલક સોહાવે અપારજી ।૨૩।
સ્નેહ સહિત ગંધાક્ષત સુભગા પ્રિય પર વધાવે પ્રિતેજી
થાલ મધ્યે સાજ જગમગે હીરા મુકતા રત્ન રસ રીતજી ।૨૪।
પુષ્પ રજત હેમ તણાં ઘણાં શુભ અર્થે ફુલ સુવાસ રસાલજી
તેહ સાજ જલહલે કરે પ્રિય હરખી જુએ તતકાલજી ।૨૫।
તીલક અક્ષત કરી પહોચીયા હવે તે ઈડી પીંડી કરે સારજી
બીડા બહુ અનુપમ લેઈ શ્રી કર માંહાં આપ્યા તેણી વારજી ।૨૬।
વાહાલોજી તે કરકમલ પ્રસાલે ખોભલા જુત રંગેજી
મુસકની સહિત સુભગા મુકે તેહ માંહાં બીડા રસ સંગેજી ।૨૭।
પ્રિયજી પ્રસન્ન થઈયને રંગે બીડા તે હસ્ત કમલ મધ્યે લે છેજી
ઈડી પીંડી નાખતા સુભગા ચારે દીશે સુખ દે છેજી ।૨૮।
માહારસ વૃષ્ટિ તે ત્યાંહાં હોએ પરમ પ્રમોદસું પ્રિતેજી
શ્રી અંગ રૂપીયા રસ તણું પાન કરે રસ રીતેજી ।૨૯।
ચારે દીશા માંહાં અભિનવા સુખ આપે વાહાલોજી રંગેજી
અનેક ભાંત તણા દાન દે છે પ્રિયજી રસ સંગેજી ।૩૦।
પરમ પ્રમોદસું ફુલી છે ચારે દીશા પ્રિયનું સુખ જાણીજી
એણી પેરે પ્રિય પર વારી ઈડીપીંડી કેમ કહીયે તે વખાણીજી ।૩૧।
ચારે દીશાનો નિરોધ કરે જયાંહાં જયાંહાં ભગવદી વસીયાજી
તેને મન અતિ સુખ હવા મહા રસ ઉદબોધ સહિત હુલસીયાજી ।૩૨।
સુણી સ્વકિય મન માંહાં લહે વાતસલ્ય પ્રિય તણું પ્રિતજી
રોગ દોષ શ્રી મહાપ્રભુજીનો વરી નાખે સ્નેહ રીતેજી ।૩૩।
ઈંડી પીંડી એમ કરીયને આનંદ પામ્યું પરસ્પર મનજી
રસિક સુભગા વલી કરે પ્રિય પર વારે છે પ્રાણ તનજી ।૩૪।

જે ચિત્ત માંહાં એમ જાણે છે એહવો પ્રિતમ માહારે માથે રાજેજી
સનમુખ નિરખે પરસ્પર સ્નેહ સહિત રસ કાજેજી ૧૩૫૫
વારી ઈડી પીંડી એણી પેરે સંજોગ રૂપી બીડા આપ્યા સારજી
તે શ્રી મહાપ્રભુજીએ સદ્ય લહયાં શીષે ચઢાવ્યા તેણી વારજી ૧૩૬૫
ને વલી અનુપમ મુસકની કિધી પ્રેમદા પર રસ જુકતજી
ટોક કરી તમો સંયોગ ફલ આણ્યું અમને સ્નેહ ઉકતજી ૧૩૭૫
તેહ સમય રસ ઉદ્બોધ દિસે છે ઉભય સ્વરૂપે અનુપજી
એણીપેરે બીડાતે આપીયાં સ્નેહ સંયોગના સુખ રૂપજી ૧૩૮૫
મુસકની ઉભયને રસ ભરી લાવન્ય પરમ સુંદર સુખ કારીજી
જોત ઉદ્યોત શુભ ઝલમલે તેજ પ્રકાશ શ્રી અંગે અતિ ભારીજી ૧૩૯૫
એણી પેરે બીડા આપી પહોચ્યા સંયોગ ફલરસ માંહાં પાખીજી
અનીર્વચનીય સુખ કેમ કહું આનંદ રસ પ્રગટયો છે તે ભાખીજી ૧૪૦૫
હવે તે વધાવે છે મુકતાફલ હીરાજોત અતિ ચમકેજી
તેનું સુખ સખી કેમ કહું અભિનવી કાંત તે દમકેજી ૧૪૧૫
વલતા વધાવે છે હેમ રજત તણાં ફુલ અપારજી
શ્રી અંગ પર તે ફેલી રહયા શોભા તે અનુપમ સારજી ૧૪૨૫
તેહ જલકે જાતકારસું અનીરવચનીય સુખ લાગેજી
સલુણી સુભગા મન હરખે છે પ્રિયનું સ્વરૂપ જોઈ પાગેજી ૧૪૩૫
વલતા શુભાર્થ ફુલ ચારે દીશા પર હરખસું નાખેજી
તેણે કરી ફુલ અતિ ઘણી ફુલ દસોદીશ ભાખેજી ૧૪૪૫
પ્રિયજીને ફુલ પ્રગટ હવો ફુલ રસિકા અંગે સોહેજી
ફુલફુલ સહુ થઈ રહયું ફુલ જોઈ પ્રિય મોહેજી ૧૪૫૫
વલતી આરતી તે ઓવારે છે કરતે ઠેહેરાતા સુંદર રાખે રંગેજી
ડાબા કર ભણી ઉંચી કરે દક્ષણ કર ભણી નીચી રાખે સંગેજી ૧૪૬૫
આરતી એમ પાંચ વારતે ફરી ફરી ઓવારે છે બહુ પ્રિતેજી
તેહની ઝાંઈ શ્રી મુખ પર પડે તે સુભગા લહે સ્નેહ રીતેજી ૧૪૭૫
શ્રી અગ પર અતિ ઝલમલે ઝાંઈનું સુખ સોહે અનંત અપારજી
આરતીની ઝાંઈ ઝલકી રહી અભિનવી અનુપમ સારજી ૧૪૮૫
તેહ પ્રકાર તે નિરખતાં આનંદ પામે તે મનજી
પ્રસન્ન થાયે તે પ્રમોદસું ભાવે ભર્યા ભાવાપનજી ૧૪૯૫
આરતીની ઝાંઈના અનભવ હોયે જેહને એ સુખ જાણેજી
બીજુ તે કોઈ લહે નહી ભાવાપન એ ઝાંઈને વખાણેજી ૧૫૦૫
જે શ્રી મુખ પર જલહલે અવ્યકત મનોહર રૂપજી
તેહ ઝાંઈ ઝાતકારસું સોહે છે પરમ અનુપજી ૧૫૧૫
એણી પેરે આરતી વારે છે પ્રિય સનમુખ રસિકા રસ રંગજી
ભાવ તરંગ પ્રગટે ઘણાં અનીર્વચનીય રસ સંગેજી ૧૫૨૫

આરતી કરતા તે રસ તણો ઉદ્બોધ થયો ઉભય સ્વરૂપે તે પ્રિતેજી
તેહ પરસ્પર લહીયને મુસકની કરે રસ રીતેજી ૧૫૩૧
કરતાં આરતી તે પ્રેમદા તણા અંગ થઈ ગયા સહુ છીનજી
..... ૧૫૪૧
દેહની સુરતિ તે નવી રહી અંગ અંગ સિથિલ સોહેજી
ગદગદ કંઠ ભરાયને પ્રસ્વેદ જોઈ પ્રિય મોહેજી ૧૫૫૧
એણી પેરે આરતી વારે છે રસિકા પુર ચઢયા સુંદર દિસેજી
અંગ અંગ પ્રતે તે વ્યાપી રહયો અનંગ જોઈ પ્રિય હીસેજી ૧૫૬૧
સુભગા આરતી કરી ચરણે નમ્યા વાહાલો રસ ભરસું લીધા ઉછંગેજી
નિરાવરણ સમય એ સોહે ભલો પ્રેમદા સંગ રમે પ્રિય રંગેજી ૧૫૭૧
મનોરથ સદ્ય પુરણ થયા ઉભય સ્વરૂપ એ રસ સંજોગીજી
એકાંત આરતી અતિ ભલી પ્રિયજી ઉછંગેલે મહારસ ભોગીજી ૧૫૮૧
ભાગ્ય ફલ્યા રસિકા તણો રસભર વાહાલોજી દે એહવા દાનજી
સ્નેહ સહિત ગોદી મધ્ય લેઈ સુભગાને કરવાવે રસ પાનજી ૧૫૯૧
તેહ સમયનું સુખ અભિનવું અનીર્વચનીય રસ રૂપજી
અનુભવ વીણ એકો નવી લહે એ રસ પ્રકાર છે અનુપજી ૧૬૦૧
સુભગા સલુણી એ રસ લહે સકલ ગુણ છે જે સંપન્નજી
રસકલા પ્રવિણ ચાતુરી સ્નેહભર લહે રસિકાને તનજી ૧૬૧૧
તેણે કરીને પ્રિતમજીને આપે છે મહારસ સુખજી
પરમ સોહાગણી તે સુભગાતે રાખે વાહાલાજીની બહુ રુખજી ૧૬૨૧
એણી પેરે આરતી કરીયને આરત ચુરી છે ધન્ય સોહેજી
પરમ રસીકવર લાડીલોસું તન મેલાવી મોહેજી ૧૬૩૧
અંગ અંગની તે આરત હરે ઉભય સ્વરૂપ છે રસ જાણજી
આનંદ સીધુ ત્યાંહાં ઉલટયો કેમ કહી સકીયે તે વખાણજી ૧૬૪૧
પરસ્પરે સ્પર્શે પ્રમોદસું અંગ અનુપમ સારજી
તેહ સમય વર્ણન કેમ કરૂં અમિત અથાહ સોહે અપારજી ૧૬૫૧
પ્રિતમજી તે સંપુર્ણ રસ ગુણ જ્ઞાતા છે પુરાજી
મનગમતી કેલી કરે છે સ્વકિય સંગ અનુપમ સુરાજી ૧૬૬૧
આરતી સંગ રસ રમ્યા રંગે હવે વલી ભાવ કહું છું રસાલજી
એકાંત આરતી રસ ભર કરતા કર્યા પ્રિય એમ પ્રતિપાલજી ૧૬૭૧
વાહાલાજીએ વિનવ્યા રંગે સુભગા સલુણીને પ્રિતેજી
તે રસ અવ્યકત અનુપમ લાગશે માહારસ રીતેજી ૧૬૮૧
પ્રિતમજી એમ ઓચર્યા નાયક રૂપ ધરો તુમ સારજી
મોકું મનોરથ બહોત હે ઈહ સુખકો નહી પારજી ૧૬૯૧
તુકમો જો મનોરથ પ્રગટત મોકુ કહેત જેહ જેહજી
સો સર્વ સીધ્યમેં કરત હું ગોપ્ય મનોરથ પ્રગટ તે તેહજી ૧૭૦૧

ઈતનીતો તુમ હમારી કહી માનોજી શું દેયો હમકું અવ્યકતજી
તે સુણી રસિકા તે હરખીયા પરમ ચતુર છે માહારસ ભકતજી ૧૭૧
મુસકની કરી એમ બોલીયા નેત્ર તે પ્રિયજીને સંગે મેલાવ્યાજી
રાજ તમો કહો છો તો ભલુ અવસ્ય કહેતા વાહાલાજીને ભાવ્યાજી ૧૭૨
પ્રિતમજી તે પ્રસન્ન થયા મન માંહા અભિનવું સુખ રાજેજી
વસ્ત્ર વિચિત્ર પહેરાવ્યા વાહાલાજીએ રસિકાને રસ કાજજી ૧૭૩
મન ગમતો તે શ્રૃંગાર કરાવ્યા પ્રિતમજી રસ રીતેજી
પરમ ઉત્સાહ આનંદસું પ્રગટી છે નૌતન પ્રિતજી ૧૭૪
નાયેક વેસ ધરાવ્યો છે સલુણી તે સુંદર લાગેજી
શ્રી મહાપ્રભુ સનમુખ જુએ એહો તણા સ્વરૂપમાં મન પાગેજી ૧૭૫
પ્રેમદા પરમ પ્રેમ ભર્યા એક ચરિત્ર કર્યું અહી સારજી
સુભગ નવિણ રસ સાધે છે તેણે વાધે રસ અપરંપારજી ૧૭૬
પાન ને ઠામ બીડામાં ચુનોટી ધરીયને બીડુ સમાર્યુજી
કપટ કરી રસિકા આપે બીડુ વાહાલાજીને કર માંહાં તે ધર્યુજી ૧૭૭
રાજ ઘણી વાર થઈ છે બીડુ આરોગ્યા રસ રીતજી
જલપાન કરીયને બીડુ લ્યોજી એહવા વચન કહે પ્રેમદા તે પ્રિતેજી ૧૭૮
પ્રિય જલપાન કરે પ્રમોદસું શોભાતે સોહે છે રસાલજી
બીડુ આરોગવા કારણ છોડે છે વાહાલોજી તતકાલજી ૧૭૯
તેણે સમય કરાંબુજ ચપલ ગતે ઘણું દિસેજી
લાવણ્ય લલીત મનોહર જોઈ ચુંબન દેવા મન હીસેજી ૧૮૦
છોડે બીડુ મહામોદસું પોહોચલા સુંદર રાજેજી
મુદ્રિકા ચમકે ચપલગતે શોભા તે અનુપમ ભ્રાજેજી ૧૮૧
વાહાલોજી બીડુ તે છોડે છે સત્વરતા ઈસું મહા રસ વરેશજી
પ્રમદાતે પ્રેમભર નિરખે છે કપટ કર્યું છે બીડા મધ્યે હરખેજી ૧૮૨
પ્રિયજી બીડુ છોડીને જુએ તે માંહે ચુનોટી ભરી છે સારજી
પરસ્પર મુસકાઈને રંગે વચન મીઠા બોલે અપરંપારજી ૧૮૩
પ્રિતમજીતે પ્રસન્ન થયા સલુણીનું કપટતે જોઈને રંગેજી
હસી હસીને લોટ પોટ થયા ઉદ્બોધ રસ સોહે ઉભે અંગેજી ૧૮૪
વિકલકુંવર રસે ભર્યો સલુણીએ ઠગ્યો રસ રીતેજી
પ્રિતમ પોતાનો જાણીને ઠગાઈ કરી છે બહુ પ્રિતેજી ૧૮૫
શ્રી મહાપ્રભુ પ્રમોદસું વચન બોલે છે તે રસાલજી
એણી પેરે પ્રેમ ઠગોરી કરી પ્રિયને ઠગે વ્રજબાલજી ૧૮૬
આનંદ મોદ વાધ્યો ઘણો વાહાલાજીને ચઢયુ સુરજી
સ્નેહ તણી પરમિત નહી ઠગાઈ તણું વાધ્યુ રસ પુરજી ૧૮૭
પ્રવિણ પ્રિતમ પ્રેમદાએ ઠગ્યો છે તે હરખ ન માયેજી
વાહાલોજી પરમ આનંદસું મન માંહાં આશ્ચર્ય ઘણું થાયેજી ૧૮૮

રસ નાયકાને નાયક થઈ આરંભ્યો છે કામકેલીના કાજજી
પોઢયા છે પરમ પ્રમોદસું મહારસ વિલસવા મહારાજજી ૧૮૯૦
રસિકા રસ કામ કલોલ કરે ને પ્રિયજી ઝીલે રસ રંગેજી
શબ્દ વિવિધી તરંગસું બોલે તે સુણતા મહા સુખ સંગેજી ૧૯૦૦
વાહાલોજી પરમ પ્રસન્ન થઈ શ્રી અંગ ઉદ્બોધ રસસું તે ચાલેજી
સુભગા પ્રવિણ ધીરા મલી રસ તણાં ભેદ બહુ રસસું સંભાલેજી ૧૯૧૦
પ્રિતમજીને તે સુખ ઘણું તેણે સમયે ઉભય મુસકની સોહેજી
સુરતિ રસિલી એ રસભરી રસિકા કરે વાહાલો ઘણું મોહેજી ૧૯૨૦
રસ ભેદસું અંગ ચાલવી ઘરે છે પ્રિતમજીને રસ અંગેજી
તેણો કરીય ઉભય સ્વરૂપને ઉદબોધ રસ પ્રગટે બહુ રંગેજી ૧૯૩૦
એહ સમય કાંઈ બોલે છે મુસકની કરી પ્રિય ટોક અનુપજી
નાયક હોનો તે અતિભલો અને અધિક સુંદર લાગે રૂપજી ૧૯૪૦
દેખે તો કહા બન્યો સુખ તુમ હમકું દિનો રસ સારજી
નાયક હોએ વિલસત તુમ હમ સંગે અપરંપારજી ૧૯૫૦
ઈહ રસકી કહાં કહીયજુ નાયેકા નાયક સ્વઢપે બિરાજેજી
દેખતાહી સુખપાઈ પરસત બહુ રસ ભ્રાજેજી ૧૯૬૦
એ સુણી રસિકા પ્રસન્ન થયા સુરત્વ વાધ્યુ અંગ અંગ રંગેજી
તેણે કરી અંગ જગમગે વિચિત્ર કલા ઘરે પ્રિય સંગેજી ૧૯૭૦
એ રસ સુખ અનુભવતાને મુસકની ઉભય સ્વઢપે સોહે પ્રિતેજી
સલુણી વીલસે એણી પેરે પ્રિતમજીને સંગે તે રસ રીતેજી ૧૯૮૦
રંગ ભર્યા બેહુ રસવસ સ્નેહસું લીલા કરે છે ઉમંગેજી
રૂકમણીલાલ એ રસ ભરી વિલસે છે રસિકાને સંગેજી ૧૯૯૦
પાર્વતી પતિ પ્રવિણ છે સલુણીને આપે છે સુખ તે અપારજી
પ્રેમદાતે મન માંહાં હરખે છે પ્રિય પ્રેમવત સોહે અતિ સારજી ૨૦૦૦
એણી પેરે રસ લીલા અનુપમ કરે છે ઉદબોધ રસે બહુ સુરાજી
ભાવ અનેક પ્રકારના ભુકતે છે મહા રસે પુરાજી ૨૦૧૦
કેલી કરે છે કલોલસું અંગ અંગ અલોલતા અતિ મીઠીજી
રૂકમણી કુંવર મોહકવર તણાં ચરિત્ર અનુપમ દિઠાજી ૨૦૨૦
રસ એ અપરમિત અભિનવો સુખદા શીરોમણી ધીરજી
ક્ષણું ક્ષણું માંહાં રસ જોબન લહે છે શોભાજીનો વીરજી ૨૦૩૦
રમણ રસે પ્રિય પોઢયા છે આનંદભર ઉત્સાહ રસ ભોગીજી
કોક કલા વિલસતા મધુર પાન કરે છે સંજોગીજી ૨૦૪૦
નૌતન ગતિ ભેદ નાચે છે જાણે ગંદુક રસ ઉછલીત સોહેજી
સુખદ સસોભીત મનોહર પ્રગટે તે સુણી મન મોહેજી ૨૦૫૦
અનીરવચનીય એ પ્રકાર છે વચન માંહા કેમ કરી કહીયેજી
દાન તણું તે સામર્થસું અનુભવ રસસું લહીયેજી ૨૦૬૦

સ્વરૂપ ઉભે માહા રસભર વિવિધી પ્રકારે રસ ભુકતે છે જુકતેજી
પરમ પ્રમોદસું વિલસે છે બહુ રસ જુકતેજી ।૧૦૭।
રૂકમણીલાલ મનોહર તેહ તણાં ઉર અતિ રમ્ય લાગેજી
રસિકાતે રસભર કર ધરે શ્રી મહાપ્રભુજીનું ઘણું ચિત્ત પાગેજી ।૧૦૮।
તે સમય રસ સુખ અભિનવા પ્રગટે અનીરવચનીય તતકાલજી
રસિકાના કર તણો તાપ એ દિસે છે કુચ ખંભ રસાલજી ।૧૦૯।
પ્રેમદાએ પ્રેમ ભર એમ કહયું રસ કર સંપુટ માંહા લીધોજી
તેહ જતન કરી દાબતા કર તે સલુણીનો એ રસ ગીધોજી ।૧૧૦।
પ્રિયજી પ્રસન્ન થયા અતિ ઘણું કુચ રસ અભિનવો રાજેજી
રસિકાએ રસ ભર કર ધર્યો છે તે અનુપ ભ્રાજેજી ।૧૧૧।
તેણે કરી ક્ષત ઉઠે છે જાણે જાવક રંગ ચિત્રિત સારજી
એહ જાવકનું તે શું કહું રંગબીરંગી છે રચના અપારજી ।૧૧૨।
પ્રિતમજી મુસકાયે છે અનુપમ જાવક રંગને જોઈજી
તેહ શોભા કાંઈ અભિનવી રસિકા નિરખે રસ મજલ હોઈજી ।૧૧૩।
મુસકની કરે છે પરસ્પર જાવક જોતા જલ હલે શ્રી અંગેજી
સુભગા નિપુણ ગુણવંત તેણે કર્યો રસજુત એ રસ રંગેજી ।૧૧૪।
જાવક ભાગ્યવાન ભલો પ્રિય અંગે લાગ્યો છે પ્રિતેજી
સ્નેહ સહિત સ્વકિયે કર્યો જાવક રંગ પ્રગટયો રસ રીતેજી ।૧૧૫।
પ્રિય કુચ પર તે શોભા ધરે જાવક રંગ રસિકાએ માગ્યોજી
તેહ નિરખતા હરખ ઘણો પ્રગટે પ્રમોદ સ્નેહ રસ પાગ્યોજી ।૧૧૬।
જાવક જો હમ સરજત નિશદિન રહેત પ્રિતમ તણે સંગેજી
એણી પેરે રસ ઉદબોધ સહિત વિલસ્યા રસિકા રસ રંગેજી ।૧૧૭।
પ્રેમે પ્રિતમજીના સુખ લહયાં દિસે જાવક રંગ રસભરી ઉકતજી
ઉદ્બોધ શું કેલી કિધી છે સૌરંભે ભર્યા સુભગા સ્નેહ જુકત ।૧૧૮।
સ્વઢપ ઉભે રસ ભોગી છે સંજોગી બેઠા સોહે રસ સેજજી
મૃદુલ મુસકની મનોહર કરતા જણાવે છે મન તણું હેજજી ।૧૧૯।
એહવા સમે મહા રસિકાતે રસસું નમન કરે પ્રિય ચરણે રંગેજી
તેણે કરી મહા સુખ હવા પરસ્પર પ્રમોદ પ્રગટયો છે તે સંગેજી ।૧૨૦।
ત્રણ માંગલ્ય સખી એ થયા અનુપમ રસ તણાં સારજી
આગલનો જે પ્રસંગ છે ચોથે માંગલ્યે કરૂં રસ તે ઉચારજી ।૧૨૧।
જેહવું દાન પ્રિય કરસે તેહવો રસ કહેસું તે સ્નેહ રીતેજી
પરમ પ્રસન્નતા સહિત આનંદ ચિત્તસું અતિ પ્રિતેજી ।૧૨૨।
દંડવત કરૂં મારા મિત્રને ચરણાર્વિંદે તે લાગુજી
અનીરવચનીય રસ અભિનવો શ્રી અંગ રૂપીયો માંગુજી ।૧૨૩।

ઈતિશ્રી માંગલ્ય ૨૧મું સંપૂર્ણમ્ હવે આગલ બાવીસમું માંગલ્ય લખીશું
ને મધ્યાનની સેજયાનું ચોથુ માંગલ્ય લખીશું શ્રી શ્રી શ્રી શ્રી શ્રી

માંગલ્ય - ૨૨

શ્રી શ્રી શ્રી વલ્લભો જય જયતિ એ માંગલ્ય ૨૨મું લખીયે છે તેને ગાવાને અનુકરણ અનુભવ
આનંદ માંહાં ઘોલ છે તે વચન જે, ઉથાપનનો સમય થયો સહુ કોઈને સુખરૂપ,
એ જાતે ગવાશે, ને એ માંગલ્ય મધ્યાનની સેજયાનું લખીયે છે,
ચોથુ માંગલ્ય જાત બીજી પંચવરણીની એ ગવાશે.

નમન કરી બેઠા છે પ્રિય સંગ રસ ભરી રીત
આનંદ સિંધુ પ્રગટ હવો તેહની નહી પરમિત ।૧।
શ્રી અંગ કાંતી ઝલકી રહી અવ્યકતતે દિસે રસાલ
મુસકની સહિત પરસ્પરે બોલે ટોક તતકાલ ।૨।
ઉભય સ્વરૂપ તે સોહે છે સુંદર પરમ અવ્યકત
દમકતા કેશ અનુપમ નિરખે રસિકા રસભકત ।૩।
વિથુર્યા તે મનોહર લાગે છે લસી ખસી રહયા ઉભે સંગ
તેહ શોભા તે સોહે ઘણુ અતિ અનીરવચનીય રસ રંગ ।૪।
સુધારે છે કેશ પ્રિતમજીતે કરકમલે અતિ ઉકત
વિથુરા છે કચતે ઉધાર કરે ઉભે સ્વરૂપે સ્નેહ ઉકત ।૫।
રમણ કરી એમ બેઠા છે મુસકની રસ ભરી સોહે
વિથુરા કેશ રમણ સમે તે સુધારે પ્રિય મોહે ।૬।
વાત્સલ્ય સહિત સમારે છે કેશ પર સ્પરે રંગ
ત્યારે પ્રિતમજી ચુંબન કરે સ્નેહ ભર્યા રસ સંગ ।૭।
કરૂણા કટાક્ષ કરે પ્રિય મન માંહે ફુલ ન માયે
એક એકપર ચિત્ત ધરી રહયા તેણે કરીય માંહા સુખ થાએ ।૮।
શ્રી અંગ શોભા તે નિરખે છે રસિકા માહારસ જાણ
પ્રિય કુચ પર લાગ્યો જાવક શું શું કહીયે તે વખાણ ।૯।
શ્રી અંગ શોભાતે નીરખે રસિકા માહારસ જાણ
પ્રિય કુચ પર લાગ્યો જાવક શું શું કહીયે તે વખાણ ।૧૦।
સેજ બેઠા છે રમણ કરે જોડ અનુપમ સાર
ધન્ય એ ઘડી સોહાગની રસિકા કેમ કરે તે ઉચાર ।૧૧।
પાસે બેઠા છે તે લાડીલો મિત્ર વલ્લભજી અનુપ
નીરખે છે પરમ આનંદસું પરસ્પરે મહા રસ રૂપ ।૧૨।
તેણે કરી મન મોદ અપરમિત પ્રગટયો અવ્યકત
અંગ અંગ ફુલતે વાધી છે રસિક રસ ભકત ।૧૩।
સલુણીયે કહયું મીઠા મિત્ર તમોને શ્રમ થયો છે અપાર
તે માટે જલપાન કિજેજી બીડુ લીજે અતિસાર ।૧૪।
અવસ્ય કહી પ્રિય ઓચર્યા એમ પહેલે તુમ લેહો
ગડુઓને નાલુહે કપટ કર્યું છે વાહાલે ઘરી નેહો ।૧૫।

વસ્ત્ર દાબ્યુ પ્રિય ગડુઆના નાલુઆ ભિતર તેહ
એમ પ્રિતમજીએ કપટ કર્યું છે સલુણી ન જાણે એહ ।૧૬।
ફરી ફરી રસિકા તે ઓચરે જલ લ્યો પ્રિતમ સુખદાયે
વાહાલોજી કહે પહેલે તુમ લહો મોકું અતિ શોભાએ ।૧૭।
પરસ્પરે એમ કહે પણ કોઈ ન મટકે લગાર
વચન વિલાશ કરે છે એ સુખનો નહી કાંઈ પાર ।૧૮।
આગ્રહ પ્રિતમ તણો જાણીને અવસ્ય કહયું મહારાજ
ગડુઓ લેઈ વાહાલે આપ્યો રસિકાને રસકાજ ।૧૯।
તેહ સમય અભિનવી ફુલ વાધી પ્રિય અંગ રસાલ
ગડુઓ આપ્યો પ્રિય પ્રેમેભર પ્રેમદા કરે પ્રતિપાલ ।૨૦।
પ્રસંન ધ્વૈકે તુમ આરોગોજી ઈતનો કિજે રસ કાજ
સલુણીએ ગડુઓ ગ્રહયો કરે પણ માંહે કપટ છે આજ ।૨૧।
પ્રિયજી કપટ લહી રસજયુત સલુણીના મુખમન ચાહે
રસિકા ઉંચુ મુખ કરી ગડુએ જલ લે તે ઉમાંહે ।૨૨।
જલધારા મુખ માંહા આવે નહી પ્રિતમજી મુસકાયે
નિપટ નિહોરાવે છે ગડુઓ ઉભય સ્વરૂપે સુખ થાયે ।૨૩।
પ્રિતમજી તે પ્રસન્ન થયા કપટ કર્યું સુખ હેત
રસિકાને રસ ઉપજાવા અર્થે કર્યું સ્નેહ સમેત ।૨૪।
પ્રથમ જે સલુણીએ ઠગ્યા હતા મહા રસે પ્રિયતે પ્રવિણ
તેણે કરીય ઉભય સ્વરૂપને ઉદ્બોધ હવો તે નવિણ ।૨૫।
તેહ વાત વાહાલો સોચવી રસિકા ઠગ્યા કરી નેહ
ઉદબોધનો તે આનંદ સિંધુ પ્રગટ હવો અતિ નેહ ।૨૬।
પરસ્પર મુસકાયેને બોલે છે ટોક રસાલ
રૂકમણીલાલે ઠગ્યા છે પ્રવિણ પ્રેમદા વ્રજબાલ ।૨૭।
હાસ્ય કૌતિક રસ વાધ્યો સલુણી લહે રસ પુર
પ્રિતમજી તે પ્રેમ ભર બોલે છે મહા રસ સુર ।૨૮।
સુંદરી ઠગી છે ઠગોરી કરી વાહાલાને મન રંગ
સ્વરૂપ ઉભય એ પ્રવિણ ઠગોરી કરે રસ સંગ ।૨૯।
પ્રિયજી પ્રેમ ભરે ઓચરે હમકું ઠગે તુમ તબ
તો હમ તુમકું ઠગે જે વિના કયોં જાણદેગેજુ અબ ।૩૦।
ઠગોરી કરી પ્રિય પ્રસન્ન થયા વાત કરે મન રંગ
વલતુ તે જલપાન કરીય પ્રમોદે વાહાલે રસ સંગ ।૩૧।
પ્રથમ જે બીડુ માંહાં હતુ રસિકાને આપે પ્રિય તેહ
મુખ વિકસિત કરવાવી તે માંહાં ધરે બીડુ એહ ।૩૨।
તેહ સમય સુખતે સોહામણા અનીરવચનીય રસ રૂપ
સુર સુભટ વર પ્રિયજી એ બીડુ આપ્યુ તે અનુપ ।૩૩।

અધર પાન કરે ઉભે સ્વરૂપે તે એકે કાલ
ઉદબોધ સહિત પરસ્પરે કરે છે તે એમ પ્રતિપાલ ૧૩૪૧
પાન કરે છે અધર તણું એકે કાલે રસ સાર
તે રસ રસિકાનું મન લહે પ્રગટ્યો છે રસ તે અપાર ૧૩૫૧
હવે તે પ્રસન્નતા સહિત બીડું લે વાહાલો સુખદાએ
તેહ લાવણ્ય અતી અભિનવી નિરખતા માહા સુખ થાએ ૧૩૬૧
એણી પેરે સેજે બેઠા છે રમણ કરે રસ રંગ
પ્રથમ શ્રૃંગાર જે કર્યો હતો તેહ ખોલે લેઈ ઉછંગ ૧૩૭૧
તે રસ સર્વ આછાદીને વસ્ત્ર પહેરે જેમ નીતી
સમય તે થોડો રહયો જાણીને ગોપ્ય કરે રસ રીતી ૧૩૮૧
રસ તે બાહાજય ન થાએ એણી પેરે કરે ઉભે અંગ
અંકીત સર્વે આછાદીયા સેજ બેઠા બેહુ રંગ ૧૩૯૧
બીડા આરોગે રૂકમણીલાલ સોહે રસ રૂપ
શ્રી મુખ ઝલક ચલક કરે પરમાવિધી અનુપ ૧૪૦૧
શીષ કેશ જગમગ કરે અંબોડલો અવ્યકત
કુંતલ કુટીલ શોભા ઘરે નિરખે છે રસ ભકત ૧૪૧૧
ભાલે તિલક અતિ જગમગે ભ્રકુટી ઘરે બહુરંગ
વરૂણી નેત્ર રસ જલ હલે પરમ આનંદ માહા છે ઉમંગ ૧૪૨૧
નાસા નીરમલ તે નિરભે કરી મકરંદ લે છે પ્રમોદે
તેણે કરી ફુલ વાધી છે અંગ અંગ પ્રિયને તે પ્રમોદે ૧૪૩૧
બીડે ભર્યા છે ગલસ્થલ જોત ઉદ્યોત રસાલ
ઉમંગસું બીડુ ચાવતા ચલકે ગલ સ્થલ તેણે કાલ ૧૪૪૧
શ્રીકર્ણ મધ્યે તે હીરોટી ઝલકે છે અનુપમ સાર
જોત અપરમિત જલહલે એ સુખનો નહી પાર ૧૪૫૧
અધર લાલ રંગ દમકે છે જીભ્યા અલોલ રસ રંગ
દંત પંગત્ય ઘણું ચમકે છે શ્રીમુખ માહા રસ સંગ ૧૪૬૧
હર પટીય અતિય રસાલી તે સલુણી જુએ રસ રૂપ
રસ વિશ્રામનુ ધામ છે ચિબુક સોહે છે અનુપ ૧૪૭૧
ગ્રીવા ગંભીર ગૌર ઘણું રસિકા લહે રસ સાર
હૃદય રૂચીર રસ રાજે છે ભ્રાજે સુભગાનો શ્રૃંગાર ૧૪૮૧
ઉરોજે જાવક રંગ સોહે સુચારૂ અનુપમ ભાંત્ય
રસિકા એ પરમ પ્રમોદસું કર્યો છે તે ઘરી ખાંત્ય ૧૪૯૧
જાવક રંગ માહા પાગે પ્રેમદા પ્રેમભર પ્રિતી
ઉરોજ આનંદ મઈ સોહે છે લહે લહેતે રસ રીતી ૧૫૦૧
ઉદબોધ સહિત રૂદે પર વિલસે છે માલા રસાલ
તુલસી ગુંજાને મુકતા તણી પહેરી સોહે ગોકુલ પાલ ૧૫૧૧

હેમ તણી માલા વિચિત્ર મનોહર લાગે સુદેશ
ઘુકઘુકી સહિત સાંકલી પહેરી છે પ્રિય પ્રાણ વરેશ ૧૫૨૧
રસિકાએ રસસું ઘરાવ્યા છે ભુષણ તે બહુ મોલ્ય
અભિનવા અનુપમ ચમકેતે કોહોને કરૂં સમતોલ ૧૫૩૧
એણી પેરે સેજતે બેઠા છે રમણ કરી પ્રિય પ્રેષ્ટ
ભાવ ભરે તે માનીની જુએ અભી નવો રસ સોહે શ્રેષ્ટ ૧૫૪૧
ઉદર વિશાલ રસાલ પર માહાલે છે સ્વકિય રંગ
તેણે કરીયને આનંદ ઘણો પ્રગટે છે પરમ અનંગ ૧૫૫૧
સોહે ખંભાતે ચોરસ ઘણું લાવણ્ય અનુપમ સાર
મોહે કોહોણી કાણા વિચિત્ર છે ઉદબોધ રસનો શ્રૃંગાર ૧૫૬૧
કાંડે પોહોચી તે પરેરાવી છે રસિકાએ તે ઘરી નેહ
રત્ન નંગ રૂપે જલહલે પરમ આનંદસું તેહ ૧૫૭૧
પોહચલા નખચંદ્ર રાજે છે કરતલ કોમલ ઉદ્યોત
સલુણી ચુંબન કરે પ્રમસું પ્રેમે ભરી દિસે છે જોત ૧૫૮૧
મુદ્રિકા ચમકે ચપલ ગતિ શોભા લાગે તે સુદેશ
રસિકાને રસ ભરી નિરખે છે પ્રિયજી સોહે રસવેસ ૧૫૯૧
ઉપરેણો જનોઈ બિરાજે છે નૌતન ભાંત રસાલ
શોભા સુંદર ઘણું શોભીયે તેહ જુએ વ્રજબાલ ૧૬૦૧
ટુંડી ઉદર રસ અભિનવો પસવાડા પ્રૌઢ ગંભીર
અનિરવચનીય રસ દિસે છે વાહાલો સોહે ઘણું ધીર ૧૬૧૧
પિઠ નાલ સુશોભિત નિતંબ નવનવ રસ રંગ
ધોતીની પાટલી નિરખે રસિક મધ્યસ્થલ રસ રંગ ૧૬૨૧
જંઘા ઘુટણ જાનુ ઝલકે છે પીંડુરી તે સોહે અનુપ
એડીપાહાની ચર્ણ પાટલી અંગુષ્ટ અંગુલી સુખ રૂપ ૧૬૩૧
નખ ચંદ્ર પરમ ઉદ્યોત છે નિરખે રસિકા અભિરામ
શ્રી ચરણાર્વિંદ રસ ઝલહલે પુરણકામ ૧૬૪૧
એણી પેરે અવિલોકે પ્રેમદા પ્રિયજીને મન રંગ
વિલશે છે શ્રી અંગ પર ઘણું તેણે કરી મનને ઉમંગ ૧૬૫૧
પરસ્પરે એમ જુએ છે અંગે જાવક રંગ સોહે
સમય તે થોડો રહયો જાણી પ્રેમદા બોલે પ્રિય મોહે ૧૬૬૧
રાજ ઉથાપન સમય તે નિકટ આવ્યો છે અવ્યકત
નિંદ્રા તમોને કરી નથી એમ બોલે રસ ભકત ૧૬૭૧
તમને નિંદ્રા તણી ટેવ છે માટે પોઢીયે મહારાજ
વાત્સલ્ય સહિત સ્નેહ ભર્યા કહે છે તે પ્રિય હેત કાજ ૧૬૮૧
એમ કહીને લપટાએ શ્રી અંગે રસિક રસરૂપ
પ્રિય કર ફેરે છે વાત્સલ્ય એહો તણે અંગે અનુપ ૧૬૯૧

સ્નેહ પરસ્પરે છે ઘણો તેણે અંગ મુકયા જાયે
લૌકિકનો સંકોચ ધરીને તે અલગા થાયે ૧૭૦૧
ફરી ફરીને લપટાયે પરસ્પરે અભિનવી રીતી
આતુરતા અંગે ઘણું પ્રેમસું સોહે છે પ્રિતી ૧૭૧૧
મન માંહે દુઃખતે લાગે ઘણું લૌકિક છે દુઃખદાયે
સલુણી પ્રિતમજીને એમ કહે બીછુડયાનું દુઃખ બહુ થાએ ૧૭૨૧
મહા ભાગ્ય સમય એ સોહાગનો ફરી કહી દેખીસે એહ
જે જે દાન તમો આપીયા હવે કહીયે પામીસ તેહ ૧૭૩૧
સુખ આપ્યુ છે રાજે અભિનવુ કેહી પેરે ઘેર જવાયે
રાજ શ્રી તણે પાસે મુકતા મન મન અતિ અકુલાયે ૧૭૪૧
શું કરીયે જો આવશ્યક લહી જાવુ થાયે નિરધાર
પ્રિતમજીએ દુઃખ તણો મુઝને નહી કાંઈ પાર ૧૭૫૧
કેમ કરીયે ઘેર જઈસે અમો શું કરીશે તે આજ
તમ વીણ ક્ષણું ભરી કેમ રહીશે કહે છે આવે છે લાજ ૧૭૬૧
હાં બાબા સાંચી કહેત હો એ દુઃખ યોહી નિરધાર
મોકું ઐસેહી હોત હે કયોં કર કરીયે ઓવાર ૧૭૭૧
જબ લો મીલે ન હોઈએ તબલો ઈયોં જાનીયે મન
અબહી આવત હોયગે તબ મીલેંગે રસિકા ભાવાપન ૧૭૮૧
મિલન પાછે દુઃખ બહોત હે વિપ્રયોગ કો જો અપાર
અંગ અંગ પ્રતે જવાલા ઉઠત હે વિપ્રયોગ રસ અતિ સાર ૧૭૯૧
કહા કહીયે જો આવશ્યક લૌકિક હે દુઃખ રૂપ
સબ કછુ જાનત હો તુમ પ્રવિણ પ્રેમદા અનુપ ૧૮૦૧
ઈહાં ઈયે વિછોયો પરત હેજુ લૌકિક કો હે સંકોચ
આઠો પહોર ચિત આતુર રહેત હે મનમાં ધરી સોચ ૧૮૧૧
રસિકા તે સુણે છે રસે ભર્યા પ્રિય બોલે વચન રસાલ
રૂકમણીલાલ લડેતો છે સલુણીનું કરે પ્રતિપાલ ૧૮૨૧
વચન બોલે વાહાલો સ્નેહ ભર્યા સુભગ સલુણીને તે મોહે
મિત્ર વલ્લભજી છે રસ ભર્યો તેહ તણો અંગ અંગ સોહે ૧૮૩૧
વચનામૃતતે પ્રિય પોષે છે રસિકાને રસ ભરી પ્રિતી
સુભગા સાંભલે દુઃખ વ્યાપે ગદ ગદ કંઠ ભરે રસ રીતી ૧૮૪૧
નેત્ર માંહેથી જલધારા ચાલ્યા છે તે અભિનવે રંગ
પ્રિયજી પુછે તે સ્નેહ ધરી ઉપરેણાશું રસ સંગ ૧૮૫૧
વાત્સલ્ય સહિત સમારે પ્રિય પ્રેમદાના નેત્ર અનુપ
તેહ શોભા સખી અનિરવચની કેમ કહું રસ રૂપ ૧૮૬૧
નેત્ર પુછી નેત્ર કમલે ચુંબન કરે વાહાલોજી સાર
સ્નેહ ભર શ્રી હસ્ત ફેરવે સલુણીને અંગે અપાર ૧૮૭૧

રસિકા તે સિથલ થઈ ગયા અંગ અંગ કહયા કેમ જાયે
રોમ રોમ રસ કંપીત પ્રસ્વેદ અંગે સોહાયે ।૮૮।
સલુણીનો સ્વર ભંગ થયો પ્રિય કર સ્પર્શતાતે માત્ર
અધરના અમી સુકાયા એ રસિકા છે રસ ભર્યું પાત્ર ।૮૯।
છીનતા પ્રગટી પ્રમોદસું અંગ અંગ પ્રતે તે રસાલ
સુભગાએ સ્નેહવાન ઘણું લહે છે શ્રી ગોકુલપાલ ।૯૦।
દિગમુઢ થઈ અને જોઈ રહયા વિસ્મય થયું સહુ તન
દેહ તણી તે સુરત નહી અવસ્તા ભુલ્યા ભાવાપન ।૯૧।
બીછુડયાનું દુઃખ તે અપરમિત પ્રગટ હવું અંગ સંગ
પ્રિયજી પ્રેમદાને નિહાલે છે પ્રિત સહિત મન રંગ ।૯૨।
વિપ્રયોગ દુઃખ મન માહે છે ઉભય સ્વરૂપે અનુપ
પ્રિતમજી તે જાગ્રત કરે સલુણીના અંગ રસ રૂપ ।૯૩।
ભેદ સહિત તે જગાડયા રસિકાને પ્રિય ધરી નેહ
સલુણી કાંઈ એકતે ઉચરે વચન મધુર રસ તેહ ।૯૪।
સિથલ અંગ સોહે તેણે કરી સ્વરતે સુણીયે નવી જાએ
આવ્યું ઉથાપન નિકટ જાણીને સંકોચતે બહુ થાયે ।૯૫।
તેણે કરી પ્રિય રસિકાને વિદાય કરે હવે ઉકત
સ્નેહ તણો ભર સોહે સલુણી લહે રસ જુકત ।૯૬।
ફરી ફરી અંગે લપટાયેને આરત દિસે અવ્યકત
પરમ ચતુરવર રસ ભર્યા રસિકાસું થયા છે આશકત ।૯૭।
સેજ બેઠા છે એણી પેરે સ્વરૂપ ઉભે રસ રૂપ
નિરખે છે નયણા ભરી ભરી સ્વકિય જે સહેલી અનુપ ।૯૮।
ચિતવે ચિતવની રસાલ ઉભય સ્વરૂપે રસ રમ્ય
અનીરવચનીય રસ રાજે રસિકા તણી અહીં ગમ્ય ।૯૯।
વલ્લભજી રસ દાતા છે સલુણી લહે એમ મન
ભાવ ભરે ભામીની જુએ થઈ અને તે ભાવાપન ।૧૦૦।
હવે પ્રિય પ્રેમદાને વિદાયે કરે છે આનંદ ચિત્ત રંગ
શ્રી કંઠ માંહાથી ઉતારે છે માલા તુલસીની ઉમંગ ।૧૦૧।
ને વલી બીજી ઉતારે છે ફુલ તણી છે અનુપ
ફુલની ને તુલસીની માલા પહેરાવે છે પ્રિય પ્રિતનું રૂપ ।૧૦૨।
સલુણીને મસ્તક સોહે છે શ્રીકર કમલ રસાલ
માલા પહેરાવે છે સ્નેહસું પ્રિયતે સમય તત્કાલ ।૧૦૩।
તુલસીની માલા પહેરાવે છે નિરોધને અર્થે અવ્યકત
એ રસ ક્ષણું ક્ષણું અનુભવે રસિકા તે થઈ અને આશકત ।૧૦૪।
માલા એ દેખે ત્યારે ત્યારે લીલાએ સ્ફુરી આવે છે એહ
જે જે અનુભવ કર્યો રસ વશ પ્રિય સંગ વિલસીયા તેહ ।૧૦૫।

ફુલની આપે છે રસવસ ફુલ પ્રગટાવા રસાલ
રસિકાને બહુ રસે પોસે વાહાલો એમ કરે પ્રતિપાલ ।૧૦૬।
વિયોગ દુઃખ મનમાંહાં ઘણું સલુણી લાગે પ્રિય ચરણ
શ્રી હસ્તે શિષ ઉઠાવે પ્રિતમે રસ જુત કર્યું વર્ણ ।૧૦૭।
નમન કરે નયણાં ભરે રસિકા થયા અતિ પંગ
ચરણાર્વિંદ ઘરી રહયા ધારણા નવી રહી અંગ ।૧૦૮।
કેમ કેમ કરીને વાહાલે ઉઠાવી ઉભા કિધા છે એહ
સ્નેહ સહિત પ્રિય ઉર ઘરે રસિકાને રસ ભર તેહ ।૧૦૯।
પ્રેમદા પ્રેમસું ઓચરે રાજે દિધા રસ દાન
તે રસ કેહી પેરે કહી શકું જે જે રાખ્યા રાજે માન ।૧૧૦।
રાજનુ સુખ તે અપરમિત અનીરવચનીય વિસ્તાર
કરવાયો અનુભવ અતિ ઘણો રસ તણો સુખદ છે સાર ।૧૧૧।
સ્વતહ બલે દાન આણીયા નિજ ઈચ્છા ઘરી પ્રિતી
વિવિધી રમણ તે રમાડીયાં પ્રમોદ સહિત રસ રીતી ।૧૧૨।
મારે પાસે તો કાંઈ નથી સત્ય તમારો સ્નેહ સોહે
તે માટે નિત્યે એમ કરવું એણે રસે મન મોહે ।૧૧૩।
રાજ સદા લગણ કરતા આવ્યા છો પ્રતિપાલ
તે માટે તમને હું વિનવું એમ બોલે વ્રજબાલ ।૧૧૪।
રાજ શ્રી તણો જે સ્વભાવ છે તે સહુ જાણું હું મન
દાન દેવાને આતુર ઘણું તમ તણું સોહે મન તન ।૧૧૫।
પ્રિય પરમાનંદ દાયક તણું સુખ મુકયું ન જાયે
ઘેર અમો કેમ જઈસે વાહાલો સુણો દુઃખ બહુ થાયે ।૧૧૬।
તમ વિના કાંઈ ન સમજુ કંઈ નવી ગમે મહારાજ
શ્રી અંગ રૂપિયો રસ બેહુ કહેતા આવે મુઝને લાજ ।૧૧૭।
એ રસ તણો તે આધાર છે મારે રસિકવર રાય
તેહ સોહાગ ચિત્ત માંહા રહે મન રાજ કને લપટાયે ।૧૧૮।
ફરી ફરી તમારી હું આશ બહુ બીજુ કાંઈ નવી સહુ મન
સ્નેહ આશકત રસે બોલે છે રસિકા તે ભાવાપન ।૧૧૯।
હવે તે પ્રિતમજી ઓચરે છે વચન મીઠા તે અપાર
તુમ અપુની કેહે નિવડેજુ અબ હમ કહીયત સાર ।૧૨૦।
તુમ વિન હમારે કછુ નહી તુમ હી હો મન તન
તુમારે પાસ જબ બેઠતે તબ માનત હું ધન્ય ।૧૨૧।
જબ તુમકું મેં દેખત હું તબ જીય મોહે ચેને
પલક ઓટ જબ હોત હે તબ ભરી આવત નેન ।૧૨૨।
તુમ વિનુ જીય મોં ચેન પરત ન કબહુ રંચ માત્ર
મનમો આઠો પોહોર રહેત હો તુમ રસ ભર હોજુ પાત્ર ।૧૨૩।

તાતે ચિંતા તુમ મતી કરો તુમહી સું હે મન રંગ
ફરી તુમ વેગહી યહાં આઈયો આપુન મિલીયે જયો સંગ ।૧૨૪।
મેં તુમકું જો કહેત હું સુનો સબ કછુ ધરી ખાંત
લૌકિક અલૌકિક ચિંતા મતી કરો તુમ કોનું ભાંત ।૧૨૫।
સબ કછુ હોય રહેગો જુ તુમકું હે મેરો સંગ
તાતે પ્રસન્ન થઈ રહીયો જુ તુમ રાજત મેરો અંગ ।૧૨૬।
સલુણી સ્નેહ ભર ઓચર્યા મીઠી વાણી અનુપ
રાજ બિરાજો છો મિત્ર મારે માથે થઈ ભુપ ।૧૨૭।
તો ચિંતા મુને સાહાનીજી સુણીયે શ્રી મહારાજ
તુમ સરખા મારે પ્રિય છો ભાગ્ય ફલ્યું મારૂં આજ ।૧૨૮।
રાજને બલે કાંઈ નવી ગીણું કોઈના ડર મન માંહાં
લૌકિકની તાં ગંધ નહી મન રહે રાજ જયાંહાં ।૧૨૯।
એણે કરીયને ચિંતા પ્રગટે મન માંહે રસાલ
સંયોગ માહા વિપ્રયોગ રસે બોલે વ્રજબાલ ।૧૩૦।
કહે એક રાજના શ્રી અંગની આશા રહે મુને એહ
બીજું કાંઈ તે પ્રિછુ નહી સંસારાદીક છે જેહ ।૧૩૧।
રાજને જોઉ ત્યારે એમ લહું હું છું તે ભાગ્યવાન
શ્રી મહાપ્રભુજીએ પ્રેમભરે આપ્યા રસદાન ।૧૩૨।
હવે જે પ્રસંગ રહયો છે તે આગલ કહેસું પ્રકાર
પાંચમું માંગલ્ય રસ તણું સુણજો રસિક જન સાર ।૧૩૩।
પ્રેમદા પ્રિયસું વિદાયે કરીને જાસે બીજુ ઘેર
ત્યાંહાં વલી ઉત્સવ પ્રગટ હસે નૌતન રસ ભલી પેર ।૧૩૪।
વાહાલોજી આવીને મલ્સે ત્યાંહાં અંતર રમણે સુખદાયે
વિધી વિધી રસ અનુભવશે તે વચને શી પેરે કહેવાયે ।૧૩૫।
તેહ લીલા તે વિસ્તારસે ઉથાપન લગી રસ રૂપ
પ્રિય ગાદી તકિયે બેઠા જોસે રસિકાએ આવી અનુપ ।૧૩૬।
હાવ ભાવસું રીજવશે પ્રિતમને તે ધરી નેહ
કરશે કટાક્ષ પરસ્પરે વચને કહીયે કેમ તેહ ।૧૩૭।

ઈતિ શ્રી માંગલ્ય ૨૨ મું સંપૂર્ણમ.
હે આગળ પ્રસંગ જે હશે તે ૨૩ મેં માંગલ્યે લખીશે,
મધ્યાનની સેજયાનું પાંચમું માંગલ્ય સમાપ્તમ્
શ્રી શ્રી શ્રી

માંગલ્ય - ૨૩

શ્રી શ્રી શ્રી વલ્લભવરજી જય જયતિ એ માંગલ્ય ૨૩મું લખીયે છે તેને ગાવાને અનુકરણ
ધોલ છે તે વચન જે "કરૂણાતે કરીયને પઉંઘાર્યાજી" એ જાતે ગવાશે.
એ માંગલ્ય સેજયાનું પાંચમું રસ સમેનું છે તે લખીયે છે. રસ સેજયો ભોમ
સેજયાને મધ્યાનના સમયનું પાંચમું માગલ્ય.

પ્રિય પ્રેમદા સંયુકત સેજ બેઠા છે દિસે અનુપમ જોડ રંગજી
વિદાયે કરે વાહાલો રસિકાને સ્નેહસું પાછલા માંગલ્ય કહેતે પ્રસંગજી ।૧।
પ્રિયમજી તો હિત વાત્સલ્ય સહુ જાણે છે તેણે કરીયને મન માંહે અતિ મોદજી
વાહાલોજી તે સામર્થ લહીયને પ્રેમદા સહિત લેઈ બેઠા છે ગોદજી ।૨।
વચન રસાલા બોલે પ્રિય સમે તે તણું નિત્ય આઈયો તુમ હમારે પાસજી
તુમ વિનુ હમારે કછુ ન સત્ય માનીયો તુમારી રહેત હમકું રસ આસજી ।૩।
મેરે જીય તુમતે અધિક કોઉ નાહી તુમહો હમારે ફલ સપન્નજી
તાતે મેં તુમકું બોહોત કહા કહું મન વ્રત જાન રહીયો તુમ પ્રસન્નજી ।૪।
તુમ વિનું જીય મો ચેન પરત નાહી તુમહો હમારે સર્વસ્વ સારજી
તાતે તુમ ફરી વેગ ઈહા આઈયો બેર બેર કહા કહું તુમકું અપારજી ।૫।
એહવા વચન પ્રિતમના સાંભલી સલુણી સમંઘભર હરખીયા પ્રિતેજી
દંડવત કરે બહુ પેરે વાહાલાજીને નેત્ર નેત્ર મેલવે રસ રીતેજી ।૬।
રસિકા રસ રસિક વચન એમ ઓચરે રાજનો સ્નેહ અતિ બલવાનજી
રસ પ્રતિપાલક તમો રસ ગુણે ભર્યા રસિકાને આપ્યા રસ ભર રસદાનજી ।૭।
પ્રિતીની વહિક છો પ્રિય તમો સદા તમ તણે રહીયે અમો નિત પાસજી
રાજને હાથ સર્વ કાંઈ દિસે છે અમને તમારી છે બહુ આસજી ।૮।
મારે તો તમ વિના કાંઈ છે જ નહી રાજે પ્રસન્ન રહેવું મીઠા મિત્રજી
સ્નેહ પ્રવિણ રસ જાણ શીરોમણી પ્રિતી રીતે રહેતુ નિત્ય વિચિત્રજી ।૯।
પ્રિયજી તમારો સ્નેહ તે અપરમિત વચને કહેવા મુને નહી શકતજી
રાજ છો સ્નેહ દાતા તે ઉદાર ઘણું નામ વલ્લભજી સોહે છે અવ્યકતજી ।૧૦।
એમ કહી પ્રેમદા પ્રિયને ચરણે નમ્યા નિકટ આવ્યું ઉથાપને મહારાજજી
રાજના સુખડાતે હું કેહી પેરે કહું રાજશ્રી જાણેજ કર્યા રસ કાજજી ।૧૧।
સલુણીનો કર પ્રિય મેલીને દાબી રહો ચુંબન કરે કરતલ માહા રસાલજી
માલાતે પ્રથમ વિદાયની આપી છે હવે આપે અધરામૃત તતકાલજી ।૧૨।
શ્રી હસ્ત રસિકાનો કર મુખાર્વીંદે સ્પર્શાવી આપ્યુ અધરામૃત દાનજી
એણી પેરે અનેક પ્રકારના ભેદસું રસિકાનું રાખ્યુ વાહાલે બહુ માનજી ।૧૩।
નિરોધ દાન અર્થે પ્રિયજી એ એમ કર્યું અધરામૃત દાન અનુપજી
તેણે સમય પ્રેમદા પ્રિયને તે એમ કહે રાજે કરાવ્યા પાન રસ રૂપજી ।૧૪।
તેણે કરી ક્ષણું ક્ષણું દુઃખ તે પ્રગટે ઘણું સુરત આવે રસસું થાએ અવ્યકતજી
એમ કહી કરી કરી શ્રી ચરણેનમે રસિકા રસે ભર્યા અનુરકતજી ।૧૫।

શ્રી હસ્તે શીષ ભામિનીનું ઉઠાવે છે પણ વિપ્રયોગ દુઃખ મન માંહા છે બહુઅજી
શીષ ઉઠાવી કર મસ્તકે ધરે રસ તણાં પ્રકાર લહે વાહાલો સહુઅજી ।૧૬।
વલી શ્રી કરાંબજ સરવાંગે ફેરવે વાત્સલ્ય સહિત ધરી અતિ નેહજી
તેણે કરી રસિકાના અંગ અંગ ફુલીયા પણ કેહી પેરે કહે રસ એહજી ।૧૭।
કહા કરીયે લૌકિક સંકોચ હૈ તાતે એતીયત તુમકું નિજ ધામજી
સલુણો સ્નેહ ભર વચન તે ઓચરે એ સુખ મુકયું કેમ જાએ અભિરામજી ।૧૮।
પ્રિય પ્રેમ સહિત એહોની પીઠ થાયે છે તુમ વેગ આઈયો હમે સુખ દેનજી
પીઠ સ્થાપ્યાનું કારણ કામીની લહે દ્રઢ કિધો સંબંધ પ્રિય વણ વેણજી ।૧૯।
હવે સલુણી તે સેજયા પરથી ઉઠે છે પણ એ સ્વરૂપ મુકયું નવ જાએજી
ફરી ફરી પ્રિતમજી સાહમુ જુએ નેત્ર ભરી આવે તે સહુ દુઃખ થાયેજી ।૨૦।
અંગ અંગ સિથિલતા તે વ્યાપી ગઈ તેણે ડગલું નવ ભરી શકે એહજી
વિપ્રયોગ દુઃખે મનડું ભરી આવીયું કેહી પેરે રસિકાયે ઘેર જાએ તેહજી ।૨૧।
વાહાલાજીને મીટ ભરી નિરખે છે બીજુ કાંઈ તે એહોને નવ ગમેયજી
ચિત્ર લખ્યા સ્યા એમ અવિલોકે છે મહા પ્રભુ સંગ સુંદરી એમ રમેયજી ।૨૨।
તેહ સમયનું સ્વરૂપ તે કેમ કહું અનુભવ સાધ્ય એ રસ લહેવાયેજી
એ રસ વચન કહેવાને શકય નહી તે માટે કેમ કરી લેખને લખાયજી ।૨૩।
હવે પ્રિય પ્રેમ સહિત તે ઓચરે બહોત બેર ભઈ તુમકું ઠાડે ભયેજી
તાતે કહીયતહે સુણો એહજુ અબતો બનેજુ નિજ ઘેર ગયેજી ।૨૪।
તુમકું ઠાડે દેખત હમ દુઃખ પૈયત તાતે સંઘા સેજુ તુમ ઘેર અવજુ
કહા કરૂં આવસ્યક કે લીયે પઠીયત વેગ વેગ આઓગે તુમ ઈહાં કબજુ ।૨૫।
પ્રિય તણું સુખતે પ્રેમદા વિચારીને ઘેર વલે કહે આવું ઉથાપને પ્રિતેજી
રસિકા પધારે હવે ઘેર ભણી એમ પ્રિય સામુ જોતા જોતી ચાલે સ્નેહ રીતેજી ।૨૬।
એણી પેરે હોમ ઘર લગી આવીયા ત્યાંહાં ઉભા છે સ્વકિય ભાવાપનજી
તેહોને એહોને સ્નેહ સું દંડવત કર્યા વારણા લેઈ ઓવારે પ્રાણતનજી ।૨૭।
પ્રથમ જે સાજ લાવ્યા હતા અનુપમ તે ઉપયોગ કર્યા સહુ રંગેજી
હવે તે પ્રસાદ રહયો તે આરોગતા સ્નેહ ભર્યા જત્નસું લે સહુ સંગેજી ।૨૮।
આવી રહી વાહાલાજીને વાલી નિરખે છે દંડવત કરે પ્રેમદાને અનુપજી
દ્રષ્ટિ ભરી એ ભામીની નિહાલે છે સ્વઢપ વાહાલાજી તણું સુખ રૂપજી ।૨૯।
રસિકા આશિષ દેઈ લે ઓવારણાં અનુપમ બોલે છે જૈ જૈ કારજી
એણી પેરે હોમ ઘર મધ્યે ઉભા રહે કર્યું હવે તે પધારે રત્ન જોત સારજી ।૩૦।
શ્રી અંગ તણો રસ ચિત્ત માંહાં તે ઘરીયને ફરી અવિલોકે સ્નેહસું આશકતજી
વાહાલોજી એક ચિત્ત દ્રષ્ટિ જોઈરહયા જયાંહાં ઉભા છે રસિક રસ ભકતજી ।૩૧।
હોમ ઘર દ્વાર રસિકા એમ ખોલે છે જેમ કોઈ દેખે નહી તે લગારજી
લઘુ લઘાવે અહરૂ પહેરૂ જોઈ અને બાહેર આવ્યા પ્રેમદા તે સારજી ।૩૨।
ડગતે ઉતાવલા એણીપેરે ભરેઅ છે કોઈ ન દેખે પેડા મધ્યયે નેમજી
ઘેરતે મલતી પાંતે સ્વકિય રાજે છે તેણે સાજ કર્યા સુભગા રીઝે જેમજી ।૩૩।

બિછાવના ભલી ભાંતે બિછાવી રાખીયા સાજ અનુપમ આરતી કેરોજી
વિવિધી પ્રકારે વાત્સલ્ય તે કરી ધર્યા જલહલે સાજ તે અનેક અનેરોજી ।૩૪।
હવે નિજ ઘરે આવ્યા સુભગા સોહાગીયા રૂપ અનુપમ સુંદર લાગેજી
તેણે કરી ઝાતકાર જલ હલી રહયો સર્વત્ર જોઈ મનડું તે પાગેજી ।૩૫।
એણી પેરે પધાર્યા પ્રેમદા જયાંહાં બિછાણા કર્યા સાજ સર્વે પ્રસાદી મુકયો અહીયજી
સ્વરૂપ રૂપી રસ અવ્યકત તે જગમગે અવિલોકે સુખતે એહવા કહી નહીયજી।૩૬।
તેજ પ્રતાપ નૌતન રસ જોઈયને નિકટ કો જઈ ન શકે રંચેક સાથજી
પણ મન માંહાં સહુને આરત ઘણી એહોને ચરણે નમાવીયે માથજી ।૩૭।
એતન મારગી ભકત જે કો ઉભા છે તે દિગમુઢ થઈ રહયા રસ રૂપજી
સુભગા સોહાગભર ગર્વિત ઘણું સમાન ભાવે આવ્યા સ્વકિય તે અનુપજી ।૩૮।
જેહોને નિકટ જઈ સોહાગીયા વિનવ્યા રાજ બેસો તમો રસ હેત અહીંયજી
એમ કહી પ્રેમદાને ત્યાંહાં પધરાવીયા આસન રચ્યું છે અમોલિક જહીયજી ।૩૯।
ત્યાંહાં બેસાડીને દંડવત બહુ કર્યા ઓવારણા લીધા સ્નેહ રીતેજી
સોહાગીયાને વાત્સલ્ય બહું પેરે કરે પ્રેમદાસુ મન માંહા પ્રગટયા અતિ પ્રિતેજી ।૪૦।
આરતી જોત પ્રગટ કરી આણી ત્યાંહાં સોહાગીયા પર વારે છે રંગેજી
તિલક કરે પ્રેમદાને પ્રમોદસું અક્ષત દેઈ વધાવે સ્નેહ સંગેજી ।૪૧।
ઈડી પીંડી વારી નાખે છે હરખસું દ્રષ્ટિ નિવારણ કારણ સારજી
વલતા આવ્યા બીડા સંયોગ કલ રસ ફુલ વધાવે છે અપરંપારજી ।૪૨।
રજત હેમના વધાવ્યા તે જલહલે ફુલ વેલી રહયા લાગે સુંદર જોતજી
ને વલી મુકતાને અતિ બહુ મોલના હીરા માણીક તણીય છે ઉદ્યોતજી ।૪૩।
એ સહુ વધાવ્યા પ્રેમદા પર સોહે છે જગમગ ક્રાંત સોહાગીયા રાજેજી
અરતી જોત ઘણું હવે જલહલે ભાગ્યભર ભામિનીનો રસ આજેજી ।૪૪।
ઓવારી આરતી એમ સ્નેહ વાત્સલ્યે ભકત ભાવાપન પ્રેમસું પ્રિતેજી
વલતા ચરણે નમીને દંડવત કરે મિઠડા લે છે સ્નેહની રીતેજી ।૪૫।
જૈ જૈ કાર બોલીને તે એમ કહે ભાગ્ય સોહાગ તુમ્હારો ધન્ય ધન્યજી
એમ કહી ગદ ગદ કંઠ ભરી આવીયાં ભાવીયા વારણાં લે ભાવાપનજી ।૪૬।
સોહાગીયા પર સર્વસ્વ વારે છે નમન કરી કરે પ્રમોદસું રંગેજી
પ્રેમદા પ્રેમ ભર્યા રસ સોચે છે શીષ ઉઠાવે સ્નેહભર સંગેજી ।૪૭।
વલતા સોહાગીયા એણીપેરે ઉચરે તુમ બડે થયે મુને ફલએ સંપન્નજી
તમારી કૃપા મુઝને બહુ પેરે ફલીતે અનેક ભાંત્યે લહે છે મારૂં મનજી ।૪૮।
એ ફલ મુને કયાંથી તે સપન્ન હોએ તમારી કાણ્યે વાહાલે રસ દાનજી
અનેક રસ સુખ અનુપમ અતિ ઘણા તમારી કૃપાએ કર્યા અમો રસ પાનજી ।૪૯।
એમ કહી સોહાગીયા સ્નેહ નમન કરે પણ નમવા ન દે કોઈ તે લગારજી
પ્રેમદા પ્રેમે બેઠા છે જયાંહાં સુખભર ત્યાંહાં દંડવત કરે સહુ તેણી વારજી ।૫૦।
ભકત ભાવાપન એકઠા એક ચિત્તે મલીયને બેઠા કરે રસ વાતજી
કરી કરી પ્રિયના ચરિત્ર સરાહે છે રસ રૂપીયા તેણે હરખ ન માતજી ।૫૧।

શ્રી મહા પ્રભુજી નિજ બેઠકે પોઢયા છે નિંદ્રા કરી છે મનોહર રૂપજી
અંગ અંગ શ્રમિત શોભાભર જલહલ જે રસ વિલસ્યા રસિકાસું અનુપજી ૧૫૨૧
સોહાગીયા તે સોહાગમદે ભર્યા લાવ્યા છે મહા પ્રસાદ તે પ્રિતેજી
પ્રિયજી તબકડી આરોગતા જે રહયા છે તે મહા પ્રસાદ આપે સ્નેહ રીતેજી ૧૫૩૧
સહુ કોઈ બેહુ હાથ ઘરી લે છે હરખતા શ્રી મહા પ્રસાદને માથે ચઢાવેજી
પ્રેમદા પ્રેમસુ સહુ કોહોને આપે છે પ્રસન્નતા જોઈ સહુ કોઈને નવીજી ૧૫૪૧
તે માહા મહા પ્રસાદ અપરમિત દુર્લભ રસ જુત પાગ્યો છે મહા રસ રંગજી
મહા રસ ભર્યા ભામીનીય તે આપે છે અતિ ઉત્સાહ પ્રગટયો અંગ અંગજી ૧૫૫૧
પ્રિયનો પ્રસાદ અનુપમ જગમગે સુભગા સોહાગસું ચલકે અનુપજી
જયાંહાં ઝાતકાર અનેક પ્રગટ હવા નૌતન ભાંત સોહાગ સુખ રૂપજી ૧૫૬૧
એક તાં મહા પ્રસાદનું હું શું કહું ને વલી રસ સમે રસ્યો બહુ પ્રિતેજી
તેહ પ્રસાદ દુર્લભ સખી છે સદા આપી બલેયા મિટે માહારસ રીતેજી ૧૫૭૧
સહેજ થાલનો પ્રસાદ તે સર્વ કોઈ પામે છે પ્રમોદ સહિત સહુ સંગેજી
એહ પ્રસાદને રસ ભર્યો રસ જુત રંજી છે માહા રસસું રસ રંગજી ૧૫૮૧
તેહ માટે એહ પ્રસાદ દુર્લભ ઘણું અહીયે નહી કોઈનો અધિકારજી
એતન માર્ગી જે એ ભાવે ભર્યા તે પામે એ પ્રસાદ મહા સારજી ૧૫૯૧
તે પર સોહાગીયાની કૃપા હો એ તે એ પ્રસાદ પામે છે અવ્યકતજી
ભાગ્યવાન જે એ ભકત ભાવે ભર્યા તે એ રસ જોઈ આવ્યા છે આશકતજી ૧૬૦૧
એ સુખ અવિલોકી સહુકો આનંદીયા પ્રસાદ પ્રસાદ મય થઈ રહયુઅજી
સોહાગીયાનું રૂપ અતિ ઝલમલે તે સહુ કોઈ એ રસ જયુત લહયુયજી ૧૬૧૧
એણી પેરે મહાપ્રસાદ આપી પહોંચીયા વલતુ અધરામૃત આપે અનુપજી
એ અધરામૃત નિપટ દુર્લભ સખી રસ સમે આપ્યુ છે પ્રિય સુખ રૂપજી ૧૬૨૧
અધરામૃતે નવિણ પ્રવિણ ઘણું રસ તણું મુલ અનુપમ સારજી
શ્રી મુખ સંગ રંગ રસ જે પ્રગટ હવો અધરામૃતે દુર્લભ છે અપારજી ૧૬૩૧
ને વલી રસ સમે રસિકાને આપ્યુ છે પ્રિયજી એ રસે ભર્યું તે રસાલજી
એ અધરામૃત રસ કોણ કહી શકે અનીરવચનીય જે કરે પ્રતિપાલજી ૧૬૪૧
સ્વાદ અપરમિત અનુપમ અભિનવો અધરામૃત રસ કહીયને શું કહીયેજી
એણે કરી ગોપ્ય લીલા રસ પામિયે નિરોધ સહિત રસ સુખ સહુ લહીયેજી ૧૬૫૧
એહવું અધરામૃત નૌતન રસે ભર્યું ગર્વેજી
નમન કરી કરીયને સહુ કોઈયે આશિષ દિધી તેણે સમય સર્વેજી ૧૬૬૧
અધરામૃત રસ માથે ચઢાવીને દ્રષ્ટિ ભરી અવિલોકે સ્નેહભર સારજી
એમ અધરામૃત આપીને પોહોંચીયા પ્રેમદાને પ્રેમેભર નિરોધ્યા અપારજી ૧૬૭૧
કરી કરી સહુકો સોહાગીયાને જુએ તે વલી ચરણે નમે લહી દાનજી
ત્યાંહાં ભેટ કરે છે સહુ કોઈ તે મલી અભિનવે દાને કરે રસ પાનજી ૧૬૮૧
હવે તે ઉત્સવ કરે રસ ભકત ભાવસું પરમાવિધી સોહે રસ રંગેજી
ઉગ્ર ભાવ મનોરથ કેહી પેરે કહું તેહ તણાં રાજે છે માંહારસ સંગેજી ૧૬૯૧

એ ઉત્સવ દુર્લભ સર્વકો મન લહે કોએ ન જાણે તેહ તણી ગંધજી
અહી અંતર રમણે તે પ્રિય પધારીયા ગોપ્ય લીલા એ આનંદ કંદજી ૧૭૦૧
જે જે ઉછાહા કરે સ્વકિય સહુ રસે ભર્યા સોહાગીયાને પ્રથમ લેવરાવેજી
એ ઉત્સવ દુર્લભ દાતા ઘણું રસ ભકત તણે ભાગ્યે તે કરી આવેજી ૧૭૧૧
શ્રી મહા પ્રભુ અહીં પધારે છે રસ ભર્યા અંતર રમણ રસે સુખકારીજી
નાના ભેદ છંદબંધ પ્રગટ કરે તેણે કરીય ચાલે છે રસ સુખ ભારીજી ૧૭૨૧
હવે તે ઉથાપનનો સમય મન લહી
સહુ કોઈ યે સમાજ મલતી પાંતે ૧૭૩૧
જે કો છે તે સહુ સાત્વિક ભાવે ભર્યા સોહેજી
દિનત્વ સહિત સોહાગીયા નેનમેંરસ તણું દાન જોઈ મન મોહેજી ૧૭૪૧
સોહાગીયા સહુનું માન રાખે ને વિદાયે કરે મુહુને રસ રંગેજી
તેણે કરીયને પ્રસન્ન થઈ ચાલીયા સર્વકો મંદિર માંહે તે સંગેજી ૧૭૫૧
ઘસમસ્યા સિંઘદ્વાર પર આવીયા ભાવીયા આશિષ દે બહુ પ્રિતેજી
કરી કરી સોહાગ રસ તણી વાત કરે અનીરવચનીય રાજે છે રસ રીતેજી ૧૭૬૧
હવે સીંઘદ્વાર ખોલાવ્યા પ્રિય પ્રિતસું સહુ ઘસી પેઠાતે મંદિર માંહાંજી
શ્રી મહાપ્રભુ ગાદી તકિયે બેઠા છે શોભા અનુપમ લાગે છે ત્યાંહાંજી ૧૭૭૧
એતન માર્ગી સ્વકિય સહુકો જુએ અંકિત નૌતન દિસે શ્રી અંગજી
વાહાલોજી ઉપરેણો ઓઢી દુરાવે છે પણ એ અંકિત ન દુરવી સ્વ સંગીજી ૧૭૮૧
સ્વકિય જે સુજાતિ તે મન મુસકાયે છે જાવક રંગ પ્રિય છે રાજે તે સોહેજી
કોઈ જુએ નેત્ર ઘુંઘરટયા રસે ભર્યા પરમ પ્રમોદ સહિત મન મોહેજી ૧૭૯૧
કોઈ પ્રિયા પ્રિતમ પ્રિયને સુચવે રમણ કર્યું તમો રસિકાસું રંગજી
ઉપરેણો ઓઢીને અંક દુરાવો છો પણ એ દુરે નહી કુરસ સંગજી ૧૮૦૧
પ્રિતમજી મંદ મંદ મુસકાએને અધરે લાલ રંગ દિસે અનુપજી
અંગ અંગ અતિસે આલસે ભર્યા શોભિએ શ્રી મહા પ્રભુજી તણાં સુખરૂપજી ૧૮૧૧
વાહાલો ચંચલ નયણે ચાહે ઘણું સોહાગીયાને જોઈ અકુલાયે જી
સુજાતિ સ્વકિયે પ્રિય તણું સુખ હુંલહું જઈ કહયું સોહાગીયા તે મન ભાએજી ૧૮૨૧
હવેલી માંહા સોહાગ રસે તે સોહાગીયા બિરાજે છે કોઈ ક્ષણું તાહા ઘરી નેહજી
વિહવલ ચિત્તે વાત કરે વાહાલા તણી અનુભવે કિધો છે રસિક સ્વકિય તેહજી ૧૮૩૧
સાંભળી ગદગદ કંઠ ભરી આવેને કવી તણાં રસને સહેરાયે એ રંગેજી
એહવા માંહાં આવી તેહોને વિનંતી કરી પરમ પ્રમોદ સહિત તે ઉમંગેજી ૧૮૪૧
પ્રિતમજી ગાદી તકિયે બિરાજે છે કરી કરી તમને જુએ રસ ચાહેજી
સોહાગીયા વાત રસ માંહા બેઠાં હતા એહવું સુણી ચિત્ત ચપલ ઉમાહેજી ૧૮૫૧
તેહ સમય પ્રેમદાને પ્રેમ દંડવત કરૂં સ્વજાતિ સ્વકિય તણી પુરી એ આશજી
પ્રિયજીને રસ ભરી તમો વિનંતી કરો જેણે કરીય પ્રસન્ન હોયે રસ રાસજી ૧૮૬૧
હવે તે સોહાગીયા મંદિર આવાને સાડી ચોલી પલટી પહેરે રંગેજી
એણી પેરે રસિકા તે રસ આછાદન કરે જેમ કો ન સમજે વિલસીયા ઉમંગેજી ૧૮૭૧

સુભગાએ વસ્ત્ર શ્રૃંગાર ફેરવી ધર્યા રસ આછાદન અર્થે અનુપજી
એ રસ તેજ ક્રાંતતે દુરે નહી જગમગે ઝાતકાર રસ રૂપજી ૧૮૮૦
દાન કર્યું શ્રી વલ્લભજીએ રસ ભર્યુ રસ જુત વિલસાયા છે અંગ અંગજી
તે રસ દુરાવે કહી પેરે દુરસેજી અનીરવચનીય કેલી કરી રસ રંગજી ૧૮૯૦
હવે તે સોહાગીયા મંદિર જાયે છે હસતા વરસતા મહા રસ સારજી
ગલીય માંહાં ચાલતા અતિ સુંદર લાગે છે ચિત્ત માંહા ઉદ્બોધ ભર્યા છે અપારજી ૧૯૦૦
આરત પિતમજીને જોવા તણી અંગ અંગ પ્રસરી છે બહુ રસ રૂપજી
વાત સ્વકિય સંગ કરતા ચાલે છે આનંદ ભર સોહે અંગ અનુપજી ૧૯૧૦
પરમ પ્રમોદસું આવી ઉભા રહયા શ્રીમુખ અવિલોકયું રસસું અવ્યકતજી
આનંદ સીંધુ પ્રગટ હવો તેહ સમય તરંગ ઉછલીત લહે રસ ભકતજી ૧૯૨૦
પ્રેમદા જોઈ પ્રિય મન માંહાં પસન્ન થયા અકુલાઈ રહયા હતા એહો વણ અંગજી
નેત્રે કટાક્ષ કરે કરૂણાભર ઉભય સ્વઢપે તે પરમ ઉમંગેજી ૧૯૩૦
મુસકની પરમ સુંદર છે સોહામણી મનોહર રૂપતે સુંદર લાગેજી
શ્રી મહા પ્રભુ ગાદી તકિયે બિરાજયા છે તેહ સ્વરૂપ સુખ જોઈ મન પાગેજી ૧૯૪૦
સોહાગીયા સનમુખ રહીને જુએ
પ્રિય તણાં અંગ અંગ નવલ રસાલજી ૧૯૫૦
કરી પુરી વિનય નિતે અતિ રસ ભરી પરસ્પરે
આવે પ્રમોદ આનંદ કરી સ્નેહ સહિત મન માંહા રસ રીતજી ૧૯૬૦
તેણે કરી રસ અહીયે સુચન કરે અયોગ રસે રસદાન અનુપજી
પરસ્પરે નયણ સયણે તે કરીયને દેખાડે જાવક રંગ સુખ રૂપજી ૧૯૭૦
રસ સમે રસિકાએ કર્યાએ પ્રમોદસું તે ફરીય અયોગે કરે રસ પાનજી
જાવક રંગ દેખાડતા સુખ ઘણું મુસકની મૃદુલ માહા કરે રસ દાનજી ૧૯૮૦
વિચિત્ર જાવક રંગ ઉભે ઉર રાજે છે અયોગથી નિરખતા અતિ મન રંગજી
અંગે અંગે અંકાભર્ણ ઘણું શોભિયે લોભિયે નૌતન રસને પ્રસંગજી ૧૯૯૦
પ્રિતમજી મંદ મંદ મુસકાયેને અંક દુરાવે છે તે ઘરી નેહજી
ઉપરેણો ઓઢીને પ્રિય એમ બેઠા છે જેમ કોઈ દેખે નહી અંક એહજી ૨૦૦૦
મિહિન ઉપરેણો સુંદર અતિ અભિનવો તેહ માંથી જાવક ચમકે અનુપજી
માહા ભાગ્યવાન જે સોહાગી રસે પાગીયા તે સોધી કાઢે એ અંક રસ રૂપજી ૨૦૧૦
સેજયાએ જોઈ મનડુ ઠરે બીજુ ન રૂચે તે કાંઈ મન માંહાંજી
શ્રી અંગ સકલ શ્રૃંગાર એ શોભિએ લોભિયે અકાભર્ણ છે જયાંહાંજી ૨૦૨૦
અયોગ રસે રસસું સ્વકિય નિરખે છે સ્નેહ સહિત રસ સુખ અંતરંગજી
સોહાગીયા માહારસ શોભાએ ભર્યા સોહે છે પરસ્પરસું અંગઅંગજી ૨૦૩૦
કોઈ એક સ્વકિય તે સોહાગીયાને એમ કહે અમો તમ પાસે રહું રસ પેખુંજી
પ્રિયજી પ્રસન્ન થઈ થઈ તમને જુએ કયારે તે અમને એ રસ દેખુંજી ૨૦૪૦
એમ મલતી પાંતે તે હાંસી કરે સહુ પ્રેમદા સોહાગસું મુસકાયે રંગેજી
પ્રિય તણાં ઉર પર જાવક દિસે છે એમ ટોક કરે સોહાગીયાને સંગેજી ૨૦૫૦

સ્નેહ સંયુકત એણીપેરે નિરખે છે ગાદી તકિયે બેઠા પ્રિયતે અનુપજી
અલોલ દ્રષ્ટિ આવે તે ઉછાહે ભરી જયાંહાં ઉભા છે સોહાગીયા સુખ રૂપજી ।૧૦૬।
મારે ઉભય ઉર માંહાં તે આનંદ ઘણો રસ વસે છે ઉભય નેત્ર માહા પ્રિતજી
એણી પેરે રસ તણો અનુભવ કરે રંગે રસિકાસું દ્રષ્ટિ મેલે રસ રીતજી ।૧૦૭।
એ રસ લીલાને હું દંડવત કરૂં કહેતા તે પામુ નહી એહનો પારજી
એહ તણું ફલ શ્રી વલ્લભજી છે લાડીલો પરમ વિચિત્ર અનુપમ સારજી ।૧૦૮।
એ વીના બીજું કાંઈતે હું નવી લહું એ રસ રૂચે છે મન માંહા લહું પ્રિતેજી
શ્રી અંગ રૂપીયા ફલ તે સોહામણાં મોહામણાં સોહે છે રસ રીતેજી ।૧૦૯।
એ ફલદાન હવે તે દુર્લભ થયું કેમ પામીયે કોણ કરીયે ઉપાયેજી
સ્વકિય તમો વાહાલાજીને વિનતી કરો જેણે સકલ રસ કાજ સિધ્ધ થાયેજી ।૧૧૦।
આઠ પોહોર એ ચિતા મન માંહાં રહે પ્રિય તણાં સંગમને મન સોચેજી
તેણે કરીય આરતી વાધે તે અતિ ઘણી અનીરવચનીય રસ રસિકા તે શોભેજી ।૧૧૧।
દાન પાત્ર તે દાનને આતુર હોએ લેવા દેવા રસ અપરંપારજી
પાંચ માંગલ્ય કરીયને એ લીલા કહી મધ્યાન સમય પ્રિય પોઢયા છે સારજી ।૧૧૨।
રસ જુત રસિકા સંગ વિલસ્યા બહુ નૌતન રસ તણાં ભેદ રસાલજી
એ રસ દાતા ભોકતા તણું મન લહે પરસ્પરે કિધા જે રસ પ્રતિપાલજી ।૧૧૩।
લીલા તે રસ ઉથાપન લગી વિસ્તરી પરમ પ્રમોદે આનંદ ચિત્ત લગ્નજી
રસ તણે અર્થે ઉથાપન એ કહયું રસિકા નિરખે રસસું મન મગ્નજી ।૧૧૪।
આગલ કહેસું ઉથાપન નીત નેગ સમે આવશે ત્યારે સુખદ નવિણજી
પાંચ માગલ્ય રસાલના એ થયા રસ વિલસ્યા પ્રિયજીને પ્રવિણજી ।૧૧૫।
હવે કહેસું પ્રસંગ જે જયાંહાંથી રહયો છે તે પરમ આનંદ સહિત અતિ પ્રિતેજી
વાહાલોજી ભોજન કરી પોઢયા પછી તે ભગવદી ઘેર આવ્યાં સહુ સ્નેહ રીતેજી ।૧૧૬।
તે પ્રકાર આગલને માંગલ્યે કહું જે અનુભવ કર્યો છે રસ સારજી
ભકત હવેલી મધ્યે તે પધારીને પરસ્પરે વાત્સલ્ય કરે છે અપારજી ।૧૧૭।
પ્રિય તણાં રસ સુખ ચિત્ત માંહે ચુભી રહયા અનીરવચનીય પ્રગટે અહી રંગજી
તેહ પ્રકાર વચને કેમ કહી શકું જે જે ભકત તણાં સોહે ઉમંગજી ।૧૧૮।

ઈતિ શ્રી માંગલ્ય ૨૩મું સંપુર્ણમ્
એ મધ્યાનની સેજયના પાંચ એ પુર્ણ થયા
હવે આગલ પ્રસંગ ચોવીસમે ઉથાપનનો પ્રકાર લખીશું.
શ્રી શ્રી શ્રી

માંગલ્ય - ૨૪

શ્રી શ્રી શ્રી ગોકુલેશો જય જયતિ ! એ માંગલ્ય ૨૪મું લખીયે છે. તેનું ગાવાનું અનુકરણ જે વચન જે ધોલની "ગોકુલ શોભા અતિ ઘણી, આવ્યો ઋતુનો રાયજી" એણી જાતે ગવાશે તે લખીયે છે. એ માંગલ્ય મહા ભકત સમાજ, શ્રીજી મધ્યાન સમય પોઢયા પછી, સર્વ હવેલીયે આવ્યા છે. આપ આપણા ઘર મધ્યે કાજ કરે છે. તથા કોઈ ભગવદી પાંચ સાત મલી શ્રીજીની સેજયાના વસ્ત્ર ધોવાશે, તે લખીયે છે. રાગ "સુહો"

જીરે અઢાર માંગલ્ય પુઠી કહયા પાંચ માંગલ્ય મહારસ વિસ્તારજી
જીરે મધ્યાન સમય પ્રિય વિલસીયા રત્ન રસિકાને સંગ અપારજી ।૧।
જીરે હવે પ્રસંગ જયાંહાંથી રહયો હતો તે કહેવું અતિ મોદેજી
જીરે જેણે કરીયને જ્ઞાપીત હોએ પ્રિય લીલા પરમ પ્રમોદેજી ।૨।
જીરે ભોજન કરી પ્રિતમ પોઢીયા ભકત આવે સહુ ઘેરજી
જીરે હવેલીને વલી જયાંહાં જયાંહાં રહે છે તે ભલી પેરેજી ।૩।
જીરે ભકત શોભા સખી કેમ કહું ગલીયે ચાલતા ભાયેજી
જે મંદિરને હવેલી સુધા એકત્ર હાર ભકતને ભાયેજી ।૪।
જાણે તે સુખડા કાંઈ અભિનવા શ્રેણી અનુપમ લાગેજી
જીરે ભકત ભાવ અતિ રસ ભર્યા તે સુખ જોઈ મન પાગેજી ।૫।
જીરે સેજે પ્રિય બેઠા જોવા રસ ભાવ બહુ ચિત્ત રાજેજી
જીરે વલ્લભજી સોહામણો તેહનો રસ સુખ મન માંહાં ભ્રાજેજી ।૬।
જીરે તેણે મોદે ઉલટ ઘણો આનંદ કહયો ન જાયેજી
જીરે પ્રભુનું સ્વરૂપ ચિત્ત માંહાં ધર્યું તે જોઈ જોઈ અને સુખ પાયેજી ।૭।
જીરે ભકતની હાર ચાલ્યા તે ભાવે ગલી તે સુંદર લાગેજી
જીરે મલતી પાંતે જુથ અભિનવા આવતા જોઈ મન પાગેજી ।૮।
જીરે ભાવ વિવિધી સુખ અતિ ઘણાં તે કહીયે હવે સારજી
જીરે ભકતના ભાવ રસ કેમ કહું તેહનો નહી કાંઈ પારજી ।૯।
જીરે કોઈ ચાલે છે ઉનમત રસે વાત પ્રિતમજીની કરતાજી
જીરે કોઈને મન આનંદ ઘણો પ્રિતમને રસે ભરતાજી ।૧૦।
જીરે કોઈએ તો વાહાલોજી નિરખ્યા છે તેહ વિચારતા મનજી
જીરે કોઈએ તો પોઢયા જોયા છે તે જુએ છે પ્રિતમજીનું તનજી ।૧૧।
જીરે કોઈને મન અતિ ફુલ છે વલ્લભજીનું સુખડું વિચારીજી
જીરે કોઈ પ્રહસિત મુખે આવે છે પ્રિતમજી નિરખ્યા છે ભારીજી ।૧૨।
જીરે કોઈને મન અતિ મોદ છે શ્રીમુખ જોઉ તે રસાલજી
જીરે કોઈ ચંચલ પણે ચાલે છે એમ આવે તે વ્રજબાલજી ।૧૩।
ત્યારે કોઈને ચિત્ત માંહાં રસ ભર્યો તે પ્રિતમ સંગ સોહાતોજી
જીરે કોઈ પ્રસન્ન મને ચાલે છે પ્રિય નિરખ્યો છે સુભટ મોહતોજી ।૧૪।

જીરે કોઈ જાંકાઈ લેહે નહી સહેજ આવ્યા જોઈ જાયેજી
જીરે કોઈને આનંદ ઉલટ ઘણો સુખતે હૈયે જણાયેજી ।૧૫।
જીરે કોઈ તે સ્વરૂપાત્મિક થઈ અવિલોકે કોયેને રંગેજી
જીરે તત્પર થયા અંગ સહુ રસ ભાવસું વાહાલો સંગેજી ।૧૬।
જીરે હાવભાવ કટાક્ષસું સુભગા મલે ભલી રીતેજી
જીરે નેત્ર ચપલ ચંચલ ઘણું સ્નેહ સહિત અતિ પ્રિતેજી ।૧૭।
જીરે કોઈને મન અતિ સોચ છે દુઃખ તે કહયા નવ જાયેજી
જીરે કોઈના ચિત્ત આશાએ લાગ્યા એમ અવસ્તાતે થાયેજી ।૧૮।
જીરે કોઈ કહેતા એમ આવે છે રૂકમણીલાલ સેજયા એ સોહેજી
જીરે શ્રીમુખ શોભા કેમ કહું પ્રિતમજીને જોઈ મન મોહેજી ।૧૯।
જીરે કોઈને મન આરત ઘણી પ્રિય પ્રિતમને તે નિરખવાજી
જીરે તેણે કરીયને નિશાસ લે છે અનુપમ સુખસું હરખવાજી ।૨૦।
જીરે કોઈના મન માંહાં એમ રહે ઉથાપન જોશું પ્રિય સારજી
જીરે પ્રિયના સુખ અતિ રસ ભર્યા અવિલોકીયે અપરંપારજી ।૨૧।
જીરે કોઈ વિહવલ ચિત્ત રજે છે વિપ્રયોગ દુઃખ અતિ ઘણુંઅજી
જીરે તેણે કરી અકુલાયે છે સુખનવ જાણે અણુઅજી ।૨૨।
જીરે કોઈના અંગ સિથલ થયા લહી વિપ્રયોગ તે મનજી
જીરે કોહોને સાંતા ક્ષણું નહી ઘિર નવ ઘરે સ્વકિય તનજી ।૨૩।
જીરે કોઈ દુઃખસું સંવલીત દિસે તેને નેત્રે જલ વહી ચાલે જી
જીરે એણીપેરે ભકત તે આવે છે રૂપ અનુપમ માહાલેજી ।૨૪।
જીરે એહવા રસ રૂપ અભિનવા ભોજન કરી પોઢયા પ્રિય રંગેજી
જીરે ત્યારે પુઠી ભકત ઘેર આવે છે અનુરકત મલી હલી સંગેજી ।૨૫।
જીરે શેરી માંહાં ચાલે છે ભગવદી તેહની શોભા અપરંપારજી
જીરે પ્રિય રસે ચિત્ત અતિ આવર્યા ભકત દિસે તે સુંદર સારજી ।૨૬।
જીરે કોઈ તો અતિ છીન થયા સુકાયે તે અધરના અમીયજી
જીરે કોઈ નીચી દ્રષ્ટિ ચાલે છે ધરણી સામુતે નમીયજી ।૨૭।
જીરે કોઈ સ્નેહ સંયુકત તે લગ્ન છે સુધ નહી તે મનમાંહાજી
જીરે પ્રિતમ પોઢયા જોયા છે તેણે મનડું રહયું તે ત્યાંહાંજી ।૨૮।
જીરે કોઈનો અંગ અતિ તપ્ત છે સિથિલ ચરણે તે ચાલેજી
જીરે કોઈ ચાલતા નિરખે રંગે પરસ્પરે તે ભાલેજી ।૨૯।
જીરે કોઈએ પ્રિતમજી જોયા છે હસતા અનુપમ સારજી
જીરે તેહ સ્વરૂપ ચિત્તમાંહા રહયું એ રસનો નહી કાંઈ પારજી ।૩૦।
જીરે કોઈ હાથે લાગા ચાલે પ્રિતમજીની વાત તે કરતાજી
જીરે સણીયને પ્રસન્ન થાએ એણે રસે મન ભરતાજી ।૩૧।
જીરે કોઈ ચાલતા તે પરસ્પરે સ્કંધ પર હસ્ત તે ધરેઅજી
જીરે સ્વરૂપ હૃદય માંહા રમી રહયું તેણે રૂપે મનડું હરેઅજી ।૩૨।

જીરે રસ મસ્યા રંગે ચાલે તે અલબેલા સુખ માહાલેજી
જીરે તેહ શોભા હવે જોવાને દુઃખડુ અપરમિત સાલેજી ૧૩૩૧
જીરે એહવા ભકત પધારે છે હવેલીયે આવે રંગેજી
જીરે તેહને હું દંડવત કરૂં પ્રિતમ રસે ભર્યા આવે સંગેજી ૧૩૪૧
જીરે એણી પેરે ભકત આવતા જાયે તે હવેલી અનુપમ દિસેજી
જીરે ભિડ અપરમિત તે રસે ભરી ભકતની હાર જોઈ મન હીસેજી ૧૩૫૧
જીરે ભકત ઘેર આવ્યાની શોભા ઘણી તે કહેતા ન આવે પારજી
જીરે પ્રિય તણું રૂપ રૂદે વસ્યું મન રંજયુ એણે રસે સારજી ૧૩૬૧
જીરે સ્વકિયના જુથ આવે બહુ તેહોના ભુષણ અનુપમ ઝલકેજી
જીરે જોત આભરણ તણી અભિનવી તે વિદ્યુત ભાંતે ચલકેજી ૧૩૭૧
જીરે સાડી સુરંગ રંગ જુજુવા ચાલતા આવે ઝાંક ઝમાલજી
જીરે ચોલી સોહે અતિ બેસતી તે પરમ સોહે વ્રજબાલજી ૧૩૮૧
જીરે પ્રસન્ન વદન મુખ હસતા તે આવે છે અનુરકતજી
જીરે કરીય ભોજન વાહાલો પોઢયા ઘેર પધારે છે એણી પેરે ભકતજી ૧૩૯૧
જીરે એક એકથી તે સોહામણા સુંદર રૂપે પુરાજી
જીરે પ્રિતમજીને રસે માતા છે એણે ભાવે મનડા સુરાજી ૧૪૦૧
જીરે ભગવદી તણો શ્રૃંગાર કહું આનંદ ભર રસ રૂપજી
જીરે પ્રિય પ્રિતમ સુખ સાંભરે અનુભવ કેરા અનુપજી ૧૪૧૧
જીરે ભકત શ્રૃંગાર સોહે અભિનવા પહેર્યા ધોતી ઉપરેણા તે રાજેજી
જીરે વાગો સુંદર અતિ શોભિયે પીઠે વાલતે રસાલ ભ્રાજેજી ૧૪૨૧
જીરે કોહોના શુભ્ર સચિકણ દેખીયે અંબોડો શીષ તે ઝલકેજી
જીરે ભાલે તિલક અતિ જગમગે તુલસી માલા કંઠ માંહાં ચલકેજી ૧૪૩૧
જીરે કેસરની સુંદર રંગી ગેહેરે રંગે તે માલા સારીજી
જીરે કોઈએ ગુંજા પહેરી છે તે અનુપમ દિસે ભારીજી ૧૪૪૧
જીરે કોઈયે મુકતા ઘરીયા છે કર્ણ મધ્યે તે અનુપજી
જીરે કોઈયે સાદી કડી પહેરી તે સુંદર અભિનવે રૂપજી ૧૪૫૧
જીરે કોઈને હેમની સાંકલી સોહે તેહ માંહાં ઘુકઘુકી ઝલકતી રાજેજી
જીરે કોઈયે માલા પહેરી હાટયક તણી તે બહુ બહુ ભાંતની ભ્રાંજેજી ૧૪૬૧
જીરે કોઈને કર મુદ્રિકા દિસે તેના નંગ ચલકે તે અપારજી
જીરે કોઈને કર ફેરૂઆ સોહે તે હેમ તણાં ઘણું સારજી ૧૪૭૧
જીરે ઋતુ ભેદે ભકત ઓઢે છે પામરી રંગ રંગ સુખ ભારીજી
જીરે તે શોભા કાંઈ અભિનવી તે દિસે અનુપમ ન્યારીજી ૧૪૮૧
જીરે ભોજન કરી પ્રિય પોઢીયા ત્યારે પુઠે આવે એમ ભકતજી
જીરે સ્વરૂપ સુખદ અંગે રમે તેણે ચલકે છે અનુરકતજી ૧૪૯૧
જીરે કોઈ રૂતુ ભેદે પેહેરે છે નીમા કભાયો અતિ ભારીજી
જીરે રંગ બીરંગી શોભિયે તેની જોત અપરમિત સારીજી ૧૫૦૧

જીરે એણી પેરે ભકત આવતા જાએ વાહાલોજી પોઢયા જાણીજી
જીરે ભકત શ્રૃંગાર સોહામણા શું શું કહીયે તે વખાણીજી ૧૫૧
જીરે સ્વરૂપ ભકતના અભિનવા કાંતે અનુપમ ઝલકેજી
જીરે વાહાલાનું મુખ જોઈ આવે છે તેણે અંગ અંગ સુંદર ચલકેજી ૧૫૨
જીરે પ્રિય પ્રિતમ પોઢયા રંગે ભકત આવે સહુ સંગેજી
જીરે સ્વરૂપ રૂદે માંહે રમી રહયુ વલ્લભજી જોયા છે રંગેજી ૧૫૩
જીરે સુખદ ચંદન પ્રિતમે પહેર્યું છે તે રસ ઉરમાહા રાજેજી
જીરે કોઈએ ખેલાવતા જોયા છે કેવડાની ચોટી એ મન ભ્રાજેજી ૧૫૪
જીરે કોઈએ પ્રિય નિરખ્યા રંગે અંગ અંગ પરમ રસિલાજી
જીરે રસ ઉદબોધ થાયે ઘણું પ્રિતમ તણાં નેત્ર હસીલાજી ૧૫૫
જીરે તે સુખ કેહીપેરે કહે જે જે અનુભવીયા રસ ભકતજી
જીરે દાનપાન પ્રેમે ભર્યા તે દિધા લીધા અત્યજી ૧૫૬
જીરે કોઈએ સેજ બેઠા જોયા છે વલ્લભજી તે ઉરમા રાજેજી
જીરે એણી પેરે ભકત પધારે છે પ્રિય શોભા રૂદે માંહે છાજેજી ૧૫૭
જીરે પ્રિતમજીને રંગ રાતા હસતા વરસે સુખસારજી
જીરે એણી પેરે આવે રંગે કરતા ભકત ટોક અપારજી ૧૫૮
જીરે ઉમંગ ભર્યા આનંદસું કરે હાસ્ય પ્રકાશ અનુપજી
જીરે પ્રિય રસ સુખ અંગ વહે પ્રિતમ તણાં રસ રૂપજી ૧૫૯
જીરે સ્નેહ વાત્સલ્ય કરે અભિનવા પરસ્પરે અનુરકતજી
જીરે એહવા ભગવદી તે સોહાગીયા આવે અપરંપાર અવ્યકતજી ૧૬૦
જીરે વિઠ્ઠલ કુંવર છે લાડીલો તેણે જે સુખ આપ્યા અપારજી
જીરે તે રસ મન માંહાં અહી અને આવે છે ભકત સારજી ૧૬૧
જીરે પ્રિતમ તણાં સુખ રૂદે ધરે તે અનુપમ કહયાં કેમ જાયેજી
જીરે શ્રીવલ્લભ અંગ અંગ રમે તેણે અતિ હરખતે થાયેજી ૧૬૨
જીરે ભકત શોભા સખી કેમ કહું પ્રિતમ રસ ભરીયા છે પાત્રજી
જીરે ભકતનું સ્વરૂપ કહેવા તણું તે હું માંહાં નહી કાંઈ ગાત્રજી ૧૬૩
જીરે એણી પેરે ભકત અતિ રસ ભર્યા આપાપણા ઘર મધ્યે જાએજી
જીરે ઘેર જઈ જઈ અને જે કરે હવે તેહ કર્યું મન ભાએજી ૧૬૪
જીરે તેહોના બહુ વાત્સલ્ય કરે કર્યા પાક શાકતે અનુપજી
જીરે જેહોને બોલાવે ઘેર તે આવ્યા સુંદર લાગે છે રૂપજી ૧૬૫
જીરે પરોસતા મનને ફુલ ઘણી તે પ્રસાદ લે છે મન રંગેજી
જીરે પરસ્પર હાંસી થાએ કરે ટોક અપરમિત સંગજી ૧૬૬
જીરે ભકત પ્રસાદ લે એણીપેરે તે સુખડા અનુપમ રાજેજી
જીરે હાસ્ય કૌતિક થાએ અભિનવા તે શોભા સુખ અતિ છાજેજી ૧૬૭
જીરે રસ રંગે ભકત લેઈ ઉઠે તે અવ્યકત સુખ કેહી પેરે કહુઅજી
જીરે વાત્સલ્ય સ્નેહ અતિ રસ ભર્યા તે કરે છે પરસ્પરે લહુંઅજી ૧૬૮

જીરે અચવ્યાતે ભલી ભાંતસું બીડા આપ્યા અતિ રંગેજી
જીરે પ્રસન્ન વદન ભકત તે લે છે બીડા અનુપમ સંગેજી ૧૬૯૧
જીરે વલતા તે ઘરને વિદાયે માગે લાવણ્ય સહિત અનુપજી
જીરે જૈ જૈ શ્રી ગોકુલેશ કહી નમન કરે સુખ રૂપજી ૧૭૦૧
જીરે કર બેહુ તે મસ્તક ઘરે નેત્ર ભર્યા રસ પુરજી
જીરે પરસ્પરે અવિલોકતા દુઃખતે કરે સહુ ચુરજી ૧૭૧૧
જીરે પ્રિતમનુ સ્મરણ કહી ભકત સાત્વિક ભાવે ભરી આવેજી
જીરે એણી પેરે તે વિદાય માગે ઉભય સ્વઢપે જે ભાવેજી ૧૭૨૧
જીરે ભગવદી આપાપણે ઘેર ગયા હવે ઘેરના પ્રસાદ લે છે રંગેજી
જીરે ભાવ અનંત વિચારતા મીઠા વચન તે બોલે સહુ સંગેજી ૧૭૩૧
જીરે એણી પેરે મન તે પ્રસન્ન હોએ કેહી પેરે કહયા તે જાયેજી
જીરે કોઈને ઘેર રસોઈ તે હવે અનુપમ થાએજી ૧૭૪૧
જીરે પાક કર્યો પ્રિય રૂચી લહી થાલ પુરે છે અવ્યકતજી
જીરે પ્રિય સંગ ભાવ મેલાવાને થાલે પધરાવે નિજ ભકતજી ૧૭૫૧
જીરે હાવભાવ કટાક્ષ શું રસભર પ્રિય અનુકુલજી
જીરે સ્નેહ તણી પરમિત નહી ઉભય સ્વરૂપે રસ માહા મુલજી ૧૭૬૧
જીરે રૂકમણીલાલ લડેતો છે તે ત્યાંહાં આવીને આરોગેજી
જીરે ભકત તણાં ભાવ તે લહીયને કરે ભોજન રસ સંજોગજી ૧૭૭૧
જીરે મારગ પ્રસિધ્ધ પ્રતાપ છે પ્રિય આવી આરોગે પ્રિતેજી
જીરે સ્નેહ તણાં વાત્સલ્ય લહે શ્રી વલ્લભ રસ રીતેજી ૧૭૮૧
જીરે થાલ મુકે ભકત પ્રેમસું મન માંહાં અભિનવો રંગજી
જીરે પ્રિતમજી તે લે સહુ કરે ભોજન સ્નેહ સંગેજી ૧૭૯૧
જીરે વલતો ભોગ સરાવે છે પ્રસાદ તે અનુપમ રૂપજી
જીરે નિરખતા મનને પ્રતિત હોએ આરોગ્યા શ્રી વલ્લભ ભુપજી ૧૮૦૧
જીરે તેણે કરીયને ઉલટ ઘણો ભકત અંગઅંગ ફુલન માયેજી
જીરે ભાવે ભર્યા ભકત હુલસીયા સંગે સાત્વિક મનડુ સોહાયેજી ૧૮૧૧
જીરે સાનુભાવ પ્રિતમ પોતે જણાવે તે અભિનવે રંગેજી
જીરે તેણે કરી ભકત તે પ્રસન્ન થાએ હરખે અનુપમ અંગેજી ૧૮૨૧
જીરે વલતા તે પ્રસાદ લેવા બેસે કોઈ ભકત મલતા પાંતે આવેજી
જીરે તેહોને જોઈ પ્રસન્ન થાયે ને મન માંહાં અતિસે ભાએજી ૧૮૩૧
જીરે એણીપેરે તેહોને તે વિનવે પ્રસાદ લેવા બેસો રાજજી
જીરે અચાનક તમો તે પધાર્યા છો પુરણ કિજે કાજજી ૧૮૪૧
જીરે મહા પ્રભુ આરોગ્યા હુતો લેહુ તમો બેસો સુખ તણી રાસજી
જીરે મારૂં મન પ્રસન્ન કરો આપણ એકઠા પ્રસાદ લેહુ પાસજી ૧૮૫૧
જીરે શ્રી મુખથી એમ સાંભળ્યું જે અચાનક ભકત ઘેર આવેજી
જીરે ત્યારે તે સહુ એણીપેરે લહો ઠાકુરજી આરોગ્યા રસ ભાવેજી ૧૮૬૧

જીરે તે માટે હું વિનંતી કરૂં તમો બેસો પ્રસાદ લ્યો રંગેજી
જીરે તેહોને પછે અવસ્ય કહયું ભલે બેસીયે આપણ સંગેજી ૧૮૭૧
જીરે વલતા તે પ્રસન્ન થઈ પ્રસાદ લેવા બેસે અનુપજી
જીરે કરે વાત્સલ્યતે પરસ્પરે સુંદર લાગે રૂપજી ૧૮૮૧
જીરે પ્રથમ મહાપ્રસાદ પરોસીયો પ્રાણ વલ્લભજીની થાલનો જે લાવ્યાજી
જીરે તે જોઈ મન આનંદ ઘણો અંગ અપરમિત સુખ ફાવ્યાજી ૧૮૯૧
જીરે વલતુ તે સર્વ પરોસે છે જેમ સ્નેહ તણી છે રીતજી
જીરે વાત્સલ્યના તે પ્રકાર લહે અનુપમ દિસે પ્રિતેજી ૧૯૦૧
જીરે પરોસીને પહોંચ્યા જયારે ત્યારે બેઠા રસ રંગેજી
જીરે વલતા પ્રસાદ તે લે છે અનુપમ દિસે છે સંગેજી ૧૯૧૧
જીરે તે વાત તે કરે પ્રિતમ તણી સાનુભાવ દિઠો છે અનુપમ
જીરે તે સાંભલીને આરંદ્ર થાએ અભિનવું દિસે રૂપજી ૧૯૨૧
જીરે ભગવદ રસ વારતા ચાલે તેહનો નહી કાંઈ પારજી
જીરે પ્રિતમજીની સુરતિ કરે તેણે રસ ઉફણ્યો અંગે સારજી ૧૯૩૧
જીરે વલતા તે પસદ લે છે રંગે પ્રસન્ન અનુપમ થાએજી
જીરે પ્રસાદ સ્વાદ અતિ લાગે છે તેણે કરીયને ઉત્સાહ નવ માયેજી ૧૯૪૧
જીરે રસવસ થયા સહુ કોઈ ઓચરે એ પ્રસાદ છે મહા રસ રાસજી
જીરે ભાવ તરંગ લહેરો ઉઠે પ્રિતમ કરે છે આસજી ૧૯૫૧
જીરે એણી પેરે પ્રસાદ લે રસ ભર્યા તે સ્વાદ મધુર અતિ લાગેજી
જીરે પ્રિય સ્વરૂપ અંગ અંગ રમે તે જોઈ મનડુ પાગેજી ૧૯૬૧
જીરે એણીપેરે પ્રસાદ તે લેઈ ઉઠયા સુખડા કહયા કેમ જાયેજી
જીરે અચવીને રંગે પોહોતા બીડી સુપારી અપાવે સુખ થાયેજી ૧૯૭૧
જીરે વલતા તે બેસે રંગે રસવાત પ્રિય તણી તે કરતાજી
જીરે અવ્યકત રસે મન પાગ્યુ છે એણી પેરે ચિત્ત રમતાજી ૧૯૮૧
જીરે પ્રિય પોઢયા છે ભોજન કરી ત્યાંહાં રસ તણાં હોએ રોલજી
જીરે સ્વકિય સંગતે પ્રમોદસું કરે વાહાલો ઝાકમ ઝોલજી ૧૯૯૧
જીરે હવેલી માંહાં ભકતને સુખ બહુ તે વચને કહયા કેમ જાયેજી
જીરે વાત્સલ્ય અનેક પ્રકારના ઘેરઘેર સઘલે તે થાયેજી ૧૧૦૦૧
જીરે કોઈ વિશ્રામ તે કરેય છે અવકાશ જાણીને રંગેજી
જીરે કોઈ કોઈ ઘેર જાયે છે અનુપમ દિસે સંગેજી ૧૧૦૧૧
જીરે અભિનવા વાત્સલ્ય થાએ અહી પરસ્પરે તે અનુપજી
જીરે શ્રી અંગ સુખદાયક લહી કરે વાત્સલ્ય અભિનવ રૂપજી ૧૧૦૨૧
જીરે કોઈ તાં કાજ કરે રંગે પર પોતાનું જાણીજી
જીરે કોઈ આવસ્યક લહીયને તે કરે છે કાજ મન માંહાં આણીજી ૧૧૦૩૧
જીરે કોઈનુ મન તે પ્રસન્ન હોએ કોઈને દુઃખડુ તે અપારજી
જીરે પ્રિતમને કયારે જોઉ એમ લોચે મન રસ રાસજી ૧૧૦૪૧
જીરે કોઈ એક ભકત સોહાગીયા તેહને પ્રભુસું છે અતિ નેહજી
જીરે વસ્ત્ર ધોવા આપે પ્રિય તણાં અવકાશ જાણીને તેહજી ૧૧૦૫૧

જીરે વસ્ત્ર પ્રિતમજીના આણીયાં ધોવાને ભલી પેરજી
જીરે તે ધોઈ મન હરખીયા સાથ અનુપમ ઘેરેજી ૧૦૬૧
જીરે વસ્ત્ર ધુએ અતિ ફુલસું સ્નેહ ભર્યા અનુરકતજી
જીરે ચુંબન કરે વસ્ત્રને રંગે સ્નેહ ભર્યા છે ભકતજી ૧૦૭૧
જીરે કોઈ આલિંઘન દે હરખે પ્રિતમજીના વસ્ત્ર તે જાણીજી
જીરે કોઈ એક તે માથે ચઢાવે છે મહાતમ પક્ષ મન માંહા આણીજી ૧૦૮૧
જીરે કોઈ અવિલોકે છે વસ્ત્રને તેણે આરંદ્ર અતિ મન દિસેજી
જીરે પ્રિય રસ સંગ સરખું કરી આપ્યુ એ જોઈ જોઈ અંગ રંગે હીસેજી૧૦૯૧
જીરે વસ્ત્ર દ્વારા અનુભવ કરે કોઈ લીલા રસ માંહાં રેલજી
જીરે તદાત્મિક થઈ અને રમે વલ્લભ અંગ મોહન વેલજી ૧૧૦૧
જીરે કોઈના નેત્રે લગાડે છે એ વસ્ત્ર સુખદ રસ જાણીજી
જીરે વલતા તે અટાલીયે ચઢે વસ્ત્ર ધોવા મન આણીજી ૧૧૧૧
જીરે મોદસું વસ્ત્ર ફેલાવીયા તેહના સૌરભ મેહેકે સારજી
જીરે આમોદલે ઉલટ ભર્યા મધુર સ્વાદ તે અપારજી ૧૧૨૧
જીરે વસ્ત્ર ચમકે ચલકે ઘણું દિસે શોભાતે અતિ અવ્યકતજી
જીરે વસ્ત્રનું વાત્સલ્ય કરે સદા સ્નેહ ભર્યા નિજ ભકતજી ૧૧૩૧
જીરે ધોવાને બેસે રંગે સહુ મલી અને આણ્યું ત્યાંહાં પાણીજી
જીરે વસ્ત્ર ધોવા બેસે સ્વકિય મલી ત્યાંહાં ઓચરે મીઠી વાણીજી ૧૧૪૧
જીરે પ્રિય રસ સુખ ચિત્ત માંહાં ભર્યું તેણે લોભે લોભાત્મિક બોલેજી
જીરે મુસકાઈને આનંદસું ભકત ગુંજ અંતર પટ ખોલેજી ૧૧૫૧
જીરે વસ્ત્ર માંહાંથી કેશ તે નીકલે પ્રિતમ તણા અંગ સુખ કારીજી
જીરે ત્યારે તે ભકત હરખે ઘણું સોહે શોભા કેશની ભારીજી ૧૧૬૧
જીરે સહુ મલી કેશને નિરખે છે અંગ પ્રિતમજીનું જાણીજી
જીરે ચલક કેશની અતિ ભલી ભકત જુએ મન આણીજી ૧૧૭૧
જીરે વલતા વસ્ત્ર ધુએ સંગે સાબુ દે ભલી રીતેજી
જીરે તે લેઈ તપ ખાવા નાખે સ્નેહ સહિત અતિ પ્રિતેજી ૧૧૮૧
જીરે જેણીપેરે ઘણું ઉજવલ થાએ તેમ કરે તેહ ઉપાયેજી
જીરે કોઈ તે પ્રિયને ઓઢવાતણી ચાદર ધુવે મન ભાયેજી ૧૧૯૧
જીરે કોઈ તો તનીયો ધુવે છે પ્રિતમ તણો તે અનુપજી
જીરે ઉપયોગ રસ સેજે આવશે તે પહેરશે ગોકુલભુપજી ૧૨૦૧
જીરે ગીરદાતે ધુવે છે પ્રિય ગલ સ્થલ રહે સુખકારીજી
જીરે સેજે પ્રિતમજી પોઢે ત્યારે ઉપયોગ આવે અતિ ભારીજી ૧૨૧૧
જીરે ધુવે ગીરદા આનંદ મને આતુરતા એ રંગેજી
જીરે ભાગ્ય સરાહે ગીરદા તણું પ્રિય રસ સુખડા સંગેજી ૧૨૨૧
જીરે શ્રી અંગ રસ અનુભવ્યો તેહ વિચારતા મનજી
જીરે ગીરદા નિરખે હરખસું ઓવારે પ્રાણને તનજી ૧૨૩૧
જીરે મુડ બંધો તે ધુવે છે સ્નેહ ભર્યા સુખારીજી
જીરે શીષે પ્રિતમજી બાંધશે તે શોભા કાંઈ ન્યારીજી ૧૨૪૧

જીરે એણી પેરે વાત્સલ્ય પ્રિતસું વસ્ત્ર ધોઈ સુકવ્યા તે અનુપજી
જીરે સ્વેત ઉજવલ અતિ દેખીયે મીહી વસ્ત્ર તે અભિનવે રૂપેજી ।૧૨૫।
જીરે વલતી તેહની ઘડી વાલે ત્યો છીરકે ગુલાબનું પાણીજી
જીરે ઘુટે વસ્ત્ર તે સ્નેહ શું પ્રિતમ વાત્સલ્ય મન આણીજી ।૧૨૬।
જીરે સેજ પ્રિતમજી પોઢયા છે ભોજન કરી મહારાજજી
જીરે વિવિધી વિલાસ સુખ અનુભવે ત્યાંહાં સુભગાના પુરે કાજજી ।૧૨૭।
જીરે ત્યારે ભકત હવેલીયે તે બિરાજે છે કાજ કરે મન ગમતાજી
જીરે જેહને મન જે અભિલાસીત છે તે તેમ કરે રસ રમતાજી ।૧૨૮।
જીરે કોઈ વસ્ત્ર ધોઈ પહોચ્યા રંગે તેણે કરીય હરખ ન માયેજી
જીરે ઝલકે વસ્ત્ર સોહામણા તે જોઈ સાંતા અતિ થાયેજી ।૧૨૯।
જીરે ગુલાબનું જલ છીરકતા જાએ ઘુંટે રસ સૌરભ માહાસાણીજી
જીરે રખે કહી કુંજલક રહે જુએ મન માંહાં સ્નેહ તે આણીજી ।૧૩૦।
જીરે એણી પેરે વસ્ત્ર સમારીને ગડી વાલે છે ઘણું સોહેજી
જીરે ત્યાંહાં ભકત અનુપમ અભિનવા તે ગડી દેખીને મોહેજી ।૧૩૧।
જીરે તે ગડી જોઈ ભકત એમ લહે અમો વસ્ત્ર કાં ન સરજયા અનુપમજી
જીરે એ વસ્ત્ર અમો સરજયા હોત તો પ્રિય સંગ રંગ રૂપજી ।૧૩૨।
જીરે એમ વસ્ત્ર ધોઈ ભકત ઘેર જાય એટલે મધ્યાને વાહાલોજી ઉઠયાજી
જીરે બેઠક જઈ દર્શન કરે શ્રીમુખ જોઈ રસ મેહ બુડાજી ।૧૩૩।
જીરે વલ્લભજી તે બિરાજે છે ચોખંડી મધ્યે રસ રાસજી
જીરે ચરણ ક્ષાલણ કરતા જોયા શ્રી રૂકમણીલાલ સોહે પાસજી ।૧૩૪।
જીરે નિરાવરણ સમય અતિ ભલો પ્રિતમજીને જુએ ભકત રંગેજી
જીરે વલતા વાહાલોજી પોઢીને રસ સુખ કરસે શ્રી અંગજી ।૧૩૫।
જીરે હવે આગ નો પ્રસંગ કહું જે હવેલી માંહા ભગવદી રાજેજી
જીરે ભગવદ વાત કરે સ્નેહ ભર્યા શ્રી અંગ સંગ સુખડા છાજેજી ।૧૩૬।
જીરે હવેલી બડી માહારસ સુખ બહુ કરે ભકત તે નવલી ભાંતેજી
જીરે તેહ પ્રકાર આગલ કહુ સ્નેહ વીન તણો રસ ખાંતેજી ।૧૩૭।
જીરે સ્વઢપ વર્ણન સુખ દરસ તે આગલને માંગલ્યે સહુ સોહેજી
જીરે શ્રી અંગ પરમ સુંદર ઘણું તે જોઈ જોઈ ભકત મોહેજી ।૧૩૮।
જીરે જે કોઈ સ્વરૂપાસકત છે તેને પ્રિય તણાં અંગ અતિ ભાવેજી
જીરે અવિલોકતા આનંદ ઘણો તે પાન કરે રસ દાબેજી ।૧૩૯।
જીરે બીજુ તે કાંઈ સમજે નહી એ સ્વરૂપ તણું રસ મુલજી
જીરે જે કોઈ સ્નેહ આરતવંત તે ભાવાપન અનુકુલજી ।૧૪૦।
જીરે સ્વાદ લે છે તે પ્રમોદસું અંતર રમણ રસ પ્રિતેજી
જીરે વચન તે કેમ જાએ કહયાં પ્રિતમ તણાં અંગ રસ રીતેજી ।૧૪૧।
જીરે આનંદ રસ સિંધું ઉલટયો શ્રી વલ્લભ રસ રૂપજી
જીરે તેહને હું દંડવત કરૂં ચરણે નમીને અનુપજી ।૧૪૨।

ઈતિ શ્રી માંગલ્ય ૨૪મું સંપુર્ણમ્ સમાપ્તમ્
શ્રી શ્રી શ્રી શ્રી શ્રી.

માંગલ્ય – ૨૫

શ્રી શ્રી શ્રી રસ સ્વરૂપજી જય જયતિ એ માંગલ્ય ૨૫મું લખીયે છે.
તે ગાવાને અનુકરણ લૌકિક ગીત છે તે વચન જે,
"સુરતી રાનેર કેરી, પરકી તે આંગણ ઓટલાએ" એને અનુકરણે ગવાશે તે લખીયે છે.

ભકત સમાજ હવેલી મધ્યે કાજ જે જે કરે એ
તે કહી આવ્યા પાછલને માંગલ્યે તે સુખ ભરેયજી ।૧।
વલી કહેવાશે તે કહેશું આ માંગલ્ય માંહા સુખ ઘણું એ
પ્રિતમ પોઢયા છે રસ જયુત શું કહું તેહ તણું એ ।૨।
ભકત હવેલી માંહાં બિરાજે છે કાજ કરે મન રલી એ
પ્રથમ માંગલ્ય માંહાં તે કહયુ એ બીજું માંગલ્ય છે વલી એ ।૩।
એ માંહે જે કહેવાએ તે ભકત પ્રકાર કહું એ
કોઈ પ્રસન્ન મને મહાલે છે કોઈને અંગ દુઃખ લહુ એ ।૪।
કોઈના ઘર માંહાં તે નવ જાએ વિપ્રયોગ ભર્યા બાહેર આવે એ
મન તે ભર્યું દુઃખે સાર એણીપેરે ચિત્ત ભાવે એ ।૫।
ક્ષણુ એક બાહેર તે આવે ક્ષણું માંહાંતે ઘર મધ્યે જાએ એ
કુચેન અંગ અંગ પ્રતે દિસે એણીપેરે મન થાએ એ ।૬।
કોઈ પોતાના ઘર મધ્યે વિશ્રામ કરે મન રલી એ
કોઈ વિશ્રામ કરે મલતી પાંત્યે તેને ઘેર જઈ વલી એ ।૭।
પ્રસન્ન થાયે તેહોને જોઈ વાત્સલ્ય કરે અતિ ઘણા એ
સુંદર ઠામ બિછાવણાં કરે ભકત સ્નેહ તણાં એ ।૮।
ત્યાંહાં બેસી વાત કરે છે પ્રિતમ સુખ મન ઘરીએ
પરસ્પર મન અતિ હરખે આનંદ રસે ચિત્ત ભરી એ ।૯।
ભાવ તરંગ બહુ ઉઠે છે એણી પેરે ભકત સોહે એ
હાસ્ય કૌતિક અતિ થાએ તેણે રસે મન મોહે એ ।૧૦।
પ્રસન્ન થાયે ઘણું ઘણું બેઠા વાત પ્રિય તણી કરે એ
અભિનવે રસે મન રંજયા એણે રસે કાજ સરે એ ।૧૧।
સ્નેહ વાત્સલ્ય સુખ ભેર ઉલટસું આનંદ ઘણો એ
મોદ પ્રમોદ અપાર શું કહીયે રસ તેહ તણો એ ।૧૨।
શ્રી અંગે સુખદ વિચારી પરસ્પરે રસ ભરે એ
ભોગી રસીકવર રાયે તે એણી પેરે મન હરે એ ।૧૩।
અતિ રસ સુખ માંહાં છે ભકત અવ્યકત તે ચિત્ત લહુ એ
કોઈ કેવલ રસ લેઈ બેસે એકઠાં તે હવે કહું એ ।૧૪।
તેહોને મન તે આરત ઘણી સ્નેહ પ્રિતમ સંગ એ
અવકાસ જાણી ભકત બેસે છે અંગ ઉલટ રંગ એ ।૧૫।

કરસે તે વાતડી રસાલી પ્રિતમજીની સ્નેહ ભર્યા એ
ભાવીયા આવી આવી બેઠા રસ જયુત વલ્લભજીએ વર્યા એ ।૧૬।
વિશુધ્ધ અંતઃકરણ કોમલ સ્વરૂપ તે રૂદે રમે એ
એણે ભાવે ભર્યા ભકત આવે પરસ્પરે મન ગમે એ ।૧૭।
કોઈ એક સોહાગે જે પુરા તેહોની પાસે મલી બેસે એ
વાત પ્રિતમજીની કરતા પરસ્પરે ઉર પેસે એ ।૧૮।
હવે તે સ્વરૂપ વર્ણન કહું સુભગ સોહામણું એ
પરમ રસિલુ રસાલ તે સ્વકિયને મોહામણું એ ।૧૯।
કોઈતા સહેરાયે પ્રિય ભોજન કરી પધારતા જોયાએ
કોઈ કહે ચાલ રસિલી એણે રસે મન મોહયા એ ।૨૦।
કોઈ લાવણ્યજોઈ રંજયા ગંધાક્ષત શીષે સોહે એ
કોઈ એ ચોકી બેઠા નિરખ્યા છે એણે રસે ચિત્ત મોહે એ ।૨૧।
કોઈએ કેશ નિવારતા જોયા છે તેહ સુખડા કહે એ
કોઈએ અવિલોકયા બીડું આરોગતા તેહ લાવન્ય લહે એ ।૨૨।
કોઈએ જોયા રાગ રંગની તાલી દેતા સુખ ભરે એ
કોઈએ બજાવતા નિરખ્યા ચુટકી સંગ પ્રિય મન હરે એ ।૨૩।
કોઈએ વિઠ્ઠલકુંવર જોયા છે હાંસી કરતા ઘણું એ
તેહ સ્વરૂપ જોવા તલ ફલે શું કહું દુઃખ તેહ તણું એ ।૨૪।
કોઈએ પધારતા નિરખ્યા ચોકીથી સેજયા ભણી એ
રીતુ ભેદના સુખ અભિનવા પ્રિય મારો સુખમણી એ ।૨૫।
એણી પેરે સેજ પધાર્યા ભકત ઘેર બેઠા કરે વાત એ
સ્વરૂપની સુરત કરી કરી ઉલટ મન નવ માત એ ।૨૬।
રૂકમણીલાલ લડેતો સેજયા પર રંગ ભર્યો એ
અંગ અંગ રસ જુત ઝલકે સ્વકિય નિરખે પ્રિય સ્નેહ વર્યો એ ।૨૭।
સેજ બેઠા તણાં સુખડાં ભકત કેહીપેરે તે કહે એ
કોઈએ નખશીખ લગીય સ્વરૂપ જોયુ છે તેણે રસે લહે એ ।૨૮।
શ્રીઅંગ રસ સુખદાન અનીરવચનીય સદા એ
સ્વરૂપાશકત ભકત લહે છે એ પાનને તે તદા એ ।૨૯।
કોઈ સહેરાયે છે કેશ પ્રિતમના ચલકે ઘણું એ
સરલા સચિકણ શ્યામ નિરખું કહીયે ચિકુર તણું એ ।૩૦।
કેશના ભાગ્યનું કેમ કહું પ્રિયજીને શીષે ધર્યા એ
પીઠે અંબોડો તાંહાં અનુપ તેહ માંહા ભકતના ભાવ ભર્યા એ ।૩૧।
સ્વકિય સુજાતિતે નિરખે અંબોડો રસ વસ સોહતો એ
પરમ ચુચુતો રસિલો હસિલો એ મન મોહતો એ ।૩૨।
ઢલક ચલક અતિ સારી અંબોડાનું શું કહું એ
પંખાને વયારે થર હરતો અંબોડો તે ચિત્ત લહે એ ।૩૩।

સુભગ અંબોડલો રસ જયુત સ્વકિય તણાં મન હરે એ
હવે કુંતલ સુખ રાજે ભકત જોઈ ચિત્ત ધરે એ ।૩૪।
ભાલ ઉપર જાણે હાર કુંતલ તણી શોભિયે એ
કોઈ કહે કુંતલ જોઈ નમણ ભરી લોભિયે એ ।૩૫।
કોઈ સહેરાયે કેશ પાસ કુંતલ રાજે ભાલ પર એ
છોટા નિપટ અતિ સાર તેણે કરીય મનોહર એ ।૩૬।
કોઈ કહે ભાલ વિશાલ રસાલ સોહે ઘણું એ
કોઈ કહે સામ રેખા રાજે તહા શું કહું તેહ તણું એ ।૩૭।
કોઈ કહે પ્રિયજીના તિલકની સેર બે અભિનવી એ
કોઈ કહે સેર એ વિચિત્ર ભુતો ન ભાવી કહી હવી એ ।૩૮।
ભકત જે રસિક શીરોમણી બેઠા હવેલી મધ્યે એ
સહેરાયે પ્રિતમ તણું સ્વરૂપ તેણે કાજ હવા સિધ્ય એ ।૩૯।
કોઈ સહેરાયે છે તિલકનો રંગ અતિ ઘણું આછો એ
પ્રિતમનું રૂપ ધર્યું ભાલે સુખદ પ્રિતમ એ સાચો એ ।૪૦।
એમ સહેરાયે છે ભકત શ્રી અંગ સ્નેહે ભર્યુ એ
કોઈ કહે છે જે ભમર તિક્ષણ ગતે મન હર્યુ એ ।૪૧।
કોઈ તે ભમરનો લાંક સહેરાયે છે તેજ ઘણું એ
કોઈ કહે ભ્રકુટીના ખુણાં સુભગસું કહું તેહ તણું એ ।૪૨।
સામ સચિકણ સાર શોભા નવ જાયે કહી એ
સ્નેહ ભર જોઈ મન રંજે રસજુતએ જાયે લહી એ ।૪૩।
ભ્રકુટી છે પરમ નવિણ પ્રવિણ સુભગા મલી એ
રસ ઉદબોધ અપાર સ્વકિય એહની જોઈ હલીએ ।૪૪।
કોઈ સહેરાયે ભમર બેહુ વચે લાંક સોહે ઘણુંએ
ત્યાંહાં તિલક તણી રેખા જોઈ નવ મટકીયે ઘણું એ ।૪૫।
કોઈ કહે એ ઠામ અભિનવો ફરી ફરી તે જોયું એ
પરમ વિશાલ રસાલ એણે ઠોર મન મોહે એ ।૪૬।
કોઈ કહે ભમર થકી નીચો ઠામ અભિનવો એ
ભ્રગુટીને ટોપચા બીચે રસભાવ સ્વકિયને હવો એ ।૪૭।
એહોના સુખડા તે રસિલા સ્પર્શી મનડું ભર્યુ એ
કોઈ કહે સ્વકિય સોહાગીણ નાર ત્યાંહાં ચુંબન કર્યું એ ।૪૮।
કોઈ ટોપચાને વરૂણી તે સહેરાયે ચપલ ગતિ એ
પલક ક્ષણુંઅન ઠેહેરાયે જોએ લીલા શુભમતિ એ ।૪૯।
નેત્રના ખુંણા લાલ બેહુ અભિનવા રાજે છે એ
સ્વેત શ્યામ ગોલ તારા સહિત નેત્રે છાજે છે એ ।૫૦।
કોઈ કહે નેત્ર કમલની ચપલતા હું કેમ કહું એ
કોઈ સરાહે પ્રિતમના કટાક્ષ બાણ સુખ લહું એ ।૫૧।

કોઈ કહે ચિત્તવની પ્રિય તણી સુરત સુઠાણ છે એ
કોઈ કહે નેત્ર ગંભીર ભર્યા રસ ખાણ છે એ ૧૫૨૧
મહા રસ પુર ચઢયા નેત્રે સુખ તણાં દાન છે એ
કટાક્ષ પરસ્પરે નિરખતા અભિનવા પાન છે એ ૧૫૩૧
કોઈ કહે નેત્ર મોટા અણીયાલા સુંદર રાજે છે એ
ચપલ ગતે અતિ ચાલતા માહારસ છાજે છે એ ૧૫૪૧
કોઈ કહે પ્રિય અવિલોકે ત્યારે બાણ લાગે ઘણાં એ
રસજુત ચંચલ ચાલે શું કહું સુખ તેહ તણાં એ ૧૫૫૧
કોઈ કહે નેત્ર રસિલા નિરખીને આરત ઘરે એ
રૂકમણીલાલ લડેતો છે સદ્ય આરત હરે એ ૧૫૬૧
કોઈ કહે પ્રિતમજીના ગલ સ્થલ સુખ નીધીએ
કોઈ કહે પરમ સકોમલ મારે છે એ રીધી એ ૧૫૭૧
કોઈ કહે ગલ સ્થલ સાર ગોલ શુભ્ર મન લહું એ
તેજ તણો નહી પાર સ્પર્શ સુખ કેમ કહું એ ૧૫૮૧
ગલ સ્થલ જોતે જગમતી લાલ ઝાઈ રાજે છે એ
કોઈ કહે હસતા ગલ સ્થલ પ્રિય સુખ છાજે છે એ ૧૫૯૧
કોઈ સહેરાયે નાસાતે અનુપમ સુખ ઘણું એ
મકરંદે રસ લે અપાર શું કહીયે નાસા તણું એ ૧૬૦૧
હાસ્ય સમેત ફુલે નાસા સુખદ સ્વરૂપ છે એ
તેજ પુંજ સચિકણ સારી નાસા તે અનુપ છે એ ૧૬૧૧
કોઈ નાસા રસવસ છે સૌરભ લે સદા એ
કોઈ કહે વિચિત્ર મનોહર નાસા સોહે તદા એ ૧૬૨૧
એણી પેરે ભકત હવેલી માંહાં સહેરાહે છે પ્રિતમે અંગ એ
ભગવદ વાત કરે છે મલીને બેઠા સંગ એ ૧૬૩૧
કોઈ કહે શ્રી અંગ કોમલ સુખદ સુભગ સોહે એ
કોઈ સમય પ્રિય અંગ રંગ હોઈ ભકત સમાજ મોહે એ ૧૬૪૧
કોઈ તે મોહોસર સહેરાયે છે ભરી અતિ રાજે છે એ
કોઈ કહે મોહોસર તણા સુખ અભિનવા ભ્રાજે છે એ ૧૬૫૧
કોઈ અધરને સરાહે અનુપમ શું કહું એ
લાલીમાં અધરની ચલકે સુખદ રસ મન લહું એ ૧૬૬૧
અધર તે અરૂણ ગહેરા જોઈ સખી ધીર ધરે કેમ રહે એ
પાન કરેવા અકુલાયે સ્વકિય કેહી પેરે કહે એ ૧૬૭૧
અધર પ્રિતમજીની ચલકે વાત રસે બોલતા એ
સુભગા પરસ્પરે કહે છે પ્રિય તણા સુખ ખોલતા એ ૧૬૮૧
કોઈ કહે પ્રિતમ સેજ બેઠા અધર સોહે ઘણું એ
પાન કરે સ્વકિય સુખ લહી શું કહું અધર તણું એ ૧૬૯૧

કોઈ સહેરાહે જીભ્યાની અલોલ અતિ રાજે છે એ
કલોલ કરતા શ્રીમુખ માંહે નીર્ત ભલી ભ્રાજે છે એ ૧૭૦૧
ગતિ ભેદસું પડે માન સંગ વાજીંત્ર દંતાવલીએ
નાના પ્રકારના શબ્દ મધુર ધુની તહાં મલી એ ૧૭૧૧
કોઈ કહે જીભ્યા ચલકે છે અરૂણ તે મૃદુલ સોહે એ
મલપતી શ્રી મુખ માંહે તે જોઈ સ્વકિય સહુ મોહે એ ૧૭૨૧
કોઈ કહે દંત પંગત્ય પ્રિય તણી તે સુખદ સદા એ
હસતા ચમકે અતિ ચારૂ અનુપમ એ તદા એ ૧૭૩૧
કોઈ કહે ઠોડી સુઠાણ્ય સ્વકિયનું નિજધામ છે એ
સ્પર્શતા અભિનવા સુખતે અનુપમ કામ છે એ ૧૭૪૧
ઠોડી રસાલી રસાલ વ્રજલાલ સહુ મન લહે એ
રસ તણું અનુપમ દ્વાર આપણું તે સ્વકિય કહે એ ૧૭૫૧
કોઈ કહે ઠોડી વિચિત્ર એહ મહા રસ અભિનવો એ
ઠોડીનો રસ તે અગાધ્ય એહવો કહી નવ હવો એ ૧૭૬૧
કોઈ કહે ચીબુક રસીલી વસીલી છે કેમ કહું એ
સુરતિ સમે રસદાન પાન કરેથી લહું એ ૧૭૭૧
સુભગા તણો રસ ઠામ કલસ એ રસે ભર્યો એ
સુજાતિ સ્વકિયના પુરે કામ ઠોડી એ રસ પ્રિય ધર્યો એ ૧૭૮૧
કોઈ કહે કર્ણ કોમલ તે પ્રિતમજીના રાજે છે એ
કોઈ કહે કર્ણ મધ્યવર્તી એણે સુખે ગાજે છે એ ૧૭૯૧
કોઈ કહે પ્રિય વલ્લભજીના કર્ણ પત્ર અભિનવા એ
જોતા તે પરમ મનોહર તેણે કરી સુખ હવા એ ૧૮૦૧
કોઈ કહે કન પટી કેશ ફર હરતા તે રાજે છે એ
તે કેશ પ્રિય લેઈ કર મધ્યે સુધારતા છાજે છે એ ૧૮૧૧
એમ ઘેર બેઠા ભકત સહેરાહે પ્રિતમના સુખડા લહે એ
હવે તે ગ્રીવા છે અનુપ અવ્યકત રસ તહાં વહે એ ૧૮૨૧
ગ્રીવા ગંભીર સ્વર રાજે મધુર તે સુખ ઘણું એ
એહવો ગ્રીવા રસ સાર શું કહીયે ગ્રીવા તણું એ ૧૮૩૧
ત્યાંહાં પહેરી છે માલા સુભગા વૃંદ તુલશી તે
અભિનવે એ જુવતીના જુથ અનેક એહવી કહી નવ હવી ઓ૧૮૪૧
રંગ અંગ ઉદ્યોતસું ઝલકે માલાગણ પહેર્યા સોહે એ
મનોદસું ચલકે અપાર માલા જોઈ મન મોહે એ ૧૮૫૧
કોઈ કહે માલા ગ્રીવા માંહાથી ફેરવે શ્રીકરે એ
સ્પર્શ દાન દેઈ અભિનવા સ્વકિયના મનડા હરે એ ૧૮૬૧
માલા મિસે પ્રિય સ્પર્શે છે રૂદેય તે કર રંગ એ
એણે મિસે કરી વાહાલો લે છે સુજાતિ સ્વકિય તે સંગ એ ૧૮૭૧

તે મન માંહાં અતિ હરખે ભાવ લહે પ્રિય તણો એ
દાન પાન રસ અભિનવો સોહે છે સ્નેહ ઘણો એ ।૮૮।
ભાગ્યવાન તે સોહાસણી પ્રિયજીએ ઉર ધરી એ
સ્પર્શ કરે છે સુખે બેઠા માલા તે ગ્રીવા સંગ વરી એ ।૮૯।
માલાનું ભાગ્ય જોઈને તે ભકત સહેરાહે ઘણું એ
અભિનવે રસે ઉર પાગી શું કહીયે માલા તણું એ ।૯૦।
કોઈ રૂદય તે સહેરાયે વિસાલ ઠોર મન રંજે એ
રંગ ભોમ અતિ સ્વચ્છ સુચ સોહે તેજ પુંજે એ ।૯૧।
અહીયે સ્વકિય સુજાતિ તણાં જુથ બહુ નવનવા એ
રૂદેય પર વિલસવા આવે એહવા કહી નવી હવા એ ।૯૨।
કોઈ કહે રૂદય તણી વાત મુખે કરી કેમ કહું એ
વિપ્રયોગ સમેતે સુરત કરી મન માંહા તે સુખ લહું એ ।૯૩।
રૂદય કમલ રમણીક અપાર સુખદ સોહે એ
ઝલકતુ પરમ રસાલ સ્વજાતિ સ્વરૂપ મોહે એ ।૯૪।
વિઠલજીના કુંવરનું રૂદેય તે કોમલ ઘણું એ
સ્વકિય તણો છે સોહાગ શું કહીયે રૂદય તણુંએ ।૯૫।
પ્રિતમ તણું રૂદય મારૂં સરવસ સાર રાજે એ
રસ તણું ધામ અનુપ એ સુખદ અપાર છાજે એ ।૯૬।
રૂદય પર કુચ ફુલ અભિનવા પ્રિય તણાં સાર છે એ
કોઈ કહે ફુલ એ સ્પર્શતા રસતે અપાર છે એ ।૯૭।
કોઈ કહે કુચ પર બીટડી રસ જુત શોભિયે એ
પ્રિતમજી તણા ઉર સુખ રૂપ જોઈ લોભિયે એ ।૯૮।
પ્રિય તણા કુચ છે રસાલા સ્વકિય મન માંહા લહે એ
તે રસ સુખ છે અવ્યકત ભકત મુખે કેમ કહે એ ।૯૯।
રૂદયનો લાંક રસાલ તાંહાં વાલ અનુપમ દિસે એ
પાર્વતી પતિ સાર જોઈ મનડું હિસે એ ।૧૦૦।
મારા પ્રિતમજીનું રૂદય સુંદર હું કેહી પેરે કહું એ
સ્પર્શતા અભિનવો રંગતે સુખ સખી મન લહું એ ।૧૦૧।
અનીરવચનીય રસ રૂપ રૂદેનો રસ અભિનવોએ
સાર તણું એ છે સાર એહવો રસ કહી નવ હવો એ ।૧૦૨।
કોઈ ખંભા તે સહેરાહે ચોરસ તે ચમકે ઘણું એ
કોઈ કહે પેચ પાંચ અનુપમ શું કહીયે ખંભા તણું એ ।૧૦૩।
બલવાન મહારસ સાર સ્વકિયની આરત હરે એ
એહ ખંભા સુખકારી રસિકાને રસે ભરે એ ।૧૦૪।
પ્રિતમજીના ખંભા હું સહેરાહું તે કેમ કરીએ
ચલકે ઉદ્યોત જોત ભારી એ રસ મન ધરીએ ।૧૦૫।

કોઈ કહે ખંભા ચટકીલા મટકીલા તે મન વસે એ
કોઈ કહે સુખ તણું ધામ ખંભાતે સુરતિ રસે એ ।૧૦૬।
કામ કલા છે પ્રવિણ નવિન રસ કેમ કહું એ
વિવિધી પ્રકાર સુરતિ સુખ અનુપમ મન લહું એ ।૧૦૭।
ખંભા સુર ધીરે બિરાજે પ્રિતમના ચપલ ઘણું એ
સ્વકિય સમાજ જોઈ રીઝે તે નવ મટકે અણું એ ।૧૦૮।
બાંહે રસિલી વસિલી એ મહારસ અભિનવો એ
પરમ ચતુર ચપલાતો એહવો રસ કહી નવ હવો એ ।૧૦૯।
બાંહે પ્રિતમ તણી અનુપમ ગતિ કલા ભેદ લહે એ
સ્નેહ ભર નાયકા વૃંદ વિલસે તહાં રસ વહે એ ।૧૧૦।
પેચ દિઘા અતિ ભારી સ્વકિયતે ન્યારી નવ કરે એ
સુભગા અકુલાયે સ્વાસોસ્વાસ પ્રિતમ એમ સ્નેહ ઘરે એ ।૧૧૧।
માંહેનો સ્વાદ છે મીઠો રસ દિઠો વલ્લભ તણો એ
કોઈ કહે તે અવ્યકત મધુર રસ લે છે ઘણો એ ।૧૧૨।
એહવા સુખદ ખંભા બાંહે કોહોણી તણા રાજે છે એ
કાંડા સુંદર છે સુઠાણ્ય અનુપમ ભ્રાજે છે એ ।૧૧૩।
હવે તે પ્રિતમજીના પોહોચલા સહેરાહે કોઈ ભકત રંગે એ
ભાગ્યવાન રસ સ્નેહસું ચુંબન તહાં કરે સંગે એ ।૧૧૪।
કોઈ કહે પહોચલા સાર પ્રિતમના સુઢાલ સોહે એ
અંગુલીદલ નખમણી જોઈ સ્વકિય વ્રજબાલ મોહે એ ।૧૧૫।
નખચંદ્ર જોત જલહલતી સુભગા કેહી પેરે કહે એ
લાલ સ્વેત ઝાંઈ ઝલમલે સ્વકિય મન માંહા લહે એ ।૧૧૬।
મારા પ્રિતમજીના નખમણી તે વિશાલ અતિ રાજે છે એ
કર તણાં દિસે છે સાર ભર્યા નખક્ષત સાજે છે એ ।૧૧૭।
નખચંદ્ર નખક્ષત દેવા સ્વકિય સંગ માતા છે એ
એણી પેરે રસ માંહાં તે પુરા નખ સ્વકિયને સોહતા છે એ ।૧૧૮।
કોઈ કહે પ્રિય નખક્ષત દેતા સુભગાને આનંદ ઘણો એ
અંગ ઉદબોધ અનંગ થાએ શું કહું રસ નખ તણો એ ।૧૧૯।
કોઈ કહે ચમકે છે મુદ્રિકા અંગુલી દલે મોહી રહયા એ
એહવો પોહચલો પ્રિય તણો સાર સુખ કેમ જાયે કહયાં એ ।૧૨૦।
મુદ્રિકા નંગ ઉદ્યોત જગત માંહાં ફેલી રહી એ
એહવું નંગ ચમકતુ સાર ભુતલ માંહાં તે નહી કહી એ ।૧૨૧।
મુદ્રિકા શ્યામ લાલ નંગ પીત બિરાજે છે એ
સ્વકિય તે જુએ ભલી ભાંતે મુદ્રિકા રસ ભ્રાજે છે એ ।૧૨૨।
કોઈ કહે કરતલ પ્રિતમના તે કોમલ ઘણું એ
કોઈ કહે સ્વેત ઝલમલતા શું કહીયે કરતલ તણું એ ।૧૨૩।

શોભા અપરમિ દિસે કરતલ તણાં મન મુદા એ
ક્ષણું ક્ષણું પ્રતે દાન અભિનવા આપે રસ સુખ સદાએ ।૧૨૪।
પ્રિય ભોજન કરી પોઢયા પછી ભકત હવેલી એ શોભિયે એ
સહેરાહે પ્રિતમ તણું શ્રી અંગ જોઈ જોઈ લોભિયે એ ।૧૨૫।
કોઈ કહે કરતલ મધ્યે રેખા વિચિત્ર તે રાજે છે એ
અનુરકત સહેરાયે એ રેખા ભકત સુખ કાજે છે એ ।૧૨૬।
કોઈ સહેરાયે કરતલની કાંત જગમગ કરે એ
કોઈ કહે પરમ સુભગાએ કરતલ જોતા મન હરે એ ।૧૨૭।
કોઈ કહે અનુપમ સાર કરતલ સુખ કેમ કહું એ
સાંભલો સ્વકિય તે સુજાણ કરતલ રસ સુરતે લહું એ ।૧૨૮।
કોઈ કહે પરમ સુલક્ષણ કરતલ રાજે છે એ
સ્પર્શતા અંગ સુખ થાયે કરકમલ સ્વકિય કાજે છે એ ।૧૨૯।
કોઈ કહે રૂકમણીલાલના કરતલ અભિનવા એ
કોઈ કહે મહારસ રૂપી એહવા કહી નવ હવા એ ।૧૩૦।
કોઈ કરતલ નિરખતા ચિત્તને તે આરત ઘણી એ
મનડુ સુરતિ ને અકુલાયે કરાંબુજ સોહે મહામણી એ ।૧૩૧।
ઉગ્ર પ્રતાપ છે અવ્યકત સુભગાને રસે તે રંજયા એ
લાવણ્ય લલીત મનોહર કરાંબુજે મન મંજયા એ ।૧૩૨।
સુરતે અંગ સ્પર્શ રસાલ પ્રિતમના કરતલ સોહે એ
સુજાતિ સ્વકિયને સુખ થાએ કરતલ જોઈ તે મોહે એ ।૧૩૩।
પ્રિય તણાં કરતલનો રંગ અવ્યકત કેહી પેરે કહું એ
હવે તે ઉદર અનુપમ રસ પ્રિતમ સુખ લહું એ ।૧૩૪।
કોઈ કહે ઉદર શોભા વાહાલો પોઢયા ત્યાંહાં અભિનવી એ
કોમલતા નહી પાર સુખદ જોત નવી હવી એ ।૧૩૫।
ઉદરે ઝાતકર ઝલમલતા જોઈ ધીરા ધીરજ કેમ ઘરે એ
સ્પર્શને સ્વકિય અકુલાયે રસ ભાવે પ્રિતમ વરે એ ।૧૩૬।
કોઈ કહે ઉપરેણો જનોઈ ઉદર પર લલકે સદાએ
આસપાસ રસ જુત ઉદર સોહે મન મુદા એ ।૧૩૭।
કોઈ કહે કરવટ લેઈ પોઢયા પીઠી ઘણું સોહે એ
ચાદર ઓઢી મિહિન મલમલ તણી મન મોહે એ ।૧૩૮।
કોઈ કહે ચાદર ભિતર શ્રીઅંગ ઝલમલ દિસે એ
કોઈ કહે તેહ સ્વરૂપ જોવા મન મારૂં હિસે એ ।૧૩૯।
રસ વસ થઈ અને તાદાત્મિક પ્રિય સંગ રંગ ઘરે એ
એણી પેરે ઉદર શોભા જોતા પ્રિતમજી મન હરે એ ।૧૪૦।
પીઠ રસિલી રસાલ વાહાલોજી પોઢયા રાજે એ
લાવણ્ય કહી કેમ જાએ નિતંબ રસ સુખ ભ્રાજે એ ।૧૪૧।

એણી પેરે ભકત રસાલ જે સ્નેહવાન ઘણું એ
ઘેર બેઠા વાત કરે અનુપમ શું કહીયે તેહ તણું એ ૧૪૨૧
કોઈ કહે મધ્યસ્થલ સાર પ્રિતમજીનું અભિનવું એ
એહવું ભુતો ન ભાવી મધ્ય સ્થલ અન્યત્ર કહી નવ હવુ એ ૧૪૩૧
કોઈ કહે સાર અપાર મુખે કરી કેમ કહું એ
મધ્ય સ્થલ છે રસરાસ સ્પર્શ સુખ સુરતે લહું એ ૧૪૪૧
કોઈ કહે મન અભિરામ કામ તે પુરણ કરે એ
કોઈ કહે ક્ષણું ક્ષણું માંહે એ રસ તે નવ ધરે એ ૧૪૫૧
કોઈ કહે જંઘા પ્રિતમ તણી અનુપ બિરાજે છે એ
રસ સમે સુર અપાર સ્વકિય તણે કાજે છે એ ૧૪૬૧
કોઈ કહે જંઘા વિચિત્ર મિત્ર તણી સુખભરી એ
વલ્લભજી સકુમાર તેહોને જુગ્મ જંઘા વરી એ ૧૪૭૧
કોઈ કહે જંઘા એ અનુપમ નાર છે પ્રિતમ તણી એ
પ્રિય તણો સ્નેહ તે લહીને સુભગા રસે અહી વણીએ ૧૪૮૧
મહા સુખ પુર છે સુર જંઘા સ્થલ સુભગ સોહે એ
કોઈ કહે રસના તરંગ વિવિધી જોઈ સ્વકિય મોહે એ ૧૪૯૧
ઘુંટણ જાનુ શોભા સખી અનુપમ મન લહે એ
તેજ પુંજ અતિ સાર રસ સુખ કેહી પેરે કહે એ ૧૫૦૧
કોઈ કહે જુગલજાનુ ભર્યા રસસું બિરાજે છે એ
કોઈ કહે સ્વકિય સમાજને કાજે તે છાજે છે એ ૧૫૧૧
કોઈ કહે પોઢયા પ્રિય રંગે જાનુ સોહે અભિનવા એ
સુરતિ સમે સુરધીર એહવા કહી નવ હવા એ ૧૫૨૧
ભકત રસાત્મિક રસ ભર્યા પ્રિતમને સરાહે છે એ
ઘેર બેઠા અનુપમ રૂપે સ્વકિયના મન ભરાયે છે એ ૧૫૩૧
કોઈ કહે એડી વિચિત્ર મનોહર રાજે છે એ
કોમલ સુખદ સુરંગ ભરી રસે ભ્રાજે છે એ ૧૫૪૧
કોઈ કહે ગોલ એડી છે જગમગતી સોહામણી એ
વિચિત્ર તે પરમ સુખ રૂપ સર્વને મોહામણી એ ૧૫૫૧
પાંહાંની જલહલતી સુખાલી ભકત જુએ છે તે મન રલી એ
ચમકે છે રસ ભર્યું સ્વરૂપ સ્વકિય નિરખે તે વલી એ ૧૫૬૧
ઢાંકણા પાટલી સુઢાલ ઉતંગ સુરંગ સોહે એ
તેજ પુંજ ઝલકે અપાર પ્રિય ચરણ જોઈ ભકત મોહે એ ૧૫૭૧
અંગુષ્ટક અંગુલીદલ અવ્યકત સુભગ રસ શોભિએ એ
નખમણી ચમકે અપાર સુખ રૂપ જોઈ લોભિએ એ ૧૫૮૧
ઝાંઈ ઝલમલતી ઉદ્યોત બિરાજે નખચંદ્ર સદા એ
ચરણ રંગ કાંત તે અનુપમ સેત સોહે આનંદ મુદા એ ૧૫૯૧

કોઈ કહે શ્રી ચરણાર્વિંદ તે રસ રૂપ છે એ
એણી પેરે ઘેર બેઠા સહેરાહે ભકત પ્રિતમતે અનુપમ છે એ ૧૧૬૦૧
વાહાલોજી પોઢયા છે રંગે સ્વકિય સંગ રસ વસે એ
પરમ ઉછાહે લડેતો પ્રિતમ સ્વકિય અંગ કસે એ ૧૧૬૧૧
એહવો શ્રી અંગ રસ સાર તે ભકત ઉર માંહાં ધરે એ
લહે છે ચતુરવર રાયે વલ્લભજી તે ચિત્ત હરે એ ૧૧૬૨૧
એણી પેરે ભકત સમાજ હવેલી મધ્ય રાજે સદા એ
ભગવદ ધર્મની ચર્ચા અનેક ચાલે તદા એ ૧૧૬૩૧
આરંદ્ર અતિ મન થાએ વિપ્રયોગ રસે રાતા એ
ભગવદ વાત અનુપ પ્રિય સ્વરૂપ રસે મન માતા એ ૧૧૬૪૧
જયાંહાં લગી થાએ ઉથાપન એમ ભકત સદા સોહે એ
ભગવદ્ વાત કરે છે શ્રી અંગ સુખ મન મોહે એ ૧૧૬૫૧
ભોજન કરી પોઢયા પછી ભકત ઘેર આવીયા એ
કરે છે પ્રિતમ તણી વાત એણી પેરે ભાવીયાં એ ૧૧૬૬૧
સ્નેહવાન રસે પુરા વલ્લભજી સું લગન છે એ
એણી ભાંતે સહેરાહે પ્રિય અંગ માંહાં મગ્ન છે એ ૧૧૬૭૧
પલકન અલગી તે થાયે હીલગની અવ્યકત છે એ
દસે દીશ પ્રિયને અવિલોકે તદાત્મિક ભકત છે એ ૧૧૬૮૧
જહાં જહાં પલકતે પસારે તહાં તહાં પ્રિતમને દેખે એ
સ્વરૂપના રસ માંહા સમાએ ત્યારે ભકત ભાગ્ય લેખે એ ૧૧૬૯૧
એમ તદાત્મિક દિસે ભગવદી તે સોહાગે ભર્યા એ
હવેલી માંહાં બેઠા કરે વાત એણે રસે કાજ સર્યા એ ૧૧૭૦૧
હવે ફુલ વિણવા જાસે ભગવદી તે આગલ કહું એ
શ્રી મુખે કરીય આજ્ઞા સાર અનુપમ મન લહું એ ૧૧૭૧૧
ઉષ્ણકાલ રિતુ ભલી રાજે ફુલ તણાં સુખ ઘણાં એ
વીણી લાવશે ભકત અવ્યકત શું કહીયે કુસુમ તણા એ ૧૧૭૨૧
ભોગી તેહના શ્રી વલ્લભજી મકરંદ રસ લે સદા એ
સ્વકિયે સલુણો સમાજ વીણી લાવે ફુલતદા એ ૧૧૭૩૧
તેહ પ્રકાર કહેશું આગલે માંગલ્યે ઘણું એ
એણી પેરે ભકત રસ હવેલી માંહાં શું કહું તેહ તણું એ ૧૧૭૪૧
ભોજન કરી પોઢયા પછી બે માંગલ્ય એ થયા એ
હવે ત્રીજા માંહાં કહેવાશે હવેલી બાગ સુખ લહયા એ ૧૧૭૫૧

ઈતિ શ્રી માંગલ્ય ૨૫ મું સંપૂર્ણમ્ સમાપ્તમ્
" શ્રી શુભમ્ શ્રી "

માંગલ્ય – ૨૬

શ્રી શ્રી શ્રી ખટરસ ભોકતા પરમ જીય વરજી જયતિ એ માંગલ્ય ૨૬ મું લખીયે છે, તે ગાવાને અનુકરણ, તે વચન જે "શ્રીમુખ આયુષ દિધુજી, વદન કમલ વિકસીત કિધુંજી" એણી ઢાલે ગવાશે તે લખીયે છે. એ માંગલ્ય મહા બાગનો પ્રસંગ લખાશે. તે એ માંગલ્ય લખીશે

ભકત હવેલીમાં અનુપમ રાજેજી
ભોજન કરી પોઢયા વાહાલો તે રંગેજી
હવે તે બાગનો પ્રસંગ કહું સારજી
ભકત રૂદે ભેદે ફુલ વીણસે એ સમયજી
આજ્ઞા કરી પ્રિતમજીએ ફુલ કરી ઉકતજી
વીણવા ફુલ સુખદ રસ સોહેજી
કોઈ અવકાશ લહી જાયે છે તે બાગેજી
કોઈ વલ્લભજીને વિનીયોગ લહી જાયેજી
કોઈ જાણે એણી વાતે પ્રસન્ન પ્રિય રાજેજી
તે રસ અનુભવને મન રંજેજી
એ સુખ લોભ્યા લોભાત્મિક જાએજી
પ્રિતમ ગાદી તકિયે બેઠા લાગીજી
એ રસે ગીધા બાગ માંહાં તે ચાલ્યાજી
મોદે અનેક જુથ બાગ માંહાં જાયેજી
જસ બહુ પેરે વલ્લભજીનો સોહેજી
કોઈ ગાન કરતા ચાલે અતિ રંગેજી
કોઈ કવિત ભણે રસ માતાજી
કોઈ પાસે ગગરા જલ તણાં રાજેજી
કોઈ લાવ્યા ગુલાબ પાક સુખકારીજી
કોઈ પાસે પણાં તણાં તે ડબલા ભર્યાજી
કોઈ એ પણાં કર્યા ગુલાબ પાક મિશ્રી તણાંઅજી
તે છાની છાની ડબલા ભર્યા રાજેજી
એણી પેરે શીતલ પણો ઘણું થાયેજી
તે ડબલા લેઈ સાથે સહુ ચાલેજી
ભગવદી સહુ એમ બાગ માંહાં જાએજી
સાજતે વિવિધી પ્રકારે લે છે ભકતજી
કોઈકને એલચી લવીંગ તે સોહેજી
ચીનીક બાવાને આંબલા કે લાવેજી
એ ઉપયોગ થાશે સહુ બાગજી
કોઈ ભગવદી અને લેવરાવશે તે રંગેજી
કોઈ પ્રિય ને આરોગાવે સુખ દેણજી

પાછલે માંગલ્યે કહયું તે સુખ છાજેજી ૧૧
ત્યાર પુઠીયે ત્રીજુ માંગલ્ય કહું સંગેજી ૧૨
ત્યાંહા રસ શોભિસે અપરંપારજી ૧૩
જાસે બાગ માંહાં અનુરકત મન ગમયજી ૧૪
તે લહી જાસે ભકત રસ જુકતજી ૧૫
વલ્લભજીનો આજ્ઞા થકી સહુ મોહેજી ૧૬
ફરી આવી શ્રી મુખ જોયું એણે લાગેજી ૧૭
વિણવા ફુલતે બહુ સુખ થાયેજી ૧૮
ફુલ વિણવા આવે બેઠક વાહાલો ભ્રાજેજી ૧૯
સભા પુરી બેઠા છે પ્રિતમ તેજ પુંજેજી ૧૦૦
ફરી આવી છાબે બેસે મન ભાયેજી ૧૧૧
સ્વરૂપ જોઈ એ છાબ બેઠા મન પાગીજી ૧૨૨
મલતી પાંતે અનુપમ મહાલ્યાજી ૧૩૩
પેડા માંહાં ભગવદ વારતા તે થાયેજી ૧૪૪
એમ ભકત બાગ માંહાં જાતા મન મોહેજી ૧૫૫
સ્વર મધુરા તે અનુપમ અંગેજી ૧૬૬
તેહ લહે વલ્લભજી સુજ્ઞાતાજી ૧૭૭
કોઈકને બીડા અપરમિત ભ્રજેજી ૧૮૮
કોઈકને મિશ્રી અપરમિત ભારીજી ૧૯૯
માંહે કપુર સુવાસ બહુ ઘર્યાજી ૨૦૦
ચીની ખાંડના પણાં તે ઘણાંઅજી ૨૧૧
ભિંજવી વસ્ત્ર લપેટયા તે છાજેજી ૨૨૨
ભકતે એમ કર્યા વાત્સલ્ય હરખ ન માયેજી ૨૩૩
ઘેર ઘરથી સ્વકિય સોહાગ ભર્યા મહાલેજી ૨૪૪
જુથ આપાપણા એકઠા તે થાયેજી ૨૫૫
વાહાલાજીને રસ સુખ દેવા અવ્યકતજી ૨૬૬
કોઈ લાવે બીડી સોપારી મન મોહેજી ૨૭૭
તે પ્રિતમજીને મન અતિ ભાવેજી ૨૮૮
જેહને મલશે તે જેહવો લાગજી ૨૯૯
પણાંને બીડા તે અનુપમ સંગેજી ૩૦૦
સ્ને વાત્સલ્ય ભર્યા અનુપમ નયણજી ૩૧૧

કોઈએ શ્રૃંગાર કર્યા તે અનુપજી
સાડી ચોલી અભિનવી ચમકેજી
ભુષણ અંગઅંગ પહેર્યા અતિ સારજી
ટીકી બહુ ભાંત ભાંત તણી રાજેજી
કોઈએ કર્યા તિલક કેસર તણાં ઉકતજી
કોઈસું સંકેત કર્યો છે પ્રિય રંગેજી
તેહને છે અંગ અંગ ઉલટ અપારજી
જેહો સંગ કર્યો પ્રિય સંકેત રસ રૂપજી
ભકત એણીપેરે બાગમધ્યે સહુ જાયેજી
જુથ આપાપણે ઘણું સહુ રંજેજી
તે સુખ જોઈ મન હરખેજી
ગુણ તે વલ્લભજીના સહુ ગાયેજી
કોઈ ગાન કરતા મધુર સ્વર રાજેજી
કોઈ છપે કુંડલીયાને દુહા કહેજી
કોઈ કહે ભગવદ વાત અનુપજી
અનુભવી પ્રિતસું જે જે કરીયોજી
પ્રકૃત્તિ વલ્લભજીની અનુપમ રાજેજી
સુખ સિંધુ ઉલટયો તરંગ રસ રાસજી
એણી પેરે ફુલ વીણે ભકત અનુરકતજી
તે સુખ કહેતાં કેહી પેરે જાયેજી
પ્રથમ લાવ્યા પણાં બીડા સુખ સારજી
તે સહુ વિનીયોગ હવે અહી કરેયજી
શ્રી અંગ ઉપયોગી જાણીને તેહજી
શોભા તે અનુપમ દિસે સારીજી
પ્રિયનો વિપ્રયોગ લેહી કોઈ દુઃખ ધરેયજી
સંગમ રસ અભિલાખ મન માગેજી
બાગ માંહાં પધારસે પ્રિતમ સુખ છાજેજી
છાના રહયા છે તે કો નવ જાણેજી
વાત્સલ્ય સ્નેહ કર્યું સહુ સિધ્ધજી
ઉષ્ણકાલે સામગ્રી જે ઉપયોગજી
કેલ તણાં પાતની સેજયાજે બિછાવીજી
ગુલાબ ચમેલીના જલતે અનુપજી
માહે સુગંધ તણો નહી પારજી
જે કોઈ વીણે છે ફુલ બાગ માંહાંજી
કોઈ એક ભાવાપંન એણે રસે રાતાજી
એણી પેરે બાગ તણો રસ રાજેજી
હવે તે વાહાલોજી પધારે છે રંગેજી

બાગ માંહા જાવા કારણ સુખ રૂપજી ૧૩૨૧
ચોટીએ ગોફણ ઘુંઘરા ધમકેજી ૧૩૩૧
બેસતા સોહે છે અનંત અપારજી ૧૩૪૧
અંજન નેત્રે ભર્યા પ્રિય કાજેજી ૧૩૫૧
ભકતના ચમકે મુખડા રસ જુકતજી ૧૩૬૧
કરશે કેલી બાગ માંહાં તે સંગેજી ૧૩૭૧
તે વચને કેમ કહું સુખ સારજી ૧૩૮૧
તેહનું ભાગ્ય સોહે છે અનુપજી ૧૩૯૧
ત્યાંહાં રસ અનુપમ કૌતિક થાયેજી ૧૪૦૧
ફુલ વિણતા દિસે તેજ પુંજેજી ૧૪૧૧
બાગ માંહા સ્વરૂપામૃત મેહ વરસેજી ૧૪૨૧
હૈયડા માંહા હુલાસ ન માયેજી ૧૪૩૧
ભણતા કવિત કોહોના સુખ છાજેજી ૧૪૪૧
પરસ્પરે સાંભલે છે પ્રિય રસ લહેજી ૧૪૫૧
એકાંત બેઠા છે તે રસ રૂપજી ૧૪૬૧
તે ફરી પાન કરે ચિત્ત ધરીયોજી ૧૪૭૧
સ્વકિય કહેતા તદાત્મિક રસ રીતે છાજેજી ૧૪૮૧
ત્યાંહા અંતર રમણે વાહાલોજી તે પાસજી ૧૪૯૧
મોદ આનંદ વાધ્યો તે અવ્યકતજી ૧૫૦૧
નિરખતા ભકત રસ નેત્ર માંહા સમાયેજી ૧૫૧૧
મિઠાઈ તણા સામગ્રી તે અપારજી ૧૫૨૧
પરસ્પર ભકતના મુખ માંહાં ધરેયજી ૧૫૩૧
સ્નેહ ભર્યા કરે વાત્સલ્ય સુખ એહજી ૧૫૪૧
અવિલોકતા પરસ્પરે રસ ભારીજી ૧૫૫૧
તે પ્રિતમજીની પ્રાર્થના કરેયજી ૧૫૬૧
તેની આરતે વાહાલો નિંદ્રા માંહાથી જાગેજી ૧૫૭૧
સંકેત કર્યો છે ત્યાંહા સ્નેહવાન રાજેજી ૧૫૮૧
સામગ્રી ફુલ બાગમા બહુ આણીજી ૧૫૯૧
પધારસે શ્રી વલ્લભજી રસ નિધ્ધજી ૧૬૦૧
શ્રી અંગ આવે સુખદ રસ ભોગજી ૧૬૧૧
ત્યાંહાં ચંદન અરગજો મન ભાવીજી ૧૬૨૧
આરોગવા પણાં મિશ્રીના સુખ રૂપજી ૧૬૩૧
કરશે ભોગ પ્રિતમજી તે સારજી ૧૬૪૧
તે નવ જાણે એ સ્થલ રચ્યો કયાંહાંજી ૧૬૫૧
તેહ લહે છે અનુભવ સુખે માતાજી ૧૬૬૧
વીણે ફુલતે સુખ બહુ છાજેજી ૧૬૭૧
બાગ ભણી ચાલે પ્રિય ખવાસ છે સંગેજી ૧૬૮૧

ભિંતરનો પેંડો બાગનો સોહેજી
સ્વરૂપ સલુણુ તે સુંદર દિસેજી
ધોતી ઉપરેણો સ્વેત પહેર્યો તે રાજેજી
કર મધ્યે મુદ્રિકા જોત અનુપજી
ભાલે તિલક સોહે રસ રાસજી
કેશ ફરહરતા તે સુંદર લાગેજી
કર્ણ મધ્યે કુંડલ અનુપમ ઝલકેજી
ભોંહ કટીલી મટીલી એ દિસેજી
નેત્ર અલોલ ગતે ભરપુર
બાગ બિહાર રમણ સુખ રૂપજી
નાસા આનંદે ફુલી છે અવ્યકતજી
અધર લાલ રસે રસ રંજયોજી
ઠોડી ગ્રીવાને રૂદે એ સુખ સોહેજી
એહ માંહાં ભર્યો છે માહારસ રાજેજી
એણી પેરે કુચ તણો રસ અભિલાખ્યોજી
નાભી ઉદર ઝલકતું ત્યાંહાં રાજેજી
પ્રષ્ટ ભાગે પ્રનાલ સોહે છે અવ્યકતજી
શ્રી ચરણે પનહી સકોમલ સોહેજી
ચાલ લટકતી અનુપમ ચાલેજી
પ્રિયનો પેંડો જુએ સ્વકિય સારજી
પ્રિતમજી પધારે જાણે રસ તણી રેલજી
ત્યાંહાં પધારે શ્રી ગોકુલ ભુપજી
સ્વકિયે શ્રી ચરણે સ્પર્શ કર્યો સારજી
અમૃત વેલ લપટાણાં તે રાજેજી
ઉભય સ્વરૂપે મનડા તે હરખેજી
તે રસ સુખ કહયાં કેહી પેરે જાયેજી
સ્નેહ વાત્સલ્ય કર્યા શીતલતા અનુપજી
સ્વકિય મન હરખ વાત્સલ્ય બહુ કરેઅજી
ભોગ રાગ રસ રંગ અપારજી
તે રસ ઉદબોધ વચને કેમ કહેયજી
જે કો ફુલ વીણે છે બાગ માંહાં સુરંગજી
એણી પેરે બાગ વિહાર રસ રાજેજી
સ્વકિય જે સલુણા પ્રિતમજીને પાસેજી
એહોના ભાગ્યતણું શું કહીયેજી
જે જે સમગ્રી પ્રથમ અહી ધરીયજી
ફુલતે અનંત પ્રકારના અભિનવાજી
તે આરોગાવે છે સ્વકિય મન રંગજી

તેણી ઓટે પધારતા થઈ મન મોહેજી ૧૬૯૧
પ્રિતમને જોઈ જોઈ તે હિસેજી ૧૭૦૧
શ્રી કંઠ તુલશી ગુંજા માલા ભ્રાજેજી ૧૭૧૧
ચમકે છે પરમ સુંદર સુખ રૂપજી ૧૭૨૧
નિરખતાં સંકેત સ્વકિય મોહો સે પાસજી ૧૭૩૧
શીષ મુડાસો જોઈ મન પાગેજી ૧૭૪૧
બાગમાંહાં પધારે છે શ્રી અંગ તે ચલકેજી ૧૭૫૧
તેજ તિક્ષ જોઈ મન હિસેજી ૧૭૬૧
ઉફણ્યો છે રસ તે અનુપમ સુરજી ૧૭૭૧
પધારે છે સ્વકિયને ગોકુલભુપજી ૧૭૮૧
ગલસ્થલ તણો રસ લેસે તે ભકતજી ૧૭૯૧
ઝલકતો સ્વકિય સુભગા એ તે છે મંજયોજી ૧૮૦૧
રસ ભર્યા કુચ સ્થલ જોઈ સ્વકિય મોહેજી ૧૮૧૧
કામ કેલી ઉદબોધ સુધા રસ સાજેજી ૧૮૨૧
પ્રિતમ સંગ માહારસ ચાખ્યોજી ૧૮૩૧
કરી નિતંબ મધ્ય સ્થલ સુખ ભ્રાજેજી ૧૮૪૧
નિરખસે જંઘા ઘુંટણ જાનુ સંકેત ભુકતજી ૧૮૫૧
એડીનો રંગ જોઈ મન મોહેજી ૧૮૬૧
સંકેત કુંજ ભણી મનડુ તે માહાલેજી ૧૮૭૧
ધરીય છે સામગ્રી ત્યાંહાં અનંત અપારજી ૧૮૮૧
સંકેત કુંજે બેઠા છે અમૃત વેલજી ૧૮૯૧
પરસ્પરે નિરખે તે અનુપજી ૧૯૦૧
ત્યારે પ્રિય અંગ સ્પર્શે છે અપારજી ૧૯૧૧
શ્રી અંગ સંગ સુખરસ છાજેજી ૧૯૨૧
પ્રિયજી રમણ રસ મેહ ત્યાંહાં વરસેજી ૧૯૩૧
કેલ્યની સેજે પધરાવ્યા મન ભાયેજી ૧૯૪૧
બેઠા રમણ કુંજે વલ્લભજી રસ રૂપજી ૧૯૫૧
રસની સામગ્રી પ્રિય આગલ તે ધરેયજી ૧૯૬૧
સમર્પે વાહાલાજીને સ્વકિય રસ સારજી ૧૯૭૧
અનુભવ સાધ્ય જેહને તેહ એ લહેયજી ૧૯૮૧
તે નવ જાણે જે અહીં પ્રિય તણો સંગજી ૧૯૯૧
વાહાલોજી સંકેત કુંજ બેઠા ભ્રાજેજી ૧૧૦૦૧
તે સોહાયે છે પરમ રસ રાસેજી ૧૧૦૧૧
પ્રિય તણી કૃપા બલે એ રસ લહીયેજી ૧૧૦૨૧
વિનિયોગ પ્રિતમજીને અંગે કરીયજી ૧૧૦૩૧
એહવા ભુતો ન ભાવી કહી હવાજી ૧૧૦૪૧
સોહે અમૃતવેલ પ્રિતમ અંગ સંગજી ૧૧૦૫૧

એણી પેરે બાગ રમણ રસ રૂપજી
કરે કેલી કુંજ માંહાં રસ તે અપારજી
તયાંહાં પક્ષી શબ્દ મનોહર બોલેજી
પ્રિતમજી રસ રેલ અહીંય કરેયજી
શ્રમ તણાં ઉષ્ણતા અનુપમ જાણીજી
તેમ ફરી વાહાલોજી છીરકે રસ રોલજી
બીડા આરોગાવે છે તે પ્રિય રૂચીકારીજી
કરે હાસ્ય વિલાશ ઉદ્બોધ રસ રાજેજી
પરસ્પરે સ્વરૂપ જુએ મન રંગજી
જે કોઈ ભકત બાગ માંહા અનુપજી
તેહો તણો સ્નેહ રૂચીર રસ રાસજી
પ્રિતમજી બેઠા છે કુંજ તે અમોલ્યજી
સ્વકિય કને આજ્ઞા માગે વાહાલોજી ઉકતજી
ચંદન અરગજો પ્રિયને પહેરાવેજી
આરત હરણ તે આરતિ કરેયજી
શુભ ગંધાક્ષત ભાલે દેઈ વધાવે રંગેજી
કરી ઈડી પીંડી તે અનુપજી
પ્રિય પર ફુલ વધાવ્યા છે રંગ સોહેજી
સુવાસ અનુપમ અંગ અંગ પ્રતે રાજેજી
આરતિની જોત ઉગ્ર જલમલ દિસેજી
આરતિ કરી પહોચ્યા સ્વકિય રસ રૂપજી
વાહાલોજી શીષ ઉઠાવે છે રંગેજી
સાત્વિક ભાવે ઉભય સ્વરૂપે ભરી આવ્યાંજી
એણી પેરે શીષ ઉઠાવ્યું પ્રિય ઉકતજી
આપે પ્રિતમજી અધરામૃત તે અમોલ્યજી
શ્રી કંઠેથી તુલશી માલા અનુપજી
એણી પેરે બાગ કુંજ રસ ધામજી
નીત પ્રતે સદા એમ કુંજ વિહારીજી
હવે પ્રિતમજી અહી થકી ઉઠેજી
સૌરભ સિંધુ સુવાસનો ત્યાંહાં ફેલ્યોજી
સલુણી શું કરે છે વિદાયે વાહાલો રંગેજી
તે પ્રિતમે નિરખ્યું રસ સોહેજી
એ રસે ગીધા દિધા બહું દાનજી
હવે પ્રિય લટક લડેતો મહારાજજી
સલુણી નિરખે પુંઠ વાહાલજીની અનુપજી
ખવાસજી ઘરે ઉત્સાહ પ્રિય અનુકુલજી
એણી પેરે પોહોતા ફુલને બાગેજી

વિલસે છે શ્રી ગોકુલ સુખ ભુપજી ।૧૦૬।
મધુરો પવન આવે સુખ સારજી ।૧૦૭।
કરે રસ ઉદ્બોધ નહી કોઈ તોલેજી ।૧૦૮।
સલુણી સ્વકિયને અભે સુખ ભરેયજી ।૧૦૯।
સ્વકિય છીરકે છે ગુલાબ ચમેલીનુ પાણીજી ।૧૧૦।
કુંજ માંહા બેઠા પ્રિય કરે છે કલોલજી ।૧૧૧।
પરસ્પરે રંગ મચ્યો અતિ ભારીજી ।૧૧૨।
અવ્યકત વચન બોલે મધુરાતે છાજેજી ।૧૧૩।
સ્વકિય બેઠા કુંજ માંહાં પ્રિતમ સંગેજી ।૧૧૪।
વીણે છે ફુલ આરત સુખ રૂપજી ।૧૧૫।
વાહાલોજી પધારસે તેહો તણે પાસજી ।૧૧૬।
એ સુખતે બીજુ નહી કાંઈ તોલ્યજી ।૧૧૭।
ત્યાંહાં સલુણી કરે અનુપમ જુકતજી ।૧૧૮।
શીતલતા અર્થે બહું પેરે ભાવેજી ।૧૧૯।
તિલક કરીયને બીડા શ્રી હસ્ત માંહાં ધરેયજી ।૧૨૦।
આનંદ પ્રમોદ ઉલટીયા સ્વકિય અંગેજી ।૧૨૧।
ચાહારે દીશા વારી પ્રિય સુખ રૂપજી ।૧૨૨।
સ્નેહ વાત્સલ્ય જોઈ સલુણીના પ્રિતમ મોહેજી ।૧૨૩।
એહવો રસ કુંજ મધ્યે પ્રિયા કને ભ્રાજેજી ।૧૨૪।
ઝાંઈ શ્રીમુખ પર જોઈ મન હિસેજી ।૧૨૫।
શ્રી ચરણે નમન કર્યા સ્નેહ અનુપજી ।૧૨૬।
શ્રી હસ્ત મસ્તક ધરે છે તે સંગેજી ।૧૨૭।
અંગ અંગ પ્રસ્વેદ અનુપમસું ભાવ્યાજી ।૧૨૮।
ચુંબન કરે છે વાહાલો તે રસ જુકતજી ।૧૨૯।
એ રસ સમાન બીજુ નહી કાંઈ તોલ્યજી ।૧૩૦।
આપે છે સ્વકિયને શ્રી ગોકુલભુપજી ।૧૩૧।
પુરણ કરે પ્રિય સલુણીના કામજી ।૧૩૨।
ઉષ્ણકાલે હોએ તે અનુપમ સારજી ।૧૩૩।
લાવણ્ય સહિત ઘટા ઘન વુઠેજી ।૧૩૪।
અંગ અમોદ શ્રી વલભજીનો છેલ્યોજી ।૧૩૫।
સ્વકિય તણાં નેત્ર ભરી આવ્યા તે સંગેજી ।૧૩૬।
સલુણીનું સ્કંધ સ્થાપી મન મોહેજી ।૧૩૭।
પરસ્પરે અવિલોકની સુખ પાનજી ।૧૩૮।
પઉંધારે છે ફુલવિણવાને કાજજી ।૧૩૯।
ચંચલ ચાલે પ્રિતમ સુખ રૂપજી ।૧૪૦।
જાણે છે રસ તણું એ માંહં મુલજી ।૧૪૧।
ત્યાંહાં રસ નૌતન અભિનવા લાગેજી ।૧૪૨।

વાહાલાજીને નિરખી આનંદયા ભકત વૃંદજી	પ્રિતમ હસે મુસકની સોહે મંદજી	૧૪૩૧
રસ અનુભવીયો જે કુંજ માંહાં અનુપજી	તે રસ સુરતિ આવે સુખ રૂપજી	૧૪૪૧
હવે વાહાલે કરંડીયો બાંધ્યો તે સોહે સારજી	વીણે ફુલતે અપરંપારજી	૧૪૫૧
કાચી પાકી કલી ચુંટે પ્રિતમ રંગેજી	વાહાલાજીને શ્રી અંગ અનંગ સહે સંગેજી	૧૪૬૧
રસ વસ થકાં પ્રિય કાંઈ નવ લહેયજી	સ્વકિય સમાજ બહુ હાંસી ત્યાંહાં કહેયજી	૧૪૭૧
એ સુણી વાહાલોજી મન રીજેજી	તેણે કરી ભકતના કાજતે સીજેજી	૧૪૮૧
જેહનો સમંધ જેણી પેરે રાજેજી	તેહની હાંસી સુખદ તેહવી છાજેજી	૧૪૯૧
એક કહું ફુલવીણે સુખ રાસજી	ખેલાવા આવ્યા છે શું અમ પાસજી	૧૫૦૧
કોઈ કહે કપટ વિદ્યા તમો મુકોજી	એણી વાતે પ્રિતમ તમો ઘણું ચુકોજી	૧૫૧૧
કોઈ કહે ઠગવા આવ્યા છો શું અમનેજી	વીણો ફુલ હું કહું છું તે તમનેજી	૧૫૨૧
કોઈ કહે અમને અપરમિત દિસેજી	વિલસ્યા છો કહી ચિન્હ જોઈ મન હિસેજી	૧૫૩૧
કોઈ કહે આ શું સુંદર રાજેજી	ચંદન પહેર્યું કહી રસ છાજેજી	૧૫૪૧
કોઈ કહે મિત્ર ચરિત્ર છે મહેમંતજી	એહોનો કોએ ન જાણે રસ અંતજી	૧૫૫૧
કોઈ કહે વલ્લભજી રસ દાતાજી	વીણે છે ફુલ માંહા સુખે માતાજી	૧૫૬૧
કોઈકહે ચતુર ચપલ ચિત્ત ચોરજી	એહો તણો સ્નેહ નિર્વાહ આદિ ઓરજી	૧૫૭૧
કોઈ કહે સુખ નીધી રસ ભરપુરજી	સ્વકિય સલુણીના કરે પ્રિય દુઃખ ચુરજી	૧૫૮૧
સુભગાનો સ્નેહ જોઈ વાહાલો અતિ હરખેજી	યુવતિ વૃંદ પ્રિતમ સુખ નિરખેજી	૧૫૯૧
એક કહે ચરિત્ર તમારા જે વિચિત્રજી	જઈ અને હું કહીશ વહુજીને તે મિત્રજી	૧૬૦૧
તે માટે તમો નવ અડકસો અમનેજી	કહીયે છે જે વિકલકુંવર તમનેજી	૧૬૧૧
તે સુણી પ્રિતમજીને મન રંગજી	અગ અંગ તે વાધ્યો અનંગજી	૧૬૨૧
કોઈ કહે સુખનિધી માહા રસ રૂપજી	વિલસ્યા અંગ પ્રતે અંગ રસ કુપજી	૧૬૩૧
કોઈ આપે ફુલ પ્રિતમ તણે હાથજી	ખોભલા ભરે કર સ્પર્શે તે નાથજી	૧૬૪૧
સ્પર્શ તણાં સુખ અનુપમ લાગેજી	સ્વકિય સુભગાના અંગ પ્રિય રસે પાગેજી	૧૬૫૧
કોઈ નેત્રે કરી પ્રિયને ત્યાંહાં હટકેજી	ત્યારે તેસું સેન કરી અંગુલી ચટકેજી	૧૬૬૧
એકાંત કુંજ પધારવાને રસ કાજજી	તેહવા મીઠા ચરિત્ર કરે છે તે મહારાજજી	૧૬૭૧
કોઈને કાચી કલી મારે છે પ્રિતમ રંગેજી	સ્વકિયને અનુપમ ઉર લાગે અંગેજી	૧૬૮૧
ફુલ વીણી પ્રિતમનો કંડીઓ તે ભરેઅજી	ભકતના મનડા વાહાલોજી ત્યારે હરેયજી	૧૬૯૧
કોઈ તે વાત્સલ્ય કરે પ્રિયનું અનુપજી	પધરાવે પ્રિતમને એકાંતે સુખ રૂપજી	૧૭૦૧
આરોગાવે પણો ગુલાબ પાક સુખ ઉકતજી	તે જાણે બહુ રસ તણી જુકતજી	૧૭૧૧
બીડા સમર્પે છે પ્રિયને રસ રીતેજી	સ્નેહ અનુપમ દિસે અભિનવી પ્રિતેજી	૧૭૨૧
અવિલાકે પરસ્પરે તે રંગેજી	વાહાલોજી સ્પર્શે છે સ્વકિયને રસ અંગેજી	૧૭૩૧
એ સુખ પાન કરી ઉઠી પ્રિય ચાલ્યાજી	વીણવા ફુલ શ્રી વલ્લભજી તે મહાલ્યાજી	૧૭૪૧
નેત્ર ચપલ ચાલે ચોહોદીશ રસાલજી	વીણે છે ફુલ જયાંહાં સુભગા વ્રજબાલજી	૧૭૫૧
ટોક વચન કહે પ્રિય રસ રાસજી	તે સુણી સ્વકિય અંગ વાધી રસ આસજી	૧૭૬૧
ક્ષણું પ્રિય દુકી અને નીવારા માહા બેસેજી	જેને સેન કરી તે ત્યાંહાં પેસેજી	૧૭૭૧
રસ કૌતિક બહુ પેરે કરેજી	સ્વકિય તણી આરતી પ્રિતમ તે હરેઅજી	૧૭૮૧
કોઈ કહે વાહાલોજી કહી ગયા રસ રંગનેજી	કોઈયે લહયા છે દુકી બેઠા સ્વકિય સંગનેજી	૧૭૯૧
કોઈ ગાન કરે છે મધુર રસ રાસજી	પ્રિતમજીને રીઝવી આણે તે પોતા પાસજી	૧૮૦૧

શ્રી અંગ શ્રમિત તે સુંદર લાગેજી	સ્વકિય નિરખે છે પ્રિય અંગે મન પાગેજી	૧૧૮૧
નીવારા માંહા પેસે જયારે પ્રિતમ રંગેજી	ઉપરેણો ફાટયો છે ત્યારે તે ત્યાંહાં સંગેજી	૧૧૮૨
સ્વકિય સહુકો હાંસી કરતા મન મોહેજી	સામા ઉભા છે લાલ રૂક્ષમણી સોહેજી	૧૧૮૩
કોઈ કહે ધિર પ્રવિણ ગંભીરજી	સાભલો શોભાજી તણો વીરજી	૧૧૮૪
પાર્વતી વહુજીએ જો જાણશેજી	તો તમને તે ઘણુંઅ વખાણશેજી	૧૧૮૫
ત્યારે શ્રી વલ્લભજી અતિ મુસકાયેજી	અંગ અંગ બહુ પેરે સટપપ્યા જાએજી	૧૧૮૬
વહુજીનો પ્રતાપ ડરતે ઘણું રાજેજી	તેણે રસે સોચ કરે પ્રિય સુખ ભ્રાજેજી	૧૧૮૭
એક કહે સટપટી ગયા શું મહારાજજી	જે કાંઈ કહેશોતે કરસું અમો કાજજી	૧૧૮૮
એમ કહી ધીરવે સ્વકિય તે સું જાણજી	જેહોની રાખે પ્રિતમ ઘણું કાણજી	૧૧૮૯
એ શ્રી વિઠલજી તણો લાલજી	ફુલ વીણે છે શ્રી ગોકુલપાલજી	૧૧૯૦
એણી પેરે થાયે છે બાગ માંહાં રંગ રોલજી	સ્વકિય વૃંદ કરે પ્રિય સંગ તે કલોલજી	૧૧૯૧
કોઈ કહે પ્રવિણ છો સ્નેહભર નાથજી	બાંધ્યા છે મન અમારા તમો હાથજી	૧૧૯૨
સંબંધ બલે એહવી હાંસી તે કહેયજી	બીજુ કોઈએ રસને તે નવ લહેજી	૧૧૯૩
સ્વકિય વૃંદ ઘેરી રહયાં પ્રિયને ચોહો ઓરજી	કોઈ કહે પ્રથમ તમો વાહાલાનો કરો સોરજી	૧૧૯૪
પ્રિય નવ જાણે એ વાત તણો મર્મજી	જેણી પેરે બોલે સ્વકિય વૃંદ ગર્ભજી	૧૧૯૫
બાગ માંહા બહુ પેરે રંગ રસ ફેલ્યોજી	કવિત દુહા તણો રસ અતિ છેલ્યોજી	૧૧૯૬
તે સુણતાં પ્રિય પ્રસન્ન તે થાયેજી	હૈયડા માંહે હુલાસ નવ માયેજી	૧૧૯૭
હાંસી કરે પ્રિતમજીની તે અમોલ્યજી	તેહને કોહોની કરૂં હું સમતોલજી	૧૧૯૮
જે પર રાખે વાહાલો હેજ અપારજી	વીણી આપે પ્રિય ફુલ તેને અતિ સારજી	૧૧૯૯
જેણે મીસે સ્પર્શ કરે અનુકુલજી	જાણે વાહાલો સંબંધ તણું તે માહામુલજી	૧૨૦૦
કેહોને મુઠી ભરી આપે પ્રિતમ ફુલ ઉકતજી	છોડેતો ખાલી મુઠી સોહે રસ જુકતજી	૧૨૦૧
એણી પેરે સ્વકિયને પ્રિય રંગેજી	ત્યારે અનુરકત ભકત હાંસી કરે સંગેજી	૧૨૦૨
કોઈ જલપાન કરાવે પ્રિયને રસ પુરજી	જે છે સ્નેહવાન અતિ સુરજી	૧૨૦૩
પરસ્પરે વસ્ત્ર નીવારે હી લગાવેજી	ઉનમત રસ પ્રિતમજીને ભાવેજી	૧૨૦૪
બાગ મધ્યે વીણે ફુલસહુ સંગેજી	અનુપમ ઉલટયો મોદતે શ્રી અંગેજી	૧૨૦૫
સ્વરૂપ અવ્કત ભકત આંહાં નિરખેજી	અંગ પ્રત્યંગ વાહાલાજીના જોઈ હરખેજી	૧૨૦૬
શીષ મુડાસો સિથલ થર હરતોજી	સ્વકિય તણાં મન માંહાં અનંગતે ભરતોજી	૧૨૦૭
પવન ચાલે બાગ માંહાં અનુપજી	ફર હરે કેશ તે અંબોડો સુખ રૂપજી	૧૨૦૮
તેહ જોઈ સ્વકિય વૃંદ સહુકો મોહેજી	વાહાલોજી ઉભે તાં સુંદર સોહેજી	૧૨૦૯
ભાલ વિશાલ તિલક રેખા રાજેજી	નેત્ર અલોલ ચપલ ગતિ ભ્રાજેજી	૧૨૧૦
ભ્રકુટીને નાસા અનુપમ રંગેજી	ઝલકતા ગલસ્થલ સોહે સંગેજી	૧૨૧૧
શ્રીકર્ણ કુંડલ ચલકે અનુપજી	નાના ભાંત્ય જડીત્ર સુખ રૂપજી	૧૨૧૨
પ્રિતમ બોલતા મુખડું તે ખોલેજી	ત્યારેજીભ્યા અવ્યક્ત ચલકેનહી કોઈ તોલેજી	૧૨૧૩
પ્રિય સંગ સ્વકિય વીણે ફુલ અનુકુલજી	સમઝે શ્રી વલ્લભજી તે રસ મુલજી	૧૨૧૪
અધર મૃદુલ તે લાલ રંગ દિસેજી	ઝલકે તે જોઈ સ્વકિય વૃંદ મન હિસેજી	૧૨૧૫
દંત પંગતી ચમકતી તે અનુપજી	ઠોડી ગ્રીવા સોહે સુખ રૂપજી	૧૨૧૬
તુલશી ગુંજા માલા રૂદે પર ઝલકેજી	શ્રી અંગે ચંદન પહેર્યું છે તે ચલકેજી	૧૨૧૭
ધોતી ઉપરેણો ફરહરતો તે હાલેજી	પવન શ્રી અંગ સ્પર્શ કરી માહાલેજી	૧૨૧૮

ઉરોજ ઉતંગ ભર્યા રસ ઉકતજી
ખંભા બાંહો ચમકે છે અનુપમ જુકતજી ।૨૧૯।
શ્રી કર કમલ માંહાં રેખા તે સોહેજી
પોહોચલા નખચંદ્ર જોઈ સહુ મોહેજી ।૨૨૦।
મુદ્રિકા જોત ઉદ્યોત ગતિ રાજેજી
પ્રિતમજી ફુલ વીણે રસ છાજેજી ।૨૨૧।
ઉદરના થુંદ અવ્યકત અનુપજી
પ્રષ્ટ ભાગે સોહે છે તે સુખ રૂપજી ।૨૨૨।
ટુંડી કટીલંક સુભગ છે સારજી
નિતંબ મધ્યસ્થલ રસ છે અપારજી ।૨૨૩।
જંઘા ઘુંટણ જાનુ સોહે છે રસાલજી
શ્રી ચરણે પનહી જોઈ મોહે વ્રજબાલજી ।૨૨૪।
એડીનો લાંક કહયો કેમ જાયેજી
નિરખતા મનડું તે વ્યાકુલ થાયેજી ।૨૨૫।
એણી પેરે ફુલ વીણ્યા તે ઝકઝોલજી
પ્રિતમજીને પાસે યુવતિ તણાં ટોલજી ।૨૨૬।
તે શોભા તે કેહી પેરે કહીયેજી
પ્રિય તણાં દાનને સામર્થે એ સુખ લહીયેજી ।૨૨૭।
બાગ બિહારી વલ્લભ લાલજી
સ્વકિય સુજાતિના કરે પ્રિય પ્રતિપાલજી ।૨૨૮।
બાગ માંહાં ફુલફલ અનેક દિસેજી
રૂકમણીલાલને જોઈ મન હિસેજી ।૨૨૯।
ચરિત્ર અનેક અનેરા પ્રિય કરેયજી
જુજવે રસે કરી મનડા તે હરેયજી ।૨૩૦।
કોઈયનો ગઠ જોડો કરેય છે પ્રિતમ ઉકતેજી
તે માંહે બાંધે છે તે રસ તણી જુકતેજી ।૨૩૧।
કોઈના વસ્ત્ર નીવારા માંહાં ભરાવેજી
એણી પેરે સ્વકિયને વાહાલો તે હરાવેજી ।૨૩૨।
એણી પેરે ફુલ વીણે પ્રિતમ રંગે રાતાજી
હવે બેઠક પધારશે વાહાલો સુખ માતાજી ।૨૩૩।
સ્વરૂપ રસે ગીધા છે જે કોઈ ભકતજી
ચાલ્યા પ્રિતમને સંગતે અનુરકતજી ।૨૩૪।
ક્રમ ક્રમ દુરીય દુરાવીને તે જોયેજી
જઈ મલે વાહાલાજીને સુખ બહુ થાયેજી ।૨૩૫।
સત્વર ચાલે ચાલતા પ્રિય માહાલેજી
ધોતી ઉપરેણો વાહાલોજીનો સંગ માહાલેજી ।૨૩૬।
વચન વિલાસ પ્રિય પેંડે બહુ કરેયજી
ભાગવાન શ્રી ચરણે મસ્તક ધરેયજી ।૨૩૭।
વાહાલોજી પુરેપુરે કહી ભાખેજી
એણી પેરે માનતે તેહ તણું રાખેજી ।૨૩૮।
કેલની છાહયા કરે ભકત તે અનુપજી
શીતલ જાણીને મહા સુખ રૂપજી ।૨૩૯।
બાગ તણું ફુલ પ્રિતમજીને હાથજી
સંકેત સ્વકિયને આપશે તે નાથજી ।૨૪૦।
પંડો માંહા વાત કરે પ્રિય રસ રાસજી
સાંભલે છે ભકત સમાજ તે ત્યાંહાં પાસજી ।૨૪૧।
વાહાલોજી તે ચાલે છે ઉલટ ભેરેજી
સંકેત તે સોહે છે પોતા તણે ઘરેજી ।૨૪૨।
એણી પેરે નીજ બેઠક આવ્યા પ્રિતમ રંગેજી
કોઈ ક્ષણું કરશે વિશ્રામ સ્વકિય તે સંગેજી ।૨૪૩।
તેહવા વાત્સલ્ય બહુ વીધી તણાં કરેયજી
પ્રિતમજી સેજે બેઠા છે તે મન હરેયજી ।૨૪૪।
ફુલ બાગ માંહાં વીણે છે જે કો ઉકતજી
તે આવી ઉથાપને શ્રી મુખ જોશે રસ જુકતજી ।૨૪૫।
એણી પેરે સુખતે વલ્લભજીના રાજેજી
સંકેત ભકતને કાજે પ્રિતમ એ છાજેજી ।૨૪૬।
ભોમ સેજે રમણ રસિલુ તે રસાલજી
વિલસે છે રૂકમણી સુત નયન વિશાલજી ।૨૪૭।
હવે તે ઉથાપન સમય કાંઈ કહુંઅજી
સ્વકિય વૃંદ શ્રૃંગાર કરે સોહાગ સુખ બહુઅજી ।૨૪૮।
તે કહેસું આગલે માંગલ્યે રસ રાસજી
ભકતની પુરણ કરે પ્રિતમ આશજી ।૨૪૯।
સદા સર્વદા વાહાલા ને એ નેગજી
દર્શન આપે ઉથાપને ભકતને વેગજી ।૨૫૦।
કઢણા સિંધુ ઉદાર વર રાયજી
સ્વકિયને વલ્લભજી સુખદ મન ભાયેજી ।૨૫૧।

ઈતિ શ્રી માંગલ્ય ૨૬ મું સંપૂર્ણમ્

હવે માંગલ્ય ૨૭ મું લખીયે છે

ભકત શ્રૃંગાર કરે છે તે લખીશું

શ્રી શ્રી શ્રી શ્રી શ્રી

માંગલ્ય - ૨૭

શ્રી શ્રી શ્રી ગોકુલેશો જય જયતિ, એ માંગલ્ય સતાવીસમું લખીયે છે,
તેની જાત લૌકિકે ગવાશે, જે ગોલ ગલીયો ને મીઠો ચોપડો,
કંસાર કપુરે વાસીયો, એ જાતે ગવાશે.

પાછલે માંગલ્યે બાગ રમણકહયું જેહવું વાહાલાજીની કૃપા બલે લહયું ।૧।
હવ ભકત હવેલીમાં આવે છે બાગ માંહાંથી તે ક્રમે ક્રમે ભાવે છે ।૨।
ઉથાપન કેરો તે સમય લહી જાવું મંદિર એ વચન કહી ।૩।
ચાલે પેંડા માંહાં તે મોદસું વારતા કરે છે વિનોદસું ।૪।
જે જે બાગમાં લીલા વાહાલે કરી તે તે ભકત પેંડા માંહાં કહે ફરી ।૫।
એણી પેરે ભકત હવેલી માંહાં આવીયાં હવે સિંગાર કરે મન ભાવીયા ।૬।
જાવું દર્શનને ઉથાપને સદા સ્વકિય વૃંદ તણાં સોહે છે મન મુદા ।૭।
કોઈ ચોટી કરી પ્રિયને રસે ભર્યા ફુલેલતે મસ્તક માંહે ધર્યા ।૮।
કરી કંગહી સુંદર અતિ સુખ ઘણું વરી સાદી ચોટી શું કહું તેહ તણું ।૯।
તિલક અનુરાગ ભાલે ધર્યું એણે શ્રૃંગારે વાલજીનું ચિત્ત હર્યું ।૧૦।
ચોટી પાટી ચમકે તે સોહામણી માગ સીંદુર સુંદર મોહામણી ।૧૧।
શીષે ભુષણ ઝલક ચલક કરે તરસેથીયે નાડા છડી મન હરે ।૧૨।
એ સોહાગીણી અનુરાગનું રૂપ છે નાડા છડી રંગ જોત અનુપમ છે ।૧૩।
તેણે કરી કોઈ ચોટી દમાવે છે તે પ્રિતમજીને મન અતિ ભાવે છે ।૧૪।
કોઈ માંગ માંહાં હીંગલો તે ધરેય છે પ્રિય સોહાગે શ્રૃંગાર એ કરેય છે ।૧૫।
મુખડે તે ફુલેલ લગાવીને પખાલી પુછે તે મન ભાવીને ।૧૬।
પછે દર્પણ લે તે અતિ મોદસું મુખડુ તે જુએ છે પ્રમોદસું ।૧૭।
કાજલ નેત્ર અંજન કરીયને અંગુ છે તે વસ્ત્રે મન ઘરીયને ।૧૮।
પછે ટીકી કરે તે આનંદ ઘણો જાણી અચલ સોહાગ પ્રિયતમ તણો ।૧૯।
તે ટીકીનું વર્ણન કેમ કહું દેશ દેશની ઘરે છે તે મન લહું ।૨૦।
કોઈ તાપીપુર તણી મન મુદા કરે ટીકી તે સોહે ભાલ પર સદા ।૨૧।
ભાંત ભાંતના રંગ બિરાજે છે સોહાગ ટીકીયે તે છાજે છે ।૨૨।
કોઈ દક્ષણ કેરી તે ધરેય છે વીજાપોરી કસબી મન હરેય છે ।૨૩।
કોઈને તે સુરતી તણી ભાવે છે ભાંત વિચિત્રસું ભાલે સોહાવે છે ।૨૪।
રાજનગરની ટીકી તે નવનવી એહવી ભુતો ન ભાવી તે કહી હવી ।૨૫।
તે સ્વકિય વૃંદ ઘરે અતિ મોદસું ભાલે ઝલકે છે પરમ પ્રામોદસું ।૨૬।
કોઈ આગરા તણી ટીકી કરે રંગે ફુલ કસબી વૃક્ષતે ઘરે સંગે ।૨૭।
ભાત ભાંતની ટીકી સુંદર ઘણું તેની જાલી વિચિત્ર કહું તે તેહ તણું ।૨૮।
એહવી ટીકી તે જડાવની જગમગે વાહાલો નિરખસે મનડુ તે જોઈ પગે ।૨૯।
કોઈ કરે ટીકી હીંગલોની મન મુદા કોઈ કરે છે કંકુ તણી તે સદા ।૩૦।

કોઈ પુરવ તણીય તે કરેય છે સીંદુર તણીય મન પ્રિયનું હરેય છે ૧૩૧
મનોહર ટીકી એ રસરૂપ છે એહોના ભોગી શ્રી ગોકુલભુપ છે ૧૩૨
કોઈ કરે ટીકી કનક જડાવ તણી ભાંત વિચિત્રના ફુલ મુકતા સેર બની ૧૩૩
કોઈને તલે હીંગલો નિકે ઉકતે નિરખતા પ્રિય તણું મન હરે જુકતે ૧૩૪
એક ટીકી અનુપમ તે હવી અંગીયા તણી પાંખની છે નવી ૧૩૫
તેની ચલક ઝલક હું તે કેમ કહું સુઆ પંખી સુજાત મન રંગ લહું ૧૩૬
કોઈ સોને કરી તે મઢાવે છે અંગીયા તે તણી પાંખ જડાવે છે ૧૩૭
કોઈ હીંગલોનીતે તલે કરે સોહતી તે ટીકી પ્રિતમ તણું મન મોહતી ૧૩૮
એહવી ટીકીયો અનુપમ અતિ ઘણી કોણે નવી જાએ તે એ ગીણી ૧૩૯
દેશ દેશના ભકત શ્રૃંગાર કરે ટીકી નિરખે પરસ્પરે મન હરે ૧૪૦
ઉલટ એમ શ્રૃંગાર કરે ભાત ભાંત શું સોહે ટીબકી વિચિત્ર બહુ ખાંતસું ૧૪૧
કોઈ સરકી હીંગલો તણી કરે રલી કોઈ અનુપમ ચુઆ બીંદી ઘરે વલી ૧૪૨
ભ્રુઅ ભ્રંગ ઉભે બીચે તે બિરાજે છે કોઈ કરે છે કેસર તણી છાજે છે ૧૪૩
સંઘોડા કરે કોઈ તે સુંદર ઘણું સોહે હીંગલો તણાં શું કહું તેહ તણું ૧૪૪
ભકતે ટીકી એમ સોહાગ બલે કરી તે પ્રિતમજીએ મહારસસું વરી ૧૪૫
એક એકથી દિસે સોહામણી ટીકી શ્રી વલભજીને મોહામણી ૧૪૬
એ રસ ભરી પરમ ઉદ્યોત છે ટીકી તણી સુંદર જોત છે ૧૪૭
ભકત જાશે મંદિર પ્રિય અનુકુલ છે ટીકી સોહાગતણું મહામુલ છે ૧૪૮
એણે રસે ભર્યા ભકત સોહાગીયા બેઠા શ્રૃંગાર કરે પ્રિય પાગીયા ૧૪૯
ઉથાપન આનંદ રસ સુખ તે સદા જાસે મંદિર સ્વકિય સહુ મન મુદા ૧૫૦
એ ટીકી શ્રી ચરણ રસ દાનની હવે કહું છું તે ભકત ભાગ્યવાનની ૧૫૧
તે છે પરમ સ્વરૂપ નેષ્ટિક જેહ તારાચંદભાઈ નામ તેહ ૧૫૨
તેહોને સ્વપ્ન માંહાં આજ્ઞા કરી ટીકી ચરણામૃત તણી તે ભાલે ઘરી ૧૫૩
એ ટીકી અલૌકિક તે કેમ કહું પ્રિય ચરણનો સોહાગ છે તે મન લહું ૧૫૪
જે કો રસ ભર્યા સ્વરૂપાત્મિક સદા ટીકી ચરણામૃતની કરે ભકત મુદા ૧૫૫
સર્વ ટીકી માંહા એ ટીકી શ્રેષ્ઠ છે ચરણામૃત તણી ભકત વરેષ્ટ છે ૧૫૬
સુભગાજે પ્રિતમને પ્રેષ્ટ ઘણું એ ટીકી વીણક્ષણું નવી રહે અણું ૧૫૭
શ્રૃંગાર શીરોમણી રસ રીધી ટીકી ચરણામૃત તણી છે તે માંહાં નીધી ૧૫૮
એ ટીકીની જોત અલૌકિક રાજે છે અનુરકત ભકત ભાલને કાજે છે ૧૫૯
ભકત મહેદને એ ટીકી સોહાગ છે ચરણામૃત રસ અનુરાગ છે ૧૬૦
એ પ્રિતમ તણાં તે બાનો ધર્યો ટીકી ચરણામૃતની તે સોહાગ કર્યો ૧૬૧
સ્વરૂપાત્મિક ભકત ભાલે સોહે છે એ ટીકીને શ્રૃંગાર રસે મોહે છે ૧૬૨
ટીકી ચરણામૃત તણી તે અવ્યકત છે મોહે છે ભરી અનુરકત છે ૧૬૩
એહવા ભકત તે અતિસે પ્રિતે ભર્યા સ્નેહ સહિત એ શ્રૃંગારે પ્રિતમે વર્યા ૧૬૪
એ ટીકી ઉદ્યોત ચરણામૃત તણી સ્નેહ આશકત ભકતને ભાલે વણી ૧૬૫
બીજુ કોએ ન સમજે એ વાતને ચરણામૃત ટીકીની ભાંતને ૧૬૬

રાજ લહલહતી મહા નિધ્ય છે	સ્નેહ મારગે એ પ્રગટ પ્રસિધ્ધ છે	૧૬૭૧
ચરણામૃત ટીકી સોહામણી	સ્વરૂપે સંવલીત છે મોહામણી	૧૬૮૧
એ શ્રૃંગાર અલૌકિક કેમ કહું	ભકત સ્વરૂપાશકતને સંગે લહું	૧૬૯૧
કોઈ જમુનાજીની ટીકી કરે મન રલી	કો સમય પ્રિતમ નાહ જાણી વલી	૧૭૦૧
એ રેતીનું તિલક રસે ભર્યું	ચરણાંકીત જાણીને ભકતે વર્યુ	૧૭૧૧
એ પદાર્થ નિપટ દુર્લભ સખી	સ્નેહવાન ને સંગે એ ટીકી લખી	૧૭૨૧
હવે ભુષણ તે નવી નવી ભાંતના	કરે ભકત શ્રૃંગાર અતિ ખાંતના	૧૭૩૧
કોઈને વેસર એક નંગી રાજે છે	તેના મુકતા તે શુભ્ર ગોલ ભ્રાજે છે	૧૭૪૧
કોઈને નાકે તે મોરની સોહામણી	નકવેસર છે પ્રિયને મોહામણી	૧૭૫૧
કોઈ કાંય પહેરે છે સોહગીયા	તેહોના સ્વરૂપ રસે મન પાગીયા	૧૭૬૧
કર્ણના ભુષણ ઝલક ચલક કરે	પ્રિતમ નિરખતા અહી મન ઘરે	૧૭૭૧
ઓગનીયા પરમ સુંદર ઘણું	દેશ દેશને ઘાટે શું કહું તેહ તણું	૧૭૮૧
ઢેડી તે અનુપમ નવનવી	ઝલકતી એહવી કહી નવી હવી	૧૭૯૧
કોઈ જડાવ તણી પહેરે મન રલી	કોઈ સાદીને મારવાડી ઘરે વલી	૧૮૦૧
કોઈને કર્ણ છે રવાની સુંદર ઘણું	પ્રિય નિરખતા નવ મટકે અણું	૧૮૧૧
પહેર્યા કર્ણ ફુલ કોઈયે તે રાજે છે	તેહને સેર બે મુકતા તણી ભ્રાજે છે	૧૮૨૧
એમ ભકત શ્રૃંગાર કરે મન રલી	ઉથાપને પ્રિતમ જોશે તે વલી વલી	૧૮૩૧
હવે કર્ણના ભુષણ કહું નવનવા	બહુ ભાંતના અનુપમ તેહવા	૧૮૪૧
સ્વકિય કંઠનો શ્રૃંગાર તે સોહામણો	શ્રી વલ્લભજીને મન એ મોહામણો	૧૮૫૧
તીમનીયું તે સોહાગ બલે ઘર્યું	ઉભય ચાંદલે મોતીને પ્રિયનું મન હર્યું	૧૮૬૧
કોઈએ પહેર્યું મુકતા તણું	માંહે હેમના માદલીયા જડાવ ઘણું	૧૮૭૧
કોઈએ જંગાલી પોત તણી કરીય છે	વીધી વીધીની તીમનીયતે ઘરીય છે	૧૮૮૧
અવ્યકત સોહાગરૂપ રાજે છે	ઝલકતા તીમની અતિ ભ્રાજે છે	૧૮૯૧
પ્રિતમજી નિરખસે અનુકુલતે	તીમનીયલે સોહાગ તણું મુલ જે	૧૯૦૧
કોઈયે ગોલ શુભ્ર મોતિની દુલરીવરી	તિલરી છટ મુકતા તણી કોઈયે ઘરી	૧૯૧૧
કોઈ જડાવ ગલુ બંધ ઘરે સદા	પદ કડી પહેરે છે તે કોતદા	૧૯૨૧
બજુરોને ચક્ષણી કોઈ પહેરે છે	લટકણ મુકતા તણાં ફાંદે ગહેરે છે	૧૯૩૧
જાવા હેમના જડાવતે સુંદર ઘણું	મફતુલ સહિત શું કહું તેહ તણું	૧૯૪૧
ભાંત વિચિત્રસું લટકણ રાજે છે	પ્રિય નીરખતા સુખ અતિ ભ્રાજે છે	૧૯૫૧
હાંસ જડીત્ર કોઈ હાંસડી પહેરે સદા	કોઈ હેમની દુલરી ઘરે મન મુદા	૧૯૬૧
હાટકની તીલરી તે સોહામણી	પહેરે સ્વકીય વૃંદ રસિક મોહામણી	૧૯૭૧
માલા ચૌલડી જડાવની કો ઘરે બહું	શ્રૃંગાર કરી પ્રિય જોવા જાશે સહુ	૧૯૮૧
કોઈના કંઠમાં મોહનમાલા રસ ભરી	દેશ દેશને ઘરી અનુપમ વરી	૧૯૯૧
કોઈને લાંબા મણીકાની સોહાયે છે	તે વિચિત્ર જોઈ પ્રિતમજી મોહાય છે	૧૧૦૦૧
સાંકલી ઘાટ જુજુવે સુંદર ઘણું	કો મહા ઘુકઘુકી સહિત શું કહું તેહ તણું	૧૧૦૧૧
એમ શ્રૃંગાર કરે સ્વકીય અભિનવા	શ્રી વલ્લભનું રૂપ જોવા જવા	૧૧૦૨૧

પ્રિય સોહાગ બલે મન સુખ ઘરે ઉથાપને જાવું જઈ વાહાલાજીનું ચિત્ત હરે ।૧૦૩।
કોઈ ચોલી પહેરે છે પ્રિય પાગીયા દેશ દેશના વસ્ત્રની તે અનુરાગીયા ।૧૦૪।
કોહોને વિચિત્ર મુલકતે સુંદર ઘણું પહેર્યો તોઈ સહિત શું કહું તેહ તણું ।૧૦૫।
કસીદા તણી ચોલી કોઈ ઘરે સદા કોઈયે હાર મેહેલા છે તે મનમુદા ।૧૦૬।
રેસમી વિધી વિધીની અતલસ તણી તોઈ સમેત ચલકે ચોલી અતિ વણી ।૧૦૭।
દરીયાઈ તણી તે અનુપ છે રંગ જુજુવે પ્રિયને સુખ રૂપ છે ।૧૦૮।
કોહોને મોતી તણી ચોલી બિરાજે છે તેહની તોઈ ગુલફુલ અતિ છાજે છે ।૧૦૯।
ગુંજા ભરતની સોહામણી ચોલી વિવિધી વિચિત્ર મોહામણી ।૧૧૦।
કોઈ પહેરે ખાસાની અનુપમ સોહે તોઈ સહિત કોમલ જોઈ પ્રિય મોહે ।૧૧૧।
ચોલી પહેરે કો કટાવ તણી સદા અવ્યકત મનોહર તે તદા ।૧૧૨।
બહુ જાતની છીંટ સુંદર ઘણું તેહની ચમકે શું કહું તેહ તણું ।૧૧૩।
માંહે કસબ સુનેરી જગમગ કરે પ્રિતમ નિરખસે માહા સુખ રસ ભરે ।૧૧૪।
એ ચોલી સોહાગ રસમુલ છે પ્રિય રંગ ભર્યા સ્પર્શે અનુકુલ છે ।૧૧૫।
એહોના નામ અસંખ્યાત કેમ કહું કહેતા ગ્રંથ વાધે એમ મન લહું ।૧૧૬।
શુભ અર્થે એ ભકત શ્રૃંગાર સદા સંક્ષેપે કહયો એ મેં મન મુદા ।૧૧૭।
ઉથાપને પ્રિયજી તે નિરખસે એ શ્રૃંગારને જોઈ વાહાલો હરખસે ।૧૧૮।
એમ સોહાગ શ્રૃંગાર ભરપુર છે બેઠા કરે છે તે સ્વકિય બહુ સુર છે ।૧૧૯।
હવે કરના ભુષણ જે યુવતિ ઘરે તે કહીયે છે વાહાલાજીનું મન હરે ।૧૨૦।
સોહાગ પ્રિતમ તણો જે સદા ચુડા ચમકે જુજુવે રંગે મન મુદા ।૧૨૧।
કોઈએ પહેર્યા છે સુનેરી છાયા તણાં બહુ જાતની તંબકના અતિ ઘણાં ।૧૨૨।
તે ચુડા અનુપમ લાગે છે સ્વકિયને કર જોઈ પ્રિય પાગે છે ।૧૨૩।
ગુજરાતી લાલ કોઈ પહેરે છે તે ચમકે ચુડા રંગ ગેહેરે છે ।૧૨૪।
ચોખા કચકડાના બહુ જગ મગ કરે અમોલ્ય અનુપમ પ્રિય તણું મન હરે ।૧૨૫।
દેશ દેશના ચુડાતે અભિનવા એહવા ભુતો ન ભાવી તે કહી હવા ।૧૨૬।
જે શ્રી વલ્લભજીને ઉપયોગ છે એ સોહાગ ચુડા રસ જોગ છે ।૧૨૭।
એ ચુડાના ભાગ્યનું હું શું કહું પ્રિય સોહાગ અનુપમ મન લહું ।૧૨૮।
બેસતા ચુડા કલાઈ દાર ઘણું પ્રિતમજી નિરખતા ન મટકે અણું ।૧૨૯।
થર પાછલી ચુડી સોહામણી સલઈઆને કાંકણી તે મોહામણી ।૧૩૦।
ચુડા મધ્યે ચુડી જડાવની રાજે છે કોઈના સોનાના ચુડા તે ભ્રજે છે ।૧૩૧।
કોઈ પહેરે છે થર મધ્યે કામલી ઝાંઝરીતે સુંદર ઘાટે આમલી ।૧૩૨।
કર કાંડે ગજરાતે અનુપમ છે કંકણ તણું અનુપમ રૂપ છે ।૧૩૩।
કોઈયે પહેર્યા છે જવ તે સોહામણાં તેહના ગોટા છે વિચિત્ર મોહામણાં ।૧૩૪।
કોહોને કાંડે બાજુ બંધ ચમકતા મફતુલના ગોટાસુ છે દમકતા ।૧૩૫।
કોઈને કર કાંડે પોહોચી સોહામણી જડી હીરે માણીક પન્ને મોહામણી ।૧૩૬।
કોઈ પહેરે પટા તે સુંદર ઘણું કોહોને થોડી થોડી ચુડી શું કહું તેહ તણું ।૧૩૭।
કોઈ કાચની ચુડી તે પહેરે છે અનુપમ રંગ બીરંગી તે ગહરે છે ।૧૩૮।

કોઈ લાખની ઘેર મન મુદા ભાંત વિચિત્ર શું નવનવી તે તદાકોહોને ૧૩૯૧
અંગુઠે આરસી ચમકતી ભરી અંગુલીએ મુદ્રિકા દમકતી કોઈને ૧૪૦૧
પોહોચલે છુંદણાં રાજે છે કરે શ્રૃંગાર વિવિધ સુખ ભ્રાજે છે ૧૪૧૧
કોઈ પહેરે રત્ન ચોક રસ ભરે કોઈ મોરી ઘરે પ્રિયનું મન હરે ૧૪૨૧
ઉથાપને જઈ વાહાલાજીને નિરખસે પ્રિતમજી એ શ્રૃંગાર જોઈ હરખસે ૧૪૩૧
પ્રિયને સોહાગે પુરા છે સ્વકિય સુખ સદા શ્રૃંગાર કરે બેઠા હવેલી માંહાં મન મુદા ૧૪૪૧
હવે ચરણના ભુષણ જે લહું પહેર્યા સ્વકિય અનુપમ તે કહું ૧૪૫૧
બહુ જાતના વિચિત્ર સુંદર ઘણું ચરણ ઘર્યા જે હરસું કહું તેહ તણું ૧૪૬૧
કોઈ ગુજરી પાયલ પહેરે રંગ ભર્યા પોલરા બહુ ઘાટના સ્વકિયે વર્યા ૧૪૭૧
કોઈ પહેરે વિચિત્ર તે ઝાંઝર સદા ઘાટ જુજુવે સોહે છે તે તદા ૧૪૮૧
કોઈના વાજતા ઝાંઝર સોહે છે ઝમકતા ઘુંઘરા જોઈ મોહે છે ૧૪૯૧
કોઈ કરલા કાંબી ઘરે મન રલી કોઈ સાદા ચુડા પહેરે તે વલી ૧૫૦૧
વર્યા અણવટ બિછુઆ વિચિત્ર ઘણું પ્રિય નિરખતા મટકે તે નવી અણું ૧૫૧૧
કોહોને ચરણે મેહેંદી રંગ અભિનવી પ્રિય સોહાગ અનપમ એહવી ૧૫૨૧
કોઈ એ માંહા વરસું પગ રંગ્યા છે એથી વિચિત્ર પાટલી શું સંગ્યા છે ૧૫૩૧
એમ સ્વકિય વૃંદ શ્રૃંગાર કર્યો મન રલી સાડી પહેરે દેશ દેશની તે વલી ૧૫૪૧
તાપીપુરના છાપેલ તે સંદર ઘણું ચમકે ચુનડી શું કહું તેહ તણું ૧૫૫૧
સાલુ મજીડીયા પરમ સુજાત છે ચૌરસાની અનુપમ ભાંત છે ૧૫૬૧
સાડી સલાઈ દાર તે સોહામણી શ્રી વલ્લભજી નિરખસે મોહામણી ૧૫૭૧
કોઈ સાડી પહેરે છે દક્ષણ તણી બીજાપુરની ગોલ કુંજની અતિ ઘણી ૧૫૮૧
તેહ માંહાં કસબી કામતે શોભા ઘરે શ્રી વિઠ્ઠલકુંવરનું એ મન હરે ૧૫૯૧
છાપેલ ઘાયતા નંદરબારના રાજે છે જુજવી ભાંતે સ્વકિય પહેર્યા ભ્રાજે છે ૧૬૦૧
એમ શ્રૃંગાર કરે છે સોહામણાં ઉથાપને મંદિર જાશે મોહામણાં ૧૬૧૧
સાડી શોભાતે પરમ વિચિત્ર ઘણું પ્રિય નીરખે પ્રમોદ શું કહું તેહ તણું ૧૬૨૧
વડોદરીયા પામીયા અતિ ચલકતી માંહા સુંદર પરમ છે ઝલકતી ૧૬૩૧
ખંભાતી દીવે ચિત્ત શોભિયે સાલુને જોઈ મન લોભિયે ૧૬૪૧
પાતલી રાજનગરની વિચિત્ર છે પહેરી નિરખસે વલ્લભજી મિત્ર છે ૧૬૫૧
તેહની ઝલક ચલક ત્રપત્રપ કરે એ સાડી પ્રિતમજીનું મન હરે ૧૬૬૧
કોમલતા તણું તે લેખું નહીં એ શોભા તે હવે હું તે દેખું કહી ૧૬૭૧
અમદાવાદી છાપેલ તે અતિ ઘણાં પહેરી ઉથાપને જાએ સ્વકિય વૃંદ વણાં ૧૬૮૧
મીણીઆની સોવાસ ફેલી રહી તે અનિવર્ચનીય નવ જાયે કહી ૧૬૯૧
કોઈ પહેરે આગરાની વિવિધી રંગે બહુ જાત પુરવની છે તે સંગે ૧૭૦૧
ખાસા દરીયાઈ ચુનડી રાજે છે દિલ્હી તણી છીંટ બહુ પેરે ભ્રાજે છે ૧૭૧૧
કોઈ કસુંબી ઉના પહેરે રંગ ભરે મોરબી સંગ પ્રિય તણું ચિત્ત હરે ૧૭૨૧
ગડગડતા ઘાટતે ચુનડી તણાં કોઈએ પહેર્યા સુનેરી છાપા ઘણાં ૧૭૩૧
જલ હલતા પટોલા અતિ શોભિયે રંગબીરંગી જોઈ મન લોભિયે ૧૭૪૧

ભાંત નવી નવી પરમ સુજાત છે પટોલા તણી અનુપમ ભાંત છે ।૧૭૫।
બહુ જાતના કસીદા સુંદર ઘણું પહેરી સાડી વિચિત્ર શું કહું તેહ તણું ।૧૭૬।
એહવા શ્રૃંગાર મનોહર રાજે છે ઉથાપને દર્શન સુખ કાજે છે ।૧૭૭।
દેશ દેશની સાડી અંગીકરી મુકતા તણી કોઠા તે ગલી વરી ।૧૭૮।
તે સાડીનું રૂપ અવ્યકત છે પહેરીયા રસ ભર ભકત છે ।૧૭૯।
એહવી સાડી અસંખ્યાત કેમ કહું તેહનો પાર તે હું કેહવી પેરે લહુ ।૧૮૦।
જેહવું પ્રાગટય શ્રી મહાપ્રભુ તણું તેહવી સાડી અવ્યકત સુંદર ઘણું ।૧૮૧।
મન ભાવતા શ્રૃંગાર તે અંગીકરે ઉથાપને સ્વકિયના અંગ પ્રિય વરે ।૧૮૨।
એહવા સોહાગ તણાં સુખ કેમ કહું હવે દુઃખડું અપરમિત મન લહું ।૧૮૩।
એણે માંડવે માહા રસ રેલ તે પ્રિતમ ઉથાપને કરશે રસ કેલ તે ।૧૮૪।
એક એક થકી સ્વકિય તે સુંદર ઘણી શ્રી વલ્લભજી નિરખસે તે મોહમાણી ।૧૮૫।
ઉથાપન કેરા શ્રૃંગાર તે મોદસું બેઠા હવેલી માંહાં કર્યા છે પ્રમોદસું ।૧૮૬।
એ શ્રૃંગારનું રૂપહું કેમ કહું પ્રિયને અંગ અંગ વિનિયોગ મનલહું ।૧૮૭।
મહા નાયક ગુણ ગંભીરને સ્વકિય નિરખસે શોભાજીના વીરને ।૧૮૮।
પાર્વતી પતિ છે સોહામણો ઉથાપને સુખ દેશે મોહામણો ।૧૮૯।
એહનું શ્રી અંગ સલુણું સુંદર સદા નિરખીયે પ્રિતમજીને મન મુદા ।૧૯૦।
પ્રિય લાડીલા સુજાત છે શ્રી અંગે રસ નવનવી ભાંત છે ।૧૯૧।
તેહના ભોગી સ્વકીય વૃંદ રસ ભર્યા તેહોને અંગ અંગ પ્રિયના રસે વર્યા ।૧૯૨।
તે પાન કરે છે પ્રમોદસું જેકો શ્રી અંગ સંગે છે નિરોધસું ।૧૯૩।
અવ્યકત મનોહર રસ ભર્યું કર્યું દાન પ્રિતમજીને ચિત્ત હર્યું ।૧૯૪।
તેણે કરીય ઉલટ અતિ ઘણો કેહી પેરે કહયો જાય તેહ તણો ।૧૯૫।
હવે આગલનો જે પ્રસંગ લહું ભકત સમાજ મંદિર જાસે તે કહું ।૧૯૬।
એહવા સ્વકિય બહુ પરમ સોહાગીયા આવી શ્રીમુખ જોશે પ્રિય પાગીયા ।૧૯૭।
પ્રથમ માંગલ્ય એ ઉથાપન તણું કર્યા સ્વકિયે તે અતિ ઘણું ।૧૯૮।
માહા આનંદ પરમ પ્રમોદસું શ્રી વલ્લભજી નિરખસે તે મોદસું ।૧૯૯।

ઇતિશ્રી માંગલ્ય ૨૭ મું સંપૂર્ણમ્ । સમાપ્ત ।

હવે ૨૮ મું લખીસે

શ્રી શ્રી શ્રી શ્રી શ્રી.

માંગલ્ય - ૨૮

શ્રી શ્રી શ્રી ગોકુલેશો જય જયતિ, એ માંગલ્ય અઠાવીસમું લખીયે છે,
તેની જાત લૌકિકે ગવાયે છે, જે એક ડુંગર ઉપર મેહ ઘડુકે, તલગટ આંબા મોરિયા,
એ જાતે ગવાશે,

પહેલે માંગલ્યે સ્વકિયનો શ્રૃંગાર કહયો સોહાગ રૂપ પ્રમોદસું
ઉથાપને જાસે મન રલી ભગવદી સહુકો મોદસું ।૧।
પહેર્યા તે મિહિન ખાસા તણા ધોતી ઉપરેણા સોહે ઘણું
કોઈએ કીનારદાર તે પહેર્યા છે રંગ રંગસું કહું તેહ તણું ।૨।
કોઈ નીતે કાલી કિનાર છે જુજુવી ભાંત સોહામણી
કોહોની દક્ષીણી લાલ અભિનવી તે કિનાર વિચિત્ર મોહામણી ।૩।
બાંધી છે પાગો ખાસા તણી કોહોની લાલ સાલુણી શોભા ઘરે
કોહોની કકરેચી સુંદર ઘણું કોઈ છીટોની બાંધે મન હરે ।૪।
ભગવદી તણો શ્રૃંગાર વિચિત્ર તે જોઈ પ્રિતમજીનુ સુખ લહું
અંગ અંગ ને આરતી તે વાધે પ્રિયનો રંગ ચિત્ત બહું ।૫।
રિતુ ભેદે કોઈ પહેરે છે ચોલણો કટાવતે ભલી ભાંતના
બેસતા પરમ સુંદર ઘણું ઘેરો ચુણાવે છે અતિ ખાંતના ।૬।
તેહના બંધ કસબી ફર હરે એહવા ચોલણા તે મોહામણા
એમ કરે શ્રૃંગાર તે ભગવદી મંદિર જાવા સોહામણા ।૭।
કોઈ ઓઢે છે પામરી રંગરંગ વિચિત્ર ભાંત અનુપતે
કિનાર દાર પાલવતણી ચુનડીયા મહા સુખ રૂપજે ।૮।
કોઈ દુસાલા કરી ઓઢે છે કોમલ તે પરમસુંદર ઘણું
કોઈ ઓઢે છે છાયાની ઝલકતી જગમગતી શું કહું તેહ તણું ।૯।
થીરમા જે જુજુવા રંગના કિનારદાર વિચિત્ર સદા
ભકત ઓઢે છે આનંદ ઘણે મંદિર જાવા મન મુદા ।૧૦।
શીતકાલમાં કોઈ પહેરે છે નીમા જુજુવે રંગે અતિ ઝલકતા
મગજીતે પરમ સોહામણી ફરહરે છે તે ચલકતા ।૧૧।
કોઈ પહેરે છે કભાય આછી અમોલ્ય રેશમી સુંદર ઘણું
જુજુવી જાત અનુપ લાગે કોઈ છાપેલ શું કહું તેહ તણું ।૧૨।
મગજીને બંધ સોહામણાં મોહામણાં અતિ રાજે છે
બંધ ફર હરે છે તે પ્રમોદસું પહેરી કભાયો ભકત સુખ છાજે છે ।૧૩।
ભાલે તે તિલક અનુરાગના બેહુ સેર ઝલક ચલક કરે
મુખડા તે પરમ સુંદર ઘણું કો બી ડાલો મુખ માંહા સુખ ભરે ।૧૪।
આનંદ પરમ પ્રમોદસું ઉથાપન દર્શન રસ ભર્યું
પ્રિય પ્રિતમને નિરખવા જાશે વાહાલાજીએ ભકતનું ચિત્ત હર્યું ।૧૫।

શ્રી વલ્લભજી બેઠક મધ્યે પોઢયા છે સ્વકિય સંગ રસ ભર્યા
ત્યાંહાં દાન પાન સોહામણાં શ્રી અંગ રસ સલુણીએ વર્યા ।૧૬।
પ્રિતમતે પરમ પ્રમોદસું કીલકે છે સેજે રમણ કરે
શ્રી અંગ રસ મકરંદ ફેલ્યો સ્વકિય તણું ત્યાંહાં મન હરે ।૧૭।
મીઠા વચન વાહાલોજી તે બોલે તોલે શું કહું તેહ સમે
ત્યાંહાં ચુંબન ચારૂ સોહામણાં અંગ અંગ પ્રતે પ્રિયને ગમે ।૧૮।
ભગવદી સહુકો હવેલીયે રાજે શ્રૃંગાર કરે મન મોદસું
ભુષણ તે નવનવી ભાંતના કોઈ પહેરે પરમ પ્રમોદસું ।૧૯।
મુકતાતે ગોલ શુભ્ર જોતશું ઉદ્યોત પરમ સોહામણી
મધ્યે લાલ મણી તે ઝલકતી હેમના વાલાસું મોહમણી ।૨૦।
કોઈ યે પહેરે છે કડી તે સાદી હાટકની તે અનુપ છે
ચલકે છે જોડ મોહામણી ઉભે કર્ણ માહા સુખ રૂપ છે ।૨૧।
કોઈને તે કાને જડાવ રાજે કરકયરીની બહુ જાતશું
કોઈના તે કર્ણે સાદા બિરાજે સુંદર સોહે ભલી ભાંતસું ।૨૨।
ભકતે કંઠ માંહાં પહેરી છે માલા તુલસી ગુંજા સુંદર ઘણું
તુલસી તણી કેસરે રંગી ચલકે શું કહું તેહ તણું ।૨૩।
એ સર્વને કંઠે બિરાજે છાજે ભકત સુખ અભિનવું
કોઈ પહેરે છે સાંકલી સંગ ઘુક ઘુકી નિરખી સુખડુ હવુ ।૨૪।
બહુ જાતની તે હેમની માલા પરમ વિચીત્ર મોહામણી
કોહોના ગોલ દાણા અભિનવા કોહોની વિચિત્ર છે મોહામણી ।૨૫।
કોહોની લાંબા મણીકાની માલા વિચિત્ર સાદી અનુપ છે
કોઈ જુજુવી જાતની સાંકલી પહેરે સુંદર માહા સુખ રૂપ છે ।૨૬।
એહવા કરે શ્રૃંગાર તે ભગવૃદી વાહાલાજીના સુખ મન ધરી
તેહવું તે પ્રાગટય અભિનવું તેહવી શ્રૃષ્ટી પ્રિતમજીએ વરી ।૨૭।
તે શ્રૃંગાર કરે મન ભાવતા સ્નેહવાન પ્રિયને સુખદઘણું
કોઈ દર્પણ લેઈ મુખડુ તે જુએ ફરી ફરી નવી મટકે અણું ।૨૮।
મુખડે તે ભગવદ તેજ ઝલકે છે શોભા નવ જાયે કહી
એ અંગવદ શ્રૃષ્ટિ અનુપમ પ્રિતમજીએ તે કહી સહી ।૨૯।
એ સ્વરૂપ શું સંવલીત છે જે શ્રૃષ્ટી પ્રિય રૂપ છે
તેહ તણું ભાગ્ય તે કેમ કહું એ ભગવદી તે અનુપ છે ।૩૦।
એ શ્રૃંગાર કરે મન ભાવતા પ્રિતમજીનુ તે ચિત હરે
મુદ્રિકાના નંગ ઉદ્યોત આછાદ્યા ચમકતીતે આભા ઘરે ।૩૧।
અમોલ્ય પન્ના જગમગે હીરાતણી અતિ ઉકત છે
માણીક તણી લાલીમા ગહેરી મુદ્રિકા ભકત જુકત છે ।૩૨।
ચુન્ની તે ચમકે અંગ દમકે મુદ્રિકા અતિ નવી નવી
તેહની જોત ઝાંઈ ઝલમલે શોભાતે અનુપમ એહવી ।૩૩।

કોઈ પહેરે છે વેલીયા સુંદર સકોમલ હાથ્યક તણાં
અંગુલી તે દલ મધ્યે શોભિયે છે ફેરૂઆ સુંદર ઘણાં ૧૩૪૧
એમ કરીય શ્રૃંગાર તે પહોચીયા ઉલટ આનંદ પ્રમોદસું
હવે ભકત સ્વકિય સમાજ સોહતા મંદિર જાયે છે મોદસું ૧૩૫૧
ફુલ્યા તે અતિ આનંદ ઘણો ગલી માંહે ચાલે મન મુદા
શ્રી વિઠલકુંવર છે લાડીલો નિરખવા જાએ તેહને સદા ૧૩૬૧
પ્રિય પ્રાણ વલ્લભ રસ ભર્યો પાર્વતી પતિ મોહમણો
શ્રી અંગ પરમ સુખદ ઘણું પ્રિતમજી સહુને સોહામણો ૧૩૭૧
અંગ અંગ માંહા રસ પુર છે વાહાલોજી સુખ સ્વરૂપ છે
સ્વકીય વૃંદ ચાલ્યા હરખતાં નિરખવા પ્રિયને અનુપ છે ૧૩૮૧
ઉથાપન દર્શન અભિનવુ રાજરીત પ્રિતમ અંગીકરે
ગાદી તકિયે બેસીને વલભજી સહુના મન હરે ૧૩૯૧
એ સુભટ શીરોમણી નાહ છે મીઠો તે મધુરો કેમ કહું
માહાનાયકવર ગંભીર રાજે છાજે ઉદારતા પ્રિય લહુ ૧૪૦૧
ભગવદી સહુ નિરખવા આવે પ્રાણ વલ્લભ અનુપને
આશિષ દે મન રંગસું તરંગ પ્રિય સુખ ભુપને ૧૪૧૧
કોઈ કહે પ્રાણ પ્રિતમજી આછો નિરખસું મનને ગમે
કોઈ કહે મિત્ર વિચિત્ર છે એહવા અંગઅંગ મન માંહાં રમે ૧૪૨૧
ઘેર ઘેર થકા સ્વકિય ચાલીયા માહાલીયા પરમ અવ્યકત છે
જુથ જુથ અનેક પ્રકારના આવે મંદિર રસ ભર્યા ભકત છે ૧૪૩૧
આરત ઘણી પ્રિતમને જોવા મોહવા છે રૂકમણીલાલ રંગે
સ્નેહ તત્ય મન માંહા અતિ ઘણી સુંદર સોહે સ્વકિય અંગે ૧૪૪૧
ચટકતા ચાલે મટકતા સ્વકિય વૃંદ આવે અટકતા
સિંઘદ્વાર આવી દંડવત કરે વારણા લેઈ કર ચટકતા ૧૪૫૧
પ્રિતમજી પોઢયા રસ ભર્યા ઉઠયા નથી ભકત મન લહે
અહીયે જ બેસો આહાટ રખે વાહાલોજી જાગે કહે ૧૪૬૧
કોઈ બેસીયા સિંઘદ્વાર પર કોઈ જગમોહનને સોહાવીયા
કોઈ પ્રસાદી ભંડાર આગલ જલ ઘરે તે મોહાવીયા ૧૪૭૧
કોઈ લદાવ માંહે બિરાજે છે કોઈ આસપાસની ગેલ માંહાં
આવતા જાએ ભગવદી તે બેસે લદાવ સુખ સેલ માંહાં ૧૪૮૧
આનંદ પરમ પ્રમોદસું લદાવ સિંઘદ્વાર સુખ તણું
વરજે છે કોઈ આહાટ મકરસો શું કહું સખી તેહ તણું ૧૪૯૧
વાહાલાજીનું વાત્સલ્ય વિચારી પરસ્પરે ભકત એમ કહે
રખે ખાંસી છીંક કો અહીયે ખાતા પ્રિતમજી જાગશે લહે ૧૫૦૧
માટે ખાંસી છીંક જેને અંગ ઉપજે તે બાહીર જઈ નિવર્તી આવે
પ્રિય પ્રિતમનુ સુખડું વિચારે સ્નેહ ભાવ બહુ પેરે મન ભાવે ૧૫૧૧

એમ લદાવતે ગહેગહી ભર્યો છે શોભા કેહી પેરે કહું
બહુ જુથ તે જુવતી તણાં આવે મગ્ન થાએ તેહ માહાં લહું ૧૫૨૧
શ્રૃંગાર વિચિત્ર અનુપ રાજે ભાવ નવનવે શોભિયે
સ્નેહવાન પરમ પ્રસન્ન દિસે એહવા ભકતને જોઈ લોભિયે ૧૫૩૧
બેઠા છે ઘણી તણે માંડવે તે શોભા કેહી પેરે કહી શકું
અવ્યકત મધુરા સ્વાદ લે કરે અંતર રમણ હવે તે લખું ૧૫૪૧
માહા મોદ પરમ પ્રમોદસું આનંદ પરમાનંદ મને
સરવસ થકા કોઈ થયા તદાત્મિક સ્પરસ કરે પ્રિતમ તને ૧૫૫૧
તેહને દેહની તે સુરતિ નહી ને અંક વાહાલાજીને ભરે
વિહવલ થકા આરંદ્ર થાએ એણી પેરે ભકત સ્નેહ ઘરે ૧૫૬૧
સિથિલતાતે અંગ અંગ વ્યાપી રોમોદગમ અંગહવા
સ્પર્શે છે રૂચીર મનોહર આછું શ્રી અંગ સંગ અનુભવ નવા ૧૫૭૧
ત્યાંહાં પ્રિતમજી પણ અંતર રમણે આવી સ્વકિયને સંગ ભલ્યા
ઉલટતે આનંદ અતિ ઘણો સ્નેહવાનને પ્રિય એમ મલ્યા ૧૫૮૧
અંગ અંગની તે આરત ચુરે સુરતવસું શ્રી વલ્લભ સદા
સ્વકિય તણા અંગ એમ કરે મારો પ્રિતમ સોહે છે મન મુદા ૧૫૯૧
સ્નેહ તપ્તતે વાહાલો લહે સર્વના મનની આરત હરે
એણી પેરે સ્વકિય સહુ બેઠા છે સ્વજાતિ અંતર રમણ કરે ૧૬૦૧
કોઈ તે પ્રિયસું મનમેં લાવી કરે ટોક તે ચિત્તને ગમે
કોઈ આનંદ પરમાનદસું પ્રિતમજી સંગ ઉલટ રમે ૧૬૧૧
કોઈકરે છે ચુંબન ચારૂ મનોહર પરિરંભણ અતિ મન મુંદા
કોહોને તે સ્નેહ વાત્સલ્ય તણો ભર સોહે છે અંગે સદા ૧૬૨૧
ઉથાપન દર્શન કરવાને આવ્યા છે ભગવદિ તે ઘણાં
સિંઘદ્વાર પર બેઠા સોહોયે શું કહું સખી તેહ તણાં ૧૬૩૧
વાહલો પોઢીયા છે રસ ભર્યા સ્વકિય તે સંગ રમણ કરે
બેઠા છે ભકત શોરોમણી જયાંહાં ત્યાંહાં ચિત્ત હરે ૧૬૪૧
અનુરકત ભકત સોહામણાં મોહામણા પ્રિય સંગ રમે
કોઈ તે કહે છે પોઢી રહયા તમો રસવસે મનને ગમે ૧૬૫૧
પ્રિય પ્રિતમને કોઈ કહે છે ઉઠીયે તે સુંદર વર
કોઈ શ્રી વલ્લભજીનું અંગ નિરખે સ્નેહ વસ આરત ભરે ૧૬૬૧
કોઈ તે રસ માંહા પુરા છે સુરા તે પ્રિતમ સંગ સદા
કોઈને સુખસું મગ્ન છે તેને લગ્ન સોહે મન મુદા ૧૬૭૧
કોઈ પાન કરે પ્રિય તણું મુખડું તે અવિલોકે ઘણું
શ્રી અંગ સુંદર અતિ સકોમલ સ્પર્શે શું કહું તેહ તણું ૧૬૮૧
કોઈ સ્નેહ ભર આનંદ મને વિચિત્ર મિત્રને જોઈ મોહે
કોઈ રમણ રસે સંવલીત છે વલ્લભજીને અંગે સોહે ૧૬૯૧

કોઈ તે મન માંહાં રંગ ભર્યા પ્રિતમ તણી બહુ સ્તુતિ કરે
ગુણ ચરીત્ર પ્રિયના સરાહે છે પ્રકૃતિ જોતા મન હરે ૧૭૦૧
પ્રિય પ્રકૃત માહા સુખ સાર છે એહોના ગુણ તે અપરંપાર છે
અવિલોકિયે આનંદ મને એ સ્વરૂપ અતિ રસ સાર છે ૧૭૧૧
એમ ઉથાપન દરશનને કાજે આવે છે ભકત તે રસે ભર્યા
ઘસમસ્યા આવે મહાલતા વાહાલો સ્વરૂપાત્મિક રસે વર્યા ૧૭૨૧
આવી આવી બેસે આનંદસું પરમાનંદ સોહે મન મુંદા
કોઈ જલઘરા માહાં પેંડે થઈ બેઠક માંહાં જાએ છે સદા ૧૭૩૧
તેહને તે મન ઉલટ વાધ્યો મોદનું હું શું કહું
એ ઉઠતા પ્રિય પ્રથમ જોસે તેણે કરી મન સુખ લહું ૧૭૪૧
પ્રિય પોઢયા છે લાવન્ય ભરે અનુરકત કોઈ નિરખે સદા
એકાંત જાણી આવીયા છે ટેરા મધ્યે તે મન મુદા ૧૭૫૧
પ્રિય અવ્યકત પરમ રસાલ પોઢયા નિરખતા શોભા ઘણી
અંગ અંગ પરમ સુદેશ દિસે નીંદ્રા સહિત શોભા વણી ૧૭૬૧
એણી પેરે કો કો ભકત તે અનુરકત નિરખે હરખતા
પ્રિય પોઢયા છે જોઉં અંગ સુભગ તે સ્વરૂપાત્મિક મેહ વરખતા ૧૭૭૧
નીંદ્રાના શબ્દ સઘોર મીઠા દીઠા રૂકમણી લાલના
શ્રી અંગ રંગ ઉદ્યોત ઝલકે ચલકે ઝાતકાર ભાલના ૧૭૮૧
નીંદ્રા ભર્યા કરવટ તે લે છે સ્વરૂપ રસ સુખ શું કહું
અંગ અંગ શુભ્ર ઉદ્યોત રાજે જોત સ્નેહ સચીકણ લહું ૧૭૯૧
એ સ્વરૂપ નિરખતાં જાઉં વારી વલ્લભજી અંગ અંગ પ્રતે પ્રિય
આશિષ દેઉ સોહામણી મોહામણી છે રસ વૃતે ૧૮૦૧
લૌકિકને સંકોચથી તે બાહાજય કેહી પેરે કરું
પ્રિય અધર સ્પરસી શ્રી અંગ દરશી આશિષ દેઈ મનડું ભરું ૧૮૧૧
એમ પોઢીયા છે વિચિત્ર મિત્ર તે નિરખીયે નીંદ્રા ભર્યા
કો સમય તે જલપાન કરી ફરી પોઢે ભકતે ઉલટ ઘર્યા ૧૮૨૧
ત્યાંહાં ભકત ખવાસજી સોહાગીયા પંખા કરે આનંદ મુંદા
અનુરકત ભકત વાત્સલ્ય કરે ઉષ્ણકાલે પ્રિતમજીને સદા ૧૮૩૧
પંખા તણો પવન તે સોહતો મોહતો તે પ્રાણ નાથને
સિંઘદ્વાર બેઠા ભકત શીરોમણી ઉલટ છે સહુ સાથને ૧૮૪૧
ઉથાપન જોવા આનંદ ઘણો શ્રી મુખારવિંદ સોહામણું
આનંદ પરમાનંદ રાજે શ્રી વલ્લભ અંગ સોહામણું ૧૮૫૧
પોઢયા છે સુખનીધી નાહ મીઠો દિઠો ભકત પંખો કરે
વાહાલોજી તે ભર નીંદ્રા માંહાં છે ભકત શ્રી અંગ પર ચિત્ત ધરે ૧૮૬૧
હવે સ્વરૂપ વર્ણન કહું સુભગ પંખો તે કરતા નિરખે છે
નિરાવરણ છે ટેરા મધ્યે પ્રિતમને જોઈ હરખે છે ૧૮૭૧

શ્રી ચરણના તલીઆ તે નિરખે ઉજવલ સ્વેત સુંદર ઘણું
રેખા તે ચિત્ર વિચિત્ર જોતા મનડું નવ મટકે અણું ।૮૮।
વૈજણી રંગ ઉદ્યોત રાજ રેખાની જોત છે અભિનવી
જે સ્વપ્ન માંહા નયણે તે નિરખી રેખા એહવી કહી નવ હવી ।૮૯।
અંગુલીદલ નખમણી તે રાજે અંગુષ્ટ શોભા શી કહું
સ્વેત કાંતી નિરમલ જોત ઝલકે ચલક અભિનવી મન લહું ।૯૦।
નખ વિશાલ તે તેજોમઈ સચિકણ લાલ આભા ઘરે
તેહોના ઝાતકાર જોઉં સોહામણાં ચાક્ષચક્ષ નખમણી મન હરે ।૯૧।
શ્રી ચરણ પાટલી અભિનવી ઝલકે છે ઉતંગ સોહામણી
લાલીમાં સહિત બિરાજે છે સચિકણ સુભગ સોહામણી ।૯૨।
એડીની પાંહાંની ઢાંકણા ઝલકતા સુંદર તે દેખીએ
પ્રિય નિંદ્રા માંહા તે ચર્ણ ચાલે અવ્યકત મધુર રસ પેખીયે ।૯૩।
ત્યારે નખમણી ઉદ્યોત ઝલકે જોતની પરમિત નહી
તેહની ઝાંઈ ઝલમલતી તે માહાલે શ્રી ચરણાર્વિંદે સુભગ અહીં ।૯૪।
પ્રિય જાનુ ઝલકે શ્રી અંગ ચલકે ઘુંટણ પરમ સોહામણાં
વાહાલો નિંદ્રાભર કરવટસું પોઢયા છે પ્રાણવલ્લભજી મોહામણાં ।૯૫।
ધોતી ભિતરથી જંઘાતે ઝલકે ઘુંટણ લાંક વિચિત્ર છે
નિતંબે કાછ સુંદર ઘણુંશ્રી ગોકુલપતિ સુખ મિત્ર છે ।૯૬।
પ્રિય ઉગ્ર રસ માંહાં મધુર રાજે મધ્યસ્થલ કલાએ વિચિત્ર ભર્યું
તે પરમ મૃદુલ મોહામણું સોહામણું સ્વકિયે વર્યું ।૯૭।
ધોતી તણી ત્યાંહાં પાટલી સોહે જોત સુંદર ઘણું
પંખો તે કરતા ફર હરે ભકત નિરખે નવ મટકે અણું ।૯૮।
કટી તણો લાંકતે સુભગ સહતો મોહતો
..... ।૯૯।
ધોતી સંગ રંગ સદા અવ્યકત લહીયે કહીયે ઉદર સોહામણું
જગમગતી જોત ઝાતકારસું એ નિપટ મૃદુલ મોહામણું ।૧૦૦।
એહની ઝાંઈ સ્વેત આરકત રાજે શું કહું તે ઉદર તણું
ઉદ્યોત જોત તે ત્રપત્રપે સચિકણ છે તે ઉદર ઘણું ।૧૦૧।
આસપાસ રસતે ગંભીર ઘણું પસવાડા પીઠી તે અનુપ છે
પોઢયા છે આનંદ પ્રમોદસું પ્રિતમજી તે સુખરૂપ છે ।૧૦૨।
પંખો તે કરતા પીઠી નિરખે ત્યાંહાં મસતે અનુપમ રાજે છે
સુભગ ગોલ સુઠાણ તે દેખિયે પેખિયે સુખડા તે છાજે છે ।૧૦૩।
પ્રિય રૂદય માંહાં રસ પુર ભર્યું દુઃખ ચુર કરે સ્વકિય સાથનું
આનંદ મોદ પ્રમોદસું રૂદે છે ગુણ નીધિ નાથનું ।૧૦૪।
ત્યાંહા વાલ સુભગતે ફર હરે પંખા તણો પવન સોહે
ઉરોજ ઉતંગ કઠોર જોઈ સ્વકિય જનના મનતે અતિ મોહે ।૧૦૫।

ત્યાંહાં બીટડી અતિ રસ ભરી છે વાલ (વાર) સહિત તે દેખિયે
એ સ્વરૂપ પ્રબલ રસે ભર્યું પ્રિય પોઢયા છે નયણે તે પેખિયે ।૧૦૬।
ઝાતકાર ઝલમલતા તે દિસે ઉરોજ શોભા કેમ કહું
અહીં માલા જુથ વિચિત્ર લાગે પાગે રૂદે મન લહું ।૧૦૭।
હવે ખંભાની ચોરસ કહું સચિકણ સોહે અતિ ઘણું
તેહની ઝલક ચલક ઉદ્યોત જોત જગમગતી શું કહું તહે તણું ।૧૦૮।
ખંભા શુભ્ર સોહતા કોમલતા નિરવીધી સદા
પ્રિય બાંહે કોહોની રસ ભરી પોહોચલા જોઉં મનડું મુદા ।૧૦૯।
અંગુલી તે દલ મુદ્રિકા ચમકે દમકતી શોભા ઘરે
પ્રિય નિંદ્રાભરથી ઉસાસલે તેણે શ્રી અંગ રંગ શોભાએ ભરે ।૧૧૦।
નખચંદ્ર કિરણ શીતલ કરે કર કમલના સુખ પેખિયે
આરતી સહિત અભિલાખસું ભકત ભ્રમર થઈ રસ દેખિયે ।૧૧૧।
તે પાન કરી મન મત થાયે માધુર્યતાનું શું કહું
એણી પેરે તે કરકમલ નિરખ હરખું મકરકંદ તે લહું ।૧૧૨।
મરકંદ સિંધુ સૌરંભ તે ફેલ્યો છેલ્યો મોદ પ્રમોદસું
તે પાન કરતા મનડા રંજયા મંજયા ચિત્તતે મોદસું ।૧૧૩।
એહવા સુભગ સુખ કરતલ તણાં મધ્યરેખા વિચિત્ર વ્રજબાલ સોહે
એકએકથી સુંદર ઘણું અગુલી તણી રેખા મોહે ।૧૧૪।
પ્રિય નિંદ્રારસ માંહાં શ્રી અંગ ચાલે કરની લાવણ્ય શી કહું
આનંદ ભર્યા પ્રમોદસું પોઢયા છે સુખનીધી વર મન લહું ।૧૧૫।
હવે ગ્રીવા ગોલ સુઢાલ રાજે ઠોડી તણો રસ પુર છે
ઉનમત માંહાં રસ પુર છે અહી સ્વકીય સુરતિ રસ સુર છે ।૧૧૬।
સિંધદ્વાર લદાવે જે ભકત બેઠા સ્નેહસું અંતર રમણ કરે
આવ્યા છે પ્રિયનું ઉથાપન જોવા વલ્લભજીતે મન હરે ।૧૧૭।
પોઢયા છે સુખનિધી સેજડી ભકત પંખો કરે સુંદર સોહે
અંગ અંગતે અવિલોકે છે અધર જુએ મનડુ મોહે ।૧૧૮।
અધર તે નિરખે મન માંહા હરખે સ્પરસે સ્વકિય આરત ઘણી
વિકલકુંવર પોઢયા છે સુખસું સેજ શોભા અતિ બની ।૧૧૯।
ગલસ્થલ દિસે અતિ સકોમલ જગમગતા પરમ તે પ્રેષ્ઠ છે
ઝાતકારસું અતિ ઝલમલે ગલસ્થલ અવ્યકતતે શ્રેષ્ઠ છે ।૧૨૦।
એહનું રૂપ હું કેમ કહી કશું ગલસ્થલ મહા રસ ભોગ છે
તે સ્થલ તે પરમ રૂચીર મનોહર સ્વકિયનો અહીતે સંજોગ છે ।૧૨૧।
હવે કર્ણ કોમલ સુભગ સોહતા મોહતા દિસે પ્રસન્નતે
તેજ પુંજ અતિ ઝલકી રહયાં પોઢયા છે પ્રિય સુખ મનતે ।૧૨૨।
કોઈ સમય કર્ણે શોભિયે છે મુકતા પરમ ઉદ્યોત તે
ઝાતકારસું અતિ ઝલમલે દિસે સુંદર કર્ણની જોત તે ।૧૨૩।

નાસા તે સુભગ સોહામણી નિરખતાં મન આનંદ ઘણો
તેની કાંત સ્વેત ઉજવલ ઘણું રસ અનુપમ નાસા તણો ।૧૨૪।
હવે નેત્ર અધમેલીત નિંદ્રાભર વરૂણી ટોપચા દેખિયે
તે શોભા પરમ ઉદ્યોત આછી જોત રસ ભરી પેખિયે ।૧૨૫।
પ્રેમદાને નિરખે ફરી ફરી એહવા નેત્ર સુખદ સોહામણાં
અધમેલીત છે એ રંગ રાતા પ્રિય નેત્ર સ્વકીયને મોહામણાં ।૧૨૬।
એહનો રસ તે સ્નેહભાવ સુભગા જાણે અવર કો સમઝે નહી
અધમેલીત જોઈ મનડુ તે રંજે સ્વકિયે ચુંબન કર્યા અહીં ।૧૨૭।
વાહાલો નિંદ્રા ભરથી હરખીયા ન પલક તે પસારી રંગે
મુસકાઈને કરવટ તે લીધી કિધી ફરી નિંદ્રા અંગે ।૧૨૮।
એમ નેત્ર અધમેલીત બિરાજે પ્રિતમ પોઢયા રસ ભરે
અંગ અંગ પ્રતે અવિલોકીયે વાહાલોજી તે મનડુ હરે ।૧૨૯।
હવે બંક ભ્રકુટીનો લંક કહીયે સુભગ પરમ વરેસ છે
જાણે કમાણ્ય વત તે દેખિયે પાતલી તેજસું ઘરેસ છે ।૧૩૦।
જુજવે અંગે તે દેખીયે તે વિરલ ભ્રકુટી સોહામણી
શ્યામ સચિકણ અતિ અભિનવી એ ભ્રોંએ સહુને મોહામણી ।૧૩૧।
પ્રિય પોઢયા છે ભ્રગુટી તે નિરખું હરખ મન માયે નહી
શ્રી અંગ સુભગ સોહામણું નિરખીયે પ્રિય પ્રિતમ અહીં ।૧૩૨।
ઉતમ ભાલ વિશાલ આછું તે જોઈયે આનંદ મઈ
જગ મગતી જોત સોહામણી ચલકતુ તે સુંદર સહી ।૧૩૩।
ત્યાહાં સેર બે તિલક તણી અવિલોકીયે મનને ગમે
માંહે શ્યામ રેખા રસ ભરી તેહને જોઈ અને આરતિ સમે ।૧૩૪।
ઝાતકારસું અતિ ઝલમલે અનુરાગને રેખામલી
રેખા તે ભાલે બિરાજે છે તિલક મધ્યે એ અનુપમ મલી ।૧૩૫।
એમ પ્રિતમજીને ભાલે રાજે તિલક તે મોહામણું
નિંદ્રા ભરતે પોઢયા છે પેખું શ્રી અંગ સુખદ સોહામણું ।૧૩૬।
હવે કુંતલ દેખું નમી રહયા છે ભાલ ઉપર ઉદ્યોત કરે
એક એક પ્રતે શોભા ઘણી કુંતલ તે જોઉ મનડું હરે ।૧૩૭।
હવે કેશ કોમલ સુભગ છે તેહની કાંત શામ બિરાજે છે
સચિકણ તેજપુંજ ઝલહલે પાતલા સુભગતે છાજે છે ।૧૩૮।
જગમગતી જોત સોહામણી કેશ આભા તે અભિનવી લાગે છે
તે ભકત નિરખે પ્રમોદસું કેશને જોઈ મન પાગે છે ।૧૩૯।
ત્યાંહાં અંબોડો સોહામણો અતિ ઝલકતો પ્રિતમે ઘર્યો
તે પરમ સોહતો જોત મોહતો સ્વકિયને ભાવે ભર્યો ।૧૪૦।
એહવો અંબોડો રસ ભર્યો આનંદનો સાગર સદા
આનંદ તરંગ પ્રમોદ લહેરે પ્રિતમ પોંછે મન મુદા ।૧૪૧।

અવલા તે સવલા પેચ છે ઉપરેણા મધ્યે કેશ દેખિયે
તે શોભા પરમ સોહમણી પ્રિય રંગ અંગ સુખ પેખિયે ।૧૪૨।
અવિલોકીયે નખશીખ લગી ફરી નખથકી તે શીખલગી
અંગ અંગ રંગ અતિ સ્નેહ ભર્યા છે નિરખે સ્વકિયતે પ્રેમે પગી ।૧૪૩।
વાત્સલ્યસું કર ફેરીયો શ્રી અંગપર તે સુખદ ઘણું
ઉભય અંગે રોમોદગમ તે થાયે શું કહું તે સુખ તણું ।૧૪૪।
અંગ અંગ શીતલતા ઘણી તે આનંદ મઈ થર થરી બહુ
એણી પેરે સ્વકિયે ભાવાધીન થઈ કર ફેર્યો પ્રિય જાણે સહુ ।૧૪૫।
એમ પોઢયા છે નિંદ્રાતે ભર એ સ્વરૂપ રસિક રસે ભર્યું
તે વચને કેમ જાયે કહયું જે રસાત્મીક પ્રિય જોઈ કાજ સર્યું ।૧૪૬।
તેહના અંગ અંગ અવિલોકતા તે તૃપ્તિ કેમ અ ન પામીયે
શ્રી અંગ સુખદરસે ભર્યું તે જોઈ દુઃખડુ વામીયે ।૧૪૭।
પ્રિતમ પોઢયા છે મધ્યાન સમય એ લાવણ્ય હું કેહી પેરે કહું
અંગ અંગ ઝલકે નીંદ્રાભરથી એ રસ મધુરા તે મન લહું ।૧૪૮।
એક એક અંગ અવિલોકતા લપટી રહયું મન મગ્નસું
તે પાન કરે સાદર મને ચિત્ત સ્નેહ સંવલીત લગ્નસું ।૧૪૯।
એ સ્વાદ મધુર અવ્યકત રસ તે વચને કેમ જાયે કહયો
શ્રી અંગ સ્વરૂપ રસ માધુરી તે રસ અનુભવે જાયે લહયો ।૧૫૦।
મન પંગ થઈ અને પાન કરે એ સ્વરૂપ રસ સુખદ સુંદર ઘણું
અવિલોકીને અવિલોકીયે ફરી ફરી શું કહું પ્રિતમ તણું ।૧૫૧।
એહોના અંગ માંહાં મન મગ્ન થઈ અને લગ્નતાસું મલી રહે
તે શીતલતા સ્વકિય મન જાણી અન્ય કોઈ નવી લહે ।૧૫૨।
એ સ્વરૂપ રસ સુખ ખાંણ છે મારૂં ધનતે પ્રિય રસ પાન છે
અખુટ અથાહ રસ સિંધુ ભર્યો પ્રિતમજીનું આપ્યું મારે દાન છે ।૧૫૩।
તે દાન લેઈ મેં પાન કિધું બહુ લહેરો એ સ્વરૂપના રૂપનું
ભાવ તરંગ ત્યાંહાં ઉછલીત થયા અંગ અવિલોકીયે પ્રિય ભુપનું ।૧૫૪।
મધ્યાન સમય એમ પોઢયા છે વલ્લભજી તે આનંદ મુદા
નિંદ્રા સહિત પ્રિય પેખીયે દેખીયે શ્રી અંગ સકોમલ મન સદા ।૧૫૫।
એ સ્વરૂપનો ઉદ્બોધ મન માંહાં મન તાં એ પાગ્યું રહે
એકાદસે ઈંદ્રી નિરોધસું ચિત્ત પ્રિતમ પર લાગ્યુ રહે ।૧૫૬।
એણી પેરે પ્રિયનું મુખ નિરખતા હરખતા રોમોદગમ અંગે
સાત્વિક ભાવે ભરી આવે છે ભકત નયણે આંસુ રંગ સંગે ।૧૫૭।
એમ દેહની તે સુરતિ નહી અનુરકત ભકત પ્રિયને જોતાં
સુખનિધી પોઢયા છે અવ્યકત રૂપ અનુપતે સુભગા સોહતા ।૧૫૮।
એમ નિંદ્રા સંગ કેલી વિલાસ કરી વાહાલો જાગ્યા છે આરતિ ભરે
સિંઘદ્વાર લદાવે જે ભકત બેઠા છે તેહોનું તે પ્રિતમ ચિત્ત હરે ।૧૫૯।

જે ભકત પરમ સોહાગીયા પાગીયા પ્રિય સુખને રંગે
તેહો તણાં ભાવ અંગી કરે વાહાલો પોઢયા છે તે શિથલ અંગે ૧૧૬૦૧
પ્રિતમજી તે જાગ્યા છે આનંદ મઈ પણ અંગ રંગે આલસ લસે
એહવુ સ્વરૂપ નિરખે ભકત રસિલા વસિલા તે મન માંહાં હસે ૧૧૬૧૧
તે રસ તે વચને કેમ કહું અતિ અથાહ નવી જાયે કહયો
પોઢયા છે અંગ અંગ સિથલતાસું પ્રિય જાગે છે મન માંહાં લહો ૧૧૬૨૧
નિંદ્રા તે ભરથી જાગ્યા છે તેણે શિથલતા આલસ સોહે
વાહાલો વચન સુભગ તે અલ્પ બોલે તે સાંભલીને ભકત મોહે ૧૧૬૩૧
આવી બેઠા છે સિંઘદ્વાર લદાવે ઉથાપને પ્રિયજીને નિરખસે
જેહને જેહવું દાન છે તે તેહવે સ્વરૂપ જોઈ હરખસે ૧૧૬૪૧
એમ ભકત રસિક શિરોમણી બેઠા છે ભર આનંદ મુદા
ભાવે તે પુરા સ્નેહ સુરા કરે અંતર રમણ પ્રિય સંગ સદા ૧૧૬૫૧
દાતા ભોકતા તણું મન લહે બીજુ તે કોઈ પ્રીછે નહી
એ ભાવ માહા રસ ગુપ્ત છે પ્રિય સંગ ભકત બેઠા અહીં ૧૧૬૬૧
તે શોભા કેહી પેરે લખાયે લેખન માંહાં તેમ કરી
એહવી રસાત્મિક રસોમઈ જે શ્રૃષ્ટિ પ્રિતમજીએ વરી ૧૧૬૭૧
અસંખ્યાત કેમ જાયે કહી એક એકથી અગ્રણી સોહે
જે શ્રૃષ્ટિ ભાવાપન બિરાજે તેહને જોઈ સહુકો મોહે ૧૧૬૮૧
એમ ભાગ્ય સોહાગ બલે કરી બેઠા સિંઘદ્વાર લદાવ રાજે
એણે માંડવે શોભા ઘણી ભાવ સિંધુ તરંગ ઉપટયા છાજે ૧૧૬૯૧
તે રસે રેલે ભાવ છેલે પુર સુરત્વે સદા
એહવો માંડવો પ્રિતમ તણો ભરીયો છે રંગ ગેહેરે મુદા ૧૧૭૦૧
તે માંહે મનડુ મગ્ન થાએ લગ્નતા કેહી પેરે કહું
પ્રિય પ્રિતમને માંડવે બેઠા ઉલટ આનંદ અતિ લહું ૧૧૭૧૧
જલહલતી જોત ઉદ્યોત આવી એણે માંડવે સેવા કરે
એમ ભકત સુભગ સોહામણા માંડવે પ્રિયનું મન હરે ૧૧૭૨૧
હવે આગલનો પ્રસંગ સુદેશ એ માંગલ્ય ત્રીજા માંહાં કહું
એ માંગલ્ય બે થયા આગમના ભકત આવ્યા છે ઉથાપન મન લહું૧૧૭૩૧
આવી બેઠા છે સિંઘદ્વાર લદાવે તે ભાવે પુરા રમણ કરે
તેહોમતણી આરત જાણીને પ્રિતમજી જાગ્યા અહીં ચિત્ત ધરે ૧૧૭૪૧

ઈતિશ્રી માંગલ્ય ૨૮ મું સંપૂર્ણમ્ । સમાપ્તમ્ ।

હવે માંગલ્ય ૨૯ મું લખીયે છે

શ્રી શ્રી શ્રી શ્રી શ્રી

માંગલ્ય - ૨૯

શ્રી શ્રી ગોકુલેશો જય જયતિ

એ માંગલ્ય ઓગણત્રીસમું લખીયે છે. પંચ વરણીને પંચ કલ્યાણી, પંચ દેશથી તે જે આવી.
એણી જાતે ગવાશે.

પાછલે માંગલ્યે ભગવદી સાર આવ્યા ઉત્થાપન જોવા અપાર ।૧।
સિંધ દ્વાર લદાવ ભરી બેઠા તે પ્રિતમજીના ઉરમાંહાં પેઠા ।૨।
શ્રૃંગાર વિચિત્ર રસ રાસ કર્યા છે ભકતે પ્રિય સુખ આશ ।૩।
તે અવ્યકત મનોહર રૂપ એહોના ભોગી વલ્લભજી અનુપ ।૪।
ભકત ભાવ અપરમિત રાજે પ્રિતમ તણે રસે મન ગાજે ।૫।
બેઠા અંતર રમણ સુખકારી કરે વાહાલાજી સંગ અતિ ભારી ।૬।
એણે તે રસે ઉદ્‌બોધ અવ્યકત બેઠા ઘણી તણે માંડવે ભકત ।૭।
શોભા આધિદૈવીક રહી લાજી ભકત બેઠા છે પ્રિય સુખે ગાજી ।૮।
એ શોભા અલૌકિક કેમ કહીયે પ્રિય પ્રિતમને માંડવે એમ લહીયે ।૯।
ભકતના ચમકતા મુખ દિસે અંગે ભગવદ તેજ જોઈ મન હિસે ।૧૦।
એમ આવ્યા છે ઉત્થાપન જોવા વ્હાલાજીને અંગ અંગે મોહવા ।૧૧।
પ્રિય પોઢયા છે બેઠા જયાંહાં ભકત ભાગ્યવાન કાંઈ ત્યાંહાં ।૧૨।
તે સ્વરૂપ પ્રિતમ તણુ નિરખે ટેરા મધ્યે પ્રિય સુખ વરખે ।૧૩।
વ્હાલો જાગ્યા છે રસ ભર મન ભકત અવિલોકે જાણે રસ ઘન ।૧૪।
સુખ સાંપ્રત્ય રિધ્ધ સિધ્ધ પ્રિય અંગે મહાનીધિ વરને નિરખે છે રંગે ।૧૫।
એમ ભકત સોહાગ બલે પુરા કોઈ કોઈ આવે જલઘર પેડે સુરા ।૧૬।
તેહને મોદ ઉલટે છે અપાર ફુલ ઉછાહ અનોપમ સાર ।૧૭।
મન આનંદ પરમાનંદ વાધ્યો તેહને સ્નેહ પ્રિતમ સંગસાધ્યો ।૧૮।
એમ ભકત તે ટેરા મધ્યે આવ્યા જાણે મહાનિધિ રસ સુખ ફાવ્યા ।૧૯।
અવિલોકે પ્રિતમજીનું રૂપ પોઢયા છે વહાલોજી અનુપ ।૨૦।
પ્રિય જાગે છે ભકત હેતકારી નિરખતા શ્રેષ્ઠ સુખ ભારી ।૨૧।
જે કો લદાવ ઘર પેડે થઈ આવ્યા તે વલ્લભજીને મન અતિ ભાવ્યા ।૨૨।
પ્રિય પ્રેષ્ઠને દંડવત કરતા ભકત આવ્યા છે શ્રી અંગે સુખ ભરતા ।૨૩।
સ્નેહ ભર્યા ભકત વારણાં લે રંગે શીષે કર ચટકે છે તે સંગે ।૨૪।
આંતરીક રસે રસ જુકત અનુરકત આશિષ દે ઉકત ।૨૫।
તે આશિષ મહા રસ તણી રેલ સ્વકિય બોલે જાણે અમૃત વેલ ।૨૬।
એહોના ભાવ સુણી વહાલો રીઝે તેણે કરી કાજ ભકતના સીઝે ।૨૭।
તેહનો વિસ્તાર કહયો કેમ જાયે જે જે ઉભય સ્વઢપે સુખ થાયે ।૨૮।
દાતા ભોકતા લહે છે સુખ સાર રસ ભાવ સોહે છે અપાર ।૨૯।
તેણે અંગ અંગે ઉદબોધ ભારી કામ કેલી કરે પ્રિય સુખકારી ।૩૦।
એણી પેરે ભકત ટેરા મધ્યે રાજે પ્રિય પ્રેષ્ઠને અંગ સુખે ગાજે ।૩૧।

વ્હાલો બોલે કાંઈ મધુરી તે વાણી	ભગવદી તણાં ભાવ તે જાણી	૧૩૨૧
જેહના મનમાં છે જેહવું સ્વરૂપ	તેહને તેહવું દાન દે છે અનુપ	૧૩૩૧
એમ વચનામૃત તે પ્રિય પોષે	ભાવ સમાન જોઈ અને સંતોષે	૧૩૪૧
એહવો પ્રિતમ વિચિત્ર રસાલ	સોહે છે શ્રી રૂકમણી લાલ	૧૩૫૧
તે પરમ લડે તો અપાર	શ્રી વલ્લભજી સોહે સુખ સાર	૧૩૬૧
એ સ્વરૂપનું સુખ શું શું કહીયે	એક અંગ માંહાં મગ્ન થઈ રહીયે	૧૩૭૧
તો સકલ શ્રી અંગ કેમ પેખું	જેમ નેત્ર મન અઘાઈ પ્રિય દેખું	૧૩૮૧
મુખડું અવિલોકીયે રંગે	શ્રી અંગની આરત છે સંગે	૧૩૯૧
ત્યારે મનડું એણીપેરે ઈચ્છે	સ્નેહભાવ સહિત સુખ પ્રિછે	૧૪૦૧
જેણે નેત્ર બહુ કાં ન સરજયા	પણ શ્રી અંગની આરતે તે વરજયા	૧૪૧૧
બહુ નેત્ર જો સરજત રંગે	તો આરતિ નવી હોતી સંગે	૧૪૨૧
એહવા વચન વાહાલો કહે સાર	પણ સાંભલો પ્રિતમ અપાર	૧૪૩૧
બે નેત્રે અમો શું શું નિરખું	એક અંગમાં નિમગ્ન થઈ હરખું	૧૪૪૧
તો અંગ પ્રતિ અંગ કેમ દેખું	જેણે કરી ભાગ્ય લેખુ	૧૪૫૧
એક અંગને નિરખું રસ રાસ	બીજા અંગની આરત પાસ	૧૪૬૧
તો અંગ અંગ કેહી પેરે જોઉં	જેણે કરી સર્વાંગે મોહુ	૧૪૭૧
તેણે મનડુ તે કયેમેન અઘાય	શ્રી અંગના સુખ મન ભાય	૧૪૮૧
એણી પેરે ટેરા મધ્યે ભકત	પ્રિય નિરખે છે પરમ અવ્યકત	૧૪૯૧
આવ્યા જલધર પેડે સુદેશ	તેણે નિરખ્યા એમ પ્રાણ વરેશ	૧૫૦૧
તેહોના ભાગ્ય તણું કેમ કહીયે	વાહાલોજી સેજયા પર લહીયે	૧૫૧૧
હવે ઉઠશે સુખ નીધિ રંગે	બહાર આહાટ સુણ્યો ભકતે સંગે	૧૫૨૧
જે કો લદાવ ને સિંઘદ્વાર રાજે	જોવા આવ્યા છે ઉથાપન કાજે	૧૫૩૧
તે સહુ હલફલી ઉભો થયો સાથ	નિરખવા શ્રી ગોકુલનાથ	૧૫૪૧
આરતિ ચિત્ત લગ્ન તે દિસે	પ્રિયને જોવા મન હિસે	૧૫૫૧
અંગ અંગ પ્રત્યે ફુલ છે ભારી	ભકત ઉભા છે દ્વાર સુખકારી	૧૫૬૧
એમ ઘણી તણે માંડવે રાજે	ફુલ્યો ફલ્યો છે અપરમિત છાજે	૧૫૭૧
તે હિલોર લે અમોલક ઉકત	ભકત ફુલ્યા છે ભાવ રસ જુકત	૧૫૮૧
પ્રિયને જોવા આતુર ચિત્ત થાયે	તેણે સ્નેહ તપ્ત અંગ અંગ ભાએ	૧૫૯૧
ક્ષણું સતજુગ સમાન તે લહે છે	અંગ અંગ બહુ આરત વહે છે	૧૬૦૧
જે જે અંગને અભિલાખા જેહ	તે આરત વંત થયા બહુ એહ	૧૬૧૧
તેહનો રસ તે જુજુવી ભાંતેરા જે	એક એકથી સર્વોપર છાજે	૧૬૨૧
નેત્ર જોવા કારણ અકુલાય	એમ સર્વાંગે અવસ્થા તે થાય	૧૬૩૧
દેહ સંધાન નવી રહયુ મન	આપ્યુ છે પ્રિતમજીને તન	૧૬૪૧
તેણે આતુર ચિત્ત મન લગ્ન	એહ સ્વરૂપના અંગ અંગ માંહા છે મગ્ન	૧૬૫૧
કોહાના ફરકે છે અંગ અંગ ઉકત	જે માંહાં ભરી છે રસ તણી જુકત	૧૬૬૧
એમ ભકત મનોરથે પુરા	દ્વારે લાગીને ઉભા છે શુરા	૧૬૭૧
ઘણું તૃષિત આનંદ રસ ભકત	પ્રિય પ્રેષ્ઠના સ્વરૂપને અનુરકત	૧૬૮૧

પ્રિતમ તણાં રૂપને મન રંજુ લાવણ્યા શોભા ભરી એ તે મંજુ ૧૬૯૧
એમ ઉથાપન જોવા સુદેશ ભક્ત આવ્યા છે તે પરમ વરેશ ૧૭૦૧
કોઈ ચકિત થકિત થઈ રહે છે હવે સમય થયો કોઈ કહે છે ૧૭૧૧
કોહોને અંગે તે ચટપટી થાએ પ્રિય જોવાને ઉલટ ઉમાહે ૧૭૨૧
કોઈ એક ટક ચિત્ત રહયા લાગી શ્રવણ દઈ પ્રિતમ કને પાગી ૧૭૩૧
ભિતરનો આહાટ સુણે રંગે વાહાલો પ્રમોદે આલસ મોડે અંગે ૧૭૪૧
કર ચટકયા તે સિંઘદ્વાર સુણીયા ભક્તે જૈ જૈ કાર અહીં ભણીયા ૧૭૫૧
આશિષ દિધી રસ ભરી ઉકત તે જાણે છે સ્નેહ તણી જુકત ૧૭૬૧
તે પરમ પ્રસન્ન મન દિસે એહોના ભાવને જોઈ ચિત્ત હિસે ૧૭૭૧
એક ચકોરની પેરે નિહાલે દ્વાર ઉઘાડવા સમય ભાલે ૧૭૮૧
એમ સિંઘદ્વાર રસ તણી રેલ પ્રિય અંગ અંગ માંહા છે મોહનવેલ ૧૭૯૧
તેહોને નિરખશે ભક્ત સોહાગી પ્રિતમજીને અંગ અંગે પાગી ૧૮૦૧
એમ તત્પર ભગવદી ઉભા શ્રી વલ્લભજીને રસ સુખે લોભા ૧૮૧૧
ભિતર બાહેર આહાટ બહુ થાયે તે વાહાલાજીને ઘણું સોહાયે ૧૮૨૧
વ્રજ યુવતિના ભુષણ ખલકે તેણે પ્રિય અંગે અનંગ તે ચલકે ૧૮૩૧
મનોરથ સિંધુ અતિ પુર ભાવ તરંગ ઉપટયા રસ સુર ૧૮૪૧
ઉભય સ્વરૂપે સુંદર રસ રાજે આશા અભિલાખ સહિત તે છાજે ૧૮૫૧
એમ આરતી તૃષિતવંત ભક્ત લોચે છે મન ભક્ત અનુરકત ૧૮૬૧
પ્રિતમ તણાં શ્રી અંગની આશ મિત્ર વિચિત્ર ભર્યો રસ રાશ ૧૮૭૧
તે રસ પાન ને અકુલાએ ભક્તને તે અવસ્થા બહુ થાએ ૧૮૮૧
અંગ અંગ પ્રતે અભિનવી દિસે તે અવસ્થા જોઈ મન હિસે ૧૮૯૧
મોદ આતુર થઈ કોઈ વિલસે ભાવ અપરંપાર તે હુલસે ૧૯૦૧
સ્વઢપાત્મિક શ્રષ્ટિ રસાલી ઉથાપન જોવા આવી છે મેં ભાલી ૧૯૧૧
તેહોના ભાગ્ય તણું કેમ કહીયે પ્રિતમજીની કૃપા બલે લહીયે ૧૯૨૧
એહવા ભાવે ભર્યા ભક્ત તે રાજે અંગ અંગ માહાં સ્નેહ રસ સાજે ૧૯૩૧
તેહનું રૂપ કહયું કેમ જાયે સ્નેહ તપ્ત આરત તે લહેવાયે ૧૯૪૧
એ સ્વરૂપે સંવલિત છે ભક્ત સમય થયો તે લહે અનુરકત ૧૯૫૧
કોહના ચિત્ત પ્રિય અંગી તે કિધા અસંક્ષિપત દાન તે દિધા ૧૯૬૧
એમ ચરિત્ર કરે મીઠો રંગે ભક્ત તણી આરતી જાણે સંગે ૧૯૭૧
એહવો વિઠલજી તણો લાલ સ્વકિય સંગ કરે બહુ ખ્યાલ ૧૯૮૧
પાર્વતી પતિ છે રસિલો અંગ આરતી ચુરે વસિલો ૧૯૯૧
એહવો વલ્લભજી સુખદાઈ તે ભક્તને મન અતિ ભાયી ૧૧૦૦૧
જેહને જોવાને ચિત્ત બહુ લોચે ઉમહી ભર્યા ભક્ત તે સોચે ૧૧૦૧૧
હવે આરતીવંત વરેશ પ્રિય ઉઠે રસ ભક્તને નરેશ ૧૧૦૨૧
આલસ જુત શ્રી અંગ તે રાજે ઘુઘરટયા અણીયાલા નેત્ર સુખ છાજે ૧૧૦૩૧
એમ ઉઠી સેજ પર પ્રિય બેઠા ભક્ત ઉભા છે તેહને ઉર પેઠા ૧૧૦૪૧
મધુરે સ્વરે ઓચરે તે એમ પોતા તણું નામ સોહે જેમ ૧૧૦૫૧

શ્રી ગોકુલાધીશ કહી એમ ભાખે	નાભી કમલથી સ્વર સુખ દાખે	૧૦૬૬
તેહને કોએન જાણે તે મર્મ	એમ વચન બોલે પ્રિય ગર્ભ	૧૦૭૭
જેકો ભાવાપન રસ રૂપ	તે સમુજે એ વચન અનુપ	૧૦૮૮
તે વાણીએ કેમ કહેવાયે	દિઠે દાનપાન સુખ અતિ થાયે	૧૦૯૯
એ સ્વરૂપ અવ્યકત રસિલું	નિરખે ભકત પરમ હસિલું	૧૧૦૦
સેજ બેઠા છે સુંદર લાગે	વાહાલાજીને અંગ સંગે મન પાગે	૧૧૧૧
ભકત ઉભા છે દ્વાર રસિલા	લાવ્યા છે અંગ ભેટ હસિલા	૧૧૨૨
હવે તેહોની આરતી ચિત્ત જાણી	વ્હાલો ઓચર્યા ભાવ મન આણી	૧૧૩૩
ત્યારે ભાગ્યવાન જે છે ખવાસ	ટેરો ખોલી પુરે પ્રિય તણી આશ	૧૧૪૪
ઝાતકારે કોટીશ કોટી રૂપ	આવી પ્રગટ થયો તે અનુપ	૧૧૫૫
તે મનોરથસું એમ ઈચ્છે	શ્રી અંગ સુખદ ભાવ પ્રિછે	૧૧૬૬
તેહને મન અતિ અભિનવો રંગ	જો થાયે વલ્લભજીનો સંગ	૧૧૭૭
વરણ ભેદસુ અંગી પ્રિય કરીયાં	ઝાતકારને અભય સુખે ભરીયાં	૧૧૮૮
એમ ટેરો ખોલ્યો સુખકારી	શ્રી અંગના રસ સુખ ભારી	૧૧૯૯
એણે પેરે પ્રિય સેજયા પર રાજે	મ્હારો વ્હાલો રસભર છાજે	૧૨૦૦
હવે રસ દ્વાર ખોલે છે ભકત	મોદ પ્રમોદસું પરમ અવ્યકત	૧૨૧૧
અહી ભીડ તણું નહી માન	દ્વાર ખોલ્યા કરે સુખ પાન	૧૨૨૨
ડયોઢી મધ્યે એણીપેરે ચાલે	કોઈ પગ ભોંએ નવી મુકે મ્હાલે	૧૨૩૩
એમ પુર ચઢયા મહાસુર સોહે	આનંદ સિંધુ ઉપટયા તે મોહે	૧૨૪૪
તેહોના તરંગ ઉછ્લીત અવ્યકત	એણી પેરે આવ્યા નિજ ભકત	૧૨૫૫
તે આંગણ મધ્યે ચાલે છે શુરા	સોહાગ બલે રસ સુખે પુરા	૧૨૬૬
એક એકની આગળ થાએ	પ્રિય જોવાને ઘસમસ્યા જાએ	૧૨૭૭
એમ અવિલોકયું શ્રીમુખ સાર	દંડવત કરી ઓચર્યા અપાર	૧૨૮૮
સહુ જૈ જૈકાર શબ્દ ધુની બોલે	કોઈ વારણા લે છે પ્રિત ખોલે	૧૨૯૯
કોઈ આશિષ દે સુખ નિતે	વ્હાલો બેઠા છે સેજ પર પ્રિતે	૧૩૦૦
એણી પેરે પ્રિય તણું સુખ નિરખ્યું	મનડું તે અપરમિત હરખ્યું	૧૩૧૧
જેણે ભાવે જે ભકત અહીં આવ્યા	તે તે વાહાલે લહયા મન માંહે ભાવ્યા	૧૩૨૨
પ્રિય અવિલોકની અદ્‌ભુત દિસે	નેત્ર ઘુંઘરટયા જોઈ મન હિસે	૧૩૩૩
પ્રિતમ પહોંચલે નેત્ર મીડે સાર	તેહની શોભાતે અપરંપાર	૧૩૪૪
ત્યારે મુદ્રિકા નંગ અતિ ચલકે	શ્રી અંગે અનુરાગ રસ ઝલકે	૧૩૫૫
તેહની વરષ સ્નેહવાન જાણે	સ્વઢપાત્મિક થઈ અને વખાણે	૧૩૬૬
ભકત ક્રમ ક્રમ ઘસમસ્યા આવે	ડયોઢી મધ્યે ભીડ અતિ ભાવે	૧૩૭૭
એમ જે જેમ આવતા જાએ	પ્રિતમજીને જોઈ ઉમાએ	૧૩૮૮
વાહાલો સેજ પર સોહે છે અનુપ	ભકત નિરખે અવ્યકત સુખરૂપ	૧૩૯૯
કોઈ આલીંગે છે પરમ પ્રમોદ	કોઈ વાત્સલ્યે પ્રિયને લે ગોદે	૧૪૦૦
કોઈ ચુંબન ચારૂ રસિલા	કરે છે તે ભકત હસિલા	૧૪૧૧
નિજ નાહને નિરખે છે રંગ	અવિલોકે પ્રિતમજી તે સંગ	૧૪૨૨

ત્યારે સ્વકિય તણાં રોમરોમ હરખે	અંગ અંગમાં સુખ વરખે	૧૪૩૧
તે અનુરકત ભકત લહે સાર	પ્રિય અવિલોકની અપરંપાર	૧૪૪૧
ભકત સોહાગને રસ ભર ઉભા	જોયુ ઉથાપન દર્શનને લોભ્યા	૧૪૫૧
ભાવે ભર્યા ચિત્ર લખ્યાસા દિસે	નેત્ર કરૂણાભર જોઈ પ્રિય હિસે	૧૪૬૧
તે માંહાં અનુરાગ રસ ભર્યો રાજે	જાણે પ્રિય તણો સુખ સિંધુ છાજે	૧૪૭૧
ઉપટી ચાલે રસ ભર રંગે	નેત્ર તરંગ સોહે પ્રિય સંગે	૧૪૮૧
તેહની શોભા દિસે માહા રસ ઉકત	એમ ચિત્તવે પરસ્પરે જુકત	૧૪૯૧
અતિ રસ ભર પુરણ કામ	શ્રી વલ્લભજી સુખદ રસ નામ	૧૫૦૧
તેહને ભગવદી એણી પેરે નિરખે	સ્નેહ વાત્સલ્યસું પ્રિતે ભર્યા હરખે	૧૫૧૧
કોઈ અંગ અંગ પ્રિય પર વારે	આનંદ પ્રમોદ ચિત્ત ધારે	૧૫૨૧
કોઈ તન તણાં તાપ નસાવે	કોઈ પ્રિતમ અંગે કામ વસાવે	૧૫૩૧
કોઈએ સ્વરૂપને જોઈ મન રંજે	કોઈ અધર કાંત તેજ પુંજ ઝલકે	૧૫૪૧
કોઈ પ્રિય પર મહા રસ મગ્ન	સ્નેહ સંયુકત ચિત્ત અતિ લગ્ન	૧૫૫૧
કોહોને દેહ તણી નહી તે સંભાલ	ઉથાપન જુએ છે બાલ	૧૫૬૧
પ્રિય પ્રિતમ સેજ પર રાજે	ભકત નિરખે અવ્યકત સુખ છાજે	૧૫૭૧
એમ જે જે ઘસમસ્યું આવે	દ્વાર ખોલ્યા ઉથાપને ભાવે	૧૫૮૧
પ્રિતમ અંગ અવિલોકે રીઝે	ઉભય સ્વઢપે કાજ રસ સીઝે	૧૫૯૧
તેણે કરી અંગ અંગ અતિ ઝલકે	શ્રી અંગ સંગ રંગ રસ ચલકે	૧૬૦૧
અહી વાહાલોજી બેઠા તે દિસે	ભોમ સેજયા પર જોઈ મન હિસે	૧૬૧૧
દક્ષણ દિશે શ્રી મુખ રાજે	અંગ આલસજુત પ્રિય ભ્રાજે	૧૬૨૧
અહીં જંભાઈ વલ્લભજીને આવે	મુખ વિકસીત કરે ભકત ભાવે	૧૬૩૧
ત્યારે લાલીમાં દિસે તે ગહેરી	શ્રીમુખ મધ્યે મહારસ લહેરી	૧૬૪૧
તેહનું છે અવ્યકત સ્વરૂપ	લાલ ઝાઈ ઝલમલતી અનુપ	૧૬૫૧
જીભ્યા મૃદુલ સુંદર સર્વત્ર	એહવું મુખડું તે કહી ન અન્યત્ર	૧૬૬૧
પ્રિયને જંભાઈ આવે ભકત નિરખે	વાહાલો ઉલટો કર શ્રીમુખ પર દેઈ હરખે	૧૬૭૧
કર કમલ શ્રવત દિસે ભારી	ત્યારે ભકત ચુટકી દે સુખકારી	૧૬૮૧
ચુટકી તણા શબ્દ સોહતા	ભકત વજાડે છે સ્નેહ રસ માતા	૧૬૯૧
તે સુણતા મહા સુખ થાએ	શ્રી અંગ અંગ પ્રત્યે એ રસ ભાયે	૧૭૦૧
એમ જંભાઈ આવી રહી જયારે	વાહાલે કર્ણે કર સ્પર્શીયો ત્યારે	૧૭૧૧
સહુ આશિષ બોલે છે રંગે	શ્રી અંગ રંગ સુખ થાએ સંગે	૧૭૨૧
કોઈ કહે છે ઉગ્ર રસ ભોગી	શ્રી વલ્લભજી સદા છે સંયોગી	૧૭૩૧
કોઈ કહે વિઠલજી તણો લાલ	સ્નેહ સુરત્વે જુએ વ્રજબાલ	૧૭૪૧
પ્રિયના અંગ અંગ પરમ હસિલા	નેત્ર ચપલ અરૂણ છે રસિલા	૧૭૫૧
અવિલોકની સુંદર સોહે	સ્વકિય વૃંદ ઉભા સહુ મોહે	૧૭૬૧
કોઈ કહે છે ગુણ નીધિ નાહ	આપ્યુ દર્શન ટાલી મન દાહ	૧૭૭૧
પરિતાપ હારક કોઈ કહે છે	પોતા તણો મિત્ર તે લહે છે	૧૭૮૧
જે જે જેણી આરત ભર્યા આવ્યા	વ્હાલાજીએ દાન દિધા તે ફાવ્યા	૧૭૯૧

પ્રિય આરત હરણ માહારાજ	અંગ અંગે ભર્યો સ્નેહ તણો સાજ	।૧૮૦।
એમ ઉથાપન દર્શન મીઠું	વ્હાલો સેજ સુખ દીઠું	।૧૮૧।
એક ટક થઈ શ્રી મુખ નિરખે	કોઈ શ્રી અંગે ચિન્હ જોઈ હરખે	।૧૮૨।
ટપ્કા વરસે રસપુર	જોઈ દુઃખડા કરે સહુ ચુર	।૧૮૩।
કોઈ ચિન્હ નિરખી પ્રિયને ત્યાં હટકે	વાહાલો ઢંકે ઉપરણા માંહાં લટકે	।૧૮૪।
લઘુ લાઘવે કોઈ ન જાણે	એમ સુભગાની સુરતિ તે આણે	।૧૮૫।
મુસકાઈ કરે રસપાન	તાદાત્મિક થઈ કરે પ્રિય માન	।૧૮૬।
તે પ્રવિણ સ્વકિય મન લહે છે	પાસે ઉભા સુજાતિ તેહને કહે છે	।૧૮૭।
શ્રી અંગ શોભા પરમ નવિન	સેજે બેઠા છે વલ્લભજી પ્રવિણ	।૧૮૮।
ભકત સમાજ નિરખે રંગ રાતા	પ્રિતમજીને ઘણું તે સોહાતા	।૧૮૯।
અહીં કોઈ સમય વ્હાલો જલપાન	કરે છે માહા સુખદાન	।૧૯૦।
શ્રી કર મધ્યે ગડુઓ તે રાજે	શ્રી મુખ ઉચુ કરે સુખ છાજે	।૧૯૧।
મુખ વિકસીત કર્યું રસ રેલ	ધાર પડે જાણે મોહનવેલ	।૧૯૨।
તે પાતલી સુભગ સોહાતી	ધાર વિચિત્ર પરમ મોહાતી	।૧૯૩।
એમ રહી રહી લાડ લડે તો	કરે જલપાન પ્રિય સુખ દેતો	।૧૯૪।
તે લાવણ્ય કહી કેમ જાયે	નિરખતા શાંતા બહુ થાય	।૧૯૫।
ત્યારે પહોંચલા સુભગ સુદેશ	સંગ મુદ્રિકા ઝલકે રસ વેસ	।૧૯૬।
એમ જલપાન કર્યા પ્રિય રંગે	આપ્યો ગડુઓ ખવાસ કર સંગે	।૧૯૭।
વ્હાલો અંગુલીદલ નેત્ર પર ફેરે	જાણે સ્વકિય વૃંદ તણાં ભાવ ઘેરે	।૧૯૮।
શીતલ કારક રસ લહીને	ભર્યા સંવલિત એમ કહીને	।૧૯૯।
કરે વાત્સલ્યે એણી પેરે એમ	અંગુલીદલ નેત્રે તે નેમ	।૨૦૦।
જલપાન કિધા પુઠી એમ સોહે	એ શોભા જોઈ ભકત સહુ મોહે	।૨૦૧।
હવે કોઈ સમય અહીંયા તે વ્હાલો	બીડું આરોગતા પ્રિય સુખ નિહાલો	।૨૦૨।
બીડું શ્રીકર ચાંપુએ લીધુ	એ શોભા જોઈ મનડુ તે ગીધુ	।૨૦૩।
ટચી આંગલી ઉંચી તે રાખે	મુખ વિકસીત કરી માંહે નાખે	।૨૦૪।
તે શોભા કાંઈ અભિનવી દિસે	શ્રી મુખાર્વિંદ જોઈ મન હિસે	।૨૦૫।
ચુનો બરાસ લીધુ વાહાલો રંગે	સુવાસ ફેલ્યો સહુ સંગે	।૨૦૬।
અધરે લાલીમાં રસ રંજે	મૃદુલ તેજ ઝલકે તેજ પુંજે	।૨૦૭।
એમ સેજડી બેઠા છે સુભાવી	ભકત શ્રીમુખ જુએ ત્યાં આવી	।૨૦૮।
એણી પેરે ઉથાપન સાર	નિરખ્યા પ્રિય સુખડા અપાર	।૨૦૯।
કોઈ દિનવત્સુ રસે પુરા	તે દંડવત કરે શુભ સુરા	।૨૧૦।
આંતરિક ભાવ રસરૂપ	દિસે છે તે ભકત અનુપ	।૨૧૧।
દંડવત કરી વારણા લેતા	પ્રિય અંગ અંગે સુખ બહુ દેતા	।૨૧૨।
ભાલે દંડવત ટીકી સોહાયે	દૈન્ય ભાવસું પરમ મોહાયે	।૨૧૩।
જૈ જૈ કાર બોલે રસ રેલ	ભાવ દૈન્યસુ અમૃત વેલ	।૨૧૪।
દિસે નેત્રમાં પ્રિત રસાલ	અવિલોકે છે તે વ્રજબાલ	।૨૧૫।
તે પ્રિતમ અંગ અંગ સુખકારી	રસ ઉદ્બોધ કરે અતિ ભારી	।૨૧૬।

એહોની પ્રિતી જોઈ પ્રિય રંજે	દૈત્યભાવ ઝલકે તેજ પુંજે	૧૨૧૭૧
એમ વાહાલા સંગ ભકત સોહાગી	નિરખે એ સ્વરૂપ પ્રિતે પાગી	૧૨૧૮૧
પ્રિતમ સેજ બેઠા સુખ રીતે	અંબોડો છોડી ઝટકે છે પ્રિતે	૧૨૧૯૧
તે લાવણ્ય ગતિ પરમ રસાલ	પ્રિય અંગ મોડે જુએ વ્રજબાલ	૧૨૨૦૧
એણી પેરે અંબોડો છોડયો રાજે	સુવાસ ફેલી મધુર અતિ છાજે	૧૨૨૧૧
સૌરંભ સિંધુ ઉલટયો અતિ દિસે	કેશ શોભા જોઈ મન હિસે	૧૨૨૨૧
ચલકે છે મહા રસ રાસ	કચ પુરે છે ભકતની આશ	૧૨૨૩૧
પાતલે અંગે સરલા તે ઝલકે	વાહાલો સુઘારે છે પોંહચલા ચલકે	૧૨૨૪૧
મુદ્રિકા સંગ નખમણી જયોત	કેશ સમારતા ગ્રહી છે ઉદયોત	૧૨૨૫૧
હવે પ્રિતમજી અંબોડલો વાલે	અંગ અંગ રસ રીતે તે ચાલે	૧૨૨૬૧
મોદ ઉલટે ગર્વસુ ઉકત	વાહાલો સુરત્વે અંબોડો તે જુકત	૧૨૨૭૧
લઘુ લાઘાવે અદ્‌ભુત દિસે	ભકત સમાજ જોઈ મન હિસે	૧૨૨૮૧
એમ વોલ્યા અંબોડલો રંગે	આનંદ સિંધુ ઉલટયો શ્રી અંગે	૧૨૨૯૧
ત્યારે નેત્રની અલોલતા સોહે	અઘરલાલ જોઈયને ભકત મોહે	૧૨૩૦૧
પ્રિય સેજ રસિલી એ બેઠા	ભગવદી તણાં ઉર માંહ પેઠા	૧૨૩૧૧
સોહે ઉત્થાપન દર્શન સાર	આવી ભકતે સુખ જોઈ અપાર	૧૨૩૨૧
કોઈ સમય અહીં થકા પ્રિય પ્રેષ્ઠ	ગાદી તકિયે પઘારે વાહાલો શ્રેષ્ઠ	૧૨૩૩૧
ત્યારે ચાલ લટકતી તે દિસે	શ્રી અંગ અંગ જોઈ મન હિસે	૧૨૩૪૧
જૈ જૈ શબ્દ મધુર ધુની ગાજે	પરવર્યા પ્રિય સ્વકિયને સમાજે	૧૨૩૫૧
ઉપરેણાની ખુંટતે ચલકે	અલબેલુ શ્રી અંગ જોઈ મન અટકે	૧૨૩૬૧
કેશ અંબોડો પીઠે તે લલકે	પીઠ શુભ્ર સચિકણ ચલકે	૧૨૩૭૧
નિતંબ જંઘા જાનુતે સોહતા	પાહાંની પાટલી એડી જોઈ મોહતા	૧૨૩૮૧
એમ ગાદી તકિયે તે પઘારે	ભકત તન પ્રાણ ઓવારે	૧૨૩૯૧
એમ ઉત્થાપન દર્શન સોહતુ	આવી ભકત કરે મન મોહતુ	૧૨૪૦૧
કોઈ સમય વાહાલો સેજથી રંગે	પઘારે એકાંત સ્થલે પ્રિય ઉમંગે	૧૨૪૧૧
તે પ્રકાર આગલ કાંઈ કહેશું	જેવું પ્રિતમની કૃપા બલે લેહેશું	૧૨૪૨૧
એમ ગુણ નીધિ વરને ગંભીર	સેજે બેઠા છે શ્રી વલ્લભજી ધીર	૧૨૪૩૧
મહ રસિક સ્વરૂપ છે મિત્ર	દંડવત કરૂં તેહને વિચિત્ર	૧૨૪૪૧
તે શ્રી રૂકમણી તણો લાલ	શીષ ઉઠાવે શ્રી ગોકુલપાલ	૧૨૪૫૧
અંગ અંગે પ્રમોદ તે ફેલ્યો	શ્રી અંગનો મકરંદ રસ છેલ્યો	૧૨૪૬૧
તે પાન કરતા ન અઘાય	રોમ રોમ શાંતા બહુ થાય	૧૨૪૭૧
એમ પ્રિય તણાં સુખ સખી અંગે	પ્રસર્યા છે ભાવ રસ રંગે	૧૨૪૮૧
હવે સ્વરૂપ જોવા મન લોચે	આઠ પહોર જાય તે એણે સોચે	૧૨૪૯૧
પ્રિય પ્રેષ્ટનું શ્રી મુખ જોઉ	સેજ બેઠા છે જોઈ મન મોહું	૧૨૫૦૧
શ્રી વલ્લભજી છે પરમ ઉદાર	રસ સુખ આપે અપરંપાર	૧૨૫૧૧
મ્હારે એ ઓચ્છવ ફલરૂપ	જયારે જોયુ રસે શ્રીમુખ અનુપ	૧૨૫૨૧

ઈતિશ્રી માંગલ્ય ૨૯ મું સંપૂર્ણમ્ શ્રી શ્રી શ્રી શ્રી શ્રી

માંગલ્ય - ૩૦

શ્રી શ્રી શ્રી ગોકુલેશો જય જયતિ, હવે માંગલ્ય ત્રીસમું લખીયે છે, એ ગવાને અનુકરણ લૌકિક ગીત છે, તે વચન જે ઘોડી કયાં હુતી કયાંથી આવી કિયોરે તમારો દેશ એણી જાતે ગવાશે એમાં શ્રીજી સેજયાએ બેઠા દર્શન આપશે તે પ્રાત થકી જે જે લખ્યા છે, તેની સુચનીક એ લખાશે.

પ્રાત થકી લેઈ આરંભીને કહયા દર્શન સમે સુચન માત્ર
રસાત્મિક એ દર્શન સુખ કહેવાને મારૂં નહી ગાત્ર ।૧।
પણ પ્રિતમના દાનને સામર્થે તે કહુ રસ રાસ
જે જે સમે દર્શન સુખ અવિલોકયા છે પ્રિય પુરી આશ ।૨।
પ્રથમ તે પાછલી રાત્રે ભગવદી ઉઠી મંદિર મધ્યે જાય
સિંઘદ્વાર ઉપર ઉભા રહયા વાહાલોજી ઉઠયા તે સુખ થાય ।૩।
પછે શ્રીમુખ જોયુ સેજ પર અંગ અંગ રસ વહે અભિરામ
ત્યાંથી પ્રિતમજી અલબેલી ચાલે પધાર્યા ચોખંડી પુરણ કામ ।૪।
કરી દંત ધાવન એકાંત સ્થલ જઈ આવી ચરણાર્વિંદ ક્ષાલ્યા
કર્યા કોગલા મુખ વસ્ત્ર તેલ ગાદીએ પધાર્યા ભકત ભાલ્યા ।૫।
કર્યું તેલાભ્યંગ રસરેલે ફુલેલ ફેલ્યું છે અપાર
વલતા ચુચુતે અંબોડે વાહાલો પધારે છે તેલ ભર્યા સાર ।૬।
ન્હાવા તણી ચોકી આગલ ઉભા રહયા છે શ્રી વલ્લભજી રસ રેલ
સ્વકિય સમાજ નિરખે વાહાલો કરે છે સુંદર જલકેલ ।૭।
એમ નાહવા પુઠી અંગ વસ્ત્ર કરી ધોતી પહેરી છે રસાલ
ઓઢી ઉપરેણોને જુડો બાંધે જુએ છે સ્વકિય વ્રજબાલ ।૮।
ત્યાંહાંથી પધારી પીઠે બેઠા તિલક કરે ભાલ શુભ રીતે
સંધ્યા કરીયને પધારે ભિતર વાહાલોજી સુંદર રસ પ્રિતે ।૯।
ત્યાં જઈયને જે કાજ કરે રસભર રસાત્મિક જેહ
પછે બાહિર પધારે બીજીવારના શ્રી વલ્લભજી તેહ ।૧૦।
પ્રિય આગણ મધ્યે ઉભા રહી તાપતાં કર્યું દરશન અવ્યકત
વાહાલો એકાંત સ્થલ જઈ આવ્યા ચોખંડી મધ્ય નિરખે નિજ ભકત ।૧૧।
પ્રિય ચરણ ક્ષાલી કોગલા કરીયને પધારે છે ન્હાવા રંગે
ચોકી આગલ ઉભા રહી બીજીવાર નાહે છે શ્રી અંગે ।૧૨।
નાહી અંગ વસ્ત્ર કરે રંગે સંગે ધોતી પહેરે ભલી જુકત
ઉપરેણો તે ઓઢી જુડો વાલે વલ્લભજી ભર્યા છે રસ ઉકત ।૧૩।
પીઢે પધારી તિલક ધરી કર્યા સંધ્યા તર્પણ અનુપ
વલતા ભિતર પધાર્યા બીજીવારના વ્હાલોજી તે સુખરૂપ ।૧૪।
ત્યાં જઈ અને કાજ કર્યા રંગ રસ ઉદબોધ અપાર
બેઠા જલઘર માંહે ગાદી તકિયે કથાને પ્રસંગ કહો સાર ।૧૫।

વલતા રાજભોગ સર્યા પુઠી પધારે પ્રિતમ આંગણ જયાંહાં
ફરી આવ્યા તે એકાંત સ્થલે ઉભા વાહાલો ચોખંડી છે ત્યાંહાં ।૧૬।
પછે ચરણ ક્ષાલી કોગલા કરે વિઠ્ઠલકુંવર તે સંગે
વલતા મુખ વસ્ત્ર કર્યા પુઠી પધારે ચટાઈયે પ્રિય રંગે ।૧૭।
ત્યાં બેસી કેશ સુકવે રૂકમણીલાલ રસ ભર ઉકત
હાસ્ય વિનોદ પ્રમોદ કરે શ્લોક ચર્ચા રસ જુકત ।૧૮।
એમ રંગ ભર્યા દાન દે છે સુણે ભકત સમાજ અપાર
પછે પ્રિતમ ભોજન કરવા પધારે છે ભકત જુએ રસ સાર ।૧૯।
એમ સમે શ્રી મુખ જોઈ અને હવેલીયે ભગવદી આવે
વલતો ભોજન કરી પધારવા સમય થયો અનુરકતને ભાવે ।૨૦।
ત્યાં આવીને કો નિરખે છે અચવતા વલ્લભજી ને રંગે
વલતાં પધારે છે સામી ગલી શોભા તે અનુપમ શ્રી અંગે ।૨૧।
ત્યારે ભકત સહુ નિરખે છે વાહાલાજી સુખડા અપાર
એમ ભોજન કરી પધારી ચોકીયે બેઠા વલ્લભજી સાર ।૨૨।
ત્યાં કેશ સુકવે પ્રિતમજી વિવિધ પ્રકારે રસ ઉકત
બીડું આરોગીને હાંસી એક કરે પ્રિય રસ તણી જુકત ।૨૩।
કોઈ થાલ તણો મહા પ્રસાદ લેવા મન ફુલ ન માએ
કેહને પ્રિતમ તણાં અંગ અંગ અવિલોકીને શાંતા બહુ થાએ ।૨૪।
ચોકી થકા વાહાલો ઉઠીને પધારે છે સેજે તે રસાલ
ત્યાં જઈ બેઠા આનંદે પ્રમોદસું જુએ છે વ્રજબાલ ।૨૫।
વલતા ઉષ્ણકાલે શ્રી અંગ પહેર્યું છે ચંદન તે અનુપ
પ્રછે પ્રિય પ્રિતમ પોઢયા રસકાજને તે મહા સુખ રૂપ ।૨૬।
ભકત હવેલીયે આવીપ છે કાજ કરે
તે મનને ગમતાં કોઈ ભગવદી વાત કરે ।૨૭।
કોઈ જાય છે બાગ માંહા દાન દિધા રંગે
શ્રી અંગના સુખ તે અપરમિત સંગે ।૨૮।
વલતા નિજ બેઠકે પધારી વિશ્રામ કર્યો ભકત સુખ હેતે
ત્યાં વિવિધ પ્રકારે રસ રંગી છે સ્વકિયનો સમેત ।૨૯।
ભકત હવેલીથી દર્શને ઉથાપને આવે અનુપ
કર્યા છે શ્રૃંગાર અનેક પ્રકારે પ્રિય હેત સુખ રૂપ ।૩૦।
એમ સમે શ્રીમુખ જોવા આવે ભકત અવ્યકત રસાલ
સિંઘદ્વાર અંતર રમણ કરે છે સ્વકિય વૃંદ વ્રજબાલ ।૩૧।
કોઈ નિરખે છે નિંદ્રા ભર્યું સ્વરૂપ સલુણું તે અપાર
કોઈની આરત જાણીને વાહાલે ખોલ્યા સિંઘદ્વાર નહી વાર ।૩૨।
ત્યાં ભકત અનુરકત ઘસમસ્યા આવી શ્રીમુખ જોયું રંગે
ઉભય અંગે રંગે ઉદબોધ હવો છે રસ પ્રિય તણે સંગે ।૩૩।

વ્હાલો ભોમ સેજ રસીલીએ બેઠા છે મહા ઉદાર વર સોહે
અહીં લગી તે સમે સમેના દર્શન કર્યા ભકત મોહે ।૩૪।
હવે કહું જયાંથી પ્રસંગ જે રહયો હતો તે નવિન
ભકત આવ્યા છે ઉથાપન જોવા પ્રિતમ બેઠા છે ભોમ સેજ પ્રવિણ ।૩૫।
પહેલા બે માંગલ્યે કહી આવ્યા ઉથાપન આગમ સુખ તે અપાર
ત્રીજે સિંઘદ્વાર ખોલાવ્યા પછી નિરખ્યા વાહાલો સેજપર સાર ।૩૬।
ચોથુ માંગલ્ય એ છે ઉથાપન તણું મહા રસનું તે મુલ
અહીં સુખ રૂપ શુભગ વર્ણન કહું કાંઈ પ્રિય અનુકુલ ।૩૭।
જે કો ભાગ્યવાન રસિક વરે વર્યા રસાત્મિક રંગે
તે તે અવિલોકે છે પ્રિય અંગ રંગસું રમણ સુખ સંગે ।૩૮।
એમ ઉથાપન સુખ ભકત આવી જોયા રસિલા અતિ રમ્ય
તે અવ્યકત ફલ મધુર રસ ઉદ્બોધ કેહોનો નહી ગમ્ય ।૩૯।
જે કો એતન મારગી છે એ રસ પર સદા ચિત્ત લગ્ન
તે એ લહે છે સ્વરૂપ ફલદાન સુખ અંગ અંગમાં છે મગ્ન ।૪૦।
પ્રિય નિંદ્રા માંથી જાગીને બેઠા છે તે સેજડી રસાલ
શ્રી અંગ તણો રસ રસસુખ નિરખે ઉભા છે વ્રજલાલ ।૪૧।
કોઈ આતુર થઈયને જુએ શ્રી ચરણારવિંદ તલાં સોહે
શ્વેત જયોત સું ઉદ્યોત મલી રેખા વિચિત્ર તે સહુ મોહે ।૪૨।
કોઈ નખમણી નિરખે છે હરખસું અંગુલી અવ્યકત
કોઈ ઉતંગપાટલી જોઈ ચરણે નમે નિજ ભકત ।૪૩।
કોઈ સકોમલ પાહાંની એડી ઢાંકણે રહયા મન રંજે
એમ ચરણાર્વિંદ રસ અથાહ ભર્યો તેજ પુંજે ।૪૪।
તે જોઈ જોઈ ભકત આનંદ આરામ અતિ થાએ
રસ વસ થકા સ્પર્શ સુખ લહે અનુરકત તે ઉમાંહે ।૪૫।
ચરણાર્વિંદ રસ સ્વાદ લેતા મોદ ઉલટીયો અપાર
પ્રિય આપે છે દર્શન તે ઉથાપન સેજ પર સાર ।૪૬।
કોઈ જાનુ તે જુગલ સ્થલે અટકયા મટકે નહી તેહ
લહે સ્વાદ તે એ જાનુ તણો રસ સમે અનુભવ જેહ ।૪૭।
શુર ધીર એ જુગલ ખંભ અવ્યકત ભર્યા રસ ભરપુર
સ્વકિય વૃંદને ઝુલાવા અર્થે અનુપમ દિસે જાનુ સુર ।૪૮।
ચલણ વલણ ચંચલતા બે ખંભની કહી કેમ જાય
રસાત્મિક સ્વકિય નિરખતા વ્યાકુલ બહુ પેરે થાયે ।૪૯।
એહવા જાનુ તે સુભગ રાજે યુવતિ વૃંદના રસ કાજે
ભર્યા પુર્યા છે અવ્યકત રસે જાનુનો રસાલો રસ છાજે ।૫૦।
એહોના સુખતે એકાંત સમે લહે છે જે સુભગા રસાલ
જે એ જાનુ તણાં રસ પાન કરે છે સુખદ વ્રજબાલ ।૫૧।

કોઈ ઘુંટણને જંઘા યુગલ નિરખે છે સુભગ સુદેશ
અહી વિવિધી વિચિત્ર રસ મિત્ર કરે કેલી પ્રાણ વરેશ ૧૫૨૧
એમ સુખદ ઘુંટણ જંઘા રસ છે રસિલુ એ ધામ
શુરવીર એ વિરાધીર સુભગાના પુરે જંઘાકામ ૧૫૩૧
એહોને નિરખતા રસનો ઉદ્બોધ સ્વકિયને અંગ અંગ થાયે
જંઘા યુગલના સ્પર્શ સુખતે મનમાં અતિ ભાએ ૧૫૪૧
ભકત આવ્યા છે ઉથાપન જોવા જંઘાનો રસ અવિલોકે અપાર
સકુમાર શ્રી વલ્લભજી બેઠા છે ભોમ સેજપર સાર ૧૫૫૧
કોઈ નિરખે છે નિતંલ મધ્ય સ્થલ રસ તે અવ્યકત
એહાના સ્વાદ તે સુભગા લહે કામ કેલી કરતા નિજ ભકત ૧૫૬૧
ક્ષણું ક્ષણું પ્રત્યે નવનવા તરંગ ઉઠે રસપુર
મન આનંદ પ્રમોદ વાધે મધ્યસ્થલ કરે દુખ ચુર ૧૫૭૧
કોઈ નિરખે છે ધોતી કટી પહેરી છે શુભ્ર અતિ જયોત
ટુંડી ઉદર સકોમલના ઝાત્કાર થયા છે ઉધ્યોત ૧૫૮૧
કોઈ નિરખે એ ઉદર થોંદ મધ્ય ભર્યા ભકત તણાં ભાવ
તે એ ભાવ રૂપી થઈયને ઝલકે છે અનોપમ રસ દાવ ૧૫૯૧
તેહોના પારખું છે સ્વકિય વૃંદ વર્યા જે રસ મારગે પ્રિય ખાંતે
તે ઉદર થોંદને નિરખે ફરી ફરી અનુપમ ભાંતે ૧૬૦૧
કોઈ રસ ભર્યા રસિક ચુંબન કરે ઉદરે રસ રાસ
એમ આવ્યા છે ઉથાપન જોવા ભકત તે પ્રિતમ તણે પાસ ૧૬૧૧
કોઈ પ્રષ્ઠ ભાગે પ્રણામ અવ્યકત નિરખે રસ રસરૂપ
એ માંહાં રસ તણું ધામ છે સ્વકિયના પુરે કામ તે અનુપ ૧૬૨૧
કોઈ આનંદ ઉછાહે ભર્યા હૃદય નિરખ્યા છે રંગે
શુભ્ર સુખદ સુંદર જોઈ ધીરાનું ધીરજ નવ રહે અંગે ૧૬૩૧
રસ ઉદબોધ ઉદિપાન હવા અંગ અંગ પ્રત્યે તે નવિન
તે વચને નવ કહયા જાયે હૃદય છે પ્રિતમનું પ્રવિણ ૧૬૪૧
એવો સ્થલ એ રમ્ય જોઈ રામાને ઉપજે અતિ ઉલ્લાસ
ક્ષણું ક્ષણું પ્રત્યે અનુભવ કરતાં વાધે છે રસ આશ ૧૬૫૧
એ વિશાલ હૃદય કમલને ભકત ભ્રમર થઈ ગુંજે
એહના જયોત જગમગતી તે સોહે છે માંહારસ તેજ પુંજે ૧૬૬૧
પ્રિય હૃદય રમણ ભોમ્ય પર વિલસે સ્વકિયના ટોલ
ત્યાં ઉરોઝ ઉલંગ સોહે અનુપમ પ્રિય તણાં ગોલ ૧૬૭૧
તે અવ્યકત રસે ભર્યા છે રસ ઉદબોધ કરાવે સ્વકિયને અંગે
એહવા કુચ એ કઠોર રાજે મનોહર ભર્યા રસ રંગે ૧૬૮૧
તે માધુર્ય રસ પાન કરે નાયકા નાયકે ભાવે ઉકત
એહોના સ્વાદ તે સુભગા લહે પ્રિય કૃપા બલે રસ સંયુકત ૧૬૯૧

પ્રિય કુચતે આનંદ સિંધુ ઉપટયો રસ તે મહેમંત
મહા અતુલ અસાધારણ કુચ રસનો કોએ ન પામે અંત ।૭૦।
પાન સ્વજાતિ સ્વકિય કરે સોહાગ બલે પ્રિય તણાં કુચ રસપાન
ત્યારે વાહાલોજી પ્રસન્ન થઈ આપે છે અનોપમ વિધી વિધી દાન ।૭૧।
કોઈ નિરખે છે કુચ ફલ પર સોહે છે બિટડી અનુપ
તેહનો રંગતે અરૂણ રાજે બાલ ફરતા ત્યાં સુખરૂપ ।૭૨।
પ્રિય તણાં કુચ કુંભ જોઈ સ્વકિય વૃંદ માન ગલીત થાયે
જેકો રસિક ભકત છે તેહોને તે એ ઘણું સુખદાયે ।૭૩।
અહીં માલતણાં વૃંદ વિલસે છે યુગલ કુચ પર સાર
અનોપમ એ સુભગ સોહે તુલસી નાયકા રસ નાર ।૭૪।
તે ઝલકતી અભિનવી કેસર રંગે રંગી રાજે
એહવી માલા એ પ્રિતમ તણી ઉરપર સ્નેહ જયુત ભ્રાજે ।૭૫।
કોઈ નિરખે ખંભા તણો રસ તે ભર્યો ભરપુર
ત્યાં જનોઈ નાયકા દિસે ખંભે વિલસતી અતિ શુર ।૭૬।
કોઈ ખંભા જોઈ મગ્ન થયા અંગ પ્રતિ અંગ આરત વાધે
કોઈ નિરખે છે ઉપરેણા તણાં પેચ પાંચે કારજ સાધે ।૭૭।
સ્વકિય વૃંદ આવ્યો છેઉત્થાપન નિરખ્યું આનંદ મન ફુલ
પરસ્પરે અતિ હરખતા નિરખે છે રસ અનુકુલ ।૭૮।
મીઠો મિત્ર તે વિચિત્ર સોહે પ્રિતમજી બેઠા છે ભોમ સેજ
કોઈ બોલે છે અવ્યકત રસ જણાવે પ્રિય સ્વકિયને મન હેજ ।૭૯।
પ્રિય તણાં ભુજ રસે ભર્યા સુભગાને દાન દે અપાર
બહુ વિશાલ રસાલ તણાં સુખડા છે અનોપમ સાર ।૮૦।
કોઈ નિરખે છે ચલક ઝલકતા પહોંચલા સુદેશ
મહા મનોહર રૂપ રાજે યુવતિ જુએ છે રસ વેશ ।૮૧।
એવા પહોંચલા પ્રિતમજીના અવ્યકત તે કહયા કેમ જાય
કરે ઉદબોધ સુભગા અંગે ચુંબન રસાવેસે થાય ।૮૨।
ત્યાં રસ સુખ સિંધુ તે ઉલટયો છે પહોંચેલે અવ્યકત
પ્રિય પ્રિતમનો પહોંચલા તે નિરખે છે અનુરકત ભકત ।૮૩।
પાણ્ય પલ્લવ મુદ્રિકા સોહે ઝલકતી પરમ ઉધ્યોત
નંગ ચલકે છે રત્ન રૂપે નાયકા જોબન રસ જયોત ।૮૪।
ક્ષણું ક્ષણું પ્રત્યે ચમકે જુજુવી રીતે પ્રિયને રીઝવે
એવી મુદ્રિકા શુભગતે રાજે પ્રિતરૂપે પ્રિયજીને ભાવે ।૮૫।
નખચંદ્રના તે ઝાતકાર હોય છે અવ્યકત રસ રૂપ
ભકત તે આવ્યા છે ઉથાપન જોવા મહા સુખભરી તે શ્રુતે અનુપ ।૮૬।
કરાંબુજ સોહે મૃદુલ મનોહર રસના રસ રાસ
તેહનો મકરંદ ફેલ્યો તે મધુર પાન કરે રસ પાત્ર ।૮૭।

પ્રિય કરતલ મધ્યે રેખા વિચિત્ર છે પરમ રસાલ
એક એકથી શુભગ રાજે નિરખે છે ઉભા વ્રજબાલ ૧૮૮
કરાબુજ લહે લહેતા પ્રિતમ તણાં ભર્યા રસપુર
ત્યારે સુભગાસું સ્પર્શ કરે અવ્યકત અનુપમ સુર ૧૮૯
કર કમલના સુખ સખી સ્પર્શ કિધેથી લહેવાય
પ્રિય સ્નેહ ભર્યા કર ફેરે સ્વકિયને અંગ શાંતા બહુ થાય ૧૯૦
કોઈ કોઈ ફરી ફરી જેએ તે અનુભવ કિધો કરતસુ રંગે
મહા રસ સુરતિ સમે દિધા દાન વિચિત્ર તે સંગે ૧૯૧
શ્રી કરતલ સુખદ મનોહર સોહે છે અવ્યકત
એહોના અંગ અનુરાગ રસ સુભગા લહે જે નિજ ભકત ૧૯૨
ઉગ્ર જયોતસું ઉદ્યોત ધરે કરાંબુજ ભર્યા છે રસાલ
મહા સુંદર રમણીક રાજે ભકતકાજ કરતલ વિશાલ ૧૯૩
શ્રી કરકમલને જોઈ જોઈ રંજે છે મનડુ તે અપાર
કોઈ એક ભકત એ માંહાં મગ્ન છે લગ્નતાસું સોહે રસ સાર ૧૯૪
તે શ્રી પ્રિય તણો કર લેઈ હૃદયસું ભેટાડતા રાજે
કાંઈ ચુંબન ચોંસ કરી નેત્રે દે છે શ્રી કર રસ ભ્રાજે ૧૯૫
ત્યારે સ્વકિય અંગ શિથલતા ગતિ મતિ થઈ સહુ છીન
શ્રીકર આનંદ ઉધ્ધી માંહે સુભગાનું મન થઈ રહયુ લીન ૧૯૬
એહવા કર તણાં સુખડા મનોહર સ્વરૂપે રસ રંગે
તે સુખ સિંધુ માંહે ઝીલે મીન વત થઈ અંગ અંગે ૧૯૭
તેણે કરી ચિત્ત ચપલ થયા છે કરતલ માંહે લગ્ન
અંગ અંગ માંહે શાંતા થાએ સ્નેહવાન સ્વકિય થયા મગ્ન ૧૯૮
એમ ઉથાપને જોયા ભકતે સેજડી બેઠા છે રસ નાહ
પ્રિય અંગ અંગ અવિલોકતાં ચુરી છે અંતર તણી દાહ ૧૯૯
કોઈ ગ્રીવાનો ગંભીર સુણીને આનંદયા તે મન
કોઈ ચુંબન ચારૂ તલે અરૂઝયા આપી રહયા તન ૧૦૦
મીન નીશંક નિડરતાએ પાન કરે અધરનું અવ્યકત
કોઈ નિરખે છે ગહેરે રંગે અરૂણ અધર નિજ ભકત ૧૦૧
મહા મનોહર દિસે છે મૃદુલતાસુ ચમકે અનુપ
તેહને જોઈને સુભગ અંગે અનંગ થાયે સુખરૂપ ૧૦૨
તેણે કરી સ્વકિય આરત મઈ અધર સંગ તદાત્મિક ભ્રાજે
મીટ ભરી ભરી જુએ છે અધર ભર્યા પ્રિયનો રસ સાજે ૧૦૩
તેણે કરીય મન અકુલાયે ધીરા તણું નવી રહે ધીર
એમ ઉઠીને બેઠા છે ઉથાપને સેજ શોભાજીનો વીર ૧૦૪
કોઈ અધરના સુખ માંહે મગ્ન થયા અભિનવે રંગ
કોઈ મોદાતુર રસે ભર્યા ડસે છે અધર અંગ સંગે ૧૦૫

એમ અકુલાઈને પાન કરે પ્રિતમના અધરનું રસાલ
એહવા સુભટ સુજ્ઞાન જ્ઞાતા પરમ ચતુરવર વ્રજબાલ ।૧૦૬।
તેહને દાન દે છે વલ્લભજી રસિલો મહા રસતણું મુલ
વિધી વિધી રસ જાણે વાહાલો અનુરકતસુ રહે અનુકુલ ।૧૦૭।
પ્રિય અધર લાવણ્યામૃત આઠે પહોર ચિત્ત મધ્યે રાજે
એમ અધર નિરોધી રોધે ભકત તણાં મન પ્રિતમ કાજે ।૧૦૮।
કોઈ દંત તે પાંગત્ય જુએ ઝલકતો પરમ ઉદ્યોત
સુભગ સચિકણ અભિનવી દંત તણી સુંદર જયોત ।૧૦૯।
ત્યાં રસના તે રસરૂપે નૃત્ય કરે શ્રીમુખ માંહાં રંગે
મહા મોદસુ પ્રમોદે નાચે નવલી પેરે તે રસ અંગે ।૧૧૦।
કોઈ મોહોસરના સુખડાં સુરતિ કરી હરખે અપાર
ભરી રૂપ તે રસાલે રાજે મોહોસર સુખદ છે સાર ।૧૧૧।
તેહની ઝાંઈ ઝલમલતી ગલસ્થલ દિસે છે અવ્યકત
કોઈ ગલસ્થલ રસ સુખ જોઈને રંજયા નિજ ભકત ।૧૧૨।
મહા શુભ્ર તેજ પુંજ કાંત સ્થલ એ રમણીક રસાલ
રસ જયોત સુઉધ્યોત સોહે ઉગ્રતા જુએ છે વ્રજબાલ ।૧૧૩।
અતિ મૃદુલ મનોહર એ ગલ સ્થલ મહા રસ જ્ઞાતા
વિધી વિધી તણાં રસસુખ આપે છે ભકતને એ દાતા ।૧૧૪।
મહા વિચિત્ર રૂચિર રૂપે મિત્રત્તા ગલસ્થલ સોહે
તેને જોઈ આનંદ ઉમાહસુ સ્વકિય વૃંદ મોહે ।૧૧૫।
કોઈ પાછલસુ કર ફેરે પ્રિયને ગલસ્થલ ઉકત
કોઈ રસસું ઉદબોધે ભર્યા ચુંબન કરે જુકતે ।૧૧૬।
તેહનો સ્વાદ તે મધુર રાજે ગલ સ્થલ ભર્યા રસપુર
કોઈ એહોને જોઈ અટકે નહિ દુઃખ કરે ચુર ।૧૧૭।
શ્રી વલ્લભજી રસાલ રંગે ગલસ્થલ કહયો કેમ જાય
પોઢી ઉઠયા નખક્ષત સંગે જોઈને શાંત બહુ થાય ।૧૧૮।
મહા સુંદર સુચારૂ રૂપે પુરા છે ગલસ્થલ જેહ
એહને જોઈ સહુ વિસ્મય થાએ શુભગા નિશંક જુએ તેહ ।૧૧૯।
કોહોને ગલ સ્થલ તણાં સુખ અવિલોકી શિથલ થયા ગાત્ર
તે આનંદ રસ અવ્યકત અવસ્થા કહી સુચન માત્ર ।૧૨૦।
જે કો અનુભવી પાત્ર છે તે લહે છે એ રસ સાર
પ્રિય પ્રિતમ વલ્લભજીને ગલ સ્થલે રસ તે અપાર ।૧૨૧।
કોઈ કર્ણની શોભાએ મોહયા મન તે અપરમિત રંજે
મહા મૃદુલ મનોહર અરૂણ આભા ઝલકે તેજ પુંજે ।૧૨૨।
કોઈ કર્ણ પર બાલ જુએ આનંદે પ્રમોદ ચિત્ત રંગે
કોઈ સમય પહેરી હીરોટી ને મુકતા સોહે છે કર્ણ સંગે ।૧૨૩।

મહા જયોતસું ઉધ્યોત રાજે કર્ણ સંગ અંગીકર્યા સોહે
તેહની ચપલ અલોલતાનો ધર્મ જોઈ સ્વકિય મોહે ૧૧૨૪૧
પ્રિય પ્રિતમે ધર્યા મુકતામણી છે સુખદ એ શ્રૃંગાર
શ્રી કર્ણ સંગ શોભા પામ્યાં વામ્યાં દુઃખ હતા જે અપાર ૧૧૨૫૧
કોઈ નાસા તણો રંગ જુએ અનુપમ અભિનવી લાગે
ઉગ્ર જયોતસું ઉદ્યોત મલી નાસાને જોઈ પાગે ૧૧૨૬૧
મહા મનોહર રૂપે રાજે મકરંદ લેવાને અવ્યકત
સૌરભ સિંધુ અનેક રહે છે નાસા મધ્યે કહે ભકત ૧૧૨૭૧
ક્ષણું ક્ષણું પ્રત્યે પ્રમોદસું સૌરભ નવનવે અંગે
તે લેઈ લેઈ અને રીઝવે પ્રિતમજીને નાસા રસ રંગે ૧૧૨૮૧
તેણે કરીયને શ્રી અંગ અંગે પ્રમોદ પ્રસર્યો ઘણુ દિસે
એહવી નાસા તે પ્રિતમ તણી ચુતુર સુભગા જોઈ હિસે ૧૧૨૯૧
હાસ્ય વિલાસ સમે તે ફુલે ઉગ્રતાએ અનુપમ રૂપ
જાણે જોબનભરી છે નાસા નાર છકી છેલ તે અનુપ ૧૧૩૦૧
તેણે કરી તે કાંત તેજ ઉધ્યોતનો કેમ કહું પાર
અતિ સુંદર સુચાર રૂપ નાસા સોહે અનુપમ સાર ૧૧૩૧૧
સહુ ઉથાપને આવી પ્રિયને અવિલોકે ભગવદી અનેક
અતિ ઉગ્રા ભાવ નિરખે અનુરકત થકા પ્રિયસું એક એક ૧૧૩૨૧
કોઈ પ્રિતમજીના નેત્ર મધ્યે અરૂઝયા અપરમિત રંગે
તેહને કરે છે નેત્ર દાન વિઠલકુમાર રસ સંગે ૧૧૩૩૧
નેત્ર ચપલ અણીયાલા રાજે વલ્લભજીના પરમ નવિન
ચોહોદીશ ચાલે અભિનવી ચિતવની રસસુ પ્રવિણ ૧૧૩૪૧
તે જોઈ અને સુભગા રીઝે સોહે પ્રિય નેત્ર રસ અલોલ
તે માંહા જે જે કો મગ્ન થાએ સ્વકિય વૃંદ કરે તે કલોલ ૧૧૩૫૧
નેત્ર અરૂણ ઘુંઘરટયા આલસ જુત ભર્યા છે ગંભીર
તેહની શોભા સખી કેમ કહું પ્રિય નેત્ર રસ અતિ ધીર ૧૧૩૬૧
કોઈ નિરખે છે શુભ્ર જયોત કોત શ્યામ નેત્રની અનુપ
તે માંહાં પ્રતિબીંબ દિસે છે તે ભકત તણું મહા સુખરૂપ ૧૧૩૭૧
તેણે કરી પ્રિય જણાવે જે અંગવદ ભકત અહીં ભ્રાજે
નેત્ર મધ્યે તેહનું ધામ છે તેઅને અનુપમ રાજે ૧૧૩૮૧
એમ અંગવદ અંગીકાર દેખાડે પ્રિતમજી અવ્યકત
તે શ્રી નેત્ર મધ્ય સોહે સદા અંગવદ થઈ નિજભકત ૧૧૩૯૧
મહા સુંદર સુશોભિત શ્રી નેત્રાંબુજ કહયા કેમ જાયે
એહવા રસ માંહાં તે મગ્ન ભકત લગ્નતા અનુપમ થાએ ૧૧૪૦૧
નેત્ર કરૂણા કટાક્ષ રૂપે ભકતને ભરે છે રસ પાર
વિધી વિધી તણાં દાનપાન કરાવે નેત્રે સુખસાર ૧૧૪૧૧

તે વચને કેમ જાએ કહયો પ્રકાર એ અનુભવે લહીયે
નેત્ર તણો રસ સિંધુ ભર્યો ભરપુર તેમાંહાં સખી રહીયે ।૧૪૨।
સદા લગી એમ અવિલોકે છે ઉત્થાપને ભકત પ્રિયનું રૂપ
કોઈ વરૂણી ટોપચા જુએ સુખદ સુંદર તે અનુપ ।૧૪૩।
અતિ મૃદુલ મનોહર છે વરૂણી ટોપચા રસાલ
કોઈ કુટીલ કપટ જાણી ભ્રકુટીને જુએ વ્રજબાલ ।૧૪૪।
મહા સુંદર સુભગ રાજે ભ્રકુટી એ નવલ અણીયાલી
તેજ પુંજ સું ત્રપતપતી પાતલે અંગે દિસે ભ્રકુટી કાલી ।૧૪૫।
તેહને જોઈ સ્વકિય વૃંદ મોહે ભ્રકુટી નિપટ છે છટીલી
છર હર એ વિકટ ઘટ ભ્રુઅ ભ્રંગ સોહે છે મટીલી ।૧૪૬।
તેહને જોઈ અને આનંદ વાધ્યો સ્વકિય અંગ અનંગ અપાર
ભ્રોંઅ ચતુર ચપલતાસુ વેધે અંગ સુભગાના સાર ।૧૪૭।
ભ્રોહે મધ્યે ભર્યો ફેર ફંદ ઉગત જુગતી અતિ જાણે
તેણે કરીય ભકત તણાં મન હરે કાણ્ય કોઈની નવી આણે ।૧૪૮।
એહવી ભ્રકુટી સ્વાધિન સોહે મોહે મનમથ તણાં મન
એણી પેરે અહીં રાજે છે પ્રિતમજીને આપી રહી તન ।૧૪૯।
તેશ્રી વલ્લભની વંક ભૃગુટીનો લંક મનોહર રૂપ
બહુ જયોતસુ ઉધ્યોત દિસે ઝલમલતી ભ્રકુટી અનુપ ।૧૫૦।
કોઈ ભાલ પર તિલકની રેખાને જુએ છે મન રંગે
કહીં કહીં તે ખંડિત થઈ છે તિલક રેખા સ્વકિય સંગે ।૧૫૧।
ભાલે ત્રપ ત્રપે તેજ ઉગ્રપ્રતાપ પ્રિતમ તણો જેહ
તેહના અવ્યકત અપાર ઝાતકાર જોઈ મોહે સ્વકિય તેહ ।૧૫૨।
ભાલ પર સોહે શ્યામ રેખા પરમ લડેતી નાર તે રાજે
શ્રૃગારાત્મિક ભાલે ઘરી પ્રિયે સુખે રેખા મન ગાજે ।૧૫૩।
ભાલ ઉતંગ અનુપ છે વિશાલ તે વ્હાલાજીનું સોહે
તેહની કાંતી તે શોભિત છે હાસ્ય રૂપે જોઈ ભકત મોહે ।૧૫૪।
ભાલ તણી તે શુભ્ર તાઈ સખી મેં કહી કેમ જાય
એહને સ્પર્શી ચુંબન દેવા નિજ ભકત ચાતુર તે થાયે ।૧૫૫।
કોઈ કોઈ કહે વલ્લભજીના ભાલનો રંગ છે વિચિત્ર
તે વ્યકત લાગે અનુપમ સુખદ સ્વરૂપે પ્રિય મિત્ર ।૧૫૬।
ભાલ પર નમીય રહયા છે કુંતલ કેશ અભિનવી જુકત
પોઢી રહયા જાણે રસ ભાવ લહીને કુંતલ મલી ઉકત ।૧૫૭।
તેહને જોઈ અને જુવતિ કહે કુંતલનું ભાગ્ય છે અનુપ
એ નિશંક છે નિડર મને ભાલ પર પોઢયા સુખરૂપ ।૧૫૮।
એહોનો ઉગ્રતે સોહાગ રાજે દિસે કુંતલ તણું અંગ હસીલુ
પ્રિતમજી એ તે પ્રમોદ ચિત્તે કીધું કુંતલ તણું વરણ રસીલુ ।૧૫૯।

કોઈ કહે છે કુંતલ કેશ અનુપમ સુખદ શ્રીંગાર
દિસે રસ ભરી પંગત એ રસિક ભકત તણી સાર ૧૫૦૧
કોઈ એહને જોઈ અટકયા કુંતલ તણું રૂપ જુએ રંગે
શ્રી મુખાર્વિંદ શોભા જોઈ મટકે ન મન રહયું સંગે ૧૫૧૧
વ્હાલો પોઢી ઉઠી બેઠા છે સેજડી તે અવ્યકત રસાલ
ઉથાપને આવી ભગવદી સમાજ જુએ છે વ્રજબાલ ૧૫૨૧
કોઈ કેશ તણી કાંતસું આશકત થયા ભકત અનુપ
જાણી શ્રૃંગાર રસ તણું મહા મુલ છે કેશ તે સુખરૂપ ૧૫૩૧
શ્યામ જયોત એ ઉદ્યોત લાગે કેશ તણી પરમ રસિલી
જલહલતી ઉગ્રભાવે જાણે નાર સોહે છે હસીલી ૧૫૪૧
ઝાતકાર ઝલમલતા તે કેશ તણા દિસે છે અવ્યકત
કેશ શોભાતે સોહામણી છે સુખદ નિરખે નિજ ભકત ૧૫૫૧
એહનું રૂપ તે અનુપ લાગે સ્વકિય વૃંદ જોઈ મન રંજે
કેશ કોમલ સચિકણ છે ઝલકે ઉગ્ર તેજ પુંજે ૧૫૬૧
પંખા તણો ત્યાં પવન આવે કેશ ફરહરતા તે રાજે
તેહની શોભા તે રસિલી રસ ભકત અવિલોકે સુખ ભ્રાજે ૧૫૭૧
કોઈ કેશ તણે રંગે મોહયા અંગ અંગ ઉલટ અપાર
મોદ ઉત્સાહ આનંદ ભર્યા જુએ કેશ તણો રસ સાર ૧૫૮૧
તેણે કરી રસ ઉદબોધ થાએ છે સ્વકિય સુભગાને અંગે
ફેલી છેલ્યો છે અપરમિત અંગ પ્રતિ અંગે રસ રંગે ૧૫૯૧
એમ અવ્યકત ઉદબોધ હવો કેશ તણો રસ છે રંગીલો
શ્રી વલ્લભજી સેજયાએ સોહે બેઠા છે પ્રિય છેલછબીલો ૧૬૦૧
ભકત નિરખે રસિલી રીતે કેશ શોભા પરમ પ્રસન્ન
એહોને જોઈ ચિત્ત અટકે મટકે નહી જાણે છે તે મન ૧૬૧૧
જે કો સ્નેહસું આશકત છે કેશને જુએ છે ભકત એમ
રસ વત થઈ તે મગ્ન થયા લગ્નતા અનુપમ સોહે જેમ ૧૬૨૧
કેશ રસ અવિલોકતા તે નયણાં ત્રપ્તી નવ થાયે
ફરી ફરી મજ અરૂઝે તે જોવાને કેશ સુખદાયે ૧૬૩૧
મહા રસ તણું ધામ છે વિચિત્ર એ શ્રૃંગાર રસ નામ
અનુરકત જે આશકત વંત તેહ તણુ પુરે કેશ કામ ૧૬૪૧
વિવિધી પ્રકારે લગ્નતાસું કેશ શોભા જોઉ પ્રિય પાસ
મારૂ સર્વસ્વ ધન છે પ્રિતમ તણાં કેશ રસ રાસ ૧૬૫૧
કેશ સુભગ ત્રયત્રપતા તે જુએ છે યુવતિ મન રંગે
તેણે કરી કો વિસ્મય થાયે છે કોઈને અનંગ સોહે અંગે ૧૬૬૧
શ્રી મસ્તક કેશ અભિનવા પરમ સુભગ સુખ દેણ
મહા મનોહર રૂપે રાજે ભકતતણાં જાણે તે નયણ ૧૬૭૧

એહવા કેશ શ્રી વલ્લભજીના અનુપમ કહયા કેમ જાયે
અતિ સુંદર સુભગતાઈ નિરખી નિરખી શાંતા થાય ।૧૭૮।
એક એક કેશ તણી શોભા રસિલી તે ન્યારી ન્યારી દિસે
તેહને જુએ છે આનંદ મને સ્વકિય વૃંદ તણા મન હિસે ।૧૭૯।
એહવા ચીકુર ચલકે તેહની ઝાંઈ ઝલમલે છે અવ્યકત
ક્ષણું ક્ષણું નૌતન રંગે ચમકતા જાણે નિજ ભકત ।૧૮૦।
એમ અંગવદ અંગી કર્યા કેશ મીસે ભકત તે અનુપ
સોહે અપરંપાર કેશ રૂપે ભગવદી સુખરૂપ ।૧૮૧।
એણી પેરે એ અંગી કર્યા છે વાહાલાજીએ કેશ એ રસીલા
રસ ભકતને એ મોહે ઉપજાવે સમે સમે કેશ છે વસીલા ।૧૮૨।
તેણે કરીય કેશ વહાલા છે પ્રિતમજીના અંગ સુખદાયી
એણે પેરે એ સંયોગ સુખ કરાવે પ્રિયને મન ભાયી ।૧૮૩।
સ્વકિય તણાં ચિત્ત અંતરંગ ઘેરી ફેરી લાવે પ્રિય પાસ
એહવા કેશ એ વિશાલ છે રસિલા પ્રિય તણી પુરે આશ ।૧૮૪।
એહવા સોહાગને રસે માતા જ્ઞાતા છે કેશ તે મહેમંત
કેશ વ્હાલાને મસ્તક રાજે એહોનો કોએ ન પામે અંત ।૧૮૫।
કોઈ નિરખતા ઉરઝયા છે અંબોડા માંહાં અપરંપાર
ભર્યો પુરો છે તે ફુલ્યો ફલ્યો અંબોડો વહાલાજી તણો સાર ।૧૮૬।
તેહનુ રૂપ નવ કહયુ જાએ અંબોડો જોઈ મન રંજે
તેણે કરી તે અનુરકત ભકત અંબોડે રહયા છે મન મંજે ।૧૮૭।
અતિ ઝલકતો ત્રપત્રપે અંબોડો સોહે છે તે સુઠાણ્ય
સ્વકિય વૃંદ તણાં મન મોહે અંબોડો ભર્યો છે રસખાણ ।૧૮૮।
બહુ જયોત સું ઉધ્યોત રાજે લહે લહે અંબોડો અવ્યકત
સુભગ સચિકણ થરહરતો તે જોઈ મોહે નિજભકત ।૧૮૯।
પીઠ પર તે લલકી રહયો અંબોડાનું નહી કાંઈ માન
એહને જોઈ સ્વકિય મન રીઝે વ્હાલોજી કરે છે નિજ દાન ।૧૯૦।
એહના પેચ તે સુપેચે દિધા પ્રિયજીએ કરી કરી ખાંત
તેણે કરીયને સુભગા હરખે અંબોડાની સુંદર છે ભાંત ।૧૯૧।
એ છે પરમ સુભટ સાર મોહક સ્વરૂપે તે બિરાજે
અતિ સુખદ શીરોમણી એ અંબોડાને જોઈ મન ગાજે ।૧૯૨।
ઝલહલતો ઝાતકાર શું એ અંબોડો સુભટ વર ધીર
એણી પેરે તે બેઠા છે વહાલો સેજડી શોભાજીનો વીર ।૧૯૩।
ઉથાપને એમ આવી જુએ પ્રિતમજીને ભગવદી સાથ
પ્રિય આનંદે પ્રમોદે આપે રસ ભર્યા દાન કરૂણા નાથ ।૧૯૪।
જે શ્રી અંગતણો રસ છે અગાધ્ય તે અપરમિત સાર
એમ ઉદબોધ હોય છે રસ તણાં ઉભય અંગે તે અપાર ।૧૯૫।

દાન આપીને સંતોષ્યા ભકત લીધા પ્રિય પોતાતણે પાસ
અતિ આતુરતા રસ તણી જાણી વહાલો પુરે બહુ આશ ।૧૯૬।
એમ ભકતસુ પ્રવેષ્ટિત છે વલ્લ્લભ ચતુર ચિત્તચોર
આદી અંત તે નિરવાહ કરે જાણી વ્હાલો પ્રિતમ તણી ઓર ।૧૯૭।
ભકત સંગતે વિવિધી રંગે વિલસે પ્રિય રસ તણી ઉકત
અતિ આતુર અભિલાખસું મન તન આપી રહે રસ જુકત ।૧૯૮।
કોસું નેત્રની કટાક્ષ કોરે ઉનમત ભર્યા ભરપુર
કોસું વચન વિલાસે ટોંક બોલે છે વહાલોજી અતિસુર ।૧૯૯।
કોસું સ્પર્શની તે આશા ધરે અંગ અંગ પ્રત્યે તે નવિન
કોસું મુસકની દાન કરે મંદ મંદ પરમ પ્રવિણ ।૨૦૦।
કેહને અંગની આભાએ મોહે સોહે છે વલ્લભજી રસાલ
કેહને હાસ્યે કરી રંજે ઝલમલે પ્રિય તણું ભાલ ।૨૦૧।
કોહોના ચિત્તતે નિરોધી રોધે વિઠલકુંવર નવરંગ
કોસું આશકત થયા છે અંગે નવી નવી રીતે સ્નેહ સંગ ।૨૦૨
કોહોનો સુંદર શ્રૃંગાર જોઈ વિહવલ થયા છે મહારાજ
તેણે કરી અંગ અંગ પ્રત્યે અનંગ ઝલકે છે તે આજ ।૨૦૩।
કેહનો હુલસી આનંદ મને આદર કરે છે તે અમોલ્ય
કેહને વાતમાં રીઝવે રંગે રમણ કરે છે ઝકઝોલ ।૨૦૪।
કેહના દાનની આતુરતાને લોચે છે વહાલોજી ઘણું મન
કોસુ સ્નેહભર મગ્ન થઈ આપી રહયા છે તેને તે મન તન ।૨૦૫।
કેહને જોઈ પ્રિય અંક ભરે હરખસુ પરમ અવ્યકત
કેહના અંગના અનંગ ચુરે સોહાગસું નિરખે નિજ ભકત ।૨૦૬।
કોસુ લગ્નતા નવિન સાધે વાધે તે મને રૂચીકારી
કેહને જોઈયને શિથિલ થયા અંગ અંગ પ્રિયના તે ભારી ।૨૦૭।
કોહોને નેત્રસું હટકે વહાલો રસ તણી રીતે ઘણું સોહે
કોસુ આશકત થયા છે રંગે એણી પેરે ભકત સહુ મોહે ।૨૦૮।
કેહના ભાવસુ આધિન થઈ રહે છે પ્રિતમજી ઉદાર
કોહોનું સ્વરૂપ સલુણુ જોઈ હરખે મિત્ર અપરંપાર ।૨૦૯।
કોસુ મન તે મગ્ન રાજે લગ્નતા સોહે છે નવ રંગ
કેહને નિરખી નિરખી હરખે પ્રિત જુત જુએ તેના અંગ ।૨૧૦।
કોસુ નેત્રની અલોલે નિરખે કરે છે કલોલ રંગ રાતા
કેહના ભાવસુ મલીને અંગ ઉદબોધ કરે છે રસ જ્ઞાતા ।૨૧૧।
કેહને તન મન આપી હલી મલી કરે રમણ રસાલ
કોહના અંગના અનંગ ચુરે પુરે છે આશ પ્રતિપાલ ।૨૧૨।
કોસુ કિલકી હુલસીયને દેખાડે છે ચિન્હ ઠટકાવ
અતિ આનંદ ઉદબોધ થયો રમણ સમે હવા જે ભાવ ।૨૧૩

તેહને દેખી પ્રિય મુસકાયે વહાલો અનુપમ અભિનવે રંગે
ફરી તાદાત્મિક સોહે છે તેણે સમય પ્રિયજી તે સંગે ।૨૧૪।
એમ ઉથાપને પોઢી ઉઠી બેઠા છે સેજ તે અવ્યકત
ત્યારે કરૂણા કટાક્ષરૂપ નિરખે રસભર ભકત ।૨૧૫।
કોહના ભાવસું ભિનો છે મિત્ર વિચિત્ર રાખે છે તેહનુ માન
રસ સુખ તણો સાગર એ નવલ નાગર કરે પાન ।૨૧૬।
કોહોના અંગ અંગ નિરોધીને રોધે પ્રિય દાનાતુર એમ
એક એકનું કો નવી જાણે દાન વહાલાજીને છે એ નેમ ।૨૧૭।
એહવો ચતુર ગંભીરવર ધીર તે કહયો કેમ જાય
કોસુ આંતરિક રસે ઢલે મલે તે શાંતા બહુ થાય ।૨૧૮।
કેહને આનંદ ઉમાહે રસ ભરે છે તે અપરંપાર
કોહાના ચિત્તવિત્ત હરે છે વહાલોજી અનુપમ સાર ।૨૧૯।
વિધી વિધી દાન આપી કરે રસ પાન પ્રિય તણે સંગે
ત્યારે શ્રી અંગના ઝાતકાર જુએ ભગવદી મન રંગે ।૨૨૦।
અહીં અંકિત ઉપટયા માલા નાયકાના સુભગ નવિન
અતિ મૃદુલ પ્રિતમ અંગે ઉપટયા છે સ્વકિય તે પ્રવિણ ।૨૨૧।
એમ પરસ્પરે અરૂઝી લપટયા ઉપટયા મન તન પ્રિય કાજે
તેહની શોભા તે કહીયન જાયે સુખદ સમોહ પામ્યું રાજે ।૨૨૨।
એમ ભકતસુ પ્રવેષ્ટિત રહે છે બાહયાભ્યંતર પ્રિત રાતા
દાન દેતા મન હરખે ને અંગ અંગે તે હોય બહુ શાંતા ।૨૨૩।
લોભાત્મિક ભર્યા દાન પાત્ર પ્રિતમજીએ કરી કરી ખાંત્ય
ફરી આતુર અભિલાખા વાધી તેણે કરીય અનુપમ ભાંત ।૨૨૪।
દાન પાત્ર તે લોભાત્મિક છે દેતા લેતા મટકે ન લેશ
અતિ આનંદ ઉધ્ધી માંહે મગ્ન થયા રસે પ્રાણ વરેશ ।૨૨૫।
કોહોને જુએ પ્રિય સકોમલ લાવણ્ય અમિત છે અથાહ
અંગ અંગ તે પ્રમોદ ભર્યા અવિલોકતાં ચુરે રસ દાહ ।૨૨૬।
કોનુ તન મન ધન હરી વરણ કિધુ છે તે રસાલ
કોહોને હાથે કરી સુચવે તમો છો એ સુખદ સોહે માલ ।૨૨૭।
કોસુ ચંચલ ચિત્તવનીયે ચાહે છે તે અનંગ સમેત
સ્નેહ તત્પસુ અવ્યકત દિસે ભકત તણા રસ સુખ હેત ।૨૨૮।
કોહોને ધીરબાંધી ધીરજ દે છે રસ વસ થકા તે સુદેશ
કોસુ રીઝે ને રીઝાવે રંગે બહુપેરે શ્રી ગોકુલાધીશ ।૨૨૯।
મહા ગુણનો ગંભીર દાતા છે શ્રી વિઠલકુમાર
શ્રી પાર્વતી વહુજી તણાં કંથનું છે શ્રી અંગ તે સાર ।૨૩૦।
કેહેને અંગને આમોદે મોહે સોહે છે શ્રી રૂકમણીલાલ
કોસુ પ્રેમની ઠગોરી ડારે આંતરિક ભાવે તે રસાલ ।૨૩૧।

કોસુ પ્રિતનો તે તોરો જોર ઓરતેની બાંહે રસ રીતે
તેણે કરી ઉનમત ભર્યું તન મન પ્રિયજીનું પ્રિતે ।૨૩૨।
દાન દેવાને આતુર ચિત્ત વલ્લભજીનું બહુ પેરે થાય
એમ ઉદાર ઉદથી ઉમડયો છે અંગ અંગ મન ભાએ ।૨૩૩।
કોસુ વચન વિલાસે બોલે ખોલે છે અંતરપુટ રંગે
કેહને વાત રસે કરી મોહે સોહે છે વલ્લભજી તે સંગે ।૨૩૪।
એમ મંદિર વિચિત્ર મિત્ર બેઠા છે સેજડી તે અનુપ
વિધી વિધી દાન આપી લે છે પ્રિતમજી સુંદર સુખરૂપ ૨૩૫।
અતિ રસિક રસાલ રંગે લેતા દેતા કોઈ નવી મટકે
એમ પરસ્પરે રંગરોલ કરતા મનડા સ્નેહે અટકે ।૨૩૬।
મહા અથાહ અમિત સિંધુ ભર્યો તે કહેતા ગ્રંથ વાંધે
તેણે કરી એ સુચન માત્ર કહયું છે મન દર્શન સમે સાધે ।૨૩૭।
પ્રિય ઉથાપને જાગી ઉઠી બેઠા એમ સેજડી અવ્યકત
તે સમયનું સુખ સુચન અર્થે કહયું કાંઈ સુણો રસ ભકત ।૨૩૮।
બીજુ કોઈય તે નવી લહે રસિક સમાજ તણી વાત
શ્રી વલ્લભજીના ચરિત્ર નિરખે એ સુંદર રસ ગાત ।૨૩૯।
અંગ અંગ છે નવિન રસ પ્રવિણ ગંભીર સુખસુર
તે લાવણ્યરસ જોઈ જોઈ સુભગાના મન ચઢયા સુર ।૨૪૦।
તેણે કરી તે આતુર ચિત્તે વિહવલ થયા છે તે અપાર
શ્રી મહાપ્રભુજીના દાન તે વિચિત્ર છે અનુપમ સાર ।૨૪૧।
તે સુખદ રસ કહેવા તણું મારૂ તે નહિ સ્વકિય ગાત્ર
દાતા ભોકતા તણું મન લહે સ્વરૂપ રસે જે ભર્યા પાત્ર ।૨૪૨।
જેહસુ નિશદિન સ્નેહભર્યા રહે છે વ્હાલાજી તે આશકત
તેહો તણાં મન લહે છે જે સુખદ સ્વરૂપ રસ ભકત ।૨૪૩।
વિધી વિધી તણાં દાન પાન આપી કરે પરમ પ્રસન્ન
હાસ્ય વિલાસ કો કરે ઉદબોધ અપરમિત મન ।૨૪૪।
તે અવ્યકત ફલ માધુર્યતા લહે છે વલ્લભજી સુજ્ઞાતા
વિધી વિધી રસ સંગે રીઝુ મનડુ અનુપમ દાતા ।૨૪૫।
તે શ્રી રૂકમણીલાલને નમન કરૂં સોહે સ્નેહવાન
મહા પ્રવિણ પ્રિતમ મારો રાખે બહું સ્નેહ જુત માન ।૨૪૬।
હવે આગલના ચરિત્ર મિત્ર તણાં તે પાંચમે માંગલ્યે કહેશુ
જેવું પ્રિતમજી વિચિત્ર દાન કરશે તે કાંઈ એક લહેશું ।૨૪૭।
વહાલો પોઢી ઉઠી બેઠા ઉત્થાપને દાન દિધા અસંખ્યાત
તે વચને કરી કેમ કહયાં જાયે દાન તણી જેજે વાત ।૨૪૮।
શ્રી વલ્લભજી રસિલે રૂપે અનુપ છે અંગ અંગ સોહે
તે લાવણ્ય ગુણ ગંભીરતા જોઈ જોઈ સ્વકિય વૃંદ મોહે ।૨૪૯।

ઈતિશ્રી માંગલ્ય ત્રીસમુ સંપૂર્ણમ શ્રી શ્રી શ્રી શ્રી શ્રી.

માંગલ્ય - ૩૧

શ્રી શ્રી શ્રી ગોકુલેશો જય જયતિ, એ માંગલ્ય એકત્રીસમું લખીયે છે, એહની જાત "જીરે ધન્ય ધન્ય રે આજનો દિન "શ્રી ગોકુલનાથ પૌધારીયા" એમ ગવાશે. તથા બીજી જાત "ભલે જનમ્યાજી શ્રી ગોકુલનાથ ધ્યો હેલી હરિને વધામણા" એ વધામણે ગવાશે તે લખિયે છે.

પાછલે માંગલ્યે રે કહયું સ્વરૂપ સુદેશ ભગવદી નિરખે સોહામણું
તેહના ભાવલેરે સોહે અવ્યકત અપાર જુએ છે તે રૂપ મોહામણું ।૧।
તેણે કરીયને મન અભિનવો રંગ અંગ ઉલટ તે માયે નહીં
એમ થાયે છે રે અતિ પરમ કલોલ સેજ બેઠા છે વહાલો અહીં ।૨।
ઉથાપન સમે રે આપ્યુ દર્શન દાન જાગી નિંદ્રાભરથી રંગ ભરે
તે પ્રકારતે રે પાછલે કહયો સાર જાગ્યા પુઠી પ્રિય મન હરે ।૩।
ભકત સંગ રંગ રે કરે છે તે કલોલ બે માંગલ્યે કરી તે કહયું
દાન દિધા રે લીધા છે અપાર પરસ્પરે રસ સુખ મન લહું ।૪।
એમ ઉમડીયે રે આનંદ સિંધુ રંગ સેજ બેસી પ્રિય તણાં સુખ સદા
ભકત મન માંહાં રે હોયે છે તે આરામ હરખી નિરખે વહાલાને તદા ।૫।
અહી દંડવત રે કરૂં સુખદ નવિન પ્રિતમને ઉછાહ ઘણો
તેણે કરીયને રે હવો ઉદબોધ અપાર અંગ અનુરાગ વહાલ તણો ।૬।
શ્રી રૂકમણી રે સુત લાલ નવિન આપે દાન ભકતને રંગે
અતિ ઉમડયા રે મહારસ તણી રીત પ્રિતે પ્રસન્ન થયા તેહો સંગે ।૭।
એહવો મીઠો રે વિચિત્ર છે મિત્ર દીઠો મેં ભાગ્ય સોહાગે કરી
તેહોના સુખડા રે કહયા કેમ જાય થાયે આનંદ અતી મન ભરી ।૮।
શ્રી વિઠલકુંવર રે સોહે રત્ન રસાલ શ્રી અંગની આભા અતિ કેમ કહું
તે જગમગેરે ઉધ્યોત અવ્યકત અંગ અંગ પ્રત્યે સુખ મન લહું ।૯।
હું નવ જાણુ રે શાસ્ત્ર સિધ્ધાંત મારે એ સ્વરૂપ સું કાજ છે
શ્રી વલ્લભજી રે સોહે પરમ અનુપ ભુપ રસિક મહારાજ છે ।૧૦।
શ્રી પાર્વતી પતિ અતિસે હે દયાલ ભકતના કાજ પુરણ કરે
મહા ઉલટ સુરે અતિ પરમ પ્રમોદ સ્વકિય વૃંદ તણા પ્રિય મન હરે ।૧૧।
એહવો સમય તે રે ઉત્થાપન તણો સાર નિંદ્રાથી જાગી સેજ બેઠા છે
તે સ્વરૂપને રે જોતાં અંગમાંહાં ઉમાહ રસ જુત પ્રિય ઉરમાં બેઠા છે ।૧૨।
થયા માંગલ્ય રે ઉથાપન તણાં ચાર પાંચમું એ તે જાણજો
ને છબ્બીસ તે રે ભિન્ન સોહે છે અનુપ પહેલાં એકત્રીસ ચિત્ત આણજો ।૧૩।
હું ન જાણું રે કાંઈ વચન વિવેક કવી ધર્મ તણો તે પ્રકાર કીહો
મારૂ સર્વસ્વ ધન રૂકમણીલાલ તેહોની કૃપાબલ તણો સીહો ।૧૪।
તેણે કરીયને રે એ લેખન લખાય બીજુ તે કાંઈ જાણું નહી
શ્રી મુખાર્વીંદ રે શોભા નિરખે રસાલ વહાલોજી બેઠા સોહે અહીં ।૧૫।

ત્યારે અધર તેરે ચલકે છે અનુપ રૂપ પ્રિતમજીનું રસ ભર્યું
શ્રી અંગ તણી રે લાવણ્ય નીધિ સાર જોતા પ્રિય તણું રસદાન કર્યું ।૧૬।
તે હવે અનભુલે રે મહારાજ કાજ પુરણ કરો ભકતના
જે જે આપ્યા રે તમો સુખ તે અપાર ફલ રસદાન અવ્યકતના ।૧૭।
તે તે સુરતિ ને રે મનડુ અકુલાયે રાજ કૃપા બલે પામીયે
અતિ મન તન રે ભર્યું દુઃખ તે અપાર કેહી પેરે એહતે વામીયે ।૧૮।
તમો જાણો રે સહુ ભકતના રસ દાન નવી નવી રીતના
પ્રતિ પાલન રે કરો અપરંપાર ભાવ રસિક રસ પ્રિતના ।૧૯।
મારા વ્હાલાને રે ઘણુંય સોહાયે સ્નેહવાન ભકત સંગ રંગ રમે
તેહોના ભાવ તે રે પ્રિય અંગીકરે સાર આરત જુત સ્નેહ અતિ ગમે ।૨૦।
એમ બેઠા છે રે સેજડી સુદેશ ઉથાપને જાગીને રસ ભર્યા
અહીં રસસિંધુ રે ઉપટયા છે અપાર ભગવદીય પ્રિય આનંદે વર્યા ।૨૧।
નિરખે છે તેરે અતિ મનોહર રૂપ અનુપ પ્રિતમજી સોહે સદા
હવે અહીં થકીય રે પ્રિય ઉઠશે રંગ એકાંત સ્થલે પૌધારસે તદા ।૨૨।
તે લહીયને રે ભાગ્યવંતા જે ખવાસ ગડુઆ ભરી સ્નેહે ત્યાં ઘરે
શીતકાલ માંહા રે ઉષ્ન જલસુ અનુપ વાત્સલ્ય ભાવે એમ કરી ભરે ।૨૩।
ને હંસતી રે ત્યાં મુકે નવિન પ્રવિણ સુગંધ ઉખેવે સહી
તે અગર અને રે વલ્લી બત્તી અપાર ઉડાડે અબીર પ્રિયને સુખ લહી ।૨૪।
એહવા વાત્સલ્ય રે કરે અપરંપાર ભાગ્યવંતા તે ખવાસ સોહે
અહીં પધારશે રે શ્રી મહાપ્રભુ અવ્યકત ભકત સેવા જોઈ તે મોહે ।૨૫।
ત્યાં ભેલી ઘરે રે મૃતિકામાં સુવાસ ખવાસે તે પ્રિય ઉપયોગને
એણે કરીયને રે મન પરમ ઉલ્લાસ સમજી પ્રિતમ રસ ભોગને ।૨૬।
ઉષ્ણકાલ હોય રે ત્યારે અનુપમ રીત ભરી જલ ગડુઆ શીતલ ઘરે
એહવા વાત્સલ્ય રે કરે ભાગ્યવાન જેહ તે પ્રિતમજીનું મન હરે ।૨૭।
તે સેવાવર્તી રે ખવાસ ભાગ્યવાન દાન તેઓને એવા સદા
કરે વાત્સલ્ય રે સ્નેહતણાં તે પ્રકાર વાર નહી કાજ કરે મન મુદા ।૨૮।
એમ તત્પર રે રહે નિશદિન અહી તે હું મુખે કરી કેમ કહું
એહવા ભાગ્યવાન રે તે ખવાસજી નામ અનુપમ એહોના સ્વરૂપ લહું ।૨૯।
એ કરે છે રે સેવા સમે સમે સાર તે કહેવા મારી યોગ્યતા નહી
એહવા સુખ દે છે રે શીરોમણી જેહ શ્રીઅના વાત્સલ્ય તે કરે અહીં ।૩૦।
તેહના ભાગ્ય તે રે મેં કહયાં કેમ જાય પ્રગટ પ્રકાશ પ્રિતમ તણો
કરે અનુપમ રે સેવા સુખદ નવિન પ્રવિણ પ્રિતમને ઉછાહ ઘણો ।૩૧।
જે નિકટવર્તી રે ખવાસ સુખનામ જામ જાગીને સેવા કરે
ક્ષણું ક્ષણું પ્રત્યે રે સોહે નવ નવા ભાવ એણી પેરે પ્રિયને રસ ભરે ।૩૨।
વ્હાલો બેઠા છે રે ઉથાપને સેજ સારી નીંદ્રાથી જાગ્યા જુએ ભકત રંગે
સોહે અંગ અંગ રે પ્રત્યે રસ તે અનુપ નિરખે છે ભકત સમાજ સંગે ।૩૩।

ભાવબહુ પેરે રે પ્રગટે છે રસાલ અવ્યકત મનોહર તે સદા
ભાવે ભુષિત રે ભકતના મન તન ભાવાત્મિક દિસે તે તદા ૧૩૪૧
ભાવ પ્રભુ અને રે રૂચે છે અપાર ગુણ નીધિ ભાવની વૃષ્ટિ કરે
દાતા ભોકતા રે વલ્લભજી પ્રવિણ નવિન ભાવસું ચિત્ત હરે ૧૩૫૧
ભાવ ભોગી રે ભાવના તે સંજોગ દાન દેવા પ્રિય તે આતુર ઘણું
ભાવ પુરીત રે માહા પ્રમોદ પ્રકાશ ભકત ભાવ વીન નવ રહે અણું ૧૩૬૧
તે રસીકવર રે ભાવે ભર્યા છે ઉદાર ભાવ રસિક રસ પ્રિતના
આપે દાન તેરે ભાવ અવ્યકત રસાલ સુખદ નવિન રસ રીતના ૧૩૭૧
ભાવગ્રાહી રે ભાવે ભુષિત નાહ દાહ તે ભકતની સદ્ય હરે
ભાવે પુષ્ટતા રે કરે મનને અવ્યકત ભાવસું ભકત ને પ્રિય વરે ૧૩૮૧
ભાવ પાત્ર ને રે ભાવે ભરે છે અપાર સાર પ્રિતમજી પ્રમોદસું
ભાવે ભકતને રે પ્રગટે છે પ્રમોદ ભાવે ભર્યા તે નિરોધસું ૧૩૯૧
એમ ભાવની રે વૃષ્ટિ કરે છે અનુપ ભુપ વલ્લભજી સોહામણો
ભાવે દાન તે રે કરે પાન અનેક ગોપ્ય ભાવસું મોહામણો ૧૪૦૧
ભાવે રમણની રે ઈચ્છા પ્રગટે રસાલ ભાવે ઉદબોધ થાયે ઘણો
તે અલોલતા રે ભાવ તણી તે અવ્યકત સોહે છે અંગ રસ ભકત તણાં ૧૪૧૧
તે પ્રમોદ સુરે નિરખે નિજ નાહ ભાવ રસિક રસપુર શું
ભાવ સમુદ્રની રે ત્યાં લહેરી અપાર ઉછલીત થઈ સુર શું ૧૪૨૧
ભાવાત્મિક છે રે જે કો શ્રૃષ્ટિ રસાલ તેહોને તે ભાવ વિણ નવ ગમે
ભાવે પુરીત રે ચુરીત દુઃખ મુલ ભાવસું પ્રિય સંગરંગ રમે ૧૪૩૧
તેહોના ભાવ તે રે ભાવે ફલ્યા છે અપાર રમણ રસે ઉપયોગ છે
એમ સાંપ્રત્ય રે દિસે રસ તણાં રંગ ભાવ સુખસું સંયોગ છે ૧૪૪૧
ભાવે શ્રેષ્ટતા રે હોય મનને અનુપ તેહવું હું વચને તે કેમ કહું
ભાવ ફલ સુખ રે આપે રૂકમણીલાલ તેહ અનુપમ મન લહું ૧૪૫૧
એમ બેઠા છે રે ઉથાપન સેજસાર નિંદ્રાથી જાગીને રસે ભર્યા
ભાવે મલી હલીરે કરે વહાલોજી દાન એણી પેરે ભકતના ભાવ વર્યા ૧૪૬૧
ભાવે સંવલીત રે જેકો સ્વરૂપાશકત તેહ પર પ્રિયજી પ્રસન્ન સદા
સ્થાઈ ભાવતે રે જેન હોય અવ્યકત તેહો તણાં કાજ પુરે મન મુદા ૧૪૭૧
ભાવ તણો રે શ્રૃંગાર છે સુદેશ જગમગ જયોત ભાવે સોહે
ભાવ રૂપીયા રે ભુષણ ભકત પાસ તેહને જોઈ પ્રિતમજી મોહે ૧૪૮૧
ભાવપુરા રે સુરા સુખદાય ભાવે વહાલાજીને રીઝવે ઘણું
ભાવે જોઈયને રે પ્રિય પ્રસન્ન તે થાય શું કહુ ભાગ્ય તે ભાવ તણું ૧૪૯૧
ભાવે સિધ્ધવત રે હોય કાજ અનેક સ્વરૂપ ફલ રસ પામીયે
ભાવે પુરે છે રે જે રમણ રસ કોડય જોડને જોઈ દુઃખ વામીયે ૧૫૦૧
ભાવ તણું છે રે મધ્યવર્તી સ્વરૂપ ક્ષણું ક્ષણું જઈ પ્રિયને કહે
ગોપ્યરૂપે રે મધ્યવર્તી અનુપ ભાવનું ભાગ્ય તે પ્રિય લહે ૧૫૧૧

એહોને ક્ષણું ક્ષણું રે પ્રત્યે પ્રિયનો સંબંધ ગંધ બીજુ તે ભાગ્ય તે જાણે નહી
ભાવ જઈ મલે રે પ્રિતમ ચિત્ત રંગી મધ્યવર્તી થઈયને અહી ।૫૨।
ભાવે નિરોધ છે ભકતના મન તન અંગ અંગ પ્રત્યે તે અનુપ રસ
ભાવે અભિલાખારે વાધે મને રસાલ ભાવે વહાલોજી થાયે વશ ।૫૩।
સ્નેહ ભાવ તેરે જેહોને હોય અંગ તેહોના ભાગ્યનું કેમ કહું
તેણે ભાવે તે રે સહુ કાજ સિધ્ધ થાય રસ જુત પ્રિયનું સ્વરૂપ લહું ।૫૪।
તેણે ઉપજે રે આશકતતા સાર ભાવે લગ્નતા અભિનવી
તે સુખદ છે રે શીરોમણી સાર ભાવ જુત મગ્નતા એહવી ।૫૫।
ભાવ કરૂણારે મઈ સિંધુ અપાર તે માંહાં ઝીલે રસભકત રંગે
તેહોના તરંગની રે સોહે શોભા અવ્યકત ભાવસુ ભકત નિરખે સંગે ।૫૬।
સ્નેહવાનને રે હોયે દાન અનેક રસ તણાં રોલ પ્રગટ થાયે
તે ભાવાત્મિક રે ભર્યા ભાવે રસાલ પ્રિય અંગ અનુપતે મન ભાયે ।૫૭।
ભાવે વાત્સલ્ય રે ઉપજે મન રંગ સ્નેહ શ્રષ્ટિ જેકો રસ ભરી
તે રસમઈ રે તાદાત્મિક રૂપ ભાવે પ્રિતમજી એ એમ વરી ।૫૮।
ભાવ પોષક રે વહાલોજી રસાલ ભાવે ભાવની વૃધ્ધી કરે
એહવો મિત્ર છે રે વિચિત્ર અનુપ ભાવસુ ભકતના મન હરે ।૫૯।
ભાવ ઉન્મતરે થાયે મન રંગ ભાવસુ છીનતા અતિ ઘણી
ભાવે સ્વચ્છતા રે ઉપજે છે અપાર ભાવાધીન શ્રી ગોકુલધણી ।૬૦।
ભાવે સુખીત છે રે મન તન સર્વાંગ ભાવે દુઃખ તણું લેખુ નહી
ભાવે ધર્મ તે રે સ્થાપિત હોય સાર ભકત ચરિત્ર પ્રિય જુએ અહી ।૬૧।
ભાવે ઉજવલરે ભકતના મન તન ભાવે મલીનતા હોય ઘણી
તેઓના ઉગ્રતેરે ભાવ રસિક રસાલ તે પર પ્રસન્ન પ્રિય મહા મણી ।૬૨।
ભાવ શ્રેષ્ઠ તે રે પ્રિયને પ્રેષ્ઠ હોય ભાવના દાન તે કેમ કહું
ભાવે હરખીત રે વરખીત રસરૂપ ભુપ ભાવાધીન મન લહું ।૬૩।
ભાવ શ્રેષ્ઠનો રે કરવો અંગીકાર ભકત સમાજ સુણો ચિત્ત ધરી
જેણે ભાવે રે પામ્યા એ ફલ સાર ઉપજે અનન્યતા રસ ભરી ।૬૪।
તેણે કરીયને અતિ પ્રગટ પ્રમોદ સ્વરૂપ વિના કાંઈ નવી ગમે
તેહને દાન તે રે ભાવે ભરીયા અવ્યકત રૂકમણીલાલ સંગરંગ રમે ।૬૫।
ભાવે ઉજવલ રે સોહે ભકતની કાંત શ્રાંત તેહને કોણ કરી શકે
ભાવે ભેદે રે ખેદે સર્વાંગ નિરોધ લીલા કોઈ કેમ લખે ।૬૬।
જેહને અનુભવે રે હોય સ્નેહ તણી સાર નિરોધનું સ્વરૂપ તે લહે
સ્નેહ ભાવનો રે કરવો ભકતે સંગ શું શું વચને કરીને કહે ।૬૭।
ઉગ્ર ભાવ તેરે આપી કોયે અંતરાય શ્રી વલ્લભજી તે સોહામણો
ભાવે રીઝવે રે ભાવે સીઝવે કાજ પરમ ચતુર છે મોહામણો ।૬૮।
રસ રીતીચુરે પ્રિતે પ્રતિપાલ ભાવના ભેદ જાણે ઘણું
મ્હારો પ્રિતમ એહવો સુભટ છે સાર ભાવે દાન આપે શું કહું તેહ તણું ।૬૯।

ભાવે રે જશ હોય અપાર શિથિલ ભાવે અપજશ થાયે
માટે કરવો રે ભાવ શ્રેષ્ઠનો સંગ બલિષ્ઠ તે પ્રિયજીને મન ભાયે ।૭૦।
શ્રેષ્ઠ ભાવે રે પ્રિયને સુખ થાય અધમ ભાવ સુણી દુઃખ ઘણું
જે કો અનુસરે રે ભાવ શ્રેષ્ઠનો સંગ પ્રબલ ભાગ્ય છે તે તે તણું ।૭૧।
તે ઉપરે રે પ્રભુને બહુ હેજ આનંદ મન પ્રફુલ્લીત સદા
ભાવ રૂપી રે ત્યાં આસન રચ્યુ સાર ચિત્ત તેહોના માંહાં તે મન મુદા ।૭૨।
ત્યાં બેસે રે મંગલ રૂપ જેહ તેહ વલ્લભજી ઉદાર વર
એહવા દાનતે રે આપ્યાં અપરંપાર શ્રેષ્ઠ ભાવ તણાં વ્હાલો સ્નેહ ભર ।૭૩।
પ્રિય મિઠો રે મિત્ર રસિક રસાલ તેહનુ સુખ સ્વકિય કેમ કહું
હવે ઉઠશેરે સેજ પરથી સુદેશ તે પ્રકાર તે મન લહું ।૭૪।
પ્રિય પધારશે રે એકાંત સ્થલ કાજ ત્યાં સાજ ભકતે કર્યા ઘણાં
તે પ્રકાર તે રે પાછલ કહયો સાર ભાવ જે ખવાસની સેવા તણો ।૭૫।
હવે વ્હાલોજીનું રે શ્રી મુખાર્વીંદ જેહ પ્રહસિત સુખદ સોહામણું
તે માંહા થીરે બીડું મુકે રસાલ દાન દે છે સ્વકિયને મોહામણું ।૭૬।
નિહોરાવે છે રે ગ્રીવા રસ તણું જુકત ઉકત રસિલી જાણે સદા
તે સ્પર્શે છે રે કરાંબુજે રસ સાર માલા મીસે એણી પેરે મન મુદા ।૭૭।
તે સુચવે રે પ્રિય રસ તણાં ભાવ આલીંગન રસ સુખ ભરે
તે સમઝેરે દાતા ભોકતાનું મન રસ ઉદબોધે અતિ કેલી કરે ।૭૮।
એમ મુકે રે બીડું રસસુ અવ્યકત ભકત અધરામૃત લે રંગે
લેતા વાધે રે મન ફુલ અપાર સ્વાદ અધરામૃત અંગ રંગે ।૭૯।
તે સુખ તણો રે સિંધુ મહાબલવાન દાન અધારામૃત તણું સોહે
અંગ અંગ પ્રત્યે રે પ્રગટે છે પ્રમોદ પ્રિયનુ અધરામૃત જોઈ મોહે ।૮૦।
મુકયુ છે રે બીડુ રસ ભર્યું સાર દાન પાત્ર ને તે દાન કર્યું
તે અધરામૃત રે રસ પરમ નવિન પ્રવિણ સ્વકિયનું તે મન હર્યું ।૮૧।
ભકતે લીધુ રે રંચ રંચ સહુ કોય અધરામૃત તે સુખદ સદા
બેહુ હાથ તે રે ઉલટ ઉભા દાહ પ્રગટ હોય તે તદા ।૮૨।
ને ચઢાવે છે રે મસ્તક રસ રૂપ અનુપ અધરામૃત લહીયને
સ્નેહ સંયુકત રે અધરામૃત પાન કરે ભકત અવ્યકત તે કહીયને ।૮૩।
નિરખે છે રે અધરામૃત રંગ અંગ ઉલટ તે માયે નહીં
ને ફેરે રે કર મસ્તક જેહ અધરામૃત તે ભર્યો તે અહીં ।૮૪।
કોઈ ફેરે રે કર નેત્રે રસાલ વ્રજબાલ પરમ પ્રિતે ભરી
કોઈ સ્પર્શે રે કર છાતી અનુપ રસજુત પરમ આનંદ ઘરી ।૮૫।
તેણે કરીયને રે વાધે મન ફુલ રસ અંગ પ્રિય સંગ મલી રહયાં
નેત્ર ભેલી રે સુભગા રહયા એમ નેમસુ નવી જાયે તે કહયાં ।૮૬।
એમ લીધુરે અધરામૃત જેહ તે પ્રિય અંગે સુખદ ઘણું
ભાવે પુરા રે સુરા રસ રૂપ શું કહું ભાગ્ય તેહો તણું ।૮૭।

એમ લીધુ રે અધરામૃત પાન દાન અનુપમ પ્રિય દિધા
તેણ પ્રહસિત રે રસ દેઈ અવ્યકત રસ ભકતે અંગ અગ અમી પીધા ૧૮૮
એહવા સુખડા જે પ્રિતમ તણાં સાર બેઠા સેજ ઉથાપન સોહે
ઉઠયા છે રે નિંદ્રા કરી જેહ તે શોભાએ તે મન મોહે ૧૮૯
હવે બાંધે રે મુડાસો રસાલ સુધારી અનુપમ તે કહયું
અતિ ગર્વ સુરે પેર દે છે અવ્યકત ભકતના મન હરે તે લહયું ૧૯૦
ભ્રઅ ભ્રણાલતે રે ચઢાવે ઉંચી સાર સુજાતિ સ્વકિય તણાં મન રંજે
તેની શોભાયે ફંદયા છે મન ભ્રુ ભ્રંગ ઝલકે છે તેજ પુંજે ૧૯૧
ને ચમકે છે રે શ્રી મુખાર્વીંદ રંગ અંગ અંગ પરમ ઉલટ ભર્યા
એમ બાંધ્યો રે મુડાસો સુદેશ પ્રાણ વલ્લભજીએ ચિત્ત હર્યા ૧૯૨
તે ઉપર રે તુરો સોહે રસાલ અદ્‌ભુત ભાંત નવિન છે
એહને નિરખીયે રે મન પરમ ઉલ્લાસ પ્રિતમ સુખદ પ્રવિણ છે ૧૯૩
મુડાસો બાંધ્યો રે અભિનવી રીત પ્રિતસુ ખુણા સોહે સદા
તેહની ભાંત તે રે મે કહી કેમ જાય રસ ભકત નિરખે છે તે તદા ૧૯૪
મારા વ્હાલાનો રે મુડાસો સુદેશ પેચ સુંદર છે સોહામણાં
બાંધી પહોચ્યારે મુડાસો જેણી વાર ખોસે ખૂંટ શ્રી હસ્તે મોહામણાં ૧૯૫
તે લાવણ્ય ગતિ રે કરતણી અવ્યકત ભકત શોભા જુએ ફરી ફરી
ત્યારે મુદ્રિકા રે નાયકા રૂપે જેહ ઝલકે છે નવલ જોબને ભરી ૧૯૬
ક્ષણું ક્ષણું પ્રત્યે રે જુજવાતે તરંગ નંગ નવલ અંગ રંગ ભર્યા
તે ચમકે રે નાયકા વ્રજબાલ રસ ઉદબોધસુ પ્રિયે વર્યા ૧૯૭
તેહની કાંત તેરે જુજવી છે અવ્યકત ભકત રસિલા શ્રી હસ્તે સોહે
એહનું ભાગ્ય તે રે છે પરમ ઉધ્યોત જયોતને જોઈ સહુ કો મોહે ૧૯૮
તે અરૂણ રંગ રે સોહે શ્યામ સુદેશ મુદ્રિકા નાયકા રૂપે મલી
કોઈ સમય તે રે શ્વેત હીરાની સુદેશ કો સમય નીલા પન્નાની વલી ૧૯૯
એમ નવ નવા રે જુથ નાયકા રસાલ મુદ્રિકા મીસે અહીં અનુસરે
તેહોના ભાગ્યનોરે વિસ્તાર અપાર વહાલોજી કાજ પુરણ કરે ૧૦૦
એમ બાંધ્યો રે મુડાસો મહારાજ કાજ એકાંત સ્થલે મન ધરી
હવે ઉઠે છે રે સેજ પરથી સુદેશ સકલ કાજ તે સહુ સિધ્ધ કરી ૧૦૧
રસ ભકત તણાં રે જાણે મન તન અન્યકો તે સમજે નહીં
એમ અનુભવ્યું રે ઉથાપન સુખ સાર નિંદ્રા સંગ પોઢી ઉઠયા પ્રિય અહીં ૧૦૨
હવે કહીયે રે શીતકાલ રિતુભેદ એ સમય નીમો પહેરે સદા
તે સમજીને લાવે ખવાસજી જેહ નીમો તે આનંદ મને મુદા ૧૦૩
વહાલો ઉઠયા રે પહેરવા નીમો એહ તે શોભા હું કેમ કહું
ભકત બોલે રે આશિષ ભલી રીત પ્રિત અનુપમ મન લહું ૧૦૪
જૈ જૈ કાર તેરે કરે છે અવ્યકત ભકતના સ્વાદ સોહે ઘણું
તે આનંદ સિંધુ રે ઉઝલ્યો છે અનુપ રૂપ નિરખતાં તે પ્રિય તણું ૧૦૫

કોઈ કહે છે રે ચિરંજીવો મહારાજ ભકતના કાજ પુરણ કરો
કોઈ કહે છે રે આરતહર નામ સ્વકિય તણો રસ શ્રી અંગે વર્યો ।૧૦૬।
કોઈ કહે છે રે તમો પરમ પ્રવિણ નવિન રસનું પાન કરો સદા
કોઈ કહે છે રે મિત્ર વિચિત્ર રસાલ વ્રજબાલ સંગ મલ્યો મન મુદા ।૧૦૭।
કોઈ લે છે રે વારણાં તે અનુપ સુખરૂપ શ્રી ગોકુલનાથના
તે ચટકે છે રે કર શીષે અવ્યકત કેમ કહું ભાગ્યતે સાથના ।૧૦૮।
એમ બોલે રે આશિષ મન રંગ અંગ ઉલટ તે માય નહીં
કોઈ કહે છે રે રૂકમણીસુતલાલ અંગ આભરણ સોહે અહીં ।૧૦૯।
કોઈ કહે છે રે પ્રિય અંગ આમોદ ફેલ્યો છે સુખદ સુંદર ઘણું
તે મીઠો રે અતિ ઉગ્ર સુવાસ અનુપમ ભાગ્ય છે તેહ તણું ।૧૧૦।
કોઈ કહે છે રે મહા ગુણનો ગંભીર વિર શોભાજીનો તે સદા
રસે પુરો રે રસ ભરણીક એહ લહે છે સ્વકિય તણાં મન મુદા ।૧૧૧।
કોઈ કહે છે રે સુખનીધિ વર એહ પરમ લડેતો છે માહામણી
મારૂ સર્વસ્વરે ધન પ્રાણ આધાર શ્રી વલ્લભજી સોહે ઘણી ।૧૧૨।
કોઈ કહે છે રે શ્રી અંગે સુખદાય લાવણ્ય ભર્યું સદા દેખીયે
તેની શોભા એ રે મનડુ લલચાયે અંગે અંગે રસ બહુ પેખીયે ।૧૧૩।
એમ ઓચરે રે મીઠી વાણી રસાલ ભકત આશિષ દે છે રંગે
કોઈ કહે છે રે અંગ પ્રિય તણાં સાર અપાર સુખતે રસદાન સંગે ।૧૧૪।
જેહનો સંબંધ તે રે જેહવો શ્રી અંગ સોહે તે તેવી આશિષ દેઈ મોહે
કોઈ થાયે રે વિહવલ ગતિ પંગ દૈન્ય ભાવ રસજુત સોહે ।૧૧૫।
કોહોને ચાલ્યા રે અશ્રુપાત અવ્યકત ભકત આશિષ દેતા તે રાજે
કોહોને થાયે રે રોમોદગમ તે અંગ અનુપમ ઝલકે છે તેજ પુંજે ।૧૧૬।
કોહોના ગદગદરે કંઠ તેહ ભરાયે દેતા આશિષ શ્રી અંગે સદા
કોઈ મેહેલે રે નિસાસો રસ જુકત આશિષ દે છે તે મન મુદા ।૧૧૭।
કોઈ કહે છે રે જૈ જૈ મંગલ નિધાન દાન ભકતને દીધા ઘણું
કોઈ વિસ્મય રે થઈ રહયા રસ ભકત અવ્યકત ભાગ્ય છે તે તેહ તણું ।૧૧૮।
એમ દે છે રે આશિષ રંગ રોલ શ્રી અંગ સંગ છે રંગ રાતા
કોઈ કહે છે રે શ્રી વલ્લભજી રસાલ તમારે રસે અમો મદે માતા ।૧૧૯।
તેહને થાયે રે પંગ ગતિ મતિ છિન દૈન્ય ભાવ તે આશિષ બોલે
કોઈ હરખિત રે વરખિત અનુરાગ દેતા આશિષ રસ પ્રિત ખોલે ।૧૨૦।
કોઈ દેહની રે સુરતિ ભુલ્યા ત્યાંહાં આશિષ માંહા મન મગ્ન થયું
તેહના ભાવની રે કણીકાનો પ્રકાશ મે નવી જાયે તે તે લહયું ।૧૨૧।
કોઈ કહે છે રે જૈ જૈ મહારાજા ધિરાજ કરૂણામઈ તે ઉદારવર
દીન ભાવસુરે બોલે આશિષ અવ્યકત ભકતને સ્નેહતણો અતિભર ।૧૨૨।
ક્ષણું ક્ષણું પ્રત્યેરે ભાવ નવનવી રીત ઉપજે છે પરમ રસે ભર્યા
તે ભાવસુરે દે આશિષ મન રંગ સંગ અંગ રસાત્મિક પ્રિયે વર્યા ।૧૨૩।

કોઈ કહે છે રે જૈ જૈ શ્રી મહારાજ લેઉ બલૈયા તે રસે ભરી
તે સમયને રે મનડુ અકુલાયે વિલાશ હુલ્લાસતે મન ધરી ૧૧૨૪૧
કેહેને વાધેરે અંગ અનંગ અવ્યકત ભકત આશિષ દેતા એમ સોહે
કોઈ કીલકીને રે હુલસે છે અપાર રસભાવે પ્રિય તણાં મન મોહે ૧૧૨૫૧
કેહને ઉદબોધ રે અંગે પ્રગટયો રસાલ નવિન મનોહર વાધે ઘણું
દેતા આશિષ રે એહવી અવસ્થા તે થાય ભાગ્ય અનુપમ તેહ તણું ૧૧૨૬૧
કેહને અંગે રે પ્રસ્વેદ રસાલ ચાલ્યો તે રસરૂપ કેમ કહું
કેહોને વાધેરે અંગે સ્નેહ અવ્યકત ભકત આશિષ દે છે મન લહયું ૧૧૨૭૧
કોહોને વાધેરે અંગે રસ તે નવિન પ્રવિણ પ્રિતમને આશિષ દેતા
કોહોના અંગ અંગરે શિથિલ થયા જાય શ્રી વલ્લભજી એહવુ નામ લેતા ૧૧૨૮૧
કોહોને થયા રે સરતાંત અવ્યકત દેતા આશિષ તે મોહમણી
એમ જીતે રે મનમથ તણો મદ એહવી આશિષ છે સોહામણી ૧૧૨૯૧
એહવા દાન તે રે આપી કાપે અંતરાય આશિષ ગુણ નીધિ નાથની
એહવી થાય રે જેહને અવસ્થા રસાલ લેઉ બલૈયા તે સાથની ૧૧૩૦૧
કોહોને પુષ્ટ પુષ્ટે રે રસે નિરોધ્યુ છે મન તન પ્રિતમને તે આપી રહયાં
બાહયાભંતર રે અંગની ન સંભાલ મેં કેહી પેરે તે જાએ કહયાં ૧૧૩૧૧
એહવા ભકત તે રે અંગવદ છે અવ્યકત દે છે આશિષ તે મન મતે
તે લહે છે રે વહાલો ચતુર પ્રવિણ નવિન વૃષ્ટિ કરે સ્નેહ ગતે ૧૧૩૨૧
તેહને દેવારે દાન ને અકુલાય પ્રિયજી અનુપમ રંગ ભર્યા
અતિ આતુર રે મનપુર ચઢયું શુર નિર્મલ ભાવ તેહોના વર્યા ૧૧૩૩૧
રૂપ રણાપર રે ત્યારે દિસે અથાહ અમિત રસતે કેહી પેરે કહું
ત્યારે પ્રગટે રે એહવો રસ તે અગાધ્ય આષિશ દેતા શ્રીમુખ ચહું ૧૧૩૪૧
કોહોની થાયે રે અહીં મતિ ગતિ પંગ અંગ અંગ પ્રત્યે તે સોહામણી
એમ દિધો રે લીધી પ્રિતની રીત આશિષ માંગલ્ય મોહામણી ૧૧૩૫૧
મંગલ નીધીરે મંગલવાર રૂપ ભકત મંગલ હિત રસ ધરે
મંગલ મણી રે મંગલ ઘણી એહ દાન મંગલ દેઈ ચિત્ત હરે ૧૧૩૬૧
એમ ઉભારે વર માંગલ્ય નાથ રસ ઉદ્બોધ ઉથાપન સમે
માંગલ્ય શ્રૃષ્ટિ તે રે કરે માંગલ્ય વૃષ્ટ દેતા આશિષ પ્રિય સંગ રમે ૧૧૩૭૧
માંગલ્ય ધુની રે જેજે માંગલ્ય શબ્દ ઉચ્ચાર માંગલ્ય પ્રિતમજી સુણે
એમ બોલે રે શ્રૃષ્ટિ મંગલ અવ્યકત આશિષ વ્હાલાજીને રસ ગુણે ૧૧૩૮૧
મંગલ પ્રિય રે શ્રી રૂકમણીલાલ તણાં અંગ મંગલ રલીયામણાં
તેહની શોભા રે માંગલ્ય છે પ્રકાશ પાસ નિરખે ભગવદી ઘણાં ૧૧૩૯૧
ઝાંઈ ઝલમલેરે મંગલ ગતિ એહ તેહ શ્રી અંગ માંહાં દેખીયે
મંગલ નીધિ રે મંગલ રીધી એહ માન માંગલ્ય રસ પેખીયે ૧૧૪૦૧
માંગલ્ય જયોત રે માંગલ્ય છે ઉદ્યોત પ્રસરી છે પરમ રસે ભરી
માંગલ્ય મતિ રે મંગલ ગતિ એહ તેહ આશિષ તે પ્રિયે વરી ૧૧૪૧૧

માંગલ્ય ગાધન રે મંગલ સોહે મન મંગલ તન વહાલા તણું રાજે
મંગલ ગન રે મહા મંગલ ધ્યાન દિસે છે અવ્યકત તે ભકત કાજે ।૧૪૨।
મંગલ અંગ રે મંગલ સોહે રંગ ચલણ વલણ તે મંગલ ભર્યા
મંગલ હાસ્ય રે મંગલ છે કટાક્ષ દેતા આશિષ એણી પેરે કર્યા ।૧૪૩।
મંગલ સુખ રે મંગલ રસજન અન્ય બીજુ તે જાણે નહીં
વાણી મંગલ રે સ્વર મંગલ અનુપ આશિષ દેતા સોહે અહીં ।૧૪૪।
સેજ મંગલ રે ઉભા છે મહારાજ ઉથાપન મંગલ મોહામણું
પોઢી ઉઠયા છે રે મંગલ રૂપ એહ રૂપ જોઉં તે સોહામણું ।૧૪૫।
નિંદ્રા મંગલ રે મંગલ રસ રાસ શ્રી અંગે આશિષ મંગલ રંગે
મંગલ તેજ રે મંગલ છે પ્રતાપ મંગલ સ્નેહ સોહે સંગે ।૧૪૬।
ઝાતકાર તેરે મંગલ રૂપ એહ તે વચને કેમ જાયએ કહયું
મંગલ જશ રે મંગલ જશનાથ સ્વરૂપ મંગલ કેમ જાએ લહયું ।૧૪૭।
નામ મંગલ રે શ્રી વલ્લભજી ઉદાર ગોકુલનાથ મંગલ મણી
પાર્વતીય રે પતિ મંગલ નિધાન વિઠલસુત મારે એ ઘણી ।૧૪૮।
રૂચી મંગલ રે પ્રતિ મંગલનાથ મંગલ સાથને સુખ સદા
કામ મંગલ રે મંગલ છે અવ્યકત એમ ધામ મંગલ રસ છે મુદા ।૧૪૯।
દ્રષ્ટિ મંગલ રે પ્રસરે છે અવ્યકત ભકત રસિક પર રસભરી
ત્યારે રીઝે રે સ્વકિય મંગલ એહ તેહોને મંગલ તે આશા ધરી ।૧૫૦।
એમ દીઠુ રે મંગલ સુખ એહ દર્શન તે ઉત્થાપન તણું
વ્હાલો પહેરે રે નીમો ભલી રીતે સોહે શીતકાલ તે અતિ ઘણું ।૧૫૧।
ત્યારે દિધી રે આશિષ એણી ભાંત ખાંત કરી કરીયને રંગે
નીમો પહેરતા રે લાવણ્ય ગતિ એહ તે મંગલ રૂપ છે સંગે ।૧૫૨।
ચપલ્યતા રે તે નિરખી નવિન પ્રવિણ પ્રિતમની મંગલ ભરી
કોઈ સમય તે રે નીમો સોસણી રંગ બંધ પીલા મગજી એ રંગે વરી ।૧૫૩।
કોઈ સમય તે રે નિમો લાલ સુદેશ હર્યા બંધ મગજીયે રંગ સોહે
કયારે પહેરે નીમો કેસરી રંગ ભકત સમાજ તે જોઈ મોહે ।૧૫૪।
તેહના બંધ તેરે થરહરતા છે લાલ જોઈ જોઈ સ્વકિય વૃંદ મન રંજે
સોહે મગજી રે પાતલી છે પ્રવિણ નવિન ઝલકે લાલ તે જ પુંજે ।૧૫૫।
કયારે પહેરે તે નીમો હરે રંગ જેહ તેહ અનુપમ રૂપ છે
તેહની મગજીરે બંધ અભિનવે રંગ અરૂણ ઝલકે તે અનુપ છે ।૧૫૬।
એમ પહેરે રે નીમા વિધી વિધી રંગ તે અસંખ્યાત કેમ કહું
હવે ચાલે રે વહાલોજી સુદેશ છુટી ચાલ તે શ્રી અંગ ચહયું ।૧૫૭।
ચરણાંકીત રે પરસે ભોમ્ય સાર ભાગ્ય સુફલ થયાં તેહ તણાં
ભકત બોલે રે અહી જેજે ઉચ્ચાર ઉભા છે વ્રજ યુવતિ ઘણાં ।૧૫૮।
રંગ રોલસું રે પ્રિય પધારે છે એહ અલબેલી અંગ જોઈ મન હિસે
ભકતે કીધો છે રે પેંડો તે સુદેશ ત્યાં વહાલોજી પધારતા દિસે ।૧૫૯।

ચાલ ચાલે રે ચમકે રસ રાસ પાસ એ સ્વરૂપ તે મે જોયું
આવે પૂર્વ રે મુખે મહારાજ શ્રી મુખે જોઈ મનડુ મોહયું ૧૬૦૧
જેહની આગલ રે આવે રૂકમણીલાલ તેહને અવસ્થા ભુલે સહી
એહવું સ્વરૂપ તેરે પ્રોઢ ગંભીર છે ધિર વિર શોભાજીનો મન લહી ૧૬૧૧
એહની ચંચલ રે ચાલ ચમકે સુદેશ પરમ સુભગ રલીયામણી
તે જોઈયને રે મોહે સ્વકિય વૃંદ એ કહે વાત ભેદસુ રસતણી ૧૬૨૧
છુટી ચાલસુ રે લટકતા મહારાજ આવે છે સ્વકિયને મોહાવતા
ત્યારે ઝલકે રે વૃક્ષસ્થલ સાર સંગ ઉભય કુચ તે સોહાવતા ૧૬૩૧
તે દિસે રે અવ્યકત રસરાસ કુચ ફલ પરમ રસે ભર્યા
તે મધુર રસ રે દાન પાને લહેવાય કુચ ફલ સ્પર્શતા કાજ સર્યા ૧૬૪૧
તેહની શોભા રે છે રસ સુ ઉદ્યોત જયોત સ્વકિય મનને ગમે
પૌઘારે રે શ્રી રૂકમણીલાલ રસ જુત ઝહ્દય જોઈ ભકત રમે ૧૬૫૧
હ્દય નિરખતા રે માત્રે લગ્નતા હોય મગ્ન થાયે મોદસું
ને ઉપજ રે રસભાવના તરંગ ઉદીપન મનોજ પ્રમોદસું ૧૬૬૧
એહવું હ્દય તે રે ઝલકે તેજ પુંજ ઉગ્ર શોભા ભર્યું તે સદા
પધારે છે રે સેજ થકા મહારાજ ઉથાપન સોહે મન મુદા ૧૬૭૧
કાજ લહીયને રે એકાંત સ્થલ જેહ તે અનુપમ કેમ કહી શકું
એમ ભાવે રે વૃષ્ટિ કરતા અપાર અદ્ભુત રસ સુખ મન લખું ૧૬૮૧
એ છેલ રે છબીલો છે મિત્ર વિચિત્ર રસ ભર્યો તે રંગે
જેહની આગલ રે આવે જલહલ જયોત પરમ ઉદ્યોત એ સ્વરૂપ સંગે ૧૬૯૧
એહવું દિસે રે શ્રી અંગ અવ્યકત ભકત નિરખે છે મન રલી
તે સ્વરૂપ રસ રે મહા પ્રબલ અનુપ સુખરૂપ જોઉ શ્રી અંગ મલી ૧૭૦૧
દાન દાતા રે દેતા પ્રિય રંગ આવે છે પરમ ઉછાહે ભર્યા
ત્યારે ચમકે રે વિધ્યુત ગતે અંગ રંગરસ બહુ પેરે ધર્યા ૧૭૧૧
એમ આવ્યા રે વેદી ચોતરે નાથ સાથ સહુને ઉલટ ઘણો
ત્યાં અનેક તે રે ઉભો ભકત સમાજ સ્નેહ છે અપરમિત તેહ તણો ૧૭૨૧
તેણે લોભે રે લોભ્યા રૂકમણીલાલ ક્ષણું એક તે અહી ઉભા રહે
આપે નિકટથી રે સ્વરૂપ રસદાન સ્વજાતિ સ્વકિય તણાં ભાવ લહે ૧૭૩૧
વહાલો સ્પર્શે છે રે પેર કરીને રંગ સુભગાના અંગ સુખ મન લહી
એમ સુચવે રે રસ ભકતને નેમ સુરતિ સંગ્રામનો રસ કહી ૧૭૪૧
ટેકો દિધો છે રે પેર કારી સંગરંગ એહીકતા પરમ સોહામણી
ત્યારે દિસે છે રે રૂપ રસ જયુત એહ નેહ જુએ સુભગા મોહામણી ૧૭૫૧
અહીં બોલે છે રે ભકત વિવિધી તરંગ આશિષ દે નિર્ઘોસ શું
ત્યારે પ્રગટે રે ભાવ સ્નેહના પ્રકાર આશિષ સુણે પ્રિય ચોપસુ ૧૭૬૧
જેજે શબ્દની રે મધુર ધુની એહ તે સર્વત્ર ફેલી રહી
તેણે કરીયને કાંઈ સુણીયે ન કાન મધુર ધુની તે છેલી રહી ૧૭૭૧

એમ ઓચારે રે સ્વર મધુર અવ્યકત ભકત આશિષ દેતા મન મુદા
તે સુણતા રે સુખડુ બહુ થાય ઉમાહા ભર તે આનંદ સદા ।૧૭૮।
ત્યાં ઉભા છે રે વેદી ચોતરે નાથ હાથસું કેશ તે સમારે છે
નીમો તણીરે પરમ રસ રસી વાત્સલ્યે વ્હાલો સુધારે છે ।૧૭૯।
તેહને જોઈયને રે સ્વકિય વૃંદ લલચાય ભાએ મન પ્રિય સ્પર્શ રસ રીધી
એહવા દાન તે રે રસતણાં સાર શ્રી વલ્લભજી સોહે મહાનીધિ ।૧૮૦।
ભકત ઉભા છે રે ઘેરી ફેરીને એમ જેમ આનંદનો ઉદ્બોધ થાએ
વહાલો નિરખે છે રે અતિ આનંદ ઉમાહ તે રસ ભકતને મન ભાએ ।૧૮૧।
એમ ચિત્તવે રે પરસ્પર જુકત ઉકત આનંદ મઈ તે સદા
અહી કહીયે રે કાંઈ સ્વરૂપ સુદેશ વર્ણન સુખ નીધિ મન મુદા ।૧૮૨।
એમ નિરખે રે આનંદ રસભકત પરમ સૌભાગ્ય તે સાથનું
શ્રી અંગ અંગ રે સોહે રસિક રસાલ રમ્ય ઉદબોધ જુત નાથનું ।૧૮૩।
તેણે કરીયને રે આનંદ ભરપુર સુર સુભગ પ્રિય રંગ ભર્યા
અહી ઉભા છે રે વેદી ચોંતરે નાથ રસભકત તણાં વહાલે ભાવ વર્યા ।૧૮૪।
અવિલોકે છે રે ઉભા સ્વકિય જેહ તે ચરણાર્વીંદ રસ મોહે
આનંદમઈ રે આનંદ ભરપુર ચરણકમલ યુગલ તે સોહે ।૧૮૫।
દિસે અંગુલી રે રસ નાયકાની પાંત ખાંત સહિત પ્રિયે અહીં વરી
તે આનંદે ભરી રે અગુલી રસ રાસ પાસ ચરણારવિંદે તે ઘરી ।૧૮૬।
તે ઝલકે રે ચલકે અપાર આનંદ રૂપે પ્રમોદસું
તેહની જયોત તે રે ઝલહલતી અવ્યકત ભકત નિરખે છે તે મોદસુ ।૧૮૭।
ઝાઈ ઝલમલેરે નવ જોબને ભરી એહ અંગુલી નાયકા તે આનંદ મુદા
તેહની શોભાતે રે દિસે પરમ ઉદ્યોત જયોતસું સ્વકિય ગણ તે સદા ।૧૮૮।
એમ અંગુલીયરે સ્વકિય સુજાતિનું રૂપ અંગવદ થઈ અહી અનુસર્યા
વહાલે દિધા રે અંગવદ કરી દાન અંગુલી સ્વકિય વૃંદ વર્યા ।૧૮૯।
નખ જગમગે રે પંગત્યમણી એહ તે ઉદ્યોત તે કયેમ કહું
તે પ્રકાશતે રે ઉમડયો છે અવ્યકત રસભકત સંગ નખમણી ચહયું ।૧૯૦।
એમ આનંદ રૂપી રે નખમણી જયોત પરમ ઉદ્યોત છે સોહામણી
રવિ શશીતે રે જોઈય ને મુરઝાય નખમણી જયોત મોહામણી ।૧૯૧।
તે ચમકે રે હાસ્ય રૂપે સુદેશ નખમણી જયોત ઉદ્યોતસું
તેહની કાંતતે રે શ્વેત અભિનવી સાર સુખદ સુંદર રસ જયોતસું ।૧૯૨।
તેહને નિરખે રે ભગવદી સમાજ ચરણના નખ તે આનંદ મુદા
તે પ્રહસિત રે દિસે પ્રગટ પ્રકાશ આનંદ મઈ નખમણી સદા ।૧૯૩।
એહને જોઈય ને રે મન નિર્મલ થાય જાયે તિમિર મર્યાદા તણો
તે ઉપજે રે સ્પર્શ અનુરાગ મન માંહા સ્નેહ તણો ભર ઘણો ।૧૯૪।
નખમણીતે રે કોમલ સુખરૂપ અનુપ તેજપુંજ રસ રીધિ
એહને નિરખતારે હોય મનને આરામ નખમણી નામ મહાનીધિ ।૧૯૫।

નખ પુરણ રે ચુરણ દુઃખ મુલ અનુકુલ જઈ જેકો અનુસરે
તેહને આપે રે અભય રસદાન માન દેઈ તેહોને વરે ।૧૯૬।
એહવા નખમણી રે પંગત ભકરાજ સુભગાના કાજ પુરે પ્રિતસું
તે કાપે રે અંતરાયના મુલ ચરણ નખમણી રસ રીતસું ।૧૯૭।
એડી પાંહની પરે પાટલી તે સુઢાલ નાયકા રૂપે શું કહું તેહ તણું
..... ।૧૯૮।
તે ચમકે રે સોહાગને ગર્વ સર્વ તેહોને જોઈને મોહે
એહવા ચરણતે રે જુગલ અભિરામ કામ પુરણ કરે તે સોહે ।૧૯૯।
ચરણ નિરખતાં રે મટકે નવમન અન્ય બીજુ તે સુઝે નહીં
ઉથાપન સમય રે જોયા સુખરૂપ વેદી ચોતરે ઉભા છે અહી ।૨૦૦।
મિત્ર ચરણનો રે મહા પ્રબલ પ્રતાપ જોઈ જોઈ મનડું તે લોભીયે
અતિ મૃદુલ તે રે મનોહર રૂપ ચરણાર્વિંદ ઉભય શોભીયે ।૨૦૧।
તે ઝલકે રે તેજ પુંજ પ્રકાશ વચન માંહાં તે નવી જાયે કહયું
અનુભાવ સાધ્ય રે જેહને હોય એ ચરણ તેણે એ સુખ જાયે લહયું ।૨૦૨
કોઈ નિરખે રે એડી પાહાનીનો રંગ પરમ સુભટ છે સોહામણો
તે વ્યકત ભરે રે કરી કહયો નવી જાયે અરૂણ શ્વેત છે મોહામણો ।૨૦૩।
કોઈ અવીલોકે રે પાટલીનો રંગ વિધ્યુત ગતિ તે ઉદ્યોત કરે
ઝાતકર સુરે ઝલમલતી એ જયોત વિધ્યુત ગતિ ક્ષણું ક્ષણું ઘરે ।૨૦૪।
જેહની ચાકચક્ષ રે સોહે પરમ સુદેશ નિરખી નિરખી સુખ પામીયે
ત્યારે ઉપજે રે સ્પર્શ ભાવના ઉદબોધ શ્રી ચરણાર્વિંદે શીષ નામીયે ।૨૦૫।
મિત્ર વિચિત્રના રે ચરણકમલ સુદેશ પરમ સુભટ રલીયામણાં
એ આરામ છે રે સ્વકિય વૃંદ તણું ધામ કામ અવ્યકત પુરે ભકત તણાં ।૨૦૬।
એહવા ચરણતે રે જોઈ મન લલચાય સુખદ શિરોમણી શોભીયે
ચરણ સ્પર્શને રે ચિત્ત વિહવલ થાય ઉમાહે ભર્યા અતિ લોભીયે ।૨૦૭।
કોઈ યહ ચરણને રે જોઈ અકુલાય કરે પરીરંભણ મન મુદા
કોઈ પ્રહસિત રે આનંદમન જેહ ચરણે ચુંબન કરે તે સદા ।૨૦૮।
પ્રિય ચરણને રે રસ અપરંપાર વારણાં લઈ દંડવત કરૂં
શ્રી ચરણતે રે યુગલ અભિરામ સુરતિ સ્પર્શ સુખ મન ધરૂં ।૨૦૯।
જે જે પુર્યા રે તેણે સમે રસકામ નામ ચરણાર્વિંદ રસ રીધી
ભકત પોષક રે પાલક રસ એહ ચરણકમલ રસ મહાનીધિ ।૨૧૦।
ચરણ કમલની રે મકરંદ જેહ તે માધુર્યતા મન લહું
દિસે શુભ્રતે રે સચિકણ ચરણ વર્ણ તણો એ સુખ ચહુ ।૨૧૧।
એમ નિરખે રે શ્રી ચરણાવિંદ અવ્યકત ભકત મોદ માયે નહીં
ઉથાપન સમે રે વેદી ચોતરે નાથ સાથ નિરખે ઉભા છે અહીં ।૨૧૨।
શ્રી ચરણાર્વિંદ રે જોતા મટકે ન નયણ વયણે તે કેહી પેરે કહી શકે
એવા જગતીઅ રે તલમાં બીજા નહીં અહીં નિરખે સ્વકિય મન લખે ।૨૧૩

શ્રી ચરણાર્વિંદ રે જોતાં વાધે મન ફુલ રસ તણું મુલ એ સોહે
સદા એહોને સ્પર્શતા રે દાન હોય અવ્યકત ભકત ચરણ છુહે મન મુદા ।૨૧૪।
કોઈ નિરખે રે ઢાંકણા તે સુઢાલ પીંડુરી સુખદ છે સોહામણી
તે સોહેરે સુખદ વ્રજબાલ લાલ રૂકમણી સંગ મોહામણી ।૨૧૫।
કોઈ નિરખે જાનુ ઝલકે સુચારૂ ભાર જોઈને મોહી રહે
શુભ્ર સચિકણ એ કદલી ખંભ એહ તે વચને સ્વકિય કેમ કહે ।૨૧૬।
એ આપે રે રસ ધન તે અપાર ધાર રસ તણી તે નવ નીધિ
જાનુ સુભટ છે રે શીરોમણી વિર ધિર અનુપમ રસ રીધી ।૨૧૭।
ત્યાં ફેલી રહી રે ધોતી શ્વેત સુદેશ નાયકા રૂપે શું કહુ તેહ તણું
કોઈ સમયતે રે ધોતી કેસરી રંગ ફેલે ઉદબોધસું ઘણું ।૨૧૮।
કોઈ સમય તેરે કેસરી છે કિનાર છીંટ કેસર સોંધે તે સોહે
એહવી ધોતી રે ફેલી છેલી ઉદ્યોત જાનુ ઉપર જોઈ સહુ મોહે ।૨૧૯।
તે ચમકે રે ચલકે રસરાસ જાનુ ઉપર લલકી રહી
પ્રિય ચાલતા રે ધોતી હાલે રસાલ માહાલે એ સુભગા રસિક અહીં ।૨૨૦।
જાનુ ઘુંટણ રે જંઘાએ સોહે એમ નેમ શું લપટી રહે સદા
શ્રી અંગ સંગ રે ધોતી અદભુત રમ્ય લપટી રહે છે તે મન મુદા ।૨૨૧।
સજોગ ફલ રે દાન આપી રસાલ નિર્ભય કરી મન મોદસું
તે ન જાણે રે વિપ્રયોગ તણું દુઃખ એમ ધોતી વરી છે પ્રમોદસું ।૨૨૨।
તેહોના ભાગ્યનો રે વિસ્તાર અપાર મે કેહી પેરે તે જાયે કહયો
એહને દિસે રે મધ્ય સ્થલ તણો સંગ મધુર રસ તે ધોતીએ લહયો ।૨૨૩।
તેણે કરીયને રે વિલસે સુખ સાર નિર્ભય નિસંકતે રસે ભરી
રસ જાણે છે રે નિપુણ ગુણવંત ધોતી નાયકા તે પ્રિતમે ધરી ।૨૨૪।
ધોતી તણો રે સોહે ઉગ્ર પ્રતાપ જાપ કરે સ્વકિય વૃંદ મલી
એ નિતંબ પર રે લપટી કટી માંહે કાછ સુભગ તે સોહે વલી ।૨૨૫।
ધોતી પાટલી રે સોહે વિચિત્ર રસાલ મિત્ર વલ્લભજીની રસ ભરી
નાયકા રૂપે રે દિસે પરમ સુદેશ મધ્ય સ્થલ એ પાટલી વરી ।૨૨૬।
તેણે કિધો રે અંગ અંગસું પ્રચાર સાર શોરોમણી નવનીધિ
રસ સ્થલને રે મલી હલી રહી રંગ સંગ કીધો એણે રસ રીધી ।૨૨૭।
એ ધોતી રે રસ ભકત નિધાન દાન દિધા વહાલે અતિ ઘણાં
એ રસિક રસે રે વરી ધરી મન ખાંત્ય રસ ભાંતે ભાગ્ય છે તેહ તણાં ।૨૨૮।
વલી સ્પર્શે રે પ્રિય એહને ભલી રીત પ્રિત જુત કરે તે આનંદ મુદા
એમ ફુલ્યુ છે રે ફલ્યુ ધોતીનું ભાગ્ય રસ ભર્યું પરમ આનંદ સદા ।૨૨૯।
કોઈ કહે છે રે જંઘા વિચિત્ર રસાલ પરમ સુભટ રલીયામણી
રસ નાયકા રે ધિર વિર રંગે મન મનોહર રૂપે જંઘા બની ।૨૩૦।
કોઈ કહે છે રે એહનું મહાબડ ભાગ રસ સમય તે ઉપયોગ છે
એ રીઝવે રે વહાલાને ભલી રીત પ્રિતમ જુત જંઘા રસ જોગ છે ।૨૩૧।

કોઈ કહે છે રે રહે મધ્યસ્થલ પાસ આશ રસ તણી પુરે સદા
એહવી જંઘા રે જુગલ અભિરામ પ્રિય તણાં કામ પુરે મન મુદા ૧૨૩૨
કોઈ કહે છે રે જંઘા જાનુ પ્રવિણ નવિન કલા રસ માધુરી
ગતી ભેદસું રે ચાલે અંગ અંગ કયાં લગી કો કહે દુરી ૧૨૩૩
કોઈ નિરખે રે ટુડી તે રસાલ સુભગા એ પરમ સોહામણી
એ નિડર તે રે નિશંક સુદેશ ટુંડી નાયકા છે મોહામણી ૧૨૩૪
હવે ઉદર તે રે તેજ પુંજ પ્રકાશ ઝલક છે મૃદુલ સુભગ રંગે
તે નિરખતાં રે મનડુ તે સીરાયે થાયે રસ કાજ ઉદર સંગે ૨૩૫
ત્યાં ફેરે રે પ્રિય કર તે અનુપ સુખરૂપ પરમ લાવણ્ય ભર્યો
એમ ઉભા રે વેદી ચોતરે મિત્ર વિચિત્ર રસ તે અનોપ તે ધર્યો ૧૨૩૬
ઉથાપન સમય રે જોયુ શ્રી અંગ એમ જેમ પ્રિતમજીને ચિત્ત ગમે
અંગ અંગ પ્રત્યે રે વાધે રસપુર શુર થઈ પ્રિય સંગ રમે ૧૨૩૭
એહવા સ્વકિય રે શીરોમણી તણી પાંત્ય ખાંત સહિત ઉભા જુએ અહીં
તેહના ભાવ તે રે એક એકથી ઉદ્યોત રસ જયોત પ્રિય ઉભા છે જહીં ૧૨૩૮
ત્યાં નિરખીને કરે અમૃત વૃષ્ટિ શ્રૃષ્ટિ સ્વરૂપે સંવલીત સદા
એમ અવિલોકે રે વહાલા તણું તે શ્રી અંગ રંગ અનુપમ મન મુદા ૧૨૩૯
કોઈ કહે છે રે ઉદર છે ગંભીર ધીરા ધીરજ મુકે એ જોઈ
આસપાસ તે રે રસનું મહાપુર શુર શું જુએ સુભગા કોઈ ૧૨૪૦
ઉદર તણી રે કાંત જગમગ જયોત ઉદ્યોત તેહની પ્રસરી ઘણી
ચાકચક્ષસુ રે ચમકે રસવેસ પ્રગટ શોભાએ ઉદર તણી ૧૨૪૧
કયેમ કહીયે રે મહા રસ તણી રાસ વાનગી માત્ર સુચન કર્યું
એ દિસે રે અતિ ઝાક ઝમાલ ઉદર નિરખતાં તે કાજ સર્યું ૧૨૪૨
શ્રી વલ્લભ તણું રે ઉદર તેજ પુંજ પરમ સુઘાટ બિરાજે છે
એ માંહાં ભરીયો રે મહા રસ અનુરાગ પ્રિત પ્રૌઢ રસ કાજે છે ૧૨૪૩
કોઈ ઉદરને રે નિરખી અકુલાયે કરે પરિરંભણ રસ રીતે
કોઈ ચુંબન રે કરે ચારૂ સુદેશ વિહવલ સ્નેહ ભર્યા બહુ પ્રિતે ૧૨૪૪
કોઈ નિરખે રે હૃદય તણો લંક ત્યાં બાલ શુભ્રતે શોભીયે
ઝલહલતા રે ફરહરે મનરંગ તેહને જોઈ મન લોભીયે ૧૨૪૫
એ હૃદય તે રે વિલાસ સુખઠોર ઓર નિર્વાહ કરે રસ રીધિ
હૃદયે આપે રે રસ ભાવના દાન માન દેઈય ને નવ નીધી ૧૨૪૬
એ વિશાલ તે રે રસાલ અનુપ સુખરૂપ સ્થલ એ રમણ તણો
અહીં પ્રગટે રે રસ રંગ કલોલ સ્નેહ ભાવ સોહે અતિ ઘણો ૧૨૪૭
હૃદય પુરણ રે ચુરણ દુઃખમુલ રસવસ કાંઈ રાખે નહીં
સ્વકિય વૃંત તણો રે કાપે અંતરાય આપે હૃદય રસ દાન અહીં ૧૨૪૮
એહોના સુખડાતે રે સોહે અપરંપાર અનુપમ કેમ રસ રીધિ કહું
હૃદય સ્પર્શતા રસ ઉદબોધ થાયે નવનવી ભાંતી તે લહયું ૧૨૪૯

હૃદય ચમકે રે ચલક રસ તેહ એહ અપરમિત રસે ભર્યું
અહીં થાય રે રસ દાન સ્વાદસું હૃદય રસ જુત વર્યું ।૨૫૦।
એ માંહાં ભરીય છે રે સ્વકિય રિધ્ધી સિધ્ધી નવનીધી હૃદય પ્રિત્તય તણું સોહે
ભરપુર છે રે કહે દુઃખ સહુ ચુર સ્વકિય વૃંદ હૃદય જોઈને મોહે ।૨૫૧।
હૃદય મધ્ય ભયો રે સુભગાનો વિલાસ હુલાસ અપરમિત નવનવો
તેહનો રસ સિંધુ રે પ્રગટયો છે અનુપ સુખરૂપ પ્રિય હૃદયે એક ભવો ।૨૫૨।
તે ઉછલીત રે ઉછાહસુ મન રંગ તરંગ અપરમિત હૃદયે સંગે
તે માંહી ઝીલે રે સ્વકિય વૃંદના ટોલ ઝાકઝોલ પરમ પરમ આનંદ રંગે ।૨૫૩।
તે રીઝે રે વહાલો ઘણું મન તન સુભગાને આપી રહયાં
એહવુ હૃદય તેરે રમણ રસધામ પ્રગટ ભાવ રસ સંગ લહયાં ।૨૫૪।
અહી વિલસે રે માલા નાયકા વૃંદ હૃદય પર પ્રિયજી સુચન કરે
સમઝાવે રે સ્વકિયને એણી પેરે તમ તણું સ્વરૂપ હૃદય ઘરે ।૨૫૫।
એમ માલા રે મીસે કરી વરી ખાંત્ય રસ ભાંત્ય સુખરૂપ તમ તણું
તેણે રાખ્યુ છે રે અમો હૃદય પર એમ નેમ પુર્વક અહર્નીશ ઘણું ।૨૫૬।
એહવું સુચવી રે વહાલો મુસકાએ સ્વકિય તણાં કામ પુરણ થાયે
સ્પશે છે રે પ્રિય માલા મીસે એમ જેમ સુભગા તણે મન ભાએ ।૨૫૭।
એહના ભાગ્યનું રે શું શું કહીયે વખાણ શ્રી કંઠમાં શ્રીજીએ ધરી
એ ન જાણે રે વિપ્રયોગ તણું દુઃખ સંયોગ તણી સુભગા વરી ।૨૫૮।
એહવી માલા રે દિસે સંજોગને ગર્વ સર્વ ઉપર તે બિરાજે છે
એ ઉપર રે પ્રભુનું અતિ હેજ સહેજ સુભગા રસ કાજ છે ।૨૫૯।
માલા લલકે રે ચમકે રસ વેસ પ્રિયજીને કંઠ મોહામણી
તે જગમગે રે તેજ પુંજ પ્રકાશ માલા સુભગ છે સોહામણી ।૨૬૦।
વહાલો ઉભારે ઉથાપન રસ રંગ વેદી ચોતરે સોહે મન મુદા
તે પધારશે રે એકાંત સ્થલ કાજ મહારાજ એણી પેરે એ તદા ।૨૬૧।
કોઈ નિરખે રે કુચફલ તે અવ્યકત રસભકત પરમ વિનોદસું
કુચ શોભીયે રે લોભીયે જોઈ મન સ્વકિય વૃંદ નિરખે છે મોદસું ।૨૬૨।
એ ચલકે રે ઝલકે રસ રાસ કુંચ કુભ પરમ સુંદર અંગે
કુચ નિરખતાં રે રસ ભકત ફંદાએ ભાવે ઉદ્બોધ રસ પ્રિય સંગે ।૨૬૩।
એમ ઉદીપન રે કામ કેલીનું ધામ નામ કુચ સ્થલ રસ રીધિ
તે શોભીયે રે ઉભય પરમ અનુપ સુખરૂપ કુચફલ મહાનીધિ ।૨૬૪।
અહીં બીટડી છે નાયકા રે નવિન પ્રવિણ કુચ પર પ્રિતમે વરી
એ નિડર સદા રે રહે નિશંક ઉદ્યોત રસ જયોત બીટડી પ્રિયે ધરી ।૨૬૫।
અહી બાલ તેરે ફરહરતા તે રમ્ય ગમ્ય સ્વકિયની સદા અહીં
રસ રીત શુરે પ્રસરે ગતિ પ્રિત નિત્ય રસાત્મિક છે જહીં ।૨૬૬।
એહવી રસ સુખરે પ્રિયને હૃદયે સોહે મોહે છે સ્વકિય વૃંદ તે જોઈ
એમ હૃદય સંગ રે હવો રસબોધ નિરોધ લીલા જે આનંદ હોઈ ।૨૬૭।

તે લોભે રે લોભાયા રસ ભકત અવ્યકત રમણ હૃદયે સંગ કરે
પરિરંભણ રે વિધી વિધી તણાં દાન માન અનુપમ હૃદયે ધરે ૧૨૬૮૧
ઝાતકાર સુરે હૃદયે કમલ ઉદ્યોત નિરખી નિરખી સુખ પામીયે
દિસે સુભગતે રે ત્યાંહાં નીમા તણાં બંધ હૃદયને જોઈ દુઃખ વામીયે ૧૨૬૯૧
છુટી ચાલસુરે નીમો ચલકે અનુપ સુખરૂપ નીમો અતિ શોભિયે
કોઈ નિરખે રે ખંભા બાંહે સુદેશ કોહોણી કાંડાં જોઈ લોભિયે ૧૨૭૦૧
મારા પ્રિતમ તણાં રે પહોચલ રસ રમ્ય ગમ્યસું સુભગા ત્યાં ચુંબન કરે
ત્યારે રીઝે રે પ્રિતમ મન રંગ અંગ અંગ ઉલટે આનંદ ધરે ૧૨૭૧૧
પ્રિય પહોંચલા રે ઉભય કરના ઉદ્યોત જયોત જોઈ સ્વકિય વૃંદ મોહે
એહને સ્પર્શતા રે રસ ઉદબોધ થાય સુભગાને અંગ અંગ તે સોહે ૧૨૭૨૧
એહવા પહોંચલા રે શ્રી વલ્લભજીના સાર ઉચ્ચાર કરી કોણ કહી શકે
ક્ષણું ક્ષણું પ્રત્યેરે ચમકે રસ રૂપ સુખરૂપ સુભગા તે જોઈ તકે ૧૨૭૩૧
તે સમઝે રે મીઠો મિત્ર વિચિત્ર તે તણાં ભાવનું દાન સદા
એમ હોયે રે પરસ્પર રંગ અંગ ઉલટ છે તે મન મુદા ૧૨૭૪૧
કોઈ નિરખે રે કરતલ ભલી રીત પ્રિત અનુપમ ચિત્ત ધરી
ત્યાં સોહે રે રેખા બહુ વ્રજબાલ એણી પેરે નાયકા વરી ૧૨૭૫૧
કર માંહાં રહે રે પ્રગટ પ્રકાશ આશ પુરે છે પ્રિતમ તણી
એહવી રેખા છે વિચિત્ર અનુપ સુખરૂપ શ્રી કરમાંહાં ઘણી ૧૨૭૬૧
કોઈ કહે છે રે કરતલ રસરાસ મૃદુલ મનોહર બિરાજે છે
સ્વકિય વૃંદને રે સુખ દેવા અપાર અંગ અંગ પ્રત્યે રસ કાજે છે ૧૨૭૭૧
કોઈ કહે છે રે અંગુલીદલ તે અવ્યકત રસ ભકત મલી હલી અહીં રહયાં
તે સમજે રે રસદાનના ભાવ એ સ્વકિય સુભગાએ લહયાં ૧૨૭૮૧
તે વચન માંહાં રે કેમ કહીયે પ્રકાશ અંગુલી નાયકા સુખ દેણ છે
એ રીઝવે રે સુભગાને ભલી રીત પ્રિતસું ઉગ્ર રસ લેણ છે ૧૨૭૯૧
એહવી અંગુલી રે કર તણી રસાલ વ્રજબાલ જોઈને મોહી રહે
કોઈ નિરખે રે નખચંદ્ર તણી પાંત ખાંત સહિત રસ એ ચહે ૧૨૮૦
નખ જયોતતે રે સોહે પરમ સુદેશ આનંદ જુત રલીયામણી
એમ સોહે રે કારંબુજ રસ રૂપ અનુપ શોભા છે તેહ તણી ૧૨૮૧૧
જેને જોઈયને રે અકુલાયે મન તન સ્પર્શ વાંછના સ્વકિય વૃંદ કરે
તે સમજીને રે શ્રી રસિકવરરાય સુભગા તણાં પોતે ચિત્ત હરે ૧૨૮૨૧
કર કમલની રે સોહે જયોત ઉદ્યોત આનંદ રૂપ પ્રમોદસું
કરાંબુજ રસ રે લહે સ્વકિય વૃંદ સાથ નિરખે છે મહા રસ મોદસું ૧૨૮૩૧
એમ સોહે રે શ્રી કરતે અવ્યકત ઉપરેણો જનોઈ ખંભે દિસે
તે ઝલકેરે તેજ પુંજ પ્રકાશ જનોઈ નાયકા જોઈ મન હિસે ૧૨૮૪૧
હવે કહીયે રે ગ્રીવા ગોલ સુઢાલ ઘાટી સુભગ તે અનુપ છે
વિધી વિધી રસ રે ભકતે અતિ ઉકત ગ્રીવા ઘાટી સુખરૂપ છે ૧૨૮૫૧

તે જાણે રે રસ સુભગાનું મન અન્ય બીજુ સમજે નહીં
ઉથાપન સમય રે શ્રી વલ્લભ રસ રાસ ઉભા છે વેદી ચોતરે અહીં ।૨૮૬।
કોઈ નિરખે રે ઠોડી છે વિચિત્ર મિત્ર વલ્લભજીની તે સદા
એ નાયકા રે રૂપે થઈ રહી એમ જેમ રીઝે વ્હાલોજી મન મુદા ।૨૮૭।
ઠોડી સુભટ રે રસ શીરોમણી જાણ શું શું વખાણ કરૂં તે તણું
એમ આપે રે દાન માનસુ અનેક સ્વજાતિ સ્વકિયને તે અતિ ઘણું ।૨૮૮।
ઠોડી સ્થલ તે સુભગાને સુખદાય ચાહે છે તેરે રસ મન ધરી
એ જ્ઞાતા રે દાતા રસપુર ઠોડી અનુપમ પ્રિયે વરી ।૨૮૯।
અહીં વિધી વિધી રે હોય રસ તણાં રંગ સંગ ઠોડી ને તે મન મતે
ગતિ ભેદસું રે અહીં પડે રસ માન અવ્યકત મનોહર રસ ગતે ।૨૯૦।
તે સમજેરે દાતા ભોકતાનું મન ત્યાં કોઈનો તે પ્રચાર નહીં
એ ઠોડી રે સંગ નૃત્ય સુદેશ સુભગા સુભટ તે કરે અહીં ।૨૯૧।
ત્યારે રીઝે રે પ્રિતમ મન માંહો અંગ આનંદ પ્રસરે ઘણો
તે રસ તણો રે ઉદબોધ અનુપ સુખરૂપ પ્રગટ છે સ્વકિય તણો ।૨૯૨।
એમ હોએ રે ઠોડી સંગ રસ યુધ્ધ શુધ્ધ નવી રહે ત્યાંદેહની
એહને આપ્યાં રે એહવા સુખડાં અવ્યકત રસ ભકત સંગ એમ ઠોડી બની ।૨૯૩।
કોઈ નિરખે રે અધર રસ રંગ તે શોભાએ તે મન મોહે
તે ઝલકે રે અરૂણ તેજ પુંજે મૃદુલ મનોહર અતિ સોહે ।૨૯૪।
અધર નિરખતાં રે મન લગ્નતા હોય આતુર ચિત્ત રસ પાનને
અધર જોઈ રે મનડુ ઠહેરાય વિહવલ ચિત્ત રસ દાનને ।૨૯૫।
એમ નિરખે રે સુભગા અતિ સુરા અધર અરૂણ તે ગહે ગેહી ભર્યો
તેહની દિસે રે લાલીમા રસરૂપ સુખરૂપ રસ તે પ્રિતમે વર્યો ।૨૯૬।
તે અધર તે રે મહા કામનું ધામ નામ સંગ્રામ યુધ્ધ વિર છે
એ જાણે રે વિધી વિધી રસદાવ સુભટ શીરોમણી ધિર છે ।૨૯૭।
શ્રી વલ્લભજીના રે અધર તે સમાન બીજું કાંઈ ચિત્ત તે આવે નહી
ફરી ફરી અને રે અધર મન રંગ જોતા તે આનંદ વાધે અહીં ।૨૯૮।
અધર નિરખતા રે ચિત્ત લગ્ન અતિ થાયે રસજુત પરમ આનંદ મન
ને વાધે રે અંગ અનંગ અવ્યકત અધર સોહે સ્વકિય તણું ધન ।૨૯૯।
શ્રી મુખ માંહાં રે દિસે ઝાકઝમાલ દંત પંગત્ય રસ શોભિયે
તે ચમકે રે ચલકે છે ઉદ્યોત જયોતને જોઈ મન લોભિયે ।૩૦૦
દંતાવલી રે સોહે પરમ નવિન પ્રવિણ સુભગ અતિ મન રંજે
નાયકા રૂપે રે શ્રીમુખ માંહાં છે એહ દંતાવલી ઝલકે છે તેજ પુંજે ।૩૦૧।
ઉન્નમત રહે રે દંતાવલી સંગ નાથ રસ જુત સુભગા સનાથ કર્યા
તેહોના ભાગ્યનો રે વિસ્તાર અપાર દંતાવલી થઈ મુખ માંહાં અનુસર્યા ।૩૦૨।
જેણે કરી રે સર્યા કાજ અવ્યકત તેહ તણાં તે આનંદ મુદા
દંતાવલી રે ચમકતી છે સુચારૂ ઉદબોધ જુત સોહે સદા ।૩૦૩।

તેહના દાનને રે મનડુ અકુલાય ધાર રસિલી છે એહ તણી
દંતાવલી તણું રે પાન સુરત્યે લહેવાય સુભગા છે એ તણી ઘણી ૧૩૦૪૧
બીજુ કોન એતે રે સમજે હી લેશ દંતાવલી રસ છે સોહામણી
..... ૧૩૦૫૧
તે અવ્યકત છે રે દંતાવલી સ્વકિય હેજ સેજ બેઠા પ્રિય દાન કરે
વિધી વિધી મતે રે અતિ છંદ પ્રબંધ દંતાવલી મહા રસ ઘરે ૧૩૦૬૧
રસ પાત્રને રે આપે રસ તે અપાર સાર દંતાવલી રસ ઉકતસું
ત્યારે રીઝે રે ઘણું મન તન અતિ રસભરી જુકતસું ૧૩૦૭૧
દંતાવલી રે રસ સમુદ્રની લહેર મેં કેહી પેરે તે જાયે કહીં
પ્રિય પ્રેષ્ટની રે દંતાવલી સાથ રમણ કરતા સુખ છે અહીં ૧૩૦૮૧
તે વિસ્તાર તેરે કહીયે કેહી પેરે રસ ભકત દંતાવલી સંગ રમે
એહવી સુભટ તેરે શીરોમણી છે સુશ્વત દંતાવલી પ્રિયને ગમે ૧૩૦૯૧
રસના તે રે રસભરી છે અલોલ કલોલ શ્રીમુખ માંહાં કરે રંગે
ગતિ ભેદસું રે નાયકા રસ રમ્ય મુખાર્વિંદ માંહા રહે સંગે ૧૩૧૦૧
એહવી રસના રે નાયકા સુખધામ કામ પ્રિય તણાં રસ સમે પુરે
વિધી વિધી રસે એ આવે ઉપયોગ રસના રસ જોગ મેલી દુઃખ ચુરે ૧૩૧૧૧
અતિ મૃદુલ તેરે મનોહર સુખરાસ રસના તે પરમ પ્રવિણ છે
ઝાંક ઝમાલ સુરે તે ચલકે ઉદ્યોત જયોત રસ ભરી નવિન છે ૧૩૧૨૧
તે દિસે રસના રસપુર અભિનવી શોભા સોહામણી
એમ ઉભા છે રે વેદી ચોંતરે પ્રિય સ્વકિય ઉત્થાપને જુએ મોહામણી ૧૩૧૩૧
ત્યારે દિસે રે રસના રસરૂપ સુખરૂપ પરમ પ્રિતે ભરી
તે ચાલે રે ચંચલ ગતિ ભેદ શ્રીમુખ સંગ રસના વરી ૧૩૧૪૧
રસ રૂપતે રે રસના રસ ભકત અવ્યકત અનુપમ શોભિયે
તે દિસે રે લાલ રંગે સુદેશ રસના તે જોઈ મન લોભિયે ૧૩૧૫૧
શ્રી મુખ માંહાં રે તે નૃત્ય અનુપ સુખરૂપ જેમ પ્રિયને ગમે
અંગવદ થઈ અ રે રીઝવે એણી પેર રસના પ્રિતમ રંગ રમે ૧૩૧૬૧
ગહેર રંગ તેરે અરૂણ છે ઉદ્યોત શ્રી મુખ માંહાં તે દેખિયે
ઝાતકાર સુરે ઝલકે છે ઉદ્યોત જયોત અરૂણ સુખ પેખિયે ૧૩૧૭૧
તે નિરખતા રે મટકે નવી નયણ શ્રી મુખ કમલ ગુણે ભર્યું
એમ ઉભા છે રે વેદી ચોતરે મિત્ર વિચિત્ર સ્વરૂપે જોઈ કાજ સર્યું ૧૩૧૮૧
હવે કહીયે જે રે સુખ ધામ નામ મહોસર પ્રિયજીની તે મુદા
શ્રૃંગારતે રે શીરોમણી રસ એહ તેહ મોહોસર એ સોહે સદા ૧૩૧૯૧
અતિ ચલકે રે ઝલકે છે સુદેશ મોહોસર નવનવી ભાંતસું
તેહને નિરખે રે રસ ભલી રીત પ્રિત જુત રસ અતિ ખાંતસું ૧૩૨૦
પ્રિય પ્રેષ્ટની મોહોસર સુખદાય ભરી તે અનુપમ રાજે છે
અતિ શોભિયે રે શોભા ભર્યું રસ પુર સુર મોહોસર સ્વકિય કાજે છે ૧૩૨૧૧

એહોના રસ સુખ રે સુરતે તે લહેવાય કહેવાને કેહનું સામર્થ નહીં
આપે મોહોસર રે દાન અભિનવા સાર સુરતિ રસિલી સોહે જહીં ।૩૨૨।
એહને સ્પર્શતાં રે મનડુ અકુલાયે ઉદબોધ રસ તે વાધે ઘણું
ત્યારે કીલકીને રે હુલસે છે અપાર સ્વરૂપ ઉભયસુ કહયું તેહ તણું ।૩૨૩।
રસ સુભગાને રે રીઝવે રસરૂપ મોહોસર એહવી અનુપ છે
દાન આપીને રે કાપે અંતરાય પ્રિયની મોહોસર રસરૂપ છે ।૩૨૪।
વ્રજબાલ તે રે એહોના સુખને સરાહે મોહોસરના રસથી દુરે
ત્યારે મોહોસર રે કરે વિનય વિચાર આપે રસદાન અંતરાય ચુરે ।૩૨૫।
કોઈ નિરખે રે ગલસ્થલ સુદેશ ગલસ્થલ રસ તે ગુણે ભર્યા
રસ અંકિત રે કર્યા સુભગાએ જે હિતે ગલ સ્થલ જોઈ કાજ સર્યા ।૩૨૬।
અતિ ઝલકે રે હાસ્યરૂપ અનુપ સુખરૂપ ગલ સ્થલ છે સદા
અરૂણ રંગ રે ઝલકે છે ઉદ્યોત જયોત જુએ સ્વકિય મન મુદા ।૩૨૭।
ગલસ્થલ રે રૂચીકારક ધામ નામ અનુપમ રસ રીધિ
અહીં પ્રગટે રે રસરંગના રોલ ગલ સ્થલ સોહે છે નવ નીધી ।૩૨૮।
એહને સ્પર્શતા રે મનડું સરાહે ભાયે એ રસ રલીયામણો
અહી ફરી ફરી રે સ્પર્શે સ્વકિય રંગ સંગ સુરતિ રસ છે ઘણો ।૩૨૯।
ગલ સ્થલ રે કામ કલાસું ઉદ્યોત જયોત રસ ભરી તે દેખિયે
એહને નિરખતાંરે મનડુ લલચાય અનુપમ રસ અવરેખિયે ।૩૩૦।
ગલસ્થલ રે રાજે મનોહર રૂપ અનુપ ઉદધી ઉદાર છે
અથાહ તે રે કઈન પામે પાર પ્રિયજીના ગલસ્થલ સાર છે ।૩૩૧।
એહોના દાનતે રે પાન સુરત્વે લહેવાય બીજુ તે કો સમજે નહીં
વહાલો ઉભા છે રે વેદી ચોતરે રંગ સુભગા ને રસ સુખ આપે અહીં ।૩૩૨।
ગલસ્થલે રે નિરખે રસ ભકત અવ્યકત અનુપમ સોહામણાં
ક્ષણું ક્ષણું પ્રત્યે રે દિસે નવ નવો રંગ ગલસ્થલ વિચિત્ર મોહામણાં ।૩૩૩।
એહને નિરખતાં રે પ્રગટે અનુરાગ મગ્ન થાયે મનડું રંગે
ને ઉપજે રે સ્પર્શ ભાવ અવ્યકત રસ ભકત ગલસ્થલ રહે સંગે ।૩૩૪।
પ્રિય પ્રેષ્ટના રે ગલસ્થલ રસદાય તે વચને કરી કેમ કહું
રસ ઉદબોધ રે થાયે તેહ અપાર સાર ગલસ્થલ રસ ચહું ।૩૩૫।
રસ ભરણીય રે રસ ઘરણીય છે એહ રમ્ય ગલસ્થલ શોભિયે
અતિ મૃદુલ છે રે મનોહર સુખરાસ તેહોને જોઈ મન લોભિયે ।૩૩૬।
અહી પ્રગટે રે સ્વર મધુર રસાલ રસ ભકત સંગે તે આનંદ મુદા
શ્રી વલ્લભજીના રે ગલસ્થલ રસ રમ્ય ગમ્ય રસ સુભગા તણો સદા ।૩૩૭।
એહોના દાન રે મન વિહવલ થાય ભાગ્ય ગલસ્થલ ચિત્ત ઘણું
રસ ભકતને રે સમર્પે રસ સાર સ્પર્શતા નવી મટકે અણું ।૩૩૮।
કરે નૃત્યતે નવલી પેરે તેહ સુભગા ગલસ્થલ રસ લે
તે જાણે રે દાતા ભોકતાનું મન ગલસ્થલ રસ સુખ ચિત્ત ચહે ।૩૩૯।

સ્નેહ ભાવ સુરે સ્પર્શે ભલી રીત પ્રિતે ગલસ્થલ પામિયા
ત્યારે રીઝે રે વહાલો ઘણું મન તન દુઃખ સુભગાના વામિયા ।૩૪૦
રસ ભકત તણું રે આરામ રસ ધામ નામ ગલસ્થલ શોભિતા
એહને નિરખે રે સ્વકિય વૃંદ અનુપ સુખરૂપ સ્વરૂપ તે લોભિતા ।૩૪૧।
કોઈ કહે છે રે ગલસ્થલ ચિત્ત ચોર ઓર નિબાંહે છે રસ તણી
કોઈ કહે છે રે સકલ રસ ઉકત જુકત જાણે રસ તણી ઘણી ।૩૪૨।
એહવા દિસે રે ઝાકઝમાલ ઉદ્યોત ગુણવંત ગલસ્થલ રસરૂપ
કોહોને વધારે રૂચી અપાર નિરખતાં ગલસ્થલ સુખરૂપ ।૩૪૩।
કોઈ થાયે રે આશકત અવ્યકત ગલસ્થલ જોઈ મનડું રંજે
અતિ મોદસુ રે ઉલટ ભર સ્નેહ ગલસ્થલ ઝલકે છે તેજ પુંજે ।૩૪૪।
કોહોને નિરખતાં રે માત્ર તે સંધાન દેહ તણું તે ભુલે અહીં
તદાશકત રે મનડુ ઘણું રંગ અનુપમ રસ ગલસ્થલ લહી ।૩૪૫।
રસ સુભગા તે રે અવિલોકે છે એમ નેમપુર્વક ગલસ્થલ સદા
નયણ ભરી રે ગલસ્થલ જોય મોહે અનુપમ મન મુદા ।૩૪૬।
રૂચી વાધે રે સાધે રસમુલ અનુકુલ જોઈ મન અનુસરે રે
નવી મટકે રે નયણાં તદાશકત રસભકત ગલસ્થલ તેહ ઘરે ।૩૪૭।
આનંદ રૂપી રે સિંધુ ગલસ્થલ જેહ તેહના તરંગ સોહે ઘણું
ક્ષણું પ્રત્યે રે ઉછલીત છે અવ્યકત નવલ તરંગ કેમ કહું તેહ તણું ।૩૪૮।
એહવા દિસે રે ગલસ્થલ તેહ રમણ ઈચ્છા પ્રગટે નવી
તે સિધ્ધાંત માંહાં નવી આવે એ રૂપ ગલસ્થલ રસ કો કહે કવી ।૩૪૯।
માહારા પ્રિય તણો રે ગલસ્થલ ઘનરૂપ નવનવી ગતે વૃષ્ટિ કરે
ઝાંઈ ઝલમલે રે વિધ્યુત ગતિ અર્થ ગલ સ્થલ સુભગાના ચિત્ત હરે ।૩૫૦।
તેણે કરીય રે પુલકિત સર્વાંગ ફુલ ફલ પ્રગટયા પ્રમોદસું
તે મધુર રસ રે પાન કરેથી લહેવાય ગલસ્થલ સુરતિ નિરોધસું ।૩૫૧।
જે જુએ રે ફલ ગલસ્થલ સાર તે તણાં મનડાં રંજે સહી
ઉથાપન સમય રે પોઢી ઉઠયા મહારાજ વેદી ચોંતરે ઉભા મન લહી ।૩૫૨।
આપ્યાં દાન તે રે ભકતને એણી પેર સ્વરૂપ ફલતે અંગ અંગ પ્રત્યે
સ્નેહ સંયુકત રે કરે રસ રસભકત પાન કર્યા જેજે દાન વ્હાલે મન વૃતે।૩૫૩।
કોઈ નિરખે રે કોમલ રસ રાસ શ્રીકર્ણ પત્ર તે સોહે ઘણું
તેજ પુંજ તે રે ઝાતકર અવ્યકત સચિકણ શું કહું તેહ તણું ।૩૫૪।
જગમગ કરે રે કર્ણ પરમ ઉધ્યોત જયોત રસિલી સોહે સદા
તેહને નિરખે ભકત અનેક સમાજ પરમ પ્રસન્ન આનંદ મુદા ।૩૫૫।
કાંત શ્વેતે રે અરૂણ છે અનુપ સુખરૂપ કર્ણ રસ રાજે છે
એ સાંભલે રે સુભગા તણી વાત કર્ણ મધ્યવર્તી તે ભ્રાજે છે ।૩૫૬।
સુખદાઈ રે પ્રિયને ઘણું કર્ણ વરણ કીધુ તે આનંદ રસે
એ દ્વારા રે સીઝે રસ તણાં કાજ સાજ રસિકાનો રસ મન વસે ।૩૫૭।

તેણે કરીયને રે કર્ણ પુટ તે સોહાય પ્રિયજીના ચિત્તને એ રસે ભરે
કોઈ સમય તેરે પહેરે મુકતા અમોલ શુભ્રગોલ જગમગ કરે ।૩૫૮।
હાસ્ય રૂપે રે ઝલકે છે ઉદ્યોત જયોત મુકતાતણી નિરખતાં
લાલ મણીઅ તે રે ઝલમલતી અવ્યકત રસ ભકત જોઈ અતિ હરખતાં ।૩૫૯।
હેમ તણો તેરે વાલ્યો છે સુદેશ મુકતા સંગ ઘણુ શોભિયે
શ્રી કર્ણ માંહાં રે પહેરી વર્યા એહ લાલ મણી મુકતા જોઈ લોભિયે ।૩૬૦।
જે કો આશકત રે ભકત રસ નિધાન મુકતા થઈ કર્ણે અનુસર્યા
તેહોના ભાગ્યનો રે વિસ્તાર અપાર મુકતા મીસે પ્રિયજીએ વર્યા ।૩૬૧।
તે ચલકે રે લલકે સુખલોલ અરૂણ શ્વેત છે તે રસ રીધિ
શ્રી કર્ણ માંહા રે પહેર્યા મુકતા રસાલ અવ્યકત અનુપમ મહા નીધી ।૩૬૨।
કયારે પહેરે રે કર્ણ માંહાં સુખરૂપ હીરોટી શ્વેત હીરા તણી
નવલઅંગે રે નાયકા મલી ભાંત ખાંત સહિત આવી અહીં વણી ।૩૬૩।
એમ શોભિયે રે કર્ણપુટ રસદાય સુભગાના કાજ પુરણ થાયે
પ્રિય પ્રેષ્ઠનો રે શ્રી કર્ણ સુદેશ ફરી ફરી નિરખીયે મન ભાયે ।૩૬૪।
ત્યારે રીઝે રે રસ ભકત તે મન આશકત સું મન મોહી રહયાં
કર્ણ શોભા તે રે શોભિયે છે અપાર ઉચ્ચાર કરી કેમ જાયે કહયાં ।૩૬૫।
શ્રી વલ્લભજીના રે કર્ણપુટ રસરૂપ અનુપ શોભા મઈ શોભિતા
તેહને નિરખે છે રે ઉભા ભકત અનેક પ્રિયના કર્ણ જોઈ લોભિતા ।૩૬૬।
હવે કહીયે રે નવલ જે સુરંગ નાશા છે સુભગ સોહામણી
અંગવદ થઈ રે રહી નાયકા એહ તે નાસા છે મોહામણી ।૩૬૭।
તે ઝલકેરે તેજ પુંજ પ્રકાશ જોબન મહા રસ પુર છે
ક્ષણું ક્ષણું પ્રત્યે રે નવનવા તે તરંગ નાસા નાયકા રસ સુર છે ।૩૬૮।
તેહની કાંત છે રે અરૂણ શ્વેત ઉકત જુકત રસિલી સુંદર ઘણું
નાસા નિરખતા રે મનને છે આરામ નયણ તે નવી મટકે અણું ।૩૬૯।
સદા સર્વદા રે સૌરભ રહે અહીં જહીં એ નાસા રૂપી ધામ છે
બહુ ભાંતના રે જે જે સૌરભ હોય તે તે અંગીકરે સુખઠામ જે ।૩૭૦।
મારા વહાલાજીની રે નાસા રસ રમ્ય આશકત ભકત જોઈ રહે
જોતા વાધે રે રૂચી અપરંપાર સારના સાર સુખ ચહે ।૩૭૧।
પ્રિય પ્રેષ્ઠની રે નાસા છે અનુપ સુખરૂપ અનેક પ્રકાર છે
તે વચને કરી રે મેં કહીં કેમ જાય નાસા નવલ નાર સાર છે ।૩૭૨।
એહને નિરખીયે રે ફરી ફરી મન રંગ અંગ ઉલટ તે માયે નહીં
સૌરભ સિંધુ રે કેરૂ એ છે ધામ નામ નાસા તે છે સોહે અહીં ।૩૭૩।
શ્રી અંગ સંગ રે રસ પૌઘારી ખાંત ભાંત નાસાની સોહામણી
તેહને જોઈ જોઈ રે રંજે વ્રજબાલ નાસા છે વિચિત્ર મોહામણી ।૩૭૪।
એ સુખદ તેરે શીરોમણી છે અવ્યકત અંગવત થઈ અહીં અનુસરી
પ્રિય પ્રિતમે રે કર્યું વરણ અનુપ સુખરૂપ નાસા આનંદે ધરી ।૩૭૫।

એહના ભાગ્યતે રે ફલ્યા અપંરપાર વચન માંહાં કેહી પેરે કહું
શ્રી રૂકમણી રે લાલ ઉભા એણી પેર વેદી ચોતરે રસ સુખ લહું ।૩૭૬।
હવે કહીયે રે નેત્રાબુંજ સાર અવ્યકત મનોહર શોભિતાં
તે નિરખેરે ઉભા સ્વકિય વૃંદ ખાંત ભાંત અનુપ લોભિતા ।૩૭૭।
શ્વેત અરૂણની રે આભા તે અનુપ સોહે શ્યામ અલીગણ ભકત અહીં
તે ચપણ ગતિ રે ગુંજે ઉન્મત નેત્ર કમલ મધ્યે સોહે જહીં ।૩૭૮।
નાસા મૃણાલ ને રે સંગ નેત્રાંબુજ જેહ તે પ્રિત રૂપે ભર્યા સદા
મહા મનોહર રે વિચિત્ર રસ રાસ નેત્ર કમલ રસ સોહે તદા ।૩૭૯।
ઉગ્ર મકરંદ રે એહનો ફેલ્યો અવ્યકત અવિલોકની સુખ દેણ છે
વિચિત્રતે રે પાંખડી વરૂણીય એહવા પ્રિતમજીના નયણ છે ।૩૮૦
તે નિરખે રે સ્વકિય વૃંદ સમાજ નેત્રાબુંજ દિસે ગુણવંત
રસપુરી રે સુરા સુરા સુખદાય નેત્ર રસ તણો ન પામીએ અંત ।૩૮૧।
એ ચલકે રે ઝલકે છે ઉધ્યોત જયોત નેત્રની મોહામણી
પ્રિય પેષ્ઠનારે નેત્ર કમલ રસાલ નિરખે સુભગા તે સોહામણી ।૩૮૨।
નેત્ર રૂપી રે સિંધુ ભર્યો અથાહ તે માંહાં ઝીલે સ્વકિય વૃંદ બહુ
ત્યારે પ્રગટે રે મનમાંહાં પ્રમોદ એણી પેરે સુભગા જુએ સહુ ।૩૮૩।
નેત્ર સિંધુથી રે ઉઠે કટાક્ષ તરંગ તે સ્વકિય વૃંદ તણાં મન લહે
ગતિ સત્વર રે આવે ઉન્મત સુર નવનવા તરંગ સુભગા ચહે ।૩૮૪।
જેણે સિઝે રે સહુ રસ તણાં કાજ નેત્ર કટાક્ષ સોહે સદા
આનંદ રૂપે રે ચમકે છે સુચારૂ કટાક્ષ બાણ દિસે મન મુદા ।૩૮૫।
તે જાણે રે રસ ભકતના મન બીજુ કોઈ સમઝે નહીં
વ્હાલો ઉઠયો છે રે નિંદ્રા કરી રસરાસ વેદી ચોતરે ઉભા છે અહીં ।૩૮૬।
ઉથાપન સમય રે એહવુ રૂપ અનુપ નિરખે છે ભકત સમાજ રંગે
ત્યારે હરખે રે અંગ અંગ સકુમાર વ્રજનાર તણાં તે સકલ સંગે ।૩૮૭।
પ્રિય નેત્રની રે અવિલોકની જેહ સ્નેહ સહિત મનોજે ભરી
તેણે દિસે રે રસ ઉગ્ર ઉધ્યોત જયોત જગમગતી નેત્રે ધરી ।૩૮૮।
તે ચમકે રે ચલકે સુખરૂપ અનુપ વિધ્યુત ઝાતકારસું
એહવી દિસે રે અવિલોકની સાર અપાર સુખદ ઘન ભારસું ।૩૮૯।
તે જાણે રે સ્વકિય વખાણે છે એહ રસ વૃષ્ટિ ઉમંગી નેત્રે સહી
જેણે કરીયને રે રસ ભકત મન મોદ પ્રગટયો છે પરમ આનંદ લહી ।૩૯૦।
ફરી ફરી જુએ રે નેત્ર વૃષ્ટિની વાત સુઘાટ સુભગાને જવાલા ઘણી
તે લહીયને રે પ્રિતમ ઉમંગ્યા અપાર અનુપમ વૃષ્ટિ કરે નેત્ર તણી ।૩૯૧।
નવ પલ્લવીત રે કર્યા સ્વકિયના સર્વાંગ તેહ વચને કરી કેમ કહું
જાણે અનુભવી રે કેરા મન તન નેત્ર વૃષ્ટિ આંનદ રસે ચહું ।૩૯૨।
નેત્ર માંહેથી રે ચાલે રસઘાર અપરંપાર ગુણે ભરી
તેહની રેલ માંહાં રે ખેલ સુભગા રસાલ પરમ પસન્ન આનંદ ઘરી ।૩૯૩।

એહવા નેત્ર તે રે વિચિત્ર છે સાર મિત્ર વલ્લભજી તણાં સદા
તે માંહાં વાવ્યા રે રસ ભકતે રસ બીજ નવ નવા રંગ પ્રગટે મુદા ।૩૯૪।
તે અંકુર રે પલ્લવીત રસ હોય ફુલફલ પ્રગટયા મધુર રસ
તેહનો સ્વાદ તે રે લહે આશકત ભકત સ્વરૂપના નેત્ર રસે થયા વસ ।૩૯૫।
પ્રિય પ્રેષ્ઠના રે નેત્ર મધ્ય ભકત મીન લીન થઈય ને તે માંહાં રહે
સુખ પામ્યા રે જામ્યો રસ સિંધુ અવ્યકત મનોહર કોણ કહે ।૩૯૬।
અતિ દીર્ઘ રે નયણ છે વિશાલ રસાલ અનુપમ શોભિતા
ને ચંચલ ગતિ રે ચાલે સુખરૂપ અનુપ શોભાએ ભકત લોભિતા ।૩૯૭।
ત્યા સુભગાના રે અંગ વિહવલ થાય ભાવે નેત્ર રસ મન રલી
પ્રિય ચિત્તવની રે મહા રસ તણું ધામ નિરખે છે સુભગા સુખદ મલી ।૩૯૮।
નેત્ર આપે રે રસદાન ફલ ઉકત જુકત તે નવનવી ભાંતસું
તે લે છે રે રસ સુભગા નિધાન પાન પ્રમોદ કરે ખાંતસું ।૩૯૯।
નેત્ર નિરખતાં રે મનડુ તે સિરાયે કરૂણા રસે એ આનંદ ભર્યા
તે દિસે રે અવ્યકત સુખરાસ રસિક ભકત જોતા કાજ સર્યા ।૪૦૦
નેત્ર ફેરે રે ઉન્મત રસ રંગ રસ ભરી ભાંત નવિન છે
તેની શોભાયે રે ઝલકે સર્વાંગ નેત્ર રસિક તે પ્રવિણ છે ।૪૦૧।
તે નિરખતાં રે મન મઈ તે થાય લગ્ન અનુપમ અતિ બની
નેત્ર પુરે રે જે જે રસ તણાં કોડ અવ્યકત શોભા દિસે તેહ તણી ।૪૦૨।
એ રંજે રે સુભગા તણાં મન અન્ય બીજુ તે જાણે નહીં
નેત્ર નિરખતાં રે રસ ઉદબોધ થાય પરમ સુંદર એ સોહે અહીં ।૪૦૩।
વરૂણીય તે રે રસ નાયકાની પાંત ખાંત સહિત પ્રિય અહીં વહી
એમ દીધા રે અંગવદ કરી દાન માન ભરી વરૂણી નાયકા ઘરી ।૪૦૪।
તે જાણે રે રસ ભેદ અવ્યકત ક્ષણું ક્ષણું પ્રિયને તે રીઝવે
એહવી વરૂણી રે ચતુરા સુખદેણ રસ તણાં કાજ તે સીઝવે ।૪૦૫।
ટોપચા તે રે નેત્ર તણાં સુખ દેણ વયણ તે કેહી પેરે કહી શકું
ભ્રુ ભ્રંગતે રે સોહે શ્યામ રસાલ સુખદ શીરોમણી તે લખુ ।૪૦૬।
તે ઝલકે રે ચલકે છે સુદેશ પરમ સુંદર એ સોહામણી
પ્રિય પ્રેષ્ઠની રે ભ્રકુટી છે અનુપ સુખરૂપ અતિસે મોહામણી ।૪૦૭।
એ દિસે રે જાણે મનોજની ફોજ રસ તણાં કાજ સાધે સદા
તે સોહો રે ભ્ર ભ્રંગ વિચિત્ર મિત્ર વલ્લભજી તણી મન મુદા ।૪૦૮।
એ ઘિર છે રે શુરવિર અનેક રસ યુધ્ધ સુભગાસું મલી કરે
એહવી ભ્રુ ભ્રંગરે પ્રિયને સુખદેણ રસિક ત્રીયા તણાં મન હરે ।૪૦૯।
ભ્રઅ ભ્રંગ ઉભય રે બીચે તિલક સુરંગ અભિનવું અનુપમ દેખીયે
તે ખંડીત રે થયુ કહી કહી એહ તેહ તિલક સુખ પેખીયે ।૪૧૦।
પીત રંગ રે દિસે અવ્યકત અનુપ સુખરૂપ તિલક સોહે ઘણું
ભાલ ઉપર રે એ સુખદ સોહાયે જોઈ નેત્ર નવી મટકે અણું ।૪૧૧।

એહવું તિલક રે પ્રિયનું રસવેસ સુભગા તણું સુખધામ છે
તે ઝલકે રે તેજ પુંજ પ્રકાશ તિલક રેખા રસકામ છે ।૪૧૨।
પ્રિય પ્રેષ્ટનું રે તિલક તે સમાન બીજું કાંઈ ચિત્ત તે આવે નહીં
હવે ક્યારે રે દેખું તિલક અભિરામ પ્રિય ઉભા વેદી ચોતરે જહી ।૪૧૩।
એ શોભા શોભા રે જોવા મન અકુલાય કેઈ પેરે પ્રિયને રે જઈ મલુ
એ સ્વરૂપનો રે વિપ્રયોગ ચિત્ત માંહે તેણે કરી આઠો પહોર જલુ ।૪૧૪।
મુને કહેતા રે આવે પ્રિય લાજ આજ મારે તે કોઈ નથી
એ દુઃખ તણો રે વિસ્તાર અપાર ક્યાં લગી તે કહુ કથી ।૪૧૫।
હવે વહાલાનુ રે તિલક અનુરાગ રસ ભકત સહુ મલી નિરખતા
મનોહર રે રૂપ પરમ સુદેશ જોઈ જોઈ મન અતિ હરખતા ।૪૧૬।
તિલક મધ્યે રે સોહે રેખા તે શ્યામ તામસી નાયિકા તે અહી વરી
સર્વોપર રે ભાલ પરતે સોહાયે રસ જયોત ઉધ્યોતસું તે ઘરી ।૪૧૭।
તામસ રૂપે રે સ્વકિય શીરોમણી સાર ભાલ ઉપર તે બિરાજે છે
ભાગ્યવાન તે રે રેખા શ્યામ સુદેશ પ્રિય રસ સુખ તણાં કાજે છે ।૪૧૮।
ભાલ ગૌરની રે આભા તે અનુપ સુખરૂપ પરમ સોહે ઘણું
ઉતંગતે રે વિશાલ રસાલ અનુપમ શું કહું તેહ તણું ।૪૧૯।
તે ઝલકે રે ચલકે છે અપાર સાર શીરોમણી જુકત સું
તે ભાલનો રે ઝાતકાર રસ રમ્ય સુભગા જુએ રસ ઉકતસું ।૪૨૦।
ભાલ નિરખતાં રે મટકે નવી નયણ વયણે તે કેહી પેરે કહી શકું
તેજ પુંજ તે રે દિસે રસ રાસ અવ્યકત રસ તે કેહી પેરે લખું ।૪૨૧।
મનોહર રે રૂપ રસધામ નામ ભાલ તે સોહામણું
પ્રિય પ્રેષ્ટનું રે ભાલ છે નવરંગ ક્ષણું ક્ષણું પ્રત્યે તે મોહામણું ।૪૨૨।
ક્ષણું નિરખીયે રે તિલક રેખા સાર ક્ષણું મન શ્યામ રેખા સંગે
ક્ષણું સુદર રે ભાલ પર ચિત્ત લગ્ન ક્ષણું તે ભ્રગુટી પર ચિત્ત રંગે ।૪૨૩।
ક્ષણું નિરખીયે રે નેત્ર અભિરામ કામ સ્વકિય પુરણ થાયે
ક્ષણું નાસા રે નિરમલ પર ચિત્ત ક્ષણું તે ગલસ્થલ મન ભાએ ।૪૨૪।
ક્ષણું મોહસર રે જુએ રસ ભકત ક્ષણું તે અધર અમૃત ભર્યો
વિધી વિધી રસે રે રાજે છે અવ્યકત અધર અરૂણ સુભગા એ વર્યો ।૪૨૫।
ક્ષણું નિરખે રે ચિબુક રસ ચારૂ ક્ષણું તે દંતાવલી રસ નીધિ
ક્ષણું રસના રે રસભરી પર ચિત્ત વચન સુણી રસ થાયે સીધિ ।૪૨૬।
ક્ષણું શ્રી કર્ણ કોમલ પર ચિત્ત ક્ષણું મન મુકતા એ શોભિતા
એહવુ શ્રી મુખ રે નિરખ્યું સુખ ધામ જોઈ જોઈ મન માંહા તે લોભિતા ।૪૨૭।
ક્ષણું કુંતલ પર રે ચિત્ત છે મગ્ન ક્ષણું કેશ આભા તે કહી દેખિયે રે
મુડાસોરે બાંધ્યો છે સુદેશ તુર્રા સહિત રસે પેખિયે ।૪૨૮।
એ શોભા રે અવ્યકત રસાલ મુડાસો શીષ સુંદર ઘણું
તેહને નિરખતાં રે ભુલે છે સંઘાણ શું કહું તે મોડાસા તણું ।૪૨૯।

પ્રષ્ઠ ભાગનો રે અંબોડો રસાલ અભિનવી શોભાએ તે શોભિયે
મહા સુંદર જે રે મે કહયો કેમ જાય તેહને જોઈ મન લોભિયે ।૪૩૦।
મોડાસાને રે વચાલે થકા કેશ કહીં કહીં સુભગા તે નિરખીયે
ત્યારે રીઝીને રે મનમત તે થાયે કેશની શોભા જોઈ હરખીયે ।૪૩૧।
પ્રષ્ઠ ભાગનારે અંગ દિસે અનુપ સુખરૂપ રસિક સોહામણાં
વહાલો ઉભા છે વેદી ચોંતરે રસજુકત નિરખે સુભગા તે સોહામણાં ।૪૩૨।
નિંદ્રા કરી રે ઉઠયા છે મહારાજ ઉથાપને દાન દેવા ચિત્ત લહી
અહી ભકતતે રે ઉભા છે અસંખ્યાત પ્રિય પ્રેષ્ઠ રસની વૃષ્ટિ કરે સહી ।૪૩૩।
મંડલ મણી રે ઉભા રૂકમણીલાલ અંગ અંગે ઉદારતા અતિ ઘણી
આપે દાન તેરે સ્વરૂપ ફલ સાર શી શી વાત કહું તેહ તણી ।૪૩૪।
દાન પાત્ર તેરે ઉભા અપરંપાર લેતા દેતા કો ઓહોટે નહીં
રસ ઉદબોધ ઘરે એ છે અવ્યકત પ્રિય ઉભા વેદી ચોતરે જહીં ।૪૩૫।
અંગ અંગ પ્રત્યે રે નાયકા નિજ શ્રૃષ્ટિ અન્ય અનુપમ દેખીયે
વહાલે આવ્યા રે અંગવદ કરી દાન માન સહિત રસે પેખીયે ।૪૩૬।
હવે અહીં થકી રે પધારે સુખરાસ પાસ એકાંત સ્થલ જહાં સોહે
ચાલે ચાલતા રે અવ્યકત રસ રૂપ સુભગ શીરોમણી સ્વકીય મોહે ।૪૩૭।
અહીં બોલે રે ભકત જૈ જૈ ઉચ્ચાર કાન પડયું સુણીયે નહીં
કોઈ લે છે રે વારણા મન ભાયે વહાલોજી પધારે તે છે જહીં ।૪૩૮।
હવે પહેર્યા રે શ્રી ચરણે અનુપ સુખરૂપ પનહી કોમલ ઘણું
સુખ તલીયે તે રે મોહે સુખદાય અનુપમ શું કહું તેહ તણું ।૪૩૯।
ઉપર સોહે રે ફુલકારી વિચિત્ર મિત્ર વલ્લભજી પનહી પહેરે છે
કિનાર તે રે તેહની કસબી સુદેશ પનહી વિવિધ રંગ ગહેરે છે ।૪૪૦।
તેહની શોભા તે રે સૌંદર્ય અપાર શ્રી રણે મનોહર રાજે છે
વહાલો પધારે છે ભકત નિરખે પુંઠ શ્રી અંગ સુભગ તે ભ્રાજે છે ।૪૪૧।
હવે પહોંતારે સ્થલ એકાંત ખવાસે સાજ તે પહેલા કર્યા
તે જોઈયને રે પ્રિય થયા છે પ્રસન્ન સાજ જે જે ભકતે વાત્સલ્યે ધર્યા ।૪૪૨।
સ્નેહ સંયુકત રે તે અંગી કરે નાથ વિસ્તારે તે કેઈ પેરે કહું
હવે બાહીર રે ગલી માંહાં જે કો શ્રૃષ્ટિ આંગણ જલઘર માંહાં લહું ।૪૪૩।
તે આરતી શું રે તૃષીતવંત સોહે વહાલાજીને જોવા મન ઘણું
વિપ્રયોગ દુઃખ તે સહયુ નવી જાય ફરી ફરી જુએ શું કહું તેહ તણું ।૪૪૪।
વ્હાલાજી તણી રે પધારવાની વાટ જુએ છે ભકત સમાજ મલી
કોઈ દે છે રે પ્રહસિત સુખરાસ બાહીર આંગણ માંહો મન રલી ।૪૪૫।
નીકટ વર્તી રે ખવાસ ભાગ્યવાન ઉઠાવે છે ભોમ સેજ હેજ અતિ
તે જાણે રે સહુ રસ તણાં કાજ આજ વહાલો રસિયા છે સ્નેહ ગતિ ।૪૪૬।
એહવા ખવાસ તે રે સુર ધિર પ્રવિણ નવિન વચન કહે મન મુદા
સેજ થકી રે પહોંચ્યા જેણીવાર પછી ગાદી તકિયા બિછાવે સદા ।૪૪૭।

તે પ્રકાર તે આગલ કહેસુ સાર બત્રીસમે માંગલ્યે હરખસું
જે જે કરસે રે સેવા સુખરાસ ખવાસજી તણી સહુ નિરખસું ।૪૪૮।
હવે બેઠા છે રે ભકત શીરોમણી સાર આંગણ મધ્યે કોઈ જલઘરે
કોઈ ચોંતરે રે વેદી તણે નેમ કોઈ ગલી દ્વાર શોભા ઘરે ।૪૪૯।
કોઈ ચઢીયા રે અટાલીએ રસ ભકત પરમ પ્રસન્ન સોહામણાં
ને દિસે રે અતિ ઝાક ઝમાલ સ્નેહ ભર્યા પાત્ર મોહામણાં ।૪૫૦।
એહવા ભગવદીય રે બેઠા મન રંગ અંગ ઉલટ તેહોને ઘણો
શ્રી મુખ સુખ રે નિરખવા ચિત્ત લગ્ન સ્નેહ પ્રતાપ પ્રિય અંગ તણો ।૪૫૧।
તે કહીયે રે કેઈ પેરે પ્રકાશ એક એક ભકતના ભાવ બહું
કેમ થાયે રે તેહનો તે વિસ્તાર વહાલોજી ભાવ જાણે સહું ।૪૫૨।
સોહે છે રે ચોખંડી મંઝાર સાજ તે ખવાસે પહેલા કર્યા
ત્યાં મુકયો છે રે પીઢો ગાદી સમેત પ્રિય સુખ હેતને ગડુઆ ઘર્યા ।૪૫૩।
જલ ભરીયા છે રે જેહવા વહાલાને સોહાય રિતુ ભેદે જેમ જેણી પેર ગમે
કર્યા વાત્સલ્યરે સાજ વિવિધ પ્રકાર ખવાસજી એ તે એણે સમે ।૪૫૪।
બેઠા છે રે ભકત જે ભવાપન તેહો તણે મનતે આરતી ઘણી
પ્રિય જોવાને રે મનડું અકુલાય આશ અનોપમ છે શ્રી અંગ તણી ।૪૫૫।
વહાલે જાણીયા રે ભગવદી તણાં ભાવ દાવ સાંભલી તે આહટ કરે
તે સુણીયું રે જે કો બેઠા ગલી દ્વાર તેહો તણાં પ્રિતમ ચિત્ત હરે ।૪૫૬।
સુણી આહાર રે થયો પરમ ઉલ્લાસ ભગવદી સહુ કો ઉભા થયા
કર્યો છે રે પેંડો સુખરૂપ પ્રિયજી પધારશે જુએ રહયા ।૪૫૭।
જલઘર માહાંથી રે રસભકત રસાલ ઘસમસ્યાં ઉન્મત આવીયાં
તે સોહે રે જલઘર ચોંતરીય ઉભા અનુપમ ભાવીયાં ।૪૫૮।
જે જયાંહાં હતા રે ત્યાંહાં થકા તેમ હલફલી ઉભા થયા મન મુદા
તે આવ્યા રે સહુ ચોખંડી પાસ પ્રિયને જોવાની આરત તદા ।૪૫૯।
હવે વહાલોજી રે પધારે સુખરાસ પ્રથમ દર્શન આપ્યું તેહને
જે કરો ઉભા રે દ્વારે મુખ્યત્વ દર્શન દાન આપ્યું જેહને ।૪૬૦।
તેહના ફલીયારે ભાગ્ય તે અપાર સુખ સાગર પ્રિયજી પધારે છે
રસ આગર રે નાગર નવરંગ જોઈ ભકત જે જે ઉચ્ચારે છે ।૪૬૧।
વ્હાલો મુકે છે રે પનહી ગલી માંહે પલક એક તે ત્યાં ઉભા રહે
સોચે છે રે મન ભાવ અપાર ભગવદી તણાં તે અનેક લહે ।૪૬૨।
હવે ચાલે ઘેર વહાલો ચાલ સુદેશ રસભરી પરમ ઉધ્યોતસું
પૂર્વ મુખે રે આવે સુખરૂપ વહાલોજી મહા સસ જયોતસું ।૪૬૩।
પૌધાર્યા રે ગલી દ્વારથી બાહેર જયાં ભકત પેંડો કરી રહયા રંગે
આપે દર્શન તે રે દાન સુખરાસ ભગવદી સહુ કોઈને સંગે ।૪૬૪।
તે નિરખે છે રે શ્રી અંગ રસાલ અવ્યકત મનોહર ભાવસું
તન મન તેરે ફુલ્યા છે અપાર જુએ છે સ્વરૂપ રસદાવસું ।૪૬૫।

ઠામ ઠામથી રે ભકત બોલે ઉચ્ચાર જે જે શબ્દ તે સોહામણાં
તે સુણતા રે મનને હોય ચેન સ્વર એ સુખદ છે મોહામણાં ।૪૬૬।
કોઈ લે છે રે વારણાં રસ ઉકત મીઠડાં લેઉ એમ કહીયને
બોલે આશિષ રે મન અભિનવે રંગ સંગ સ્વરૂપ રસ લહીયને ।૪૬૭।
તે કહેતાં રે થાયે ગ્રંથ વિસ્તાર તેણે કરી સંક્ષેપે કહયું એહ
પધારે છે પ્રિય ચોખંડી મઝાર રસદાન દેતા દેતા તેહ ।૪૬૮।
કરૂણા યતે રે કટાક્ષ કરે નયણ સયન અનુપમ રસ ભરી
એમ સિંચન કરે રે ભકતના નાથ પ્રિય જુત શ્રૃષ્ટિ પ્રિતમે વરી ।૪૬૯।
પ્રિય ચાલતા રે દિસે અનુપમ રૂપ અનુપ શ્રી અંગની શોભા સદા
તે જાણે રે ભગવદી તણાં મન પ્રસન્ન પ્રિતમ ચાલે મન ચિત્ત મુદા ।૪૭૦।
લટકતા રે અટકતા સુખરાશ મટકતી ચાલસુ ચાલે રંગે
ત્યારે દિસે રે અતિ મહા રસ જયોત અંગ અંગ પરમ સુંદર સંગે ।૪૭૧।
વ્હાલો સ્પર્શતાં રે ચાલે ભીતને એમ જેમ તે સુભગા તણાં મન રંજે
કરાંબુજ રે સ્પર્શે ભીતે રંગ સંગ સ્નેહ ઝલકે છે તેજ પુંજે ।૪૭૨।
તે જોઈયને રે આરત વંત તે થાય સુભગા અનુપમ મન રલી
એણી પેરે રે પધારે પ્રિય પ્રેષ્ઠ સુભગા રસિલી રસ ભાવે મલી ।૪૭૩।
એમ આવ્યા રે વ્હાલો ચોખંડી મંઝાર સુખ સિંધુ પ્રગટયો છે રસ ભર્યો
તે દિસે રે અતિ મહા રસ પુર સુર સુભટ રસ પ્રિયે વર્યો ।૪૭૪।
હવે બેસે છે રે પીઢા પર પ્રાણનાથ સાથ સહુ ને આનંદ ઘણો
સંકોરે છે રે લાવણ્ય ભલી રીત નિરવીધિ રસ તે નીમા તણો ।૪૭૫।
કર સોહે છે રે રસિક રસિક સ્થલે જુકત રસ ઉકત પ્રિય જાણે મલી
ત્યારે રીઝયા રે સુભગા સ્વકિય વૃંદ ઉદબોધ રસ સુખસું મલી ।૪૭૬।
તે જાણે રે પ્રિય પ્રેષ્ઠનું મન ભાવ અપરમિત ભકત તણાં
વહાલો બેઠારે હવે પીઢા પર રંગ ભગવદી નિરખે છે ઘણાં ।૪૭૭।
પ્રસન્નતા રે મને થઈ એહ જે પ્રિતમજી પીઢે બેઠા
તે સોહે રે શ્રી રૂકમણીલાલ રસભકત તણાં ઉરમાં પેઠા ।૪૭૮।
પૂર્વ મુખે રે બેઠા સોહે સુખરૂપ અનુપ શ્રી વલ્લભજી તે રંગે
વહાલે કિધું રે તે દિશા તણું વરણ સંગ આપ્યું અનુપમ સંગે ।૪૭૯।
તે વચન માંહે કયેમ કહીયે પ્રકાશ દાન દિધા તે ઉછાહ ભરે
બેઠા સનમુખ રે સુખનો નહી પાર પ્રિય પૂર્વ દિશા તણાં ચિત્ત હરે ।૪૮૦।
અહી ક્ષાલસેરે કરાંબુજ તે અનુપ સુખરૂપ મૃતિકા લેઈ લેઈ
હવે કરશે ચરણ તે રે ક્ષાલણ ભરી રીત પ્રિત જુત પ્રેમદા જોઈ ફુલે ।૪૮૧।
તે પ્રકાર તે રે કહીસે રસ રાશ આગલે માંગલ્યે મન મુદા
એ લીલા રે અવિચલ છે અપાર સાર અનુપમે તે સદા ।૪૮૨।

તે સુણતા રે થાયે શ્રી અંગે સબંધ ગંધ બીજી મનને નવી રહે
ને પ્રગટે રે ફલ મધુરા અનુપ સુખરૂપ પ્રિય તણું મન લહે ।૪૮૩।
એ પાંચમુ રે માંગલ્ય શુભ સાર ઉત્થાપન તણું તે આનંદ મઈ
વલી આગલ રે કહેશું રસ રાસ ભકત ગાદી તકિયા બિછાવે સહી ।૪૮૪।

ઈતિ શ્રી માંગલ્ય એકત્રીસમું સંપૂર્ણમ્

દોહા

એ માંગલ્ય મોટુ છે અતિ ઘણું શોભાનો નહી પાર
અર્થ એહનો છે મહા અગમ્ય તે તો કેમ કરી કરે ઉચ્ચાર (૧)

શ્રી મહા પ્રભુ સ્વત સામર્થ કરી લેખન થાયે એહ
ગોપ્યરસ માંહે છે ઘણો કો બાહાજય ન સમજે લેશ (૨)

સમાપ્તમ્

શ્રી શ્રી શ્રી શ્રી શ્રી

માંગલ્ય - ૩૨

શ્રી શ્રી શ્રી વલ્લભો જય જયતિ, હવે માંગલ્ય બત્રીસમું લખીયે છે, એહની જાત,
કીકો માસીને ભણેજે, કીકા લહેર ખડુ, એ જાતે ગવાશે તે લખીયે છે.

વિઠલસુતલાલ બેઠા ચોખંડી રાજે
ભકત ઉથાપને નિરખે ભાવ રસના છાજે ।૧।
એક એકથી ઉત્કૃષ્ટ સોહે પરમ પ્રવિણ
ભાવાત્મિક થઈ અવિલોકે છે ભકત નવિન ।૨।
થાએ ઉદબોધ શ્રી અંગે તે રસ તણાં રસાલ
રીઝે સ્વરૂપને જોઈ જોઈ રસિક વ્રજબાલ ।૩।
શ્રી વલ્લભજી આપે છે દાન રસના ઉદાર
તે પ્રકાર મેં કહયો કેમ જાયે કરીને ઉચ્ચાર ।૪।
પાર્વતી પતિ પ્રગટ સોહે ભકત સુખ હેત
તે આનંદ રસ પ્રગટયો છે સ્વરૂપ સમેત ।૫।
તેહને નિરખતાં મનડુ નવ કેમે અઘાય
રસ ઉદબોધ સુભગા અંગે પ્રગટાય ।૬।
તે લહે છે વ્હાલો ચતુર શીરોમણી જ્ઞાતા
ચરણ ક્ષાલણ કરવા બેઠા પ્રિય રંગે રસ રાતા ।૭।
પાછલે માંગલ્યે કહી આવ્યા રસ સુખ અપાર
જુજુવી ભાંતે કહયો છે રસ અનુપમ સાર ।૮।
નિંદ્રા સંગે પોઢી ઉઠયા વ્હાલો રસનું મુલ
ભાવ અવ્યકતે જોયા છે રસ ભકત અનકુલ ।૯।
શ્રી મુખાર્વીંદમાંથી બીડું મુકયુ અનુપ
ભકતે અધરામૃત લીધુ પ્રિય પરમ સુખરૂપ ।૧૦।
વહાલે બાંધ્યો છે મોડાસો લહી એકાંત સ્થલે કાજ
પછે નીમો પહેરવા ઉઠયા પ્રિય પ્રેષ્ઠ મહારાજ ।૧૧।
ત્યારે ભકતે દીધિ આશિષ તે મનને રંગે
અનુકુલ રહી ઓચર્યા છે મંગલ સંગે ।૧૨।
વલતા નીમો પહેરી ઘુટી ચાલે પધારે નાથ
સંગ ભગવદીય સમાજ સ્વકિય વૃંદ છે સાથ ।૧૩।
એમ આવ્યા પ્રિતમ વેદીની ચોતરીએ રસ રમ્ય
ત્યાં કહયું છે સ્વરૂપ વર્ણન અતિ અગમ્ય ।૧૪।
નાયકા રૂપ અંગ અંગ પ્રત્યે દિસે નવિન
એમ અનુસર્યા શ્રી અંગે તે સુભગા પ્રવિણ ।૧૫।

વલતા એકાંત સ્થલે જઈ આવ્યા વહાલોજી રસાલ
ભકત સમાજ હરખ્યાં ત્યાં અનુપમ વ્રજબાલ ।૧૬।
એમ ચોખંડી માંહે આવી પીઢે બેઠા ઉદ્યોત
પૂર્વ મુખ સોહે શ્રી મુખચંદ્ર રસની જયોત ।૧૭।
પોઢી ઉઠયા વ્હાલો સાર ભકતે ઉથાપન જોય એમ
અહી ચરણ ક્ષાંલણ કરશે પ્રિતમ નીતે નેમ ।૧૮।
ત્યાં લગી કહયો પ્રસંગ પાછલે માંગલ્યે મહા રંગે
હવે કહેશું આગલ ગુણ ચરિત્ર પ્રિય પ્રસંગે ।૧૯।
હું ન જાણું કાંઈ વચન ચાતુરી રીત
પણ દાનને સામર્થે કહયું અનુભવ રસ પ્રિત ।૨૦।
જે જે પ્રિતમ સંગ અહરનીશ કિધો છે રસ આહાર
તે હવે કોઈ એક કહું સુચન અર્થે રસ સાર ।૨૧।
સ્વરૂપાત્મિક ભાવાપન્ન થઈ એ રસમાં રમુ
પ્રિય પ્રેષ્ટને ચરણાર્વિંદે રસ શું રમુ ।૨૨।
ત્યારે વહાલોજી સ્પર્શ સુખ આપે અનુપ
પરિરંભણ ઈત્યાદિક મહા રસ રૂપ ।૨૩।
એણી પેરે રસ પેખું પ્રિતમ સનમાન કરે
ચોખંડીમાં ચરણ ક્ષાલણ કરતાં ચિત્ત તે હરે ।૨૪।
ઉથાપને વહાલે એમ રસદાન તે દિધા
ભકત સમાજ ઉભા તેહોના કાજ તે સીધા ।૨૫।
હવે કરાંબુજ ક્ષાલે પ્રથમ સુર સુવેશ
તે ચાપલ્તા લાવણ્ય ગતિ પરમ સુદેશ ।૨૬।
મૃતિકા કોમલ સુવાસિત ઘરી જે ભકતે
તે લેઈ લેઈ કરાંબુજ ક્ષાલે સુખદ જુકતે ।૨૭।
જલધાર પડે ગડુઆ તણી પરમ વિચિત્ર
નખમણી સીક સુધાની શ્રી વલ્લભજી મિત્ર ।૨૮।
ફરીય મૃતિકા લેઈયને કર ક્ષાલે સુખરૂપ
બેહુ કરતલ ભેલી સંગ એમ અનુપ ।૨૯।
ત્યારે સુભગા રીઝી હસે મનમાં તે રંગે
વહાલો સમજીને દાન કરે રસ જુકત સંગે ।૩૦।
ઉભય સ્વરૂપે કાજ રસ સંપન્ન થાયે
તેણે કરી અંગ અંગે પ્રત્યે મોદ ન માય ।૩૧।
વહાલો હંસે છે મુસકની મંદ તે સોહે
તે અવ્યકત રસ જોઈયને એ સુભગા મોહે ।૩૨।
એણી પેરે વ્હાલે હસ્તકમલ બે ક્ષાલ્યા
ભકત સમાજ ઉભા છે તેહોણે સ્નેહ તે ભાલ્યા ।૩૩।

હવે પ્રિતમજી ચરણાર્વિંદે ક્ષાલણ કરે
કોઈ ભકત ચરણામૃત લેવા ચિત્ત ધરે ૧૩૪૧
પ્રિય મૃતિકા લેઈ લેઈ ભિડે ચરણતલા
ઉપર થકી રેડે જલ તે સોહે નિર્મલા ૧૩૫૧
ધાર પડે છે ગડુઆ તણી તે વિચિત્ર રૂપ
ચરણાર્વિંદે ઉભય ક્ષાલ્યા વ્હાલાજીએ અનુપ ૧૩૬૧
શોભા સુંદરતા ચરણની સુંદર વર રાજે
તે ક્ષાલણ કરે પિતમજી તે ભોમ્યને કાજે ૧૩૭૧
ગીણે એ મીસે કરી ચરણનો રસ ભોમ્યને પાએ
તેણે કરી ભોમ્ય તણાં કાજ પુરણ થાયે ૧૩૮૧
શ્રી ચરણાર્વિંદે રસ આપી સંબંધ કરે
નવ પલ્લવીત કરી પ્રિતમ ચિત્ત હરે ૧૩૯૧
એ ભોમ્ય તણું ભાગ્ય સુભગા સરાહે રંગે
જયાં ચરણારવિંદ ક્ષાલ્યાં પ્રિય રસ છે સંગે ૧૪૦૧
ચરણાર્વિંદ રસ ભોમ્ય પામી દુઃખ સહુ વામું
ત્યારે પ્રહસિત ભોમ્ય અંગે રસ સુખ જામુ ૧૪૧૧
એમ ચરણાર્વિંદ ક્ષાલણ કર્યા રસનીધિ નાથે
ભાવાત્મિક થઈ રમે રસ ભકત પ્રિય અંગ સાથે ૧૪૨૧
ત્યારે રસતણાં ઉદબોધ ઉભય સ્વરૂપે દિસે
વ્હાલો ચરણાર્વિંદ ક્ષાલે જોઈ હૈયડુ હિસે ૧૪૩૧
પછે કોગલા કરે છે સત્વર ગતિ શું ઉકત
ત્યારે અધર ઝલકે છે લાલ ગહેરો રસ જુકત ૧૪૪૧
તે શોભા સુખ અવ્યકત રસ નયણે દિઠો લાલ
ધાર પડે શ્રી મુખમાંથી તે નિરખુ પાસ ૧૪૫૧
તેણે કરી અગ અંગને આરતી તે થાયે
એ રસ પાન કરવા ચિત્ત અતિ સે ઉંમાહે ૧૪૬૧
વ્હાલો કરતા કોગલા ભકતના મન તે રંજે
કોગલા લલકતા દિસે છે તેજ પુંજે ૧૪૭૧
પ્રિય ભરી ગલ જલસું ગંડુક તે નાખે
શ્રી મુખામૃત રંગ રસ તે ભોમ્ય તે ચાખે ૧૪૮૧
ત્યારે ફલ મધુરા ત્યાં પ્રગટ સોહે
એહવા કોગલાને જોઈ જોઈ રસભકત મોહે ૧૪૯૧
એણી પેરે સત્વર ગતિસું ચંચલ તે પણે
પ્રિય કોગલા કરે એહવું કોણ છે જે ગણે ૧૫૦૧
અસંખ્યાત નાખે ગંડુકતે મનને રંગે
વલતાં શુધ્ધ આચમન કરે શીતલ જલને સંગે ૧૫૧૧

કરાંબુજ ચપલ ચપલાઈસું વલણ વાલે
શ્રી કર કમલ મધ્યે ગાઢ કરો સુભગા નિહાલે ૧૫૨૧
ટચી આંગલી ન્યારી તે રાખે સુખદ સોહે
પ્રિય આચમન શુધ્ધ કરે છે ભકત સહું મોહે ૧૫૩૧
વલતો શ્રીકર ક્ષાલી પુંછે તે અધર પર તે ફેરે
જલ લઈયને સમારે ભકતના ભાવ પ્રિય ઘેરે ૧૫૪૧
પછે શ્રી મુખાર્વીંદ ઉચું કરે છે ઉકત
નેત્ર કમલ માંહાં જલ બિંદુ મહેલે પ્રિય રસ જુકત ૧૫૫૧
તેણે કરીયને સુચવે સુભગાને રસ પુર
તમો નેત્ર મધ્યે રાખ્યાં હવે કરો દુઃખ ચુર ૧૫૬૧
ત્યારે રસિક સુભગા મન આનંદ પામે
રીઝી મનમાં પ્રસન્ન થઈ શીષ તે નામે ૧૫૭૧
વહાલો અંગુલ દલ નેત્ર પર કરે હીત સાથે
ચરણ ક્ષાલણ કરતાં ચરિત્ર એહવા કરીયા રસ નાથે ૧૫૮૧
વલતાં મુખ વસ્ત્ર ઘરે નિકટવર્તી તહાં સંગે
તે પ્રસારીને વ્હાલો અનુપમ કર પુંછે રંગે ૧૫૯૧
શ્રી કર કમલ અંગુછી વલતા મુખડું પુંછે
ફરી ફરીને શ્રી હસ્તે કરી લુહે છે પછે ૧૬૦૧
વલતા નસકોરા ઉભય પુંછે છે વલ્લભજી પ્રિતે
હવે ફરી બેસે પશ્ચિમ મુખે રસની રીતે ૧૬૧૧
કયારે કરે છે મુખવસ્ત્ર એણી દિસે તે બેઠા
ધરીયા ચરણાર્વિંદ દુલીચી પર પ્રિય ઉરમાંહાં પેઠા ૧૬૨૧
ભાગ્યવંતા જે ખવાસજી નિકટવર્તી તે નામ
પુંછે છે શ્રી ચરણાર્વિંદ થાએ પુરણ કામ ૧૬૩૧
અતિ સ્નેહસું વાત્સલ્ય કરે એણી રીતે
શ્રી ચરણાર્વિંદ પુંછે બેહુ આનંદ પ્રિતે ૧૬૪૧
ભાલી ભાંતે અગુલીદલના વચાલો તે પુછયાં
તલીયા એડી પાહની પાટલી ને ઢાંકણા લુછયાં ૧૬૫૧
એહી પેરે ચરણાર્વિંદ પુછી આનંદ પામે
બહુ સ્નેહ સંયુકત દીન ભાવે શીષ તે નામે ૧૬૬૧
વહાલો બેઠા ચોખંડી મધ્યે સુખદ સાર
કર્ણ થકી તે ઉતારે નહી વાર ૧૬૭૧
વહાલો નીમા તણી બાંહે ઉતારતા તે સોહે
શ્રી મુખાર્વીંદ જોઈ જોઈ ભકત સહુ મોહે ૧૬૮૧
હવે ગાદી તકિયો ખવાસજી બિછાવે રંગે
જાઝમ બિછાવી ઉપર દુલીચો સોહે સંગે ૧૬૯૧

તેહની ભાંત તે વિચિત્ર કહી કેહી પેરે જાય
લાલ મકમલ કોમલ જોઈ મન પ્રસન્ન થાય ૧૭૦૧
ચારે પાસે પટાદાર કફઈની જંજીર દિસે
હરે સંગ શ્વેત પટા જોઈ હૈયડુ હિસે ૧૭૧૧
તેહની ચોકીદાર ગુલ સોહે મહા સુખ રૂપ
હોંદ હાંસીયા ઝલકે અરૂણ રંગે અનુપ ૧૭૨૧
ચારે દીશે મગજીતે પીત પાટીની સોહતી
એહવો દુલીચો વિચિત્ર જોઈ સુભગા મોહતી ૧૭૩૧
બેહુ પાસે હોંદ હાંસીયા એ મફતુલના રાજે
પરરંગ ઝલકતો છે એ સુખદ ભ્રાજે ૧૭૪૧
એહવો દુવીલો બિછાવ્યો ખવાસે પ્રિય સુખ હેત
તે વિચિત્ર ભાંતે સોહે છે તલે જાજમ સમેત ૧૭૫૧
તે ઉપર ગાદી કફઈ વિલાયતની સોહે
લાલ ગહેરે રંગે જોઈ સહુકો મોહે ૧૭૬૧
ચોહો દિશ ફરતા હાંસીયા હરી કફઈના ચલકે
ત્યાં મગજી અતલસ તણી સુખદ ઝલકે ૧૭૭૧
કોઈ સમય હાંસીયા તે શ્યામ કફઈના કિધાં
ચારે ખૂંટે ચોકી મુકી સીવણ પેચ તે દિધાં ૧૭૮૧
તે ગાદી ભરી છે ફુલવા રૂઈસુ ઉકત
તલે અસ્તર ઈલાચા તણું સુખદ જુકત ૧૭૯૧
એહવી ગાદી બિછાવી પ્રિયને બેસવા કાજે
મોટો તકિયો ઉપર ધર્યો તે સુંદર છાજે ૧૮૦૧
તેહની શોભા તે નવિન અતિ મનોહર લાગે
મોટો તકિયો લાલ જોઈ હૈયડું પાગે ૧૮૧૧
તેહોના હાંસીયા બેહુ પાસે ભરી કફઈના કરીયાં
કયારે હરીત કફઈના બેહુ હાંસીયા વરીયાં ૧૮૨૧
સોહે નેફા તેહના દરીયાઈનો અનુપમ ભાંત
જેહવુ શોભિયે તેહવા દિધા કરી કરી ખાંત ૧૮૩૧
કયારે પીત દરીયાઈ તણાં નેફા દે સોહાતા
કયારે નારંગી દરીયાઈના જોઈ ભગવદી મોહતા ૧૮૪૧
તે લાહોરી કસબી દરીયાઈ ગાઢી ઘણું દિસે
કયારે પાટદાર દરીયાઈનો નેફા જોઈ મનડું હીસે ૧૮૫૧
એહવો તકિયો વિચિત્ર મિત્રને કાજે તે ધરીયો
ફુલવા રૂઈસું ગાઢો ઘણો જતનસું ભરીયો ૧૮૬૧
એણે ઝાબા વિચિત્રીત હેમ તણાં અતિ ઝલકે
માંહે ભર્યું શ્યામ મફતુલ મીહી અનુપમ લલકે ૧૮૭૧

ઝાવા ઉપર મણીકા વિચિત્ર તે રે સમયના સોહે
રંગબીરંગી ચલકતા જોઈ ભકત સહુ મોહે ૧૮૮૦
તે ઉપર હાટીકના ચિત્રિત મણીકા બિરાજે
પ્રિયા છે ચાવખી રેશમની માંહાં ભ્રાજે ૧૮૯૦
એહવા ઝાવા તે ઝલકે મોટે તકિયે રસ રમ્ય
તેહનો વિસ્તાર નવ કહયો જાયે અતિશય અગમ્ય ૧૯૦૦
બેહુ પાસે બે બે ઝાવા એહવા સોહે નવિન
પ્રિય તકિયે ટેકો દેતા નૃત્ય કરશે પ્રવિણ ૧૯૧૦
એહવા ઝાવા તે ચંચલ ચપલાઈ શું દિસે
ગાદી તકિયો બિછાવ્યો જોઈ હૈયડું હીસે ૧૯૨૦
તકિયા પાછલ એ ટેકો તે કાષ્ટનો ઘરીયો
જેણે કરી તકિયો ડીગે નહી એણી મીસે તે વરીયો ૧૯૩૦
છોટો તકિયો ઘર્યો વામ પાસે પ્રિય સુખ હેત
લાલ કફઈ કોમલ હરા હાંસીયા સમેત ૧૯૪૦
તેહોના નેફા ઝલકે પરમ દરીયાઈ ઉધ્યોત
ઝાવા જડીત્ર ઝલકે છે તે મહા રસ જયોત ૧૯૫૦
હીરા હાટીક ચુની ચમકે છે પન્ના તે અમોલ
છોટા તકિયયા ના ઝાવાને કોને કરૂ સમતુલ ૧૯૬૦
માંહે ભરીયુ મફતુલ કોમલ શ્યામ રંગે
ઝાવા ઉપર હરડા તે રેશમ તણાં છે સંગે ૧૯૭૦
તે ઉપર જડાવના મણીયા સુભગ લાગે
જગમગતી જયોત જોઈ હૈયડુ પાગે ૧૯૮૦
રેશમ તણાં તે ઉપર વલી વિચિત્ર સોહે
ચાવખી રેશમ નીચે પરોયા જોઈ સહુકો મોહે ૧૯૯૦
એહવા ઝાવા તે જડિત્ર છોટે તકીયે ઉકત
પરોયા છે શુભ્ર ગોલ મુકતા શું રસીસી જુકત ૧૦૦૦
તેહને સ્પર્શ કરશે વહાલો બેસશે જયારે
એ ઝાવા તણું પુરણ કામ થાશે તે વારે ૧૦૧૦
એ ચાવખી મહા રાખી પાટી મૃદૂલ મોહોતી
અરૂણ રંગે ગહેરે અતિ સુખદ સોહતી ૧૦૨૦
એહના ફુમતા વિચિત્ર રેશમ તણાં કરીયાં
એ પાટી મીસે અહીં અનુપમ સુભગા વરીયાં ૧૦૩૦
છોટા તકિયાનું ભાગ્યતે કેહી પેરે કહીયે
ક્ષણું ક્ષણું પ્રિય સ્પર્શે સુખતે લહીયે ૧૦૪૦
રૂઈ રૂપે સુભગા ભરી માંહે સોહાગને ગર્વે
ચમકે કફઈ નાયકા અંગે દીઠુ છે સર્વે ૧૦૫૦

એહવું આસન રચ્યુ પ્રિયના સંયોગ સુખ હેત
રંગ બિરંગી કફઈ છે તે સુભગા સમેત ।૧૦૬।
કયારે તકિયો છોટો પીત કફઈનો રાખ્યો
સ્વકિય વૃંદ મલી જુએ નવી જાએ તે દાખ્યો ।૧૦૭।
શીત કાલમાં એહવું આસન રચીયુ રંગે
ઉષ્ન કાલે શ્વેત ગલેફ એહને સોહે છે સંગે ।૧૦૮।
વરતે માહે ખાસા તણાં તે સુખદ રૂપ
જયેષ્ઠ માસે બાસતા ભરૂચીના તે અનુપ ।૧૦૯।
એમ પહેરાવે ગલેફ સાદો તકિયાનો સાર
રિતુ ભેદ સમે કેમ કરૂં તે ઉચ્ચાર ।૧૧૦।
એહવા ગલેફ પહેરાવ્યા સુંદર સોહાતા
ગાદી તકિયાને જોઈ ભકત સહ મોહાતા ।૧૧૧।
એક પીઢો ચારે દિશે કોરો રાખ્યો છે પ્રિતે
જેણે ચોટી નવી શકે લહી તે સ્નેહ રીતે ।૧૧૨।
વામ પાસે તે પીઢો સુંદર ભોમ પર ધરીયો
તે ઉપર જલપાન ગડુઓ નેવરા શું તે વરીયો ।૧૧૩।
ભર્યો સ્નેહ જલ નિર્મલ શું હેમનો રાજે
કોઈ સમય ઉજવલ રજત તણો તે ભ્રાજે ।૧૧૪।
સ્નેહસું જત્ન કરીને ધર્યો પીઢા પર દિઠો
પ્રિય જલપાન કરશે ત્યારે લાગશે મીઠો ।૧૧૫।
ત્યાં નિકટ ચુનોટી ચુને ભરી
તે ધરી હેમ તણી કપુરદાની માંહે કપુરે ભરી ।૧૧૬।
એહવો સાજતે વિવિધી રંગ કરીયો છે અહીં
પ્રિય પ્રેષ્ટ ગાદી તકિયે બેસે તે જહીં ।૧૧૭।
જમણી પાસ તષ્ટિ મુકી બીડા મુકવા અર્થે
એ માંહાં મુકશે અધરામૃત જોસુ પ્રિય સામર્થે ।૧૧૮।
એ નાયકા રૂપે અહી અધરામૃત પાન કરશે
ત્યારે રસ ઉદબોધ વ્હાલો એહોને તે ભરશે ।૧૧૯।
એહવી તષ્ટિ તે સોહાગણી સોહાગનું રૂપ
ધરી ગાદી તકિયા પાસે તે સોહે છે અનુપ ।૧૨૦।
અહી કરાંબુજ ક્ષાલવાને ગડુઓ તે ધર્યો
અતિ સુખદ સુંદર છે જલ શું તે ભર્યો ।૧૨૧।
શીતકાલે અહી જત્નસું હસંતી તે મહેલે
ગાદી તકિયા તણી શોભા જોતા અંગ અંગ રેલે ।૧૨૨।
સુખ સિંધુ ત્યાં પ્રગટ થયો છે આનંદ પ્રિતે
વૃજ યુવતિ મલી જુએ છે રસની રીતે ।૧૨૩।

માખી નિવારણું મોટે તકિયે ધર્યું છે જુકત
દોહરો કસીદે ભર્યા નવિન પરમ ઉકત ।૧૨૪।
કયારે કાંક રચ્યુ સુંદર ભર્યું વાત્સલ્યે કિધું
વ્હાલે નેત્રે દઈ સ્પર્શ્યું ત્યારે કારજ સીધું ।૧૨૫।
તેહના પાલવ કીનાર પીલી દરીયાઈના ઝલકે
પ્રિયે જયારે નેત્રે દીધુ ત્યારે અંગ અનંગ ચલકે ।૧૨૬।
એમ માખી વરજણાં રંગ બીરંગી સોહે
નિત્ય પ્રતિ નવ નવા જોઈ ભકત તે મોહે ।૧૨૭।
ગાદી તકિયાની શોભા કેહી પેરે મે કેહી જાયે
બિચલી તિવારી મધ્યે બિછાવ્યો જોઈ સુખતે થાય ।૧૨૮।
ગાદી તકિયાને નિરખતાં મનડું રંજે
ભાંત વિચિત્ર ઝલકે છે કફઈ તેજ પુંજે ।૧૨૯।
એ રસ શું સંવલીત છે નાયકા નવિન
તે ઉપર પ્રિય બેસી એહને વરશે પ્રવિણ ।૧૩૦।
તે અનીરવચનીય વિસ્તાર વચને કેમ કહીયે
પ્રિય પ્રિતમની કૃપાબલે એ રસ તે લહીયે ।૧૩૧।
ગાદી તકિયો બિછાવ્યો રમણ રસનું ધામ
મિત્ર ચોખંડીમાં બેઠા છે શ્રી વલ્લભજી નામ ।૧૩૨।
આવી અંગી કરશે તકિયો ગાદી પરમ પ્રવિણ
ત્યારે અહીં રસ રંગ તે પ્રગટશે નવિન ।૧૩૩।
ગાદી તકિયો રસ પુરણ ચરણ દુઃખ મુલ
પ્રિય બેઠા પછી ભકત સહુ અવિલોકે અનુકુલ ।૧૩૪।
ગાદી તકિયો સુંદર પ્રૌઢ ગંભીર છે ધીર
અહીં બેસી દાન દેશે શોભાજી તણો વિર ।૧૩૫।
વિધી વિધી તણાં પરમ પ્રસન્ન સુચાર
એહવા રસ દાનને જોઈ મોહશે કોટીક માર ।૧૩૬।
ગાદી તકિયો બિછાવ્યો જેહવો પ્રિયને ગમે
વ્હાલો બેઠા પછી અહી ભકત ભાવે તે રમે ।૧૩૭।
ગાદી તકિયા રસ ભકત તણાં મનડાં રંજે
ઝાતકારસું ઝલકે અનુપમ તેજ પુંજે ।૧૩૮।
એહવો ગાદી તકિયો તે સોહે મનોહર રૂપ
શ્રી વલ્લભજીને બેસવા કાજ તે અનુપ ।૧૩૯।
છાત ઉપર સમીયાનો બાંધ્યો વિચિત્ર રંગે
તેહની ઝાલર દરીયાઈની દોહરી અનુપમ સંગે ।૧૪૦।
તે લલકતા ચલકે શોભા સુખદ સાર
એહવો સમીયાનો વિચિત્ર જુએ ભકત અપાર ।૧૪૧।

ભરી બેઠો છાતસુ પ્રિય સુખ તણે કાજે
બંધ બાંધ્યો છે કસીને એરવો ચંદરવો ભ્રાજે ૧૪૨૧
તિબારીમાં જલહલતો ગાદી તકિયો દિશે
ભિંતે ચિત્ર તે લખ્યા છે જોઈ હૈયડુ હીસે ૧૪૩૧
રસ ઉદબોધ અર્થે ચિત્રામણ લખ્યા ભિંતે
નારી નર તણાં રૂપ તે સ્નેહસું છે પ્રિતે ૧૪૪૧
એહને જોશે ત્યારે શ્રી અંગ ઉદબોધ રસ થાશે
અંગે ઉદીપન મનોજ પ્રગટ સોહાશે ૧૪૫૧
ચિત્ર લખ્યાં છે અનુપમ ઉકત શું ખાંતે
કામ કટકની ફોજ લખી રસની ભાંતે ૧૪૬૧
એહવા ચિત્ર વિચિત્ર જોઈ પ્રિય રીઝશે
તેણે કરી રસ ભકત તણાં કાજ સીઝશે ૧૪૭૧
ચિત્રામણમાં લખ્યા છે બહુ રસના ભાવ
પ્રિય નિરખસે રસ ભકત સંગ ફલશે દાવ ૧૪૮૧
એહવા ચિત્ર તે સેવાને અર્થે પ્રગટયા છે અહીં
એહોના ભાગ્યને સમાન બીજુ કોઈ તે નહીં ૧૪૯૧
એહોને ઓટ તે વહાલોજી રસ સમે ન કરે
એહવા દાન તે આપીને સ્નેહ ચરિત્રને ભરે ૧૫૦૧
એહની યોગ્યતા અપાર મેં કહી નવી જાય
રસ રમે પ્રિય નિરખે એહોના રસ કાજ થાય ૧૫૧૧
એહવા ચિત્રામણ ભિંતર પર સોહે છે રંગે
એક એક થકી રૂપે પુરા સુંદર અંગે ૧૫૨૧
ગાદી તકિયો તિબારી મધ્યે અનુપમ લસે
પ્રિય આવી અંગી કરશે તે લહીને મન હંસે ૧૫૩૧
ગાદી તકિયો છે રસ રમ્ય ભકત તણો છે આરામ
સુજાતિ સ્વકિય તણાં એ તે પુરણ કામ ૧૫૪૧
ગાદિ તકિયા પાસે તે એક દુલીચી સોહે
ઉપર ચરણ વસ્ત્ર બિછાવ્યું જોઈ ભગવદી મોહે ૧૫૫૧
દુલીચી ચરણાર્વિંદ પુંછશે નાથ
ત્યારે આનંદ પામશે વ્હાલો રસ ભકત સાથ ૧૫૬૧
કેહને કહી એમ સુચવશે એ તમારૂ રૂપ
તેણે લોભે અમો થોભુ તમો જાણો અનુપ ૧૫૭૧
એહવી દુલીચી નાયકા તે સુંદર સોહાતી
બિછાવી છે જુલીચા પાસે તે સુંદર મોહાતી ૧૫૮૧
કોઈ ગાદી તકિયાને જોઈ નમન કરે
પ્રિય આવી અંગી કરશે તેણે સ્નેહે તે ઘરે ૧૫૯૧

હવે હવેલીમાં વધામણી પ્રસરી એમ
શ્રી મહાપ્રભુજી ઉઠયા છે સુખ કહીયે તે કેમ ૧૧૬૦૧
ચોખંડીમાં ચરણ ક્ષાલણ કરીને તે રંગે
તે સુણતા માત્રે ભકત સહુ ઉઠીયા સમે..... ૧૧૬૧૧
ચાલે ઘસમસ્યા આનંદ મઈ જે ઉચ્છાહની પેરે
દેહ સંધાન ભુલ્યા કો નવી રહે તે ઘરે ૧૧૬૨૧
જે જહીં બેઠા હતા તે ત્યાંથી સત્વર ચાલે
મોદ આતુર અભિલાખા આશા અનપમ મ્હાલે ૧૧૬૩૧
ઠામ ઠામ થકા ભકત એમ ઉલટી આવે
જે જહીં રહે છે તે ત્યાંથી અવ્યકત રસ ભાવે ૧૧૬૪૧
હવેલી બડીમાંથી ને કર્ણવેધની જેહ
કોઈ નવી હવેલીમાં થકા આવે છે તેહ ૧૧૬૫૧
કોઈ જશોદા ઘાટે રહે કો ઠાકુરાણી ઘાટે
કોઈ બજારમાં રહે તે સહું આવે છે વાટે ૧૧૬૬૧
કોઈ ખરીકમાં રહે છે કોઈ બાગમાં રંગે
પ્રિયે પોઢી ઉઠયા જાણી સહું આવે છે સંગે ૧૧૬૭૧
ભાવાત્મિક ભાવે ભર્યા એણીપેરે તે દિશે
સ્વરૂપાત્મિક ભાવે ભર્યા જોઈ હૈયડુ હિસે ૧૧૬૮૧
ભકત ચાલે છે એણી પેરે જાણે ઝલહલતી જયોત
જે જેમ આવે તે તેમ શ્રીમુખ જુએ પરમ ઉધ્યોત ૧૧૬૯૧
વહાલો બેઠા છે ચોખંડી મધ્યે આનંદ સાથે
આપ્યુ દર્શન ઉથાપન સમે ગુણ નીધિ નાથે ૧૧૭૦૧
એ જયાં તે ત્યાં થકી આવી શ્રીમુખ જુએ છે પ્રિતે
સ્નેહ રસ વસ થકા આતુર જાણે ચિત્ર લખ્યા ભિંતે ૧૧૭૧૧
એક ટકે તે નિહાલે નવી મટકે નયણ
અંગ અંગે આનંદ પ્રગટયો તે કહી પેરે કહે વયણ ૧૧૭૨૧
શ્રી વિઠલજીનો લાલ છે તે રસનો જ્ઞાતા
પાર્વતી પતિ રસિલો રસ આપે છે દાતા ૧૧૭૩૧
સ્નેહ સંયુકત ભકતના મન રાખે છે એમ
કોઈ કોઈનું નવ લહે દાન આપે છે તેમ ૧૧૭૪૧
એણી પેરે સુરધિર છે રસે શ્રી ગોકુલનાથ
આપી દાન તે અવ્યકત રમે રસ ભકત સાથ ૧૧૭૫૧
એમ ઉભય મનોરથ સિધ્ધ થાએ છે રંગે
દાતા ભોકતા તણું મન લહી હરખે છે સંગે ૧૧૭૬૧
ચોખંડી નાયકા રૂપે પ્રિયના કામ તે પુરે
રસ ઉદબોધ ઉછાહ ભરી તે અનંગ ચુરે ૧૧૭૭૧

એ ચોખંડી છે વસિલી પ્રિય સંગ રસ જોગ મેલે
રૂકમણીલાલને નિરખતા રસ ભાવે તે ભલે ।૧૭૮।
કોઈ શ્રી મુખાર્વીંદ જુએ આનંદ ઉકત
નેત્રાબુંજ મધ્યે મત્ત થયાં પરમ જુકત ।૧૭૯।
કોઈ અધર અરૂણ મધ્યે અટકયા ત્યાંહાં
અતિ મૃદુલ મનોહર રસ પુરીત છે જયાંહાં ।૧૮૦।
કોઈ ગલસ્થલ રમ્યે રસ માંહાં તે સોહે
કોઈ નાસિકા જુએ છે કોઈ ભ્રોં માં મોહે ।૧૮૧।
કોઈ ભાલના ઝાતકાર જોઈ આનંદ પામે
કોઈ તિલકની રેખા જોઈ શીષ તે નામે ।૧૮૨।
કોહોને શીષનો મોડાસો અતિ આછો તે લાગે
કોઈ મોડાસા માંહા થકા કેશ જોઈને પાગે ।૧૮૩।
કોઈ તિલક મધ્યે શ્યામ રેખા શું છે લગ્ન
કોઈ શ્રી કર્ણ કોમલે મુકતામણી માંહાં મગ્ન ।૧૮૪।
કોઈ મોહોસર મનોજ તણી ફૌજ માંહાં સુરા
કરે રસ યુધ્ધ મોહોસર સુરધિર છે પુરા ।૧૮૫।
કોઈ દંત તણી પંગતીમાં બહુપેરે રંજે
કોઈ રસના ચલકતી જુએ તેજ પુંજે ।૧૮૬।
કોઈ રમ્ય ઠોડી નાયકા શું મિલન કરે
એણે સ્થલે જલ પ્રિયને રસ સુતે ભરે ।૧૮૭।
એમ અનેક રસ પાત્ર ઉભા છે તે અહીં
પ્રિય પ્રેષ્ટને નિરખે રંગે બેઠા છે જહીં ।૧૮૮।
વહાલો દાન કરે સ્વરૂપ રસનું તે રસ રમ્ય
તેહના ઉચ્ચાર કેમ કહી શકું પરમ રમ્ય ।૧૮૯।
હૃદય રૂઢ થાયે છે શ્રી વલ્લભજી રંગે
ભકતના ચિત્તમાં પ્રિય આવી બેસે નિજ અંગ છે સંગે ।૧૯૦।
એમ સ્થાપિત કિધું શ્રી અંગ ભકતને હૃદયે એ રસે
તે કહીયે નવ અલગુ થાયે પ્રિય મન માંહાં વસે ।૧૯૧।
અતિ ફુલસું આનંદ મને આવીને બેઠા
પ્રિય પ્રેષ્ઠ એણીપેરે ભકતના ઉરમાંહાં પેઠા ।૧૯૨।
ત્યાં સ્થિતી કરે નિરંતર આનંદ મુદા
સ્નેહ સહિત અહીં પ્રિત જુત બેઠા છે સદા ।૧૯૩।
એમ સ્થિતી કરે પરસ્પરે રસની રીતે
હૃદયમાં લખીયા ચિત્ર જાણીએ ભિંતે ।૧૯૪।
તે કહીયે નવ થાય અલગા ચિત્ર ચિત્ત માંહાં સોહે
રસ નીધિ બેઠા છે ચોખંડી ભકતના મન મોહે ।૧૯૫।

કોઈ વચન ચાતુરી માંહે મગ્ન તે દિશે
કોઈ ગ્રીવા નાયકાસું મલી હલી ને હિસે ।૧૯૬।
કોઈ હૃદયે ઉરોજ રમ્ય જોઈને અટકયાં
હૃદય કમલ મનોહર સ્થલ નિરખી નવ મટકયાં ।૧૯૭।
અહીં માલા તે નાયકા રૂપે અનંત રાજે
વિલસતી દિસે અનુપમ સુભગા છાજે ।૧૯૮।
કોઈ ઉદર ઉતંગ શોભા નિરખે છે ઉકત
કોઈ ટુંડી કટીલંક ધોતી જુએ છે જુકત ।૧૯૯।
કોહોની નીમા પર દ્રષ્ટિ જાએ સુભગ સોહતો
પ્રિય બેઠા છે નિરખે ભકત સમાજ મોહતો ।૨૦૦।
કોઈ જંઘા તે વિચિત્ર મિત્ર તણી પર રંજે
કોઈ ઘુંટણ લાંક જાનુ ઝલકે તેજ પુંજે ।૨૦૧।
એમ ઉત્થાપને શ્રી અંગ જુએ છે તે ભકત
સ્નેહ ભર્યા દિસે ભાવાત્મિક સોહે અનુરકત ।૨૦૨
કોહોને શ્રી ચરણાર્વિંદ ઘણું મીઠા તે લાગે
જલહલતી જયોત જોઈ હૈયડુ પાગે ।૨૦૩।
અતિ મૃદુલ મનોહર સુખ તણી રાશ
શ્રી ચરણાર્વિંદ સ્પર્શવા ઘરે મન આશ ।૨૦૪।
ચરણ પાટલી ઉલંગ અનુરાગે છે તે ભારી
સ્નેહ સંયુકત નાયકા સુભગા એણી પેરી વારી ।૨૦૫।
કોઈ એડી પાહની પાટલી નાયકા તે નિરખે
કોઈ અંગુલી સુભગાની પંગતી જોઈ હરખે ।૨૦૬।
કોઈ નખમણી નિરમલ જયોત માંહાં તે અટકે
એહવા ચરણાર્વિંદ ભકત હૃદયમાં પેસે લટકે ।૨૦૭।
તેણે કરીય ભકત તણાં મન ઉન્મત થાયે
ચરણાંબુજ તણો તે મકરંદ રસ ચિત્ત માંહે તે ભાએ ।૨૦૮।
એમ સકલ શ્રી અંગની શોભામાં રમીયાં
ત્યારે બાહયાભંતર સુભગાના દુઃખ તે સમીયાં ।૨૦૯।
ક્ષણું શીષથી નિહાલે નખ પર્યત રંગે
ક્ષણું નખ થકી આરંભીને મુડાસા સંગે ।૨૧૦।
એમ અંગ અંગ પ્રત્યે સ્વાદ ભિન્ન ભિન્ન રાજે
રસ ઉદબોધના રંગ રોલ સ્વકિયને કાજે ।૨૧૧।
તે રસ પાન કરે રસ ભકત આનંદ પ્રિતે
શ્રી અંગના રસનો સ્વાદ લે છે રસની રીતે ।૨૧૨।
તેણે કરી ફરી તૃષા વાધે અનંત ભાંતે
રૂચી નવ નવી સુસ્વાદ લે છે પ્રિય રસ ખાંતે ।૨૧૩

તે શ્રી અંગામૃત સ્વાદ રસ ભકત તે જાણે
મધુર રસ તણું પાન કરે કેમ તે વખાણે ।૨૧૪।
મગ્ન થઈ થઈ ઝીલે રસસિંધુમાં એમ
એમ ઉત્થાપન ચોખંડીમાં અવિલોકે નેમ ।૨૧૫।
વ્હાલે પોઢી ઉઠી અહીંયે ચરણ ક્ષાલણ તે કરીયાં
એણે સમય ભકત સમાજને રસે તે ભરીયાં ।૨૧૬।
જે કો જે સસે સંવલિત છે તેહને તે રસ આપે
ભાવ સમાન સંતોષીને અંતરાય તે કાપે ।૨૧૭।
જેહનો ભાવ જેવો સોહે તેહને તેહવું તે દાન
ચોખંડી મધ્યે પ્રિય ભકત તણું રાખે છે માન ।૨૧૮।
તે અનીરવચનીય રસ પ્રકાર વચને કેમ કહીયે
અનુભવ સાધ્ય આશકતતા બલે એ રસ લહીયે ।૨૧૯।
બીજા કોઈનો પ્રચાર નહીં પ્રિય સંગ સાથે
રસ ચરિત્ર કર્યા પ્રિતમ રસ ભકત સાથે ।૨૨૦।
તે સમય શોભા રસદાન મે કહયાં કેમ જાય
અવ્યકત સ્વરૂપ રસ નિરખી શાંતા તે થાય ।૨૨૧।
અંગ અંગ પ્રત્યે પ્રિય રસનો મેહ તે વરસે
વહાલો નિરોધ દાન કરી એમ ચિત્ત આકર્ષે ।૨૨૨।
કોઈ વચન પ્રકાશ કરે રસ ટોક રીતે
એમ કરીને રીઝવે ભકતને પ્રિય પ્રિતે ।૨૨૩।
કોને શ્લોક ચર્ચા સિધ્ધાંત કહીને રંજે
નવ નવી ઉકત રસ કહેતા શ્રી અંગ તે ઝલકે તેજ પુંજે ।૨૨૪।
વહાલો વચનામૃતે પોષે રસ ભકતને રસરૂપે
મીઠા ચરિત્ર કર્યા સુભગા સંગ ગોકુલ ભુપે ।૨૨૫।
તે વિસ્તાર કેમ કહયો જાય જે આનંદનો કંદ
શ્રી વલ્લભજી ચોખંડી બેઠા હસે મંદ મંદ ।૨૨૬।
તે શોભા સિંધુ પ્રગટ મનોહર રૂપે દિસે
એહવું રસાત્મિક સ્વરૂપ જોઈ મન તન હિસે ।૨૨૭।
એમ બેઠા પ્રિય ચોખંડીમાં પશ્ચિમ તે મુખે
રસના દાન આપે આનંદસું ઉદબોધ સુખે ।૨૨૮।
એણે સમય કો ભગવદી આગરે થકા આવે
સ્નેહ સંયુકત પ્રિતમજીને મન ઘણું ભાવે ।૨૨૯।
અતિ આતુર મને અવિલોકે પ્રિયજીને ઘણુંય
ભાવ આશકત નમન કરે શું કહું તેહ તણું ।૨૩૦।
રસ સંયુકત વારણાં લેઈ કર ચટકે છે શીષે
સ્નેહ પુરણ નીશાશા ઉફણી ચાલે તે દિસે ।૨૩૧।

મનમાં એણી પેરે જાણીયે સ્વપ્ન છે કે સાચું
રખે સ્વપ્ન થઈ જાએ તેણે કરી હૈયડુ થયું કાચું ૧૨૩૨૧
એમ અધિર મને અવિલોકે પ્રિયને રંગે
નેત્ર મધ્યે સ્નેહ તપ્તની આરતી દિસે સંગે ૧૨૩૩૧
એહવા ભાવે ભર્યા ભકતને જોઈ વહાલોજી રીઝે
અંગ અંગ પ્રત્યે સ્નેહ રસે કાજ તે સીઝે ૧૨૩૪૧
પ્રિય તેહના સનમાન કરે આનંદ મુદા
પ્રહસિત વદને સોહે છે પ્રિતમજી સદા ૨૩૫૧
એમ પુછે કહો કબકે નિકસે તુમ આયે
પેંડામાં સુખી આયે કહો દુઃખતો નહી પાયે ૧૨૩૬૧
એહવા સ્નેહના વચન સુણી ભકત આનંદ પામે
પુલંકીત થઈ ગદગદ કંઠે શીષ તે નામે ૧૨૩૭૧
એમ ઉચ્ચારે મહારાજ આજ સુખી છું ઘણું
રાજનું સ્વરૂપ જોતા દુઃખ ગયુ મન તણું ૧૨૩૮૧
એમ પરસ્પરે ઉચરે સ્વર મધુરા લાગે
સુણતા માત્ર અંગ અંગ પ્રત્યે એ સ્વર તે પાગે ૧૨૩૯૧
એમ સ્નેહ ભરે ચિત્ત વિત્ત ભકતના ચોરે
દાન આપે નેત્રે અપરમિત કટાક્ષ કોરે ૧૨૪૦૧
એણી પેરે વહાલો માન રાખે ભકતના પોતે
બેઠા ચોખંડી માંહે શ્રી અંગ ઝલકે રસ જયોતે ૧૨૪૧૧
તે શોભા સુખ નિરખે ભકત જે આવ્યા ધાઈ
નેત્ર કરી અવિલોકે પ્રિયને હરખ ન માઈ ૧૨૪૨૧
નેત્રાંબુજ મધ્યે પ્રિત રસ પુરીત તે સોહે
અનુરાગ રસ નિરખતાં સહુ કોઈ મોહે ૧૨૪૩૧
એણી પેરે ભકત આગરેથી આવીને ઉભા
તે ભાવભેદ અવિલોકતાં નેત્રમાં ચુભ્યા ૧૨૪૪૧
એહનો સ્નેહ તે અપરમિત મેં કહયો કેમ જાયે
આરતવંત દરશાત્રિષિત જોઈ શાંતા તે થાયે ૧૨૪૫૧
ઘણે દિવસે શ્રીમુખ જોયુ આનંદ મુદા
તેણે કરી ફરી અવિલોકે છે તે તદા ૧૨૪૬૧
નેત્ર તણી પલક તે નવી મટકે તે લેશ
સ્નેહ સંયુકત નેત્રાંબુજ દિસે પરમ સુવેસ ૧૨૪૭૧
ભાવે પુરણ થઈ અને આનંદે આંસુ તે આવે
એહવી અવસ્થા તે ભકતની જોઈ પ્રિયને ભાવે ૧૨૪૮૧
હવે શ્રીમુખે આજ્ઞા કરી જાઓ તુમ ઘર વેગે
મહા પ્રસાદ લેકે ફરી આવે એમ કહે છે નેગ ૧૨૪૯૧

એહવા ચરિત્ર ચોખંડીમાં પ્રિય રસે તે કરે
આનંદ મને રસ ઉદ્બોધ શું ભકતને ભરે ।૨૫૦।
હવે આગલે માંગલ્યે વહાલો પધારે પ્રિતે
ચોખંડીથી ગાદી તકિયે રસની રીતે ।૨૫૧।
તે પ્રકાર આગલ ત્રેત્રીસમે માંગલ્યે કહેશું
અતિ આનંદ પ્રમોદસું જે પ્રિય સુખ લહેશું ।૨૫૨।
છઠું માંગલ્ય એ ઉત્થાપન તણું છે સાર
વલી સાતમે કહેશું રસ સુખ નહીં પાર ।૨૫૩।
સભા પુરીને બેસશે ગાદી તકિયે મહારાજ
એહવા ચરિત્ર કરે છે વહાલો ભકતને કાજ ।૨૫૪।
પ્રિય પ્રેષ્ટને નિરખવાને મન થાયુ ઘેલુ
કોણ ઉપાય કરૂ જેણે શ્રીમુખ જોવું વહેલુ ।૨૫૫।
વિપ્રયોગ દુઃખે અંગ અંગ હવે તે દહે
દુઃખ રૂપીયો સાગર સર્વ ઈન્દ્રિયમાં વહે ।૨૫૬।
તે પ્રકાર વચને કરી કહેતાં આવે લાજ
અંગ અંગ પ્રત્યે દુઃખ તણો અમિત સાજ ।૨૫૭।

ઈતિશ્રી માંગલ્ય બત્રીસમું સંપૂર્ણમ્

સમાપ્તમ્

શ્રી શ્રી શ્રી

માંગલ્ય - ૩૩

શ્રી શ્રી શ્રી ગોકુલેશજી જયતિ, એ માંગલ્ય તેત્રીસમું લખીયે છે,
તેહને ગાવાને અનુકરણ ધોલ છે "પીયુજી મુહને સાસરીયુ જો વ્હાલુ તો વેગે આણાં મોકલો"
એ જાતે ગવાશે. શ્રી શ્રી શ્રી શ્રી

વહાલોજી બેઠા છે ચોખંડી તો ભકત નિરખે સદાએ
પોઢી ઉઠી અહી કરીયા છે ચરણ ક્ષાલણ મન મુદા એ ।૧।
તેહ પ્રકાર કહી આવ્યા સહુ પાછલે માંગલ્યે રંગે એ
ખવાસે બિછાવ્યો ગાદી તકિયો દુલીચીસોહે સંગ એ ।૨।
જલપાન ગડુઓ ચુનોટી કપુરદાની ત્યાં ધર્યા એ
તષ્ટિ ગડુઓ ત્યાં મુકયો દુલીચો બિછોણાં કર્યા એ ।૩।
વલી જે જે જોઈયે તે સાજ અનેક કિધાં ઘણાં એ
પ્રિય સુખ હેત અર્થ લહીને શું કહીયે ઉત્સાહ તે તણાં એ ।૪।
તે કહી આવ્યા પાછલ જે જે ખવાસજીએ સેવા કરી એ
હવે ત્યાં પધારશે પ્રિતમજી આનંદ ચિત્ત માંહાં ધરી એ ।૫।
ખવાસજી કભાય લેઈ આવ્યા પહેરવા પ્રિય પ્રેષ્ટ કાજે એ
અતિ સકોમલ મહા દિવ્ય સુંદર તે કભાય ભ્રાજે એ ।૬।
રંગ બિરંગી સુચારૂ જોતાં મન મોહી રહે એ
શીતકાલ જાણેને આણી છે કભાય સહુ કો લહે એ ।૭।
હવે પ્રિય ઉભા થયા ચોખંડી માંહાં અદ્‌ભુત શોભિયે એ
ભકત જૈ જૈ કાર બોલે તે ઉચ્ચાર સુણી લોભિયે એ ।૮।
મધુર ધુની નિરઘોષ આશિષ બોલે ઘણી એ
તે મારે છે આરામ જે આશિષ પ્રિતમ તણી એ ।૯।
જેણે કરી કુશલ પ્રિય અંગ હોએ તે મારૂં ધન છે એ
તેહો પર સર્વસ્વ વારૂ કરૂં ન્યોચ્છાવર તન મન એ ।૧૦।
આશિષ દે છે સુભગા શુભ વાંછીત મન મુદા એ
તે પ્રહસિત થઈ રંગે શ્રી અંગે આશિષ દે સદા એ ।૧૧।
વહાલોજી ઉભા છે ચોખંડી માંહાં નીમો ઉતારે છે એ
તે શોભા જોઈ ભકત કર ચટકી શીષે વારે છે એ ।૧૨।
શ્રી અંગ કેવલ છે ઉઘાડુ ધોતી ભર શોભી એ
તે અંગ અંગની શોભા જોઈ મન માંહાં લોભીયે એ ।૧૩।
ખંભાની ચોરસ ચપલાઈ ચલકતી તે આરામ છે એ
વક્ષસ્થલ ઝલકે ઝાતકારસું મહા રસ ધામ છે એ ।૧૪।
અહીં એ માલા જુથ નાયકા.....વિલસતા સોહે ઘણું એ
કુચ સ્થલ પર લલકી રહે શું કહું તેહ તણું એ ।૧૫।

ઉરોજ ઉતંગ સુઢાલ શુભ્ર ગોલ બિરાજે છે એ
તેહ રસ અનુપમ રસિક સુભગા તણે કાજે છે એ ।૧૬।
કુચ તે કઠોર પર બિટડી નવિન નાયકા સહી એ
આવી રહી સનમુખ સુભગા તે એહવા ચતુરા લહી એ ।૧૭।
બાંહે કોણી કાંડા પહોંચલા શ્રી કરતલ સોહે એ
તે માંહા રેખા નાયકા વિચિત્ર જોઈ રસ ભકત મોહે એ ।૧૮।
પીઠી પાર્શ્વ ઉદરમાં રસનો સાગર સદા એ
ટુંકી કડીલંક શોભામઈ પ્રબોધ તરંગ મુદા એ ।૧૯।
નિતંબ નિપુણ ગુણ જાણે રસજુકત અનુપ છે એ
ધોતી મરગજી છે કુંજલકે ભરી મહા સુખરૂપ છે એ ।૨૦।
તે ધોતીને જોઈ સુભગા સરાહે છે ભાગ્યવંતી એ
માહા સુંદર મરગજી ધાતી નાયકા ચંચલ ગતિ એ ।૨૧।
કાછ પાટલી જુત રાજે મધ્યસ્થલ જે સંગે મલીએ
ધોતી મટીલી છટીલી રસિક સ્થલ તે ભલી એ ।૨૨।
આપે સુખ પ્રિયને અપાર ધોતી રસ રમ્ય છે એ
જંઘા મધ્યસ્થલ રૂચીરનો રસતો અગમ્ય છે એ ।૨૩।
ઘુંટણ જાનુ અતિ રસિક રસ સુખનું લેખુ નહીં એ
પ્રગટે રસ નવ નવા સાર આનંદ જુત સોહે અહીં એ ।૨૪।
કાંડા ઢાંકણા રસરૂપ અનુપ એડી મનોહર એ
પાંહાંની પ્રહસિત ઘણું સોહે ઘર્યા છે ચરણ રસિકવરે એ ।૨૫।
રૂચિત ઉધ્યોત નખ પંગતી જોઈ રવિ શશી લાજે છે એ
દિશે છે તેજ પુંજનો પ્રકાશ નખરૂપે ભકત ભ્રાજે છે એ ।૨૬।
અંગુષ્ટ અંગુલી છે અવ્યકત મનોહર જોઈ લોભિયે એ
અંગુલી રસભકતનું રૂપ અનુપ પંગત શોભિયે એ ।૨૭।
અંગવદ કરી વર્યા છે વહાલોજી એ અંગ અંગ એ
તે રસ ભકત સુખદાઈ સોહે છે શ્રી અંગ સંગ એ ।૨૮।
ચરણ પાટલી છે ઉતંગ રસ રમ્ય અનુરાગે ભરી એ
ક્ષણું ક્ષણું એ પ્રત્યે ઝાતકર નૌતન રસે પાટલી વરીએ ।૨૯।
એણી પેરે શ્રીમુખ નિરખું નીમો ઉતારતા રલીયામણુ એ
અંગ રસ તણી રાસ સોહે શું કહું તેહ તણું એ ।૩૦।
શ્રીમુખાર્વીંદ નિરખીયે રંગે ક્રમ ક્રમ ચરણાર્વિંદ લગી એ
ફરી ચરણકમલથી આરંભી અવિલોકીયે પ્રેમે પાગી એ ।૩૧।
અંગ અંગ પ્રત્યે તે રસ નવિન શીષ પર્યંત તે નિરખીયે એ
તે અંગામૃત રસ માધુર્યતા પાન કરી હરખીયે એ ।૩૨।
જનોઈ નાયક રૂપ ઝલકે વૃક્ષ સ્થલે લલકતી એ
ખંભે થકી આરંભીને કટી લાગી તે માંહે ચલકતી એ ।૩૩।

એણી પેરે શ્રી અંગ જોયુ તે નયણ મધ્યે રમી રહયું એ
તે રસ સુખ મન જાણે તે કેહીપેર જાયે કહયું એ ।૩૪।
સ્વરૂપ રૂપીયા જે દાન રસપાનની પરમિત નહીં એ
દાતા ભોકતા કરે ભોગ સંજોગ રસ છે અહીં એ ।૩૫।
કીલકી હુલસે છે ચતુરાતે ચતુરાઈ સું મન મુદા
એ તેણે કરી પ્રિયજી રીઝી રસ ભારે છે તે તદા એ ।૩૬।
મુસકની મંજુલ દિસે ઉભય સ્વરૂપે રસ વિલસતા એ
તે રસ નેત્ર મધ્યે જણાયે અનુપમ હુલસતા એ ।૩૭।
રસ જયોત જગમગ થાયે મુખાર્વીંદ તેહ સમે એ
ગલ સ્થલ રસના પ્રવાહ ચાલે છે જોઈ અતિ ગમે એ ।૩૮।
ભ્રુઅ ભ્રંગ ચપલ ગતિ ચાલે તે માંહે રસ નિપજે એ
એણી પેરે મનમથ જીત્યો તે રસ જુકત કરે બીજે એ ।૩૯।
તે શોભા સુખ નિરખ્યું શ્રી મુખ પર રસ રીધિ એ
હવે તે પહેરશે કભાયે શ્રી વલ્લભજી છે મહા નીધિ એ ।૪૦।
ચોખંડી મધ્યે ઉભા સોહે પશ્ચિમ મુખે રસિકવર એ
પહેરે છે કભાય અમોલ જુજવે રંગે મનોહર એ ।૪૧।
કયારે પહેરે છે દરીયાઈની અનેક સુજાત છે એ
કયારે નારંગી કયારે પીત કયારે હરીત લાલ ભાંત છે એ ।૪૨।
કયારે પટાદાર દરીયાઈ તણી કભાય સોહે ઘણું એ
બંધ દિધા છે જે જેને જેહવા સોહે શું કહું તેહ તણું એ ।૪૩।
અસ્તર કોમલ સુખરાસ માંહે ફુલતા રૂઈ ભરી એ
મગજી નાયકા રૂપે દિસે પાતલી કભાય સંગ વરી એ ।૪૪।
કયારે પહેરે છે બહુ જાતની ગુજરાતી અતલસી સોહે એ
તે ઝલકે છે ઝાતકારસું કભાય જોઈ સહુ મોહે એ ।૪૫।
લાલ ચુનડી આબીર બોહોટી બુલબુલ ચસમાની રાજે એ
અબદલા ખાની પટાદાર ફુલ ગહે તણી ભ્રાજે છે એ ।૪૬।
લાખી અતલસ તણીને ગજેણીની કોમલ સુખદાતા છે એ
એણી પેરે કભાય નવનવા રંગની પહેરે પ્રિય રસ જ્ઞાતા છે એ ।૪૭।
બંધ મગજી દિધા સોહતા જેહને તે જેહવા શોભિયે એ
દિધા અસ્તર તે ચુનડીયા કભાય જોઈ મોહિયે એ ।૪૮।
કોઈ સમય દોહરી પહેરે છે કભાય વિચિત્ર રંગે એ
છાપેલ શ્યામ અતલસ તણી પહેરે છે શ્રી અંગે એ ।૪૯।
છાપી કનક તણી છાપે ખાંતસુ મન મુદા એ
મોહોલીયા મુઢા જેહે કો તકિયે મગજી સોહે તદા એ ।૫૦।
એણી પેરે છાપી છે કભાય જલહલી રહયા એ
બંધ લાલ અતલસ તણાં છે છાપા તે સુંદર સહી એ ।૫૧।

એહવી કબાય પહેરી તે શ્રી અંગે ભરી બેઠી એ
ભિતર લાલ અતલસની હરે બંધ ઉર માંહા પેઠીએ ૧૫૨૧
તેહની તની બાંધે છે પ્રિયજી રસ ગર્વશું ઉભા સોહે એ
ત્યારે તેહના બંધ થરહરતા જોઈ રસ ભકત સહુ મોહે એ ૧૫૩૧
લાવણ્ય લલીત મનોહર પ્રિય કરાંબુજ દિસે એ
એહ શોભા ચપલતા જોઈ ભકતનું હૈયડુ હીસે એ ૧૫૪૧
તે કર કમલ તની બંધ તે જોઈ સુભગા રંજે એ
ત્યારે ઝાતકરશું ઝલકે મુદ્રિકાના નંગ તેજ પુંજે એ ૧૫૫૧
અરૂણ ને શ્યામ રંગ નંગ હાટક નું વેલીઉ રસ જુકત એ
પાણ્ય પલ્લવ મુદ્રિકા ચલકે નંગ નવિન ઉકત એ ૧૫૬૧
એણી પેરે કબાય પહેરી વ્હાલા તે શાં શાં કહું એ
ગડગડતી ખડખડતી અનુપમ મન લહું એ ૧૫૭૧
સોહે છે કબાય કટીલંક માંહાં ઘેરો ચુણાવ ચુણો ઘણો એ
ચોખડીમાં ઉભા એહવી કબાય પહેરે કુંવર વિકલતણો એ ૧૫૮૧
તેણે સમય આવીયો ધામ ત્યાં સેવા અર્થે કાજને એ
પરમ પનોતો તે ધામ આવી સુખદ મહારાજને એ ૧૫૯૧
એણી પેરે શીતકાલના સુખ નિરખીને હરખતાં એ
તેહ રસમાં મન મગ્ન થઈ આનંદ આંસુ વરખતાં એ ૧૬૦૧
ઉષ્ણકાલે કેવલ ધોતી ઉપરેણા સહિત પધારે છે એ
શ્રી અંગ ઝલકતું જોઈને ભકત સહુ વારે છે એ ૧૬૧૧
પ્રાણ પ્રિય ઉભા છે ચોખંડી કબાય તે છાપેલ પહેરી એ
સોહે છે શ્યામ અતલસ તણી છાપેલ છાપી છે ગહેરી એ ૧૬૨૧
કટીલંક નિકટના છાપા પીઠે થકી શોભિયે એ
તે કબાય પહેરી ઉભા છે શ્રી અંગ જોઈ લોભિયે એ ૧૬૩૧
તે સમયનું સુખ સ્વરૂપ આનંદ ચિત્ત માંહાં રમે એ
સૌંદર્યતા તે શ્રી અંગ તણી ગર્વસું ઉભા ગમે એ ૧૬૪૧
એ સમય જે સ્વરૂપ રસ વચને કેહી પેરે કહું એ
સાત્વિક ભાવે ભરી આવીને રસ શું શ્રીમુખ ચહુ એ ૧૬૫૧
એ સમય તે દુર્લભ ફરી ફરી સોચીયે એ
સ્વરૂપ સુદેશ સલુણુ જોઈ સ્પર્શને લોચીયે એ ૧૬૬૧
હવે તે પધારે મહારાજ રાજેશ્વર લટકતા એ
ચાલ લટકતી ચાલે છે રસ જુકત અતિ અટકતા એ ૧૬૭૧
તે સમય જેજેકાર બોલે ઠામઠામથી ભકત સહુ એ
માંગલ્ય શબ્દ ઉચ્ચાર નીરઘોષસુ બોલે બહુ એ ૧૬૮૧
ભાવે પુરા અતિ શુરા સુરત્વસું ઓચરે એ
તે સ્વર મધુરા સોહાએ પ્રિયજીનું ચિત્ત હરે એ ૧૬૯૧

ભકતે કિધો છે પેંડો તો સુંદર રલીયામણો એ
ત્યાં થઈ પધારે છે પ્રિય પ્રેષ્ટ કુંવર વિઠલતણો એ ૧૭૦૧
આનંદ મઈ એ રસિકવર રસનું સ્વરૂપ સદા એ
પધારે છે રસદાન દેતા દેતા તે આનંદ મુદા એ ૧૭૧૧
સ્વરૂપ પ્રૌઢ ગંભીર નવિન પ્રવિણ રસ રૂપ છે એ
સ્વકિય વૃંદ તણું રસધામ નામ વલ્લભજી અનુપ છે એ ૧૭૨૧
તે પધારે ગાદી તકિયે ઉથાપન સમય લહી એ
પશ્ચિમ મુખે ચાલ્યા આવે વલતા દક્ષિણ મુખે સહી એ ૧૭૩૧
ભકત સમાજની પંગતી ઉભી તે સહુ નિરખે છે એ
સ્વરૂપ સુખ અસાધાર તે જોઈ હરખે છે એ ૧૭૪૧
જેહની આગલ થઈ ચાલે પ્રિય તે વારણા લે છે રંગે એ
સ્નેહ આરત રસ તૃષીતે વાધે છે સ્વરૂપ સંગે એ ૧૭૫૧
તે લહી ને પ્રિય પ્રેષ્ટ દાન આપે છે રસ તણું જુકત એ
તેણે કરી ભકત મન મુદિત થાએ છે આનંદ ઉકત એ ૧૭૬૧
પ્રહસિત વદન સુચાર ઉભેય સ્વરૂપ તે દેખિયે એ
કોઈ સંગ મુસકની મૃદુલ કરતાં પ્રિય પેખિયે એ ૧૭૭૧
તેહ પ્રકાર અવ્યકત રસ ભકત તણું મન લહે એ
સોહે છે શ્રી અંગ રસાલ વ્રજબાલ શ્રી મુખ ચહે એ ૧૭૮૧
પહેરી છે કભાય છાપેલ ચાલતા ખડખડે ઘણું એ
શ્યામ અતલસની તેજોમઈ શું કહું તે કભાય તણું એ ૧૭૯૧
ગૌર શ્રી અંગે પહેરે શોભિયે એ તેજ ત્રપત્રપ કરે એ
કોઈ નિરખે છે પીઠ પ્રિય તણી કભાય સંગ ચિત્ત હરે એ ૧૮૦૧
મુડાસા માંહા થકા કેશ લખી ખસી આવીયા એર
તે સુક્ષ્મદે કહી દેખીયે અલબેલા કેશ ભાવીયા એ ૧૮૧૧
પીઠના અંગ રસાલ વ્રજબાલ જોઈ ફાંદે પડયા એ
ચિત્ર લખ્યાસા નિહાલે પ્રિય અંગ ઉર માંહાં ગડયા એ ૧૮૨૧
સુખદ ખંભા પીઠ મનોહર પાર્શ્વ જુગલ પ્રૌઢ સોહે એ
કટી તણો લંક રસાલ નિતંબ જોઈ મન મોહે એ ૧૮૩૧
જંઘા ઘુંટણ લાંક જાનુ ચાલતા તે નિહાલીયે એ
પીંડુરી પનોતી નાર સુચારૂ પુંઠ થકી ભાલીયે એ ૧૮૪૧
વહાલોજી ચાલે છે રસ ગર્વસું ચંચલ ચપલ ગતે એ
સુરત્નવર ચરણે ચાલે છે પ્રિયજી તે મન મતે એ ૧૮૫૧
તે નિરખે છે સુભગા સ્નેહ જુત અંગ થર થરે એ
અધરના અમી સુકાયાં પ્રિય ચાલતા મન હરે એ ૧૮૬૧
એમ અવસ્થાના ભેદ ભકતને અંગે થાએ ઘણાં એ
તે વચને કેમ કહી શકું ભાવ ભેદે તણાં એ ૧૮૭૧

કોઈ સમુડા સો જોઈ રંજે છે એ કોઈ મુખકમલ જોઈ એ
કોઈ વક્ષસ્થલે અતિ અટકયા રસ જુત મંગલ હોઈ એ ।૮૮।
શ્રી ચરણધરે ધરણી પર તે જોઈ મન અટકીયા એ
તે શોભા ભકત નિરખે છે નેત્ર મન નવ મટકીયા એ ।૮૯।
ભોમીનું ભાગ્ય સરાહે સુભગા તે મલી મલી એ
એ જયાં શ્રી ચરણાર્વિંદ ધરે પ્રિય રસસું હલી મલી એ ।૯૦।
ભોમ પુલકીત થઈ રંગે સ્પર્શ સુખ મન લહી એ
ચિત્તમાં રસ ઉદબોધ અપાર પણ વચને કેમ શકે કહી એ ।૯૧।
ચાલે છે ચાલ સુદેશ વ્રજભોમ પર ચરણ ધરે એ
તેહનો પરિતાપ ચુરીને ડગ ભરતાં ચિત્ત હરે એ ।૯૨।
શ્રી ચરણાર્વિંદ મનોહર સોહે ભોમ્ય પર તે સ્પર્શે રંગે એ
સત્વર ગતિસું ચરણ ચાલે છે મહારસ વરસે સંગેએ ।૯૩।
જયાં જયાં ધરે શ્રી ચરણારવિંદ ત્યાં તેહને અતિ સુખ ઘણું એ
આનંદ પામે દુઃખ વામે શીષ નામે એ શું કહું તેહ તણું એ ।૯૪।
પ્રિય પ્રેષ્ઠ ચાલે શ્રી અંગ હાલે મહાલે છે તે મન મુદા એ
મોદ પ્રગટયો છે પ્રહસિત રસ આનંદ ઉદબોધ સદા એ ।૯૫।
ભકત તણી પંગતી ઉભી છે થરે થર સોહતી એ
આશકત સ્નેહ વાન રસ રૂપ પ્રિયનું મન મોહતી એ ।૯૬।
ભાગ્યવાન રસવાન ભાવૈક પાત્ર ભલા એ
તે નિરખે છે પ્રિય ચાલતા શ્રી ચરણનો તાલ એ ।૯૭।
અનુપમ સુખદ નવિન પ્રવિણ પ્રિય ચાલે છે એ
તે શોભા અવિલોકતા ભકત સહુ મહાલે છે એ ।૯૮।
ચતુરવર ચપલ ચિત્ત ચોર નેત્રાંબુજ ચાલે રસ ગતે એ
કરે છે કટાક્ષ રસરૂપ અનુપતે મન મતે એ ।૯૯।
તે જોઈ રસિક સુભગાને દેહ સંધાન તે નવી રહે એ
જુકી થકી રહયુ સર્વાંગ તેણે વચને કેહી પેરે કહું એ ।૧૦૦।
એણી પેરે પ્રિય પ્રેષ્ટ દાન દેતા તે પધારે છે એ
જેની આગલ આવે વહાલો તે જૈ જૈ કહી ઓચરે છે એ ।૧૦૧।
મીઠડા લે કરવારી ઉભય કરસું આનંદ મને એ
તે કરે શીષે ચટકે ભકત પ્રિયજી સુખ પામે તને એ ।૧૦૨।
ભકત અસંખ્યાત ઉભા તેહોના અસંખ્યાત ભાવ સોહે એ
તે લહે છે પ્રિતમજી નવનવો રસ જોઈ મોહે એ ।૧૦૩।
ચોહોદિશ ચિત્તવની ચાલે ભકત જયાં ત્યાં ઉભા દિસે એ
તેહો તણાં મનડાં પ્રિય રંજે ચિત્તવની જોઈ મન હીસે એ ।૧૦૪।
પ્રથમ જેકો તિબારી ખૂણે રહયાં ઠોર રોકવા કાજે એ
તે જોઈ ગાદી તકિયો બિછાવ્યો છે અનેક સાજે એ ।૧૦૫।

હવે તે ચાલે છે વહાલો રસાલ વેદી ચોંતરી એ રંગ રસે એ
તે સ્વરૂપ ચિત્તમાંહે આઠો પહોર મન વસે એ ।૧૦૬।
દક્ષણ મુખ સુખ આપે શ્રી અંગ છે રલીયામણું એ
એણી પેરે પધાર્યા પ્રિય તિબારીમાં રસરૂપ સોહે ઘણું એ ।૧૦૭।
ચોહોદિશ ભકત ઘેરી ફેરી ઉભા છે આનંદ નીધી એ
તે જુએ છે રૂકમણીલાલ દુલીયા ઉપર મહા નીધીએ ।૧૦૮।
અહીંયે મુસકાઈ કરે ટોક પ્રિયજી અતિ રસ ભર્યા એ
સ્વકિયને એમ સુચવે નાયક તમ સાથે રસ ભાવે વર્યો એ ।૧૦૯।
તે લહીને ઉભા છું અમો દુલીચી પર રસ વસે એ
શ્રી ચરણાર્વિંદ પુંછે સાર અવ્યકત શોભા લસે એ ।૧૧૦।
ભકત ચોહો ગીરદથી નિરખે છે શ્રી અંગરસ તણી જુકત એ
કોઈ નિરખે શ્રી ચરણાર્વિંદ સુખદ શીરોમણી ઉકત એ ।૧૧૧।
નખચંદ્ર નિર્મલ જયોત ઉધ્યોત અંગુલી ઘરે એ
પાટલી સુચાર રસ રમ્ય મનોહર ઝલહલ કરે એ ।૧૧૨।
પ્રહસિત પાહની દિસે અરૂણ રંગે તે મોહામણી એ
એડી વિચિત્ર રસરૂપ અનુપ સોહામણી એ ।૧૧૩।
શ્રી ચરણકમલની શોભા જોઈ મનડુ તે હરખે છે એ
કોઈ નિરખે છે ઢાંકણાં જુગલ જાનુરસ વરસે છે એ ।૧૧૪।
અહીં એ દિસે ધોતી લલકતી મીહી સકોમલ ઘણું એ
ઘુંટણ જંઘા નિતંબ કટી શું કહીએ મધ્યસ્થલ તણું એ ।૧૧૫।
કોઈ નિરખે હૃદય કમલ કોઈ પાર્શ્વ ઉદરે રંજે એ
પહેરી છે કભાય છાપેલ તે ઝલકે છે તેજ પુંજે એ ।૧૧૬।
કોઈ ખંભાની ચપલાઈ જુએ કોઈ ભુજ દંડે મોહે એ
કોઈ કરમકલ નિરખે છે મકરદ જુત તે સોહે એ ।૧૧૭।
સૌંદર્યતાનો નહી પાર કરાંબુજ રસ ગુણે ભર્યા એ
તે લહે છે સુભગા રસ પ્રમોદે અહીં ચુંબન કર્યા એ ।૧૧૮।
પહાચલા પરમ સુઢાલ પાણ્ય પલ્લવે મુદ્રિકા રાજે એ
નખમણી અરૂણ શ્વેત જોઈશું ઝલમલતા સુંદર ભ્રાજે એ ।૧૧૯।
કર કમલમાં રેખા રસાલ તે રસરૂપ અભિનવી એ
તે તણું ભાગ્ય અપાર કેહી પેરે કોઈ કહે કવી એ ।૧૨૦।
કોઈ નિરખે છે પ્રિય પ્રેષ્ટની પીઠી આનંદ મુદા એ
પ્રષ્ઠ ભાગ થકી કટીલંક જોતાં મનડુ મોહે સદા એ ।૧૨૧।
એણી પેરે ભકત સમાજ પ્રિયજીને અવિલોકે રંગે એ
વહાલોજી ઉભા છે આનંદ મને દુલીચી તણે સંગે એ ।૧૨૨।
અહી પ્રાણી માત્ર સહુ કોઈને દર્શન આપે છે એ
ભાવ સમાન દાન દેઈને અંતરાય પ્રિય કાપે છે એ ।૧૨૩।

કોઈ નિરખે શ્રીમુખ કમલ તે મકરંદે ભર્યું એ
તે પ્રમોદ ફેલ્યો છે સર્વત્ર તેણે કાજ સર્યું એ ।૧૨૪।
ગ્રીવા રસ રૂપ અનુપ જોઈ સર્વસ્વ વારીયે એ
ઠોડી સ્થલ પરમ રમણીક અવિલોકી ચિત્ત ધારીયે એ ।૧૨૫।
અધર પલ્લવ પ્રહસિત રસ ભકતને સુખદાતા છે એ
દંત પંગતી તે વિચિત્ર છે મિત્ર તણાં રસજ્ઞાતા છે એ ।૧૨૬।
રસના રસરમ્ય શ્રીમુખ મધ્યે દેખિયે ચલકતી એ
અતિશય કોમલ નહીં પાર અનુપમ ઝલકતી એ ।૧૨૭।
મૃદુલ મનોહર સર્વત્ર મુખાર્વિંદ માંહા દિશે એ
મુસકની અવ્યકત રસાલ જોઈ જોઈ હૈયડુ હિસે એ ।૧૨૮।
કોઈ મોહોસર મધ્યે મગ્ન થયા અનુપમ હરખસું એ
કોહોને વાધી મનફુલ ગલ સ્થલ નિરખસું એ ।૧૨૯।
મનોહર મૃદુલ રસ રમ્ય ગલ સ્થલ રસ વહે એ
તે સ્થલ રમણ રસધામ સુભગાના ચિત્ત અહીં રહે એ ।૧૩૦।
કોઈ કર્ણ પુટતે નિહાલે મધ્યવર્તી જાણી સહી એ
તેહો દ્વારા રસની પ્રાપ્તિ હશે તે ચિત્તમાં લહીં એ ।૧૩૧।
કોઈ નાસા પ્રફુલ્લિત જોઈ આનંદ મન પામે છે એ
કોઈ નેત્ર કમલનો રસ અવિલોકી દુઃખ વામે છે એ ।૧૩૨।
તે પ્રકાર કહિયે તો કહેતાં પાર નવી જડે એહનો એ
નેત્રનો રસ એ અગાધ્ય અનુપમ છે જેહનો એ ।૧૩૩।
એ સ્વકિય વૃંદનું જીવન નિરખતાં અતિ ગમે એ
નેત્રાંબુજ ચપલ ચિત્તચોર તેહો સંગે ચતુરા રમે એ ।૧૩૪।
નયણ નવલ ગતિ ચાલે નૃત કરે સંગે એ
અભિનવા ભાવ દેખાડે રસ ભેદે નૃત્ય કરે સંગે એ ।૧૩૫।
એહવા નેત્ર કમલ કરૂણાલ પ્રિતમજીના સોહે સદા એ
રંગ ભર્યા રસ રમ્ય અનુરાગ રસે પુરીત સદા એ ।૧૩૬।
મહા સુખ સિંધુની લહેરો ગહેરી નેત્ર મધ્યે રાજે એ
તે માંહાં ઝીલે રસ સુભગાના ટોલ અનેક ભ્રાજે એ ।૧૩૭।
નેત્રનો રસ પાન કરતા મનડું મનમથ થાયે ઘણું એ
અંગે અંગ પ્રમોદ પ્રગટે છે સુખશું કહિયે નેત્રાંબજ તણું એ ।૧૩૮।
કોઈ વરૂણી તણી પંગત જોઈ અટકી રહયાં એ
કોઈ ભ્રુ ભ્રંગ નિરખી અટકયા રસિક રસ સુખ લહયાં એ ।૧૩૯।
રસ તણું મુલ અનુકુલ સ્વકિયને ઘેરી લાવે એ
આનંદ પ્રમોદ રસ ચરિત્ર કરે તે વહાલાને મન ભાવે એ ।૧૪૦।
કોઈ પ્રિય પ્રિતમનું ભાલ નિરખે છે આનંદ અતિ એ
ત્યાં તિલક રેખાસો અનુરાગસુંરસ ગતિ એ ।૧૪૧।

તે સુંદર ઘણું લાગે ભાલ વિશાલમાં શોભિયે એ
શ્યામ રેખા ઝલકતી જોઈ મન માંહાં અતિ લોભિયે એ ।૧૪૨।
ભાલ વિશાલ રસાલ ઉતંગ તે અવ્યકત દિસે એ
તેજે ત્રપત્રપતું અનુપ ઝાતકાર જોઈ મન હિસે એ ।૧૪૩।
કન પટી આગલ કેશ તે સુભગ બિરાજે છે એ
તેહ તણી શોભા છબીલી રંગીલો રસ ભ્રાજે છે એ ।૧૪૪।
મુડાસા ભિતર થકા કુંતલ કેશ કોઈ કહી દેખિયે એ
ભાલ પર ખસી ખસી આવ્યા છે તે અવરેખીયે એ ।૧૪૫।
શીશ મોડાસો સુદેશ સ્વકિય વૃંદને મોહાવતો એ
તેહની છબીલી છે ભાંત ઉપર તુર્રા સું સોહાવતો એ ।૧૪૬।
એણી પેરે ઉભા શ્રી ગોકુલનાથ દુલીચી પર રંગ ભરે એ
ચોહોં દિશ ભકત સમાજ ઉભા છે તેહના ચિત્ત હરે એ ।૧૪૭।
શ્રી ચરણાર્વિંદ દુલીચી પર પુંછે છે આનંદ મુદા એ
તે સમય સ્વરૂપ નિરખે ભગવદી તે અનેક સદા એ ।૧૪૮।
આશકત ભકત ઉભા તેહોના ભાવ અવ્યકત સોહે એ
રસ રીતે રસ ભકત નિરખે પ્રિત જુત પ્રિય મોહે એ ।૧૪૯।
એણી પેરે રંગના રોલ કરે કટાક્ષ નૌતન ગતે એ
તેહ રસપાન કરે છે ઉભય સ્વરૂપે રસવતે એ ।૧૫૦।
ચંચલ ચપલ ચિત્તવની તે પરસ્પર રંગે ભરી એ
સ્નેહ જુત હૃદય હુલસીને કટાક્ષ કરે ચિત્ત ધરી એ ।૧૫૧।
સુચવે રસ તણાં ભાવ જહાં જેહવો તે દાવ બને એ
તેહ પ્રકાર લેખનમાં લખી કોણ શકે જે ગણે એ ।૧૫૨।
જે જે રસ ભાવ નેત્રે સુચવે તે તે પરસ્પરે લહે એ
એણી પેરે રસ ભકત નિરખે હરખસું શ્રીમુખ ચહે એ ।૧૫૩।
વહાલોજી આપે રસદાન કટાક્ષની કોર માંહાં એ
સ્નેહ આરતી રસ તૃષિત અનુપમ રસ જોર માંહાં એ ।૧૫૪।
તેહ જોઈ જોઈને મુશકાયે આશકત રસ ભકત ઘણું એ
આનંદ ઉદબોધ રસ સિંધુ પ્રગટયો શુ કહિયે તે સુખતણું એ ।૧૫૫।
અનીરવચનીય છે વિસ્તાર જે જે પર હુલસીયાં એ
એ દુલીચી પર ચરણ પુંછતા સ્વકિય વૃંદ એમ વિલસીયો એ ।૧૫૬।
ઉથાપન સુખદ શ્રૃંગાર અપાર સુખ અભિનવા એ
સાત દ્વિપ નવ ખંડ માંહાં એહવા કહી નવી હવા એ ।૧૫૭।
એ સુખ પેઠયા પ્રિય પ્રેષ્ઠ ને માંડવે રંગ ભર્યા એ
એ માંડવો તે માંગલ્ય મણી ઘણીને જોઈ કાજ સર્યા એ ।૧૫૮।
શું શું કહિયે તે વખાણ એ માંડવો તે રલીયામણો એ
જયાં બિરાજે શ્રી પાર્વતીપતિ કુંવર વિકલતણો એ ।૧૫૯।

પુછયાં ચરણાર્વિંદ દુલીચી પર શોભાની પરમિત નહીં એ
હવે તે પધાર્યા દુલીચી પર ડગ ભરે અહીં એ ।૧૬૦।
શ્રી ચરણ મૃદુલ મનોહર દુલીચી પર શોભિયે એ
લાલ કફઈ પર શ્રી ચરણ જોઈને લોભિયે એ ।૧૬૧।
નખમણી કોટીસ કોટી નિરખી શાંતા થઈ એ
શ્રી ચરણાર્વિંદ ઝાતકાર ઝલમલતી જયોત લહી એ ।૧૬૨।
હવે તે ગાદી પર પધાર્યા દક્ષિણ મુખથી ઉત્તર મુખે કર્યા એ
તિબારી ખૂણે ભકત ઉભા તેહો તણાં પ્રિય ભાવે વર્યા એ ।૧૬૩।
પ્રથમ આવી રહયા છે અહીં સનમુખ નિરખવા રંગે એ
તે સુખ આપ્યું પ્રિયજીએ પ્રહસિત થઈ અંગ અંગે એ ।૧૬૪।
સનમુખ ઉભા રહી આપ્યા છે ભકતને દાન રસ તણાં એ
ભકત સમાજ અનેક ઠામ ઠામ ઉભા છે ઘણાં એ ।૧૬૫।
ઘેરી ચોહો ફેર એકત્ર મલીને શ્રી મુખારર્વીંદ ચહે એ
ભાવ ભિન્ન ભિન્ન એક એકથી એ ઉત્કૃષ્ઠ પ્રિય લહે એ ।૧૬૬।
જેહવે ભાવે જે દર્શન કરે તે તેહવું સ્વરૂપ દેખે એ
ગાદી એ ઉભા છે નાથ ભકત સમાજ પેખે એ ।૧૬૭।
ભિડ તણું નહી માન એક એકને વચાલે થી નિરખે એ
શ્રી અંગે રસતણી લાવણ્ય લહે લહેતી જોઈ ભકત હરખ એ ।૧૬૮।
કોઈ મુખારર્વીંદ દેખે કોઈ કરનું દર્શન કરે એ
કોઈ ગ્રીવા કોઈ ખંભા કોઈ હૃદય પર ચિત્ત ધરે એ ।૧૬૯।
કોઈ કરાંબુજ કોઈ હૃદય કોઈ કટીલંક માંહાં રહયાં એ
કોઈ નિતંબ કોઈ મધ્યસ્થલે જંઘા જોઈ કોઈએ સુખ લહયાં એ ।૧૭૦।
કોઈ ઘુંટણ કોઈ જંઘાજાનુ કોઈ ચરણારવિંદ રસે સોહતા એ
કોઈ એડી કોઈ પાહની કોઈ પાટલી સુખદ મોહતા એ ।૧૭૧।
કોઈ અંગુલી નાયકાની ફોજ પર આસકત ઘણું એ
નખચંદ્ર ચમકતા ચારૂ સ્વરૂપ એ હાસ્ય તણું એ ।૧૭૨।
તેણે કરિય પ્રફુલ્લિત રહે શ્રી ચરણાર્વિંદ મન મુદા એ
એણી પેરે ગાદી તકિયા તણી ગાદીએ રહે ઉભા સદા એ ।૧૭૩।
કોઈ પ્રષ્ટ ભાગના અંગ અવિલોકે છે મન રલી એ
કોઈ રસિક મિત્ર તણું મનડું નિરખે છે વલી એ ।૧૭૪।
ભિડ બહુ પેરે ભરાઈ એક એકને ઠેલે સુખ પામે એ
શ્રી મુખાંબુજ પ્રહસિત જોઈ ભકત સહુ દુઃખ વામે એ ।૧૭૫।
કોઈ ઠોડી પર લગ્ન કોઈ અધર પર મગ્ન થયા એ
કોઈ દંતાવલી કિરણ કોહના રસના પર ચિત્ત ગયા એ ।૧૭૬।
કોઈ મોહોસર જોઈ હુલસે કોઈ ગલસ્થલ રમણીક પરં એ
ગૌર ગાલ સકોમલ ચલકે છે તે મનોહર એ ।૧૭૭।

રંગ ભોમ એ રંગીલી છબીલી છટકી રહી એ
તે જોઈ મનડુ અકુલાએ રંગ ભોમ રસિકા એ લહી એ ।૧૭૮।
કોઈ શ્રીકર્ણ મઈ સમજી અવિલોકે રંગે એ
કોઈ નાસા મકરંદ ધામ નિરખે અનુપમ રંગ એ ।૧૭૯।
કોઈ નેત્ર કમલની શોભા મધ્ય અટકે છે અતિ ઘણું એ
રસ તણો સાગર ઉમડયો જોઈ નયણ નવી મટકે અણું એ ।૧૮૦।
કોઈ વરૂણી કોઈ ટોપચે કેહની ભ્રુ ભ્રંગે રતિ એ
કોઈ ભાલે કોઈ તિલકે કોઈ શ્યામ રેખા એ રસ ગતિએ ।૧૮૧।
કોઈ શીષ મુડાસો જોઈ રંજે અનુપમ સોહતો એ
ઉપર તર્રો છે સુચારૂ રસ ભાંત મન મોહતો એ ।૧૮૨।
એણી પેરે નિરખ્યા પ્રિય પ્રેષ્ટ ગાદીએ ઉભા છે સુખ લહું એ
ભિડ ઘણી તેણે કરીને વચાલે થકા અવિલોકે સહું એ ।૧૮૩।
ઝાંખા ઝાખી કરે એમ જેમ વ્હાલાજીનું શ્રી અંગ દેખે એ
કોઈ ઉંચા કોઈ નીચા નિહોરીને શ્રીમુખ પેખે એ ।૧૮૪।
એણી પેરે સુખ પ્રિય આપ્યાં ગાદીએ ઉભા રાજે છે એ
કોઈ જુએ છે કભાયના છાયા ઘણાં ભ્રાજે છે એ ।૧૮૫।
ઉષ્ણ કાલે ધોતી ઉપરેણો ભેર સુખદ સ્વરૂપ દિસે એ
ત્યારે અંગ અંગનો અથાહ રસ નિરખી નિરખી હૈયડું હીસે એ ।૧૮૬।
એણી પેરે સુખ તે આપે ગાદીએ ઉભા વહાલો પ્રિતે એ
હવે તે બેસે શ્રી વલ્લભજી ગાદી તકિયે રસની રીતે એ ।૧૮૭।
લાવણ્ય સહિત સંકોરે છે કભાય આનંદ મુદા એ
તે શોભા મલે દિઠી મીઠા લાગ્યા છે સદા એ ।૧૮૮।
એણી પેરે બેઠા છે ગાદી તકિયે ટેકો દીધો હુલસી એ
ત્યારે નવલી નૃત્ય કર્યા ઝાવા એ તે પ્રિયને મન વસી એ ।૧૮૯।
ઉઘટી નાચે રસ રીતી જુત ઝાવા ઘણું એ
એમ વહાલો બેઠા ગાદી તકિયે શું કહિયે સુખ તણું એ ।૧૯૦।
જેજેકાર ભકત ઠામઠામ થકા નિરઘોષ સું ઉચરે એ
તેહ સુણે પ્રિયજી તેણે સહુકોના કાજ સર્યા એ ।૧૯૧।
જે જૈ મહારાજા ધિરાજ વારણાં લે છે એમ કહી એ
વારી કર શીષે તે ચટકે અનુપમ રસ સુખ લહી એ ।૧૯૨।
એણી પેરે લીધી બલૈયા પ્રિય પ્રેષ્ટની સર્વકોએ એ
આપ આપણાં ભાવ સમાન તે સંબંધ શું વહાલો જોએ એ ।૧૯૩।
લીધી બલૈયા ભલી ભાંત ખાંત જુત મન રલી એ
વલતાં દે છે તે આશિષ પ્રિયજીને અંગ વલી વલી એ ।૧૯૪।
સ્વર તે મધુરા સોહાયે જેહને મન જેમ ગમે એ
આશિષ દે ભલી ભાંત રસ જુકત તે નમે એ ।૧૯૫।

કોઈ કહે આનંદ મઈ કરૂણાનાથ આનંદ નીધિ એ
કોઈ કહે આનંદ દાયક લાયક એ મહાનીધિ એ ।૧૯૬।
આનંદમઈ એ સ્વરૂપ આનંદે દાન આપે મુદા એ
આનંદમઈ રૂકમણીલાલ આનંદીત છે સદા એ ।૧૯૭।
કોઈ કહે આનંદ ધામ કામ રૂચી કર્તા આનંદ રૂપે એ
કોઈ કહે આનંદ રસે ગુણ તણો સાગરએ રસ રૂપે એ ।૧૯૮।
કોઈ કહે આનંદના ઉદબોધ શ્રી અંગ માંહાં આનંદે ગતિ એ
કોઈ કહે આનંદ વર રાયની આનંદે ભરી શુભ મતિ એ ।૧૯૯।
ભકત સમાજ આનંદ શું દંડવત કરી બેઠા એ
પરમ પ્રસન્ન આનંદ રૂપે તે ઉરમાંહાં પેઠા એ ।૨૦૦।
તે નિરખે છે શ્રીમુખ શોભા આનંદ રંગે ઘણું એ
દે છે આશિષ આનંદ મને શું કહું તેહ તણું એ ।૨૦૧।
કોઈ કહે પ્રિય પ્રેષ્ટ આનંદરૂપ લહે લહે એ
આનંદ વર રસ મુલ અનુકુલ ભકત શ્રી અંગ ચહે એ ।૨૦૨
કોઈ કહે વહાલાજીનો સ્નેહ આનંદ ભર જગમગે એ
બેઠા ગાદી તકિયે પાર્વતી પતિ જોઈ મનડું પાગે એ ।૨૦૩।
કોઈ કહે કરૂણામય નાથે આનંદ ચિત્તે સનાથ કર્યા એ
આપ્યુ આનંદ દાન રસ ભર્યુ રસભકત એણી પેરે વર્યા એ ।૨૦૪।
કોઈ કહે આનંદે સુર સુભટ વર છે સદા એ
કોઈ કહે દ્રષ્ટિ પ્રિય પ્રેષ્ટની આનંદ પ્રસરે મુદા એ ।૨૦૫।
તેહ રસ અવ્યકત આનંદે પાન કરતાં મન માત થયું એ
પુર્યા છે આનંદે અંગમાં તે આનંદ મઈ પ્રિય લહયું એ ।૨૦૬।
પરસ્પરે મુંજલ મુસકની આનંદે શું બિરાજતી એ
તે શોભા ઘણુ સોહે આનંદે રૂપે ભ્રાજતી એ ।૨૦૭।
કોઈ કહે નામ શ્રી વલ્લભજી આનંદ રસે શોભિતુ એ
સુણતા માત્ર ચેન થાયે આનંદ મન લોભિતુ એ ।૨૦૮।
એણી પેરે ભાવ ભિન્ન ભિન્ન શું ભકત સમાજ નિરખે સહુ એ
વહાલોજી બેઠા ગાદી તકિયે ત્યાં ભગવદી સોહે બહુ એ ।૨૦૯।
તિબારી ભરી છે ગહેગહીને ભકત સમાજ ચોહોઓર તે એ
સ્નેહ સંયુકત કરે છે પ્રિય સંગ કટાક્ષ કરે તે એ ।૨૧૦।
પરસ્પર ચિત્તવની ચાલે રંગ અનંગ અલોલ ગતિ એ
તેહ જોઈ જોઈ મન રંજે નેત્ર ઝલકે છે રસ ગતિ એ ।૨૧૧।
બેઠા ભગવદી તે અનંત ચોકી મધ્યે પાંગતી મલી એ
એક એકને બિચાલે થકા નિરખે છે મન રલી એ ।૨૧૨।
સ્વકિય સુજાતિ સમાજ આનંદસું ઉભા રહે એ
આનંદસું અવિલોકે શ્રી અંગ આનંદ રસ વહે એ ।૨૧૩

કેટલા એક આશકતવંત રસ ભકત વેદી ચોતરે સોહે એ
તે નિરખે છે નિજનાહને ભાવ ભરી મોહે એ ।૨૧૪।
કોઈ રસ ભકત રસિક તે જલઘરે બેઠા એ
એણી પેરે રસિક વ્રજબાલ તે પ્રિયના ઉરમાંહાં પેઠા એ ।૨૧૫।
કોઈ કહે અટાલીએ સોહે કોઈ સીઢી બેહેને પર દિસે એ
જે જયાં રહયા છે ત્યાં થકી પ્રિયને જોઈ મન હીસે એ ।૨૧૬।
કેટલા એક ભકત અનુરકતતે ઉભા ચોખંડી પાસે એ
નિરખે શ્રીમુખ સુખરાસ દિસે નેત્ર મધ્યે રસ આસે એ ।૨૧૭।
એમ સ્વકિય સુજાતિ સમાજ ઉભા છે તે રંગ ભરે એ
સ્નેહ શુરા રૂપે પુરા પ્રિય પ્રેષ્ટનું ચિત્ત હરે એ ।૨૧૮।
કર્યા છે શ્રૃંગાર એ વિચિત્ર ભુષણ સહું ઝલહલે એ
સાડી લહેંગા ચોલી ચમકે પ્રિય સંગ રસ ભાવે ભલે એ ।૨૧૯।
નેત્ર અંજન ભાલે ટીકો નવનવાતે સોહાગ રૂપે એ
માંગ મધ્યે ભરી છે હીંગલો તે સોહાગ અતિ રસ રૂપે એ ।૨૨૦।
એમ રસ ભકત રસાલ ઉભા છે તે અસંખ્યાત એ
અંગે રસ ઉદબોધ અપાર કેમ કહીયે સુશોભિત ગાત એ ।૨૨૧।
તે નિરખે છે પ્રિતમજી પ્રમોદસું હરખતા એ
સ્નેહ આશકત અવ્યકતસું મહા રસ વરસતા એ ।૨૨૨।
મહા રાજધાની સમેત શ્રી વલ્લભવર બેઠા સોહે એ
ગાદી તકિયે તે રસરૂપ અનુપ ભકત જોઈ મોહે એ ।૨૨૩।
એ સમયનો અનુભવ રસ વચને કરી કેમ કહું એ
સ્વરૂપ રસાત્મિક રસ ભર્યું જોઈ મન સુખ લહું એ ।૨૨૪।
એણી પેરે ઉથાપન દર્શન કરીને આનંદ પામે એ
કોઈ ઉભા કોઈ બેઠા કોઈ દીનત્વ સું શીષ નામે એ ।૨૨૫।
ભાવ અવ્યકત સું સોચે નિપુણ ગણવંત તેહ એ
મિત્ર વિચિત્રના રસ તણાં કેહને ન જડે અંત તેહ એ ।૨૨૬।
રૂકમણીલાલ નવરંગીને એ અંગે અનંગ દિસે એ
તે શોભા જોઈ સ્વકિય વૃંદ તણાં મન હીસે એ ।૨૨૭।
દંડવત કરીને વારણા લેતે એહ સમે તણાં એ
ગાદી તકિયે બેઠા નાથ ભગવદી તે સોહે ઘણાં એ ।૨૨૮।
એણે સમય ભાગ્યવાનને દાન આપે પ્રિય મન રલી એ
જુજવી ભાંતે રસ અસંખ્યાત કરે દાન વલી વલી એ ।૨૨૯।
ઉભય સ્વરૂપે રસ ભોગી સંયોગી મારો નાથ છે એ
શું શું કહીયે તે વખાણ એહવી સર્વત્ર વિખ્યાત છે એ ।૨૩૦।
પાર્વતી પતિ મીઠો દિઠો મિત્ર વિચિત્ર અંગે એ
પરમ સકોમલ સુચારૂ અંગ અંગે અનંગ રંગે એ ।૨૩૧।

તે જોઈ સુભગા લલચાયે થાયે અવસ્થા ભેદ અંગે બહુ એ
એણી પેરે રસ ભકત રસાલ નિરખે છે પ્રિયને સહુ એ ।૨૩૨।
રૂકમણીલાલ લડે તો જોઈ જોઈને વલી જોઉ એ
બેઠા છે ગાદી તકિયે વરરાય શ્રી અંગની આભાએ મોહુ એ ।૨૩૩।
એહ સ્વરૂપ ચિત્ત માંહે બીજુ કાંઈ નવી ગમે એ
સાધન ફલ મારે એ પ્રિય ચિત્તવનીએ આરત સમે એ ।૨૩૪।
એહ અભિલાખ મન માંહાં નેત્રાંબુજ રસ પામીએ એ
એ સકલ કાજ સિધ્ધ થાયે એણે કરી દુઃખ વામીયે એ ૨૩૫।
શ્રી વલ્લભજી રસાલ અવ્યકત રસ આપે છે એ
નિજ સ્વરૂપે રસતે પોષી અંતરાય ભકતના કાપે છે એ ।૨૩૬।
સ્વરૂપ સંબંધી જે શ્રૃષ્ટિ તે સ્વરૂપે રસ ભરી એ
તેહને અન્ય ગંધ કોઈ નવી ગમે એણી પેરે તે શ્રૃષ્ટિ વરી એ ।૨૩૭।
સ્વરૂપ રસદાનની વાત તે હું કેહવી પેરે લહું એ
નિપટ અધમ હું અજાણ કૃપાબલ તે શ્રીમુખ ચહુ એ ।૨૩૮।
વહાલોજી બેઠા છે ગાદી તકિયે માંડવો તે ગહગહી ભર્યો એ
ઉથાપન સુખદ શ્રૃંગાર ભકત સંગ રસ પ્રિય વર્યો એ ।૨૩૯।
જે જયાંહાં બેઠા કોઈ ઉભા તે ત્યાંથી દર્શન કરે એ
અવીલોકની સુખરૂપ એણી પેરે પ્રિયને રસે ભરે એ ।૨૪૦।
નેત્ર મધ્યે પીત અવ્યકત દિસે તે જોઈ મન હુલસે એ
એહવા ભકત મહા ભાગ્યવાન પ્રિયજીને તે ચિત્ત વસે એ ।૨૪૧।
તેહના સ્વરૂપ સંઘાતે કરી કેહી પેરે લખ્યા જાયે એ
જ્ઞાતા વલ્લભજી લહે છે ભકત તણાં સ્વરૂપ ચિત્તમાંહે એ ।૨૪૨।
જેહવું પ્રાગટય અસાધારણ અતુલ બલવાન છે એ
તેહવા એ ભકત રસાત્મિક તે ભાગ્યવાન છે એ ।૨૪૩।
એણી પેરે બેઠા ગાદી તકિયે સુખ સિંધુની પરમિત નહીં એ
ભકત સર્વ કોઈની દ્રષ્ટિ સોહે પ્રિય છે જહીં એ ।૨૪૪।
ભાવભેદે રસભેદ અવિલોકે છે તે તદા એ
એહવા રસ સુખ પ્રિય પ્રેષ્ટને માંડવે છે સદાયે ।૨૪૫।
તે જોઈ જોઈ મન વિહવલ થાયે છે તે અતિ ઘણું એ
ઉથાપન બેઠા ગાદી તકિયે રૂપ અનુપ સોહે પ્રિય તણું એ ।૨૪૬।
તે જોઈ નેત્ર નવી મટકે અટકે ચિત્ત સ્નેહ ભરે એ
વ્હાલાજીનું સ્વરૂપ રસ સંયુકત નિરખતાં કાજ સર્યુ એ ।૨૪૭।
સાત માંગલ્ય થયા ઉત્થાપન તણાં સ્વકિય મન રલી એ
આઠમે વલી જે કહેવાશે તે કહેશું સ્વરૂપ સંગ મલી એ ।૨૪૮।
તે પ્રિય પ્રેષ્ટના રસ વિચિત્ર ચોત્રીસમે માંગલ્યે કહેશું એ
સ્વતઃદાન કરશે વહાલો રંગે શ્રી અંગ સંગે સુખ લહેશું એ ।૨૪૯।

તેણે કરી મન આનંદ ઉછાહનો પાર નહીં એ
ગાદી તકિયે બેઠા છે મહારાજ તે સ્વરૂપ રસ સોહે અહીં એ ૧૨૫૦૧
મહારે ધન ધાન્ય પ્રિય અંગ બીજા કશાનો મારે ખપ નથી એ
તેહ વિસ્તાર વચને કરી કયાં લગી કહુ કથી એ ૧૨૫૧૧
મારે સ્વરૂપ રસાલ વલ્લભસું કાજ છે એ
રૂકમણીલાલ લડે તો સુભટ મહારાજ છે એ ૧૨૫૨૧
એહને જોઈ મન રંજે એણે બીજું કાંઈ નવી ગમે એ
એણી પેરે બેઠા ગાદી તકિયે વ્હાલોજી ઉત્થાપન સમે એ ૧૨૫૩૧
ખવાસજી બીડુ લેઈ આવ્યા તે પ્રિયને નિકટ બેઠા એ
સ્નેહ સહિત આરોગાવતા પ્રિયજીને ઉર માંહાં પેઠા એ ૧૨૫૪૧
શ્રી કરકમલ રસાલ ચાપુઆ સું બીડુ પ્રિયે લીધું એ
શ્રીમુખ વિકસીત કરતાં તે બીડા તણું કાજ સીધું એ ૧૨૫૫૧
ચતુરવર રાય ચપલાઈ સું બીડુ તે આરોગીયા એ
લાવણ્ય લલીત શોભા શું સકલ રસ ભોગીયા એ ૧૨૫૬૧
બીડું શ્રીમુખ મધ્ય નાખતાં ટચી આગલી ન્યારી રાખે એ
તે શોભા તે અવ્યકત ભકત જોઈ મન રાખે એ ૧૨૫૭૧
એણી પેરે બીડું આરોગીને વલતુ બરાસ લે છે એ
સુંદર ફાંક ઉજવલતે આરોગતા સુખદે છે એ ૧૨૫૮૧
ચીપટી ભરી મુખાર્વીંદમાં નાખે વ્હાલોજી આનંદ મને એ
મંદમંદ મુસકની કરતા બોલે છે કાંઈ રસ બને એ ૧૨૫૯૧
ચુના તણી ગોલી કરી લીધી શ્રીમુખ માંહાં રંગે એ
બીડુ લીધુ કરૂણાં નાથે સાથે ભકતને ઉલટે સંગે એ ૧૨૬૦૧
પરમ રસિક વર રમ્ય બીડુ ચાલવે ચપલતાયે એ
તેણે તે ગલસ્થલ પુષ્ટ ફુલ્યા દિસે મન ભાયે એ ૧૨૬૧૧
અધર મૂદુલ અતિ ઝલકે અરૂણ તે સોહામણો એ
બીડુ આરોગતા એમ રાજે રૂકમણીલાલ મોહામણો એ ૧૨૬૨૧
જયારે બીડું આરોગે ત્યારે મુદ્રિકા ચમકે ઘણું એ
પીત અરૂણતાને શ્યામ શું કહીયે મુદ્રિકા તણું એ ૧૨૬૩૧
પોહોંચલા પરમ સુદેશ શ્રી હસ્તના શોભિયે એ
પ્રિયજી બેઠા એમ ગાદી તકિયે જોઈ લોભિયે એ ૧૨૬૪૧
શ્રીમુખ સુખ રસ નિરખતાં ભકત આનંદ પામે એ
સાત્વિક ભાવે ભરી આવી રસ ભકત કોઈ એક શીશ નામે એ ૧૨૬૫૧
તેહો તણે અંગ અંગ પ્રત્યે તે સ્વરૂપ પાગ્યો દિસે એ
ગાદી તકિયે બેઠા છે વલ્લભજી જોઈ જોઈ મનડુ હીસે એ ૧૨૬૬૧

ઈતિશ્રી માંગલ્ય તેત્રીસમું સમાપ્તમ્
હવે ચોત્રીસમું લખીયે છે.

માંગલ્ય - ૩૪

શ્રી શ્રી શ્રી વલ્લભવરજી જય જયતિ, હવે માંગલ્ય ચોત્રીસમું લખીયે છે,
તેહની જાત લૌકિકે ગવાય છે. "ઉંચી ચઢુરે ઉપરડી" "હવે જોઉં રે મારા વિરાની વાટ"
નવરંગ સોહીલો. એમ ગવાશે તે લખીયે છે. ॥ શ્રી ॥

રૂકમણીલાલ રસિકવર બેઠા રે ગાદી તકિયે રસાલ — સ્વરૂપ રસ ભર્યું
આનંદ પરમ પ્રમોદસુ ઉથાપન સમે જુએ રે વ્રજબાલ — ,, ।૧।
શ્રી વલ્લભજી તે ઉદારવર આપે છે રસ ભકતને દાન — સ્વરૂપ રસ ભર્યું
મહા રાજધાની સભા મંડલ માંહાં બેઠારે રાખે સ્વકિયનું માન — ,, ।૨।
પરમ ચતુરવર લાડીલો સ્નેહ જ્ઞાતારે દાતા રસ રૂપ — સ્વરૂપ રસ ભર્યું
વિઠલજી કુંવર કોડામણો દિસે છે રે સભા સહિત અનુપ — ,, ।૩।
પાર્વતી પતિ રસ નીધિ કરે છે રે રસ ચરિત્ર અપાર — સ્વરૂપ રસ ભર્યું
ભકત સમાજ અનેક ત્યાંહાં બેઠા છે રે ઉભા જુએ વ્રજનાર — ,, ।૪।
ઠામ ઠામ થકી ભકત નિરખે છે હરખે છે રે પ્રિયને જોઈ મન — સ્વરૂપ રસ ભર્યું
ભાવભીને અવિલોકતા કોઈ કહે છે રે એ મારૂ મનતન — ,, ।૫।
ગુણ નીધિ નાથ રસે ભર્યા બેઠા સોહે રે ગાદી તકિયે અવ્યકત — સ્વરૂપ રસ ભર્યું
મનોહર મૃદુલ મોહામણાં શ્રી અંગ તેરે જુએ રસ ભકત — ,, ।૬।
તે જોઈ જોઈ મન સુખ પામે વામે છે રે દુઃખ સુખ જે સંસાર પ્રબલ — સ્વરૂપ રસ ભર્યું
પ્રતાબ પ્રિતમ તણો જોઈ થાયે રે મન વિસ્મય અપાર — ,, ।૭।
પાછલે માંગલ્યે તેત્રીસે કહી આવ્યા છું રે જે જે પ્રિયના ચરીત્ર — સ્વરૂપ રસ ભર્યું
ચોત્રીસમું માંગલ્ય એ એ માંહાં કહીયેરે રસ પરમ વિચિત્ર — ,, ।૮।
નાહ રંગીલો એ રસ ભર્યો સ્વતઃથી રે કરાવે રસ પાન — સ્વરૂપ રસ ભર્યું
તેણે કરી મનને ચેન હોય રે ભકત તે ભાગ્યવાન — ,, ।૯।
સભા મંડલ તે સોહે ઘણું પ્રિય સંયુકત રે બેઠા રસધામ — સ્વરૂપ રસ ભર્યું
ઝલહલ જયોત ઉધ્યોતસું આવી રહી છે રે પુરવા કામ — ,, ।૧૦।
વૈભવ સકલ સામર્થસું કર જોડી રે ઉભો રહયો પ્રિય પાસ — સ્વરૂપ રસ ભર્યું
આરતિ સ્નેહ તૃષિતવંત જાણી રહયો છે રે ઘરી મન આશ — ,, ।૧૧।
પ્રભુ કૃપાબલે ઉપયોગ તે આવશે રે વૈભવ જાણે એમ — સ્વરૂપ રસ ભર્યું
મનોરથ મન માંહે બહુ ઘરે વૈભવ કુલ રે વચન કહે કેમ — ,, ।૧૨।
તે આરતી લહિયને પ્રિય કિધો છે રે વૈભવ સનાથ — સ્વરૂપ રસ ભર્યું
મનોરથ તેહોના પુરણ કરી વૈભવ કુલરે લીધુ વ્હાલે હાથ — ,, ।૧૩।
નિર્ભય કરી ચરણે રાખ્યો સદાસર્વદા રે એણે માંડવે સોહે — સ્વરૂપ રસ ભર્યું
વૈભવ કોટીશ કોટી તે એણે માંડવે રે જોઈ સહુ મોહે — ,, ।૧૪।
પ્રિયનો સોહાગ પામ્યા પુઠી વૈભવ તેરે ઉન્મત થયો એહ — સ્વરૂપ રસ ભર્યું
લૌકિક વૈભવને જાણે તુચ્છ પદાર્થ રે મારી આગલ લેહ — ,, ।૧૫।

એણી પેરે વ્હાલે દાન દિધા વૈભવના રે કાપ્યાં અંતરાય સ્વરૂપ રસ ભર્યું
ગાદી તકિયે બેઠા છે રંગે ઉથાપન સમે રે પ્રિયજી મન ભાય ,, ૧૬૬
એણે સમય અવકાશ છે ઘણો દર્શનનો રે જાણી આવે અનુરકત સ્વરૂપ રસ ભર્યું
ઠામઠામ થકી સહુ ઉલટી ચાલ્યા આવે છે રે અશકત જે ભકત ,, ૧૭૭
આવી આવીને શ્રી મુખ જુએ પુરણ કામ રે સોહે રૂકમણીલાલ સ્વરૂપ રસ ભર્યું
આનંદ પરમ પ્રમોદ રસે ભરે છે રે પ્રિયને વ્રજબાલ ,, ૧૮૮
તેણે કરીય ઉદબોધ પ્રગટ દિસે છે રે વ્હાલાજીને શ્રીઅંગ સ્વરૂપ રસ ભર્યું
અંગે અનંગ તે વ્યાપી રહયો કહયો કેમરે જાય રસ રંગ ,, ૧૯૯
પરમ કલોલ આલોલ સું ચિત્તવે છે રે ચિત્તવની તે અનુપ સ્વરૂપ રસ ભર્યું
તે જોઈયને ધીરા તણું ધીરજ તે રે છુટી ગયું સુખ રૂપ ,, ૨૦૦
એણી પેરે પરસ્પર ચિત્તવતા પ્રગટે છે રે રસ ભાવ અવ્યકત સ્વરૂપ રસ ભર્યું
ઉનમત ચિત્તવની ચાલતા નિહાલે છે રે અનુપમ રસ ભકત ,, ૨૧૧
ઉત્તર દીશે શ્રીમુખ સોહે બેઠા છે રે ગાદી તકિયે આધાર સ્વરૂપ રસ ભર્યું
ઉત્તર દીશા એમ પ્રિયે વરી ભરી છે રે રસ અનુપમ સાર ,, ૨૨૨
તેહો તણાં ભાગ્ય વિસ્તારીયાં વહાલાજીએ રે કરી બહુ ખાંત સ્વરૂપ રસ ભર્યું
જેહો સનમુખ થઈ અને બેઠા પ્રસન્તાસું રે પ્રિયજી ભલી ભાંત ,, ૨૩૩
તેહો તણાં ભાગ્યનું શું કહીયે લહીયે છે રે મહા રસ તણી ખાંત સ્વરૂપ રસ ભર્યું
શ્રી ગોકુલનાથ ગુણે ભર્યા રાખે છે રે ઉત્તર દીશા તણી કાણ ,, ૨૪૪
તેહો તણાં કાજ પુરણ કરી રસ આપીને રે કાપે અંતરાય સ્વરૂપ રસ ભર્યું
એહવો મીઠો મિત્ર વિચિત્ર તે એણી પેરે રે સહુને સુખદાય ,, ૨૫૫
ઉત્થાપન પ્રિય તણું લહીયને આવ્યા છે રે ગુણી ગાન ને અર્થ સ્વરૂપ રસ ભર્યું
પરમ પ્રમોદ આનંદસું ગાન કરશે રે પ્રિયજીને સામર્થ ,, ૨૬૬
ગાન તણું સાજ સહિત સું આવી બેઠા રે સનમુખ પ્રિય પાસ સ્વરૂપ રસ ભર્યું
પરમ સુશોભિત શોભિયે ગુણવંતની રે ગુણીજને ધરી આશ ,, ૨૭૭
પ્રથમ તે રાગ આલાપીને પછે ગાયે રે ધ્રુપદ રસરમ્ય સ્વરૂપ રસ ભર્યું
ભાવભેદ સ્વર ભેદસું ગાયે છે રે સહુ કોહોને અગમ્ય ,, ૨૮૮
પણ શ્રી પ્રભુજી ચતુર વર સમઝે છે રે તેહના ગાનનું બંધાન સ્વરૂપ રસ ભર્યું
તેણે કરી તેહોને ઉલટ ઘણો સુરત્વસું રે ગાયે રસ નિર્વાણ ,, ૨૯૯
સ્વરતે મધુરા સોહામણા ઉઠે છે રે તાન માનના તરંગ સ્વરૂપ રસ ભર્યું
રાગ રંગ તે ફેલ્યો ઘણું ઘુમી રહયું છે રે મંદિર ભકત સંગ ,, ૩૦૦
પ્રિયજી આનંદ ચિત્તે સાંભલે ધ્રુપદ રે ગાયે ગુણીજન સ્વરૂપ રસ ભર્યું
રસ તણાં ભેદ તે માંહાં ઘણાં મીઠા લાગે રે તે પદના વચન ,, ૩૧૧
વહાલોજી સુણતા તદાત્મિક ભરી આવ્યા રે રસ ઉફણ્યો અપાર સ્વરૂપ રસ ભર્યું
જે નિજ લીલા પોતે કરી તેહની સુરતિ તેરે આવી અનુપમ સાર ,, ૩૨૨
તે સમય પ્રિતમજી પોતે રીઝી ને રે તાલી દે છે અવ્યકત સ્વરૂપ રસ ભર્યું
તાલીનો શબ્દ મનોહર સુણી પામે રે સુખ રસિક જે ભકત ,, ૩૩૩

તાલી દેતા શ્રી હસ્ત તણાં પહોંચલા રે ઝલકે છે ઉદ્યોત સ્વરૂપ રસ ભર્યું
મુદ્રિકા નંગ તે સમય ચલકે છે રે સુંદર મલી જયોત ,, ૧૩૪૧
વામ કરતલ શ્વેત શોભિયે દક્ષણ કર રે તાલી દે રસાલ સ્વરૂપ રસ ભર્યું
કરતલ મધ્યે રેખા ઝગમગે તે શોભા રે નિરખે વ્રજબાલ ,, ૧૩૫૧
એણી પેરે ગુણીજન ગાયે છે તાલી દેઈ અને રે રાખે એહોના માન સ્વરૂપ રસ ભર્યું
નવનવા ખ્યાલ તે રસ તણાં પ્રગટ કરી રે ગાયે ગુણી ભાગ્યવાન ,, ૧૩૬૧
તાન માન બંધાનસું ગાતા દે છે રે તાલી મન રંગે સ્વરૂપ રસ ભર્યું
તેહ સુણતાં પ્રિય પ્રેષ્ટને વાધે છે રે અંગે તે અનંગ ,, ૧૩૭૧
ગાન રસે એ રસિક વર સુભગાને રે સુચવે રસ પ્રિતી સ્વરૂપ રસ ભર્યું
તેહ લહી લહી મુસકાયે છે પરસ્પરે મુસકની રસ રિતી ,, ૧૩૮૧
તેહ સમય નેત્ર ચપલ ચાલે ઉભય સ્વરૂપ રે અનંગ રસ રમ્ય સ્વરૂપ રસ ભર્યું
દાતા ભોકતા તણું મન લહે બીજા સહુને રે રસ છે અગમ્ય ,, ૧૩૯૧
એણી પેરે રસ કૌતિક કરે ઝલકે છે રે શ્રી મુખાર્વિંદ સ્વરૂપ રસ ભર્યું
નેત્ર વસિલા હંસી રહયા હંસે છે રે ભ્રુ મુસકની મંદ ,, ૧૪૦૧
તે શોભા વચને કહી કહેતા ન આવે રે મુખે કરી તે પ્રકાશ સ્વરૂપ રસ ભર્યું
એણી પેરે ગાન રસ રસ્યા ઉભય સ્વરૂપે રે રસિક રસ રાસ ,, ૧૪૧૧
ગાન સુણે રે મારો વ્હાલો રસ ગર્વ શું રે બેઠા છે મહારાજ સ્વરૂપ રસ ભર્યું
તે શોભા યુવતિ જુએ શ્રીઅંગ અંગરે સોહે રસ તણો સાજ ,, ૧૪૨૧
ગુણીજન ગાયે પ્રમોદસું જે જે રૂચતુ રે જાણી પ્રિયને તેહ સ્વરૂપ રસ ભર્યું
એહવા ગુણી તે સુઘડ ઘણું ગાયે છે રે સ્વર સુશોભિત એહ ,, ૧૪૩૧
વચ્ચે વચ્ચે સારંગી વાયે છે મધુર સ્વર રે લાગે પરમ સુદેશ સ્વરૂપ રસ ભર્યું
તે સુણી સુખ પામીને ચુટકી દે રે પ્રિય પ્રાણવરેશ ,, ૧૪૪૧
શ્રીકર ચપલ ચંચલ ઘણું સત્વર ગતિ રે ચુટકી દે રસાલ સ્વરૂપ રસ ભર્યું
લાવણ્ય લલીત મનોહર ચુટકીને રે શબ્દે મોહે વ્રજબાલ ,, ૧૪૫૧
ચુટકી પરમ રલીયામણી શ્રી હસ્તે રે દિધી કિધી સનાથ સ્વરૂપ રસ ભર્યું
તેહ સમય મુદ્રિકા ઝલકે અવ્યકત રે કરાંબુજ વિખ્યાત ,, ૧૪૬૧
એણી પેરે ગાન સુણે પ્રિય માન વાધે રે રસભાવ અલોલ સ્વરૂપ રસ ભર્યું
ગાન રસે ઉન્મત વ્હાલો રસ ભકત શું રે કરે છે તે કલોલ ,, ૧૪૭૧
સામા ઉભા રસ નાયકા બહુ પંગતી રે ભરી છે તે અપાર સ્વરૂપ રસ ભર્યું
ગાન સુણી ઉભય સ્વરૂપે તે ચિત્તવે છે કેમ કરૂ હું ઉચ્ચાર ,, ૧૪૮૧
એણી પેરે પ્રિય પ્રેષ્ટ તે ઉથાપન સમે રે ગાદી તકિયે સોહાયે સ્વરૂપ રસ ભર્યું
ટેકો દીધો છે સગર્વસું તકિયા સંગે રે રસ સુભગા મોહાયે ,, ૧૪૯૧
મહા રાજધાની સભા મંડલ ગાન સુણતાં રે થયુ આરંદ્ર સહુય સ્વરૂપ રસ ભર્યું
ભકત અનેક બેઠા સોહે નિજ સૃષ્ટિ તેરે નિકટ દિસે બહુઅ ,, ૧૫૦૧
તે નિરખે પ્રિયના અંગ રંગરોલ સુરે ગાન થાયે સુખરૂપ સ્વરૂપ રસ ભર્યું
વહાલોજી પરમ પ્રવિણ છે નવિન ગાન રે સુણે છે અનુપ ,, ૧૫૧૧

નિપટ અજ્ઞાત જે પદ હોએ પ્રિય જ્ઞાપિત રે કરે અર્થ સમેત	સ્વરૂપ રસ ભર્યું	
ગુણીજન ગાતા ચુકે જયારે તેહને શીખવે રે ભકતના સુખ હેત	,,	૧૫૨૨
એણી પેરે પદ તે જ્ઞાપિત કરી અર્થ સમેત તે રે સમુઝાવે છે મિત્ર	સ્વરૂપ રસ ભર્યું	
રૂકમણીલાલ રસે ભર્યો રસવાન તેરે મારો પ્રિતમ વિચિત્ર	,,	૧૫૩૩
ગુણીજન ગાતા જયારે દેખે છે રે પ્રિય રીઝતા મન	સ્વરૂપ રસ ભર્યું	
ભાગ્ય પોતાનું સરાહીને એવારે છે વહાલા પર મન તન	,,	૧૫૪૪
એણી પેરે સ્નેહ સું ગાયે છે વચ્ચે વચ્ચે વાયે રે સારંગી રસાલ	સ્વરૂપ રસ ભર્યું	
તે પદ સમઝે ચતુરવર ચતુરાઈ સું રે કરે પ્રતિપાલ	,,	૧૫૫૫
ભ્રુ ભ્રંગ ઉંચી ચઢાવીને સ્વર મેલવે રે સારંગી સંગ રંગ	સ્વરૂપ રસ ભર્યું	
એણી પેરે ચતુર ચપલ વર ગાન જ્ઞાતા રે દાતા છે શ્રી અંગ	"	૧૫૬૬
તદાત્મિક થઈ ગાન સાંભલતા વિહવલ થયા રે રસ તૃપ્તિ સુચાર	સ્વરૂપ રસ ભર્યું	
ગાદી તકિયે એમ બેઠા છે ઉથાપન સમેરે મોહે કૌટિક માર	,,	૧૫૭૭
ગુણીજન ગાન કરે પ્રિતે નૌતન સ્વર રે કરી આલાપે ઉદબોધ	સ્વરૂપ રસ ભર્યું	
તે રસ પરમ વિચિત્ર તે સુણવાને રે મિત્ર ને અતિ મોદ	,,	૧૫૮૮
નવ નવા રાગ વિચિત્ર અંગે ગાયે છે રે ગુણીજન સુખદાય	સ્વરૂપ રસ ભર્યું	
રાગ રંગે રંગ મગી રહયુ સભા મંડલ રે પ્રિયને મન ભાય	,,	૧૫૯૯
એણી પેરે ગાન ગંભીર તે સુણે છે રે પ્રિય પ્રેષ્ટ જે ધિર	સ્વરૂપ રસ ભર્યું	
કોઈ સમય કરતે ઉંચો કરી શીખવે છે રે શોભાજીનો વિર	,,	૧૬૦૦
તાલ બંધાન ચુકે જયારે ત્યારે આપે રે ગુણી ગુણદાન	સ્વરૂપ રસ ભર્યું	
કોઈ સમય પોતે રીઝીને સ્વર મધુરે સંગ ગાઈ રાખે માન	,,	૧૬૧૧
પ્રિયજીનો સ્વર તે સોહામણો મોહામણો રે મોહાવે રસ ભકત	સ્વરૂપ રસ ભર્યું	
કરે છે ગાન તે મૃદુલ સ્વરે મનોહર રે સોહે છે અવ્યકત	,,	૧૬૨૨
ગાન તણી પરમિત નહી એણે માંડવે રે ગુણી આવે અસંખ્યાત	સ્વરૂપ રસ ભર્યું	
પરમ પ્રમોદ ઉછાહસું આવી ગાયે રે ઉલટી નવી ભાંત	,,	૧૬૩૩
કોઈ તે જંત્ર વજાડે છે તંબુરે સોહે તાન તરંગ	સ્વરૂપ રસ ભર્યું	
રાગ રંગ તે ફેલ્યો બહુ છેલી ચાલ્યો રે શ્રી અંગે અનંગ	,,	૧૬૪૪
અનીરવચનીય સુખ અભિનવા ઉથાપન સમે રે આપે શ્રીવર રાય	સ્વરૂપ રસ ભર્યું	
ભકત રસિક રસ વૃંદના એણે સમય તેરે કામ પુરણ થાય	,,	૧૬૫૫
કોટી કંદર્પ મદ હરણ છે શ્રી વલ્લભજી રે રસિક રસરૂપ	સ્વરૂપ રસ ભર્યું	
સ્વરૂપ સજાતિ સ્વકિય મલીને જુએ મીઠાનાહનારે અંગ અંગ અનુપ	,,	૧૬૬૬
મંદિર વિચિત્ર સોહામણું પ્રિય સંયુકત રે ઝલહલી રહી જયોત	સ્વરૂપ રસ ભર્યું	
ભકત આશકત નિકટ બહુ બેઠા છે રે તેહની લાગે ઉધ્યોત	,,	૧૬૭૭
કેટલા એક બેઠા તિબારીમાં અસંખ્યાત તે રે ચોક માંહે સોહાય	સ્વરૂપ રસ ભર્યું	
કોઈ.....બહુ બેઠી છે યે પ્રેષ્ટને રે જોઈ જોઈ તે મોહાય	,,	૧૬૮૮
રસભકત જુથ અસંખ્યાત તે ઉભા રે આંગણે મધ્યે સોહે	સ્વરૂપ રસ ભર્યું	
સ્વરૂપ કેટલા એક સોહાગીયા સોહાગને રે ગર્વે જલધરે મોહે	,,	૧૬૯૯

જયાં ત્યાંથી સહુ પેખે છે નિજ નાહને રે સમજી રસ ભકત સ્વરૂપ રસ ભર્યું
તેહને ગુપ્તદાન આપે છે રસ તણાં રે વ્હાલોજી અવ્યકત ,, ૧૭૦
પાત્ર ભેદે ભાવ ભેદસું આરત જુત રે આપે રસ રમ્ય સ્વરૂપ રસ ભર્યું
બીજા સહુને દર્શન દાન તેહોને તે રે એ રસ છે અગમ્ય ,, ૧૭૧
દાન અસંખ્યાત અભિનવા પાત્ર ભેદે રે આપી રાખે પ્રિય માન સ્વરૂપ રસ ભર્યું
તેહો તણાં કારણ કેમ કહું એ શ્રૃષ્ટિ તે રે અનુપ ભાગ્યવાન ,, ૧૭૨
જેહો સંગ પ્રિયજી એણી પેરે આઠો પહોર તે રે રહે આશકતવંત સ્વરૂપ રસ ભર્યું
એ શ્રૃષ્ટિ તે કારણ મઈ તેહનો કોઈ તેરે પામે નવી અંત ,, ૧૭૩
શ્રી પ્રભુને તે જ્ઞાપીત સહુ આદી અંતનો રે જાણે એહના મર્મ સ્વરૂપ રસ ભર્યું
તે નિજ ઈચ્છા બલે કરી સ્વતઃથીરે આપ્યો નિજ ધર્મ ,, ૧૭૪
એહવી શ્રૃષ્ટિ એ નકો ત્રપ્ય એહનું શું શું કહિયે તે વખાણ સ્વરૂપ રસ ભર્યું
રસ જુત પ્રેમ પાત્ર ભલા એહની રાખે રે બહુ વ્હાલોજી કાણ ,, ૧૭૫
એહવી શ્રૃષ્ટિ સું ગહેગહી ભર્યું આંગણ તેરે બેઠક નિજધામ સ્વરૂપ રસ ભર્યું
ગાદી તકિયે બેઠા છે વ્હાલો સુંદર વર રે સોહે અભિરામ ,, ૧૭૬
ભાગ્યવાન ભલા ભગવદી કોઈ ભણે છે રે કવિત રસાલ સ્વરૂપ રસ ભર્યું
તે પ્રિયજી તે સાંભલતા હુલસે છે રે ભકતના પ્રતિપાલ ,, ૧૭૭
કવિત તે નવનવી જાતના રસ મિત્ર મિત્ર રે ઓચારે ભકત એમ સ્વરૂપ રસ ભર્યું
મધુર સ્વરે કરીને ભણે સ્નેહ સંયુકત રે વહાલો રીઝે જેમ ,, ૧૭૮
કવિત તે મહા રસ રૂપ છે અનુપ તે રે પ્રિયજી સુણે રંગ સ્વરૂપ રસ ભર્યું
કવિત તણો રસ ફેલીને છેલી ચાલ્યો રે સુભગા પ્રિય સંગ ,, ૧૭૯
એણી પેરે પરસ્પર મેલવે રસ દાયકરે ભાયક એક ચિત્ત સ્વરૂપ રસ ભર્યું
રસ ઉદબોધ અંગ અંગ કરે મારા પ્રિયને રે તેહની નહીં પરમિત ,, ૧૮૦
કવિત રસે રસ વાધ્યો છે સાધ્યો છે રે પ્રિય મહા રસ પુર સ્વરૂપ રસ ભર્યું
સનમુખ બેઠા તે પ્રિય સુણે કવિત સુણે રે ભકત થઈ અને તે શુર ,, ૧૮૧
ભણે છે કવિત બહુ રસ તણાં કેટલા એક કરે વિરહના સાર સ્વરૂપ રસ ભર્યું
સ્નેહ આશકત તણાં વલી સ્વરૂપ રસના રે કવિત અપાર ,, ૧૮૨
ભિન્ન ભિન્ન રસ તે સોહામણો એહવા કવિત તેરે લાગે છે સુદેશ સ્વરૂપ રસ ભર્યું
અનીરવચનીય રસ ઉમડયો તે સુણે છે રે પ્રિય પ્રાણ વરેશ ,, ૧૮૩
સભા તે સહુ ઝકી થકી રહી કવિત રસ રે સોહે મહેમંત સ્વરૂપ રસ ભર્યું
કોઈ છપ્યે કોઈ દુહા તે રસ નવનવો રે તેહનો નહી અંત ,, ૧૮૪
વ્રજની ભાષાને વલી સોરઠી ભણે દુહારે ભકત તે ભાગ્યવાન સ્વરૂપ રસ ભર્યું
પ્રિયજી પ્રસન્ન થઈ સાંભળે બહુ પે રે રાખે તેહો તણું માન ,, ૧૮૫
પછાંહી ભાષાના તે વલી ગુજરાતી ભાષાના રે પુરે કામ સ્વરૂપ રસ ભર્યું
અનેક દેશની ભાષા તણાં તે દુહારે સોહે અભિરામ ,, ૧૮૬
સ્નેહ તણાં તે પ્રકાર બહુ વલી રસે રસા રે દુહાતે અનુપ સ્વરૂપ રસ ભર્યું
વિરહ અગ્ની સંયુકત શું તે દુહારે લાગે સુખરૂપ ,, ૧૮૭

સર્વ રસના ભોકતા પ્રિય ભુકત છે રે એહવો રસ તે અગાધ્ય	સ્વરૂપ રસ ભર્યું	
દુહા તે નવનવી ભાષાના પણ વહાલાને રે જ્ઞાપીત સહુ સાધ્ય	,,	૧૮૮
સઘલી ભાષા સમજે પ્રિય તેણે કરીયને રે તેહોના કરે સનમાન	સ્વરૂપ રસ ભર્યું	
આશકત ભકત જેકો તેહને આપે છે રે દુહા મીસ કરી દાન	,,	૧૮૯
અર્થ કહિને જ્ઞાપીત કરે નિજ ધર્મ તે દુહા મીસે નાથ	સ્વરૂપ રસ ભર્યું	
તેહ સુણી સુણી સુખ પામે સ્વકિય વૃંદ તેરે ઉભા સહું સાથ	,,	૧૯૦
એણી પેરે રસ તણો રોલ તે ઉથાપન સમે રે બેઠક મધ્યે સોહે	સ્વરૂપ રસ ભર્યું	
ભકત સમાજ જેકો બેઠા એ જશ સુણી રે તે સહુ કોઈ મોહે	,,	૧૯૧
ગુણીજને ગાન પ્રથમ ગાયા સમય સમય તણાં રે લહીને અનુકર્ણ	સ્વરૂપ રસ ભર્યું	
વિરહ તણાં અતિ સ્નેહસું તે સુણીયારે પ્રિય રસિક આભરણ	,,	૧૯૨
રસ તણાં પદ તે રસે રમ્યા છે રે પ્રિયના મન માંહાં અવ્યકત	સ્વરૂપ રસ ભર્યું	
જે નિજ લીલા પોતે કરી સ્ફુરી આવ્યા રે રસિક રસ ભકત	,,	૧૯૩
સ્વરૂપ રસ તણાં જે પદ બહુ જે ગાયા રે ગુણી જને કરી ખાંત	સ્વરૂપ રસ ભર્યું	
બાલ લીલા છે સોહામણી મારા પ્રિયની રે ગાઈ ભલી ભાંત	,,	૧૯૪
તે સુણતાં વ્હાલો ભરી આવ્યા છે ફાવ્યા ગુણી તે અપાર	સ્વરૂપ રસ ભર્યું	
ચરિત્ર જે વિચિત્ર પોતાતણાં તે સ્ફુરીયો રે રસ અનુપમ સાર	,,	૧૯૫
એણી પેરે સુખ તે ઉથાપને બેઠાં આપે રે ગાદી તકિયે અનુપ	સ્વરૂપ રસ ભર્યું	
પહેરી છે કભાય છાપા તણી અતલસી રે કોમલ સુખરૂપ	,,	૧૯૬
કનકના છાપા તે ઝલહલે મહા જયોત સુરે કભાય એ સુરંગ	સ્વરૂપ રસ ભર્યું	
તે ઉપર કોઈ સમય ઓઢે છે શીત નિવારણ રે અર્થ ફરગુલ સંગ	,,	૧૯૭
પરમ સુંદર તે સોહામણી પામરીનો રે દિસે વિચિત્ર રસાલ	સ્વરૂપ રસ ભર્યું	
દાલ ગુલ લહેરીયા સોહે હોંદ હાંસીયા રે જુએ વ્રજબાલ	,,	૧૯૮
સકોમલ અસ્તર દિધું છે સીધુ રે તેહનું સખી કાજ	સ્વરૂપ રસ ભર્યું	
ફુલવા રૂઈ શું ભરી રંગે એહવી ફરગુલ રે ઓઢી મહારાજ	,,	૧૯૯
મગજી તેહની તે સોહામણી પાતલે અંગ રે નાયકા છે નવિન	સ્વરૂપ રસ ભર્યું	
નવનવી ભાંત ની ફરગુલ ઓઢી બેસે રે મારો પ્રિતમ પ્રવિણ	,,	૧૦૦
કયારે તે અતલસ તણી ઓઢે કયારે ઓઢે રે દરીયાઈ નવરંગ	સ્વરૂપ રસ ભર્યું	
કયારે છાપેલ કયારે છીંટની જલહલતી રે કસબી કામ સંગ	,,	૧૦૧
ફરગુલ કભાયો તે નવનવી અંગી કરે રે એણે સમય મારો નાથ	સ્વરૂપ રસ ભર્યું	
સીત અસીત હોય જયારે ત્યારે કભાયને રે ફરગુલ ઓઢે સાથ	,,	૧૦૨
નિકટ હસંતી તે શોભિયે તેણે તાપે રે કમલે ઉધ્યોત	સ્વરૂપ રસ ભર્યું	
શોભા શોભા તે પામી ઘણું શ્રી અંગ માંરે દિસે જગમગ જયોત	,,	૧૦૩
ભકત ફરી ફરી નિરખે છે નખશીખ લગી રે ઉલ્ટ સું ઉમાહ	સ્વરૂપ રસ ભર્યું	
ફરી અવિલોકે છે શીખ થકી નખ પર્યંત રે મનમાં અતિ ચાહ	,,	૧૦૪
અંગ અંગ રસ તે અમિત ભર્યો અથાહ તેરે મેં કહયો કેમ જાય	સ્વરૂપ રસ ભર્યું	
પ્રેમ પાત્ર જે કો રસે ભર્યા તેહોના નિરખતા રે શીતલ અંગ થાય	,,	૧૦૫

ને ઉદબોધ તે રસ તણાં પ્રગટે છે રે નાના ભાંત અલોલ	સ્વરૂપ રસ ભર્યું	
એણી પેરે રસભકત પ્રિય સંગે કરે છે રે રસ તણાં તે કલોલ	,,	।૧૦૬।
પ્રિત રીત પ્રસરી ઘણું અણું માત્ર તેરે ન્યારી નવી હોય	સ્વરૂપ રસ ભર્યું	
એણી પેરે ચરિત્ર કરે મીઠો તે જોઈને રે ભગવદી સહુ મોહે	,,	।૧૦૭।
શીતકાલ તણાં સુખ કહયાં ઉષ્ન કાલે રે સોહે ભિન્ન પ્રકાર	સ્વરૂપ રસ ભર્યું	
શ્વેત ધોતી ઉપરણાસું બેઠા રાજે રે કયેમ કરીએ ઉચ્ચાર	,,	।૧૦૮।
છોટે તકિયે તે ટેકો દીધો લીધો દેઈ રે બાથમાં તે સુખદાય	સ્વરૂપ રસ ભર્યું	
સ્નેહ સંયુકત પ્રમોદસું પ્રિયજીને ચિત્તતે અતિ ભાય	,,	।૧૦૯।
કેવલ ધોતી ઉપરેણો સું શ્રી અંગ તે રે ચલકે રસ વેસ	સ્વરૂપ રસ ભર્યું	
. . . . .	,,	।૧૧૦।
નાગર નવલ ચતુર વર ચતુરાઈસું રે કરે ચરિત્ર રસાલ	સ્વરૂપ રસ ભર્યું	
શ્રી અંગ ઉઘાડુ સુંદર લાગે એ મધુર રસ રે પાન કરે વ્રજબાલ	,,	।૧૧૧।
ઝલકતા અતિ ચલકતા ઢલકતા રે સુભગા તણાં મન	સ્વરૂપ રસભર્યુ	
અમિત અથાહ શ્રી અંગે લાવણ્ય જુત રે દિસે અનીરવચન	,,	।૧૧૨।
નવ નવા ચરિત્ર કરે બહું ઉષ્ણકાલમાં રે મારો વહાલો સુચારૂ	સ્વરૂપ રસ ભર્યું	
સકલ શ્રી અંગ ઉઘાડા તે તે જોઈયને રે મોહે કોટીકા માર	,,	।૧૧૩।
કેશને ઉપરેણો ફરહરે તે નિરખતાં રે મનડું લલચાય	સ્વરૂપ રસ ભર્યું	
ભકત રસિક અવિલોકતા અવસ્થા રે અંગે બહુ પેરે થાય	,,	।૧૧૪।
ઉથાપન સમય એહવા સુખસદા આપે છે રે મારો મિત્ર વિચિત્ર	સ્વરૂપ રસ ભર્યું	
રસ તણાં દાન રસે ભર્યા દે છે લે છે રે એહવા કહી ન અન્યત્ર	,,	।૧૧૫।
ખવાસજી સ્નેહ વાત્સલ્ય જુત આવી બેઠા રે બીડું કર મધ્યે સોહે	સ્વરૂપ રસ ભર્યું	
ભકત એક તે નિકટ બેસે મુઠો કરતારે પ્રિયને જોઈ મોહે	,,	।૧૧૬।
પ્રથમ બીડુ જે શ્રી મુખ મધ્યે તે મુકે રે શ્રી રૂકમણીલાલ	સ્વરૂપ રસ ભર્યું	
દાન અધરરામૃત આપતા રસ ભકત નારે કરે પ્રતિપાલ	,,	।૧૧૭।
તષ્ટી નાયકાને પ્રમોદસું અધરામૃત રે રસે ભરે રસરૂપ	સ્વરૂપ રસ ભર્યું	
શ્રી મુખકમલ માંહે થકુ મુકે છે રે અધરામૃત અનુપ	,,	।૧૧૮।
ભકત તે તષ્ટી ઘરી રહે નિહોરાવે ગ્રીવા પ્રાણ આધાર	સ્વરૂપ રસ ભર્યું	
ઈશાન ખૂણે તે શ્રી મુખ કરી દાન આપ્યું રે અધરામૃત સાર	,,	।૧૧૯।
ભાગ્યવાન જે કો ભગવદી તેણે લીધું રે અધરામૃત એહ	સ્વરૂપ રસ ભર્યું	
અનીરવચનીય એ પ્રકાર છે પુષ્ટ પુષ્ટ રે રસ નવ નીધિ જેહ	,,	।૧૨૦।
તે અધરામૃત પામિયા વામિયા દુઃખ પ્રગટયો પ્રમોદ	સ્વરૂપ રસ ભર્યું	
અધરામૃત તે ભકતે લીધુ તે આપે રે રંચ રંચ મોદ	,,	।૧૨૧।
આશકત ભકત મલી રીધિ ઘરે નિજ કર રે ખોભલો રસ રમ્ય	સ્વરૂપ રસ ભર્યું	
તે મધ્યે અધરામૃત લીધુ સીધુ છે રે રસકાજ અગમ્ય	,,	।૧૨૨।
માથે ચઢાવી મુખ માંહાં મેલે અધરામૃત રે પરમ નવિન	સ્વરૂપ રસ ભર્યું	
કોઈ નેત્ર કોઈ છાતી સ્પર્શે છે રે કર કમલ પ્રવિણ	,,	।૧૨૩।

સ્નેહ આરતી રસ અભિનવો વાધ્યો છે રે લેતા અધરામૃત	સ્વરૂપ રસ ભર્યું	
શ્રી પ્રભુજી આશકતે ભર્યા જાણે છે રે ભકતની મનવ્રત	,,	।૧૨૪।
જેહવો ભાવ જેહને અંગે વસે તેહવા દાન તે રે દે શ્રી મહારાજ	સ્વરૂપ રસ ભર્યું	
ગાદી તકિયે પ્રિય બેઠા છે પુરણ કરે રે ભકતના રસ કાજ	,,	।૧૨૫।
ઉથાપન રસને સમે સોહામણો મોહામણો રે શોભાજીનો વીર	સ્વરૂપ રસ ભર્યું	
અંગ સેવક જે સેવા કરે નિકટ રહી રે વાત્સલ્ય ધરી ધીર	,,	।૧૨૬।
જલપાન ગડુઓ સ્નેહે ધર્યો આપે છે રે તે પ્રિયજીને હાથ	સ્વરૂપ રસ ભર્યું	
શ્રી કરાંબુજ વિકસીત કરી લેઈ ગડુઓ રે શ્રી ગોકુલનાથ	,,	।૧૨૭।
શ્રીમુખ કમલ ઉંચુ કરી ધાર મુકે રે મુખ માંહે વિચિત્ર	સ્વરૂપ રસ ભર્યું	
ધાર પાતલી તે સુચાર છે રહીને રે જલપાન કરે મિત્ર	,,	।૧૨૮।
અંગ સેવક તે વાત્સલ્યે કરી નીજકર ધરે ગડુઆ તલે અવ્યકત	સ્વરૂપ રસ ભર્યું	
રંખે કહી જલ તણી બુંદ પડે એહવા વાત્સલ્ય રે કરે પ્રિય તણાં ભકત	,,	।૧૨૯।
વિકલ સુત નવરંગ દુલ્હ વરરાય તે રે કરે જલપાન	સ્વરૂપ રસ ભર્યું	
એ શોભા ઉરમાંહાં ગઢી જડી રહયું છે રે એ સ્વરૂપ તણું ધ્યાન	,,	।૧૩૦।
એણી પેરે જલપાન કરે રંગે મુખ કમલ તેરે વિકસીત રસરૂપ	સ્વરૂપ રસ ભર્યું	
ગ્રીવા ગોલ શુભ્ર શોભિયે કરતા જલપાન રે દિસે તે અનુપ	,,	।૧૩૧।
શોભા શોભા જોઈને લાજી રહી છે રે એહવું સ્વરૂપ સુદેશ	સ્વરૂપ રસ ભર્યું	
ઉંચી ગ્રીવા કરીને પોતે કરે જલ પાન રે પ્રિય પ્રાણ વરેશ	,,	।૧૩૨।
ત્યારે ભ્રઅ ભ્રંગ સોહે રસ રીતે ઉંચી ચઢાવે રે મહા સોહાગને ગર્વ	સ્વરૂપ રસ ભર્યું	
એણી પેરે મુખાર્વીંદ જોયું જલ પાન તેરે કરતાં મોહે સર્વ	,,	।૧૩૩।
વલતો ગડુઓ તે શ્રી કર થકો આપે છે રે નિજ ભકતને નેમ	સ્વરૂપ રસ ભર્યું	
અંગુલી દલ તે નેત્ર પર ફેરે સુભગા વૃંદરે રીઝે સ્વકિય જેમ	,,	।૧૩૪।
વલતા ઉભય કર પુંછીને મુખ વસ્ત્ર તે રે કરે પ્રાણનાથ	સ્વરૂપ રસભર્યું	
ખવાસે બીડું તે આગલ ધર્યું આરોગે રે શ્રી ગોકુલનાથ	,,	।૧૩૫।
દક્ષણ કરે ચાંપુએ કરી ચપલાંઈ શું રે લીધુ પ્રાણ આધાર	સ્વરૂપ રસ ભર્યું	
ટચી આંગલી તે ન્યારી રાખે પાણ્ય પલ્લવે રે મુદ્રિકા ઝલકે સાર	,,	।૧૩૬।
શ્રી મુખાબુંજ વિકસીત કરી સુખ દિધુ રે રસિકવર રાય	સ્વરૂપ રસ ભર્યું	
ચપલ ચતુરવર લાડીલો તે માંહા નાખ્યુ રે મન ભાય	,,	।૧૩૭।
મુખ કમલ તેરે પ્રહસિત અતિ સોહે	સ્વરૂપ રસ ભર્યું	
બીડું રસાત્મિક રસ ભર્યું શ્રીમુખ મધ્યે રે મહાલે રસ ભકત મોહે	,,	।૧૩૮।
રસના તે રસ ઉદબોધસું ચલકે છે રે ઝલકે તે અલોલ	સ્વરૂપ રસ ભર્યું	
શ્રીમુખ મધ્યે બીડું મહાલે છે રસ રીતે શું રે કરે છે કલોલ	,,	।૧૩૯।
કપુર કલમલે ચીપટી ભરી મુખાંબુજ માંહાં રે નાખે રસ બાણ્ય	સ્વરૂપ રસ ભર્યું	
તે શોભા શોભા મઈ પ્રગટી છે રે અનુપમ રસ ખાણ	,,	।૧૪૦।
ચુના તણી તે ગોલી કરીને આરોગ્યા રે શ્રી વલ્લભલાલ	સ્વરૂપ રસ ભર્યું	
બીડુ ચપલ ગતે ચાલે છે નિહાલે છે રસિક વ્રજબાલ	,,	।૧૪૧।

પ્રહસિત પરમ સોહામણું શ્રી મુખાર્વીંદ ઝલકે રસરૂપ સ્વરૂપ રસ ભર્યું
અધર પલ્લવતે પ્રેમે ભર્યો ધર્યો છે રે રસ સુખદ અનુપ ,, ।૧૪૨।
ગહેરો ગંભીર ઉન્મત દિસે અરૂણ રંગે રે રંગ્યો છે અમોલ સ્વરૂપ રસ ભર્યું
એહવો અધર રસિકા નિરખે હરખે છે કોને કરૂં સમતોલ ,, ।૧૪૩।
રીઝી રીઝીને રસપાન કરે અધર બીંબ નુરે સુજાતિ સ્વકિય રંગ સ્વરૂપ રસ ભર્યું
એહોના આસ્વાદ મધુર રસ લેતા લીન થયા રે સુભગા પ્રિય સંગ ,, ।૧૪૪।
અધર અરૂણ રસ સિંધુના નવી પામે રે કોઈ તે પાર સ્વરૂપ રસ ભર્યું
ગહેરો ગંભિર અથાહ તે પરમિત લહી રે કેમ કરૂં હું ઉચ્ચાર ,, ।૧૪૫।
એણી પેરે ભકત સહુ નિરખે છે મારા પ્રિયને રે સોહાગને ગર્વ સ્વરૂપ રસ ભર્યું
ગાદી તકિયે વ્હાલો બેઠા છે ઉથાપન સમય રે મોહે ભગવદી સર્વ ,, ।૧૪૬।
શ્રી મુખ રસ માંહાં ઉધ્યોત છે જયોત ઝલહલે રે બેઠા નિરખે છે ભકત સ્વરૂપ રસ ભર્યું
વચન ચાતુરી સું કાંઈ ઓચરે મારો મીઠો રે મિત્ર પરમ અવ્યકત ,, ।૧૪૭।
ટોંક ટાક તે કરે મલી જે માંહાં સકલ તેરે સિધ્ધાંતનું તત્વ સ્વરૂપ રસ ભર્યું
એણે મીસે રસતે પ્રગટ કરી દાન આપે રે પુરણ રસ સત્વ ,, ।૧૪૮।
સકલ સ્નેહ રસ પ્રિય લહે કહે છે રે ટોક અવ્યકત રસાલ સ્વરૂપ રસ ભર્યું
શ્રી મુખાંબુજ પ્રહસિત દિસે મનોહર રે સોહે રૂકમણીલાલ ,, ।૧૪૯।
મધુર હાસ્ય પ્રિય પ્રેષ્ટનું કલરવી ધુનીરે સુણતાં સુખ થાય સ્વરૂપ રસ ભર્યું
એ પ્રકાર તે કેમ કહું એ હાસ્ય તે રે મનમાં અતિ ભાય ,, ।૧૫૦।
ઉઘડી હસે મીઠો મિત્ર તે અધરબીંબ રે ઝલકે છે અનુપ સ્વરૂપ રસ ભર્યું
ગહેરો અરૂણ તે ઘાયલ કરે સ્વકિય વૃંદને રે એ અધર સુખરૂપ ,, ।૧૫૧।
એણી પેરે હાસ્ય કૌતિક કરે પ્રિય અંગ અંગ રે ઝલકે છે ઉધ્યોત સ્વરૂપ રસ ભર્યું
હાસ્ય રસે એ હસિલો વર રસિલો રે એહની સુંદર જયોત ,, ।૧૫૨।
એણે મીસે કરી સ્વકિય વૃંદ તે પ્રિય રીઝવે રે સીઝવે રસ કામ સ્વરૂપ રસ ભર્યું
અનેક પ્રકારે રસરોલના કૌતુક કરે રે શ્રી વલ્લભજી છે નામ ,, ।૧૫૩।
ભકત સમાજ હરખે ઘણું પ્રિય વરસે રે રસ અપરંપાર સ્વરૂપ રસ ભર્યું
તે આનંદ સિંધુની લહેરો કેમ કહી શકુંરે વચને તે ઉચ્ચાર ,, ।૧૫૪।
હાસ્ય રસે ઉન્મત પ્રિય લોટપોટ તેરે થાયે નવ રંગ સ્વરૂપ રસ ભર્યું
સભા મંડલ કિલકી હંસે વસે છે રે સ્વરૂપ ચિત્ત સંગ ,, ।૧૫૫।
કાન પડયું સુણીયે નહીં સભા સંયુકત રે હંસે મહારાજ સ્વરૂપ રસ ભર્યું
મુખાંબુજ પ્રહસિત નિરખતાં હરખતાં રે સ્વકિય વૃંદ રસ કાજ ,, ।૧૫૬।
સુભગા સહુ તે વિહવલ થયા અધર પુટ રે જોતા રહી ન સંભાલ સ્વરૂપ રસ ભર્યું
કોઈ અકુલાઈને એમ કરે ભાવે ભરીયારે ચુંબન વ્રજબાલ ,, ।૧૫૭।
કોઈ તૃષિત અતિ સ્નેહ ભર્યા પરિરંભણ રે કરે સુખદેણ સ્વરૂપ રસ ભર્યું
ભાવ ગ્રાહી ભાવ ભોકતા છે શ્રી વલ્લભજીના રે હુલસ્યા રસે નયણ ,, ।૧૫૮।
એણી પેરે વિલાસ વિલસીને હંસી હંસી અને કરે વ્હાલો તે વાત સ્વરૂપ રસ ભર્યું
ફુલ્યા ફુલ તે માયે નહી રસ વિસ્યારે આનંદ ન સમાત ,, ।૧૫૯।

હાંસી ટોક તે રૂચે ઘણું મારા પ્રિયનો રે એ આધ્ય સ્વભાવ	સ્વરૂપ રસ ભર્યું	
તેણે કરીય પરમ ઉલ્લાસ સું હાંસી ટોક કરે રે જહાં જેવો દાવ	,,	૧૬૦૧
તે પ્રકાર વચને કરી કહેતાં ન આવે રે સખી તેહનો પાર	સ્વરૂપ રસ ભર્યું	
આગલ પ્રસંગ ભાવાત્મિક ભાવ ભેદ રે કહેશું રસ સાર	,,	૧૬૧૧
ભાવ ભેદે ફલ નવ નવા પ્રગટસે રે કરશે રસ ભકત પાન	સ્વરૂપ રસ ભર્યું	
તેણે કરીયને આરતવંત સુનેહ તૃષિત તેરે થાયે ભાગ્યવાન	,,	૧૬૨૧
ચોત્રીસ માંગલ્ય એ થયા પ્રિય કૃપાબલે રે એ લેખન લખાય	સ્વરૂપ રસભર્યું	
આગલ પ્રસંગ પાંત્રીસમે માંગલ્યે કહે સુરે જે જે પ્રિયજીને ભાય	,,	૧૬૩૧
ઉથાપન સમય એમ બેઠા છે ગાદી તકિયે રે સભા સહિત પ્રમોદ	સ્વરૂપ રસ ભર્યું	
શ્રી અંગ લાવણ્યામૃત રસ અવિલોકે છે રે સ્વકિય વૃંદ અતિ મોદ	,,	૧૬૪૧
શીષ મુડાસોતે અભિનવો હાસ્ય રૂપે રે હિસે તુર્રા સમેત	સ્વરૂપ રસ ભર્યું	
કહી કહી કેશ શોભા દેખિયે એ શ્રૃંગાર રસ રે સુભગા તણે હેત	,,	૧૬૫૧
કુંતલ કેશ નમી રહયા છે લેલાટ પર રે પંગતી ભકત રાજ	સ્વરૂપ રસ ભર્યું	
ભાલ ઉતંગ અતિ ત્રપ ત્રપે અનુરાગ રૂપી રે માંહે ભર્યો બહુ સાજ	,,	૧૬૬૧
તિલક રેખા તે સોહામણી ગૌર ભાલ માંહે રે લાગે છે સુદેશ	સ્વરૂપ રસ ભર્યું	
શ્યામ રેખા તે મધ્યે ધરી વરી છે રે પ્રિય પ્રાણ વરેશ	,,	૧૬૭૧
ભ્રકુટી ચંચલ તે ચતુર ઘણું ચપલા દિસે રે રસકામ	સ્વરૂપ રસ ભર્યું	
કર્ણ સકોમલ રે અભિનવા દિસે છે રે મધ્યવર્તી છે નામ	,,	૧૬૮૧
કોઈ સમય મુકતા મણી સોહે પહેર્યા છે રે અતિ શુભ્ર સુચાર	સ્વરૂપ રસ ભર્યું	
કન પટી આગલા કેશ તે મનોહર રે મોહે કૌટિક માર	,,	૧૬૯૧
નેત્ર ચપલ તે ચાલે ઘણું ટાલે છે રે તીમિર જે અજ્ઞાન	સ્વરૂપ રસ ભર્યું	
તેણે કરી રસ નો પ્રકાશ થયો નિજ ઈચ્છાથી રે કરે બહુ દાન	,,	૧૭૦૧
રસ તણાં રોલ પ્રગટ થાએ નેત્રાંબુજ મધ્યે રે ઝીલે સ્વકિય વૃંદ	સ્વરૂપ રસ ભર્યું	
દાતા ભોકતા તણું મન લહે નેત્ર મધ્યે રે આનંદ રસ કંદ	,,	૧૭૧૧
અખુટ અપરમિત રસ રૂપીયા ફલ પ્રગટે રે એ આનંદ કંદ સંગ	સ્વરૂપ રસ ભર્યું	
નાસા મૃદુલ તે મનોહર ઝલકે છે રે ચલકે નવ રંગ	,,	૧૭૨૧
ગલ સ્થલ રંગ ભોમ્ય ભરી લાગે છે રે પાગે મન તન	સ્વરૂપ રસ ભર્યું	
ગૌર ગહેરાઈ તે શોભિયે લોભિયે રે ગલસ્થલ રસઘન	,,	૧૭૩૧
મોહોસર પરમ સોહામણી મોહામણી રે રસ ઉદબોધક એહ	સ્વરૂપ રસ ભર્યું	
શ્રીમુખ કમલ કોમલ ઘણું ઝલકે છે દંતાવલી રસ તેહ	,,	૧૭૪૧
રસના રસિક તે અરૂણ ગહેરી ચપલ ગતિ રે ચાલે સુખરૂપ	સ્વરૂપ રસ ભર્યું	
સર્વત્ર મધુર મનોહર શ્રી મુખમાંહાં રે દિસે છે અનુપ	,,	૧૭૫૧
બીડું સુખદ તે આરોગે છે ચપલ પણે રે ચતુરાઈ સું નાથ	સ્વરૂપ રસ ભર્યું	
રસ રૂપી સ્વાદ લહે પ્રિય બીડા તણો રે કરૂણાનીધિ નાથ	,,	૧૭૬૧
અધર અરૂણ પર રંગ ભારી વાધી છે રે પીક લીક રસાલ	સ્વરૂપ રસ ભર્યું	
રસ રૂપી કોટ કરી વિલસે છે નાગવેલી વ્રજબાલ	,,	૧૭૭૧

અધર પલ્લવ તે મૃદુલ રાતો માતો છે રે સ્વકિય વૃંદ તણે ગર્વ સ્વરૂપ રસ ભર્યું
સ્પર્શતા રસ તે વાધે ઘણો સાધે છે રે સુભગા રસ સર્વ ,, ।૧૭૮।
ચીબુક ચારૂ તે મનોહર શુભ્ર જગમગે રે ઝલહલતી ઉધ્યોત સ્વરૂપ રસ ભર્યું
સ્વકિય સુભગાનું આરામ ધામ કાજ પુરણ રે છોડી રસ જયોત ,, ।૧૭૯।
ગ્રીવા ગંભીર સ્વરે ઓચરે વચન તે રે મીઠા સુખદાય સ્વરૂપ રસ ભર્યું
ઉથાપન સમય પ્રિય બેઠા છે ગાદી તકિયે રે ભકતને મનભાયે ,, ।૧૮૦।
કોઈ ખંભાની ચોરસ જુએ ચપલ ગતિ રે અતિ પરમ નવિન સ્વરૂપ રસ ભર્યું
ભુજદંડ રસિક સોહામણા સુભગા વૃંદ રે નિરખે છે પ્રવિણ ,, ।૧૮૧।
પહોંચલા જોઈ સ્વકિય વૃંદ રીઝે એ સ્થલ તે રે રમણ રસરમ્ય સ્વરૂપ રસ ભર્યું
તે પ્રકાર સુભગા લહે બીજા સહુને રે એ રસ છે અગમ્ગ ,, ।૧૮૨।
અંગુલી દલ તે અનુપ રાજે ભ્રાજે છે રે નંગ મુદ્રિકા અમોલ સ્વરૂપ રસભર્યું
ચમકતા ચારૂ શોભાએ ભર્યા અનુપમ રે કરૂં કોને સમતોલ ,, ।૧૮૩।
નખમણી પંગતિ નિર્મલ ઝલકે છે રે અનેક ઝાતકાર સ્વરૂપ રસ ભર્યું
કરતલ વિચિત્ર સોહામણાં રેખા સંયુકત રે રાજે અતિ સાર ,, ।૧૮૪।
હૃદય રમણ તે રૂચીર રસ વશ થાયે રે સુભગા તણાં ટોલ સ્વરૂપ રસ ભર્યું
કુચ તે કઠોર કબનીર બની મહા મનોહર રે દિસે છે તે ગોલ ,, ।૧૮૫।
બિટડી અરૂણ રંગીલી છે છબીલી રે છટકી છે ઉધ્યોત સ્વરૂપ રસ ભર્યું
માલા રસિક વૃંદ બહુ સોહે તેહની લાગે રે સુંદર બહુ જયોત ,, ।૧૮૬।
જનોઈ રસિકા તે ખંભે પહેરી ગહેરી છે રે ભાવે બલવાન સ્વરૂપ રસ ભર્યું
ખંભથી આરંભીને ટુંડી લગણ વિલસે છે રે એહને હોય એહવો દાન ,, ।૧૮૭।
માલા વનિતાને જનોઈ રસિકા એ ન જાણે રે વિપ્રયોગ તણું દુઃખ સ્વરૂપ રસ ભર્યું
સંયોગ ફલ સદા એહનો પ્રિતમજીએ રે આપ્યું એહોને એહવું સુખ ,, ।૧૮૮।
એહનું ભાગ્ય તે સહુ મલી સરાહે છે સ્વકિય વૃંદ સમુદાય સ્વરૂપ રસ ભર્યું
ઉપરેણો ખંભે તે સોહામણો ધર્યો છે રે પ્રિતમજીએ મનભાય ,, ।૧૮૯।
પીઠ પાર્શ્વ સુંદર ઘણું ઉદર તણીરે શોભા છે ગંભીર સ્વરૂપ રસ ભર્યું
ટુંડી કટીલંક અભિનવો નિતંબે તેરે મધ્ય સ્થલ મહાધિર ,, ।૧૯૦।
ધોતી નાયકા કટીલંકમાં લપટી રહી રે પ્રિયના સુખ હેત સ્વરૂપ રસ ભર્યું
પરમ પ્રમોદ ઉછાહસું સ્નેહ સંયુકત રે દિસે ગર્વ સમેત ,, ।૧૯૧।
જંઘા જુગલ રસ રાસ છે વિચિત્ર રૂપે રે મેં કહી કેમ જાય સ્વરૂપ રસ ભર્યું
રસિકા તણું રસ ધામ છે કામ પુરણ રે નિરખી સુખ થાય ,, ।૧૯૨।
ઘુંટણ જાનુ જુગલસ્થંભ ઝલકે છે રે ઝાતકાર સું અવ્યકત સ્વરૂપ રસ ભર્યું
શ્રી ચરણાર્વિંદ રસ મકરંદ રે પાન કરે નિજ ભકત ,, ।૧૯૩।
ઢાંકણા એડી આનંદમઈ પહાનીનો રંગ પરમ સુચાર સ્વરૂપ રસ ભર્યું
ઉતંગ પાટલી અનુરાગે ભરી ઝાતકાર સુરે ઝલકે તે અપાર ,, ।૧૯૪।
અંગષ્ટ અંગુલી શોભાએ ભર્યા ધર્યા છે રે પ્રિયજીએ કરી ખાંત સ્વરૂપ રસ ભર્યું
નખરૂપી જયોત સોહામણી મોહામણી રે તે અનુપમ ભાંત ,, ।૧૯૫।

ચરણ તણાં તે કોમલ ઘણું રેખા સંયુકત રે સોહે સુખરૂપ	સ્વરૂપ રસ ભર્યું	
અંગ અંગ રસ અતિ ઘણો આનંદ સિંધુરે પ્રગટે છે અનુપ	,,	।૧૯૬।
ગહેરો ગંભીર અથાહ રસ જેહની પરમિત રે કાઢે નવી કોય	સ્વરૂપ રસ ભર્યું	
લાવણ્ય લહેરી શ્રી અંગ તણી ઉછલીત થઈ રે તે અનુપમ સોહે	,,	।૧૯૭।
નવ નવા તરંગ ઉદબોધ સું આવી પ્રસરે રે ભગવદી તણે મન	સ્વરૂપ રસ ભર્યું	
તે રસપાન કરે સુભગા મલી હલી મલી રહી રે પ્રિય સંગ ભાવાપન્ન	,,	।૧૯૮।
ફરી ફરીને અવિલોકે છે નખશીખ લગી રે પ્રિતમજીનું અંગ	સ્વરૂપ રસ ભર્યું	
વલી નિરખે છે શીષે થકી નખપર્યંત રે અનુપમ રંગ	,,	।૧૯૯।
પણ નયણાં તે તૃપ્તિ નવી પામે ફરી ફરીને જોવા અકુલાય	સ્વરૂપ રસ ભર્યું	
શ્રી અંગ અંગ રસ માધુર્યતા અનુપમ રે ભકતને મન ભાય	,,	।૨૦૦।
તે રસપાન કરી કરી સ્વકિય સ્વજાતિના રે મન તન ગહેરાય	સ્વરૂપ રસ ભર્યું	
ભાગ્યવંતા એ ભાવે ભર્યા સ્વરૂપ રસ રે ભકત અંગે ઠહેરાય	,,	।૨૦૧।
જેણે એ રસ સ્વાદ ચાખ્યો હોએ તેહને બીજુ ન રૂચે તે લગાર	સ્વરૂપ રસ ભર્યું	
શ્રી અંગ તણી જેજે માધુર્યતા તેહનો સ્વાદ તેરે લહે રસ ભકત સાર	,,	।૨૦૨
શ્રી મુખશોભા સોહામણી અવિલોકતા રે મટકે નવી નયણ	સ્વરૂપ રસભર્યું	
લાવણ્ય લલિત મનોહર મુખાંબુજ માંહાંથી રે બોલે મીઠા વયણ	,,	।૨૦૩।
તેણે કરી નવ પલ્લવ થાયે છે રે સુભગા તણાં અંગ	સ્વરૂપ રસ ભર્યું	
વચનામૃત દાન આપીને સંતોષે રે સ્વકિય વૃંદને રંગ	,,	।૨૦૪।
રૂકમણીલાલ જ્ઞાતા ઘણું દાતા છે રે ભંડાર રસ રૂપ	સ્વરૂપ રસ ભર્યું	
નવ નવો રસ તે શ્રી અંગ મધ્યે ભરી રાખ્યો છે રે આનંદસું અનુપ	,,	।૨૦૫।
આગલ પ્રસંગ કહેશું હવે સ્નેહવાનની રે અવિલોકની અવ્યકત	સ્વરૂપ રસ ભર્યું	
ક્ષણું ક્ષણું પ્રત્યે ભાવ ભિન્ન ભિન્ન એક રસ ભકત રે નિરખે અનુકરત	,,	।૨૦૬।
તે તણાં ભાગ્યનું શું કહું સ્નેહ સંયુકત રે જાણે રસ મુલ	સ્વરૂપ રસ ભર્યું	
સુભગા પ્રવિણ પ્રેમે ભરી અવિલોકે રે પ્રિયને અનુકુલ	,,	।૨૦૭।

ઈતિશ્રી માંગલ્ય ચોત્રીસમું સંપૂર્ણમ્

સમાપ્ત

શ્રી શ્રી શ્રી શ્રી શ્રી

માંગલ્ય - ૩૫

શ્રી શ્રી શ્રી ગોકુલેશો જય જયતિ, એ માંગલ્ય પાંત્રીસમું લખીયે છે, એહની જાત,
"તમને વલ્લભજી બોલાવે રે" લક્ષ્મી વહુ બોલ ધ્યો રે" "તમો બોલ ધ્યો બોલ ધ્યો હૈયલડુ હૈલદે એ"
એ જાતે ગવાશે તે લખાશે.

પ્રાણ વલ્લભજી બેઠા છે ઉથાપને ગાદી તકિયે રંગે
ભકત સમાજ ચોહોફેર ઘેરી બેઠા પ્રિયને સંગે ।૧।
ભાવ પુરા છે સુરા સ્નેહવાન અનેક તે રાજે
અવિલોકે છે આનંદ પ્રમોદે સ્વરૂપ જોઈ ગાજે ।૨।
ભકત તણાં નેત્ર વિશાલ રસાલ પ્રિત જુત દીસે
સ્નેહ આશકત અનુરાગે ભર્યા જોઈ હૈયડુ હીસે ।૩।
પ્રિત જુત પ્રસરે પ્રિય પર દ્રષ્ટિ આનંદ મુદા
એણી પેરે તે નિરખે છે ભકત સહુ વ્હાલાને સદા ।૪।
તે પ્રકાર કહી આવ્યા પાછલને માંગલ્યેજે લહયું
ગુણી જને ગાન કિધા જુજવે રસે કરીને તે કહયું ।૫।
વ્હાલાજીને આનંદ ઉછાહસું ગાણ સુણતાં મગ્ન
તે શોભા જોઈ સ્વકિય વૃંદ થયા પ્રિય અંગ અંગમાં લગ્ન ।૬।
પ્રિય પ્રેષ્ઠ તે ગાન સુણી સુણી મન માંહે અનુપમ રીઝે
તેણે કરીયને ગુણીજન ગાને ભકતના કાજ તે સીઝે ।૭।
વલી ભગવદીએ ભણ્યા કવિત દુહા તણો રસ છે મીઠો
પ્રિય રીઝી રીઝી દાન આપ્યાં તે રસ મેં નયણ ભરી દિઠો ।૮।
એણીપેરે સંતોષે છે ભકતને વ્હાલોજી નેમ
સ્નેહ આશકતે ભર્યા છે પ્રિતમજી કહી શકું કેમ ।૯।
વલી સંક્ષેપે કરીને કહયું સ્વરૂપ વર્ણન મુદા
જેણે કરીયને હૃદયારૂઢ સ્વરૂપ એ થાયે ચિત્તમાં સદા ।૧૦।
ને અહરનીશ સ્થિતી કરી રહે વ્હાલોજી ભકતના ઉર માંહાં
તેણે કરીયને અન્ય વ્યાસંગ બીજો તે નવી થાયે ત્યાંહાં ।૧૧।
જે કો સ્વરૂપ સંબંધી સૃષ્ટિ તેહને સ્વરૂપ દાન
યથાયોગ તે અધિકાર પરત્વે ફલ આપી રાખે માન ।૧૨।
એ સ્વરૂપ સુખ કહી આવ્યાં છું પાછલે માંગલ્યે માંહાં પ્રિતે
વલી આ માંગલ્યમાં કહેવાયે તે કહું રસ અનુપમ રીતે ।૧૩।
એ નવમું માંગલ્ય ઉથાપન તણું વિચિત્ર તે મહા સુખરૂપ
જયોત ભિન્ન ભિન્ન કરી કહયાં પાછલે માંગલ્યે ચોત્રીસમે અનુપ ।૧૪।
સર્વઅ એકત્ર કરીએ પાંત્રીસમું માંગલ્ય લખીયે છે તે હરખે
વહાલોજી તે ગાદી તકિયે બેઠા ઉથાપને આનંદ રસ વરસે ।૧૫।

અહીં દંડવત કર મારા મિત્રને ચરણાર્વિંદે તે લાગુ
અતિ મૃદુલ મનોહર શ્રીચર્ણ સ્પર્શતાં અંગ અંગે પાગુ ।૧૬।
સ્નેહ સંયુક્ત ઉભય કર સ્પર્શીને શીશ ઉઠાવે પ્રિય રંગે
તેણે કરીયને આનંદ રસ ઉદ્બોધ થાયે વ્હાલા સંગે ।૧૭।
એણે સ્થલે તે વિધી વિધી રસ અનુકુલ રહીને પીધો
પ્રિય પ્રેષ્ટે સ્નેહભર દાન દિધા તેણે સકલ અર્થ સીધો ।૧૮।
હવે તે સ્વરૂપ જોવાને કારણ મન બહુ પેરે લોચે
તેણે કરીયને આઠો પહોર આહાવટણું થાયે એણે સોચે ।૧૯।
મારૂ સર્વસ્વ ધન પ્રિયજીને હવે હું કેહી પેરે દેખુ
શ્રી અંગ અંગનો રસ અવિલોકી ભાગ્ય લેખુ ।૨૦।
તેણે દુઃખે તે દિધુ મન તન પ્રિય કહેતાં લાજુ એહ
ભાવ ગ્રાહી છો રસિકવર ભાવ ભોકતા ધ્યો રસ તેહ ।૨૧।
જેહને કરીયને મન ને ચેન હોય તમો જાણો સર્વ
તમારે અંગ અંગે ભર્યો છે અનુપમ રસ તણો ગર્વ ।૨૨।
તેણે ગર્વ તે ગહેરાઈ રહયા તમો આનંદ મુદા
તો કયાં થકી કરો સુરત અમારી વહાલાજી તમો સદા ।૨૩।
પણ તમો તે શું કરો પ્રિયજી કૃત્ય અમારી અમને લાગે
જે જે વિહિત નહીં એણે મારે તે અપરાધ મારે અંગે પાગે ।૨૪।
તો કેહી પેરે હવે થાશે વહાલાજી અમારૂ તે કાજ
સંસાર રૂપી સાગર મધ્યે અમો દિન કેમ કાપું રાજ ।૨૫।
હવે કહીયે પ્રિતમજી બેઠા છે ઉથાપને ગાદી તકિયે રંગે
ચોહોફેર અનેક સમાજ ભગવદી સોહે છે તે સંગે ।૨૬।
સ્વકિય વૃંદ સુજાતિના જુથ આંગણને જલધારા મધ્યે રાજે
તે આપાપણાં ભાવ સમાન ભર્યા અંગ બહુ રસ સાજે ।૨૭।
જયાં ત્યાં થકી નિરખે નિજ નાહને મીટ ભરી સુરા
કર્યા છે શ્રૃંગાર વિચિત્ર મનોહર ભાવે તે પુરા ।૨૮।
સાડી ચોલી લહેગામાં દ્રાવ્ય જુજવી ભાંતને અનુપમ સોહે
ને પહેર્યા છે ભુષણ બહુ જાતના તે જોઈ વહાલોજી મોહે ।૨૯।
ભાલે સોહાગ ટીકી ઝલહલ કરે નેત્રમાં અંજન રંજે
માંગ મધ્યે ભરી હીંગલો ચોટી પાટી ચમકે તેજ પુંજે ।૩૦।
નકવેસર જલહલે જટીત મુકતા ફલ શુભ્ર ગોલ સોહાતા
કર્ણે ભુષણ નવી નવી ભાંતના નિરખતાં પ્રિયજી મોહાતા ।૩૧।
કંઠ તણો જે શ્રૃંગાર વિચિત્ર પ્રિય સુખ હેત કાજે
કર કમલે પહેર્યા છે ભુષણ તે અનુપમ ભ્રાજે ।૩૨।
પાયે નેપુર તે રણઝણ કરે ખલકતા ચલકે છે ભારી
એમ કર્યા છે શ્રૃંગાર વિચિત્ર મનોહર પ્રિય સુખકારી ।૩૩।

તે ભુષણ તણાં નામ કહયાં છે પાછલને માંગલ્યે કરી પ્રિતે
જે જે હવેલીમાં બેસી કર્યા છે શ્રૃંગાર સ્વકિયે રસ રીતે ૧૩૪૧
તે હવે અહીં ઉપયોગ થાય છે વ્હાલોજી નિરખે છે રંગે
સ્વકિય વૃંદ તણાં બહુ જુથ ઉભા સોહે છે તે સંગે ૧૩૫૧
પ્રિય પ્રેષ્ટ બેઠા છે ઉથાપને ગાદી તકિયે રસ જુકત
વ્રજ યુવતિ અનેક સમાજ મલી જુએ પ્રિયને રસ ઉકત ૧૩૬૧
તેણે રસે તે ઉન્મત વ્હાલો દિસે છે અનુપમ માતા
ચોહોદીશ તે ચાલે ચિત્તવની પ્રિય રસ ઉદબોધ જ્ઞાતા ૧૩૭૧
રૂકમણીલાલ ઉદારવર બેઠા તે આસને સોહે
એ સ્વરૂપ અનુપ અવિલોકી અવિલોકીને ભગવદી મોહે ૧૩૮૧
રસ ભકત સ્નેહભર ઉભા તે નિરખે છે પ્રિતમને એમ
એક એકની અવસ્થા ન્યારી ન્યારી કહીયે તે કેમ ૧૩૯૧
જેકો આશકત પ્રિય સંગ લુબ્ધ અતિ આરત વંત
તેહના ભાવ અવ્યકત અથાહ કોઈ કેમ નવી પામે અંત ૧૪૦૧
ક્ષણું ક્ષણું પ્રત્યે અવસ્થા તે ભિન્ન ભિન્ન તેહોને અંગ દીસે
સ્વરૂપાશકત ભકતનો ભાવ કહેવા કાંઈ મનડું હીસે ૧૪૧૧
પણ યોગ્યતા વિના તે કેહી પેરે એ રસ ઉચ્ચાર ન થાય
જે સ્વરૂપ રસે ભર્યા પુરા સોહાગ રસ ચિત્ત માંહે ભાય ૧૪૨૧
તે અવિલોકે છે પ્રિય પ્રેષ્ટને ગાદી તકિયે બેઠા સુરા
સ્નેહવાન નિપુણ ગુણવંત એ રસભકત ભાવે છે પુરા ૧૪૩૧
એક રસભકતની અવિલોકની અવસ્થા કાંઈ ઉચ્ચાર કરૂં
સ્વરૂપાશકત ભકતના રસમાં ભલીને મનમાં રસે ભરૂ ૧૪૪૧
સ્નેહવાન સુભટ છે શીરોમણી સુભગા તે એણી પેરે નિરખે
ક્ષણું ક્ષણું રસ તણો ઉદબોધ અંગે તે અપરમિત હરખે ૧૪૫૧
ક્ષણું વિલસે છે પ્રિય સંગ આનંદ કલોલસું રંગે
ક્ષણું પ્રહસિત થઈ અને પ્રમોદે માન કરે નિજ અંગે ૧૪૬૧
ક્ષણું કિલકીને હુલસે છે આરત જુત અભિલાખે માતા
ક્ષણું મુસકની મૃદુલ મનોહર કટાક્ષ કરી મલે ધાતા ૧૪૭૧
ક્ષણું ચપલ ગતે ચાલે નેત્ર અલોલ ગંભીરતે ભારી
ક્ષણું સ્થિરતા ગ્રહી નેત્રાંબુજે દેન્ય ભાવે સુખકારી ૧૪૮૧
ક્ષણું સાત્વિક ભાવે ભરી આવ્યા નેત્રે અશ્રુપાત ચાલે
એણી પેરે અવસ્થાના ભેદસું પ્રિયજીને સુભગા નિહાલે ૧૪૯૧
શ્રણું અંગ અંગમાં પરિતાપ વ્યાપી ગયો આનંદ મુદા
જેણે કરીયને સંપન્ન હોયે કાજ તે રસ તણાં સદા ૧૫૦૧
ક્ષણું ઉન્મતતા મન ને ઘણી ક્ષણું ચિત્ત વિસ્મય થયું જાએ
ક્ષણું ભાવસું હૃદય ભરાઈને શ્વાસો શ્વાસ રોધ થાયે ૧૫૧૧

ત્યારે કેમ કેમ કરીને ઉલાસ લેઈ નિસાસો મહેલે પ્રિતે
ક્ષણું પલક મેલીને તે પાન કરે પ્રેમદા મહા રસ રીતે ૧૫૨૧
ક્ષણું દેહ તણી તે સુરતિ નહી વિહવલતા દિસે અંગે
ક્ષણું નિમેખ રહિત દ્રષ્ટે કરીયને અવિલોકે પ્રિયને રંગે ૧૫૩૧
ક્ષણું ભાવ ભેદની કટાક્ષ જોઈ અંગે પ્રસ્વેદ ચાલે
અંગ અંગ તે શિથિલ થયા જાએ ઉભય સ્વરૂપે એમ નિહાલે ૧૫૪૧
ક્ષણું પ્રભુનો પ્રતાપ જોઈ જોઈ સુભગા તે આનંદ પામે
ક્ષણું સ્વરૂપ માંહાં મન મગ્ન થઈ અને શીષ તે નામે ૧૫૫૧
ક્ષણું ભાવે પુરીત સ્નેહસું અંગ અંગે રોમોદગમ તે દિસે
એણી પેરે અવસ્થા તે નવનવી જોઈયને વ્હાલોજી હીસે ૧૫૬૧
ક્ષણું સંયોગ રસસું પ્રવેષ્ટિત સર્વાંગ કંપીત રાજે
ક્ષણું સોચે છે મન માંહાં એણી પેરે સત્ય કે સ્વપ્ન એ ભ્રાજે ૧૫૭૧
ક્ષણું હાવભાવસું કટાક્ષ ઉભય સ્વરૂપે તે રીઝે
તેણે કરી રસ સુખીયા કાજ જાવદીક સીઝે ૧૫૮૧
ક્ષણું નેત્ર મધ્યે હટકે છે પ્રિતમને તે આનંદ મુદા
ક્ષણું આશિષ દેઈ કર વારી ચુટકે સુભગા પ્રિતે સદા ૧૫૯૧
ક્ષણું સંયોગમાં ભાવ વશે સુખકારી
..... ૧૬૦૧
ક્ષણું ગદગદ કંઠ ભરાએ તેણે કરી ઉચ્ચાર ને રોકે
ક્ષણું સ્નેહે જલે નયણ ભરે આરતસું અવિલોકે ૧૬૧૧
ક્ષણું પરિતાપ રૂપી જવાલા અંગ અંગ માંહાં પ્રસરે પ્રિતે
તેણે કરીયને કુચે ને સર્વાંગે સોહે છે તે મહારસ રીતે ૧૬૨૧
ક્ષણું અધરના અમી સુકાયા રસાત્મિક સ્વર ભંગ થાયે
ક્ષણુંમાં રસબોધ ઉન્મત પ્રિયજીના અંગ અંગ ભાએ ૧૬૩૧
ક્ષણું શ્રીમુખ નિરખે લાવણ્ય ભર્યુ પરમ આનંદ રસ કંદ
મહા મોહક સ્વરૂપ અનુપ બેઠા હંસે છે મંદ મંદ ૧૬૪૧
ક્ષણું ક્ષણું પ્રત્યે નવ નવો રસ પાન કરતા તે રસ ભકત સોહે
ક્ષણું શીષ કેશ અવિલોકે તે ક્ષણું ભાલ પર ચિત્ત મોહે ૧૬૫૧
ક્ષણું તિલકની રેખાએ રજે ને ક્ષણું શ્યામ રેખામાં મગ્ન
ક્ષણું કનપટી કેશને નિરખે ક્ષણું ભ્રકુટી સંગલગ્ન ૧૬૬૧
અતિ પાતલી પરમ સુચારૂ તેહને જોઈ સુભગા લોચે
ક્ષણું વરૂણી ટોપચા અવિલોકે ક્ષણું નેત્રાંબુજ જોઈ સોચે ૧૬૭૧
ક્ષણું નેત્રના રસ માંહે મગ્ન થઈ થઈ બહુ પેરે રંજે
મહા ચતુર ચપલવર ચાલે નેત્ર ઝલકે તેજ પુંજે ૧૬૮૧
ક્ષણું નાસા નિરૂપમ મકરંદ ધામને નિરખે છે હરખે
ક્ષણું શ્રી કર્ણ કોમલ અવ્યકત જોતાં તે મહા રસ વરખે ૧૬૯૧

ક્ષણું ગલ સ્થલે ચિત્તતે લોભાએ અનીરવચનીય રમણીક ધામ
મહા મૃદુલ મનોહર સુખકારી ક્ષણું ક્ષણું પ્રત્યે પુરે કામ ૧૭૦૧
ક્ષણું ઝલકે ગલસ્થલ જયોત ક્ષણુંમાં ઉધ્યોત તે ન્યારી
..... ૧૭૧૧
ક્ષણું ચુંબન ચારૂ કરે છે ગલસ્થલ પર ચિત્ત રંગે
ક્ષણું આનંદ રસમાં મગ્ન થઈ ફરે છે ત્યાં સંગે ૧૭૨૧
ક્ષણું મોહોસર જોઈ નવ મટકે અટકે છે તે રસ નીધિ રૂપ
ક્ષણું ક્ષણું પ્રત્યે રસ અતિલાખસું ચાખે છે રસ સુભગા અનુપ ૧૭૩૧
ક્ષણું દંતાવલી ઝલકે છે ગહેરે રંગે જોઈ જોઈ ચતુરા તે મોહતી
..... ૧૭૪૧
ક્ષણું વાકય સુણે છે રસના તણાં રસ જુત અનુપમ ઉકત
અતિ મીઠા મધુરા મનોહર વચન તે માંહાં રસ જુકત ૧૭૫૧
ક્ષણું અધર જોઈયને ફંદાય છે મનડુ તે સ્વકિય તણું રસે
ક્ષણું ક્ષણું પ્રત્યે આઠો પહોર એ અધર રૂપ મન માંહાં વસે ૧૭૬૧
ક્ષણું ઝલકતા ચલકે છે અભિનવો અરૂણ અનુપમ રીતે
ક્ષણું પાન કરે ચતુરા તે અધર રસ ઉદબોધ પ્રિતે ૧૭૭૧
ક્ષણું ઉન્મત થઈ અને ડસે છે વસે છે અધર ચિત્ત માંહાં
ક્ષણું ભાવે ભુષિત મન જઈ મલે પ્રિયજી બેઠા છે જયાંહાં ૧૭૮૧
ક્ષણું વ્હાલોજી આપે છે ફલદાન મીઠા મધુરાતે એહોને
ક્ષણું ક્ષણું પ્રત્યે આરત નવનવી જાણી સંતોષે છે તેહોને ૧૭૯૧
ક્ષણું અધર જોઈ ઝકીથકી રહયાં વિસ્મય થયું સહુ તન
ક્ષણું આરત જુત અભિલાખ પ્રગટ થયો જાણે છે મન ૧૮૦૧
ક્ષણું અધર રસે રસ્યુ મનડુ તે દિસે છે આનંદે માતુ
ક્ષણું વિહવલતા અંગે હવી અધરને જઈ મલે ચિત્ત ધાતુ ૧૮૧૧
ક્ષણું અધર પર ચિત્ત પુરીને ચુરે છે રસ તણો દાહ
ક્ષણું અધર અરૂણ તે ગહેરો જોઈ પ્રગટ છે અંગ અંગે ચાહ ૧૮૨૧
ક્ષણું લાલીમાં જોઈ મન રંજે ઝલકતો અધર અતિ સાર
ક્ષણું ક્ષણું પ્રત્યે રસતણાં રોલ અહાં પ્રગટે છે અપરંતે પાર ૧૮૩૧
ક્ષણું ઠોડી પર ચિત્ત લુબ્ધ થયું છે તે આનંદ મુદા
ઉથાપન સમય ગાદી તકિયે બેઠા એણી પેરે નિરખે છે ભકત સદા ૧૮૪૧
એમ ક્ષણું ક્ષણું પ્રત્યે શ્રી મુખાર્વીંદ નવ નવે રસે તે જોતા
મહા મૃદુલ મનોહર મુસકની પ્રિયજીની અવિલોકી મોહતા ૧૮૫૧
ક્ષણું ગ્રીવાના રસમાં પડયું મન જડયુ જાણે કુંદન રૂપ
ક્ષણું નિરખે છે ગ્રીવાને સ્નેહ ઘરી જેમ રૂચી વાધે તે અનુપ ૧૮૬૧
ક્ષણું જાએ દ્રષ્ટિ તે ખંભાપર મહા સુરધિર વિર જાણી
ક્ષણું ખંભાની જયોત જોઈ અટકયા શી પેરે કહે તે વાણી ૧૮૭૧

ક્ષણું ક્ષણું ના રસ માંહે તે મગ્ન થઈ થઈ અને ઝીલે રંગે
મહા સુભટ સુરતિ રસ જાણ નિપુણ બાંહે ને તે સંગે ૧૮૮૦
ક્ષણું પેચસું પેચ વિચારે છે પ્રેમદો બાંહેનો રસ પ્રિતે
ક્ષણું બાંહેના રસમાં પાગી રહયા જાણીયે ચિત્ર લખ્યા ભીંતે ૧૮૯૦
ક્ષણું કોહોણી કાંડાને પહોંચલા જુએ રસભર આનંદ મુદા
ક્ષણું માહા રસ માંહે મગ્ન થઈ પહોચલે સ્પર્શ કરે સદા ૧૯૦૦
ક્ષણું પહોચલા પ્રવિણ ચપલ જોઈ ચતુરા તે મોહે છે ભારી
ક્ષણું અંગુલીદલ અવિલોકે મુદ્રિકા ઝલકે છે સારી ૧૯૧૦
ક્ષણું એક મન માંહાં એમ સોચે છે મારે સાધન ફલ એહ
જે નિરખુ એ રૂકમણીલાલને સ્નેહ ભર રસ જુત તેહ ૧૯૨૦
ક્ષણું શ્રી કરના નખચંદ્રની જયોત ઉધ્યોત જોઈ પાગે
ક્ષણું તેજ પુંજ પ્રકાશ નખને જોઈ ચિત્ત અતિ લાગે ૧૯૩૦
ક્ષણું નખક્ષતના દાન સુરતિ કરી દેહ સંધાન ભુલે
ક્ષણું શ્વેત કાત અરૂણ પેખે છે નખમણીને અનુકુલે ૧૯૪૦
ક્ષણું નિરમલતા સરાહે છે નખમણી સુભગા પ્રિતે
ક્ષણું કરતલ નિરખે છે મનોહર રાજે રસ રીતે ૧૯૫૦
ક્ષણું કારંબુજ તણો મકરંદ રસ લઈ ઉન્મત થાએ મન
ક્ષણું સ્પર્શને કારણ લોચે સોચે છે એ ભાવાતે પન્ન ૧૯૬૦
ક્ષણું શ્રી કર કમલની કોમલતા જોઈ મન રંજે
ક્ષણું ઝાતકાર ઝલમલતા દિસે છે તે તેજ પુંજે ૧૯૭૦
ક્ષણું કરાંબુજ રૂપીયા દાન સુરત કરી આરત વાધે
ક્ષણું વચન ચાતુરી રસ કરી રસ રૂપી સ્નેહ તે વાધે ૧૯૮૦
ક્ષણું કરતલને અવિલોકતા સુભગા અંગે કંપીત રાજે
મહા મનોહર રૂપ અનુપ સ્પર્શ રસ આશ્ચર્ય ભ્રાજે ૧૯૯૦
એમ ક્ષણું ક્ષણું પ્રત્યે કરતલ તણો રસ રમણીક તે ભાવે
રસ ભાવે ભર્યા સુભગા તે જઈ મલે કરતલ રસ દાવે ૨૦૦૦
ત્યારે ઉભય સ્વરૂપના મનોરથ સિધ્ધ થાયે આનંદ મુદા
એણી પેરે ઉથાપને નિરખે છે સુભગા તે કરતલને સદા ૨૦૧૦
ક્ષણું કરતલની રેખા મધ્યે અટકીયુ મનડુ તે માતુ
ક્ષણું કરાંબુજના પેચ સુરત કરી ચિત્ત જઈ મલે ધાતુ ૨૦૨૦
ક્ષણું ક્ષણું પ્રત્યે રસ અભિલાખે કર કમલ તણો અતિ સાર
દાતા ભોકતા તણું મન લહે છે જે રસ અનુભવે અપરંપાર ૨૦૩૦
શ્રી કરતલ વિસાલ રસાલનો રસ રમણીક તે રંજે
ક્ષણું કરાંબુજ જયોત ઉધ્યોત ઝલકે ભારી તેજ પુંજે ૨૦૪૦
ક્ષણું કરતલ રૂપીયો રસ પીને મનડું થયું ઘેલુ
ક્ષણું સુરતિને ચિત્ત અકુલાયે જે દાન દિધુ વહાલે પહેલું ૨૦૫૦

એહવા શ્રી કરના સુખ કહીયે તો કહેતા કયેમે પાર ન આવે
..... ।૧૦૬।
ક્ષણું હૃદય પર ચિત્ત જાયે થાયે છે ગતિ મતિ પંગ
અહી ક્ષણું પ્રત્યે ક્ષણું નૌતન નૌતન રસ પ્રગટે છે રંગ ।૧૦૭।
ક્ષણું મન માંહે જાણે છે એણી પેરે હૃદય રમણ રસ ધામ
ખંભા ઉપરથી આવી વિલસે જનોઈ ઉપરેણો તે નામ ।૧૦૮।
ક્ષણું માલા રૂપીયા રસ ભકતને નિરખીને આનંદ પામે
ક્ષણું તેહો તણાં ભાગ્ય સરાહીને ચતુરા તે દુઃખ સહુ વામે ।૧૦૯।
ક્ષણું વિશાલ રસાલ હૃદય જોઈ રમણ રસે પ્રિયને ભરે
ક્ષણું નૌતન રસ પ્રગટાવી સુભગા પ્રિયનું ચિત્ત હરે ।૧૧૦।
ક્ષણું પદ કોમલ રૂચીકારી પર દ્રષ્ટ પ્રસરે એમ
ક્ષણું આશકિત રૂપી ઘનસું જઈ મલે વહાલો રીઝે જેમ ।૧૧૧।
મહા જાણ નિપુણ ગુણવંત હૃદય અનુપમ મીઠો
ક્ષણું સ્વકિય તે વિચારે છે મન એ રસ મેં કૃપાબલે દીઠો ।૧૧૨।
ક્ષણું હૃદયને જોઈ મનડું થયું મનને અભિનવી પ્રિતે
ક્ષણું સુભગા જઈયને સમાયે હૃદય મધ્યે રસ તણી રીતે ।૧૧૩।
ત્યારે વહાલોજી લે છે ઉસાસ સ્નેહ જુત અરૂણ રંગ દિસે
નેત્રાંબુજ રસે ભરી આવ્યા અનંગ જુત જોઈ સુભગા હીસે ।૧૧૪।
ક્ષણું લોચે છે હૃદય તણાં દાન ને તે આનંદની રલી
ક્ષણું કુચ કમનીય પર દ્રષ્ટિ જાએ છે ફરી ફરી વલી ।૧૧૫।
ક્ષણું મહા રસ ઉદબોધસુ વિલસે છે હૃદય રસ જાણી
ક્ષણું હૃદયની સુરતિ સુરતિ કરી શું શું કહે તે વાણી ।૧૧૬।
કુચ ફલ રસદાન ધ્યાન થયું આઠ પહોર સ્વકિયના મનમાંહાં
એમ ક્ષણું ક્ષણું રસ અભિલાખે બેઠા છે ગાદી તકિયે ત્યાંહાં ।૧૧૭।
ક્ષણું હૃદય રૂપીયા ઝાતકાર કોટીસ કોટી તે સોહે
ક્ષણું સુંદર કાંતી ઝગમગે તેહને જોઈ જોઈ મન મોહે ।૧૧૮।
એ હૃદયનો રસ ગંભીર ઘિર કહયો કઈ પેરે જાયે
ક્ષણું ક્ષણું પ્રત્યેદાન સુરતિ કરી રસ ભરી શોભા તે થાયે ।૧૧૯।
ક્ષણું પરિરંભણ કરે પ્રેમસુ પ્રેમદા મહા રસરૂપ
મહા સુખદ શીરોમણી જાણ હૃદય પર વિલસે તે અનુપ ।૧૨૦।
ક્ષણું ઉદરનો રસ અવિલોકે મૃદુલ મનોહર દિસે અવ્યકત
ક્ષણું પાર્શ્વ પીઠી પ્રણાલમાં અટકીયા તે રસ ભકત ।૧૨૧।
ક્ષણું ટુંડી કટીલંક નિરખે છે હરખસું ઘરી તે ધોતી ઘિર
ક્ષણું આસન વાલી બેઠા સોહે અનુપમ શોભાજીનો વિર ।૧૨૨।
ક્ષણું ધોતીની પાટલી અવિલોકી સુભગા રીઝે
ત્યાં મધ્ય પ્રદેશ નિકટ જોઈને સકલ રસ સીઝે ।૧૨૩।

ક્ષણું મનમાં વિચારે છે એમ એ મહા રસ સુખ તણી ખાણ
અતિ અખુટ મધુર રસ નિપજે સુભગા નિરખે છે કાણ્ય ।૧૨૪।
સોહે મૃદુલ મનોહર રસધામ કામ પુરે છે તે રંગે
ક્ષણું ક્ષણું નવ નવો રસ તે તરંગ જુત ઝલકતા ચલકે છે રસ તેજ પુંજો૧૨૫।
ક્ષણું જંઘા જુગલ વિચિત્ર ચતુરા ચપલ ગતે સોહતી
ક્ષણું જંઘાના સુખ તે સુરત કરી સુભગા તે મોહતી ।૧૨૬।
ક્ષણું ઘુંટણ જાનુ ઝલહલતા ઝાતકાર જોઈને રંજે
ક્ષણું જાનુ શોભા જુત ઝલકતા ચલકે છે રસ તેજ પુંજે ।૧૨૭।
ક્ષણું ધોતીની લાવણ્ય રસ જુત સંકોરના માંહે બાલ
એણી પેર વ્હાલોજી ઉત્થાપને સ્વકિયના કરે પ્રતિપાલ ।૧૨૮।
મહા સુંદર વરતે રસિક વર ગાદી તકિયે બેઠા સોહે
શ્રી મુખાર્વીંદ તે ઉત્તર દિશે ભકત ભાવાપન તે મોહે ।૧૨૯।
ક્ષણું શ્રી ચરણાંબુજ અવિલોકે સુભગા તે આનંદની નીધિ
અતિ મૃદુલ મનોહર સ્પર્શતા થાયે તે રસ સુખ સીધી ।૧૩૦।
ક્ષણું કાણાં ઢાંકણા એડી નિરખે છે હરખસું પ્રેમદા પ્રિતે
ક્ષણું પાહની પ્રમોદ પ્રેમે ભરી પ્રહસિત દિસે રસ રીતે ।૧૩૧।
ક્ષણું અરૂણ જયોત અતિ ઝલકે છે ક્ષણુ શ્વેત સુંદર લાગે
ક્ષણું શ્રી કર્ણના તલીયા જોઈ જોઈ મન ઘણુ અતિ પાગે ।૧૩૨।
ક્ષણું રેખા પર ચિત્ત લગ્ન મગ્નતા મનને તે ભારી
ક્ષણું ચુંબન ચારૂ કરે અહી રસ તણી રીત છે ન્યારી ।૧૩૩।
ક્ષણું હૃદયાસુ સ્થાપિત કિધા સુરતિ સમે સુરતિ આવે
મહા મૃદુલ મનોહર ભાવે ભર્યા ચરણ તલાતે ભાવે ।૧૩૪।
હૃદય સ્થાપિત કરી પરિતાપ નસાવે છે સુભગા રંગે
ચરણતલાં સંગે પરિરંભણ કરતા તે પ્રમોદ અંગે ।૧૩૫।
ત્યારે અમોલ દાન તે આપે છે દાનાધીપતિ રસ રમ્ય
દાન ભોકતા તણું મન લહે બીજા સહુને એ રસ છે તે અગમ્ય ।૧૩૬।
ક્ષણું શ્રી ચરણાર્વીંદ તણી પાટલી ઝલકતી નિરખે
માંહે અનુરાગ રૂપીયો રસ ભર્યો તેણે ઉતંગ જોઈ હરખે ।૧૩૭।
ચરણ પાટલી પરમ સોહામણી મોહામણી નાર દિસે
અહીં ક્ષણું ક્ષણું પ્રત્યે પ્રિય કર ફેરે વાત્સલ્ય જોઈ સુભગા હીસે ।૧૩૮।
ક્ષણું અંગષ્ટને અંગુલીદલ અવિલોકે આનંદ મુદા
ક્ષણું નખચંદ્ર જયોત ઉધ્યોતમાં અટકી રહે મનડુ સદા ।૧૩૯।
નખ પંગત સોહે સુચાર મનોહર ઝલકતા ચલકે
શ્રી ચરણાર્વિંદ રસ અભિનવો નિરખતા ચિત્ત ચપલ ઢલકે ।૧૪૦।
ક્ષણું મનમાં એણી પેરે સોચે ચરણાંબુજ રસ અતિ મીઠો
પ્રિય પ્રેષ્ઠ બેઠા છે ગાદી તકિયે શ્રી ચરણ રસને દીઠો ।૧૪૧।

ક્ષણું મુખાર્વીંદ અવિલોકે ને ક્ષણુ અંગમાં ચિત્ત જાય
ક્ષણું આજન બાહુમાં મગ્ન ક્ષણું હૃદયનો રસ ભાય ।૧૪૨।
ક્ષણું ધિરજ ગ્રહીને ઉભા રહે સુભગા તે મહારસ રૂપ
ક્ષણું ક્ષણું પ્રત્યે રસ નૌતન નૌતન પ્રગટે સુખરૂપ ।૧૪૩।
એમ સ્વરૂપ વર્ણન કર્યું રસ ભર્યું ક્ષણું ક્ષણું રસને વાધે
ક્ષણું અવિલોકની માંહે હટકે મટકા જુત મહા રસ સાધે ।૧૪૪।
એહવો રસ તે અગાધી કયાં લગી કહીયે કહેતા પાર ન આવે
એક રસ ભકતની એ અવસ્થા કહી વાનગી માત્ર ભાવે ।૧૪૫।
જે એણી પેરે અવિલોકે છે ક્ષણું ક્ષણું પ્રત્યે નવ નવે રસે
પ્રિય પ્રેષ્ટનું સ્વરૂપ આનંદ જયુત રહે ચિત્ત માંહાં રસ વસે ।૧૪૬।
એક સુભગા તણી અવિલોકની સુચન માત્ર એ કહી
સ્નેહ સંયુકત નિરખે છે વહાલાને તે કૃપાબલે કાંઈ એક લહી ।૧૪૭।
અહીં અસંખ્યાત ઉભા છે સ્વકિય વૃંદ તેહો તણો ભાવ કેમ જાએ લહયો
સહુ આપ આપણે રસે પુરા એ સ્નેહ રસ શી પેરે જાયે કહયો ।૧૪૮।
જેહવું પ્રાગટય બલ પ્રેમાશકત રસ ભકતને કારણે હવું
તેહવી શ્રૃષ્ટિ રસાત્મિક રસ ભરી તેહોને દાન આપે નૌતન નવનવું ।૧૪૯।
એમ ભકત અસંખ્યાત ઉભા તેહોના ભાવ અસંખ્યાત સોહે
તે સહું તણી મનવ્રત લહે છે ચતુરવર ચિત માંહે મોહે ।૧૫૦।
સ્નેહ રૂપી અવસ્થાનો ભેદ ઉચ્ચાર કો કેઈ પેરે કહે
પ્રેમ પાત્ર પ્રેમાશકત જે કો છે તે એ અવસ્થાને લહે ।૧૫૧।
બીજા કોઈ નો તે અહીં ગમ્ય નહી સ્વરૂપાશકત ભકત જાણે
જે જે અવસ્થા વિતે છે અંગમાં તે અનુભવ ચિત્ત ધરીને પ્રમાણે ।૧૫૨।
એક રસ ભકતે પ્રિતમ જોયા તે અવસ્થા કહીં સુચન માત્ર
તેહનો ભાવ કહેવા મારૂં કયાંથી ગાત્ર ।૧૫૩।
હુ ન જાણુ તે વચન રચના તણી પેર હોય કયેમ
પ્રિય સામર્થે એ રસ લખ્યો બહુ પેરે રૂચી વાધે તેમ ।૧૫૪।
કવી ધર્મ તણો જે પ્રકાર તે અણું માત્ર હું નવી પ્રીછુ
એ સ્વરૂપ સંબંધીયો રસ છે તે સ્નેહ આરત જુત ઈચ્છુ ।૧૫૫।
આઠ પહોર સ્વરૂપ રૂપીયો સોચ અંગ અંગ પ્રત્યે ચહે
તેણે કરીયને કુચેન સ્વરૂપ રસ ચિત્ત માંહે દહે ।૧૫૬।
કલ પડવા તે રંચ દે નહી અનુભવ કિધાં જે જે સાર
તે તે રસ સુખ સુરત્વ આવી દહે અગણિત અપરંતે અપાર ।૧૫૭।
વિસ્તાર કરીને કહું કહેતાં લાજુ સ્વકિય મન
બેઠા છે ગાદી તકિયે વ્હાલોજીને નિરખે તે ભાવાપન્ન ।૧૫૮।
ઉથાપન સમય મધ્યની તિબારીમાં ઉત્તર દિશે શ્રીમુખ રાજે
મહા મનોહર રૂપ અનુપ ભુપ ગોકુલપતિ ભ્રાજે ।૧૫૯।

અહીં ખવાસજી લાવે બીડું તે પ્રિતમજીને મહા રૂચીકારી
પ્રથમ જે શ્રી મુખમાં બીડું હતું મુકે વહાલો છબી સોહે ભારી ।૧૬૦।
અધરામૃત દાન દિધું તે લીધું ભકત આનંદ મુદા
વચ્ચે વચ્ચે જલપાન કરીને આરોગે બીડું પ્રિયજી સદા ।૧૬૧।
તે લાવણ્ય લલીત મનોહર કહેતા વિસ્તાર બહુ થાયે
બીડી આરોગતા સુખ તે આપે ઘણું સ્વકિય વૃંદને ચિત્ત ભાયે ।૧૬૨।

ઈતિશ્રી માંગલ્ય પાંત્રીસમું સંપુર્ણમ્

હવે આગલ માંગલ્ય છત્રીસમું લખીયે છે.

શ્રી શ્રી શ્રી શ્રી શ્રી

માંગલ્ય - ૩૬

શ્રી શ્રી શ્રી ગોકુલેશો જય જયતિ, એ માંગલ્ય છત્રીસમું લખીયે છે, એહને ગાવાને અનુકરણ ધોલ છે
જે, વિઠલદાસે વિનવ્યા કરીય બહુ પ્રકાર ઘેર પધારો કૃપા કરી ક્ષણું ન લાઓ વાર
એ ધોલની જાતે ગવાશે તે લખીયે છે.

રસિક શીરોમણી નાથ વલ્લભજી ઉદાર અપાર
ઉથાપન સમય બેઠા છે ગાદી તકિયે પ્રિય સાર ।૧।
લાવણ્ય લલીત મનોહર સુખનીધિ સુખ રસ રાસ
શ્રી અંગ અંગ ઝલકે રસ અભિનવો કોટી પ્રકાશ ।૨।
નિકટ થકા નિરખે ભગવદી બેઠા સુખરૂપ
પ્રિય તણાં અંગ સોહામણાં મોહામણાં છે અનુપ ।૩।
ગુણનીધિ મહા ગુણવંત ગુણે ભર્યા ભરપુર
એહવા અંગ રલીયામણાં અવિલોકે સ્વકિય વૃંદ સુર ।૪।
પ્રિતમ પોતાનો જાણી કટાક્ષ કરે છે રસાલ
વ્રજ યુવતિ અસંખ્યાત ઉભા છે રસિક રસબાલ ।૫।
ભાવ ભેદે રસ ભેદસું પ્રિયને ભરે રસે એહ
પાત્ર ભેદે ફલ ભેદનો સ્વાદ જાણે વ્હાલો તેહ ।૬।
સ્નેહ તણી પરમિત નહીં અવિલોકની સુખધામ
પરસ્પરે રસ સુચન કરે કોટી કલા અભિરામ ।૭।
દાતા ભોકતા તણું મન લહે અવર ન પ્રિછે તે કોય
મહા રસ નિપુણ નાયકને યુવતિ રસે પ્રેમે ભરી જોય ।૮।
તે પ્રકાર પાછલને માંગલ્યે કહયો ઘરી નેહ
ક્ષણું ક્ષણું પ્રત્યે ભાવ ભિન્ન ભિન્ન નિરખતા સુરતિ ન દેહ ।૯।
એક રસિક સુભગાની અવસ્થા કહી સુચન માત્ર
તો અસંખ્યાત રસ ભકત તણો ભાવ કહેવા મારૂ કયાથી ગાત્ર ।૧૦।
છત્રીસમું માંગલ્ય લખીયે છે મનને ઉછાહ
ઉથાપન રસ સુખ અનુપમ અવિલોકતા મીટે દાહ ।૧૧।
વહાલોજી પરમ પ્રસન્ન આનંદ ચિત્તસું અતિ સોહે
અધર અરૂણ ગહેરો ઉન્મત જોઈ સ્વકિય વૃંદ મોહે ।૧૨।
શ્રીમુખ નિરખે છે હરખતા અંગ અંગમાં થયા લીન
સ્વરૂપ રૂપી રસ સાગર મધ્યે ઝીલે થઈ સ્વકિય મન ।૧૩।
રસસું લપેટીયા વચન બોલે છે વહાલો ઘરી પ્રિત
અન્ય ઉપદેશે કરે વારતા સમજીને રસ તણી રીત ।૧૪।
એ મીસે દાન આપે છે સુભગાને પ્રથમ પ્રવિણ
પ્રેમપાત્ર પ્રેમાશકત ભર્યા પ્રિય રસસું નવિન ।૧૫।

ઉથાપન સુખતે સોહામણાં આનંદનો ઉદબોધ
ગાદી તકિયે બેઠા કરે વહાલો ભકતના મનનો નિરોધ ।૧૬।
કોહોને વચનામૃતે પોષે કોહોને તે કટાક્ષ રૂપી દાન
કો પર મુસકની મૃદુલ કરી તે રાખે પ્રિય માન ।૧૭।
કોહોને સ્નેહ સુચન કરે કો પર હીલગ અપાર
કોસું આશકત થયા ઘણું તે રસ કરૂ કેમ ઉચ્ચાર ।૧૮।
કો પર ચિત્તવની ચાલે છે રસ જુત રૂકમણીલાલ
તે રસ અનીરવચનીય સુખ નિરખે રસિક વ્રજબાલ ।૧૯।
કોહોને અવિલોકી ભરી વ્હાલોજી મહા રસ રૂપ
કોહોને બહુ પેરે સુચવે પરિરંભણ તે અનુપ ।૨૦।
કોહોને નિરખતાં સ્નેહ તપ્ત શ્રી અંગે વાધી અવ્યકત
તેણે કરી અમી સુકાયાં વસ્યા મનમાં રસ ભકત ।૨૧।
છીનતા પ્રગટી પ્રમોદસું નિસાસો મહેલે રસ જુકત
આંતરીક પ્રેમ પુરણ વહાલોજી બહુ રસ ભકત ।૨૨।
કોહોને નેત્ર રસે નિરોધે કોહોને વચન અતિ ગુઢ
કોહોને નિરખતાં સુરતાંત થાયે કેમ કહું ગતિ મતિ મુઢ ।૨૩।
કોસુ હુલસ હુલસીયને વિલસે છે મન તણે રંગે
તેણે કરીય પ્રગટે છે પ્રમોદ અંગે તે અનંગ ।૨૪।
કોહોને નિરખીને સુરતિ ભુલ્યા ચંચલ નયણે તે ચાહે
નિશંક નિડર થઈયને જુએ વહાલોજી રસસું ઉમાહે ।૨૫।
કોહોને નેત્રાબુંજ રસે ભરે ધરી મનમાં અતિ નેહ
સુભગા પ્રવિણ એ રસ લહી અનુસંધાન ભુલ્યા દેહ ।૨૬।
મહારાજધાની સભા સંયુકત બેઠા વહાલોજી સોહે
ગાદી તકિયે તે તિબારી મધ્યે નિખીને ભકત સહુ મોહે ।૨૭।
ઉત્તર દિશ શ્રી મુખાર્વીંદ લાગે છે પરમ સુદેશ
એણી પેરે ચિત્તતે નિરોધે છે પ્રિતમ પ્રાણ વરેશ ।૨૮।
રસ તણાં ફેર ફંદ જાણે છે વલ્લભજી તે અપાર
કોહોને જોઈ કર સ્પર્શે છે હૃદય વ્હાલોજી તે સાર ।૨૯।
રસિક સુભગાને સુચવે એમ તમો રાખ્યા હૃદયે મધ્યે પાસ
તમથી અધિક તે કોયે નહી મારે તમો સુખ રાસ ।૩૦।
કોહોને હટકવા હરખ ઘણો સમજીને મહા રસ ગુઢ
કોપર મગ્ન મનોહર રૂપ એ હૃદયારૂઢ ।૩૧।
રહયુ છે સુભગા અંગે સ્થિતી કરી આનંદ પરમ પ્રમોદ
રસ તણાં પાત્રને રસદાન આપે વહાલો અતિ મોદ ।૩૨।
કો સુ ચિત્તવની ગંભીર ગહેરે રસ ચિત્તવે છે નાથ
કોહોને સંકેત સુચન કરે રસ નીધિ ગોકુલનાથ ।૩૩।

કોસુ રયણી રસ વિલાસ તે ફરી સુચવે મહારાજ
તેણે કરીય સંપન્ન હોયે સકલ અર્થ રસ કાજ ।૩૪।
કોહોનો શ્રૃંગાર જોઈયને વિહવલ થયા રૂકમણીલાલ
સ્પર્શને ચિત્ત અકુલાયે તેહ નિરખે રસ બાલ ।૩૫।
કોહોને નેત્રે કરી સુચવે એ સાડી નવ સોહે
ફરી બીજી પહરી આવો વેગ તે રસે મન મોહે ।૩૬।
ભકત તે પરમ રસિલા હસિલા સમઝયા તત્કાલ
રસ કૃપા તણો ભર લહીયને હરખ્યા રસિક વ્રજબાલ ।૩૭।
સાડી પલટી વેગ આવ્યા પ્રિતમે અવિલોકયા ઘરી નેહ
તે રસ સુખ અતિ અનુપમ સુરત ન રહી સ્વકિય દેહ ।૩૮।
કોસુ સ્નેહ રસ ગર્વે ગહેરાઈ રહયા પ્રિય પ્રેષ્ઠ
તેણે કરી બીજુ કાંઈ નવી ગમે સોચે વ્હાલો રસ શ્રેષ્ઠ ।૩૯।
કોહોને સુચવે આ સભા મધ્યે તમો આવી અમ પાસ
આવી ઉછંગે લ્યો અમને તો તમને વંદુ સુખરાસ ।૪૦।
એણી પેરે સુચવીને મુસકાયે વહાલોજી અનુપ
તે સમય ઉદ્બોધ રસનો પ્રગટે તે મહા સુખરૂપ ।૪૧।
એમ રસ ભકતના ચિત્તતે નિરોધે વલ્લભજી વિચિત્ર
ઉથાપને ગાદી તકિયે બેઠા છે વિચિત્ર રસ મિત્ર ।૪૨।
કો પર આલસજુત અંગ એડાવી ચટકે છે એમ
સ્નેહ સંયુકત ઉકતભલી રસિક સુભગા રીઝે જેમ ।૪૩।
કોહોને ભિંતના ચિત્રામણ દેખાડે વ્હાલોજી રંગ
એહ મીસે તે સુચન કરે પ્રિતમજી નિજ સંગ ।૪૪।
રસ તણાં ઉદબોધને અર્થ લખ્યા છે ચિત્રામણ સાર
અનેક ભાંતે રસ પ્રગટાવે પ્રિયને તે અપરંપાર ।૪૫।
ચિત્રામણ તણાં ભાવ ભેદ જોઈ રીઝે વ્હાલો મન
રસિક સુભગા તે નિરખીને થઈ રહયા ભાવાપન્ન ।૪૬।
તેહ તણું ભાગ્ય સરાહી કહે ધન્ય ચિત્રામણે એહ
જેહ પર પ્રિયજી પ્રસન્ન થઈ ચિત્તવે છે તે ઘરી નેહ ।૪૭।
કોહોને કહે અમોએ શું સ્નેહ કિધો રસ રમ્ય
તે નવ પ્રીછો તમો તમને એ રસ છે અગમ્ય ।૪૮।
એમ કહી વિરહ ઉપજાવે સ્વકિયને વહાલોજી રસાલ
ગાદી તકિયે બેઠા છે ઉત્થાપને નિરખે વ્રજબાલ ।૪૯।
અહીયે સ્વરૂપ વર્ણન નિરોધ અર્થ કાંઈ એક કહુંઅ
મિત્ર વિચિત્રતા રસની કૃપાબલે લહુંઅ ।૫૦।
કોહોને નિરોધે કેશ રસ પાન પરમ સુખદ અભિરામ
કોહોને અંબોડો ઢલકતો ચલકતો પુરે રસ કામ ।૫૧।

કોઈ કુંતલસુ નિરોધ્યા કો તિલક પીત કેશ માંહાં
તે શોભા તે જોઈયને સ્વકિય મન ફંદાયા ત્યાંહાં ૧૫૨૧
શ્યામ કેશ ઝલકી રહયા ત્યાં તિલક મીસે સોહે
કુંતલ કેશ પાસ તે જોઈયને સહુકો મોહે ૧૫૩૧
ભાલ વિશાલ રસાલ જગમગે છે સુંદર જયોત
ઉતંગ સુખદ સોહામણું ભાલ રસ ઝલકે ઉદ્યોત ૧૫૪૧
અહીંયે તિલક સેર અભિનવી લાગે છે મહા રસ વેસ
તે મધ્યે શ્યામ રેખા દિસે અતિ પરમ સુદેશ ૧૫૫૧
કોહોને નિરોધે ભ્રકુટી ભલી સોહે છે ધનુષ્યાકાર
ભ્રકુટી ઉભય બિચ તિલક સેર બેહુ સોહે સાર ૧૫૬૧
કોહોને નિરોધે દાન તે નાશા કરે ધરી અતિ નેહ
ફરી ફરીયને અવિલોકતા સુરત ન રહી સ્વકિય દેહ ૧૫૭૧
કોહોને નિરોધે ટોપચા કોહોને વરૂણી નેત્રાંબુજ સંગ
કોહોને ચિત્તવની ચપલ કરી ધરી નેત્ર મધ્યે તે અનંગ ૧૫૮૧
કોહોને કટાક્ષ રૂપી દાન આપી સ્થાપ્યો રસ ધર્મ
અનેક પ્રકારે રસ સુચવે પ્રિયજી જાણે રસ મર્મ ૧૫૯૧
કોહોને નિરોધે ગલસ્થલ રસ માહા પરમ નવિન
મૃદુલ મનોહર રસ નીધિ ગલસ્થલ છે પ્રવિણ ૧૬૦૧
સુભગા તણું અભિરામ કામ પુરણ રસ ધામ
મહા ગુણવંત ગુણે ભર્યા ચતુરાનુ રાખે છે માન ૧૬૧૧
રંગ ભોમ એ રંગે ભરી છબીલી છટીલી છે ઉધ્યોત
ગલ સ્થલ રસ રૂપી કાંત લાગે છે તે સુંદર જયોત ૧૬૨૧
તે નિરખતા સુભગા મન બહુ પેરે વ્યાકુલ થાય
ગલસ્થલ રૂપી સાગર ગહેરો જોઈ મન અતિ ભાય ૧૬૩૧
તે માંહાં ઝીલે સ્વકિય વૃંદ અનુપ રસ લહી ને તે મન
વિવિધી વિલાસ આસ્વાદ અનુપ રસ લે ભાવાપન્ન ૧૬૪૧
કોહોને નિરોધે મોહસર રસે વસે મન માંહે એ સ્વરૂપ
પાર્વતી પતિ મહા રસવંત વરેશ અનુપ ૧૬૫૧
નિરોધ દાન તે કરે રસ ભકતનું સમજીને હેત
જાણે સ્વરૂપ હૃદયારૂઢ થાએ રસ લીલા સમેત ૧૬૬૧
કરે ઉથાપને એહવા ચરિત્ર ગાદી તકિયે પ્રિય સોહે
રૂકમણીલાલ રસાલને જોઈ જોઈ સ્વકિય વૃંદ મોહે ૧૬૭૧
કોહોને નિરોધે દંતાવલી રસ અતિ ગહેરો ગંભીર
ચંચલ ચપલ ચતુર ઘણું દિસે જીભ્યા રસ ધિર ૧૬૮૧
મૃદુલ મનોહર અરૂણ ચલકતા ઝલકે છે અવ્યકત
શ્રીમુખ માંહે માહેલે ઘણું રસના રસિક રસભકત ૧૬૯૧

મુખાર્વિંદ મધ્યે અરૂણતા સર્વત્ર દિસે અપાર
ગહેરો ગંભીર અતિ લાલ મનોહર સોહે તે સાર ।૭૦।
કોહોને નિરોધે અધર તે મધુર રસ માંહા બલવાન
સુભગા તણું રસ ધામ નામ તે અધર રસદાન ।૭૧।
પાન કરે પ્રેમદા પ્રેમવસ રસ આતુર મગ્ન
અધર અરૂણ તે ગહેરો જોઈ પ્રગટી સ્નેહ આશકત લગ્ન ।૭૨।
મૃદુલ મનોહર રસરૂપી અધર પલ્લવ જે છે નામ
સકલ કલા ગુણવંત અનંત રસ પુરણ કામ ।૭૩।
મધુર મધુર ફલ અધર છે પ્રિયજીનો પરમ રસાલ
સ્વાદ તણી પરમિત નહી પાન કરે વ્રજબાલ ।૭૪।
અધર રૂપીયો ભંડાર રસાત્મિક રસે ભર્યો સોહે
ભિન્ન ભિન્ન રસ નૌતન જોઈ સ્વકિય વૃંદ મોહે ।૭૫।
રસિક અધર રસિકાને નિરોધી કરે રસદાન
દાતા ભોકતા તણું મન લહે અધર રૂપી રસપાન ।૭૬।
ઝલકે અધર તેજ પુંજ પ્રકાશ તે અભિનવું રૂપ
લાલ ગહેરે રંગ ચલકતા લાગે છે તે અનુપ ।૭૭।
અધર નિરખતા હરખ ઘણો સુભગા ને અતિ મોદ
સ્પર્શતા સ્વકિયને આનંદ રૂપી પ્રગટે છે પરમ પ્રમોદ ।૭૮।
કોહોને નિરોધે ચીબુક સ્થલે વહાલોજી બહુ રસ ઉકત
ઠોડી સુંદર સોહામણી મોહામણી રસ જુકત ।૭૯।
સુભગા તણું આરામ ધામ પુરક રસ ગુઢ
ઠોડીને રસ મન વસ્યુ છે સ્વરૂપ થયું હૃદયારૂઢ ।૮૦।
કોહોને નિરોધે કર્ણપુટ સકોમલ જે સુખદાયે
વિરલ બાલ તે બિરાજે છે કહીં કહીં જોઈ મન ભાય ।૮૧।
કર્ણપુટે દિસે છે તિલક અનુરાગની રેખ
કો સમય મુકતા મણી પહેર્યા ચલકે છે પરમ વિશેષ ।૮૨।
શુભ્ર ગોલ જગમગ કરે લાલ મણી મધ્યે સોહે
શ્રીકર્ણે પરમ વસિલા રસિલા જોઈ સ્વકિય મોહે ।૮૩।
કોહોને નિરોધે ગ્રીવા ગંભીર સ્વર તે ઉચ્ચાર
કાપુર ગ્રીવા ઘાટી જુત રેખા સોહે સાર ।૮૪।
ગાલ સુઠાણ વખાણ વચને કરી કહયુંઅ ન જાયે
ગ્રીવા વિચિત્ર રલીયામણી નિરખી શાંતા બહુ થાયે ।૮૫।
કોહોને નિરોધે ખંભા પર જનોઈ ઉપરેણો વિચિત્ર
ઉથાપન સમય ગાદી તકિયે બેઠા છે શ્રી વલ્લભજી મિત્ર ।૮૬।
નિરોધ દાન કરે ભકતને સ્વરૂપ રૂપી ફલ જેહ
તેણે કરિય અન્ય વ્યસંગ બીજો નવી રહે તેહ ।૮૭।

સ્વરૂપ રૂપીયો સોચ વસે ચિત્તમાંહાં અભિરામ
તે સ્વસંગે કરીયને થાયે સર્વ પુરણ કામ ૧૮૮૦
કોહોને નિરોધે અજાન બાહુ દંડે રસનો ઉદબોધ
ચંચલ ચપલ ચતુર ઘણું રસ જુત કરે છે નિરોધ ૧૮૯૦
અજાન બાહુ મહા રસ તણો સાગર ઉમડે અવ્યકત
તે ઉધ્ધી રસ રૂપને સ્વાદ લહે રસ ભકત ૧૯૦૦
કોહોને નિરોધે કાંડા ને પહોંચલા સોહે પરમ સુદેશ
પાણય પલ્લવે મુદ્રિકા પહેરી છે તે પ્રાણ વરેસ ૧૯૧૦
નવલ રંગ નંગ ઝલકતા ચલકે છે અતિશય ઉદ્યોત
મુદ્રિકા મહા રસ રૂપ ધરી છે તે સુંદર જયોત ૧૯૨૦
નખમણી નવલ ગોકુલધણીના ચમકે રસરૂપ
ઝાતકાર ઝલમલતા તે સોહે છે પરમ અનુપ ૧૯૩૦
નખમણી કાંત નિર્મલ ઘણું અવિલોકતા સુખ થાયે
શ્વેત અરૂણ આભા જોઈ જોઈ મનમાં અતિ ભાયે ૧૯૪૦
કોહોને નિરોધે કરાંબુજ કોમલતા નહીં પાર
સ્પર્શ તણું સુખ સ્વકિય લહે કેહી પેરે કરે ઉચ્ચાર ૧૯૫૦
કરતલ મધ્યે રેખા રસભરી પ્રિયજીએ વર્યા વ્રજબાલ
તે તણાં ભાગ્યને કેમ કહું સોહે છે પરમ રસાલ ૧૯૬૦
શ્રી કરકમલને નિરખતા હરખે છે સ્વકિય મન
સ્પર્શ આતુરતા વાધે ઘણું જોઈ રહયા ભાવાપન્ન ૧૯૭૦
કોહોને નિરોધે હૃદય રસ સુભટ શીરોમણી નામ
પરમ ચતુર ચતુરાઈસું સુભગાના પુરે કામ ૧૯૮૦
હૃદય વિશાલ રસાલનો પામે નહીં કોઈ અંત
ત્યાં કુચ ફલ કમની રમણી સોહે મહેમંત ૧૯૯૦
પરમ રસિલા રસે ભર્યા અનુપમ કહયા કેમ જાય
સુજાતિ સ્વકિયને પ્રિયના કુચ ફલ જોઈ શાંતા થાયે ૧૦૦૦
શ્રી પ્રભુના કુચ રસનો સ્વાદ લહે સુભગા સુજાણ
મહાફલ માધુર્યતા માનીની કર કમલ ઉમાણ ૧૦૧૦
શુભ્ર ગોલ ઝગમગતા સોહે છે પરમ રસાલ
અહીંયે માલાવૃંદ રસિકાના રસિલા વિલસે વ્રજબાલ ૧૦૨૦
શ્રી પ્રભુના હૃદય પરમ લાગે છે સુંદર જયોત
કો સમય ગુંજામાલા પહેરી ગહેરે રંગ છે ઉધ્યોત ૧૦૩૦
કોહોને નિરોધે પાર્શ્વ પીઠ રસ પરમ પ્રવિણ
ગુંજા માલા તણું ફુંદણુ વિચિત્ર તે પરમ નવિન ૧૦૪૦
પીઠ પ્રણાલનો લંક બંક રાજે અનુપ
ઉદર શોભા શીરોમણી ઝલકે છે મહા રસ રૂપ ૧૦૫૦

મૃદુલ ઉદર અતિ રસ ભર્યું આભા અરૂણ શ્વેત રંગ
જગમગ જયોત પ્રસરી છે ઉદર પર સંગ ।૧૦૬।
રસિક નાયકા નિરખે છે ઉદર તણી થોંદ અવ્યકત
ઉદરનો સ્પર્શ ચિત્ત ધરે રસિકા રસિક જે ભકત ।૧૦૭।
ટુંડી રસાત્મિક રસ ભરી નાર એ રસ જુત સોહે
કોહોને નિરોધે કટીલંક બંકે રસિક ત્રીયા મોહે ।૧૦૮।
નિતંબ તણી નરમાઈ તે સુખદાયી સ્વકિયને અપાર
કટીસર બિરાજે એ રસ કેમ કરૂં ઉચ્ચાર ।૧૦૯।
નિતંબ નિપુણ ગુણવંતનો પામે નહીં કોઈ અંત
સુરત સમે રસપુર સુર સોહે મહેમંત ।૧૧૦।
ધોતી પહેરી કટીલંકે નિતંબ લપટી રહી જેહ
પરમ સુંદર સોહામણી શ્વેત ધોતી ધરી તેહ ।૧૧૧।
તેહના કાછકછા છે શ્રીજીએ ધરી બહુ પ્રિત
ધોતીની પાટલી વિચિત્ર મિત્રની સોહે રસ રીત ।૧૧૨।
કોહોને નિરોધે મધ્યસ્થલ પ્રિયજીનું પરમ પ્રવિણ
અખુટ અથાહ ફલ નીપજે રસ રૂપીયા તે નવિન ।૧૧૩।
સ્વાદ અનુપમ મધુર વચને કરી કહયો નવી જાય
તે ફલ પ્રિય પ્રેમદાને તે સ્પર્શતા શાંતા થાયે ।૧૧૪।
મહા રસ રમ્ય અનુપમ રસરૂપ પરમ નિધાન
અનીરવચનીય વિચાર સ્વકિય તણું રાખે માન ।૧૧૫।
કોહોને નિરોધે જંઘા જુગલ વિચિત્ર તે પરમ રસાલ
મહારસસું પરવેષ્ટીત તે નિરખે વ્રજબાલ ।૧૧૬।
અતિ ઉન્મત મયંદ ગતિ સુર સાર રસ જાણ
પરમ ચતુલ ચપલ ઘણું શું શું કહીયે તે વખાણ ।૧૧૭।
જંઘા રૂપી રસ પ્રબલ પ્રતાપ જે રસ તણી રીધ્ધ
તેણે કરી સંપન્ન હોયે રસે ભરી જે નવ નીધ્ધ ।૧૧૮।
એહવી જંઘા તે સોહામણી મોહામણી છે અવ્યકત
તેહ તણાં ફલરસ રૂપને સ્વાદ જાણે રસભકત ।૧૧૯।
કોહોને નિરોધે ઘુંટણ રસ કોહોને જાનુ ઘર વિર
ગાદી તકિયે બેઠા સોહે છે શોભાજીનો વિર ।૧૨૦।
જાનુ જુગલ ખંભ અભિનવા ચલકતા ઝલકે ઉધ્યોત
મૃદુલ મનોહર રસ રૂપી લાગે છે સુંદર જયોત ।૧૨૧।
અરૂણ શ્વેત ઝાંઈ ઝલમલે સચિકણ તે રસ વેસ
જાનુ જુગલે રસ અનુપમ સોહે છે તે સુદેશ ।૧૨૨।
કોહોને નિરોધે કાણાં ગુલફની ગર્વીત રસ રૂપ
શ્રીચરણ ભકતને ભરણ વરણ કરણ તે અનુપ ।૧૨૩।

ગુપ્ત રસ જે મહા ગુઢ હૃદયારૂઢ સ્વરૂપ રસ પાન
કરવાવે છે એ ચરણાર્વિંદ રસ ભકતનું રાખે માન ।૧૨૪।
કોહોને નિરોધે એડી રસ વસ થયા ભાવાપન્ન
પરમ મૃદુલ એ મનોહર તે જાણે છે મન ।૧૨૫।
શુભ્ર સુઢાલ અરૂણ રંગ શ્વેત આભા સહે એહ
ચમકતી ચારૂ ચોરસ મલી એવી એડી સોહે તેહ ।૧૨૬।
પાહની પ્રેમાશકત પ્રેમવંત પ્રેમે પુરીત છે રસાલ
પ્રેમદા પ્રહસિત થઈ અવિલોકે છે રસબાલ ।૧૨૭।
પાહની સોહામણી મોહામણી મહેમંત
ચલકતી ઝલકે શોભા ભારી નિરખે છે આશકત વંત ।૧૨૮।
કોહોને નિરોધે અંગુષ્ટા અંગુલી દલ પ્રિયજીના સાર
નખમણી ચલકે ચરણ તણાં અદ્‌ભુત સોહે અપાર ।૧૨૯।
શ્વેત અરૂણ ઝાંઈ ઝલમલે નખચંદ્ર પરમ ઉધ્યોત
સચિકણ શુભ્ર સોહામણાં સુંદર લાગે છે જયોત ।૧૩૦।
કોહોને નિરોધે છે ચરણ તલા નિર્મલા રેખા સંયુકત
સ્થાપિત કર્યા સુભગા હૃદય વિવિધ રસે રસ ભુકત ।૧૩૧।
શ્રી ચરણાર્વિંદ તણી સ્વકિયને રસિક ધન
ધાન્ય નેહ નિરખતાં માત્રે પ્રગટે રસ રૂપીયુ જ્ઞાન ।૧૩૨।
પરિરંભણ પ્રેમે કરે સ્નેહ ચુંબન અભિરામ
તે તણો સ્વાદ સ્વકિય લહે ચરણ તલા જે પુરે કામ ।૧૩૩।
કોહોને નિરોધે ઉતંગ અનુરાગે ભરી પાટલી સોહે
ચંપક વરણ સુચારૂ તે જોઈયને સ્વકિય વૃંદ મોહે ।૧૩૪।
ચરણાર્વિંદ રસ અભિનવો નૌતન હવો છે પ્રકાશ
અખુટ અથાહ રસ અનુપમ પ્રગટે છે રસરૂપી રાસ ।૧૩૫।
તેહ ચરણાર્વિંદ મકરંદ રસ પાન કરે વ્રજબાલ
અહર્નીશ આઠોપહોર કરે એ ભકતના પ્રતિપાલ ।૧૩૬।
સ્નેહ સયુકત ઉકત ભલી જાણે છે શ્રી ચરણારવિંદ
મનોહર માધુર્યતા સંયુકત મનોહર ચરણ આનંદ કંદ ।૧૩૭।
એણી પેરે ચિત્ત તે નિરોધ્યા ભકતના વ્હાલોજીએ નેમ
સ્નેહ રસાત્મિક રસ ભર પુરણ રસ પ્રગટે જેમ ।૧૩૮।
ગાદી તકિયે બેઠા છે ઉથાપને રસ સુખ ભોગ
નિરોધદાન આપી ભકતને સ્થાપીયો રસનો સંજોગ ।૧૩૯।
ગુપ્ત લીલા વિસ્તાર રણ રસ કારણ પ્રિય સોહે
શ્રીઅંગમધ્યે રસ લાવણ્ય જોઈ જોઈ સ્વકિય વૃંદ મોહે ।૧૪૦।
મિત્ર વિચિત્ર અનુપમ સ્નેહ રૂપી રસધામ
પરમ સુંદર તે શોભા ભર સોહેશ્રી વલ્લભજી નામ ।૧૪૧।

તેહ કરે છે નિરોધના દાન પાન રસ રમ્ય
એતન માર્ગીય શ્રૃષ્ટિ લહે બીજાને રસ એ અગમ્ય ૧૧૪૨૧
નિરોધે નિરોધાઈ રહયું મન તન ઉભય સ્વરૂપે અપાર
તેણે કરી કાંઈ નવી ગમે રમે છે સ્વરૂપ અંગ સાર ૧૧૪૩૧
એહ સ્વસંગ રૂચે એતન માર્ગી જેકો શ્રૃષ્ટિ
નિરોધ તણે રસવસ થઈ કરી વ્હાલે રસ વૃષ્ટિ ૧૧૪૪૧
ઉથાપન સમય આપ્યું દર્શન સુખ નિરોધન સમેત
શ્રી અંગથી પ્રગટે મધુર રસ સ્વકિય તણે હેત ૧૧૪૫૧
તે વચનમાં આવે નહીં સમઝે તે અનુભવી પાત્ર
પ્રિય તણો રસ તે અગાધ્ય કહેવાને મારૂ નહીં ગાત્ર ૧૧૪૬૧
નિરોધ તણાં તે પ્રકાર લહે વહાલો અનંત અપાર
સુચન અર્થે નિરોધ રસ કહયો કાંઈ એક તે ઉચ્ચાર ૧૧૪૭૧
ગાદી તકિયે બેઠા છે ઉત્થાપને પ્રિયજી રસાલ
ભકતે આંગણ તે ગહેગહી ભર્યું પ્રિતમ કરે પ્રતિપાલ ૧૧૪૮૧
મહા રાજધાની સભા મંડળ મધ્યે સ્વરૂપ સુદેશ
રૂકમણીલાલ બિરાજે શ્રી અંગ દિસે રસવેસ ૧૧૪૯૧
અધુર અરૂણ નિરખે પ્રેમદા પ્રેમેભરી રસમુલ
ત્યારે ધિરાનું ધિરજ ઘસી ખસી ગયું પ્રિય અનુકુલ ૧૧૫૦૧
સ્નેહ સંયુકત રસ તપ્ત સું કરે છે અધર રસ પાન
શ્રી અંગ તણો મરકંદ માધુર્યનું કરે પ્રિય દાન ૧૧૫૧૧
એણી પેરે સુભગા અંગે સ્વરૂપ થયુ હૃદયારૂઢ
નિરોધ દાન તણાં પાન કરે છે તે મહા રસ ગુઢ ૧૧૫૨૧
એક એક અંગમાં મન મગ્ન લગ્નતા કહી કેમ જાયે
તે વચને કરી કેમ કહું સ્વરૂપ હૃદયારૂઢ થાયે ૧૧૫૩૧
તેણે કરીય રસ અર્થ સકલ સીઝે સ્વકિયના જે અનંગ
નિરોધ દાન કરે રસજુત સ્નેહ સંયુકત વહાલો રંગ ૧૧૫૪૧
સુભગા તણાં મન તન તે નિરોધે પ્રિય સંગ
સ્વરૂપના અંગ માંહાં થઈ રહયા મગ્ન રસિક ત્રીયા સંગ ૧૧૫૫૧
એ રૂચે રૂચી વાધતી અવર ન ભાવે કાંઈ મન
ઉથાપન સમય એમ અવિલોકે પ્રિયજીને ભાવાપન્ન ૧૧૫૬૧
પ્રિતમ તણાં અંગ નિરખતા નેત્ર તે મટકે ન લેશ
રસ પાન કરે પ્રેમ પુરિત નયણાં તે મહા રસ વેશ ૧૧૫૭૧
રૂકમણીલાલ ઉદાર વરને નિરખી મન મોહે
શ્રી અંગ પરમ સુંદર તે રસજુત શોભા સોહે ૧૧૫૮૧
હવે આગલો પ્રસંગ લહેશું કહેશું કાંઈ એક તે ઉચ્ચાર
તેહ સાડત્રીસમે માંગલ્યે સુણજો સ્વરૂપ રસ સાર ૧૧૫૯૧

દંડવત કરૂં મારા મિત્રને ચરણાર્વિંદ ધરી નેહ
જેણે કરીયને સંપન્ન હોય આગલો રસ બહુ તેહ ૧૧૬૦૧
પ્રિતમ પરમ પ્રવિણ નવિન રસના જ્ઞાતા નામ
શ્રી વલ્લભજી તે ઉદારવર ભકતના પુરે કામ ૧૧૬૧૧
નવ નવે રસે કરી નિરોધે પ્રબોધે તે રસ તણું મુલ
એ રસે તે આઠો પહોર રહે ભકત પ્રિય અનુકુલ ૧૧૬૨૧
નિરોધ તણું સુખ મન ધરી અવિલોકે સ્વરૂપાનંદ
ગાદી તકિયે ઉથાપને બેઠા છે હંસે મંદ મંદ ૧૧૬૩૧
તે શોભાને શોભા જોઈ લાજી રહી અંગ અંગ
શ્રીમુખ કમલ કોમલ પ્રહસિત છે અરૂણ રંગ સંગ ૧૧૬૪૧
તેની જયોત જગમગી રહી અનીરવચનીય વિસ્તાર
અરૂણ ઝાંઈ ઝલમલે કરે સાર તણું સુખ સાર ૧૧૬૫૧
ચમકે ચલકે રસરૂપ અનુપ મુખાર્વીંદ એહ
પ્રેમદા જોઈ જોઈયને સરાહે છે રસ ભર તેહ ૧૧૬૬૧
ક્ષણું ક્ષણું પ્રત્યે રસ નવ નવો મુખાબુંજે દિસે અનુપ
પ્રેમ પાત્રને પારખુ ભલા જાણે છે સુખ રૂપ ૧૧૬૭૧
પરખી લીધો રસ પ્રિય તણો હરખ્યા મન રસ ભકત
મહા ફલ રસ સંયુકત વલ્લભજીના અંગ છે અવ્યકત ૧૧૬૮૧

ઈતિશ્રી માંગલ્ય છત્રીસમું સંપૂર્ણમ્
શ્રી શ્રી શ્રી શ્રી શ્રી

માંગલ્ય - ૩૭

શ્રી શ્રી શ્રી વલ્લભો જય જયતિ, એ માંગલ્ય સાડત્રીસમું લખીયે છે, એહને ગાવાને અનુકરણ
તે વચન જે, "ભકતરાજ શિરોમણીને પ્રથમ કરૂ પ્રણામ,
શ્રી અંગ સર્વ વિવરણ કરતા, પુરણ થાયે કામ" એ જાતે ગવાશે.

શ્રી વિઠલસુત લાડીલો તે શ્રી વલ્લભજી છે નામ
ઉથાપને ગાદી તકિયે બેઠા છે ભકતના પુરે છે કામ ।૧।
ઉદારવર એ રસિક સ્વરૂપ તે કહયું કેહી પેરે જાય
અંગ અંગ સુખદ શીરોમણી અવિલોકી શાંતા થાય ।૨।
પ્રાણ પ્રિય પ્રાણાધિપતિ પ્રાણ જીવન ધન છે અનુપ
રસ ભકતને અર્થે પ્રગટયા છે પાર્વતીપતિ એ સ્વરૂપ ।૩।
રસ રમણ તણો ઉદબોધ અંગે દિસે છે અપરંપાર
કરૂણામઈ કારણ સંયુકત સોહે પ્રિતમજી સુચાર ।૪।
તે રસ રસ ભકત જાણે અનુભવી જે પાત્ર
કારણ કાર ન વહાલા તણું કહેવા મારૂ ગાત્ર ।૫।
હું તો કાંઈ સમઝુ નહીં જે શાસ્ત્ર રૂપી વાત
સ્વરૂપ ફલ જોઈ જોઈયને હૈયડે હરખ ન માત ।૬।
એહસું ચિત્ત રંગ રંજુ આનંદ પરમ પ્રમોદ
શાસ્ત્ર સકલ હું વારી નાખુ એ સ્વરૂપ પર અતિ મોદ ।૭।
રૂકમણીલાલ રસાલ રંગે અંગે અનુપમ સોહે
તે તણો તે પ્રતાપ પ્રેમ જોઈ જગત સહુ મોહે ।૮।
રસ ભકત અંગાભર્ણ વહાલાને નિરખી હરખે મન
સ્વરૂપ રૂપી ફલ રસે ભર્યું જુએ છે ભાવાપન્ન ।૯।
તે સુખ રસ ભકત જાણે તે અંતરંગ અનુકુલ
શ્રી અંગ રૂપીયા પુષ્ટ રસનું સમજે મહા રસ મુલ ।૧૦।
એ રસ સયુકત વહાલોજી બેઠા છે ભલી રીત
ગાદી તકિયે સ્નેહસું સોહે છે રસ ભરી પ્રિત ।૧૧।
તેહ પ્રકાર કહી આવ્યા પાછલે માંગલ્યે રસ સાર
નિરોધ દાન પ્રિતમે કર્યું રસ ભકતને અપરંપાર ।૧૨।
તેહ સુખ સ્વકિય મન જાણે અવર ન પ્રિછે કોઈ
સુજાતિ સુભગા મલી પ્રિયજીને રસ ભર્યા જોય ।૧૩।
અગ્યારમું માંગલ્ય એ ઉથાપન તણું સુખરૂપ
સર્વ મલીને એકત્ર કરતા એ સાડત્રીસમું છે અનુપ ।૧૪।
સાડત્રીસમું માંગલ્યએ લખીયે છે મન તણો ઉછાહ
સમે સમે પ્રિયને જુએ છે કરે મેટીયે તે દુઃખ દાહ ।૧૫।

તે લહે છે રસિક જન જે અનુભવી રસ માત્ર
મહા રસિક રસ સુખ સદા તે કહયાં સુચન માત્ર ।૧૬।
ભિન્ન ભિન્ન માંગલયે કરી કહયું દર્શન સુખ અભિરામ
દાન દિધા અતિ ઘણાં વહાલે પુર્યા ભકતના કામ ।૧૭।
દાતા રસિકવર રમ્ય રાજે કાજે ભકતને એહ
પરમ પ્રિય ઉદાર શીરોમણી સોહે વલ્લભજી તેહ ।૧૮।
મારગ ઉકત ફલદાન પ્રભુજી આપે છે અપરંપાર
સુખદ સુભગ સોહામણાં તે ભકત લહે અતિ સાર ।૧૯।
પણ સ્વરૂપ રૂપી ફલદાન રસિક તે અનીરવચનીય અમોલ
એ રસ સમાન બીજુ કાંઈ નથી તે કોહોને કરૂં સમતોલ ।૨૦।
એ સ્વરૂપ ફલ રસદાન દુર્લભ નિપટ પ્રબોધ અગાધ્ય
પણ સુજાતિ રસિકા રસિકને સ્નેહે એ રસ સાધ્ય ।૨૧।
સ્વરૂપ રૂપીયું રમણ રસસુખ અનુભવ્યુ જેણે સાર
તેહને તે બીજુ કાંઈ નવી ગમે કેમ કરી કહું ઉચ્ચાર ।૨૨।
આઠ પહોર આશાએ ભર્યું મન લોચે છે ઘણું તેહ
દાન પ્રિય પ્રિતમ તણાંનો છે મનોરથ બહુ એહ ।૨૩।
તે હવે પામે નહી તેણે વલવલે સ્વકિય મન
સુરતિ પ્રિયની સુરતિ કરી દુઃખપામે ભાવાપન્ન ।૨૪।
વલી કોઈ સમય એમ કરે અંતર રમણે વ્હાલો પાસ
સંબંધ ભર સુરત્વસું સુરત કરે રસ રાસ ।૨૫।
એણી પેરે આઠો પહોર ચિત્ત સ્વરૂપમાં રહે મગ્ન
કયારે વિપ્રયોગમાં રમે કયારે સંયોગ રસસું લગ્ન ।૨૬।
એહવા રસભકત ભાગ્યવાન જેહને સ્વરૂપી ધન સોહે
તે પ્રિય રસિકાને છે રસભર્યું સ્વરૂપ જોઈ મોહે ।૨૭।
ઉથાપને આનંદજુત સંગ પ્રેમરૂપી પ્રમોદ
ગાદી તકિયે બેઠા છે વહાલોજી તે અતિ મોદ ।૨૮।
રસ ગર્વ ગર્વીત ગુણનીધિ રસ ગુણ તણો ભંડાર
મોટે તકિયે ટેકો દેઈ બેઠા છે પ્રિયજી સાર ।૨૯।
તે સમય શ્રી અંગ શોભા દિસે છે પરમ નવિન
હૃદય ઉરોજ ઉતંગ સોહે મોહે છે સ્વકિય તે પ્રવિણ ।૩૦।
ચમકતા ચલકે ઘણું ચપલા જે માલા રસાલ
હૃદય રૂપી દાન સંગ સુરત કરે વ્રજબાલ ।૩૧।
મુખાંબુજ એ મનોહર રૂપે અભિનવું તે સુચાર
નાસા પ્રફુલ્લીત જોઈને તે મોહે કૌટીક માર ।૩૨।
નયણ વયણ વિણ સુચવે મહારસ તણાં ઉદ્બોધ
ચલકે ચતુર ચંચલ પણે રસ ભકતનો કરે તે નિરોધ ।૩૩।

અધર અરૂણ ગહેરો ગંભીર જોઈ સુભગા મન લલચાયે
અમૃત અધર રસ પુષ્ટ પ્રેમ જોઈ જોઈ શાંતા થાયે ।૩૪।
ભાલ ઉતંગ પર તિલક તેજોમઈ છે મહા સુખરૂપ
બંક ભ્રકુટી રાજે છે તેહની શોભા દિસે અનુપ ।૩૫।
એણી પેરે શ્રીમુખ કમલ રસ સ્નેહ છે પરમ રસાલ
તેહ તણો મકરંદ રસપાન કરે છે વ્રજબાલ ।૩૬।
ખવાસજી ત્યાં આવી બેઠા પ્રિય પ્રિતમને પાસ
બીડું કર મધ્યે લાવીયાં છે સુખ તણી જે રાસ ।૩૭।
પ્રથમ બીડુ મુખમાં હતુ તે મુકે છે વહાલોજી વેગ
ગાદી તકિયે થકા કાંઈ એક ખસે એહવો પ્રિયને નેગ ।૩૮।
પછે તે ગ્રીવા નિહોરાવે કર હૃદયે સ્પર્શે સાર
મુખાંબુજ વિકસીત કરી બીડુ મુકે જાણે રસધાર ।૩૯।
તે રસ તષ્ટિ તે ચાખે નાયકા અભિરામ
એ મીસે કરીને પ્રિતમજી રસભકતના પુરે કામ ।૪૦।
દાન અધરામૃત તણું આપ્યું તે મહા રસ મુલ
ભકત રસિક સમાજ સહુ ઉભા છે પ્રિય અનુકુલ ।૪૧।
ભાગ્ય બલે કોઈ કોઈ પામે અધરામૃત રસરૂપ
સ્વાદ ફલ રસ અનીરવચનીય કેમ કહું તે અનુપ ।૪૨।
અધરામૃત રસ પામિયા વામિયા સંસાર રૂપી દુઃખ
અંગ અંગની આરત મીટી પ્રગટયા અપરમિત સુખ ।૪૩।
અધરામૃત રસે ભર્યો છે કર પરમ સુખદ નવિન
તે કર નેત્રાંબુજે ફેર સુભગા પરમ પ્રવિણ ।૪૪।
સ્નેહસું આરત ભર્યા કર છાતીએ સ્પર્શે એમ
વ્હાલોજી પરમ પ્રસન્ન થઈ અંતર રમણે મલે જેમ ।૪૫।
એ રસ સુખ સુભગા જાણે અવર ન પ્રિછે કોય
પ્રિયને ગાદી તકિયે બેઠા જોઈ આનંદ મંગલ હોય ।૪૬।
જલપાન ગડુઓ આપીયો નિજભકતે પ્રિયજીને હાથ
કરાંબુજ વિકસીત કરી લે તે કરૂણા નાથ ।૪૭।
વલતું તે શ્રી મુખાર્વીંદ ઉંચુ કરે શુભ સાર
તે વિકસીત કરીયને માંહે મુકે છે જલધાર ।૪૮।
પરમ સુખદ સોહામણી મોહામણી રસ રૂપ
પાતલી પરમ વિચિત્ર લાગે તે ધાર દિસે અનુપ ।૪૯।
શ્રી વલ્લભજી રસે લાડીલો રહી રહી કરે જલપાન
શ્રી મુખાંબુજ વિકસીત કરી રસ ભકતને આપે દાન ।૫૦।
ત્યારે ભકત પ્રેમે વાત્સલ્ય કરે .....લે રાખે હસ્ત
જલ તણી બુંદ પડે રખે ભિજે વસ્ત્ર રૂપી જે વસ્ત ।૫૧।

ભાગ્યવાન એહવા ભગવદી જેહને પિયસું છે અતિ નેહ
આઠ પહોર પ્રિતમનું વાત્સલ્ય કરે નવી રહે સુરત્વ તેને દેહ ૧૫૨૧
એણે પેરે જલપાન કરે મીઠો મિત્ર વિચિત્ર રસાલ
મુખ કમલ કમલાવતી રસિક જુએ છે રસ ચક ચાલ ૧૫૩૧
જલપાન કરે તો ગ્રીવા સોહે અભિનવી તે અવ્યકત
રેખા સંયુકત દર્શન કરે અનુભવી જે ભકત ૧૫૪૧
તે સમય દિસે ઉતંગ ગ્રીવા ચલણ વલણ સુચારૂ
મુખ કમલ માંહાં થકી આવે છે જલ તણી જે રસધાર ૧૫૫૧
કરીને જલપાન જયારે પહોંચીયા પ્રિય પ્રેષ્ઠ
નિકટવર્તી નિકટ રહી લેઈ ગડુઓ અતિ શ્રેષ્ટ ૧૫૬૧
વલતાં અંગુલદલ વ્હાલો ફેરે છેનેત્રે નેમ
સ્નેહ જલ ભર્યા શીતલ લહી સ્વકિય વૃંદ રીઝે જેમ ૧૫૭૧
વલતો તે કર પુછીને મુખ કમલ કરે ભલી રીતી
હવે તે બીડું આરોગશે પ્રિતમજી રસ જુત પ્રિત ૧૫૮૧
તે શોભા રસ ભરી રસ રૂપીયા ફલદાન
બીડા મીસે પ્રિય રાખે છે રસ ભકતના રસમાન ૧૫૯૧
પ્રહસિત કર્યું જમણું કરાંબુજ કોમલ તે સુખરૂપ
સનાલ તે સોહે ઘણું તે માંહાં લીધુ બીડુ અનુપ ૧૬૦૧
ચાંપુઓ ચલકે અતિ ઘણું મુદ્રિકા સહિત સુવેસ
ટચી આંગલી તે ન્યારી પ્રિતમજી સુભગ સુદેસ ૧૬૧૧
મુખાંબુજ વિકસીત કર્યું મકરંદ ફેલ્યો અવ્યકત
બીડું તે મધ્યે નાખ્યુ પ્રિયે તે જુએ ભકત અનુરકત ૧૬૨૧
લઘુ લાઘવે લાવણ્ય સહિત ચંચલ પણો સુખ દેણ
બીડું એણી પેરે આરોગીને પછે બોલે મીઠા વયણ ૧૬૩૧
કપુરદાની આગલ ધરી ખવાસજી કરી નેહ
તેમાંથી ચીપટી ભરી લીધુ કપુર પ્રિય તેહ ૧૬૪૧
પ્રસન્ન મનસું આરોગીયા કપુર કરૂણાનાથ
મુખ કમલ પ્રહસિત કર્યું તે જુએ સ્વકિય વૃંદ સાથ ૧૬૫૧
ચુનાની ગોલી કરી પ્રિય લીધી તે ઉલટ અંગ
જેણે કરી અંગ સંગના સુખ હોય તે અતિ રંગ ૧૬૬૧
એણી પેરે બીડુ આરોગીને સ્નેહવાનની પુરી આશ
હવે રસ ભાવ કાંઈ એક કહું તે રસ રાસ ૧૬૭૧
સુંદર વર વાલ્યમો મીઠો મિત્ર પરમ સુચારૂ
ઉથાપને ગાદી તકિયે બેઠા છે પ્રિતમજી અતિ સાર ૧૬૮૧
ભકત પરમ સોહાગીયા પાગીયા છે રસમાં મગ્ન
તે અવિલોકે છે પ્રિયને સ્નેહરૂપી છે લગ્ન ૧૬૯૧

કયારે મન સંજોગ માં ભલી રહે તે રસાલ
કયારે વિપ્રયોગ રૂપી રસમાં પાગી રહયા વ્રજબાલ ૧૭૦૧
કયારે આશકતતા મનને પ્રગટે છે અતિ જોર
કયારે રસરૂપી કટાક્ષનો કરે છે પ્રિયની ઓર ૧૭૧૧
કયારે મન આતુર ઘણું સંગમ રસને અકુલાય
કયારે સંકોચ રસ ભર્યો રસ ભકતને તે થાય ૧૭૨૧
કયારે મોદ મોહામણો પ્રગટે તે અપરંપાર
સણગટ સહિત વ્રજનાર જુએ પ્રિતમના સુખ અતિસાર ૧૭૩૧
કયારે મન હટકે છે હરખે વહાલાને ઘરી નેહ
કયારે ઘસીય લપટાય અંગે સ્નેહ ભર્યા સ્વકિય તેહ ૧૭૪૧
કયારે સુર સુભટ થઈયને કરે છે રસ કેલ
અંગવદ થઈ અંગ રૂપીયા કાજ કરી કર્યો રસ મેલ ૧૭૫૧
ત્યારે તે પ્રિયને સુખ ઘણું પ્રગટે છે અંગે અવ્યકત
એ રસ છે અનિરવચનીય સમઝે છે રસ ભકત ૧૭૬૧
કયારે પ્રિયને તે રીઝવે ઈક્ષણે કરી અનુકુલ
પ્રેમ પુરણ પુષ્ટ રસનું જાણે છે મહામુલ ૧૭૭૧
કયારે અંગે આરત ઘણી સ્નેહ ભરી રસરૂપ
કયારે પ્રગટે છીનતા અંગે પ્રેમે ભરી તે અનુપ ૧૭૮૧
કયારે તે અમીય સુકાય છે અંગે તપ્ત પ્રગટી રસાલ
કયારે ગદગદ કંઠ ભરાઈ રહયા છે તે વ્રજબાલ ૧૭૯૧
કયારે સ્નેહ જલસુ ભરે નયણ તે અતિ અભિરામ
કયારે પ્રહસિત થઈયને પુરે છે પ્રિયના કામ ૧૮૦૧
કયારે મનમાં સોચે છે પ્રિતમ તણાં જે જે દાન
સુરત સમે સુરત કરી કરાવીયાં રસપાન ૧૮૧૧
તે રસ મનમાં સોચે લોચે છે ઘણું મન
તાદાત્મિક એ રસસું રાતા માતા તે ભાવાપન્ન ૧૮૨૧
કયારે પ્રિયનો રસ લહી ગર્વે ગહેરાયા એહ
કયારે ઉન્મત રસે રંજયા કેમ કહું રસ તેહ ૧૮૩૧
કયારે પ્રભુના પ્રતાપમાં મન અટકી રહયુ છે વિચિત્ર
ગાદી તકિયે બેઠા છે આનંદ ભર રસ મિત્ર ૧૮૪૧
કયારે મન લલચાયે પ્રિયનું વચન સુણવા રંગે
કયારે અંગે પ્રગટે છે રસ ભર્યો અનંગ ૧૮૫૧
કયારે મનમાં એમ લહે અમથી તે કાંઈ નવી થાય
પ્રિય તણાં વાત્સલ્ય રૂપી મનોરથ મનમાં ભાય ૧૮૬૧
અનેક ભાંતી અનેક રીતે વાત્સલ્ય તણાં તે પ્રકાર
તે સહુ ચિત્તમાં વિચાર્યા કેમ કરૂં ઉચ્ચાર ૧૮૭૧

કયારે રસ રૂપીયા વાત્સલ્ય અભિનવો જે અનુપ
સ્નેહસું આરતે ભર્યા કરે છે તે સુખરૂપ ૧૮૮૧
ભાવે પુરા સ્નેહે સુરા નિપુણ નેહ નિધાન
તે તણો ભાવ અંગી કરી રાખે છે પ્રિયજી માન ૧૮૯૧
કયારે વિસ્મય થઈ રહયા સુઝે નહી કાઈ મન
ઝકી થકી રહયા છે એણી પેરે શુન્ય થઈ રહયું સહુ તન ૧૯૦૧
કયારે મન રસ પ્રિયને પ્રિછવે છે ઉદબોધ
નવ નવી ભાંતનો રસ કહી કરે વહાલોજીના મનનો નિરોધ ૧૯૧૧
કયારે મન ચપલ થયું ચપલ તણું મહેમંત
રસ ભાવ બહુ બહુ ભાંતના તેહોનો કોઈ ન પામે અંત ૧૯૨૧
કયારે ધિરજ ગ્રહી રહે પોઢયા તે ધિર ગંભીર
કયારે હિત હિલગની એ કરી અંગે ચાલ્યા છે રસ નિર ૧૯૩૧
કયારે રોમોદગમતે થાયે ભાવ વસ ભલી રીત
સુભગા સુખદ સોહામણાં અંગ અંગ છે રસ પ્રિત ૧૯૪૧
કયારે મન વિહવલ ગતિ મતિ ગતિ થઈ છે તે પંગ
રસાત્મક સ્વરૂપ એ જોઈ જોઈ વાધીયો મન રંગ ૧૯૫૧
કયારે પ્રિયને સુચવે જે જે વિલસ્યા છે પ્રિય સાથ
દાન દિધા અતિ ઘણાં સુરત્વે કરૂણા નાથ ૧૯૬૧
કયારે પ્રિતમને ઉછંગે લે છે ભાવ વસ તે આધિન
સ્વરૂપ રૂપી રસ સમુદ્રમાં રમે છે તે મન મીન ૧૯૭૧
કયારે પરિરંભણ કરે છે પ્રેમે તે પ્રેમાશકત
કયારે મનવંતા થઈ ઉભા છે તે રસ ભકત ૧૯૮૧
કયારે ઉલટ અતિ ઘણો આનંદ અંગ અંગ સોહે
કયારે પરમ પ્રસન્ન થઈ અવિલોકતાં મન મોહે ૧૯૯૧
કયારે બોલે રસ ભર્યા સાનુકુલ તે થઈ એહ
કયારે રસે તામસ ઘણો કેમ કહી શકીયે તેહ ૧૧૦૦૧
કયારે સાત્વિક ભાવ પ્રગટે અનિરવચનીય અમોલ
દીનતા અંગ અંગે સોહે કોન કરૂ સમતોલ ૧૧૦૧૧
કયારે ગદગદ કંઠ ભરાઈ આવીયા રસ ઉકત
કયારે સ્વરભંગ થઈ ગયો છે પ્રેમ વસ રસ જુકત ૧૧૦૨૧
કયારે ગાત્ર સિથિલ થયા તે લહયાં ચતુર સુજાણ
અવિલોકની એણીપેરે કરી જાણે સુખદ રસ બાણ ૧૧૦૩૧
પરસ્પરના ભાવ ભેદ તે સમઝે નહી કો લગાર
દાતા ભોકતાનું મન લહે એ રસ તણું સુખ સાર ૧૧૦૪૧
કયારે પ્રિયને એમ કહે તમો આવોજી અમ પાસ
આ સભા માંહાંથી ઉઠીને તો તમને શું કહું સુખરાસ ૧૧૦૫૧

સભા મંડલ અભિનવું સોહે છે પરમ રસાલ
શ્રી વલ્લભજી સંયુકત નિરખી હરખે છે વ્રજબાલ ।૧૦૬।
તે શોભા અવિલોકતા મનડુ તે મટકે ન લેશ
ઉથાપને ગાદી તકિયે બેઠા છે પ્રાણ વરેશ ।૧૦૭।
કયારે સુભગા એમ લહે ગુણવંત ગુણ નીજ નાહ
એ સમય તે બીજુ કાંઈ નથી એહને જોઈ મીટે રસદાહ ।૧૦૮।
કયારે મનમાં એમ લહે એ સુખ જોઉ નિત્ય નિત્ય
સ્વરૂપ રસ શોભાએ ભર્યો તેહની નહી પરમિત ।૧૦૯।
કયારે મન એમ સોચે છે પ્રિય વીના સહુ છે વ્યર્થ
સંસાર રૂપી કલેશને નિવર્તવા એ સામર્થ ।૧૧૦।
એ વીણ બીજુ કોઈ નથી મારે જગતમાં કોય
એ પ્રિયના અંગ અવિલોકીયે ત્યારે આનંદ મંગલ હોય ।૧૧૧।
કયારે હિતે હાંસી કરે પ્રિતમજી સંગે એહ
કયારે મુસકની મૃદુલ કરી સકુચી રહયાં સ્વકિય તેહ ।૧૧૨।
કયારે અતિ વાત્સલ્યસું આરોગાવે પ્રિયને એમ
જે જે રસ રૂચતા તે જાણે કહી શકું રસ કેમ ।૧૧૩।
એણી પેરે રીઝવે વહાલાને સુભગા પરમ પ્રવિણ
ક્ષણું ક્ષણું પ્રત્યે રસ વાધે તે દેખાડે પ્રિયને નવિન ।૧૧૪।
કયારે લલચાવે છે વહાલાને દેખાડી રસ અંગ
કયારે કહે તમો શીદ જુઓ છે પ્રિતમજી અમ સંગ ।૧૧૫।
કયારે કહે ચિત્ત લાગીયું તમ તણું તે બીજે ઠામ
તે માટે કહીયે છે અમારે તમારૂં નથી કાંઈ કામ ।૧૧૬।
તે સુણી સપ્પટીયાં જાએ છે વહાલાજી ઘણું મન
ત્યારે સ્નેહ વાત્સલ્યે કરે મુસકઈ ભાવાપન્ન ।૧૧૭।
પરસ્પરે અતિ હુલસીયા વિલસીયા મનમાં અપાર
ભાવ બલે એહવા સુખતે પામે કેમ કરૂ ઉચ્ચાર ।૧૧૮।
કયારે અયોગે અકુલા થાય મન માંહે ન પડે ચેન
ત્યારે અયોગ દુઃખ હરણ અર્થે પ્રિયને કરે રસ સેન ।૧૧૯।
કયારે મનમાં એમ જાણે અમસમાન નહી કોઈ
સ્નેહ રૂપી સોહાગ પ્રિયજીનો મારે માથે સોહે ।૧૨૦।
કયારે મનમાં એમ લહે મેં નવ લહયું એ સ્વરૂપ યથાર્થ
જેવું પ્રાગટય છે તેહવું નવિન ।૧૨૧।
એ પ્રાગટય અનીરવચનીય કેમ લહુ મતિ મુઢ
કોણ ભાંતે કોણ પ્રકારે થાયે સ્વરૂપ એ હૃદયારૂઢ ।૧૨૨।
કયારે મનમાં જાણે છે હું માં નથી કાંઈ વીત
તો એ રસ પ્રિતમ તણો કેમ ઢરે અથાહ અમિત ।૧૨૩।

કયારે મનમાં એમ લહે હું નિપટ કાચુ પાત્ર
યથાર્થ એ સ્વરૂપ લહેવા કયાંથી માર ગાત્ર ।૧૨૪।
કયારે એણી પેરે લહે છે હું કાઈ ન જાણું લગાર
પણ મારે એ સ્વરૂપ સાથે કાજ છે નિરધાર ।૧૨૫।
બીજુ કાંઈ આવે નહી ચિત્તમાં એકો વાત
એ રસ એ સ્વરૂપ જોઈને હૈયડે હરખ ન માત ।૧૨૬।
એહ વીણ બીજુ નથી સંસારમાં કાંઈ સાર
પ્રિય પ્રેષ્ટનું રસ સુખ વિચારે ભકત અપરંપાર ।૧૨૭।
કયારે સંયોગ સમય લહી વાત્સલ્ય કરે અતિ નેહ
શરીરને પોષે ઘણું સમજે છે રસ સુખ તેહ ।૧૨૮।
ઉપયોગ વહાલાને થશે એ તન મન ધન સહુ સાથ
સંયોગે રસ ઉદબોધે અંગ સ્પર્શે શ્રી ગોકુલનાથ ।૧૨૯।
તે લહી નિજ શરીરને પોષે છે તે ભલી રીત
સંયોગ રસ પ્રિય સંગ લહી ને વાધે છે અતિ પ્રિત ।૧૩૦।
કયારે તે ખેદે ઘણું એ શરીરને અતિ ઉકત
ઉપયોગ રહિત જાણીયને સમજે મહા રસ જુકત ।૧૩૧।
કરે છે તીરસ્કાર તે નિજ શરીરનો બહુ ભાંત
ખેદ મનમાં અતિ ઘણો પ્રસરી રહયો કરી ખાંત ।૧૩૨।
તેણે કરીએ શરીરને તીરસ્કારે ભાવાપન્ન
સ્વરૂપ વીના બીજુ તે કાંઈ નવી ગમે એહોને મન ।૧૩૩।
સંયોગે અતિ સુખ લહે અયોગે બહુ દુઃખ થાય
સંયોગે તે અકુલાએ છે મન હરખસું તે ઉમાહે ।૧૩૪।
સ્વરૂપને સુખે સુખી મન અભિનવો તે તરંગ
તત્પર થઈ અને રહયો છે સુભગા તણાં સર્વાંગ ।૧૩૫।
તે રસ સુખ પ્રિય લહે ભકતના મનની વાત
અયોગ રસ આરતભર વિલસતા હરખ ન માત ।૧૩૬।
કયારે એ રસ ભકતને મન માંહે મહા રસ ગર્વ
તૃણવત કરીને તે જાણે છે સંસાર રૂપી સુખ સર્વ ।૧૩૭।
તે સુખ સુખ કરી માને જે પ્રિયને ઉપયોગ
બીજુ સર્વ અવ્યર્થ છે સંસાર રૂપી સુખ ભોગ ।૧૩૮।
તૃણ તુલ્ય થકી તે લહેવુ કહયું કેઈ પેરે જાય
અપ્રયોજક સુખ સંસારના માંહા મન કયારે અરૂઝાય ।૧૩૯।
ત્યારે તે વહાલો ખેંચી કાઢે ઘરીને અતિ નેહ
સ્વરૂપ રસમાં આણી મેહેલે મનડું સ્વકિયનું તેહ ।૧૪૦।
એણી પેરે દીન દયાલ વર આપે છે દાન અનેક
નિજ સામર્થ પ્રિય કરે છે રસ ભકત સુંરસ એક મેક ।૧૪૧।

તે સુખ કાંઈ કહયું ન જાયે અનુપમ સુખરૂપ
ક્ષણું ક્ષણું પ્રત્યે દાન અભિનવા આપે છે તે અનુપ ૧૪૨૧
ઉથાપન આનંદ મઈ આનંદ રૂપી દાન
ભકત અનેક સમાજ ઉભા કરે છે રસ પાન ૧૪૩૧
કોઈ બેઠા કોઈ ઉભા કોઈ નિકટ કોઈ દુર
એણી પેરે તે અવિલોકે પ્રિયને દુઃખ કરે સહુ ચુર ૧૪૪૧
સ્વરૂપ સુભગ સોહામણું મોહામણું છે અવ્યકત
તેહના રસ માંહે ઝીલે છે મગ્ન થઈ રસ ભકત ૧૪૫૧
હવે સ્વરૂપ વર્ણન કહું કાંઈ એક તે ઘરી નેહ
સુચન અર્થે રસ ભર્યું શ્રી અંગ સોહે તેહ ૧૪૬૧
શ્રી ચરણથી આરંભીને શીષ કેશ લગી રસ રમ્ય
સુચનીક માત્ર કહું એ રસ છે નિપટ અગમ્ય ૧૪૭૧
સ્વરૂપ હૃદયા રૂઢ સ્થાપિત થઈ રહે ચિત્ત સંગ
તેહ તણો અભિલાખ મન ને અભિનવો છે રંગ ૧૪૮૧
જયારે પ્રિયજી પ્રસન્ન થઈ અને કરે નિજ અંગ દાન
ત્યારે ભકત અવિલોકે બહુ પેરે રાખે પ્રિતમજી માન ૧૪૯૧
ત્યારે શ્રી ચરણ નિરખતા હરખે છે અતિ ઘણું મન
કોમલ કાંત સોહામણી જોઈ રહયા છે ભાવાપન્ન ૧૫૦૧
કયારે ચરણતલાંતે નિરખે રેખા સંયુકત રસાલ
કયારે પાહની પ્રેમસું અવિલોકે છે વ્રજબાલ ૧૫૧૧
કયારે એડી અભિનવી અનંગે ભરી તે સુચારૂ
ચમકતા ચલકે અતિ ઘણું જોઈ મોહે કોટીક માર ૧૫૨૧
કયારે પાટલી પરાગે ભરી ચંપક વરણ તે અનુપ
ભકત રસિક તે સ્પર્શતા લાગે છે મહા સુખરૂપ ૧૫૩૧
કયારે અંગુષ્ટ અભિનવો નાયકા તણી પાંત
અવિલોકે આનંદ મને રસિકા તે કરી કરી ખાંત ૧૫૪૧
કયારે નખમણી નવલ નિરખે શ્રી ચરણના સુખદાય
કોમલ કાંત ઝલકી રહી રસભકતને મન ભાય ૧૫૫૧
અરૂણ શ્વેત સોહામણાં નખમણી તે શોભાયમાન
ચમકતા ચમકે છે બહુ પેરે ભકત ને કરે દાન ૧૫૬૧
ચરણાંબુજ ચંચલ અતિ ગતિ રસ ભરી છે અવ્યકત
વર્ણ કર્ણ રસે ભર્યુ તે લહે છે રસ ભકત ૧૫૭૧
ચરણનો રસ રસ ભર્યો સમજે છે ભાવાપન્ન
સુર સુરત્વે ભર્યા દાન લહે રસભકત મન ૧૫૮૧
એહવા શ્રી ચરણાર્વિંદ મકરંદે ભર્યા છે રસાલ
પરાગ લે છે પ્રમોદસું અનેક ઉભા છે વ્રજબાલ ૧૫૯૧

ઉથાપને આશકત મને બેઠા છે મહારાજ
ગાદી તકિયે રસ ભર્યા પુરે ભકતના રસકાજ ૧૧૬૦૧
અનેક ભાંત અનેક રીતે પ્રિત નૌતન સોહે
ક્ષણું ક્ષણું પ્રત્યે રસ વાધતો રસભકતને જોઈ પ્રિય મોહે ૧૧૬૧૧
સુભગા તે સ્નેહે પરવર્યા નિરખે વહાલાજીને એમ
જાનુ જુગલ ખંભ મનોહર અવિલોકે છે નિત્યનેમ ૧૧૬૨૧
કયારે પેચ સુરત કરે જાનુ તણાં જે છે અવ્યકત
અનીરવચનીય અભિનવો તે લહે છે રસભકત ૧૧૬૩૧
જાનુ દાન માન મધુર તે અનુપમ રસરૂપ
અહીં વિવિધી ફલ રસ નિપજે સુભગા અર્થ તે અનુપ ૧૧૬૪૧
કયારે અવિલોકે છે ઘુંટણ ગંભીર ધીર પ્રવિણ
કયારે જંઘા જુગલમાં મન અટકી રહયુ તે પ્રવિણ ૧૧૬૫૧
જંઘાના દાન સોહામણાં મોહામણાં અભિરામ
રસિક રસ અનુરકત ભકતના પુરે છે એ કામ ૧૧૬૬૧
વિવિધી રસ ઉદબોધ જાણે જંઘા મહા શુરવિર
સુભટ સનમુખસું ધાઈ કરે રસ જુકત ધિર ૧૧૬૭૧
ત્યારે તે કાંઈ રાખે નહી પોતા તણું ચિત્ત વિત્ત
સકલ રસ સ્થાપિત કરે રસિકાને એ અમિત ૧૧૬૮૧
એહવી તે જંઘા જગમગે માંહે રસ છે અખુટ અથાહ
તેહોને અવિલોકતા સુભગાને મીટે દુઃખ દાહ ૧૧૬૯૧
જંઘા જુગલ એ સુખભરી સુખદેણ રસિકને એહ
તે તણો રસ રસ ભકત જાણે રસિક હોય જેહ ૧૧૭૦૧
બીજુ કોઈ સમુઝે નહીં એ વાતનો વિસ્તાર
જંઘા મૃદુલ મોહામણી દાન આપે સુભગાને સાર ૧૧૭૧૧
ત્યાં નિકટ નૌતન બિરાજે છે મધ્યસ્થલ મહા ગુઢ
કયારે તે અવિલોકે છે પ્રેમદા કેમ કહુ મતિ મુઢ ૧૧૭૨૧
તેહ તણો રસ અખુટ છે અથાહ કહયો કેમ જાય
અનુભવી એ રસ અનુભવે અંગ અંગે શાંતા થાય ૧૧૭૩૧
બીજાને અધિકાર નહીં એ સ્થલ તણો લવલેશ
સ્નેહ આશકતવંત રસિકાને આપે દાન એ સુદેશ ૧૧૭૪૧
રમણ રસ રંગે ભર્યા ફલદાન અનંત અપાર
તેહ ફલ આપે છે પ્રિયજી પ્રેમદાને સાર ૧૧૭૫૧
મધ્ય સ્થલે ફલ અભિનવો પ્રગટે તે અનંત અમોલ્ય
જેહની પરમિત નહી તે કોહોને કરૂ સમતોલ ૧૧૭૬૧
મધ્યસ્થલ કરૂણા કરણ હરણ સકલ પરિતાપ
સ્વકિય અંગે સ્નેહ જવાલા જગમગે તે છીરકે પ્રિયજી આપ ૧૧૭૭૧

સુર સુભટ સામર્થ બલે કરી ધરીયને અતિ નેહ
ત્યારે તે અનુસંધાન ભુલે સુભગા સર્વાંગ દેહ ।૧૭૮।
ગાત્ર ગર્મે ગ્રસી ગયા તે અનુપમ સુખદાયે ઉભય
સ્વરૂપે એહવી અવસ્થા સોહે તેહોને હરખ ન માય ।૧૭૯।
મધ્યસ્થલ નિકટ બિરાજે નિતંબ અતિ અનુકુલ
સર્વ ફલનું ફલ એ લહે છે અનુભવે રસ મુલ ।૧૮૦।
નિતંબ નિપુણ ગુણવંત ગહેરો રસ તે અહીંય સોહે
તેહને અવીલોકતા સુભગા તે બહુ પેરે મોહે ।૧૮૧।
કયારે નિરખે નેહસુ કટીલંક છે અનુપ
ત્યાં ધોતી ધરી છે કોમલ શ્વેત સુખરૂપ ।૧૮૨।
તે અતિ ઝલકી રહી છે શુભ્ર સોહે તે શ્રી અંગ
લપટાઈ રહી રસ અંગસું તેહને મન બહુ રંગ ।૧૮૩।
ધોતી તે મિહિન મોહામણી દિસે ભિતરથી પ્રિય તન
તેહ સુખ કાંઈ અભિનવુ અવિલોકી રીઝે મન ।૧૮૪।
ધોતીને ગહેરી ગંભીર પહેરી છે પ્રિયજીએ ધરી નેહ
તેહ તણું ભાગ્ય ફલ્યુ છે બહુ પેરે કેમ કહી શકીયે તેહ ।૧૮૫।
કયારે નિરખતાં ટુંડી રસિક તે રસાલ
ઉથાપને ગાદી તકિયે પ્રિયને જુએ છે વ્રજબાલ ।૧૮૬।
કયારે ઉદર આનંદ મઈ અવિલોકે તે ભલી રીત
મનોહર મૃદુલ મોહામણું દિસે છે અહીં રસ પ્રિત ।૧૮૭।
ઉદર અરૂણ કાંત ઝલકતા ચલકે છે અતિ ઉધ્યોત
તેહ તણી શોભા રસ ભરી લાગે છે સુંદર જયોત ।૧૮૮।
પાર્શ્વ પ્રેમે પુરીત રહે રસભકતનો જે અનુરાગ
સુજાતિ સુભગા લહે બીજા કોઈનો નહીં અહીં લાગ ।૧૮૯।
પીઠી લંક પ્રણાલ પ્રહસિત રસ રહે રસ ઉકત
અનેક ભાંત મનોજ ફોજ ચાલી આવે રસ જુકત ।૧૯૦।
શીષથી ઉપરે રંગે પરમ પ્રેમાશકત
આવીને કટીલંકમાં વસે તે જાણે છે રસભકત ।૧૯૧।
એણી પેરે પીઠી પ્રણાલ રાજે ગેલ મનોજની એહ
આઠે પહોર અહર્નીશ વહે અહીં ફૌજ રસરૂપ તેહ ।૧૯૨।
કયારે અવિલોકે આનંદ મને હૃદય પરમ રસાલ
ભાવે ભકતને ભર્યુ રહે એ સ્વકિયના કરે પ્રતિ પાલ ।૧૯૩।
હૃદય રસ રમણીક રંજે સુભગાનું મન તન
ભાવ ભેદે પ્રેમે ભર્યા જોઈ રહયા છે ભાવાપન્ન ।૧૯૪।
હૃદય રૂપી ભંડાર અદ્‌ભુત સોહે છે તે વિચિત્ર
અનુરાગ રૂપ માંહે રસ ભર્યો એહવો તે કહી ન અન્યત્ર ।૧૯૫।

વિવિધી ભાંત વિલાસ વિલસ્યા સુભગા તે સુખદાયે
તે રસ હૃદય મધ્યે ધર્યો છે અનુપમ મનભાય ।૧૯૬।
હૃદય પર કમનીય કુચ રમણીય કહયાં નવી જાયે
શોભાની પરમિત નહીં જોઈ જોઈ શાંતા થાયે ।૧૯૭।
શુભ્ર ગોલ સુઠાણ રાજે કઠોર કુચતે રસાલ
બીટડી અરૂણ છે અનુપમ તે વ્રજબાલ ।૧૯૮।
બાલ સુક્ષ્મ દિસે છે આસપાસ મંડલાકાર
નાયકાની રક્ષાને અર્થે પ્રગટયા છે અતિ સાર ।૧૯૯।
કયારે અવિલોકે છે રસિકા રસભરી તે અનુપ
માલા વૃંદ વિલસે છે હૃદય ઉપર તે સુખરૂપ ।૨૦૦।
તે તણું ભાગ્ય સરાહે યુવતિ જે અભિરામ
માલા થઈ અહીં અનસર્યા તેના પુરે પ્રિય કામ ।૨૦૧।
કયારે નિરખે નેહસું તિલક હૃદય પર સોહે
પ્રેમદા પ્રેમે ભર્યા એ હૃદયને જોઈ જોઈ મોહે ।૨૦૨।
કયારે માંડે મીટ તે હૃદય બાલ પર અનુરકત
વિરલ અદ્‌ભુત શોભીએ છે જોઈ રહયાં રસભકત ।૨૦૩।
કયારે ખંભા નિરખે છે નયણે ચમકતા તે સુચારૂ
ઉપરેણો જનોઈ તે અહીં બિરાજે છે અતિ સાર ।૨૦૪।
ખંભા ઝલકે શ્રી અંગ ચલકે અનીરવચનીય રસ રૂપ
બાહુ દંડ રસે ભર્યા દિસે છે તે અનુપ ।૨૦૫।
લલકતા ચલકે ઘણું મહા સુખદ શોભાયમાન
રસ તણાં ઉદબોધસું આપે સુભગાને રસદાન ।૨૦૬।
કોહોણીને કાંડા પોહોંચલા ચમકે છે અતિ ઉધ્યોત
મુદ્રિકા મોહામણી તેની લાગે છે સુંદર જયોત ।૨૦૭।
નંગ નિર્મલ ઝલકતા ચલકે છે અતિસે અવ્યકત
વિવિધી ગતિ રીઝવે પ્રિયને એ મુદ્રિકા રસ ભકત ।૨૦૮।
અંગુલદલ ઘણું સુભગ રાજે એક એકથી અમોલ્ય
નખમણ પંગત ઝગમગે તે સમ નહી કાંઈ તોલ ।૨૦૯।
કરાંબુજ કોમલ રહે અહરનીશ તે આઠો જામ
પ્રહસિત સદા પ્રેમે ભર્યા પુરે રસિકાના જે રસકામ ।૨૧૦।
કરતલ મધ્યે રેખા રસાલી નિહાલી સ્વકિયે ઘરી તેહ
એને તે સરાહે પ્રિતે પ્રેમદા છે જેહ ।૨૧૧।
રેખા શ્રી હસ્તમાં ઘરી પ્રિતમજીએ રસ રાસ
તેહનું ભાગ્ય ફલ્યુ તે જુએ સુભગા પાસ ।૨૧૨।
કર કમલ ચલકે ચારૂ ચોહો દિસે ભકત બેઠા જોયે
કરાંબુજ નિરખે છે હરખે આનંદ મંગલ હોય ।૨૧૩।

કયારે અવિલોકે ગ્રીવાને રસે ભર્યું છે મન
સુરત સ્ફુરી આવી છે તેને તે જુએ ભાવાપન્ન ।૨૧૪।
કયારે ઠોડી રસે રંજે મનડું છે તે રસાલ
રસે ભરી ઠોડીને નિરખે છે અનુપમ તે વ્રજબાલ ।૨૧૫।
કયારે અધર અરૂણ પ્રેમભર અવિલોકે સ્વકિય સાર
મૃદુલ રસિક સોહામણો અહીં રસ તે અપરંપાર ।૨૧૬।
અધર તણી અરૂણાઈ આછી ગહેરી નિપટ ગંભીર
બેઠા છે ગાદી તકિયે ત્યાં સોહે પ્રિયજી છે અતિ ધિર ।૨૧૭।
અધર પલ્લવ પુષ્ટ રસે પ્રેમે ભર્યો છે એહ
રસદાન આપે સર્વદા સુભગાને સ્નેહે તેહ ।૨૧૮।
પાન અધરામૃત તણું કરતાં ન મટકે મન
સ્વાદની પરમિત નહીં તે લહે ભાવાપન્ન ।૨૧૯।
દંત પંકતી ઝલમલે ઝાતકારસું તે અવ્યકત
રસ ઉદબોધ ને સમે રમે દાન દે તે જાણે છે રસ ભકત ।૨૨૦।
રસના રસે મન રંજીયુ રસિક તણું તે અનુપ
વચનામૃત પોષણ કરી રીઝવેતે સુખરૂપ ।૨૨૧।
મુખકમલ કમલાકારે કોમલ શીતલ કહયું નવ જાયે
સ્પર્શ કરતાં માત્રે અંગ રસિકાના શીતલ થાય ।૨૨૨।
એહવુ શ્રીમુખ કમલ તે કમનીય અરૂણ શ્વેત સોહે
મધ્યે રંગ વિચિત્ર છે અભિનવા તે જોઈ સુભગા મોહે ।૨૨૩।
કયારે મોહોસર તણો રસ અવિલોકે છે મન રંગ
સુભગ સચિકણ સોહતી જોઈ પ્રગટે અનંગ ।૨૨૪।
તે વચને કેમ કહે સુભગા એ રસ અભિરામ
મોહોસર મનોજની ફૌજ થઈ પ્રવર્તી અંગે રસકામ ।૨૨૫।
તેણે કરીય ઉદ્બોધ પ્રગટે અવ્યકત મધુર રસાલ
તે સુખરસ પાન કરે છે અનુપમ વ્રજબાલ ।૨૨૬।
એહવી મોહસર મનોહર રંજે છે સુભગાના મન
ઉથાપન સમય આનંદભર અવિલોકે ભાવાપન્ન ।૨૨૭।
ગાદી તકિયે બેઠા છે પ્રિતમજી મહારાજ ઉકત
વિવિધ પ્રકારે રીઝવે રસિકાને રસ તણી જુકત ।૨૨૮।
કયારે ગલસ્થલ તે સ્પર્શે વહાલોજી સુખદાય
સુચવે છે સુભગાને એણી પેરે પોતાને મનભાય ।૨૨૯।
કહે એ નિજધામ છે તમ તણું તે સુખરૂપ
આવી સ્પર્શે હરખસું એ તમ કારણ છે અનુપ ।૨૩૦।
એણી પેરે સુચવીને મુસકાયે પ્રિતમ રંગે
ત્યારે ઉદબોધ રસ તે ઉફણી આવ્યો નેત્રે અનંગે ।૨૩૧।

તે રસ વચને કરી કહેવાય નહી તે લેશ
ઉભય સ્વરૂપે બહુ પેરે રીઝે છે દાન આપે છે પ્રાણ વરેસ ।૨૩૨।
ગલસ્થલ રસ એણી પેરે કહેતાં ન પામુ પાર
વિચિત્ર સ્થલ રમણીક રાજે કેમ કરૂ ઉચ્ચાર ।૨૩૩।
ગલસ્થલે ગહેરો ઉધ્ધી રસ તણો દિસે કહું કેમ
તે માંહાં ઝીલે રસ ભર્યા રસિકા વહાલોજી રીઝે જેમ ।૨૩૪।
એ સુખ સિંધુ અભિનવો પ્રિય કૃપાબલે લહેવાયે
સુરત સમય ઉદબોધે રસપાન કરી કરી શાંતા થાય ।૨૩૫।
ગૌર ગલસ્થલ સકોમલ ચલકે છે રસ રાસ
સોહાગવતી સુભગા રસિકા તેહને એહની આશ ।૨૩૬।
સ્પર્શને અકુલાએ મનમાં અભિનવો છે તરંગ
ગલસ્થલ રમણીક રસમાં પડીયું મન રસ સંગ ।૨૩૭।
કયારે કર્ણ કોમલ તે નિરખે હરખતા સ્વકિય મન
સચિકણ સ્નેહ રસે ભર્યા તે જુએ ભાવાપન્ન ।૨૩૮।
રસિક તણું ગુંજ ધરવાને શ્રી કર્ણ છે રસ ધામ
વિવિધ પ્રકારનું ગુંજ ભરે સુભગા તેમાં અભિરામ ।૨૩૯।
વિચિત્ર ધામ સોહામણું કર્ણ કારણ કહયાં નવી જાય
રસિક ત્રીયા રસ ગુંજ ભરે તેણે પ્રિયને શાંતા થાય ।૨૪૦।
કર્ણને દ્વારા તે સુક્ષ્મબાલ કહી કહી સોહે
રસ રક્ષાનો અર્થે બેઠા એ.....જોઈ સહુ મોહે ।૨૪૧।
કયારે શ્રી કર્ણ જગમગે હીરોટી લલકે અનુપ
કયારે મુકતામણી પહેર્યા સોહે છે તે સુખરૂપ ।૨૪૨।
કર્ણ સરૂઆ સાવધાન દિસે છે સ્વકિય તણે કાજ
તેમાં પ્રહસિત થઈ પ્રેમદાએ ભર્યો રસ સાજ ।૨૪૩।
વાત રસે રસિયા છે કર્ણપુટ વસિયા તે મન માંહાં
તે તણું સુખ સુભગાતે જાણે જોઈ રહયાં છે જયાંહાં ।૨૪૪।
કયારે નાસા નવલ નિરખે હરખતા સ્વકિય જન
નિર્મલ જયોત ઝલકી રહી તે જાણે સુભગા તણું મન ।૨૪૫।
નાસા નામે નાયકા અનુસરી રહી રસ રીત
મુખકમલ પર કમલાવતી સોહે છે રસ ભરી પ્રિત ।૨૪૬।
એણી પેરે નાસા વિચિત્ર કહી કેઈ પેરે જાય
અવિલોકીયે આનંદ મને ત્યારે શાંતા બહુ પેરે થાયે ।૨૪૭।
નાસા નિકટ નેત્ર કમલ રાજે પ્રફુલ્લિત અભિરામ
પરાગ જુત પ્રેમે ભર્યા સુભગાના તે પુરે કામ ।૨૪૮।
વિચિત્ર રંગે રસ ભર્યા નેત્રાંબુજ પરમ નવિન
પાખંડી પ્રહસિત સકોમલ વરૂણી તેહ પ્રવિણ ।૨૪૯।

શ્વેત અસિત આરકત રંગે નેત્ર કમલ ઘણું સોહે
પ્રિત રૂપી પરાગ પ્રેમે ભર્યા જોઈ સુભગા સહુકો મોહે ।૨૫૦।
નેત્રાબુંજ ચમકે ચપલ ગતિ વલ્લભજીના રસરૂપ
ચોહો દીસ ચાલે ચિત્તવની તે સુખદ સુંદર અનુપ ।૨૫૧।
રસ ભર્યા રસભકત નિરખે ભ્રુ મૃણાલ રસ રાસ
ઝલકતા ચલકે છે ઘણું નેત્ર કમલ કેરે પાસ ।૨૫૨।
બંક ભ્રકુટી રાજતિ સુભગા કારણ હેત વાન
એ રસ રીતે કરીને આપે રસિકાને રસદાન ।૨૫૩।
ભાલ વિશાલ રસાલ સોહતી ઝલહલતી રહી છે ઉધ્યોત
ગૌર ગહેરે ગુણે ભર્યું તેહની લાગે સુંદર જયોત ।૨૫૪।
ભાલ ઉતંગ બિરાજે છેત્યાં તિલક રેખા અવ્યકત
તે મધ્યે શ્યામ રેખા ચલકે તે જુએ છે રસ ભકત ।૨૫૫।
રસિક ભાલ સોહામણું મોહામણું સુખદેણ
તેહને અવિલોકી રીઝે રસિકા કેમ કહે વેણ ।૨૫૬।
ભાલ નિકટ કુંતલ સકોમલ નમી રહયા છે સુચાર
તે તણી પંગત અભિનવી રસભરી દિસે સાર ।૨૫૭।
મસ્તક કેશ સોહામણાં મોહામણાં રસ રૂપ
સચિકણ સરલા ઘણું તે સુખદ સુંદર અનુપ ।૨૫૮।
ચલકે છે તેજ પુંજ કેશ કમનીય પરમ રસાલ
અંબોડો લલકી રહયો પીઠ પર જુએ વ્રજબાલ ।૨૫૯।
સુભગ સોહતો જયોત મોહતો અંબોડો રસ વેસ
ચાક ચક્ષસું ચમકે છે સદાતે રસ ભર્યો છે સુદેશ ।૨૬૦।
એણી પેરે અવિલોકે છે ભકત રસિક પ્રેમાશકત
શ્રીઅંગ રૂપીયો મધુર રસ તે જુએ છે રસ ભકત ।૨૬૧।
લાવણ્ય લહેરી ગહેરી છે રસે ભરી તે નવિન
ફરી ફરી નિરખે છે પ્રેમદા પ્રેમ જુત તે પ્રવિણ ।૨૬૨।
નખ થકી આરંભીને શ્રીઅંગ જે રસરાસ
પ્રથક પ્રથક રસ અભિનવો અવિલોકે ઘરી રસ આશ ।૨૬૩।
એહવા ભકત ભાવે ભર્યા શીખ નખ લગી જુએ અંગ
નખશીખ ફરી અવિલોકે રંગે વ્હાલાજીને રંગ ।૨૬૪।
તેહ સુખ મનડું તે જાણે કહયું કેહી પેરે જાય
ઉથાપન સમય પ્રિય ગાદી તકિયે બેઠા જોઈ શાંતા થાય ।૨૬૫।
સ્વરૂપ રસ સોહામણું સુભગા જુએ ભાગ્યવાન
ત્યારે ચતુર વર રીઝીને આપે છે તે રસદાન ।૨૬૬।
માંગલ્ય સાડત્રીસે કરી લખ્યુ પ્રિય સુખ સાર
આગલ પ્રસંગ આડત્રીસમે માંગલ્યે કહેશું રસ સાર ।૨૬૭।

સ્વરૂપ સુખદાન અભિનવા તે અનીરવચનીય અમોલ્ય
કહેતા તે પાર પામુ નહીં તો કોહોને કરૂ સમતોલ ૧૨૬૮૧
એ રસ રસિકા તે જાણે અનુભવી જે પાત્ર
વિશદ કહી કેઈ પેરે લખું જો હું નથી કાંઈ ગાત્ર ૧૨૬૯૧
સુચનીકા માત્રે કહયો એ સ્વરૂપ રસ અભિરામ
સમે સમે શ્રી મુખ જોયુ ત્યારે પુર્યા વહાલે રસ કામ ૧૨૭૦૧
વિકલકુંવર કોડામણો શ્રી વલ્લભજી રસ રૂપ
અંગ અંગ સુભગ સોહામણાં તે સુખદ સુંદર અનુપ ૧૨૭૧૧
ઉથાપને આનંદભર ગાદી તકિયે પ્રિય સોહે
ભકત સહુ ચોંહો દીશ થકા અવિલોકી ને તે મોહે ૧૨૭૨૧

ઈતિશ્રી માંગલ્ય સાડત્રીસમું સંપૂર્ણમ્
શ્રી શ્રી શ્રી શ્રી શ્રી

માંગલ્ય - ૩૮

શ્રી શ્રી શ્રી ગોકુલેશો જય જયતિ, એ માંગલ્ય આડત્રીસમું લખીયે છે, તેહને ગાવાને અનુકરણ તે વચન, લૌકિક ગીત છે તે "મેં તુરે લક્ષ્મી વહુ વારીયા, સમી સંધ્યા બાહેર ન જઈયે રે, તુમ કુંખે સદ પુરૂષ ઔતર, તોરે નયણડે લાગશે દ્રષ્ટ રે, એ જાતે ગવાશે તે લખીયે છે.

શ્રી વલ્લભજી તે રસે ભર્યા બેઠા છે ગાદી તકિયે તે સોહેરે
ભકત સમાજ ચોંહો દિશે થકી ઉથાપન સમય નિરખીને મોહે રે ।૧।
મહા રાજધાની સભા સહુ મંડલાકારે તે દિસે રે
મધ્યે રૂકમણીલાલ રસે ભર્યો રસ ચરિત્ર કરતાં જોઈ મન હીસે રે ।૨।
અંગ અંગ મૃદુલ મોહામણાં તેની શોભા કહી કયેમ જાયે રે
લાવણ્ય લહેરી રસે ભરી પ્રિયના તણી નેત્ર માંહાં સમાય રે ।૩।
તે પ્રકાર વચને કરી કહેવા શકય નહીં અણું માત્ર રે
અનુભવી જે કો એ રસ તણાં તે લહે છે સ્વરૂપ રસ પાત્ર રે ।૪।
બીજું કોઈ જાણે નહી એ વાત તણો જે છે મર્મ રે
પ્રિયજી પ્રસન્ન થઈયને રંગે દેખાડે છે રસ રૂપી ધર્મ રે ।૫।
અનેક ભાંત કરી રીઝવે સ્વકિય જનને વહાલો ઘરી નેહ રે
તેહ તણાં મનને આનંદ ઘણો અતિ પ્રસન્ન થઈ હરખે તેહ રે ।૬।
પાર્વતી પતિ રસ રીધિ રસદાન આપે રસિકાને સાર રે
તે તણી તે પરમિત નહી તે દાન તે અપરંપાર રે ।૭।
ચપલ ચતુર વર લાડીલો રસ પાન કરાવે છે રંગે રે
જેજે શ્રીઅંગ રૂપી માધુરી ન્યારો ન્યારો રસ છે તે સંગે રે ।૮।
તેહ તણો સ્વાદ સુભગા લહે અવિલોકી મનમાં ઘણું રીઝે રે
પ્રિય તણાં રસને સરાહે છે તેણે કરીયને સકલ અર્થ સીઝે રે ।૯।
રસ ભકત નિરખે આનંદે સદા તે પ્રકાર પાછલ કહી આવ્યા રે
ભાવ ભેદે રસ ભેદસું અવિલોકતા પ્રિયજીને ભાવ્યા રે ।૧૦।
પાછલે માંગલ્યે સાડત્રીસે કરી કહયું છે સ્વરૂપ સુખ પ્રિતે રે
આનંદ પરમ કલ્લોલસું અનુભવ કીધો જે રસ રીતે રે ।૧૧।
આડત્રીસમું એ માંગલ્ય રાજે એમાં કહિયે ચરિત્ર પ્રિય તણાં રે
ગાદી તકિયે બેઠા છે વ્હાલો અવિલોકે છે રસ ભકત ઘણાં રે ।૧૨।
બારમું માંગલ્ય લખિયે છે ઉથાપન તણું એ સુખકારી રે
ક્ષણું ક્ષણું પ્રત્યે રસ વાધતો પ્રગટે છે સ્વરૂપ રસ ભારી રે ।૧૩।
શ્રીઅંગથી રસ સાગર વહી ચાલે રસરૂપી તરંગ રે
તેમાં ઝીલે સ્વકિય વૃંદ સદા રસ ઉદબોધ થાયે પ્રિય સંગે રે ।૧૪।
પ્રિયજીને નિરખે પ્રેમે ભર્યા સદા સર્વદા એહોને એ નેગ રે
ત્યારે વહાલો અતિ રીઝે ને દાન આપે એહોને વેગ વેગ રે ।૧૫।

રસિક શીરોમણી રસનીધિ શ્રી વલ્લભજી સદા રસવાન રે
પ્રેમ પાત્ર જેકો રસે ભર્યા તેહો તણું રાખે બહુ પેરે માન રે ।૧૬।
સ્નેહ તણાં તે પ્રકાર લહે વહાલો ચતુર શીરોમણી રાજે રે
મનવ્રત જાણ શીરોમણી રસિકાને એ પ્રિય સુખ દાયે રે ।૧૭।
શ્રી અંગ સકલ શોભાએ ભર્યું નિરખતા નવ મટકે તે નયણ રે
તે સ્વરૂપ નેત્રમાં રમે પણ શી પેરે કહે વીણ વયણ રે ।૧૮।
ગાદી તકિયે બેઠા ચરિત્ર તે કરે નાહ રંગીલો રસાલ રે
છોટે તકિયે પાટી સોહે છે નાયકા રૂપે તે વ્રજબાલ રે ।૧૯।
તેહને શ્રી હસ્ત મધ્યે લેઈયને ખેલાવે ખેલવણાંની રીતે રે
લોકવત એહવું દેખિયે પણ પાટી નાયકાસું પ્રિતે રે ।૨૦।
અરૂણ રંગે તે મૃદુલ ઘણું ક્ષણું ક્ષણું એ ખેલાવે પ્રિય રીઝે રે
તેણે કરી એ પાટી તણું અને રસ ભકતનું કાજ સીઝે રે ।૨૧।
શ્રી કર કમલ સ્નેહ ભર્યા તે પાટી પર ફેરતાં સોહે રે
સ્વકિય વૃંદ જે કો રસે ભર્યા એ પાટીને જોઈને તે મોહે રે ।૨૨।
તે મનમાં મનોરથ એમ ઘરે અમો સરજયા હો ન પાટી રંગે રે
તો પ્રિયજી ખેલવતા સ્નેહસું સ્પર્શ સુખ હોતા શ્રી અંગે રે ।૨૩।
કયારે પાટીને તે લઈયને ચક્રાકારસું ફેરવે વહાલો રે
શ્રી હસ્ત મધ્યે તે ભરાવીને એણી પેરે લડાવે તે નિહાલો રે ।૨૪।
કયારે પાટી લપટી રહી અંગુલી દલે સુંદર લાગે રે
રસ તણી રીતે અનુસરી તે જોઈ મનડાં અતિ પાગે રે ।૨૫।
કયારે નખમણીસું સુધારે છે નખક્ષત દેતા પ્રિય હરખે રે
ભરભરીને શ્રી કરાંબુજ પાટી એ ફેરવતાં રસ વરખે રે ।૨૬।
કયારે પાટી ને પ્રેમે કરી ચરણ સ્પર્શ કરાવે છે રંગે રે
તલીયા તલે તે દાબી અને ખેચે ઉપરથી શ્રી હસ્ત સંગે રે ।૨૭।
એણી પેરે લાડ લડાવે છે શ્રી ચરણાંબુજ દલે દાબે મહારાજ રે
પ્રેમ પાત્ર એ પાટી મલી એહોના પુરે વ્હાલો રસ કાજ રે ।૨૮।
પરિરંભણ અતિ સ્નેહસું ચરણાર્વિંદ રૂપી દિધા રે
તેણે કરી એ પાટી તણાં અને રસિકાના રસ કાજ સીધા રે ।૨૯।
કયારે પાટી તણું ફુંદણું લેઈ નેત્રે ફેરવે સુખરૂપ રે
ગાદી તકિયે બેઠા ચરિત્ર તે એહવા કરે છે વ્હાલોજી અનુપ રે ।૩૦।
કયારે પાટી ને તે પ્રિતસું હૃદયરૂપી રમણ કરવાવે રે
પરિરંભણ અતિ અભિનવું પાટી નાયકાસું કરતાં તે ભાવે રે ।૩૧।
એહ પ્રકાર તે નિરખતાં સુભગા તણાં મન લલચાયે રે
આરતી પ્રગટે અતિ ઘણી સ્પર્શ કરતાં અવસ્થા બહુ થાયે રે ।૩૨।
કયારે પ્રિતમજી પ્રેમ ભર્યા ગુંજામાલા ને ખેલતા દિસે રે
અંગલી દલ મધ્યે ભરાવીને ફેરવતા જોઈ મન હીસે રે ।૩૩।

સુભગાને એણી પેરે સુચવે એ તમારૂ સ્વરૂપ મારે હાથ રે
રાજસ તામસ સાત્વિક એ નાયકા ગ્રહી શ્રી ગોકુલનાથ રે ૧૩૪૧
માલા મીસે તે ખેલાવા છે બહુ ભાંત કરી અતિ નેહ રે
ત્રિવિધી નાયકા અતિ હરખીને સુખ પામે છે મનમાં તેહ રે ૧૩૫૧
કયારે એ ગુંજા માલા તણાં મણીયા ગીણે પ્રાણ આધાર રે
એણે મીસે કરી દાન આપે છે વિવિધ નાયકાને સાર રે ૧૩૬૧
એણી પેરે ખેલ વાધે ઘણો ખેલાવતા એ માલા રસાલ રે
સકલ કલા એ ગુણવંત છે તે હરખે રસિક વ્રજબાલ રે ૧૩૭૧
પ્રિયજી ચરિત્ર પ્રેમે ભર્યા કરે રસિકા લહે રસ રમ્ય રે
બીજુ કોઈ તે પ્રીછે નહીં સહુ કોને એ રસ છે અગમ્ય રે ૧૩૮૧
ઉથાપને વિલસે આનંદ મુદા ગાદી પર રસ રીધિ નાથ રે
કરૂણામઈ તે કારણ લહી રસ રૂપ શ્રી ગોકુલનાથ રે ૧૩૯૧
એણી પેરે વિલસે રસે ભર્યા સદા સર્વદા વહાલોજી રંગે રે
ગુણીજન ગાન કરે બહુ પ્રિતમજી રીઝે છે શ્રી અંગે રે ૧૪૦૧
રાગ રંગે રસ ભરી રહયું શ્રી મંદિર વિચિત્ર અનુપ રે
સભા મંડલ તે સોહામણું રીઝે પ્રિયજી સંયુકત રસ રૂપ રે ૧૪૧૧
તે પ્રકાર કહી આવ્યા છું પાછલના પ્રસંગોમાં હરખે રે
ગુણીજન ગાન જયારે કરે ત્યારે સ્નેહ રૂપી મેહ તે વરસે રે ૧૪૨૧
રસ રસિકાને વાધે ઘણો અંગે તે અનંગ સુખકારી રે
ગાન સુણતાં અતિ રીઝે છે પ્રગટે તે શ્રી અંગે રસ ભારી રે ૧૪૩૧
તે શુભ જુએ સુભગા મલી રસ ઉદબોધ અનુપમ સોહે રે
રસ અનુભવી અંગ અંગ તણાં તે અવિલોકી અવિલોકી મોહે રે ૧૪૪૧
અનુરકત ભકત બહુ ભાવસું માખી નિવારણ પ્રિયજીને કરે રે
તકિયા મોટાને પાછલ રહી વાત્સલ્ય ચિત્ત વહાલાજીનું ઘરેય રે ૧૪૫૧
સ્નેહ સહિત અતિ હરખસું આતુરતા સહિત ભકત રાજે જી
સંકોચ મન માંહે અતિ ઘણો માખી નિવારણ લેતાં તે ભ્રાજેજી ૧૪૬૧
પુષ્ટ રસે દંડવત કરે ચિત્તમાં પ્રિયજીને તે ભાવે રે
અંગ અંગ થરથરતા દિસે પુષ્ટ પુષ્ટ રસ વચને તે નાવે રે ૧૪૭૧
મુખ તણાં અમીય સુકાયે છે સ્નેહ અગ્નિ સહિત અનુરાગે રે
એહવી અવસ્થા પ્રેમે ભરી જોઈ જોઈ મનડુ અતિ પાગે રે ૧૪૮૧
એણી પેરે અનુરકતે માખી નિવારણું કર મધ્યે લીધું રે
મોટા તકિયા ઉપર થકી તેણે કરીયને કાજ સહું સીધુ રે ૧૪૯૧
માખી નિવારે છે હરખસું એકાગ્ર ચિત્તે અનુરકત રે
રખે કહી માંખી બેસે અંગે એહવા વાત્સલ્યકરે છે તે ભકત રે ૧૫૦૧
ઉભા ઉભા તે નિવારે છે દ્રષ્ટિ પ્રેમે ભરી પ્રિય દિસે રે
સુભગ સુખદ તે સોહામણું માખી વરજણુ જોઈ મન હીસે રે ૧૫૧૧

ઝટકતા ફર ફરે જયોતસું ઉધ્યોત તે કહી નવી જાયે રે
ખડખડતું તે ખાંતે કરી તેણે પ્રિયજીને ચિત્ત અતિ ભાયે રે ૧૫૨૧
માખી વરજણુ બિરાજે છે શોભાયમાન વ્હાલાજીને સંગે રે
એણી પેરે રસ ઉદબોધસું માખી નિવારે છે ભકત તે રંગે રે ૧૫૩૧
પરમ ચતુર ચપલાઈસું ઝટકે નવ મટકે તે નયણ રે
ગાદી તકિયે બેઠા છે પ્રિય બોલે છે તે મીઠા વયણ રે ૧૫૪૧
એણી રીતે માખી નિવારે છે ભાગ્યવાન સ્નેહ ભકત રે
વાત્સલ્ય પ્રિય તણું ચિત્ત ધરી એણી પેરે કરે અનુકરત રે ૧૫૫૧
માખી વરજણે લગાડયો છે સોંઘો તે મહેકે રસરૂપ રે
પ્રિય સુખ ચિત્ત હીત ધરીય સ્નેહ વાત્સલ્યે કર્યા તે અનુપ રે ૧૫૬૧
માખી વરજણાંતે નવનવા આવે ભેટ અનુપમ ભાંતે રે
કોઈએ ભર્યો છે કસીદો તે સ્નેહ સંયુકત ધરી મન ખાંત રે ૧૫૭૧
તે પ્રિતમને પ્રિય ઘણું.....નેત્રાબુંજે દિધુ રે
પ્રિતી રીતી જણાવી વહાલે તે ભકતનું કારજ સીધુ રે ૧૫૮૧
પછે તે ગાદી પર ધરી ને તે માંહાંથી કાઢે શ્રી હસ્તે માલ રે
ચંપા ચમેલી ચમકી રહયાં નાયકા રૂપે તે વ્રજબાલ રે ૧૫૯૧
એણી પેરે તે અંગી કર્યું માખી વરજણું ગોકુલનાથ રે
રસ તણી રીતે આનંદ મુદા દાન આપ્યા વ્હાલે નિજ હાથ રે ૧૬૦૧
દાતા ભોકતા તણું મન લહે બીજા કોઈને ન હોય પ્રચાર રે
એણી પેરે માખી વરજણાં તે આવે ભેટ અનુપમ સાર રે ૧૬૧૧
કયારે શ્વેત કયારે કસુંભીયા કયારે છાપેલી જોઈ મન હીસે રે
વિવિધી તણી છીંટોના રાજે કિનાર સોહે તે રંગે દિસે રે ૧૬૨૧
કયારે કસબનું તે જલહલે ઝાતકાર સું સુખદ નવિન રે
માખી નિવારે અતિ હરખસું તે ભકત છે પરમ પ્રવિણ રે ૧૬૩૧
ભાગ્યવાન તે ભાવે ભર્યા માખી નિવારતા આનંદ પામે રે
પ્રસન્ન થાએ છે પ્રમોદસું દુઃખ સુખ સંસાર રૂપી વામે રે ૧૬૪૧
એહ સમય ચિત્તમાં રમે તેણે સ્વરૂપનો રસ જામે રંગે રે
અંગ અંગ પ્રત્યે તે આનંદ મઈ રસ સુખ આપે વહાલોજી સંગે રે ૧૬૫૧
માખી નિવારતા ફરહરે શ્રી મસ્તકે કેશ રસાલ રે
અંબોડલો લટકી રહયો થરહર તો જુએ વ્રજબાલ રે ૧૬૬૧
ધોતી ઉપરેણો હલમલ કરે માખી વરજણા તણો તે વયાર રે
તે શોભા અતિ રસભરી જોઈ જોઈ સ્વકિય વૃંદચિત્ત ધારે રે ૧૬૭૧
પ્રિય પ્રેષ્ટને માખી નિવારતા ભકત પોતા તણું ભાગ્ય સરાહે રે
એ સમય તે દુર્લભ લહી અંગ અંગ પ્રત્યે હરખ ઉમાહે રે ૧૬૮૧
ક્ષણુ એકમાં એમ સોચે છે એ સત્યકે સ્વપ્ન સુખ દિસે રે
ભકત સમાજ ચોહો ફેરથી માખી વરજતા જોઈ મન હીસે રે ૧૬૯૧

ભાવાપન્ન જેકો ભગવદી ઓસરા ઓસરી એ માખી રાખે રે
આપપણા ભાવ સમાન તે ચિત્તમાં પ્રિયના સુખ દાખે રે ।૭૦।
કયારે સિથિલ અંગ શોભિયે કયારે પ્રસ્વેદ અંગે તે ચાલે રે
મનોરથ મન માંહે ઘરીયને આવે નિકટ તે ભકત મન માહાલે રે ।૭૧।
પ્રથમ જે માખી નિવારે છે તેહો પાસે આવી ઉભા ભાગ્યવાન રે
દીનત્વ રૂપી લાવણ્યે ભર્યા માખી વરજણું માગે ઘરી માન રે ।૭૨।
સ્નેહ સહિત અતિ હરખસું પરસ્પરે મુસકાયે રંગે રે
એક એકનું તે વાત્સલ્ય લહી નેત્ર ચપલ ચાલે છે તે સંગ રે ।૭૩।
તે શોભા સખી અભિનવી પ્રિય પ્રેષ્ઠને માંડવે દિઠી રે
સ્નેહ ભરી રસવંત છે અનુપમ લાગે તે મીઠી રે ।૭૪।
આરતવંત વરેસનો આપ્યુ માખી નિવારણું હાથ રે
ભાગ્યવાન તે ભાવે ભર્યા મુસકાયે પરસ્પર સાથ રે ।૭૫।
માખી નિવારણ પ્રથમ જેણે એહોને તે સાર રે
હવે તે માખી જે નિવારે છે તેહને હરખતે અપરંપાર રે ।૭૬।
પ્રથમ જેણી પેરે કહી આવ્યા તેણી રીતે માખી રાખે પ્રિતે રે
ચોહો દીશથી ભકત નિરખે છે જાણીયે લખીયાં ચિત્ર ભીંતે રે ।૭૭।
માખી નિવારી જે પહોંચીયા પ્રિય સનમુખ આવી તે બેઠા રે
દીનત્વસું દંડવત કરે તે સહુ કોઈને ઉર પેઠા રે ।૭૮।
આગલ પ્રસંગ કહિયે હવે કોઈ સમય પ્રિય ચર્ચા ચલાવે રે
શ્લોક તે નવ નવી ભાવના સ્વકિય વૃંદના મન માંહે ભાવે રે ।૭૯।
ભાગ્યવાન ભલા ભગવદી રસ ભાવે ભર્યા છે અનુપ રે
તે પુછે છે પ્રિતમજીને શ્લોક ચર્ચા તે મહા સુખરૂપ રે ।૮૦।
યોગ્યતા તે તેહને સંપન્ન કરી વહાલોજી કરે છે પ્રકાશ રે
તેહો તણી આગલ ઓચરે પુષ્ટ રીતે ભાવ રસ રાસ રે ।૮૧।
વાણી તે મધુર ગંભીર છે પ્રિય પ્રેષ્ટની પરમ અવ્યકત રે
તે સુણી સુખ પામે છે ભાવાપન્ન જે નિજ ભકત રે ।૮૨।
વચન ચાતુરી ચમકી રહી શ્રી મુખાર્વીંદ જોઈ મન હીસે રે
અધર અરૂણ તે ગહેરે રંગે અનુપ સુંદર દિસે રે ।૮૩।
અંગ અંગ તે ઝલકી રહયાં તેજ પુંજ મહા સુખકારી રે
રસ ઉદબોધ સોહે બહુ શ્લોક ચર્ચા કરે પ્રિય ભારી રે ।૮૪।
લાવણ્ય લલીત મનોહર ઓચરે વહાલો વચન રસાલ રે
ભકત સમાજ જે કો અહીંય છે તેહો તણાં કરે પ્રિય પ્રતિ પાલરે ।૮૫।
સ્નેહ રૂપી વચનામૃત સંતોષી સંતોષે ભાવ પ્રમાણ રે
શ્લોક ચર્ચા મીસે કી બોલ ભાવ તે સહુકોના જાણે રે ।૮૬।
ચપલ ચતુરવર લાડીલો સહુકોના કરે સનમાન રે
ભાવ તણી યોગ્યતા જોઈ સ્નેહ સંયુકત આપે છે દાન રે ।૮૭।

કોહોને સ્નેહ ભાવ શોભિયે કોઈ પ્રેમ રસે અતિ પુરા રે
કોહોને લગ્નતા દિસે ઘણી કોઈ મગ્ન થયા રસે સુરા રે ૧૮૮
કોહોને પુષ્ટભાવ પ્રસરીયો નીરવીધિ તે નિરૂપમ સાર રે
તેહો તણાં ભાગ્યનું શું કહું નવી થાયે એ રસ તે ઉચ્ચાર રે ૧૮૯
કોઈ મર્યાદાને અનુસરે કોઈ વૈભવમાં થયા મગ્ન રે
કોહોના પુષ્ટ પુષ્ટ ભાવમાં મુદિત થઈ રહયા મન લગ્ન રે ૧૯૦
શ્રી અંગ રૂપીયા રસ મધ્યે ઝીલે છે તે ભાવાપન્ન રે
શ્લોક ચર્ચા તે કરે વહાલો સાંભલી સુખ પામે નિજજન રે ૧૯૧
જેહોનો જેહવો ભાવ રાજે છે તેહને તેહવા દાન અગાધ્ય રે
આપે છે વલ્લભજી લાડીલો ચુરે અંગ અંગ આધ્ય રે ૧૯૨
રસ તણી જે જે આરત હતી તેને પુરણ કરી ભરે એમ રે
સ્નેહ પરિતાપ પ્રગટયો જેહને તેહને સિંચન કરે વહાલો નેમ રે ૧૯૩
ચર્ચા ચલાવે ચતુરાઈ સું તેણે સહુ કોઈ મન રીઝે રે
ભાવ ભેદ ફલ ભેદસું નિજજન શ્રૃષ્ટિના કાજ સીઝે રે ૧૯૪
આપાપણાં ભાવ સમાન તે અનુગ્રહ લહી મનમાં હરખે રે
વહાલોજી રસસું સિંચન કરે શ્લોક દ્વારા વચનામૃત વરખે રે ૧૯૫
પુષ્ટિ રીતે તે પ્રગટ કરે શ્લોક તણો ભાવ નવી ભાંતે રે
અંતરંગ સુભગાને સુચવે રસ સંયુકત ભાવ ઘરી ખાંતે રે ૧૯૬
ચર્ચા ચલાવે કોઈ સાથે કોહોને દાન કરે તે વિચિત્ર રે
અવ્યકત અનુપમ અભિનવા આપે છે વલ્લભજી તે મિત્ર રે ૧૯૭
જેહને જેવો ભાવ રાજે છે તેને તેવા દાન સુખ રૂપે રે
અનુભવી પાત્રનું મન લહે સમજી રસ વિલસે અનુપ રે ૧૯૮
કોઈ સમય પ્રશ્ન પ્રમોદસું પુછે તે મહા ભાગ્યવાન રે
મનમાં ઉછાહતે અભિનવો વ્હાલોજી રાખે બહુ માન રે ૧૯૯
પ્રશ્ન પ્રેમ ભર પુછીયુ ત્યારે હુલસ્યા પ્રિતમજીના નયણ રે
વચન ચાતુરીએ તે વિલસવા બોલે છે તે મીઠા વયણ રે ૧૦૦
પ્રશ્નની ચર્ચા ચલાવે છે રસિકાને હેત રસ દાતા રે
સહુકોની મનવ્રત જાણે છે વલ્લભજી મહા રસ જ્ઞાતા રે ૧૦૧
પ્રશ્ન ચર્ચા પ્રમોદસું સહુ કોના ભાવ તે સંતોષે રે
સ્વરૂપ રસાત્મિક રસે ભર્યું સ્નેહ સંયુકત બહુ પેરે પોષે રે ૧૦૨
ભકત સુણે સાવધાન સું જે જે વચન બોલે પ્રિય સાર રે
પ્રશ્ન પ્રકાર વિસદ કરી ચર્ચે છે વહાલોજી અપાર રે ૧૦૩
સુણી સુખ પામે પ્રમોદસું નિજ શ્રૃષ્ટિ તે બહુ પેરે રીઝે રે
પ્રશ્ન પ્રકાર સાંભળતાં તે રસભકતના કારજ સીઝે રે ૧૦૪
વહાલાજીને તે ઉછાહ ઘણો પ્રશ્ન તણે મીસે કરે રસદાન રે
પ્રેમ પાત્ર જે પ્રેમે ભર્યા તેહ તણું રાખે પ્રિયજી માન રે ૧૦૫

સ્નેહ તણું રૂપ જણાવે છે પ્રશ્ન ચર્ચતાં પ્રિયજી તે રંગે રે
સ્વકિય જે સુજાતિ તે હરખે છે વચનામૃત સુણીયને સંગે રે ।૧૦૬।
ભાવ પ્રમાણે પ્રમોદસું રસપાન કરે પ્રિય અનુકુલ રે
ભાગ્યવંતા તે ભાવે ભર્યા સમજે મહા રસ મુલ રે ।૧૦૭।
આપાપણા ભાવ સમાન તે પ્રિય તણાં સુખ મન માંહે સોચે રે
અનુભવીયા અનુભવ રસે પ્રશ્ન સાંભલી અતિ ઘણું લોચે રે ।૧૦૮।
જે જે અનુભવ કિધો પ્રથમથી પ્રશ્ન સમે તે આવીને નિરોધે રે
ચર્ચા ચલાવે પ્રમોદસું વહાલો રસિકાને એમ તે પ્રબોધે રે ।૧૦૯।
ગાદી તકિયે થકા બહુ લસી ખસી આવે વહાલોજી રસાલ રે
પ્રશ્ન ચર્ચા કરતા રંગે પ્રિતે જુએ વ્રજબાલ રે ।૧૧૦।
નૌતન રસ સુખ દેખિયે ઉથાપન સમય પ્રિયતણાં એહ રે
ચર્ચા ચલાવે છે પ્રશ્નની વહાલોજી અનુપમ તેહ રે ।૧૧૧।
ઉછાહ તણી પરમિત નહી વચન મીઠા ઘણું લાગે રે
તે સમય અંગ અંગ તણી લાવણ્ય જોઈ મનડુ તે પાગે રે ।૧૧૨।
નવ નવા પ્રશ્ન ખાંતે કરી પુછે છે સ્નેહ તણી રીતે રે
તેહ તણો ભાવ પ્રેમે ભર્યા પ્રિતમજી કહે રસ પ્રિતે રે ।૧૧૩।
સુણતા આરંદ્ર મન થઈય ને સાત્વિક ભાવે ભરી આવે ભકત રે
કોહોને સ્નેહ તપ્ત પ્રગટે છે જે કો ભાવાપન્ન અનુરકત રે ।૧૧૪।
કોઈ પ્રેમ મધ્યે પાગીયાં પ્રશ્ન સુણતા માહા ભાગ્યવાન રે
રૂકમણીલાલ રસે લહ લહયો નિજ શ્રૃષ્ટિને આપે છે દાન રે ।૧૧૫।
પ્રશ્ન મીસે તે નિરોધે છે વહાલો રસભકતના મન રંગે રે
તેણે કરી અંગ અંગ સહુ એકાગ્ર ચિત્તે થયા સંગે રે ।૧૧૬।
વિષય તે સહુ કોના જુજુવા તે પ્રિયના સંબંધને લોચે રે
નેત્ર નિરખે સાવધાનસું કર્ણ વચન સુણી રસ સોચે રે ।૧૧૭।
રસના તે રસજુત બોલવા ચંચલ થઈ ચપલા રસાલ રે
અધર અધર પાન કરાવાને ઉન્મત થયો છે તેણે કાલ રે ।૧૧૮।
કરે તે પરસ ચાહે કર તણો રસિકાને એ મહા સુખદાયી રે
સકલ ઈંદ્રીય એણી પેરે તે સાવધાન થઈ મન ભાઈ રે ।૧૧૯।
પ્રશ્ન સાંભળી અંગ હુલસીને વિલસ્યા તે વહાલ સંગ એમ રે
નિરોધ દાન પ્રિય પ્રેમસું કરે છે સુભગા રીઝે જેમ રે ।૧૨૦।
હૃદય તણી ગહેરાઈ તે ઘણું સુંદર તે સમે લાગે રે
કુચ તે કઠોર કોમલતાસું અવિલોકીને મનડુ તે પાગે રે ।૧૨૧।
પ્રશ્ન ચર્ચે છે જેણે સમય અરૂણ આભાસું તે દિસે રે
ત્યાં માલા નાયકાના જુથ તે વિલસતા જોઈ મન હીસે રે ।૧૨૨।
સાંભલી પ્રશ્ન સભા સહુ આશ્ચર્ય મન માંહાં ઘણુ થાયે રે
રસિકાને રસદાન આપીયાં પ્રશ્ન પ્રસંગાત અતિ મન ભાયે રે ।૧૨૩।

પ્રશ્નની ચર્ચા ચલાવતા શ્રીકર કમલ ઘણું સોહે રે
મુદ્રિકા ઝલકે ઉધ્યોતસું તેની જયોત જોઈ સહુ મોહે રે ૧૧૨૪૧
પહોંચલા પ્રહસિત પ્રેમસું સુભગા તે નિહાલે છે પ્રિતે રે
પ્રશ્ન ચર્ચા બહુ ભાંતસું ચાલે છે અનેક રસ રીતે રે ૧૧૨૫૧
ઉથાપને વહાલોજી બેઠા છે ગાદી તકિયે તે મહાસુખ દેણ રે
નિજ શ્રૃષ્ટિને પોષણ કરવાને બોલે છે મીઠા વેણ રે ૧૧૨૬૧
અનેક ભાંત તણી ચર્ચા તે ચાલે નૌતન રસના પ્રસંગ રે
તેણે કરી સહુ હુલસીને વિલસે છે પ્રિતમ સંગ રંગે રે ૧૧૨૭૧
ભકત સમાજ સહુ સાંભલે વહાલો ઓચરે છે પરમ પ્રવિણ રે
..... ૧૧૨૮૧
તેહ સમય શ્રી અંગમાં રસ ઉદબોધ અનુપમ રાજે રે
પ્રહસિત પ્રગટ તે દેખિયે રસ ભાવ ચર્ચે રસ ભ્રાજે રે ૧૧૨૯૧
અનુકરણ સહિત દેખાડે છે તે પદ તણો ભાવ અનુપ રે
જે જે ચરિત્ર પોતે કર્યા તેની ચર્ચા કરે સુખરૂપ રે ૧૧૩૦૧
પદ તણાં ભાવને મીસે કરી ફરી વિલસે તે પ્રાણ આધાર રે
અનુભવ જે નિજ અંગનો તે સુરતિ કરે સાર રે ૧૧૩૧૧
કયારે સ્નેહની અવસ્થાના પદનો ભાવ ચર્ચે અમોલ રે
કયારે વિરહ પરિતાપના ભાવ કહે કરૂં કોને સમતોલ રે ૧૧૩૨૧
કયારે પ્રેમે પુલકિત થઈ આશકતાના કહે ભાવ રે
કયારે લગ્નતાના ભાવ તે ચરચે તેહનો થયો જમાવ રે ૧૧૩૩૧
કયારે પુષ્ટ પુષ્ટ ભાવની ચર્ચા ચલાવે સુખ રાસ રે
તે સાંભલી ઘણું હરખે છે અધિકાર પરત્વે નિજદાસ રે ૧૧૩૪૧
કયારે વ્યશન વિસ્તારીને તેહનો ભાવ કહે પ્રિય ધિર રે
એણી પેરે પદ તણી ચર્ચા તે ચલાવે શોભાજીનો વિર રે ૧૧૩૫૧
કયારે બાલ ને લીલા તણાં પદનો ભાવ કહી સમઝાવે રે
અનુકરણ સહિત દેખાડે છે નિજ ચરિત્ર લીલા રસ ભાવે રે ૧૧૩૬૧
તેહ પ્રકાર કહે જયારે ત્યારે વ્હાલાને મન અતિ મોદે રે
આસન વાલી બેસે રંગે ચરણારવિંદ લઈ પ્રિય ગોદે રે ૧૧૩૭૧
લરીકાઈ તણી જે જે રીતી છે તેણે અનુકરણે તે પ્રિયજી દિસે રે
બાલ લીલા તણાં પદ તણો ભાવ કહે છે જોઈ મન હીસે રે ૧૧૩૮૧
નિપટ મૃદુલ મારો વ્હાલો વચનામૃત મૃદુલે તે પોષે રે
પદ તણી ચર્ચા ચલાવતાં નિજ શ્રષ્ટિને રસસું સંતોષે રે ૧૧૩૯૧
દાન આપે તે દયા કરી પદ ચર્ચતા અપરંપાર રે
રસિક ભકત તણું મન લહે જે જે ઉચરે વ્હાલો રસ સાર રે ૧૧૪૦૧
જયારે પ્રસંગ જેહવો ચલાવે છે ત્યારે તે માંહાં તદાત્મિક નાથ રે
તે અનુકરણ શું સ્વરૂપને અવિલોકી હરખે ભકત સાથ રે ૧૧૪૧૧

પદ તણો ભાવ સાંભળી અને ભકત પ્રમોદસું નામે છે શીષ રે
કોઈ લહે એ આનંદ મઈ પુરણતા સહિત જગદીશ રે ।૧૪૨।
ભાવ સાંભલીને રીઝે ઘણું જેહનું મર્યાદા એ છે વરણ રે
રસિક ભકત જે રસે ભર્યા રૂકમણીલાલ તેહનું આભરણ રે ।૧૪૩।
પુષ્ટ પુષ્ટ ભાવે જે ભકત ભર્યા તેહોને શ્રી અંગ સદા મન ભાઈ રે
નામ વલ્લભજી સોહામણું તે રસ ભકતને સુખદાયી રે ।૧૪૪।
મહા રાજધાની સંયુકત એ બેઠા છે ગાદી તકિયે તે સોહે રે
નાગર નવલ ચતુરવર ચતુરાયે જુએ સહુ મોહે રે ।૧૪૫।
એક એકનું તે પ્રિછે નહી કટાક્ષ કરે છે રસાલ રે
મુસકની મૃદુલ મોહામણી તે નિરખી હરખે નવ બાલ રે ।૧૪૬।
કયારે પ્રિત પ્રેમાશકત તે કોઈ કવીતનો ભાવ કહે રે
વિરહની અગ્નિ અસાધારણ વિસ્તારી કહે સુખ રૂપ રે ।૧૪૭।
કયારે સ્નેહે તે સુચન કરી લગ્નતાનો કહે પ્રિય ભાવ રે
કવીત મિસે વહાલો ઓચરી જયારે બને છે જેહવો રસ દાવ રે ।૧૪૮।
કયારે બાલ તે લીલા તણાં કવીત ચર્ચે રસ રાઈ રે
જે જે લીલા નિજ અંગની ફરી સુરત કરે સુખદાયી રે ।૧૪૯।
બાલ લીલા તણાં કવીત તે મહા પ્રભુજીને અતિ રૂચીકારી રે
તે તેણો ભાવકહે જયારે તદાત્મિક રંગ વાધે ભારી રે ।૧૫૦।
કયારે કિશોર વય તણાં તે કવીત ચર્ચે સુખ દેણ રે
રસ તણો સાગર ઉમડે બોલે વહાલોજી મિઠા વયણ રે ।૧૫૧।
કયારે તારતમ્ય ભેદના કવીતનો ભાવ કહે મહારાજ રે
કયારે વીરહ વીહવલતાના કવીત ચર્ચા પુરે કાજ રે ।૧૫૨।
કયારે રસિક નાયકા તણાં કવીતનો ભાવ કહે રસાલ રે
સ્નેહ સહિત તે સુલક્ષણી તેહનું પ્રિય કરે એમ પ્રતિપાલ રે ।૧૫૩।
કવીતના રસ માંહે મગ્ન છે પ્રિય પ્રેષ્ટ ગંભીર વાણી બોલે રે
રસિક સુભગાને તે સુચવી નવનવે ભાવે અંતરપુટ ખોલે રે ।૧૫૪।
તે સુણી સુખ પામે છે રસિકા દાન મન માંહે જાણી રે
રીઝી રીઝી ને આશિષ બોલે પ્રિય તણાં સુખ મનમાં વખાણી રે ।૧૫૫।
કયારે દુહા સ્નેહ રસ તણાનો ભાવ કહે વિસ્તારી રે
નૌતન રસ અભિલાખસું પાન કરાવે પ્રિય અતિ ભારી રે ।૧૫૬।
દુહાતે ભિન્ન ભિન્ન દેશના તેહનો ભાવ કહે સમુજાવી રે
ઉછાહસું પ્રિયજી આનંદ મને તે સહુ કોઈને મન ભાવી રે ।૧૫૭।
દુહે દ્રઢ.....ભાવ તે લાગે પાગે મન રંગે રે
વહાલોજી વચન તે ઓચરે ભકત સમાજ સુણે સહુ સંગે રે ।૧૫૮।
એણી પેરે ભાવ પ્રગટ કરે કયારે છપૈયાના રસ માંહે મગ્ન રે
કયારે કુંડલીયા કોડે ભર્યાનો ભાવ કહે રસે લગ્ન રે ।૧૫૯।

ભાવા ભાવાત્મિક થઈ રહયું ભકત મંડલ અતિ ભાગ્યવાન રે
ઉથાપન સમય ભાવ પુરણે પ્રિયજી આપે છે એહવા દાન રે ૧૧૬૦૧
ભાવે ભુષિત સહુ દેખિયે મંદિર વિચિત્ર રસાલ રે
મધુરી વાણી સું સિંચન કરે પ્રિતમજી કરે પ્રતિ પાલ રે ૧૧૬૧૧
ભાવ ગ્રાહી ભાવ ભકત છે ભાવના દાન આપે અપાર રે
ભાવે ભર્યા દિગ્મુઢ તે થઈ રહયા છે સ્વકિય જે કો સાર રે ૧૧૬૨૧
કોઈ ભાવ ભર હુલસી પ્રિયનું મુખ નિરખે અવ્યકત રે
કોઈ રસ ભાવે નમન કરે શ્રી અંગ સ્પર્શી રસ ભકત રે ૧૧૬૩૧
કોઈ ઝીલે ઝકઝોલસું વહાલે ભાવ કહયા તે માંહાં પ્રિતે રે
કોઈ ચિત્ત ચિંતા આતુર થયા દિસે ચિત્ર લખ્યાસા ભીંતે રે ૧૧૬૪૧
કોહોને કાંઈ તે સુઝે નહી ભાવ પ્રસરી રહયો અંગ અંગે રે
જેજે દાન પ્રિતમ કર્યા ઉછાહ ઉછલીત રહયો સંગ રંગે રે ૧૧૬૫૧
કોઈ ભાવે ભર્યા અવિલોકે છે અવિલોકની સુંદર લાગે રે
કોને ભાવભર નેત્રથી જલ ચાલે જોઈ મન પાગે રે ૧૧૬૬૧
ભાવ તણી પરમિત નહીં ભકતને અંગે લાગે છે નેહ રે
રસિકા જોઈ એક ભાગ્યવાનને સ્નેહ રસે સુરત નવદેહ રે ૧૧૬૭૧
ભાવે ભાવની વૃધ્ધિ કરે તેણે સરે સુભગાના કાજ રે
અનેક ભાવના તે ભગવદી અહીં બેઠા છે સુખદ સમાજ રે ૧૧૬૮૧
ભાવ પ્રમાણે રસ અનુભવે વહાલાજીનું સ્વરૂપ તેજાણી રે
તે પ્રકાર વચને કરી કહીં પેરે કહું તે વખાણી રે ૧૧૬૯૧
દાતા ભોકતા તણું મન લહે જે જે અનુભવે રસ તે અનુપ રે
કહેવાને કેહનું સામર્થ નહી એ રસ છે તે મહા સુખરૂપ રે ૧૧૭૦૧
ભાવ તણી જે જે પુષ્ટતા તે વચને કહી નવ જાયે રે
ભાવ ભુકતા ભર ભાવસું સિંચન કરતાં સુખ થાય રે ૧૧૭૧૧
એણી પેરે ભાવ તણી તે ભોજન ભાવતા કરવાયે રે
પરસ્પરે અતિ હુલસીયને તેણે બીજું કાંઈ ચિત માંહે ન આવે રે ૧૧૭૨૧
ભાવે ભર્યા સર્વાંગ છે એકએક થકી તે નવિન રે
તે તણું પોષણ કરે છે રસભાવસું પ્રિયજી પ્રવિણ રે ૧૧૭૩૧
સ્વરૂપને જોઈ ભાવ ઉપજે કોઈ નૌતન રસ પ્રગટાવે રે
શ્રી અંગ તણી જે જે માધુરી વિચારી કહે રસભાવે રે ૧૧૭૪૧
ભાગ્યવાન ભલા ભગવદી પ્રિયનો જશ કહેવાને સોચે રે
કોઈ કવિત કો દુહા કહે કોઈ ઘોલ કરવા ઘણું લોચે રે ૧૧૭૫૧
કોઈ પદ પ્રેમાશકિત સું જશ પ્રગટાવા મન માંહાં રંગે રે
જેહને જેવોભાવ ઉપજે કરે દાન સ્વરૂપ રસ સંગે રે ૧૧૭૬૧
તે મનમાં અતિ હુલસી નૌતન રસ પ્રગટાવે પ્રિતે રે
સ્વરૂપ સંબંધી જે જે ચરિત્ર છે તેહનો વિસ્તાર કરે રસ રીતે રે ૧૧૭૭૧

ગુણ ગુંફીત કર્યા અતિ મોદસુ કૃપા બલે તે તે ઉછાહા મન ઘરે છે રે
જેહને જેહવું દાન પ્રિયે કિધુ તે તેહવો નૌતન જશ કરે છે રે ।૧૭૮।
મન માંહે ચોપતે અતિ ઘણી રાખે છે મહા બડભાગી રે
રસ તણાં ભેદ વિચારે છે શ્રી ચરણાર્વિંદે માન તે માગી રે ।૧૭૯।
મુખ ભેદે રસ ભેદ નિપજે નૌતન જશના તે પ્રકાર રે
નવ નવા ભાવ વિચારીને કરે છે તે જશ અતિ સાર રે ।૧૮૦।
અનુભવનો તે આશય લેઈ ભિન્ન ભિન્ન વર્ણન કરે એમ રે
દાન તણાં તે સામર્થસું રીઝવે વહાલાને તે તેમ રે ।૧૮૧।
ઉથાપને શ્રીમુખ નિરખતા એમ વાધે છે મનને ઉમાહા રે
નૌતન જશ તે કરવાને પ્રગટે ચિત્તમાં અતિ ચાહ રે ।૧૮૨।
શ્રીમુખ સામુ તે નિરખીને સોચે સ્વરૂપ એ કહયું કેમ જાયે
પણ સંબંધે ભર્યા જે કો પાત્ર છે તેહને પ્રિયનો જશકરી સુખ થાયે રે ।૧૮૩।
નૌતન ભાંત વિવેકસું જશ વર્ણન કરે છે રસાલ રે
એણે પેરે દાન આપીને ભકતના કરે પ્રિય પ્રતિપાલ રે ।૧૮૪।
સુખદ શીરોમણી વ્હાલો છે તેહને મીટ ભરી ભરી નિહાલો રે
અંગ અંગ મૃદુલ સોહામણાં તે શોભા રસિક ભકત ભાલો રે ।૧૮૫।
ચરણ થકી તે આરંભીને શીષ પર્યંત પ્રિય અંગ પેખું રે
તે જોવાની આરત ઘણી હવે સ્વરૂપ કેઈ પેરે દેખુ રે ।૧૮૬।
ચરણાર્વિંદ ચોંપે કરી નિરખું મન અભિનવે રંગે રે
મૃદુલ મનોહર રસે ભર્યા ઝલકે ઝાતકાર તે સંગે રે ।૧૮૭।
ચરણ તલાં ચલકે ઘણું ઝલકે અંગુષ્ટ રસાલ રે
અંગુલી દલ તણી પાંત્ય તે અનુપમ સોહે વ્રજબાલ રે ।૧૮૮।
નખ કેરી પંગત્ય ઝગમગે ઉધ્યોત સહિત સુખકારી રે
પાટલી પ્રેમવતી સદા ઉતંગ દિસે છે તે ભારી રે ।૧૮૯।
જગમગતી જયોત ઝલહલે તેહને ઉધ્યોત અપરંપાર રે
ઝાક ઝમાલસું ઝલકતી ચરણ પાટલી અનુપમ સાર રે ।૧૯૦।
અનુરાગ રૂપીયે રસે ભરી તે દિસે માહા શોભાય માન રે
સ્પર્શતા સુખ પ્રગટે ઘણું સ્વતઃ કરાવે રસ પાન રે ।૧૯૧।
એહવી પાટલી એ પ્રેમે ભરી પ્રેમાશકત ભકતનું નિજ ધામ રે
સ્નેહ સહિત અવિલોકતા એ પુરે વિવિધી રસ કામ રે ।૧૯૨।
પાંહાની પ્રગટ અતિ ચલકતી ઝલકે છે તે સુંદર લાગે રે
ક્ષણુંમાં અરૂણ રંગ દેખિયે ક્ષણું શ્વેત શોભાએ મન પાગે રે ।૧૯૩।
ચોરસ એડી ચમકે ઘણું ચપલ ચલકે રસ રાસ રે
ચરણાર્વિંદ દરસ પાન કરતાં સોહે નિજદાસ રે ।૧૯૪।
ફરી ફરીને અવિલોકીયે ચરણ ચરિત્ર કરે પ્રિય રંગે રે
ચોંપ સહિત ચક્ષ ચાક્ષસું ઝલકે ઝાતકાર તે ઉમંગે રે ।૧૯૫।

ચલણ વલણ ચંચલતાસું ચતુરાઈસું ચાલે છે ચરણ રે
તે ચપલાઈ ચિત્તમાં રહે ચપલાને એ ચરણ આભરણ રે ।૧૯૬।
ચરણ રસ ભરણ ભકતને સદા મુદિત થઈ આપે છે દાન રે
મનોરથાંતે પહોંચાડીને કરવાવે વિવિધ રસ પાન રે ।૧૯૭।
એણી પેરે શ્રી ચરણાર્વિંદ રસ જગમગતો જે અમોલ રે
રસિકાને રસસું પોષણ કરે ચરણાંબુજ સમ નાહીં કાંઈ તોલ રે ।૧૯૮।
ગુલફની ગહેરાઈ ગંભીર છે જાનુ નિકટ તે માહા ઘરી ધિર રે
ઉથાપન સમયગાદી તકિયે તે બેઠા સોહે શોભાજીનો વિર રે ।૧૯૯।
જાનુ જગતમાં એહવા નહીં મારા પ્રિયના છે પરમ પ્રવિણ રે
સુભટ શીરોમણી જ્ઞાતા છે રસદાતા તે સુખદ નવિન રે ।૨૦૦।
એહવા જાનું ઝલકી રહયાં ચંચલતા સહિત રસ રૂપ રે
અવિલોકીયે તે આનંદ મને જાનુ ઉદબોધ રસ છે અનુપ રે ।૨૦૧।
ઘુંટણ જંઘા જુગલ જોઈ અંગ અંગ પ્રત્યે વાધે અનંગ રે
ચરિત્ર વિચિત્ર છે જંઘા તણાં રસ રમે તે રસિક રસ રંગ રે ।૨૦૨।
રમણ રસે રમણીક છે વિવિધ રસ દેખાડે પ્રિતે રે
જંઘા તણાં સુખ સમગ્રતે અનુભવે રસિકા રસ રીતે રે ।૨૦૩।
મધ્ય સ્થલ મહ મહે મોદસું પરાગ પ્રગટ અભિરામ રે
તે રસ અનુભવે પ્રેમદા પ્રેમાશકત સું પ્રિય પુરે કામ રે ।૨૦૪।
મધ્ય સ્થલ મુગટ મણી સદા રસના ધણી જાણે એહનો મર્મ રે
ચરિત્ર જે રસ ચપલાઈસું કરે પ્રગટ પ્રિયનો રસ ધર્મ રે ।૨૦૫।
મધ્યસ્થલે માન મોહામણાં રસિકા તે લહે રસ રમ્યરે
બીજુ કોઈ તે પ્રિછે નહી સહુ કોહોને એ રસ છે અગમ્ય રે ।૨૦૬।
રસ તણાં દાન આપે રસે મધ્યસ્થલ પરમ પ્રવિણ રે
પ્રેમદાને તે પ્રેમ ભરે મધુર રસ માંહે નવિન રે ।૨૦૭।
નિતંબે નૌતન રસ રાજતો છાજે છે તે અપરંપાર રે
રસિકા શું રસ અનુભવતા તે સુર પ્રગટે એહને સાર રે ।૨૦૮।
એહવા નિતંબ નિરમોલ છે રસભકતનું જાણે છે મન રે
ચતુર ચતુરા લહે ભાંત ભાંતનો રસ ભાવાપન્ન રે ।૨૦૯।
કટી લંકમાં લપટી રહી ધોતી છે તે ધિરજવાન રે
સંયોગ રસસું પાગી રહે પ્રિય રાખે એહનું બહુ પેરે માન રે ।૨૧૦।
એહવી ધોતી ઘણી અતિ છે શ્રી અંગ સંગ અનુપમ સોહે રે
શ્વેત સકોમલ અભિનવી તેહતો જોઈને સહુ મોહે રે ।૨૧૧।
ટુંડી કટી ને નિકટ દિસે ગૌર ગોલ ગાઢ સું તે રાજે રે
ઝલકે ઝાતકાર સું રસે ભરી ટુંડી રસિલી નાર ભ્રાજે રે ।૨૧૨।
ઉદર અરૂણ કાંત ઝલકતી મૃદુલતા સહિત સુખ આપે રે
તે જોઈ સુભગા તણો અંગ અંગ આરતી અતિ વ્યાપે રે ।૨૧૩।

ઉદર શોભા સખી ઝલમલે અવ્યકત મનોહર રૂપ રે
રસિકા એ રસ સુખ અહીં ધર્યો તેણે અનુભવુ દિસે અનુપ રે ।૨૧૪।
ઉદર થોંદ અતિ લહલહે સુંદરા કહી કેમ જાય રે
ભાવે ભુષિત સુભગા જે તેહ તે નિરખીને શાંતા તે થાયે રે ।૨૧૫।
ઉદર આનંદમય શોભિયે લોભી લલચાયે અતિ પ્રિતે રે
સ્પર્શ સુખને અકુલાયે છે મન વિલસવાને રસ રીતે રે ।૨૧૬।
ઉદર જયોત ઝાતકારસું ઝલકે છે અતિસે અવ્યકત રે
પારશ્વ જુગલ જોઈને તે હરખે છે રસિક રસ ભકત રે ।૨૧૭।
અનુરાગ રસ તે માંહાં ભર્યો પ્રેમદાએ પ્રેમસું રસ રાસ રે
એહવા પારશ્વ પ્રેમે ભર્યા અવિલોકે રસિકા રસ આશ રે ।૨૧૮।
પીઠ પ્રણાલ પ્રમોદસું દિસે છે તે અતિ સુખદાયી રે
રસનો પ્રવાહ ચાલે સદા આનંદ સહિત મન ભાઈ રે ।૨૧૯।
હૃદય રૂચીર તે રસાલ છે વિશાલ અનુપમ દિસે રે
પ્રેમદાને પ્રેમ ભર વિલસવા ઉદ્બોધ સહિત મન હીસે રે ।૨૨૦।
મૃદુલ મનોહર હૃદય તે રસદાન આપે સુભગાને રંગે રે
આનંદ પરમ કલ્લોલ સું કૌતુહલ કરે રસ સંગે રે ।૨૨૧।
હૃદય કમલ રલીયામણું નિરખીને સ્વકિય વૃંદ હુલસે રે
આપપપાણા ભાવ પ્રમાણે તે સ્નેહ સંયુકત હૃદય પર વીલસે રે ।૨૨૨।
હૃદય પર બાલ બિરાજે છે સુક્ષ્મ સુંદર ઘણું લાગે રે
તિલક પિત હૃદય પર સોહે લોભી રસિકા જોઈ પાગે રે ।૨૨૩।
જગમગ જયોત ઉધ્યોત સું ઝાતકાર સહિત સુખ આપે રે
હૃદય કમલ કમલાવતી નિરખે તેહને આરત વ્યાપે રે ।૨૨૪।
રસ તણી રીત પ્રિતે ભર્યા વિલસવાને ચિત્ત અતિ ચાહે રે
હૃદય પર કુચ કમનીય તે જોતા સુભગાના મન તે ઉમાહે રે ।૨૨૫।
ગૌર ગોલ અતિ ગર્વસું દિસે છે તે સુંદર નવિન રે
કઠોર કમોલ કમનીય છે રમણી કુચ કુંભ પ્રવિણ રે ।૨૨૬।
તેહ જોઈ ચિત્ત હુલસે વિલસવા અર્થ બહુ જુકત રે
નાના પ્રકારના ભેદ છે રસ તણાં તે અનુપમ ઉકત રે ।૨૨૭।
કુચ કમનીય જોઈ ઉપજે વિધી વિધીના તરંગ રસાલ રે
ગાદી તકિયે ઉથાપન સમય નિરખે છે રસિક બાલ રે ।૨૨૮।
કુચ તણાં રસને તે લોચે છે અંગે ઉદબોધનો નહી પાર રે
બિટડી રંગે રલીયામણી ફરતા બાલ સોહે અતિ સાર રે ।૨૨૯।
કુચ સંગે એ અનુસરી રહી મુખ્યત્વે મોહની નાર પ્રિતે રે
અહીંયે માલ વૃંદવિલસે છે હૃદય કુચ પર તે રસ રીતે રે ।૨૩૦।
ઝલકે ચલકે ચાપલાઈ માલા માનવતી ઘણું સોહે રે
કયારે ગુંજા તણી પહેરી છે તેહને જોઈને સહુકો મોહે રે ।૨૩૧।

વિઠ્ઠલસુત શ્રી વલ્લભજીના હૃદયના સુખ કેહી પેરે કહીયે રે
સુરતી સમે સાવધાન સું વિલસતા તે સુખ લહીયે રે ૧૨૩૨૧
કહીયે હવે ખંભાનો રસ ત્યાં જનોઈ ઉપરેણો તે રાજે રે
ખંભે થકી તે આરંભીને ટુંડી પર્યંત તે ભ્રાજે રે ૧૨૩૩૧
પરમ ચતુર ચપલાઈસું જનોઈ ઉપરેણો તે લલકે રે
ખંભા એ ઉપર તે બિરાજે અનુપમ ભાંત તે ઝલકે રે ૧૨૩૪૧
ભુજદંડ રસસું રમણીય છે તેહનો વિસ્તાર કહયો કેમ જાય રે
ચાપલ્યતાસું ચંચલ પણે ભુજદંડ લલકે મન ભાયે રે ૧૨૩૫૧
કોહોણી કાંડા ચમકે ઘણું ચોહો દિશ થકી જુએ વ્રજબાલ રે
પોહોંચલ પરમ સોહામણાં ત્યાં ચુંબન કરે રસિકા રસાલ રે ૧૨૩૬૧
પાણ્ય પલ્લવે મુદ્રિકા રાજે તે અરૂણ શ્યામ પિત રંગે રે
નંગ નવલ ગતિ ચમકતા દમકે છે તે અનુપમ સંગે રે ૧૨૩૭૧
મુદ્રિકા નામે એ નાયકા ઝલકે છે રસિલે તે રૂપે રે
તે અંગી કરી અનુરાગસું આનંદભર ગોકુલ ભુપે રે ૧૨૩૮૧
રાજસી તામસી પ્રિય ઘણું કયારે સાત્વિકી અહીંયે સોહે રે
રસિક મુદ્રિકા અંગુલીદલે જોઈ જોઈ રસિકા સહુ મોહે રે ૧૨૩૯૧
નખમણી નવલ નૌતન રસ શ્વેત અરૂણ ઝાંઈસું તે ઝલકે રે
નિર્મલ નખ રલીયામણાં વિશાલ રસાલ તે ઝલકે રે ૧૪૦૧
મનોહર મૃદુલ મોહામણા નખમણી પર રવિ શશી વારૂ રે
આનંદ પરમ પ્રમોદસું નખ પંગત જોઈ ચિત્ત ધારૂ રે ૧૪૧૧
કરતલ કોમલ જગમગે તે જોઈ સ્વકિય વૃંદ પાગે રે
તે માંહાં રેખા તે રસાલ છે વિચિત્ર તે સુંદર લાગે રે ૧૪૨૧
શ્વેત કરતલ તે શોભામઈ રસને અર્થે તે બિરાજે રે
નાના પ્રકાર તે વિલસવા કરાંબુજ કમનીય તે ભ્રાજે રે ૧૪૩૧
રસિક સુભગાને રીઝવે ઘણું કરકમલ સ્પર્શતા તે માત્ર રે
તે પ્રકાર વચને કરી કહેવાને મારૂં નહીં ગાત્ર રે ૧૪૪૧
કહિયે ગ્રીવારસ તે ગંભીર હવે જે ગર્વે ગહેરાઈ છે ગહેરી રે
ભાંત ભાંત તણી માલા તે એ ગ્રીવા મધ્યે રાજે છે પહેરી રે ૧૪૫૧
કયારે હેમની હંસારૂ છે કયારે શુભ્ર ગોલ મુકતાની સોહે રે
કયારે પુષ્પની પ્રેમે ભરી જુજવે મકરંદે પ્રિય મોહે રે ૧૪૬૧
માલા એહવી ભકતને મનોરથે ગ્રીવા મધ્યે પહેરી તે દિસે રે
તુલસી તણી તે અંગી કરી અંગત્વે જોઈ મન હીસે રે ૧૪૭૧
એહને દાન અસાધારણ તે વચને કહયું કેમ જાય રે
એ નવ જાણ્યે વિપ્રયોગ તે સદા સોહાગે સુખદાય રે ૧૪૮૧
સોહાગ સહિત સંવલીત રહે ગ્રીવા મધ્યે માલા રસાલ રે
ઘાટી ચપલા ચમકે ઘણું ઝલકતી જુએ વ્રજબાલ રે ૧૪૯૧

હવે તે ઠોડી સુખ કહિયે છે જેમાં કેલીકંદ અભિરામ રે
વિધી વિધી પ્રકારે રસ ઉકતસું એ નાયકાના પુરે છે કામ રે ૧૨૫૦
ઠોડી રૂચિર રમણીક છે રસિલી તે સુંદર લાગે રે
વિલસતા વિહવલતા ઘણી સુભગા અંગ અંગે રસ પાગે રે ૧૨૫૧
એહવી ઠોડી ઘર ઘિર છે ઘોતાલ રસિક રસે પુરી રે
ચપલા ચતુર ચંચલ ઘણું એ ઠોડી રસ સહિત છે સુરી રે ૧૨૫૨
ઠોડી રમણીક રસે ભરી ઘરી છે વહાલે અતિ નેહ રે
તે જોઈ ચિત્ત ચોકીયું રસિકા રસવંત જેહ રે ૧૨૫૩
ઠોડી ઠોર તે સોહાગસું સુભગા તણું એ ઘન ઘન્ય રે
વિવિધી પ્રકારે રસે હુલસીને એ રસિકાનું રાખે છે માન રે ૧૨૫૪
અધર અરૂણ મન હરણ તે પ્રેમદાને પ્રેમે ભરે રસ સાર રે
મૃદુલ અધર મન રંજે છે મનોહર રસ કરૂં કેમ ઉચ્ચાર રે ૧૨૫૫
અધર પલ્લવ પ્રહસિત સદા ગલસ્થલ રસ ભરે ચલકે રે
લાવણ્ય લહેરી છે રસે ભરી અધર નૌતન રસે ઝલકે રે ૧૨૫૬
પાન કરે પ્રેમદા રંગે અધર બીંબ સંગ અતિ પ્રિતે રે
ત્યારે અમૃત એ અધર તણું દાન આપે છે પ્રિય રસ રીતે રે ૧૨૫૭
ફલ એ મધુર તે મહેકે સદા સ્વાદ અનુપમ કહયો કેમ જાય રે
સુરત્વ સમે રસે વિલસતા અધર ફલ ફલ્યુ તે લહેવાય રે ૧૨૫૮
સુભગ સચિકણ લહલહે અધર પલ્લવ એમ સોહે રે
અરૂણ ગહેરો તે ઘાયલ કરે રસ સંયુકત રસ ભકત મોહે રે ૧૨૫૯
દંત પંગતી પ્રેમે ભરી પ્રહસિત જયોતસું અતિ ઝલકે રે
વિદ્યુત ગતિ ચાકચક્ષસું અનુપમ ભાંતે તે ચલકે રે ૧૨૬૦
જગમગ કાંતી અરૂણ રસે ભરી ઝાતકાર જલહલતા તે દિસે રે
દંત પંગત પ્રેમ સહિત તે પ્રેમદા જોઈ જોઈ મન હીસે રે ૧૨૬૧
દંતાવલી દાનાતુર સદા રસિકાને રસિક રસ પોષે રે
વિવિધી પ્રકારે રસ વિલસતા રસિકાને રસભરસું સંતોષે રે ૧૨૬૨
એહવી દંતવલી ચમકતી ચમકે છે ચોકો તે રસાલ રે
રસજુત દંત અતિ હુલસી પ્રેમદાના કરે પ્રતિપાલ રે ૧૨૬૩
રસના રસિક રસે નાચે છે રાચે છે મનમાં તે અપાર રે
નૃત્ય કરે નવલી ગતે શ્રીમુખ મધ્યે રસના તે સાર રે ૧૨૬૪
નાદ્ય ભેદ ભાવે ભરી એહવી રસના તે મહા સુખ રૂપ રે
ચંચલ ચપલ ચતુર ઘણું નાચે શ્રીમુખ માંહાં તે અનુપ રે ૧૨૬૫
ગતિ ભેદે માન પડે સદા નૃત્ય રસના અનુરાગે રે
તે શોભા અવિલોકતાં રસિકા રસ સું અતિ પાગે રે ૧૨૬૬
પ્રહસિત થઈ પ્રેમે ભરી રસના નાચે છે રસે પુરી રે
વિચિત્ર ચરીત્રે ચમકી રહી રસના રસભરી છે તે સુરી રે ૧૨૬૭

વાજીંત્ર વાજે ત્યાં આનંદ મુદા દંત પંગતી રૂપીયા પ્રિતે રે
ઉદબોધ સહિત પ્રમોદસું વાજે વાજીંત્ર તે ભલી રીતે રે ૧૨૬૮૦
સ્વર તે મધુરા મોહામણાં વાજીંત્ર રૂપીયા તે વાજે રે
વિવિધી છંદે અતિ ચોપસું વાજીંત્ર વાજે બહુ સાજે રે ૧૨૬૯૦
રસે ભરી રસના પ્રમોદ સું નૃત્ય કરે છે નાના વિધી ભાંત રે
નૌતન ભેદ જે નાદ્યના નાચે રસના શ્રીમુખ મધ્યે ખાંતે રે ૧૨૭૦૦
અરૂણ રંગ તે ગહેરો સદા ઉથાપન જે મુખકમલમાં દિસે રે
જયોત સહિત જગમગે ઘણું લાલ રંગ જોઈ મન હીસે રે ૧૨૭૧૦
હવે તે મોહોસર કહું રસભરી યુવતિ જન જોઈ મન રંજે રે
પરમ સૌંદર્ય શોભાએ ભરી સ્વકિય મોહસર જોઈ મન મંજે રે ૧૨૭૨૦
મોહોસર પ્રિય પ્રેમદાને સદા જોતા વાધે છે અંગે અનંગ રે
શુભગ જયોત શ્યામ જલહલે રસિકા રૂચી સું જુએ રંગ રે ૧૨૭૩૦
ધિરા તણું તે ધીરજ ખસે એ મોહોસર જોઈ અતિ પ્રિતે રે
મોહોસરના સુખ અનુભવે રસભકત તે રસ તણી રીતે રે ૧૨૭૪૦
ગલસ્થલ ઉર ઘાયલ કરે ક્ષણું ક્ષણું પ્રત્યે રસિકાને એહ રે
તેણે કરી સુખ પામીયાં ગલ સ્થલ જુએ સ્વકિય તેહ રે ૧૨૭૫૦
દાનાતુર પ્રેમદા ઘણું રીઝવવા વહાલાને રસ ઉકત રે
ગલસ્થલ જોઈ મન હુલસે વિલસવા તે રસ તણી જુકત રે ૧૨૭૬૦
આનંદ પરમ પ્રમોદસું નૃત્ય કરે નાયકા મન ગમતી રે
ગલસ્થલ પરતે પ્રેમે ભરી પ્રેમદા રસ સંયુકત રમતી રે ૧૨૭૭૦
પ્રિયને રીઝવે પ્રેમવતી સદા મન મુદિત કરીયને હુલસે રે
રંગ ભોમ ગલસ્થલ પર સ્વકિય તે સોહાગ ભર્યા વિલસે રે ૧૨૭૮૦
નાના પ્રકારે અતિ ઉકતસું બહુ રસ તણાં ભેદસું રંગે રે
નૃત્ય કરે નવલી ગતે ગલસ્થલ પર રસ સંગે રે ૧૨૭૯૦
કર્ણ કોમલ સરૂઆ સદા હવે કહીયે છે તે મન ભાઈ રે
કેશ કર્ણ તે સુક્ષ્મ રહે એહની શોભા તે અતિ સુખદાયી રે ૧૨૮૦૦
પાતલા કર્ણ કોમલ ઘણું અરૂણતા સહિત તે દિસે રે
કર્ણમાં કુંજલક વલી રહી તેહને નિરખી હૈયલડુ અતિ હીસે રે ૧૨૮૧૦
કયારે કર્ણ આભરણ સોહતા મુકતામણી લલકે રસાલ રે
માંહે લાલ મણી તે ગહેરે રંગે કર્ણાભરણ જુએ વ્રજબાલ રે ૧૨૮૨૦
કયારે હીરોટી હેમે મઢી જડી છે તે ફુંદણ સોહે રે
શ્વેત હીરાની તે જગમગે લલકતી હીરોટી તે પહેરે રે ૧૨૮૩૦
કનપટી આગલા કેશ તે શોભાયમાન સુંદર લાગે રે
કોઈ સમય ફરતા દિસે કયારે જોઈ મન પાગે રે ૧૨૮૪૦
નાશા નિર્મલ તે મોહામણી શ્રી વલ્લભજીની પરમ નવિન રે
વિધી વિધી તણો તે પરાગ લે પ્રમોદસું નાસા પ્રવિણ રે ૧૨૮૫૦

શ્વેત અરૂણ કાંત ઝલહલે નાશા તણી અનીરવચન રે
નાશા રસિકા રસસું ભરી મકરંદ સું લહે નિજજન રે ।૨૮૬।
નેત્ર અલોલ રેખા અરૂણસું શ્યામ શ્વેત ઝલકતા તે રાજે રે
કટાક્ષ કરે કમનીય તે રમણીય અપરમિત ભ્રાજે રે ।૨૮૭।
નેત્રનો રસ અતિ ગહેરો છે ગંભીર મહાઘર ધીર રે
ઉથાપન સમય બેઠા ગાદીયે સોહે છે શોભાજીનો વિર રે ।૨૮૮।
નેત્ર કમલ તે ચપલ પણે ચાલે મારો નાહ રસાલ રે
દાન દેવાને આતુર ઘણું રસિકાના કરે પ્રતિપાલ રે ।૨૮૯।
નેત્ર કમલ તણાં દાન તે રસિકા સુભગા લહે સાર રે
કટાક્ષ કરે અલોલ ગતે કેહી પેરે કરૂં એ ઉચ્ચાર રે ।૨૯૦।
વરૂણી વરણ શ્યામ જયોત છે ઉધ્યોત તે કહી કેમ જાય રે
ટોપચા શ્વેત શોભાએ ભર્યા નિરખી સુખ થાય રે ।૨૯૧।
ભ્રાહનો વંક લંક અભિનવો ધનુષ્યાકાર તે દિસે રે
પાતલી પરમ પ્રેમભરી તેહને જોઈ સ્વકિય વૃંદ મન હીસે રે ।૨૯૨।
ભ્રોં એ ભ્રંગ નામે મોહામણી સોહામણી સુંદર લાગે રે
શ્યામ જયોત ઝલહલે કરે ભ્રુઅ ભ્રંગ જોઈ મન પાગે રે ।૨૯૩।
ભાલ ગૌર ગહેરાઈસું ઉતંગ અનુપમ ચલકે રે
ત્યાં તિલક તે તેજોમઈ અનુરાગ સર બેહ ઝલકે રે ।૨૯૪।
નાશા મુલથી આરંભિને તિલક કેશ સચી લગી ભ્રાજે રે
પીત અનુરાગ ગહેરે રંગે તિલક સર અનુપમ છાજે રે ।૨૯૫।
માંહે શ્યામ રેખા સુભગ છે કાંઈ કાંઈ સમય દર્શન થાયે રે
ઝલકે ચલકે અતિ ચોંપસું ઝાતકાર સહિત તે ઉમાહે રે ।૨૯૬।
શ્યામ રેખાએ સોહીયે સોહામણી શોભાએ ભરી ભાલ પર સોહતી રે
હવે તે કુંતલ કમનીય ને જોઈ જોઈ સ્વકિય વૃંદ સહુ મોહતી રે ।૨૯૭।
પંગતી બાંધી છે પ્રેમસું કુંતલ કેશ તણું શોભાય માન રે
ભાલ ઉપર તે નમીય રહયાં રસ લાવણ્ય જુત ભાગ્યવાન રે ।૨૯૮।
શીષ કેશ રમણી માંહાં ભાલ નિકટ તિલક પીત રંગ રે
શ્યામ કેશ મધ્યે શોભિયે સૌરભસું તિલક કચ સંગ રે ।૨૯૯।
અનુરાગ તિલક લપટી રહયું કેશ સંગતે સુંદર જયોત રે
બે પિત આભા પ્રતિબિંબ છે વિધ્યુત ગતિ થઈ છે ઉદ્યોત રે ।૩૦૦।
શ્યામ કેશ માહા શોભા ઘરે રસ રસિક સુભગા સહુ રંજે રે
શીષ ગોલ ગહેરૂ સદા ત્યા કેશ ઝલકે તેજ પુંજ રે ।૩૦૧।
સચિકણ સુભગતે લહલહે કેશ શોભા તે શ્યામ રસાલ રે
સરલા સકોમલ પાતલા કચ કમનીય જુએ વ્રજબાલ રે ।૩૦૨।
ઝલકે છે મહા ઝાતકારસું નૌતન નંગ તે અતિ સુખદાયી રે
કેશ તણી લટ લાડીલી અરૂઝી માંહો માંહાં મનભાયી રે ।૩૦૩।

એક એક પર લપટી રહી અનુપમ દિસે સંગ રે
શીષ કેશ કોડામણા તેહનો અંબોડો સોહે રસ રંગ રે ।૩૦૪।
પીઠ પાછલ લલકે સદા ચલકે છે અનુપમ ભાંત રે
અંબોડો એ રલીયામણો તે જુએ રસિકા ઘરી ખાંત રે ।૩૦૫।
ઝલહલતો લેહકી રહયો મહેકે છે અંબોડો અનુપ રે
વિવિધી ગતે રસ ભેદસું નૃત્ય કરે છે અંબોડો સુખરૂપ રે ।૩૦૬।
લાવણ્ય લહેકો અંબોડાનો જોઈ રહે રસિકા વ્રજબાલ રે
સ્વરૂપ સમુગ્ર એમ નિરખીયે હરખી કરે પ્રિય પ્રતિ પાલ રે ।૩૦૭।
દાન આપે વહાલો દાજય સું જેણે કરી તે સકલ અર્થ સીઝે રે
શીખ નખ લગી અવિલોકે છે ફરી નખ શીખ ભકત જોઈ રીઝે રે ।૩૦૮।
આઠ પહોર એ સ્વરૂપના રૂપમાં ઝીલે સ્વકિય પ્રિતે રે
વિધી વિધી તણો રસ અનુભવે રસિકા તે રસભરી પ્રિતે રે ।૩૦૯।
સ્વરૂપ વર્ણન જયારે ગાઈયે ત્યારે સ્વરૂપ ચિત મધ્યે આવે રે
સ્થિતી કરી રહે તે આનંદે મુદા તદાત્મિક રસ રૂપી ભાવે રે ।૩૧૦।
સ્વરૂપ વર્ણન એતદ અર્થ કહિયે છીએ ફરી ફરી પ્રેમે રે
તેણે કરીય અન્ય સંગ બીજો નવી થાયે તે કયેમ રે ।૩૧૧।
સ્વરૂપસું લગ્નતા રહે ઘણી વલી નિજ ઘણી જાણે છે મન રે
સ્નેહ પ્રગટે તે પ્રમોદસું રસભર હુલસે છે ભાવાપન્ન રે ।૩૧૨।
વિલસવા ને તે આતુર ઘણું ચંચલ પણે ચતુરા તે ચોંપે રે
સ્વરૂપ વર્ણન જયારે ગાઈએ છીએ પ્રિયને મન તન એમ સોંપે રે ।૩૧૩।
હૃદય રૂઢ થાયે રંગ ભર્યા વહાલોજી તે તેણી વાર રે
સ્વરૂપ વર્ણન એટલા માટે કહિયે છીએ વલી વલી સાર રે ।૩૧૪।
સર્વ થકી ઉત્કૃષ્ટ છે સ્વરૂપ વર્ણન રસ રંગે રે
જેણે કરી જાવદીક રસ ચાલ્યો આવે સ્વરૂપની સંગે ।૩૧૫।
અનેક ભાંતે રસ અનુભવ્યો પ્રિય પ્રેષ્ટને માંડવે પ્રિતે રે
ઉથાપન સમય ગાદી તકિયે બેઠા છે વહાલો રસ રીતે રે ।૩૧૬।
ચરિત્ર કરે ચોંપે કરી યુવતિ તણાં મન તે નિરોધે રે
નૌતન રસ અભિલાખસું બહુ રસ ભર રસસું પ્રબોધે રે ।૩૧૭।
આગલ પ્રસંગ કહિયે હવે લહી કાંઈ તણો જે છે ખેલ રે
પ્રિય લરીકાને ખેલાવે છે જુએ રસિકા તે રસ તણી વેલ રે ।૩૧૮।
પરમ લડેતી મોટી લાલી મોટા તકીયા પાછલ આવ્યા તેહ રે
તાતજી મેં ઈહાં આઈ હું એહવું વચન તે કહેઅ રે ।૩૧૯।
ત્યારે વહાલો અતિ હુલસી એહો સનમુખ થઈ અને તે બેઠા રે
માયા તુંહી વહાં આઈ હો ભલી કિની કહેતાં ઉર પેઠા રે ।૩૨૦।
જયાંહાં કહેતાં ઝલકે ઘણું શ્રી મુખાર્વિંદ તેણી તે વાર રે
નેત્ર કમલ વિકસીત કરી ભ્રોંહ ઉંચી ચઢાવે અપાર રે ।૩૨૧।

સ્વનામ સંયોગસું ઓચરે વહાલો અનુપમ મીઠી તે વાણી રે
ભકત સહુને પ્રસન્નતા પ્રગટાવા એ કારણ જાણી રે ।૩૨૨।
પ્રહસિત વદનાર્વીંદ તે જયાંહાં કહે છે પ્રિતમ મન રંગ રે
ત્યારે લાલી લોભે ભર્યા તાતજી કહી જયા કરે સંગે રે ।૩૨૩।
પરસ્પર મન અતિ હુલસે જયાં કહેતા પ્રમોદ ન માય રે
પ્રહસિત પ્રેમ પ્રગટ હવો તેણે સમય તે જોઈ સુખ થાયે રે ।૩૨૪।
વહાલોજી વચન વિલાસસું ખેલાવે લાલી બેટીને એમ રે
કરતે કોમલ પ્રિય સ્પર્શે છે લાલી બેટી જેમ રીઝે રે ।૩૨૫।
હિત હીલગની નો સંબંધ છે લહી ચરિત્ર કરે એહવા પ્રિતે રે
ગોપ્ય લીલા સ્ફુરી આવી છે જે જે અનુભવ કર્યો રસ રીતે રે ।૩૨૬।
તેહ તણો તે સંબંધ લહી હુલસે પ્રિય પ્રેષ્ઠના નયણ રે
લાલી બેટીને બાલવાર્તા તે બોલે વહાલો મધુરા વેણ રે ।૩૨૭।
પરમ ચતુર ચપલતાસું સત્વર ગતિ વચન વિલાસ રે
ખેલે ખેલાવે ખાંતે કરી કાઈ તણી કરે હાંસ રે ।૩૨૮।
જે જે લીલા નીજી પ્રિયે કરી બાલ ચરિત્ર અનુભવ્યુ અવ્યકત રે
તે ફરીય સુરત્વ કરે વહાલે એણે મીસે સુણે તે સહુ ભકત રે ।૩૨૯।
બાલ લીલા તે સોહામણી પ્રિય પ્રેષ્ટની અતિ સુખદાયી રે
તે તણો વિસ્તાર કરે પ્રિય આનંદ સહિત મન ભાયી રે ।૩૩૦।
લરીકાઈ લીલા તણી ભલી જે શું ખેલ ખેલ્યા વહાલો રંગે રે
એહવા માંહા અધરામૃત અનુરાગ ભર્યું મુકે સંગે રે ।૩૩૧।
તે લાલી બેટી લેઈયને પછી ઘેર જાયે અતિ હરખે રે
માતાને જઈયને આપે છે અધરામૃત લે રસ વરખે રે ।૩૩૨।
દાન કર્યું પ્રિય રસ ભર્યું તે પાન કરે નિજ સાથ રે
હવે તે ગડુઓ જલપાનનો વહાલાજીએ લીધો તે હાથ રે ।૩૩૩।
શ્રીમુખ ઉંચુ તે કરીયને જલપાન કરે અતિ ઉકત રે
લાવણ્ય લેહરી ગંભીરતા એ મુખ વિકસીત કરે રસ જુકત રે ।૩૩૪।
વિચિત્ર ધાર રલીયામણી ગડુઆની પડે મુખ માંહાં રે
જુએ છે તે રસભકત મલી વહાલો જલપાન કરે છે તે જયાંહાં રે ।૩૩૫।
રહી રહી લાડ લડે તો તે જલ આરોગે આનંદસું પ્રેમે રે
એહવા ચરિત્ર કરે મીઠો જાણે રસિકા રીઝે રસે કેમે રે ।૩૩૬।
શીતલ સુખદાયક ઘણું જલ શ્રી અંગને સુખદાયી રે
જલપાન કરી પ્રિય પહોચીયા તે ભકત ને મન અતિ ભાઈ રે ।૩૩૭।
લીધો ગડુઓ મન મોદસું નિકટ વરતી સુખદાતા રે
હવે તે બીડું આરોગે વહાલો ચતુરાઈ જોઈ હોયે શાંતા રે ।૩૩૮।
ખવાસજી ખાંતે આવી બેઠા લઈ બીડુ તે કર મધ્યે પ્રિતે રે
પરમ ચતુર ચપલાઈસું ચાંપુઓ ચમકે રસ રીતે રે ।૩૩૯।

તે મધ્યે બીડુ પ્રમોદસું લીધું વહાલે રસ જુત રંગે રે
શ્રી મુખ વિકસીત કરીયને તે માંહાં નાખે બીડુ તે સંગે રે ।૩૪૦।
કર કમલ કમનીય ટચી આંગલી ઉંચી તે રાખે રે
લાવણ્ય લહેરી સંયુકતસું બીડું આરોગી વચન પ્રિય ભાખે રે ।૩૪૧।
કોઈ એક રસ તે પ્રગટ કરે રસિકા તેહ તે વરરાયે રે
તે સુણી અંગ અંગ પ્રત્યે પ્રેમદાને તે હરખ ન માયે રે ।૩૪૨।
ચીપટી ભરી ચતુરાઈસું કપુર કોમલ તણી એહ રે
આનંદ પરમ પ્રમોદસું આરોગે કરૂણા કરી તેહ રે ।૩૪૩।
ચુના તણી ગોલી કરી તે લીધી સ્નેહ ભર નાથે રે
ત્યો મુદ્રિકા મોહમણી ચમકે છે ચતુર પ્રિય હાથે રે ।૩૪૪।
તે શોભા સુખ જોઈયને મનડુ તે બહુ પેરે રંજે રે
સકલ શ્રી અંગ રલીયામણું દિસે ઝલકતુ તે તેજ પુજે રે ।૩૪૫।
એહ સ્વરૂપ મારે ચિત્તે રહે બીજુ અવર કાંઈ નવી જાચુ રે
રસજુકત રમણ કરે સદા તેણે સમય તે જોઈ અતિ રાચુ રે ।૩૪૬।
આડત્રીસમું માંગલ્ય એ તે લખી પહોંચ્યા આનંદ ભર પ્રિતે રે
પ્રસંગ આગલ કહિયે હવે અનુભવ્યુ છે સ્વરૂપ સ્નેહ રીતે રે ।૩૪૭।
તે પ્રકાર ઓગણચાલીસમે માંગલ્યે સુણો અનુરકત રે
ઉથાપન સુખ તે આનંદમઈ એમ અનુભવે છે સહુ ભકત રે ।૩૪૮।
ભાવ સમાન તે દાન દે વ્હાલો ચતુર શીરોમણી રંગે રે
અધિકાર પરત્વે ફલ અનુભવે રસ ભકત અનુપમ સંગે રે ।૩૪૯।
સ્વરૂપ રૂપીય ફલ મધુર છે તેહોના સ્વાદ લહે સુભગા રસાલ રે
મધુર મનોહર રસ પાન ઉમાહી કરે વ્રજબાલ રે ।૩૫૦।
દાતા ભોકતા રસ અનુભવે બીજો કોઈનો નહી ત્યાં પ્રચાર રે
વલ્લભલાલ રંગીલો છે અનુભવ કરે સુખ રસ સાર રે ।૩૫૧।

ઈતિ શ્રી માંગલ્ય આડત્રીસમું સંપૂર્ણમ્

શ્રી શુભમ

શ્રી શ્રી શ્રી શ્રી શ્રી

માંગલ્ય - ૩૯

શ્રી શ્રી શ્રી ગોકુલેશો જય જયતિ, એ માંગલ્ય ઓગણચાલીસમું લખીયે છે, એહને ગાવાને અનુકરણે લૌકિક ગીત છે તે વચન જે "કનક મેં કલસડા ચારતો સોવર્ણ માટલીએ" "કરો કરો શ્રી ગોકુલ પુજા તો રત્ન મેં વેલડીએ" એણી જાતે ગવાશે. તે લખીયે છે.

ઉથાપન સમય પ્રિયજી બેઠા છે ગાદી તકિયે રંગે એ
તે પ્રકાર પાછલ કહયાં અનુભવ રસ સંગે એ ।૧।
રૂકમણીલાલ રસાલ અંગે અંગે રત્ન વેલડી એ
આભા પ્રતિબીંબ એણી પેરે ભાવ સહિત સુભગા જડી એ ।૨।
અંગી કરી અંગવદ રીતે અંગ આભા ઝલકી રહી એ
શુભ્ર સચિકણ જયોત ઉદ્યોતસું ચલકી રહી એ ।૩।
વલ્લભલાલને અંગે એણી પેરે તે શોભા ઘરે એ
તે જોઈ રસભકત રીઝે આભા તે મનડાં હરે એ ।૪।
કોઈ મનમાં એમ ઈચ્છે અમો આહવા કાં ન સરજીઆ રે
શ્રી અંગ રૂપી રસ છે તેણે એ તે વરજીયાં રે ।૫।
સાક્ષાત સનમુખ વિલસવા અર્થે તે ના કહી એ
તેણે કરી સુભગા ઘણું રીઝયા રસકાજ સીઝયા લહીએ ।૬।
તેરમું માંગલ્યએ લખીયે છે ઉથાપન તણું રંગે એ
સર્વ મલી ઓગણચાલીસમું માંગલ્ય એ રસ સંગે એ ।૭।
એ માંહાં કહિયે જે જે ચરિત્ર પ્રિતમના અનુભવ્યા રસે એ
તે તે પ્રકાર પ્રમોદસું આઠે પહોર ચિત્ત વસે એ ।૮।
જે જે લીલ તાં જેહની દિઠી શોભા એ મઈ એ
નિત્ય ચરિત્ર કરતાંની તે અનુભવી પ્રાણ પ્રિય સંગ ઘરી એ ।૯।
એહવી લીલા એ અખુટ કામ પુરે છે ભકત તણાં એ
નૌતન રસ ક્ષણું ક્ષણું અનુભવ ઘણાં એ ।૧૦।
મહા સુખ સિંધુના પ્રવાહ અનુભવ રસ શોભિયે એ
અગણીત ઉધ્ધી અપાર રસ પાન કરી લોભિયે એ ।૧૧।
ભિન્ન રસ તેહનો મીઠો દિઠો પ્રિય પ્રેષ્ટ કને એ
ઉથાપન સમય બેઠા વ્હાલો બોલે રસ વીને એ ।૧૨।
તે પ્રકાર કહયાં છે પાછલને માંગલ્યે પ્રિતે રે
પાટી ખીલવી પ્રિય પ્રેમ ભર આનંદસું રસ રીતે એ ।૧૩।
વલતુ માખી નિવારણું કિધુ ભકત ભાગ્યવાને તે લહયું એ
પ્રિય તણું વાત્સલ્ય લઈ માખી વરજી છે તે કહયું એ ।૧૪।
શ્લોક ચર્ચા પ્રશ્ન ચર્ચા ચલાવી વહાલો રંગે એ
તે તણો અર્થ સમજાવે પ્રિય પ્રેષ્ટ ભકતને સંગે એ ।૧૫।

વલી ધ્રુપદ કવીત દુહા તણો ભાવ કહે આનંદ મુદા એ
પદ વલી અનેક પ્રકારના નો અર્થ કહે સદા એ ।૧૬।
વલી લરકાઈનો ખેલ ખેલ્યા પ્રિય આનંદ ભરે એ
લાલી બેટીને ખેલાવતા ભકતના ચિત્ત હરે એ ।૧૭।
એણે પ્રકારે અનેક ભાંતના રસ કહી આવ્યા એ
જે જે ચરિત્ર કર્યા છે પ્રિતમજી એ મન ભાવ્યા એ ।૧૮।
અનેક ભાંતે રસ વિલસીયા હુલસીયા સ્વકિય સાથે એ
દાન આપ્યા અતિ મોદે કરૂણાં કરી કરૂણા નાથે એ ।૧૯।
ચતુર શીરોમણી લાલ રંગીલો રસ ચિત્ત ચહે એ
ભકત તણી મન વ્રત જાણે હિત સહુના મન માંહાં લહે એ ।૨૦।
ગુણ તણો સાગર નાગર નાથ ભકત સહુને સનાથ કરે એ
ભાવ ભેદે ફલ ભેદે ભાવ તે રસે ભકતને ભરે એ ।૨૧।
પાર્વતી પતિ છે રસાલ વલ્લભજી તે સદા સોહે એ
તેહો તણું શ્રી અંગ સુખદાયી જોઈ જોઈ રસ ભકત મોહે એ ।૨૨।
પરમ મૃદુલ અતિ અભનિવુ ભુષણ નિજ સ્વકિય તણું એ
એણી પેરે રસ ભકત નિરખે પ્રિતમજીને સુખ ઘણું એ ।૨૩।
રસિક શીરોમણી નાથ તેજ પુંજ પ્રહસિત સદા એ
ભકતને આપે વીધી વીધી તણાં દાન આનંદ મુદા એ ।૨૪।
સ્વરૂપ રસ સબંધ સું પોષે સંતોષે નિજ શ્રૃષ્ટિને એ
પાન કરવાવે સ્નેહે ભર્યા કર રસ વૃષ્ટિને એ ।૨૫।
ઉથાપન સમય તે મંડલ મણી ગાદી તકિયે સોહે એ
ભકત સમાજ અસંખ્યાત બેઠા ઉભા તે મોહે એ ।૨૬।
રસ ભકત જુથ અનેક ઉભા રસ ભાવસું એ
જુએ છે પ્રિતમનું સ્વરૂપ બહુ પેરે રસ દાવસું એ ।૨૭।
ક્ષણું ક્ષણું નવ નવા રંગ તરંગ દિસે ઘણાં એ
ચિત્તવે ચિત્તવની તે રસાલ કેમ કહિયે ભાવ તેહ તણા એ ।૨૮।
પ્રિય સંગ સનમુખ હુલસે વિલસે છે આનંદે ભર્યા એ
મહા રસદાન કરે વહાલો એણી પેર સુભગા વર્યા એ ।૨૯।
હવે તે કહિયે પ્રિય પ્રેષ્ટને મોદ માયે નહીં એ
કોઈ સમય કથા તે કહેવાને રચના તે રચી છે એ કહીં એ ।૩૦।
પુસ્તક તે કાઢી ધર્યા છે નિકટ રસનાથે તે એ
તે જોઈ ઉલટ અંગ અપાર આનંદ સહુ સાથને એ ।૩૧।
સનમુખ આવીને બેસસે પુત્ર પ્રેમે ભર્યો એ
પ્રિયજી પ્રસન્ન થઈ હુલસીયા રસ ચિત્ત માંહા ચિત્ત ધર્યો એ ।૩૨।
કથા કહેવાનો પ્રમોદ અંગ અંગ ફુલી રહયો એ
ઝલકે ઝાતકાર સર્વાંગે કેહી પેરે જાયે કહયાં એ ।૩૩।

સર્વોત્તમ તણી ટીકા કરી છે પ્રિયજી એ સ્નેહ ધરી એ
ભકત સુખ હેતાર્થ જાણી વહાલોજી એ રસ ભરી એ ।૩૪।
ટીકા નાયકા રસ રૂપ નાયક ને ભાવે ઘણું એ
શ્રી મુખ માંહાંથી પ્રગટ હવી કેમ કહું તેહ તણું એ ।૩૫।
વાણી વિલાસે રચના રચી ખચી ભાવ ભરે એ
ભાવ તણું એ ભુષણ સદા સોહે શ્રી વલ્લભ વર એ ।૩૬।
સર્વોત્તમ તણી ટીકા રસિલી રસાલ સ્નેહ પંથ લહે એ
તે તણું ભાગ્ય સરાહી કોઈ કવી કેઈ પેરે કહે એ ।૩૭।
જે રસ શ્રી મુખથી પ્રગટયો છે પરમ આનંદ નીધિ એ
તેણ સુણતા સર્વ કાજ રસ રૂપીયા થાયે સિધ્ધ એ ।૩૮।
શ્રી મહાપ્રભુજીએ લખ્યુ છે લેખન એ સ્વતઃબલે એ
એ પોષણ કરવા પ્રેમદાને સ્નેહ સહિત રસ ભાવ બલે એ ।૩૯।
શ્રીમુખ વાકય સુણીને શ્રી અંગ સંગ રંગ રમે એ
ટીકાનો અર્થ સાંભળતા માત્રે તે આરત સમે એ ।૪૦।
પ્રિયજી કહેશે તે કરૂણા કરી ભકતને ઉલટ ઘણો એ
અર્થ ટીકાનો વિસ્તારસે કુંવર વિકલતણો એ ।૪૧।
તે વલ્લભજી વર રાયે રસ ભકતના પોષણ કરે એ
ગાદી તકિયે તે બેઠા છે સહુ કોના ચિત્ત હરે એ ।૪૨।
પુત્ર પ્રહસિત થઈ આવ્યા ત્યાં રાયજી મન મુદા એ
આવી સન્મુખ બેસે પ્રભુજીને નમન કરે સદા એ ।૪૩।
વહાલોજી પરમ પ્રસન્ન થઈ આશીર્વાદ દે રંગે એ
શીષ ઉઠાવે ભલી ભાંત કર કમલ સોહે સંગે એ ।૪૪।
હવે તે પોથી છોડી પ્રેમ ભર કથાનો સમય થયો જાણી એ
મધુર સ્વર માંહા ઘર ઘિર પ્રિતમજી ઉચર્યા વાણી એ ।૪૫।
તે સમય સહુ ભકત હુલસીને દંડવત કરે એ
વારણાં લે ભલી રીતે પ્રિત જુત મન ભરે એ ।૪૬।
આશિષ બોલે ભર સ્નેહસું પ્રિયજીને એહ સમય એ પોતાનો પ્રિતમ જાણીએ
કોઈ કહે જગત આભરણ શરણ વરણ કરતા એ ઘણીએ ।૪૭।
કોઈ કોઈ જુગ જુગ જીવો મહારાજ એહવા સુખ આપો એ
કથા તણો મિસે કરી ભકતના અંતરાય કાપો એ ।૪૮।
કોઈ કહે નિપુણ ગુણવંત વહાલોજી સોહે ઘણું એ
નયણ ભરી ભરી નિરખીયે નવી મટકીયે અણુ એ ।૪૯।
બોલે આશિષ એણી પેરે ભકત ભરી સહુ નિરઘોષ સું એ
ભાવભેદે રસ ભેદ વહાલો સુણે ચોપસું એ ।૫૦।
કથા તણું તે આનંદ એણી પેરે પ્રિયે કર્યો પ્રિતે એ
વચન ઉચરે છે રસાલ મધુર સ્વર રસ રીતે એ ।૫૧।

ગર્જના સહિત ઉચરે છે ઉચ્ચાર તે મન મુદા એ
તે સુણી રસ ભકત રીઝે રસકાજ સીઝે સદા એ ।૫૨।
ભાવ પ્રકાશ કરે છે પ્રમોદસું હુલસી એ
તે તે રસભાવની વાત રસ ભકતને ચિત્ત વસી એ ।૫૩।
સ્નેહ તણાં તે પ્રકાર કહેવા વ્હાલો પ્રેમ વસ એ
સમજાવે સ્વકિય સમાજને પરમ ઉદબોધ રસે એ ।૫૪।
કથા એ કારણમઈ રૂપ નિજ સ્વરૂપ પ્રિય પ્રગટ કરે એ
ભકત તણાં સુખ અર્થ ભાવ કહે વ્હાલો ચિત્ત હરે એ ।૫૫।
કારણ મઈ કરૂણાલ પ્રિય કથા તે કહે છે રંગે એ
પ્રથમ પ્રસન્નતા દિસે મોદ ઉલટ ઉમંગ અંગે એ ।૫૬।
તે સમય રૂપ જુએ છે રસ ભકતને આનંદ ઘણો એ
ભાવ વિસ્તારી કહે છે વહાલો સર્વોતમ તણો એ ।૫૭।
પુત્ર પ્રવિણ ઉત્તર આપે જીઉ જીઉ કહી એ
ભાવ સુણીને રીઝે ઘણું રસ સુખ મન લહી એ ।૫૮।
શ્રી મહા પ્રભુજીને ઉછાહ ઉછલીત અંગ અંગ સોહે એ
વચન બોલે રસાલ તે સુણી સહુકો મોહે એ ।૫૯।
કથા તે કહેતા કહેતા ઉમંગે ખસી આવે આનંદ મુદા એ
ગાદી તકિયે થકા હુલસી ખસે છે વહાલો સદા એ ।૬૦।
ભાવ ભરે ભરપુર સુરત્વ માયે નહી એ
કયારે ઉમંગ ઉમંગીયા પ્રિય તાલી દે છે અહીં એ ।૬૧।
રસ વસ ભાવ સહિત તાલીએ તે રંગ ઘણાં એ
શબ્દ ઉઠે છે સોહામણાં મનોહર તે તાલી તણાં એ ।૬૨।
ત્યારે પહોંચતા તે પ્રવિણ નવિન ગતિ દેખિયે એ
મુદ્રિકા ઝલકે ઉધ્યોત જયોત જોઈ ભાગ્ય લેખિયે એ ।૬૩।
એણી પેરે સુર સુભટ વર સુરત્વે કથા કહે છે એ
અનેક ભાંતે રસ પોષી રસિકાને રસદાન દે છે એ ।૬૪।
કથા તે કહેતાં રીઝવે પ્રિયજી સહુ કોઈને એ
ભકત સહું હરખે તે સમય શ્રી અંગ જોઈયને એ ।૬૫।
શ્રી મુખાર્વીંદ પ્રહસિત મકરંદે ભર્યું શોભિએ એ
અધર પલ્લવની અરૂણતા ગહેરી જોઈ લોભિયે એ ।૬૬।
રંગ ચલકે રસ રૂપ અનુપ અધર ઘણું એ
દંત પંગત તણી જયોત જગમગે શું કહું તેહ તણું એ ।૬૭।
જીભ્યા લાલ લડેતી લહ લહે છે વચન તે મીઠા બોલે છે એ
કહે છે કથા રમણીક રસ સું અંતરપુટ ખોલે છે એ ।૬૮।
મોહોસર મનોહર રૂપ અનુપ સદા સોહે એ
ગલસ્થલ ગૌર ગહેરે રંગે જોઈ રસ ભકત મોહે એ ।૬૯।

કથા તે કહેતા ઘણું ફુલે ગલસ્થલ છે નવ નીધિ એ
પ્રેમદા પ્રેમભર નિરખે અહીં પ્રગટ અષ્ટ મહાસીધિ એ ૧૭૦૧
કર્ણ કોમલ કમનીય રમણીય રસ રાજતો એ
ત્યારે મુકતા મણી પહેર્યા સોહે અવ્યકત રસ ભ્રાજતો એ ૧૭૧૧
કથા કહે છે વહાલો પ્રમોદસું નાશા ફુલી રહી એ
તે શોભા રસરૂપ અનુપ રસિકાએ લહી એ ૧૭૨૧
નેત્ર કમલ કરૂણાલ કારણ મઈ ચાલે છે એ
કથા તે કહે પ્રિય પ્રિતે રસ ભકત નિહાલે છે એ ૧૭૩૧
વરૂણી ટોપચા રસ રમ્ય અગમ્ય ભ્રુભંગ રસ એ
જે ભ્રકુટી તણાં રસ વડે રસિકા થાયે વસ એ ૧૭૪૧
કથા તે કહે છે અતિ સુર સું શ્રમ શ્રીમુખે દિસે એ
તેણે કરી તિલક રેલાણું છે જોઈ જોઈ હૈયડું હીસે એ ૧૭૫૧
શ્રમ તણો પ્રસ્વેદ સોહે છે પરમ શોભાય માન એ
કહે છે કથા રસરૂપ વહાલો આપે છે સ્વરૂપ દાન એ ૧૭૬૧
શ્રી અંગ તણું જે જે લાવણ્ય રસ ભરી સોહે સદા એ
અવ્યકત મનોહર રૂપ માનીની જુએ મન મુદા એ ૧૭૭૧
ટીકા નાયકા સંગ વિલસે મહાપ્રભુજી પ્રમોદ ભરે એ
વિચિત્ર રચના તે રચી રચી હુલસ વાણી વરે એ ૧૭૮૧
તે જોઈ રસ ભકત રીઝે ઉદીપન રસ અંગ લસે એ
કથા તે કહેતા ઘણું વિલસે વહાલોજી તે મન વસે એ ૧૭૯૧
સુર સાવધાન મારો મિત્ર વિચિત્ર કલા ધરે એ
વિવિધ પ્રકાર નૌતન ગતિ ભેદસું મન હરે એ ૧૮૦૧
અંગ અંગ ચાલે ચપલાઈસું કામકલા લહી એ
રીઝવે રસિકાને રસિકાવર સ્નેહે વિલસ્યા સહી એ ૧૮૧૧
કથા તે કહેતા એણી પેરે રસદાન આપ્યાં ઘણાં એ
અંગ અનુરાગ મહેમહી રહયા પુષ્ટ પ્રકાર તણાં એ ૧૮૨૧
ઉથાપન સમય શ્રી મહારાજ એમ કથા કહે હરખે ભર્યા એ
પરમ પ્રસન્નતા સહિત પ્રિય ભકત તણાં ભાવ વર્યા એ ૧૮૩૧
ભાવ ભોગી વર ભાવતા ભકતને સીંચે મન રલી એ
ક્ષણું ક્ષણું નૌતન ભાવના દાન આપે વલી વલી એ ૧૮૪૧
સાંભલી કથા સહુ કોઈને હરખ માયે નહી એ
આપપણાં ભાવ સમાન ભકત રીઝે છે સહુ અહીં એ ૧૮૫૧
કોઈ પ્રમોદ પ્રહસિત થયા વચન સુણીયા રંગે એ
કોઈને સ્નેહ વાધે ઘણો નવિન નવલ અંગે એ ૧૮૬૧
કોઈ મનમાં એમ સોચે વચન જે જે પ્રિય કહયાં એ
રસ તણે કારણે ઓચર્યા વહાલો રસિકા લહયાં એ ૧૮૭૧

કોઈ કોઈ ગદગદ કંઠે દિસે આનંદાસુ નેત્રે વહે એ
કથા તે સુણે ભાવ સહિત ભામીની શ્રીમુખ રસ ચહે એ ૧૮૮૦
સાત્વિક ભાવ પ્રગટ હવો પુરણ અંગ અંગે એ
કોઈ વિસ્મય દિગ્મુઢ થયા પ્રેમદા પ્રિય સંગે એ ૧૮૯૦
શ્રી મહાપ્રભુ જીતે નિરોધે છે કથા મિસ ભકતને એ
નૌતન રસ તે ઉચરી રસદાન દે અનુકરતને એ ૧૯૦૦
ફલતે મધુરા અનેક એણે સમય પ્રિતે તે પ્રગટ કરે એ
જેહવા રસ યોગ્ય જેહવું પાત્ર વ્હાલો ત્યાં તેવો રસ ભરે એ ૧૯૧૦
અનેક ભાવ ભેદના પાત્ર ઉભા છે ધે આશા ધરી એ
ભાવ રસના રસ ભેદે ભરી પ્રિતમે આરત હરી એ ૧૯૨૦
અનેક ભાંતે ભર સ્નેહસું પોષે ભકતને સદા એ
કથા તે કહે મારો વહાલોમો બહુ પેરે મનડું મુદા એ ૧૯૩૦
કયારે અંતઃકરણ પ્રબોધ જેહ એ
કયારે સંન્યાસ નિર્ણય કયારે કયારે સુબોધિની સરસ તેહ એ ૧૯૪૦
કયારે ફલ પ્રકરણ કહે છે નિજ મન મનોરથે ભર્યું એ
કર્યું છે રસિકા રંગ રસ ભર્યું તે ફરી ચિત્ત ધર્યું એ ૧૯૫૦
કથા તે તેણે મિસે કરી રસ ઉલઝી ઉઝલી ચાલે એ
શ્રી અંગ રસ થકી રસ પ્રવાહ પાન કરી રસ ભકત માહાલે એ ૧૯૬૦
કયારે યમુનાષ્ટક કહે કયારે મધુરાષ્ટક મન રલી એ
સ્નેહ નૌતન રસ ભાવ પ્રગટ કહે વલી વલી એ ૧૯૭૦
એણી પેરે ગ્રંથ અનેક નિજ લીલાના છે સહી એ
કથા મિસે કરી ફરી અનુભવ કરે છે તે રસ લહી એ ૧૯૮૦
જે જે શ્રી આચાર્યજી કૃત કારણ રૂપી ગ્રંથ સોહે એ
તે તણે અર્થ વિસ્તારના વહાલોજી મન માંહાં મોહે એ ૧૯૯૦
સ્ફુરી આવે નિજ રસ લીલા અનુભવી છે આનંદ મુદા એ
સકલ સિધ્ધાંતનું તત્વ સોહે વહાલોજી સદા એ ૨૦૦૦
ઉત્થાપન સમય એહવો રસ રેડે છે શ્રી ગોકુલધણી એ
નિજ બેઠક મધ્યે બેઠા છે ગાદી તકિયે મહા મણી એ ૨૦૧૦
ચોહોં દિશ ભકત સમાજ એણે માંડવે શોભિયે એ
એ ગહેગહી ભર્યું છે બેઠક પ્રિય જોઈ લોભિએ એ ૨૦૨૦
કથા તે કહે છે મારો વહાલો નિહાલો નૌતન રસ એ
જે જે શ્રી ગુંસાઈજી કૃત ગ્રંથ પ્રાગટયા રસ ભાવ વસ એ ૨૦૩૦
તે મહાપ્રભુ તણી લીલા જે ગુપ્ત ગહેરી ઘણું એ
વરણન કિધું શ્રી ગુંસાંઈજી એ રસ ભર તેહ તણું એ ૨૦૪૦
સ્નેહ સંયુકત જે જે ગ્રંથ ટીકાને ટીપણી લખી એ
શ્લોક અનેક રસ રીતે કરી વર્ણવ્યા છે ભાવ સખી એ ૨૦૫૦

જે જે રસ અનુભવ્યો અંગે પ્રિય સંગે તે સ્નેહ ધરી એ
તે લીલા નીજ નાહની વર્ણવી છે રસ ભરી એ ।૧૦૬।
કારણ સમજી ગુપ્ત ભાવી લખ્યું છે લેખન બહુ એ
તે લહે પ્રિય પ્રેષ્ટ લેખનનું કારણ સહુ એ ।૧૦૭।
જે જે લખ્યું શ્રી ગુંસાંઈજીએ પરમ આનંદ રસે એ
તેહ તણો અર્થ સાંભલતા માત્રે વહાલો થાય વસ એ ।૧૦૮।
શ્રી મહાપ્રભુ રસ લોભી રસજુત કથા કહે રંગે એ
પરમ પ્રમોદ રસ વરસે છે ઉમંગ અંગે એ ।૧૦૯।
તેહ જુએ રસ ભકત શ્રી અંગ શોભાએ ભર્યું એ
મનોહર સ્વરૂપ મહોદાર અવિલોકી રસ કાજ સર્યું એ ।૧૧૦।
એણી પેરે કથા રસે પોષે સંતોષે વહાલો સહી એ
દાનાતુર જે રસ પાત્ર રસે ભરીયા પ્રિય કથા કહી એ ।૧૧૧।
નૌતન ભાવના પાન કરાવ્યા વહાલે દાન કરી એ
પરમ ઉછાહ ઉલટીયો એ રસસુખ ચિત્ત ધરી એ ।૧૧૨।
સુણે છે કથા એતન માગી સૃષ્ટિ એકાગ્ર ચિત્તે એ
ભાવભેદે રસવે છે જાણે લખિયા છે ચિત્ર ભીંતે એ ।૧૧૩।
એણી રીતે સુણે કથા જે જે વચનામૃત પ્રિય બોલે છે એ
મધુર રસ અવ્યકત અપાર નહી કાંઈ તેહ તોલે એ ।૧૧૪।
પ્રિય તણાં સ્વરની સરસાઈ રસ ભકતે અંગે રમી રહી એ
અનીરવચનીય રસ રાસ સરસાઈ તે નવી જાયે કહી એ ।૧૧૫।
સ્વર તણી ધુની ધિરજવાન દાન દિધા ભકતને અંગ અંગ એ
તેહ રસે પાગીયા રસભકત અનુરાગીયા સ્વરૂપ સંગે એ ।૧૧૬।
અચલ સોહામણી એ સ્વર ધ્વની સદા ભકતને મન વસે એ
જે મહાપ્રભુએ દાન કર્યું સ્વર સહિત તે માહા રસે એ ।૧૧૭।
એમ કથા કહી નાથે ભકત સાથને રીઝવ્યા એ
ભાવ રૂપીયા રસ સિંધુ પાન કરાવી કાજ સીઝવ્યા એ ।૧૧૮।
ભિન્ન ભિન્ન નૌતન રસ મહેરામણ માંહાં ઝીલી મન મગ્ન થયાં એ
એણી પેર ભાવના ઉદબોધ હું રસ સુર રસિકા એ લહયાં એ ।૧૧૯।
જેહ શ્રી મુખ થકી ઉપન્યા તે ભાવનું ન્યામિક નહીં એ
તરંગ નૌતન રસ ભેદના ચાલે ચોંપે અહીં એ ।૧૨૦।
એણે પેરે કથા કહી કહી પહોંચ્યા પાર્વતી પતિ પ્રેમસું એ
ત્યારે ભકત સમાજ સહુ નમન કરે છે તે નેમસું એ ।૧૨૧।
દીનત્વસું દંડવત કરી વારણાં લે રંગે એ
ચોંહો દીશ થકી જૈ જૈ કાર ઉચરે છે આનંદ સંગે એ ।૧૨૨।
આશિષ બોલે ભર સ્નેહે સહુ રૂકમણી લાલને એ
જેહને જે રસ રૂચે છે ઉચ્ચારે તત્કાલ ને એ ।૧૨૩।

પ્રેમ પુરા સ્નેહે સુરા આશિષ દે પ્રિયને પ્રિતે એ
પરમ પ્રસન્નતા સહિત ઉચ્ચાર કરે રસ રીતે એ ।૧૨૪।
કોઈ એક કહે ભાવ વરરાયે તે ભાવ તણાં દાન દિધા એ
તેણે કરી સકલ રસ રૂપીયા કાજ તતખેવ સીધા એ ।૧૨૫।
કોઈ કહે ભાવના પોષણ કિધા વ્હાલે અતિ ઘણાં એ
મહા રસ પુષ્ટ સુચવીએ પ્રિય ભાવ કોડામણા એ ।૧૨૬।
કોઈ કહે રસભાવનો પુંજ પ્રેમે ભર્યો પ્રિય સદા એ
દાન કરે દિન પ્રતિ નવા સ્નેહસું મન મુદા એ ।૧૨૭।
કોઈ કહે શ્રી ગોકુલમણી મહારાજ રાજેશ્વર એ
કોઈ કહે દાન દાતા રસ જ્ઞાતા ધુરંધર એ ।૧૨૮।
એહોને નિજધર્મના ધામ દેખાડયા કથા મિસે એ
ભિન્ન ભિન્ન ભાવના ભંડાર ખોલ્યા તે વિચિત્ર દિસે એ ।૧૨૯।
તે શ્રી અંગમાં દેખિયે ભાવ રૂપી ભુષણ બહુ એ
એતન મારગી ભકતને શ્રી અંગ ભુષણ સહુ એ ।૧૩૦।
તે ચાહે ચતુરાઈસું ચતુરા ચપલ ગતિ એ
ભવ્ય ભુષણ જોઈ ભામીની ને પ્રગટે મહા રસ રતી એ ।૧૩૧।
કાંત કુંદણ મઈ ઝલમલે નંગ નવલ અંગ એ
હાસ્ય રૂપે હીરા પ્રગટ દિસે છે શ્રી મુખ સંગ એ ।૧૩૨।
અધર પલ્લવને અરૂણ નંગ આભરણમાં શોભિયે એ
ઝલકે છે અતિ રસરૂપ આભરણ એ જોઈ લોભિયે એ ।૧૩૩।
એણી પેરે આશિષ દે એમ રંગ તરંગ માયે નહીં એ
પ્રિયા કથા કહી રહયા પુઠે એહવા સુખતે પ્રગટીયા અહીં એ ।૧૩૪।
પઠવ્યા આવ્યા હુતા પુત્ર પૌત્ર તે આપાપણે ઠોર ગયા એ
ભકત સમાજ સનમુખ થકા શ્રી મુખ જુએ રહયા એ ।૧૩૫।
તેઓને ઉલટે એ અપાર ફરી વાધે છે મન માંહાં એ
રસ ભકત કટાક્ષ કરે છે પ્રિય પ્રેષ્ઠ બેઠા છે જયાંહાં એ ।૧૩૬।
જે જે રસ ભાવ વ્હાલો ઉચર્યા તે સાધન સાધે પ્રેમદા એ
તે અનુકરણ કરે છે રસિકા તે રસભર રસદા એ ।૧૩૭।
અંગ અંગ તત્પર થઈ અને વિલસે છે સંગે એ
પાત્ર જે જેહવું તેહને તેહવું દાન આપ્યાં છે પ્રિય સંગે એ ।૧૩૮।
તેહ વિલસે તેહવે પ્રમોદસું ચતુરાઈ કરી એ
કોહોને મન રમી રહયા ભાવ કહો પ્રિયે જે સ્નેહ ધરી એ ।૧૩૯।
ભાવ માંહે મન મગ્ન થઈ બીજુ તે પ્રિછે નહી એ
પરમ સોહાગીયા રસ ભકત તે વિલસે પ્રિય સંગ અહીં એ ।૧૪૦।
અનેક ભાંતે રસ ઉદબોધસું વહાલાને રીઝવે સહી એ
નૈનારવીંદે કરી સુચવે રમણ ભેદ ચિત્ત લહી એ ।૧૪૧।

તે પ્રિય પ્રેષ્ટ લહે સધ્ય ભાવ ભોગી વર એ
કથા કહી રહયા પુઠી ચરિત્ર એહવા દેખાડે પ્રિય મનોહર એ ।૧૪૨।
ભકતને રસ સુખ આપે છે ક્ષણું ક્ષણું તે નવનવા એ
ખવાસજી લાવ્યા એ બીડું તેણે તેહોને મન અતિ ગમે એ ।૧૪૩।
આવી નિકટ બેઠા નાથને સહુ હરખિયો એ
પ્રેમદાને પરમ ઉલ્લાસ સ્નેહ ભાવે રસ પરખિયો એ ।૧૪૪।
અહરનીશ વાત્સલ્ય પ્રિય તણું તેહો તણે ચિત્તે રમે એ
તેહો તણી આરતે આપ્યુ બીડું તેણે તોહોને મન અતિ ગમે એ ।૧૪૫।
પ્રથમ જે બીડુ શ્રી મુખમાં હતુ તે મુકે વહાલો રંગે એ
નિહોરવી ગ્રીવાકર સ્પર્શે હૃદય તે અતિ ઉમંગ એ ।૧૪૬।
રસ ભકતને એમ સુચવે તમને ઉર ધર્યા પ્રિતે એ
પરમ ઉછાહ સ્નેહ સંયુકત બિરાજો અહીં રસ રીતે એ ।૧૪૭।
એણી પેરે રસિકાને સુચવે બીડુ મુકયુ વ્હાલે રસે એ
શ્રી મુખ કમલ પ્રહસિત કર્યું તે શોભા ચિત્ત માંહાં વસે એ ।૧૪૮।
આપ્યું અધરામૃત દાન તે નિરખ્યું નયણાં ભરી એ
હવે તે જલપાન ગડુઓ આપે ખવાસજી પ્રિયને વિનય કરી એ ।૧૪૯।
શ્રી મહા પ્રભુ લે છે ગડુઓ તે નિજકર સું આનંદ મુદા એ
પરમ પ્રસન્નતા સહિત જલપાન કરે સદા એ ।૧૫૦।
શ્રીમુખ કમલ ઉંચુ કરી પ્રમોદે વિકસાવીયું એ
તે માંહાં મુકે રસ જલ ધાર ભકત સહુકોને ભાવીયું એ ।૧૫૧।
પાતલી પરમ વિચિત્ર તે ધાર ઘણું શોભિયે એ
અર્ધ નાલુએ પ્રિય દિધો છે અંગુષ્ટ જોઈએ લોભિયે એ ।૧૫૨।
રહી રહી લાડ લડેતો એમ જલપાન કરે રંગે એ
અલવ્ય આધાર વરરાયને દિસે ઉમંગ અંગે એ ।૧૫૩।
જલપાન કરતાં જલહલે કરાંબુજ ઉભય અતિ ઘણું એ
મુદ્રિકા ચમકે ચોહોંઓર નંગ નિર્મલ તેહ તણું એ ।૧૫૪।
સુખ શોરોમણી રાય જલપાન કરી પહોચ્યા જયારે એ
ગડુઓ લોધો નિકટવર્તીએ પ્રિયકનેથી ત્યારે એ ।૧૫૫।
વ્હાલો ફેરવે છે અંગુલીદલ નેત્ર પર પર નેમસું એ
હવે તે બીડુ આરોગે મહારાજધાની ભર પ્રેમ સું એ ।૧૫૬।
ચતુરવર રાય ચતુરાઈસું સરકયા પશ્ચિમ દિશે એ
ટેકો દિધો છોટે તકિયે તે સોહે બીડા મીસે એ ।૧૫૭।
રસિકાને રસ સુખ સુચવે તકિયો બાથ મધ્યે લેઈએ
વહાલોજી પરમ પ્રસન્ન થયા રસભકતને રસ દેઈ એ ।૧૫૮।
આનંદ પ્રગટયો ઉભય સ્વરૂપે સાક્ષાત સોહે ઘણુંએ
તકિયો દાબે વ્હાલો દયા કરી કેમ કહું તેહ તણું એ ।૧૫૯।

રસ તણો ઉદબોધ પ્રગટયો છે પ્રિય અંગે ઉમંગસું એ
તે લહે પ્રેમદા પ્રેમવતી રસરંગસું એ ૧૧૬૦૧
બીડું આરોગે કરૂણાનાથ કારણ સોહે કોટી એ
પે રસિક રસિકા તણે અંગે લાગે છે બહુ રસ ચોટી એ ૧૧૬૧૧
તેણે કરી માહા રસ સુખ હોય અંગ અંગે રસ ભર્યા એ
શ્રી મહાપ્રભુજીએ બીડુ આરોગતાં ચરિત્ર એહવા બહુ કર્યા એ ૧૧૬૨૧
ચાંપુઓ દિધો છે ચપલ ગતે બીડું તે માંહા સોહે એ
મુદ્રિકા નવલ જોઈ નાયકા રસવસ મોહે એ ૧૧૬૩૧
અરૂણ ને શ્યામ નંગ ઝલહલે મુદ્રિકા અંગુલીએ રાજે એ
પહોંચલા ચલકે ચાક ચક્ષસું સોહે છે રસકાજે એ ૧૧૬૪૧
તે રસિકા તણું મન લહે વિધી વિધી રસ રમે એ
પહોંચલા સંગ સાવધાન થઈ તેણે કરી અતિ ગમે એ ૧૧૬૫૧
શ્રી કર કમલ રસાલ ચાંપુઆમાં બીડું સોહતુ એ
ન્યારી રાખે ટચી આંગલી ઉંચી મન મોહતુ એ ૧૧૬૬૧
લઘુ લાઘવે લહે લહેતુ શ્રીમુખ માંહાં બીડુ ધર્યું એ
નાગવલ્લી નાયકા તણું રસકાજ પુરણ કર્યું એ ૧૧૬૭૧
નાગવલ્લી એ સુખદાતા પ્રિયને સુખ આપે ઘણું એ
પ્રસરે રંગ શ્રી અંગે કેમ કહુ ભાગ્ય તેહ તણું એ ૧૧૬૮૧
લીધુ કપુર કરૂણા કરી શ્રી હસ્તે ચીપટી ભરી એ
ચુના તણી ગોલી કરી શ્રી મુખમાં ધરી એ ૧૧૬૯૧
વલતાં અંગુલીદલ ક્ષાલી મુખ વસ્ત્રે છે પ્રિતસું એ
બીડુ ચાવે છે ચંચલ પણે વહાલો રસ રીતસું એ ૧૧૭૦૧
તે સમય ગહેરો અધર અરૂણ રસ ચમકે ચાકે ચક્ષ ગતિએ
તે રસ રસિકાને પ્રિય ઘણું સમઝે છે રસ રતિ એ ૧૧૭૧૧
ભકત ભાગ્યવાને આંગણ ગહેરાઈ ભર્યું છે રસભોગસું એ
ચોહોં દિશથી નિરખે નિજ નાહને રસ સંજોગસું એ ૧૧૭૨૧
જે કો સમજે રસ વાત ને તેહોને ઉર ઉલટ અંગે એ
કટાક્ષ કરે પ્રિય સનમુખ કહીને શ્રી અંગ સંગે એ ૧૧૭૩૧
શ્રી મહાપ્રભુજી મન રીઝે ગાડી તકિયે બેઠા સોહે એ
શોભા શોભા જોઈ લાજી શ્રી અંગને જોઈ મોહે એ ૧૧૭૪૧
ભાવતું ભુષણ સોહે છે સ્વકિયના મન તણું એ
તે વહાલાનું શ્રી અંગ આભરણ સોહે ઘણું એ ૧૧૭૫૧
જોઈ જોઈ રસિકા મન રંજે રસ પુંજ આભરણ છે એ
ઝલકે ઝાતકાર અનેક રંગે ઉદ્‌બોધ રસ કારણ છે એ ૧૧૭૬૧
એહવું આભરણ ભાવ મણીકા ભાવે ભર્યું સોહે સદા એ
રસ વસ રંજે રસિકાને રસદાન દે મન મુદા એ ૧૧૭૭૧

જે જે શ્રી અંગ રૂપી માધુરી મધુર આસ્વાદ છે એ
તે પાન કરે છે પ્રેમદા પ્રેમે પરમ અહેલ્લાદ છે એ ।૧૭૮।
મધુર આસ્વાદ સહેરાઈ સહેરાઈને રીઝે છે એ
તેણે કરીય સકલ સ્નેહે રસરૂપી કાજ સીઝે છે એ ।૧૭૯।
અહીં એ સ્વરૂપ વર્ણન સંક્ષેપે કહુ મન રલી એ
ક્યારે મન કેશે લલચાય ક્યારે અંબોડો વલી એ ।૧૮૦।
ક્યારે કુંતલ ક્યારે કનપટી કેશમાં મન અટકીયાં એ
ક્યારે શ્રી કર્ણ આભરણ જોઈ નેત્ર નવ મટકીયાં એ ।૧૮૧।
ક્યારે ભાલ વિશાલે લલચાયે મનડુ તે મોદે ભર્યું એ
શ્યામ રેખ સોહામણી ભાલ મધ્યે પ્રિય તિલક કર્યું એ ।૧૮૨।
તેહની શોભા સુખદાતા જ્ઞાતા છે ગહેરી ઘણું એ
ભ્રોંહ નિહાલે ભામિની શોભા નવ કહી શકે અણું એ ।૧૮૩।
ટોપચા વરૂણી નયનારવીંદે નૌતન રસ રંગ રાજે એ
ગહેરો ગંભીર અથાહ રસ પ્રેમદાને પોષણ કાજે એ ।૧૮૪।
અનેક ભાંતે રસ જાણ પ્રવિણ પ્રહસિત સદા એ
એહવા નેત્ર કમલ રસાલ વ્રજબાલ જુએ મન મુદા એ ।૧૮૫।
નાસા મૃણાલ નેત્રાંબુજ સંગ શોભા ધરે એ
સૌરભ ભરી સુખદાતા જોઈ રસ કાજ સરે એ ।૧૮૬।
નવલ નાસાને નવલ ત્રીયા નિરખે છે પ્રેમસું એ
ગલસ્થલ ગૌર ગહેરાઈ પર નૃત્ય હોયે નેમસું એ ।૧૮૭।
કરે છે પ્રેમદા પ્રેમવતી નીતી નવલ નાટક ગતિ એ
ગલસ્થલ નિરખીને હરખે છે રસિકા સૌભાગ્ય વતિ એ ।૧૮૮।
મૃદુલ મનોહર એ રાજે છે ઉભય ગલસ્થલ ઘણું એ
નિકટ મોહોસર મન રંજે કેમ કહી શકું તેહ તણું એ ।૧૮૯।
શ્રી મુખ માંહે દંતાવલી વલી દાનાતુર સદા રહે એ
પોષે પ્રેમદાને પ્રેમે કરી મહારસ રમ્ય લહે એ ।૧૯૦।
દંતાવલી દાન અર્થે રસ સામર્થે બિરાજે સદા એ
ઝલકે ઝાતકાર ઉધ્યોત જયોતે દંતાવલી મન મુદાએ ।૧૯૧।
ક્યારે અવિલોકીયે ચપલ ચોરસ રસના રંગે એ
ચાતુરી કરે ચતુરાઈસું પરમ ઉમંગ અંગે એ ।૧૯૨।
ક્યારે અધર મધુર પાન કરી મનડું મત થયુ પ્રિતે એ
અરૂણ ગહેરી પીક વાધી છે અધરે તે રસ રીતે એ ।૧૯૩।
તેહ જોઈ ચિત્ત અતિ રંજે રસ પુંજ એ અધર સોહે એ
ઝાક ઝમાલ સું ઝલકે અધર અરૂણે મન મોહે એ ।૧૯૪।
લહે લહેતો તે લોભાત્મિક અધર આધાર છે એ
રસિકા તણું એ રસ આભરણ સકલ શ્રૃંગાર છે એ ।૧૯૫।

તે અધરને નિરખતાં હરખે મન મોદે ભર્યું એ
આતુર અતિ ચિત્ત લગ્નતાસું અધર જોઈ કાજ સર્યું એ ।૧૯૬।
ચિબુક ચપલ તે ચતુર ઘણું ચલકે ચાક ચક્ષ ગતે એ
એ વિવિધી પ્રકારે રસ અનુભવે રસિકાતે મન મતે એ ।૧૯૭।
ઠોડી ઠોર છે વિશાલ રસાલ એ સ્થલ ઘણું એ
સ્પર્શતા ઉદ્બોધ સાધે સુખડુ તે સોહામણું એ ।૧૯૮।
ગોલ ગ્રીવા તણી છબી કેહી પેરે જાય કહીં એ
લાવણ્ય મહા રસ રૂપ રસ સમે તે જાયે લહી એ ।૧૯૯।
હૃદય રમણીક અતિ ભવ્ય રસ ભાવસું ઝલકે સદા એ
જયોત જગમગે તે અપાર હૃદય સોહે મન મુદા એ ।૨૦૦।
અહીંયે માલા તે મનોહર દિસે સોહામણી એ
અચલ સોહાગણી નાર પહેરી શ્રી કંઠ સોહે ઘણી એ ।૨૦૧।
વિલસે માલ રસ ભેદ ભર હૃદય પ્રમોદસું એ
ઉરોજ ઉતંગ ઝાક ઝમાલ અહીંયે જે રાજે પ્રમોદસું એ ।૨૦૨।
ગોલ ગહેરાઈ ગંભીર કઠોર કોમલ ઘણું એ
લહે લહે ઉરોજ રસ રૂપ કયેમ કહુ સુખ તેહ તણું એ ।૨૦૩।
બિટડી સુભગ સુઠાણ આસપાસ તે બાલ સોહે એ
ગાદી તકિયે પ્રિય બેઠા છે જોઈ જોઈ મન મોહે એ ।૨૦૪।
ઉત્થાપન સમય તે આનંદભર અંગે એમ નિરખીયે રે
અનીરવચનીય રસ પુંજ જોઈ અતિ હરખીયે એ ।૨૦૫।
ખંભા પર ઉપરેણો જનોઈ બિરાજે શોભાયમાન એ
બાંહે કોહોણી તણો રસ તે રસિકાને કરે રસદાન એ ।૨૦૬।
કાંડાં પહોંચલા કમનીય રમણીય રસ રાજતો એ
તે પ્રેમદા પ્રેમે જુએ શ્રી હસ્તે રસ ઘણું ગાજતો એ ।૨૦૭।
કરપલ્લવે મુદ્રિકા નંગ ઝલક ચલક કરે એ
તેહ તણી શોભા સકુમાર ઉમંગી મહા રસે ભરે એ ।૨૦૮।
નંગ અસીત અસાધારણ જયોતસું જગમગે એ
અરૂણ ગહેરા રંગ તણું નંગ જોઈ મનડું પાગે એ ।૨૦૯।
વેલીયુ હાટક તણી તે અંગુલી દલે ભરી બેસે એ
પીત મુદ્રિકા પીત રૂપે રસિકા તણે ઉરવસે એ ।૨૧૦।
શ્રી કર કમલના નખમણી નવલ બિરાજે છે એ
શુભ્ર સચિકણ અરૂણ શ્વેત કાંતસું ભ્રાંજે છે એ ।૨૧૧।
કરતલ કોમલતાસું સુખદ અભિરામ છે એ
રસિકા તણાં પુરે કામ રસ રૂપીયા ધામ છે એ ।૨૧૨।
રેખા બિરાજે રસાલ વ્રજબાલ એ સોહે છે એ
શ્રી કરાંબુજ કમણીય જોઈ પ્રેમદા મોહે છે એ ।૨૧૩।

રસાલ વિશાલ મહા મનોહર શ્રી કરતલ દિસે એ
ભામિની ભાવભર નિરખે રસજુત હૈયડુ હીસે એ ।૨૧૪।
કયારે ઉદરમાં ઉરઝયુ મન બહુ પેરે લોચે છે એ
કયારે પસવાડા પ્રૌઢ ગંભીર ધીર રસે રસિકા સોચે છે અ ।૨૧૫।
કયારે પીઠ પ્રણાલ પ્રહસિત થઈ પ્રેમદા અવિલોકે ઘણું એ
કયારે કટી નિતંબ નવલી પેરે નિરખે સુખ તેહ તણું એ ।૨૧૬।
કટીલંકમાં પહેરી છે ધોતી ધિરજ ગહે એ
ટુંડી નિકટ તે બિરાજે છે મધ્ય સ્થલે રસવહે એ ।૨૧૭।
જંઘા જુગલ જોઈને પ્રેમદા પ્રેમે ફાંદે પડયા એ
ચિત્ર લખ્યાસા નિહાલે જાણે જંઘા જુગ્મે જડયા એ ।૨૧૮।
લહે લહે જંઘા વિચિત્ર મીત્ર તણી મહા રસે એ
સુભગ સોહાસણી દિસે ને નેહ રસ મન વસે એ ।૨૧૯।
જુગલ જાનુ જોઈ રહયા રસિકા ત્રીયા રસ વસે એ
નૈતન ભાંત સું ચલકે બહુ પેરે ઝાતકાર લસે એ ।૨૨૦।
જુગ્મ ઘુંટણ ગોલ ગૌર ગહેરા દિસે સદા એ
ગાદી તકિયે બેઠા વ્હાલો વાત કરે છે તે મન મુદા એ ।૨૨૧।
જાનુ સંગ ઢાંકણા નિરખીયે હરખિયે મન રલી એ
જગમગે એડી રસાલ વ્રજબાલ જુએ વલી એ ।૨૨૨।
મૃદુલ મનોહર રસ રાસ ઘરી આશ એડી તણી એ
નિકટ પાહની તે પ્રેમે ભરી દિસે સોહામણી એ ।૨૨૩।
શ્રી ચરણાર્વિંદ તણા નખચંદ્ર નિહાલીએ એ
વિચિત્ર અંગુષ્ટ અંગુલીદલ તણી શોભા ભલી એ ।૨૨૪।
મનોહર રૂપ અનુપ જોઈ જોઈ ચિત્ત ઠારીયે એ
ચમકે પાટલી શ્રી ચરણની ત્યારે સર્વસ્વ વારીએ એ ।૨૨૫।
અનુરાગે ભરી છે અવ્યકત ભકતનું એ ધામ સોહે એ
શ્રી ચરણ કમલ કારણ મઈ જોઈ રસિકા મોહે એ ।૨૨૬।
સ્પર્શને ચિત્ત તે લોભાયે ચરણકમલ મકરંદે ભર્યા એ
શીતલ મહા સુખદાય જાનુ સનાલ સહિત વર્યા એ ।૨૨૭।
એહવા ચરણાંબુજ લાવણ્ય સહિત લહલહે ઘણું એ
દાન આપે તે દયા કરી રસ વસ રસ તણું એ ।૨૨૮।
શોભાયમાન સોહાયે ચરણતલા તે મૃદુલ રસે એ
સ્થાપિત કર્યા સુભગાને હૃદયે રસ સમે રસ વસે એ ।૨૨૯।
તે રસ સુખ સુભગા જાણે વખાણે શ્રી ચર્ણને એ
આશિષ દે બહુ પ્રિતે રસ રીતે રસ ભર્ણને એ ।૨૩૦।
સ્વરૂપ વર્ણન એ સંક્ષેપે કરીને કાંઈ એક કહું એ
અનીરવચનીય અસાધારણ સ્વપ્ન નવી જાયે લહયું એ ।૨૩૧।

તથાપી કહયાં અંગ આનંદ મઈ કાંઈ એક વાનગી માત્ર એ
જેણે કરીય સ્વરૂપ સુરત હોય એ રસ લહે સદપાત્ર એ ।૨૩૨।
સ્વરૂપ વીના કાંઈ નવ ગમે બીજુ તે તેહને એ
શ્રી અંગ રસ સુખ સહિત સ્નેહ પ્રગટ હવો જેહને એ ।૨૩૩।
તેહને એ રસ પ્રિય ઘણું પ્રેમવશ મહા રસે એ
શ્રી અંગ અંગ રૂપી રસ ચહે ચાહસું ચિત્ત વસે એ ।૨૩૪।
એહવા જે ભાગ્યવાન ભકત જે પ્રિયને નિરખે રંગે એ
ગાદી તકિયે વહાલો બેઠા છે ઉથાપન રસ રંગે એ ।૨૩૫।
અનેક ભાંતે રસ પોષે પ્રેમદાને પ્રેમે કરી એ
રસિકવર રાય રસદાતા જ્ઞાતા રસ સ્નેહ ઘરી એ ।૨૩૬।
શ્રૃષ્ટિને દાન અસંખ્યાત કરે નવલી ગતિ એ
નિજ રસ સુખ તે લહીને પ્રિયજી પોષે સ્વતઃ હિતે એ ।૨૩૭।
દાતા ભોકતા તણું મન લહે રસ જે પ્રગટ કરે એ
આગલ પ્રસંગ કહું વલી પરમ ઉલટ ભરે એ ।૨૩૮।
તે પ્રકાર ચાલીસ મેં માંગલ્યે સોહસે એ
પ્રિય તણાં ચરિત્ર અસંખ્યાત જોઈ મન મોહસે એ ।૨૩૯।
ગાદી તકિયે તે ઉથાપને રસ સુખ આપે ઘણાં એ
ભકત સમાજ અનેક ત્યાંહાં સોહે સોહામણાં એ ।૨૪૦।
ચોહો દીશ ઘેરી ફેરી બેઠા છે પ્રિયને નિરખે રંગે મુદા એ
રસ રૂપ મકરંદ માધુરી પાન કરી એ સદા એ ।૨૪૧।
જે જે શ્રી અંગ રૂપી લાવણ્ય લહેરી લહે સ્વકિય રહી એ
તે સુખ સુભગા તે જાણે વખાણે શું શું કહી એ ।૨૪૨।
અનુભવી પાત્ર પ્રેમે ભર્યા ભકત સોભાગીય એ
સ્વરૂપ રૂપીયા રસ માંહે રહે તે ઘણું પાગીયા એ ।૨૪૩।
એહવા રસ ભકત જે ભાગ્યવાન તે પ્રિયને પ્રિય ઘણું એ
તેહને આપે રસદાન રસ સુખ તે સોહામણું એ ।૨૪૪।
અનીરવચનીય રસરાસ કેહી પેરે જાયે કહયું એ
અનુભવ પાત્ર પ્રેમે ભર્યા ને એહોણે એ સુખ લહયું એ ।૨૪૫।
બીજુ તે કોઈ પ્રિછે નહી મહા રસ વાત જેહ એ
સબંધ ભર સભગા જે લહે છે ચહે રસ રમ્ય તેહ એ ।૨૪૬।

ઈતિ શ્રી માંગલ્ય ઓગણચાલીસમું સંપૂર્ણમ્ હવે ચાલીસમું માંગલ્ય લખીયે છે
ચૌદમું માંગલ્ય ઉથાપનનું લખીશું
શ્રી શ્રી શ્રી શ્રી શ્રી

માંગલ્ય - ૪૦

શ્રી શ્રી શ્રી વલ્લભ વર જય જયતિ, એ માંગલ્ય ચાલીસમું લખીયે છે, એહને ગાવાને
અનુકરણ લૌકિક ગીત છે તે વચન જે "તારૂ કુટુંબ ગયું રે તણાય કે"
"ભાગા તે રૂબણ એ" એણી જાતે ગવાશે તે લખીયે છે.

શ્રી મહા પ્રભુજી બેઠા છે ગાદી તકિયે ઉથાપને સોહે ઘણું એ
ભકત સમાજ ચોહો ફેર સોહાયે શું શું ભાગ્ય કહીએ તેહ તણું એ ।૧।
નિરખે પ્રિય પ્રેષ્ટને રંગ રસે ભાવ ભર્યા ભકત સહું એ
ભાવાપન્ન જેકો છે રસરૂપ રસિકા અવિલોકે સહુ એ ।૨।
રસ ભાવે રીઝવે રસ જાણ ચતુરા ચતુરાઈ કરી એ
તેણે વહાલોજીને મન મોદ પ્રગટે છે અતિ સ્નેહ ધરી એ ।૩।
તે પ્રકાર પાછલ કહી આવ્યા તેર માંગલ્યે ઉથાપન રસ એ
જેણી રીતે નિરખ્યા રસ ભકતે રસ જુત પ્રિય થયા વસ એ ।૪।
ચૌદમું માંગલ્ય એ ઉથાપન તણું લખીયે છે મોદસું એ
દાન કરશે વલ્લભજી વરરાયે તે પરમ પ્રમોદસું એ ।૫।
માંગલ્ય પાછલમાં કથા રસ કહયો છે તે આનંદ ભરે એ
જે જે ચર્ચા ચલાવી રસ અર્થે સ્નેહ સામર્થે પ્રિય મનોહર એ ।૬।
દાન દાતા જ્ઞાતા રસ રમ્ય રમણ તણી પેરય લહે એ
મહોદર વર શ્રી મહારાજ રસકાજ ચોંપે ચહે એ ।૭।
રસિકા સંગ રસે ખેલે કટાક્ષ કરે કરી એ
રસ ઉદ્બોધ શ્રી અંગે સોહાએ પ્રેમદા જુએ ફરી ફરી એ ।૮।
પ્રેમ પાત્ર પ્રેમ વસ રસરાસ રસિકાના ટોલ સોહે એ
શ્રી મંદિર મધ્યે ઉભા સોહાએ નિજ નાહ ને જોઈ મોહે એ ।૯।
આપાપણા ભાવ સમાન તે નિરખે હરખે આનંદ મુદા એ
ઉથાપને ગાદી તકિયે બિરાજે વહાલોજી એણી પેરે સદા એ ।૧૦।
એણે સમય કયારે વિનોદી વિનોદને અર્થ આવે પ્રિતે એ
વિનોદ વર વહાલે એણી પેરે જેમ દિજો એ પરસ રીતે એ ।૧૧।
વ્હાલો હસહસી લોટ પોટ થાએ સોહાએ વિનોદ રસ એ
ભલો ભકત સુદામા બ્રહ્મચારી વિનોદને પ્રિય થયો વસ એ ।૧૨।
નિત્ય નૌતન નૌતન વિનોદ કરે પ્રિતમ સંગ ઘણું એ
વહાલાજી તણી રૂચિ જાણી વિનોદ બોલે વચન સોહામણું એ ।૧૩।
તે પ્રકાર પ્રિય પ્રેષ્ટને ભાવે રસ દાવે હાંસી કરે એ
વિનોદ રસમાં રહે મહારાજ પાગ્યાં અનુરાગ્યાં આનંદ ભરે એ ।૧૪।
ભાવ ભેદે ભામીની જુએ ભાવતા નાહ નેત્ર ભરી એ
વિનોદ રસ રસ્યા છે વરરાય એકાગ્રહ ચિત્તે કરી એ ।૧૫।

તેણે હાંસી હૈયે ન માય ઉમાહસું કિલકી હસે એ
ત્યારે શ્રીમુખ ઝલકે છે ઝાતકારસું તે સ્વરૂપ ઉરમાંહાં વસે એ ।૧૬।
અધરબીંબ અરૂણતા ઉધ્યોત જયોત જલહલે તેહ તણી એ
બહુ લાવણ્ય લહેરી લહલહે છે શ્રી અંગે શોભા ઘણી એ ।૧૭।
વિનોદ રસે રસ્યા રંગ તરંગ કરે વહાલો હરખિયા એ
અતિ ઉમંગી ઉમંગીને આનંદ ભર મહા રસ વરખિયા એ ।૧૮।
વિનોદ વિલાસ વિલસે પ્રિય સંગ ઉમંગ માયે નહીં એ
અતિ આનંદ ભર હુલસે છે શ્રૃષ્ટિ સોહાગણી જે સોહે અહીંએ ।૧૯।
માંહા વિનોદ મોહ મોહક મોહની સ્વરૂપ મોહ ઉપજાવે ભકતને સંગે એ
વિનોદી સંગ વિનોદ કરે છે વહાલોજી સોહે રસ ઉમંગે એ ।૨૦।
રસ ભોગી વરરાય રસરૂપ રસવસથી વિનોદ કરે એ
તે નિરખે રસિક જન રસ પુરા સુરા પ્રિયનું ચિત્ત હરે એ ।૨૧।
સભા મંડલ મગ્ન થઈ રહયું વિનોદના રસ માંહાં એ
શ્રી મહા પ્રભુ પોતે વિનોદ રસ ઉચરે ગાદી તકિયે બેઠા જયાંહાં એ ।૨૨।
તે સમય શ્રી અંગ મટકાસું અટકે મન ભકતના ભાવે ભર્યા એ
મહા ઉદબોધ આનંદમઈ દિસે વહાલો વિનોદે ચરિત્ર કરે એ ।૨૩।
વિનોદ રસે હસે શ્રી મહારાજ ત્યારે અંગ અરૂણ દિસે એ
ચલણ વલણ ચંચલતા અપાર અંગ અંગનો જોઈ મન હીસે એ ।૨૪।
હાસ્ય રસથી વિશ્રામ કરે ત્યારે શ્રી અંગઅંગ સોહે એ
ચંચલતાએ ચલકે છે સર્વાંગ જોઈ જોઈ સહુ ભકત મોહે એ ।૨૫।
એણી પેરે વિનોદ રસ વિસ્તર્યો કોએ નવી જાયે કહયો એ
બહુ પ્રમોદ સહિત પ્રિયે વિનોદ રસ અંગી કર્યો તે દીન લહયો એ ।૨૬।
વિનોદ રસ કારણ અર્થે પ્રગટાવ્યો પ્રિય પ્રેમે કરી એ
દાન આપ્યા વિનોદ રૂપીયો રસ રસિકાને તે સ્નેહ ધરી એ ।૨૭।
તેણે રીઝે છે રસિકા જે સૌભાગી અનુરાગી જે છે પ્રિય સંગે એ
વિનોદ રસ તણી વાત કરી વિહવલ કરે સર્વને ઉમંગ રંગ એ ।૨૮।
શ્રી મુખ થકી વિનોદ માધુરી સુણી ભકતે એકાદશ ચિત્ત દેઈ એ
જે જે વિનોદ શબ્દ પડે કાન માંહે ભકત હરખે તે દાન લઈ એ ।૨૯।
વિનોદ રસે ભાંત ભાંત રસ ભુકતે ઉભય સ્વરૂપ આનંદ લહે એ
મહા ઉદબોધ સહિત વિલસે વિલાસ વિનોદ રસ ચિત્ત ચહે એ ।૩૦।
અતિ ઉમંગી ઉમંગી ભકત રે ભકતને વ્હાલોજી વિનોદ મીસે એ
રસ ઉમડયો અથાહ અપાર સહું વિનોદ વિનોદ દિસે એ ।૩૧।
ઉત્થાપન સમય વિનોદ રસ પ્રસર્યો પ્રેમભર પ્રિય કને એ
તે રસ નિરખી હરખીયે આશિષ દિધી પ્રગટ રસિકજને ।૩૨।
શ્રીઅંગ મહા પ્રભુને મોદ સહિત સરાહે ઉમાહે આશિષ દેતા એ
ત્યારે વહાલોજી દાન દે અપાર ભકત હરખે છે તે રસ લેતાં એ ।૩૩।

વિનોદ રસમાં ફંદાયા મન તન ભગવદી સહુ શોભિયે એ
શ્રી મહાપ્રભુનું સ્વરૂપ જોઈ જોઈ મન માંહાં અતિ લોભીયે એ ।૩૪।
સમે સમે વિનોદ કરે એણી રીતે બ્રહ્મચારી સુદામા સંગે એ
એહોને વિનોદનું દાન આપ્યું છે વહાલાજી એ ઉમંગ એ અંગે ।૩૫।
જે સમય શ્રી ગોપાલનો જન્મ હવો ત્યારે માગી લીધું એ
પ્રિય પુત્રની વધાઈમાં આપ્યું સુદામાને વિનોદે વિનોદ દાન દીધું એ ।૩૬।
તેણે કરિય સદા સર્વદા પ્રસન્ન રહે વ્હાલોજી સુદામા પર એ
આઠો પહોર વિનોદ કરે ત્યારે હંસે શ્રી વલ્લભવર એ ।૩૭।
જહીંય અપ્રસન્નતા હોય મન માંહે પણ એહેને કાંઈ જણાવે નહીં એ
સત્ય સંકલ્પ શ્રી મહાપ્રભુજી એહોને માગ્યું આપ્યું છે અહીં એ ।૩૮।
જે પ્રસન્ન રહું જો મે તો પર સદા એ વચનનો નિર્વાહ કરે એ
દાન દાતા નિર્વાહક મહારાજ નિર્વાહ કરી ચિત્ત હરે એ ।૩૯।
એમ વિનોદીનો વિનોદ રસ અંગી કર્યો શ્રી કરૂણાકર સદા એ
ત્યારે ભકત મનમાં ઘણુ ફુલે વહાલોજી સોહે મન મુદા એ ।૪૦।
અંગ અંગ ચલકે છે ચોહોં દિશ મીસ વિનોદ તણું ઘણું એ
તેણે કરી ચારે દીશો માંહાં વિસ્તરે વિનોદ કેમ કહીં શકું અણું એ ।૪૧।
જયાં જયાં ભગવદી રહે છે ભાવે ભર્યા તેહોના પોષણ કરે એ
એહવો વિનોદ રસ મહા બલવાન રસ જ્ઞાનસુર રસે ભરે એ ।૪૨।
ભકત ભાવૈકના પુરે છે કોડ કર જોડ વિનોદ રસે એ
ઉથાપન સમય બેઠા છે મહારાજ રાજેશ્વર રસ વશે એ ।૪૩।
ગાદી તકિયે મહારાજધાની સમે તે વિનોદ બહુ રસે એ
તેહ સમય પર શોભાને વારૂ ચિત્ત ધારૂ એ સુખ સહુ એ ।૪૪।
સદા સર્વદા વિનોદ વિનોદે બેઠક મધ્યે શોભિયે એ
ગુપ્ત પ્રગટ વિનોદ થાએ ઘણાં જોઈ ચિત્ત લોભિયે એ ।૪૫।
વિનોદ માંહાં થકા વિનોદ અસંખ્યાત પ્રગટે છે ભામીન સંગે એ
ભાવ સહિત ભકત રસ રાસ વિનોદ ઉમંગ અંગે એ ।૪૬।
ત્યારે નેત્ર ચપલ ગતિ ચાલે ઉભય સ્વરૂપે ચંચલ ઘણું એ
રસ ઉદબોધ સહિત મુસકની કરે કેમ કહું તેહ તણું એ ।૪૭।
પરસ્પરે ચિત્તવે ચંચલતા એ મન ભાવે વિનોદ રસ એ
નેત્ર માંહે ભરી આવ્યો રસ રમ્ય ઉભય સ્વરૂપે મહા રસ વશ એ ।૪૮।
વિનોદ વિનોદ માંહાંથી હોએ પ્રિતે એ
જે પ્રકાર કોઈ નવી પ્રિછે અનુભવે વિનોદ રસ રીતે એ ।૪૯।
રસિકા સંગ આનંદ તણું તે લે તહીં એ
બહુ ચરિત્ર ચતુર વર રાયે પ્રગટ કિધા છે અહીં એ ।૫૦।
વિનોદ રસ વસ થકા ખસે નાથ મોટે તકિયે થી આનંદ મુદા એ
આવે ખસતા ખસતા તે ગાદી પર પ્રસન્ન મન સોહે સદા એ ।૫૧।

વિનોદ રસથી વિશ્રામ કરી વલી ચરિત્ર બીજા કરે બહુ એ
ભાંતી ભાંતે રસ ભુકતે મહારાજ રસકાજ જાણે સહુ એ ૧૫૨૧
પ્રમોદ સહિત જલપાન કરે છે વચ્ચે વરસે મહા મોદસું એ
બીડું આરોગે લાવણ્ય લટકાસુંને પરમ પ્રમોદસું એ ૧૫૩૧
લીધુ કપુર ચુનો સહિત વહાલોજી એ મન રલીયે
ત્યારે દિધી આશિષ ભકત ભાવસું તે બહુ પેરે ફલીએ ૧૫૪૧
જલપાન કરતાં પહેલુ આપ્યું ભકતને અધરામૃત દાન એ
અતિ હરખે ભર્યા ભકત ભાવાપન્ન તેહ કરે છે પાન એ ૧૫૫૧
અધરામૃત રસ જે રસાલ વ્રજબાલ નીત પ્રતે ચહે એ
તે તણું કારણ જે રસ રૂપ રસિકા રસ જુકત લહે એ ૧૫૬૧
કોઈ સમય મિત્ર વિચિત્ર રસાલને જંભાઈ આવે છે અહીં એ
ત્યારે ઉલટો કર શ્રી મુખ પર દે છે ગાદી તકિયે બેઠા છે જહીં એ ૧૫૭૧
શ્રી કરકમલ ઉધ્યોત તેણીવાર દિસે છે શોભાયમાન એ
અંગુલીદલને વચાલે થી દિસે મુખ પ્રસારી પ્રિયે કર્યું દાન એ ૧૫૮૧
ત્યારે ભકત ચુટકી દે ચોહોફેર થી સ્નેહ વાત્સલ્ય ભેર એ
ને આશિષ બોલે ચિરંજીવો કહી અનેક ભાંતે તે ચિત્ત હરે એ ૧૫૯૧
વ્હાલાજીને એમ ઘણુંય સોહાએ જે જે આશિષ બોલે ભકત
પ્રિતે ચુટકી તણાં શબ્દ સોહતા પ્રસરી રહયા છે સ્નેહ રીતે પ્રિતે એ ૧૬૦૧
અતિ નિરઘોષ સહિત બાજે છે વાજીંત્ર ચુટકી તણાં એ
શ્રી મહાપ્રભુને જંભાઈ આવે છે ત્યારે હરખે ભગવદી ઘણાં એ ૧૬૧૧
ભાવ સહિત ચુટકી દે રસાલ વ્રજબાલ કોડે કરીએ
તેણે વ્હાલોજી મનમાં રીઝે રસિકા પર સ્નેહ ધરી એ ૧૬૨૧
જંભાઈ આવે પ્રિયને એણી રીત જેમ પ્રેમ પ્રેમ વસ રીઝે એ
નિરએ પ્રિય પ્રેષ્ટનું મુખાર્વીદ જંભાઈ જોઈ રસિકા રીઝે એ ૧૬૩૧
બહુ લાવણ્ય રસ ભર્યું છે મુખાંબુજ જોઈ સુખ પામીયે એ
અતિ રસ ઉમંગે મહેકે મુખ માંહાથી લઈ પરાગ શીર નામીયે એ ૧૬૪૧
.....હસ્ત વ્હાલો કર્ણ દીધો એ
તે નિરખી રસ.....ટોલ સકલ અર્થ સીધો એ ૧૬૫૧
કોઈ સમય વહાલો છોટે તકિયે કર થકી ફુલ માલા લઈ એ
અતિ પ્રમોદ સહિત સ્નેહ ભાવ હરખે છે નેત્ર કમલે દેઈ એ ૧૬૬૧
રસિકાને રસ જુત એમ સુચવે તમો એણી પેરે સદા એ
નેત્ર પર આવી વિલસો બહુ ફુલસું નૃત્ય કરો મન મુદા એ ૧૬૭૧
એમ સુચવી પ્રિતમજી મુસકાયે નેત્ર કમલે માલા સોહે એ
રસિકા રસવાન રસદાન લહી મનમાંહાં મોહે એ ૧૬૮૧
માલા શીતલ સૌરભે મહેકે કર લહેકે વહાલે નેત્ર દિધી એ
પ્રેમદા પ્રેમવશ રસ રૂપ એણી મિસે નયણા માંહાં લીધી એ ૧૬૯૧

તેણે વહાલો ભરી આવ્યા સાત્વિક રસે શોભા સોહે ઘણું એ
અનુભવી તણું મન સુખએ જાણે કેમ કહીં શકું એ રસ તણું એ ૧૭૦૧
સ્નેહ સહિત સાત્વિક ભાવ પ્રગટયો પ્રિતમજીને અંગ અંગે એ
માલા પુષ્પ અનેકની સોહે સહુ મોહે જુજવે રંગે એ ૧૭૧૧
રસિકા રસ ભિન્ન ભિન્ન રંગી માલા સ્વરૂપ સોહતી એ
અતિ મૃદુલ મનોહર રમ્ય રસ જુત પ્રિયને મોહતિ એ ૧૭૨૧
તે દિસે છે બહુ ઝાક ઝમાલ માલા જોઈ મન રંજે એ
માંહે ચલકે છે થાક વિચિત્ર રંગબીરંગી તે રસ પુંજે એ ૧૭૩૧
કયારે ચંપાકી માલા કરી નેત્રે દે છે વહાલો એ
કયારે રાયવેલ ચમેલીની તે ભગવદીય સહુકો નિહાલે એ ૧૭૪૧
કયારે ગુલાબ સેવંત્રી સુખદાયે કયારે તે માધવી તણી એ
કયારે જુહી માલતી ને નીવાસ તણી માલા સોહામણી એ ૧૭૫૧
ત્યારે સુવર્ણ જુત મણીકાની પીત રંગે અનુપમ અભિનવી એ
માલા નાયકા રૂપે પ્રગટી છે અહીં તે કોણ કહે કવી એ ૧૭૬૧
તેણે કરીય પ્રિયને ઘણું પ્રિય છે એ માલા મનોહર એ
નેત્ર કમલે દેતા વ્હાલો રીઝે કાજ સીઝે રસિકવર એ ૧૭૭૧
જુજવા રંગની માલા જુજવી ભાંતે ભુકતે રસ પ્રિય સંગે એ
અંગ અનુરાગ મહેકે રસ વસ વિલસવા ઉમંગ અંગ એ ૧૭૮૧
કયારે વ્હાલોજી રસવસ થકા પુષ્પ માલા હૃદયે ધરે એ
અતિ પ્રમોદ સહિત પરિરંભણ કરતાં તે ચિત્ત હરે એ ૧૭૯૧
માલા સંગ કરે બહુ ખેલ વ્રજબાલ જુએ રહયાં એ
એ રસ સુખ અનીરવચનીય વિસ્તાર કોણે નવી જાયે કહયાં એ ૧૮૦૧
રસ ભોગી વલ્લભવર રાયે સુખદાયે સહુ કોઈને એ
પ્રેમદા પ્રેમવશ થકા હરખે રસ વરખે તે જોઈયને એ ૧૮૧૧
કયારે માલા મહે મહેતી મનોહર શ્રી હસ્ત માંહા ધરીએ
વહાલાજીએ દિધી નાસા અર્થે તે સૌરભ છે ભરી એ ૧૮૨૧
તેહ તણો પરાગ લઈય ને પ્રસન્ન થયા પ્રિયજી તે અંગ અંગ એ
એહવી માલા સુખદ સુખદાયી મન ભાઈ જુત બે રંગે એ ૧૮૩૧
કયારે અતિ સકોમલ કેવડો તે સૌરભ જુત શોભિયે એ
શ્રી હસ્તે લીધો લાવણ્ય લટકા ભર તે જોઈ ઘણું લોભિયે એ ૧૮૪૧
તેહ તણો મકરંદ મનોહર પ્રિયજી લે છે રંગે એ
કયારે કેવડો ચીરીને વેણી ગુહે વહાલો ઉમંગ અંગે એ ૧૮૫૧
રસિકાને રસ સુખ તે સુચન કરે જે જે અનુભવ કર્યો એ
ગુંથી વેણી ચમકે રસ રૂપ પ્રિય પ્રિતમે ત્યાં શ્રી હસ્ત ધર્યો એ ૧૮૬૧
અનુભવી એ અનુભવ લહે સાર શ્રૃંગાર ચોટી તણો એ
વ્હાલો ખેલાવે બહુ પ્રિત રસ રીતસું સ્નેહ ઘણો એ ૧૮૭૧

ભાગ્યવાન એ ચોટી કેવડાની પ્રિયજી ને રૂચે સદા એ
શ્રી કર કમલ રસાલ માંહાં લેઈ ખેલાવે છે મન મુદા એ ૧૮૮૦
કયારે કેવડા તણી તે પોપટ કરે અંગુલી દલે સોહે એ
વહાલો ગાદી તકિયે બેઠા ચરિત્ર એહવા કરતાં જોઈ મન મોહે એ ૧૮૯૦
ઉથાપન સમય ખેલ ખેલે રસાલ વ્રજબાલ જુએ રહયાં એ
જે જે ચરિત્ર ચતુરવર કરે રસ જુત રસિકાએ લહયાં એ ૧૯૦૦
કયારે કેવડો ચીરી ચુટકી કરી વજાડે છે રંગ રસે એ
તેહના શબ્દ સહિત શ્રી કરાંબુજ લાવણ્ય મન માંહાં વસે એ ૧૯૧૦
ભાગ્ય ફલ્યુ છે કેવડાનું અનુપ શ્રી પ્રભુને ઉપયોગ આવ્યો એ
વિવિધી ભાંતે ખેલાવ્યો કરી ખાંતે કેવડો બહુ પેરે ફાવ્યો એ ૧૯૨૦
શ્રી મહાપ્રભુજી પ્રસન્ન થઈ અને ખેલે છે ખેલ બહું એ
ગાદી તકિયે બેઠા છે વરરાય અવિલોકે છે ભકત સહું એ ૧૯૩૦
અતિ મૃદુલ મનોહર રસરાસ શ્રી અંગ સોહે ઘણું એ
ભાવા પન્ન ભર્યા નિરખી હરખે કેમ ભાગ્ય કહું તેહ તણું એ ૧૯૪૦
શ્રી અંગ અંગ તણી છબી છે છબીલી રંગીલા રંગે રીઝીએ
તે જોઈ જોઈ રસિકા લલચાયે રસ ઉદબોધ સહિત ઉમંગી એ ૧૯૫૦
ઉત્થાપન તણા સુખડા અપાર અનુરાગે ભર્યા સોહે એ
સભા મંડલ ચોહોં દિશથી ચાહે વહાલાજીને જોઈ મોહે એ ૧૯૬૦
એણે સમય કો કો ભકત પરદેશ થી આવે આનંદ મુદા એ
અતિ આરત સહિત ઉમાહે ચિત્ત ચાહે પ્રિયજીને સદા એ ૧૯૭૦
સ્નેહ સહિત ભાવે ઘણું પુરા સુરા સાવધાન મતિ એ
ભાગ્યવાન ભાવૈક ભલા પાત્ર આવી નમન કરે રસ ગતિએ ૧૯૮૦
સમર્પે તન મન ધન પ્રાણ પ્રિતમને જે જે ગમે એ
એ દીનત્વરૂપ લાવણ્ય લટકા ભર અવિલોકતા રસે રમે એ ૧૯૯૦
અંગ અંગ કંપીત સ્નેહ ભાવે રોમોદગમ પ્રગટ હવા એ
નેત્ર માંહેથી અશ્રુપાત વહી ચાલે નૌતન નવા એ ૧૦૦૦
કંઠ તે ભકતના ભરાએ ભાવ સહિત ઘણું શોભિયે એ
શ્રી મહાપ્રભુને દંડવત કરે ઉમાહે તે જોઈ મન લોભિયે ૧૦૧૦
દંડવત કરતાં તિલક વ્રજ રજ તણું તે ભકતને ભાલે લસે એ
તેહની શોભા દીનત્વરૂપી દિસે મન હિસે છે મહા રસે એ ૧૦૨૦
લે છે વારણા તે ભકત સ્નેહસું વારંવાર તે રંગે એ
ત્યારે વહાલોજી પુરે પુરે કરી ઓચરે ઉમંગ અંગે એ ૧૦૩૦
તે લાવણ્ય ભર્યો શ્રીકર કોમલ તેણે સમાધાન કરે એ
લટકો તે અનુપમ કરી કરૂણાએ ભકતને ભરે એ ૧૦૪૦
કહે કબકે નિકસે હુતે તુમ નીકે હો એહવું વચન ભાખે એ
એમ સ્નેહ સહિત પ્રિત રીત તે ભકતનો સંભાર રાખે એ ૧૦૫૦

સમાચાર પુછે કુશલતાના વહાલોજી આનંદ મુદા એ
ત્યારે ભકત ઉત્તર આપે પ્રિયજીને સ્નેહ વાત્સલ્ય સદા એ ।૧૦૬।
પરસ્પરે અવિલોકે પ્રેમાશકત તે વ્યકત કરી કોણ કહે એ
વહાલો બેઠા છે ફરીય ને તેહો સંગ સમાચાર પુછતાં સુખ લહે એ ।૧૦૭।
આવે આગરે થકી જે કોઈ ભકત તેહોના વહાલોજી પોષણ કરે એ
કોહોને ડેરો અપાવે મહારાજા રંગે કોહોને મહા પ્રસાદ ઉલટ ભરે એ ।૧૦૮।
જેહને જેવો ભાવ છે મન માંહાં તેને તેહવા પ્રિય વચન કહે એ
ભાવ ગ્રાહી ભાવ ભોગી વર રાય મન વ્રત સહુ કોની લહે એ ।૧૦૯।
કોહોને કહે જૈયે પ્રસાદ લેકે.....તુમ હોયો વેગ એ
એણે પ્રકારે પોષે છે તે ભકત.....વહાલાજીને એહવા નેગ એ ।૧૧૦।
જે કો આવે પરદેશથી એણે સમય તેહોના સમાધાન કરે એ
ભકત સમાજ ચોહોં ફેરથી નિરખે છે તેહ તણાં ચિત્ત હરે એ ।૧૧૧।
કોઈ મથુરાં થકીય આવ્યા ભકત ભાવૈક શીરોમણી એ
સ્નેહ પુરા શુરા ભાગ્યવાન શી શી કહિયે વાત તેહ તણી એ ।૧૧૨।
કોઈ વૃંદાવન થકી આવે હરખતા કોઈ બરાડીથી રંગે એ
કોઈ શ્રી ગોવરધન થી આવે શ્રી મુખ જોવા ઉલટ અંગે એ ।૧૧૩।
એમ દેશ દેશ થકા ભગવદી પ્રિતમને નિરખવા આવે એ
સ્નેહ સહિત આરતવંત દિસે તે વહાલાને મન ભાવે એ ।૧૧૪।
જે જેમ આવતા જાયે ઉછાહે તે પ્રિયને દંડવત કરે એ
વહાલોજી વચનામૃત પોષે તેહોને બહુ પેરે ભરે એ ।૧૧૫।
કોઈ સંબંધ ભર આવે આગરે થી સંબંધી આનંદ મુદા એ
તેહનો આદર અંત ગાઢ સંબંધ તે દંડવત કહાવે સદા એ ।૧૧૬।
પ્રિયજીને તે ઘણુંય સોહાયે સમાચાર પુછે ફરી ફરી એ
પ્રિત રીત જણાવે ઉમંગીને આનંદ જુત સ્નેહ ઘરી એ ।૧૧૭।
કુશલ પુછે તેહો તણું વારંવાર વહાલો રસ સંબંધે ભર્યા એ
એકાગ્ર ચિત્તે ચોંપે કરી કરૂણાનાથે તે ભકત એણી પેરે વર્યા એ ।૧૧૮।
તેહો તણાં કુશલ સમાચાર પુછતા પ્રિયજી ફુલે ઘણું એ
અંગ અંગ રસે તે હંસતા દિસે શું કહિયે તે સમય તણું એ ।૧૧૯।
સંબંધી તણો સંબંધ સ્ફુરી આવે પ્રિતમજીના ચિત્ત માંહાં એ
એણી પેરે ઉથાપન સુખ આપે પ્રિયજી ગાદી તકિયે બેઠા જયાંહાં એ ।૧૨૦।
ભાગ્યવાન ભકતની પુરે આશ રસ રાસ વહાલો સોહે એ
રસ તણો પ્રિય પુંજ પ્રેમદા જોઈ જોઈ મોહે એ ।૧૨૧।
દાન દે છે રસિકાને બહુ પેર મહારાજ રાજેશ્વર એ
પ્રેમ સહિત સંતોષે સહુકોને વલ્લભજી સોહે મનોહર એ ।૧૨૨।
આવે ભિક્ષુક ભિક્ષાને અર્થે તેહોને આપે છે દાન બહું એ
પાત્ર સીધો ને વસ્ત્ર અનેક મન વ્રત હાલો સહું એ ।૧૨૩।

વેદ પાત્ર પંડિત આવ્યા છે તેહને વિદાયે કરે મહાપ્રભુ પ્રિતે એ
બીડા માંહે બહુ દ્રવ્ય ભરીયને આપે છે તે શાસ્ત્ર રીતે એ ।૧૨૪।
તેણે કરી તે પંડિત મન માંહે ફુલીને આશિષ બોલે એ
શ્રી મહાપ્રભુને જેમ સુખ હોયે આનંદ અંતરપુટ ખોલે એ ।૧૨૫।
નિત્યેપ્રતે દાન આપે વહાલોજી ભિક્ષુકને આનંદ મુદા એ
પ્રાતઃ થકી તે આરંભી સંધ્યા લગી દાન બહુ કરે સદા એ ।૧૨૬।
જે કો એ મનોરથે અભિલષીત છે તેહને તેહવા દાન આપે એ
વિઠ્ઠલકુંવર રસિલો રસાલ તે ભકતના અંતરાય કાપે એ ।૧૨૭।
નામ વલ્લભજી વનિતા વૃંદને વ્હાલુ મ્હાલુ એ
સુખ જોઈ એ સભા મંડલ નિરખે તે પ્રિયને આનંદ મંગલે હોઈ એ ।૧૨૮।
ઉથાપને એમ રસ વૃષ્ટિ કરે વ્હાલો ભકતને અર્થે ઘણી એ
કરે વારતા અનેક પ્રકારે ઉમંગીને ગોકુલ ઘણી એ ।૧૨૯।
ગાદી તકિયે બેઠા છે મહારાજ રસ કાજ પુરણ કરે એ
રસિકાને બહુ રસ તે સુચન કરે એણે શીષે ચિત્ત ધરે એ ।૧૩૦।
ભાગ્યવાન શ્રૃષ્ટિ એ સૌહાગીણી નિરખતા એહને સંગે એ
સ્વરૂપીયો રસ પાન કરે છે ભકત તે ઉમંગ અંગે એ ।૧૩૧।
વહાલો ચરિત્ર કરે બહું પેરે તે રસિકાનું મન લહે એ
કયારે ચંપાનું પુષ્પ નાસા લેઈ ખેલે પ્રિય ભકત કેઈ પેરે કહે એ ।૧૩૨।
અગ્ર મકરંદ.....પુષ્પના ફરી ફરીને પ્રિતે એ
ચમકે છે ચંપા તણું પુષ્પ.....રૂપ તે રસ રીતે એ ।૧૩૩।
તેહનો પરાગ લેઈ લેઈ વહાલો રીઝે કાજ સીઝે બહુ ભકત તણાં એ
સહુ ભકતની મનવૃત જાણી વ્હાલો કોડ પુરે ઘણાં એ ।૧૩૪।
તે અનુભવ લહે આપાપણો સર્વ રસ ગર્વ મન માંહાં બહું એ
કોઈ કોઈ નો અનુભવ નવ પ્રીછે રસ ભરી છે બહુ પેરે સહું એ ।૧૩૫।
ભાવ સમાન રસ પ્રિયસું થાયે ઉમાહે ભકત દાન લેઈએ
અતિ ઉદબોધ સહિત મન રંગે ભકત હરખે આશિષ દેઈ એ ।૧૩૬।
પ્રેમવતી પ્રેમદાને પ્રેમવાધે રસ સાધે આનંદ મુદા એ
નિરખે છે શ્રી મુખ રસ રંગે સ્નેહ ભાવ ભર્યા સદા એ ।૧૩૭।
સુભગા તે શોભા અવિલોકે શ્રી અંગ અંગ તણી જેહ એ
ગહેરો અધર અરૂણ જોઈ પ્રેમદા પ્રેમ વસ પડયા તેહ એ ।૧૩૮।
એમ ઉથાપને રસ તણી રેલ ચાલે છે ચમકતી એ
રસ નાયકાને રીઝવવા અર્થે રસિકા ચાલે રમકતી એ ।૧૩૯।
શ્રી મંદિર માંહાં મ્હાલે ઉલટ ભરે પ્રિય સનમુખ રહી અહીં એ
દાતા ભોકતા ભુકતે રસ રમ્ય કોઈ કેઈ પેરે શકે કહીંએ ।૧૪૦।
વહાલાજીના મનમાં બહુ ફુલઅનુકુલ અંગનાગણ સહી એ
એણી શોભા શોભા જોઈ લાજે પ્રિય કાજે રસ ભકત બહું એ ।૧૪૧।

ઉભા છે લોક અસંખ્યાત રસ ભેદ જુએ પ્રિતે એ
વહાલો કટાક્ષ કરે ચોહો ઓર ચિત્ત ચોર છે રસ રીતે એ ૧૪૨૧
નેત્ર ચાલે ચપલ ચતુંરાઈસું તેજનો પુંજ સોહે એ
તે જોઈ જોઈ રસિકા રંજે ઝલકતા નેત્ર જોઈ મોહે એ ૧૪૩૧
તેણે સુભગાના અંગ અંગ થાએ પુલકીત તે આનંદ મુદા એ
એણી રીત પ્રિતમજી સુખદાયે સુખ આપે છે પ્રેમદાને સદા એ ૧૪૪૧
કોઈને જોઈ તુલસીની માલા શ્રી કંઠમાં ફેરવે રંગે એ
દાન દેવા આતુર તે વહાલો નિહાલુ ઉમંગ અંગે એ ૧૪૫૧
પ્રિય ફરી ફરી ફેરવે માલા રસિકાને અર્થે તેહ એ
સુચવે સુભગા ને એણી એણીપેરે માલા આપું તમને એહ એ ૧૪૬૧
પણ આદર કરી ત્યારે પામે એ માલા દુર્લભ ઘણું એ
ત્યારે તે ભકત સોચી એક દ્વાર ખોલ્યુ છે સોહામણું એ ૧૪૭૧
જે ભિતર કહયો એ પ્રસંગ માલા મંગાવે ઉલટ અંગે એ
કહયુ ખવાસે એ ખવાસને એમ માલા માગે ભિતર રંગે એ ૧૪૮૧
પછે મહાપ્રભુજીને ખવાસજી એ તે વિનતી કરી એ
પ્રિય સુણીયને થયા પ્રસન્ન માલા આપે છે તે સ્નેહ ધરી એ ૧૪૯૧
વહાલો ચરિત્ર પોતા તણું સમઝયા તેણે કરી હરખીયા એ
કરી મુસકની મૃદુલ રસ રાસ બહુ પેરે રસ વરખીયા એ ૧૫૦૧
અતિ ઉદબોધ શ્રીમુખ પર દિસે તેણે સમયને અનંદ મુદા એ
ગોપ્ય ચરિત્ર ગાદી તકિયે બેઠા કરે પ્રિતમજી તે સદા એ ૧૫૧૧
દાતા ભોકતા લહે રસ રમ્ય જે જે વ્હાલોજી એ દાન દિધા એ
આપે માલા પ્રિય શ્રી કંઠ માંહાંથી રસિકાના રસકાજ સીધા એ ૧૫૨૧
એમ પોષે પ્રેમદાને પ્રિય પ્રેમે તે વચન કોઈ કેમ કહે એ
માલા આપી વહાલા ઉલટ ભેરે અનુભવી તણું મન લહે એ ૧૫૩૧
દાન દાતા જ્ઞાતા રસરૂપ વલ્લભજી સોહામણો એ
દે છે દાન તે અપરંપાર રસ વિચિત્ર મોહામણો એ ૧૫૪૧
તેણે અનુભવી અનુભવ રસ માંહે મગ્ન થયા ઘણું એ
અંગ અંગ શીથીલ થયા જાયે દાન કર્યું વહાલે સોહામણું એ ૧૫૫૧
પ્રિય તણી કૃપા લહીને આનંદ પ્રેમદાને ઉલટ ભરે એ
ઉથાપને આપી માલા એણી પેરે વહાલોજી શ્રી કરે એ ૧૫૬૧
સ્વતઃ બલ સુચવીને મહારાજે એહવા ચરિત્ર પ્રગટાવીયા એ
પ્રેમ પાત્ર પ્રેમવંત જે કો ભકત છે તેહોને મન ભાવીયા એ ૧૫૭૧
કરે ચરિત્ર ગોપ્ય ગુઢભાવે રસ દાવે વહાલો.....એ
રસિકા એ રસ અનુભવ કરતાં સાત્વિક ભાવે.....એ ૧૫૮૧
ભુલ્યા અનુસંધાન અંગ અંગ તણાં મન માંહાં સોચી રહયાં એ
એમ ઉથાપને સુખ અનુભવ્યા કેઈ પેરે જાએ કહયાં એ ૧૫૯૧

ગાદી તકિયે બેઠા છે પ્રિતમજી રસ અનુભવે છે બહુ એ
પ્રિય મન વ્રત લહે ભકતના ચિત્ત તણી પ્રેમ વશથી સહુ એ ૧૧૬૦૧
તેણે સર્વનું રાખે છે માન દાન આપે નૌતન નવા એ
અનેક ભાંતે મહા રસ તણાં રોલ જોઈ આનંદ મંગલ હવા એ ૧૧૬૧૧
એહ સમય તણાં સુખ અનીરવચનીય અવ્યકત સોહે ઘણું એ
સભા મંડલ મધ્યે મહારાજા બિરાજે રૂપ વિચિત્ર સોહામણું એ ૧૧૬૨૧
દર્શનનો અવકાશ એણે સમે બહું છે તે સહુ કો લહે એ
સાતે ઘર તણાં લોક આવીને શ્રી મુખસું ચહે એ ૧૧૬૩૧
મહા પ્રભુનો પ્રતાપ જોઈ જોઈને તે આશ્ચર્ય થયાં એ
બહુ ભાંતે હરખ્યા તેહોના મન તે કોણે નવી જાયે કહયાં એ ૧૧૬૪૧
વલી આવે એણાં રાજસી બહુ એહ સમય હરખસું એ
અતિ ઉછાહે ભર્યા છે મન માંહે શ્રી મુખ સુખ નિરખસું એ ૧૧૬૫૧
આવી દંડવત કરે મહા પ્રભુજીને દાન ભાવે ઘણું એ
પુલકીત થઈ નયણાં ભરી આવે કેમ કહું ભાગ્ય તેહ તણું એ ૧૧૬૬૧
શ્રી મહા પ્રભુજીની સેવા જોઈને ઝકી થકી રહયાં તે સહું એ
એણી રીતે આવે શ્રી મુખ જોવા રાણા રાજસી તે બહું એ ૧૧૬૭૧
વહાલોજી તે સનમાન કરે છે તેહો તણાં તે આનંદ મુદા એ
એણે માંડવે સમૃધ્ધ નિત્યે સોહે નૌતન ભાવ ભરી સદા એ ૧૧૬૮૧
ભાવ સહિત વિલસે પ્રિય સંગ ઉલટ માએ નહીં એ
નિરખે નિજ નાહનું સ્વરૂપ બેઠા જોઈ જોઈએ છે જહી એ ૧૧૬૯૧
શ્રી અંગ ચમકે ચંપક વર્ણે અવ્યકત તે ભકતનું મન લહે એ
અતિ મૃદુલ મનોહર સુખકારી રસ ભારી કોઈ કેમ કહે એ ૧૧૭૦૧
અવિલોકે શીખ થકી નખ પર્યંત ફરી નખ થકી તે શીખ લગી એ
એમ શ્રી અંગ જુએ મન રંગ ઉમંગીને પ્રેમ પાગી એ ૧૧૭૧૧
જોતા જોતાં વાધે રૂચી રમ્ય રસિકાને અંગઅંગ ઘણી એ
ભાવ સહિત તનમયતા પ્રગટી તે સુખદ સોહામણી એ ૧૧૭૨૧
તેણે કરી એ સ્વરૂપ હૃદયારૂઢ થાએ આનંદ મુદા એ
સ્નેહ સહિત સ્થિતી કરી રહે ભકતના હૃદયમાં વ્હાલો સદા એ ૧૧૭૩૧
પ્રગટે છે તે પુષ્ટતા સોહાગની ભકતને અંગે બહુ એ
તેણે રસે તે ગહેરાઈ રહયા છે રસિકા વૃંદ તે સહુ એ ૧૧૭૪૧
નિરખે પ્રિય પ્રિતમનું રૂપ અનુપ ઉછાહે ભર્યા એ
પ્રેમ પાત્ર પ્રેમવંત પ્રેમા શકત ભકત વહાલાજીએ વર્યા એ ૧૧૭૫૧
તે તણું ભાગ્ય ફલ્યુ છે અનેક પ્રકારે તે શોભિયે એ
ઉથાપને ગાદી તકિયે બેઠા જોઈ જોઈ લોભિયે એ ૧૧૭૬૧
અહી સ્વરૂપ વર્ણન સુચન અર્થે કહેવાને મન મત્ત થયું એ
પણ સોચી રહયુ છે મન તન તે કેહી પેરે જાએ કહયું એ ૧૧૭૭૧

જલહલતું સ્વરૂપ સાક્ષાત અવિલોકિયું નયણા ભરી એ
તેણે સોહાગે કરી એ સ્વરૂપ સુખ કેહવા આશા ધરી એ ।૧૭૮।
ચંપક વરણ સુચારૂ ચરણાર્વિંદ નિરખીયે મન રલી એ
મહા મોહક મોહની સ્વરૂપ ચરણ સ્પર્શીયે વલી વલી એ ।૧૭૯।
અતિ મૃદૂલ સુભગ સુખરાસ રસ આશ એ ચર્ણના ધરૂ એ
ચરણ રૂપીયો રસ હૃદય માંહે સ્થાપિત કરી મન ભરી એ ।૧૮૦।
નેત્ર દ્વારા એ રસ.....રાચુ મન માંહાં ઘણું એ
ચરણ કમલ રમણીક.....કાઈ કેમ કહું એહ તણું એ ।૧૮૧।
રસિક સુભગા તણું લહે મનતન ચરણ રૂપી ધર્મ જે જે સોહે એ
સ્નેહ સહિત ભામીની એ રસ ભુકતે રસ ઉકત નૌતને મોહે એ ।૧૮૨।
એહવા શ્રી ચરણાર્વિંદએ જે અનુભવ્યા રસ રીતે એ
તે નિરખતાં તનમયતા પ્રગટી રસિકાને તે બહુ પ્રિતે એ ।૧૮૩।
ઝલહલે ચરણાર્વિંદ સાર અવ્યકત આનંદ મુદા એ
અંગષ્ટ અંગુલી તણી શોભા શોભાયમાન છે સદા એ ।૧૮૪।
નખ નિર્મલ વિચિત્ર બિરાજે હાસ્ય સ્વરૂપે આનંદ લહે એ
તેહ પ્રકાર રસિક જન જાણે વચને કેઈ પેરે કહે એ ।૧૮૫।
જે જે પ્રિય મનતણાં કોડ કર જોર નખમણી પુરે એ
ઉભય સ્વરૂપને રીઝવે અપાર ભરે છે રસ સાર સું એ ।૧૮૬।
નખચંદ્ર રસ ભેદ ભરણીક લહી રસિક બહુ રસ ઈચ્છે એ
જે જે ગુપ્ત રસ ગુઢ દાન દિધા ઉમંગીને તે રસિકા પ્રિછે એ ।૧૮૭।
તેણે નખમણી પ્રેમદાને પ્રિય ઘણું નિરખે છે ફરી ફરી એ
શ્વેત કાંત કોમલ જગમગતી ઝાંઈ અરૂણ નખ સંગ ધરી એ ।૧૮૮।
પાહની પાટલી સુભગ વિચિત્ર દિસે મિત્રના ચરણની એ
અનુરાગે ભરી ઘણું સોહે શોભા વર્ણા ભર્ણની એ ।૧૮૯।
ચલણ વલણ ચંપલતા અપાર શ્રી ચરણાર્વિંદ દિસે એ
સ્પર્શ કરવાને મન અકુલાએ ચરણાંબુજ જોઈ મન હીસે એ ।૧૯૦।
એહોનો મકરંદ મહેકે રસાલ વ્રજબાલ તે પાન કરે એ
ચરણાર્વિંદ રૂપી જે જે રસ રમ્ય રસિકાને ચિત્ત માંહાં ધરે એ ।૧૯૧।
અતિ સ્નેહ સહિત એ સોહાએ પ્રિય ચરણ રસ રૂપ તે એ
નિરખી ને શાંતા બહુ થાએ યુગલ ચરણ અનુપ તે એ ।૧૯૨।
પ્રેમદાએ પ્રેમ સહિત સ્થાપિત કર્યા હૃદય ઉપર તેહ એ
યુગલ ચરણ ચાંપે કરી પ્રિતે રસ રીતે સ્થાપ્યા એહ એ ।૧૯૩।
અંગ અંગની આરત તે નસાવે હસાવે પ્રિયને ઘણું એ
એમ ચરણાર્વિંદે દીધા દાન પાન કિધું સોહામણું એ ।૧૯૪।
સોહે ચરણ ક્ષાલ્યા તે તેજોમઈ સુખદ શીતલ સદા એ
ભકત તણે અર્થ વિચિત્ર રેખા અહીં બિરાજે છે મન મુદા એ ।૧૯૫।

એમ ચરણાર્વિંદ રસધામ કામ પુરે ભકતના પ્રિતે એ
યુગલ જાનુ ઘુંટણ સોહે અનુપમ રસ રીતે એ ।૧૯૬।
જંઘા ઝલકે રસિક રસરાય વિચિત્ર સોહામણી એ
દિસે મૃદુલ મનોહર સુખરૂપ યુગલ જંઘા મોહામણી એ ।૧૯૭।
બેસે નિકટ મધ્ય સ્થલ પાસ આશ પુરે રસિકા રંગે એ
મન ઈચ્છીત ફલદાન આપે પ્રેમદાને મધ્ય પ્રદેશ ઉમંગે એ ।૧૯૮।
અતિ ઉદબોધ સહિત બિરાજે નિતંબ નૌતન સોહે એ
કટીલંકમાં પહેરી છે ધોતી પાટલી જોઈ સહુ મોહે એ ।૧૯૯।
દિસે ટુંડી પાર્શ્વ પીઠ સુભગ રલીયામણી એ
ગાદી તકિયે બેઠા છે મન રંગે ઉમંગે ગોકુલ ધણી એ ।૨૦૦।
ઉથાપને રસ સુખ બહુ આપે એમ ભકતને આનંદ મુદા એ
સોહે હૃદય ઉરોજ ઉતંગ આનંદ મઈ છે સદા એ ।૨૦૧।
બીટડી બેહુ સુભગ સુદેશ રસ વેસે ઝલકી રહી એ
નાયકા રૂપે નવલ બિરાજે કેહી પેરે જાએ કહી એ ।૨૦૨।
માલા તુલસી તણી શ્રી કંઠમાંથી લલકી રહી તે શોભિએ એ
હૃદય ઉરોજ તણો રસ રમ્ય જોઈ જોઈ લોભિયે એ ।૨૦૩।
ખંભા પર તે ઉપરેણો જનોઈ અદ્‌ભુત તે સોહે ઘણું એ
ઝલકે છે તે અભિનવી ભાંત એ સ્વરૂપ સોહામણું એ ।૨૦૪।
આજાન બાહુ મહા બલવાન માન રાખે રસ ભકતનું એ
દે છે નૌતન દાન રસ રૂપ લહે મન અનુરકતનું એ ।૨૦૫।
શ્રી કર કાંડા પહોચલા પ્રેમાશકત ભકતને પ્રિય સદા એ
રસિકા રસે બહુ પેરે રમીયા એણે સ્થલે મન મુદા એ ।૨૦૬।
અંગુલી દલે સુભગ સુચાર મુદ્રિકા રલીયામણી એ
શ્યામ અરૂણ નંગ ઝલહલે જયોત ઉધ્યોત લટકા તણી એ ।૨૦૭।
એહવી મુદ્રિકા સુખદ અભિરામ પાણ્ય પલ્લવે પહેર્યા સોહે એ
નખ પંગત તણી છબી ગહેરી તે જોઈ પ્રેમદા મોહે એ ।૨૦૮।
કરાંબુજ તણી લાવણ્ય ભારી સુખકારી બહુ રસે ભરે એ
રસિકાના અંગ અંગ પોષે ઘણું સ્પર્શતા ચિત્ત હરે એ ।૨૦૯।
એહવા કરતલ કોમલ વિશાલ રસાલ રસોમઈ રહે એ
રેખા સહિત બિરાજે રસરૂપ અનુપ કોઈ કેમ કહે એ ।૨૧૦।
એણી પેરે શ્રી અંગ અંગ તણી રસ નૌતન દેખિયે એ
અતિ ચતુર ચપલતા સમેત નયણા ભરી પેખિયે એ ।૨૧૧।
ઉથાપને રસ સુખ આપે વહાલોજી ગાદી તકિયે બેઠા એ
કરે હાસ્ય માધુરી રસાલ રસ જુત ઉરમાંહાં પેઠા એ ।૨૧૨।
કયારે નિરખીએ ગોલ ગ્રીવા તે ગંભીર ગૌર ઘણું એ
રસિકા રસવસ અહીં રંજયા લહી સુખતે ગ્રીવા તણું એ ।૨૧૩।

ઠોડી ઠોર વિચિત્ર બિરાજે રસિકા જે ઉન્મત રહે એ
રસિકા સંગે રમે બહુ ઉકત રસ જુકત ધારા વહે એ ।૨૧૪।
એહવી ચિબુક ચંચલ ચમકે છે ચપલા તે ચતુર પણે એ
અધર પલ્લવ પ્રેમદાને પોષે અદ્‌ભુત રસ સોહામણે એ ।૨૧૫।
ગહેરી લાલીમાં ઝલકે રસ રાસ કરે આશ રસિકા સહુ એ
એ અધર તણો સ્વાદ સુભગા લહે પ્રગટે અહીં રસ બહુ એ ।૨૧૬।
અરૂણ રંગ રસિલો રસાલ અધર પર દેખિયે એ
ઝલકે છે મૃદુલતા સમેત નેત્રાંબુજે પેખિયે એ ।૨૧૭।
સોહે દંતવલી રસ રૂપ અનુપ પ્રિતમ તણી એ
તેહની શોભા સુંદર અતિ લાગે સુખદ છે સોહામણી એ ।૨૧૮।
રસના રસવસ થકી બોલે ઉચ્ચાર ગરજી રહે એ
મીઠા વચન મધુરા રસાલ રસનાના રસિકા લહે એ ।૨૧૯।
ચમકે છે ચોકો ચોહોંઓર ચિત્તચોર ચોંપે કરી એ
સોહે મોહોસર મન તણે રંગ ઉમંગે તે સ્નેહ ધરી એ ।૨૨૦।
સ્પર્શે છે વ્હાલોજી કરાંબુજે મોહોસરને સદા એ
રસ સમે બહુ રસ અહીં પ્રગટે મોહોસર સોહે મન મુદા એ ।૨૨૧।
ગલ સ્થલ ગહેરે રંગે ગૌર બીડે ભર્યા શોભિયે એ
ફુલ્યા ફુલસહિત અભિરામ ગલસ્થલ જોઈ લોભિયે એ ।૨૨૨।
રંગ ભોમ રંગીલી રસાલ વ્રજબાલ વિલસે અહીં એ
અતિ ઉદબોધ અવ્યકત અપાર પ્રગટે છે ગલસ્થલ જહીં એ ।૨૨૩।
પ્રેમદા પ્રેમ સહિત સહેરાયે ઉમાંહે અહીં નૃત્ય કરે એ
ગલસ્થલ રૂપી પાન કરતાં તે પ્રિયજી ઘણું ચિત્ત હરે એ ।૨૨૪।
સોહે શ્રી કર્ણ કોમલતર સું અદ્‌ભુત સોહામણાં એ
અવિલોકે છે ભકત સમાજ કર્ણ પુટ છે મોહામણાં એ ।૨૨૫।
કયારે પહેરે મુકતા મણી સાર કયારે હીરોટી લલકી રહી એ
તેહની શોભા શોભા જોઈ લાજી કેહી પેરે જાએ કહી એ ।૨૨૬।
હવે નાસીકા નિર્મલ જયોત કહું મન રલી એ
ઝલકે છે સકોમલ સાર નિરખીયે તે વલી વલી એ ।૨૨૭।
ચિત્ર વિચિત્ર નાસા નવ રંગી ઉમંગી રહે રસ ભરી એ
રસ સમે ફુલે ફલે કરી રસ હેત તે સ્નેહ ધરી એ ।૨૨૮।
એહવી નાસા એ સુભગ રલીયામણી જોતા તે મન ઠરે એ
નાસા રૂપીયો રસપાન કરી રસિકાતે મનડું ભરે એ ।૨૨૯।
તેણે કરી રૂચી વાધે અપાર નાસાને જોવા તણી એ
ફરી ફરી અવિલોકીએ રંગે નાસા એ સૌરભે સણીએ ।૨૩૦।
મકરંદ તણું નિજધામ નાસા મધ્યે છે સદા એ
બહુ ભાંતનો પરાગ પ્રેમે કરી રહે અહીં મન મુદા એ ।૨૩૧।

નાસા નિકટ નેત્રાબુંજ નવલ શોભા ભર ઝલકતા એ
શ્વેત અરૂણ શ્યામ તારા સમેત અનુપમ ચલકતા એ ।૨૩૨।
એહવા નેત્ર કમલ છે વિશાલ રસાલ શોભાએ ભર્યા એ
વરૂણીને ટોપચા તણાં કાજ નેત્રાંબુજ સંગ સર્યા એ ।૨૩૩।
અતિ ચંચલ ચપલ ચતુરા વરૂણી તણી પંગત સોહે એ
ભ્રોહ જુગલ જોઈને રસિકા રસવસ સહુકો મોહે એ ।૨૩૪।
એહના દાન વિચિત્ર છે રસાલ વણ વયણે સયણ કરે એ
એહવી ભ્રોંહ યુગલ અણીયાલી બહુ રસે રસિકાને ભરે એ ।૨૩૫।
રસ ઉન્મત એહ તણો દિસે મન હીસે ભ્રોં ભાવે પુરી એ
ભાંત ભાંત રસ ભુકતે છે ભાવ ભર ભ્રોંહ રસ વસ સુરી એ ।૨૩૬।
ભાલ ઉતંગ ત્રપત્રપ સુદેશ પ્રાણ વરેસે ત્યાં તિલક કર્યું એ
તેહની સૌરભ ઝલકે રસાલ વ્રજબાલનું ચિત્ત હર્યું એ ।૨૩૭।
તિલક મધ્યે બિરાજે શ્યામ રેખા તે સુભગા સ્નેહ ભરી એ
રસ વસ રસિક ત્રીયા પ્રિય પ્રેમ સહિત તે ભાલે ધરી એ ।૨૩૮।
સોહે કુંતલ કચ અણીયાલ છોટા તે છેલી રહયાં એ
ભાલ નિકટ નૌતન નંગ તે દેખિયે કેહી પેરે જાયે કહયાં એ ।૨૩૯।
તેજ પુંજ તણી રસરાસ શ્રી મસ્તક શોભિયે એ
કુંતલ કેશ મધ્યે પીત તિલક રેખા જોઈ જોઈ લોભિયે એ ।૨૪૦।
કેશ મસ્તક મનોહર રૂપ સરલા સચિકણ ઘણું એ
..... ।૨૪૧।
ઝલકે ઝાતકાર અમોલ સમતોલ તે કો નહીં એ
શ્રી મસ્તક તણી શોભા સમાન બીજુ કાંઈ નહીં અહીં એ ।૨૪૨।
અવિલોકીયે ફરી ફરી પ્રેમ જુત પ્રેમ પ્રગટે બહુ એ
કેશ તણો રસ છે તે રસિલો વસીલો લહે તે સહુ એ ।૨૪૩।
અતિ ઉદબોધ સહિત રસિકા રંજે કેશ શોભા જુએ પ્રિય તે એ
વ્હાલાજી તણાં કેશ રંગીલા છબીલા દિસે રસ રીતે એ ।૨૪૪।
કેશ જોતા રૂચી વાધે રસ રમ્ય રસિકના મન માંહાં ઘણી એ
શ્રી અંગ સંગ વિલસવા અકુલાયે સુભગાતે સોહામણી એ ।૨૪૫।
એમ નિરખ્યું સ્વરૂપ સુદેશ ઉથાપને મન મુદા એ
શીખ નખ લગી અવિલોકે પ્રિતે ફરી નખથી શીખ સુધી સદા એ ।૨૪૬।
નિરખતાં નયણ નવ મટકે મન અટકે એ સ્વરૂપ જોઈ એ
ત્યારે આપે સ્વરૂપ દાન વ્હાલો તેણે આનંદ મંગલ હોઈ એ ।૨૪૭।
નિજ સ્વરૂપે પોષે પ્રેમદાને પ્રેમવશથી અતિ હરખીયાં એ
પ્રિયજીને મન ફુલ અપાર તેણે મહારસ વરખીયાં એ ।૨૪૮।
એમ અનુભવ્યુ ઉત્થાપન સુખ મારા મિત્રનું મન રલી એ
દિધી આશિષ મન તણે રંગ ભાવ સહિત બહુ પેરે ફલી એ ।૨૪૯।

તે જાણે છે વહાલો મન માંહે દિધી આશિષ ભકતે રંગે એ
જેણે કરી સુખ હોય સર્વાંગે રસ રૂપી ઉમંગ અંગે એ ૧૨૫૦
પ્રગટે ઉદબોધ અનેક પ્રકાર આશિષ સુણી પ્રિય મોહે એ
એમ અનુકરત ભકત ઉથાપને આંગણ મધ્યે સોહે એ ૧૨૫૧
તેહ તણી છબી ગહેરી ગર્વીત ઘણું વહાલાને સોહાગે ભરી એ
એહવી શ્રૃષ્ટિ રસાત્મિક રસ ભરી મહા પ્રભુએ સ્નેહ વરી એ ૧૨૫૨
સ્વરૂપ સમાન એહોના ધર્મ તે મહા પ્રભુજી લહે સહું એ
એક એક ભકતનો ભાવ કહિયે તો વિસ્તાાર થાયે બહું એ ૧૨૫૩
ઉથાપન રસ સુખદ રલીયામણો જોઈ સહુ ફુલી રહયું એ
વ્હાલો ફુલ્યા છે ફુલ સમેત કેહી પેરે જાએ કહયું એ ૧૨૫૪
હવે રીતુ ભેદ ફુલસું કહેસું આગલ પ્રસંગ પ્રિતે એ
રીતુ રાજ વસંત જે કહેવાએ તે લીલા કહું રસ રીતે એ ૧૨૫૫
તે પ્રકાર એકતાલીસમે માંગલ્યે સુણજો તે રસિક ભકત એ
ખેલ્યા વસંત ઉથાપને વ્હાલો તે તણી શોભા તે સોહે અવ્યકત એ ૧૨૫૬
અનુભવી જે કો છે એ રસપાત્ર એ અનુભવ લહે સહુ એ
જે જે વસંત ખેલતા સુખ આપ્યા મહા પ્રભુજી એ તે બહુ એ ૧૨૫૭
કર્યો અનુભવ પ્રિતમ સનમુખ રહી એહ આનંદ મુદા એ
નિત્ય ચરિત્ર લીલા નિત્ય નેગે વહાલો કરે છે સદા એ ૧૨૫૮
તેહ તણો કોઈ પાર પામે નહીં લીલા એ રલીયામણી એ
રસવસ થકા દાન આપે રસિકાને ગોકુલધણી એ ૧૨૫૯
તેણે નૌતન રસભેદ પ્રગટે પ્રેમદાને અંગે બહુ એ
વહાલો સમજી અવિલોકી મુસકાયે રસ ભાવ જાણે સહુ એ ૧૨૬૦
હોય ઉભય મનોરથ સિધ્ધ સાંપ્રત્ય મનડું લહે એ
ગુપ્ત ગુઢ રસદાનના ભેદ રસિકા કેઈ પેરે કહે એ ૧૨૬૧

ઈતિ શ્રી માંગલ્ય ચાલીસમું સંપુર્ણમ્
હવે એકતાલીસમું માંગલ્ય લખીસું
શ્રી શ્રી શ્રી શ્રી શ્રી

માંગલ્ય - ૪૧

શ્રી શ્રી શ્રી વલ્લભ વર જય જયતિ, એ માંગલ્ય એકતાલીસમું લખીયે છે, તેહને ગાવાને અનુકરણ ધમાર છે જે વચન જે "પરીવા કુંવર પ્રથમ પ્રિત, વીહરત ગોપીન સંગ" "તાલ મુરઝ ડફ બાજે અરૂ આવજ મુખ ચંગા" એણી જાતે ગવાશે. તે એ માંગલ્ય માંહા શ્રી મહાપ્રભુજી વસંત ખેલ્યા છે, તે પ્રસંગ લખીએ છે. એણી જાતે ગવાશે.

નિત્યચરિત્ર લીલા અનુભવે વહાલોજી સુભગ નવિન
ઉત્થાપને ગાદી તકિયે બિરાજે છે પ્રિતમજી પ્રવિણ ।૧।
ભકત સમાજ ચોહો દિશ થકી અવિલોકે મન તણે રંગ
રસ ભકત નિરખે છે રસ ભર્યા પ્રિતમજીને અંગે ઉમંગ ।૨।
એણી પેર ઉથાપન રસ સુખ અનુભવે ભકત સમાજ
એમ કરતાં રીતુ ભેદ ઉથાપન આવ્યું રસ કાજ ।૩।
વસંત તણુ સુખ શોભિયે લોભિયે મનમાં અપાર
ચૌદ માંગલ્ય લખી આવ્યા ઉથાપન રસ અતિ સાર ।૪।
સ્વરૂપ સંગ સહાએ થી પ્રગટે રસ તે રસાલ
અનુભવ જે જે કર્યો પ્રિય સનમુખ રહી વ્રજબાલ ।૫।
તેહ ચરિત્ર પ્રિતમ તણાં કહેવા મનમાં ફુલ
પ્રિય તણાં દાન સામર્થથી લહેવાયે એ જે રસ મુલ ।૬।
વહાલોજી પરમ ઉદાર છે દાન દાતા વરરાયે
તેણે અગમનો પ્રસંગતે ભાવ સહિત સિધ્ધ થાય ।૭।
એહ વિચાર વિચારીને કહુ કાંઈ લીલા સુદેશ
વસંત રૂપીયો ખેલશે ખેલ તે પ્રાણ વરેશ ।૮।
પંદરમું એ માંગલ્ય છે ઉથાપન તણું રસરૂપ
એ માંહાં વસંત સુખ કહેસું પ્રિય કૃપા બલે તે અનુપ ।૯।
માંગલ્ય ચાલીસ થયા સહુ મલીને તે રસ રીત
કરે નિત્ય ચરિત્ર લીલા પ્રિય પ્રેમ સહિત સહુ પ્રિત ।૧૦।
વિઠલકુંવર છે રસ ભર્યો શ્રી વલ્લભજી છે નામ
મન વ્રત જાણ શીરોમણી રસિકના પુરે છે કામ ।૧૧।
સ્નેહ સહિત રસે પોષે રસવસથી મહારાજ
નૌતન રસ સુખ પ્રગટયું વસંત તણું તે આજ ।૧૨।
તેણે કરી મન મોદ પ્રગટયો ઉભય સ્વરૂપે અપાર
સ્પર્શ આરત અતિ વાધે પ્રેમ સહિત અતિ સાર ।૧૩।
મનોરથ મનમાં પ્રગટયા બહુ રસિક રસ ભકત અર્થ
પ્રમય બલે પ્રિય તે લહે સકલ કલા એ સામર્થ ।૧૪।
ભાવ વૃધ્ધ કરે વહાલમો રસ તણાં જે નવિન
વસંત રૂપીયો રસ સોચે રસિકા પરમ પ્રવિણ ।૧૫।

આતુર ચિત્ત અભિલાષા સ્પર્શ કરવા બહુ વાધી
આંતરીક રસ ભાવસું પ્રિય સંગ પ્રિત અતિ વાધી ।૧૬।
તેણે કરી અકુલાયે છે પ્રેમદા તે પ્રેમ ભરપુર
વસંત ખેલાવાના જાશે પ્રિયજી કને થઈ શુર ।૧૭।
મનોરથ મન માંહાં વિચાર છે રસિકા ને રસરૂપી મોદ
સંગમ રસને લોચે વાધ્યો છે ચિત્તને પ્રમોદ ।૧૮।
તેણે કરી અતિ ફુલ પ્રગટ હવી પ્રેમદાને અંગે
એહજ રીતે પ્રિતમ અંગે વાધી આરત રસ સંગે ।૧૯।
તે પ્રકાર વચને કરી કહયો તે કેવી પેરે જાય
જે જે અવસ્થા પ્રેમે ભરી ઉભય સ્વરૂપે તે થાય ।૨૦।
આતુર થઈ અને અધર હસે રસિક રસિકા તે રસ વસ એહ
પ્રિય સ્વરૂપ ચિત્તમાં વસે રમે છે રંગ રસ તેહ ।૨૧।
ઉદબોધ વાધ્યો અતિ ઘણો સ્પર્શ આગમન ચિત્ત માંહાં
વસંત ખેલાવાને જાશે પ્રિતમ બેઠા છે જયાંહાં ।૨૨।
તે ઉછાહે ઉત્સવ કરે પ્રેમ સહિત ભકત રાજ
સ્વકિય સુજાતિ સંબંધીને તેડે પ્રસાદ લેવા કાજ ।૨૩।
વાત્સલ્ય સહિત પરોસે છે ભકતને મહા રસ જુકત
પાક શાક સામગ્રી કરિય છે તે બહુ ઉકત ।૨૪।
તે પરસી છે ભકતને વિવેક રીતે અતિ ખાંત
લે છે મહા પ્રસાદ ભગવદી તે પરમ પ્રવિણ નવી ભાંત ।૨૫।
હાસ્ય કૌતુક કરે મોદસું એણી પેરે લઈય ને ઉઠયા
તે સમય અતિ હરખસું સ્વરૂપ રસ મે બુઠા ।૨૬।
વલતા ભકત તે અચવીને બીંડા લે છે મન તણે ભાયે
સહેજ કાંત મુખ ઝલકે અંગ અંગ પ્રિય સુખદાયે ।૨૭।
એહવા ભકત ઘેર તેડી ઉત્સવ કરે તે મન તણી રલીયે
તે વસંત ખેલાવશે તેહ તણી આશા એ તે ફલીએ ।૨૮।
મનોરથ પુરણ કિધો વહાલાજીએ મન રંગ
વલતા ભગવદીય કહયાં સહુ આપાપણે સંગ ।૨૯।
લાવણ્ય સહિત વિદાય માગે છે તે સુંદર લાગે
જૈ જૈ શ્રી ગોકુલેશ ઉચ્ચાર કરતાં મન પાગે ।૩૦।
નમન પરસ્પરે કરી પછે વલીયા તે ભકત અનુપ
કિધો ઉત્સવ એણી પેરે વસંત ખેલવા સુખરૂપ ।૩૧।
હવે તે પ્રસાદ લે છે ઘરના પરમ આનંદની રલીયે
કોઈ કોઈ કહે અમો નહી લેઉ સ્વરૂપ રસ માંહાં તે ભલીયે ।૩૨।
જયારે વસંત ખેલાવીને આવશે નિજ ઘેર રંગે
ત્યારે પ્રસાદ અમો લેશું આનંદ ઉમંગે ।૩૩।

સ્પર્શ આરત અંગે વાધી અકુલાઈ રહયુ મન
તન પ્રિયના રસ તે અતિ લોચે છે ભાવાપન્ન ।૩૪।
હવે તે શ્રૃંગાર કરે સહુ મલીયને સ્વકિય સુજાતિ
તેલ ઉવટણાં અંગે કરી નાહે રસિકા માતિ ।૩૫।
અંગ અંગુ છે સ્નેહસું પ્રિય ઉપયોગી ચિત્ત જાણી
ચોટી ગુંથે છે ચોંપે કરી ફુલેલ સોંઘામાં સાણી ।૩૬।
માંગ મધ્યે હીંગલો ભરી ગોફણે ઘુઘરી ઘમકે
સોહાગ ટીકો તે ભાલે ઘરી તેહ અનુપમ ચમકે ।૩૭।
ભ્રુઅ ઉભય બીચ બેંદી મૃગમદ તણીય તે કિધી
કોઈએ કેસર તણી કિધી છે કોઈ હીંગલો કેરી એ દિધી ।૩૮।
નેત્ર મધ્યે આંજે અંજન રંજે પ્રિતમ તણું મન
પહેરે ભુષણ બહુ ભાંતના સોહે રસિક રસજન ।૩૯।
શીષે શીશફુલ ઝલકે નકવેસર બહુ જાત
કોઈએ પહેર્યા છે કાંટા તે અનુપમ અભિનવી ભાંત ।૪૦।
કર્ણ તણાં તે ભુષણ બહુ નૌતન ભાંત બિરાજે
પહેરે પ્રેમદા પ્રેમ સહિત તે પ્રિય ઉપયોગને કાજે ।૪૧।
કંઠે શ્રૃંગાર ઓપી રહયાં વ્હાલાજીનું મન હરવા
ઝાક ઝમાલસું ઝલમલે પ્રિય સંગેએ સુખ કરવા ।૪૨।
અનીરવચનીય મનોરથ ઘરે રસિકાનો કંઠનો શ્રૃંગાર
ઉદબોધ સહિત હંસી રહયાં કેમ કહીં શકું તે ઉચ્ચાર ।૪૩।
કર કમલે ભુષણ બહુ પહેરે છે પ્રેમદાતે પ્રિતે
એ કરાંબુજે ખેલાવશે વસંત પ્રિયજીને રસ રીતે ।૪૪।
તિલક કરતાં સ્પર્શ કરશે હરસે વહાલાજીનું મન
કર કમલે તે ઘરી શ્રૃંગાર કરે ભાવાપન્ન ।૪૫।
ચરણાર્વિંદ સ્પર્શતા સુખદેશે પ્રિયજી અવ્યકત
રસિકાનો કર વહાલો દાબસે સ્વતઃ થઈ અનુરકત ।૪૬।
એ મનરથસું ભર્યા ચપલા શ્રૃંગાર કરે હરખે
સુભગા સશોભિત શોભિયે સમાન વય સમાન વય સહુ હરખે ।૪૭।
ચરણ ભુષણ મન ગમતા પહેરે પ્રેમસું એમ
જેહર ઝાંઝર બીછીયા કહીં શકીયે તે કયેમ ।૪૮।
કરલા કાંબી અણવટ ઘરીયા છે સ્નેહસું કાંઈ એમ મન રંગે
મહા વરસું પગ રંગ્યા વિચિત્ર સાથીયો છે સંગે ।૪૯।
એણી પેરે કરે છે શ્રૃંગાર સોહાગમદ ઘણું માતા
વસંત ખેલાવાને જાશે પ્રેમદાતે પ્રિયકને ઘાતા ।૫૦।
નૌતન રંગ રંગ સોહતી પહેરે છે ચોલી રસકાજ
તે જોઈ જોઈ રીઝશે રસિકવર તે મહારાજ ।૫૧।

કસકસતી કમનીય છે ચોલી એ રમણીય અપાર
પચરંગ પાટ તણાં લહેંગા કસબી છે અતિ સાર ૧૫૨
ઘેરા સહિત ઘમઘમ ઘણું પહેર્યા લહેંગા તે અમોલ
શ્વેત સાડી રસિકા એ ઘરી તે સમ નહીં કાંઈ તોલ ૧૫૩
ઝલકે છે સર્વાંગ તે માંહાં એ લહેંગા ચોલીઓ રસરૂપ
કોઈએ કેસરીયો સોંઘો છીરકી પહેરી સાડી તે અનુપ ૧૫૪
અધર પર બીડા તણો શ્રૃંગાર કર્યો સુચન માત્ર
અનુભવી એ રસ સીંચત હે સ્વરૂપ સંબંધી જે પાત્ર ૧૫૫
ભાવ સહિત ભામીનો તણો રંગ તે અનુપમ લાગે
કરિયા શ્રૃંગાર વિચિત્ર તે રસિકા તે સ્નેહ અનુરાગે ૧૫૬
દાતા ભોકતા રસ ભુકત છે અવર ન પ્રિછે તે કોઈ
અનીરવચનીય તે વિસ્તાર છે રસિકા લહે રસ સોય ૧૫૭
હવે જે ભકત સૌભાગીયા કરે છે શ્રૃંગાર મન ફુલ
જાવુ છે વસંત ખેલવાને પ્રિય નિકટ અનુકુલ ૧૫૮
મનમાં મનોરથ બહુ ઘરી શ્વેત વાગો પહેરે ભકત
ચુણાન ચુરાયો છે નૌતન ગતે વાગોસોહે છે અવ્યકત ૧૫૯
કટાવ કામ ઘણું બંધ કસબી બહુ ઝલકે
બાંધી પાગતે વિચિત્ર ગતે તે માંહાંથી કેશ ચલકે ૧૬૦
મુખકમલે તે ફુલેલ લગાવી ફુલે ભકત પ્રિતે
વલતુ તિલક કરે હરખસું અનુરાગ ભર સ્નેહ રીતે ૧૬૧
કર કમલે તે મુદ્રિકા ઘરી નૌતન વિચિત્ર અનુપ
તુલસી માલ કંઠે જગમગે કેસરે રંગી સુખરૂપ ૧૬૨
હેમ તણી સાંકલી પાન પદક સહિત તે બિરાજે
વિચિત્ર માલા તે હાટકની બહુ જાત તે ભ્રાજે ૧૬૩
કર્ણે મુકતા ફલ લલકે ઝલકે મુખાંબુજ નવિન
એણી પેરેકરિયા શ્રૃંગાર તે ભકત સોહે છે પ્રવિણ ૧૬૪
દર્પણ લેઈ મુખ નિહાલે ભાવ સહિત અનુરકત
બીડે ભર્યા ગાલ સોહે ભકત તણાં તે અવ્યકત ૧૬૫
અધરે રંગ રસમીસી રહયો તે છબીનો નહીં પાર
અંગ અંગ સુભગ તે શોભિયે લોભિયે જોઈ એ શ્રૃંગાર ૧૬૬
ફુલે ફુલ્યા ભકત રસિકા તે હવે સામગ્રી સિધ્ધ કરે
પ્રિય ઉપયોગ જે જે આવે તે સહુ એક સ્થલે ઘરે ૧૬૭
અબિર ગુલાલ તે છાણીને પાત્ર અનુપમ ભરીયા
જાચો રંગ કેશર તણો જોઈ રસિકા રસે ઢરીયા ૧૬૮
પાત્ર ભરી ભરી રાખ્યા સ્નેહ સહિત અનુરાગ્યા
ફુલેલ સોંઘે ને કુંમકુંમાએ જોઈ મનડું પાગે ૧૬૯

અરગજો અત્તર આનંદસું તે સચારીને ધરીયો
અનેક ભાંત તણાં તે સાજ સિધ્ધ કરી પાત્ર તે ભરીયો ૧૭૦૧
વિચિત્ર આરતિ મોતી તણી તે પર દિવડો સોહે
રંગ બહુ ભાંત ભાંત તે વાનો ભર્યો આરતિ જોઈ મન મોહે ૧૭૧૧
ઈડી પીડી ઓવારવા અર્થે રંગી આરતિ માંહે રાખી
હેમ રજત તણાં પુષ્પ તે ધર્યા ત્યાંહાં સ્નેહ અભિલાખી ૧૭૨૧
કુંમ કુંમ ગંધાક્ષત આરતિ મધ્યે ધર્યા સુખ રૂપ
બીડી સ્નેહ સંયોગના મુકયા છે તે મહા અનુપ ૧૭૩૧
શુભ વાત્સલ્ય હેતે ધરીયો એક રૂપીયો થાલ માંહાં
એ સહુ ઉપયોગ આવશે પ્રિયને આરતિ કરતા ત્યાંહાં ૧૭૪૧
વાગો ચુણવી અર્થે બેઠા છે ભકત મલી પાંચ સાત
સ્નેહ સહિત અતિ ફુલ્યા અંગ અંગ હરખન માત ૧૭૫૧
ચીતરે પેચે પાગ તેણે સોંઘો લગાડે ભકત પ્રિતે
ઉદબોધ સહિત ઉમાહસું વીદોતે ઝલકે રસ રીતે ૧૭૬૧
પ્રિય તણી રૂચી સહુકો લહે વાગો ચુણાયો છે તે ભકત
પાગ ચુણી ચોલગો ચુણે સુંદર ભાંત અવ્યકત ૧૭૭૧
નૌતન ચોલણો કઢાવનો પ્રિય ઉપયોગ અર્થે કરીયો
ભિત્તર તે માંહાં પહેરાવીને ચુણી ચુણાવી ત્યાં ધરીયો ૧૭૮૧
બંધ કસબી બહુ જગમગે રસિકા તણું મન રંજે
ચુણાયો ચતુરાઈસું સોહે છે તે તેજ પુંજે ૧૭૯૧
ધોતી ઉપરેણો સમારે છે છીરકી કેસર સોંઘે પ્રિતે
કિનાર કરી છે કેસરની તેહ ઝલકે રસ રીતે ૧૮૦૧
ધોતી નાયકા તણું રૂપ છે નવલી વિચિત્ર બિરાજે
તેહનો અંગીકાર ગહેરે સ્થલે કરિયો મહારાજ રસ કાજે ૧૮૧૧
તે ધોતી તણી ચીપતે પાતલી ચુણી સુખદાય
ચોંપ સહિત ચતુરાઈસું જેહવી પ્રિયને મન ભાય ૧૮૨૧
એણી પેરે ધોતી તે સમારી છે અનુરકત ભકતે કરી ખાંત
પટકો ચુણ્યો છે ચોંપ કરી નૌતન વિચિત્ર તે ભાંત ૧૮૩૧
એણી પેરે વાગો સમારી ધર્યો ભકત સોહાગ મદે બોલે
હવે કાં વિલંબ કરો છો વચનામૃત એહવા ખોલે ૧૮૪૧
વેગ વેગ સાવધાની સું ચાલે તે મંદિર માંહા
રસિકવર તે મહા રસભર ગાદી તકિયે બેઠા જયાંહાં ૧૮૫૧
એહ વચન સુણી હરખ્યાં સહું કઈ તેણે સમય રંગે
સ્વકિય સમાજ એકત્ર મલ્યા ભાપન્ન સહુ સંગે ૧૮૬૧
ગોપ્ય ભાવસું પ્રેમદાતે આવી ઉભા રહયા અહીંય
ઉદબોધ સહિત ઉછાહે ભર્યા વાગો ચુણીય ધર્યો છે જહીંય ૧૮૭૧

જેમ કોઈ તે દેખે નહીં વાગો તે કર મધ્યે લીધો
પરિરંભણ કરે પ્રમસું સકલ અર્થ તેણે સીધો ।૮૮।
વાગાનું ભાગ્ય સરાહે છે પ્રિયને ઉપયોગ તે જાણી
ફુલ સહીત મનની રલી ચુંબન કરે સ્નેહ સાણી ।૮૯।
તન મન ધન તે ઓવારે રસિકા વાગા તે પર પ્રિતે
સકલ સાજે જોઈ હરખે પ્રેમવર્તિ પ્રેમ રીતે ।૯૦।
જે જે સામગ્રી અહીં ઘરી હતી જતને આપે સ્વકિય ને હાથ
સહુ મલી મંદિર જાશે અનુરાગે ભર્યો છે એ સાથ ।૯૧।
સ્ત્રી પુરૂષ તણાં વૃંદ તે પાન કરે મન ઉકત
વસંત તણો રાગ ગાએ ઘમાર ઘોલ રસ જુકત ।૯૨।
બાજે વાજીંત્ર નિરઘોષસું તાલ પખાવજ ઝાંઝ સોહે
સારંગી સ્વર તે સોહામણો સુણી સુણી સહુકો મોહે ।૯૩।
એણી પેરે વાજીંત્ર બાજે ઘણાં એ કયાં લગી એ સહુ કહું
ઢોલ ઢોલકીને દમામા બાજે તે મન માંહાં લહું ।૯૪।
પરમ આનંદ ભર સોહે ભકત વૃંદ સહુ સાથ
સાજ અનેક પ્રકારનો દિસે છે સહુ કોને હાથ ।૯૫।
એણી પેરે ચાલ્યા ઉમંગભર મંદિર માંહાં અનુરકત
વસંત ખેલાવ્યાના મોદ તે મન માંહાં તે રસ ભકત ।૯૬।
ઝાક ઝમાલસું સોહે શ્રૃંગાર કિધો છે અનુપ
ઉપયોગ પ્રિયનો જાણી ને પહેર્યા ભુષણ સુખરૂપ ।૯૭।
ચાલતા તે ચલકે ઘણું અનુપમ અભિનવી ભાંત
હરખ ભર્યા ડગ ભરતા ચાલે પરસ્પરે ખાંત ।૯૮।
ગલીય મધ્ય એમ ચાલે માહલે ઉન્મત રસ પુરા
ગાન કરતા તે સોહે રસિકા જુએ રસ સુરા ।૯૯।
અનેક ભાંત તણી સામગ્રી તેહો કને છે રંગીલી
રસ ભરી રસ સું સોહે ઘણું સુંદર ભાંત છબીલી ।૧૦૦।
કોઈ કને ગુલાલ તે રાજે કોઈકને અબિર સુવાસ
કોઈકને ફુલેલ ચમેલી સોહે છે રસ રાસ ।૧૦૧।
કોઈયે સોંઘો કોઈયે અરગજો અત્તર લીધા છે ઉમંગે
કોઈકને કેસર તણો રસ સોહે છે જુજવે રંગે ।૧૦૨।
કોઈકને કાટય વાગા તણી દિસે છે સ્નેહભર પ્રિતે
કોઈએ લીધી છે આરતિ તણી થાલ તે મહા રસ રીતે ।૧૦૩।
એણી પેરે ચાલ્યા ભકત આવે વદન પ્રસન્નતાસું સોહે
મૃદુલ મુસકની તે કરતાં પરસ્પરે મનડા તે મોહે ।૧૦૪।
અંગે વાધ્યો છે મોદ મનોહર ભકત સમાજ
સોહાગ મદે ઘણું માતા ગાતા આવે છે ભકત આજ ।૧૦૫।

વાજીંત્ર વાજે નાના ભેદસું નૌતન પ્રકાર
અનીરવચનીય સુખ દેખી એ કેમ કહીં શકું તે ઉચ્ચાર ।૧૦૬।
શોભા શોભા જોઈ લાજી એહ શોભા પર વરે
તન મન ધન ન્યોછાવર કરી જે જે શબ્દ ઉચ્ચારે ।૧૦૭।
એણે પ્રકારે વસંત તે ખેલાવા આવે છે ભકત
સ્નેહ સહિત અતિ સોહે અનુરાગે ભર્યા છે આશકત ।૧૦૮।
પેંડા મધ્યે જેકો દેખે એ શ્રષ્ટિ જોઈ આર્શ્ય પામે
પ્રભુનો પ્રતાપ ઉરમાં વસો તેણે એહોને શીર નામે ।૧૦૯।
ધન્ય કહોને ઓચરે શોભા જોઈને મન રંજે
સમાજ એ સહુ ચાલ્યો આવે છે ઝલકે છે તે તેજ પુંજે ।૧૧૦।
એક એક ભકતની શોભા કહી એહનો પાર ન આવે
અનુરાગ સહિત સોહે ઘણું અંગ અંગ ભર્યા રસ ભાવે ।૧૧૧।
પરમ ઉછાહ આનંદસું આવ્યા લદાવ મધ્યે રંગે
કોઈ કોઈ ઘસીને આગલ થયા ગયા મંદિર માંહે ઉમંગે ।૧૧૨।
શ્રીમુખ જોઈ હરખે આનંદ કહયો ન જાય
ભકત કિર્તન કરતા આવે છે વાજીત્ર છંદસું વાય ।૧૧૩।
તે સુણી વહાલોજી પ્રસન્ન થઈ પુછે કહાં બજત હે એહ
રાજ વસંત ખેલાવવા અર્થે આવે છે ભકત કહે તેહ ।૧૧૪।
પ્રિયજી ફુલ્યા અંગ અંગ પ્રત્યે મન માંહાં ઉદબોધ તે વાધ્યો
તે સમય રસિકા રસે ભર્યા પ્રિયને અવિલોકી રસ સાધ્યો ।૧૧૫।
લદાવ માંહાં ને સિંઘદ્વાર પર મોદ અપરમિત ગહેરી
બેઠકમાં આવ્યા ત્યાં દિસે મહા સુખ લહેરી ।૧૧૬।
એમ કરતાં જઈ પહોંતા સમાજ વ્હાલોજીને પાસ
આશિષ દેઈ અવિલોકે શ્રી મુખ તે રસ રાસ ।૧૧૭।
શ્રી અંગ તણી છબી નિરખે હરખે છે મનમાં અનુરકત
શણગટ સહિત સોહાગસું કોઠામાં ગયા રસ ભકત ।૧૧૮।
સાજ વસંત ખેલાવવા એક સ્થલે ઘરે ત્યાં
વલતાં અવિલોકે પ્રિયને પ્રેમે બેઠા છે ગાદી તકિયે જયાંહાં ।૧૧૯।
સ્નેહ ભર્યા ચિત્તવની ચાલે ઉમંગ્યા અંગે ભાગ્યવાન
ત્યારે મહા પ્રભુ આંતરીકે કરે છે અદ્‌ભુત રસદાન ।૧૨૦।
ઉભય સ્વરૂપે ઘણું હરખે નિરખે છે પરસ્પરે રંગે
અનેક ભાવ તણાં ભકત બહુ પ્રથમ આવી રહયા ઉમંગે ।૧૨૧।
પ્રિયને નિકટ તે બેઠા સોહે તીલ પડવા નહીં ઠોર
એણી પેરે ભરીયા છે તે ગહેગહી અને ચિત્ત તિબારી ચોહોં ઓર ।૧૨૨।
આંગણમાં ભીંડ અતિ ઘણી તેહનો નહી કાંઈ પાર
એક એક પર ચઢીયને શ્રીમુખ જુએ મહાસાર ।૧૨૩।

રસિકાના વૃંદ અનેક અહીં પ્રથમ આવ્યા છે તે પ્રિતે
વસંત ખેલતા પ્રિયને જોવા આવી રહયાં સ્નેહ રીતે ।૧૨૪।
દુરી દુરાવી કેમ કેમ કરતાં પહોંતા ફુલઘરની અટાલી
તે સહુ અહીંથી શ્રીમુખ જુએ એ શોભા મેં ભાલી ।૧૨૫।
રસ ભકત સોહે એમ રસ ભર્યા અટાલી ઉપરતે આશકત
કોઈ છજા પર ભ્રાજે કોઈ મુડેરીએ અનુરકત ।૧૨૬।
કોઈ તીરવણે કોઈ ચોખણે પંગતી વાધી રહે એહ
કોઈ બેઠા કોઈ ઉભા વિચિત્ર ભાંત સોહે તેહ ।૧૨૭।
કર્યો છે શ્રૃંગાર તે એહોએ વિવિધ પ્રકાર રસ કાજે
ભુષણ પહેર્યા છે બહુ જાતના રંગ રંગ સાડી સોહે આજે ।૧૨૮।
લહેંગા ચોલી નૌતન રંગે ચમકે છે અદ્‌ભુત ભાંતે
ભાલે ટીકી જલહલે ફરે જુજવી ભાંતની ખાંતે ।૧૨૯।
નેત્ર મધ્યે આંજયુ છે અંજન રંજન રંગે
એણી પેરે સોહે સોહાગસું રસ ભકત અટાલી પર સંગે ।૧૩૦।
પ્રિયજીને નિરખે પ્રેમે ભર્યા ઉત્સવ છે આજ જેહ
સ્નેહ ભર વહાલોજી તે ખેલશે ખેલ વસંત તણો તેહ ।૧૩૧।
તે મન મોદે ફુલ્યા સૌભાગી જે નિજ શ્રૃષ્ટિ
ગાદી તકિયે બેઠા છે પ્રિય કરે છે મહા રસ વૃષ્ટિ ।૧૩૨।
ભકત ભાવાપન્ન ગાયે છે આંગણ મધ્યે સુખ રૂપ
વાજીંત્ર બાજે બહુ ભાંતના પ્રિયને નિકટ તે અનુપ ।૧૩૩।
વિચિત્ર ધમારે રસે ભાવની ગાતા સુણી વહાલો રીઝે
તેણે કરિય ભકત હરખે ગાન કરતાં કાજ સીઝે ।૧૩૪।
મનોરથ કરીને સમારી છે બેઠક શ્વેત અમોલ્ય
સમીયાનો શ્વેત તે સોહે ઝાલર સમ નહી કોઈ તોલ ।૧૩૫।
બાંધી વિચિત્ર પીછવાડી શ્વેત મહા સુખકારી
કુપીઓ શ્વેત સુંદર ઘણું ઝલકે છે તે અતિ ભારી ।૧૩૬।
છજા લગીય વસ્ત્ર બાંધ્યા છે શ્વેત કોમલ તે અવ્યકત
મનોરથ મન માંહે બહુ ઘરે પરમ સોહાગી છે એ ભકત ।૧૩૭।
અતિ સકોમલ આસન રચ્યું પ્રિય સુંદર અર્થ
શ્રી મહા પ્રભુ ત્યાં બેઠા છે સકલ રસે જે છે સામર્થ ।૧૩૮।
પુત્ર પૌત્ર અહીં આવ્યા પહેરવા એ પહેરામણી રંગે
નમન કરે છે શ્રીજીને નૌતન ગતિસું ઉમંગે ।૧૩૯।
વહાલોજી શીષ ઉઠાવે કરી મનુહાર બહુ ભાંત
શ્રીમુખ જુએ છે સોહાગભર પ્રેમદા પ્રેમસું ખાંત ।૧૪૦।
એણી પેરે સહુ તત્પર કર્યું વસંત ખેલાવાને કાજ
આગલ માંગલ્ય બેતાલીસમેં ખેલ ખેલસે વસંત શ્રી મહારાજ ।૧૪૧।

તે રસ ને ચિત્ત લોચે અંતર ગતિથી આધિન
અમિત અથાહ રસ સિંધુ મધ્યે ઝીલે ભકત થઈ મીન ।૧૪૨।
વસંત તણો રસ મીઠો દિઠો પ્રિતમની કૃપાએ
પ્રિયને દંડવત કરૂં સ્નેહભર જેણે આગલો રસ સધાયે ।૧૪૩।
મહારાજધાની સભા સહિત બેઠા વહાલો ઘણું સોહે
ભકત સભા ચોહોદીશ થકી એ સુખ જોઈ સહુ મોહે ।૧૪૪।
કાન પડયું સુણીયે નહીં બેઠકમાં એણે સમય
વાજીંત્ર વાજે નિરોધોસસું તે સહુકોને મન ગમ્ય ।૧૪૫।
સમ્રધ થઈ છે અહીં બહુ પ્રિયનું ઉથાપન જોઈ હરખે
ગાદી તકિયે બેઠા મહાપ્રભુ વસંત રૂપીયો રસ વરસે ।૧૪૬।
ગુપ્ત પ્રગટ બહુ ભેદસું ખેલ ખેલ મન ભાયી
શ્રી વલ્લભવર એ રસે ભરે સહુ કોને સુખદાયી ।૧૪૭।

ઈતિશ્રી માંગલ્ય એકતાલીસમું સંપૂર્ણમ્
હવે બેતાલીસમું માંગલ્ય લખીયે છે. વસંત સમયનું
શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી

માંગલ્ય - ૪૨

શ્રી શ્રી શ્રી ગોકુલેશો વર જય જયતિ, એ માંગલ્ય બેતાલીસમું લખીયે છે, એહને ગાવાને અનુકરણ ધમાર છે. તે વચન જે, "કમલ નયન કે કૌતુક" સુનોહો સહેલી આજ" એણી જાતે ગવાશે, ને એ માંગલ્યમાં વસંતનો પ્રકાર છે, તે લખીયે છે.

ભાગ્યવાન ભકત આવ્યાં છે વસંત ખેલવાને કાજ
ઉથાપન સમય તે ઉછાહસું આણી ધર્યો સહુ સાજ ।૧।
વસંત ખેલાવતાં ઉપયોગ આવે પ્રિતમજીને તેહ
સામગ્રી બહુ ભાંતની ધરી અહીં અનુપમ તેહ ।૨।
તત્પર સહુ કરી રાખ્યું છે વસંત અર્થે સુખરૂપ
તે પ્રકાર કહી આવ્યા પાછલને માંહાં તે અનુપ ।૩।
અગણીત ઉછાહ પ્રગટ હવો ભકતને અંગ અંગ સોહે
અનીરવચનીય મનોરથ પ્રેમ પ્રગટયો તેણે મન મોહે ।૪।
માંગલ્યએ બેતાલીસમું લખીયે છે મન તણે રંગ
પરમ પ્રસન્નતા સહિત વાધ્યો અંગ અંગ ઉમંગ ।૫।
શ્રી પ્રભુનો જશ લખવાને ચિત્ત ઘણું અકુલાય
જેમ જેમ લીખન લખાતું જાએ તેમ તેમ શાંતા થાય ।૬।
સોલમું માંગલ્ય સોહે ઉથાપન તણું તે રસાલ
ગાદી તકિયે બેઠા વહાલોજી ભકતના કરે પ્રતિપાલ ।૭।
પરમ ચતુરવર લાડીલો લાડ કરાવે અપાર
રસિકાને બહુ રસે પોષે તે કેમ કહી શકું હું ઉચ્ચાર ।૮।
વર વલ્લભજી છે મોહક મોહની સ્વરૂપ અવ્યકત
તેહને જોઈ મન રંજે છે રસિક રસિલા જે ભકત ।૯।
પાર્વતી રસ નિધી રસે ભર્યો રસપુર
ઉદબોધ સહિત બિરાજે છે રૂકમણી લાલ અતિ સુર ।૧૦।
વસંત ખેલવા તણો મોદ છે મન માંહે તે અનુપ
એહવામાં કરી વિનંતી અધિકારીજીએ સુખરૂપ ।૧૧।
રાજ વસંત ખેલાવા અર્થે આવ્યા છે ભકતરાજ
તેહ તણું નામ લેઈ કહયું પ્રિય હરખ્યા રસકાજ ।૧૨।
હવે પાગ તણી ગાંઠ છોડી પ્રિતમને નિકટ તે અનુપ
ભકતરાજ બડભાગી દંડવત કરે સુખ રૂપ ।૧૩।
પ્રથમ બાંધે છે પાગ પ્રેમભર પ્રિયને તે એહ
પ્રિય ઉભય કર બેહુ ખુંટ ગ્રહીને મસ્તકે મુકે તેહ ।૧૪।
એણી પેરે પાગ અંગીકરે જુડો છોડયો મહેમંત
કેશ તે સરલા સચિકણ કોએ ન પામે તે અંત ।૧૫।

તે પાગ મધ્યે લીધા પેચ પાંચ સોહાય
શ્વેત પાગ માંહાં સુઘારી શ્યામ સુખદ સુખદાયે ।૧૬।
તે છબી જોઈ મન રંજે છે ચહુ દિશથી સહુ ભકત
એક ટકે રહયા તે નિહાલે છે સ્નેહ ભર્યા અનુરકત ।૧૭।
પાગ બાંધે છે પ્રિતમજી તે શોભા કહી કેમ જાય
શ્રી કર કમલની ચાપલ્યતા જોઈ હરખ ન માય ।૧૮।
તે સમય મુદ્રિકા તે ઝલકે છે નવલ ઉધ્યોત
વહાલો પેચદે છે પાગ તણાં તેહની સુંદર જયોત ।૧૯।
એમ પ્રેમદાને સુચવે તે પ્રેમભર એહ પ્રકાર
લપટાઈ રહયું તમ સંગ મન એહ સુપેચે તે સાર ।૨૦।
એમ સુચવી મુસકાયે પ્રિતમ લહે પ્રેમનું રૂપ
બાંધી પાગ અતિ સ્નેહસું અનુરાગે ભરી તે અનુપ ।૨૧।
મહમહે સોંઘો સુદેશ તે ભીતના પેચ માંહે
ભકત પ્રેમસું લગાવ્યો છે પાગ ચુણી છે જયાંહે ।૨૨।
એહ પાગ મહમહે છે મનોહર પ્રિય સુખ હેત
અભિનવી અનુપમ બાંધે છે ચાહારે ખુંટ તે સમેત ।૨૩।
પાગ બાંધી ખુંટ ખોસતા લટકે દિસે છે રસાલ
તે શોભા જોઈ વારે છે રસસું વર્યા વ્રજબાલ ।૨૪।
હવે તે ધોતી ઘરે ધિર સું વાલ્યુ આશન રસવેસ
સુભગ શીરોમણી સાર એ આશન સોહે સુદેશ ।૨૫।
તે જોઈ રસિકા રસ વસ થઈ ગયા છે એહ
આતુર થઈ અવિલોકતા સુરતિ ન રહી સ્વકિય દેહ ।૨૬।
સુર સુભટ વર લાડીલો દાન કરે રસ રીત
ધોતી પહેરે છે પ્રેમભર વાધી છે અતિ ઘણી પ્રિત ।૨૭।
કેસર સોંઘે તે છીરકે છે નૌતન ભેદ પ્રકાર
કિનાર કરી છે કેસર તણી અનુપમ અભિનવી સાર ।૨૮।
તે પહેરે છે પ્રિતમજીએ ધોતી રસિલી રસાલ
લઘુ લાઘવે છોડે સાટકડા વહાલોજી તે તતકાલ ।૨૯।
પુઠનો કાછતે ખોસી પાટલી વાલે છે તે અનુપ
તે ચુણી ચોંપે કરી ઉરસે પ્રિતમ તે સુખરૂપ ।૩૦।
કટી મધ્યે લપટીએ ધોતી રસ ભાવેજે અવ્યકત
સુભગા સોહાગસું જલહલે અનુરાગે ભરી અનુરકત ।૩૧।
એહ તણું ભાગ્યતે કેમ કહું રસ સ્થલે રહે મન રંગ
વિલસે વિવિધ ગતિ ભેદસું પરમ પ્રસન્ન ઉમંગ ।૩૨।
જાનુ જંઘાને મધ્યસ્થલે નિતંબે રહી ઘણું સોહે
એણી પેરે રહે લપટી રસાવેસે જોઈ રસિકા મોહે ।૩૩।

ધોતી નિરખી નયણ ભરી પરમ આનંદ ચિત્ત લગ્ન
એ રસે રચ્યુ મનડું એ ધોતી મધ્ય થયું મગ્ન ।૩૪।
નૌતન વિચિત્ર રસાલ રસિલી એ રસ ઉપયોગ
પ્રવિણ પ્રેમદા અહીં વસી કરે છે તે મહા રસભોગ ।૩૫।
રીઝવે શ્રી મહા પ્રભુજીને ધોતી એ નવલ આરામ
રસજુત રસસું અંગીકરી પુરવા તેના જેમ કામ ।૩૬।
ધોતી પહેરી પ્રિય બેઠા શ્રી અંગ દિસે છે સુદેશ
પીઠ પાશ્વ ઉદર ઝલકે છે માહા રસ વેસ ।૩૭।
હૃદય ઉરોજ ઉતંગની છબી તે અનુપમ ભાંત
અહીં એ માલા વૃંદ વિલસે છે રસિકા જુએ રસ ખાંત ।૩૮।
શીષે પાગઝલહલ કરે મુખાંબુજ સોહે રસાલ
એહ સ્વરૂપ અવિલોકતા મટકે નહીં વ્રજબાલ ।૩૯।
ભુજદંડ પરમ રસિલા વસિલા રહે રસે અર્થ
અંગ ઉઘાડા તે શોભિયે રસભર સકલ સામર્થ ।૪૦।
હવે ચતુરવર ચોલણો પહેરે છે પરમ ઉધ્યોત
લાવણ્ય લટકો મનોહર દિસે ચોલણો રસ જયોત ।૪૧।
બાંધે છે તની તે સત્વર ગતિ ચપલ ચિત્તવે ચોહો ઓર
રસ ઉન્મત નયન ઘણું સોહે છે ચિત્ત ચોર ।૪૨।
લઘુ લાઘ વેતની બાંધી પહોચ્યાં તે રસિકવર રાયે
ઘેરો સમારે છે પુંઠ નો નીચા નિહોરે સુખદાય ।૪૩।
કાંઈ એક આસન ઉંચુ કરી દામણ લે તે માંહાં
વલતી સમારે છે ફડક આગલની પ્રિતમજી તે ત્યાંહાં ।૪૪।
ફેરવે કર તે બંધ પર ચપલતાસું પ્રિય પ્રિત
વલ વક્ષ સ્થલે એમ સોહે ને ઉદર પર રસ રીત ।૪૫।
સુખદ મોહોલીયા સમારે છે વહાલોજી અતિ ઘરી નેહ
ભુજદંડ કર ફેરવી ઉંચી કરે બાંહે તેહ ।૪૬।
એણી પેરે ચોલણો પહેર્યો તે ભકત જુએ મન રંગ
કટાવ કામ ઝલહલ કરે સુખદ ચોલના સંગ ।૪૭।
વિચિત્ર કૌતિકી કટાવની કરી છે પીઠ પર સોહે
જેહ તણી બખીયા જોઈ જોઈ મનડું તે મોહે ।૪૮।
ઉપય પાશ્વે વેલ તે કટાવની કરીય છે અવ્યકત
કસબી બંધ બહુ થરકે છે શોભા જુએ અનુરકત ।૪૯।
કટી મધ્યે ચીપ ગહેરી ભરી બેઠી છે તે સુખ રૂપ
એહવો ચોલણો ચુણાવસું પહેર્યો પ્રિતમે તે અનુપ ।૫૦।
સોંઘો લગાવ્યો છે ભિતર ભિતરી સંગ સોહાત
તે મહેકે છે મનોહર શી શી કહિયે તે વાત ।૫૧।

ચોલણો નિપટ મૃદુલ છે મીહી તે કહયો નવી જાએ
વસંત ખેલાવાને કારણે અંગી કર્યો જોઈ સુખ થાએ ।૫૨।
હવે તે પટકો લટકા ભેર લે શ્રી પ્રભુજી હાથ
કટીલંક માંહે લપટે છે રસિકાના મન લેઈ સાથ ।૫૩।
તેણે કરી છબી વાધી પટકો બાંધતા તે અપાર
પરમ ચતુર ચપલાઈસું સાટકા દે મહા સાર ।૫૪।
વલતા પાલવ તે છુટા ઘરે ગાદી પર મહારાજ
એણી પેરે પટકો બાંધ્યો પ્રિય રસ વસ થઈ રસકાજ ।૫૫।
આશન વાલી બેઠા વહાલો આનંદ ભર સુખદેણ
મધુર હાસ્ય કરી ઓચરે પ્રિયજી તે મીઠા વયણ ।૫૬।
પહેર્યો વાગો એણી પેરે વસંત ખેલાવાને અર્થ
બીડુ મુકી જલપાન કરે પ્રભુ રસને સામર્થ ।૫૭।
અધરામૃત દાન આપ્યું તે ભકતને કરી અતિ હેજ
પોતે બીડુ તે આરોગે છે સુખદ સુંદર તેજ ।૫૮।
ચુનો કપુર લે હરખસું ભકત તણાં મન મોહે
નિકટ બેઠા પુત્ર પૌત્ર તે વાગો પહેર્યો પ્રિય જોએ ।૫૯।
ભકત સમાજસું ગહેગહી ભર્યું છે મંદિર સુખ રૂપ
રૂકમણીલાલ બિરાજે એ મંડલ મધ્યે તે અનુપ ।૬૦।
હવે તે કેસર રંગ ગહેરો છીરકે પ્રિયને અનુરકત
દંડવતી મહામોદસું અભિલાખે આશકત ।૬૧।
અંગ અંગ કંપે સ્નેહભર પણ સાવધાન થઈ મન
પ્રથમ છીરકે કેસર રંગ પાગ પર ભાવાપન્ન ।૬૨।
છીંટ તે ઝીણી સોહાએ અનુપમ બહુ ભાંત
ભકત મનોરથ સહિત છીરકે છે કરી અતિ ખાંત ।૬૩।
આસપાસ ચોહો ફેર છીરકી પાગ તે ઘરી નેહ
આશકત ભકત નિહાલે છે અનુરાગે ભરીયાં છે જેહ ।૬૪।
હવે તે ચોલણો ચતુરાઈસું છાંટે છબીલી રીત
કેસર રંગ ઝલકી રહયો ઉન્મત પ્રગટ પ્રતિત ।૬૫।
છીંટ છીરકી છે નવલ ગતિ ચોલણો પર તે ઉધ્યોત
બીચ બીચ શ્વેત શોભા ઘરે ચોલણો સુંદર જયોત ।૬૬।
કેસર રંગ ગહેરો ઘણું છીંટ તેહની અતિ સોહે
ભરીયને છીરકયો ચોહોં ફેર ચોલણો જોઈ મન મોહે ।૬૭।
હૃદય પર છીરકયો રસ તે કેસર તણો સાર
જે પીઠ ઉભય પાર્શ્વ છીરકયાં તે અપરંપાર ।૬૮।
ચોરસ ચપલા ઉભા છીરકે છે તે ભકત ઉમાહા
ભાગ્યવાન ભકત નિરખેએ શોભા ઘરી ચિત્ત ચાહ ।૬૯।

કેસર રંગ રંગીલાસું ભુજ છીરકયાં ઉભય પ્રિત
તેહની શોભા તે અભિનવી અનીરવચનીય રસ રીત ।૭૦।
છીરકી દામણ ચોહોફેર તે ભકતે કરી અતિ કોડ
સ્નેહ સહિત તે નિહાલતા ભામીની હંસ મુખ મીડ ।૭૧।
એણી પેરે છીરકયા છે વાગો કેસર રંગસું તે રસાલ
ગાદી તકિયો ચોહો ફેર છીરકે ભકત તતકાલ ।૭૨।
વલતુ નિહાલે શ્રી અંગ સુખ મન સ્થિર કરિયને ભકત
ફરી છીરકે છે પ્રમોદસું વચાલ્યા રહયાં અનુરકત ।૭૩।
જેમ જેમ લાગે છીંટ તેમ તેમ પ્રિયને સુખ થાયે
સુર સુભટ સામર્થ સું છીરકે ભકત સુખદાય ।૭૪।
હવે તે ઓઢાડે છે ઉપરેણો પ્રથમ છીરકી રાખ્યો તેહ
કેસર સોંઘાસુ મહમહે ઉપરેણો અનુપમ એહ ।૭૫।
ચુઆ તણાં બીંદુ પાગ ઉપર કરે ભકત રસાલ
ત્યારે વહાલો અતિ હરખસું ચોંકી ઉઠયા તતકાલ ।૭૬।
નેત્ર કમલ વિકસીત કર્યા ઉદબોધ સહિત અવ્યકત
તેહ છબી જુએ હરખસું નિપટ થકી રસ ભકત ।૭૭।
સોંઘો લગાવે બગલ ઉભયે ભરી ઘરી મન માંહાં ખાંત
લઘુ લઘાવસું લગાવ્યો સોંઘો વક્ષ સ્થલે ભલી ભાંત ।૭૮।
પ્રિતમે ત્યારે કરાંબુજ બગલે ઘર્યો કરી હેત
વલતો નાસા અગ્રે આણીને સુવાસ લે સુધા સમેત ।૭૯।
કેસર છીંટ સુરંગ માંહાં સોંઘો શ્યામ સુખરૂપ
રાજસ તામસ સાત્વિક ભકત સોહે અતિ અનુપ ।૮૦।
વાગા સંગ લપટી રહયો ભકત એ ભાવાપન્ન
રસ ભકત અરૂણ શ્યામ શ્વેત રંગ સોહે પ્રિય તન ।૮૧।
તેણે કરિય અંગઅંગ દિસે પ્રિયના તે અવ્યકત
એહ મર્મ તે જાણે છે જે રસિક ભકત આશકત ।૮૨।
બીજુ તે કાંઈ જાણે નહીં રસ એ અધ્યસ વણ લેશ
વાગા સંગ ભકત રાજે છે મહા રસ અર્થે સુદેશ ।૮૩।
એહ શોભા જોઈ જોઈ મનડું તે ઠરે બહુ ભાંત
અરગજો લગાવે વક્ષ સ્થલે ભકત કરી અતિ ખાંત ।૮૪।
અંતર આનંદસું ભરિયો ઉચિત જેણે જેણે ઠોર
ભકત સમાજ સહુ નિરખે છે ભરી રહયાં છે ચોહો ઓર ।૮૫।
હવે તે છીરકે છે ગુલાબ જલ શીતલતા અર્થે થઈ શુર
સુક્ષ્મ ગુલાલ છીરકીને કર્યું દુઃખડુ સહુ ચુર ।૮૬।
એણી પેરે વસંત ખેલાવે પ્રિતમને ભકત સ્નેહવાન
ત્યારે વહાલો હુલસી બહુ પેરે કરે છે તે દાન ।૮૭।

છીરકે હવે પુત્ર પૌત્ર તે શ્રી પ્રભુને મન રંગ
નિકટ ભગવદી બેઠા છે શ્રી મુખ જુએ છે ઉમંગ ૧૮૮૦
પરમ ઉછાહસું છીરકે છે ભકત કેસર પ્રિત
જયાં જયાં ભગવદી બેઠા છે ત્યાં જઈયને સ્નેહ રીત ૧૮૯૦
છીરકયો કેસર બહુ ભાવસું કીચ મચ્યો સુખરૂપ
પ્રિયને નિકટ આંગણ મધ્યે કિર્તન થાએ છે અનુપ ૧૯૦૦
વાજીંત્ર વાજે છે બહુ વિધી નૌતન ભેદ પ્રકાર
તાલ ઝાંઝને પખાવજ પ્રેમ ભર તે અતિ સાર ૧૯૧૦
ડફ ઢોલકી મુખચંગ નગારા તણી જોડ સોહે
તંબુરો જંત્ર તે વાએ અમૃત કુંડલી પ્રિય મોહે ૧૯૨૦
સારંગી શબ્દ સોહામણો મધુર મનોહર ગાન
તેહ સુણી પ્રિય રીઝી લેતા દિસે બહુ પેરે તાન ૧૯૩૦
વહાલાને નિકટ ગાએ ઉમંગ ભર્યા અનુરકત
ઘમાર તે બહુ રસ ભાવની સ્નેહ ભર્યા આશકત ૧૯૪૦
ગાએ છે ભર ઉછાહસું નવી રહે સુરતિ તે દેહ
અનુસંધાન ભુલ્યા ભકતને પ્રિય લહે છે તેહ ૧૯૫૦
ભાવ સહિત તે સુણે છે વહાલોજી તે એહો તણું ગાન
રીઝી રીઝી ને આપે છે મહા રસ ભર એહોને દાન ૧૯૬૦
એણી પેરે કિર્તન નિરઘોષસું થાએ છે અતિ રસ રંગ
વાજીંત્ર સહિત કરે ગાન પરમ ઉછાહે ઉમંગ ૧૯૭૦
શ્રી મહાપ્રભુજી બેઠા છે ગાદી તકિયે સુખ દેણ
વસંતનો વાગો પહેર્યો છે બોલે પ્રિય મીઠા વયણ ૧૯૮૦
છીરકયો છે સ્નેહસું વાગો એ ભકતતે અવ્યકત રસાલ
તેહ શોભા ચહુદીશ થકી અવિલોકે છે બાલ ૧૯૯૦
કોઈ નિકટ કોઈ અટાલીએ ભરી રહયા છે જયાં ત્યાંહાં
સહુ કોઈની દ્રષ્ટિ પ્રસરે છે રૂકમણીલાલ બેઠા જયાંહાં ૨૦૦૦
છોટા મોટા વૃધ્ધ તરૂણ નિરખી હરખે સહુ કોએ
શ્રી મહાપ્રભુજીને જોઈ જોઈ ભકતને મહા સુખ હોએ ૨૦૧૦
વસંત તણું સુખ દિઠું નયણ ભરી તે સદા નેગ
હવે છીરકે છાત સમિયાનો ઝાલર સહિત તે વેગ ૨૦૨૦
છાંટયો સ્નેહ બહુ સ્નેહસું ભરી પીચકારી તે સાર
કેસર રંગ અરૂણ ગહેરો સોહે અપરંપાર ૨૦૩૦
જયાં જયાં વસ્ત્ર બાંધ્યા છે ત્યાં ત્યાં છીરકે મનભાએ
છજા લગી ચલાવે પીચકારી તે ભકત સુખદાએ ૨૦૪૦
એણી પેરે છીરકે ઉમંગ ભર ભકતને અતિ ફુલ
શણગટ સહિત આવ્યા હવે રસિકા પ્રિયને અનુકુલ ૨૦૫૦

તે છીરકસે પ્રિતમજીને બહુ રસ ભર સું ઉમંગ
તે પ્રકાર આગલને માંગલ્યે કહું મન રંગ ।૧૦૬।
દાન તણો તે સામર્થે વાધે ચિત્તમાં અતિ મોદ
પ્રિયજીને આરતિ કરશે પ્રેમદા તે પરમ પ્રમોદ ।૧૦૭।

ઈતિશ્રી માંગલ્ય બેતાલીસમું સંપૂર્ણમ્
હવે તેતાલીસમું લખીયે છે
વસંતનો પ્રકાર લખીયે છે.
શ્રી શ્રી શ્રી શ્રી શ્રી

માંગલ્ય - ૪૩

શ્રી શ્રી શ્રી વલ્લભ વર જય જયતિ, એ માંગલ્ય તેતાલીસમું લખીયે છે, તેહને ગાવાને અનુકરણ ધમાર છે તે વચન જે, "સુનો હો સખી મન ભાવતી" એક વાત પરમ રૂચીકારીજી એણી જાતે ગવાશે, એ માંગલ્ય વસંતનું ત્રીજુ છે.

પાછલે માંગલ્ગે છીરકયાં મહારાજ રાજેશ્વર ભકતેજી
અતિ વાસલ્યસું ઘરાવીયો વાગો તે અનુરકતેજી ।૧।
તે છીરકે બહુ ખાંતસું જેમ પ્રિયજી રૂચે તેમજી
કેસર સોંઘોને અરગજો અત્તર ગુલાબ કહું કેમજી ।૨।
ગુલાબ જલ બહુ છીરકયુ શીતલતા સુખ અર્થેજી
છીરકયો વાગો પહેરી બેઠા છે પ્રિય રસ જુકત સકલ સામર્થેજી ।૩।
ભકત વૃંદ સહુ નિરખે છે ચોહોંફેર થકી અતિ પ્રિતેજી
ત્યારે વહાલો અતિ હરખીને દાન દે છે રસ રીતેજી ।૪।
માંગલ્ય તેતાલીસમું સર્વ એકત્ર ગણના તે થાએજી
પ્રાતઃ થકી તે આરંભિને ઉથાપન લીલા કહી સુખદાએજી ।૫।
ત્રીજુ માંગલ્યએ વસંતનું ઉથાપનના માંગલ્યમાં સોહેજી
પ્રેમદા પ્રેમભર બહુ આવ્યા નિપટ પ્રિયનું મન મોહેજી ।૬।
શણગટ સહિત સુંદર લાગે ઉભા રસિક વૃંદ સુખકારીજી
કર્યો છે શ્રૃંગાર વિચિત્ર તે પ્રિયનું ચિત્ત હરવા ભારીજી ।૭।
ભુષણ વસ્ત્ર તે જલહલે પ્રગટી શોભા તે અનંગેજી
કોટીશ કોટી અનંગ અનંગ અહીં આવ્યો છે બહુ રંગેજી ।૮।
પ્રિય સુખ અર્થ ઉપયોગને રસવસથી તે આધિનજી
સંયોગ રસને તે આલોચે છે થઈ અને તે દીનજી ।૯।
એહવી શોભા ભર ઉભા છે ભામીની જુથ પ્રિય મન હરણજી
નિરખે ચપલા ચતુરાઈસું કિધુ છે રસ જુત વરણજી ।૧૦।
સત્તરમું માંગલ્યએ છે ઉથાપન તણું તે સુખદાયીજી
એ મહા રસિકા રસ ભેદસું ખેલાવશે વસંત મન ભાઈજી ।૧૧।
તેણે કરીય સહુ આવ્યા છે નિકટ ઘસી પ્રિય અનુકુલજી
સ્નેહ સહિત આતુર ઘણું લહે રસિકા રસમુલજી ।૧૨।
ભિન્ન ભિન્ન રસ છે આપાપણો બહુ રસિકા ઉભા તેહો તણોયજી
..... ।૧૩।
તેહ જોઈ વહાલો હરખીયા વાધ્યો છે મનમાંહે રંગજી
પ્રિય સાવધાન થઈ બેઠા રસિકા સન્મુખે તે ઉમંગેજી ।૧૪।
હવે તે ચતુરા ચોંપે કરી છીરકે છે પ્રિતમજીને પ્રિતેજી
પ્રથક પ્રથક રસ ભેદસું રસિક છીરકે રસ રીતેજી ।૧૫।

રસ લાવણ્ય જુત અતિ સોહે મોહે છે શ્રી મહારાજજી
વિવશ થયા એહોને જોઈ પ્રભુજી રસ કાજજી ।૧૬।
અંગ અંગ અકુલાએ છે રસિકાને સ્પર્શવા અર્થેજી
ભાવ સહિત ભામીની છીરકે રસ સ્નેહ સહિત તે સામર્થેજી ।૧૭।
સુક્ષ્મ ગુલાલ કો છીરકે છે જેમ જેમ શોભા ઘણું વાધેજી
કોઈ કેસર રસ હાથમાં લેઈ છીરકતાં માંહાં રસ સાધેજી ।૧૮।
છીંટ કેસર તણી નાખે છે ગલસ્થલે પ્રેમદા પ્રિતેજી
લઘુ લાઘવતાસું લહે વહાલો સ્નેહ ભર રસ રીતેજી ।૧૯।
દાન પાત્ર ઘણું લોભીયાં ફરી ફરી છીરકે એણી ભાંતેજી
જેમ કોઈ તે લહે નહી છીરકે મહા રસ ભર ખાંતેજી ।૨૦।
શ્રી પ્રભુજી મુસકાયે છે મંદમંદ મનોહર રૂપજી
તેહ સમય શ્રીમુખ તણી છબી નિરખીયે કોટી અનુપજી ।૨૧।
ચપલ નેત્ર પ્રિય ચાલે છે તેણી વેલા તે સુખકારીજી
તેમ તેમ છીરકે છે ભામીની ભાવ સહિત અતિ ભારીજી ।૨૨।
ઉદબોધ અતિ ઘણો ઉભય સ્વરૂપ તે સોહેજી
ભકત સમાજ ચોહોં દિશ થકી અવિલોકી અવિલોકી મોહેજી ।૨૩।
સ્વરૂપને જોઈ જોઈ હરખે છે મન માંહાં તે અપારજી
સકલ શ્રૃંગાર મોહી રહે એ સ્વરૂપના અંગ જોઈ સારજી ।૨૪।
વસંતરસે વાગો છીરકયો છે તે અનુપમ લાગે મીઠોજી
પહેર્યો છે રૂકમણીલાલે તે ભકત સમાજે દિઠોજી ।૨૫।
તે ઉરમાંહે ઠાડી રહયો છે વાગો વનિતા વૃંદ સાથેજી
ગાદી તકિયે એમ બેઠા છે કરૂણાભર કરૂણા નાથજી ।૨૬।
નવલ ત્રિયા પ્રિતમજીને ખેલાવે છે વસંતજી
વિવિધ મનોરથે વિલસે છે તેહનો કોઈ ન પામે અંતજી ।૨૭।
ખેલે ખેલ ભાવતા પ્રિયસું વસંત મીંસે તે ઘણું અજી
ચપલા ચપલ ચતુરાઈસું છીરકે શ્રી અંગ સોહામણુઅજી ।૨૮।
કોઈ કોઈ સોંઘો કોઈ અગરજો કોઈ જવાદ જણીબી હેજજી
સુભગ ત્રીયા તણાં પહોંચલા ઝલકે છે મહા રસ તેજજી ।૨૯।
પહેર્યા છે ભુષણ ભાવતા જે જે પ્રિયને રૂચીકારીજી
તે કરાંબુજ છીરકે છે નાયકા તે નવલ રસ ભારીજી ।૩૦।
તેણે કરી સુખ હોએ છે શ્રી અંગ અંગે તે અવ્યકતજી
કોઈ છીરકે છે અબિર તે પ્રિયને પ્રેમભર અનુરકતજી ।૩૧।
રાજસ ભાવ પુરી રાજીયો બેઠા છે તે રૂકમણીલાલજી
નિકટ થકા છાના છીરકે કોઈ સ્નેહ ભર્યા વ્રજબાલજી ।૩૨।
સ્પર્શ કરે મન મોદસું જેમ તે કોઈ નવ દેખેજી
અધર મધુર મોહામણો પ્રેમદા પ્રેમભર તે પેખેજી ।૩૩।

કોઈ ચીબુક કોઈ ગલસ્થલ કોઈ નાસા નવલ જોઈ હરખેજી
કોઈ નયણ કોઈ ટોપચા કોઈ બંક ભ્રકુટી તણો નિરખેજી ।૩૪।
કોઈ ભાલ તે વિશાલ માંહાં મગ્ન થયા મન રંગેજી
તિલક સેર બે સોહામણી તે ભાલ ઉપર રહયા ઉમંગેજી ।૩૫।
કોઈ શ્યામ રેખા જોઈ અટકયા કોઈ પાગ વિચિત્રે તે પાગ્યાજી
એણી પેરે શ્રી મુખ નિરખે છે પ્રેમ વસે અનુરાગ્યાજી ।૩૬।
કોઈ ભુજદંડ રસાલ તે અવિલોકી મન માંહે રીઝેજી
શ્રી કર કમલ મૃદુલ ઘણું સ્પર્શતા કારજ સીઝેજી ।૩૭।
અંગુલી દલે મુદ્રિકા રાજે તે નવલ ત્રીયા નવરંગજી
ચમકે છે નખમણી નેગસું અહનીશ રસ ઉમંગજી ।૩૮।
કોઈ અવિલોકે છે હૃદય તે કોઈ પીઠ ઉપર ઘણું રાજેજી
નિતંબ પાર્શ્વ ઉદર તે સોહે છે રસ પુંજેજી ।૩૯।
કોઈ મધ્યસ્થલે મોહીયાં કોઈ જંઘા ઘુંટણ સુખ ધામજી
કોઈ જાનુને મોહી રહયાં પુરે છે નિરવીઘિ કામજી ।૪૦।
શ્રી ચરણાર્વિંદ તણી પાટલી પરમ રસાલજી
મૃદુલ મનોહર ઝલકતી જોઈ રહયા વ્રજબાલજી ।૪૧।
કોઈ નખમણી નવલ નિહાલે છે કોઈ એડી પાહાનીયે રાજેજી
વસંત ખેલાવતા સોહે છે શ્રી અંગ અંગ છબી રસ પુંજેજી ।૪૨।
અવિલોકતા મનડું ઠરે એ સ્વરૂપનો રસ સુખકારીજી
છીરકે છે નવલ ત્રીષા રંગે નવલ પ્રિયને ચિત્ત ધારીજી ।૪૩।
જે જેમ છીરકી છીરકી પહોંચે તે નમન કરે શ્રી ચરણેજી
ત્યારે રસિકાના રસ અંગ સ્પર્શીયા તે અંગ આભરણજી ।૪૪।
લઘુ લાઘવતા એ કરી કોઈ દેખે નહી તે લગારજી
પ્રેમદા પ્રેમવસે રસિયા કરે ભેટ સકલ અંગ સારજી ।૪૫।
ભાવ ભેદ રસ ભેદસું એ ભેટ તણું નહીં માનજી
ઉદબોધ સહિત તે સ્પર્શીને કરે વહાલોજી મહા રસદાનજી ।૪૬।
દાન પાત્ર પ્રેમ વસે થકા મટકે નહી રંચ તે અણુંયજી
શ્રી ચરણે ઘરી રહયાં મસ્તકતે સુખદ સોહામણુંઅજી ।૪૭।
રસ નીધિ વર રસે કરી ઉઠાવે છે તેહો તણું શીષજી
ઉભય કરસું તે કારણ મઈ શીષ ઉઠાવે શ્રી ગોકુલાધીશજી ।૪૮।
મનોરથ ઉભય સ્વરૂપના પુરણ થયા જે જે વિચાર્યાજી
ભાવ અનંત પ્રકારના ફરી રસિકાએ ચિત્ત માંહાં ધર્યાજી ।૪૯।
એણી પેરે પ્રાણવલ્લભજીને ચરણાર્વિંદે નમે રસ ભકતજી
વસંત ખેલાવતા વિવશ થયા પ્રેમદા પ્રેમભર અનુરકતજી ।૫૦।
એણી પેરે જે જેમ પહોંચીયા ખેલાવી વસંત તે પ્રિતેજી
ભેટ કરી મન ભાવતી ને ચરણે નમે તે રસ રીતેજી ।૫૧।

ત્યારે વહાલો અતિ રીઝીને દાન આપે છે કરી બહુ ભાંતેજી
જેમ કોઈ તે દેખે નહી કોઈના કર ગ્રહી રહે પ્રિય ખાંતેજી ૧૫૨૧
તેહ દાબે દાનાતુર પ્રિય પ્રેમદા પર પરમ પ્રસન્નજી
ફરી એણી પેરે તે નાયકા દાબે છે ભાવ પન્નજી ૧૫૩૧
ઉદબોધ વાધે છે અતિ ઘણો ઉભય સ્વરૂપને અંગેજી
ગુપ્ત પ્રગટ એણી પેરે કરે કેલી તે મહા રસ રંગેજી ૧૫૪૧
ભાવ ભેદે રસ ભેદ છે તે પ્રિયનું ચિત્ત જાણેજી
તેણે કરિય રીઝે ઘણુંય વહાલો શું કહીં ને તે વખાણેજી ૧૫૫૧
ભાગ્યવાન તે પ્રેમદા સંબંધ રસ ચિત્ત માંહાં ધરીયજી
ભેટ મીસે ચરણે નમે આરત જુત રસિકા તે ફરીયજી ૧૫૬૧
ચરણાર્વિંદ ચોપે કરી દે ચીપટી તે રસિકા રસાલજી
ત્યારે પ્રિતમ અતિ હુલસી ગ્રહે અધર મધુર તતકાલજી ૧૫૭૧
જેમ કોહોની દ્રષ્ટિ પડે નહી એહવા દાન આપે પ્રિય પ્રિતેજી
રસિકા તે રસ જુત ભરી આવ્યા દીનત્વ ભાવે રસ રીતેજી ૧૫૮૧
તેણે કરી તે ઉઠે નહી ચરણારવિંદ થકી શીષજી
વાત્સલ્યસું તે શીષે ફેરવે કરાંબુજ પ્રિય એણી પેરજી ૧૫૯૧
તેણે કરી પ્રેમદા તણે અંગે ચાલ્યા છે મહા રસ નીરજી
તેહ પ્રેમ પ્રિય જોઈઅને મન માંહે તે થયા આધિનજી ૧૬૦૧
રક્ષા તણે અર્થે ફેરવે મુખકમલ તે શ્રીકર સારજી
વલતું તે શીષ ઉઠાવે છે તેહ તણો કેમ કરૂ ઉચ્ચારજી ૧૬૧૧
દીન ભાવે ઝલકી રહયું નાયકા તણું મુખ તે રસાલજી
એ રસના જે કો વેધી છે ચોહોફેર થી જુએ તતકાલજી ૧૬૨૧
ભાગ્ય સરાહે તેહ તણું તેહને કિધી વ્હાલે રસ વૃષ્ટિજી
મહા રસ પાત્ર એ પ્રેમદા જુએ છે તે નિજ શ્રૃષ્ટિજી ૧૬૩૧
એણી પેરે વસંત ખેલાવીયો ખાંત કરી પ્રેમદા એ પ્રિતેજી
મહા પ્રભુનું મુખ નિરખે છે પ્રેમદાએ પ્રેમની રીતેજી ૧૬૪૧
નેત્ર ભરી આવ્યાં પ્રિતે રસ રીતે અવ્યકત અનુપજી
કોઈ ઉમંગી ફરી છીરકે છે વ્હાલોજી એ તે સુખરૂપજી ૧૬૫૧
ગુલાલ તણી મુઠો પડે ઉપરે ઉપરી ઝકઝોલજી
કોઈ અબીર ઉડાડે છે ફરી ફરીને તે રંગ રોલજી ૧૬૬૧
મનોરથ મનમાંહાં અતિ ઘણો તે કારણ સમજી રંગેજી
સત્વર ગતિસું છીરકે છે પ્રેમદા પ્રેમ વસ ઉમંગેજી ૧૬૭૧
આનંદમઈ તે તિમિર કર્યો રસિકાએ રસ ઉદબોધજી
પરિરંભણ પ્રેમભર્યું કરે પ્રેમદા પ્રગટ પ્રમોદજી ૧૬૮૧
તેહ સુખની પરમિત નહી લહે દાતા ભોકતા તણું મનજી
લપટી રહયા રસિકા રસ વસ એહ સોચે છે ભાવ પન્નજી ૧૬૯૧

સકલ શ્રી અંગે બહુ સુખ હવા કહયાં તે કેહી પેરે જાયજી
તિમિર કર્યો છે કારણ મઈ તેણે કોહોને દર્શન નવી થાયજી ૧૭૦૧
વિલસે છે વનીતા પ્રિય સંગતે પ્રેમ ભરે અનુરકતજી
એ રસના જેકો પાત્ર છે તે ઉડાડે છે ગુલાલ રસ ભકતજી ૧૭૧૧
નાખે અબીર તે એણીપેરે જેમ તિમિર તે ચોહો ફેર સોહેજી
કરે છે સેવા મન ભાવતી તેણે પ્રિતમનું મન મોહેજી ૧૭૨૧
ઉપકાર માને છે બહુ પેરે ઉભય સ્વરૂપ તેહ તણોયજી
વાધ્યો ખેલ મન ભાવતો મહા પ્રભુ સંગ રસ સોહામણોજી ૧૭૩૧
વિલસતા તે હુલસે ઘણું શ્રી વલ્લભજી તેણે સમયજી
કરે છે કેલી કારણમઈ તે નવલ ત્રીયા મન ગમયજી ૧૭૪૧
સુર સુભટ વર લાડીલો સુરત્વ સહિત ચિત્ત હરેઅજી
અંક ભરે છે આમોદસું તે લીલા વિચિત્ર તે કરેઅજી ૧૭૫૧
મનોરથાંત પહોચાડીયા પ્રેમદાને વ્હાલે રસ રીતેજી
દાનાતુર પ્રિય આપે છે બહુ દાન નૌતન તે બહુ પ્રિતેજી ૧૭૬૧
સંયોગ ફલફેલી રહયાં નાયકાને અંગે સર્વત્રજી
ક્ષત દિધા છે ખાંતે કરી ઉભય સ્વરૂપે થયા છે એકત્રજી ૧૭૭૧
એણી પેરે મનમથ મરદીયો પ્રેમ સહિત તે શ્રી મહારાજેજી
સંતુષ્ટ થયા અંગ અંગ સહુ ઉભય સ્વરૂપના હવા રસકાજજી ૧૭૮૧
રસ રોકયો હવે ચિત્ત ધરી પાત્ર ભેદ તણો તે સંકોચજી
નમન કરે નાયકા નવલ ગતે પ્રિય રસને ફરી લોચેજી ૧૭૯૧
ત્યારે વહાલો મુખ કમલ ગ્રહી આપ્યુ અધરામૃત દાનજી
અનીરવચનીય રસ ભુકતવા ઉભય સ્વરૂપે કર્યું રસપાનજી ૧૮૦૧
પ્રિય કેલી કરી જયારે પહોંચીયા ત્યારે પ્રકાશ થયો છે અવ્યકતજી
શ્રી મુખ જોઈ આશિષ દિધી બોલે જૈ જૈ કાર સહુ ભકતજી ૧૮૧૧
કારણમઈ તે તિમિર મિટયો હવો સહુકોઈને મન રંગજી
મહા રસ લીલા તેણે લહી તે સ્વકિય સુજાતિ સ્વસંગજી ૧૮૨૧
બીજુ કોઈ તે પ્રિછે નહી એ રસ લીલા તણું રસ મુલજી
વસંત ખેલાવીને ઉભા છે નાયકા વૃંદપ્રિય અનુકુલજી ૧૮૩૧
શ્રી અંગતણી છબી નિરખે છે હરખે તે વારંવારજી
ગુલાબ મઈ સહુ ભરી રહયું સર્વત્ર અનુપમ સારજી ૧૮૪૧
તેહ શોભા તે નિહાલતા ગતિ મતિ થઈ રસિકાની પંગજી
વાગો ગુલાલ ભર્યો શોભિએ લોભિએ પ્રિય અંગ સંગજી ૧૮૫૧
વાત્સલ્યે કરી ત્યાં લાવીયા મુખ વસ્ત્ર પ્રિય કને ભકતજી
તેણે કરી પ્રિય પુંછે છે મુખ કમલ કોમલ અવ્યકતજી ૧૮૬૧
મંદ મંદ પ્રભુ મુસકાયે છે તે રસ ફરી ચિત્ત માંહાં આવેજી
ગુપ્ત રસ જે જે અનુભવ્યો તે પ્રિતમને મન ભાવેજી ૧૮૭૧

તેણે કરી મુસકાયે છે અભ્યંતરથી વર રાયુજી
નિક થકાં નિરખે રસિકા રસ વેધી તેહોને સુખ થાએજી ।૮૮।
વિચિત્ર આરતિ હવે પ્રગટીને આણી પ્રિયને અનુકુલજી
નવલ ત્રીયા નવલ પ્રિયને કરે વાત્સલ્ય લહી રસમુલજી ।૮૯।
શ્રમ નિવારણ અર્થે તે આવી આરતિ રસિકા રસાલજી
ચોહોદીશથી ભકત નિરખે છે સોહાગ ભર્યા તતકાલજી ।૯૦।
જૈ જૈ જૈ જૈકાર ઉચરે સહુ આશિષ દેઈ અને તે ભકતજી
સ્વર તે મધુરા સોહામણાં અનુરાગે ભર્યા અનુરકતજી ।૯૧।
તેહ સુણે પ્રિય પ્રેમસું લહુ ભકતના રસ રૂપજી
ખેલી વસંત વ્હાલો બેઠા છે ગાદી તકિયે અનુપજી ।૯૨।
ઉથાપન ચરિત્ર તે અનુભવે મહારાજ ગોકુલપતિ પ્રિતેજી
જયોત આરતિ તણી જલહલે પ્રિય નિકટ નવલ રસ રીતેજી ।૯૩।
હવે તે રસિકા તત્પર થયા શ્રીમુખ જુએ આરતિ કરવાજી
કુંમ કુંમ લેઈ અંગુષ્ટ ઘર્યું ભાવ સહિત વહાલાને રસ ભરવાજી ।૯૪।
શણગટ સહિત નિકટ આવી તિલક કરે પ્રિયજીને ભાલજી
ત્યારે પ્રિતમ અતિ હુલસી નાયકા તણું મુખ તે નિહાલેજી ।૯૫।
ચિત્તવની ઉભય સ્વરૂપની ચતુરાઈ સહિત તે બિરાજેજી
તિલક કરે બહુ પ્રિતસું સ્પર્શી રસિકા રસ કાજેજી ।૯૬।
ભાલે કરી પછે ગ્રીવાએ કરે તિલક તે મહા શુભ અર્થજી
વલતા ગંધાક્ષત દે રંગે તિલક પર શુભ સામર્થજી ।૯૭।
ભાલ ઉપર એ ઝલહલે ગંધાક્ષત તિલકને સંગેજી
અદ્‌ભુત શોભા પ્રગટ હવી અનુપમ વાધ્યો રંગજી ।૯૮।
પીત ગંધાક્ષત શોભિયે અરૂણ તિલક માહા તેજજી
ભાલ ઉપર ભામીનીએ કરવા શુભ વાંછીત તે રસ હેજજી ।૯૯।
વલતા વધાવ્યા ગંધાક્ષતે શીષ ઉપર તે ઘણું સોહેજી
હેમ રજત તણાં પુષ્પને મોતિ માણીક જોઈ સહુ મોહેજી ।૧૦૦।
વધાવીયાં ભર ઉછાહસું તે શ્રી અંગ ફેલ્યા અવ્યકતજી
ઝલકે છે બહુ ઝાતકાર સું તે શોભા નિરખે રસ ભકતજી ।૧૦૧।
વલતી ઈડી પીડી ઓવારે વાત્સલ્ય સહિત રસ બાલજી
પ્રિય પર વારીને નાખે છે ચારે દિશે તતકાલજી ।૧૦૨।
લેઈ રોગ દોષ પ્રિતમ તણો ઈડી પીંડી એ નાયકા ઓવાર્યાજી
ત્યારે વ્હાલો અતિ સ્નેહસું એ ચારે સુભગા ચિત્ત ધર્યાજી ।૧૦૩।
તેહ તણો ભાવતે જોઈયને મહા પ્રભુ થયા તે પ્રસન્નજી
ઈડી પીંડી એ નવલ ત્રીયા વર્યા નવલ રસે ભાવાપન્નજી ।૧૦૪।
પુષ્પ માલા રંગ રંગની ધરાવે શ્રી કંઠે વિચિત્રજી
ગુલાબ ચમેલીને ચંપાની પહેરે સોહે શ્રી વલ્લભજી મિત્રજી ।૧૦૫।

કોઈએ પ્રિતમ તણું રૂપ તે માલા પહેરાવી પ્રિયને અનુપજી
સુવર્ણ જુતીકા સોહામણી રસિકા સોહે પ્રિય સુખરૂપજી ।૧૦૬।
પુષ્પમાલા વૃંદ વનીતાનું બહુ પેરે શ્રીકંઠ માં ઠરીયુંજી
સ્નેહ સહિત સૌરભ ભર્યું રસિકા જુથ પ્રિયે હૃદયે ધરીયુંજી ।૧૦૭।
તેહ ઝલકે નૌતન નંગતે નવલ ત્રીયા અહીંયજી
શ્રીકર માંહાં લલકી રહી તે કેઈ પેરે જાય કહીયજી ।૧૦૮।
હવે તે બે બીડા આપે છે પ્રેમદા પ્રિતમજીના કરમાં રસાલજી
કરાંબુજ ઉભય પ્રફુલ્લિત કર્યા વહાલોજીયે તતકાલજી ।૧૦૯।
કર કમલ ઝલકી રહયા તે માંહાં મુકયા બીડાં સુખરૂપજી
મુસકની કરે રસિકા રંગે તે સુંદર લાગે અનુપજી ।૧૧૦।
તેહ બીડા પ્રિય પ્રેમસું શીષે સ્પર્શે બહુ પ્રિતેજી
રસિકાને રસ સુચન કર્યો માની લીધા રસ રીતેજી ।૧૧૧।
હવે તે આરતિ ઓવારે છે જગમગે જયોત તે જલહલતીજી
ઝાંઈ ઝલકે ઝાતકારસું તે શ્રીમુખ પર આવી મલતીજી ।૧૧૨।
સુભગ આરતિ સુભગા વારે વહાલાજીને સનમુખ રહીયજી
ઠહેરા તે કર ઓવારે છે કેહી પેરે જાય કહીયજી ।૧૧૩।
તેહ સમય તે પ્રમોદસું સહુ ભકત મધુર ધુની બોલેજી
જૈ જૈ સહુ થઈ રહયું એણી પેરે અંતરપુટ ખોલેજી ।૧૧૪।
કોઈ કહે મહા માંગલ્ય વર નિધાન એ સ્વરૂપ બિરાજેજી
કોઈ કહે કોટી લાવણ્યમદ હરણ એ ભ્રાજેજી ।૧૧૫।
કોઈ કહે પ્રાણજીવન ધનજી પુરીએ નિત્ય નિત્ય આશજી
કોઈ કહે પાર્વતી પતિ દાન દાતા સોહે રસ રાસજી ।૧૧૬।
કોઈ કહે વર શ્રી વલ્લભજી તે એ સુખઆપે ભકતને નેગજી
આરતિ કરતાં એહવા શબ્દ ચોહોફેર થાએ વેગવેગજી ।૧૧૭।
એ સુખ સહુ કોઈ નિરખે છે આરત જુત અતિ અનુરકતજી
આરતિ વારે છે રંગ રસે ઉદ્બોધ સહિત રસ ભકતજી ।૧૧૮।
સકલ શ્રી અંગ ઝલકી રહયુ અવ્યકત રસાલ અનુપજી
આરતિની ઝાંઈ નિરખતાં હરખે ભકત સુખ રૂપજી ।૧૧૯।
વારે આરતિ તે કોડે કરી વારંવાર તે સદા એમજી
વાર પાંચ સાત એણી પેરે વ્હાલોજી રીઝે તેમજી ।૧૨૦।
આરતિ કરી જયારે પહોંચીયા ચરણે નમે રસિકા રસાલજી
સ્નેહ સહિત પ્રિતમ રંગે શીષ ઉઠાવતા કરે પ્રતિ પાલજી ।૧૨૧।
રસિકાને મુખ કર કમલ તે ફેરવે પ્રિય પ્રેમાશકતજી
સ્પર્શીયા કુચ કઠોર તે ફલ મધુરતા સહિત અવ્યકતજી ।૧૨૨।
ચતુર ચપલવર ચોપસું લઘુ લાઘવે કરે રસકાજજી
દ્રષ્ટ પંથ કોહોને થાએ નહી તેમ અધર સ્પર્શે મહારાજજી ।૧૨૩।

પ્રેમદા પ્રિય તણો પ્રેમ લહી અંગ અંગે થયા તે આધિનજી
આપાપણું ભુલી ગયા ચરણાર્વિંદ થયા લીનજી ।૧૨૪।
એહવી અવસ્થા તે જોઈ જયારે ત્યારે વહાલે કર્યો એ વિચારજી
સત્વર ગતિસું ઉઠાવીયા શીષ એહો તણું મહાસારજી ।૧૨૫।
દીન ભાવે ભામીની ભર્યા અનુપમ સુંદર લાગેજી
શ્રીમુખ જોતાં નયણા ભરી આવ્યાં સ્નેહ સહિત અનુરાગેજી ।૧૨૬।
એણી પેરે વસંત ખેલાવીને ઉભા પ્રેમભર સોહેજી
શ્રી અંગની છબી નિહાલતા નાયકાને મન માંહાં ઘણું મોહેજી ।૧૨૭।
ભકત રાજ ભુષણહવે શ્રી મહા પ્રભુને પહેરાવેજી
વિચિત્ર માલા હેમ તણી ભલી મુદ્રિકા પહેરાવેજી રસ ભાવેજી ।૧૨૮।
વલતી ભિતરની પહેરામણી વહુજીને કાજ તે દેખાડીજી
વહાલોજી જોઈ પ્રસન્ન થયા લહેંગા ચોલી સમેત સોહે સાડીજી ।૧૨૯।
ભકતરાજ બડભાગી તે હવે દંડવત કરે મનરલીયજી
આશિષ દેઈ ચિત્ત માંહાં માંગે મનોરથ પુરીયે પ્રિય વલીયજી ।૧૩૦।
વલતાં ચરણજુગ સ્પર્શીયા ભકતે ભાવ સહિત અનુરાગેજી
શીષ તે ચરણાર્વિંદે ધર્યું ત્યારે વહાલાજીનું મન પાગેજી ।૧૩૧।
દીન ભાવ અહીં પ્રગટીયો તે ભકતને અંગે સોહેજી
શીષ ઉઠાવ્યું સ્નેહ કરી પ્રાણ જીવનનું મન મોહેજી ।૧૩૨।
શ્રી કંઠથી લેઈ પુષ્પની માલા આપી તે ભકતને હાથજી
સનમાન બહુ ભાંતે કર્યા કરૂણાભર કરૂણા નાથજી ।૧૩૩।
એણી પેરે વસંત ખેલાવીયા તેહના ભાગ્યતણો નહી પારજી
શ્રી પ્રભુજી તે પ્રસન્ન થાએ મુખે કરી કેમ કહે ઉચ્ચારજી ।૧૩૪।
વસંત માસ રલીયામણો ઉથાપને ખેલે પ્રિય રસાલજી
અનીરવચનીય સુખ અભિનવા નિરખે તે રસિક વ્રજબાલજી ।૧૩૫।
વસંત માંહે નિતપ્રતે પહેરે વાગાની જોડો બે ચારજી
ભકત મનોરથ કરી આવે વસંત ખેલાવા તે સારજી ।૧૩૬।
સહુ તણો ભાવ અંગીકરે વ્હાલો પહેરે પહેરામણી રંગેજી
ઉપરા ઉપરી ભકત લાવે છે પહેરામણી પ્રિયને ઉમંગેજી ।૧૩૭।
દિન તે નિપટ થોડો રહે ત્યારે ઉપરા ઉપરી ભકત આવેજી
વસંત ખેલાવે મહાપ્રભુજીને તે સહુકોને ભાવેજી ।૧૩૮।
વલી કોઈ મનોરથ કરિયને પધરાવે પોતાને ઘેરજી
અનેક ભાંતે વાત્સલ્ય કરે તે નિરખે ભગવદી સહુઅજી ।૧૩૯।
ભોગ તે વિવિધી પ્રકારના આરોગાવી કરે ભેટ બહુઅજી
વાગો છીરકી આરતિ કરે તે નિરખે ભગવદી સહુઅજી ।૧૪૦।
એણી પેરે હવેલીમાં ઘેર ઘેર ભકત મનોરથ કરે બહુ પ્રિતેજી
દ્વાર આગલ ઘેરી રાખીને છીરકે છે મહા રસ રીતેજી ।૧૪૧।

આરતિ કરે આરત ઘરી દ્વાર આગલ રસિકા રસાલજી
શ્રી પ્રભુજી પાલખી મધ્યે બેઠા કરે તે પ્રતિપાલજી ।૧૪૨।
તિલક કરે પ્રેમદા પ્રેમે ગંધાક્ષત તે ઉપર દિધાજી
પ્રિય તણાં કર માંહાં મુકયા બીડા જયારે સકલ મનોરથ સીધાજી ।૧૪૩।
વલતી ઈડી પીડી ઓવારી શ્રીમુખપર આરતિ વારીજી
આરત જુત ચરણે નમે રસિકા રસ ચિત્તમાંહાં ધારીજી ।૧૪૪।
ચરણાર્વિંદ સ્પર્શ્યા જયારે ત્યારે પ્રેમદાને થયો સંતોષજી
શીષ ઉઠાવા મીસે પ્રિય સ્પર્શ કરતા પ્રગટયો રસકોસજી ।૧૪૫।
સ્નેહ ભર્યા વ્હાલોજી તે વનિતાને આપે રસદાનજી
પ્રેમદા પ્રેમભર કરે બહુ પેરે તે રસ પાનજી ।૧૪૬।
હવેલી માંહે તે પધારીને વ્હાલે વસંત તણાં સુખ આપ્યાંજી
ફરી નિજઘેર પ્રિય જઈ બેઠા ભકત ભાવાપન્ન ચિતમાં સ્થાપ્યાજી ।૧૪૭।
એણી પેરે ઉથાપન રસ દીઠો નયણ ભરી વસંત માહા રંગેજી
જે કોઈ પહોંતી શકે નહી રાત્રે ખેલાવે ઉમંગેજી ।૧૪૮।
પ્રેમવતી નીશા પહેલી ગાદી તકિયે પ્રિય બેઠા સોહેજી
ભકત સમાજ ચોહો ફેરથી અવિલોકતા સહુ કોઈ મોહેજી ।૧૪૯।
દિવીઓ પ્રગટી છે અતિ બહુ તે ઝલહલે પ્રિય અનુકુલજી
નાયકા વસંત ખેલાવે છે સમજીને મહા રસ મુલજી ।૧૫૦।
પ્રથમ જેણી રીતે કહી આવ્યા તેણી રીતે ખેલાવે હરખેજી
..... ।૧૫૧।
વાગો પહેરાવીને છીરકયો આરતિ કરી રસ ભકતેજી
ચોહોફેરથી જૈ જૈ કાર કહી આશિષ દિધી અનુરકતેજી ।૧૫૨।
એણી પેરે વસંત ઋતુ તણાં સુખ આપ્યાં વહાલોજીયે બહુઅજી
વસંત સેજયામાં ખેલસું તે જાણે છે અનુભવી સહુઅજી ।૧૫૩।
રાત્ર અને ઉથાપન સમય વાગો પહેરે છે અપરંપારજી
અનીરવચનીય સુખ વસંત તણું કેઈ પેરે કરૂં હું ઉચ્ચારજી ।૧૫૪।
વાનગી માત્ર એ રસ કહયો વસંત તણો સુખરૂપજી
આગલ પ્રસંગ કહું હવે ઉષ્ણ એ કાલ ઋતુ તે અનુપજી ।૧૫૫।
શ્રી મહા પ્રભુ ઉથાપન સમે ગાદી તકિયે બેઠા સુખ આપેજી
તેહ સ્વરૂપ અવિલોકતા અન્ય વ્યસંગ કાંઈ નવ વ્યાપેજી ।૧૫૬।
અલૌકિક રસ ચિત્તમાંહાં રમે પ્રિય સંયુકત જે રસદાયેજી
તેહ લીલા કહું રસ ભરી રિતુ ઉષ્ણ જે બેઠકમાં થાએજી ।૧૫૭।
પ્રિય તણે સંગ સહાએથી એ લેખન લખાશે રસાલજી
ગાદી તકિયે બેઠા સોહે ઉથાપન સમય કરૂણાલજી ।૧૫૮।

ઈતિશ્રી માંગલ્ય તેતાલીસમું સંપૂર્ણમ્ હવે માંગલ્ય ચુમાલીસમું લખીશું એ માંગલ્ય ત્રણ વસંતના સંપૂર્ણમ્ હવે માંગલ્ય ઉથાપનનું સત્તરમું સમાપ્તમ્ શ્રી શ્રી શ્રી શ્રી શ્રી

માંગલ્ય - ૪૪

શ્રી શ્રી માંગલ્ય વર જય જયતિ, એ માંગલ્ય ચુમાલીસમું લખીયે છે, તેહને ગાવાને અનુકરણ લૌકિક ગીત છે, તે વચન જે "સફર બીજોરડુ છોલતી રે" પેઠી સુઆવડ માંહાં" એણે અનુકરણે ગવાસે. તે વચન લખીયે છે.

પાછલે માંગલ્યે કહી આવ્યા રે વસંત રીતુ મહારાજ
માંહા ઉત્સવભર ખેલીયા રે વસંત તે પ્રિતમ રસકાજ ।૧।
ત્રણ માંગલ્ય કહયાં વસંત તણાં રે પ્રિતમજીના દાનને સામર્થ
ઉથાપન તણું એ અઢારમું માંગલ્ય રે લખીયે છે ઉષ્ણ રીતુ અર્થે ।૨।
ત્રણ માંગલ્ય વસંત તણાં રે તે ઉત્થાપનના માંગલ્ય માંહાં સોહે
સર્વ મલી એકત્ર ગણનાયે રે ચુમાલીસમું માંગલ્ય મોહે ।૩।
હવે તે કહુ ઉષ્ણ રીતુ છે રસાલ રે રસ ભકતને ભાગ્યે આવી
સકલ શ્રી અંગ ઉઘાડા જુએ રે નિરાવરણ મન ભાવી ।૪।
એ રસ રસિકાને નિપટ છે પ્રિયરે નાહતાં અંગ ઉઘાડ તે પેખે
મટકે નહી દ્રષ્ટિ રસિકાની અણું રે અવિલોકી ભાગ્ય તે લેખે ।૫।
આશકત ભકત તણો છે એ રસ રે જે સ્વરૂપ રસના રસ અધિકારી
તેહ એ રીતુને સરાહે છે પ્રિય રે મન માંહાં રીઝે છે તે ભારી ।૬।
શ્રી મહાપ્રભુજી બેઠા છે રંગે રે ગાદી તકિયે કરૂણાલ
ઉથાપન સમયમાં સુખ નિરખે રે રસજુત રસિકા રસાલ ।૭।
ભકત સમાજ ચોહો ફેર બેઠા રે પ્રિયને નિકટ અનુકુલ
કોઉ તિબારી કોઉ ચોક માંહાં બેઠા રે શ્રીમુખ જુએ રસમુલ ।૮।
રસભકત અનેક યુથ ઉભારે રસ ભાવે ભર્યા અનુરકત
કોઈ ચોક માંહાં કોઈ વેદી ચોતરે રે કોઈ જલઘરે છે આશકત ।૯।
કર્યા છે શ્રૃંગાર વિચિત્ર ભાંતે રે ઉષ્ણ રીતુ એ જે જે સોહે
સુક્ષ્મ ભુષણ પહેર્યા છે રે શ્વેત સાડી એ પ્રિય મોહે ।૧૦।
એણી પેરે રસ ભકત યુથ બહુ રે પ્રિય સનમુખ ઉભા રાજે
અવિલોકે શ્રી મહાપ્રભુજીને રે રસ ઉદબોધ અંગ ભ્રાજે ।૧૧।
તેહ જોઈ વહાલો રીઝે રે ચિતવની કરે છે રસાલ
મુસકની મૃદુલ ઉભય પાસે રે હોય છે તે તત્કાલ ।૧૨।
એણી પેરે પ્રિય તણાં સુખ પેખે રે સ્નેહ સહિત મન રંગે
વહાલોજી ચિતવે ચંચલ નયણે રે ભરી ભરીને તે ઉમંગે ।૧૩।
ઉષ્ણ રીતુ રલીયામણી રે ભકત બેઠક એહ સમારી
ચોહોફેર છીરકી છે શીતલ જલ રે તેહ શોભા સુખકારી ।૧૪।
બાંધ્યો છે સમિયાણો શ્વેત સુખદ રે ઝાલર સહિત તે દિસે
ગાદી તકિયે શ્વેત બેઠા છે પ્રિય રે તેહ જોઈ મન હીસે ।૧૫।

પછવાડી શ્વેત શૈયા તણે ઠોર રે બાંધી છે તેહ જગમગતી
પંગતી ભકતની શ્વેત સોહે રે તિબારી મધ્યે પ્રિય લગતી ।૧૬।
પહેર્યા છે વસ્ત્ર શ્વેત સહુ કોયે રે ભગવદી સમાજ અહી રાજે
ભકત મંડલ મધ્યબેઠા પ્રિય રે શ્વેત ધોતી ઉપરેણો ભ્રાજે ।૧૭।
શ્રી અંગે શ્વેત ચંદન પહેર્યું રે ભોજન કરી પોઢયા જયારે રંગે
તેહ ચંદન હવે અહીયે દિસે રે કહીં કહીં શ્રી અંગ સંગે ।૧૮।
ઉષ્ણ રીતુ મહા સુખ તણું ધામ રે નિરખતા હોય આરામ
ગાદી તકિયે બેઠા રસદાન આપે રે રસિકાના પુરે રસકામ ।૧૯।
ખવાસજી બીડું ત્યાંહાં લેઈ આવ્યા રે શ્રી પ્રભુને આરોગાવે
પ્રથમ બીડુ જે મુખમાં હતુ રે તે મુકે પ્રિય રસ ભાવે ।૨૦।
આપે દાન અધરામૃત સાર રે ભકતને બહુ રસે પોષે
વલતુ કરે પ્રિય જલપાન પ્રિતે રે રસ રીતે સહુ તે સંતોષે ।૨૧।
બીંડું આરોગે ચાંપુ એ ચમકતે રે શ્રી મુખ વિકસીત રાજે
લઘુ લાઘવે તે માંહાં ધરીયુ બીડું રે ઉદબોધ રસસુ તે રાજે ।૨૨।
વલતું આરોગે ચુનોને કપુર રે વહાલોજી મહા સુખ દેણ
ગાદી તકિયે બેઠા છે રંગે રે બોલે પ્રિય મીઠા તે વયણ ।૨૩।
અધર અરૂણ ગહેરો ચલકે રે તે જોઈ રસિકા તે રીઝે
મૃદુલ મનોહર અધર રસિક રે અવિલોકતાં કાજ સીઝે ।૨૪।
અધર પલ્લવ માંહે રેખા રસાલ પીક રસે ભરી સોહે
આશકત ભકત તણું એ છે ઘન રે અધર પલ્લવે મન મોહે ।૨૫।
પ્રિયને નિકટ બેઠા ગુણીજન ગાયે રે ભાંત ભલી તે અનુપ
સુઘડ ગુણી એ ગાયક છે ભલા રે ગાન કરે સુખ રૂપ ।૨૬।
રીઝવે શ્રી મહા પ્રભુને પ્રિતે રે ગાન તણું તે બંધાણ
કરે છે રાગ રંગ વિવિધ ભાંતે રે સુણે છે તે ચતુર સુજાન ।૨૭।
વચ્ચે વચ્ચે સારંગી વાયે મધુર રે તેહ તણો સ્વર છે રસીલો
ઉદબોધ સહિત ચુટકી દે રંગે રે શ્રી વિઠ્ઠલકુંવર છે હસીલો ।૨૮।
તે સમય કર કમલ ઝલકે રે મુદ્રિકા નવલ આરામ
ગહેરે રંગે પાણ્ય પલ્લવ મુદ્રિકા રે સોહે નંગ અરૂણને શ્યામ ।૨૯।
ચુટીકા દેતા ઝાતકાર અવ્યકત રે થાયે છે વારંવાર
કયારે શ્રી પ્રભુજી તાલી દે રસાલ રે ગાન સુણતાં મહાસાર ।૩૦।
ઉપણ રીતુમાં ઉલ્લાસ સહિત રે કો સમય પ્રિય ગાવા લાગે
દુરીયને કાઢે છે સ્વર મહા મધુર રે તે ભકત સુણે અનુરાગે ।૩૧।
માહા રાજધાની સોહેશ્રી પ્રભુની રે રસભરી રસિકા રસાલ
રાગ રંગે રસ મસી રહી એહરે તેને પોષે કરૂણાલ ।૩૨।
ભાંત ભાંત તણો રસ જે નવિન રે રાજધાની સંગ હોએ રંગે
મધ્ય વર્તી થઈ પ્રિય સંગ રહે રે રાજધાની તે ઉમંગે ।૩૩।

ક્ષણું ક્ષણું પ્રત્યે પ્રિય રહે છે પ્રસન્ન રે રાજધાની પર પ્રિતે
શ્રી મહા પ્રભુ એ રાજધાની તણું રે વરણન કિધુ રસ રીતે ।૩૪।
એ વીણ ક્ષણું પ્રિયને નવ સહે રે કરે છે એહને મહાદાન
એહવી રાજધાની વ્હાલાજીને સોહે રે રસરૂપે છે ભાગ્યવાન ।૩૫।
નવલ નાયક રસસું બિરાજે રે ગાદી સુખદેણ
મિઠી મધુરી કરે પ્રિય ગોષ્ટ રે ત્યારે ચંચલ સોહે નયણ ।૩૬।
ભકત એક ત્યાં મુઠો કરે રે વાત્સલ્ય સહિત અવ્યકત
માખી નિવારે એક ટક સુ રે સુખદ શીરોમણી ભકત ।૩૭।
વલી જયારે શ્રી મહા પ્રભુ પુછે જે કાંઈ રે ઉત્તર આપે છે તેહ
નિકટ બેસીને વહાલો રસ જુએ રે શ્રી અંગ રૂપીયો જેહ ।૩૮।
ભકત ભાગ્યવાન સેવા રે ઉષ્ણ રીતુ તણો લે પ્રકાર
ગુલાબના જલસું ભિજવીને ઘરે રે મુખ વસ્ત્ર વિચિત્ર મહા સાર ।૩૯।
તેહને નેત્રે દે શ્રી પ્રભુજી રંગે રે નાસા એ મકરંદ લે સુદેશ
ગુલાબ જલનો પરાગ મીઠો રે લે છે તે પ્રાણ વરેશ ।૪૦।
કયારે તે ઉપરેણો મુખ વસ્ત્ર તણો રે લેઈ હૃદયા વાર સ્થાયે
રસિકાને રસ ઉદ્બોધ કરે રે મહા રસ અંગ અંગે વ્યાપે ।૪૧।
એહવા ચરિત્ર કરે ઉષ્ણ રીતુ રે વહાલોજી ભકત સુખદાતા
મનવ્રત જાણ શીરોમણી પ્રિય રે સકલ ભાવના છે જ્ઞાતા ।૪૨।
ભાગ્યવાન ભકત કોઈ પંખો કરે રે જલપાન ડબુઓ રહે જયાંહાં
કુંજેને ડબુએ લપેટયા શ્વેત વસ્ત્ર રે વાત્સલ્ય સહિત તે ત્યાંહાં ।૪૩।
જેમ જલ શીતલ થાયે ઘણું રે તે તે કરે ઉપચાર
વસ્ત્ર જલસું ભિંજવીને કરે રે પંખો તે અપરંપાર ।૪૪।
એ જલ ઉપયોગ આવશે પ્રિયને રે જલપાન કરશે તે જયારે
ભકત તણો શ્રમ સુફલ થાશે રે આરોગશે જલ પ્રિય ત્યારે ।૪૫।
કારણ સમજી કરૂણાવર રાયે રે ભકતની સેવા તે માને
ભકત તણો શ્રમ લહી કરે જલપાન રે કરી છે સેવા ભાગ્યવાને ।૪૬।
શીતલ જલ અંગ અંગ સુખદાય રે આરોગતા થાએ પ્રિય પ્રસન્ન
ઉષ્ણ રીતુ તણાં સુખ નિરખે હરખે રે રસભર તે ભાવાપન્ન ।૪૭।
શ્વેત માખી વરજણાસું વરજે રે માખી તે ભકત ધરી નેહ
માખી વરજણામાં સોંઘો મહમહે રે પરાગ લે છે પ્રિય તેહ ।૪૮।
ચોંપ કરી એક ચિત્ત સોહે રે માખી વરજતાં તે ભકત
ઉષ્ણ રીતુ માખી વરજી જોઈએ રે બહુ પેરે તે અવ્યકત ।૪૯।
અનુકરત ભકત કરે છે તે સેવા રે વિધી વિધી તે અપાર
વહાલા સુદેશ સૌરભે મેહે મેહે રે ભકતે આપ્યાં છે સાર ।૫૦।
તેહ તણી ટાટી દિધી આસપાસ રે પ્રિયજી બેઠા છે જયાંહાં
એહવા વહાલો તે શીતલ સુખદાયી રે કહી શકીયે તે કયાંહાં ।૫૧।

આસપાસ ટાટી સુભગા નવિન રે વહાલા તણી ઘણું સોહે
રૂકમણી લાલ તે મધ્યે રાજે રે તે શોભા જોઈ ભકત મોહે ૧૫૨૧
છીરકી છે ટાટી શીતલ જલસું રે તે મહેકે સુખરૂપ
પરાગ પ્રેમભર લે છે વહાલો રે તેહ તણો તે અનુપ ૧૫૩૧
ટાટી સુભગા એ સોહાગે પુરી રે પ્રિયને નિકટ રહી રંગે
ઝલકે છે ટાટી ઉધ્યોત જયોતસું રે કનક વરણે તે ઉમંગે ૧૫૪૧
ઉષ્ણકાલ રીતુ એ એ સુખ તે સોહે રે પ્રિયજી કરે રસ ભોગ
ઉથાપન સમય ગાદી તકિયે બેઠા રે હોય બહુ પેર ના સંયોગ ૧૫૫૧
એ રસ સુખ અનુભવી તે પ્રીછે રે બીજુ કોઈ તે નવી જાણે
દાતા ભોકતા તણું મન તે લહે રે મુખે કરી શું શું વખાણે ૧૫૬૧
શાસ્ત્ર સિધ્ધાંત વિષેશણ જે રે અણું માત્ર હું નવી પ્રિછું
સ્વરૂપ રૂપીયો અનુભવ રસ જે રે આઠો પહોર તેહને ઈચ્છું ૧૫૭૧
વિશેષણ માત્રને સકલ શાસ્ત્ર રે તેહનું મારે નથી કાજ
અનુભવી પદારર્થ જે મે અનુભવ્યો રે માહારે તે અર્થ છે મહારાજ ૧૫૮૧
તે માટે લખું છું લેખને એ પ્રિતે રે અનુભવી લીલા રસાલ
અનુભવ માંહાં મન મગ્ન થાએ રે કરૂણા કરે કરૂણાલ ૧૫૯૧
શ્રી પ્રભુ સંગ સહાય કરે છે રે મેં કર્યો ચિત્તમાં નિરધાર
તેણે કરી લેખન તે લખાએ રે નવિન વિચિત્ર રસ સાર ૧૬૦૧
અનુભવી શ્રષ્ટિને અનુભવ તે થાએ રે એ પ્રસંગ સુણતાં તતખેવ
પ્રિય તણાં સ્વરૂપને કાજે લોચે રે ચૌદ ભુવન તણાં દેવ ૧૬૧૧
પણ તેહ તણી યોગ્યતા અહીં નથી રે એ સ્વરૂપનો અનુભવ કરવા
પ્રાગટય અતુલ અસાધારણ રે રસભકતના ચિત્ત હરવા ૧૬૨૧
તે તારતમ્ય રસિકા લહે રે અનુભવે રસ બહુ પ્રિતે
જે જે શ્રી અંગરૂપી રસ છે સમુલ રે સુભગા જુએ રસ રીતે ૧૬૩૧
ભાગ્યવાન ભકત પંખા કરે છે રે ઉષ્ણ રીતુ લહીને તે મોદે
દીનત્વ સહિત કર માંહાં રાજે રે પંખા તે પરમ પ્રમોદે ૧૬૪૧
જેમ જેમ પ્રિયને રૂચે તેમ તેમ કરે રે સ્નેહ ભર્યા અનુરાગી
પંખો ફેરવતા થરકે છે મનડું રે ભકત તણું પ્રેમે પાગી ૧૬૫૧
રખે જાણે વયાર થોડો ઘણો આવે રે વહાલે રૂચે કહી ભાંત
તેહ પ્રકાર મન માંહે વિચારી રે કરે ભકત પંખો ઘરી ખાંત ૧૬૬૧
શ્રી પ્રભુ પરમ પ્રસન્ન થાએ રે એ તણો ભાવ જોઈ હરખે
એહના સમાધાન અર્થે કહે રે વહાલા વચન રસ વરખે ૧૬૭૧
સેવા એસી ભાંતી કરી ચાહીયે રે સ્નેહ સું રાજય ભરીય
એહ વચન સુણી ભકત હરખે રે કરે છે પંખો ફરી ફરીય ૧૬૮૧
જેમ પ્રિયને રૂચે તેમ કરે રે પંખો સુખદ સુખદાય
ભાવ ભરે ભકત ભેદ વિચારે રે પ્રિતમ પ્રસન્ન તે થાય ૧૬૯૧

પંખો ઝલકે ઝાતકાર શું નવિન રે પ્રવિણ ભકતને કર સોહે
મોર પંખ તણો વિચિત્ર લાગે રે પંખો જોઈ સહુ મોહે ૧૭૦૧
તેહ તણો પવન શીતલ સુખકારી રે આવે છે તે ઘસમસતો
જઈ મલે પવન શ્રી અંગ સંગ રે પ્રેમ સહિત અતિ હસતો ૧૭૧૧
તે પ્રિતમજીને પ્રિય છે ઘણું રે પરાગ યુત માહાલે
શ્રી અંગ સંગ સ્પર્શ કરતાં રે ધોતી ઉપરેણો હરખે હાલે ૧૭૨૧
એણી પેરે પંખાની વયાર આવે રે પ્રિય કહને તે મન રંગે
કેશ ફર હરે આનંદ તણી રલી રે વલી વલી તે ઉમંગે ૧૭૩૧
તે છબી જુએ છે રસિકા તે રસિક રે ત્યારે સર્વાંગ તે થરકે
આતુર ચિત્ત થયું પ્રિયને મલવા રે સકલ ઈન્દ્રિય તે ફરકે ૧૭૪૧
દેહ તણી તે સુરતિ નવી રહે રે અશકત ભકતને લેશ
સ્વરૂપ માંહે મન મગ્ન થઈ રહયું રે રસ ભાવ સહિત સુદેશ ૧૭૫૧
મનોરથાંત પહોંચાડે છે પ્રિય રે અવસ્થા એહો તણી જાણી
શ્રી મહા પ્રભુ દાન આપે વિચિત્ર રે રસ ભર માંહે સાણી ૧૭૬૧
બહુ પેરે પંખો પ્રિતમજીને થાએ રે આશકત ભકતને મોહવા
જેમ જેમ કેશ વસ્ત્ર ફરહરે રે ચિત્ત અકુલાએ શ્રી અંગ જોવા ૧૭૭૧
ધોતી મહિન ફરફરતી સુદેશ રે તે માંહાંથી મધ્યશ્વેત ઝલકે
તે અવિલોકતાં પ્રેમ સહિત રે પ્રેમદાના મન ઢલકે ૧૭૮૧
પંખેથી તે પવન આવે રે મંદ મંદ મધુર અવ્યકત
વહાલાજીને સુખદાયક છે રે કરે પંખો અનુરકત ૧૭૯૧
સ્નેહ સહિત અંગ અંગ થરકે રે અમિ સુકાયાં તે જાય
એણી ભાંતસું કરે છે પંખો રે ભાગ્યવાન સુખદાય ૧૮૦૧
ઉષ્ણ રીતુ રસિકાને ગમે રે બહુ પેરે પ્રિય સંગે
શ્રી અંગ લલકે ઉદબોધ રસ ભર્યું રે અવિલોકીયે તે મન રંગે ૧૮૧૧
કનપટી આગલા કેશ ફરહરે રે પંખાને પવન અનુપ
અંબોડલો પીઠે ઝલહલતો થરકે રે શ્યામ સચિકણ સ્વરૂપ ૧૮૨૧
પંખાને પવને લસીખસી આવે રે કેશ સુદેશ સુખદાયી
તે વહાલોજી ઉચા તે વાલે રે કર કમલે મન ભાયી ૧૮૩૧
તે સમય પહોંચલો ઝલકે રે મુદ્રિકા સહિત સુદેશ
શ્રી મુખ કમલ કાંત છે નવિન રે પ્રવિણ સુખદ રસ વેસ ૧૮૪૧
ભાલે ઝલકે છે રેખા તે રસિક રે તિલક તણી સુખકારી
શ્યામ રેખા સોહે તિલક મધ્યે રે ઝલહલે વિચિત્ર તે ભારી ૧૮૫૧
પંખો કરતાં ભકત નિરખે શ્રીમુખ રે ફરી ફરીને અનુરાગી
નવલ ભ્રકુટી નૌતન ગતિ સોહે રે મોહે તે ભકત પ્રેમે પાગી ૧૮૬૧
પાતલી સુભગ સચિકણ સુદેશ રે ભ્રકુટી શ્યામ અંગ રાજે
પંખાને પવન ફરફરે વરૂણી રે નોતન રસ ભ્રુઅ તે ભ્રાજે ૧૮૭૧

નેત્ર કમલ તણી ચપલતા ચમકે રે ઝલકે છે વારંવાર
શ્વેત અરૂણ શ્યામ અંગે રસાલ રે નેત્ર વિચિત્ર મહાસાર ૧૮૮૧
રાજસ તામસ સાત્વિક ભકત રે એ ત્રણેયનો અહીંય નિવાસ
યથા યોગ્ય નેત્રે મધ્યે વિલસે રે હુલસે છે એ રસ રાસ ૧૮૯૧
એણી પેરે ભકત નેત્રમાં વસી રે રસ્યા છે રસિલે તે રંગે
નેત્રને નિકટ નાસા છે રસિક રે નૌતન ઝલકે છે ઉમંગે ૧૯૦૧
ગલસ્થલ જગમગ જયોત થાએ રે પ્રેમદા જુએ છે ઉમાહે
વિહવલ થયાં સુભગાજે રસિક રે ગલસ્થલ રૂપી રસ ચાહે ૧૯૧૧
ઉષ્ણ રીતુ એ શ્રીમુખ ચલકે અવ્યકત રે રસભર પરમ રસાલ
શ્રી કર્ણ નવલ રસે મન રંજે રે રસિકા તણાં તત્કાલ ૧૯૨૧
મૃદુલ મનોહર સુખદાતા રે કર્ણ કારણ યુત રાજે
મધ્યવર્તી થઈ રસવાત સુણે રે અભિનવા શ્રી કર્ણ ભ્રાજે ૧૯૩૧
પંખા તણે પવન ફરહરે રે સુક્ષ્મ બાલ છે કર્ણે
તે જોઈ રસિકા મન રંજે રે બાલ છોટે છોટે વર્ણે ૧૯૪૧
કો સમય મુકતામણી પહેર્યા રે કર્ણ આભરણ સુદેશ
કયારે ચંચલ ચપલ ચલકે રે હિરોટી કર્ણે રસ વેસ ૧૯૫૧
ફરહરે મોહસર પંખો કરતાં રે તે શોભા છે રસાલી
શ્રીજી શ્રીકર કરીયને તે સુધારે રે રસિકાએ રસસું નિહાલી ૧૯૬૧
પ્રિય તણી મોહસર પરમ રસિલી રે વસીલી કરે રસ તણીય
નવિન ભાંત ઝલકે ચલકે રે સુખ મોહોસર સોહામણીય ૧૯૭૧
અધર મધુર મહે છે મૃદુલ રે અરૂણ રંગ છે રસિલો
તે જોઈ રસિકાને ઉદબોધ થાયે રે અધર પલ્લવ છે વસીલો ૧૯૮૧
ઉષ્ણ કાલે ઝલકે છે અધર રે તે જોઈ જોઈ મન લલચાયે
સ્નેહ સહિત સુભગા જે રસિક રે પાન કરવા અકુલાય ૧૯૯૧
અંતર રમણે જઈયને મલે રે અધર મધુર તણે સંગે
બહુ રસ ભેદસું વિલસે વીનતા રે અધર પલ્લવ સંગ રંગે ૧૦૦૧
રીઝે છે ઉભય સ્વરૂપે અંગે અંગે ઉમંગ ભર્યા અનુરાગી
દાતા ભોકતા મહા રસિક રસવાન રે કરે અધરદાન પ્રેમે પાગી ૧૦૧૧
તેણે કરી મનને ચેન ન હોય રે અધર પાન કરે પ્રિતે
અધર અદ્‌ભુત છે શોભાયમાન રે ગહેરે ચમકે રસ રીતે ૧૦૨૧
તેજ પુંજ અરૂણતા કહી નવી જાએ રે અધર મધુર છે નવિન
બીડું આરોગે શ્રીમુખ માંહાં રસાલ રે વહાલોજી છે તે પ્રવિણ ૧૦૩૧
હરપટી હંસી રહી છે તે સુદેશ રે ઝલકે ચલકે સુખરૂપ
એહ તણી લાવણ્ય જોઈ જોઈ રંજે રે રસિક ભકત તે અનુપ ૧૦૪૧
હારંદ્ર લહે હરપટી રસિકાનું રે આપે રસદાન બહુ જુકત
રીઝવે ચતુરા એ સ્વરૂપ ઉભયને રે જાણે છે નવનવી ઉકત ૧૦૫૧

ઉષ્ણ રીતુ એ શ્રીમુખ શોભા અવ્યકત રે જોઈ જોઈ રસિકાને જે રંજે
શ્રીમુખ કમલ કમનીય રે લહ લહે છે રસ પુંજે ।૧૦૬।
આતુર થઈ અવિલોકે રસિકારે તે શોભા સુખકારી
મુખાંબજ તણી છબી છટીલી છટકેરે પ્રેમદાએ તે ચિત્ત ધારી ।૧૦૭।
ગ્રીવા ગૌર રસિલી રસાલ રે માલા પહેરી ત્યાં સોહે
તેહ ચલકે નૌતન નવ નવ રંગે રે ઉમંગે ભકત જોઈ મોહે ।૧૦૮।
રસભર રસિકા અવિલોકે રંગે રે મનડું ગ્રીવાએ તે અટકે
..... ।૧૦૯।
ઉદબોધ પ્રગટે ગ્રીવાને જોઈ રે મોહી રહયા ભાવાપન્ન
ગ્રીવાના સુખ સુરતેજ લહે રે સુભગા તણું મન તન ।૧૧૦।
પ્રિયજી ગાદી તકિયે સોહે રે ઉથાપન સમય મન રંગે
ભકત સમાજ એ સ્વરૂપને જુએ રે પરમ પ્રસન્ન ઉમંગે ।૧૧૧।
ઉષ્ણ રીતુએ શ્રીઅંગ છબી છે રસાલી રે નિહાલી તે પ્રેમદાએ તે પ્રિતે
ચમકે ખંભા ચોરસ સુખકારી રે તેજ પુંજ રસ રીતે, ।૧૧૨।
તેહ જોઈ સુભગા રંજે રે ખંભા તણાં રસદાન
અહીંયે ઉપરેણો જનોઈ બિરાજે રે દિસે છે શોભાયમાન ।૧૧૩।
પંખાને પવને હાલે મ્હાલે રે હૃદય ઉપર સુખકારી
હૃદય વિશાલ રસાલ અનુપ રે સુખરૂપ કેમ કહું ઉપચારી ।૧૧૪।
.....
..... ।૧૧૫।
અહીંએ રંજે રસિકા રસવસ રે યશ બોલે છે હૃદય તણીય
ઉરોજ સુખદ હૃદય પર રાજે રે તેહ માંહાં છે રસ સોહામણોય ।૧૧૬।
નવલ બીટડી નવરંગે દિસે રે ઉરોજપર રસરૂપ
આસપાસ ફરતાં ત્યાં બાલરે મંડલાકારે અનુપ ।૧૧૭।
કોઈ સમય પ્રિયજી તેહને તે ગ્રહેરે શ્રી હસ્ત કરી દે દાન
બાલ મીસે ભકત મંડલ એહ રે કરે છે રસિલુ તે પાન ।૧૧૮।
એહવા ઉરોજ બીટડીસું બિરાજે રે મોહી રહયા રસબાલ
પસવાડા પ્રૌઢ ગંભીર ગહેરા રે અનીરવચનીય કેલી રસાલ ।૧૧૯।
સ્પર્શતા સુખ સાગરની લહેર રે ગહેરી ઘાયલકરે પ્રિતે
રસિકાના અંગ અંગસું છેદે રે વેધે છે રસ રીતે ।૧૨૦।
એહવા પસવાડાં પ્રિતમના સોહે રે સુખદ શીરોમણી સાર
એહ તણું સુખ સુભગા તે લહે રે અભિશરણે અપરંપાર ।૧૨૧।
ઝલકે ઉદર આનંદમઈ રે પ્રિય તણું પરમ નવિન
ગાદી તકિયે ઉથાપને બેઠા રે શ્રી વલ્લભજી તે પ્રવિણ ।૧૨૨।
ભકત સમાજ તે નિરખે સંગે રે શ્રીઅંગ છે સકુમાર
કોઈ જુએ બાહો રસિલ સુભગ રે વસિલ અનુપમ સાર ।૧૨૩।

રસ ઉદબોધ સહિત એ બિરાજે રે રસિકાને કરે રસદાન
એ બાંહો તણો રસ છે રસાલ રે વ્રજબાલ કરે છે તે પાન ।૧૨૪।
એક ટક રહયાં કો નિહાલે કોહોણી રે વલણ એહોના સુખકારી
કાંડા પહોંચલા કોઈ જુએ છે પ્રેમે રે પ્રેમવંતી પ્રેમ ઉચારી ।૧૨૫।
અંગુલી દલે મુદ્રિકા દિસે રે ઝલકતી મહા રસ પુંજે
અસિત અરૂણ નંગ પીત બેતી ઉરે મુદ્રિકા જોઈ મન રંજે ।૧૨૬।
શ્રી કરકમલના નખ ચમકે રે નવલી ભાંત રસ રૂપ
પરમ આનંદ યુત પ્રેમ ભર્યા રે વર્યા નખચંદ્ર અનુપ ।૧૨૭।
શ્રી કર કમલ ભિતર ભામિની રે દ્રષ્ટિ કરે મન રંગે
પરાગ લે છે પ્રેમવતી પ્રેમ ભારે રે ફરી ફરી ને તે ઉમંગે ।૧૨૮।
શ્રી કરાંબુજ તણાં કારણ બહુ રે લહે રસિકા એ રસે રમતા
કરતલ કોમલસું પ્રિય કરે રે રસકાજ રસિકાને ગમતા ।૧૨૯।
તેહ ઉદબોધ આનંદનો સાગર રે રસ આગર અભિરામ
પ્રેમદાને તે પોષે પ્રેમ વસથી રે અહરનીસ પુરે તે કામ ।૧૩૦।
એહવા કરાંબુજ શ્રી પ્રભુ તણાં રે વિચિત્ર રેખાસું તે રાજે
છોટી મોટી નાયકા રૂપે રે રેખા કરતલ માંહાં તે ભ્રાજે ।૧૩૧।
અનીરવચનીય શોભા સોહે રે શ્રી કરકમલની જેહ
ઝલકે ચલકે ચમકે ચોહોં દિશ રે કરતલ નવિન છે એહ ।૧૩૨।
કોઈ જુએ ટુંડી કટીલંક બંક રે અંક ભરે અભિલાખી
નિતંબ નવલ નાયકાના દિસે રે કેમ કહી શકીયે તે ભાખી ।૧૩૩।
વિચિત્ર મધ્યસ્થલ પ્રિય તણું સોહે રે અનુભવીનું મન તે જાણે
જંઘા યુગલ યુવતિ તે જોયે રે મહારસ પ્રગટ વખાણે ।૧૩૪।
ધોતી પહેરી છે તે માંહાંથી ઝલકે રે આભા જંઘાની અવ્યકત
નિરખી નિરખી મન વિહવલ થાએ રે અનુરાગે ભર્યા રસ ભકત ।૧૩૫।
શ્રી પ્રભુના ઘુંટણ કો જુએ રે યુગલ વિચિત્ર અનુપ
રસભર રસિકાસું વિલસવા અર્થે રે ઘુંટણ છે સુખરૂપ ।૧૩૬।
ઉભય જાનુ તણી જયોત થાએ રે ઉમાંહે છે ભકત તે નિરખી
કોઈ આશકત આનંદ મને રે શ્રી ચરણાર્વિંદ જુએ હરખી ।૧૩૭।
ઢાકણાં એડી અનીરવચનીય રે ઝલકે છે તે ઝાતકાર
મૃદુલ મનોહર પાહાની પાટલી રે શ્રી ચરણે વરી છે મહા સાર ।૧૩૮।
તેહનું રૂપ અનુપ બિરાજે રે અવિલોકીયે મન રંગે
અંગુષ્ટ અંગુલીદલ વિચિત્ર રસાલ રે રસ બાલ જુએ છે ઉમંગે ।૧૩૯।
નખમણી ચમકે છે ચરણ તણાં રે અરૂણ શ્વેત સુખકારી
શ્રી ચરણાર્વિંદ જગમગે રે જયોતિ અપરમીત ભારી ।૧૪૦।
નિરખીયે ચરણતલાં નિર્મલ રે મૃદુલ મનોહર પ્રિતે
ઉથાપન સમય શ્રીમુખ નિરખ્યું કે ફરી ફરીને રસ રીતે ।૧૪૧।

ક્ષણું અવિલોકીયે શ્રીમુખ રસ રે વશ થઈ રહયાં ભાવાપન્ન
ક્ષણું અંગ અંગની આભા માંહાં ચિત્ત લાગ્યાં રે મગ્ન થઈ રહયું મન તન ।૧૪૨।
એણી પેરે ઉષ્ણ રીતુ તણાં સુખ જોયા રે અનીરવચનીય રસ રાસ
ઉથાપને બેઠા છે પ્રિયજી પ્રિતે રે આસપાસ નિજદાસ ।૧૪૩।
તે અવિલોકે છે પ્રિયને પ્રેમે રે ભાવ અનંત અપાર
રસ ભકત રસવસથી નિરખે રે કેમ કહી શકું તે ઉચ્ચાર ।૧૪૪।
આગલ પ્રસંગ કહેશું તે હવે રે ભકત સમાજ ફુલ ગુંથે
પ્રિતમને નિકટ બેઠા પ્રેમદા રે પ્રેમ સહિત યુથ યુથે ।૧૪૫।
ઉથાપન તણું ઓગણીસમું માંગલ્યરે તે પ્રકાર લખીશે
દાન તણે તે સામર્થ કહું રે લહયું જે જે અનુભવ સખીયે ।૧૪૬।
શ્રી મહા પ્રભુજી રાજ રીતે બિરાજે રે રસિકાને રસ સુખ દેવા
છાબે બેઠા પ્રેમદા પ્રેમવંત રે પ્રિય તણો રસ રમ્ય લેવા ।૧૪૭।
શણગટ સહિત સુંદર લાગે રે સુભગા સૌભાગ્યવતી બહુ
ભાવ સહિત મુસકનીએ દે પાન કરે છે તે સહુઅ ।૧૪૮।
પ્રિય સંગ ચિતવની કરે છે પ્રેમે રે સુખરૂપ કહી કેમ જાયે
વહાલોજી રીઝે છે મનના મન માંહે રે જોઈ હરખ ન માએ ।૧૪૯।

ઈતિશ્રી માંગલ્ય ચુમાલીસમું સંપૂર્ણમ્
સમાપ્તમ શ્રી શુભમ્
શ્રી ગોકુલેશો જયતિ
શ્રી શ્રી શ્રી શ્રી શ્રી

માંગલ્ય - ૪૫

શ્રી શ્રી શ્રી રસ સ્વરૂપ શ્રી ગોકુલેશજી જય જયતિ એ માંગલ્ય પીસ્તાલીસમું લખીએ છે.
ઉથાપનનું ઓગણીસમું માંગલ્ય છે. એ ગાવાને અનુકરણ,
શ્રી ગોકુલનાથ સોહામણાં, એ એણી જાતે ગવાશે.

સુંદરવર સુખદાયક એ ગાદી તકિએ બેઠા મન ભાયક એ ।૧।
ઉથાપન સમય એહવા સુખ સદા એ ભકત સમાજ અવિલોકે છે મન મુદા એ ।૨।
કોઈ બેઠા છે તિબારી માંહાં પ્રિતે એ કોઈ ચોકમાં સોહે છે વિચિત્ર રીતે એ ।૩।
રસ ભકત જુથ ઉભા છે બહુઅ એ રસ ભાવ ભર્યા તે સોહે સહુઅ એ ।૪।
કોઈ વેદી ચોતરે કોઈ ચોક માંહા એ કોઈ બેઠા છે પ્રમોદસું જલઘર જયાંહાં એ ।૫।
એણી પેરે બેઠક ગહેગહી ભર્યું એ શ્રી મહાપ્રભુને જોઈ કોઈનું કાજસર્યું એ ।૬।
તેહ પ્રકાર કહી આવીયો એ અઢાર માંગલ્યે ઉથાપન રસ ફાવીયો એ ।૭।
વલી આ માંગલ્યમાં બહુ રસ કહુ એ ફુલ પ્રોતાં પ્રેમ સહિત શ્રી મુખ ચહુ એ ।૮।
સર્વ મલી એકત્ર ગણના થાએ એ પીસ્તાલીસમું માંગલ્યએ ચિત્તમાં ભાએ એ ।૯।
ભાગ્યવાન એ ભકત પ્રિય જુએ પ્રિતે એ રસ રીતે અનુભવે સુખ વિચિત્ર રીતે એ ।૧૦।
ઓગણીસમું માંગલ્ય ઉથાપન તણું એ વહાલો રસદાન આપે રસિકાને ઘણું એ ।૧૧।
દાન દાતા છે ઉદાર વર એ રસભકતને પોષે પ્રિય રસ ભરે એ ।૧૨।
એથી પાછલે માંગલ્યમાં કહયું એ ઉષ્ણકાલ રીતુ તણું સુખ જે જે લહયુએ ।૧૩।
વલી આ માંગલ્યમાં કહેશું રંગે એ ઉષ્ણ રીતુ તણાં સુખ તે ઉમંગે અંગે એ ।૧૪।
છાંટી છે બેઠક તે નવિન રસે એ જાવદીક રસે સુખમાં મંદિર માંહા લસે એ ।૧૫।
તે જોઈ જોઈ મન ઢરે એ પ્રિય સંયુકત ભકત નિરખીને ચિત્ત ભરે એ ।૧૬।
સુભગ શોભા તે સુંદર લાગે એ પ્રિય નિકટ શોભા જોઈ મન પાગે એ ।૧૭।
ભાગ્યવાન ભકત તે સેવા કરે એ ઉષ્ણ રીતુ પ્રકાર સહુથી ચિત્ત માંહાં ધરે એ ।૧૮।
કરે છે પંખા ભકત મન રલીએ વસ્ત્ર ગુલાબ જલસું તે ભિજવી વલી એ ।૧૯।
તેહ તણી ફુઈ તે ઉડે છે પ્રિતે એ રસ રીતે મલે પ્રિયને વિચિત્ર રીતે એ ।૨૦।
એહ શ્રી અંગ છે સુખદ ઘણું એ શું શું કહિયે વખાણ એ સુંહીત તણું એ ।૨૧।
પ્રમોદ સહિત પ્રિયને સુખ આપે એ વહાલો ફુહી નાયકા તણાં અંતરાય કાપે એ ।૨૨।
ભાગ્યવાન ફુહી એ સુરી સદા એ સુરત્વે જઈ મલે પ્રિયને મન મુદા એ ।૨૩।
અંગ આમોદસું મેહકતી એ ફુહી સુખદ ઉડે છે તે રસ ગતિ એ ।૨૪।
અંગ અંગ પ્રત્યે તે પાગી રહે એ એ ફુહી શ્રી અંગ સંગે લાગી રહે એ ।૨૫।
પ્રેમે પુરી છે સુરી સદા એ ઉષ્ણકાલે ઉપયોગ આવે મન મુદા એ ।૨૬।
એહવી ફુહી અતિ ફુલસું એ મલે પ્રિય સંગ સ્વરૂપ ચિત્તમાં વસ્યુ એ ।૨૭।
એણી પેરે પંખા તે થાએ પ્રિતે એ બહુ કારણ સમજીને તે રસ રીતે એ ।૨૮।
કયારે મોર પંખના સુખદ ઘણું એ વિચિત્ર ભાંતે ચલકે શું કહું તેહ તણું એ ।૨૯।
કયારે વહાલાના સુરંગ અંગે એ મોહેકે પંખા પવને ભર્યા તે ઉમંગ એ ।૩૦।

કયારે ચમલી જલસું ભરી એ	શ્વેત વસ્ત્ર ભિજવે છે માહા સ્નેહ ધરી એ	૧૩૧૧
તેહના પંખા કરે ભકત મન રલીએ	ફુહી ઉદબોધ સું ઉડી પ્રિયને મલે વલીએ	૧૩૨૧
સેવંગી તણું જલ નૌતન એ	તેહને વાળાના પંખા ભીંજવે રસિક જન એ	૧૩૩૧
કરે છે પંખા તેહના મન મુદા એ	ઉષ્ણકાલે ઉપયોગ આવે સદા એ	૧૩૪૧
એહ તણી ફુહી ઉઠે બહુ એ	છોટી મોટી નાયકા એકે ભાવે સહુ એ	૧૩૫૧
ઘસમસ્યા આવી પ્રિયને મલે વલી એ	.....	૧૩૬૧
મનોરથસું કોઈ લાવીયા એ	ફુલ તણો પંખો પ્રિયને મન ભાવીયા એ	૧૩૭૧
વિવિધી કુસુમનો કોમલ ઘણું એ	અદ્‌ભુત દિસે છે રૂપ પંખા તણું એ	૧૩૮૧
સૌરભ અનેક પ્રકારે મહેકે એ	રસભકત પંખો કરે છે કર લહેકે એ	૧૩૯૧
નૌતન પંખો વિચિત્ર સોહે એ	ફુલ તણો તે પ્રિતમજીનું મન મોહે એ	૧૪૦૧
એહ તણો પવન શીતલ રાજે એ	બહુ કુસુમ મહેકે છે પ્રિયના સુખકાજે એ	૧૪૧૧
તેહ તણો પરાગ પ્રિયને પ્રેમે મલે એ	પ્રેમ સહિત પ્રેમદા પર વહાલો રસે ઢલે એ	૧૪૨૧
માંડી છે છાબો બેઠક માંહાં બહુ એ	ફુલ પરોવા બેઠા ભકત અનુરકત સહુ એ	૧૪૩૧
પ્રિયને નિકટ અતિ મોદસું એ	ફુલ ગુંથે છે પરમ પ્રમોદસું એ	૧૪૪૧
જગમગે ફુલ છાબો ભરી એ	ભકતના મન તણી ફુલ તે માંહાં ધરી એ	૧૪૫૧
તેણે શોભાની પરમિત નહી એ	ગુંથે ફુલ પ્રેમદા પ્રેમભર અહીં એ	૧૪૬૧
કર્યા છે શ્રંગાર વિચિત્ર રૂપે એ	ઉષ્ણકાલ રીતુ તણાં તે મહા સુખરૂપે એ	૧૪૭૧
ભુષણ જલહલે બહુ ભાંતે એ	ફુલ ગુંથતા પ્રિયજી જુએ ખાંતે એ	૧૪૮૧
સાડી ચોલી ચમકે ઘણું એ	જુજવે રંગ કેમ કહું તેહ તણું એ	૧૪૯૧
લહેંગા વિચિત્ર ભાંતે રાજે છે એ	સહુ પહેરી બેઠા સુભગા વૃંદ ભ્રાજે છે એ	૧૫૦૧
ભાલે ટીકા જલહલ કરે એ	નેત્ર મધ્યે અંજન પ્રિયનુ મન હરે એ	૧૫૧૧
ચમકે ચોટી પાટી નૌતન ગતે એ	પ્રિય રસિકા સનમુખ જુએ રસ રીતે એ	૧૫૨૧
ત્યારે ઉભય સ્વરૂપે તે રીઝીયા એ	મુસકની મૃદુલ કરતાં કાજ સીજીયાં એ	૧૫૩૧
ફુલ પ્રોએ છે આનંદ મુદા એ	ઉષ્ણકાલે ભકત જુથ મલી સદા એ	૧૫૪૧
છાબે બેઠા અનુરકત સોહે મન રલી એ	સ્નેહ સહિત પ્રિયને જુએ વલી વલી એ	૧૫૫૧
તેહ સમય રસ ભકતના નેત્ર સોહે એ	અનીરવચનીય રસે ચુચુતા જોઈ વ્હાલો મોહે એ	૧૫૬૧
ફુલે પ્રોતા પ્રેમદા અંગે એ	વાધે ઉદબોધ રસ રૂપીયો રસ રંગે એ	૧૫૭૧
તેણે કરી કો પ્રિયને કહે એ	સેને કરીયને સુચવે તે પ્રિતમ લહે એ	૧૫૮૧
ચતુર ચપલ વરને તેડે એ	ત્યારે ઉદ્‌બોધસું વહાલો બહુ રસે રહે એ	૧૫૯૧
રસિકા મહા રસે કરી રીઝવે એ	ફુલ પ્રોવાને ભકત તણાં કાજ સીઝવે એ	૧૬૦૧
કોઈ અકુલાઈને એમ કરે એ	લઘુ લાઘવે મહારાજનું ચિત્ત હરે એ	૧૬૧૧
જેમ કોઈ તે દેખે નહી એ	કાચી કલી ચલાવે પ્રિય પર તે અહીં એ	૧૬૨૧
તેહ સ્પર્શી આવી પ્રિતમ તને એ	સ્નેહભર તકી નાખી તે રસિકા જને એ	૧૬૩૧
ત્યારે વહાલોજી ચોંકયા માહા રસે એ	ચંચલ નયણે ચાહે છે તે રસ વસે એ	૧૬૪૧
વલતા તે રસિકા દ્રષ્ટે પડયા રંગે એ	પ્રેમ સહિત મુસકાયે ઉમંગ અંગે એ	૧૬૫૧
અભ્યંતર થકી મન હુલસીયાં એ	બહુ પેરે ઉભય સ્વરૂપે તે વિલસીયા એ	૧૬૬૧

એ કલી તે કારણમઈ એ	સત્વર ગતિસું પ્રિયને તે મલી જઈ એ	૧૬૭૧
કલી નાયકા તે નવલી ભાંતે એ	પ્રિતમને રસ ઉદ્બોધ કરાવે ખાંતે એ	૧૬૮૧
સુભગા સુરી એ કાચી કલી એ	મહા ભાગ્યવાન માન મુકી વહાલાને મલી એ	૧૬૯૧
તે કલી શ્રી કર માંહાં લઈ એ	ખેલાવે છે મહા પ્રભુ રસદાન દેઈ એ	૧૭૦૧
કયારે વલી લેઈ પ્રિય અધરે સ્પર્શે એ	ત્યારે પ્રેમદા પ્રેમભરી પ્રેમજુત હસે એ	૧૭૧૧
ખેલાવે કલીને વહાલો ખાંતે કરી એ	કયારે નેત્રે દે છે અતિ સ્નેહ ધરી એ	૧૭૨૧
ખેલવણાં મીસે પ્રિય ચરિત્ર કરે એ	રસવાન રસિકા તણાં ચિત્ત હરે એ	૧૭૩૧
કયારે તે કલીને શ્રી હસ્તે ચોલે એ	બહુ ભાંતનો રસ તે ઉપર ઢોલે એ	૧૭૪૧
તેહ જોઈને સુભગા રંજે એ	કલી ચોલતાં શ્રી હસ્ત ઝલકે તેજ પુંજે એ	૧૭૫૧
ગાદી તકિયે ઉથાપન સમે એ	મીઠા ચરિત્ર મીઠો કરે છે સહુ કોને ગમે એ	૧૭૬૧
તેહ રસ પ્રકાર પ્રેમદા લહે એ	બાહાજય થાએ માટે વચને કરી નવી કહે એ	૧૭૭૧
કયારે વહાલોજી અતિ હુલસી એ	નાસા અગ્રે સ્પર્શતાં કલી તે મન વસી એ	૧૭૮૧
ફુલ પ્રોતાં પ્રિય એહવા સુખ આપે એ	રસિકા સંગે સ્વરૂપ રૂપી રસ સ્થાપે એ	૧૭૯૧
તેણે કરી થયા છે વિહવલ મન એ	વહાલાને જુએ રસસું રસિક જન એ	૧૮૦૧
એક એક થકી તે દુરાવી નિરખે એ	ભાવ સમાન પ્રિયનું સ્વરૂપ તે જોઈ હરખે એ	૧૮૧૧
કોઈ તે પ્રિયને દેખાડે પ્રિતે એ	જોડી કલી તે પ્રગટ હવી રસ રીતે એ	૧૮૨૧
જેમ કોહોની દ્રષ્ટે પડે નહી એ	તે કલીને જોઈ વહાલોજી રીઝે છે અહીં એ	૧૮૩૧
સ્નેહસું અવિલોકે ફરી ફરી ઘણું એ	ભાગ્ય સરાહે પ્રિતમજી એ કલી તણું એ	૧૮૪૧
જોડ જડી રહી છે તે મન રલી એ	શ્રી મહાપ્રભુજી જુએ તેહને વલી વલી એ	૧૮૫૧
સુચવે સુભગાને તે સ્નેહ ગતિ એ	એ કલીનો પ્રકાર જોતા વાધે રસ ગતિ એ	૧૮૬૧
ઉદબોધ કરાવે ઉભય સ્વરૂપને એ	જોડી કલી સોહે છે તે પ્રિતમ કને એ	૧૮૭૧
તેહ ફેરવે પ્રિય ભેદ કરી એ	નૌતન વિચિત્ર કલા તે વહાલોજી એ ધરી એ	૧૮૮૧
ફુલ ગુંથતા એહવા દાન આપે એ	પુષ્પ રસ સુખ અંગ અંગ સ્થાપે એ	૧૮૯૧
એહ સુખ દાતા ભોકતા લહે એ	પરસ્પરે સોંપી રહયા છે રસ વસે એ	૧૯૦૧
ફુલ પ્રોતા પ્રેમ વાધીયો એ	પ્રમદાએ પ્રેમ ભર્યો રસ સાધીયો એ	૧૯૧૧
ઉષ્ણકાલ રીતુ રલીયામણી એ	ફુલ ભરી છાબો સોહે બેઠક માંહાં ઘણી એ	૧૯૨૧
ત્યાંહાં બેઠા છે યુવતિ વૃંદ એ	મંજુલ હાસ્યે સોહે છે મંદ મંદ એ	૧૯૩૧
લલકે મુકતા ફલ અધર પર એ	નકવેસર તણું તે જુએ વલ્લભવર એ	૧૯૪૧
તેહ તણી જયોત પ્રિયનું મન રંજે એ	પ્રેમદા તણું મુખ ચલકે રસ પુંજે એ	૧૯૫૧
સકલ શ્રૃંગાર સ્ત્રીય વૃંદ તણો એ	સાડી ઝીણી માંથી ઝલકે છે ઘણો એ	૧૯૬૧
અંગ અનુરાગે ભર્યો દેખીયે એ	પ્રિય સંયુકત એ શોભા સહુ પેખીયે એ	૧૯૭૧
શ્રી મહાપ્રભુનો માંડવો સોહામણો એ	વિચિત્ર ભાંતે જલહલી રહયો મોહામણો એ	૧૯૮૧
આવે ઉપરા ઉપરી જે કો દર્શન કાજે એ	મહાપ્રભુજી બેઠા ગાદી તકિયે રાજે એ	૧૯૯૧
દર્શન કરીય ને આનંદ પામ્યા એ	એ શોભા જોઈયને તે સહુ દુઃખ વામ્યા એ	૧૦૦૧
ફુલ પ્રૌંતા દેખી તે પુછે એમ એ	એ માલણોને મહીનો શું આપે નેમ એ	૧૦૧૧
તેહ વચન સુણી ને વહાલો રંગે એ	હંસી હંસીને હાંસી કરે છે ઉમંગ અંગે એ	૧૦૨૧

મહીના હમ દેત ઈનકુ સદા એ	તાતે ફુલ પ્રોવત હે મન મુદા એ	૧૦૩૧
રોજ પાવત નીત નેગ જબ એ	ફુલ ગુંથત માલેન જો બેઠી સબ એ	૧૦૪૧
ઈનકો પ્રકાર કોઉના લહે એ	ઈહ માલીનકો મહીનાકો કેસે કહે એ	૧૦૫૧
યાકે મહીના હે અગમ્ય અતિ એ	કાહુ યે ન દિયો જાય ચાહે રસ ગતિ એ	૧૦૬૧
એણીપેરે હાંસી પ્રિય કરે મોદે એ	ફુલ પ્રોએ છે પ્રેમદા પ્રેમ ભરી પ્રમોદે એ	૧૦૭૧
એહોને જઈ ઉપરી લોક વલી બોલે એ	ધન્ય માલી માલીન કો એહ તોલે એ	૧૦૮૧
મોટી રાજધાની એ પ્રભુ તણી એ	જેહને બારણે આહાં આવી માલણો રહે છે ઘણી એ	૧૦૯૧
તેહ સુણી વહાલોજી ફુલ્યા અંગો અંગે એ	હાંસી કરે છે રસ ઉદ્બોધે ઉમંગ રંગે એ	૧૧૦૧
હાં હાં એસી માલી અરૂ માલીન સબ એ	રાજધાની માતી ફુલ પ્રોવત અબ એ	૧૧૧૧
હમારે દ્વાર માલી માલેન જોઈ રહે એ	તાકો ભેદ બ્રહ્મા આદિ દે કોઉ ના લહે એ	૧૧૨૧
એહી માલી માલેન કછુ ઓરે રહે એ	સહુ કોઈ આપાપણી ઠોર રહે એ	૧૧૩૧
એણી પેરે હાંસી વહાલો બહુ એ	રસ જુકત મારગે ઉકત તે જાણે સહુ એ	૧૧૪૧
ફુલ તણે મીસે પ્રિય વચન બોલે એ	નિજ ગુપ્ત રસ દ્વાર પ્રિતમ ખોલે એ	૧૧૫૧
તે લહે રસિકા જે ભાગ્યવાન એ	ફુલ પ્રોતાં શ્રી મહાપ્રભુ જેહને કરે દાન એ	૧૧૬૧
પ્રિયને નિકટ બેસી ગુંથે ફુલ એ	કોઈ સમજી સુચવી વહાલાને રસ મુલ એ	૧૧૭૧
ચતુરવર રાય સમુઝે સહુએ	ફુલ પ્રોતા ભકતને ભાવ પ્રગટે બહુ એ	૧૧૮૧
તેહ ભાવ અંગી કરે મન મુદા એ	બેઠા ગુણીજન ગાએ જશ વિવિધી સદા એ	૧૧૯૧
ફુલ ગુંથતા ભકત સુણે પ્રિતે એ	સ્વરૂપ હૃદયારૂઢ થાએ ચિત્ત માંહે રસ રીતે એ	૧૨૦૧
બહુ પેરે ગાન તે ફુલસું થાએ એ	શ્રી મહાપ્રભુ ફુલસું સુણતાં હરખ ન માએ એ	૧૨૧૧
ભકત અનુરકત મનતે ફુલ ઘણી એ	ભાગ્યવાન બેઠક ફુલી રહી સોહામણી એ	૧૨૨૧
જેમ જેમ સંધ્યા સમય ઢુકડો આવે એ	તેમ તેમ કલી ફુલે સહુ રસ ભાવે એ	૧૨૩૧
ભોગવર રાય તેહના કોડ પુરે એ	ફુલી કલી પર દ્રષ્ટિ કરી આરત ચુરે એ	૧૨૪૧
બાગમાંહથી ભકત આવે રંગ ભર્યા એ	શ્રી મુખ જોતાં વહાલોજીએ રસ ભાવે વર્યા એ	૧૨૫૧
ફુલ ફુલી રહયા છે બેઠક માંહે એ	ઉથાપને બેઠા છે પ્રિય ગાદી તકિયે જહાં એ	૧૨૬૧
છાબે બેસવા ઠોર જેહને ન થઈ રહી એ	બહુ ચટાઈ બિછાવી તેહને આપે ઉભા લહી એ	૧૨૭૧
ચટાઈઓ માંહે ફુલના ઢેર કર્યા એ	ફુલ્યા ફુલ ગુંથે છે ભકત ભાવે ભર્યા એ	૧૨૮૧
પગ ધરવા કહી ઠોર નહી એ	ફુલ ગુંથાએ મહાપ્રભુને રાજદ્વાર અહીં એ	૧૨૯૧
તેહ શોભા જલહલી રહી રંગે એ	ભકત સમાજ ફુલ ગુંથે છે ઉમંગ અંગે એ	૧૩૦૧
તૃતીય પહોર થકી ફુલ પ્રોવાએ પ્રિતે એ	પ્રભુ પોઢતા લગી ગુંથી ફુલ રસ રીતે એ	૧૩૧૧
સરવરી થાએ દીવા પ્રગટે બહુ એ	અસંખ્યાત છાબ પરતે દીવા ધર્યા બહુ એ	૧૩૨૧
તેહ સુખ નિરખીયે મન રલીએ	શ્રી માહાપ્રભુને ગાદી તકિયે બેઠા જોયુ વલી એ	૧૩૩૧
રજની તણાં સુખ શોભિએ એ	ફુલ પ્રોતાં વહાલાજીને જોઈ લોભિયે એ	૧૩૪૧
ઝલહલે શ્રી અંગ શોભા એ ભર્યું એ	ચહુ દિશ દિપકની જયોત જોતા કાજ સર્યુ એ	૧૩૫૧
ભકત અનુરકત ઝલકે જયોતસું એ	રૂકમણીલાલ બેઠા સોહે ઉદ્યોતસું એ	૧૩૬૧
કોઈ તણે રસે પ્રિય પાગીયાં એ	ફરી ફરી તે છાબ સામુ જુએ અનુરાગીયાં એ	૧૩૭૧
ફુલ મીસે કાંઈ ટોંક કરે એ	રસ નાયક તે નાયકાનું ચિત્ત હરે એ	૧૩૮૧

કોઈ સમય પ્રિય પ્રેમસું આવી બેઠા એ	છાબ પર ફુલ પ્રોવા વહાલો ઉરમાં પેઠા એ	૧૩૯૧
તેહ સમય ઉચરે જૈ જૈ કાર ભકત એ	સ્વર મધુરા મનોહર જેહ અવ્યકત જેહ એ	૧૪૦૧
સહુ તણે મન અતિ ફુલ વાધી એ	પ્રિતમ ફુલ પ્રોએ બેઠા તેણે પ્રિત વાધી એ	૧૪૧૧
નૌતન રસ નયણે દીઠા એ	રસ ઉદબોધસું ફુલ પ્રોએ પ્રિય મીઠો એ	૧૪૨૧
તેહ સમય શ્રીમુખ સોહે ઘણું એ	કેમ કહી શકું સુખ તે શ્રી અંગ તણું એ	૧૪૩૧
શીષે મોડાસો સોહામણો એ	તર્રો વિચિત્ર દિસે છે મોહામણો એ	૧૪૪૧
સુખદ કેશ કહી કહી દેખિયે એ	વહાલે તિલક ખંડીત અવરેખી એ	૧૪૫૧
શ્યામ રેખા ત્યાં રાજે છે એ	ઉભય ભ્રકુટી મહા ગર્વે ભરી ભ્રાજે છે એ	૧૪૬૧
ફુલ પ્રોતા નેત્ર પ્રિય ચપલ ચાલે એ	છાબે બેઠા છે રસિક તે રસવશ નિહાલે એ	૧૪૭૧
વરૂણી ટોપચા પ્રિયના સુંદર લાગે એ	નાસા પ્રફુલ્લીત જોઈ અને મનડુ પાગે એ	૧૪૮૧
મૃદુલ ગલસ્થલ મનોહર એ	ફુલ ગુંથતા સોહે મહા ઉદબોધ ભરે એ	૧૪૯૧
કપોલ કર્ણ નિકટ ચલકે ઘણું એ	વિચિત્ર ભાંતે કેમ કહીં શકું તેહ તણું એ	૧૫૦૧
કર્ણે કુંડલ અતિ લલકતા એ	નૌતન ભાંતે ફુલ પ્રોતાં ઝલકતાં એ	૧૫૧૧
મોહોસર જોઈ મન મોહી રહે એ	અધર મધુરનો સ્વાદ સુભગા લહે એ	૧૫૨૧
અરૂણ ગહેરે રંગે રમી રહયો એ	રસ ભર્યો અધર રસાલ કેમ જાએ કહયો એ	૧૫૩૧
રસના રસ જુત શ્રીમુખ માંહાં રમે એ	દંતાવલી મલી રહી ત્યાંહાં સહુને ગમે એ	૧૫૪૧
વચન બોલ્યા પ્રિય પ્રેમે ભર્યા એ	ફુલ પ્રોતા રસભાવ બહુ વહાલે ધર્યા એ	૧૫૫૧
ઠોડી ઠૌર તે સુઠોર ઘણું એ	રસ ભર્યું મન લહેતે રસિકા તણું એ	૧૫૬૧
ગૌર ગ્રીવા ગોલ રસે ભરી એ	ત્યાં બહુઅ પ્રકારની માલા પ્રિય ધરી એ	૧૫૭૧
તે લલકી રહી હૃદય પર એ	બેઠા ફુલ પ્રોએ છે શ્રી વલ્લભવર એ	૧૫૮૧
ઉરોઝ ઉતંગ દિસે ત્યાં આનંદ મુદા એ	ઉપરેણો જનોઈ ખંભે રહે સદા એ	૧૫૯૧
ભુજદંડ કોણી કાંડી પહોંચલા પ્રિતે એ	પાણ્ય પલ્લવે ઝલકે રસ રીતે એ	૧૬૦૧
ચપલ કરતલ ચાલે મન રલી એ	પ્રેમદાને પ્રિય મારે કાચી કલી એ	૧૬૧૧
જેમ કોઈ તે દેખે નહી એ	ફુલ પ્રોતાં એહવા ચરિત્ર વ્હાલો કરે અહીં એ	૧૬૨૧
કોઈ પીઠ નિરખી આનંદ પામે એ	કોઈ પાર્શ્વ ઉદર જોતા શીષ નામે એ	૧૬૩૧
ટુંડી કટી લંક લહલહે ભારી એ	ધોતી પહેર્યા છે શ્વેત તે સુખકારી એ	૧૬૪૧
નિતંબ મધ્યસ્થલ શોભિતા એ	સુભગાવૃંદ અવિલોકી લોભિતા એ	૧૬૫૧
વિચિત્ર જંઘા સોહે સુખરૂપ એ	ફુલ ગુંથે પ્રેમે ભર્યા શ્રી ગોકુલ ભુપ એ	૧૬૬૧
ઘુંટણ જાનુ સોહામણાં એ	શ્રી ચરણાર્વિંદ પરમ મોહામણાં એ	૧૬૭૧
એડી પાહની પ્રહસિત સદા એ	ઝલકે અંગુલીદલ નખમણી મુદા એ	૧૬૮૧
નિર્મલ જયોત પાટલી તણી એ	શ્રી ચરણાર્વિંદે પ્રગટી શોભા અતિ ઘણી એ	૧૬૯૧
શ્રી અંગની છબી કોણ કહી શકે એ	ભાવ ભર કોઈ એક અણું માત્ર લખે એ	૧૭૦૧
એ રસ નિપટ અગાધ્ય છે એ	રસ ભકત ભામીની તેહને સાધ્યછે એ	૧૭૧૧
ફુલ પ્રોતાં પ્રિય ચરણ ચાલે એ	રસ ભર રસિકા તે રસ સુખ નિહાલે એ	૧૭૨૧
કરે છે અછોડા વાદોવાદ મલી એ	ભકત સમાજસું પરવર્યા મન રલી એ	૧૭૩૧
કોઈનો અછોડો લેઈ પ્રિય જોડે એ	પ્રેમ ભર ગાંઠ જોડો વહાલો કરે કોડે એ	૧૭૪૧

ત્યારે તે હાંસી બહુ પેરે થાએ એ	પ્રિતમજી એ ગાંઠ જોડો કર્યો તે ચિત્ત ભાયે એ	।૧૭૫।
એણી પેરે મન પ્રિયે મેલાવે પ્રિતે એ	ફુલ પ્રોતાં બહુ ચરિત્ર કરે રસ રીતે એ	।૧૭૬।
અછોડો કરી બદબદાવે કોઈ સંગ એ	દેખું કોહોને બહુત ગુંથ્યા હૈ ઉમંગ રંગે એ	।૧૭૭।
એણે મીસે કરી પ્રિય સ્પર્શ કરે એ	રસિકાના કરતલ માંહાં વહાલો અંક ભરે એ	।૧૭૮।
સ્પર્શતા સુખ ઉભય અંગે હવો એ	રસ ચરિત્ર પ્રગટયા અહી નૌતન હવા એ	।૧૭૯।
ફુલ પ્રોતાં કોઈ સુચવે એમ એ	તમ સંગ મન પ્રોવાયા નેમ એ	।૧૮૦।
તેહ સમજી પ્રિતમ હરખીયાં એ	ફુલ પ્રોતાં પ્રિય ઉદબોધ રસ વરખીયાં એ	।૧૮૧।
ચોહો દિશ ભકત ઉન્મત દિસે એ	શ્રી મહા પ્રભુને ફુલ પ્રોતાં જોઈ મન હીસે એ	।૧૮૨।
પરસ્પરે ભકત સ્નેહ ઘરી એ	કાચી કલી મારે છે એ તે ચતુરાઈ કરી એ	।૧૮૩।
ત્યારે મુસકની કરી આનંદ પામે એ	વહાલાજીનું સ્વરૂપ જોઈ દુઃખ વામે એ	।૧૮૪।
ઉષ્ણ રીતુ સુભગ સોહામણી એ	ફુલ પ્રોએ છે વ્રજનાર મોહામણી એ	।૧૮૫।
અછોડા જોડે ભલી ભાંતસુ એ	નૌતન ભાંતે દેખાડે પ્રિયને ખાંત સું એ	।૧૮૬।
ગાંઠ બાંધી તે ગાઢી ઘણું એ	જણાવે છે પ્રેમદા સ્વરૂપ પ્રિતમ તણું એ	।૧૮૭।
તે સમજી પ્રિય રીઝયા અતિ એ	દાન આપ્યાં રસિકાને મહા રસ રતિ એ	।૧૮૮।
જેહના અછોડા સિધ્ધ થાએ પ્રિતે એ	ભકત છાબ લપેટે તે રસ રીતે એ	।૧૮૯।
સુખદે તે પ્રિયને પ્રેમદા પોતે એ	ફુલ સહિત છાબ સોહે છે ઉધ્યોત જયોતે એ	।૧૯૦।
એણીપેરે ચિત્ત ચક્રાકારે ફરે એ	રાજના શ્રી અંગ પર મન અતિ સ્નેહ ઘરે એ	।૧૯૧।
ફુલસું મન લપટી રહયું એણી પેરે એ	જેમ છાબ પર અછોડા વીંટયા ઉલટ ભરે એ	।૧૯૨।
ભાવ સમજયો પ્રિય રસિકા તણો એ	તેણે કરી રસ પ્રગટયો અહીં અતિ ઘણો એ	।૧૯૩।
અછોડા થરે થર વીંટયા છાબ પર એ	ભકત ભાવ ફુલ્યાં જુએ શ્રી વલ્લભ વર એ	।૧૯૪।
વિચિત્ર ફુલે ભર્યા બેઠક શોભિયે એ	પ્રિય સંયુકત માહા ઉકત રસ લોભિયે એ	।૧૯૫।
ફુલ તણો રસ અનુભવી લહે એ	લેખનમાં લખી કોઈ કેમ કહે એ	।૧૯૬।
નિત્ય લીલા માંહાં રસ નીત નવા એ	ફુલ પ્રોતાં બહુ ભાવ પ્રગટ હવા એ	।૧૯૭।
ઝલહલે ઉધ્યોત ફુલ તણી એ	છાબ પર શોભા સોહે સોહામણી એ	।૧૯૮।
તેહ જોઈ મનડું રંજે એ	ભકત સમાજ ઝલકે છે તે તેજ પુંજે એ	।૧૯૯।
એણી પેરે ફુલ પ્રોયાં પ્રિતે એ	ઉથાપનને રજની એ વિચિત્ર રીતે એ	।૨૦૦।
પ્રિય સંયુકત સુખ બહુ શોભિએ એ	વ્હાલોજી ગાદી તકિએ બેઠા છે જોઈ લોભિયે એ	।૨૦૧।
ઉષ્ણકાલ ઉથાપન સમય મીઠો એ	ઠાકુર દ્વાર પધારતાં નયણે દિઠો એ	।૨૦૨।
વાગો પહેરીને તત્પર થયા એ	રસભકતનો મનોરથ લહી કરી દયા એ	।૨૦૩।
તેહ પ્રકાર રસ પાત્ર લહે એ	બીજુ કોઈ વચને કરી કેમ કહે એ	।૨૦૪।
જાંહાં જઈ લીલા એ વિસ્તારસે એ	રસિકા સંગ મહાપ્રભુજી રસવસે એ	।૨૦૫।
ગુપ્ત પ્રગટ રસ ચરિત્ર કરે એ	બહુ પ્રકારે વહાલો પ્રેમદાનું મન હરે એ	।૨૦૬।
દાતા ભોકતા તણું મન જાણે એ	વિવિધી પ્રકારે રસ વિલસી હુલસી વખાણે એ	।૨૦૭।
એતદ અર્થ ઠાકુર દ્વાર પધારે રંગે એ	રસભકત સમાજ સોહે સહુ સંગે એ	।૨૦૮।
ઉમંગ ભર્યા પ્રિયને સંગ ચાલે એ	રસ રૂપી મનોરથ ચિત્ત માંહાં માહાલે એ	।૨૦૯।
તેહ પ્રકાર અનુભવી જાણે એ	રસ ભકત અનુભવ રસ ચિત્ત માંહાં આણે એ	।૨૧૦।

શીતકાલે ભોજન કરી પધારે પ્રિતે એ	ઠાકુર દ્વાર વહાલોજી તે રસ રીતે એ	૧૨૧૧
પેંડા મધ્ય સુખ તે હોય ઘણાં એ	શ્રી મહાપ્રભુજીના વચનામૃત ને શ્રી અંગ તણાંએ	૧૨૧૨
તેહ લખીએ તો પાર આવે નહી એ	કરે લીલા વહાલોજી જે પ્રમાદે પ્રમોદે અહીંએ	૧૨૧૩
ઠાકુર દ્વાર તણી લીલા સુચન કરીએ	અનુભવીને અનુભવ થાએ ફરી ફરી એ	૧૨૧૪
રીતું રીતું તણાં સુખ અભિનવા એ	ચાતુર માસે પેંડે રસ સુખ બહુ હવા એ	૧૨૧૫
ગોપ્ય લીલા ઠાકુર દ્વાર થાએ રંગે એ	ચરિત્ર કરે પ્રિતમજી રસિકા સંગે એ	૧૨૧૬
નાના પ્રકારે રસ વિલસે ઘણું એ	શું શું રસ સુખ ઠાકુર દ્વાર તણું એ	૧૨૧૭
રસવસથી માહારાજા લીલા કરે એ	ઠાકુરદ્વાર ને શ્રી ગોકુલભકતના વિત્ત હરે એ	૧૨૧૮
અનુભવી પાત્રનું મન લહે એ	બીજુ કો તે વચને કરી કેમ કહે એ	૧૨૧૯
ઉષ્ણકાલ રીતુ છે આનંદ ભરી એ	ઉત્થાપને ભકત પ્રિયને જુએ સ્નેહ ધરી એ	૧૨૨૦
સ્વરૂપ પ્રિતમ તણું મહા રસે ભર્યું એ	અંગ અંગ અવિલોકતા રસકાજ સર્યું એ	૧૨૨૧
ઝાકમઝોલે ફુલ પ્રોવાએ છે એ	બેઠક તે મધ્યે પ્રિયનું સુખદાયે છે એ	૧૨૨૨
છાબ છાબ પ્રત્યે બહુ જુથ સોહે એ	ગાદી તકિયે બેઠા છે વલ્લભવર મોહે એ	૧૨૨૩
શોભા અસાધારણ દેખીયે એ	માહા રમ્યરસ એણે માંડવે પેખીયે એ	૧૨૨૪
આધિદૈવીક શોભા તે લાજી ગઈ એ	પ્રિયને સોહાગે ભરી શોભાએ ગાજી રહી એ	૧૨૨૫
પરમ પનોતી એ પ્રેમે ભરી એ	ભાગ્યવાન પ્રિયના સુખ અર્થ વિસ્તારી એ	૧૨૨૬
એહવી શોભા છે પ્રિતમતણી એ	અસંખ્યાત પ્રગટી કોણે નવી જાએ ગણી એ	૧૨૨૭
જયાંહાં ત્યાંહાં શોભા શોભા મઈ દિસે એ	એહવી વિચિત્ર શોભાને જોઈ મન હીસે એ	૧૨૨૮
ફુલ પ્રોતાં તે ફેલી રહી એ	એણે માંડવે બહુ શોભા છેલી રહી એ	૧૨૨૯
તેહ સુખ લહે અનુભવી પાત્ર એ	હું માંહાં કયાંથી એ રસ કહેવા તણું ગાત્ર એ	૧૨૩૦
સુચન માત્ર કાંઈ એક કહયું એ	શ્રી મહાપ્રભુની કૃપા થકી જે જે લહયું એ	૧૨૩૧
બીડુ મુકી જલપાન કરે એ	ઉથાપન સમય ભકતના ચિત્ત હરે એ	૧૨૩૨
તેહ સમય કરપલ્લવ શોભિએ એ	જલપાન કરતાં જોઈ લોભિએ એ	૧૨૩૩
આરોગે બીડું વહાલો રંગ ભર્યા એ	ભકત સમાજના પ્રિયજી એ ભાવ વર્યા એ	૧૨૩૪
ચુનો કપુર લે વહાલો રંગ ભર્યા એ	ભકત સમાજના પ્રિયજી ભાવ વર્યા એ	૧૨૩૫
ચુનો કપુર લે વહાલો સદા એ	ફુલ પ્રોતાં ભકત સમાજ જુએ મન મુદા એ	૧૨૩૬
તેહ સમય મુદ્રિકા સુભગ લાગે એ	પાણ્ય પલ્લવે પહેરી જોઈ ચિત્ત પાગે એ	૧૨૩૭
બીડુ આરોગ્યા વ્હાલો રંગરસે એ	અદ્‌ભુત લાવણ્ય શ્રી અંગ અંગ પ્રત્યે લસે એ	૧૨૩૮
ફુલ ગુંથતા ભકત જુએ પ્રિતે એ	પ્રગટે લાવણ્ય રસ ભરી જે રીતે એ	૧૨૩૯
તેહ સુખ જોઈ જોઈ મન રંજે એ	ગાદી તકિયે બેઠા ચલકે પ્રિય તેજ પુંજે એ	૧૨૪૦
અનીરવચનીય રસ દેખીયે એ	અદ્‌ભુત શોભા શ્રી અંગ તણી પેખીયે એ	૧૨૪૧
તે જોતાં મનડું ઠરે એ	બહુ ચરિત્ર પ્રિય પ્રણય ભર્યુ કરે એ	૧૨૪૨
ઉષ્ણ રીતુ સુખદ શોભા એ ભરી એ	વિચિત્ર વરણ કરી વહાલાજી એ વરી એ	૧૨૪૩
માહારાજા રાજેશ્વર રાજે અંગે એ	શ્રી ગોકુલ માંહાં ક્રીડા કરે ભકત સંગે એ	૧૨૪૪
રીતુ રીતુ તણો રસ નૌતન એ	ભુકતે ભાવસહિત એ રસ પુંજન એ	૧૨૪૫
આગલ પ્રસંગ કહું વલી એ	ચાતુર માસની લીલા તે મન રલી એ	૧૨૪૬

છેતાલીસમે માંગલ્યે તેહ પ્રકાર કહેશું એ	મિત્ર વિચિત્રની કરૂણાભરથી જે લહેસું એ	૧૨૪૭૧
પાર્વતી પતિ છે મહા મનોહર એ	રસ રૂપી રસિકાને કરે રસદાન એ	૧૨૪૮૧
તેણે કરી રસ જ્ઞાન પ્રગટે પ્રિતે એ	રસિક લીલા પ્રિયની લખું વિચિત્ર રીતે એ	૧૨૪૯૧
સુખ નીધિ વરને લડાવીએ રસે એ	ઉદ્બોધ ભર્યું સ્વરૂપ સર્વાંગે માહા રસે લસે એ	૧૨૫૦૧
તેહ રસ સુખ કેમ વચને કહુ એ	પ્રિય તણો રસ રમ્ય અનુભવે લહુ એ	૧૨૫૧૧
વિઠલકુંવર કારણમઈ સોહે એ	ગાદી તકિયે વહાલાજીને જોઈ ભકત મોહે એ	૧૨૫૨૧
ઉથાપન રસ સુખ નયણે દિઠો એ	શ્રી વલ્લભે બહુ ચરિત્ર કર્યા અદ્ભુત મીઠો એ	૧૨૫૩૧

ઈતિ શ્રી પીસ્તાલીસમું માંગલ્ય સંપુર્ણમ્
હવે માંગલ્ય છેતાલીસમું લખીશે
ઉથાપનનું માંગલ્ય ઓગણીસમું છે.
સમાપ્તમ્
શ્રી શ્રી શ્રી શ્રી શ્રી

માંગલ્ય - ૪૬

શ્રી શ્રી શ્રી ગોકુલેશો જય જયતિ

એ માંગલ્ય છેતાલીસમું લખીએ છીએ, એ ગાવાને અનુકરણ, "બહેન બેલડી રે એહનું વલણ, સોહે રે ગહેવર ગહુલી, ઉપર મોતિ સાથીયા" એણી જાતે ગવાશે. ।। શ્રી ।।

કારણમઈ કરૂણાલ વહાલો વલ્લભ તે સોહે ઘણું એ
ઉથાપન સમય ગાદી તકિયે બેઠા છે વિચિત્ર સ્વરૂપ સોહામણું એ ।૧।
આનંદ મઈ આનંદકારી આનંદ વૃષ્ટિ કરે બહુ
ઉદ્બોધ રસ આનંદરૂપ ભકતને હૃદયે સ્થાપે સહુ ।૨।
તેણે કરી સહુકો આનંદ પામે શ્રીમુખ જુએ મનની રલી
અનેક ભાંતે પ્રગટ હોએ ભાવ તણી વીધિ નૌતન વલી ।૩।
ક્ષણું ક્ષણું પ્રત્યે સુખ નવનવાં દેખીએ પ્રિતમજી તણાં
એથી પાછલે માંગલ્યમાં ભકતે પ્રોયા ફુલ તે અતિ ઘણાં ।૪।
પ્રિય સંયુકત પ્રેમાશકત થઈ અને ગુંથ્યા ફુલ આનંદ મુદા
વહાલોજી તે રસદાન આપે રસિકાને પ્રેમે ભર સદા ।૫।
રીતું ભેદે ચાતુર માસમાં વરખા તે હોએ મોહામણી
ઉત્થાપન સમયતે ઉદબોધ રસ રસિકા અનુભવે સોહામણી ।૬।
વરખા તે જેમ જેમ હોએ તેમ તેમ ઉદીપન રસ વિસ્તરે
ઉભય સ્વરૂપે અંગે રસભાવ પ્રગટે નૌતન સુખ રંગ અંગે ઘરે ।૭।
નવી નવી ભાંતે ભુકતે છે રસ તે અનીરવચનીય કેમ જાએ કહયો
અનુભવી પાત્રનું મન લહે માહા અનુભવ રસ ઉર માંહાં રહયો ।૮।
તેણે કરી ઉદબોધ અભિનવા પ્રગટે છે પ્રાણજીવનને સંગે
ક્ષણું ક્ષણું પ્રત્યે વિલસે તે વનિતા નૌતન ભાવ નવરંગ અંગે ।૯।
અદ્ભુત એ રસ રસિકાનો અનુભવ પ્રિયજીને સુખ ઘણું
સ્નેહ સહિત માહાસુખ પાન કરે વ્હાલોજી વિચિત્ર કલાએ કોડામણો ।૧૦।
એણી પેરે ઉથાપન રસ મીઠો દિઠો દાન દાતા કને
માહા ઉદબોધ રસ ઉદીપન જે તે લહયો સહુ ભાવ પન્ને ।૧૧।
ઉમડી ઘટા ઘનઘોર તણો રસિકા રસસું ઘાયલ થયા
એહ સમય શ્રીમુખ નિરખતાં ચતુરાના ચિત્ત માહારસ માંહાં ગયા ।૧૨।
તેણે કરિયને વ્યાકુલ થયા વનિતા સહુ અતિ રસ વસે
તેહ તણો ભાવ લહીને વહાલો બેઠા તે મંદ મંદ હસે ।૧૩।
વરખા તે રીંતુ સોહામણી મોહામણી થઈ વિસ્તરી
ઉભય સ્વરૂપે રસ ઉદીપન પ્રગટયો નૌતન કેલી આશા ધરી ।૧૪।
ઉભય રીતે આવ્યા અંગ અનંગે રંગ ભર્યા પરસ્પર લહે
તેણે રંગે રસિલા ઝાતકાર ઝલકે પરસ્પરે મુખડું ચહે ।૧૫।

નૌતન તે ભાવની છબી છટકી રહી અનીરવચનીય ભાવે ભરી
નિરખે છે મોદ આતુર થકા ઓહોટે નહી અતિ સ્નેહે કરી ।૧૬।
ત્યારે તે રસ તણાં રોલ પ્રગટે અવિલોકનીમાં મન હરે
જવાદીક સુખ જે મહા રસ તણાં તે પરસ્પરે નિરખતાં ભરે ।૧૭।
તે સુખ તણી પરમિત નહી લેખને કરી કોઈ કેમ લખે
સ્નેહ રૂપીયા રસદાન હોએ તે વચને કો કેમ કહી શકે ।૧૮।
અંગ અંગ પ્રફુલ્લિત થાએ રંગે ઉમંગ ભર વિલશે ઘણું
વિલસતા વનીતા સંગ રંગે વિચિત્ર રૂપ દિસે ઘણું ।૧૯।
ચંચલ ચતુરવર લાડીલો ચપલાઈસું તે ચરિત્ર કરે
રસ રૂપીયો રસ રેલવા હેલવી સુભગા તે સ્નેહે ભરે ।૨૦।
તેણે કરિય પ્રિયજી પ્રસન્નતાસું વચન બોલે માહા રંગ રસે
ઉદબોધ રસ વ્યાપી રહયો અંગ અંગ પ્રત્યે અદ્‌ભુત લસે ।૨૧।
ઘટા ઉમડી આવી છે ચોહોદીશ થકી તે પ્રમોદસું
તેણે સમય મઘુરા શબ્દ ઉઠે મોહ શોર કરે મોદસું ।૨૨।
તે સુણતાં પ્રિયને સુખ ઘણું અણુ માત્ર રસથી નવી હટે
કોઈ રસિકા રસ તણી ટોંક કરે ત્યારે વહાલો મુસકની કરી નટે ।૨૩।
અવિલોકે છે એણે પ્રકારે પ્રિતમ એક એકનું કોઈ નવી લહે
રસવંત માહારસ ભકત ઉભા સ્નેહ ભર્યા તે શ્રીમુખ ચહે ।૨૪।
કો વેદીની ચોતરી ને કો મીણીયા તલે હલી મલી
કોઈ જલઘરામાં બેઠા સોહે પ્રેમ પાત્ર પુરા વલી ।૨૫।
તેહ તણો શ્રૃંગાર શોભિતા લોભિતા પ્રિયનુ મન હરે
ઝલકે છે આભુષણ સહુ અંબર માંહાંથી આભા ઘરે ।૨૬।
વિચિત્ર ભાંતની શોભા સોહે ઘટા વસથી ઘુમી રહી
બીચતે દામીની દમકે ચમકતી ચોહોં દિશ લહી ।૨૭।
મનોરથ સહિત આવી મલે એ દામીની પ્રિય અંગ સંગે
ત્યારે તે રસ બહુ પેરના અનુભવે છે વહાલો રંગે ।૨૮।
રસભકત અવિલોકે એ શોભા સોહતિ શ્રી અંગ ઘણું
દામિનીએ કામીની છે કેમ કહું હું રૂપ તેહ તણું ।૨૯।
શ્રી અંગ પર સહેજે તે આવી પ્રસરી પ્રેમવતિ સહી
એ દામિની દાતા ઘણું અણું માત્ર માહા પ્રિતમે લહી ।૩૦।
ફરી ફરી આવે હરખતી રસ વરખતી વિવિધી ગતે
શ્રી અંગને સુખ આપતી એ દામિની માહા રસ રતે ।૩૧।
તેહ તણું ભાગ્યસરાહે છે ભાગ્યની સહુ ખાંતેકરી
એ દામિની જઈ મલે છે પ્રિયસું પ્રમોદ સહિત સ્નેહ ભરી ।૩૨।
સંકોચ કોહોનો નવી ગીણે આ સભા મંડલ તણો મને
ક્ષણું ક્ષણું પ્રત્યે જઈ વિલસે દામિની પ્રમોદ સહિત તે પ્રિયકને ।૩૩।

એણે પ્રકારે ચાતુર માસના સુખ અનુભવે પ્રેમદા મલી
વરખા તે હોય રલીયામણી તેણે આરંદ્રતા દિસે વલી ૧૩૪૧
શરીર સઘલુ ઝલકી રહયું આરંદ્રતા સોહે મહા રસ તણી
શ્રી વલ્લભજી ગાદી તકિયે બેઠા છે નિરખે સુભગા સોહામણી ૧૩૫૧
કોઈ રસિકા પરમ પ્રિતે ભર્યા તે આંગણ માંહે ઉભા રહયાં
મનોરથ સહિત અવિલોકે છે તે પ્રિતમજીએ તત ક્ષણું લહયાં ૧૩૬૧
ફુહી તે આવે સુખદ સુખલી ભીજે પ્રેમદા તે રસે રસ્યા
રસ ભાવના કલ્લોલસું મિત્ર વિચિત્રના ઉર માંહાં વસ્યા ૧૩૭૧
અંબર સહુ ભીજી ગયું તેણે તન ત્રીયા તણાં સોહે ઘણું
અદ્‌ભુત શોભા પ્રગટી તે પ્રિય નિરખી નવી મટકે અણું ૧૩૮૧
અંગ અંગ રસિકાના રસ ભર્યા ઝલકે છે અનંગ ઉદબોધ ભર્યા
જોતા વહાલોજી વિહવલ થયા રસિકાના અંગ સકલાંગે વર્યા ૧૩૯૧
સાડી તે શ્વેત લપટી રહી છે શ્વેત સુભગા તણાં અંગ માંહાં
ઉરોજ ઉતંગ પર શોભિએ કંચુકી અદ્‌ભુત રંગે ત્યાંહાં ૧૪૦૧
તે જોઈ પ્રિયને પ્રેમ પ્રગટે અનીરવચનીય મહા રસ તણો
ઉદબોધસું અવિલોકે છે નાયકાનો રસ છે સોહામણો ૧૪૧૧
માહા રસિક સુભગા રસ વસે ચાલે છે ચતુરાઈ કરિયને
..... ૧૪૨૧
.....
..... ૧૪૩૧
.....
..... ૧૪૪૧
તેહ તણી આભા અસીત રંગે શ્વેત સાડી માંહાંથી ફબે ઘણું
વેણીતે વનિતા સ્વરૂપે સોહે કેમ સ્વરૂપ કહું વેણી તણું ૧૪૫૧
સાડી તે મિહિન ભીજી ઘણું તે માંહેથી લલકી રહી
વેણી તે પ્રિયને પ્રિય સદા એહવી તે કયેમ જાએ કહી ૧૪૬૧
એહોને જોઈ વ્હાલો વિવસ થયા વિલસવા તે મોદે ભર્યા
ઉદ્‌બોધસું વેણીને નિરખે પ્રિતમ રસભર વર્યા ૧૪૭૧
વેણીને જોઈ મન રંજીયુ મનડુ શ્રી વલ્લભ લાલનું
એણે પ્રકારે ચાતુર માસમાં પ્રિય ચરિત્ર જોઉ વ્રજબાલનું ૧૪૮૧
રસભકત એક એક પ્રત્યે ચરિત્ર તે કરે નવ નવી રીતના
તે સમઝે વર વલ્લભ ઘણી મહામણી ચરિત્ર રસ પ્રિતના ૧૪૯૧
રસિકાએ જે જે કર્યા રંગે તેહ તણું સન્માન કરે
હાંસી મુસકાઈ ઉચરે વહાલો ટોંક કહી રસિકાને ભરે ૧૫૦૧
પ્રેમદા તે પ્રેમવતીઓના ટોલે ટોલ ઉભા મીણીયા તલે
એક આવે એક જાય છેતે ભીજે મેહ તણે જલે ૧૫૧૧

મીણીયા થકી બુંદ મટકે શુભ્ર ગોલ મુકતા તણાં
તે અદ્‌ભુત સોહે રસ ભર્યા જલ બુંદ મુકતા તણાં ઘણાં ૧૫૨૧
બુંદ મીસે અવિલોકે છે પ્રિતમ પ્રેમદા પેરે અતિ હીલગસું
અદ્‌ભુત રસનું પાન કરે વિચિત્ર રસે મનડું રચ્યુ ૧૫૩૧
ત્યારે ચપલા ચતુરાઈ જુત નિરખે પ્રિતમજીને મન મુદા
એણે પ્રકારે ચોમાસાનું સુખ પ્રિય પ્રેમદા અનુભવે સદા ૧૫૪૧
હવે તે કહુ કાંઈ શ્રી અંગ વર્ણન રસ ભર્યું રસરૂપ જે
ચોમાસામાં અવિલોકીએ પ્રિય તણાં અંગ અનુપ તે ૧૫૫૧
ઉત્થાપને તે બેઠા છે માહાપ્રભુ ગાદી તકિએ મનની રલી
ઉદબોધ રસ પ્રિયનો નિરખે છે સુભગા તે હલી મલી ૧૫૬૧
શીષે તે કચ કમનીય સોહે રમણીય રસિકાને પ્રિય ઘણું
મૃદુલ મનોહર સચિકણ ઝલકે છે સ્વરૂપ તે કચ તણું ૧૫૭૧
ત્રપ ત્રપે તેજોમઈ રસિલા વસિલા વનિતાના સોહે
એહવા ચકોર ચમકી રહયા છે તેહને જોઈ પ્રેમદા મોહે ૧૫૮૧
અંબોડો પીઠે પ્રેમે ભર્યો લલકે છે તે અતિ જયોતસું
તે ગોલ ગમતો નમતો દિસે રસ તણી તે ઉદ્યયોતસું ૧૫૯૧
ત્યાં છોગો એક રહયો છે કેશ તણો તે અંબોડા માંહાં ફલી રહયો
લહ લહે અંબોડો લાડીલો અદ્‌ભુત રસ કેમ જાયે કહયો ૧૬૦૧
પ્રિય તણો અંબોડો નિરખતા રસિકા રસ વસ થયા ઘણું
ફરી ફરી નિરખે અંબોડાનું સુખદ સુખ સોહામણું ૧૬૧૧
અસિત આભા અંબોડાની દેખિયે તે વિચિત્ર રસે
એણે પ્રકારે શ્રી મસ્તકાના કેશ કારણમઈ અદ્‌ભુત લસે ૧૬૨૧
કુંતલ સશોભિત શોભિએ લોભિએ તે કુંતલ જોતાં
વરખાતે હોએ રસ ભરી શ્રી મુખ લાવણ્ય જોઈ અને મોહતા ૧૬૩૧
ઉતંગ ભાલ વિશાલ ગૌર તે મનગમતું સુખ આપતુ
રસિકા તે નિરખે મહા રસ ભર્યા સંગ સનમુખ રસ વ્યાપતું ૧૬૪૧
જે જે અનુભવ્ય ભાલ સંગ સુખ તે સુખદ સુભગાએ રંગસું
સ્પર્શ કર્યો અતિ નેહસુ તે ચુંબન ચારૂ ઉમંગસ ૧૬૫૧
તે લીલા રસ માંહાં મગ્ન થઈ અને ભાલને જુએ પ્રેમદા પ્રિતે
ત્યાં તિલક સેર બે રસ ભરી ધરી છે પ્રિયજી એ સ્નેહ રીતે ૧૬૬૧
તેહ તણો રંગ રસિલો દિસે પીત આભા ફબી રહી
ગૌર ભાલનો રસ ભુકતે છે રસિકા તે આરતભર સહી ૧૬૭૧
અદ્‌ભુત તિલક તેજોમઈ તેમાં શ્યામ રેખા સોહતી
પ્રેમદાતે પ્રેમવતીઓ નિરખે જોઈ જોઈ અતિ મોહતી ૧૬૮૧
ઉદબોધ પ્રગટે તે અતિ ઘણો અંગ અંગ ને તે પ્રમોદસું
વરખે છે વરખા ઉદીપન અર્થે તે રસ ભરી મોદસું ૧૬૯૧

તેણે સમય રસિકવર લાડીલો વિલસે છે મહા ઝક ઝોલસું
આનંદ ઉદબોધ અંગ અંગે કરે કેલી તે કલોલસું ૧૭૦૧
ભાવે તે ભાવાપન્ન જઈ મલે ઉભય સ્વરૂપે પરસ્પર હરખતાં
એણે પ્રકારે ચાતુરમાસમાં શ્રી અંગના સુખ અવિલોકતાં ૧૭૧૧
કોઈ રસભરી ભ્રકુટીને નિરખે હરખે મનમાં અતિ ઘણું
ભ્રકુટીને વંક વિચિત્ર મિત્રનો અદ્‌ભુત રૂપ સોહે તેહ તણું ૧૭૨૧
અસીત અમલ એ શ્રૃંગાર રસ રસિકાને બહુ રસ ભાવે ભરે
એહવી એ ભ્રકુટીઓ દ્વારા ભામીનીઓ તણાં રસકાજ સરે ૧૭૩૧
તેણે કરી મન રંજીઆ સુભગા તણાં ઉભય ભ્રુઅ જોતાં
પ્રાણ વલ્લભજીનો ભ્રકુટીનો વંક વિશાલ રસાલ જોઈ મોહતા ૧૭૪૧
ભ્રકુટી તણાં વંક માંહે રસ ભકત રહે છે તે મનમુદા
નેત્ર તણાં ટોપચાં વને બાન રસદાન રસિકાને કરે સદા ૧૭૫૧
વરૂણી રસિક વનીતા તણી પંગત પરમ પ્રેમે ભરી
સુક્ષ્મ સકોમલ લહલહે એહવી વરૂણી પ્રિય નેત્રાંબુજે ધરી ૧૭૬૧
તેહને નિરખતાં હરખ ઘણું સુભગા સહુ અતિ પ્રેમસું
નેત્ર કમલનો રસ ભુકતે છે ભામીની ભાવાપન્ન નેમ સું ૧૭૭૧
કલોલ કરે અલોલસું નેત્ર તણાં તારા તરલ ઘણું
તે અસીત રંગ ઝગમગે દિસે રૂપ વિચિત્ર સોહામણું ૧૭૮૧
શ્વેત નેત્રમાં રમે છે તે રસભર રસિકા જોઈ લલચાયે સદા
રેખા તે મધ્ય મધ્ય રાતડી સોહે સુક્ષ્મ ગતિ નેત્ર મધ્યે મુદા ૧૭૯૧
તેહ નિરખતાં વ્યાકુલ થયા રસિકા સહુ અતિ રસ વસે
ફરી ફરી પેખે પ્રેમસું અદ્‌ભુત રસ નેત્ર માંહાં લસે ૧૮૦૧
તે કહયો કેહી પેરે જાએ કોણે પ્રેમ રસ પ્રેમદા લહે
પરસ્પર ચિત્તવે ચોંપસુ ચતુરાઈસું નેત્ર રસ ચહે ૧૮૧૧
રીઝે તે મન માંહાં અતિ ઘણું ઘાયલ થયા સુભગા અંગે
રંગભરે રસના તરંગનો આસ્વાદ લે છે તે પ્રિય સંગે ૧૮૨૧
એમ નેત્ર રસ અનુભવતા અનુભવી સુખ પામે રલીયામણાં
ભુતો ન ભાવી કહી હવા એ નેત્ર પ્રિતમજી તણાં ૧૮૩૧
તેહને નિરખે તે હરખતાં ભાવાપન્ન ભાવ રસે ભર્યા
ઉદબોધસું વહાલો નેત્ર દ્વારા રસિક સુભગા રસે વર્યા ૧૮૪૧
તેણે કરીય અતિ ઉલ્લાસ વધ્યો સાધ્યો રસ મન માનતો
અદ્‌ભુત રસ એ નેત્ર મધ્યે જે પ્રિતમજી એ સાંચ્યો હતો ૧૮૫૧
તે પ્રગટ કરી પ્રેમદાને ભરે નેત્ર રૂપીયો રસ રંગ રસે
અવિલોકે છે સુભગા તે રસને નિરોધસું નેત્ર ચિત્ત વસે ૧૮૬૧
એમ ઉથાપન સુખ અનુભવે પ્રિતમ તણાં પ્રેમદા સહુ
વરખે છે વરખા રસમઈ નાના પ્રકારે તે બહુ ૧૮૭૧

સેવા કરે સાવધાનીસું આવી મેઘ મન ઈચ્છીત મુદા
એ પ્રિય તણું વાત્સલ્ય લહી સેવા કરે ચાતુર માસે સદા ૧૮૮૦
ઉમંગ ઉમંગી વરસે છે મેહ મનોહર દિસે પ્રિતમ સંગે
તે સુખ જોયુ અતિ સ્નેહ ભર મિત્ર વિચિત્ર તણું તે ઉમંગ અંગે ૧૮૯૦
નાસીકા નવલ નવ નાયકા સુખદાયક પ્રિયજીને ઘણું
જોબન ભરી તે ઝલકતી ચલકે છે રૂપ સોહામણું ૧૯૦૦
એ નાસીકા ઉભય સ્વરૂપના અંગનો પરાગલે મનની રલી
ક્ષણું ક્ષણું પ્રત્યે મકરંદ મીઠો તે લે છે નાસા વલી વલી ૧૯૧૦
તેણે કરી અતિ ફુલસુ ફુલે છે નાસા નવલ રંગે
રસ ભકત નિરખે હરખતાં પ્રિતમનું મુખ સુખ રસ સંગે ૧૯૨૦
હવે ગલસ્થલ ગહેરો તે રંગે કહયું રસના રોલસું
સુભગા સહુ સાવધાન થઈ નિરખે છે પરમ કલોલસું ૧૯૩૦
ગલસ્થલ રસ રસિકાને ભાગ્યે અનુરાગસું પ્રિતમે ધર્યો
વિવિધી વિલાસ આસ્વાદ લેતા સુભગ રસ સુભગાએ ભર્યો ૧૯૪૦
ગલસ્થલમાં મન રલીની તે વલી વલી રસિકાએ ધરી
સ્નેહ સહિત મીઠો મિત્ર તે વિચિત્ર ભાંતે તતક્ષણ વરી ૧૯૫૦
એણે પ્રકારે ગલસ્થલના સુખ લહે પ્રેમદાતે પ્રમોદસું
તે વચનમાં આવે નહી ભાવભર ભુકતે છે અતિ મોદસું ૧૯૬૦
ગલસ્થલ ગૌર ગહેરો સદા મન મુદા માનીની અહી વસે
તેણે રસે હંસે છે ગલસ્થલ સુખસું અદ્‌ભુત રસ ગલસ્થલે લસે ૧૯૭૦
કપોલ કનપટી નિકટ કેશ તે સુભગ સુખદ સોહામણાં
ફરહરે છે ફેર ફંદસું તે વિચિત્ર ભાંતે મોહામણાં ૧૯૮૦
ગાદી તકિયે બેઠા છે વહાલોજી ઉથાપન સમય એહવા સુખ આપે
વરખાતે રીતુ માહા સુખમઈ રસિકા તણે અંગ અંગ વ્યાપે ૧૯૯૦
શ્રી કર્ણ કારણમઈ લહીને ઉમાહી જુએ પ્રેમદા સહુ
તે સુખ સોહતાં મૃદુલ ઘણું રસિકાના ગુંજ એ માંહાં ભર્યા બહુ ૧૦૦૦
તેણે રસે રાતા મદે માતા ઝલમલે ઝાતકાર સું
એહવા કર્ણ પ્રિયના કારણ ભર્યા અદ્‌ભુત ભાંતે અનુરાગસું ૧૦૧૦
તે જોતાં મન લલચાયે છે માનીની તણું કર્ણે માંહાં ઘણું
અરૂઝી રહયાં આનંદસું તે રૂપ દિસે સોહામણું ૧૦૨૦
કો સમય મુકતામણી પહેર્યા કર્ણમાં લલકે છે માહા રસે
તે શુભ્ર ગોલ ગાભા તણાં હાસ્ય તેણે રૂપે કર્ણ મધ્યે લસે ૧૦૩૦
તેહ તણી શોભા સોહતી વચ્ચે લાલ મણી માણીક તણી
ઝલકે છે માહા તેજ પુંજસું જુએ સુભગા સુભગ સોહામણી ૧૦૪૦
એમ કર્ણ નિરખે હરખતાં આનંદભર તે પ્રમોદ સું
કહીં કહીં બાલ સુક્ષ્મ બિરાજે તે સોહે છે અતિ મોદસું ૧૦૫૦

હવે મોહોસર તણું સુખડું જે કહિયે લહિયે પરમ ઉછાહ ભરે
વાયુ વસથી ફરફરે કો સમે ત્યારે અંગ સુભગાના થર હરે ।૧૦૬।
એ મોહોસર પરમ પવિણ છે નવિન રસ અતિ ગાજતો
મનોહર રૂપ અનુપ છે અદ્‌ભુત રસ એ ભ્રાજતો ।૧૦૭।
પરમ સુખાવહ વનિતાને વહાલાજી તણું મન લહે
તેણે કરી અતિ ઉદબોધસું મોહોસરનો રસ પરસ્પર ચહે ।૧૦૮।
રીઝે છે તે મન માંહાં બહુ પેરે તે પ્રેમદા તે પ્રેમવતિ સદા
હવે દંત પાંત્ય કહું કારણમઈ જઈ રહી પ્રિય સંગ મુદા ।૧૦૯।
તે ચમકે ચોંપ સહિત ઘણું વ્રજ યુવતિનું તે મન હરે
અસીત આભા જગમગતી તે માહા રસ ભરે ।૧૧૦।
રસિકા જોઈ વિહવલ થાએ દંત પંગતના સુખ અંગ લસે
તેણે કરી અતિ આરત વાધી દંતનો રસ ચિત્તમાં વસે ।૧૧૧।
સમુગ્ર રસ રસના તણો તે અભિશરણ સુભગા લહે
રસમાન સમય વહાલો વિનયસું મીઠા તે મધુરા વચન કહે ।૧૧૨।
તે રસનાનો રસ અવ્યકત મીઠો દિઠો રૂકમણીલાલકને
એ રસિક રસના તણાં સુખ તે અનુભવ્યા ભાવાપન્ને ।૧૧૩।
ઝલકે છે રસના રસ ભરી તેહનો અરૂણ રંગ અદ્‌ભુત સોહે
મૃદુલ મનોહર લહલહે રસનાને જોઈ રસિકા મોહે ।૧૧૪।
હવે અધર કરે અધિરતા પ્રગટે તે અધરને નિરખતાં
ચાતુરમાસમાં ચલકી રહયો અધર જો હરખતાં ।૧૧૫।
શ્રી મહાપ્રભુજી ગાદી તકિયે બેઠા છે અધરામૃત દાન આપે ઘણું
તે અવિલોકી આનંદ મુદા સર્વદા એ સુખ સોહામણું ।૧૧૬।
અધર પલ્લવ પ્રહસિત રહે પ્રેમદાને અર્થ અતિ મોદસું
ગહેરાઈસું ઘુમી રહયો અધર પરમ પ્રમોદસું ।૧૧૭।
તે સુભગાના અંગ અંગમાં સોહે અધરરસ રલીયામણો
દાન દાતા તે દાન કરે છે અધર રૂપીયો રસ અતિ ઘણો ।૧૧૮।
તે સમઝે સુભગા સૌભાગીયા અનુરાગીયા છે સર્વદા
હવે ઠોડી ઠૌરે ચોહોં ઓરથી નિરખે પ્રેમદા પ્રહસિત થઈ મુદા ।૧૧૯।
તેહ તણું રૂપ અનુપ દિસે એ પુષ્ટ રસ રસિકા લહે
ઠોડી તે ઠૌર બહુ રસે તેણે ચતુરા ચોંપ સહિત ચહે ।૧૨૦।
ગંભીર સ્થલ અતિ સુખદ મીઠો દિઠો તે ઠોડી તણો
વિવિધી પ્રકારે વિલસતાં અહી પ્રગટે રસ અદ્‌ભુત ઘણો ।૧૨૧।
પ્રિતમ તણી ઠોડી તે ઝલકે ચલકે છે તે નવિન રસે
રસભરી માહા રસવાન છે ઠોડીનું રૂપ ઉરમાંહાં વસે ।૧૨૨।
ગ્રીવા કહિયે હવે હરખસું અનુરકત ભકત જુએ વલી વલી
ત્યાં માલા તુલસી ગુંજા તણી રહે વનિતા સ્વરૂપે તે મન રલી ।૧૨૩।

ખંભે ઉપરેણો સોહતો મોહાવતો રસ બાલને
મિત્ર વિચિત્ર ખંભા તણો દાન આપે નૌતન રસિકા રસાલને ।૧૨૪।
અહીં જનોઈ વિલસે વિવિધી ગતે રસ રીતે તે નિત્ય નેગે સદા
ખંભે થકી આરંભીને ટુંડી લગણ તે મન મુદા ।૧૨૫।
ઉદર હૃદયને પીઠનો રસ લે જનોઈ ખાંતે કરી
લલકતા ચમકે ચોહોં દિશે એ જનોઈ સ્નેહ રસે ભરી ।૧૨૬।
એણે પ્રકારે પ્રાણ પ્રિતમ તણાં ખંભા તે નવલ રસ રંજયા
સુરતિ સમય રસિકાએ રસભર ચુંબન ચારૂ કરી મંજયા ।૧૨૭।
હવે બાંહે કહીએ કારણમઈ રમણીક રસ રલીયામણો
અદ્‌ભુત સુર સુભટ ઘણું સુભગ સુંદર રસ બાંહે તણો ।૧૨૮।
કોહોણીનું વલણ વિહવલ કરે રસ ભકત રસિકાને પ્રેમસું
દાન આપે વિધી વિધી તણાં પ્રિતે પ્રેમદાને તે નેમસું ।૧૨૯।
અતિ હુલસી હુલસીને વિલસતાં રીઝે વનિતા બાહે કોહોણી પર ઘણું
કાંડાં પહોંચલા મિત્ર વિચિત્રના તણું રૂપ દિસે સોહામણું ।૧૩૦।
ચલકે છે ચોંપ સહિત સદા પહોંચલા પ્રિયજીના રસ વસે
અંગુલીદલે મુદ્રિકા સોહે સુખ ભરી બહુ રસ લસે ।૧૩૧।
નંગ અસીત અરૂણ તણી જે શોભા ચાતુર માસમાં ચલકી રહી
તેહ તણું સુખ સ્વકિય મન જાણે કેહી પેરે જાએ કહી ।૧૩૨।
મુદ્રિકા ચમકે શ્રી અંગ દમકે વિવિધી રસ ઉદબોધ ભર્યું
વરખાતે વરખ હરખતી એહનું વરણ પ્રિયે રસ જુત કર્યું ।૧૩૩।
શ્રી હસ્ત તણાં નખચંદ્ર ચમકે ચોંહો દિશ ઉધ્યોત કરે
મર્યાદી તિમિર તે ટાલીને નખચંદ્ર રસ તણે ભાવે ભરે ।૧૩૪।
આરતિ સહિત નખક્ષત ને વાધી મન માંહાં અતિ ઘણી
હવે પ્રાણ પ્રિય વલ્લભ ઘણી મહામણીના કરાંબુજ તણી ।૧૩૫।
લાવણ્ય કહું કાંઈ રસ ભરી રસિકાએ નિરખી તે પ્રેમસું
શ્રી કરકમલ મૃદુલ મનોહર રહે પ્રફુલ્લીત નેમસું ।૧૩૬।
તેહનો પરાગ તે ફેલી છેલીઓ તે લેતાં મન તન મત્ત થયું
એહવા કરાંબુજ મિત્ર વિચિત્રના તે જોતા ચિત્ત રસ માંહાં ગયુ ।૧૩૭।
ગુપ્ત લીલા તે સ્ફુરી આવી જે જે કર કમલે ચરિત્ર કર્યા
અનુરાગ જુત ઉદબોધસું રસિકાને કરાંબુજે રસે ભર્યા ।૧૩૮।
તે દાતા ભોકતાનું મન લહે કરતલનાં સુખડાં સોહામણાં
અહી રેખા રૂપે થઈ અને રાજે રસિકા બહુ તે મોહામણાં ।૧૩૯।
હવે હૃદય સ્થલ રમણીક જોતા પ્રેમદા ઝકી થકી રહયાં
દેહ તણી સુરતિ તે નવી રહી પ્રિતમજી એ તતક્ષણ લહયાં ।૧૪૦।
હૃદય તણાં દાન તે આપીયાં મીઠે મિત્રે અતિ વિચિત્ર રસે
તેણે કરિયને સાવધાન થયાં પ્રેમદાના ચિત્ત માંહાં રસ વસે ।૧૪૧।

પ્રવિણ પ્રિય રંગીલો છે છબીલી છબી છટકી રહી
હૃદય તણી તે અદ્‌ભુત રસાલી રસિકાએ રસભર લહી ।૧૪૨।
ઉરોજ અતિ ઉન્મત રસે બિરાજે હૃદય પર ઝલકતા
તે ગોલ ગૌર ગહેરે તે રંગ્યો વિચિત્ર ભાવભર ચલકતા ।૧૪૩।
તેહ તણું તે સ્વરૂપ સુખ લહે તે સુભગા એ અનુભવ્યુ કુચ સંગ રંગે
મીઠા મિત્રના ફુલ ફુલ્યા છે ત્યાં બિટડી અનુપમ સંગે ।૧૪૪।
તેહને આસપાસ બાલ બિરાજે તે શોભા અનુપમ દેખિયે
રસ આછાદન અર્થે અહી બાલ ઘર્યા તે સુંદર પેખિયે ।૧૪૫।
પસવાડા પ્રૌઢ ગંભીર ગહેરા જોતા રસિકા ઘાયલ થયા
અદ્‌ભુત રસનો આસ્વાદ લેવા સ્વકિયના ચિત્ત રસ માંહાં ગયા ।૧૪૬।
તેણે દેહની સુરતિ ભુલ્યા ભામીની રસ ભાવે ભર્યા
સુંદર સકોમલ રસે રસ્યાં પસવાડા એ પ્રેમદાએ વર્યા ।૧૪૭।
સુરતિ સમય સાવધાની સું એણે તે વિવિધી રંગે રંગ્યા
પોષણ કરે પ્રેમદા સહિત રસ સું રસ નાયકા ને તે અતિ ગમ્યા ।૧૪૮।
એણે પ્રકારે પસવાડા તણો રસ અનુભવ્યો બહુ અનુરાગ રસે
તેહ તણું સ્વરૂપ અનુપ મીઠુ દીઠુ તે રસિકાને મન વસે ।૧૪૯।
હવે ઉદર કહિયે કારણમઈ કરૂણા રસે રસમસી રહયું
તે ઝલકે રસ ઝાતકારસું તેહ તણું સુખ સુભગાએ લહયું ।૧૫૦।
એ ઉદરનો રસ સ્વાદ લેતાં મનડું મટકે નહીં
વરખા તે હોય રસ.....મણની ઉદર ઉપર અદ્‌ભુત અહીં ।૧૫૧।
ચાતુર માસે ચોંપસું ઉદબોધસું રસ અતિ ઘણો
ગાજે છે ગગન ગહેરાઈસું તે સુખદ લાગે સોહામણો ।૧૫૨।
હવે ટુંડી કહિયે રસ ભરી રસ આપે રસિકાને નેમ સું
કટીલંક લહેકે સર્વસ તે પેખે પ્રેમદા પ્રેમસું ।૧૫૩।
અહીં ધોતી ધિરજવાન ઘરી પહેરી છે પ્રિયા રંગ રસે
તે શ્વેત સકોમલ મહીન ઘણું નિતંબ પર અદ્‌ભુત લસે ।૧૫૪।
તે માંહેથી જંઘા તે ઝલકે નિતંબ રસ નૌતન લહું
તેહ તણી આભા અરૂણ ઉમંગી રહી શ્વેત ધોતી માંહેથી અંગ ચહું ।૧૫૫।
તે અવ્યકત અનેક પ્રકારે દિસે હીસે મન તે સ્વરૂપ જોતા
એણે પ્રકારે નિતંબને જંઘા ઝલકે ઝાતકાર જોઈ જોઈ મોહતા ।૧૫૬।
ઉત્થાપન સમય ગાદી તકિયે બેઠા છે મધ્યસ્થલ જોઉ મન રલી
રસ ઉદબોધ થાએ આનંદસું ક્ષણું ક્ષણું પ્રત્યે વલી વલી ।૧૫૭।
તેણે કરી ઉભય સ્વરૂપનો અંગ અંગ સ્નેહ પાગી રહયો
અનુભવ પદારથ અનુભવે તે રસ વચને કેમ જાએ કહયો ।૧૫૮।
એણી રીતે મધ્ય સ્થલ જોઉ મોહયું મન માનીતી તણું
પ્રેમ પાત્ર પ્રેમાશકત પુરા સુરા સુભગા નિરખે ઘણું ।૧૫૯।

હવે જુગલ જંઘા સુજાત સોહતી મન ભરી ભામીની
પેચ પાંચ પ્રેમ રસે ભર્યા લહે કારણે ભરી કામીની ।૧૬૦।
એ જંઘા તણો રસ રાસ રસતે રોકી લેખને કોણ લખી શકે
સ્વસંગી જે સુભગા છે તેહોના મન રહે એ જંઘા વસે ।૧૬૧।
તેણે રસે એ માતી છે જંઘા જુગલ ઉન્મત દેખિએ
હવે ઘુંટણ વલણ વિનોદસું વાલે છે પ્રિયજી તે પેખિએ ।૧૬૨।
ચોરસ ચપલ ચોંપે કરી મલકે ઘુંટણ તે ગહેરે રંગે
ચલણ વલણ ચતુરા જુએ ઘુંટણ તણાં તે ઉમંગ અંગે ।૧૬૩।
પીંડુરી તે પ્રેમાશકત ભકતને કાજે તે રાજે રસ ભરી
રસવાન રસિકાને રસે ભરે એહવી પીંડુરી પ્રિતમે ધરી ।૧૬૪।
તે ઝલકે માહા ઝાતકારસું ચંચલ પણે ચતુરા મલી
પ્રિતમ તણી પીંડુરી તે જોતાં દેહ તણી તે સુરતિ ટલી ।૧૬૫।
સ્ફુરી આવી લીલા ગુપ્ત તે ગહેરે રસે ઘાયલ કરે
સુરતિ સુભટ કેલ્ય કામીની કરતાં રમણી પીંડુરી તે ચિત્ત હરે ।૧૬૬।
પ્રેમ પાત્રને પ્રેમે ભરે વિવિધી ગતે પેચ પાચસું
મીઠા મિત્રની પીંડુરી પાન કરાવે તે સ્વરૂપ ચિત્તમાં વસ્યું ।૧૬૭।
રસ ઉદબોધસું પીંડુરી તે પરખું હરખું હારંદ્ર લહી
લહે લહે લહેકો લાડે ભર્યો પીંડુરી તે અનુપમ એ કહી ।૧૬૮।
રૂકમણીલાલની પીંડુરીનો લહેકો તે રસ સમય રંગે રસ્યો
પ્રહસિત પ્રમોદ પરાગે ભર્યા લહેકો પ્રેમદાને ચિત્ત વસ્યો ।૧૬૯।
એણે પ્રકારે પીંડુરી તણાં સુખ સુભગા લહે લાડે ભરી
ક્ષણું ક્ષણું એ રસ નૌતન પ્રગટે તે પીંડુરી તણો અતિ સ્નેહ કરી ।૧૭૦।
હવે ઢાંકણાં સુરધિર વિર વેગે કરી તે વખાણી એ
ઉન્મત ગતિ ગંભીર ગહેરી પ્રેમ રસે તે પ્રમાણી એ ।૧૭૧।
એ ઢાંકણાં ધિરાને ધિરવે છંદ બંધ જાણે ઘણું
વિલસે વિવિધી વિલાસસું કેમ કહું સ્વરૂપ ઢાંકણ તણું ।૧૭૨।
રૂકમણીલાલ લડેતાના ચરણાર્વિંદે તે લહે લહે
પ્રમોદસું પ્રેમદા તે નિરખે બહુ પ્રકારે અહીં રસ વહે ।૧૭૩।
એડી તે અદ્‌ભુત પ્રિય તણી પ્રેમે ભરી તે રહે સદા
એ તણી ગૌરવતાએ તે ઘેલા થયા સ્વકિયવૃંદ મુદા ।૧૭૪।
ફરી ફરી નિરખીએ એડીને તેણે મોદ મનોરથ પ્રગટ હવો
પાહાનીનો રંગ સુચાર ચમકે અનીરવચનીય નૌતન નવો ।૧૭૫।
પાટલી પ્રેમ ભરી રહે ઉતંગ મૃદુલ મોહામણી
સ્નેહ સહિત સ્પર્શી સુભગા તે ચુંબન કરે સોહામણી ।૧૭૬।
ત્યારે પાટલી પ્રહસિત થઈ દાન આપે રસિકાને રસ વસે
તેહ તણું રૂપ અનુપ મીઠો સુભગા તણાં મન માંહાં લસે ।૧૭૭।

એહવી પાટલી પ્રિતમ તણી તેજવંત તરલ તાજી સદા
ચરણાર્વિંદતે ઝલહલે પ્રહસિત થઈ પાટલી મુદા ।૧૭૮।
અહીં અંગષ્ટ શ્રેષ્ટ શોભાએ ભર્યો ભામીની જુએ ફરી ફરી
નિકટ અંગુલી તણી પંગત રાજે રસિકા જે મહા ઉદબોધે ભરી ।૧૭૯।
મનોહર મેલ્યાએ મલી રહી છે ચરણાર્વિંદ તે જગમગે
નખચંદ્ર ચમકે ચોંહો દિશે રસાવેસે તે જોઈ રસિકા પગે ।૧૮૦।
એ નવલ નખમણી રસે રસ્યાં રસિકા ઉર માંહાં તે રસે વસ્યા
હવે તલવા કહીએ તેજોમઈ સ્પર્શ કરતાં પ્રિય પ્રેમભર હસ્યા ।૧૮૧।
અહીં રેખા રાસી રસ અભિલાખી નાયકા તે નવલ લહુ
રૂપે તે પુરી સ્નેહે સુરી એ તલવે સ્થિતી કરી રહી સહુ ।૧૮૨।
એહથી રેખા રમણીય કારણમયી તે રમણ રસસું પાગી રહે
અહરનીશ નવલ રસ રંગે ભરી સુખ ઘરી સ્વસંગીના સુખડાં લહે ।૧૮૩।
તલુવાનો ગાઢ ગહેરો ઘણો રસિકાને કુચ કમનીયે કર્યો
પરિરંભણ કરતાં પ્રમોદસું ઉભય ચરણે ગાઢ પડયો રસે ભર્યો ।૧૮૪।
સ્થાપિત કર્યા નિજ ચરણ તે રસિકાને હૃદયે અતિ મોદસું
એણે પ્રકારે પરિરંભણ પ્રેમભર કર્યા પરમ પ્રમોદસું ।૧૮૫।
તેણે ગાડ પડીયો અદ્‌ભુત મીઠો દિઠો રસ સોહાગ સમે
ભરીય બેઠો કુચ કમનીય પર તે રસિકાને મન અતિ ગમે ।૧૮૬।
એણે પ્રકારે ચરણાર્વિંદના સુખ અનુભવે પ્રેમદા બહુ
ગાદી તકિએ બેઠા છે પ્રિતમજી ચોહોં દિશ થકી અવિલોકે સહુ ।૧૮૭।
નખ શીખ લગી જુએ છે રસ સું શીખ થકી તે નખ લગી
ચતુરમાસે ચોંપસું શ્રીઅંગ નિરખે પ્રેમ પાગી ।૧૮૮।
તેણે છબી છટકી રહી છે અંગ અંગ તે તે નવલ નાયકા તણે
ગહેરો અધર મકરંદ મનોહર લાલ ચમકે તે રસ ઘણે ।૧૮૯।
મુખકમલ માંહાંથી બીડુ મુકે તે શોભા અનુપમ લહે લહે
અધરામૃત દાન આપે ભકતને તે રસ અનુભવીને ઉર રહે ।૧૯૦।
વલતુ બીડુ પોતે આરોગે પ્રેમવસ પ્રહસિત મુદા
ચુનાને કપુર ચોંપે કરી લહે વહાલોજી મુખ પર સદા ।૧૯૧।
ત્યારે મુદ્રિકા તણાં નંગ ઝલકે નવલ રસે રસિકા મોહે
મુખ કમલ કામીની બિરાજે છે રસિકાને અદ્‌ભુત સોહે ।૧૯૨।
બીડુ ચલણ વલણ મુખમાં કરે મન હરે તે માનીની તણું
સૌભાગ્યવતી સોહાગ સુરી પુરી છે પ્રેમે ઘણું ।૧૯૩।
તે પ્રિયના પોષણ અર્થે કરે રસ સામર્થે ચરિત્ર નૌતન નવુ
ભાવભર ગાદી પર આવી પોઢયા પ્રિતમ મન બહુ સુખ હવુ ।૧૯૪।
લાડે તે લહે લહી રહયા છે ઉભય સ્વરૂપે પ્રેમાશકત રસે
ચાતુર માસ વિલસે વહાલો એ રસ તે બહુ પેરે ઉર વસે ।૧૯૫।

કયારે લાડીલો લહે લહે તો મિત્ર વિચિત્ર એહો પર રસે ઢલે
રસિકાની ગોદીમાં પોઢી અને વિવિધી રસ તણે ભાવે મલે ।૧૯૬।
તે સુખ દાતા ભોકતા લહે બીજા કોઈની ત્યાંહાં ગમ્ય નહીં
બહુ પ્રકારે તે વિલસે ઘણું વનિતા સંગ વહાલો અહીં ।૧૯૭।
ચોમાંસો રસ ચોહો ફેરે રેલે છે મીઠા પ્રિય સંગે
વરખા તે હોય વેગે કરી સુખભરી સ્નેહ ઉમંગ રંગે ।૧૯૮।
રસધારા ધમકે શ્રી અંગ ચમકે ચાતુર માસ માંહાં નિરખીયે
મીઠા મિત્રની લાવણ્ય જોઈ બહુ પેરે તે હરખીએ ।૧૯૯।
એ સમેત વીસ માંગલ્ય થયાં ઉથાપન તણાં તે મહા રસ ભર્યા
વિવિધી પ્રકારે રસ વિલસીયાં ગાદી તકિએ બેઠા ચરિત્ર કર્યા ।૨૦૦।
ઉથાપન સમય આનંદભર સુખ આપીયાં પ્રેમદાને ઘણાં
વહાલાજીએ રસદાન દિધા અસંખ્યાત સોહામણાં ।૨૦૧।
સર્વ મલીને એકત્ર ગણતા છેતાલીસમું માંગલ્ય રાજે
એક એક થકી રસ વાધતો પ્રગટયો તે માંગલ્યે માંગલ્યે ભ્રાજે ।૨૦૨।
તેહનો ભિન્ન ભિન્ન પ્રકાર જોઈ રસ ભકત રસિક સ્વરૂપે મોહે
મિત્ર વિચિત્ર રૂકમણીલાલ લડેતો તે લહે લહેતી શોભાએ સોહે ।૨૦૩।
આ આગલનો જ પ્રસંગ લહુ તે કહું સુડતાલીસમે માંગલ્યે
વહાલોજી પરમ પ્રસન્ન થઈ રસિકાને રસે ભરે પલે પલે ।૨૦૪।
એણી પેરે ઉથાપન રસ તે મીઠો દીઠો રૂકમણીલાલનો
અનીરવચનીય ફેલ છેલીયો રસ સોહાગ તે રસ વહાલનો ।૨૦૫।
પ્રિય સન્મુખ ભામીની ભેદસું રસ ચરિત્ર કરે છે ઉલટ ભરે
તે લહીને વહાલો રસ વિનયસું રસિકાનું ચિત્ત ચોંપે હરે ।૨૦૬।
એહવો મિત્ર મીઠો રસ ભર્યો તે શ્રી વલ્લભજી સોહામણો
પાર્વતિ પતિ પ્રેમદા પાખે સુખદ રસ તે સોહામણો ।૨૦૭।

ઈતિશ્રી માંગલ્ય છેતાલીસમું સંપૂર્ણમ્
હવે સુડતાલીમું માંગલ્ય લખીએ છે.
એ માંગલ્ય ઉથાપનનું વીસમું વરખા રીતુનું છે.
શ્રી શ્રી શ્રી શ્રી શ્રી

માંગલ્ય - ૪૭

શ્રી શ્રી શ્રી રસનાયક વર શ્રી ગોકુલેશજી જય જયતિ, એ સુડતાલીસમું માંગલ્ય લખીએ છે
એ ગાવાની જાત લૌકિક ગીત છે. "કુંવર સોના રૂપાનો ગેંડી દડો" "વર જોવાને સાંચરીયોજી"
એણી જાતે ગવાશે. એ ઉથાપનનું એકવસીમું માંગલ્યછે. રાગ, રસિક સ્નેહી ભામ તે.....

વહાલોજી બેઠા છે ગાદી તકિયે તેહની શોભા તે સુભગ નવિનજી
રૂકમણીલાલ લહે લહે લાડીલો શ્રી વલ્લભ પરમ પ્રવિણજી ।૧।
પ્રેમ પાત્રને પ્રેમે ભરે પ્રેમ વશ થઈ માહારાજજી
પ્રહસિત વદનાર્વિંદતે સોહે છે માહા રસકામજી ।૨।
ભકત સમાજ ચોહો ફેરથી જુએ મીઠુ સ્વરૂપ સુખદ અભિરામજી
રસિકા લહે રસ તણાં દાનને જે જે પુરે વહાલોજી રસ કામજી ।૩।
ઉથાપન સમય તે આનંદ મુદા રસે વિલસે છે અપરંપારજી
એથી પાછલે માંગલ્ય માંહાં કહી આવ્યા ચાતુર માસ તણો રસ સારજી ।૪।
જે જે પ્રિય સંગ રસ અનુભવ કર્યો ભામીની એ તે ભેદ રસાલજી
રસભેદી વર ભેદ ભાવસું દાન આપે તેહોને તત્કાલજી ।૫।
તે દાતા ભોકતા તણું મન લહે બીજુ કાંઈ ન સમુઝે અણું માત્રજી
જે જે વહાલોજી સંગ વિલસ્યા રસે રસ ભકત રસિલા પાત્રજી ।૬।
પરસ્પરે તે પોષણ કરે ઉભય સ્વરૂપના મનોરથ ફલીયાંજી
અનેક અનેરાતે દેખિયે વહાલોજી માહા રસે ઢલીયાંજી ।૭।
તેણે કરી રસ સુખ વાધીયો ઉત્થાપન સમય અવ્યકત અનુપજી
તે વીસ માંગલ્યે કહી આવ્યા ઉથાપનનો રસ સુખ રૂપજી ।૮।
એક એક થકી રસ વાધતો માંગલ્યે કહયો તેહજી
મીઠો મિત્ર જે માહા રસે વિલસીયો હુલસીને દાન કર્યા જેહજી ।૯।
તે ભાગ્યબલે ભામીનીએ લહયાં પ્રિયજીનો સોહાગ રસ રાસજી
અંગ અંગ પ્રત્યે તે ફેલી રહયો મીઠો મકરંદ મધુરો સુવાસજી ।૧૦।
શ્રી અંગ થકી ફેલી છેલીયો પ્રમોદ સહિત રસ કાજજી
તે પરાગનું રૂપ પ્રેમદા લહે અનીરવચનીય સાજજી ।૧૧।
તેહનું અનુપમ દેખિયે રૂકમણીલાલ કને રસ મીઠોજી
ઉથાપન સમય ગાદી તકિએ સોહે મીઠા મિત્ર કને એ રસ દિઠોજી ।૧૨।
હવે સંધ્યા સમય ઢુંકડો આવ્યો તેહની છબી છે છબીલી રસાલજી
એણે સમય તે સ્વરૂપ સુખ શોભિએ ઘણું લોભિએ તે તત્કાલજી ।૧૩।
શ્રી અંગ પ્રૌઢ પ્રેમે ભર્યું એણી વેલા તે દિસે અનુપજી
નખશીખ લગી ફરી ફરી જોઈએ વહાલાનું સ્વરૂપ રસરૂપજી ।૧૪।
અંગ અંગ તણી છબી છટકી રહી તે કોણે કહીય નવી જાયજી
અધરે રંગ ચુઈ ચુઈ ચાલે પીક થર થર વાધી સોહાયજી ।૧૫।

તે ગહેરી ગંભીર ઘાયલ કરે પીક પ્રેમદાને વારંવારજી
લીક લહલહે પીક તણી તેહ તેજવંત તાજી માહાસારજી ૧૧૬૧
તે અધર મધુર પર દેખિયે શોભાયમાન છે સોહાતીજી
ત્રપેત્રપ છે તરલ તેજોમઈ પીકલીક જોઈ ભામીની મોહાતીજી ૧૧૭૧
અહવો અધર પ્રૌઢ પ્રેમે ભર્યો પ્રેમદાના વેધે અંગ મુલજી
તે જોઈ અને મન અકુલાએ છે તે સંધ્યા સમય તે અનુકુલજી ૧૧૮૧
એણે સમય તે સ્વરૂપ સુખ અભિનવા કયેમ કહી શકીએ તે ઉચારજી
..... ૧૧૯૧
અધરની આરકતા જોઈ અને મન તન બહુ પેરે તે સોચેજી
દાન પાનને અતિ અકુલાએ છે ભામીની રસ ભાવ ભર લોચેજી ૧૨૦૧
ત્યારે વહાલોજી બહુ પેરે હુલસીને અધરનો રસ આપે રંગેજી
રજની તણું તે આગમન થયું તેણે રસદાન આપે ઉમંગેજી ૧૨૧૧
ઉથાપન તણો રસ અસંખ્યાત તે મેં કયાંથી કહેવાય અણું માત્રજી
કાંઈ એક સુચન અર્થે કહયું તે રસ લહે ભર્યા પાત્રજી ૧૨૨૧
જેહને પ્રિયના સોહાગનો સંબંધ છે તેહને અક્ષરે અક્ષરે દે દાનજી
ક્ષણું ક્ષણું પ્રત્યે પાન પ્રેમે ભર્યા કરે છે તે માહા ભાગ્યવાનજી ૧૨૩૧
ઝલમલ કરે સંધ્યા સોહાસણી શ્રી અંગ સંગ રસ રંગે પાગીજી
તે શોભા જુએ સૌભાગીયાં જે સ્વરૂપ રસે અનુરાગીજી ૧૨૪૧
એણે સમય તે શ્રી અંગ સહુ પ્રૌઢ દિસે પ્રેમે ભર્યા રસિકા રસાલજી
નૌતન રસ નવલ નાયકાને દેખીને મોહે રસ બાલજી ૧૨૫૧
પ્રિય છોટે તકિયે ટેકો દિધો તાક તકીને તે રસ રૂપજી
લાડ સહિત લાડે ભર્યો લાડીલો તેણે દિધો ટેકો તે અનુપજી ૧૨૬૧
રસિકાને રસ સુખ સુચવે અંગ સંગના પરમ પ્રમોદેજી
તે સમજી પરસ્પરે હુલસીને વિલસે છે માહા રસ મોદેજી ૧૨૭૧
સંધ્યા સમય સંધાન નવી રહે દેહ તણો તે વહાલો નવી જાણેજી
અનુભવી પાત્રને પ્રેમભરી પ્રિતમ ભાવ તેહોના પ્રમાણેજી ૧૨૮૧
સર્વસ્વ આપીને રહે રંગે એણે સમયતે સુંદરવર રાયજી
આશકતતા જે માહારસ તણી તેહનુ દાન કરે ચિત્ત ભાએજી ૧૨૯૧
એ દાન નિકટ દુર્લભ સ્વકીય જેણે કરીને સકલ અર્થ સીઝેજી
અનન્યતા જેહને પાછલ લાગી આવે છે તે જોઈ વ્હાલો રીઝેજી ૧૩૦૧
અનેક ભાવ તણાં ભગવદી તેહોને અનન્યતાસું છે સંબંધજી
પણ આશકતતા તે દુર્લભ ઘણું તેહોનો કાંઈ ન પામે ગંધજી ૧૩૧૧
જે પર પ્રિય પ્રેમ રસે ઢલે તેહને દાન કરે એ રસાલજી
ઠામ ઠામ એ દાન હોએ નહી યધ્યપી રસિકા છે રસ બાલજી ૧૩૨૧
અનન્યતા સુધી તે સહુ કોહોની ગતિ છે ગહેરી ગંભીરજી
પણ આશકત તણાં દાનને તે લહે સુભગા જે સુરધિરજી ૧૩૩૧

એ દાન માંહાં કોહોની ગમ્ય નહી આશકત રસ છે અવ્યકતજી
તેહોના રૂપને સ્વરૂપવાન લહે જે સ્વરૂપ સમાન રસ ભકતજી ।૩૪।
સંધ્યા સમય એ દાન સોહામણાં આપે મિત્ર મનોરથે ભરયોજી
દાન પાત્ર તે દાન જોઈ હરખે જેમાં પ્રિતમે માહા રસ ઘરીયોજી ।૩૫।
ફુલ સહિત આશકત રસ આપીયો અંતરાય કાપીયો રસ રીતેજી
ગાદી તકિયે સંધ્યા સમીપ બેઠા સોહે એહવા દાન કરે વ્હાલો પ્રિતેજી ।૩૬।
અમોઘ વ્રષ્ટિ હોય રસતણી રસીકા પર રસિક રસાલજી
શ્રી રૂકમણીલાલ રસે ભર્યો પ્રેમદાના કરે પ્રતિપાલજી ।૩૭।
સંધ્યા સમય પ્રિયજીને જોઈએ મિટ ભરી ભરી પરમ પ્રમોદેજી
અંગ અંગ તણો રસ રાસ જે તે કેમ ચિત્ત ધરાએ મહા મોદેજી ।૩૮।
જે અંગમાં દ્રષ્ટિ જઈ પડે ત્યાંહાંથી નિસરે નહી અણું માત્રજી
તેણે સર્વાંગના રસની આરત રહે તે કો પ્રેમાશકત રસ પાત્રજી ।૩૯।
મનમાંહે એણી પેરે લોચે છે સકલાંગનો કરૂ રસ પાનજી
એકે કાલે એ રસ અનુભવ કરૂં એહવું તે હોયે મુને દાનજી ।૪૦।
આશકત ભકત અનુરાગીયાં પ્રમે પાગીયાં સ્વરૂપને સંગેજી
અંગ અંગ માંહે અરૂઝી રહયાં સુરઝે નહી રસભર રંગેજી ।૪૧।
ગાદી તકિયે રસ ગહેરાઈસું બેઠા છે તે પરમ પ્રવિણજી
સંધ્યા સમય રસ લાવણ્ય જુત દેખિયે ભાંત ભલી તે નવિનજી ।૪૨।
મીઠો મિત્ર ઉતંગ અંગે દિસે મોટે તકિયે ટેકો દિધો પ્રિતેજી
નિજ કરતે ઉભય જોડી અને રહયાં રસિકા સન્મુખ રસ રીતેજી ।૪૩।
તે કરાંબુજ તણી લાવણ્ય ભલી મનરલી પ્રિય ગોદીએ ઘરીયાંજી
અંગુલીદલ પરસ્પર ભરાવીને રસ ચરિત્ર વ્હાલે ચોંપે કરીયાંજી ।૪૪।
આશકત ભકતને આધિન થયાં એમ કર જોડી રહયાં પ્રિય રંગેજી
વિનય સહિત વિનંતી કરે અંગીકાર તણી તે ઉમંગેજી ।૪૫।
ત્યારે નખચંદ્ર નવલાતે દેખીયે અંગુષ્ટ તણાં સુખ દેણજી
સંધ્યા સમય માહા સુખ લહલહયાં લહેકાભર દેખિયે નયણજી ।૪૬।
એ લીલા તે દાન દાતા લહે કે ભોકતા તણું મનજી
બીજા કોઈનો તે અહીં પ્રચાર નહીં એમ કહે છે ભાવાપન્ન ।૪૭।
આશકત ભકત એ રસને લહે જે અનુભવે પ્રિય તણાં દાનજી
સ્નેહ સાવધાન સંધ્યા સમય કરે પ્રમવતિ પ્રેમે એહવા પાનજી ।૪૮।
એણે પ્રિયજીનું મનતે પ્રસન્ન થાએ ઉમાહે ભર્યા અંગ દિસેજી
પરસ્પર હુલસી હુલસીયને વિલસે તે જોઈ મન હિસેજી ।૪૯।
આશકત ભકત તે આરંદ્ર થયા પ્રિયજી એ કર જોડત્યાતે જાણીજી
નિજ સોહાગનું સુખ મનમાંહાં લહે શું શું કહે તે વચને વખાણીજી ।૫૦।
એહવો રસ એ અગાધ્ય છે અભિનવો અનુભવ કરે સ્નેહ તણી રીતેજી
ઉભય સ્વરૂપના મનમાંહાં મનોરથ પ્રગટે છે પરમ રસ પ્રિતેજી ।૫૧।

એહવા સુખડા સંધ્યા સમય દેખિયે વહાલો ગાદી તકિયે છે રસાલજી
તે સ્વરૂપ જોઈ જોઈ હરખીયે પરખીયે રસ સુખ તત્કાલજી ૧૫૨૧
હવે ભાગ્યવાન ભકત સોહાગીયા કરે સેવા તે માહા બડભાગીજી
સંધ્યા સમય તે ઢુંકડો લહી ગડુઓ ભર્યો તે અનુરાગીજી ૧૫૩૧
સ્નેહ સહિત વાત્સલ્ય મન માંહાં ઘણું પ્રિયના સુખને તે લોચેજી
રીતુ ભેદે જે કાંઈ આવે કાજ આજ શું શું જોઈએ તે સોચેજી ૧૫૪૧
શીતકાલ તણાં તે વાત્સલ્ય બહુ એકાંત સ્થલે કરે રસ રંગેજી
હસંતી હારંદ્ર લહે પ્રિય તણું અરૂણ રંગે ઝલકે ઉમંગેજી ૧૫૫૧
તે સ્નેહ સુરી છે પ્રેમ પુરી છે એ હંસંતી માહા રસ રૂપજી
જેહને વર્ણે જે કો વનિતા અનુસર્યા તેહનું ભાગ્ય સોહે છે અનુપજી ૧૫૬૧
એહ તણે સંગે સંગી તે પામીયે દુઃખ વામીયે તત્કાલજી
એહવી હસંતી તેહોને કરી ઘરી એકાંત સ્થલે તે રસાલજી ૧૫૭૧
પ્રિયના ઉપયોગ અર્થે લસે હસે તે વસે ચિત્ત માંહાંજી
ઉભય સ્વરૂપે પ્રેમ પોષણ હસે એકાંત સ્થલે પધારસે વ્હાલો ત્યાંહાંજી ૧૫૮૧
એ હંસતી ત્રણેય ગુણે ભરી સોહે રાજસ તામસ સાત્વિકજી
પ્રિતમરૂપે પ્રેમવતિ ઝલહલે જેને પ્રેમસું છે અહીકંજી ૧૫૯૧
તેણ તણું ભાગ્ય નવ કહી શકું કેમ લખુજો મારી મતિ ગમ્યજી
એહવી હસંતી એ સોહામણી મોહામણી રસિકા એ રમ્યજી ૧૬૦૧
હવે ઉષ્ણ જલે ગડુઆતે ભરી અને ઘરીયાં એકાંત સ્થલે સુખકારીજી
ઉષ્ણ રિતુએ શીતલ ભરે એહવા વાત્સલ્ય કરે ભકત ભારીજી ૧૬૧૧
અહીં સુગંધ ઉખેવે સોહાગીયા અનુરાગીયાં છે સ્નેહ રીતેજી
ગડુઓને નિકટ મૃતિકા ઘરી મનોરથે ભરી તે બહુ પ્રિતેજી ૧૬૨૧
અંગ આમોદ તે મહેમહી રહયો કહયો તે કેહી પેરે જાયજી
મૃતીકા મનહર હોંસે કરી વહાલાજીના ચિત્ત માંહાં તે ભાયેજી ૧૬૩૧
અતિ મૃદુલ મનોહર મહેકતી એ મૃતિકા રસિકા રસાલજી
પ્રિયને ઉપયોગ પ્રેમેભરી આવે એકાંત સ્થલે તત્કાલજી ૧૬૪૧
એણી પેરે સહુ તત્પર કર્યું અહીંએ જે જે જોઈયે તે તે સાજજી
એ સહુ કાંઈ ઉપયોગ આવશે એણે ઠોર પધારશે મહારાજજી ૧૬૫૧
માહા ભાગ્યવતા ભકત સેવા કરે ખવાસજી પ્રિતમજીની બહુઅજી
સમે સમે જે કાંઈ સાજ જોઈએ તે એ ભકત તે જાણે છે સહુઅજી ૧૬૬૧
વલી ચોખંડીમાં એણી પેરે ગડુઆ ઘર્યા કસેડી સમેતજી
નિર્મલ જલ તે માંહે શોભિતા તે ભરીયા છે પ્રિયને સુખ હેતજી ૧૬૭૧
એણે પ્રકારે જલ પાત્ર ભરી રાખ્યા ચોખંડી મધ્યે તે અનુપજી
પીઢા પર ગાદી સકોમલ સોહતી લાલ રંગે સુંદર લાગે રૂપજી ૧૬૮૧
નખ સુધારવા અર્થે સીક ત્યાંહાં આલા મધ્યે ઘરી રસિકા રસાલજી
એમ ચોખંડી નાયકા ભિતર ભકતે સાજ કર્યો તત્કાલજી ૧૬૯૧

દક્ષિણ દિશ તે ઢેરી કરી મૃતિકા મન હરણની રંગેજી
વલી વલી રીતુ ભેદ તણાં જેજે સાજ છે તે ઝલકે છે ચોખંડીમાં ઉમંગેજી ૧૭૦૧
એમ સેવા વર્તી તે સેવા કરે સોહાગ મદે ઘણું પુરાજી
વલી પનહી પ્રેમભરી આણીને રીતે એકાંત સ્થલે ધ્વારે સુરાજી ૧૭૧૧
એ પનહી ચતુરા ચોખી સદા સમે સમે આવે તે પ્રિયને કાજજી
ભિંતર સુખ તલી મન રલી રહે તેહને રસ સુખદે મહારાજજી ૧૭૨૧
ચરણાર્વિંદ રસ સ્થાપશે સુખ તણીપર પરમ પ્રમોદજી
..... ૧૭૩૧
કાંઈ ચુંબન ચારૂ ચોંપે કરી પનહીને કરે મન ભાયેજી
કોઈ આલિંગન આનંદસું એ સુખદ સુખ દાયેજી ૧૭૪૧
કોઈ મસ્તક પરતે ધરી રહે કોઈ નેત્રે દે છે વેગે વેગજી
સુભગા જે સૌભાગ્ય રસે પુરાં એમ પનહીને કરે નિત નેગજી ૧૭૫૧
કોઈ ગોપ્ય ભાવ કરીને સેવસે વાતે એહની સુખકારીજી
ચરણાંકિત પડયા છે પ્રેમે કરી એ પનહી પરસેહી ભારીજી ૧૭૬૧
એક તાં પ્રિયના પનહી ભલા બીજું ચરણાંકીત સંવલીતજી
એહવા પનહી પ્રેમભર્યા શોભીએ જેહના રસતણી નહી પરમિતજી ૧૭૭૧
તેણે કરી પ્રેમદાને પ્રિય ઘણું જુગલ પનહી પરાગે ભરીયાંજી
સોંસણી રંગે સુખદ સોહામણાં ફુલવેલ જોઈ ભકત ઢરીયાંજી ૧૭૮૧
તેહનો કસબ કારણમઈ ઝલહલ પ્રિત રૂપે અનુપમ ભાંતેજી
એહવા પનહી ગલીને દ્વારે ધર્યા તે જુએ રસિકા રસ ખાંતેજી ૧૭૯૧
એમ સેવા કરે ભકત રંગ રસે શું શું કહિયે તે વખાણજી
પ્રિયના ઉપયોગ તણે અર્થે સહુ કોઈ સંધ્યા સમય થયો જાણજી ૧૮૦૧
વહાલોજી બેઠા છે બેઠક મધ્યે ગાદી તકિયે તે શ્રી વરરાયેજી
સ્વરૂપ સુખદ સુખદાય તે અવિલોકીએ ચિત્ત અતિ ભાએજી ૧૮૧૧
હવે સંધ્યા સમય લહી લોભસું આવ્યાં દીનકર ભાઈ પ્રિય પાસજી
એ ખવાસ વહાલાજીને પ્રિય સદા એહની ખવાસણી સોહે રસ રાસજી ૧૮૨૧
વિશુધ્ધ અંતઃકરણ એ તણું તે જોઈ રૂકમણીલાલ રીઝેજી
એહો પર પ્રિય પ્રસન્ન રહે ઘણું એણે દીનકરભાઈ કાજ રીઝેજી ૧૮૩૧
સ્વરૂપ વિના કાંઈ નવી લહે દીનકરભાઈનો એ સ્વભાવજી
તન મન ધન સર્વ સમર્પીને ઉભો રહે જયારે મલે એહવા દાવજી ૧૮૪૧
પરદની પરજંત રાખે નહીં દીનકરભાઈ પોતા કને તેહજી
કેલના પાતની પરદની પહેરી તન ઢાંકે દીનકર ભાઈ તે એહજી ૧૮૫૧
એણે પ્રકારે ઉત્સવને દિવસે કાંઈ સમર્પે છે પ્રિતેજી
એહવો દીનકરભાઈ ભાગ્યવાન છે સેવા માને પ્રિતમ સ્નેહ રીતેજી ૧૮૬૧
એહવો ખવાસ સુખદ સુખદાઈ તે મનભાયી વહાલા કને આવ્યોજી
પ્રસન્ન મુખે સંધ્યાની વિનંતી કરતાં તે બહુ પેરે ફાવ્યોજી ૧૮૭૧

શ્રી રાજ સમય થયો એમ કહયું તે લહયું મહાપ્રભુ તત્કાલજી
તે સુણી અને સહુ કોઈ ઘસી આવ્યા જેકો જલઘર હતા રસબાલજી ૧૮૮
હવે હલફલીને સહુ ઉઠીયાં જે જયા હતા તે ત્યાંથી ભકતજી
પ્રિયને નિકટ ઉભા રહયાં સોહાગે ભર્યા અનુરકતજી ૧૮૯
એણે સમયતે શ્રીમુખ સુખ નિરખીએ અંગ અંગની છબી છે નવિનજી
સંધ્યા સમય ગાદી તકિએ થકા હવે ઉઠશે પરમ પ્રવિણજી ૧૯૦
બીડુ શ્રીમુખ માંહે સોહામણું તે મુકે મનોહર રૂપજી
ભકત ભાગ્યવાન ખોભલા ઘરે અધરામૃત લેવા અનુપજી ૧૯૧
શ્રી મહાપ્રભુજી ઈશાન ખુણે ઘસી આવે નીચા નિહારે છે રસતણી રીતેજી
કરકમલ હૃદય પર સ્થાપીને સુખ આપીયાં રસિકાને પ્રિતેજી ૧૯૨
માલા ઝુમી આવે તેણે કરીને રાખ્યો તે હૃદયે રસાલજી
પણ તેહનું કારણ કામીની લહે જેહને દાન કરે વહાલો તેણે કાલજી ૧૯૩
હૃદયા તણાં રસદાન સુચવે મિત્ર વિચિત્ર તેણે સમે રંગેજી
ઉભય સ્વરૂપને મોદ વાધે ઘણો આનંદ રસભર તે ઉમંગેજી ૧૯૪
બીડુ મુકતાં સુકણ એહવા શોભિએ શ્રીમુખ છબી જોઈજી
અધર પલ્લવતે પરાગે ભર્યો મુખાંબુજે જોઈ મહા સુખ હોઈજી ૧૯૫
એણે પ્રકારે બીડું મુકે મોદસું તે અદ્‌ભુત લાગે મીઠુંજી
સંધ્યા સમય તે સાવધાનીસું અધરામૃત આપ્યું તે દિઠુંજી ૧૯૬
ભકત ભાગ્યવાનના કરાંબુજમાં અધરામૃત રસ દિઠો ભારીજી
તે સુભગા સાવધાન થઈ માગે અધરામૃત રસ સુખકારીજી ૧૯૭
રંચ રંચ આપે ભકત ભાવે એકને અધરામૃત અવ્યકત અનુપજી
..... ૧૯૮
કોઈ મહાતમ પક્ષ લઈ લે છે કોઈ સ્નેહ સહિત તે ભય ભીતેજી
કોઈ સ્વાદિષ્ટ મિષ્ટ લહી લે છે પ્રેમ રહિત તે નિજ સુખ રીતેજી ૧૯૯
કોઈ આતુર થઈ અભિલાખસું દાન પાન અર્થ તે અવ્યકતજી
અધરામૃત રસ રલીયામણો તે લે છે રસિક રસ ભકતજી ૧૦૦
.....
..... ૧૦૧
કોહોને ઉદબોધ અંગ વાધે ઘણો રસ તણો તે કહયો નવી જાયજી
કોહોને અધરામૃત તે પરસતાં શાંતાતે બહુ પેરે થાયેજી ૧૦૨
કોઈ રસિલાની સુરત કરી સુખ ભરી અધરામૃત લે છેજી
કોઈ પ્રહસિત થઈ પ્રેમતણે રસે પ્રિતમજીને રસસુખ દેછેજી ૧૦૩
કોહોને આશકતતા વાધી ઘણી અધરામૃત લેતાં રસાલજી
કોહોને દેહ તણી સુરતિતે નવી રહી લેતાં અધરામૃત રસબાલજી ૧૦૪
કોઈ સાત્વિક ભાવે તે ભરી આવ્યા નિસાસો મુકે છે અનુપજી
સંબંધ શ્રી અંગ સંગ દાનનો સ્ફુરી આવ્યો સુખરૂપજી ૧૦૫

એણે પ્રકારે અવસ્થા તે થાએ છે અધરામૃત લેતાં અવ્યકતજી
કોહોના અંગ અંગ શિથિલ તે થાએ છે સંબંધ ભર સોહે રસભકતજી ૧૧૦૬૧
કોહોને અંગ અંગે થરપીટી ચાલે છે માહાલે છે સ્નેહ તણી રીતેજી
કોઈ વિસ્મય વનિતા તે થઈ રહયાં લેતાં અધરામૃત વાધી પ્રિતેજી ૧૧૦૭૧
કોઈ દુર્લભ રસ અધરામૃતનો જાણીને કરે રસપાનજી
ત્યારે વહાલોજી બહુરસે હુલસીને કરે રસભાવે ભર્યા રસદાનજી ૧૧૦૮૧
રસિકાતે નિપટ પ્રસન્ન થયાં અધરામૃત લીધું એણી પરેજી
કોઈ મોદે ભર્યા મનોરથ કરે અધરામૃત લેતાં સુખભેરજી ૧૧૦૯૧
કોઈ ચોંકી ઉઠયા તે ચિંતા કરે અધરામૃત જોઈ ઘણુ રીઝેજી
કોઈ નવ પલ્લવ થયા નેમસું અધરામૃત લેઈ કાજ સીઝેજી ૧૧૧૦૧
કોઈ હાથમાંહાં તે રાખી રહયાં અધરામૃત રસ પ્રેમ પુરાજી
કોઈ અધરામૃત રસ મોદસું અવિલોકે નેહભર સુરાજી ૧૧૧૧૧
અધરામૃત પાન પ્રેમે ભર્યા એણીપેરે તે કરે સહુ ભકતજી
જેહનો સબંધ જેહવો શ્રી અંગ સંગે તે લે અધરામૃત અવ્યકતજી ૧૧૧૨૧
કોઈ માથે ચઢાવે મોદે ભર્યા અધરામૃત સુખદેણજી
કોઈ સ્પર્શ કરે છે છાતીએ રંગે અધરામૃત કોઈ દેખે નયણજી ૧૧૧૩૧
એ અનુભવ કયાં લગી કહું અધરામૃત લેતાં પ્રગટે પ્રિતજી
જેહનું તે વરણ જેહને પક્ષ છે તે તેણે પ્રકારે લે સ્નેહ રીતેજી ૧૧૧૪૧
એ અધરામૃત લેતાં તે રૂચી વાધે શ્રી અંગનો સંબંધ સ્ફુરી આવેજી
રસ તણું તે જ્ઞાન પ્રગટે હોએ ક્ષણું ક્ષણું માંહાં નૌતન રસ ભાવેજી ૧૧૧૫૧
અધરામૃત રસે રસ્યુ મનડુ તે લહે સુભગા સૌભાગ્યવતી જેહજી
એ અહરનીશ પાન પ્રેમે કરે એહનું સુખ જાણે સહુ તેહજી ૧૧૧૬૧
અધરામૃત રસ તે મીઠો ઘણું દિધો અનુપમ અભિનવો રંગેજી
ચુચુતે રસ ચમકી રહયો તે અધરામૃત ભકત ઉમંગેજી ૧૧૧૭૧
અધરામૃત દાન કર્યા પુંઠે બીજુ કાંઈ સુભગાને નવી ભાવેજી
તેહનો સ્વાદ અપરમિત અભિનવો તે વચનમાંહાં નવી આવેજી ૧૧૧૮૧
તેહના સ્વાદમાં મન અરૂઝીયું સુરઝે નહીં તે અણું માત્રજી
અધરામૃત રસ રસિલો સોહે તે કહેવા માત્ર મારૂં નહી ગાત્રજી ૧૧૧૯૧
અનુભવ અનુભવ રસ લહી અને એહનો સ્વાદ લે છે રસ પ્રિતેજી
અધરામૃત રસ રસિલો સોહે તેહનો સ્વાદ લહીએ સ્નેહ રીતેજી ૧૧૨૦૧
પ્રેમે પુરા સુરા ભકત ભોગીયા સંયોગીયા પ્રિય તણે રસેજી
તે લે અધરામૃત એણીપેરે જેમ જેમ અંગ અંગ મહા રસ વરસેજી ૧૧૨૧૧
સંધ્યા સમય રસદાન આપીયાં વહાલે રૂચી જેહની જેવી જાણીજી
તે પ્રકાર અનુભવી ભકત લહે કહેવાને શકય નહીં વાણીજી ૧૧૨૨૧
હવે ખવાસજીએ વિનંતી કરી સંધ્યા કારણ લહી વેગજી
જી રાજ સમય થયો ઉઠીયે તે સુણે છે વહાલો નિત્ય નેગજી ૧૧૨૩૧

કોઈ સમય પ્રિય પ્રેમે ભર્યા સોહે ગાદી તકિએથી ભિતર પધારેજી
ત્યારે સ્વરૂપ એ સુભગ સોહામણું રસિકા જોઈ તન મન વારેજી ।૧૨૪।
મોહ સહિત મનોરથે ભરીયાં તે ભામીની પ્રિય તણું મુખ નિરખેજી
હવે વહાલોજી તે ઉભા થયા સંધ્યા સમય લહી અતિ હરખેજી ।૧૨૫।
જ્ઞાત વર્ગને તે વિદાય કરે સન્માન દેઈ બહુ પેરજી
ભકત સમાજ તે સહુ ઘસી આવીયો પ્રિય નિકટ તે ઉલટ ભેરજી ।૧૨૬।
એણે સમય તે આશિષ બોલે પ્રેમે પ્રેમવતા જેકો ભકત રસાલજી
જૈ જૈકાર કારણમઈ સોહે બહુ સંધ્યા સમય લહી તત્કાલજી ।૧૨૭।
આશિષ અનેક પ્રકારની સ્નેહ ભરદે છે પ્રેમદા પ્રિતેજી
શ્રી માહાપ્રભુ પરમ પ્રસન્ન થઈ આશિષ સુણે રસ રીતેજી ।૧૨૮।
ત્યારે ઉદબોધ વાધે અતિ ઘણો રસ તણો માહા બલવાનજી
આશિષ દેતા તે આશાએ ભર્યા કરે રસભકત રસિલો તે પાનજી ।૧૨૯।
દાન દાતા દાન આપે ઘણું શ્રી અંગ તણું સુખદાઈજી
તેણે કરી રસિકા રસે ભર્યા પ્રિય પ્રેષ્ટને જુએ મન ભાઈજી ।૧૩૦।
આશિષ દેતા દેતાં રંગે ઉમંગે બોલે ભકત ભાવેજી
તે પ્રકાર અનુભવી શ્રૃષ્ટિ લહે અનુભવ રસ વાણીએ ન કહેવાએજી ।૧૩૧।
જે જે શબ્દ ધુની ગાજી રહી ઠામ ઠામ ભકત ઉભા તેહના મન મોહેજી
જેહનો સંબંધ જેહવો શ્રી અંગે રાજે તેહનો સ્વર બોલે તેહવો તે ત્યાંહેજી ।૧૩૨।
તેહ તણી ધુની ધમકે ન્યારી ન્યારી સુખકારી પ્રિતમ લેહ તેહજી
જૈ જૈ જૈ જૈકાર ઘુમી રહયાં કહયાં કહી પેરે જાએ તે એહજી ।૧૩૩।
તેહસું સુણી સુણી ભકત હરખે ઘણું જૈ જૈ શબ્દ સુખદ સુખકારીજી
અંગ અંગ પ્રત્યે તે રસ ફેલ્યો જૈ જૈ કાર તણો અતિ ભારીજી ।૧૩૪।
પ્રેમ સહિત પ્રેમદા સહુ ઉચરે માંગલ્ય ધુની જૈ જૈ રસાલજી
પ્રિયે પ્રેષ્ટ સુણે છે પ્રેમ ભર્યા જૈજૈકાર શબ્દ તે સંધ્યા કાલજી ।૧૩૫।
તેણે કરી રસ ઉદબોધ વાધીયો રસ સાધીઓ પ્રિયજીએ પ્રિતેજી
રસિકાના પોષણ કરે પ્રેમસું નિત્ય નેમસું તે ઘરી રસ રીતેજી ।૧૩૬।
માંગલ્યમઈ પ્રિયને ઘેરી ઉભા ભકત સમાજ તે સોહાગને ગર્વેજી
મધ્ય મધ્યને વચાલે શ્રી મુખ જુએ મધુરી વાણી બોલે ભકત સર્વેજી ।૧૩૭।
તેહના મનમાં મનોરથ ઉપજે વાણી દ્વારા પ્રિતમને જણાવેજી
જૈ જૈ કાર કહીને આશિષ બોલે તે માહા મનોરથ તણો રસ લાવેજી ।૧૩૮।
તેણે કરી મીઠો મિત્ર પ્રસન્ન ઘણું મનોરથ પ્રેમદાના ઉર આણેજી
ભાવ ભોકતા ભાવે ભુષિત રહે મનોરથ રસિકા તણાં જાણેજી ।૧૩૯।
ઉભય સ્વરૂપે કાજપુરણ હોએ રસ તણાં જે જે પ્રગટીયા મનજી
જૈ જૈ કાર કહી હુલસે ઘણું વિલસે છે રસિક ભાવાપન્નજી ।૧૪૦।
રસ ભેદે ભુકતે ભોગીવર સંજોગી શ્રી વલ્લભ રસાલજી
એ સંધ્યાનો રસ રલીયામણો વચને કહે કેમ રસ બાલજી ।૧૪૧।

મીઠાઈ મનોરથે ભરી દિસે શ્રી અંગ પ્રત્યે તે અનુપજી
તે સ્વરૂપ વર્ણન હવે કહું મીઠાઈ સહિત સુખરૂપજી ।૧૪૨।
વહાલોજી ગાદી તકિયે સંધ્યા સમય ઉભા સોહે મીઠાઈએ પુરાજી
ભકત સમાજ ચોંહોફેર ઘેરી રહે મીઠા મિત્રને તે ઘણું સુરાજી ।૧૪૩।
સંધ્યાકાલ તે કારણમઈ સ્વરૂપ સુખ જુએ મીઠુ રંગેજી
શ્રી ચરણાર્વિંદ મીઠા મધુરા ફલ પ્રગટે અવ્યકત રસ સંગેજી ।૧૪૪।
તેહ તણો સ્વાદ તે સુભગા લહે શુભ સમે અભિશરણે તે પ્રિતેજી
મીઠો ચરણાર્વિંદ તે ફલ નિરખીને હરખે રસભકત રસ રીતેજી ।૧૪૫।
ચરણાર્વિંદ લંક લહલહે મીઠા તે મનોહર રૂપજી
નખ ચંદ્ર નવલ નાયકે ધર્યા સુખ ભર્યા મીઠે ચરણે અનુપજી ।૧૪૬।
અંગુષ્ટ અંગુલીએ તે ઝલહલે રસિકા તણાં મનની ઉધ્યોતજી
એહવા નખ તણું વર્ણન કોણ કરે સોહે મીઠાઈ તણી રસ જયોતજી ।૧૪૭।
અંગુલીદલ ચમકે ચોંપે કરી પ્રેમે ભરી મીઠાઈએતે પાગ્યાજી
એહોના વલણ અનેક રસે રસ્યા તે જોઈ રસિકા અનુરાગ્યાજી ।૧૪૮।
અંગુષ્ટ અંગુલી તણે ભેદતે રસ મીઠાઈ સું દિસે રસાલજી
એહ તણાં ક્ષતતે ખાંતે પડે સુભગાને અંગે શુભ કાલજી ।૧૪૯।
તે મિઠાઈ મનોહર દેખિએ અવરેખીયે ક્ષત તે અવ્યકતજી
એહ તણું સુખતે સુભગા લહે રસ પાત્ર રસિલા જે ભકતજી ।૧૫૦।
પાહની પ્રહસિત મીઠી ઘણું રસતણું નહી તે નિર્માણજી
એહનો રંગ મીઠો મહેકી રહયો તે સૌરભલે રસ જાણજી ।૧૫૧।
એડી અભિનવી સુખકારી છે રસભારી મીઠો એ માંહાં સોહેજી
તેજુએ જુવતી જોબને ભરી મીઠી એડીને રસ સુખ મોહેજી ।૧૫૨।
ચરણાર્વિંદ તણી પાટલી મીઠે તને જે ભરી દિસેજી
તે ઝલકે રસ ઝાતકારસું અવ્યકત રસ જોઈ મન હિસેજી ।૧૫૩।
એ પાટલી પર ચિત્ત લાગીયુ પાગી રહયું મિઠે તે રસેજી
ફર ફરી અવિલોકીએ હરખસું મિઠો રસ ઉરમાંહાં વસેજી ।૧૫૪।
મીઠા મિત્રના ચરણાર્વિંદ મીઠા પરાગે મિઠો ઘણું મહેકેજી
સંધ્યા મીઠીએ તે શ્રી મહાપ્રભુ ગાદી તકિયે ઉભા ચરણ લહેકેજી ।૧૫૫।
ગાદી તકિયાની ગાદી માંહાં ગડી રહયાં ચરણાર્વિંદ ઉભય મીઠાજી
તહાં તણી છબી છટકી મિઠો રસે સંધ્યા સમય નયણે તે દીઠાજી ।૧૫૬।
ક્ષણું પાટલીમાં મન અરૂઝીયું મીઠા તે જોયુ રસ રાસજી
તે ગોલ ગહેરાઈસું ત્રપત્રપે મિઠી પાટલીની મહેકે સુવાસજી ।૧૫૭।
ક્ષણું એડીમાંહાં અટકી રહયું મન તે ચંચલતા મનોજની દિઠીજી
તેણે કરીયને ઉદબોધ વાધ્યો મિઠો વ્હાલાજીની એડી ઘણુ મિઠીજી ।૧૫૮।
ક્ષણું પાહાની મીઠી માંહાં અટકીયા રસિકાના મન તે રસાલજી
ક્ષણું અંગુષ્ટ અંગુલીદલ નિરખે મિઠે મનોજે ભરી રસ બાલજી ।૧૫૯।

નખ ચંદ્રની જયોત મિઠી સદા મન મુદાતે દિસે ભાગ્યવાનજી
એમ ચરણારવિંદ મિઠા જોતા વહાલેજીએ દિધા રસદાનજી ૧૧૬૦૧
પ્રિય તણાં ઢાંકણા મિઠા ગોલ ઘણું તેહ તણું રૂપ દિસે અવ્યકતજી
વહાલાજીના તલાતે નિર્મલ સદા મિઠા તે લહે રસ ભકતજી ૧૧૬૧૧
અહના પેચ મિઠા મધુરા લાગે પાગે મન તલા મિઠા નિરખીજી
રસ ઉદબોધ વાધસે તે બહુપેરે રસિકા નિરખે રસે હરખીજી ૧૧૬૨૧
મીઠા ઘુંટણ ગોલ ગહેરાસું પ્રવિણ પ્રહસિત દિસે તેહજી
એહ તણો રસ મિઠો મનોજ જેહ લહે રસિકા રસિલા તેહજી ૧૧૬૩૧
હવે જંઘા કહુ તે કારણ મઈ કરૂણા રસે છે ઘણું સુરીજી
મિઠા સ્વરતે સુભગાને રીઝવે રસ કાજ સીઝવે રસે પુરીજી ૧૧૬૪૧
અવ્યકત મિઠા રસ માનીની લહે જંઘા તણી જે સુખકારીજી
સુખ સમુદ્રની લહેરો લહેકે ભારી મિઠી જંઘા માંહાંથી પ્રગટે છે ભારીજી ૧૧૬૫૧
તે રસ અનુભવી રસિકા લહે મિઠી લહેરો જંઘા તણી મીઠીજી
મિઠા ઉદબોધ રસતું તે સોહતી મિઠી સુરતિ વિચિત્રે જંઘા દીઠીજી ૧૧૬૬૧
કામ કેલ્પ કરે માંહા મિઠાઈસું અદ્‌ભુત ભાંતે તે નવીનજી
મિઠી વિધ્યા વિચિત્ર કલા તણી જાણે બહુ ભાંતે જંઘા પ્રવિણજી ૧૧૬૭૧
પ્રહસિત થઈ મિઠે પ્રેમે ભરે પ્રેમદાને તેણે સમય પ્રિતેજી
મન તન તેમ લેઈસું ઉદ્‌બોધ જંઘા રસ રીતેજી ૧૧૬૮૧
મધ્યસ્થલ મધુરા મિઠાઈની રેલ ચાલે છે મહા બલવાનજી
મિઠા સ્વરસું તે શોભાએ ભરી મીઠી રસ રેલ્ય તણું હોય દાનજી ૧૧૬૯૧
તેહ તણો સ્વાદ તે સુભગા લહે મીઠી રેલ મધ્ય સ્થલ ચાલેજી
મિઠી ચતુરા અનુભવે અનુભવ રસ અદ્‌ભૂત રસ રેલસું મ્હાલેજી ૧૧૭૦૧
મિઠે મધ્ય સ્થલે રસ બહુ નિપજે અવ્યકત મિઠાઈનો નહિ પારજી
વહાલોજી તે મીઠા ફલદાન આપે ક્ષણું ક્ષણું તે વારંવારજી ૧૧૭૧૧
મધ્યસ્થલ કેલી કમનીયની મિઠાઈ પ્રગટે અસંખ્યાતજી
તેહ તણો રસ કો કેહી પેરે કહે વચને કહીને મિઠી વાતજી ૧૧૭૨૧
નિતંબ નવલ નાયકા તણું મિઠા મનોહર સુખ દેણજી
તેહની શોભા મિઠી છે સોહામણી રસિકા જુએ રસ વસ નયણજી ૧૧૭૩૧
.....
..... ૧૧૭૪૧
નિતંબનો રસ મિઠો ઘણું શું શું કહિએ વખાણ તેહ તણુંયજી
અનુભવીયને મિઠો અનુભવ સ્ફરે નિતંબનું સ્વરૂપ સોહામણુંયજી ૧૧૭૫૧
કટિલંક મિઠી ધોતી ધરી છે મરગજી મનોહર દિસે તેહજી
નિતંબ જંઘાને જાનુ પર મિઠે મધ્યસ્થલે લપટી છે એહજી ૧૧૭૬૧
લલકે ચલકે ચોંપે કરી મરગજી ધોતી મિઠી રસાલજી
તેહ તણી કુંજલક મિઠી ઘણું ધોતીએ વલી રહી તત્કાલજી ૧૧૭૭૧

તે જુગલ પીંડુરી વચ્ચે સોહતી મિઠા લહેકાસું લલકે છે ધોતીજી
લહે લહેતી લાવણ્ય ધોતી તણી જોઈ રસિકાતે રસવસ મોહતીજી ।૧૭૮।
શ્રી મહા પ્રભુ ઉભા આનંદ મને સંધ્યા સમય મિઠે સ્વરૂપેજી
શ્રી મુખાર્વિંદ ઉત્તર દિશે મિઠા દાન આપ્યાં ગોકુલ ભુપેજી ।૧૭૯।
ગાદી તકિયા તણી ગાદી પર બિરાજે ઉભા વહાલો રસ લટકેજી
મિઠુ આલસજુત અંગ એડાવી પ્રમોદે ઉભયરસ ચટકેજી ।૧૮૦।
શોભા અવ્યકત રસ ઉદ્બોધની મુખે પ્રેમદા પ્રેમે છે પુરીજી
અંગ અંગ જે એડાવી પ્રિયે ચટકીયા તેહની શોભા છે સુરત્વે સુરીજી ।૧૮૧।
ત્યારે મુદ્રિકાના નંગ નવલ રસે ચલકે મિઠા મનોજે તે ભરીઆજી
મીઠા નંગ લાલ શ્યામ શોભિએ લોભિયે વ્હાલેજી એ મન હરીયાજી ।૧૮૨।
ઉભય ચટકતા તે ચોંપે કરી મિઠી મુઠી વલે પ્રિય રંગજી
તેહ માંહા રસ ભરીયો રસ ભોગને મિઠા સંજોગને તે ઉમંગેજી ।૧૮૩।
એહવી મુઠીનું વર્ણન કોણ કરે મીઠા ભુજ લટકતા વાલી વહાલોજી
મિઠા રસ ભકત રસ વસ થઈ જુએ રસ ભરીયો મુઠીમાં નિહાલેજી ।૧૮૪।
બલવંત રસતે વાધ્યો પ્રિયે મુઠી માંહાં મેહલી રસ રસ મન ભાયેજી
તેણે કરી સુભગા લલચાવીયાં રસ પાન મિઠા કરવા સુખદાયેજી ।૧૮૫।
મિઠો રસ મિઠી મુઠી માંહાં બાંધીયો તે રસને લોચે રસભકતજી
વહાલોજી હુલસી હુલસીયને લલચાવી દાન કરે છે અવ્યકતજી ।૧૮૬।
મિઠો અંગુષ્ટ દેખાડે આનંદ ભર્યો મુઠીના રસ સંયુકત લો ભાવેજી
મિઠી ગહેરાઈ રસ તણી દેખિયે એ અંગુષ્ટ માંહા રસ દાવેજી ।૧૮૭।
ત્યારે નખ ચમકે નૌતન ગતે રસ રીતે અંગુષ્ટનો મીઠોજી
એમ આલસ મોડયા તણો રસિકાએ નયણ ભરી દીઠોજી ।૧૮૮।
હવે ટુંડી કહું નવલ નાયકા સુખ દાયકા દાન મિઠા જાણેજી
અનીરવચનીય રસ એહનો મિઠી ટુંડીને રસિકા વખાણેજી ।૧૮૯।
વ્હાલોજી ઉભા ઉભા ત્યાં મીઠો અંગુલી ટુંડી માંહાં ઘરે પ્રિતેજી
તેણે રસ રસ્યા યુવતિજન વાધી અંગ અંગ માંહાં રસ રીતેજી ।૧૯૦।
કહિયે ઉદર મિઠો મિઠા મનોજસું દિસે છે ઝાક ઝમાલજી
તે નિરખતા નયણ મટકે નહી મિઠો રસ છે નૌતન રસાલજી ।૧૯૧।
એ ઉદર આનંદમઈ મિઠુ દીઠુ તે સધ્યા સમય ગમતુજી
માંહા ઉદ્બોધસું રસભર્યું રાજે માનીની તણું મન અહીં રમતુજી ।૧૯૨।
અદ્ભુત રસ ઉદર માંહાં ભરી રાખ્યો ચાખ્યો મિઠો રસ રસવાનેજી
તેણે કરી મન મત્ત થયું મિઠો ઉદ્બોધ પ્રગટયો તે દાનેજી ।૧૯૩।
એ ઉદર માંહા રસ રમ્ય છે અનુભવી તણું એ મિઠુ ધામજી
પસવાડા પ્રૌઢ પ્રેમે ભર્યા પુરે રસિકાના મીઠા કામજી ।૧૯૪।
વિલસતી મનોરથ વાધે ઘણું મિઠે પસુ આડે મન તન પાગેજી
રસિકાતે ફરી ફરીને લપટે મિઠે કપટે ભર્યા અનુરાગેજી ।૧૯૫।

પસુઆડાનો રસ પ્રહસિત સદા મન મુદા રહે મિઠા તે ઉકતેજી
અનેક ભાંતનો રસ નિપજે પસુઆડા તે પ્રેમદા ભુકતેજી ૧૧૯૬૧
હવે હૃદય કહું રસ રેલ્ય તે અવ્યકત રસ તણું મહામુલજી
ભકત સમાજ પ્રિયને ઘેરી ઉભા જુએ અંગ અંગતે અનુકુલજી ૧૧૯૭૧
મિઠા સુખ ભિન્ન ભિન્ન અંગ રાજે રસકાજેતે અપરંપારજી
હૃદયતણો રસ મિઠો મનોરથે ભરિયો કેમ કરીયે ઉચ્ચારજી ૧૧૯૮૧
મિઠુ હૃદય સ્પર્શતા સુખ ઘણુ અણુ માત્ર મન ન્યારૂ નવી થાયેજી
પ્રિય પ્રેષ્ટનુ હૃદય રમણીકતે મિઠુ મધુર સુખદાયેજી ૧૧૯૯૧
હૃદય પર બાલ મિઠા મનોહર સોહે રસ આછાદન કાજજી
જેણે રસ કોહોની દ્રષ્ટે પડે નહી જુએ અનુભવી રસીક સમાજજી ૧૨૦૦૧
એતદ અર્થ હૃદય પર બાલ ઘર્યા મિઠો રસ આછાદયો ભલી રીતે જે
પ્રમદા જુએ પ્રેમ રસે પુરા વાધી મન મિઠી પ્રિતેજી ૧૨૦૧૧
હૃદય પર મિઠી માલા ગહરે રંગે ઉમંગે ચલકે રસ વાનજી
તે લહેલહેતી લલકી રહી હૃદય પર કરે મિઠા રસ પાનજી ૧૨૦૨૧
ઉરોજની છબી છટકી રહી મિઠી મત્તાતે એ માંહાં સોહેજી
મનોજ મિઠો મધુરો સદા ઉરોજ જોઈ તે રસિકા તે મોહેજી ૧૨૦૩૧
ચક ચાક્ષ્ય મિહીત ચમકે ઘણું મિઠો ઉરોજ ઉભય સુખદાતાજી
દાનપાત્રને તે દાને ભરે ઉભય ઉરોજ પ્રિયના રસ જ્ઞાતાજી ૧૨૦૪૧
.....
..... ૧૨૦૫૧
ત્યાં બીટડી મિઠે જ્ઞાને ભરી વરી છે ને.....
તેહનો રંગ મનોહર મિઠો દિસે પ્રેમદા કરે પ્રેમસું પાનજી ૧૨૦૬૧
અહી બાલ વિલક્ષણ શોભિએ સુક્ષ્મ ફરતા આસપાસજી
મિઠો રસ તે આછાદીયો રસિકા કેમ કરે તે સમાસજી ૧૨૦૭૧
તેણે કરિયને અકુલાએ ઘણું મિઠી બીટડીના રસ જુએ રંગેજી
ફરી ફરી અવિલોકે ઉમાહસું રસ ચાહસું માહા રસે સંગેજી ૧૨૦૮૧
રસ ઉદ્બોધ અવ્યકત આનંદ મિઠો પ્રગટે મિઠો હૃદયે તે રસાલજી
પરિરંભણ મિઠા મનોહર વક્ષ સ્થલે કરે ગોકુલપાલજી ૧૨૦૯૧
મિઠી જનોઈ ખભાંથી આરંભીને વિલસે હૃદય ઉદરને પીઠેજી
મિઠો ઉપરેણો એહજ રીતે તેહની શોભા લહીએ નયણે દિઠેજી ૧૨૧૦૧
સંધ્યા સમય વલોજી ઉભા છે ગાદી તકિયાની ગાદીયે પ્રિતેજી
મિઠુ સ્વરૂપ સુભગ સુદેખીયે અવરેખીયે વિચિત્રતે રીતેજી ૧૨૧૧૧
મિઠા ભુજદંડ લલકે લોભાત્મિક રસિકાના રસ લેવા સુરાજી
લહેલહે મિઠો લહેકોતે લાડીલો ભુજદંડ ભુક્વા પુરાજી ૧૨૧૨૧
મિઠો કોહોણી કારણમઈ દેખીયે રસ પખીયે તે વારંવારજી
હવે કાંડા મિઠા કારણ રસે અવિલોકીયેતે માહારસ સારજી ૧૨૧૩૧

મિઠા પહોંચલાતે પ્રેમે ભર્યા પ્રેમવતીના મનને તે નિરોધેજી
મિઠુ ચુંબન કરે અહીં પહોંચલો પ્રેમદાને પ્રબોધેજી ।૨૧૪।
મિઠી અંગુલીએ તે મુદ્રિકા સોહતી મન મોહતિ તે રસ કાજેજી
તેહના નંગ મિઠા મિઠે રંગે અવિલોકયાતે રસિક સમાજેજી ।૨૧૫।
મારા પ્રિય તણી અંગીલી આનંદે ભરી તે માંહે પહેરી છે મુદ્રિકા ભાગ્યવાનજી
અંગુષ્ટે અણહોતે તે રસવહે રસિકાને કરે રસતણાં દાનજી ।૨૧૬।
મિઠા નખ નિર્મલ નૌતન રસે લસે છે તે તે કામનું ધામજી
ક્ષતે દે છે મિઠા સ્વાંતે કરી રસભર રસિકાને અભિરામજી ।૨૧૭।
મિઠા કરતલ કહું તે કોડામણાં રસ તણાં તે કારણ અહીં સાધેજી
ઉદ્બોધ રસતે કરતલ મધ્યે ભરિયો જેમ મીઠો રસ વાધેજી ।૨૧૮।
માનીના મનોરથે તે રીઝવે મિઠા કાજ સીઝવે રસરમ્યજી
જેહને મનોરથ મિઠો જે ઉપજે પુરે રસરમ્ય અગમ્યજી ।૨૧૯।
એહવા કરતલ મિઠે મનોજસું ભરિયાતે ભુકતે રસભેદેજી
પ્રેમદા લહે એ રસ તણાં સ્વાદને એહનો પાર ન પામે તે વેદજી ।૨૨૦।
કરતલ કોમલ કારૂણીક તે કરૂણા રસે છેલ છબીલાજી
છબી પર છબી તે ઉમડે ઘણી તેમાંહે રસ લહે રસભકત રંગીલાજી ।૨૨૧।
એહવો કરતલનો રસ મીઠો તે અનુભવ્યો ભાગ્ય સોહાગને સંગેજી
મધુરાઈ મનોરથે ભરી મધુરાઈ મીઠી શ્રીકરે રાજેજી ।૨૨૨।
મીઠી રેખા વિચિત્ર રસે રંજી કરાંબુજ મધ્યે અદ્ભુત ભ્રાજેજી
..... ।૨૨૩।
મીઠા ચુંબન ચારૂ કરે અહીં રસિકા રસવસ અતિ હરખેજી
મિઠો ઉદબોધ રસ પ્રગટયો ભારી શ્રી કરતલ તણો રસ નિરખેજી ।૨૨૪।
હવે ગ્રીવા મીઠી ગોલ ગૌરતે કહિયે છે માંહા રસવાનજી
મિઠા દાન દે છે તે લાવણ્યસું ગ્રીવાએ કરે રસપાનજી ।૨૨૫।
બહુ પ્રકારનો રસ સાને કરી સમુઝાવે ગ્રીવા અતિ પ્રિતેજી
રસિકાને રસ સુખ સુચવે બહુ ભાંત તણો રસ રીતેજી ।૨૨૬।
મીઠી ગ્રીવા ગોલ ગમતી ઘણું રમતી પ્રેમદા પ્રેમ સાથેજી
ઉદબોધ મીઠો મન વાધ્યો તે સાધ્યો રસ રસિકાએ ઉભય હાથેજી ।૨૨૭।
ગ્રીવા સંગ રમણ રસ ભીર્યા કરે મિઠા મધુરા બહુ ભાંતેજી
અનેક ભાંતનો રસ ઉપજે ઉભય સ્વરૂપને તે એ સમય ખાંતેજી ।૨૨૮।
હવે પીઠ કહિયે પ્રહસિત સદા પ્રેમદાને રસે રહે પુરીજી
મિઠો મનોજ ફેલી રહયો પીઠે તે નિરખે રસિકા રસે સુરીજી ।૨૨૯।
પીઠ પ્રનાલીએ રસ વલી વલી તે વહે છે મિઠો બારહ માસજી
તેહ તણું રસ સુખ સુભગા લહે મિઠો રસ વહેતે રસ રાસજી ।૨૩૦।
સંધ્યા સમય રસ ઉદબોધતે વાધે ભકત તે અંગ રસાલજી
ગાદી તકિયા તણી ગાદી ઉપરે ઉભા છે રૂકમણીલાલજી ।૨૩૧।

તે શ્રી વલ્લભજી મિઠા ઘણું મનોહર સ્વરૂપે સુખકારીજી
સંધ્યા સમયતે ઉભા ઉભા આપે રસદાન રાસભર ભારીજી ।૨૩૨।
મીઠી ચિબુક ચારૂ અવિલોકીયે ઝલકતી મહા રસ ભોગીજી
એ મહા રસતે મિઠો મનોજે ભર્યો તે રસના રસિક છે સંયોગીજી ।૨૩૩।
વિધી વિધી રસે વિલસે છે વેગે કરી ઠોડી સંગ પ્રેમદા મિઠી પ્રિતેજી
હુલસી હુલસી સુખ પામે છે રસ જામે ચિબુકે રસ રીતેજી ।૨૩૪।
તે રસ અપરંપાર દિસે મિઠુ મન હીસે ઠોડીઓ રમવાજી
ફરી ફરીને ફંદાએ ચિબુક સંગે મન નવકરે કહીંતે જાવજી ।૨૩૫।
એ ઠોડીમાં રસ ઉદ્બોધ છે મિઠો માન સંયુક્ત તે દિસેજી
અસંખ્યાત મિઠા રસ કાજતે કરે ઠોડીયે જોઈ મન હીસેજી ।૨૩૬।
મીઠો અધર પલ્લવતે અરૂણ ઘણું ચલકે ચંચલ પણે તેહજી
તે નિરખતા મન હુલસી આવે વિલસવા મિઠો રસ એહજી ।૨૩૭।
અધર અનુરાગ રસે રંજયે મીઠા ભોજન ભાવતા કરાવેજી
રસિકા તણી રૂચી બહુ ભાંતની તે જાણી પરોસે રસદાવેજી ।૨૩૮।
તે રસ ભુકતે ભામીની ભેદસું અધર અધરને સંગેજી
બહુ ભાંતનો રસ જે પરોસિયો મિઠે વહાલોજીએ તે ઉમંગેજી ।૨૩૯।
મીઠા અધર પાન કરાવીયાં પ્રેમદાને પ્રેમ ભરપુરજી
અનેક ભાંતે રસ વિલસીતે હુલસે છે અધર મિઠો સુરજી ।૨૪૦।
સંધ્યા સમય તે સાવધાનીસું અધરે ભર્યો રસ તે રસાલજી
તે ગહેરો ગંભીર ઘાયલ કરે તે મિઠો નૌતન રસ તત્કાલજી ।૨૪૧।
તે માંહાં ઘુમી રહયો રસ સુભગા તણો અંગમાંહાં રસ આનંદ ભરીયોજી
એણે પ્રકારે મિઠો રસ અધરનો રસિકાના ચિત્તમાં પ્રિયે ધરીયોજી ।૨૪૨।
ભેદ સહિત ભામીનીને ભમાડીને રસ રમાડે તે મહા બલવાનજી
એહવો અધર પલ્લવ પ્રેમે ભરીયો પ્રેમદાને કરે મિઠા દાનજી ।૨૪૩।
મિઠી અરૂણતા સંધ્યા સમય શોભિએ લોભિયે અધરને જોઈજી
નવલો રસ પાન કરી રંગે મિઠો આનંદ મંગલ હોઈજી ।૨૪૪।
અધર પલ્લવે રસ રલીયામણો વિચિત્રતા સહિત તે દિસેજી
રંગ અધર અરૂણે ઘુમી રહયો મીઠી મૃદુલતા જોઈ મન હીસેજી ।૨૪૫।
દંત પંગત્ય ચમકે ચોંપે કરી સુખ ભરી મીઠી છે તે શ્રીમુખ માંહાંજી
રસદાન આપવાને આતુર રહે રસ ભેદસું દંતાવલી ત્યાંહાંજી ।૨૪૬।
મિઠા ડંખ ડસે તે હસે ઘણું દંતાવલી દાને છે પુરીજી
ફરે ફંદ સહિત રસ ફાંદા માંહાં નાખે નવલી ગતિ સુરીજી ।૨૪૭।
એહવી દંતાવલી દમકે મિઠી દિઠી તે મહા સુખકારીજી
એ માહા રસ તણી તે પરમિત નહી કેઈ પેરે કહું તે ઉચ્ચારીજી ।૨૪૮।
રસના તે સકલ રસે રંજી કરે સુરતિ રસલીલા રસાલજી
પરસ્પરે તે લપટાઈને ઉભય રસના હુલસે તત્કાલજી ।૨૪૯।

મિઠી મનોજે ભરી તે બિરાજે છે રસ કાજે લહે તે રસ ભકતજી
મિઠા રસના દાન રસે ભર્યા એકાંત સમય આપે અવ્યકતજી ૧૨૫૦૦
વલી વચન ચાતુરીએ સંતોષે છે પોષે એ મિઠે રસે રમતીજી
બહુ પ્રકારના રસભાવ ભેદસું કેલી કરે રસને તે ગમતીજી ૧૨૫૧૦
ફરી ફરી લપટીએ લોભે ભરી ઉભય સ્વરૂપની રસના રસિલીજી
રસ યુધ્ધ જોબન ભરી રસના સોહે પરમ હસીલીજી ૧૨૫૨૦
શ્રી મુખમાંહાં તે રસ રમે મન ગમે મિઠી રસના તે પ્રિતેજી
અરૂણ રંગે રંગી રહે સદા મૃદુલતા સહિત રસ રીતેજી ૧૨૫૩૦
મિઠી રસનાનો રસ અસંખ્યાત તે કહેતાં કેમે પારના આવેજી
હવે મોહોસર મનોજ મંગલે ભરી મિઠી મનોહર રસે ભાવેજી ૧૨૫૪૦
તે શ્યામ સચિકણ લહે લહે મોહોસરનો વંક છે રસાલજી
વનિતા મિઠી મિઠી મોહસરને જુએ વાયે વસ એહના બાલજી ૧૨૫૫૦
ત્યારે ત્રિયા અંગ થરહરે મોહોસર મિઠી નિરખતાં પ્રિતેજી
કયારે મોહોસરીયા શ્રી હસ્તતે ફેરવે મિઠો રસ રીતેજી ૧૨૫૬૦
કયારે રસ ગર્વસું મોહસર તણાં ખુંટ આમળે શ્રી મહારાજજી
તે લાવણ્ય લટકો રસે દિઠો મિઠો તે સોહે રસકાજજી ૧૨૫૭૦
ગલસ્થલ કહયું તે રમનીય તે રમણીક ઝલકે રસવાનજી
સંધ્યા સમય ગાદી તકિયા તણી ગાદીએ ઉભો કરે મીઠા દાનજી ૧૨૫૮૦
ગૌર ગલસ્થલ રસે ગહેગહી રહયો તેહનું વર્ણન કરૂં કેહી પેરે ભાંતેજી
મિઠી રસે તે રસ્યાં સોહે અવ્યકત રસ ભર્યો એ માંહાં ખાંતેજી ૧૨૫૯૦
તેણે કરી તે અતિ ત્રપત્રપે રસિકા જપે જાપ તે એહનોજી
આઠો પહોર એ રસ માંહાં રમે સદા મિઠે ગલસ્થલ પ્રચાર છે જેહનોજી ૧૨૬૦૦
દાતા ભોકતા ભોગે રસ ભોગીયા સંયોગીયા છે મિઠા રસ માંહાંજી
ગલસ્થલ મૃદુલ સોહામણું સંગ વિલસે રસિકા રસે ત્યાંહાંજી ૧૨૬૧૦
હવે કર્ણ મિઠા મિઠી વાતડી સાંભલે તે કહિયે સુખકારીજી
રસિકા રસ ગુંજ ભરે એહ માંહાં મિઠો રસતે ચિત્ત ધારીજી ૧૨૬૨૦
તે સુણતાં માત્ર અંગે અંગ ફુલે વહાલા તણાં મિઠે રંગેજી
તેણે કરી મીઠા ઝાતકાર ઝલહલે બહુ ભાંત તણાં તે ઉમંગેજી ૧૨૬૩૦
રસ ભકત પરખે પ્રેમે ભર્યા એ ઝાતકાર તણું તે સ્વરૂપજી
શ્રી અંગ મધ્યે રસ ઉદ્બોધસું ઝલકી રહયો છે તે અનુપજી ૧૨૬૪૦
એણે પ્રકારે શ્રી કર્ણ રસ ભરણ છે તન મન વહાલોજીનાને પોષેજી
કયારે મુકતામણી પ્રિય પહેરીને મિઠે રસ રસિકાને સંતોષેજી ૧૨૬૫૦
શ્રી કર્ણે મુકતાફલ લલકતા ચલકે છે મિઠે રસ ગર્વેજી
રૂકમણીલાલ સંધ્યા સમે ઉભા મિઠુ સ્વરૂપતે જોયુ ભકત સર્વેજી ૧૨૬૬૦
નાસા નવલો નવલી રસ મકરંદ મિઠો લેઈ સુખ પામેજી
તેણે કરિયને શ્રીઅંગ અંગે મિઠા મનોજ તણો રસ જામેજી ૧૨૬૭૦

એહવી નાસા નિરૂપમ પ્રિય તણી સર્વોપર મિઠી બિરાજેજી
એહનું સ્વરૂપ મિઠુ તે દીઠુ રસે વસે ચીત્તમાં રસ સાજેજી ૧૨૬૮૧
રસ તણાં જાવદીક જે શ્રૃંગાર છે મિઠી નાસામાં દિસે ઉદબોધજી
તે સંધ્યા સમય ઝલકે ઘણું લહે રસ ભકત રસનો નિરોધજી ૧૨૬૯૧
બીજુ કોએ ન સમજે એ વાતને નાસીકાનો રસ છે રસાલજી
નૌતન મિઠે રસે રસદાન કરે મન હરે રસભર તત્કાલજી ૧૨૭૦૧
એણે પ્રકારે નાસા તણાં સુખ દીઠા મિઠા કહયાં તે કેમ જાએજી
હવે નેત્ર મીઠા મનોજે ભર્યા કહી મહારસ સુખદાયેજી ૧૨૭૧૧
તે જોઈ ત્રિયા તલફે ઘણું મિઠા સંગમ રસને આરાધેજી
પ્રગટે નૌતન રસ નેત્ર માંહાં તેણે બહુ ભાંતે રસ સુખ સાધેજી ૧૨૭૨૧
મિઠો મન મથ નેત્ર મધ્યે દિસે ચપલાઈ સહિત તે અવ્યકતજી
ઝલકે ચલકે ચોંપે કરી તેહનું રૂપ લહે રસ ભકતજી ૧૨૭૩૧
મીઠો રસ તે નેત્રાંબુજ મધ્યે દિઠો રસવસ રસિકાએ પ્રિતેજી
અનુરાગ સહિત ઝલહલે ઘણું મિઠાઈ સંયુકત રસ રીતેજી ૧૨૭૪૧
વરૂણી વણ્યના ટોપચા સંગ દિઠી અનેક તે મિઠીજી
વિલક્ષણ રસ ભાવ ભેદસું કરે રસિકાની મિઠી વસીઠીજી ૧૨૭૫૧
એહવી વરૂણી વનીતા વૃંદને ગમે રસ રમે મીઠા રસિલા જે પાત્રજી
ટોપચે રસ રચ્યો રચના કરી તે કહેવા મારૂં નહી ગાત્રજી ૧૨૭૬૧
મિઠો રસતે ટોપચે વહે લહે રસે ભર્યા રસવાનજી
મિઠા રસ ભાવભેદ તણાં ઘણાં કરે ટોપચે રસદાનજી ૧૨૭૭૧
ભ્રુઅ ભ્રંગ મિઠી મનમથે ભરી વરી છે વ્હાલે રસકાજજી
તેહનો વંક લંક મીઠો ઘણું જુએ ફરી ફરી રસિકા સમાજજી ૧૨૭૮૧
ઉભય ભ્રઅભ્રંગ મિઠીને નિરખતાં રસ વાધે તે અપરંપારજી
રસભેદના ભાવતે સુચવે ભ્રકુટી કેમ કરે તે ઉચ્ચારજી ૧૨૭૯૧
ચમકે ચલકે ચિત્ત મિઠાઈસું ઉદદીપન કામનું ધામજી
ભિન્ન ભિન્ન રસતે દેખાડીયો મિઠી ભ્રુઅ મૃણાલે અભી રામજી ૧૨૮૦૧
મિઠુ ભાલ ઉતંગ આનંદમઈ તણો રસ કહે રસ રૂપજી
ત્યાંહાં તિલક રેખ રસિલી રાજે તેહની શોભા સોહે છે અનુપમજી ૧૨૮૧૧
ઝાતકાર મિઠા ભાલે ઘણાં રસ તણાં તે કહયાં કેમ જાયજી
માહારા પ્રિય તણી ભાલને ભુકતવા રસિકા રસે વ્યાકુલ થાએજી ૧૨૮૨૧
ભાલ ગૌર વિશાલ રસાલ રમે રસ ભકત તે રસવાનજી
તિલક મધ્યે રેખા શ્યામ દિસે મિઠા તામસ તણું કરે દાનજી ૧૨૮૩૧
ભાલ પર કર ફેરે ખાંતે કરી ભામીની રસ વાત્સલ્ય ભરીયાંજી
મિઠા પ્રિતમને સુખ આપીયાં ઉભય સ્વરૂપના રસકાજ સરીયાજી ૧૨૮૪૧
ભાલ તણો રસ ભુકતે ભાવે કરી રસ દાન દે તે નવ નવી રીતેજી
સંધ્યા સમય તે સાવધાનીસું વિલસે મિઠા ભાલ સંગ પ્રિતેજી ૧૨૮૫૧

હવે કુંતલનો રસ મિઠો તે દિઠો મહા રસવસ રંગેજી
પંગત ઝગમગે ઝાતકારસું મિઠા કુંતલ તણી તે ઉમંગેજી ૧૨૮૬૧
કનપટી આગલા કેશ સોહતા મન મોહતા મિઠે મોદેજી
હવે શીશના કેશ સૌરભે ભર્યા ઝલકે મિઠે પરમ પ્રમોદેજી ૧૨૮૭૧
કચ કમનીય મિઠો મનોજે રસ્યા વસ્યા છે ચિત્તમાં રસાલજી
તેહની શોભા ગહેરે રંગ છટકી ઉધ્યોત જયોતસું મિઠા વાલજી ૧૨૮૮૧
કેશને નિરખી મન રંજે છે મીઠા રસિકા તણુ રસ રૂપજી
આશકતતા પ્રગટે પ્રમોદસું મિઠા કચતે નિરખતાં અનુપજી ૧૨૮૯૧
શ્રી મસ્તક શોભા સોહામણી મોહામણી છે મિઠે રસેજી
અદ્‌ભુત રસતે રસિલો દિસે મિઠા મસ્તક તણો ચીત્ત વસેજી ૧૨૯૦૧
મિઠો જુડો જોબને ભર્યો દેખીએ શીષ સંગે તે સુખદ નવીનજી
..... ૧૨૯૧૧
એહવો અંબોડો આનંદ ભર્યો મિઠા ઉદ્‌બોધ રસ સું તે ઝલકેજી
સંધ્યા સમય શ્રીઅંગ અંગ તણી છબી મીઠી મનોહર ચલકેજી ૧૨૯૨૧
તે નિરખી નયણ ભરી નેમસું મિઠી પ્રેમદા પ્રેમે પુરીજી
એણે પ્રકારે મિઠુ સ્વરૂપ તે અવિલોકે સુભગા સુખે સુરીજી ૧૨૯૩૧
સંધ્યા સમય સુખ બહુ ભાંતના આપે વહાલોજી રસવસ રંગેજી
ગાદી તકિયા તણી ગાદી પર ઉભા છે મીઠે પરમ ઉમંગેજી ૧૨૯૪૧
અહીં ટોંક કહે ઝક ઝોલસું હંસી હંસીને હસાવે મહારાજજી
આનંદવર તે આનંદે ભર્યા પ્રેમદાને પ્રસંન્ન થાવા કાજજી ૧૨૯૫૧
પ્રહસિત વદનાર્વિંદે તે કરે ટોંક રસિલી રસાલજી
અધરે રંગ લાલ લડે તો છે તેહને જોયે રસિકા રસ બાલજી ૧૨૯૬૧
હવે આગલનો જે પ્રસંગ તે અડતાલીસમે માંગલ્યે કહેસુંજી
પ્રિપ તણાં જે જે ચરિત્ર રસે ભર્યા સોહાગ સંબંધે તે લહેસુજી ૧૨૯૭૧
મિઠા દાન તે મીઠો મિત્ર કરે મીઠે રસે ભરે રસદાતાજી
રસિકાની મન વ્રત જાણીને રસે રમે શ્રી વલ્લભ રસજ્ઞાતાજી ૧૨૯૮૧

ઈતિશ્રી માંગલ્ય સુડતાલીસ સંપૂર્ણમ્
હવે માંગલ્ય અડતાલીસમું લખીસે
હવે માંગલ્ય ઉથાપનનું એકવીસમુ છે
શ્રી શ્રી શ્રી શ્રી શ્રી

માંગલ્ય - ૪૮

શ્રી શ્રી શ્રી ગોકુલેશો જય જયતિ, "હવે માંગલ્ય અડતાલીસમું લખીએ છે"
તેહને ગાવાને અનુકરણ છે "તે વચન જે" મોરે રે આંગણે રોપોરે ચોખલીયાનો છોડ
મુને લલી લલી આવે વીમોલીયે "એમ ગવાશે"

શ્રી રૂકમણીલાલ લડેતે અંગે તે સોહાયે સંધ્યા સમય દાન આપે ઘણાં એ
ગાદી તકિયા તણી ગાદીએ ઉભા તે દિસે મન હીસે કેમ કહું સુખ એહ તણાં એ ।૧।
સ્વરૂપ મિઠુ મિઠે રસે ભરીયુ તે સોહે કહી આવ્યા સુડતાલીસમે માંગલ્યે એ
પાર્વતીપતિ રસનીધિ નવલ છે નાહ રસદાનસું દાન દે છે પલેપલે એ ।૨।
જેહ ભકતનો ભાવ જેણે રસે સંવલીત તેહને તેણે રસે ભરે પ્રિય મન મુદા એ
માંગલ્ય અડતાલીસમું લીખીયે છે પ્રિતે રસ રીતે વ્હાલો દાન આપે સદા એ ।૩।
રમણ રસે પુરો શુરો રૂકમણીલાલ અનેક પ્રકારનો રસ લહે એ
ભાંત ભાંત રીઝવે સુભગાને ઘરી નેહ સંધ્યા સમય કો કેઈ પેરે કહે એ ।૪।
ઉથાપન તણું બાવીસમું માંગલ્ય સોહે મન મોહે પ્રિતમજીને જોઈ જોઈ એ
માંગલ્યે માંગલ્યે કહયો છે તે ભિન્ન પ્રકાર અનુભવી જે સુણતાં તે અનુભવ હોએ એ ।૫।
સંધ્યા સમય ગાદી તકિયાની ગાદીએ પ્રિય ઉભા તે પ્રકાર પાછલને માંગલ્યે કહયો એ
સ્વરૂપના દાન તણાં સામર્થે જે જેહ સોહાગ સંબંધ ભર જે સહયો એ ।૬।
વલી આ માંગલ્યમાં કહીસે તે રસ રમ્ય અગમ્ય રસ છે પ્રિતમ તણો એ
સુખદ શીરોમણી વલ્લભજીવરરાયે રસદાયે રસ આપે છે અતિ ઘણો એ ।૭।
કારણમઈ કરૂણાલ સ્વરૂપ સુદેશ રસિકાને પોષે છે રસે કરી એ
સંધ્યા સમય ગાદી તકિયાની ગાદીએ સૌહે છે ઉભા છે વલ્લભજી તે સ્નેહ ઘરી એ ।૮।
ચોહોફેર ઘેરી રહયો ભકત સમાજ પ્રિતમજીને નિરખે છે રસ રંગે એ
શ્રી અંગ તણી છબી છટકી જે માંહા રસ રાસ તે રસ લહે અનુભવી રસ સંગે એ ।૯।
ફરી ફરી જુએ પ્રિતમ તણું તન રસવાન જ્ઞાન પ્રગટે મહા રસ તણું એ
તે સમયે સ્વરૂપનો રસ સ્વાદ લે સુભગા બહુ પ્રિતે એ રસ પ્રિતે ફરી ફરી મન ગમે એ ।૧૦।
શ્રી વલ્લભ અંગ વલ્લભ વલ્લભાને બહુ પેરે તે અનુભવી પાત્રનું મન લહે એ
બીજુ કોઈ ન સમજે એ રસ માંહાં તે લગાર તો વચને કરી કોઈ કેમ કહે એ ।૧૧।
પ્રિય તણું તન તે દિસે છે માંહારસ રમ્ય તેણી લાલચે રસિકા ઓહોટે નહી એ
લપટી રહયું મન પ્રેમદાનું પ્રેમ સમેત વહાલો ઉભા ઉદ્બોધ રસ જહી એ ।૧૨।
શ્રી અંગનું સુખ લહે રસિકા જે રસવાન આશકતતા જેહને હોય ઘણીએ
તેહને એ રસ થકી અધિક નથી બીજું કાંઈ માટે રસ લાવણ્ય જુએ રસ પ્રિય તણી એ ।૧૩।
ફરી ફરીને અરૂઝયે મન તે પ્રિયજીને સંગ રંગસું રમણ કરે બહુ ભાંતે એ
વહાલાજીને જેમ જેમ સુખ હોએ સર્વાંગે તેમ રમે રસિકા રસ ભર્યા ખાંતે એ ।૧૪।
ઉદબોધ રસ પ્રગટે ઉભય સ્વરૂપે અવ્યકત સંધ્યા સમય પ્રિય ઉભા રસ રીતે એ
સકલ શ્રી અંગ ધોતી ઉપરેણા ભેર તે બિરાજે રસ કાજે રસિકા જુએ રસ પ્રિતે એ ।૧૫।

નિજનાહનો રસ તે રસિલો મહા રસદાયે મન ભાયે ભામિની તે ભુકતે ઘણુંએ
ઉપરેણાના ખુંટ લહેકે લહેકાભર રંગે કેમ કહી શકુ રસે સુખ તણું એ ।૧૬।
ચમકે મુદ્રિકા મનોહર અંગુલી તે સવ્ય ભવ્ય રસ શ્રી કરાંબુજે જે શોભિયે એ
લલકતા ભુજદંડ ભામિનોને રસ ભુકતે બહુ રસ ઉકતે ભર્યા જોઈ લોભિયે એ ।૧૭।
સંધ્યા સમય મન મટકે નહી તે લગાર શ્રી અંગ સંગ થઈ પાગ્યું રહે એ
ભકત રસિલા રસે ભરીયા રસવાન દાન દેઈ મનોરથ ફરી ઘરે એ ।૧૮।
પ્રાણજીવનજી જાણે સહુ ભકતના ભાવ રસ ભાવે પોષણ કરે તેહ તણાં એ
નૌતન રસ નૌતન કલા જાણ પ્રવીણ એ નૌતન દાન આપે ઘણાં એ ।૧૯।
રીઝવે રસિક સમાજને પ્રિય ઘરી નેહ તે વચન માંહે આવે નહી એ
અનુભવી પાત્ર ભુકતે તે માંહા રસ રમ્ય જે કો પ્રિયના સંબંધી ઉભા અહીં એ ।૨૦।
હવે એકાંત સ્થલ પધારવા કારણ વહાલો રંગ ઉમંગે ઉપરેણો બાંધે શીષે એ
રાખ્યો તર્રો તેજવંત મહા તે સુદેશ રસ વસે ભર્યો જોઈ મન હીસે એ ।૨૧।
દિઘો પેચ જેમ શ્રી મસ્તકે સોહાએ મન મોહાએ માનીનીનું તેણે સમય એ
નૌતન ગતિસું કસે કરૂણા કરી નાહ રસ ચાહસું તે મન માંહાં ગમે એ ।૨૨।
રાખ્યા ખુણા બે ખાંતે કરીયને રસ હેત સ્નેહ સહિત સુભગા જોઈ મોહે એ
મધ્ય મધ્યને વચાલે થલ કેશ કમનીય દિસે કહી કહી તે અદ્‌ભુત સોહે એ ।૨૩।
એણી પેરે બાંધ્યો ઉપરેણો શીષ તે રસાલ ખુંટ ખોસતા રસ ગર્વ દેખિયે એ
મુદ્રિકાના નંગ ચલકે તેણે સમયસર ખુંટ ખોસ્યો પ્રિતમે તે પેખિયે એ ।૨૪।
જનોઈ જીવન ભરી શ્રી હસ્તમાંહ તે લીધી કર્ણ કોમલ પરતે ચઢાવે છે એ
રસિકાતે જોઈ જોઈ મન માંહે લલચાયે એ જનોઈ સોહાગે ભરી ભાલે છે એ ।૨૫।
લલકતી ચલકે છે અદ્‌ભુત ભાંત નવિન પ્રવિણ એ જનોઈ પ્રિયને ગમે એ
ફરી ફરીને જનોઈએ કરાંબુજ લપટાએ રસ રંગે વહાલો એ સંગે રમે એ ।૨૬।
તત્પર થયા તે એકાંત સ્થલ પધારવા કાજ મહારાજ સંધ્યા સમય જાણીને એ
શીતકાલ હોય ત્યારે લાવે ખવાસ અહી નિમો પ્રિયને પહેરવા મન આણીને એ ।૨૭।
વત્સલ્ય સહિત સૌરંભે ભરીયો ભકતે નિમો પ્રિતમજીને તે ઘરાવીયો એ
કયારે લાલ કયારે સોંસણી રંગે તે સોહે કયારે હરીત પીત નિમો ભાવીયો એ ।૨૮।
રંગબીરંગી નિમા નિત્ય પ્રતિ પહેરે એમ જેમ શ્રી અંગને સુખાવહ ઘણું એ
અનેક જાતના અનુપમ તે સુખકારી વર્ણન કેમ થાએ તે નિમા તણું એ ।૨૯।
બંધ દીધા જેહને જેહવા તે ફરહરે સુભગ નવિન રસે એ
મગજી મનોહર પાટલી છે રંગ ગહેરે જુવતી જાતની તે મન વસે એ ।૩૦।
નિમો નવલ નાયક પહેરે રસ રંગે ઉમંગે ભકત જુએ સહુ એ
રૂકમણીલાલ રસીલો છે તે મહા રસ રમ્ય તેહની લાવણ્ય રસ ભરી સોહે બહુ એ ।૩૧।
નિમો પહેરતાં નૌતન છબી પ્રિય તણી દિસે મન હીસે માનીની તણું તે જોતાં એ
લાવણ્ય લટકો લડે તો પ્રિતમજીનો રાજે રસ કાજે રસિકા મન ત્યાંહાં સોહતા એ ।૩૨।
કરૂણા કરી કરૂણાવર નિમો તે પહેરે રંગે ગેહેરે રસિલો તે દેખિયે એ
શીતકાલે એહવી સુખ નિત નિત પ્રતિ આપે ભરી બેઠો નિમો રસે પેખિયે એ ।૩૩।

કટીલંકમાં ગહેરો નિમા તણો અતિ સોહે મન મોહે અનેક રસ ભાંતસુ એ
ઉષ્ણકાલે ધોતી ઉપરેણાભર મારો મિત્ર એકાંત સ્થલ પધારે અતિ ખાંતસુ એ ૧૩૪૧
સંધ્યા સમય એહવા ચરિત્ર કરે મિઠો નાહ રસ ચાહ સુંતે ચોંપ કરી એ
ભકત સમાજ તે જુએ છે મન તણી ફુલ અનુકુલ રહીને તે સ્નેહ ધરી એ ૧૩૫૧
સ્વરૂપ સલુણું નિરખતા ન મટકે તે નયણ એ વીન વયણે વહાલોજીને રીઝવે એ
સંધ્યા સમય સુભગા જે સલુણી સુદેશ એ ઉભય સ્વરૂપના કારજ સીઝવે એ ૧૩૬૧
પ્રાણ વલ્લભજી ઉભા ગાદી ઉપર રાજેએ રસ સાજે ભર્યા ભામિની ભુકતે એ
અનેક પ્રકારનો રસ રમણીક રસાલ એ તેહનું દાન કરે વહાલો રસ જુકતે એ ૧૩૭૧
હવે તે પેંડો કરે ભકત સમે થયો જાણીએ મન આણીયને વાત્સલ્ય બહુ એ
ગાદી તકિયાને નિકટથી એકાંત સ્થલ સુધી એ પેંડો કરી રહયા ભકત ભાવભર સહુ એ ૧૩૮૧
પ્રેમે પુરા સ્નેહે શુરા છે તે ભાગ્યવાન એ રસદાન અર્થે ફરી આશા ભર્યા એ
ઉભા છે તે ભકત સમાજના ટોલએ રસરોલસું વહાલે જે મસ્ત વર્યા એ ૧૩૯૧
કરે છે કટાક્ષ ઉભા ઉભા પ્રિયજી એ તે પ્રેમે કયેમે કરી તે ઓહોટે નહી એ
ચંચલ નયણ ચતુરવર ચાલે રસાલ એ રસ ભકત જુએ રસ કાજે અહીં એ ૧૪૦૧
પેંડો કરી રહયા પ્રિયને પધારવા અર્થએ રસ સામર્થ એહો કને ઘણું એ
રસ ભકત તણો રસિલો પેંડો પ્રિયજી તે પેખે એ અવ્યકત સ્વરૂપ છે તેહ તણું એ ૧૪૧૧
વેદી ચોતરીને નિકટ રસિકા સહુ સોહે એ મન મોહે પ્રિતમજીનું પ્રેમે કરી એ
વહાલોજી ઉભા છે ગાદી ઉપર રસ રંગે એ સંધ્યા સમય અનુપમ સ્નેહ ધરી એ ૧૪૨૧
હવે તે પધારે છે અહીં થકા શ્રીવર રાય એ મન ભાવતો રસ ભુકતવા કાજે એ
એણે સમય ભકત જૈ જૈ કાર તે ઉચ્ચારએ આશિષ દે છે તે અદ્‌ભુત ભ્રાજે છે એ ૧૪૩૧
આપપણાં ભાવ સમાન સુ સ્વરે સહુ બોલે એ રસ ખોલે નવનવા જાતનો એ
સુચવે છે આપાપણા મન તણી વાત એ રસ ભકતે પ્રિય અનુપમ ભાંતનો એ ૧૪૪૧
સંધ્યા તણું સંધાણ લહીએ રસ ભકત અવ્યકત રસ ઓચરે છે મન રલી એ
દે છે આશિષ આનંદ મુદા રસ રંગે એ ઉમંગે ભકત સહુ વલી વલી એ ૧૪૫૧
શ્રી માહાપ્રભુજીને શ્રી અંગે જેમ સુખ હોયે એ રસ વર્ધ હોયે તે આશિષ સંગે એ
વચન બોલે રસિક રસ ગર્વે રસાલ એ તત્કાલ પ્રિતમજી એ સણ્યાં રંગે એ ૧૪૬૧
સુણતાં માત્ર પ્રિયને અંગે એ રસ ઉદબોધ ઉમંગે અનંગ પુરો આવ્યો એ
આશિષને ભાવે ભીનો મારો મિત્ર એ વિચિત્ર રસ રમ્ય વહાલાજીને ભાયા જોયે એ ૧૪૭૧
તેણે કહી પ્રૌઢ પ્રહસિત શ્રી અંગ દિસે એ મન હિસે એ સ્વરૂપને નિરખતાં એ
નિરઘોષસું જૈ જૈ શબ્દ આશિષ ઓચારે એ વારણાં લઈ અતિ હરખતાં એ ૧૪૮૧
તે શબ્દ મધુરા મનોહર લાગે અપાર એ મહા સરસ વાણી તે ફેલી રહી એ
એણે પ્રકારે આશિષ દે છે ભકત ભેદે એ રસ વેધે તે કયેમ જાયે કહી એ ૧૪૯૧
શ્રી પ્રભુજી પ્રહસિત થઈયને તે પધારે એ ગાદી પરથી જુલેચે ચરણ ધરે એ
અંકિત પડયા ચરણકમલ તણાં ગાદી સંગ એ રસ રંગજુ ભકત જુએ સ્નેહ ભરે એ ૧૫૦૧
ચાલ્યા આવે ચતુરાઈ કરી પ્રાણનાથએ રસ સાથે તે અનુપમ દેખિયે એ
શ્રી મુખકમલ ઉત્તર દિશે સોહે રસાલ એ ડગ ભરતા તે પ્રિતમજીને પેખીયે એ ૧૫૧૧

ચાલ લટકી ચમકી રહી છે રસ રાસ એ અંગ અંગની છબીયે મન અટકીયે એ
નવ નાયકા નોતન રસીક રસાલ એ અવીલોકતાં નેત્ર નવી મટકીયે એ ૧૫૨૧
ડગ ભરતાં તે હરે રસિકાનું મન તન પ્રિતે એ રસ રીતે પ્રિતમ ચરણ ચાલે છે એ
તે છબી છટકી છે છબીલી ઉધ્યોત એ પ્રેમસું પ્રેમદાતે નિહાલે છે એ ૧૫૩૩
ચલણ વલણ ચંચલતા રસિલી તે સોહે એ ચરણાંબુજ તણી લાવણ્ય શી શી કહું એ
એડી પાહની ઝલકે છે પરમ ઉદયોત એ ગૌર પાટલી ઉતંગ આનંદે ચહુ એ ૧૫૪૪
અંગુષ્ટ અંગુલીદલ નખમણી નવલ આરામ એ રસ ધામતે કામ પુરે સદા એ
ચાલ્યા આવે ચતુર વર ચપલાઈસું તે નિરખે રસભકત આનંદ મુદા એ ૧૫૫૫
જેહની આગલ થઈ પધારે પ્રિય પ્રેષ્ટ એ રસ શ્રેષ્ટના દાન કરે ઘણું એ
પરસ્પરે હોય એહવા દાન એ રસીલા રસાલ તે અનીરવચનીય છે સોહામણાં એ ૧૫૬૬
નિકટ થકા નિજ નાહને નિરખે છે ભકત એ અનુરકત તે રસ ઉછાહે ભર્યા એ
જેહનો ભાવ જંથા વીધિ છે જેણે રસે એ તેહને તેહવા રસદાન પ્રિતમે કર્યા એ ૧૫૭૭
આપપણાં ભાવ સમાન દાન લેઈ હરખે એ રસ વરખે પરસ્પર મોદસું એ
એણે પ્રકારે પધારે છે પ્રાણ આધાર એ સંધ્યા સમય પરમ પ્રમોદસું એ ૧૫૮૮
ગાદી તકિયે થકા લહીને એકાંત સ્થલ કાજ એ મહારાજ તે મહા રસે સોહતા એ
રસ ઉદ્બોધે ભર્યું છે શ્રી અંગ અપાર એ તેણે રસિકાના મન રસે મોહતા એ ૧૫૯૯
ચાલ ચાલે ચમકતા તે ચતુરવર રાય એ મન ભાયે ભેદ બહુ રસ તણો એ
નવલ નાયક નવલી રસ વિલસતા રંગે એ ઉમંગ ડગ ભરે છે ચંચલ પણે એ ૧૬૦૦
જેહને નિકટ પધારે પ્રાણ પતિ પ્રિતે એ રસ રીતે તે સુરતિ ભુલે સહી એ
વિવસ થકા વિલસે વનીતા ગતિ પંગ એ રસ રંગ તે કોણ શકે કહી એ ૧૬૧૧
દાતા ભોકતા જાણે એ રસ તણી વાત એ રસ ગાત રસે તે ઘાયલ થયા એ
જે જે રસ તણાં ચોટ લાગી ચિત્ત માંહાં એ ઉભય સ્વરૂપના મન ત્યાંહાં અરૂઝીયા એ ૧૬૨૨
એણી પેરે પધારે છે પ્રાણજીવન રસવાન એ રસપાન પ્રેમદાને કરાવીયાં એ
જેહને નિકટ નિજ નાહનું સ્વરૂપ બિરાજે એ તે વારણાં લે મન ભાવીયાં એ ૧૬૩૩
શ્રીમુખ પર કર ફેરી ઘેરી રસ લાવે એ રસિકા તે પ્રિતમ તણો જે ગમે એ
કોઈ અધરપુટ અરૂણ માંહે તે ફંદાયે એ ફરી ફરી અવિલોકે સંધ્યા સમે એ ૧૬૪૪
કરે છે કટાક્ષ કરૂણા ભરી તે રસ રમ્ય એ અગમ્ય પ્રિયને તે ગમે ઘણું એ
કોઈ નેત્ર કમલનો કમનીય રસ લે રસિલા એ રસ બાલ રસ સુખ લે તહે તણું એ ૧૬૫૫
કોઈ વંક ભ્રકુટીના લંક લડેતામાં પાગ્યા એ અનુરાગ્યા છે તે એણે સ્થલે એ
કોઈ ભાલ તણો રસ ભુકતે બહુ પ્રિતે એ રસ રીતે તે અહીયે આવી મલે એ ૧૬૬૬
કોઈ કમનીય ભ્રોંહે તે રહયાં અરૂઝાઈ એ કોઈ અંબોડલો જુએ પ્રેમસું એ
કોઈ ગલસ્થલ ગોલ ઉપર ઘણું રંજે એ સુખ પુંજે તે ઝલકે છે નેમસું એ ૧૬૭૭
કોઈ સુભગ શ્રવણ તે નિહાલે છે મન તણે રંગ એ સુક્ષ્મ કેશ કહી કહી ફરહરે એ
ક્યારે પહેર્યા છે મુકતા મણી લલકે રસ રમ્ય એ રસ ઉદબોધ તણી તે આભા ઘરે એ ૧૬૮૮
કોઈ નાસિકા નવલ નયણ ભરી નિહાલે રસાલ એ તત્કાલ તે રસ સુખ પ્રાપ્તિએ
કોઈ મોહોસરના સરમાંહાં અટકી રહયા પ્રિતે એ રસ રીતે તે આરતી વ્યાપતિએ ૧૬૯૯

મધુર હાસ્ય કરતાં પ્રિય રંગ એ ચાલે છે તે લાડ લહે લહયો એ
નૌતન ભેદ રસ તણાં ઉચરે તે અપાર એ અસાધારણ રસ કેમ જાએ કહયો એ ૧૭૦૧
કોઈ દંત પંગત નિરખે છે તે નવલ આરામ એ રસદાન તણી તે આશા ઘણી એ
કોઈ અરૂણ રસના રસિલીને જુએ મન ભાયે એ રસ ચહીયે સુભગા સોહામણી એ ૧૭૧૧
કોઈ અધર આરામ કામ પુરણ લહી પેખેએ રસ દેખે તે અદ્‌ભુત ભાંતનો એ
અધર અરૂણનો તે ગહેરો રંગ એ તેહ રંગીલો છબીલો દિસે બહુ જાતનો એ ૧૭૨૧
યુવતિ તણું સર્વસ્વધન એહ અનુપ એ સુખરૂપ અધરતે આનંદ ભર્યો એ
ચિબુક ચતુર ચપલા રસ કલા વીધિ તે જાણે એ અવિલોકતા રસિકાએ તે રસ વર્યો એ ૧૭૩૧
રસ ભકત કટાક્ષ કરે રસીલા રસવાન એ પ્રિયના અંગ અંગ પર સ્નેહ સું એ
તેમ તેમ સુખ પામે શ્રી પ્રભુ પ્રેમાશકત એ ઉભય સ્વરૂપે માહા રસ સુખ ચિત્ત વસ્યુ એ ૧૭૪૧
એક એક ભકતને અનંત અપાર ભાવ સોહે એ તે ભુકતે શ્રી વલ્લભવર રસ સદા એ
પધારે છે એકાંત સ્થલ અર્થે તે મહારાજ એ રસકાજ કરતા તે પ્રિય મન મુદા એ ૧૭૫૧
સ્નેહવાન ભકત સ્નેહે છે તે ઘણું સુરા એ પ્રેમે પુરા તે ભકત એમ નિરખે સદા એ
પરમ આનંદ ઉદબોધ તણાં જે પ્રકાર એ લહે છે માનીની મનોરથે મુદા એ ૧૭૬૧
કોઈ ગ્રીવા તણી રસરોલ માંહે તે રંજે એ તેજપુંજે રંજે છે સોહામણી એ
હૃદય પરમણીય રસરૂપ અવ્યકત અપાર એ ત્યાં માલા પહેરી છે તે અતિ ઘણી એ ૧૭૭૧
કુચ ફલ કમનીય હૃદય પર તેહ સુદેશ એ રસ વેસ દિસે છે અદ્‌ભુત તેહ એ
ઘુંટી ચાલે ચમકે નિમો રસ રાસએ બંધ થરહરે થંભે નહી એહ એ ૧૭૮૧
લલકતા ભુજદંડ ચલકે મહારસવાન એ રસદાન આપે રસિકાને રસે કરી એ
કોઈ પીઠ જુએ પ્રિતમની મહાસુર ધિર એ ચોરસ ચપલ તે રસે ભરી એ ૧૭૯૧
કોઈ કોઈ કટીલંક મોહે નિમાનો ઘેરો તે સરાહે એ કોઈ ચાલ ચપલ તે રંજે ઘણું એ
કોઈ નિતંબ નાયકના જુએ તે અવ્યકત એ રસ ભકત લહે સ્વરૂપ તે એહ તણું એ ૧૮૦૧
કોઈ ઉદર અનુરાગે ભર્યું પેખે રસરૂપ એ અનુપ પ્રિય ચાલ્યા તે આવે છે એ
કોઈ ટુંડીનો રસ અવિલોકે અગણીત અપાર એ નિકટ મધ્યસ્થલ અતિ ભાવે છે એ ૧૮૧૧
કોઈ ધોતી જુએ જંઘા પરતે રસિલી એ નિહાલી લલકતી તે જાનુ પરે એ
ચરણાર્વિંદે પરાગે ભર્યા પ્રહસિત એ ચાલે ધરણી યે ધરતા વલ્લભ વર એ ૧૮૨૧
અંગુષ્ટ અંગુલીદલ નખમણી નવલ રસાલ એ પાહની પાટલીની છબી સોહતી એ
કોઈ ટાંકણા કો એડી જુએ પરમ વિચિત્ર એ કોઈ રસરૂપ તલવે રસિકા મોહતી એ ૧૮૩૧
મન ગમતે રસે રસસું જુએ શ્રી અંગ એ રસરંગ તણું તે લેખુ નહીં એ
પરમ લડે તો શ્રી રૂકમણીલાલ રસાલ એ પધારતા જુએ છે રસિકા અહીં એ ૧૮૪૧
ઉદબોધ રસનો ઉદબોધ થયો ઉભય અંગે એ ઉમંગે તે ફરી ફરી નિરખે છે એ
ચતુર ચપલવર ચોહો દિશ ચિત્તવની ચાલે એ નિહાલે નવલ રસે હરખે છે એ ૧૮૫૧
પરસ્પરે કટાક્ષ આવી જાયે ઉન્મત એ તેણે સકલ ઈન્દ્રિય તે ફુલે ઘણું એ
સર્વને પોષણ કરતાં કરતાં તે મહારાજ એ પધારે કાજ કરતાં તે રસ તણું એ ૧૮૬૧
રમણનો રસ વરખે હરખે રસ ભોગી એ સંજોગી છે પ્રિય તે સ્વકિય સંગે એ
ચાલ ચાલે ચપલ વર તેહ રસાલ એ સંધ્યા કાલે કારણ લહીને રંગે એ ૧૮૭૧

લટકો લડે તો શ્રી ચરણ તણો તે બિરાજે એ ડગ ભરતાં તે ભામિનુનું મન હરે એ
એણી પેરે ક્રમ ક્રમ ચાલે ચતુરવર રાય એ રસ ચાહસું રસ ચરિત્ર કરે એ ।૮૮।
મંદ મંદ હાસ્ય કરે કરૂણાલ કારૂણીક એ તે અધર મધુર પ્રસરી રહી એ
તેણે કરિય શ્રી મુખાંબુજે ઉધ્યોત અપાર એ રસરાસ પ્રગટી તે ના જાયે કહી એ ।૮૯।
અધરની લાલીમાંહાં મન તન તે ફંદાએ એ પ્રેમદાના પ્રેમવસથી સદા એ
પ્રિયજી પ્રસન્ન મને વેદી ચોતરી આવ્યા એ રસે ફાવ્યા તેણે દિસે સર્વાંગ મુદા એ ।૯૦।
રસિકા રસભર પેંડો કરી રહયાં હતા પ્રિતે એ રસ રીતે પ્રિતમ ત્યાં ઉભા આવી એ
એણે સમય ભક્ત જૈ જૈ જૈ જૈ શબ્દ બોલે એ વારણાં લેઈ આશિષ દે છે મન ભાવી એ ।૯૧।
નિકટ થકી નિજ નાહનું સ્વરૂપ તે દેખે એ રસે પખે શ્રીઅંગ અંગ તણો વલી એ
રસિકા વિહવલ થયા થરે થર તે ભાગ્યવાન એ રસદાન લહીને તે મન રલી એ ।૯૨।
શ્રી પ્રભુજી વેદી ચોતરીએ સુખ આપે એ પ્રેમરસ સ્થાપે પ્રેમદા સનમુખ રહી એ
પ્રેવતીઓના ટોલે ટોલ એ કરે રસ લીલા પ્રિયસું તે ન જાએ કહી એ ।૯૩।
કટાક્ષે કટાક્ષે રીઝવે વ્હાલાને નવી ભાંતે એ ખાંત સહિત ખેલાવી એ અદ્‌ભુત રસે એ
તે કટાક્ષને લોચે પ્રિતમ મન રંગે એ ઉમંગે રસ કટાક્ષ તે ચીત્ત વસે એ ।૯૪।
ભાવ ભેદ રસભેદના તરંગ ઉઠેએ રસ બુડે કટાક્ષ તણો બહુ એ
અનીરવચનીય લીલાનો વિસ્તાર વિસ્તર્યોએ ઉભય સ્વરૂપે તે રસ સુખ જાણે સહુ એ ।૯૫।
સંધ્યાકાલ ગહેરે રસે તે ઘુમી રહયો એ નવી જાયે તે ઉદબોધ રસે એ
એણે સમય પ્રિય પ્રેમ સહિત એ પ્રેમદા પરીપુરણ સ્નેહસું તે થયા વશ એ ।૯૬।
તેણે કરીય ઉભય સ્વરૂપને મોદ અપાર એ અનુરાગ રસતે વાધ્યો ઘણો એ
કોઈ શ્રી અંગ અંગમાં થઈ રહયાં મગ્નએ લગ્નતાસું તે સ્નેહ દિસે તેહ તણો એ ।૯૭।
કોઈ સંબંધ સ્વરૂપ તણા ચિત્ત ધારે એ કોઈ પોતાનો સંબંધ સોચી રહયાં એ
કોઈ પ્રિતમજીની મનમાંહે તે વિચારે એ કોઈ પોતાની પ્રિતમાં ઉમડયા એ ।૯૮।
કોઈ આશકતતા પ્રિયજીનો પેંડો જુએ સાર એ કોઈ પોતે થકી તે આશકત છે એ
કોઈ અનન્યતાના રસ માંહાં રહયાં અરૂઝાઈ કોઈ વ્યસને અટકયા અનુરકત છે એ ।૯૯।
કોઈ એમની પાસામાં પડયા છે પ્રેમ સમેત એ રસ હેત તે નવી જાએ કહયું એ
કોઈ દાન દાતાના દાન માંહે છે આશકત એ રસ નાયકે તતક્ષણ લહયું એ ।૧૦૦।
તેહને દાન આપીને સંતોષે તે માહા રસ રમ્ય એ અગમ્ય અવ્યકત રસ ભકત લહે એ
દાતા ભોકતા લહે એ રસની એ વાત એ બીજુ કાંઈ વચને કહી કેમ કહે એ ।૧૦૧।
કોઈ રસ જ્ઞાન સોચે લોચે જેમ જલ વીન મીન એ દીન પ્રગટયુ તે પરમ પ્રેમે ભર્યું એ
કોઈ વિરહ રસે આકુલ થયા તે ભાવપન્નએ મન તન સમર્પી રસ કાજ સર્યું એ ।૧૦૨।
કોઈ આરત આરત્યા પ્રારથે પ્રાણપતિને એ રસ રતિના દાનની આશા ધરે એ
કોઈ જકી થકી રહયાં યુવતિજન જે સુખદાઈ એ રસદાયી તે પ્રિયજીનું મન હરે એ ।૧૦૩।
કોઈ પ્રવિણ પ્રિતમની પ્રવિણતા માંહે છે મગ્ન એ લગ્ન થઈ રહયાં તેણે રસે ઘણું એ
કોઈ કરૂણાલ વહાલાની કરૂણાલતા જુએ પ્રિતે એ રસ રીતે તે નવી મટકે અણું એ ।૧૦૪।
કોઈ પ્રેમ પ્રિયનો પ્રેમદા અવિલોકે અનુપમ એ સુખરૂપ સુખદ શીરોમણી સદા એ
કોઈ મોદ મનોહર પેખે છે તે વારંવાર એ રસ નાહ નવલ મોદે સોહે મુદા એ ।૧૦૫।

કોઈ આનંદ પ્રિય પ્રિયના આનંદને જોઈ ને રંજે એ રસ પુંજે આનંદ તે વિસ્તર્યો એ
કોઈ ભાવભોગી વરના ભાવ માંહે તે ભીનાએ રસે અધીના નયણ જોઈ અર્થ સર્યો એ ।૧૦૬।
કોઈ લાવણ્ય પ્રિયની લાવણ્ય નિરખે રૂચીકારી રે રસભરી પ્રગટ તે લાવણ્ય તણો એ
કોઈ કામ ધામ પ્રિતમનાને તે આરાધે એ રસ સાધે તે સુખદ સોહામણો એ ।૧૦૭।
કોઈ રસ ઉદીપને ઉમંગી રહયાં તે ઉમંગેએ રસ રંગે તે વહાલાને નિહાલે છે એ
કોઈ રસિક ચરિત્ર ચતુરવરના જુએ પ્રિતે એ રસ રીતે રસ સુખ મ્હાલે છે એ ।૧૦૮।
કોઈ સ્નેહીના સ્નેહને લોચે અપરમિત જેહે જેકો રસ અનુભવે અનુરાગીયા એ
કોઈ લટકો લડેતો વિચિત્ર મિત્રનો તે દેખે એ રસ પેખે તે શ્રી અંગે રસ પાગીયા એ ।૧૦૯।
કોઈ નૌતન છબી છબીલા પ્રિયનીએ તે અટકયા એ હટકયા હરખે વહાલે તેણે સમે એ
કોઈ રૂપ રસિલુ નિહાલે નયણ ભરી ભેદે એ રસ વેધે વનિતા તે પ્રિયને ગમે એ ।૧૧૦।
કોઈ શ્રી પ્રભુની પ્રભુતામાં થઈ રહયા લીન એ સ્વરૂપ રસ તે જાણે નહી એ
કોઈ મધુર હાસ્ય હસીલ નાહનું સુણી રીઝે એ પ્રિતમજી ઉભા જહી એ ।૧૧૧।
સંધ્યા સમય વેદી ચોતરીયે વર રાય એ રસ દાયે રસ આપે છે સર્વને એ
પાત્ર ભેદે રસ ભેદનો છે વિસ્તાર એ માહાસાર રસ લહયો તે ભાવા પન્ને એ ।૧૧૨।
ભાવ ભેદે રસ ભેદ અનંત અગમ્ય એ રસ રમ્ય તે રસિકવર જાણે સહુ એ
રસ વૃષ્ટી કરે રસિકા સંગ ઘણુંસું એ પ્રેમ પુરા પ્રેમરસ લહે બહુ એ ।૧૧૩।
પ્રિય વેદી ચોતરે રસ વિલસે છે ઝાકમઝોલ એ રસ રોલતે અહી એ વાધ્યો ઘણો એ
એહ સમય એકાંત સ્થલ તે પધારશે એ મિઠો દિઠો રસ વિચિત્ર સોહામણો એ ।૧૧૪।
રસ ભકત એ સ્વરૂપને અવિલોકીને રીઝે કાજ સીઝે મન તણું તે ભાવતુ એ
રસ વસ થઈ રસિકવરને તે નિહાલે એ ટાલે દુઃખ સુખ જે ચિત્તમાં હતુ એ ।૧૧૫।
સ્વરૂપને સુખ માનીલે છે સુખકારી એ ભકત ભાવી ભાવાપન્ન તે સદા એ
રસ સુખ વસમાન્ય બીજુ સુખ પ્રિયને નવી ભાવે એ રસદાવે રસ સુખ દે મુદા એ ।૧૧૬।
સુખદ શીરોમણી સુખનીધી વરસે રૂપ એ અનુપ સુખરસ કરાવે પાન એ
રસ ભકત રસિલાને અંગે અનંગ રસ જેહ એ સોપ્યો પ્રિયને તે ભાગ્યવાન એ ।૧૧૭।
સ્નેહ સહિત કો ચતુરા ચિત્તવે વહાલા સંગ એ રસ રંગ તે ચીત્તવની માંહાં ધર્યો એ
કયારે નૌતન રસના વણ નાયકા સાધે એ વાધે રસ અદ્‌ભુત આનંદ ભર્યો એ ।૧૧૮।
કયારે દાન દાતા દાનને અકુલાયેએ કયારે દાનાધિપતિ તેહના દાનને એ
પરસ્પરે દાનનો દાવ સંભાલે રસાલ એ તત્કાલ રસ પ્રગટે રસ વાન કને એ ।૧૧૯।
કયારે ઉદારતા દાનની હોય પરસ્પર પ્રેમે એ કયેમે કરી તે ઓહેટે નહી એ
કયારે સ્થિરતા ગ્રહી છે ઘાયલ થઈને તે અંગ અંગે એ રસ રંગે તે રમણ હોએ અહીં એ ।૧૨૦।
કયારે અભિલાખાસું પ્રિય રસદાનને લોચે એ કયારે પોતે નવલ રસદાન કરે એ
નવલ પ્રેમદા નવલ દાનનો લહે મર્મ એ રસ ધર્મે તે નવલ ધર્મીને ભરે એ ।૧૨૧।
નવલ ચાતુરી ચખાડે કલા ન નવલતે કરી એ રસ ભરી ભામીની ભેદ ભાવસું એ
નવલ સુરતિ ભરે નવલ પ્રિયને રસ રંગે એ ઉમંગ પરસ્પરે વાદો વાદસું એ ।૧૨૨।
નવ આનંદ નવ અનુરાગે તે ભરિયો એ રસ ઢરીયો નવલ વેદી ચોતરે એ
પ્રાણવલ્લભ વર અહીં રહીને સુખ આપે એ નવલ રસ ચરીત્ર ચોંપે કરે એ ।૧૨૩।

નવલ પ્રતાપ નવલરસ તણો રસ રૂપ એ કોઈ તે શોભાને જોઈ રહયાં એ
કોઈ નવલ ઉધ્યોત નવલ જયોતને પેખે પ્રેમે એ કેમે નવલ રસિક સુખ જાએ લહયાં એ ।૧૨૪।
કોઈ ઝલહલતા ઝાતકાર નવલ જોઈ રંજે એ રસ પુંજે એ નવલ સ્વરૂપ સોહે એ
કોઈ નવલ શ્રી અંગની કાંત માંહે રહયાં પાગી એ અનુપ્રેમ રસે તે મોહે એ ।૧૨૫।
કોઈ આશકત થઈ અને નૌતન આશનતે વિચારે પ્રિયના રસ ભોગને ભોગી પાયે એ
તેણે કરી રીઝવે રીઝવાર વરને બહુ ભાંતે એ ખાંતે નવલસું રસ સંજોગી પાયે એ ।૧૨૬।
કોઈ નવલ સુરત નવ નાહનું માંગે એ પ્રેમે પાગે તે નવલ સુરત માંહાં એ
વિપરીત રસે રમણે રસિકા રસ સાધે એ બલ વાધે નવલ અંગે અંગે ત્યાંહાં એ ।૧૨૭।
કોઈ નવલ હીલગની એ હીલગી રહયાં વહાલા સંગ એ ગતિ પંગતે તેહની થઈ ઘણી એ
કોહોને નવલ દીનત્વ પ્રગટયુ નવલી ભાંતે પ્રિતે એ રસ રીતે પ્રિતમ રહે તેહના રૂણી એ ।૧૨૮।
કોહોને નવલ ક્ષીણતા પ્રગટી નવલ રસ ભાવે એ તે કહાવે કારણ સહુ પ્રિયને એ
કોહોને નવલ જવાલા જલહલતી તે અંગ માંહાં વ્યાપીએ રસ સ્થાપી છે રસિક ભાવાપન્ને એ ।૧૨૯।
કોહના નવલ વિરહ નવલી ઉકતે તે સ્ફુરી આવ્યો એ રસ ભાવ્યો મિઠા મિત્રને તે ઘણું એ
કોઈ નવલ સુરતિનો સુરત કરીને સકુચાએ એ ચિત્ત ભાયે પ્રિયને સુખતેહ તણું એ ।૧૩૦।
કોહોને નવલ સંબંધે નવલ થર થરી અંગે ચાલીએ રસે માહલી મનોરથસું ભરી એ
એમ નવલ અવસ્થાના ભેદ નવલ મીન જાણે એ વખાણે રસ રસિકાનો સ્નેહ ધરી એ ।૧૩૧।
કોઈ નવલ ટોંક કરે રસ તણું કારણ પ્રિછી મન ઈચ્છીત દાન લેવા દેવા એ
ઉદ્બોધ રસ પ્રગટાવે પ્રિતમને તે પ્રેમે ટોંક મીસે નવલી યે કરે સેવા એ ।૧૩૨।
કોઈ અનુભાવના આસ્વાદ માંહે અનુરાગ્યા કરી નવલ અનુભવની આશા ધરે એ
જલહલતું એ સ્વરૂપ અનુભવ્યુ છે અપાર અનુભવી અનુભવસું પ્રિયને ભરે એ ।૧૩૩।
કોઈ વહાલાજીને નવલી અનુભવ તે કરાવે રસ ભાવે ભોગીવરને ઘણો એ
ક્ષણું ક્ષણું નવલ અનુભવીની આકાંક્ષના વાધે રસ સાધે મિઠો મિત્ર રસિક તણો એ ।૧૩૪।
ચતુર ચપલ વર નવલ ચતુરાઈ તે ઠાણે રસ જાણે અનેક પ્રકારે બહુ એ
નવલ સુભગાને નવલ રસ સૌભાગ્યનું દાન આપી સ્થાપે સૌભાગ્ય સમે સહુ એ ।૧૩૫।
તે સૌભાગ્યની રતિ રસવાનને અંગે પ્રસરે પ્રમે ભરી તે સદા લાગી એ
તેણે કરી રસ સંબંધનું સુખ સ્ફુરી આવે ક્ષણું ક્ષણું માંહા નવલ નેહે ઉમંગી એ ।૧૩૬।
શ્રી અંગ સંગ વિલસવા વનિતા અકુલાએ તત સમયના સૌભાગ્યને લોચે ઘણું એ
અનેક પ્રકારની અવસ્થા પ્રગટે મન માંહે ચેતન અચેતન સુખ સોહામણું એ ।૧૩૭।
એહ પ્રકાર વચન કહેવા નહી શકય અનુભવ રસ સોહાગે સંબંધે લેહ એ
પ્રાણ જીવન વેદી ચોતરે ઉભાતે સોહે સંધ્યા સમય સહુકો શ્રીમુખ ચહે એ ।૧૩૮।
ભાવ ભેદે રસ પ્રગટે તે અવ્યકત રસભકત કને તે જુજુવી ભાંતે એ
તે રસ અનુભવે અનુભવે પ્રિય તે પ્રવિણ નવિન રસ ભુકતે ભોગીવર ખાંતે એ ।૧૩૯।
જે જેણે ભાવે નિરખે નૌતન ગતિ ભેદે રસે વધે વહાલો તેહવા દાન કરે એ
તેણે કરી તે શ્રી અંગ માંહાં થયા મગ્ન લગ્નતાસું ફરી ફરી સ્નેહ ધરે એ ।૧૪૦।
પ્રિતમજી વેદી ચોંતરે તે સુખ આપે રસ સ્થાપે તે સ્વરૂપ વર્ણન કહું એ
કારણમઈ કરૂણાલ કૌતીકી વરરાયે રસ દાયેના રસ ચરિત્ર સહુ એ ।૧૪૧।

એકાંત સ્થલ પધારવા કારણ વહાલો ઉભા છે વેદી ચોંતરે મન મુદા એ
સંધ્યા સમય શોભાજીનો વિર મહાધિર ધારણ રસવાનની જાણે સદા એ ૧૧૪૨૧
જે કોઈ જેણે રસે થયા છે તે અશકત તે ભકતને તેણે રસે ભરે એ
તે દાન લઈયને ભકત ભાવસું ભુકતે રસજુકતે પ્રિતમનું મન હરે એ ૧૧૪૩૧
કોઈ જલહલતા શ્રી ચરણાર્વિંદ જુએ ચોંપે રસ સોંપે તે ચરણ કમલ માંહાં એ
કોઈ અંગુષ્ટ તણી રસવીષ્ટ જુએ રસ જ્ઞાતા દાતા નખચંદ્ર નવલ સોહે ત્યાંહાં એ ૧૧૪૪૧
કોઈ અંગુલીદલની પાંગત્યમાં રહયા અનુરાગી પ્રેમ પાગીને નખમણીને નિરખે એ
કોઈ એડી પાહાનીનો રંગ જુએ તે રંગીલો છબીલો રસસુખ પાટલીએ વરખે એ ૧૧૪૫૧
કોઈ ટાંકણા જાનુ જુગલના લંક માંહાં વસીયા રસીયા છે તે ભકત રસ ભોગી ઘણું એ
કોઈ ઘુંટણ જંઘાએ અટકી રહયાં અકુલાઈ મન ભાઈ તે રસ છે જંઘા તણો એ ૧૧૪૬૧
કોઈ મધ્યસ્થલે મનોહર પ્રિતમજીનું નિહાલે અવ્યકત રસભર્યો રસ લોભિયે એ
કટી મધ્યે લપટી છે એ ધોતી ધિરજવાન રસદાન અર્થે લલકતી શોભિએ એ ૧૧૪૭૧
એહ તણી ચીપ પાટલી ચમકે રસરૂપ અનુપ ધોતી વહાલોજી એ પહેરી એ
નિતંબ નવલ નાયકના નવિન પ્રવિણ ત્યાં દિસે અદ્‌ભુત રસ સુખ લહેરી એ ૧૧૪૮૧
કટીને નિકટ ટુંડી તણો છે તે નિવાસ રસ રાસ ભરીતે એ માંહા સોહે એ
કોઈ ઉદર આરંદ્ર રસે ભર્યુ પેખે પ્રેમદા પ્રેમભર ઉદરે મોહે એ ૧૧૪૯૧
કોઈ પારસ્વની સરસાંઈમાં હેત વસીયા હુલસીયા હરખભર ભોગીયા એ
હ્રદય રૂચીર રમણીક માંહે કોઈ પાગીયા અનુરાગીયાં છે પરમ સંયોગીયા એ ૧૧૫૦૧
કુચ કમનીય કારણ મય ફુલ્યાંતે દિસે મન હીસે સંધ્યા સમય નિરખતાં એ
શ્રી મહાપ્રભુ વેદી ચોતરી પર ઉભા પ્રેમે રસભકત આવિલોકે રે હરખતાં એ ૧૧૫૧૧
અનેક ભકત તણો સમાજ અહીયે છે ઉભો તે વહાલાજીને જુએ છે ફરી ફરી એ
કોઈ વક્ષસ્થલ તણાં બાલ માંહે બિરાજે રસિકાજે અનુપમ સ્નેહ ધરી એ ૧૧૫૨૧
શ્રી કંઠમાંહાં માલા વનિતા તણી બહુ ટોલ રસરોલસું વિલસે સદા સર્વદા એ
તે લચકે લલકે ચતુરાને નિહાલે ચોંપ સહિત માલા તણો રસ મુદા એ ૧૧૫૩૧
શ્રી પ્રભુના ખંભા પર ઉપેરણો જનોઈ અદ્‌ભુત ભાંતે તે શોભા ધરે એ
લલકે ખંભેથી આરંભી ટુંડી લાગી તે પીઠ પર વિલસે જાણે નૃત્ય કરે એ ૧૧૫૪૧
પ્રાણપતિ તણા ભુજદંડ ભામીની ભુકતે રસ મુજુકતે લલકે છે લાવણ્ય ભર્યા એ
તે જોઈ જોઈ રસીકાના મન અતિ રંજે તેજ પુંજ રસ નિરખતાં કાજ સર્યા એ ૧૧૫૫૧
કર કમલે રસતણાં કારજ બહુ ચાલે મહારસે મહાલે રસવસથી સદા એ
ઉન્મતતા શ્રી કરાંબુજ તણી રસરૂપ અનુપ વિવિધ ગતે સોહે મુદા એ ૧૧૫૬૧
તે રસસુખ લહે રસિકાજે મહા રસવાન કરે દાન પ્રિતમ જેને રંગ રસે એ
શ્રી કરતલ મધ્યે રેખા વિચિત્ર અનેક દિસે અદ્‌ભુત તે ચિત્ત માંહા વસે એ ૧૧૫૭૧
અંગુષ્ટ અવ્યકત મનોહર છે રસધામ કામ પુરે રસિકાના રસે કરી એ
એક ભાવ વિલસે અંગુલી રસદાતા રસજ્ઞાતા છે પ્રેમે રસીલી ભરી એ ૧૧૫૮૧
જેકો ભકત એક ભાવાપન્ન કહેવાય તે લેહવાયે અંગુલીદલ નિરખતાં એ
સહુ મલીને એક કાલે એક રસ ભુકતે રસ જુકતે તે બહુ પેરે હરખતાં એ ૧૧૫૯૧

અંગુલીદ મધ્યે મુદ્રિકા ચમકે રસાલ સંધ્યા કાલ ઉભા પ્રિય વેદી ચોંતરે એ
અનેક ભકત રહ્યા એક ટક તે નિહાલે શ્રી અંગમાંહાં નવીન તે રસે ભરે એ ૧૧૬૦
કોઈ ગ્રીવાની ગૌરવતા જુએ પ્રેમે પાગી અનુરાગી આનંદ ઉદબોધસું એ
કોઈ ચિબુક તણી ચતુરાઈ માંહે તે મોહયાં રસ સોહાગનું સ્વરૂપ ચિત્તે વસ્યુ એ ૧૧૬૧
કોઈ અધરની અરૂણતા જુએ રૂચીકારી ભારી રસ ભુકતે છે અહી રહી એ
કોઈ દંતાવલીના દાન માંહાં અરૂઝાયા તેહનું સ્વરૂપે તે કોણે કહી શકે કહીએ ૧૧૬૨
કોઈ રસના રસિલી પર પરમ પ્રસન્ન રસિક જને જુએ ઘણું એ
કોઈ મોહાસર મનોહર પર છે તદાશકત રસ ભકત ભુકતે સુખ એહ તણું એ ૧૧૬૩
કોઈ દામિની દમકતી ગલસ્થલ માંહ પેખે રસ દેખે નૌતન પ્રકારનો પ્રિતે એ
કોઈ શ્રવણની સરૂઆઈયે તે અનુરાગ્યા પ્રેમવસથી પાગ્યાં રસ ભરી રીતે રે ૧૧૬૪
કયારે મુકતામણી શ્રવણ સુભગ સંગ લલકે ચલકે લાલમણી રસ ધરણી કને એ
તેહ તણી શોભા દિસે છે તે મહા રસરૂપ અનુપ મુકતા ધરાવ્યા રસિક જને એ ૧૧૬૫
કયારે હિરોટી શ્વેત હિરા તણી તે સોહાતી મોહાતી કર્ણ મધ્યે લલકતી એ
સંધ્યા સમય વેદી ચોંતરે ઉભા મહારાજ રસ કાજે નવલ નાંહાં ચમકતી એ ૧૧૬૬
ચપલ ચિત્તવની ચાલે છે ચતુરવર રાયે રસદાયે નયણ સયણ ભરે એ
ભામીનીને રસ ભુકતાવે અપરંપાર વારંવાર વહાલો રસ સયણ કરે એ ૧૧૬૭
નેત્ર કમલ કમનીય રમણી છે રસાલ રસ બાલ એ રંગે રંગે રમે એ
વરૂણી રસિક ભાવાપન તણી પંગતી એ એક ભાવે વિલસે પ્રિયને ગમે એ ૧૧૬૮
નવલ નેત્રના નવલ ટોપચાં સુખકારી ચિત્ત ધારી જુએ યુવતિ સહુ એ
કોઈ અકુલાઈ ચુંબન કરે ચતુરા રસિલા તત્કાલ તે રસ પ્રગટે બહુ એ ૧૧૬૯
ભ્રુઅ ભ્રંગમાં રસ લાવણ્ય અનેક અનેરી તેહનું સુખલહે સુભગાં સોહામણી એ
તામસી તેજે રસિલા ભ્રઅ ભ્રંગ રસિલી વસિલી કરે નિજધણી તણી એ ૧૧૭૦
ભાલ ઉતંગ ઉર ગેહરૂ તે સુખ સરસ વેસના ઝતકાર ઝલમલે એ
તેહ નિરખતાં હરખે રસિકા રસવાન પાન કરે રસદાન પલ પલે એ ૧૧૭૧
અનુરાગ તિલકની સેરભાલ ઉપર સોહતિ મન મોહતિ તે માનીનીનું સદા એ
શયામ રેખા મધ્ય રહી સુખ આપે અવ્યકત રસભકત લહે એહની રસ સદા એ ૧૧૭૨
કુંતલની આભા અભિનવી દિસે છે ધિર વિર શોભાજીનો ઉભો છે અહીં એ
વેદી ચોતરે ચતુરાઈ કરે મહારાજ અદ્‌ભુત અનુપમ એહવી કહીં નહીં એ ૧૧૭૩
કોઈ શ્રી મસ્તકનો ફેંટો જુએ અતી રસતેજ મન હેજ હીલગીને બાંધે બહુ એ
કોઈ કેસર મણીય તણો રસ મન માંહે રાખે અભિલાખે ભર્યા ભામીની સહુ એ ૧૧૭૪
કોઈ અંબોડે આનંદસું થયા છે આશકત અવ્યકત રસ છે તે જુડા તણો એ
કોઈ પીઠ પર દ્રષ્ટિ પર રસ વિષ્ટ આલિંગતા રસ તે વાધ ઘણો એ ૧૧૭૫
ઉદબોધ અનેક પ્રકારે પ્રગટ થઈ આવે રસભાવે શ્રી પ્રભુની પીઠનો રસસદા એ
પ્રસન્ન વદને વનિતા વિલસે વારંવાર રસરાસ પતિ સોહે મન મુદા એ ૧૧૭૬
એણે પ્રકારે શ્રી અંગ જોયુ તે રસાલ રસિલી સંધ્યા સમય વેદી ચોતરે એ
એકાંત સ્થલ પધારવા અર્થે કરૂણાલ અહીં ઉભા રહી ભકતનું મન હરે એ ૧૧૭૭

ભાવ ભેદ રસ ભેદના કરે વહાલો દાન રસ ભેદે પાત્ર ભેદે થઈ રહે એ
પાત્ર ભેદે ફલભેદનો રસ અસંખ્યાત સંબંધ ભેદ કો કેહી પેરે કહે એ ।૧૭૮।
રસના સંબંધી તે રસના સંબંધને જાણે વખાણે છે ફરી ફરી તેહને એ
સ્નેહના સંબંધી તે સ્નેહને લોચે રસ સોચે છે સ્નેહ સંબંધને એ ।૧૭૯।
આશકત સંબંધી આશકત સંબંધે છે પુરા શુરા થઈ વિલસે વહાલા સંગ એ
અનન્ય ભકત અનન્યતાના સંબંધ માંહાં રંજે રસ પુંજે અનન્ય સંબંધ અંગે એ ।૧૮૦।
વ્યસન સંબંધી વ્યસન સંબંધે અનુરાગ્યા પ્રેમે પાગ્યો છે વ્યસન સંબંધ માંહા એ
હીલગ સંબંધીને હીલગે રૂચે છે અપાર પ્રિયને જુએ હીલગ સંબંધે ત્યાંહાં એ ।૧૮૧।
પ્રિત સંબંધીને પ્રિત સંબંધે વ્હાલા પોષે સંતોષે છે પ્રિત સંબંધે સુ એ
મહાત્તમ સંબંધીને મહાતમનું હોયે દાન મહાત્તમે સ્વરૂપ ચિત્ત માંહા વસ્યુ એ ।૧૮૨।
ઐશ્વર્યના સંબંધને કોઈ તે પ્રિછે ઈચ્છે છે ઐશ્વર્ય સંબંધને એ
પ્રભુતા સંબંધી તે પ્રભુતા સંબંધે છે મન લગ્ન થઈ રહયાં પ્રભુત્વ સંબંધને એ ।૧૮૩।
ગુરૂવત સંબંધી તે ગુરૂવત સંબંધને પ્રિતે છે બીજો સંબંધ સ્વરૂપનો જાણે નહી એ
ધર્મ સંબંધી તે ધર્મને આશ્રિત થઈ પેખે રસ દેખે તે ધર્મ સંબંધી અહીં એ ।૧૮૪।
ધર્મી સંબંધી તે ધર્મના સુખને વિચારે ચિત્ત ધારે ધર્મી તણો રસ બહુ એ
ધર્મીના અંગ અંગ પર વારે દેહને પ્રાણ જાણ શીરોમણી ધર્મી સંબંધી સહુએ ।૧૮૫।
પુષ્ટ સંબંધી પુષ્ટ સંબંધ છે રાતા માતા રહે પુષ્ટ સંબંધે ઘણું એ
પ્રવાહ સંબંધી ભકત પ્રવાહમાં બુડા જુએ સ્વરૂપ પ્રવાહે સોહામણું એ ।૧૮૬।
મર્યાદીને મર્યાદા સંબંધ તે ભાવે લાવે ભાવ મર્યાદીતે નવ નવા એ
પ્રેમ સંબંધી તે પ્રેમનો કરે વિસ્તાર મહાસાર ભગવદી તે એહવા એ ।૧૮૭।
એ પ્રકારે સંબંધના ભેદતે અનંત લખતાં કેમે પાર આવે નહીં એ
રૂકમણીલાલ સંધ્યા સમય તે સુખ આપે વેદી ચોતરે ઉભા ઉભા અહી એ ।૧૮૮।
અનેક ભાવ તણાં ભકત પ્રિતમજીને નિરખે હરખે છે આપપણાં સંબંધ ભર એ
હવે તે વહાલોજી પધારે છે એકાંત સ્થલ કાજ મહારાજ વલ્લભજી છે મનોહર એ ।૧૮૯।
સેવા વર્તી એ કરી સેવા જે સુખકારી ચિત્ત ધારી તે પાછલે માંગલ્યે કહી એ
એકાંત સ્થલ ધર્યો અનેક ભાંત તણો સાજ પ્રિયને ઉપયોગ આવશે લહીએ ।૧૯૦।
વેદી ચોતરીયેથી પધારે વહાલો હવે રંગ ઉમંગે ઉમંગ ભર્યા લટકતાં એ
મધુર હાસ્ય એણે સમય કોઈ કરે છે પ્રકાશ રસરાસ મુખાંબુજે મટકતાં એ ।૧૯૧।
તેહ લાવણ્ય જોઈ જોયને ભકત અતિ ફુલે સમતુલે કોહોને કરૂ એહ સમે એ
એહ હાસ્ય સુણી રસ ભકતને હર્ષ વાધે રસ સાંધે પ્રિતમ સંગ રંગ રમે એ ।૧૯૨।
શ્રીમુખ કમલ કોમલ પ્રસન્નતા પેખે રસ દેખે મુખાંબુજ માંહાં ઘણો એ
તેણે કરી મટકે નહી તે લગાર ફરી ફરી જુએ એ રસ શ્રીમુખ તણો એ ।૧૯૩।
એણી પેરે પધારે છે પ્રાણ વલ્લભવર રાયે રસદાયે દાન આપે સદા એ
એહ સમય ભકત જૈ જૈ કાર બોલે અનુપ રસરૂપ સોહે છે તે મન મુદા એ ।૧૯૪।
આશિષ દે આનંદે ભર્યા ફુલ્યા ફલ્યાં રસ ઉદબોધ અંગે માંએ નહીં એ
નમન કરી નવલો રસ લે રસવાન દાન દાતા ને રીઝવે ઘણું એ ।૧૯૫।

વારણાં છે વનિતા વિહવલ થઈ પ્રિતે રસ રીત તે અભિનવી શોભિએ એ
રૂકમણીલાલ પધારે છે એકાંત સ્થલ કાજ તે રસસુખ જોઈ જોઈ લોભિયે એ ૧૯૬૫
ડગ ભરતા ધરણીને ભરે ભરપુર દુઃખ ચુર કરે ચોંપે કરી એ
મૃદુલ ચરણાર્વિંદ ધરે જયાં ત્યાં રસ વસ ધરણી રસે અનુસરી એ ૧૯૭૭
ચરણ સ્થાપિત કરીયને યોગ્યતા એહને આપી વહાલેજીયે તે રમણ રસ તણી એ
તેણે કરીએ ધરણી પ્રિયને સુખ આપે રસ સ્થાપે સુભગ સોહામણી એ ૧૯૮૮
શ્રી ચરણાંકિતનો આ સ્વાદ તે લે છે રસ દે છે એ ધરણી ભરણીય કને એ
મૃદુલ મનોહર ચરણ ચાલે વે રસાલ સંધ્યા કાલે એ રસ લહયો ભાવાપને એ ૧૯૯૯
એણી પેરે રસ નીધિ રસસુખ વરસતાં રંગે આવ્યાં ગલીને ધ્વાર ગમે તે રસે એ
શ્રી ચરણકમલ જુગ જોબન રસે ભરિયાં ઘરીયાં છે ઘરણીએ તે અદ્‌ભુત લસે એ ૨૦૦૦
અહી રહીને અવ્યકત સુખ આપે છે મિઠો દિઠો ચરણે પનહી તે પહેરે છે એ
અંગી કરી જુગલ પનહીની જોડ રસાલ રસિકા અનોપમ રસ ગહેરે છે એ ૨૦૧૧
સુખતલીને સુખ આપ્યું શ્રી ચરણતલે તલવે હલવે હેલવે રીધિ એ
એણે પ્રકારે પનહી તણું વર્ણન તે કિધું રસ સર્વસ્વ આપી રેખા જોગ્ય કિધી એ ૨૦૨૨
એહ તણું ભાગ્ય તે કોણે કહ્યું નવી જાય થાયે વર્ણન એ પનહી તણું એ
શ્રી મહાપ્રભુએ ચરણાર્વિંદ સંગ ઘરીયાં ભરીયાં રસ ભેદસું એ ઘણું એ ૨૦૩૩
હવે તે ચતુરવર પશ્ચિમ દિશે ભણી ચાલે મન મહાલે ગલીમાં ગમે તે રસે એ
બાહેરથી રસભકત જુએ છે પીઠ રસાલી અદ્‌ભુત અનુપમ ચિત્ત માંહાં વસે એ ૨૦૪૪
કોઈ અકુલાઈ કરે પરિરંભણ પ્રેમે પિઠી સંગતે ભામીની ભવી કરી એ
ભાવ ભોગી વર રસભોગ કરી ઘણું હરખે રસ વરખે વનીતા પર સ્નેહ ધરી એ ૨૦૫૫
એણે સમય ભકત શીરોમણી પ્રિય સુખકારી લીલાની વિનંતી કરવા આવે એ
ગલી માંહાં રહી સુણે વહાલો મુખ મુસકાતે રસિલી વનિતા ચિત્તમાંહાં ભાવે એ ૨૦૬૬
કોઈ એક ભકત અટાલીથી નિરખે છે તેહ વિનતી સુણે છે વ્હાલો કેહી ભાંતે એ
શ્રીમુખની પ્રસન્નતા જોઈ સુખ પામે શીષ નામે રસ જામે અદ્‌ભુત ખાંતે એ ૨૦૭૭
ભકત શીરોમણી તણી વિનંતી વહાલો માની અવશ્ય નિકે કહી નવી લાવીયાં એ
જૈ જૈ મહારાજધિરાજ કહી ચરણે તે નમીયાં ગમીયાં અનુરકત ભાવીયાં એ ૨૦૮૮
શીષ ઉઠાવે એહોનું પ્રિતમ ઘરી નેહ વનિતાના રસ ફુલ્યાં ઘણું એ
અનીરવચનીય સુખ આપ્યુ એ ગલી મધ્યે રહીને દાન દિધુ તે અનુપમ રસ તણું એ ૨૦૯૯
વલતા તે ભકત બાહેર આવ્યા હરખસું રંગે ઉમંગે આશિષ બોલે સહું એ
હવે શ્રી મહાપ્રભુજી પધારીયા એકાંત સ્થલ કાજ મહારાજ રસ ભાવ સોચે બહું એ ૨૧૦૦
માહા ભાગ્યવાન ખવાસે પ્રથમ અહીં ઘરીયો રસે ભરીયો સાજ પ્રિય તણે અર્થે એ
સેવાવર્તીએ કરી છે સેવા સુખકારી અનેક ભાંતે સ્નેહ સામર્થે એ ૨૧૧૧
એહ સાજ જોઈ જોઈયને વહાલો ઘણું રંજે એહોની સેવા માની એ
તેહ સામગ્રી અંગી કરે અંગવદ જાણ વખાણીને સુખ દાની એ ૨૧૨૨
એણે પ્રકારે એકાંત સ્થલે સુખ આપે રસ સ્થાપે તે અનેક ભાવે કરી એ
હવે આંગણ માંહાં ઉભા છે જે ભકત ભાગ્યવાન તેહ તણાં સ્થલ કહીએ છે ચિત્ત ધરી એ ૨૧૩૩

પ્રિયને એકાંત સ્થલ બિરાજયા જાણી સહુ બેસે આપાપણે ભાવે ભીના દિસે એ
કોઈગલી તણે ધ્વાર કો વેદીય છે બેઠા કોહોને તિબારીમાં જોઈયને મન હિસે એ ૧૨૧૪૧
કોઈ ચોક ચોખંડી નિકટ આસપાસ બિરાજે છે તે આનંદ મુદા એ
કોઈ જલઘરને ચોંતરે કોઈ જલઘર માંહે કોઈ પ્રસાદી ભંડારે ભામીની રહે સદા એ ૧૨૧૫૧
કોઈ ફુલઘરની સીઢી તણે કોઈ ચોંખણે ચોંપે તે ચઢીયા કોને સીઢી પર જોઈ લોભિયે
કોઈ ફુલઘરની સામી અટાલી છે ચઢીયાં રસે મઢીયાં મનોરથ પ્રિય તણે એ ૧૨૧૬૧
એણે પ્રકારે ભકતના અનેક જુથ બેઠા છે કોઈ તે ઉભા એહ એ
કોઈ હવેલીમાં આવે છે હરખે તે ભરીયાં રસે ઢરીયાં તે ફરી ફરી વાત કરે એ ૧૨૧૭૧
શ્રી અંગ તણો રસ અવિલોકયો અપરંપાર તેહની લાલચે મનતે લોચે ઘણું એ
ઘેર આવીને ફરી વેગ મંદિર જાએ મન ભાએ એ સ્વરૂપ સોહામણું એ ૧૨૧૮૧
એણે પ્રકારે ભગવદીય આંગણમાં તે બેઠા ઉર પેઠા વ્હાલોજી એકાંત સ્થલે એ
આપાપણા ભાવ સનમાનતે આરત વાધે શ્રી મુખ જોવા અર્થે જવાલા જલે એ ૧૨૧૯૧
અંગ અંગ પ્રત્યે અગ્નિ એ તે કર્યો છે પ્રવેશ સુદેશ વિરહ ન જાએ કહયો એ
ભાવ સમાન વિરહ તણુ દુઃખ સુખ વ્યાપે અંતરાય કટયો તે અનુભવીએ લહયો એ ૧૨૨૦૧
એક આજ્ઞા આધારવત થઈ એહોને જેહને પ્રિયસું સબંધ ઘણો એ
બીજુ કોઈ સમજે નહી અણું માત્ર સ્નેહ અગ્નિનો ધર્મ સોહામણો એ ૧૨૨૧૧
શ્રી પ્રભુને મેલવે મનોરથ ધરી એહ તેહ અગ્નિનું વર્ણન કેમ થાયે એ
અનંત ભાવ તણાં ભગવદી આંગણ માંહાં બેઠા છે પ્રિતમજીને સુખદાયે એ ૧૨૨૨૧
કરે છે વાત આપાપણા મનમાંહાં જે જે ભાવે રસ દાવે દાનની સુરતિ કરે એ
કોઈ પ્રસન્ન વદન વનિતા મલી બોલે રસ ખોલે ખાંતે કરી સ્નેહ ભરે એ ૧૨૨૩૧
અનુભવીનો અનુભવ વચને તે જણાયે પરસ્પરે હાસ્ય વિનોદ માંહાં એ
કોઈ વાત કરે પ્રભુની સુખકારી રસ ભારી જેહ માંહાં પ્રગટે ત્યાંહાં એ ૧૨૨૪૧
કોઈ શ્લોક તણાં ભાવ કહે વિસ્તારી જે જે શ્રીમુખથી સુણીયા રંગે એ
કોઈ પદ પ્રહસિત થઈ ચર્ચે છે પ્રિતે રસ રીતે તે મલી બેઠા છે સંગે એ ૧૨૨૫૧
કોઈ કવીત કોઈ દુહાના રસ માંહે પુરા થઈ ચર્ચા કરે ઘણી એ
કોહોનો આનંદે આવરી રહયો છે અંગ અંગપરમિત નહી તે રસ રંગ તણી એ ૧૨૨૬૧
કોઈને મોદ મનોરથ વાધ્યો અપાર મહાસાર શ્રીમુખ નિરખવા પ્રિતે એ
કોઈ અકુલાએ આશકતતાને ભારે નેહ જેહને પ્રિયસું સબંધ છે રસ રીતે એ ૧૨૨૭૧
કોઈ દિગ્મુઢ થઈ રહયા છે ભાવાપન્ન તેહને તે કાંઈ સુઝે નહી એ
મન તન સોપ્યું છે અતિ પ્રિતમજીને પાસ એકાંત સ્થલે બેઠા છે જહીં એ ૧૨૨૮૧
કોઈ વહાલાજીને જોવા કારણ અકુલાયે અંગ અંગે ચટપટી ચમકી રહી એ
સેવા કરી ખવાસજી એ જેજેહ ચોખંડી તણી પાછલે માંગલ્યે કહી એ ૧૨૨૯૧
પીઢા પર ગાદી મખમલની ધરી છે સુખાલી ગડુઓ ને કસેડી ત્યાંહાં ભરી ધર્યા એ
મહેમહેતી મૂતિકા મનોહર રસવાન રાખી છે રસ ખલી એ સાજ કર્યા એ ૧૨૩૦૧
તેહ પ્રકાર આગલ કહી આવીયાં પ્રિતે રસ રીતે સેવા ભાગ્યવાનની એ
અનેક પ્રકારે કરે છે વાત્સલ્ય બહુ ભાંતે ખાંતે કરી ભકત ભાવાપન્નની એ ૧૨૩૧૧

આંગણ માંહે બેઠા છે ભગવદી સમાજ તે લોચે મિઠા મિત્ર વિચિત્રને જોવા કાજે એ
તે આરત લહી આરત હરણે તત્કાલ કેશો આહાર એકાંત સ્થલે મહારાજે એ ૧૨૩૨૧
તેહ સુણીયું એ કો ગલી તણે ધ્વારે તે બેઠા તેહોને તે ઉલટ વાધ્યું ઘણું એ
ભકત આંગણ માંહાં જે વાત કરે છે રસાલી તેહનો ભાવ સુણેપ્રિતમજી સોહામણો એ ૧૨૩૩૧
આહાટ સુણતાં માત્ર ભકતે થયા સાવધાન જયાં ત્યાં થકી સહુ ઉઠી ઉભા થાયે એ
આપાપણા ભાવ માંહે છે તે સહુ મગ્ન લગ્નતા વાધી રસ ભરી મન ભાએ એ ૧૨૩૪૧
શ્રી પ્રભુને પધરાવા સમય થયો જાણી સબકો ઘસીયને નિકટ આવે એ
ઝુમી ઝુમી રહયા યુવતીના ટોલ રસાલ અટાલી થકા તે સોહે રસ ભાવે એ ૧૨૩૫૧
તેહ તણી પંગત્ય કોઈને વહાલોજી રીઝે રસ રીઝે સંધ્યા સમય સર્વનો એ
પરસ્પરે ઠેલતા ઠોર નવી જડે કોહોને રંચ ઉત્તર આપે છે રસ ગર્વનો એ ૧૨૩૬૧
પેંડો કરે ભકત ભાગ્યવાન ભાગવાન ગલીથી આરંભી ચોખંડી લગી એ
તેહ તણી પંગત પરમ રસિલી તે લાગે મન પાગે મનોરથે ઉમંગી એ ૧૨૩૭૧
સહુ કોની દ્રષ્ટિ ગલીના ધ્વાર ભણી દિસે ચિત્ત હીસે એ સ્વરૂપને નિરખવા એ
રસ ઉદબોધ થયો છે તે સર્વને અંગે રસ અંગે ભાવ પ્રગટે નૌતન નવા એ ૧૨૩૮૧
એણે પ્રકારે ભકતે પેંડો તત્પર કિધો અર્થ સીધો હવે પ્રિયજી પધારશે એ
જલઘરા માંહાં થકી રસિકા રસે ઘસી આવે ચોંતરા ઉપરતે અદ્‌ભુત લસે એ ૧૨૩૯૧
સહુ કોઈ એણી પેરે સિધ્ધ થઈ રહયા ભાગ્યવાન પાન કરવા અર્થે તે કોડામણી એ
હવે તે વહાલોજી પધારે પ્રેમ ભરી પ્રિતે ગલી મધ્યે કેમ કહિયે સુખ તેહ તણાં એ ૧૨૪૦૧
પ્રથમ દર્શન હોય ગલીને ધ્વાર રહે કો ઉભા તેહોને ઉલટ માએ નહી એ
રસભકત અટાલીથી નીચા નિહોરી કોઈ રહયાં પંખે રસ દે નૌતન પ્રિય કને અહીં એ ૧૨૪૧૧
એણે સમયશ્રી ચરણે થી પનહી ઉતારે ગલી માંહે ઘરે વહાલો વેગે કરી એ
હવે તે પુર્વ દિશે ચાલે ચતુરવર રાય લટકતા મટકતા સ્નેહ ઘરી એ ૧૨૪૨૧
મુસકની મૃદુલ મનોહર દિસે રસાલ અભ્યંતર થકી તે હુલસી હંસે એ
અંગ અંગ ચલકે ઝલકે છે જોબનો ભર્યા તેહ આનંદમઈ સ્વરૂપ એહ ઉર વસે એ ૧૨૪૩૧
એણે પ્રકારે ગલીથી બાહેર પ્રિય આવ્યા રસ લાવ્યા ભિતર બહુ ભોગ કીધો એ
સેવા વર્તી તણી સેવાનો રસ અનુભવીયો તેણે અનેક પ્રકારનો ભોગ લીધો એ ૧૨૪૪૧
રસમસ્યા છે તેણે વહાલોજી સુદેશ રસવેસ તે સુંદર શોભિયે એ
શ્રીમુખ જોઈયને ભકત જયજયકાર બોલે રસ ખોલે રસવસ રસ લોભિયે એ ૧૨૪૫૧
આશિષ ઉચરે અનેક પ્રકારની પ્રિતે રસ રીતે પ્રિતમજીને ભાવતી એ
ભાવ ભેદે રસ ભેદનો ઉચ્ચાર તે થાયે હૃદય મધ્યે વાત જેજે હતી એ ૧૨૪૬૧
તેહ સુણાવે પ્રિતમજીને આશિષ બોલી રસ ખોલીને બહુ પ્રકાર ઘણો એ
ભાવ ભોગી પર સહુ કોના ભાવ તે જાણે વખાણે ભાવ રસિક ભકત તણો એ ૧૨૪૭૧
આશિષનો આસ્વાદ લેઈ વહાલો રીઝે રસ સીઝે ઉભય સ્વરૂપનો સદા એ
એણી પેરે પધારે છે પ્રાણજીવન મિઠો સંધ્યા સમય દિઠો તે મન મુદા એ ૧૨૪૮૧
મુખ મુસકાતે અધર ફરકતે તે ચાલે અંગ હાલે રસિલા તે રસે ભર્યા એ
તેહ જુએ યુવતિ જન જે રસવાન શ્રી અંગની છબીએ તે ચિત્ત હર્યા એ ૧૨૪૯૧

કોઈ સમય નિજકર ભીંતે સ્પર્શે મારો મિત્ર વિચિત્ર સ્પર્શ સુખ દે ઘણું એ
તે રસ ભુકતે છે ભામીની ભેદ રસાલે નિહાલે સ્વરૂપ પ્રિતમ તણું એ ૧૨૫૦૧
સંધ્યા સમયએકાંત સ્થલથી પધારે એમ રંગ ઉમંગે ચરણ ક્ષાલણ કરવા પ્રિતે એ
ચોહો દિશથી ભકત જૈ જૈ કાર મિઠડાં કોઈ વારણા લે સ્નેહ રીતે એ ૧૨૫૧૧
જેહને નિકટ પધારે એ સુખદ સ્વરૂપ તે દ્રષ્ટિ ભરી અવિલોકે મન રલી એ
વાત્સલ્યસું કર વારે શ્રી અંગ પર પ્રિતે રસ રીતે વારણાં લે છે વલી વલી એ ૧૨૫૨૧
શ્રી મહાપ્રભુજી તે સહુકોની મનવ્રત જાણે ઉર આણે ભાવ ભકતના બહુ એ
તેહ રસે રાતા જ્ઞાતા વરરાયે ચાલે છે તે અુરકત જુએ સહુ એ ૧૨૫૩૧
મલપતિ મનોહર રૂપે તે દિસે રસાલ વહાલેજી વનિતાઓ ને રીઝવે એ
એણે પ્રકારે પધારીયાં ચોખંડી માંહે પીઢા ઉર ઉભા રસકાજ સીઝવે એ ૧૨૫૪૧
આરત વંતની આરત ચુરી માહારાજે મનોરથ બહુ સહુકોના લહે સદા એ
હવે ધોતી તણી લાવણ્ય સકોરીને બેસે પીઢા પર વ્હાલોજી મન મુદાએ ૧૨૫૫૧
રીતુ ભેદે તે નિમા તણી ફડક સમારે એણે સમય તે ચતુરવર તે ચોંપસુ એ
તેહ લાવણ્ય લહેરી ગહેરી ઘણું દિસે સ્વરૂપ સુખ ચિત્ત વસ્યુ એ ૧૨૫૬૧
પીઢે બેસતાં સહુ કોઈએ આશિષ દીધી જય જય માહારાજ રાજેશ્વર એ
મનોરથ ભકતના પુરણ કરીએ તે પ્રિતે રસ રીતનો સોહાગ શ્રી વલ્લભવર એ ૧૨૫૭૧
દાનદાતા વરદાન આપે પીઢે બેઠા ઉર પેઠા પ્રેમવતીને ઘણું એ
અહીયે ચરણક્ષાલણ કરશે હવે મીઠો અદ્‌ભુત રસ છે સોહામણું એ ૧૨૫૮૧
તેહ પ્રકાર આગલને માંગલ્યે તે કહેશું લહેસુ રસ રસિક વરનો બહુ એ
ચરણ ક્ષાલણ કરતાં પ્રિયજીને પેખે ઓગણ પચાસમે માંગલ્યે સહુ એ ૧૨૫૯૧
સંધ્યા સમય એહવા સુખઆપે કરૂણાલ કારણ લહીય ને તે કોડામણાં એ
મનોરથસું ભર્યા ભકત અનેકના ટોલ એણે માંડવે તે સોહે ઘણું એ ૧૨૬૦૧
સુખદ શેરોમણી માંડવો માહાપ્રભુજીનો તે જોઈ જોઈ હૈયડુ ઠરે એ
ચોખંડીમાં સંધ્યા સમય બેઠો છે મિઠો ચરણ ક્ષાલણતે કરશે સુખભરે એ ૧૨૬૧૧
રૂકમણીલાલ લડેતો છે તે રસવાન દાન દેવાને એ સામર્થ સદા એ
અનેક પ્રકારનો રસ રસિકાને તે આપે અંતરાય કાપે છે તે મન મુદા એ ૧૨૬૨૧
અનંત ભકતના અનંત અંતરાય જેહ તે ઈક્ષણે કરીયને નસાવીયા એ
એણે પ્રકારે લીલા કરે છે સુખકારી શ્રી વલ્લભવર સહુકોને ભાવીયા એ ૧૨૬૩૧

ઈતિશ્રી માંગલ્ય અડતાલીસમું
સંપૂર્ણમ્ ॥ સમાપ્તમ્ ॥
શ્રી શ્રી શ્રી શ્રી શ્રી

માંગલ્ય - ૪૯

શ્રી શ્રી માંગલ્ય વર જય જયતિ, હવે માંગલ્ય ઓગણપચાસમું લખીએ છે.
તેહને ગાવાને અનુકરણ "આહે હરી રૂકમણી અસવાર" ગોવિંદજીની ઘોડલી "એ જાતે ગવાશે" એ
માંગલ્ય ચરણ ક્ષાલણ સંધ્યા સમય કરીયને ભિતર પધારશે તે લખીયે છે "એમ ગવાશે.

સંધ્યા સમય એકાંત સ્થલથી પધારી ચોખંડી માંહાં પ્રિય બેઠા
અહીં લગી પાછલ પ્રસંગ કહી આવ્યા વલ્લભ વર ઉર પેઠા ।૧।
રસ નાયક નવલ નિધાન દાન દે છે અતિ ઘણાં
નવલો રસ પાન કરાવે તે લહે મન પ્રેમદા તણાં ।૨।
રજની નવલીનું આગમન થયું નવલ શોભાએ ભર્યું
તેહના નવલ ઝાતકર ઝલહલતા જોઈ જોઈ ચિત્ત ઠર્યું ।૩।
રંગ બીરંગી તે દિસે રસાલ કારણ કોઈ નવી લહે
રસ ઉદબોધ ભર્યો નવલ પવન ચાલે કોઈ કેમ કહે ।૪।
અનેક પ્રકારે ઉદીપન રસ તે પ્રગટ દિસે
પક્ષી બહુ જાતના બોલે તે સુણી હૈયડુ હિસે ।૫।
વ્હાલો ચોખંડીમાં બેઠા છે નૌતન રસ ભેદસું
પૂર્વ દિશે શ્રી મુખ સોહેને સ્વરૂપ ચિત્તે વસ્યુ ।૬।
ભકત ઠામઠામ થકા જુએ પ્રિતમજીને મન મુદા
કોઈ નિકટ બેસી નવલો રસ પાન કરે સદા ।૭।
સહુ કોઈ સ્વરૂપ સું મગ્ન છે ભાવ ભેદે કરી
અધિકાર જેહનો જેણે ઠોર તે શ્રષ્ટિ તેણે ભાવે ભરી ।૮।
એમ શ્રી પ્રભુને તે જુએ છે રસિકા રસ વર્ધને
રસ દાતાને રસસુખ દેવા બહુ રસ છે રસિકાને ।૯।
તેહ લહે છે ચતુરવર રાય ચતુરાના ચરિત્ર સહુ
ઉભય સ્વરૂપને મોદ ન માયે રસભાવ પ્રગટયા બહુ ।૧૦।
રૂકમણીલાલ લડેતો રસાલ વલ્લભવર તે સોહે
એહોના અંગ અંગનો તે પરાગ લેઈ પ્રેમદા મોહે ।૧૧।
લાવણ્ય લટકો ને ચપલતા ચતુરવરની દિઠી
ચોખંડીમાં ચરણ ક્ષાલણ કરતાં સંધ્યા સમય લાગે મિઠા ।૧૨।
તે વચન માંહે નવી આવે સ્વરૂપ રસિલુ ઘણું
મારે એ રસસું છે કાજ બીજુ નવી જાણુ અણું ।૧૩।
રસ ભાવ તણો કરૂ સંગ પ્રિતમને પ્રેમે ભરૂ
મનોરથ મનને એ અપાર રસલીલા માંહાં પર વરૂ ।૧૪।
તેણે જીવ ને નવી પડે ચેન ચિત્ત ચિંતા આતુર રહે
એ દુઃખનો નહી કાંઈ પાર પ્રિતમને પ્રેમદા કહે ।૧૫।

શ્રી અંગ અંગ તણો રસ ચાહે ચતુરા ચોંપે કરી
એ રસને ધન્ય કરી માને સુભગ સ્નેહે ભરી ।૧૬।
રૂચીકારી એ રસ રમણીક વલ્લભજીનો તે સદા
વહાલો બિરાજે ચોખંડીમાં પ્રિતે ભકત નિરખે છે મન મુદા ।૧૭।
જોતાં જોતાં તે અતિ રૂચી વાધે વનિતાને શ્રી અંગ પર
હવે ચરણ ક્ષાલણ અહીં કરે છે કૌતુકસું રસીકવર ।૧૮।
મોટા ગડુઆસું નિજકર ક્ષાલે મૃતિકા લેઈ લેઈ અને
ઉભય કરતલ ભિંડે રસાલ તે જોયુ ભાવાપન્ને ।૧૯।
ચક્રાકારે ફરતો કર દિસે મન હીસ માનીની તણુ
વચ્ચે વચ્ચે રેખા દેખુ રસીલી તે અદ્‌ભુત સોહ ઘણુ ।૨૦।
જલઘરા પેંડે તે પ્રેમે ભરી કરાંબુજ પર પ્રિતે
તેહની શોભા છે સુભગ નવીન પ્રવિણવસું રસ રીતે ।૨૧।
ફરી ફરી કરમાં મૃતિકા લે મનોરથસું ભરી
રસ ભકતના રસને આસ્વાદે રસિલી મૃતિકા વરી ।૨૨।
એમ કરાંબુજ ક્ષાલે ખાંતે કરી વહાલો નવિન રસે
રસિલી સીક લેઈ નખચંદ્ર સોંઘે તે અદ્‌ભુત લસે ।૨૩।
શ્રી હસ્ત ક્ષાલતાં જલતણી ધાર પડે તે મીઠી લાગે
ચતુરવરની ચપલાઈ જોઈ જોઈ મન પાગે ।૨૪।
અંગ અંગનો લટકો તે મિઠો દિઠો સંધ્યા સમે
રસિકા રસ ઉદ્‌બોધે ભરીયાં તે પ્રિય સંગે રમે ।૨૫।
અવ્યકત રસે ભર્યા ચરણારવિંદ તે હવે ક્ષાલે
પ્રેમ પાત્ર પ્રેમ રસે પુરા સુરા તે લટકો નિહાલે ।૨૬।
નિજ કરે મોટા ગડુઓ દક્ષણ દિશે ભરી ઘરે પ્રેમસું
વલતા ચરણ કમલ ક્ષાલે મૃતિકા લેઈ લેઈ નેમસું ।૨૭।
તેહની શોભા સોહે છે અવ્યકત અનુપમ રસે ભરી
ચરણ કમલનો રસ પાયે પ્રેમે ઘરણીયને તે પ્રિયે કરી ।૨૮।
ક્ષાલે ચપલ ચરણ ચતુરાઈસું ત્યાંહાંથી રસધારા વહે
ચરણામૃત રસપાન કરે રસસુખ ભોમ્ય બહુ લહે ।૨૯।
એતદ અર્થ શ્રી ચરણકમલ કારૂણીક ક્ષાલ્યા રંગે
દાન દે છે રસ ભર્યા રસ હેત સ્નેહ સહિત ઉમંગ અંગે ।૩૦।
ચરણ તલાં ચમકે છે ઉધ્યોતસું જયોત જગમગી રહી
નખમણી રસ ઘણી તણાંની શોભા કોણેન જાએ કહી ।૩૧।
નિર્મલ નવલા નખચંદ્ર નયન ભરી પેખીયે
અનુરાગે ભરી પાટલી પ્રૌઢ ચરણ કમલની દેખીયે ।૩૨।
તે ઉપર પડે જલ તણી ધાર રસાલ રલીયામણી
જુએ સુભગા સૌભાગ્ય છે ભરીયા શોભા ચરણાર્વિંદ તણી ।૩૩।

ચરણાબુંજ ક્ષાલતાં ઉંચા રાખે લટકાભર પ્રેમસું
તે ઉપર જલ રેડે તે વહી ચાલે એડીએ નેમસું ।૩૪।
ત્યાંથી ધાર પડે રસ રાસ તે જોઈ મન પાગે સદા
એમ ઉભય ચરણ ક્ષાલે છે મિઠો દિઠો છે તે મન મુદા ।૩૫।
સત્વર ગતિ છે સાવધાન વહાલોજી તે બહુ રસે
ચરણ ક્ષાલણ કરે છે ખાંતે કરી સ્વરૂપ તે ઉર વસે ।૩૬।
સકોમલ પદાંબુજ પરાગે ભર્યા જોઈ જોઈ લોભિયે
સંધ્યા સમયતે પખાલે પ્રેમભર અનુપમ શોભિએ ।૩૭।
ચરણાંબુજ પર શ્રી હસ્ત ફેરે તેણે રસ વાધીયો
સ્પર્શ સુખ લહે રસિકા રસાલ રસિલો રસ સાધીયો ।૩૮।
વહાલો વાત્સલ્યસું કર ફેરે ચરણ કમલ કારૂણીક પર
રસિકાને રસ સુખ દે છે ઉમંગે શ્રી વલ્લભવર ।૩૯।
ચરણ ક્ષાલતાં સ્પર્શના સુખ પમાડયા પ્રેમદાને પ્રિતે
હલુએ હલુએ નિજકર ફેરે ફંદ સુખ હાલેજી રસ રીતે ।૪૦।
ચરણ કમલ પર શ્રી હસ્ત દિસે તે જોઈ સુભગા મોહે
સ્પર્શે દાન કરે મિઠો તે અદ્‌ભુત ભાંતે સોહે ।૪૧।
એણે પ્રકારે ચરણ તે ક્ષાલે છે કારણ કામીની લહે
સમુગ્ર ચરણ શ્રી કરાંબુજ ફેરે તે પ્રેમદા પ્રેમે ચહે ।૪૨।
વહાલો લલચાવે એણે મિસે કરીને રસિકાને રસે ભરે
ચરણ ક્ષાલણ કરતાં ચોખંડી માંહાં ભકતની આરત હરે ।૪૩।
અંગ અંગનો લટકો છે રસિલો વસિલો વનિતાનો સદા
હવે નિજ કરે કસેડી ગ્રહીને કોગલા વ્હાલો કરે મુદા ।૪૪।
કરાંબુજ માંહાં જલતે ભરી ભરી શ્રી મુખ સમધ્યે લે છે
વલતો મુખામૃત તણો રસ ફરી ફરી ભોમ્યને દે છે ।૪૫।
તે કોગલા ચલકે છે ચતુરવરના ચતુરાઈસું ઘણું
રંગ અધર ગહેરો અતિ દિસે મન હીસે માનીની તણું ।૪૬।
એહવા કોગલા કરૂણા કરી કરૂણાભર પ્રિય નાખે
મુખામૃત રસ રસિલો રસાલ ઘરણી ઉદબોધસું ચાખે ।૪૭।
વહાલો સત્વર ગતિ કરે કોગલા પરમ રસે ભર્યા
એણે સમય કરીને પીઢે પ્રિતમે ભકતના ભાવ ભર્યા ।૪૮।
કરતલ મધ્યે ગાડ કરે તેહ માંહાં જલભર ભોગને
મુખાંબુજે હસ્ત સ્પર્શી કોગલા કરે રસના સંજોગને ।૪૯।
તે જુએ યુવતિ રસ ભરિયા જે વરીયા છે એણે રસે
મિઠો મિત્ર કોગલા કરે છે તેહની શોભા અદ્‌ભુત લસે ।૫૦।
શ્રી મુખાર્વિંદ માંહાંથી રસ ધાર ચાલે ગંડુક તણી રંગે
ઝલકતી ચલકતી અવ્યકત મનોહર રસ રંગે ।૫૧।

ક્ષણું ક્ષણું નિહોરી ફુલે છે ગલસ્થલ ગંડુક તણે રસે
નીચા નિહોરી કરે કોગલા તે સ્વરૂપ ઉરમાંહાં વસે ૧૫૨૧
ભ્રઅ ભ્રંગ ઉંચીતે ચઢાવે ચતુરવર ચોંપસું
કરે કોગલા અપરંપાર મન અસંખ્યાત રસે રસુ ૧૫૩૧
પ્રથમ લાલ ગંડુકતે સોહે પછે શ્વેત રલીયામણાં
તે નિર્મલ નવલ રસાલ પ્રિય કોગલા કરે ઘણાં ૧૫૪૧
અસંખ્યાત કહયા નવી જાએ રસદાએ દાન અર્થે
રસિકા રસવાન અનેક તે જુએ સ્નેહ સામર્થે ૧૫૫૧
કોગલા કરતાં શ્રી મુખાર્વીંદ તણી લાવણ્યે રંજે
મિઠા મિત્ર વિચિત્રના કોગલા ચમકે છે રસ પુંજે ૧૫૬૧
તેહની શોભા સુખદ સુખકારી રસભારી પ્રગટે બહુ
શ્રી કરાંબુજ તણી તે ચપલા એણ સમે જુએ સહુ ૧૫૭૧
વહાલો અનેક પ્રકાર દે છે દાન સર્વ કોઈને મન મુદા
રસ ગર્વ ગહેરે તે કરે કોગલા સંધ્યા સમે સદા ૧૫૮૧
અંગે અનંગ નૌતન ગતિ દિસે મન હિસે એ સુખ જોઈ
રસ ભકત કો દે આશિષએ રસ સમઝે જે કોઈ ૧૫૯૧
એણે પ્રકારે કોગલા મિઠે કરિયાં પ્રિતમ વેગ વેગસું
છોટો ગડુઓ ગ્રહીને કરે છે આચમન નિત નેગસું ૧૬૦૧
રંચ રંચ જલ લે છે કરાંબુજ માંહાં તે ગાડ કરી
અસાધારણ ચપલતા સહિત કરે છે આચમન સ્નેહ ધરી ૧૬૧૧
રસ ભકતનો ભાવ આરોગે ભાવ ભોગી વર
આચમન તણું તે મીસ કિધું પ્રિતમ સોહે તત્પર ૧૬૨૧
એમ ભકત ભાવાપન્નને સંતોષે ગોપ્ય ભાવ કરી પ્રિતે
ટચી આંગલી ન્યારી તે રાખે આચમન કરે વિચિત્ર રીત ૧૬૩૧
પછે શ્રી હસ્ત પખાલી મુછે અંગુલી તે ફેરવે રંગ
અહીં ચપલતા સહિત અંગુલી તર્જની સોહે મુછ સંગ ૧૬૪૧
એમ આચમન કરીયને પહોંચ્યા કરૂણાલ કરૂણા ભરે
વલતો નિજ કર તે ક્ષાલીનેજ પઢતો તે ચિત્ત હરે ૧૬૫૧
ભકત સમાજ જોઈ જોઈ રંજે રસ પુંજે એ સ્વરૂપ સોહે
સનમુખ બેસી પૂર્વ દિશાને કરી વ્હાલો તે મોહે ૧૬૬૧
એહનું ભાગ્ય ફલ્યું છે અપાર પ્રિતમે બહુ દાન આપ્યું
સનમુખ બેઠા છે શ્રી વરરાય રસીલુ સૌભાગ્ય સ્થાપ્યું ૧૬૭૧
એમ ચરણ ક્ષાલણ કરી પહોંચ્યા હવે તે ફરે મિઠો
હલુ ફલુ ફરે છે વ્હાલો પ્રેમે તે પ્રેમવતિએ દીઠો ૧૬૮૧
પશ્ચિમ દિશે હવે રસ વિલસે સન્મુખ નાહ
તે પ્રકાર કહેવા ચિત્તને તે બહુ પેરે છે ચાહ ૧૬૯૧

દુલીયા પર શ્રી ચરણ ધરીયાં તે ભકત પુછે પ્રેમે
મુખ વસ્ત્રનો ઉપરેણો રાખ્યો તેણે નાહ અંગુ છે નેમે ।૭૦।
શ્રી હસ્ત તે પુંછે રસાલ કોણી લગી નવિન ભાંતે
વલતા કર કમલની અંગુલી લુછી તે જોઈ પ્રિતે ।૭૧।
પહોંચલો લોહતાતે લલચાવે રસિકાને રસે ઘણું
સ્નેહ સુરત્વના કરે મિઠો દાન કેમ કહુ સુખ તેહ તણું ।૭૨।
એણો પ્રકારે પુંછે છે કરકમલ કારણે ભર્યા દેખિયે
વલતુ શ્રી મુખાંબુજ અંગુ છે તે નયણ ભરી પેખિયે ।૭૩।
ઠોડી અધર ગલસ્થલ મુછ લટકાસું પુંછે વલી
નાસા નિર્મલના નકસોરા અંગુ છે મન રલી ।૭૪।
અંગુલી તર્જની તે માંહાં મુકે મનોરથે છે ભરી
તે પ્રકાર રસિકજન નિરખી નિરખી હરખે સ્નેહ ધરી ।૭૫।
મુખ વસ્ત્ર કરે છે મિઠો મિત્ર લાડી તે લહે લહયો
રસદાન દે છે બહુ ભાંતે તે રસ કેમ જાય કહયો ।૭૬।
નેત્ર કમલ પુંછે છે પ્રેમે કરી પ્રેમદાને રીઝવે
કરે મુખ વસ્ત્ર કારણે ભરીય કરૂણા રસ સીઝવે ।૭૭।
ફરી અંગુછે મુછ ને મનડું તે પરમ શોભાયે ભર્યું
વલી વલી કર કમનીય રમણીય પુંછે તે ચિત્ત હર્યું ।૭૮।
એણે પ્રકારે તે મુખ વસ્ત્ર કર્યુ મન ઢર્યું એ ઠાકુર કને
બહુ ભાંતના રસ પાન કર્યા સ્નેહે ભર્યા તે ભાવપન્ને ।૭૯।
મુખ વસ્ત્ર કરી રહયા પુઠી કાંઈ હાસ્ય કરે રંગે
રસભકત સમાજ સુણે ચિત્ત દેઈ રસ ઉમંગે ।૮૦।
કરે ટોંક રસિલી રસાલ તે સુણે સુખ પામે સહુ
કો સમય વહાલો શ્લોકને પદ તણાં ભાવ ચરચે બહુ ।૮૧।
સંધ્યા સમય રસ નવલ નાયકા મન ભાયેક ઉચારે
શીતકાલે નિમા તણી બાંહે ઉતારતા ચિત્ત હરે ।૮૨।
ચરણ ક્ષાલણ કરી રહયાં પુઠી પશ્ચિમ દિશે પ્રિય બેઠા
નિજભકત પાદાંબુજ પુંછે વલ્લભવર ઉર પેઠા ।૮૩।
અતિ વાત્સલ્ય સહિત અંગુ છે ચરણકમલ કોડામણાં
એડી પાહાનીને પાટલી પુંછે કેમ કહુ સુખ તેહ તણાં ।૮૪।
ભકત સમાજ ચોંહોફેરથી નિરખે વ્હાલોજીને રંગ રસે
જેકો ચરણાર્વિંદ અંગુ છે તે ભકત મંદ મંદ હસે ।૮૫।
અંગુલીદલ ના વાચાલ તે વાત્સલ્યસું પુછે પ્રિતે
નિર્મલ નખચંદ્ર લુછે છે તે દિસે છે વિચિત્ર રીતે ।૮૬।
તલવા તેજવંત પુંછે છે ભકત તે આનંદ મુદા
ઢાંકણાને નિકટ સર્વત્ર અંગુછે છે તે સદા ।૮૭।

અણે પ્રકારે ભકત કરે સેવા તે પરમ ઉછાહા ભેર
સાવધાની સહિત સુખકારી તે વહાલાજીનું ચિત્ત હરે ।૮૮।
કર કમલ અંગુ છે કારણમઈ પોતાને ભકત માને ધન્ય
ભાવ અનેક પ્રગટ અહીં થાએ હરખે ભકત ભાવાપન્ન ।૮૯।
એમ શ્રી ચરણાર્વિંદ અંગુછી પહોંચ્યા જયારે ભકત પ્રેમે
વલતુ મુખકમલ તે જુએ અનુરકત નિત્યને નેમે ।૯૦।
અંગ અંગ પ્રિતમજીના સાર રસે કરી અનુભવે
સેવા વર્તી સેવા કરવા જાએ છે જલ ઘરા મધ્ય હવે ।૯૧।
પ્રિતમના સુખ અર્થે સેવા કરે મન મનોરથ ધરી
સંધ્યા કારણ પીઢ ઘરે ત્યાંહાં ગડુઓ જલે ભરી ।૯૨।
વલી બિછાવે છે ગાદી તકિયો પ્રિયને બેસવા કાજે
કફઈ તેહની વિલાતી તે સોહે છે રંગ નૌતન ભ્રાજે ।૯૩।
ગહેરે રંગે તે લાલ રાજે નેફા નિકટ નીલી સદા
ઝાવા લલકે છે તે બેહુ પાસ હેમના વિચિત્ર મુદા ।૯૪।
તકિયા મોટા છોટા તણી ભાંત તે સરખી સોહે
ગાદી ચારે ખુંટે ભરી બેઠી તે જોઈ મનડુ મોહે ।૯૫।
રસિકા રૂપે ફુલવા રૂઈ ભરી છે તે માંહાં મન રલી
એહવું આશન છોડ રચ્યુ તે ભકત જુએ વલી વલી ।૯૬।
દુલીચો તે કફઈનો છોટો છોટી ભાંતે છટકી રહયો
એમ ગાદી તકિયો તે બિછાવ્યો કેઈ પેરે જાયે કહયો ।૯૭।
ઉષ્ણકાલે તે નૌતન ભાંતે છીંટનો ઘેરે રંગે
ગાદી તકિયો તે પરમ વિચિત્ર સોહે છે અદ્‌ભુત અંગે ।૯૮।
નિકટ દુલીચીતે બિછાવી ચરણકમલ પુછવા કાજે
મિઠા મિત્રનો ગાદી તકિયો સોહે છે બહુ રસ સાજે ।૯૯।
વલતો તે ઉપર આછાદે ભકત ચોંટ સ્નેહ ધરી
જાણે રાખે કહીં કર ગર પડેકરે વાત્સલ્ય હીત ભરી ।૧૦૦।
એમ સેવા કરે સાવધાનીસું ભકતો પ્રેમે ભર્યા
બહુ વાત્સલ્ય કહયા ના જાએ ભકતે અનેક અહીં સાજ કર્યા ।૧૦૧।
જલઘરામાં જે જે ઉપયોગ પ્રિતમને આવે સદા
ભકત ભાગ્યવાન કરે સેવા પ્રહસિત થઈ મન મુદા ।૧૦૨।
સંધ્યા સમય લહી તે હરખે હારંદ્ર લહે પ્રિતમ તણું
વહાલો ચરણ ક્ષાલણ કરીને ચોખંડી માંહાં સુખ આપે ઘણું ।૧૦૩।
બેઠા છે પશ્ચિમ દિશે પ્રહસિત થઈ નિત્ય પ્રિતમ રંગે
ભકત સમાજ અવિલોકે એ સ્વરૂપના સુખડા ઉમંગ અંગે ।૧૦૪।
કહુ સ્વરૂપ વર્ણન રૂચી કારી ભારી રસ છે જેહ માંહાં
અવિલોકે રસિક રસભકત રસસુખ પ્રિયને તેહ માંહાં ।૧૦૫।

કોઈ શીષ સુદેશ તે પેખે પ્રેમદા પ્રેમવતિ સદા
કોઈ અંબોડલે અરૂઝયા માનીની મનોરથે મુદા ।૧૦૬।
કોઈ શીષને લપેટે લપટી રહયા કહયા નવી જાએ તેહ
કોઈ ભાલ ભ્રકુટી પર રાજે સ્નેહવાન જેહ ।૧૦૭।
કોઈ તિલકની રેખાએ પાગ્યા આનંદસું વિચિત્ર રીતે
કોઈ શ્યામ રેખાએ અનુરાગ્યા આનંદસુ વિચિત્ર રીતે ।૧૦૮।
કોઈ કુંતલ કચ કારૂણીકાને જુએ છે ફરી
ફરી કોઈ કનપટી આગલા કેશ અવિલોકે નયણાં ભરી ।૧૦૯।
કોઈ નાસા નૌતન પર રંજે રસ પુંજે તે દેખીયે
કોઈ ગલસ્થલ ગૌર ગહેરા રસ માંહાં પડયા તે પેખીયે ।૧૧૦।
કોઈ શ્રવણની સરૂઆણી જાણે તેણે વચન રસ ઓચરે
ટોંક કરીને રસ રમ્ય પ્રિયના કર્ણ મધ્યે ભરે ।૧૧૧।
કયારે મુકતામણી કર્ણ કમનીયમાં પહેર્યા છે તે લલકે
કોઈ મોહોસર મનોહર પેખે અદ્‌ભુત ભાંતે ચલકે ।૧૧૨।
કોઈ અધર આરત્યે ભર્યા કરે છે પાન બહુ ભાવસું
કોઈ દંતની શ્રેણી સુભગ જુએ છે રસ દાવસુ ।૧૧૩।
ચમકે ચલકે રસરાસ નવિન દંતાવલી
શ્રી મુખાંબુજ માંહાં છે રસના રહે રસ સંગ અહીં મલી ।૧૧૪।
ચોકી ચિબુક ચતુરાઈસું ચતુરા નિરખે પ્રિતે
સંધ્યા સમય રસ કારણ લહીને અવિલોકે છે રસ રીતે ।૧૧૫।
વહાલો મુસકની કરે મંદ મંદ રસિલી તે રસે ભરી
તે રસ સુખનો નહી પાર પ્રેમદા જુએ પ્રેમે કરી ।૧૧૬।
ચોખંડી માંહાં બહુ સુખ આપે વહાલોજી તે રંગ રસે
સંધ્યા સમય ચરણ ક્ષાલણ કરી બેઠા છે પ્રિય ઉર વસે ।૧૧૭।
પ્રેમવતિઓને બહુ પેરે પોષે સંતોષે સાનીધિ નાહ
નવલો રસપાન કરવાને રસિકાને વાધ્યો ચાહ ।૧૧૮।
અતિ ચંચલ નયણે તે ચાહે મુખ કમલ પ્રિતમ તણું
ત્યારે માહારસ ઉદબોધ વાધે પરસ્પરે અતિ ઘણું ।૧૧૯।
કોઈ ગ્રીવા ગૌરને પેખે પ્રસન્ન મને હંસી
તે પરમ સૌભાગ્ય છે ભરીયાં સુરત્યને રસે રસી ।૧૨૦।
ગ્રીવા મધ્યે માલા તુલસી રસાલ નૌતન જોઈ મન હીસે
નાયકા સ્વરૂપ સુખ આપે પ્રિતમને તે દિસે ।૧૨૧।
ખંભા ઉપર જનોઈ ઉપરેણો વિલસે છે આનંદ મુદા
પીઠ પાછલને હૃદય ઉદરે જનોઈ લલકે સદા ।૧૨૨।
કોઈ હૃદયાની રસ સંગ અટકયા આતુર થઈ પ્રિતસું
કોઈ કુચફલ ફુલ્યાતે જુએ વિચિત્ર રસ રીતસું ।૧૨૩।

કોઈ ઉદર અનુપ રસ પર દેખે હરખે તે હીસે કરી
કોઈ પારસ્વ જુગલ જગમગતા નિહાલે છે સ્નેહ ધરી ।૧૨૪।
કોઈ પીઠ રસકોમલને પાગ્યા અનુરાગ્યા પ્રણાલ પર
ગહેરો સ્થલ નિકટ એ દિસે રસે ભર્યો મનોહર ।૧૨૫।
કોઈ ભુજદંડનો રસ ભુકતે ભાવે કરી ભામીની
એ માહા ઉદ્બોધ રસ અસંખ્યાત પરમિત નહી જેહની ।૧૨૬।
એહવા ભુજદંડ સમુગ્ર સુદેશ રસવેસ વનિતા લહે
પહોચલા ચમકે રસ રાસ રસસું રસિકા ચહે ।૧૨૭।
કરતલ નિર્મલ તે નિહાલે કોઈ રસ ભોગને
ભાવ અંક પ્રગટે એહને જોઈ તે રસના સંજોગને ।૧૨૮।
કરાંબુજ કારૂણીક કામીની લહે રસ કારણે ભર્યા
રેખા રૂપે નાયકા રસવાન વ્હાલેજીએ અહીં ધર્યા ।૧૨૯।
કરકમલ માંહાં તે વિલસે હલસે છે તે મન રલી
રસ ઉદબોધે અતિ અનુરાગ સહિત શ્રી હસ્તે મલી ।૧૩૦।
અંગુલીદલ તણી રેખા રમ્ય રામાને તે રીઝવે
રસ ઉછાહે ભરી રહે તે રસ કાજ સહુ સીઝવે ।૧૩૧।
કરાંબુજ તણા નખની નીકાઈ મન ભામીની ભુકતે
રસ ઉદબોધે ભર્યા તે બિરાજે એ નખચંદ્ર રસ સંયુકતે ।૧૩૨।
કોઈ કટી તણે લંકે છે પાગ્યા અનુરાગ્યા આનંદ મુદા
કોઈ નિતંબ નવલ જોઈ રંજે રસિકા રસવસ સદા ।૧૩૩।
કોઈ વક્ષસ્થલ મનોહરે અટકયા આદર પુર્વક ઘણું
કોઈ જંઘા જુગલને પેખે દેખે સુખ સોહામણું ।૧૩૪।
ઘુંટણ જાનુ જગત પ્રસિધ્ધ રસ તણી રીધ્ધી એહ માંહાં ભરી
તે લહે રસિકા રસવાન રસ જ્ઞાનને સ્નેહે કરી ।૧૩૫।
ઘુંટી કરે છે ઘાયલ ઘણી ભાંતે પ્રેમદાને સુરત રસે
એડી પાહની પાટલી પ્રેમાશકત રસ ભકતને ઉર વસે ।૧૩૬।
શ્રી ચરણાર્વિંદનો અંગુષ્ટ પુષ્ટ પરાગે ભર્યો
અંગુલી અગ્રણીને નિકટ એહવો અંગુષ્ટ આનંદે ધર્યો ।૧૩૭।
તે જગમગે ઝાલ ઝમાલ સંધ્યા કાલ લહીયને
અંગુલીદલ દે છે દાન બહુ રસ સું ઉમહીયને ।૧૩૮।
નખ ચંદ્ર ચોહોં દિશ કરે ઉધ્યોત રસ જયોત વાધિ ઘણી
અતિ નિર્મલ નવલ નિધાન નખ જયોત સોહામણી ।૧૩૯।
જુએ ચરણ ચતુર વરરાયના બહુ રસે ભોગીયા
રસિકા સંગ રસસું વિલસે હુલસે એ સંયોગીયા ।૧૪૦।
એહવા ચરણકમલ કમનીય રમણીક રામાલહે
વહાલો ચરણક્ષલણ કરી ચોખંડી માંહાં બેઠા ચતુરા ચહે ।૧૪૧।

સંધ્યા સમય શ્રી અંગ અંગ તણી છબી છબીલીએ મોહી રહયાં
અદ્‌ભુત રસસુખએ સ્વરૂપ તણાં કેમ જાએ કહયાં ।૧૪૨।
એક ટક ચિત્ત લાગી નિહાલે અનુરાગી આનંદ મને
મિઠા મીત્રને રસ સુખ દેવા પ્રગટયો રસ રસિકા કને ।૧૪૩।
તે લહયો તતક્ષણ નિજ નાહે રસ ચાહે ચોંપે કરી
પરસ્પર હુલસે વિલસે ઉભય સ્વરૂપે તે સ્નેહ ધરી ।૧૪૪।
સંધ્યા કાલ રસ જાલના ફંદ માંહાં પડીયા યુવતિજન
તે કેહી પેરે નિસરે નવવધુ નવલ ભાવાપન્ન ।૧૪૫।
પડીયાં રસ જાલના ફંદ માંહાં તે ત્યાંહાં
જડી રહયા એણે પ્રકારે રસિકા શ્રી અંગ પેખે કેહી પેરે જાએ કહયાં ।૧૪૬।
એ સ્વરૂપનો રસ છે અગાધ્ય સાધ્ય કોહોને નહીં
પણ રસિક ભકત ભાગ્યવાન એ રસ અનુભવે અહીં ।૧૪૭।
એ ચરિત્રનું કરે ગુણગાન તેહના હું રૂણી રહુ
જેણે કરીયને જ્ઞાપીત હોએ એ લીલા તણે તેહનું રૂણ બહુ ।૧૪૮।
નિત્ય ચરિત્ર દ્વારા એ રસ પોષે સદા લગી ભકતને
રસ અનેક પ્રકારના જ્ઞાપીત થયો અનુકરતને ।૧૪૯।
શ્રી પ્રભુને પ્રગટ જોઈ હરખે રસ વરખે સંધ્યા સમે
વ્રજ યુવતિના જુથ અનેક પ્રિતમ સંગ રંગ રમે ।૧૫૦।
વ્હાલો બેઠા છે ચોખંડી માંહે પશ્ચિમ દિશ મુખ કરી
પ્રહસીત વદનાર્વિંદે મિઠે મિત્રે એ દીશે વરી ।૧૫૧।
એણે સમય કોઈ ભગવદી આવે પરદેશથી પ્રિયને જોવા
અતિ આતુર થઈ અને તે નિરખે રૂચી વાધી શ્રી અંગ મોહવા ।૧૫૨।
વહાલો અનેક પ્રકારે કરે સત્કાર તે ભકતના
વચનામૃત તેહોને તે સીંચે અંતરાય ટાલે અનુરકતના ।૧૫૩।
આપે દાન અનેક અનેરાં રસ કેશ તે કેમ કહું
ચોખંડી માંહાં ચતુર વર રાય બેઠા છે તે મન લહું ।૧૫૪।
તે છબી પર મનતન વારૂ ચિત્ત ધારૂ એ સ્વરૂપ રસ
અહીં દંડવત કરૂ મિઠા મિત્રને થઈયને તે રસ વસ ।૧૫૫।
પ્રિયને ભિતર પધારવા કાજ હવે ભકત પેંડો કરે
અતિ વાત્સલ્ય લહે મન માંહે તે બહુ પેરે સ્નેહ ધરે ।૧૫૬।
કરે પેંડો પ્રેમ શકત ભકત તે વિનય કરી કરી પ્રિતે
ચોખંડીથી આરંભિને સિંધ દ્વાર લગી તે વિચિત્ર રીતે ।૧૫૭।
બેહુ પાસે ભકત તણી હાર પેંડો તે કરી રહયાં
ભાવ ભોગી વર ભાવ ભોકતા તેહોણે તતક્ષણ લહયા ।૧૫૮।
જે કર્યો ભકતે પેંડો રસાલ સંધ્યા કાલે મોદસું
એણે સકલ અર્થે સિધ્ધ થાશે તે પરમ પ્રમોદસું ।૧૫૯।

રસ અનેક નો પેંડો જ્ઞાપીત થાએ ઉભય સ્વરૂપને
એ પેંડાને નિમિત રચના રચી છે તે ભાવાપન્ને ૧૧૬૦૧
એહનું સુખ તે લહે સ્નેહવાન જે જે પેંડા મધ્યે પડયું
જેકો જેણે પેંડો છે આશકત તેહોનું મન ત્યાં ગડયું ૧૧૬૧૧
તેહોના ભોગીશ્રી વલ્લભવર ભુપ રસરૂપ રસે ભરે
તે પેંડા માંહાં થઈ મને પ્રવર્તે પ્રિય તેહોની આરત હરે ૧૧૬૨૧
એહવા અનેક રસ પેંડાના સુખડાં જાણે મિત્ર મોદસું
ને વલી ભાગ્યવતા જે કો ભકત તે લહે છે નિરોધસું ૧૧૬૩૧
સ્નેહ સંયુકત રસ તણાં પેંડા તે અનેક પ્રકારના
વિવિધી રસે વિલસવા કેરા પેંડા બહુ ભાવના ૧૧૬૪૧
દાન તણે તે સામર્થે લહેવાયે કહેવા કેહની શકય નહીં
એમ ભગવદીએ પેંડો કિધો રસ સીધો દેખીયે અહીં ૧૧૬૫૧
થરે થર ભકત ઉભા તે દિસે મન હીસે એ શોભા જોઈ
અતિ પરમ પ્રસન્ન મને નિરખે પ્રેમદા ભાવાપન્ન કોઈ ૧૧૬૬૧
મિઠા મિત્રના અંગ અંગ ભાલે નિહાલે નવલ રસે
સંધ્યા સમય ચરણ ક્ષાલણ કરી બેઠા તે પ્રિય ઉર માંહાં વસે ૧૧૬૭૧
સ્પર્શે છે માલા તુલસી તણી શ્રી કંઠ જે જે પહેરી
નિજ કરે રસના દાન દે છે અદ્‌ભુત રસ છે ગહેરી ૧૧૬૮૧
કારૂણીક વર કરૂણા કરી સ્પર્શ કરે મોદસું
રસિકા જુએ છે રસવાન તે પરમ પ્રમોદસું ૧૧૬૯૧
જે કો સ્વરૂપના સ્પર્શને પ્રિછે રસ ઈચ્છે અતિ ઘણો
માલા મિસે કરીને દરકરે પરીતાપ વહાલો તેહ તણો ૧૧૭૦૧
અંતરંગને માહા રસ સુચવે છે અભ્યંતર થકી
દાતા ભોકતા લહે એ રસ સાર બીજુ કોઈ નવી કહે શકી ૧૧૭૧૧
સ્પર્શના સુખ માંહાં રહે મગ્ન ઉભય સ્વરૂપે રંગે
કયારે તે નિજકર મથે છે પ્રિતમ મિઠો રસ સંગે ૧૧૭૨૧
અંગુલી માંહે અંગુલી ભરાવે રસ ભાવના આસ્વાદસું
લહે બંધ અનેકના સુખડાં સુરત્વ સુખ ચિત્ત વસ્યુ ૧૧૭૩૧
એણી પેરે કરતલ પ્રિય મથે છે મનોરથસું ભર્યા
સંધ્યા સમય રસિકા રસ વાનના રસસું અનંગ હર્યા ૧૧૭૪૧
એમ ચરિત્ર કરે ગોપ્ય પ્રગટ તે નવી જાએ કહયાં
દાન તણે તે સામર્થે કરી પ્રેમદાએ પ્રેમભર લહયાં ૧૧૭૫૧
પ્રિતમ તણાં જે જે ચરિત્ર ગોપ્ય ગુઢ ભાવના
તે પરખી લીધી રસિકાએ બહુ રસ ચરિત્ર જે ભાવના ૧૧૭૬૧
તેણે કરી મનને અતિ મોદ સ્વરૂપ ઉભય અંગે
પરસ્પર વિલસી હુલસે છે તે અનુપ રસ રંગે ૧૧૭૭૧

એમ ચોખંડીમાં સુખ આપ્યા પ્રિય અનેક પ્રકારસું
તે જોઈ જોઈ અને રસ યુવતિ તણું મનડુ લસું ।૧૭૮।
સંધ્યા વંદન કેરો સમય થયો નાહ નવલે લહુ
ભિતર પધારી ચરિત્ર બહુ કરશે થયુ ચિત્તનું ચહયું ।૧૭૯।
મિઠા મિત્રને રસતણો ચાહ ક્ષણું ક્ષણું માં વાધે ઘણું
અનુભવી અનુભવ સાધ્ય લહે બહુ સુખ છે એ રસ તણું ।૧૮૦।
હવે ઉઠે છે સુખનીધિ નાહ રસ ચાહ ચોંપે કરી
ભકત જૈ જૈ શબ્દ ધુની બોલે છે અતિ રસ સ્નેહે ભરી ।૧૮૧।
વારણાં લેઈ લેઈ કર ચટકે શીષે સાવધાન મને
જૈ જૈ શબ્દ ઘુમી રહયો છે ગહેરે રસે રસિકા કને ।૧૮૨।
તે સુણી શ્રી અંગ સુખ થાએ રસ રંગ પ્રગટે બહુ
જે આશ્રિત છે જે નિજ ભકત અવ્યકત એણે કાલે સહુ ।૧૮૩।
પ્રહસિત થઈ થઈને ભરે પ્રિયને રસિલી આશિષ વડે
તે વચને મધુરા રસ રાસ વ્હાલાના ઉરમાં ગડે ।૧૮૪।
જેહવો ભાવ જેહનો તે તેહવું વચન મુખે કરી ઉચરે
દેઈ આશિષ નવ નવી ભાંત પ્રિતમજીનું ચિત્ત હરે ।૧૮૫।
કોહોના મન વિપ્રયોગ ભરાયા પ્રિયને પધારતા જાણી
કોઈ અભિશરણ ને અનુરાગે રંગ્યા બોલે સરસ વાણી ।૧૮૬।
કોહોને આનંદ અગણ અપાર માહાસાર રસમેં લહે
દે છે આશિષ તે મનગમતિ તે માંહાં બહુ રસ કહે ।૧૮૭।
વહાલો સુણી સુણીને સુખ પામે રસ જામે આશિષ તણો
સંધ્યા સમય પધારે છે ભિતર દિઠો લટકો લડેતો ઘણો ।૧૮૮।
માહારા મિત્રનો તે સુદેશ રસવેસ લટકો રાજે
ભામીનીને ભરે તેણે લટકે મટકે અંગ રસિલા ભ્રાજે ।૧૮૯।
ચાલે ચાલ વલ્લભજી રસાલ સંધ્યા કાલે મલપતા
જોઈ જોઈ હરખે સહુ ભકત જે એણે સમે અહીં હતા ।૧૯૦।
જુએ અટાલી ઉપરથી અનુરત અવ્યકત ભાગ્યવાન સદા
જલઘરે ચોંતરે રહી નિરખે છે તે મન મુદા ।૧૯૧।
કોઈ છજે મુડેરીયે બેઠા અવિલોકે પ્રિયને નયણ કરી
કોઈ પેંડાની પંગતમાં રહયા જુએ બહુ સ્નેહે કરી ।૧૯૨।
વહાલો ચાલ ચાલે સુખકારી રસ ભારી પ્રગટ કરે
શીતકાલે પહેર્યો સોહીયે નિમો તેણી લાવણ્યે ચિત્ત હરે ।૧૯૩।
ઉષ્ણકાલે ધોતી ઉપરેણા ભર પ્રિયજીતે પેખીએ
પધારે છે ભિત્તર માહારાજ રસિલા સુખ પેખીએ ।૧૯૪।
વહાલે શ્રી હસ્ત માંહાં રાખી લાઠી લરકાઈ તણે ખ્યાલે
લાઠી લડેતી નાર નિજ કર ગ્રહી તે પ્રિતમજી ચાલે ।૧૯૫।

નિશંક નિડરપણે ધરી છે શ્રી હસ્તે તે માહાલતી દિસે
અંગુલીદલે મુદ્રિકાના નંગ નવલ જોઈ ચિત્ત હસે ।૧૯૬।
ચરણ તણી તે ચંચલતા અપાર ડગ ભરતાં ભામીની નિરખે
અંગ અંગ તણી છબી છટકી તે જોઈ રસિકા હરખે ।૧૯૭।
ક્ષણું મુખાંબુજનો રસ પેખે બહુ જુગ્મે મોહે
ક્ષણું હૃદય રમણીયે છે પાગ્યા કુચ ફલ ફુલ્યા સોહે ।૧૯૮।
ક્ષણું માલા મનોહરે અટકયા ક્ષણું મન જનોઈ પર
ક્ષણું પારસ્વ રસ માંહે ચાલે છે વલ્લભ વર ।૧૯૯।
ક્ષણું ઉદરની થોંદ થરહરતી નિરખે પ્રેમદા પ્રિતે
ક્ષણું ટુંડી કટીને નિતંબ જુએ છે માહા રસ રીતે ।૨૦૦।
ક્ષણું ધોતીની આભા એ અટકયા મધ્યસ્થલ સંગ લસે
ક્ષણું જુગલ જંઘા જોઈ મન ઉછલીત થયો રસે ।૨૦૧।
ક્ષણું ઘુંટણ ગૌરની ગહેરાઈ માંહે પાગી રહે
ક્ષણું પીંડુરી પરાગે ભરી તેહનો રસ રસિકા ચહે ।૨૦૨।
ચરણ કમલનો રસ છે રંગીલો છબીલો છેલી રહયો
ક્ષણું એડી પાહાનીને પાટલી જુએ અંગુષ્ટે રસ ઉમહયો ।૨૦૩।
અંગુલીદલ દાતા જ્ઞાતા રસની છે રસે ભરી
ક્ષણું નખચંદ્ર નવલ નિહાલે નવલ ત્રિયા સ્નેહ ધરી ।૨૦૪।
ચાલતા ચરણ તલવા તે દિસે પ્રિતમના પ્રગટ રંગે
ક્ષણું પીઠ સકોમલે વિલસે વનિતા મહા રસ રંગે ।૨૦૫।
ક્ષણું શીષે શ્રંગાર રસ કેશ સુદેશ સંગ પરવરે
પ્રેમદા પ્રેમવતિ છે પ્રસિધ્ધ તે વરી વ્હાલો સ્નેહ ભરે ।૨૦૬।
એણે પ્રકારે તે જુએ નિજ નાહને ક્ષણું ક્ષણું રસ વસે
નૌતન છબી શ્રી અંગ માંહાં દિસે તેહની શોભા અદ્‌ભુત લસે ।૨૦૭।
ક્ષણું જુડો જોબને ભર્યો જુએ યુવતિ તે સંધ્યા સમે
પધારે છે ભિતર પ્રાણનાથ રસિકા સંગ રંગ રમે ।૨૦૮।
સહુ કોઈને રસસું સંતોષે ભાવ ભેદે ઘણું
જેહને જેહવા ભાવની આરત તેહને તેહવું દાન સોહામણું ।૨૦૯।
દે છે તે ચતુરવરરાય રસદાયે દાતા સદા
સહુ કોની દ્રષ્ટિ પ્રિયના અંગ પર રહે મન મુદા ।૨૧૦।
વહાલો જેહને નિકટ પધારે તે તન મન વારે છે રંગે
મિઠડા લે મનોરથે ભરીયા જે જે શબ્દ ઉચારે સંગે ।૨૧૧।
કોઈએ પુલકીત થઈ નિરખતા નયણે નીર ઢારીયા
શ્રી પ્રભુનું સ્વરૂપ નિરખતાં રસ અંગ સંગ ભાલીયા ।૨૧૨।
જેણે કરી રસનાયક લલચાયે લાવણ્ય તેહવી ધરે
પ્રેમે પ્રહસિત થઈ થઈયને પ્રેમદા પ્રિયનું મન હરે ।૨૧૩।

ચિત્તવે છે ચિત્તવની તે રસાલ પરસ્પરે પ્રેમસું
સંધ્યા સમય પધારે છે ભિતર એ સ્વરૂપ ઉરમાંહાં વસ્યું ।૨૧૪।
જે જયાંહાં તે ત્યાંહાંથી જુમી જુમી જુએ છે નાહને
કોઈ કરે છે કટાક્ષ કારણમઈ તે રસ ચાહને ।૨૧૫।
તેહનો સ્નેહ અપરમિત દિસે મન હીસે પ્રિતમ તણું
પરસ્પરે દે છે રસતણાં દાન મન વાધે છે ચૌગુણું ।૨૧૬।
સુર સુભટ સુરત્વ દેખાડે પોતાનું પ્રેમે કરી
ચતુરા ચોંપ સહિત જુએ ઉલટસું આનંદે ભરી ।૨૧૭।
નેત્ર માંહાં થક રસ ઉમડી ચાલે ઉભય સ્વરૂપને
તે રસ દુર થયો નવી દુરે પ્રગટ સોહે એહોકને ।૨૧૮।
નેત્ર નવલનો રસ છે નવિન પ્રવિણ પ્રહસિત સદા
અવિલોકે આનંદ ભર પ્રિતે પરસ્પરે મન મુદા ।૨૧૯।
એમ ભિતર સંધ્યા સમય પધારે મિઠો નાહ રંગે
અનેરા અનેક રસ સુખ આપે ભકતને અંગે ।૨૨૦।
કોહોને વિપ્રયોગ એ સમે વાધે તે બાહાજય દિસે નયણે
વહાલો તેહનું સમાધાન કરે વણ વયણે નયણ સયણે ।૨૨૧।
વિપ્રયોગ દુર કરિયને સ્થાપ્યો તે રસ રસિકાને
કિની નેત્ર માંહાં અતિ મનુહાર બહુ ભાવસું રસવ્યને ।૨૨૨।
એમ દાન દે તો પધારે એક એક પ્રતે મિઠો
ભકત અસંખ્યાત ને દાનદે અસંખ્યાત નયણે દિઠો ।૨૨૩।
શ્રી વલ્લભજી વરરાયે રસદાયે દાતા ઘણું
દાન દેતાં ન લાગે તે વાર સુચારૂ સોહામણું ।૨૨૪।
પાર્વતીપતિ ને રહે રતિ પતિ સાધ્ય સ્નેહે કરી
સમય આવે ઉછલીત થાએ તે રસિકા રસસુ ભરી ।૨૨૫।
એમ મહાપ્રભુજી સુખ આપે રસ સ્થાપે ભકતને અંગે
વિધી વિધી તણો રસ તે રમાડી પધારે છે રસ રંગે ।૨૨૬।
કરે કટાક્ષ વ્હાલો ચોહોંફેર જયાં જયાં રસ ભકત ઉભા સોહે
મીઠા મિત્રના નેત્રનો રસ ચપલા લેઈ ચતુરા મોહે ।૨૨૭।
એમ રસ વૃષ્ટી કરતાં કરતાં પધાર્યા સિંઘ દ્વાર પર
અહીં સહુ કોઈને રસ પોષે સંતોષે ચતુરવર ।૨૨૮।
કરે દાન તે અદ્‌ભુત ભાંતે ખાંતે કરી નાહ
ભકત જૈ જૈ જૈ જૈ બોલે આશિષ ચિત્તને ચાહ ।૨૨૯।
તે સુણે છે રૂકમણીલાલ લડેતો લાડે ભર્યો
સહુ કોઈનો મન ધર્મ જાણે તેણે ભકતનો અર્થ સર્યો ।૨૩૦।
એમ નિત્ય ચરિત્ર વિચિત્ર મિત્રનું નિત નેગ
ફુલઘરની અટાલીથી ભકત આશિષ દે છે વેગ વેગ ।૨૩૧।

જેમ પ્રભુને કર્ણ પંથ થાએ તેમ તે બોલે પ્રિતે
સંધ્યા કાલે રસ ઉદબોધ વાધ્યો છે રમણનો રસ રીતે ૧૨૩૨
તેણે કરી સ્વર મધુરાતે લાગે છે પરમ કલ્લોલસું
દે છે આશિષ તે મન ગમતી રસિકા ઝકઝોલસું ૧૨૩૩
પ્રાણ વલ્લભજી સુણે સાવધાન મને મનોરથ ભર્યા
એણે પ્રકારે પ્રિતમે પ્રહસિત થઈ પ્રેમદાના ભાવ વર્યા ૧૨૩૪
વહાલો સિંધ દ્વાર એમ રસ રેડે કેડે છે ભકત બહુ
તે શ્રી અંગ અંગ નો રસ નિહાલે ટાલે પરિતાપ સહુ ૧૨૩૫
કોઈ લદાવમાંથી ઘસી આવે પ્રિયને પધારતા જાણી
જોયુ શ્રીમુખ રસિક રસાલ આનંદે ઉચર્યા વાણી ૧૨૩૬
હૈયડામાં હુલ્લાસ ન માયે સુખદાયે સ્વરૂપ નિરખે
હવે વહાલોજી તે જગમોહનમાં પધારે હરખે ૧૨૩૭
ચાલ ચાલે સત્વર ગતિ ગહેરી ગંભીર મોહામણી
રસ ભકત જુએ સહુ પુઠે પ્રિતમની સોહામણી ૧૨૩૮
જગમોહનમાં ચાલે વહાલો જગમગતી જયોત દિસે
શ્રી મુખ કમલ કોમલ કમનીય દક્ષણ દિશે જોઈ મન હીસે ૧૨૩૯
અંગ અંગ પ્રિતમના રસાલ રસ ઉદબોધે ભર્યા રાજે
ભામીની તે ભુકતે રસ ભેદે પ્રિયના રસસુખ કાજે ૧૨૪૦
રસ અનેક પ્રકારનો આપે સ્થાપે છે શ્રી અંગમાંહાં
અંતરાય કાપે કરૂણા કરી પ્રિયનો પ્રેમદા ત્યાંહાં ૧૨૪૧
જગમોહનમાં જશ લે છે યુવતિ જશ તણો ઘણો
વહાલો પ્રસન્ન થાએ ઘણું ઘણું રસ ભકતે સોહામણો ૧૨૪૨
સંધ્યાકાલના કરૂણા સમઝે પાર્વતી પતિ સહુ
વિલસે વનિતા સંગ રસ રંગે રસ પ્રિય જાણે બહુ ૧૨૪૩
જલહલે તેહની જયોત ઉધ્યોત જગમોહનમાં ઘણી
શુભશોભા દિસે ચહુ ઓર ચિત્ત ચોર શ્રી વલ્લભ તણી ૧૨૪૪
તે લહે રસિકા રસ વાન રસ શોભાનું સ્વરૂપ જેહ
વિસ્તરી છે શ્રી રૂકમણીલાલની સુભગ શોભા તેહ ૧૨૪૫
જગમોહનમાં જેકો ભકત રસિલા છે રસે ભર્યા
રસદાન દે છે શ્રી મહારાજ રસવસ થઈ ચિત્ત હર્યા ૧૨૪૬
કોહોના મન તે નિરોધે નવલ નેહસું
કોહોને રસનો ઉદબોધ કરાવે રમણ તે ચિત્તે વસ્યુ ૧૨૪૭
દાન દિધાને અપરંપાર જગમોહનમાં વહાલો સંધ્યાકાલે
પરિતાપ ટાલે પ્રેમદાના પ્રિયજી પ્રેમ રસે ચાલે ૧૨૪૮
ધોતી ઉપરેણો હાલે હારડુ લહી માહાલે મનોરથે
ભકત જૈ જૈ શબ્દ અહીં ઉચરે મધુર સ્વર એકે જુથે ૧૨૪૯

મીઠડા લેઈ ઉભય કર ચટકે શીષે તે સોહામણાં
ભાવ ઉદબોધ થયા રસ વસથી તે અદ્‌ભુત મોહામણાં ૧૨૫૦૧
ભકતનો ભાવ ભુકતે માહારાજ રસભાવ કારણ લહી
જગમોહનમાં ચાલે નાહ તે શોભા કોણ શકે કહી ૧૨૫૧૧
માહા રસદાન દે રસ રાસ રસિકાને રસિકવર
ગલી તણે દ્વાર ચરણ ક્ષાલે છે ચતુરવર ઉછાહા ભર ૧૨૫૨૧
ચરણામૃત દાન દેવા અર્થે પાદાંબુજ ક્ષાલ્યા રંગે
લટકો તે લટકતો રસાલ દિસે છે ઉમંગ અંગે ૧૨૫૩૧
હવેલી ગલી માંહાં પધાર્યા પ્રાણપતિ પ્રહસિત તે પ્રેમ રસે
ભકત સિંઘ ધ્વારથી દે આશિષ તે શોભા ઉર માંહાં વસે ૧૨૫૪૧
સહુ કોઈ વલે હવે ઘેર તે પ્રકાર આગલ કહેશું
પ્રાણજીવનના સોહાગ સબંધ ભર જે લહેસું ૧૨૫૫૧
ગલી માંહાં પધારે મિઠો નાહ ભકત અટાલીથી જુએ પ્રિતે
શ્રી વલ્લભવર કરૂણા કરીને દાન દે છે રસ રીતે ૧૨૫૬૧
ચાલે ગલી માંહાં ગૌર શ્રી અંગે રસ સંગે પાદાંબુજ ધરે
ધરણીને ધિરવે ધિરોદાર પર ચરણ રસે ભરે ૧૨૫૭૧
યુગલ ચરણ કમલ કારૂણીકની રસ પ્રિય એહને
એહવી ભોમ્ય એ ભાગ્યવતિ સ્પર્શે છે શ્રી વલ્લભ જેહને ૧૨૫૮૧
તેણે કરી તેહનો તે સોહાગ જગત માંહાં ફેલી રહયો
અતિ અવ્યકત અનુપમ રસ શ્રી ચરણનો ધરણી એ લહયો ૧૨૫૯૧
એમ ચાલ ચાલે છે ચોંપે કરી ચતુરવર મીઠો
સીઢી માહે રહી કોઈ નિરખે પ્રિતમ નયણે દીઠો ૧૨૬૦૧
મંદ મંદ મુસકની કરતાં પધારે છે પ્રાણપતિ
જોતા નવ રહે દેહ સંધાન ભુલી સહુ ગતિમતી ૧૨૬૧૧
હવે જલઘરા માંહાં તે આવ્યા વહાલોજી વેગે કરી
અહીં જૈ જૈ શબ્દ સહુ બોલે રસ ખોલે તે સ્નેહ ધરી ૧૨૬૨૧
શ્રી મુખાંબુજ પર કર વારે વારણાં લે વેગે સદા
બહુ વાત્સલ્ય પ્રિયના વિચારે તે સોહે છે મન મુદા ૧૨૬૩૧
ભકત સમાજ જે કો અહીં ઉભા છે તે એણી પેરે કરે
મિઠડા તે મનોરથે ભરીયા પ્રિતમને તે પ્રેમે ભરે ૧૨૬૪૧
જલ ઘરા માંહાંથી જલઘરીયા આવી શ્રીમુખ જોઈ રંજે
અંગ અંગની છબી છટકી છે સંધ્યા સમય રસ પુંજે ૧૨૬૫૧
બહુ બેટી ભિતર થકા આવે રસ ભાવે વહાલા તણો
જુએ શ્રીમુખ કમલ કારૂણીકનો રસ તે સોહામણો ૧૨૬૬૧
ઘુંઘટ માંહાં થકી અવિલોકે નયણ ભરી ભરી પ્રિતે
વહાલો દાન કરે અદ્‌ભુત એહોને વિચિત્ર રીતે ૧૨૬૭૧

હવે બેઠા સંધ્યા વંદન કરવા શ્રીમુખ પુર્વ દિશ સોહે
ભાગ્યવતા અંગ અંગ ની છબી જોઈ મોહે ૧૨૬૮૧
જે કો ભગવદી અહીયે ઉભા હતા તે નમન કરે
દીન ભાવ પ્રગટ પ્રગટયો તે જોઈ પ્રિયનું ચિત્ત ઢરે ૧૨૬૯૧
કિધું નમન નૌતન રસભેદે વારણાં લેઈ તે બેઠા
વહાલોજી પીઢે બેઠા તે સંધ્યા કરે ભકતના ઉરમાંહાં પેઠા ૧૨૭૦૧
સમી સંધ્યાની સંધ્યા સોહાસણી સોહાગ ગર્વે ભરી
વહાલો વિલસે છે એહ સંગ રંગે ઉમંગે સંધ્યા વરી ૧૨૭૧૧
એકાગ્ર ચિત્તે ચિત્ત મેલે મનોરથસું ઘણું
સુભગ સંધ્યાનો કર્યો અંગીકાર માહાસાર કેમ કહુ તેહ તણું ૧૨૭૨૧
અતિ પ્રમોદે ભર્યા પ્રાણનાથ રસ સાથે તે દેખીયે
સેવાવર્તીની સેવા માની ગડુએથી જલ લેખીયે ૧૨૭૩૧
જલ હલતો પ્રિતમ જલ અંગી કરે મન હરે હરખસું
સંધ્યા સમય સંધ્યા કરે મીઠો નાહ તે સ્વરૂપ ઉર માંહાં વસ્યુ ૧૨૭૪૧
પ્રગટયો છે દિપક પ્રિય નિકટ તે ભકત રૂપે દિસે
તેહ તણી ઝાંઈ ઝલકે શ્રી અંગ અંગ માંહાં જોઈ હૈયડુ હીસે ૧૨૭૫૧
પીત વરણ આભા અનુરાગે ભરી દિપક તણી જેહ
વિસ્તરી સર્વાંગે વિલાસ હુલ્લાસ અર્થે તેહ ૧૨૭૬૧
તેહની શોભા કહી કેમ જાય રસદાય અનુભવી લહે
પીત આભા પ્રતિબાંબે શ્રી અંગે તે ભકત અનુરકત ચહે ૧૨૭૭૧
વહાલો સંધ્યા કરે રસરૂપ અનુપ ચરિત્રે કરી
ચલણ વલણ ચંચલતા ચતુરાઈ જુએ સુભગા સ્નેહે ભરી ૧૨૭૮૧
કોઈ દુરીય દુરાવીને આવે સંધ્યા વંદન સુખ જોવા
રસ આરતે ભર્યા તે ઉમાહે પ્રિતમજીનું મન મોહવા ૧૨૭૯૧
ભાવે ભર્યા ભામીની તે રસાલ આવ્યા જલઘરા માંહાં
આવી શ્રીમુખ જુએ રસ રૂપ અનુપ સંધ્યા કરે ત્યાંહાં ૧૨૮૦૧
હરખ્યા વહાલો એહોનું હારદ્ર લહી તે કયેમ જાએ કહયું
પરસ્પરે મુસકની રસદાન ઉભય સ્વરૂપે લહું ૧૨૮૧૧
સંધ્યા કરતાં તે રસિકાને રીઝવે અનેક પ્રકારસું
પુર્વ દિશે શ્રીમુખ સુખ જોઈ મનડું તે હુલસું ૧૨૮૨૧
વિહવલ ચિત્તે સંધ્યા કરે પ્રિય પ્રેમાશકત થયા ઘણું
રસિકા રસવાન રસે ભરી જુએ રૂપ નાહ તણું ૧૨૮૩૧
તે સ્વરૂપ વર્ણન સુખકારી કહું મન હરખીને
જે જે અનુભવ્યો છે રસમુલ અનુકુલ શ્રી અંગ નિરખીને ૧૨૮૪૧
શીષે કેશ રસિલા રસાલની શોભા સોહામણી
ઝલકે ચલકે ચોંહોફેર જુએ સુભગા મોહામણી ૧૨૮૫૧

અંબોડો લલકે લાલ રૂકમણી તણો તે આનંદ મુદા
અતિ તેજવંત પ્રકાર અંબોડો સોહે સદા ।૨૮૬।
કુંતલ કેશ છે રસ વેસ સુદેશ નમી રહયા
ભાલ ઉપર તે સોહાએ સોહાગ રસે લહયાં ।૨૮૭।
એહવા કેશ રસિલા રસાલ દિઠા તે સંધ્યા સમે
જલઘરા મધ્યે સંધ્યા વાદે છે વહાલોજી મનને ગમે ।૨૮૮।
ભાલ ઉતંગ અનુરાગ રસે રસ્યુ તે પ્રગટ દિસે
શ્યામ રેખાની છબી છે છબીલી રંગીલી જોઈ મન હીસે ।૨૮૯।
તિલક કેસરીની સેર તે ખંડીત એણે સમે રાજે
મર્યાદા તણી મેડ મેટી પુષ્ટ સમે રસ ભકત કાજે ।૨૯૦।
એમ ભાલના સુખડા તે પેખ્યા પ્રેમવતી એ સહી
ભ્રુઅ ભ્રંગનો રંગ રસિલો તે તે કેમ શકે કહી ।૨૯૧।
નેત્ર કમલ અમલ રસરૂપ અનુપ આનંદે ભર્યા
રસ ઉદબોધ તણું એ છે ધામ રસકામ કારણે ધર્યા ।૨૯૨।
એહવા નેત્રને નવ વધુ નિરખે નયણ ભરીને પ્રિતે
ટોપચા ને વરૂણી વરરાયના સોહે છે રસ રીતે ।૨૯૩।
નેત્રાંબુજ તણે સંગે રસ રંગે વિલસે છે વિવિધી ગતે
યુવતિ જનને સંતોષે પોષે ટોપચા વરૂણી વતે ।૨૯૪।
ગલસ્થલ ગહેરે રંગે ઉમંગે ફુલ્યા છે સંધ્યા સમે
નાસા નિર્મલ નવવધુ નિરખે હરખે છે મનને ગમે ।૨૯૫।
કર્ણ કારણ છે કમનીય જે માંહાં રસ રસિકા ભરે
ટોંક અનેક રસિલી સુણાવતાં રસના કારજ સરે ।૨૯૬।
પ્રાણ વલ્લભજીના શ્રવણ સહુ ઈદીપાસું મિત્રાઈ રાખે
ટોંક સુણતા મિત્ર જાવદૈક નૌતન રસ અભિલાખે ।૨૯૭।
વાધે ઉદ્બોધ રસનો અપાર આનંદ મુદા મને
હવે મોહોસર રસિલી રસાલ જોઈ રસિકા ભાવાપન્ને ।૨૯૮।
સંધ્યા સમય સંધ્યા વંદન કરે છે વહાલોજી અતિ મોદસું
ચલકે અધર મધુર મનોરથે ભર્યો પરમ પ્રમોદસું ।૨૯૯।
દંત પંગત પરમ લડેતી પ્રિતમજીની દેખીએ
રસના રસ સરસ સુદેશ નયણ ભરી પેખીએ ।૩૦૦।
ઠોડી ઠૌર ઠૌર બહુ ભાંતે પ્રેમદાને ઘણું
સમુઝે રસિક ભકતના મનડાં જે સુખ છે ચિબુક તણું ।૩૦૧।
મુખકમલનો રસ રમણીક નિરખતાં તે લોભીએ
ફરી ફરી મન અહીએ અરૂઝાએ એહવું શ્રીમુખ શોભિએ ।૩૦૨।
હવે ગ્રીવા ગમતી રસે રમતી તે જુએ રસ અનુભવી
પહેરી છે શ્રી કંઠ માંહાં માલા તુલસી તણી નૌતન નવી ।૩૦૩।

જુગ્મ ખંભા તે યુવતિ જન નિરખે હરખે છે મનની રલી
ઉપરેણો જનોઈ વિલસે છે ખંભા પર હલી મલી ૧૩૦૪૧
ભુજદંડ દાનાતુર દિસે મન હીસે માનીની તણું
પહોંચલા તે પ્રસન્ન થયા પ્રેમે પ્રેમવતિને ભરવા ઘણું ૧૩૦૫૧
કર કમલ માંહાં છે રસ ગહેરો તેહની લહેરી લલીત લાગે
તે અનુભવે અનુભવી પાત્ર જે રસે ભર્યા અનુરાગે ૧૩૦૬૧
અંગુલીદલ વલણ વિલાસના સુખ સુભગા લહે
અંગુષ્ટે અનુભવી લલચાયે નયણ ભરી તે ચહે ૧૩૦૭૧
તેહને દિધું અંગુષ્ટ તણું દાન દયા કરીને પ્રિતે
નખચંદ્ર ચમકે રસ જયોત ઉધ્યોત વિચિત્ર રીતે ૧૩૦૮૧
કરતલ માંહાં રેખા રમણીક રામાતે અહીયે વસે
મુદ્રિકા મનોહર અંગુલીએ તે રસિલી અદ્‌ભુત લસે ૧૩૦૯૧
સંધ્યા વાદે છે શ્રીવરરાયે સંધ્યા સમય જલ ઘરે
બહુ ભાંત તણાં કરે દાન અનુરકત તણાં ચિત્ત હરે ૧૩૧૦૧
પેખે હૃદય રસાલ હવે પ્રેમદા પ્રેમદા તે પ્રેમવતિ સહી
રસભાવે ભુકતે હૃદયકમલને રસનું હારંદ્ર લહી ૧૩૧૧૧
કુચ કુંભ કુચેન કરે રસ યુવતિ ને જે નિરખતાં
વિલસવા વનિતા અકુલાએ તે બહુ પેરે હરખતા ૧૩૧૨૧
બીટડી બેહુ બાહેર આવી મનભાવી ભામીની જણે
આસપાસ સુક્ષ્મ સોહે બાલ દિસે રૂપ સોહામણો ૧૩૧૩૧
ઉભય કુચફલ બીચે ગાઢ રસિલી તે રસનો સાગર ભર્યો
તે માંહાં ઝીલે યુવતિ રસવાન જે જે રસ અહીં પ્રિય ધર્યો ૧૩૧૪૧
નૌતન રસ તણાં નૌતન સમુદ્ર એણે સ્થલે સોહે સદા
તે રસ ભુકતે ભામીની ભાવાપન્ન રસિકજન જે દે મુદા ૧૩૧૫૧
શ્રી વિઠલજીનો કુંવર શ્રી વલ્લભજીનું હૃદય રલીયામણું
બાલ દિસે સુભગ શુભ્ર લક્ષણે કેમ કહી શકુ તેહ તણું ૧૩૧૬૧
હવે પાર્શ્વ પ્રગટ પ્રસિધ્ધ રસ રીધ્ધ અવરખીયે
એ માંહાં ભરીયો છે માંહા રસ ઉગ્ર અનુપમ પેખીયે ૧૩૧૭૧
કોઈ ઉદર તે અનુરાગે રંજે રસ પુંજે તે શોભિયે યે
ટુંડી કટીને નિકટ રહી રસદાન દે તે જોઈ લભિયે ૧૩૧૮૧
પીઠે પ્રહસિત પ્રણાલ રસ બાલ નિરખે છે તે વલી
વલી કો નિતંબ નવલ રસ પેખે પ્રેમદાતે મન રલી ૧૩૧૯૧
વહાલોજી જલધારામાં સંધ્યા વંદન કરે છે સંધ્યા સમે
અતિ મનોહર સ્વરૂપ સુદેશ એ સંગ સુભગા રમે ૧૩૨૦૧
એહોના અંગ અંગ જોઈ મનડું તૃપ્તિ નવ તે થાયે
મધ્યસ્થલે રહે મનોજ મહેમંત પ્રિયને છે તે સુખદાએ ૧૩૨૧૧

રસ યુવતિને રસે ભરે ભેદે તે અનુભવી પાત્ર લહે
કોઈ યુગલ જંઘ લહેલહેતી નયણ ભરી તે ચહે ।૩૨૨।
ધોતી ભિતર તે સુદેશ જંઘાની આભા સોહે
ઘુંટણે રસ રંગ અપાર ભામીની તણું મન મોહે ।૩૨૩।
પીંડુરીનો પરાગ લે પ્રેમે પ્રેમદા પ્રેમે પુરી જેહ
ઢાંકણા તેજવંત વરેશ વલ્લભજીના સોહે તેહ ।૩૨૪।
એડી સુરંગ સુભગ રસ રંગ દિસે દાનાતુર સદા
પાહાની તણાં સુખ જાણે રસના ઘણી જેણ રસ ભુકતે સદા ।૩૨૫।
અંગુલી તણી પંગત સોહાતિ મન મોહતિ મહિલા તણું
અંગુષ્ટ છે આનંદનો ઉદબોધ તે અદ્‌ભુત સોહે ઘણું ।૩૨૬।
નખચંદ્ર કિરણ કરૂણા કરી કામીની ને પોષે
યુગલ ચરણ ચતુર વર રાયના સહુ કોહોને સંતોષે ।૩૨૭।
ધર્યા છે ચરણકમલ ઘણી વર તેહની લાવણ્ય ભારી
નિરખતાં નવી મટકે તે નયણ સોહે છે એ સુખકારી ।૩૨૮।
સંધ્યા સમય સંધ્યા વંદન કરી પહોંચ્યા નાહ નવલ રંગે
ત્યારે ભકતે શ્રી અંગ રસ પોષ્યો એણે પ્રકારે ઉમંગે ।૩૨૯।
કો સમય જલધરની ગલી માંહાં સંધ્યા વંદે પ્રિય મિઠો
અતિ રસ વરસે તેણે ઠોર નયણ ભરી દિઠો ।૩૩૦।
એમ સમે સમે તે સુખ આપે ભકતને વહાલો મન મુદા
રસ તણાં દાનદે છે અવ્યકત પ્રિતમજી પ્રેમે સદા ।૩૩૧।
જેણે ઠોર બેસે મિઠો મિત્ર તે ઠોર રસ શોભાએ ભર્યો
અતિ અદ્‌ભુત કહયો કેમ જાએ તે રસ ભકતને ઉર ઢર્યો ।૩૩૨।
ઠોર ઠોર નો રસ તે ન્યારો ન્યારો અવિલોકી મન રીઝે
રસ ભકત જુએ રસ ખાંતે સકલ રસ અર્થ સીઝે ।૩૩૩।
સંધ્યા સમયની સંધ્યા કરી પહોંચ્યા હવે તે વહાલો પ્રિતે
ગાદી તકિયો અંગી કરે નાહ નવલ રસની રીતે ।૩૩૪।
પ્રિય બેઠા થકા તે ઉઠયા ભકત જૈ જૈ કાર બોલે
ભાવ અનેક પ્રકારે આશિષ દે છે અંતર પટ ખોલે ।૩૩૫।
અતિ વાત્સલ્યસું ગાદી તકિયો બિછાવ્યો પ્રથમ ભકતે
તે ભણી ચાલે રસ માહાલે નાહ નવલ તે ભાવ અવ્યકતે ।૩૩૬।
ઘરે ઘરણીયે શ્રી ચરણ સાર ઉદારતા દેખીયે
અંગ અંગ ની ચપલતા લાવણ્ય નયણ ભરી પેખીએ ।૩૩૭।
ડગ ભરે મન હરે રસે વહે વહાલો વનિતાને રીઝવે
અતિ પરમ પ્રસન્ન મને મ્હાલે ચાલતાં રસ સીઝવે ।૩૩૮।
શ્રી ચરણાંબુજ ધરણી ધરતા આવ્યા દુલીચીયે રંગે
ભકત યુગલ ચરણ તે પુંછે છે આનંદસુ ઉમંગ અંગે ।૩૩૯।

શીતકાલે કભાય પહેરે છે પ્રિતમજી એણે સમે
તેહની જયોત જગમગે રસાલ રસિલી સહુને ગમે ।૩૪૦।
તની બાંધે છે પ્રાણ આધાર લટકો તે નયણે દિઠો
હવે સુખસું બેઠા ગાદી તકિયે વલ્લભવર તે મિઠો ।૩૪૧।
ભકત જૈ જૈ શબ્દ ઉચારી ને આશિષ દે વણી
વરણીયે વેદોકતે કરીયને જાણે છે તે નિજ ધણી ।૩૪૨।
પ્રિય બેઠા ગાદી તકિયે લાગી તે લાલચે ભર્યા
ભકત અનુરકત જે છે સૌભાગીયા તેહના વ્હાલો ભાવે વર્યા ।૩૪૩।
બેઠા નિકટ તે ભકત ભાગ્યવાન શ્રી અંગ સુખ જોઈને રંજે
શ્રી મુખાર્વિંદ રસ રસિલો તે સોહે છે રસ પુંજે ।૩૪૪।
તેહની લાલચે લાગ્યા છે મન રસ ભકતના રસ રીતે
અવિલોકે પ્રિયને પ્રેમદાતે પ્રેમભરી છે પ્રિતે ।૩૪૫।
સંધ્યા સમય જલઘરામાં બેઠા છે ગાદી તકિયે નાહ
અહીંયે અનેક પ્રકાર પ્રસંગ ચલાવે પ્રિય ચિત્તને ચાહ ।૩૪૬।
તે રસ કહેસું આગલ સમે પામી જે જે દાન કરશે મિઠો
બહુ પ્રકારની ચર્ચા ચલાવે પ્રિય પ્રિતમ નયણે દિઠો ।૩૪૭।
હવે કહું વહાલો ભિતર પધાર્યા પુંઠી ભકત હવેલીયે આવે
ફુલ્યા ફલ્યા છે સોહાગને ગર્વે ગર્વીત થયા રસ ભાવે ।૩૪૮।
સંધ્યા સમય ભકત ભાવૈકને તે ભાવનું પુર વાધે
બહુ પ્રકારના રસના ઉદબોધ રસિકા ઉર માંહાં સાધે ।૩૪૯।
ઉથાપનથી આરંભિ સંધ્યા વંદન લગી જે પ્રસંગ કહયો
માંગલ્ય બાવીસમાં તે કહી આવ્યા જે જે રસ પ્રિય તણો લહયો ।૩૫૦।
અનુભવીને અનુભવ બહુ થાશે ગાતાં સુણતાં બહુ
દાન તણે તે સામર્થે કહયું રસ સુખ પ્રિયજી તણું ।૩૫૧।
વલી આગલનો જે પ્રસંગ તે કહેવાની આશા ધરૂ
નિજનાહ ના રસ સુખ સુરત્ય કરી કરી ઉર ભરૂ ।૩૫૨।

ઈતિશ્રી માંગલ્ય ઓગણપચાસમું સંપૂર્ણમ્
સમાપ્તમ્
શ્રી શ્રી શ્રી શ્રી શ્રી

માંગલ્ય - ૫૦

શ્રી શ્રી હવે પચાસમું માંગલ્ય લખીએ છે, એ માંગલ્યમાં સંધ્યા સમે શ્રી માહાપ્રભુજી ભિતર પધાર્યા પુઠે ભક્ત સમાજ હવેલીમાં આવે છે તે પ્રસંગ લખીશે તેહને ગાવાને અનુકરણ "હું તમને પુછું શ્રી રૂકમણી રંગ રોલ્યા રે, તમો કઈ પેરે શ્રી વલ્લભરાય જાય મનોરથ પુર્યા રે " એ જાતે ગવાશે

સંધ્યા સમે સંધ્યા કરી વહાલો બેઠા રે
અહીં લગી પ્રસંગ કહી આવીયા માહા મોદે રે
રૂકમણીલાલ રસે ભર્યા રસરૂપ રે
નિત્ય પ્રતિ રસે તે નૌતન ઘણું અતિ વાધે રે
કરે નિત્ય ચરિત્ર લીલા સદા મન ભાઈ રે
ભાવ ભેદે ભામીનીઓને રસે પોષે રે
પાર્વતીપતિ રસ નીધિ રસવાન રે
સમે સમે સુભગાને રીઝવે કરી નેહ રે
પરસ્પરે રસ ઉછાહસું રસ આપે રે
તે સુખની પરમિત નહી કેમ કહિયે રે
ક્ષણું ક્ષણું માંહાં રસ રેડે છે પ્રિય પ્રિતે રે
સંધ્યા સમે ભિતર પધારીયા વહાલો રંગે રે
તેહ પ્રકાર કહેવા તણો મન ચાહે રે
પધાર્યા ભિતર પ્રિય પ્રેમસું ગલી માંહાં રે
દીનત્વ સહિત તે દેખિયે સ્નેહવાન રે
એહવા ભક્ત ભાવૈક છે રસે પુરા રે
રૂપે પુરા ગુણ આગલા સહુ ભક્ત રે
ભાવ ગહેરે ઘુમી રહયા સહુ અંગે રે
વાત કરે પ્રિતમ તણી અતિ પ્રિતે રે
જેહને જેહવા દાન દિધા વહાલે રંગે રે
પ્રસન્ન વદન વનિતા તણાં ઘણું મીઠા રે
ચાલ્યા આવે ચતુરાઈ સું ચોંપ સહિત રે
પહેર્યા છે વસ્ત્ર આભુષણ ઘણું ચલકે રે
તેણે કરી અંગ અંગ પ્રિયના રસે વેધે રે
સાડી ચોલી ભાંત ભાંતની પહેરી દિસે રે
ભુષણનો વિસ્તાર તે ફરી કહીએ રે
ભક્ત રસિક રસવાનના રસ અંગ રે
જુએ છે તે પરસ્પરે રસગર્વ રે
પણ યોગ્યતા તે જુજવી સોહે દાન ભેદે રે
જેહનો રસ સંબંધ શ્રી અંગ સંગે રહયો પાગી રે

જલઘરામાં ગાદી તકિયે પ્રિતમ ઉર પર પેઠા રે ૧૧
સમે સમેનું દર્શન સુખ પરમ પ્રમોદે રે ૧૨
રસદાન દે છે રસાલ માહારસ તે અનુપ રે ૧૩
બહુ પ્રકારનો રસ તે રસિલો મિઠો મિત્ર સાધે રે ૧૪
રસભક્તને રસ આપે વહાલો સુખદાયી રે ૧૫
પ્રવિણ પ્રિતમ પ્રહસિત થઈ ભક્તને સંતોષે રે ૧૬
રસિકાનો રસ સંગ પાગી કરે રસદાન રે ૧૭
ત્યારે પ્રેમદા પ્રેમવંતી સુરત ભુલે દેહ રે ૧૮
તેણે કરી અંગ અનંગ ઉદબોધ રસ વ્યાપે રે ૧૯
દાન તણે તે સામર્થે એ સુખ લહિયે રે ૧૦૦
ભામીની ભાવસુ ભુકતે વિચિત્ર રસ રીતે રે ૧૧૧
ભક્ત સમાજ હવેલીએ આવે સહુ સંગે રે ૧૧૨
દાન દેશે તે રસાલ મારો નાહ રે ૧૧૩
ત્યારે દંડવત કરીને વારણાં લીધા ત્યાંહાં રે ૧૧૪
માન ગલીત તે થઈને કર્યુ છે રસપાન રે ૧૧૫
તે હવેલીએ આવે છે રસભર શુરા રે ૧૧૬
પ્રિયને આશિષ દેતાં ઉતરે સીઢીયે અનુરકત રે ૧૧૭
વલતાં તે લદાવમાં આવ્યા ભક્ત રસ સંગે રે ૧૧૮
આપાપણો અનુભવ તે વિચિત્ર રસ રીતે રે ૧૧૯
તે ફરી સુરત કરે પ્રેમવશ થકી ઉમંગે રે ૧૨૦
રસે ભર્યા રસિકા સંધ્યા સમે દિઠા રે ૧૨૧
પ્રેમવંતી પ્રેમે પુરી રસભાવ બહુ લહીત રે ૧૨૨
મરગજી મનોહર દિસે તે અદ્‌ભુત ૧૨૩
..... ૧૨૪
રંગે ગહેરી મન ગમતી જોઈ મન હીસે રે ૧૨૫
પણ ગ્રંથ વાધે તે જાણીને ન કહી એમ લહીયે રે ૧૨૬
તેહ તણી છબી તે છટકી છે પરમ ઉમંગ રે ૧૨૭
ભાવ ભેદે પ્રિય સંગ રસ ભુકતે છે સર્વ રે ૧૨૮
તેહ પ્રકાર લહે છે રસિકા રસ વેધે રે ૧૨૯
તેહ રસ સુખને જાણે છે સુભગા અનુરાગી રે ૧૩૦

એણે પેરે રસ સુખ વિલસતાં સહુ આવે રે	સંધ્યા સમે તે હવેલી માંહાં રસ બહુ લાવે રે	૧૩૧
રસિક ભકતને સકલ રસ તણું દાન રે	એહ સમે પ્રગટે છે અનેક રસ જ્ઞાન રે	૧૩૨
ભાવ ભેદે મનોરથ તણાં જે પ્રકાર રે	તેહ વિચારતાં ચાલે છે રસ ભકત સાર રે	૧૩૩
જેહ રસ શ્રી અંગે રચીત છે રૂચીકારી રે	તેહ મનોરથ પ્રગટે છે સુભગા અંગે ભારી રે	૧૩૪
કોહોને અભિશરણ કરવા તણે ચિત્ત ચાહે રે	સકલ સામગ્રી સિધ્ધ કરી જઈ મલું નિજ નાહ રે	૧૩૫
રસ સમે જેજે ઉપયોગ આવે તે તે સોચે રે	.....	૧૩૬
મનોરથ મન તણાં મહેમંત રે	રસવસ થઈને વિચારે તેહનો કોન પામે અંત રે	૧૩૭
અનુભવી અનુભવે કરી લહે એ પ્રકાર રે	અભિશરણ તણાં જે છે રસ સુખ અપરંપાર રે	૧૩૮
ભાગ્યવતી ભામીની જે છે ભાવે પુરી રે	અભિનવો રસ તે વિચારે રસ સંબંધ છે સુરી રે	૧૩૯
નિજ ઘેર અભિશરણ પ્રિય તણું તે જાણી રે	ચાલે છે ગર્વે ગહેરાયાં કેમ કહી શકે વાણી રે	૧૪૦
અનેક ભાવ તણી સોચ ન કરે મનસું રે	રીઝવવા છે રસિકવર રસરૂપી ધનસું રે	૧૪૧
તેહ સામગ્રીને તત્પર કરે પ્રેમે રે	વચન રચના રચી રચી રાખે નિત પ્રતિ પ્રેમે રે	૧૪૨
ભિન્ન ભિન્ન પ્રકાર તે ભાવતા ભોગ્ય વરને રે	ભુકતવા અર્થ વિચારે રસિકા રસધર ને રે	૧૪૩
તેહ સોચ સોચતાં ચાલે રસવાન રે	ભાવ લહીને કરે વહાલો એહોને બહુ દાન રે	૧૪૪
તત્પરતા ઉભય સ્વરૂપને અંગ અંગે રે	એણીપેરે રસવસ ચાલે ભકત ઉમંગે રે	૧૪૫
કોઈ ચાલે હાલુ હલુએ તે વાત રસથી રે	પ્રિયતણો રસ તે વિચારે સંબંધે સ્નેહ વશથી રે	૧૪૬
કોઈના અંગતે વિરહ રસે થયાં છીન રે	તેહ તણી મુખકાંત ઝલકે સ્વરૂપ રસે આધિન રે	૧૪૭
કોઈનો સંગ ભાવે નહી ચિત્ત તેહને રે	વિરહ રસ માંહાં રહે મગ્ન લગ્નતા છે જેહને રે	૧૪૮
વચન બોલે દીનતા તણાં દીન ભાવે રે	સ્વરૂપ રસે સંવલીત બીજુ કાંઈ ચિતવે રે	૧૪૯
સર્વ થકી તે ન્યારૂ રહે તેહનું મન રે	વિરહ રસે રસવાધે તે લહે ભાવાપન્ન રે	૧૫૦
સધ્ય ફલદાનની પ્રાપ્તિ હોએ તેહોને રે	વિરહ જનીત ભાવ પ્રગટે પ્રેમવસ જેહોને રે	૧૫૧
એમ ભિન્ન ભિન્ન ભાવના ભગવદી પુરા રે	ચાલ્યા આવે ચોંપ સહિત તે રસવસ શુરા રે	૧૫૨
કોઈના મુખ પર દેખિયે અતિ મોદ રે	કોઈ આનંદે છે અવર્યા પરમ પ્રમોદ રે	૧૫૩
કોહનાં પ્રસન્ન મન સોહતાં સુખકારી રે	વહાલાના રસ સંગ પાગ્યા કેમ કહું તે ઉચારી રે	૧૫૪
કોઈ મંદ મંદ મુસકનીસું મુસકાતા રે	હીંડે છે હરખે ભરીયા પ્રિયને રસે રાતાં રે	૧૫૫
કોઈ અનુમત રસે આવર્યા અનુરાગી રે	ચંચલ ચાલતે ચાલે પ્રેમરસે પાગી રે	૧૫૬
એકને સુરત નહી દેહની અંગે અંગે રે	વિહવલ ચાલે તે સોહે છે ગતિ મતિ પંગે રે	૧૫૭
શિથિલ ચરણ તે ચાલે છે ડગ ભરતાં રે	નીચી દ્રષ્ટિ તે નિહાલે બહુ રસ ચિત્ત ધરતાં રે	૧૫૮
કોઈના મુખ પર દેખિયે તેલ લામી રે	જયોત જગમગે અસાધારણ તે અભિરામી રે	૧૫૯
કોઈ એકનું અંગ તે કૃશ ઘણું કમનીયે રે	વિરહ રસ તણી જવાલ જલે રમણીયે રે	૧૬૦
તે પર પ્રિયજી પ્રસન્ન રહે પ્રેમ પુરે રે	મનોરથાંત પહોંચાડી તેહનું દુઃખ ચુરે રે	૧૬૧
અનેક ભાવ તણાં ભગવદી ચાલ્યા આવે રે	અવસ્થાના ભેદ જોઈ જોઈને થીત ભાવે રે	૧૬૨
મંદિરને હવેલી લગી એહવી સેણે રે	ભકત ભાવૈક નિરખે છે રસ ભરે નયણે રે	૧૬૩
એક એકને ઠેલતાં ચાલે રસે રેલ રે	ભાવે ભર્યા સહુ સોહે છે તે ચાલાં વેલે રે	૧૬૪
તીલ પડવા તણી ઠોર તે નવ દિસે રે	એહવી શ્રેણી સુખકારી જોઈ મન હિસે રે	૧૬૫
કોઈ ઉતાવલ કરે અતિ ઘણી જાવા ઘેર રે	કાજ અનેક પ્રકારે કરવા છે રસ ભેર રે	૧૬૬

જે રસ પ્રિયજીને રૂચીત છે તે કરવું રે ઘેર જઈને તે સહુ કાંઈ ચિત્ત માંહે ધરવુ રે ૧૬૭૧
એહ ગોઠવણી ગોઠવતાં તે ભકત ચાલે રે મનોરથ અનેક પ્રકારના ચિત્ત માંહે માહેલે રે ૧૬૮૧
એણી પેરે ભકત પધારીયા સહુ ધામ રે સ્નેહ સહિત હરખે ભર્યા કરે બહુ કામ રે ૧૬૯૧
જેહની યોગ્યતા જેણે રસે તે તે મધ્ય રૈય રે ભાવ અનેકે તે ભાવીયાં પ્રિયજીને ભરેય રે પ્રાણ ૧૭૦૧
જીવન જલઘરે બેઠા સહુ જાણે રે ભગવદી જે જે કરે છે તે ચિત્ત માંહાં વખાણે રે ૧૭૧૧
કોઈ તો કરે અતિ ફુલસુ ફુલ ઘણીય રે સામગ્રી તબકડીમાં આરોગવા તણીય રે ૧૭૨૧
જે જે વહાલાજીને રૂચે સદા નીત નેગે રે મોદ ભર્યા તે કરે છે સામગ્રી વેગ વેગે રે ૧૭૩૧
સુરણ સોંધ્યા તે ઘૃતમાં તલી રાખે રે પ્રાણજીવનજી આરોગશે તણે અભિલાખે રે ૧૭૪૧
મરકી કરે મન ભાવતી કરી નેહ રે શ્રી માહા પ્રભુએ સરાહી છે કઈવાર તેહ રે ૧૭૫૧
મેવ અનેક પ્રકારના તે સમારે રે જવલ સહિત તે સુધારી પાત્ર માંહાં ધરે રે ૧૭૬૧
ફલ ફેલરી દેશ દેશની તે મંગાવી રે રાખે છે પ્રિય ઉપયોગ અર્થ મન ભાવી રે ૧૭૭૧
તેહ સમારે સ્નેહે કરી ભાગ્યવાન રે પ્રેમ પરોસ્ય તણું વહાલે કર્યું જેહને દાન રે ૧૭૮૧
હિત વાત્સલ્ય તણી પેરતે સહુ જાણે રે રીતુ ભેદે જે જેમ જોઈએ તે વસ્તુ સહુ આણે રે ૧૭૯૧
તબકડી ઉપયોગને ફલ માત્ર રે તેહ વિશદ કરવાને મારૂ નહી ગાત્ર રે ૧૮૦૧
તથાપી કહુ વાનગી અર્થે જે જે કરીયાં રે શ્રી પ્રભુને આરોગાવી ભકતના ચિત્ત ઠરીયા રે ૧૮૧૧
બેદાના દ્રાખને ખરબુજા જે વિલાતી રે અનાર સેવને કહેવાય છે જે નાસપતિ રે ૧૮૨૧
નારંગી નામે છે નવવધુ રૂચીકારી રે જાંબુને આંબા રસિલા ઘરે છે સમારી રે ૧૮૩૧
એણી પેરે અનેક પ્રકારના ફલ માત્ર રે તબકડી માંહે પુરે છે પ્રેમરસ પાત્ર રે ૧૮૪૧
પીસ્તા ભુજી ભામીની ઘરે પ્રિય રૂચતાં રે ચોંપ સહિત ચતુરાઈસું કરે મન ગમતા રે ૧૮૫૧
મગદલ કરે કરૂણા કરી હિત ભરે રે છોલા છોલીને ઘરે છે સ્નેહ તણી પેર રે ૧૮૬૧
ચણા તણું દલ ચતુરા કરે કોઈ સમયે રે માખણ વડા મનોહર પ્રિયને ઘણું ગમેય રે ૧૮૭૧
ભામીની ભાગ્યવતિ કરે ઘરી નેહ રે ચોખાના ચુન તણી જે માખણ ચડા તેહ રે ૧૮૮૧
અતિ સકોમલ કોડામણાં યા માંહાં પાગ્યા રે કપુર કસ્તુરી માંહે મુકે છે ભકત અનુરાગ્યાં રે ૧૮૯૧
પ્રિય તણાં ભોગ સંજોગને કરી રાખે રે માખણવડા સીતા રત્ન તે રસ અભિલાખે રે ૧૯૦૧
મિઠાઈ અનેક તે ભાંતની ભકત કરેય રે વહાલા ઉપયોગ અર્થ તબકડીમાં ધરેય રે ૧૯૧૧
પેંઠા પાક જે શીતલ ઘણું સુખકારી રે ગુલાબ પાક જે ગુલાબી રસિકા ચીત્ત ધારી રે ૧૯૨૧
ગંડેરી કોમલ કમનીયતે શ્વેતસોહે રે યંદોડા અંજીર ગમતા તે જોઈ ભકત મોહે રે ૧૯૩૧
ઈલાયચી દાણા દમકી રહયા ફુલ સહિત રે તલવડીને તીલમણ પ્રિય તણે ફલ હિત રે ૧૯૪૧
ચણા જે સાકરીયા કહેવાયે છે ગોલ ગમતા રે ફુલડા સરખા તે દિસે તબકડીમાં રમતા રે ૧૯૫૧
વલી પેંડા પાક રેશમી તણો હોંસે કિધો રે સરાહી સરાહીને શ્રીજીએ કઈવાર લીધો રે ૧૯૬૧
કેલાંને બોર બદામ તે ત્યાં ધરીયા રે તબકડી સિધ્ધ કરીને ભકતના ચિત્ત ઠરીયા રે ૧૯૭૧
પ્રસિધ્ધ આરોગશે વહાલોજી જલઘર માંહાં રે સેન આરતી તવા પુરી માહા રસ ત્યાંહાં રે ૧૯૮૧
તબકડીનું સુખ કેમ કરી કહું વાણી રે વીસર્યું સંભારી જુએ છે ભકત ચિત્ત આણી રે ૧૯૯૧
લુણ સંઘાણું સોહામણાં તે માંહાં મુકે મીરચ બુકણી મનગમતી ઘરતાં નવ ચુકે રે ૧૧૦૦૧
એણી પરે તબકડી ભરી પુરી ભકતે રાખી રે ઉપર વસ્ત્ર આછાદે જલે અભિલાખી રે ૧૧૦૧૧
એહજ રીતે રસિકા કરે સહુ સિધ્ધ રે તબકડી રસ તણાં ઉપયોગને નવનીધ રે ૧૧૦૨૧

તેહ પ્રકાર વચને કરી ન કહેવાયે રે	પ્રેમવતિના પ્રેમમાં પેસીયે તો લહેવાયે રે	૧૦૩૧
હવેલી માંહાં ભકત એણી પેરે કરે કાજ રે	તાત્પર્યતા જુએ સહુકોની માહારાજ રે	૧૦૪૧
અરગજો કોઈ ઘસે રસે રસ પાન રે	સુગંધ દ્રવ્ય માંહે મેહેલાં તેહનું નહી માન રે	૧૦૫૧
જલ સહિત તે સમારીયે કરી નેહ રે	તેલ સેજયા સમે ઉપયોગ આવશે તેહ રે	૧૦૬૧
કોઈ સામગ્રી કરે બહુ પેરે અતિ રસીયા રે	ભકતને લેવરાવા અર્થે તે ચિત્ત માંહાં હુલસીયા રે	૧૦૭૧
સમ્રધ કરી કો લેવરાવા ભાવ સહિત રે	કો મલતી પાંતે લેવરાવે સુખ લહિત રે	૧૦૮૧
કોઈ નિજ ઘરમાં સેવા અર્થે કરે ભોગ રે	અનેક ભાંતની સામગ્રી તણાં જે સંજોગ રે	૧૦૯૧
કોઈ રસિક સ્પર્શી સંજોગ ભાવે રમેય રે	સમર્પે અનેક રસ સામગ્રી વહાલાજીને ગમેય રે	૧૧૦૧
રસવસ થીલે વરખે છે લલચાવી રે	તેહ સામગ્રી સુખદ પ્રિયને ઘણું ભાવી રે	૧૧૧૧
તત્પરતા પ્રેમરસ તણી ઘણી વાધે રે	વાત્સલ્ય સહિત રસિલો રસ રસભકત સાધે રે	૧૧૨૧
શ્રીમુખ પર કર ફેરીને સુખ આપે રે	ભાવે ભર્યા ભામીની શ્રી અંગે રે	૧૧૩૧
એ રસ વચન વિલાસમાં નવ આવે રે	અનુભવી અનુભવે ભુકતે છે તે રસ દાવે રે	૧૧૪૧
એણી પેરે મનોરથ મન તણાં કરી લે છે રે	ભાવ રસે તે રસિલા પ્રિયને સુખ દે છે રે	૧૧૫૧
અનેક ભાંતે કરી રીઝવે પ્રાણ પ્રિયને રે	વિલસે છે વનિતા વિસ્તારે રસ ઉમંગ છે તન ને રે	૧૧૬૧
માહા રસ રસિક રસાલો તે નાહ ભુકતે રે	ભામીનીયોનો ભાવ તે લહે રસ જુકતે રે	૧૧૭૧
હવેલી હંસી રહી તે સમે રસ જાણી રે	રસનો પ્રકાશ પ્રગટયો કહેવા નવ થાયે વાણી રે	૧૧૮૧
કોઈ અભિશરણે તણા સાંતરા કરે હરખે રે	અંગે ઉપટણા કરતાં તે આનંદ આંસુ વરખે રે	૧૧૯૧
દીનભાવ તે પ્રગટ હવો પ્રેમવતિને રે	ગદ ગદ કંઠે ઉચરે તે લહે રસ ગતિને રે	૧૨૦૧
બહુ રસ સંબંધ સ્ફુરી આવીયો તેણે સમય રે	અભિશરણ રસિક રસાલ તે રસિકાને ગમયો રે	૧૨૧૧
તેહ મનોરથ અંગ અંગે રહયા વ્યાપી રે	અનેક સુગંધના ઉપટણાં કરે છે મેલાપી રે	૧૨૨૧
વાત્સલ્ય સહિત તે સુભગાને નયંગ અંગે રે	ચાલે છે ચોંપ સહિત તે ઉવટણુ રસ રંગ રે	૧૨૩૧
વલતુ ફુલેલ સર્વાંગ તે ભરી ચોલે રે	ભાવીયાં ભાવસું મસ્તક મેહલે રસ રોલે રે	૧૨૪૧
કંઘઈ કરે કરૂણા કરી કેશ સરલે રે	વાત્સલ્ય સહિત તે બાલ કાંકસીમાં ભિતર લે રે	૧૨૫૧
પ્રિયજીને અત્યંત પ્રિય છે કેશ રસિકાના રે	અનુભવીયે અનુભવતાં કરી છે જે જેહોના રે	૧૨૬૧
એહ વાત તણાં સખી તે શ્રી માહારાજ રે	કેશ કમનીયે તે ખેલી પુર્યા રસકાજ રે	૧૨૭૧
એહ સુરત્યતે તે સુરત કરી કચ ઓહોલે રે	ભામીની ભાવે ભરી આવ્યાં અદ્‌ભુત રસ રોલે રે	૧૨૮૧
કેશ પર પ્રિય તણી ઘણી રૂચી જાણે મન માંહા રે	સોંઘે ફુલે તે ભરીયા બહુ વાત્સલ્ય કચ ત્યાંહાં રે	૧૨૯૧
વલતા નાહે નવલે રસે ત્રિયા પાગી રે	રસ તણો ઉદ ગીરવે ભરીયાં રસિક અનુરાગી રે	૧૩૦૧
સર્વાંગે ચોલે ચોંપે કરી કમનીય રે	પ્રિય તણો સંયોગ અહીં છે રસિક રમણીય રે	૧૩૧૧
વલતાં તે અંગ અંગુછે રસ ગહેરે રે	રસવસથી તન દિસે તેજ રસ લહેરે રે	૧૩૨૧
કચ કમનીય પુંછે પ્રેમસું પ્રેમા શકત રે	પરમ સૌભાગ્યવતાં તે સુભગ રસ ભકત રે	૧૩૩૧
કેશ સુકવે સુભગા રંગે અતિ મોદે રે	પ્રિયજીને પ્રિય ઘણું જાણી તે પરમ પ્રમોદે રે	૧૩૪૧
સરલા સચિકણ લહે કચ રસીયા રે	સુરત્ય સમે એ સુરત્ય પ્રિય ને મન વસીયા રે	૧૩૫૧
વલતુ ફુલેલ ભામીની ભરે કચ કોરે રે	પેંથી પ્રમુદીત થઈને કરે ચોંહો ઓરે રે	૧૩૬૧
એણી પેરે ફુલેલ ભરીયને ઓહોલ્યા કેશ રે	ઢલક ચલક લલકતા તે દિસે રસવેસ રે	૧૩૭૧
ચોટી કરે મલી જે સુજાતિ રે	બહુ રસ મુકયો છે જે આપે તે રસ લીલા ગતિ રે	૧૩૮૧

અનેક ઉત્સાહે તે આવર્યા કરે કાજ રે	બહુ રસ પ્રકાર જણે છે તે રસિક સમાજ રે	૧૩૯૧
માંગ ભરે મનોરથે કરી જેમ રીઝે રે	નાહ રંગીલો રસાલ તેણે અર્થે સીઝે રે	૧૪૦૧
અનેક પ્રકારના ભુષણ આણી ધરીયાં રે	વહાલાજીને જે જે રૂચે છે તે એ રંગે વરીયાં રે	૧૪૧૧
અભીશરણ ધુએ ચાલ કુંચીસું અતિ પ્રિતે રે	તેહ તણી જયોત વાધે છે વિચિત્ર રસ રીતે રે	૧૪૨૧
વલતા તે ભુષણ લુહીને સિધ્ધ કિધાં રે	નૌતન પડછીયા કરી રસિકા કરે દિધા રે	૧૪૩૧
તે પહેરે છે પ્રેમ ભર્યા પ્રેમાશકત રે	રસ સેવા અર્થે છે રસિયા રસિક ભકત રે	૧૪૪૧
શીષના ભુષણ પહેરીયાં પ્રેમવતિએ રે	વિચિત્ર ચોટીએ લલકે છે રસ ગતિયા રે	૧૪૫૧
હેમ તણી શામ મફતુલે રહી વસીય રે	નિતંબ પર નવલ નૃત્ય કરે હુલસીય રે	૧૪૬૧
તરસેંથીયુ તેજવંત તે ઘણું દિસે રે	નાડાછડી નો રંગ જોઈ જોઈ મનહિસે રે	૧૪૭૧
.....	.....	૧૪૮૧
ભાલ નિકટ લલકે ઘણું મુકતા ગોલ રે	ત્યલાય તણું તેજવંત કરશે રંગ રોલ રે	૧૪૯૧
કર્ણના ભુષણ સોહતાં સુખકારી રે	ઝુમકા ટેઢી રસાલ ઝલકે છે તે ભારી રે	૧૫૦૧
નકવેસરે નિર્મલ મુકતા લલકે રે	નંગ નવલ પ્રિયને સુખ દેવાને ચલકે રે	૧૫૧૧
કંઠ ભુષણ ભાવતાં ઘરે પ્રિતે રે	તીમની મષ્પણી ગલુબંધ સોહે રસ રીતે રે	૧૫૨૧
મુકતા તણી દુલરીય તે અતિ સોહતિ રે	તિલરી હાટકની લલકે તે પ્રિયનું મન મોહતિ રે	૧૫૩૧
તુલસી ગુંજામાણ મલપતી ઉર સંગે રે	ચંદ્રહાર ચમકે ચોંપ સહિત ઉમંગે રે	૧૫૪૧
સાંકલી સંગ ઘુક ઘુકીય તે હૃદયે રાજે રે	મોહનમાલ મોહામણી પ્રિય રસ કાજે રે	૧૫૫૧
ઉરપર હાર હલસી રહયો મુકતા તણોય રે	પાન પ્રકાલા છે જડીત્ર સોહે સોહામણોય રે	૧૫૬૧
પચરંગ પાટની ચોલી તે પહેરી અંગે રે	ભરીય બેઠી ભલી ભાંત તની બાંધી રંગે રે	૧૫૭૧
તુઈ તેહની તેજવંત તે વિચિત્ર રે	નિરખતાં માત્રે મોહે શ્રીવલ્લભજી છે મિત્ર રે	૧૫૮૧
હૃદય પર શ્રંગાર કરે બહુ રસવાન રે	ઉદબોધ રસ ઉફણ્યો તે કરે ભકત પાન રે	૧૫૯૧
કર કોમલ કમનીય તે પહેર્યા દિસે રે	ભુષણ વિચિત્ર વિવેકસું જોઈ મન હિસે રે	૧૬૦૧
ચોલી નિકટવ જાયે ધર્યા હેમ તણાંય રે	ઝાવા ઉભય મફતુલે ભર્યા સોહામણાંયે રે	૧૬૧૧
ચુડો ચલકે છે સોહાગસું કલઈદાર રે	જડાવ ચુડી થર પાછલીય અનો પમ સાર રે	૧૬૨૧
હેમના તે હેરાં કાંકણાં કાંડે પહેર્યા પ્રિતે રે	જાલીઆ લાંગ જરા મુકતાના પ્રોયાંછેરસ રીતેરે	૧૬૩૧
પહોંચી પરમ સોહામણી તે જગમતતી રે	રત્ન ચોક સંગ જડીત મુદ્રિકા છે લગતી રે	૧૬૪૧
તેહ અંગુલી દલે ભરી બેઠી ભલી ભાંતે રે	અંગુઠે આરસી જડાવ જોશે વહાલો ખાંતે રે	૧૬૫૧
ચરણે જેહર ને ઝાંઝર ધર્યા અતિ કોડે રે	અણવટ મુદ્રિકા મનોહર સોહે છે જોડે રે	૧૬૬૧
માહાવરનો રસ કાઢીને તે સમાર્યો રે	ચરણ ચતુરાના ગ્રહીને તે પાનીયે ધર્યો રે	૧૬૭૧
કર્યો પાટલી પર સાથીયો જે સોહોતો રે	નવ વધુ નખ રંગે છે રસ અસમાતો રે	૧૬૮૧
એણે પેરે સુજાતિ મલીયને તે કરાવે રે	શ્રંગાર સુભગાને અંગે તે વહાલોજીને ભાવે રે	૧૬૯૧
પ્રાણ પ્રિય જલધારા મધ્યે સુખ આપે રે	સુભગ સંબંધ રસ ભાવ ભકને હૃદયે સ્થાપે રે	૧૭૦૧
શ્રંગાર કરે છે જયાંહાં રસ વસે રસવાન રે	અનેક પ્રકારના ત્યાંહાં કરે છે વહાલા દાન રે	૧૭૧૧
ભાવ રસે રસ અનુભવે તે ભકત રે	ફુલેલ ચોપડી મુખ પખાલે રસિકા અનુરકત રે	૧૭૨૧
વલતુ કોમલ વસ્ત્ર લેઈ અને તે પુછે રે	મુખ મૃદુ મનોહર રસે ભર્યું રસસું અંગુછે રે	૧૭૩૧
દર્પણ લેઈ તે નિહાલે છે ભલી ભાંતે રે	નયણ માંહા અંજન આંજી અંગુછે પુંછે ખાંતે રે	૧૭૪૧

વલતી ટીકી સોહાગની શુભ રીતે રે	ભાલ ઉપર ધરે ભામીની પ્રેમસું પ્રિતે રે	।૧૭૫।
એણી પેરે શ્રંગાર કરીયને ઘણું હરખે રે	દર્પણમાં મુખ નિહાલતાં મહારસ વરખે રે	।૧૭૬।
સંક્ષેપે કરી શ્રૃંગાર એ કહયો કોડે રે	ભુકતસે ભોગ્યવર બેસશે જયારે જોડે રે	।૧૭૭।
સુખ સેજયા પોઢયા પુઠી નિરાવરણ થાસે રે	ત્યારે અવિલોકસે પ્રિય એ આભરણ રે	।૧૭૮।
કર્યો છે શ્રંગાર જે સુભગાએ શુભ રીતે રે	અનુભવસે શ્રી રસિકવર માહા રસ પ્રિતે રે	।૧૭૯।
એણે પ્રકારે અહી એ કરે છે બહુકાજ રે	રસ સેવા અર્થ જયાં લગી પોઢસે મહારાજ રે	।૧૮૦।
રસતણાં કાજમાંહાં આવર્યા રસ આનંદે રે	એહ સમે ને ફરી ફરી રસ ભકત વંદે રે	।૧૮૧।
એણે પ્રકારે હવેલી માંહાં ભકત કરેય રે	યોગ્યતાને અનુસારે વહાલાને ભરેય રે	।૧૮૨।
અધિકાર જેહનો જેણે રસે તે ત્યાંહાં મગ્ન રે	રસતણાં કાજ કરે જેહને પ્રિયસું છે લગ્ન રે	।૧૮૩।
કોઈ મહાપ્રભુ બહાર પધાર્યાનો પેંડો પેખે રે	તે સમે કયારે આવે જે પલે ઘડી લેખે રે	।૧૮૪।
દર્શન ને અકુલાયે છે જે આશકત રે	સ્વરૂપ રસે અનુરાગ્યા પાગ્યા છે જે ભકત રે	।૧૮૫।
તેહોને સતજુગ સમાન તે પલ વીતે રે	ક્ષણું ક્ષણું માંહાં ભિન્ન અવસ્થાએ નેત્ર તે મીંચે રે	।૧૮૬।
બાહયાભ્યંતર દુઃખ વ્યાપીયુ ભકત અંગે રે	સ્નેહ અગ્નિ પ્રગટી વિપ્રયોગ રસ રંગે રે	।૧૮૭।
એ અવસ્થાનું રૂપ તે કયેમ કહેવાયે રે	અનુભવી અનુભવે લહે અવસ્થા એ સુખદાયે રે	।૧૮૮।
જે અવસ્થાએ પ્રિય પાયે વેગવેગ રે	બાહેર પધારી દાન દેશે વહાલો નિત નેગ રે	।૧૮૯।
મહાપ્રભુ જલ ઘરા માંહ તે કરે વાત રે	સ્નેહ તણાં પ્રસંગ ચલાવે છે હરખ ન માત હે	।૧૯૦।
પ્રશ્ન પુછે જેકો હરખસું હંસી હંસી યરે રે	વહાલો કરૂણા કરી કહે છે નિકટ આવી ઘસીય રે	।૧૯૧।
શ્રી અંગ લાવણ્યમૃત તણું દાન ઓપે રે	પ્રશ્ન પુછયા તણો રસ હૃદયે ભકતને સ્થાપે રે રસ	।૧૯૨।
વિષયીક વાર્તા તણાં જે પ્રકાર રે	ભાવ અનંત અપારે કહે રસ સાર રે	।૧૯૩।
ગુઢભાવ ગોપનીયા તે સમુઝાવે રે	તેણે કરી સ્વરૂપ સંબંધી રસ હૃદયે આવે રે	।૧૯૪।
સ્નેહ તણું તારતમ્ય તે પ્રિય જાણે રે	વિસ્તાર કરીને કહે છે તે ભકત વખાણે રે	।૧૯૫।
પુરૂષોત્તમ પ્રાગટય તણી કરે વાત રે	ભકત ભાગ્યવાન સુણેતેહને હરખન માત રે	।૧૯૬।
નિજ પ્રાગટય નૌતન ગતે કરી કહે છે રે	ભાગ્યવંતા ભકત સોહાગ સંબંધે કરી લહે છે રે	।૧૯૭।
ચર્ચા ચલાવે ચોંપ સહિત મહારાજ રે	પ્રાગટય પ્રસિધ્ધ પ્રેમે ભર્યું ભકતને કાજ રે	।૧૯૮।
મારગ તણું તારતમ્ય કહે વિસ્તારી રે	સકલ સિધ્ધાંતનું તત્વ પ્રગટ કરે ભારી રે	।૧૯૯।
સ્વર મધુરો તે મોહામણો મન જાણે રે	એક જીભે કરી જીવ તે શું શું વખાણે રે	।૨૦૦।
લાવણ્ય શ્રી પ્રભુનું કહે કે વચન રે	અંગ અંગની મટની લહે છે ભાવપન્ન રે	।૨૦૧।
ચતુરાઈ ચતુરવર તણી કહેવા લોચે રે	સ્વરૂપના રસ માંહે પડયું મન મગ્ન થઈ સોચે રે	।૨૦૨।
જલઘરામાં જગમોહતો નાહ બેઠો રે	પ્રસંગ ચલાવે સેન આરતી સમે ઉરમાંહે પેઠો રે	।૨૦૩।
નિરાવરણ નિસંકોચ સું પ્રિય બોલે રે	ભાવ અનંત અપાર ગુંજ રસ ખોલે રે	।૨૦૪।
ભકત સુણે સાવધાની ધરીય નેહ રે	વચન વિલાસ કો કહી શકે પ્રિયનો જેહ રે	।૨૦૫।
બીજુ માંગલ્ય રજની તણું એ બિરાજે રે	રસ ભકત હવેલીમાં અટકયાં છે રસ તણે કાજે રે	।૨૦૬।
મહાપ્રભુ જલઘરામાંહે તે બેઠા સોહે રે	વહુ બેટી કો કો ત્યાંહાં આવી પ્રિયને જોઈ મોહે રે	।૨૦૭।
હવે આગલનો પ્રસંગ તે કાંઈ કહેસું રે	સોહાગ સંબંધ ભર પ્રિય તણો રસ જે જે લહેશું રે	।૨૦૮।

ઈતિ શ્રી માંગલ્ય પચ્ચાસમું સંપૂર્ણમ્

શ્રી શ્રી શ્રી શ્રી શ્રી

માંગલ્ય - ૫૧

શ્રી ।। મીત શ્રી ગોકુલેશજી જયતિ ।। હવે એ પ્રસંગ ભાગ્યવાન નિજ અનુભવી હરીભાઈજીની પુત્રી બાઈ ગોમતી એ શ્રી માહાપ્રભુજી શ્રી ગોકુલેશજી ના નિત્ય ચરિત્રનાં માંગલ્ય ।।૫૦।। પચાસ કર્યા છે તે પાછલી રાત્રીથી ઉઠીને તે સંધ્યા સમે સંધ્યા કરી સેન આરતી જોઈ કર જલઘરમાં આવી પીઢે બેઠા છે ને તબકડી જોયાનો સમે છે અહીં સુધી પ્રસંગ લખી આવ્યા છે ।। ત્યાર પછી તે બાઈ ગોમતી ને શ્રીજીના ચરણારવિંદની પ્રાપ્તિ થઈ ।। તે વાર પછી કેટલો એક કાલ વ્યતિત થયો તે વાર પ્રસંગ એટલો જ રહયો ।। તે હમણાં ઉભય ઈચ્છા થકી કો ભગવદીએ એ પ્રસંગ જોયો ત્યારે ઉભય ઈચ્છા અનુસાર તે ભગવદીને મનોરથ ઉપન્યો જે એ પ્રસંગ પુર્ણ લખાએ ।। તે એહોના દાડે શ્રીજીએ પણ એ પ્રસંગ સંપૂર્ણ કરવાની ઈચ્છા કીધી ।। તેણે હવે એ પ્રસંગમાંગલ્ય પાંચે (૫) કરી સંપૂર્ણ થાએ છે યહ માંગલ્ય પચાસને પાંચ પંચાવન થાશે ।। તેહવે માંગલ્ય પચાસ પછી એકાવનમું લખીએ છે ।। તેહોની ગાવાને અનુકરણ ।। સુખપાલના સુખદ મધ્યે કલી પંચવીસની જાત ।। તીબારી માંહાં ચોતરીયે ત્યાં ચરણ ક્ષાલણ કરીયાંજી ।। એ ચાલે ગવાશે ।।

નમન કરૂ મમ મહેદને ચરણે મનોરથ ધરી મન સારજી
દીન થકો આધિનતે થઈને વલી વલી વારંવારજી ।૧।
અનુભવ નહી મુઝ નયણે વલ્લભ વયણે અનુભવ વાતજી
નિસાધન બલહીન સદાથી મનોરથે નિપટ અજ્ઞાતજી ।૨।
મહેદ વચને શ્રવણ અનુભવનું કીધું કાંઈ રસપાનજી
હૃદયે સ્થિત કરી કાંઈ એક તે રહી અનુભવી અનુભવ દાનજી ।૩।
તે પક્ષે જે લક્ષ રસના ને તે રહે છે આઠો જામજી
તે રટઘટ થી મનોરથ નયણે નિરખવા નેન અભિરામજી ।૪।
ને વલી પોષણ ભકત અનુભવી મનોરથી જેહિત વાનજી
તેહો તણે સનમાનને દાને ઉપજે મનોરથ ગાનજી ।૫।
અનુભવ કરવા નાગર નયણે આરત રહે નીશી દીનજી
સમય વિરૂધ્ધે પ્રગટ વરસે નહી તડફુ મને જેમ મીનજી ।૬।
તે ભાવે ભાવની વૃધ્ધિ કરે અને ઉપજે અનુભવ રીતજી
વાધે વલ્લભ જોવા ઉર અંતર બહુ પ્રિતજી ।૭।
અનુભવીએ અનુભવ પોતાના બાહાજય કર્યા કરી ગાનેજી
નિત ચરિત્રે સ્વરૂપનું વર્ણન ને લીલા અનુમાનેજી ।૮।
શ્રી ગોકુલપતિ વલ્લભ વરનું ચરિત્ર વિચિત્ર પ્રકારેજી
પ્રગટ માંહાં ગોપ્ય લીલાના ગુણ નીધિની દર્શન દાન વિચારેજી ।૯।
નિજ ચરિત્ર લખ્યાં અનુભવીએ નિજ અનુભવ અનુમાનજી
પૃથક પૃથક છે ભાવને સમ જેહને જેહવું દાનજી ।૧૦।
રસના પાત્ર ગાત્રે નિજ અનુભવ એહવા જે રસ ભકતજી
પોતે અનુભવીના સંગી ઉપદેશી અનુરકતજી ।૧૧।

મહેદ અનુભવી પુત્ર રસ પ્રભુ વીનતી ને જોગજી
નાથભાઈના હરીભાઈજી ભર્યા ભાવ સંયોગેજી ।૧૨।
તેહો તણાં જનક વનક રસ રીતે ઉપયોગી ગમતી પ્રિતેજી
અનુભવ બાહયજ કરી પોતાનો લખ્યો તે છે રસ રીતેજી ।૧૩।
એક અનુભવીને ચતુર ચપલ વિલક્ષણ ભાવ પ્રકાશીજી
મનોરથી પોતે મનોરથ ઉપજાવે સંયોગી સેજ વિલાસીજી ।૧૪।
શ્રી વલ્લભ વર શ્રી મુખે સરાહે ચપલતા ચાતુરી એહોનીજી
પોતા જનક કહી મુગ્ધાને કહે ચાતુર બોહોત વે તેહોનીજી ।૧૫।
એ રસ ભકતે ભાવ અવ્યકતે ગુઢ પ્રકાશતે કીધુજી
એ રસ અનુભવથી જ્ઞાત જે તેહોને દર્શન દીધુંજી ।૧૬।
પ્રાતઃ થકી સહુ રસિક પ્રકારે શ્રી વલ્લભ સ્વરૂપ જણાવ્યુજી
પોતે અનુભવ કીધો નયણે વયણે તે પ્રગટાવ્યુજી ।૧૭।
સ્વરૂપ ચરિત્રે તરંગ ભાવના ગુઢ અનેક ઉપજાવ્યાજી
રસ રીતે પ્રિતે મન વાંછીત રસના ભાવ જણાવ્યાજી ।૧૮।
રસના વિવિધી કટાક્ષ રસિક ગતિ અનુભવી જાણે તે રૂપજી
શ્રી વલ્લભ વીર વલ્લભ એ વલ્લભ ભકત સ્વરૂપજી ।૧૯।
પ્રાતઃથી ઉઠી સંધ્યા લગી તે ચરિત્ર કર્યા જે અનેકજી
સંઘયા કરી જલઘર માંહાં બેઠા છે ત્યાંહાં લગી સહુ અવિલોકીજી ।૨૦।
પીઢે બેઠા નયણે દીઠા જેહવા તેહવુ સ્વરૂપજી
સ્થલ એકાંતે દર્શન દાન દે શ્રી વલ્લભ ગોકુલ ભુપજી ।૨૧।
અહીં લગી તે પ્રસંગ પચાસે ગોમતી પ્રિતે લખીયુજી
ગ્રંથનું નામ છે કમણ સરસ એહવું ભાગ્ય રાસજીએ ધરીઉજી ।૨૨।
એહ ચરિત્રે પ્રસંગસંધ્યા લગી લખ્યો છે ભાગ્યવાનજી
આગલ પ્રગટ પ્રભુ ઈચ્છા ભગવદીને ઉરદાનજી ।૨૩।
તે દાન પાત્રે દાનથી દાન તે લેઈને દાસને દીધુજી
તે મહેદને દાન ફલીત થઈ દાને દાનને કીધુજી ।૨૪।
અનુભવદાન કર્યું તે દાનને તેથી ઉદ્યમ સાધ્યેજી
આગલ લખવા અનુભવનો રસ મનોરથે વાધ્યાજી ।૨૫।
જલઘર માંહાં પ્રભુ પીઢે બેઠા સંધ્યા સેન તે પ્રિછીઅજી
આરતી જોઈને આવી માહા પ્રભુ રાત્ર પ્રથમ ગછીઆંજી ।૨૬।
સમય એકાંત કુલવધુ આવી સન્મુખ વલ્લભ ઉભાજી
શ્રી મુખદર્શન કરે વાત્સલ્યે સેવા લોભે લોભ્યાંજી ।૨૭।
ઝલકતે અંબોડો પીઠે નયણને ભાલ વિશાલજી
અધર આરકત નાસિકા સુભગ છે ભ્રગુટી ભાવ રસાલજી ।૨૮।
ચિત્તવની ચંચલ ચરણ સકોમલ તિલક સોહાગની રેખજી
ચિબુક કઠોર વરૂણી રસ પુરણ ગાલકપોલ વિશેખેજી ।૨૯।

હાસ્ય કટાક્ષ વચને વારતા બેઠાની જે ઠોણજી
નિરખી નયણે તે રસ અનુભવ ઉરધારી શકે કોણજી ૧૩૦૧
શ્રી કંઠ માલા હૃદય ઉરોજને ઉદર નાભી કટી જંઘજી
ધોતી ઉપરેણે બિરાજી સોહે ભુજા કર પલ્લવ સંગેજી ૧૩૧૧
જાનું પીંડુરી ચરણ કમલને પાટલી એડી સોહેજી
અંગુલીદલ નખચંદ્રની આભા કૌટીક મનમથ મોહેજી ૧૩૨૧
કો સમે કામ કો સમે કરમ બેઠા બાણ્ય સોહાણ્યે ભાવીજી
ઉભી જાંઘ જાનુ પીંડુરી તે ચરણ ભોમ પરસાવીજી ૧૩૩૧
કો સમે બેઠા પદ્મ્માસ ને કો સમે પલાંઠી વાલીજી
ભકત નિહાલે ભાવ રસાલે પ્રિત ધરીને રસાલીજી ૧૩૪૧
ભાવ ભાવતા સમ છે સહુને દાન પણ તે રીતેજી
અહીં લગી અનુભવ સુચન કીધો અનુભવ ગમતી પ્રિતેજી ૧૩૫૧
ભાવ રસાલે ચાતુરતાઈએ અનુભવ નયણે જે કીધોજી
દર્શન દાને સ્વરૂપ સુધા રસ મન મનોરથ જે પીધોજી ૧૩૬૧
ઘોલ પંચાસે લીલા વિલસે ચરિત્ર પ્રકાશ તે કીધોજી
પીઢે બેસી મીઠા વલ્લભ દીઠા મનોરથ સીધોજી ૧૩૭૧
એ આગલ હૈયે આશ ધરીને દાસ મનોરથ ધરેએજી
અનુભવીના અનુભવની છાયા લેઈયતે હૃદય માંહાં ધરેઅજી ૧૩૮૧
સંધ્યા કરીને પીઢે બેઠા તબકડીનો એ સમયજી
ભોગસામગ્રી આરોગાવશે તે ભકત સહુ મનગમયજી ૧૩૯૧
ભકત સકલ એ સમય તેઓ રે બાહેર ઉભા તેહજી
વાત્સલ્ય ભાવે રાજનીતશ્રુ સ્નેહ ભકત સમે એહજી ૧૪૦૧
બહુ બેટી છે લજયા મેટી ઉભા તબકડી કરીયજી
રૂચતી પ્રિયને પ્રેમે સિધ્ધ કરી આગલ તે ત્યાંહાં ધરીયજી ૧૪૧૧
પ્રહસિત વદને શ્રીકરે લેઈયને શ્રી મુખમાંહાં પ્રભુ મેલેજી
જેહ રૂચે તે પર કર રાખે વાર બે ચારેક તે લેજી ૧૪૨૧
ભકત ભાવ વાત્સલ્યનો વ્હાલો કરેઅ તે અંગીકારજી
મનોરથીઓના મનોરથ પુરણ હોએ છે તે વારજી ૧૪૩૧
ઉધ્યમ કરી વિનિયોગે આણે જે એહવા ભાગ્યવાનજી
નૌતન સાગ્રીનો વલ્લભને કરવાવે રસ પાનજી ૧૪૪૧
એ ભાવ વસે ફલે નહી તે એહવા ભાવી રસાલજી
પ્રભુ ઉપયોગી જે વિનિયોગી વિનિયોગ આણે તે તાલજી ૧૪૫૧
સકલ રસ સ્વાદી દાન એહલાદી સ્વાદ સરાહી સરાહીજી
રૂચે રૂચ કરીય આરોગે વલ્લભ પોતે શ્રીકરે સાહીજી ૧૪૬૧
રીતુ રીતુના મેવા સંગ લાવે જયારે જેહનો સમયજી
રૂચતુ જાણી ઉધ્યમે આણી આણ્યું વિનિયોગે ગમયજી ૧૪૭૧

આંબ અંજીરને સેવ નાસપતિ જાંબુ નારંગી કેલાજી
ખરબુજા પીલુ દ્રાક્ષ હરીએ લીલાંબુંટ સમેલાજી ૧૪૮૧
કીસમિસ પિસ્તા છોલી શેકયાં સંજયોગી બહુ પ્રિતેજી
કો સમે ખારેક પાસે રાખે રૂચી જાણી રસ રીતેજી ૧૪૯૧
મઠડી ખુહોં ફીણી જલેબી પેંઠા પાક છે સંગજી
સુરણ તલ્યુ કરકરૂ સુંદર એહવા રૂચતા પ્રસંગજી ૧૫૦૧
એહવાને બીજુ કો સમે ફીરતાં ફીરતા જોગેજી
શ્રી વલ્લભ અતિ વલ્લભતાસું તે જલઘર બેઠા આરોગેજી ૧૫૧૧
સેન આરતી ઉપરાંત સંધ્યાનો સમય વ્યતીત તે કરીયજી
આરોગી પહોંચ્યા વલ્લભ વરજી તબકડી કરિય તે પહેલીયજી ૧૫૨૧
એણી વીધે મનોરથ પુરણ કરી પહોંચ્યા વલ્લભ રાજજી
તષ્ટી ગડુઓ આંગણ આણ્યાં શ્રી હસ્ત ક્ષાલવા કાજજી ૧૫૩૧
શ્રી હસ્ત ક્ષાલી કોગલા બહુ વિધી કીધા છે તે વારજી
હસ્ત પ્રક્ષાલણ લાલથી પહોંચ્યા ભકત તણાં આધારજી ૧૫૪૧
વદન પ્રસન્ને ભકત તણાં મન વચનામૃતે વશ કરિયાજી
નયણ કટાક્ષે ભર અભિલાખે ચિત્તવનીએ ચિત્તહરીયાંજી ૧૫૫૧
શ્રીકર પુંછી શ્રીમુખ પુંછે શ્રી ગોકુલનો ભુપજી
નખશીખ નિરખે ભકત સહુ મલી વલ્લભ વલ્લભ રૂપજી ૧૫૬૧
ભકત સમીપે ગુઢ એકાંતી ઉભા છે બે ચારજી
હાસ્ય વારતા ગુઢ સિધ્ધાંતને પ્રશ્નના ઉત્તર સારજી ૧૫૭૧
ઝલકતે વદને દર્શન દાન દે ભકત નિહાલે શોભાજી
એક ચિત્તે નિરખે મનમાં હરખે એકાંતે મન લોભ્યાજી ૧૫૮૧
હવે ઉઠી પધાર્યાનો સમય સૌભાગી બેઠકે વલ્લભ રાજજી
બાહેર શ્રષ્ટી સકલને દર્શન આપવા કારણ કાજજી ૧૫૯૧
દીવટ આણી પ્રગટ કરિયને ઘરીયતે કરમાં દાસજી
આવી ઉભો શ્રીજી સનમુખ દર્શન કરે રહી પાસેજી ૧૬૦૧
ઝલકતે વદને જલ ઘર સદને મદન જગાવગ રૂપજી
ઉઠયા અલવે આનંદ ભરીયાં નખ શીખ રસિક સ્વરૂપજી ૧૬૧૧
વચન વિલાસે નયણ હુલાસે ભ્રકુટી ભાવે ફુરતીજી
શ્રી અંગ મકરંદે શ્રીમુખ ચંદે વરૂણી મનને હરતીજી ૧૬૨૧
તિલકની રેખ તે ઉભય વિષેશ છે નિરખે ભકત સમાજજી
દિપક જયોતે અતિ ઉધ્યતે પૌધારે વલ્લભ રાજજી ૧૬૩૧
ધોતી પલ્લવ લટકે નીચો ઉપરેણો સંગે સોહકજી
માલા લલકે હૃદયે ઢલકે થકરે ઉરોજ તે મોહકજી ૧૬૪૧
મુદ્રિકા ચલકે મનડાં ઢલકે ભકત તણાં તે જોઈજી
અંબોડો લલકે અધરતે થરકે નિરખે ભકત સહુ કોઈજી ૧૬૫૧

કટી તટ હાલે લટકતી ચાલે ચરણ કમલ ભોમ્ય પાસેજી
એમ પધારે જલઘરથીતે ભકત સહુમલી દરશેજી ૧૬૬૧
ઉષ્ણ પાવસે ધોતી ઉપરેણો શીતે નીમો શ્રી અંગેજી
લાલ કસંબી કો સમે નીલો કેસરી ઉત્સવ પ્રસંગેજી ૧૬૭૧
પીઢેથી જલઘરને ધ્વારે પૌધાર્યા ગોકુલભુપજી
દર્શન દીધું તે ભકતે કીધું વલ્લભદાન સ્વરૂપેજી ૧૬૮૧
સામી મુઢેરીથી ભકત કોઈ કોઈ સનમુખ રહીને દરશેજી
સીઢી માંહાં ઉભા કોઈ આવી નયણે સ્વરૂપ તે પરસેજી ૧૬૯૧
કોઈ ઉભા નિહોરીને વલી દર્શન કરે ઉછાહેજી
વારણાં લે ને જૈ જૈ બોલે અલભ્ય લાભે ઉમાહેજી ૧૭૦૧
ડગમગતા પૌધારે વ્હાલે ગલ જગમોહન ધ્વારેજી
દર્શન દીધુ જગમોહનમાં ભકત ઉભા સાહામા હારેજી ૧૭૧૧
જૈ જૈ કાર કરે સહુ કોઈ કોઈ જૈ જૈ માહારાજજી
સત જીવો બહુ જીવો કહી કહી વારણાં તે તે સમાજજી ૧૭૨૧
પરગપરગે પૃથક દરશદે જગમોહને પૌધારેજી
જમણી પાસા ભંડાર ધ્વારની ઉભા વૈષ્ણવ બાહરેજી ૧૭૩૧
નિરખે રૂપ નીજ વલ્લભ કેરૂ પ્રતિ ક્ષણું વાલે હાથજી
દીપ ઉજઆલે દરશે સહુકો ઉભા રસ ભકત સાથજી ૧૭૪૧
હાસ્ય વારતા કરતાં ભકત સુંગદ્ય વચન ગંભીરજી
લટકતાં અટકતાં નેત્ર કટાક્ષે પૌધારે ગલી ધીરજી ૧૭૫૧
ડગમગ ડગલે ધ્વારે આવ્યા ત્યાં પણ વૈષ્ણવ સાથજી
દેહરી ઉલંઘી બાહેર આવે પૌધારી નિજ નાથજી ૧૭૬૧
સીઢી લહાવની આગલ માંહાં પ્રભુ પૌધારે ત્યાંહાંજી
ચહુ દીશ ઉભાં ત્યાં પણ નિરખે ભકત તે પ્રેમ પ્રભાવીજી ૧૭૭૧
કવીત ભણે કોઈ છંદ શ્લોકને કોઈ કોઈ પદ ગાએજી
આર્શીવાદ ભણે બ્રાહ્મણ ત્યાં મનોરથ પુરણ થાએજી ૧૭૮૧
દીપ ઉજઆલે લટકતી ચાલે નિજ ગ્રહ ધારે આવ્યાજી
સીઢી લદાવે ઉભા જે જન તે સહુને મન ભાવ્યાજી ૧૭૯૧
જૈ જૈ કાર થયો બહુ શબ્દ ગલી અને સીઢી પાસજી
પુરણ કીધી ત્યાંજે ઉભા તેણે તણી મન આશજી ૧૮૦૧
ડયૌઢી ભિતર આવ્યા વલ્લભ ચરણે ઉલંઘી દેહરીજી
મુખ મુસકાતે કુચ થરકાતે લટકની સું કટી કેહરીજી ૧૮૧૧
ટોંક તરકમાં હાસ્ય પ્રસંગે મૃદુલ ઉચ્ચારેજી
જે રસ વેછે તે તન ભેદે ઉર અંતરે તે ધારેજી ૧૮૨૧
રચે ઉપાય તે તે આશે લેઈ આવી હવેલીએ ધામજી
સ્વકીય સુજાતિને સમંત આપ્યો કરવા ઈચ્છીત કામજી ૧૮૩૧

વીષ્નુ જનકને નામે નામ તે આંહાં મનગમતુ ઘરીયુંજી
તે રત્ન ભુષણ હિત વલ્લભજી શ્રી અંગને સિધ્ધ કરીયુંજી ૧૮૪૧
સેજ સમીપે રસ ઉદીપે તે ભુષણ પ્રિય મન ગમતુંજી
વલ્લભને અતિ વલ્લભ દુર્લભ રતિ રસે રમતુંજી ૧૮૫૧
તે સિધ્ધ થાવે ધામે પલાએ સ્વકીય છે ગોરી સંગજી
વીકલનામે ભાવનું ધામ એ નિસાધની અંત રંગજી ૧૮૬૧
રાખે જત્ને એ રત્ન અમોલક વલ્લભ પ્રિયનું પ્રિયજી
અચલ સોહાગી અતિ અનુરાગી વલ્લભ રસપાનનું અમીયજી ૧૮૭૧
આગલ કહેસું એહ પ્રસંગ જે સિધ્ધ થઈ મંદિર આવેજી
હમણાં દર્શન પૌધારવાનું વલ્લભવરનું ભાવેજી ૧૮૮૧
ડયોઢી મધ્યે પધાર્યા વ્હાલો ભિતર સીઢી જે ઉભાજી
જૈ જૈ કાર ઉચારે કરિયને નિરખે શ્રીમુખ શોભાજી ૧૮૯૧
ચતુરા ચોકે થોકે થોકે રોકે આપાપણી ઠોરજી
વલ્લભ નિરખી હરખવા આતુર ઉભા છે ચહુ ઓરજી ૧૯૦૧
છજે અટાલી મુંડેરી સીઢી ચોખંડી જલઘર ધ્વારજી
રાજ તીબારી સીઢી ચોકની કરેઅ તે જૈ જૈકારજી ૧૯૧૧
પંગતે બેહુ દીશ મધ્યે વાલો પૌધારે રસરૂપજી
વચન માધુરી મુખે મલકતા નપણ ચપલ સ્વરૂપજી ૧૯૨૧
ચોકમાં ચરણ તે આરત હરણે ધરીયાં અટકતી ચાલેજી
ચિત્તંવની ફેરતા મન સહુ ઘેરતા પૌધારે ભકત વચાલેજી ૧૯૩૧
જે જેયમ આવ્યા તે તેમ ઉભા ભકત સમુહના ટોલજી
શ્રી વલ્લભ નિરખી હરખ્યા સહુકો બોલે જૈ જૈ બોલજી ૧૯૪૧
મોહન માધવમુકુંદ મનોહર માહવ માલજી
મેઘજી મંડન માંડણ મદક કર મનજી મુલા મુરર મુરલી માન સંઘજી ૧૯૫૧
ગોકુલ ગીરધર ગોવીંદ ગોવર્ધન ગાંગજી ગણજી ગોપાલજી
ગોપી ગદાવાજન ગુણસાગર ગોરા ગંગા ગોવાલજી ૧૯૬૧
ત્રીકમ તુલસી તારાચંદને તુલીતીપુર છે તીલોકજી
તાપી તારણ તરંગીયા તંદુલ તીરથતપાએ થોકજી ૧૯૭૧
કેશવ કૃષ્ણ કીશોર કબલ નેને કાહન કુંઅર કાર પાલજી
કાસી કલ્યાણને કરમસ કંચન કનક કરમચંદ ઢાલજી ૧૯૮૧
વેણી વિકલવૃજ વનમાલી બંસી વૃંદાવન વીરોજી
વાસુદેવ વીશ્રામ વૈકુંઠ વીષ્નુજી વલ્લભધીરોજી ૧૯૯૧
સુંદર શ્યામ સોરમને શીવજી સાંબલ સુખદેવ સુરજી
સગુણ સંઘજી સધાર સોમજી સારંગ સીરંગ ભુરજી ૧૧૦૦૧
નારણ નાકર નાગર નરોત્તમ નગજી નરસંઘ નાથુજી
નયનસુખ નરહરને છે નીર્મલ નાનજી નાદર સાથુજી ૧૧૦૧૧

ચર્તુભુજ ચાતુર ચંતામણી ચાંગજી ચરણદાસ ચેતનજી
ખરગ સંખીરોભાઈ ખીમજી ખેમી ખેમીને ખેતનજી ।૧૦૨।
ઉધ્ધવ આણંદભાઈ અચલજી ઉગ્રસેન અતિ રાયજી
આશકરણ અરજનને ઉત્તમ્ અચ્યુત ઉદેરામ સમુદાએજી ।૧૦૩।
બાલકૃષ્ણ બલરામાને બબુયા બુચાને વીરભાણજી
બુલાદા ખીસ વણારસીને બદરી વેરીસાલ સુજાણજી ।૧૦૪।
હરીયદાસ હીરાહરજીભાઈ હંસરાજ હરીરામજી
હરચંદ હીરામણને હદ્દુઓ હરખો હરીવંશ હરપાલ નામજી ।૧૦૫।
રામોખજી રામકીશનને રતનજી રૂપજી રાસોજી
રાજારામ રઘુનાથ રંગીલા રામ રાએનીવાસોજી ।૧૦૬।
પરસરામ પુરૂષોત્તમદાસ મેઘજી પરમાનંદ પ્રતાપજી
પ્રિતમદાસ પુરૂષોત્તમદાસ પ્રાગજી પ્રધ્યુમન પધ્મનાભ મીલાપજી ।૧૦૭।
દામોદરદાસ દેવકીનંદન દીનકટ ધ્વારકા જેહજી
દયાલ દુર્ગદાસ દલપતી દીનાદીપચંદ વલી તેહજી ।૧૦૮।
લાખમીલ હુજી લાલા લાલચંદ લાલજી લખમણ લોકાજી
લલુઆ લલ લીલાદાસ લાલુ લધુર દીરઘ થોક થોકાજી ।૧૦૯।
જીવરાજ જનાર્જન જૈરામ જગજીવન જસરાજજી
જૈદેવ જગસી જાદવજીયને જગુ જેવંત જમુના સમાજજી ।૧૧૦।
જગનાથ જગસી જોગા જેતરામ જગદેવજી
જે સંઘ જગમની જગત્તાજદુ જોષા જટમલ એવજી ।૧૧૧।
ભગવાનદાસ ભોજાને ભાણજી ભવનને ભુપતી ભોગીજી
ભીમજીભાઈ ભગીરથ ભગતન ભરથ ભલો સંજોગીજી ।૧૧૨।
ઘનશ્યામદાસ ઘાસીરામ ઘારમ ઘનકર ઘાટ મજનુઆજી
ચતુરબીહારી ચંદરસેનનને ચંચલ સમી છે ચીનુઆજી ।૧૧૩।
છબીલાદાસ છાજાભાઈ છીતર છગન છતા છનુઆજી
ડીલાઉ બાટોટર ઠુકરા ડાલચંદ થારૂ થીરૂઆજી ।૧૧૪।
ધનજી ધરમા ધોરી ધીરોભાઈ ધારીમલને ધનુયોજી
ફાગુ ફલુ પોહોકર પુંજ ચોથ ચીમનને થનુઓજી ।૧૧૫।
એણીપેર ભકત સમાજ અનેક છે નામે નામે બહુઅજી
કપા ંલગી કહે સમાજ અનેક છે નામ નામે તે સહુઅજી ।૧૧૬।
પુરૂષાંગેની નામ સમસ્યા એહ કહીને જણાવ્યુંજી
દર્શન કરે છે ઉભા આંગણ વલ્લભનું મન ભાવ્યુંજી ।૧૧૭।
સ્ત્રીજન તણો સમાજ અપરમિત ઉભો ગ્રહ ગ્રહી ઠોરજી
કોઈ સંયોગી કોઈ અયોગી દર્શન કરે ચહુ ઓરજી ।૧૧૮।
નામ સંખ્યા વીશદ કરૂ કાંઈ રસ ભકતનાં જે ટોલજી
આનંદ ભરીયાં વલ્લભ નિરખી નપણ મન કરે કલ્લોલજી ।૧૧૯।

ગાંગા ગંગા ગમતા ગોરી ગોકુલી ગોપીને ગોમતીજી
ગોવીંદદાસી ગોધનીબાઈ ગુજરી ગોમા શુભમતીજી ૧૧૨૦૧
ગ્રીવા સુંદરી સહેજા શ્યામા સંવીરા સીતા સેતીજી
સંતુ સખમા સરીયાદે સપુરદે સાકર સખર તેતેજી ૧૧૨૧૧
વેંજી વીરબાઈ વાછરડીને વીસ્ની વરબાઈ કાંજી
વ્રજબાઈ વજી રદે બેંલ વેજતી નીકાજી ૧૧૨૨૧
રાજબાઈ રમાદે રામા રૂપાંબાઈ રંગ બાઈજી
રાજકુંઅર રતનને રાધા રૂકો રહીયાં રાઈજી ૧૧૨૩૧
રાજલ રાજા રૂકમા રેખા રામકી રેવતી જુથેજી
જશોદાજી વીજેવંતીને જાનકી જમુના ગુંથેજી ૧૧૨૪૧
ફુલાં ફમાત ફીરદીબાઈ પાર્વતી પ્રભાવતી આજાજી
પુંજી પુનલી પ્રેમબાઈ પતીપારો પોહોકરી વજાજી ૧૧૨૫૧
નારંગ દે નવી ન્યાઈ નાગરી નાહાં નાગાં નાથીજી
નરો નેરણી નેનૌ નીરહી નથીઆ પુરાં સાથીજી ૧૧૨૬૧
કમલા કુંઅર કીશોરી કોડને કલ્યાણી કરમેતી કુંભાજી
કૃષ્ણદાસી કુંતાને કહાના કેસર કુંકા ઉભાજી ૧૧૨૭૧
કુસલીકૃષ્ના કન કા દે ને કુંજો કાંદેડી પાંતજી
કેસી કુંઠો કાદંબરી કછા કમલીબાઈ એક ભાંતજી ૧૧૨૮૧
મેઘલ મરઘાં માના મોંઘી માદકરી મીઠી મોહનીજી
મનીયા મોટી મથુરી માની પ્રાણ કમલુકો મુલી સોહનીજી ૧૧૨૯૧
ઘનબાઈ ઘોલી ભગતાદે ભાગો ભાગીરથી ભોજીજી
ભરથભાઈ ભાગવંત ભીમરથી ભાભુ ભાઠયની સોજીજી ૧૧૩૦૧
ભાનાં ભામમતી ને ભુરી ભચો ભાણેજી બાઈ ભાણીજી
ચારમતી ચંદ્રાવલી ચાંપા ચોથી ચોખી ચંગો ઝીણીજી ૧૧૩૧૧
ચંદની ચીત્રમતી ચતુરાને છમકી છબીલી છાજીજી
છોટી છંગા છતાને છબી છનીયાં છીતરી ગાજીજી ૧૧૩૨૧
ઢાંકણી ઢોડી તુલસી તેજને તણખલી બાઈ સરખાજી
દાદી દેવકી દામોદર દાસી દાસી દુર્ગાવતી નીરખાજી ૧૧૩૩૧
બલાખી વધુબાઈ બચા બેહેનીબાઈ બાબાજી
ઝબાબાઈ દીવડી હીરાદે હરખાં હાંસા જીબાજી ૧૧૩૪૧
હીરબાઈ હેરદાસી લખમીને લલીતા લીલાંને લાલ બાઈજી
લછા વછા હીરાગોરને અનભા અમરા સમુદાયીજી ૧૧૩૫૧
એણીપેરે શ્રૃષ્ટિને દ્રષ્ટે આણી કપાં લગી કરી વિસ્તારજી
નામ નામેએ અગણીત ભકત ભગવદી ઉભાં અપારજી ૧૧૩૬૧
એણી પેરે એ સમાજ એ મંદિરે વૈશ્નવ કેરો દરશેજી
નપણને મન એકત્ર કરીને શ્રી અંગ સંગે પરસેજી ૧૧૩૭૧

એ રીતે ભીડ અનેક વિવેકી સ્ત્રી પુરૂષ તણી ઘણીયજી
એક એક નામે એ અગણીત ભકતની મંદિર ગહગહી ભરીયજી ।૧૩૮।
એ નામ નામે અસંખ્ય છે બીજાં શ્રૃષ્ટી દ્રષ્ટિ પ્રિય ભણીયજી
ભાવ સમાન દર્શન આપે શ્રી ગોકુલના ધણીયજી ।૧૩૯।
ડયોઢીથી પૌધાર્યા ચોકે લટકતાં શ્રી મહારાજજી
શ્રીમુખ નિરખે ચહુદીશ ઉભાં થોકે થોક સમાજજી ।૧૪૦।
રાય રંક સમાન સહુકો આગલ પાછલ ઉભાંજી
જે જેમ આવ્યું તે તેમ સહુકો નિરખેશ્રી અંગ શોભાજી ।૧૪૧।
રાજ તીબારી મધ્ય તે ધ્વારે ઉભા ગોકુલ ભુપજી
ગાદી તકિયે બિરાજયા વ્હાલો પરમાનંદ સ્વરૂપજી ।૧૪૨।
વર્ષા સમે અને શીત તણે દાન બેઠકે ભાંતી રસીલજી
બેસે ચોક માંહાં ઉષ્ણ તણી રીતુ ગોકુલપતિ રીતુ સુખાલીજી ।૧૪૩।
કો બેઠાં કો ઉભાં નિરખે વલ્લ વદન રસાલજી
દિપક જયોતે ઉધ્યોતો સહુકો પંગત નપણ વીશાલજી ।૧૪૪।
કરી જલપાનને બીડુ આરોગ્યા ચુનો સંગ બરાસજી
શ્રી મુખથી મકરંદ ફેલ્યો તે છેલ્યો ચારે પાસજી ।૧૪૫।
ધોતી ઉપરેણા ભાલ તિલકને અધર અરૂણ મૃદુ હાસજી
નપણ વિલાસે નાસા અદ્‌ભુત કર્ણ કપોલ ભય ભાસ્યજી ।૧૪૬।
શીષ કેશ અંબોડો પીઠે કર પદ ઉદર ઉરોજજી
શ્રી મુખ ચીબુકને ગ્રીવા ફંદે કટી જંઘ નિતંબ રતિ ચોજજી ।૧૪૭।
પીઠ કંઠ ઘુંટણ પીડુંરીય પદ અંગુલી નખમણી ચંદ્રજી
ઘુંટી તલુઆ રેખા વિશેખ તે કૌટીક રસના સમુદ્રજી ।૧૪૮।
એણી પેરે વલ્લભ દર્શન ઓપે સ્થાયે હ્રદય સ્વરૂપજી
પ્રભુ ભાવ સમાને પૃથક પૃથકને ભકતનાં મંગલ રૂપજી ।૧૪૯।
એ દર્શનને લોચે નાગર તે મહેદ કૃપાથી થાશેજી
એ દ્રઢ આશ્રય (આસ્થા) રહે ઉરઅંતર ને એહ નિરંતર આશેજી ।૧૫૦।
યમુના સુવન જે વલ્લભદાસ છે હીરજીભાઈ દોહીત્રજી
તહો મનોરથે અનુભવી આશે એ ગ્રંથ ગ્રંથીત થયો એકત્રજી ।૧૫૧।
આગલ આસ્યા અનુભવનો રસ કહેશું ચરિત્ર તેહજી
મહેદ અનુભવીને દાનેથી કહેવાસે કાંઈ જેહજી ।૧૫૨।
અનુભવ મનોરથ પુરણ કરશે અનુભવી સકલ સમાજજી
દર્શન પામીસ વલ્લભ વરનું મારે એહજ કાજજી

ઈતિશ્રી માંગલ્યએકાવનમું
સંપૂર્ણ
શ્રી શ્રી શ્રી શ્રી શ્રી

માંગલ્ય – ૫૨

શ્રી ગોકુલેશો જયતિ ।। હવે એ માંગલ્ય બાવનમું લખીએ છે ।। એ ગાવાને
અનુકરણ જે સુખપાલના પ્રસંગના બીજા સુખદની છે ।। જે અંકુરભાવ પ્રગટહવા ।।
સુખ પાલે બેસે નાથજી એ ચાલે ગવાસે.

મહેદ ચરણે હું નમન કરીને વિનવું વારંવારજી
મનોરથ પુરણ કીજે માહારાજ છે પરમ ઉદારજી ।૧।
અનુભવ વલ્લભ ચરિત્રનો મન મને કીજે પ્રવેશજી
પુરણ કરીએ અભિલાખને વિનતી એહ ઉદેશજી ।૨।
મનગમતા અનુભવીય ભકત તે અનુભવ કીધો પ્રકાશજી
ધોલ પચાસ કહયાં રસ રૂપ તે ફરી અનુભવ મન આશજી ।૩।
પ્રાતઃથી ઉઠી સંધ્યા વંદન સંધ્યા સમયનું તેહજી
જલઘરમાં પીઢે બેઠા છે ત્યાં લગી અનુભવ્યુ જેહજી ।૪।
એ અનુભવની સુરતે દાનતે કીધું પરમ ઉદારજી
શ્રી ચરણે જઈ શ્રીમુખ જોયુ ગમતી પ્રિતે ત્યારેજી ।૫।
તે પ્રસંગ રહયો તે તેટલે આગલ થયો પુન પ્રકાશજી
પુરણ થાવા પ્રભુ ઈચ્છા થઈ ભગવદી હૃદય નિવાસજી ।૬।
યમુના સુવન જે વલ્લભદાસ છે મહેદ અંકીતે પ્રિયજી
તેહોને મનોરથે તેહોએ આશા આપી મુજને તેથીઅજી ।૭।
તે આજ્ઞા મે શીષ ચઢાવી મહેદ પ્રાર્થના કીધીજી
તેહોએ દાન કર્યું અનુભવનું યોગ્યતા મુઝને દીધીજી ।૮।
તેથી હામ કરીને લખીયું એકાવનમું ધોલજી
અનુભવીના અનુભવની છાહયા લેઈને રંગ રોલજી ।૯।
માહા પ્રભુ જલઘરથી પૌધારી બેઠક મધ્ય પાઓધાર્યાજી
દીપ અજુઆલે ભકત નીઉસું ભકતના ભાગ્ય વિસ્તાર્યાજી ।૧૦।
ગાદી તકિયે બિરાજયા વલ્લભ ભકતને દર્શન દાનજી
ભકત નિહાલે નયણ ભરી અને કરે સ્વરૂપ રસ પાનજી ।૧૧।
કૌતુક હાસ્યે કટાક્ષે વારતા તર્ક ટોક જુત ગધ્યજી
મધ્ય મધ્ય કરી જલ પાન આરોગે બીડુ મુખે સદ્યજી ।૧૨।
ઉષ્ણકાલ ગરમીને પ્રભાવે આંગણ માંહે રાજેજી
પાવસ દુરતે શીત સમે તે રાજ તીબારીમાં છાજેજી ।૧૩।
ધોતી ઉપરેણો બિરાજે વલ્લભ ગ્રીસ્મ પાવન દીનજી
દુરતે ધુતઈ કો સમે પહેરે કો સમે ખોલ મહીનજી ।૧૪।
ઉષ્ન રૂતે પ્રભુ બેઠા ચોક માંહાં ગાદી તકિયો ધરીયોજી
ઉજવલ શ્વેત ગલેફ બિછાણાં શશી અતિ આનંદ ભરીયોજી ।૧૫।

નીશી અજુઆલી અતિ રસાલી સેવા હિત છી તકી અજી
વાત્સલ્ય હિત ચિત્ત મનોરથ ઘરીયને મંદ રહયો અટકીજી ।૧૬।
શ્રી વલ્લભવર અગણીત આનંદભર બેઠા વદન પ્રકાશેજી
હાસ્ય કીરણ અજુઆલી ચહુપાસા પ્રગટે મંજુ હાસેજી ।૧૭।
વદનારવિંદ મકરંદે ભરીયાં ઉભાં યુવતિજન જુથેજી
..... ।૧૮।
કે ચહુપાસા ચંદ્રવદની ની સંગતે પંગત ચંદ્રની સોહોતેજી
નિરખે વલ્લભવદન કમલને પ્રફુલીત મનગણ મોહોતેજી ।૧૯।
રવરી સર્વાંગે રસ પુર ઉભરી નયણે રસ આવ્યોજી
નિજ વલ્લભને તેહ સમર્યો જે રમણ મનોરથે લાવ્યોજી ।૨૦।
ખંજન વનર્તે નૃત્ય કરીને રીઝવ્યા વલ્લભ નેણેજી
પ્રફુલીત અરવીંદ રૂપે થઈને અરપે ભ્રકુટી વેણેજી ।૨૧।
ચપલ થઈ ગતિ મીન પ્રવિણસું આતુર ચાતુર દાખેજી
વલ્લભ નયણને નયણ જે કામીની કામ પ્રથા સહુ ભાખેજી ।૨૨।
શ્રીમુખ સનમુખ ઉભા વેધી નીરખે સ્વરૂપ રસાલજી
વેધીયાં નખ શીખ છે અંગ અંગે રોમ રોમ રસ બાલજી ।૨૩।
પુરણ ચંદ્રને જોઈ જેમ થાએ ઉછલીત મીન મહેરાણજી
સયાંગમાં સુખ જાણ્યુ નહી કાંઈ લોચે તે સુખને પ્રાણજી ।૨૪।
જુવાન વોઢા પ્રોઢા પ્રેમદા મનોરથે તનમન રાખેજી
આરતે અંતર પ્રિતે સ્વતંતર વલ્લભરસ અભિલાખેજી ।૨૫।
અંગ અંગ આતુર ચતુર સમાજનાં નિજનિજ ચરિત્ર દેખાડેજી
વલ્લભ નયણસું નયણતે મેલવી વલ્લભ નયણને રમાડેજી ।૨૬।
નયણ રસે કોઈ ભ્રઅ કટાક્ષે અધર ફરકની સંગેજી
ત્રીવલીભાલ વિશાલે કોઈ એક ત્રીકુટી તરંગેજી ।૨૭।
ભાવ સમાને ચાવ સહુકોઈ પ્રગટ કરે નિજ અંગજી
મુસકની અધર કો ભ્રકુટી નયણે ઉપજનવે સનમુખ રંગજી ।૨૮।
કો કર કરણે સ્પર્શી વલી ગ્રીવે કરે નાતકારજી
કો નયણને નયણ મેલવી ગ્રીવે કરે સતકારજી ।૨૯।
કો ઉર અંચલ ઉઘાડીને દાબે ઉરોજજી
હૃદય ઉદર દરશાવે છે કંઠ નાભી મનોરથ યોજજી ।૩૦।
કોઈ પરસ્પર વાત કરીઅને તાલી દે ભાવેજી
કો દરશાવે કર અંગુલીસું પ્રિયને કામ પ્રભાવેજી ।૩૧।
કોઈ કર કંકણ કર્ણના ભુષણ ચરણ તણો કોઈ કોડેજી
શીષ તણી લટ લટકતી મુકી અંક ભરે સખી જોડેજી ।૩૨।
કો કર જોડીને મનાધીન થાં કોઈ આલીંગન ભાવેજી
કોઈ કર નેત્ર શીશ હદ રાખે કોઈ જન્મપ્રાણ વધાવેજી ।૩૩।

એહવા અનેક પ્રકારે પ્રેમદા ચાવત રંગ દેખાડેજી
વેધ્યા વલ્લભને રસ વસ થૈ રમે તે કામ અખાડેજી ।૩૪।
ફુલ્યા ફુલ આપાપણણી ડાલે ઈચ્છે ભ્રમરને જેમજી
ભોગીસંયોગી શ્રી વલ્લભને સહુ વાંછે પ્રેમદા ત્યેમજી ।૩૫।
પાવસ રીતુ જેમ મેઘને ઈચ્છે વસંત કંથ જેમ નારીજી
શરદ મનોરથ શીતનો આગન હેમંત રીતુ પ્રકારજી ।૩૬।
ગ્રીષ્મ શીતલતાઈને ઈચ્છે શશીર ઉષ્મ મન લોચેજી
ત્યેમ એ પ્રેમદા વલ્લભનો રસ વિવશ થઈ અને સોચેજી ।૩૭।
માહા પ્રભુ બેઠા આંગણ માંહાં ચહુદીશ ભકત સમાજજી
હાસ્યા વારતા પ્રસન્ન થૈ કરે મોહક વલ્લભરાજજી ।૩૮।
અંગીકાર મનોરથ સહુનો કરે અને એક કાલજી
મનોરથને સમ સહુને વ્હાલો આપે દરશ રસાલજી ।૩૯।
અયોગ તણાં રસ વલ્લભને પ્રિય હાવભાવનો ભાવેજી
રસિક કટાક્ષે મનોરથ જે રસ તે યુવતિ પ્રગટાવેજી ।૪૦।
પ્રગટલીલામાં ગોપ્ય જે હોએ છે તેહ અયોગ પ્રકારજી
એકનું એક લહે નહી એહવો વલ્લભ લીલા વિચારજી ।૪૧।
વાત કરે છે પર સાર દરશને હાવ પ્રભુને જણાવેજી
પોતાના મનની જે આરત તે સમ પ્રભુ પ્રગટાવેજી ।૪૨।
ભેટ કરે યુવતિજન એ રસ સાંપ્રત સનમુખ ઉભાજી
જે વેધી રસ વલ્લભ વરના તે એ રસને લોભ્યાંજી ।૪૩।
પ્રથુક પ્રથુક રસ અદ્‌ભુત પ્રગટે અયોગ દરશને જેહજી
તે વિનિયોગ શ્રી વલ્લભને સહુ થાયે સમય તે એહજી ।૪૪।
વલ્લભજી પણ વારતાને રસે હંસી હંસી રસ ઉપજાવેજી
દાન કરે રસપાનનાં લોભ્યાં યુવતિ ઉર પ્રગટાવેજી ।૪૫।
જે રસ પાત્ર છે તે તણે ગાત્રે રસના તરંગનું દાનજી
ઉભય મનોરથ પુરણને હિત એહ અયોગ રસપાનજી ।૪૬।
વિપ્રયોગની આરતે દર્શન વલ્લભવરનું અયોગજી
અયોગની અતુરતા અભિલાખે સર્વથા હોયે સંયોગજી ।૪૭।
નેત્ર કટાક્ષ તણાં રસનું હોએ અયોગ માંહાં રસ પાનજી
આરતે આતુરતા અભિલાખતે ઉત્કંઠાજે નિદાનજી ।૪૮।
ઉભય દીશે મન મનોરથનો રસ પ્રગટ નેત્ર માંહાં આવીજી
રમણતણી ચેષ્ટા પ્રગટે સહુ તેથી સહેજ સુભાવીજી ।૪૯।
વિવિધી ભાવના ભકત તે લોભ્યાં દર્શન કરે એક ચિત્તેજી
ભાવ સમાને દર્શન આપે ભિન્ન ભિન્ન રૂપે અવ્યકતેજી ।૫૦।
જે રાજસ તામસ સાત્વિકને વલી પુષ્ટ પ્રવાહ મર્યાદીજી
જે ભાવે જે દરશે છે તેહને તેહનો અહલાદીજી ।૫૧।

વચ્ચે વચ્ચે કરી જલ પાન આરોગે બીડુ વદન વિલાસેજી
ચુનો સંગ બારસ સું વલ્લભ ચહુ દીશ ફેલ્યો સુવાસજી ।૫૨।
કો સમે રાગ અનુરાગે પ્રગટ હોએ શ્યામ કલ્યાણ હમીદજી
ઈમન ભુપાલીને કાનડો શ્રીરાગ નરસંગ મીદજી ।૫૩।
ગાએ બલીરામને મુરલી ગોપી કો સમે વૃંદાવન દાસજી
કો સમે કો આવી બેઠે દરશને તે સમે એ પણ પાસજી ।૫૪।
કો સમે ચર્ચા શ્લોક સિધ્ધાંતની કો સમે હાસ્ય પ્રસંગજી
કૌતક ગોઠડી મિઠડીના કરે ગોકુલાધીશ નવરંગજી ।૫૫।
સકલ સિધ્ધાંતનું સાર છે તે માંહાં સુણી મન રીઝે ભકતજી
શાસ્ત્ર પ્રમાણનું તે તુલ્ય ન આવે જે મન સ્વરૂપાશકતજી ।૫૬।
કો સમે ભગવાનદાસ ભીતરીયાસું હાંસી કૌતિક હોએજી
કો સમે ભાષા ગુજજરા દેશની કો સમે મેઘની સોએજી ।૫૭।
પંખા થાએ ગુલાબ તણું જલ શીતલતાના પ્રકાશજી
નીશી ઉજીઆલી ચોકમં દર્શન આપે પ્રાણ આધારજી ।૫૮।
હાસ્ય રસે વસ વારતા વ્હાલો કરે તે અનુકરણ સાથેજી
તદરૂપ કરી દેખાડે પોતે મુખ રસના વલી હાથેજી ।૫૯।
ભકત સુણી સહુ હાસ્યા પ્રસંગ એ હંસી હંસી અવની લોટેજી
કો નિજે પેટે હાથ ધરીને આરકત થાએ હાસ્ય ઓટેજી ।૬૦।
એણી પેરે ઉષ્ણ રૂતે પ્રાણ વલ્લભ આંગણ માંહાં સુખ આપેજી
ભાવ સમાને દર્શન દાન છે સ્વરૂપ હૃદયમાં સ્થાપેજી ।૬૧।
એહ પ્રકાર ઉષ્ન રૂતુનો કહયો હવે કહુ પાસ શીતજી
બેઠા બેઠક રાજતિબારી ગાદી તકિએ જુત પ્રિતજી ।૬૨।
પાવસ રીતુમાં ઉષ્મા હોય ત્યારે આંગણ માંહાં બેસેજી
વરસાદ તણી ત્યાં વાતો ચાલે ભકત હૃદય તે પેસેજી ।૬૩।
ભગવાનદાસ કરે ત્યાં હાંસી મેઘ તણી ઘણી રીતેજી
વરસાદ તો હમણાં નથી વરસવો કો દીન એહવી પ્રિતીજી ।૬૪।
શ્રી મુખે હંસીયને ઉચરે વ્હાલો હમણાં વરસે સું હારોજી
વરસે નહી તો રાજ શું આપે પ્રથમ તો એહ વિચારેજી ।૬૫।
તમુ કહા દેઓગે સો કયોં ન બોલો અપની હારકી વાતજી
સીહારો કરૂ નિરધાર હે વાત એ વચન કહે મુસકાતજી ।૬૬।
વાત તણાં પ્રતિ ઉત્તર માંહો આવ્યે વરસાદ બહુ ધારેજી
માહાપ્રભુ ઉઠયાને દુલીચો ઉઠાવવો તેહ સમે પડયો ભારેજી ।૬૭।
ભગવાનદાસ તો હોડ એ હાર્યા માહા પ્રભુ માંગે હોડેજી
રાજ સીહારાને શું કરશોજી એમ કરે આડ મોડજી ।૬૮।
સીહારા વૈષ્નવકું હમ દેંગે તુમ કહા ચાહો દેહોજી
પછે તે હોડ તણો સીહારો (શીરો) કર્યો લીધો વૈષ્નવે તેહોજી ।૬૯।

એણી પેરે હોય પાવસ રીતુ માંહાં વલ્લભ ભકત સું હાસ્યજી
મેઘ તણાં જે પ્રસંગ તે ચાલે કો પંડીત આપે પ્રકાશજી ૧૭૦૧
કો સમે માહા પ્રભુ શ્રીમુખથી કરે વૈષ્ણવ બેઠા સાથજી
કો સમે જોતષીને સુગનીસું ચર્ચા કરે નિજ નાથજી ૧૭૧૧
કો સમે મેઘ તણાયો જોઈને કહે અધિકારી વાતજી
કહો રાજ ગૌ નું હવે શું કરવું મેહ ગયાની વિખ્યાતજી ૧૭૨૧
મોકલીએ જયાંહાં તૃણ સૌકર્યહોએ ચરવાને તે કાજજી
તેહ સુણીકો ક્ષણું રહી વિચારી બોલ ઈચ્છા સમ રાજજી ૧૭૩૧
શ્રાવણ વદી અષ્ટમીએ ભાંડો જોઈ કરજો વિચારજી
કે પુછે એકાદશીનો સુરજ ઉગતાનો છે પ્રકારજી ૧૭૪૧
શ્રી મુખવાકયને છે તે પ્રતાપે વરસે બહુ વરસાદજી
સોકર્ય તૃણનું તે સમે ગૌ ને હોએ અતિ અહલાદજી ૧૭૫૧
કો સમે કો પંડીતને આજ્ઞા આપે કરો મેઘ જાપજી
એહ નિમિતે આવે મેઘતે આજ્ઞા તણે પ્રતાપેજી ૧૭૬૧
એણી પેરે છે પાવસ રીતુ માંહાં વ્હાલો નીશી રસને વિસ્તારેજી
ઈચ્છા સમ સહુ કૌતુક જોવા નિજજન મન વધારેજી ૧૭૭૧
મેઘની ખેંચે વયાર વીની ડસ માને ઉરધારીજી
ફુહી વરસાદ વયાર પ્રભાવે બેસે રાજ તિબારીજી ૧૭૮૧
બેસે અગણીત આનંદે આંગણ ઉપજાવે સુખકારીજી
કો સમે કૃષ્ણ પક્ષને શુકલ છે કો સમે અતિ અંધારીયાજી ૧૭૯૧
કો સમે ચંદ્ર તણો ઉધ્યોત છે કો સમે દિપક પાસેજી
સર્વદા શ્રીમુખ તણો ઉધ્યોત છે આનંદનો મૃદુ હાસેજી ૧૮૦૧
મધ્યે મધ્યે કરે જલ પાન તે વ્હાલો અધરામૃતને મુકીજી
શ્રી કરમાંહાં પછે બીડુ આપ્યુ ખવાસજી એ કર દીધુજી ૧૮૧૧
શ્રીકરે શ્રીકર ઓટે રાખી શ્રીમુખ માંહે ધરીયુજી
ચુનો બરાસ તે આપ્યો સાથે તે લેતાં મન હરીયુજી ૧૮૨૧
સિધ્ય સંયોગે કરીયને સેવક આપે તો પ્રભુ વિનિયોગેજી
સ્નેહનું સહુ અંગીકરે વ્હાલો માહાતમનું ન ઉપયોગેજી ૧૮૩૧
અંગીકાર કરે પ્રિય ભાવનો સેવકના સુખદાયીજી
દર્શન આપે ભકત સહુને મનોરથના અંત સુખદાઈજી ૧૮૪૧
પાવસની રીતુ મેહની વારતા ચાલે બહુઅ પ્રકારેજી
કો કહે ચંદ્ર જલકુંડે બેઠો છે શ્રીજી આગલ ત્યારેજી ૧૮૫૧
કોઈ ભડલીનાં વાકયની વારતા ભણીયને કહે છે પ્રકાશેજી
માહારાજ મેઘના ચિન્હતો થાએ છે પૃથ્વી પર આકાશેજી ૧૮૬૧
શ્રીજી સુણી સતકાર કરે સહુ વલી પોતે પણ ઉચારેજી
ઈચ્છા કારણ કો નવ લહે મન હોએ છે જે પ્રકારેજી ૧૮૭૧

કો સમે આવે અચાનક મેઘતે સણસણાટ સંભલાએજી
કો સમે આવે અચાનક અમથો કો સમે સંગેવાએજી ।૮૮।
કો સમે આવે માહા વૃષ્ટિ કરતો પરનાલે જલ નવ માએજી
કો સમે સરવડે વારંવાર તે કો સમે સરવહુ થાએજી ।૮૯।
કો સમે ફુહી પડે અતિ સુક્ષ્મ કો સમે બહુ જલે થાએજી
કો સમે ફુહી વયારને ઝકોલે શ્રીજી સ્પર્શને જાયેજી ।૯૦।
શ્રીઅંગેઅતિ સુખ ઉપજાવે શ્રીજીને તે સોહાએજી
કો સમે કાલી ઘટા કરી રાખે આશા સહુને બંધાએજી ।૯૧।
પાવસની રીતુ મેઘે મનોરત એણી પેરે પુરણ કરેઅજી
શ્રી વલ્લભવરસુ દર્શન કરિયને આરત મન તણી હરેઅજી ।૯૨।
કાલી ઘટા કરી રાખે કો સમે કો સમે વરસે ધીરજી
કો સમે ગર્જના ગગને પ્રબલ તે કો સમે ગરજે ગંભીરજી ।૯૩।
કો સમે સ્પર્શે વિદ્યુત અવની મંદિર માંહાં ઝાતકારેજી
શ્રી વલ્લભ દર્શનને કરી હરખે તન મન ધન તે વારેજી ।૯૪।
કાલી ઘટા વરસે ગરજે નભ વિદ્યુત વારંવારજી
દાદુર ઝીગુર મોર બપૈયો શબ્દ ના ભલા પ્રકારજી ।૯૫।
રાગ મલ્લહાર મનોરથ કરિયને આવ્યો ગુણી અને સંગજી
પ્રગટ થૈ અને રૂપ દેખાડે તાલ પ્રસ્તાર અંગજી ।૯૬।
ગુણીઅ આલાપીને તે ગાએ મિલાપી સાથજી
ઝીલ તણે સ્વરે સ્વર પુરે છે સુણીયને રીઝે નાથજી ।૯૭।
તાલ તંબુરે સ્વર સાધીને સારંગી ચતુર વજાડેજી
સ્વતઃ સ્વરૂપે રાગ અનુરાગે આલાપી કંઠ રમાડેજી ।૯૮।
શ્રી ગોકુલપતિ અતિ રીઝીને સ્વર દેખાડે પોતેજી
ત્રીવલી ભ્રોંહ કર ઉંચા કરિયને ટીપ દેખાડે જોતેજી ।૯૯।
ઉંચો કર કરી નીચો નાખે સાધીને આણો નિસાધેજી
રાગના અંગને તાલને સંગે એણી પેરે ગુણગ્યતે સાધેજી ।૧૦૦।
સાર્થક થાએ રાગ અનુરાગે જે પર વ્હાલોજી રીઝેજી
ભકત નિહાલી રીત રસાલી વેધી અંતર ભીજેજી ।૧૦૧।
એણી પેરે પાવસની નીશી વલ્લભ બેઠક બેઠા સોહાણેજી
ભકત સમાજ ચહુદીશ ઉભો ભિજયુ કો ન પ્રમાણેજી ।૧૦૨।
દરશને પરસન પ્રેમદા ઉભા એક ટેક સ્વરૂપ નિહાલેજી
ભિજયાં વસ્ત્ર તે અંગ લપટાણો તે નવકોએ સંભાલેજી ।૧૦૩।
આરતે આતુર ચાતુર ભકતને વલ્લભ દર્શને મત્તજી
અયોગ થકી મન વ્યાકુલ જેહોનાં ઈચ્છે સંયોગ તે સત્યજી ।૧૦૪।
પાવસ રીતુનો પ્રકાર કર્યોએ કાંઈ એક સુક્ષ્મ પેરજી
અનુભવીનો એ સર્વદા અનુભવ અનુભવી જાણે એ હેરયેજી ।૧૦૫।

આગલ કહું હવે શીતની રૂતુનો અનુભવી અનુભવ જેહજી
અનુભવી દાન રૂપીને બલથી કહેવાશે કાંઈ તેહજી ।૧૦૬।
સંધ્યા વંદન કરી જલઘરથી પહોંચી પધાર્યા નાથજી
નીમો પહેરી લપટયો શીષે ભકત સમાજછે સાથજી ।૧૦૭।
દીપની તે ઉધ્યોતે આવે વ્હાલો વદન પ્રસન્નજી
હાસ્ય વારતા કરતાં હરતા નિજજન કેરાં મનજી ।૧૦૮।
ભિતરની ગલી જગમોહનમાં થૈ દેહરી ઉલંઘી પધાર્યાજી
સીઢી લદાવની આગલ આવ્યા ભકત નિરખી સહુ વાર્યાજી ।૧૦૯।
લટકટા અટકતા હાસ્ય પ્રસંગે એક તરંગ ગંભીરજી
મર્મ વચન મર્મી ઉર ભેદે વેધે તે રસ ધીરજી ।૧૧૦।
એણી પેરે પૌધારી ડયોઢી માહા પ્રભુ પૌધાર્યા ચોક તિબારીજી
ગાદી તકિએ બેઠા વલ્લભ ભકત તણાં સુખકારીજી ।૧૧૧।
દોહરી કભાય શ્રી અંગે પહેરી નીમો ઉતારી નાથજી
ફેટો લપટયો અદ્‌ભુત છબીસું શ્રી કરે લેઈ માથેજી ।૧૧૨।
આતમ સુખ સર્વાંગે વ્હાલો ત્યારે પાસથી ઓઢીજી
જાનુ જંઘ અંગ ઉકસાવી દાબી હૃદયે દોઢીજી ।૧૧૩।
ડાબી પાસે છોટો તકીયો ત્યાં બેઠા દીનકર ભાઈજી
.....સમસ્યા કરીયને જલપાન ગડુઓ સાહીજી ।૧૧૪।
શ્રી કરમાં આપ્યો જલપાનને માહાપ્રભુ લીધો તે વારજી
અર્ધનાલુએ અંગુષ્ટ દેઈયને આરોગે સુક્ષ્મ ધારેજી ।૧૧૫।
ઘુંટ ઘુંટે સ્વાદ વિલક્ષણે લે તાં પોતે સરાહેજી
જશોદા ઘાટકો શ્રી યમુનાજલ તા સમ ઓર ન કાહેજી ।૧૧૬।
કરી જલપાનને ગડુઓ આપ્યો દીનકરભાઈને હાથેજી
નેવરા આરંદ્રે શ્રીકર થાએ તે લોહયા મુખ વસ્ત્રે નાથેજી ।૧૧૭।
સુંપટ માંહાં બીડી ખાંડી છે તે ઘરી આગલ જયારેજી
શ્રીકરે ચાંપુ કરીયને લીધી કર ઓટે આરોગ્યા ત્યારેજી ।૧૧૮।
ચુના ગોલી લીધી સંગે ને વલી ફાંક બરાસજી
મુખ વસ્ત્રે શ્રીકર પુંછીને પાછુ આપ્યુ ખવાસજી ।૧૧૯।
ગાદી તકિએ બેઠા વ્હાલો શ્રીમુખ ભકત નિહાલેજી
ચરીત્ર વિચિત્ર માંહાં પ્રગટ પ્રચ્છન તે વેધી વેધ્યાં સંભાલેજી ।૧૨૦।
બેઠકોકો આપણી ઠોરતે જયાંહાં તેહનો બેસવા ઠોરજી
અને બહુ ભિડ ભરાઈ તહાં દર્શન કરે ચહુ ઓરજી ।૧૨૧।
શ્રીમુખ નિરખે હરખે મનોરથે દિપક ચોક માંહાં પાસજી
નિત્ય કરવું તે તેમજ કરવું એ વલ્લભ બાણ્ય પ્રકાશજી ।૧૨૨।
જમણી પાસા દેહરી ઉપર તષ્ટી ગડુઓ પાસજી
ચોક માંહાં બેઠા ચતુરાઈસુ ખાંભીએ જમનાદાસજી ।૧૨૩।

વ્હાલાની વાત તણો ઉત્તર આપે જીજી કરિયને દાખેજી
તષ્ટી ગડુઓ સમય સંભાલે મુઢો માખી રાખેજી ।૧૨૪।
એ સેવા હિત એહોને બેસવું માહા પ્રભુને અહી પાસજી
શ્રીમુખ નિરખે મન અતિ હરખે પુરણ થાએ આશજી ।૧૨૫।
વચનામૃત સુણે શ્રીમુખથી તે તેહ ઉરધારીજી
સંગ્રહ અર્થે પોથીમાં તે લખી રાખે સંભારીજી ।૧૨૬।
કો તકિયા પાછલ બેસે છે શ્રીમુખ સુણેવા વાકયજી
કો સનમુખ થાંભીએ બેઠા ત્યાં બેસવા જે લાયકજી ।૧૨૭।
કો સમે ભટ કલ્યાણ ખંભાલીયા કો સમે રઘુનાથદાસજી
કો સમે પંચોલી માલજીને રોંતકી જે કૃષ્ણદાસીજી ।૧૨૮।
શ્રીમુખ દરશે પરસે નયણે વયણે પ્રશ્ન ઉચ્ચારજી
ઉત્તર આપે જી જી કહીને જેહોના ભાગ્ય અપારજી ।૧૨૯।
વેંધી બેસે ચોતરી કો સનમુખે તિબારીજી
કો માણી કોઠાને ધ્વારે ત્યાંહાં કો ભિતર ભિતર સેવા વિચારીજી ।૧૩૦।
સામી ભીંતે શેતરંજી ઉપર જ્ઞાત તણાં જે ભટજી
કો પંડીત કો આશ્રિત સંબંધે બેઠા કરિયને દૃઘજે હૃદયારૂઢજી ।૧૩૧।
જીવીધી ભાવનો ભકત અનેકે શ્રી મંદિરે રહયું ભરાઈજી
અંગે અંગે ભીડી ભીડીને બેઠા સહુ ભરાઈજી ।૧૩૨।
શ્રી મુખ નિરખે ફરી ફરી પરખે પોતાના ભાવ સમાનજી
ભાવના સમ વલ્લભવર તેહોને દે છે સ્વરૂપનું જ્ઞાનજી ।૧૩૩।
શોભા પરમ લોકોત્તરે બેઠા શ્રી વલ્લભ રૂપ નિધાનજી
શ્રીમુખ દર્શન પામે સહુકો તે સમે ભાગ્યવાનજી ।૧૩૪।
શ્રીઅંગ સકલ આચ્છાદીત એ સમે શ્રી કંઠથી રસરૂપજી
કર પદ ઉદર ઉરોજને છે તે હૃદય શીષ સ્વરૂપજી ।૧૩૫।
ભાલ વિશાલે તિલકની રેખા ભૃગુટી નાસીકા નેનજી
કર્ણ કપોલને ગાલ અધર મુખ ચિબુક દરશે ચેનજી ।૧૩૬।
કર પલ્લવ પહોંચાથી ઉભયતે દર્શન આપે રસાલજી
સર્વાંગે આચ્છાદીતસું બેઠા તે ઉર ઉપર જે માલજી ।૧૩૭।
વચન વિલાસ હાસ્ય પ્રકાશ સું દ્રષ્ટે કૃપાની વૃષ્ટિજી
સિંચન થાએ છે એહ સંમંતે ભાગ્યવાન જે એ સૃષ્ટિજી ।૧૩૮।
શ્રવણે કરે વચનામૃતનું તે પાન એ દર્શને ભકતજી
નયણે નિરખે વલ્લભ શ્રીમુખ જે છે સ્વરૂપાસકતજી ।૧૩૯।
શ્રૃષ્ટિ સંપૂર્ણ શોભાએ મોહિત મગ્ન માહાતમ્ય માંહેજી
ભાવ પ્રમાણે પુરણ થાએ સહુકો દર્શન આહાંજી ।૧૪૦।
વચન વિલાસે છે ચહુ પાસે મગ્ન થયાં મન સર્વજી
સુણી સિધ્ધાંત કો ભ્રાંત રાખે મુકી મનના ગર્વજી ।૧૪૧।

એણી પેરે નિત બિરાજે વલ્લભ છેહે રીતુ બારે માસજી
શ્રી ગોકુલમાં મંદિર બેઠકે આપે દરશ પ્રકાશેજી ।૧૪૨।
એહ પ્રકારે ત્રણેય રૂતુનો કરે છે અંગીકારજી
ઉષ્ન પાવસને શીતનો પ્રિતે વલ્લભ આધારજી ।૧૪૩।
કરી જલપાનને બીડી આરોગે એહ સમે નેગ ચારજી
કદી આવ્યા છું તેહજ જાણે નીતનો એહ પ્રકારેજી ।૧૪૪।
શ્રીમુખથી અધરામૃત વ્હાલો તષ્ટી માંહે મેલીજી
કરી જલપાનને આરોગ્યા બીડી જયારે પોતે છેલ્લીજી ।૧૪૫।
ત્યારે ભકતતે નિરખી સહુકો હલમલ્યા છે તે વારેજી
સમય થયો હવે ઉઠશે વ્હાલો પરસ્પર સોચે વિચારીજી ।૧૪૬।
એટલે ખવાસજી આવી ઉભા તકિયે પાછલ ભાવીજી
બેહુ કર મેહેલી તકિયા ઉપર પ્રભુને સમસ્યા જણાવીજી ।૧૪૭।
બતરસ માંહેથી ચોંકી વ્હાલો બેઠા તકિયો છોડીજી
છોટે તકીયે કોણોણી ટેકી ભકત જુએ દ્રષ્ટી માંડીજી ।૧૪૮।
તેલ સેજયા તણો સમય હવો હવે વાત પરસ્પર થાએજી
પોતે ભટોને આજ્ઞા આપી તે દંડવત કરીને પલાએજી ।૧૪૯।
તેહ પ્રસંગ ચલાવ્યો તે પુરણ થતાં લગીઅતે બેસેજી
એક ટેક નિરખે ભકત સહુકો નેત્ર હૃદય આવી પેસેજી ।૧૫૦।
અહીં લગી કહેવાયો છે પ્રસંગ એ અનુભવી ભકતને દાનેજી
મારા મહેદને ચરણે લાગી પ્રગટ કર્યો એ ગાનેજી ।૧૫૧।
આગલ આશા મન એહજ નાગર વિનતીએ દાખેજી
મારા મહેદને દાને પુરણ થાશે એ અભિલાખેજી ।૧૫૨।
જમુના સુવન જે વલ્લભદાસ છે મનોરથે મનોરથ એહજી
ઉપજાવ્યોતે પુરણ કરશે આશા નિશ્ચય તેહજી ।૧૫૩।

ઈતિશ્રી કમણ સરસનું ઘોલ પુઢં
સમાપ્ત
શ્રી શ્રી શ્રી શ્રી શ્રી
શ્રી

માંગલ્ય - ૫૩

શ્રી ગોકુલેશો જયતિ ।। માંગલ્ય ત્રેપનમમું લખીએ છે ।। એ ગાવાને
અનુકરણ ગુજરાતના પ્રસંગમાં માંગલ્ય ૧૬ મું જે વૈશાખ સુદીતે પ્રતિપદા
"મુહરત ઉત્તમ લીધુજી એણી ચાલે ગવાશે"

નમન કરૂ મમ મહેદને ચરણે અનુભવી ધરી આશજી
શ્રી વલ્લભ ચરિત્ર વિચિત્ર સ્વરૂપનું મુઝ ઉર હોએ પ્રકાશજી ।૧।
પ્રથમ કહયુ છે નિત ચરિત્રે સંધ્યા લગી રસ રીતેજી
ધોલ પચાસે રહસ્ય પ્રકાશી અનુભવી ગમતી પ્રિતેજી ।૨।
અનુભવ કીધો જે નીજ નયણે તેહ લખ્યુ છે પ્રકાશજી
જલઘરામાં સંધ્યા કરી બેઠા અહી લગી ધોલ પચાસજી ।૩।
શ્રી ગોકુલપતિજી રસદાયકનું એ નિત ચરિત્રજી
પ્રગટમાં લીલાજુત લખીયું ગમતે પરમ વિચિત્રજી ।૪।
આગલ ઈચ્છા પ્રભુની પુરણ થાવા પ્રસંગ રસાલજી
મનોરથ ભગવદી ઉર ઉપજાવ્યો તે બાહજય થયો તતકાલજી ।૫।
તેહોએ દાન કર્યું મુઝ દીનને પ્રસંગને પુરણ થાવાજી
પ્રભુની ઈચ્છાએ નીજ ઉર આરત તે આરત હરવાવાજી ।૬।
આજ્ઞા આપી તેહોએ મુઝને મહેદ કાણ વિચારીજી
પત્ર લખ્યુ પરદેશથી શ્રીપુર તેહ માંહાં તે વિસ્તારીજી ।૭।
પ્રસંગને પુરણ તું કર એમ તે આજ્ઞા મેં શીષ ચઢાવીજી
માહા મહેદને ચરણે નમીયને એ વિનતી કરિય સુભાવીજી ।૮।
તેહોએ દાન કર્યું અનુભવનું ચરિત્ર સ્વરૂપ સમેતજી
અંકીત ઈચ્છાનું લહી મહેદ મજનુપર કર્યું તેહજી ।૯।
પચાસ પછી તે લખાયાં ધોલ દાન સામર્થે બેઅજી
ને વલી આગલ એહજ આશા મારે નિશ્ચય છેજી ।૧૦।
આગલ પ્રસંગ લખાસે તે સહુ તેહોને દાન પ્રતાપેજી
શ્રી વલ્લભ ચરિત્રને સ્વરૂપનું વર્ણન તેહો હૃદે મમ થાયેજી ।૧૧।
મહેદને ચરણે નમન કરીને અનુભવી સર્વ સમાજજી
અનુભવ ધન તે કરશે મુઝને તેથી થાશે કાજજી ।૧૨।
બેઠક બેઠા વલ્લભ વરજી અહીં લગી છું કહી આવ્યોજી
સમય થયો છે ઉઠવા કેરો મોટો તકિયો ઉઠાવ્યોજી ।૧૩।
ગાદીએ બેઠા છોટે તકિએ કોહોણી ટેકીને નાથજી
વાત રસે અટકયાં ભકત નિહાલે ચોહોદીશ ઉભો સાથજી ।૧૪।
અહીં લગી કહી આવ્યો છુ પહેલું બે ધોલે કરી વાતજી
પચાસ પ્રથમ ને બે છે એ થયાં બાવન એ એમ જ્ઞાતજી ।૧૫।

હવે પ્રભુ ઉઠી ઉભાનો સમે છે ઉઠયા પ્રાણ આધારજી
જૈ જૈ કાર કરી મીઠડાં લે દરશન જે નરનારજી ।૧૬।
ડગમગ ગાદી ઉપર થાએ પરે ભરી છે તેણેજી
ક્ષણું એક ઉપર રહીને પધારે કોઠા ભણી સમે એણેજી ।૧૭।
તેલ સેજયા ત્યાંહાં બિછાવી રાખી હુંફના જતન તે કરીયાંજી
સુપેદી ચાદર બાલીસ્તને એ હુંફાલાં ભરીયાંજી ।૧૮।
સેવક અંગીઠી ઘરીયને સેજ નીચે રહયો ફેરેજી
તેથી હુંફ તે થાએ છે સેજે વાત્સલ્ય ભાવે એ હરેજી ।૧૯।
માહા પ્રભુ આવ્યા કોઠા ભિંતર ઉભા આગલ સેજેજી
દાસ ભાવે દાસ છે ઉભા ભરીયા વાત્સલ્ય હેજેજી ।૨૦।
આતમ સુખને કભાય તે આપી આપ ખવાસજી હાથજી
પરદની તેલની આગલ રાખી તે શ્રીકરે લીધી નાથજી ।૨૧।
ધોતી મુકી પરદની પહેરી શ્રીઅંગ દર્શન દીધુંજી
નિકટ જે ઉભા છે નિજ ભકતને તેહોનું ગમતું કીધુંજી ।૨૨।
પ્રસન્ન થઈ અને સેજે બેઠા તેલ તણે ઉદેશજી
તેલ બલાદીનું અંગી કીધુ પોતે શ્રી ગોકુલેશજી ।૨૩।
પોઢયા પરમાનંદે વ્હાલો ઉતાના તેલ સેજેજી
ભગવદી સિધ્ધ થઈ ઉભા છે તે તેલ લગાવા હેજેજી ।૨૪।
તેલ બલાદી ચલાણે ભરીયને રાખ્યુ વૈષ્ણવ બે હાથજી
ઉપયોગે આવશે હમણાં એ અંગી કરશે નાથજી ।૨૫।
તેલ બલાદી તણું જે કારણ કહુ કાંઈ જેહવું જાણુંજી
શ્રીજીને શ્રી અંગે જેણી પેરે એ વિનિયોગ છે આણ્યુંજી ।૨૬।
એક સમે રામક્રિષ્ન જે ગંગી ખીરી તણાં છે નિવાસજી
પરમ ભગવદી ભાગ્યવાન છે ખીરીથી આવ્યાં હુલ્લાસજી ।૨૭।
શ્રીમુખ જોઈ દર્શન કરિયને તનના તાપ નસાવ્યાજી
સનમુખ બેઠા શ્રી ગોકુલપતિને મનોરથ સર્વ ફાવ્યાજી ।૨૮।
વાત પ્રસંગ વચનામૃત સુણીયને આનંદે મન માંહાંજી
ચોખાને ચોતાર ખાંડે છે લાવી સમર્પે આંહાંજી ।૨૯।
સનમુખતા શ્રીજી વીષે જોઈને શ્રીજી પ્રસન્ન છે ઘણુંઅજી
માહા બડભાગી અતિ અનુરાગી શું શું કહું તેહો તણુંઅજી ।૩૦।
એક સમે શ્રીજીને સમિપ તે બેઠા સનમુખ પાસજી
વાત પ્રસંગે વ્હાલોજી એ ઈચ્છા કરિય પ્રકાશજી ।૩૧।
રામક્રષ્ન કટી દુઃખત મેરી એહવું શ્રીમુખ કહયુંજી
સમકય બેઠા વાત્સલ્ય ભાવી તેઓએ પોતે સમે લહયુંજી ।૩૨।
વિનતી કીધી તે સમે એહોએ કહીયને માહારાજજી
તેલ બલાદીનું કીજે એ પર એ એ ગુણકાજજી ।૩૩।

કેસે હોત હૈ કેસે કીજેએ ફરી વ્હાલો પુછેજી
રામકૃષ્ન ગંગી તે સમે ત્યાં વિનતી કરિયને કહેછેજી ।૩૪।
વલ અણ વીરા અને વલી ઓષધી કચીયેલ તેલમાંહાં થાએજી
એ સુણને માહા પ્રભુજીને મન ઈચ્છાએ આણ્યો ઉપાયજી ।૩૫।
મનોરથ ઓષધીને અતિ આરતે વિનિયોગે કામ આવ્યુજી
કોણ સહાયે અમારી એ કરે જે થકી એ દુઃખ વામુજી ।૩૬।
અંગીકાર તે તેલ તણો છે કીધો પ્રભુ નિરધારજી
પ્રાગટ ભુતલ કરતાં વારને સ્પર્શ કરાવ્યો તે વારજી ।૩૭।
તિલથી તેલ પ્રગટ થયું છે પોતાનું તન તાછીજી
શુધ્ધ થઈ અને ઘાણી ઘલાઈ પીલાયું કષ્ટને કાછીજી ।૩૮।
તેથી એ વિનીયોગ તે આવ્યુ ને સંગ કર્યો જેણે એહોનોજી
ફુલ સકલ છે સુવાસ તણાં તે વિનિયોગ કરાવ્યો તેહનોજી ।૩૯।
તે માટે સંગ તેલનો કરીએ તો થાએ મનોરથ સિધ્ધજી
એ મન આરત ઓષધીને અતિ રહે તે પરમા વીધીજી ।૪૦।
પ્રભુનું પ્રાગટય ભુતલ દરથી પરસ્યાનો મન ચાવજી
નિસાધન ફલ આત્માએ પ્રભુ તે જાણ્યો મન ભાવજી ।૪૧।
ઈચ્છાથી એ ધ્વાર પ્રગટ કર્યું તેલ બલાદ તે તણુંજી
ભગવદી રામકૃષ્ન મુખ થઈ અને કહેવડાવ્યુ વાતસલ્ય પણુંઅજી ।૪૨।
આણી બલાદીને ઓષધી સર્વે દારૂણ કર્મ તે કરીયજી
અંગ અંગનું છેદન વેદન એ કરવાવ્યુ મનોરથ ધરીયજી ।૪૩।
તેલ તણી સંગત તે કરિયને અગ્નિ મુખે ઉકતાઈજી
સિધ્ધ થયુ પરમા વીધી સુખને ઉપયોગને છે કીલકાઈજી ।૪૪।
તેહ તેલ બલાદનું એહ સમે આવે છે ઉપયોગજી
ભગવદી સંગ વીના નહી હોએ શ્રીજી અંગ સંગ સંયોગજી ।૪૫।
તે ભગવદી કર ચલાણું તેલનું ત્યાંહાંથી તેલ તે લીધુંજી
ભગવદી ચાર તે તેલ લગાવા તત્પર થૈ એમ કીધુંજી ।૪૬।
ચતુરાઈ એ તેલે સચિકણ કરી લીધા બેહુ બેહુ હાથજી
કોમલ કર પલ્લવ છે જેહોના પરમ સુખાવદ નાથજી ।૪૭।
ઉષ્ણ કરી લીધા છે હસંતીએ વાત્સલ્યતા મન આણીજી
શ્રી અંગ સ્પર્શ કરે છે કરસું કરપદ ઉદરે જાણીજી ।૪૮।
પરદની કેરી કાછ તે કરિયને પ્રભુજી પોઢયાં ઉતાનજી
તેલ લગાવાની સેજને ઉપર દરસે ભકત તે ત્યાંહાંનાજી ।૪૯।
તેલ લગાવે કરકમલે ફરે હોએ શ્રી અંગે શોભાજી
વાત પ્રસંગ તે ચાલે બહુ વીધી ભકત કો બેઠા કો ઉભાજી ।૫૦।
શ્રી અંગતેલનો સ્પર્શ તે દરશે તે સમે ભકત તે તેહજી
દિપક જયોતે ઝલકે ચલકે શ્રી અંગે શોભા જેહજી ।૫૧।

કરપદ પર સેવક કર ફેરે કો ચરણ તલાણે દાસજી
તે ભાવ રસાલે ચીહુ નિહાલે કહયતે પુરણ આશજી ૧૫૨૧
હૃદયે પરસાવી ચરણને નેત્રે સીસે વલી પરસાવેજી
તેલે તલાસે તલુઆ તે સમે મનના નોરથ ફાવેજી ૧૫૩૧
કોમલ કરતે ફેરે શ્રી અંગપર ચતુર લગાવણ હારજી
રૂચતા કર ફેરે ને હેરે વદન કમલ તે વારજી ૧૫૪૧
સુખદેવ તુલસીયો સંઘોભાઈને કો સમે રૂડો આવેજી
સુખદેવ નિશ્ચે હોયજ હોએ બાકી ફીરતા ભાવેજી ૧૫૫૧
તેલાભ્યંગની લીલા એણી પેર તેલ બલાદને સંગજી
પ્રથમ ઉતાના પોઢીને લગાવે તેલ બલાદ શ્રી અંગની ૧૫૬૧
એમ કરતાં ઘડી બે એકને આશરે પોઢી ઉતાના સુભાવેજી
ભકત સમાજ એ સમે છે થોડો ગુણીજન પણ ત્યાંહાં આવેજી ૧૫૭૧
દંડવત કરિયને બેસે ત્યાંહાં મુરલીને બલીરામજી
લઘુવેશે ગોપીશ્વર જલનો તે પણ તેણે ઠામજી ૧૫૮૧
તત્પર થઈ બેસે ગાવતે તાન તંબુરા સંગેજી
તેલ લગાવે માહા પ્રભુ પોઢયા દરશન દે શ્રી અંગજી ૧૫૯૧
તેલ ચલાણુ ફેરેયતે સમે સેવક ઘરીયું હાથજી
જેહને જોઈયે તેહની આગલ લાવે કરને સાથજી ૧૬૦૧
પછે પ્રભુ મસ્તક ફેંટો ગ્રહીને કરવટે પોઢયા જયારેજી
તેલ લગાવે કટી પીઠને વલી નિતંબે ત્યારેજી ૧૬૧૧
પ્રિયા શોભા કરને ફેરવે કરવટ પોઢયા નાથજી
ગુણીજન સ્વર લેઈ રાગ આલાપ્ય પ્રથમ આકારે તે સાથજી ૧૬૨૧
તંબુરો કર તાલે સ્વર લે મેલીને આલાપેજી
રાગનું રૂપ તે લાવે સ્વરમાં ત્રીવીધી રૂપ મીલાવેજી ૧૬૩૧
રાગ તાલમાં સ્વરને સાધી અલાપ ચારી કરેઅજી
ચાલવી ચાલવી ફરીય ફીરીને રૂપ ઉર ધારેજી ૧૬૪૧
રાગ સંપૂર્ણ રમી રહયો મંદિર અગર તણો જેમ ધુપજી
કાનડો કો સમે હોએ અંડાણો પછે કેદારનું રૂપજી ૧૬૫૧
હોએ બીહાગડો સમે સોરઠ ને છાહયા નાટનો ઘાટજી
તાલ તંબુરે મલીયને સાધે રાગ રાગણી ઠાઠજી ૧૬૬૧
ધ્રુપદ ગાએ કો સમે વીષ્ણુ પદ ગદ્યના જે માંહાં ભાવજી
શ્રીજીના પદ પણ કો સમે ગાએ ગુણ પ્રતાપ પ્રભાવજી ૧૬૭૧
સુણે શ્રવણ દેઈ સોચીતે ભાવને રીઝ જણાવે નયણેજી
નિજ રસ અનુભવની સુરતે તે મુસકાઈ ઉચરે વયણેજી ૧૬૮૧
ભુલ્યાને સીખવે પોતે કરી ભાવનું ફેરે છે પદજી
અક્ષર મૈત્રી માંહાંથી સુચવે ભાવ તણું એ ગદ્યજી ૧૬૯૧

સ્વરૂપનું રૂપ બતાવે ભૃકુટીએ તાલનું પણ ચુટકીએજી
એણી પેરે સતકારતે રાગનો ભાવ તણો ઉગતીએજી ।૭૦।
રાગના ભેદ ગુણીજનના સુણી પ્રભુ રીઝે મન અપારેજી
સારંગી સુરરંગી બજાડે ચતુર ચતુર પ્રકારેજી ।૭૧।
રાગના ભેદ લહે પ્રભુ પોતે જેહવા પ્રકારજી
સુણી મન રીઝ રસ નીધિ વ્હાલો ગુણનીધિ અતિ અપારજી ।૭૨।
નાદ એકને ગ્રામ તે ત્રણ છે સ્વર સાતને પદ ચારજી
વિધી બે ને ગુણ ત્રણ પ્રકારે તાન ઓણ પંચાસ વિસ્તારજી ।૭૩।
એક આલાપમાં ગ્રામ પાંચ છે તાલ અગીયાર વિચારજી
રચના બે અને જોત ત્રણ એમ કલા ચોસઠ પ્રકારજી ।૭૪।
મુરછના એકવીસ સુધ એક આરજયા ત્રણસો ત્રીસજી
ગુરૂ એકને રંગ એક રાગ છાંભરણ ત્રણ દેશી ચોવીસજી ।૭૫।
સારંગ કાત્રણ ગીત તે બે છે વ્યાપ્તિ સુર સમ એકજી
ઘટના બે છે એણી પેરે એઅતે એહવા અનંત વિવેકજી ।૭૬।
સર્વજ્ઞ શીરોમણી ગોકુલપતિ જાણે એ સુહનાં રૂપજી
રાગ માત્ર અનુરાગે આધિન છે લીલા મધ્યે સ્વરૂપજી ।૭૭।
સુણત માત્ર સુરતે આવે લીલા તણાં તે તે પ્રકારજી
કીધો ને નીત થાએ છે તે સહુ રાગ એ સુણતાં વારજી ।૭૮।
ધ્રુપદ સુણે ચિત્ત ધરીને વ્હાલો ગુણીજન બેઠા ગાએજી
ગુણ ચરિત્રે પદ પોતાનાં તે પણ અહીં ગવાએજી ।૭૯।
ગુણીજન એ રૂચીકારી પ્રભુના તેહ તણાં સમુદાએજી
વિષ્નુ પદ વલી ધ્રુપદ તાનસું તેહ આલાપી ગાએજી ।૮૦।
સુરત કરે ગુણીઓની પોતે વાત કહીને સરાહેજી
નામ લેઈ અને પૃથક પૃથક તે જેહોના પદ છે ગવાએજી ।૮૧।
તાનસેન ગુણીને તે સરાહે કહિયને વાત પ્રકારજી
વાકો ગાન રાગ જુત એસો અગર ધુપ સુવાસજી ।૮૨।
ગાન કીએ પાછે વહ રાગકો તા ઘરમેં યો નિવાસજી
અગર ઉભાયો જયોં ફેલી રહે ત્યાંહાં પરિમલ સુભગ સુવાસજી ।૮૩।
બડો ગુણી રાજા રામચંદ્રકો સો અકબર લીયો બુલાયેજી
એહની વાતો એહ પ્રસંગે ઘણી ઘણી ભાંતે થાએજી ।૮૪।
ગોપાલ નાયક બિહારીની વાત પોતે કરે ઘણુંઅ સરાહી સરાહીજી
સીકરી તે વહ આવે મોપે શ્રીમુખ કહે ઉમાહીજી ।૮૫।
મહાવનકે ટીલે પર જમુનાતર કબહુ ઘરજી
હમ અરૂ ગોવીંદસ્વામી ચતુર બિહારી ગાવત નીશી વીતે ભરજી ।૮૬।
કબહુક નયે પદ કરી લાવે વહ મોહેકું અતિ સુનાવેજી
બેઠે બહોત રસ સ્વાદ સો ઉપજે કહતન કછુ બની આવેજી ।૮૭।

પાછે ફીરી અપની ચોકી પર જાય રહે સીકરીઅજી
પૃથ્વીપતિ અકબર કો ચાકર એહવી વાત એહની ઘણીઅજી ।૮૮।
ગોવીંદસ્વામીના બહુ રીતે સુરને પરમાનંદજી
કુંભનદાસ ચતુર્ભુજદાસને બ્રહ્મમને તારચંદજી ।૮૯।
છીતસ્વામી ઘોંઘીને સગુણદાસ હરીચંદ હીરામણીયજી
ગોવીંદનાયક વકસુનાયક ચાંદખાં સુરજપણજી ।૯૦।
એણી રીતે એહોનાં પ્રભુ આગલ વિષ્ણુપદ ધ્રુપદ ગાએજી
કોસમે કેહનાં કો સમે કોહનાં તાનને અરથ સરાહેજી ।૯૧।
એહવા ગુણી રૂચીકારીએ પ્રભુના તેહો તણાં પદ ભાવેજી
અક્ષર મૈત્રી સ્વરસું કીરણ તાલ તાન પ્રભાવેજી ।૯૨।
માન ખંડિતા દુતી વચનને હઠ રસ રોષ તે પ્રિતજી
ઉત્કંઠા અભિલાખા મનોરથ આદર ચિત્ત હિત રીતજી ।૯૩।
અંગ શ્રૃંગાર વિરાહ તણો રસ વર્ણન જે રસ રૂપજી
નાયકની ચતુરાઈ ચરિત્રને વિચિત્રતાઈ સ્વરૂપજી ।૯૪।
જાત વર્ણન સમયની શોભા નવોઢા મધ્ય ગલજી
વિયોગ અયોગ સંયોગ તણો રસ સંકેત તણાં જે લભજી ।૯૫।
કુચ કચ નેન કપોલ ભ્રઅ અધર ઉદર નાભી કટી જંઘજી
કર પદ પીઠ અંબોડો વેણી નિતંબ ચારૂ સર્વાંગજી ।૯૬।
વરૂણી કરણ કટાક્ષ નાસિકા કંઠ ચીબુક હૃદયે સાદરતાઈજી
ભુષણ વસ્ત્રતણી શોભાને રૂપ રંગ સુક્ષ્મકાઈજી ।૯૭।
મુસકની ચીતવની વચન રચનતા સ્વયંદુત ચપલાઈજી
દયા દરશ કઠોરતા હિતની ચિત્તની ચંચલતાઈજી ।૯૮।
એણી પેરે આશય અનેકે ધ્રપદ વિષ્ણુ પદ તે ગાએજી
લીલા સુરતે રીઝી વલ્લભ ચર્ચા અનેક તે થાએજી ।૯૯।
કો સમે રાગ નિરાવરણ નિજરૂપે કો સમે નિશ્ચિત બે ચારજી
તે સહુ જ્ઞાપિત પ્રાણવલ્લભને શ્રૃત અશ્રૃતના પ્રકારજી ।૧૦૦।
આપાપણા સ્વાદ તણાં રૂપ રાગે પ્રગટ કરે ગુણી લોકજી
નૌતન ઉકતમું ગાએ લાવીને પણ પ્રભુ કહી આપે ચોખજી ।૧૦૧।
કો સમે બાલ ચરિત્રને તારૂણ્ય વય કિશોરની લીલાજી
નટવરની ગાએ ગાને તે સુણેશ્રી વલ્લભ રસાલાજી ।૧૦૨।
વસંત તણી તે પાવસ શરદ તણી જે માંહાં રસના રૂપજી
ખેલ સમેલને દાનની લીલા પ્રતિ ઉત્તરને સ્વરૂપજી ।૧૦૩।
એણી પેરે ગાન તણો છ રસ તે ચાલે અનેક પ્રસંગજી
રીઝે નિજ લીલાને ચરિત્રની સુરતા વે અંતરંગજી ।૧૦૪।
કોઈ સમે કોઈ કવીત ભણે છે આલમ બ્રહ્મના તેહજી
રોઉર કવચ અહંકારને અનેકના પ્રસ્તાવીક બહુ જેહજી ।૧૦૫।

કો સમે બરવે સોહેના દુહા સોરઠી પછાઈ ભાષાજી
ગુંઝ દેશને ગ્વાલેરી ભાષા બીજી એક તે સાખીજી ૧૧૦૬૧
પ્રભુ તણાં પ્રાગટયનું કારણ માલ તિલકના તેહજી
પદ કવીત દુહા એણીપેરે પ્રસંગતે ચાલે જેહજી ૧૧૦૭૧
પુરણ અંગે અંગે ભરીઆ ગાએ ગુણી ગુણ સારજી
તાલ પ્રસ્તારેને બાકી તાને સ્વર ગતિ અતિ અપારજી ૧૧૦૮૧
પ્રભુજી પહોંચ્યા તેલ લગાવી ઉઠી બેઠા સેજજી
ચરણઘરી ચોકી પર વ્હાલો આગલ દિપક તેજજી ૧૧૦૯૧
કટી દાબે તે અતિ મન ભાવે ઉપરેણો શરીરથી અલગોજી
ફરીયને કેશ સુધાર્યા ઝટકી એક કરે કેશે વલગોજી ૧૧૧૦૧
ખવાસજી આવ્યા મુડબંધો લાવ્યા ગાદી છોટી સંગજી
પીત વસ્ત્રને પુષ્પની માલા થાક છે મધ્ય મધ્ય રંગજી ૧૧૧૧૧
મુડબંધો આગલ લેઈ રાખ્યો ગાદી શ્રી કરે લીધીજી
મસ્તક ઉપર મધ્ય તાલુએ લઈ માહાપ્રભુએ કીધીજી ૧૧૧૨૧
પલ્લવ ગ્રહી મુડબંધ કેરા સીસ ઉપરને કરીયાજી
કેશ સંકેલી આડા ભિતર લેઈ લપેટી ઘરીયાજી ૧૧૧૩૧
ફીરતા પેચ લપેટી શીષે અડાઆં ટાપ છે કરીયાજી
પેચ ઉપર પેચ દીધા એણે પેરે રસ ચરિત્રે ભરીયાજી ૧૧૧૪૧
ઉભા ખુણાના લેઈ પછે વલી આડા દીધા હાથેજી
પીત વસ્ત્રને કેશની આભા રાખી પેચ માંહાં નાથેજી ૧૧૧૫૧
મુડબંધાની શોભા પ્રગટી ચરિત્ર વિચિત્ર તે શીષજી
નિરખ ભકત નયણે મન હરખે દે છે સત્ય આષિશજી ૧૧૧૬૧
મુડબંધાનો આંટો લેતાં બતરસે અટકે જયારેજી
શ્રીકર આંટો એમજ રાખી વાત પુરણ કરે ત્યારેજી ૧૧૧૭૧
કો સમે મુડ બંધો બાંધી લે સંપુરણ થાએ એમજી
પેચ સુધારી બાંધે છબીસું સોંધે ચરચી છે ત્યેમજી ૧૧૧૮૧
કેશ જે શ્યામ છે પીત વસ્ત્રાજુત રંગ રંગ પુષ્પ વિચિત્રજી
અદ્‌ભુત શોભા નવલી રીતે મુડબંધે બહુ ચિત્રજી ૧૧૧૯૧
શ્રીમુખ ઝલકે ભકત નિહાલે વારણાં લે અતિ પ્રિતેજી
નયણ ભરી નિરખે વ્હાલોને જેમ છે રસની રીતેજી ૧૧૨૦૧
દીવટ આણી પ્રગટ કરીને કરી ઘરી ઉભો દાસજી
માહા પ્રભુ ઉઠયા સેજથી અલવે ભકત ઉભા સહુ પાસજી ૧૧૨૧૧
પનહી ઘરાવી શ્રી ચરણે ત્યાંલાવ્યા ખવાસજી
લાલ કસુંભી શ્રીકર આપ્યો તે પહેર્યો સુખરાસજી ૧૧૨૨૧
તની બાંધી કરિય છે ચોહોરે બંધ અતિ સોહેજી
બાહીર પધાર્યાનો સમય તે શોભા વિલક્ષણે મોહેજી ૧૧૨૩૧

ઉપરેણો અવલો સવલો કરિયને મુડ બંધ પર રાખ્યોજી
કર્ણ ઉભય દીશ આચ્છાદીને પલ્લવ પાછલ નાખ્યોજી ।૧૨૪।
ડગમગ ડગલે બોઠા માંહેથી આવ્યા તિબારી માંહેજી
અહીંને સમાજે શ્રીમુખ જોઈ વરણાં લીધા ત્યાંહેજી ।૧૨૫।
લટકતી ચાલે વેદી પાસે બતરસે અટકતાં આવ્યાજી
ચોક તણે તે સમાજે નિરખ્યા મનોરથ સકલ છે ફાવ્યાજી ।૧૨૬।
વેદી પર થૈ ખુણે કોટડી ત્યાં દેહ કૃતે પાઓઘાર્યાજી
ઉભા ભકત નિહાલી સહુકો તન મન ધન તે વાર્યાજી ।૧૨૭।
દ્રષ્ટિ ઓટને કોટ કલ્પસમ થાએ છે મન ભકતજી
જેહો મન આધાર છે પલ ઓટેથી તે વ્યાકુલ સ્વરૂપાશકતજી ।૧૨૮।
આરત ભકતની સહીન શકે પ્રભુ ફરી આવ્યા છે વેગજી
ભકત સહુ હલી ઉભા થયા જેયમ છે નીતનો નેગજી ।૧૨૯।
ગલીય માંહાં ધરીય ચરણ ત્રાણ તે પાઓઘાર્યા બાહેર નાથજી
ચરણ ક્ષાલણ સ્થલ છે આવે ભાંતે સ્પર્શાવતા હાથજી ।૧૩૦।
ખાંભી પરસી ચોખંડી પધાર્યા પીઢે બેઠા આવીજી
ગાદી મકમલ ઉપર પોતે નીતની રીતે સુભાવીજી ।૧૩૧।
એક કરક્ષાલી મૃતિકા સાથે પછે બેહુ કર ભેલી ક્ષાલેજી
ખવાસજી જલ નામે છે ચરિત્ર ભકત નિહાલેજી ।૧૩૨।
ચરણ ક્ષાલણ કરી પહોંચ્યાને પછે ગડુઓ લીધો હાથજી
ગંડુક ભરી ભરી મુકે તે સમે દંત શોધન સીક સાથજી ।૧૩૩।
ગંડુક કરી રહી શ્રી હસ્ત ક્ષાલી શ્રીમુખ પર કર ફેરેજી
દરશની ઉભા દર્શન કરે અને એહ ચરિત્ર સહુ હેરેજી ।૧૩૪।
ફરીયને શ્રી હસ્ત ક્ષાલીને વ્હાલો ફીરી બેઠા મહારાજજી
પીઢા ઉપર ચરણ છે નીચા ત્યાંહાં સકલાત શીતને કાજજી ।૧૩૫।
મુખ વસ્ત્ર લેઈ શ્રીકરે પુછી શ્રીમુખ પુછે તે વારજી
ચરણ ઉભયને ખવાસજી પુંછે વાત્સલ્યતાને પ્રકારજી ।૧૩૬।
વારતા પ્રસંગ ત્યાંહાં ચાલે બહુ પેરે વ્હાલો વદન પ્રસન્નજી
શ્રવણ સુનીને ઉતર આપે શ્રી વલ્લભ પ્રાણ જીવનજીવ ।૧૩૭।
તિબારીમાં મધ્યને ધ્વારે ગાદી તકિયાને ઠામજી
સેજ બિછાવે દાસ મીલીને કોટીક રસનું ધામજી ।૧૩૮।
છે સુખસેજ રચી રચીને ત્યાં ભકત બિછાવે ભાવેજી
છાડી ઝટકી પખોડી વાત્સલ્યે કરે તે પ્રેમ પ્રભાવેજી ।૧૩૯।
સીરહાણુ હો દક્ષણની દીશી પંગત ઉર ભણીયજી
પગરણ મુકયા માહા ચતુરાઈસું સીરહાણા દીશ ભણીયજી ।૧૪૦।
પલંગપોસ આછાદી પ્રથમ છે વાડે ફુમતાં જાલીજી
ઉજવલ ચાદરે વાડને ફુમતાં જાલીની ભાંત રસાલીજી ।૧૪૧।

તે ઉપર સેપુદી બે છે રંગી કસુંભીની મિહીયજી
સેજ બરાબર ઈસને ઢાંકી બિછાવી છે નિહીઅજી ।૧૪૨।
તે ઉપર ચાદર ખાસાની મિહી સકોમલ સાજજી
શીતકાલ તણી રૂતુમાંહે એહવા સાજનું કાજજી ।૧૪૩।
હુંફ કરે તેથી શીત ન વ્યાપે એ વાત્સલ્યતાના ધર્મજી
પંગત દીશી એક બાલીસ્ત સુક્ષ્મ એ પણ સ્નેહના મર્મજી ।૧૪૪।
ચાદર સેત સુધારી બિછાવી કરચલી રંચ ન રાખેજી
વારંવાર છે કર ફેરવીને વાત્સલ્યતા અભિલાખેજી ।૧૪૫।
ચાર પાસે સુપેતી નીચે વાલીને દાબી લીધીજી
ચતુરાઈ કરી ચાવ મનોરથી એણી પેરે સિધ્ધ કીધીજી ।૧૪૬।
સેજબંધ બાંધ્યા દ્રઢ કરિયને બલ ચતુરાઈસું હાથેજી
ચારે પાસે રેશમી ફુમતાં પચરંગ ડોરી સાથેજી ।૧૪૭।
સીરહાણુ મકમલ કાસીનીમુ પરનું ભરીયુ ઘરીયુજી
કોમલ ઉપર વસ્ત્ર લપેટયું દોહરૂ ઉજવલ કરીયુજી ।૧૪૮।
બેહુ દીશી ગીરદા સીરહાણાંને મકમલી પર નામ ભરીયજી
તે પર પણ ગલેફ ખાસાના એણી રીતે ઘરીયાંજી ।૧૪૯।
સુપેદી ઉપર ઓઢવા કાજે ખોલ સમેતતે રાખીજી
પરમ સુખાવહ પરમ વલ્લભને મનમાંહાં હિત અભિલાખીજી ।૧૫૦।
તે ઉપર આચ્છાદી ચોરસો દ્રષ્ટિ નિવારણ કાજજી
પ્રભુ પધારે ઉઠાવશે અહીંથી હમણાં આછાધ્ય સેજ સાજજી ।૧૫૧।
માહા પ્રભુ ચોખંડીમાં પીઢે બેઠા દર્શન આપેજી
સરવરી સમે રસ ઉભરી શ્રી અંગે રસીયા ઉર એ સ્થાપેજી ।૧૫૨।
એ દર્શન અભિલાખી નાગર મહેદ દાનની આશજી
મનોરથ મહેદ અંકીત જે બલ તેણે થશે એ પ્રકાશજી ।૧૫૩।

ઈતિશ્રી કમણ સરસના પ્રસંગનું
ત્રીજું માંગલ્ય સમાપ્ત
શ્રી શ્રી શ્રી શ્રી શ્રી

માંગલ્ય - ૫૪

શ્રી ગોકુલેશો જયતિ ।। હવે એ માંગલ્ય ચોથુ લખીએ છે ।। એ ગાવાને અનુકરણ
પાલખીના પ્રસંગના સુખદ ।।૪।। ની વાંણ્યજે ।। પત્ર લખ્યુ દીનત્વકરીને
હિતસું તેણી વારજી ।। એણી જાતે ગવાસે ।।રાગ વસંત ।।

નમન કરૂ મમ મહેદને ચરણે ધરીયને એમ આશજી
શ્રી વલ્લભ ચરિત્ર તણાં અનુભવનો હોએ હૃદે પ્રકાશજી ।૧।
પ્રાતઃ થકીને ઉઠીને વલ્લભવર સંધ્યા સંધ્યા સમયજી
કરિયને બેઠા જલઘર ભિતર ભગવદીયને મન ગમયજી ।૨।
અહીંય લગી કહી આવ્યા અનુભવી અનુભવ કરી રસ રીતેજી
મનોરથ મનમાંય પ્રગટ દર્શનનો ધરીયને ગમતી પ્રિતેજી ।૩।
ત્યાર પછી તેહોને મન મનોરથે મનોરથ મન ઉપજાવ્યોજી
તે મનોરથી મનોરથ મમ મન કૃપા કરી પ્રગટાવ્યોજી ।૪।
તે મમ મહેદને દાનેથી પુરણ થયો વલી આગલ આશજી
પુરણ કરસે મારા મનના જે પ્રગટાવ્યો છે પ્રકાશજી ।૫।
શ્રસમુખથી આજ્ઞા એમ થઈ છે તે સુચન કરૂ પ્રકાશજી
જીન આશા ઉપજાઈ હૈ સો પુરણ કરી હે આશજી ।૬।
એ આજ્ઞાને શીષ ચઢાવી આશ રાખુ મનજી
પાછલ લખી આવ્યો ત્રણ ઘોલમાં વલ આગલ દરશનજી ।૭।
ઘોલ પચાસ કર્યા અનુભવીએ ત્યાર પછીનો પ્રસંગજી
ત્રણ ઘોલ કરીને લખાયો દાન મહેદને સંગજી ।૮।
ને વલી મનોરથ આગલનો ધરીયને ધરૂ છું વિચારજી
તેલ સેજયા થકી ચરણ પ્રક્ષાલણનો જે છે પ્રકારજી ।૯।
ચરણ ક્ષાલણ કરી બેઠા પીઢે ચોખંડી માંહાંજી
ભકત સહુ શ્રીમુખ નિરખે છે ત્રણ ઘોલે લખ્યું ત્યાંહાંજી ।૧૦।
ઘોલ થયા ત્રેપન અહીં લગી મંગલ મંગલ રૂપજી
આગલને મનોરથ ઉપજાવે છે અનુભવ લખવા સ્વરૂપજી ।૧૧।
હવે વલી આગલ અનુભવીની છાયા લઈને કહુઅજી
મહેદતણે દાન અનુસારે જેહવું કાંઈ એક લહુઅજી ।૧૨।
મહેદ વચનથી સુણીયો અનુભવ તે સુરત મન દાનજી
તે અનુસારે તે અનુભવનું લીખને કરૂ રસપાનજી ।૧૩।
ચોખંડીમાં પીઢા પર પ્રભુ સુખસેજ તિબારી ધ્વારજી
શ્રંગારી છે રસ ભરી પુરણ રસ ઉદબોધક સારજી ।૧૪।
રસિક ભકત નિહાલી નિરખે હુલસે મન અપારજી
સુરત આવે તે પીય સુવતની નિરખતાં તેણી વારજી ।૧૫।

પીયને જણાવે નયણ મુખ મચકે કટી લચકે ઉભરીયજી
મુસકની નયણ અધરે દરસાવી ઉર ઉકસાવી કરીયજી ।૧૬।
સેજ પનોતી નિરખે સહુકો અનુરાગી બડ ભાગીજી
નાયકા રૂપ સ્વરૂપ મનોરથી વલ્લભ સેજ સોહાગજી ।૧૭।
મુરતવંતી પીપ રસદાયક ઈચ્છતો વલ્લભ રાજજી
આપ મનોરથી ઉપજાવે મનોરથ પુરક મનોરથ કાજજી ।૧૮।
પલંગપોસ સુપેતી ચાદર સીરહાણે ગીરદા સમીપેજી
પંગતે બાલીસ્ત કસણે કસીય છે મનોરથ મન ઉધ્દીપેજી ।૧૯।
સુપેદી ઉપર છે દુરંગી શીતક નિવારણ કાજજી
પરમ સુખાવહ વાત્સલ્ય કરી ઉપયોગી વલ્લભ રાજજી ।૨૦।
માનીનીઓના મદ અતિ હરતી ઉપજાવતિ અનુરાગજી
રસિક ભાવના ચાવ વધારે દાયેક સંયોગ સોહાગજી ।૨૧।
વિવિધી મનોરથ પુરક સેજ એ નાયકા આપજી
આરત ભરી ઉત્કંઠા આતુર સંગ મહિત ઉરઝાયજી ।૨૨।
મધ્ય અવિલોકે વલ્લભ પીયનો પ્રિયતે કારજ કાજજી
સિધ્ધ થઈ રહી સકલ શ્રૃંગારે સહિત તે રસિક સમાજજી ।૨૩।
મનોરથ ભરી મનોરથી સેજ એ નિજ વલ્લભને હેતજી
પોતે રીઝી રીઝે રીઝવવા સમય રમણ સંકેતજી ।૨૪।
આનંદ ભરી આગમ સંગમનો કીલકી રહી હુલાસેજી
સનમુખ વલ્લવરને સેજ એ સંકેત ભાવ પ્રકાશેજી ।૨૫।
આનંદદાયની બહુ રસ દાયની નિજ વલ્લભને સેજજી
સિધ્ધ કરી વાત્સલ્યી ભકતે ભાવ અવ્યકતે હેતજી ।૨૬।
સોંજ સમીપે ધર્યા ચોકી પર જલપાન ગડુઓ ડાબી પાસજી
બીડા બહુ સંયોગે સિધ્ધ કરી ચુનોને સંગ બરાસજી ।૨૭।
પુષ્પ તણી માલાને વલી જે ઉપયોગી છે સંગજી
સીરહાણુ દીશ કોઠાભણી વાત્સલ્યને તે પ્રસંગજી ।૨૮।
પંગત દીશ છે તષ્ટિ ગડુઓ છે કર પ્રક્ષાલવા કાજજી
ચરણ વસ્ત્ર દેહરને ઉપર જમણી પાસા એ સાજજી ।૨૯।
એણી રીતે સુખ સેજ રચી છે ભાગ્યવાન જે ભકતજી
રૂચીકારી મનભાવ વિચારી ભરિયને ભાવ અવ્યકતજી ।૩૦।
મંગલ રૂપ મહા સુખકારી પરિતાપ હારી બાલજી
વલ્લભ પ્રિય ઉપયોગને કારણ સેજ સુધારી રસાલજી ।૩૧।
જોઈને મોહી રહયાં સહુ ઘરે મનોરથ મનજી
રમણ ભાવે ઉછલીત થઈ આવે વ્યાકુલ થાએ તનજી ।૩૨।
ભાવરી બહુ ચાવ ભરી છે સેજ મનોરથ રૂપજી
નિરખી નિરખી હરખેછે વિલાસની મોહક પરમ અનુપજી ।૩૩।

કયાં લગી વર્ણન થાએ એ સેજનું જે વલ્લભવર ઉપયોગજી
વિરહ વ્યથા ટાલે નિજ ભકતની દાએક દાન સંયોગજી ૧૩૪૧
સેજ બિછાવી અતિ મન ભાવી મધ્ય તિબારીને ધ્વારજી
ચોખંડીમાં પીઢે બેઠા દર્શન આપે આધારજી ૧૩૫૧
કોઈ નિહાલે શ્રીમુખ જંભા કોઈ સેજ રસાલીજી
એણી પેરે ઉભો ભકત સમાજ તે જુએ વાલી વાલીજી ૧૩૬૧
માહા પ્રભુ બેઠા ચોખંડી પીઢે હવે ઉઠયાં કેરો સમયજી
એ શોભા નિરખવાને સહુ ભકત તણે મન ગમયજી ૧૩૭૧
માહા પ્રભુ ઉઠયા અતિ આનંદે ભકત તણાં આધારજી
વાત પ્રસંગ ચલાવતાં શ્રીમુખે દર્શન દાને ઉદારજી ૧૩૮૧
વ્હાલોજી ઉઠયા પીઢે થી ઉભા ચોખંડી માંહાંજી
ચોખંડીથી ચોક માંહાં આવે ભકત મલીઅ છે ત્યાંહાંજી ૧૩૯૧
ચોખંડીથી તિબારી સુધી બેહુ દીશ ભકતની પાંતજી
મધ્ય પધારે શ્રી વલ્લભવરજી રસિક રસિલી ભાંતજી ૧૪૦૧
પુરણ મનોરથ થાએ તેહના જેહની આગલ આવેજી
શ્રીમુખ નિરખી ઓવારણાં લે છે સકલ મનોરથે ફાવેજી ૧૪૧૧
હાસ્ય વારતા કરતા આવે દેતાં સ્વરૂપનું દાનજી
નયણ ભરી ભરી નિરખી નિરખી કરે સ્વરૂપ રસ પાનજી ૧૪૨૧
ડગમગ ડગલે ડગ ભરતાં પ્રભુ આવ્યા દેહર પાસજી
શ્રી અંગ શોભા રસિક રસિલી નિહાલે ચહુ પાસજી ૧૪૩૧
દહર ઉપર આવી ઉભા સેજ સમીપ તે વારજી
ચોરસો સેજ ઉપરથી ઉઠાવ્યો નિરખાવા સેજ શ્રંગારજી ૧૪૪૧
સદ્ય સિરહાણે તે સમે સોંઘો આવી લગાવ્યો ભકતેજી
પરીમલ પરમાવીધી અંગી કરીયો છે તે અવ્યકતેજી ૧૪૫૧
ચદરૂપા દોહરા દોહરા બાંધ્યો ચોક તે ભરીયજી
હંસતી હસતી કરી રાખી છે શીતની આભા તે હરેઅજી ૧૪૬૧
ભકતની ભીડ અપરમિત તેણે શીતનો નહી પ્રવેશજી
માહા પ્રભુ ઉભા છે દેહરે ચરણવસ્ત્ર પર સુવેસજી ૧૪૭૧
નિમો ઉતારી ઉપરેણો શીષથી આપ્યો ખવાસને હાથજી
શ્રીઅંગ સકલનું દર્શન આપે ઉભો ભગવદી સાથજી ૧૪૮૧
તનીયો લઈ ખવાસજી ઉભા શ્રી કરે ત્યાંહાં અર્ચ્યોજી
ઉપેલી આગલ તે તેહને તે સમે તે અરપ્યોજી ૧૪૯૧
આગલે ઈત નિકટ કેરી ધોતી ઢીલી કીધીજી
તની બંધન કરી આગલ ત્યારે ડોઢી ગાંઠતે દીધીજી ૧૫૦૧
લઘુ લાઘવે છે પરદનીમહેલી પાછલ કાછ તે વલીજી
કોઈ ન સમજયું છલ ચતુરાઈમાં રહયાં તે સર્વ નિહાલીજી ૧૫૧૧

પરદની મેહલી કાછને વાલતાં ચપલતા જે કરનીજી
દર્શની સહુ ફેરી રહયાં પણ દ્રષ્ટિ ન અંગ રસ ભરનીજી ૧૫૨૧
સેજે બેઠા ઉભય ચરણ તે ચોકી પર છે ધરીયાંજી
ઉપરેણો લેઈ જુગ જંઘાપર બેઠા પુર્વ મુખ કરિયજી ૧૫૩૧
પીઠે છોટો તકિયો રાખ્યો પ્રભુ બેઠા ત્યાં અટકીજી
શોભા પરમ લોકોત્તર દરશે ભકત રહયાં સહુ ઠઠકીજી ૧૫૪૧
ભકત નિહાલે ભાવ રસાલે પ્રભુ બેઠા સુખ સેજજી
વારતા પ્રસંગ ચલાવે પોતે નિકટ દીપક તેજજી ૧૫૫૧
તે રસ ભકત મનોરથી ગુઢનાં આવ્યાં જે નિજ ગેહજી
પ્રભુજી પધાર્યા જલઘરથી તે તેહ વાર તાં તેહજી ૧૫૬૧
ઘેર આવી મનભાવી મનોરથે કરે છે અંગ શ્રંગારજી
વ્હાલે સહજ ધર્યા પ્રિય રૂચતા મન ગમતા તે પ્રકારજી ૧૫૭૧
અંગ અંગ અભિલાખે છે ભરીયાં હુલાસેજી
રહીયાં કરી શ્રંગાર મનોરથે ભુષણ રત્ન પ્રકાશેજી ૧૫૮૧
તન મન ધન એ સમર્પવા લીધા કનક મુકતા માલજી
હીરાગલ અંબર તન સોહે શોભા કોએ રસાલજી ૧૫૯૧
કમલામુખી મન રાજસ ભાવે ચાંપા વરણી સચીયજી
વચીઅન શોભા કોએ પ્રકારે એહવી રચના રચીઅજી ૧૬૦૧
તુલસી ગુજા માલ પુષ્પની બીડી છે બહુ સયોગીજી
ભોગ આરોગવા ભગવદી પ્રિતે રાખ્યો એ સંગ ઉપયોગજી ૧૬૧૧
સિધ્ધ થઈ ગોરી સંગ સગે આવ્યા મંદિર માંહાજી
લઘુ લાઘવે કરી ઓટે ઉભાં નીરખે પીયને ત્યાંહાંજી ૧૬૨૧
મન ગમતા મનોરથીનો પ્રસંગએ લખુ છું સુચન માત્રજી
સિધ્ધ થઈ અને સેવા ગુઢ ને આવ્યાં ધન્ય ધન્ય ગાત્રજી ૧૬૩૧
સામગ્રી સંગ રતિ રમણની લીધી ઉભાં નિવાસજી
આપણી સેવાને કાજે તત્પર થૈઅ પ્રકાશજી ૧૬૪૧
માહા પ્રભુ બેઠા સેજ રસિલી રસના પ્રસંગતે ચાલેજી
હાસ્ય વિનોદને કૌતક માંહાં કોટ સિધ્ધાંત રસાલેજી ૧૬૫૧
નયણ ભરરી નિરખે સહુ કોઈ વિયોગ તણી છે અધિરજી
મન વચ ક્રમ કરી એકે ચિત્તસું મોહન રૂપ સંગ વીરજી ૧૬૬૧
ગોકુલ જીવન બે જે સેજે ભકત મન વાત્સલ્ય સોચજી
માધવ દામોદર વિઠ્ઠલજી કમ આરત્યાં મન અતિ લોચજી ૧૬૭૧
પ્રાણ વલ્લભ બેઠા સુખસેજડી દર્શન રસની વૃષ્ટજી
સિંચન થાએ મન ઉભરાએ ખાંચે ન અલગી દ્રષ્ટિજી ૧૬૮૧
સ્વરૂપના ભેદી જે આત્મનિવેદી સ્વરૂપ રસે તે આશકતજી
શુધ્ધ ભાવી તે પાસ રહીને નિરખે ભાવ અવ્યકતજી ૧૬૯૧

વાત્સલ્ય ભાવી સેવા પ્રભાવી ઉભા નિરખે પાસજી
ભકત તણી રીઝ મંદિર દર્શન દે સુખરાસજી ।૭૦।
બીડુ શ્રીમુખ માંહાં રસે ઘરીયું કરે તે તણું રસ પાનજી
એકે સમયે તે સઘલી શ્રૃષ્ટિને આપે દર્શન દાનજી ।૭૧।
કોઈ સુણે વચનામૃત શ્રીમુખ કોઈ હાસ્ય વિલોકેજી
કોઈ કટાક્ષે અટકયાં રસિયાં કોઈ શ્રીમુખ પર મન રોકેજી ।૭૨।
કોઈ અધર આરકત અવ્યકતને કોઈ ભૃકુટી ભાવજી
કોઈ નાસિકાની અદ્‌ભુત છબી કોઈ ચિબુક ચાવજી ।૭૩।
કોઈ મુડ બંધે મન બંધ્યું છે સેત શ્યામ પીત નિરખેજી
પુષ્પ જે વિવિધ રંગ રંગનાં પરખી પરખી ફરી પરખેજી ।૭૪।
કો નિરખે શ્રીકંઠ માલને કો જે ઉભય ઉરોજજી
કો વક્ષસ્થલ ઉદરને કોઈ નાભી કટી તની મોજજી ।૭૫।
કો નિરખે છે ચરણ ચોકી પર પીઠે તકિયો છોટોજી
ભુજાદંડ પહોંચા કર પાલવ મુદ્રિકા અંગુલી જોટોજી ।૭૬।
નખચંદ્રને નિરખે નવલા મીલીને રતી મતિ સુરત વિચારેજી
કો નિરખે પસવાડા પ્રિયના મનોરથ અનેક અપારેજી ।૭૭।
નિરખે છે કર્ણ મનોરથી વિનતીનાં જે ધ્વારજી
કોઈ નિરખે છે જનોઈને વલી ભાગ્ય સરાહી અપારજી ।૭૮।
કો નિરખે ઉપરેણે આછાદયા જુગલ જંઘ રસ અંગજી
કો નિરખે નખ શીખ ફરી ફરીને વ્હાલાના પ્રતિ અંગજી ।૭૯।
કો નિરખે સુખસેજના ભાગ્યને વલ્લભવર તણે સંગજી
કોએ વિચારે મનમાં લાવીને ઉર ભાવીને પ્રસંગજી ।૮૦।
ધન્ય ધન્ય તેહ જેહને રસદાન છે આજ એ વલ્લભ તણુંયજી
ફરી ફરીને તે સરાહે છે તેહને મન મન અંતર ઘણુંઅજી ।૮૧।
એક કહે માહા ભાગ્ય એ સેજનાં કો ચોકીનું ભાગ્ય સરાહેજી
કો નિરખી એ સંયોગ છે સેજનો મન મન માંહે ઉમાહેજી ।૮૨।
એ રીતે એ સંયોગ તે મુઝને કયારે હોશે દાનજી
સેવા ઉપયોગ કયારે હું આવીશ કરીશ તે એમ રસપાનજી ।૮૩।
કો નિરખે છે શ્રી અંગની છબી છબીલી જે રસરૂપજી
નયણ મનને એક કરીને ચાહ અલંકૃત ભુપજી ।૮૪।
દર્શન વેધી દર્શન કરે છે હાસ્ય રસ કો મગ્નજી
પ્રિય પ્રસન્ન જોઈને વારે તન મન ધન લગ્નજી ।૮૫।
કો શ્રી અંગ સુખને વિચારે વાત્સલ્ય ભાવી ભકતજી
વ્યોંતકરે છે વલ્લભ સુખના સ્વરૂપ તણાં અનુરકતજી ।૮૬।
વ્હાલો બતરસ માંહે અટકયા કે કો પ્રસંગ લખાવેજી
અપાર થૈ મન જાણીને પોતે અંતરંગને સંભલાવેજી ।૮૭।

કહા કરે એ વૈષ્નવ હમારે એમ કહીને તે ઉચારજી
બુરો તો માનત હોએંગે યાતે જે પોહોઢન હોત અવારજી ૧૮૮૧
કો સમે વૈષ્નવ સર્વ સમાજને આજ્ઞા આપે માહારાજજી
કો સમે આજ્ઞા સુણી દંડવત કરી વલે તે સર્વ સમાજજી ૧૮૯૧
કોઈ એક મનોરથ કરતા કરતા આવી ચઘારસ ભાવેજી
ગાઈ ઉઠે સુણી શ્રીમુખ વાકય તે તે સમય તણે તે પ્રભાવેજી ૧૯૦૧
સ્ત્રીજન બેત્રણ મલી ડયોઢી કને ઉભા સીઢી પાસજી
ઉમંગી તે તે સમય છે ગાએ આરત કરે પ્રકાશજી ૧૯૧૧
આજ્ઞા આપત વારને તે સમે કરિયને ઉમંગ પ્રચારેજી
તત સમયના રૂપને મન ઘરી કરે તે ગાન ઉચારજી ૧૯૨૧
આપુન બેઠે લાલ પલંગપર હમરી બીદા કર દીની રે
વિનતીમાં રમણ લીન એ સ્ત્રીજન ગાન નવીનજી ૧૯૩૧
સુણત તતખેવ ચોંકીને પુછે ગાવત હૈ ઈહ કોનજી
નામ તણી વિનતી કરી ભકતે સુણી મુસકાઈ રહયા મૌનજી ૧૯૪૧
હાં હાં કરી સતકાર કરીને સુણી થાએ પ્રસન્નજી
સમે ઉપર પુર્વ ભાષાએ પ્રફુલ્લીત વદને મનજી ૧૯૫૧
કોઈ ક્ષણું એમ ગાન એ સુણીને અપાવ્યો માહા પ્રસાદજી
મનોરથ પુરણ થયા મને ભકતના પામ્યા એ રસનો સ્વાદજી ૧૯૬૧
પ્રસન્ન કરી માહા પ્રભુને ભકત એ પોતે થયા પ્રસન્નજી
આજ્ઞા માની દંડવત કરિયને વલીયાં છે સદનજી ૧૯૭૧
શ્રૃષ્ટિ સંપુર્ણ હલુએ હલુએ નિજ ઘેર પલાએજી
કો એ સમે કેમ કો એ સમે કેમ એણી પેરે નિત નિત થાએજી ૧૯૮૧
નિત ચરિત્રની લીલા નિત નવી દીન પ્રતે ન્યારી ન્યારીજી
પ્રથક પ્રથક તે સમય સમયની શકે વિસ્તારજી ૧૯૯૧
એમ કરતાં આજ્ઞા પ્રભુ આપી પોઢયા છે સુખ સેજજી
શ્રીમુખ નિરખી એક ટક નયણે વલીયાં છે ભર હેહજી ૧૧૦૦૧
બહુ પેરે આશિષ દેઈને સહુકો વારણાં લેઈ વાલે હાથજી
ચિરંજીવો સતજીવો કહી કહે વેગા ઉઠજો નાથજી ૧૧૦૧૧
મનોરથીના મનોરથને પુરણ કરો સમય તે એણેજી
મન ગમતાના માહા આનંદ સદાને વલી એ રણેજી ૧૧૦૨૧
પુરણ મનોરથ કરિય ને તેહોના કરવા અહમ એ સાથજી
આરત અમતણી જાણીયને વેગા ઉઠશો નાથજી ૧૧૦૩૧
આરત્યાની આરત પુરો ચુરો ચાતુરતાઈજી
વલી વલી જઈયે અતિ સુખૈયે એ નિરખીયે વદન અઘાઈજી ૧૧૦૪૧
તાપ નિવારો સુખ વિચારો દર્શન આપી નિશંકજી
હાસ્ય વિનોદ કટાક્ષે વિલસો ભરી ભરી ભુજકર અંકજી ૧૧૦૫૧

૧૧૦૬૧

આશિષ દેતાં ઘરને ફરીયાં થોકે થોકે પલાએજી
ફરી ફરી નિરખવા નિજ વલ્લભને નયણાં મન લલચાએજી ।૧૦૭।
માહા પ્રભુ પોઢયા સમય વિચારી પીઠનો તકિયો ઉઠાવ્યોજી
નિજ સેવક જે નિકટ ઉભા તેહોનો મનોરથ ફાવ્યોજી ।૧૦૮।
પ્રભુની પીઠે દીઠે દર્શન થયું છે તે વારજી
એ રીતે સુખ સેજયાએ બેઠા સુખ આપ્યું આધારજી ।૧૦૯।
હવે માહા પ્રભુજીએ કર્યો વિશ્રામ છે સુખસું તે રસ રૂપજી
સુપેદી ઓઢીને આછાદયું શ્રી અંગ સફલ સ્વરૂપજી ।૧૧૦।
શ્રીમુખ ઉપર લીધી સુપેદી ખોલ સહિત હુંફાલીજી
દોહરીને છે દુરંગી સુરંગી શ્રી અંગ સ્પર્શે સાલીજી ।૧૧૧।
હવે એહ પ્રસંગ છે અહીં લગે તે પોઢયા તણો તે કહેયોજી
..... ।૧૧૨।
હવે કહુ સુચનીકા રૂતુ ઉષ્નનીજે લીલા આંગણ માંહાંજી
રચના તે સુખ સેજ તણી રચીય છે ચોક આંહાંજી ।૧૧૩।
પશ્ચિમ દીશી સીરહાણું કરિયને પુર્વ પંગત રાખીજી
પગરણ ઘરી સીરહાણા નિગમ સેજ ઘરી અભિલાખીજી ।૧૧૪।
સુપેદી એક ગાઢી છીંટની બિછાવી કર ફેરીજી
પલંગ પોસ પલંગને ઉપર તે પર ન્યાહાલી હેરીજી ।૧૧૫।
પંગ દીશ બાલીસ્ત સુક્ષ્મ તે પર ચાદર ગાઢીજી
ઉજવલથી અતિ ઉજવલ કોમલ બિછાવી છે ગાઢીજી ।૧૧૬।
કર ફેરવીનેકરચલી ટાલી વાલી ચારે પાસેજી
દાબી લીધી સુપેદી નીચે બેહુ દિસે બેહુ દાસેજી ।૧૧૭।
ચારે પાઈયે કસણ કસીયાં રેશમી ડોરને સંગજી
ફુંદણાં છે મફતુલ તે કેરાં લટકે છે પચરંગજી ।૧૧૮।
સીરહાણું લપેટયુ દોહરે વસ્ત્રે ગીરદા છે બેહુ પાસજી
અરગજો અત્તર લગાવ્યાં તે સમે પ્રભુ ઉપયોગી સુવાસજી ।૧૧૯।
ચરણ ક્ષાલણ કરી આવી બેઠા વલ્લભ સેજ રસાલેજી
ચોકી પર જુગ ચરણ ધરીયને તે છબી ભકત નિહાલેજી ।૧૨૦।
વાત પ્રસંગે કરી પ્રભુ શ્રી મુખે બીડી ધરી રસ રીતેજી
ભકતને આજ્ઞા આપી વ્હાલો પોઢયા ગમતી પ્રિતેજી ।૧૨૧।
ભકત વલ્યાં આશિષ પ્રગટ દેઈ વેગા ઉઠો નાથજી
મંદિરથી વલીયો નિજ ઘરને એણી પેરે સઘલો સાથજી ।૧૨૨।
માહા પ્રભુ પોઢયા ઉતાના આવંદે તનસુખ ચાદર ઓઢીજી
કો સમે રાત્ર અજીઆલીને સેવા ચોક સંપૂર્ણ પ્રોઢીજી ।૧૨૩।
ચોકી પર જલ પાનનો ગડુઓ તષ્ટી પણ સંગ ધરીયજી
ચરણ વસ્ત્ર બિછાવ્યુ નીચે વાત્સલ્ય ભકતે કરિયજી ।૧૨૪।

પ્રભુજી પોઢયા આંગણ સેજે શશી નીશી કરી ઉજયાલીજી
સનમુખ જલઘરા રંધ્ર થકી તે જુએ કો વેધી નિહાલીજી ।૧૨૫।
શોભા જે રસરૂપે સ્વરૂપે પોઢયા વલ્લભ સેજેજી
નિરખે નયણ ભરી મન રંગે વેધી વેધ્યા હેજેજી ।૧૨૬।
એણી રીતે આંગણે પોઢયાની લીલા પરમ રસાલીજી
પાવસની પરમાવીધી કહીએ રાજતિબારી માહાલયજી ।૧૨૭।
સેજ બિછાવી વાત્સલ્ય ભાવી પ્રભુ પોઢે નિત બાણજી
કો સમે ચાદર કો સમે દોહરી ખોલ છે રસની ખાણજી ।૧૨૮।
શીતકાલના પ્રસંગને ઉપર કહી આવ્યા તે કહુંઅજી
અનુભવી તે દાનેથી અનુભવ છાયા જે મન લહુંઅજી ।૧૨૯।
માહા પ્રભુ પોઢયા રાજ તિબારી સુખ સેજે સુખ કરીઅજી
આશિષ દેઈને ભકત વલ્યા સહુ ફરી આશા મન ધરીયજી ।૧૩૦।
સુપેદી ઓઢી માહા પ્રભુ મુખ પર લીધી તતક્ષણ કરિયજી
સમે એકાંત થયો ત્યાં બેઠા અધિકારી તે ફરીઅજી ।૧૩૧।
વિનતી કરવી તે કરે તે સમે નિજ ઘર ભંડાર તણીઅજી
બહુ બેટી સામગ્રી ઘર વધ ભેટ ભકત જે કરિયજી ।૧૩૨।
કો સમે કો વૈષ્નવના મનોરથની સંભલાવે ગાથજી
રાજ તે વિનંતી અમુકો વૈષ્ણવના મનોરથની જે વાતજી ।૧૩૩।
શ્રીજી પણ શ્રી મુખથી આજ્ઞા આપે સુણી વરતાંતજી
સનમાને સતકાર કરિયને ટાલે મનની ભ્રાંતજી ।૧૩૪।
કો સમે પોતેથી કહે માહા પ્રભુ શ્રીમુખે અધિકારીયનેજી
આજ્ઞા કરે કરવી જે હોએ નિજ ઈચ્છા ઉર ધરીયનેજી ।૧૩૫।
પછે આપ અધિકારી તે દંડવત કરિયને ઉઠેજી
ઘેર આવે છે હવેલીમાં ભગવદી કો તે પુઠેજી ।૧૩૬।
માહા પ્રભુ પોઢયાં સુપેદી શ્રીમુખે સમયે તે ઉપરાંતજી
નિજ સેવક સું સંમત રાખી નિપટ થએ એકાંતજી ।૧૩૭।
કરવટ જોઈનેતે સમે શ્રીમુખ સનમુખ આવીજી
દંડવત કરીયને ઉભા રહયાં તે વિનંતી હિત ચિત્ત લાવીજી ।૧૩૮।
માહા રાજાધિરાજ કહિયને બોલે સેજ નિકટ તે ભકતજી
શ્રીજી સુપેદી ભિતરથી તે ઉત્તર આપે અવ્યકતજી ।૧૩૯।
કોન હે એમ ઉચાર કરીને ત્યારે તેહનું લે નામજી
મનોરથની વિનંતી કરે રાજને સુણીયે તે પુરણ કામજી ।૧૪૦।
શ્રીમુખથી સુપેદી પહેરી કરી દીધુ દર્શન દાનજી
નયણ ભરી શ્રીમુખ નિરખીને કહિયને જીવન પ્રાણજી ।૧૪૧।
શ્રીમુખે કહે કહો કહા કહેત હો મનોરથ કોન કહા વાતજી
વિનંતી કરિયને તે ભકત કહે છે મનોરથ તણું વૃતાંતજી ।૧૪૨।

તેહ સુણી સતકાર કરિયને કરે તે સમાધાનજી
પુછે છે સહુ વિગતે તે કરિયને કરિય બહુ સનમાનજી ।૧૪૩।
એકસું સુણી અવસ્ય કહીયને આજ્ઞા આપી તેહનેજી
શ્રીમુખ ઉપર લીધી સુપેદી ફુલ થૈ મન એહનેજી ।૧૪૪।
દંડવત કરિયને ઘેર પલાએ ફુલ્યા આવે ઘેરજી
વિવિધી ભાંતે મનોરથ પુરણ થયા તે બહુ પેરજી ।૧૪૫।
શ્રીમુખ નિરખ્યું એકાંતે આવી અને વલી વિનંતી કરીયજી
માહા પ્રભુ સતકાર કરી કરી ફરી પુછ્યુ ચિત્ત ધરીયજી ।૧૪૬।
ઉત્તર પ્રતિ ઉત્તર બહુ પેરે થયા તે તેણી વારજી
નામ સુણી શ્રીમુખે ફરી બોલ્યા એણી પેર ફુલ ન પારજી ।૧૪૭।
થયુ એકાંત તે નિવારણ મંદિર માહા પ્રભુ પોઢયા સેજજી
નિકટ સેવા વર્તી દાસ તે સેવા હિત ચિત્ત હેજજી ।૧૪૮।
ધ્વાર ઉભય માંગલ્ય કર્યા જતને સાચવી સાંકલ ત્યારેજી
ટેરા પરદા કરિયને પોતે ખવાસ મન વીચારેજી ।૧૪૯।
સેજ નિકટ રહે પ્રભુ પોઢયા પછી સંપૂર્ણ નીશી જાગેજી
સેવા અર્થે રહે તે સમય વાત્સલ્ય ભાવ અનુરાગેજી ।૧૫૦।
ગોપાલદાસ સુતારનીશા જાગે સમયેજી
તત્પર રહે ચિત ચોંપે કરી નિંદ્રા નયણે ને ક્ષીપજી ।૧૫૧।
માહા પ્રભુ મધ્યે જાગી પુછે કો સમે રાત્ર અનુમાનજી
નક્ષત્ર જોઈ અને કહે તે વેલા હોએ તેહ પ્રમાણજી ।૧૫૨।
લઘુ શંકાને કો સમે ઉઠે માહા પ્રભુ સેજથી જયારેજી
ઉઠી પધારી ફરીય પધારે તત્પર રહે એ ત્યારેજી ।૧૫૩।
નહી તો સેજ સમયે બેઠા રહે સંપૂર્ણ રાત્રજી
તન મન ધન મનસા વાચાએ સમીપ રહે સદપાત્રજી ।૧૫૪।
કો સમે કો રસપાત્ર મનોરથી ઘરીયને આવ્યા જાણેજી
ત્યારે રહે છે ખસીય અન્યત્ર તે વાત્સલ્ય ભાવ ઉર આણેજી ।૧૫૫।
ભાગ્ય સોહાગવંતા જે મનોરથી ઓટે આવ્યાં રહીયજી
તેહ તણો તે પ્રસંગ હવે આગલ કહેસું ઉમહીયજી ।૧૫૬।
નાતાર વિનંતી અનુભવી મહેદને વારંવાર તે ચરણેજી
અનુભવ દાન તણી પ્રાર્થના પ્રભુ ચરિત્ર અનુકરણેજી ।૧૫૭।
જમનાસુવન જે વલ્લભદાસ છે ભાણેજ તે પરસરામજી
તેહો તણે મનોરથે એહ મનોરથ ઉપજો તેને અભિરામજી ।૧૫૮।
ઉપજાવ્યો તે પુરણ કરશે એ નિશ્ચય મન વિશ્વાસજી
દીન દયાલ શ્રી ગોકુલપતિ પુરણ કરશે એ આશજી ।૧૫૯।

એ માંગલ્ય પૂર્ણ

શ્રી શ્રી શ્રી શ્રી શ્રી

માંગલ્ય - ૫૫

શ્રી શ્રી ગોકુલેશો જય જયતિ એ માંગલ્ય પંચાવનમું લખીયે છે
॥ જાત ॥ રથ આગળ ભકતની ભીડમાંયી

કરિય નમન મમ મહેદ ચરણે પ્રકાશ ધરી વલ્લભ ચરિત્ર નિરખ્યાની આશ ।૧।
ફરીય દાન એ વિનતી કરી માંગુ દીન ભાવે આરત ભર્યો ચરણે લાગુ ।૨।
કર્યું દાન સનમાને છે બહુ રીતે લખ્યા ઘોલ છે ચાર તે અનુભવીય રીતે ।૩।
અનુભવીયે અનુભવ તણો કરિય પ્રકાર લખ્યો મન તણે ગમે તે તે કરિય વિસ્તાર ।૪।
ઘોલ પચાસે કરી તે ચરિત્ર નાથે સ્વરૂપ વર્ણન માંહે લખીયુ છે સાથે ।૫।
અનુભવ અનુભવીયો છે જે રીતે કર્યુ સુચન તે ઘોલમાં ગમતી પ્રિતે ।૬।
તેહ તણી છાહયા લેઈ ઘોલ ચાર લખ્યા અનુભવી દાનથી તેહ પ્રકાર ।૭।
થયા ચોપન ઘોલ તે એહ રીતે હવે આગલ મનોરથ ધરૂ પીત પ્રિતે ।૮।
અનુભવી તો અનુભવ એક કીધો શ્રી વલ્લભ સ્વરૂપનો નિત્ય ચરીત્ર જે અર્થ સીધો ।૯।
કહયું સર્વ વીશદ કરી ધરીય મન અનુભવનો પ્રકાર સહુ આણી મન ।૧૦।
તે પિઠીકા મેં પણ ભાવ ધરી કર્યા ઘોલ ચાર ઉચ્ચાર કરી ।૧૧।
હવે આગલ મમ મનોરથ છે એહ કરૂ શ્રી વલ્લભ ચરિત્ર સુચનીકા તેહ ।૧૨।
પ્રભુ પ્રાતઃથી ઉઠીને નિત્ય ચરિત્ર પોઢતાં લગી કહયુ સહુ અતિ વિચિત્ર ।૧૩।
હવે રજની સુખસેજે પોઢયા રસાલ નિરાવરણ થયું રહયા ઓટે રસિકા બાલ ।૧૪।
અહીં લગી કહયો પ્રસંગ પ્રગટ પ્રકાર થયા ઘોલ પચાસને ઉપર ચાર ।૧૫।
હવે આગલ અનુક્રમે રસ ચરિત્ર કરે શ્રી ગોકુલપતિ અતિ વિચિત્ર ।૧૬।
પુરશે મનોરથ રસપાત્ર કેરા પ્રિયને કરી વલ્લભ વલ્લભ નેરા ।૧૭।
પોઢયા વલ્લભ વર સુખ સેજ રસાલી તે નિરખે છે પોઢે રહયાં રસિક વાલી ।૧૮।
નિરાવરણ થએ ઓટેથી રસિયા આવે સખી સંગ ગોરી ભર્યા એકે ભાવે ।૧૯।
મન ગમતા મનોરથ ધરીયા પ્રિતે આવે રસમદ ભરીયા છે રસની રીતે ।૨૦।
ડગ ભરે તે માન મદ ગર્વ સાથે ઠમકાવતા નેપુર કંકણ છે હાથે ।૨૧।
આવ્યા ક્રમ ક્રમ ચાલીને સેજ સમીપે દંડવત કરી ઉભા રહયાં કામ ઉદીપે ।૨૨।
ઉભા સેજ નિકટ લેઈ રસના સાજ ધરીયા ચોકી પરતે સહુ ઉપયોગ કાજ ।૨૩।
ઉભા બેહુ જણ નિરખે છે નેન હરખી પ્રભુ પોઢયા સુખસેજ પર નયણે પરખી ।૨૪।
બોલ્યા તેહ સમય સખી કહિયને રાજ માહારાજાધિરાજ કહે મહેલી લાજ ।૨૫।
ફરી ફરીયને કહે છે તે વાર ત્રણ મધુર મધુર વચને પ્રભુ ઘેરી કર્ણ ।૨૬।
હુકારી દેઈ ઉચ્ચાર એ કોન હૈએ રાજ ચરણ છોવાના મનોરથ છેએ ।૨૭।
હાં આઓ આઓ કહી સુખથી સુપેદી કરી પરીય શ્રી હસ્તે મુખથી ।૨૮।
જોઈ આનન યુવતિ તણું મન ફુલ્યા યુવતિ કરિય કટાક્ષ નયણે ન બોલ્યા ।૨૯।
નયણ સનમુખ કરિયને ફરીય દુરાવે ત્રીકુટી મેલીયને ભ્રકુટી ભાવે ધ્રુજાવે ।૩૦।
શ્રી હસ્તે સુંદરી તણું તે વસન ગ્રહયું નયણ જોડી કટાક્ષ કરી વચન કહયું ।૩૧।

ત્યારે સખી ઉચર્યા હવે વિનતી કીજે	દંડવત કરી વલતુ રાજ ગમતું કીજે	૧૩૨૧
કાહેકુ તુમ જાત આયે સંગ સંગ	સંકુચત હો કાહેકુ દોઉ એક સંગ	૧૩૩૧
જી રાજ કહો છો ખરૂ પણ એહજ મરમ	સોપવાસ લગી સાથે હવે જાઉ ધર્મ	૧૩૪૧
એમ સખીય વિનવે તે મનુહારે સાથ	રાજ ગ્રહીયે જો ગમતુ એ રતન હાથ	૧૩૫૧
મુહને કાજ એટલું જ હતું તે રાજ	આજ્ઞા માગુ હવે જાવા મુહને ઘર કાજ	૧૩૬૧
એસી કહેત હો કાહેકું તુમ રહો હુ પાસ	દર્શન કીધુ મેં હવે એહોની પુરો આશા	૧૩૭૧
ઈહાં સંકોચ કોને તુમ એક રંગ	જી રાજ સત્ય કહો છો સહુ એક રંગ	૧૩૮૧
પણ એ સમયનો છે તે એહજ વિચાર	માટે આજ્ઞા તો દીજેજી વિનતી બહુ વાર	૧૩૯૧
આએ એકઠાં રહીએ એક સંગ	એમ ઉત્તર પ્રતિ ઉત્તરના પ્રસંગ	૧૪૦૧
કરે મનુહાર મીઠે વચને તે બોલી	પ્રભુ પણ કરે મનુહાર અંતર ખોલી	૧૪૧૧
પછે દંડવત કરી વલ્યા ગોરી	સોંપી પ્રિયને પ્રિય ગમતા કીશોરી	૧૪૨૧
કરે મનુહાર મધુરે મુકીને જોટ	આવી રહયા સખી ગોરી નયન ઓટ	૧૪૩૧
જુએ યુવતિ વલ્લભ તણું રૂપ નિહાલી	વલ્લભ સેજે સમિપ તરૂણી રસાલી	૧૪૪૧
આવી ઓટ રહયાં સખી સાથથીય	વ્હાલે કર કમલ ગ્રહયો હાથથીય	૧૪૫૧
ઉભા સુંદરી સેજ સમિપ કીધો	સર્વ સમાજ રતિ રસિકનો સંગ લીધો	૧૪૬૧
ભાવ હાવને ચાવ કટાક્ષ રોધ	આરત આતુરતાને અભિલાખા નિરોધ	૧૪૭૧
તરક ટોકને ચોખ ચિત્ત ચતુરાઈ	આગ્રહ માન ને મૃદુલ તાઈ	૧૪૮૧
નવલા નવ રસ ભરી શ્રંગારે શ્રંગારી	ભુષણ ભાવતા વસ્ત્રને જારી બજારી	૧૪૯૧
મનોરથ પરમારથ સ્વારથ જેહ	વલી આશ સુવાસ પ્રકાશ નેહ	૧૫૦૧
ચિતવનીયા ગર્વીત અને નયણે મિલાપ	લાજ લાલચ લોન સકુચ આલાપ	૧૫૧૧
નીર્લજજતાઈ દીઢાઈ સનમાન	સંગદાન દયા ચાતુર્યતાઈ અંગ અભિમાન	૧૫૨૧
હિત વનીય વચન મીઠા મનોહર	ખંડીતા રસ રાસને જીજી અકાર	૧૫૩૧
.....	.....	૧૫૪૧
મંજુલ હાસ્ય મધ્યન હાસ્ય અટાટી	દીર્ઘતાઈ અને દીનતા વલી ઉચાટ	૧૫૫૧
રૂપ સ્વરૂપ અનુપ છે વાત્સલ્ય સમિપ	સેવા વાત્સલ્ય આદર સાદરજીત	૧૫૬૧
આનંદ મોદને હરખ સોહાગ ભાગ	વીહીત અણ વીહીતને રમણ રતિય તણો તે રાગ	૧૫૭૧
નાતકાર સતકારને નમણતાઈ	સચિકણતાને રૂક્ષતાને ઐકયતા સહસતાઈ	૧૫૮૧
નિર્લજજતાઈ નિર્બલાઈ સબલાઈ પૂરે	સાચુ જુઠુ કાતર પણું હારંદ્ર સુર	૧૫૯૧
રાજસ તામસ અને સાત્વિકના પ્રકાર	નિર્ગુણ જ્ઞાન અજ્ઞાનતા પ્રથમ વિચાર	૧૬૦૧
પ્રૌઢા પ્રાગલ્ભ મતિ વતિ રીત સાથ	નવોઢા કૃતી આકૃતિ સાથ સાથ	૧૬૧૧
આગ્રહ આલસ ફાલ ભય ભેદ કંપ	શીથતલાને ધ્રુજ ગદગદને સંપ	૧૬૨૧
રૂચી અરૂચી લાવણ્યને સુચી અતાઈ	સંભાલ અસંભાલને નિંદ્રા જંભાઈ	૧૬૩૧
રસપાન ઈચ્છાને પરીછાને ભોગ ભકિત	વિસ્મારક સ્ફુરણા પ્રબલતાને છે આશકિતી	૧૬૪૧
પ્રમાદ વિવાદને સ્વાદે સંકેત	ધિર અધિર ને બહુ રચને ગુઢ હેત	૧૬૫૧
રતી તણાં સહુ ભેદ છે કૌતિકે જ્ઞાત	આલીંગન અને ચુંબન રહસ થાત	૧૬૬૧
રોમાંચિતને વલી કોપ કાપટય રોષ	બાહાજય અંતર રતી પ્રતિ અતિ સંતોષ	૧૬૭૧

નાટયક નિત્ય વિપરીત છે પ્રિત રીત	સોંધો અરગજો પુષ્પની માલા પ્રતિત	૧૬૮૧
બીડા ભોગ સંયોગ ઉપયોગ રીત	ક્રીડન ભીડન પીડન છે કલ ગાન ગીત	૧૬૯૧
મુર્છા સ્થિર સ્વર ભંગતા સ્વારથી પ્રલાપ	આગલ ખેલ વિહાર દ્રીઢ કંપાત	૧૭૦૧
વાહન રચના રતિ શબ્દ છે મંદ મંદ	લોલ અકોલ કલોલ ને રંગ છંદ	૧૭૧૧
ઉમંગ નિર્ભય નિશંક અંક સંક ફંદ	રૂદન વિકલ તાઈ ફુલ અનુકુલ બંદ	૧૭૨૧
ગુણ અગણ સગણ રૂપ સ્વરૂપ	જોબન ઝયોત ઉધ્યોત રસ કુચ કઠોર અરૂપ	૧૭૩૧
અધર અરકત ભુઅ નયણ નૃત્ય	સોહે ગાલ રસાલ રસના અમૃત	૧૭૪૧
નાભિ ગંભીર કટી છીન રંભ ખંભ	રથ નિતંબ ને પદકમલ પદ કમલ કૃતસ કદંભ	૧૭૫૧
ચિબુક દંતને ભાલ પર બેંદી સોહે	છુટા કેશ નાસીકા મુરલી મોહે	૧૭૬૧
કરણે ભુષણ ભરીયા કર કંઠ પાગ	મન જન અંજન રંજન સંગ સોહાગ	૧૭૭૧
વદન પ્રસન્નસું નયણે જોડે	મુસકનીય મન છંદસું વદન મોડે	૧૭૮૧
એણી પેરે સુંદરી ઉભા શ્રીમુખ નિહાલે	મુસકનીય ભૃકુટી ત્રીકુટીને ચાલે	૧૭૯૧
રતી રમણ સમાજને ઉભા લેઈ	કયાં લગી કો જાણી શકે ઉછાહ થઈ	૧૮૦૧
અંગ અંગે પ્રતિ અંગે સંગ રંગ ભિન્ન ભિન્ન	કહીં પ્રગટને પ્રત્યક્ષ કહી પ્રછન્ન	૧૮૧૧
રસ ઉદબોધક સર્વ સમાજ એહ	રસિક સ્વરૂપ ચૈતન્ય છે તેહ	૧૮૨૧
મનોરથ ઘરી ઘરીયને ગુઢ આશ	ઉભો સેવા અર્થ સહુ થૈ થૈ પ્રકાશ	૧૮૩૧
આવ્યુ ઉપયોગ એ સંજોગ સમે	લીલા રહસ્ય રમણ તણી જે વ્હાલો રમે	૧૮૪૧
જે જે સમય કરે સુરત્ય સુરત્યેય નાથ	તેહ સમય તણી તત્પર નામી માથ	૧૮૫૧
બહુ સ્વાદ સંયુકત આવે ઉપયોગ	વ્હાલો રીઝીને દાન દે સમે સંયોગ	૧૮૬૧
ઉભય સ્વરૂપ રમણે કરે અંગીકાર	અગણીત આનંદસું કરે સતકાર	૧૮૭૧
એહ સમાજ એહ સમયે સેવાને કાજ	નાયકા નવલ પ્રતિ અંગ અંગ રાજ	૧૮૮૧
એક રસિક સમાજની એહ સેવા	એહ સમય તત્પર સદા સમિપ રસદાન લેવા	૧૮૯૧
એહવા અનેક સમાજની ભીંડ સંગ	ઉભા સેજ સમીપ આતુરતા અંગ	૧૯૦૧
શ્રી વલ્લભ કરમાંહે કરતે ગમતે	રતી રમણ રસ ઉભય રસ માંહે રમતે	૧૯૧૧
પ્રિય પુછે પ્રિયાને પ્રિયા ન બોલે	નયણ જોડી મુકાય પણ અંતર ન ખોલે	૧૯૨૧
કરે મનુહાર વ્હાલોજી વચન મીઠે	જુએ ઓટે રહયાં સખી દુરીય દીઠે	૧૯૩૧
ઉભા ભામીની માન વસ કર શ્રી કરમાંહાં સોહે	હાવ ભાવ કટાક્ષે કરે પ્રિય મન મોહે	૧૯૪૧
શ્રી કર માંહેથી નિજ કર કરે મુકાવે	જોડી નયણ મોડી ભ્રુઅ ગ્રીવા ડોલાવે	૧૯૫૧
કરે હઠ અને અંતરે મૃદુલતાઈ	ભ્રગુટી બંક ને નેત્ર માંહાં આતુરતાઈ	૧૯૬૧
મુખે માન ને અધરે આનંદ હાસ્ય નાતકાર	છે શીષ સું ચિત્તે ચંચલ વાસ	૧૯૭૧
શ્રી વલ્લભ નાયક કોટી કલા નિધાન	ઉઠી બેઠા થઈ સેજે કર્યો આદર માન	૧૯૮૧
બેહુ કર ગ્રહી પ્રિયે પ્રિય ચુંબન લીધાં	આવ્યા હાસ્ય રસ માંહે ત્યાં રસ સમીપ કીધો	૧૯૯૧
સેજ પર સુંદરી લીધા છે હાસ્ય સાથ	આવ્યા મૃદુલતાઈસું પ્રિય લીધા બાથ	૧૧૦૦૧
પ્રિય ઉચર્યા મધુર મધુર વયણે	જાવા દીજે એ વિનતી કહે એ નમીત નયણે	૧૧૦૧૧
વ્હાલો પુછે કહો તુમ આપે કોન કાજ	આવ્યા દર્શન કરવા એ સમય રાજ	૧૧૦૨૧
આવે દર્શન કાજ સો તાં ભેટ લાવે	તુમ કહો કહા લાવે હમ ભેદ પાવે	૧૧૦૩૧

ભેદ તો ભેદી રહયુ મન મન તેહનો લીજ રસ વસ સરાજને હવે શું કીજે ।૧૦૪।
તન મન ધન સહુ રાજને હાથ વહેલું દર્શન કરતાંથી સોખ્યુ છે પહેલુ ।૧૦૫।
એણી પેરે ઉત્તર પ્રતિ ઉતર છે થાયે ઉભય સ્વરૂપ સેજ એકે બેઠા સોહાય ।૧૦૬।
પ્રભુ નિરખતાં મન ઘરે ભુષણ અંગે ત્યારે માનીની મૃદુ વચન તે માન સંગે ।૧૦૭।
ખંડીત કહે અને રસને છે મંડે પ્રિય પ્રિયસું ભુષણ અડતાં મુખ વચન છંડે ।૧૦૮।
રાજે જે રસ જોયા તે આંહાં કયાંહાં માહા રસ સ્વરૂપસું પૌગંડ માહા ।૧૦૯।
પ્રથમ રસ તણાં પોતે ગૌર ગૌર તેહનો નહી આંહાં કયાં રાજ ઠોર ।૧૧૦।
ગઢે પધારીને દીઠા તણી જેહેરીઘ તેહ સમય અહી કયાં રાજ રસિક નીધ્ય ।૧૧૧।
રાજ રસિક બહનાાયક છોજી દક્ષ રાજ રીઝે તે આંહાં નથી ભાગે લક્ષ ।૧૧૨।
નાગરી નિપુણ જાણે જે રસનીય રીત જેણે દેખાડયો મારગ પ્રથમ પ્રિત ।૧૧૩।
ને સંજીવની દીઠા જે સુંદર રૂપે પરમ રસિક નિપુણને રીઝ સ્વરૂપે ।૧૧૪।
તે તાં આહાં નહી માહારાજ કાં એ ભુલો તે ભેરાસો મન ઘરવો નહી વ્રથા ડુલો ।૧૧૫।
વલી રાજ રાજનગર પાઓધારી કીધો પ્રદેશ ત્યાં જોયા રસ પાત્ર જે એક એક સુવેસ ।૧૧૬।
કુંઅર માન શ્રૃંગાર શ્રૃંગાર રૂપ કાજલી ત્રીજને રતી જગે જે દીઠા અનુપ ।૧૧૭।
સુણી માહા પ્રભુજી મુખ ઉચરે વયણ એસી કહેત કાહેતે ચીતવીજી નયણ ।૧૧૮।
જે રસ સ્વાદ પૈયત હમ તુમ્હારે સંયોગ સો હમ દેખ્યો ન પાયો હૈ તીન લોક ।૧૧૯।
કરી વાત રસે પ્રભુ કુચને પરસે દેઈ ચુંબન ગાલને સ્વરૂપ દરશે ।૧૨૦।
કહે કામીની વચન મધુર મિઠા હવે એટલેથી રહીએજી રાજે જે દીઠા ।૧૨૧।
તે સમાન રસ પાન અહીં નહીય રાજ અમો અબલા બલહીન ને રાજને બલીયા કાજ ।૧૨૨।
ગોરી સાંભલીને વલી ફુલ જેહ દીઠા રાજ ખંભાતમાં આહાં ન તેહ ।૧૨૩।
કહે કામીની વયણ શ્રવણ સુણી કરે માહા પ્રભુજી મનુહાર ઘણી ।૧૨૪।
તુમ તે આજલો કોઉ દેખ્યો ન પ્રિય ઈહ પ્રિયત્વ રાખ્યો હમ ન્યારો કીયે ।૧૨૫।
તુમ્હારે લીયે અરૂ તુમ એસી કહો નયણ નમીલા એ કાં ન ઉચે ચહો ।૧૨૬।
વ્હાલો ઉભય કપોલ ગ્રહી ચુંબન દીધુ ત્યારે માનીની માન વચન પ્રગટ કીધું ।૧૨૭।
રાજ એવડો શીદ સંકોચ આણો રાજ બહુ નાયક છો રસ સર્વ જાણો ।૧૨૮।
રાજે દીઠા છે પરમ સુંદર જે કોડ તે તો આંહાં નહી કોએ તેહોની સંઘોડ ।૧૨૯।
તે સહુ પ્રેમના પાત્રને ગાએ રસાલ માહા ભાગ્યવાનને ચાતુર બાલ ।૧૩૦।
અનાબાઈ અને કુંકાજી માંહોલો સ્નેહ વલી બડે ખંભાલીયે નવલા જે દીઠા તેહ ।૧૩૧।
કીધો અંગીકાર છે અતિ પ્રેમ સાથ તે કયાં પામો રાજ આહાં જે નાખો હાથ ।૧૩૨।
કાઠીયાવાડમાં કૈયારીને બાવરા ગામ ત્યાં જે ભાગીરથી ફુલબાઈના નામ ।૧૩૩।
રહયા સાત દીવસ ત્યાંહંના ગીધા તે કયાં રાજ આહાં સ્વાદ જે ત્યાંહાં લીધા ।૧૩૪।
એસે કહેત કયો તુમ સુનો હો વાત તુમ હો રસ રૂપ એસે કયોં રૂખાત ।૧૩૫।
એમ કહીને કર સ્પર્શ કીધો ઉરોજ થયો રસ તણો ઉભય મનોરથે કામ ચોંજ ।૧૩૬।
દેખત દીજેજી ભુષણ જો અંગ સંગ ત્યારે કામીની બોલીયાં વચન વ્યંગ ।૧૩૭।
રાજની એ તો બાણ્ય નિદાન જાણી આવે દર્શનને તેને ચિત્ત આણી ।૧૩૮।
કરો મનનું માન્યુ રાજ રસમતત્ત થઈય અમો અબલા આધિન રાજ આનંદમઈ ।૧૩૯।

રાજ રાજ પાટણ મધુઆજી ઘેર	જમુના રસ પાત્રથી બહુ પેર	૧૧૪૦૦
તે આંહાં સુખને નહી રાજ ક્ષમા કીજે	બડી અવાર થઈ અમને ઘેર જાવા દીજે	૧૧૪૧૦
તુમ અબ જાઓ કેસે મન વિચારો	ઈહાં આવે સો જાય નહી એ બીરદ હમારો	૧૧૪૨૦
એણી રીતે પૌધારીયાં ગામ ગામે	અનુભવ કર્યો રાજે તે આંહાં ને ઠામે	૧૧૪૩૦
વડગામે માહારાજ પોધાર્યા જયારે	સંતદાસ ઘેર કૃપા કરીયને ત્યારે	૧૧૪૪૦
દિન પાંત્રીસ સુધી થઈ અને અનુરકત	પરમ સુંદર સુંદર પાત્ર ભકત	૧૧૪૫૦
મનોરથ મન પુર્ણ તેથીય થયા	તે તો આંહાં કયાં રાજ હવે કીજે દયા	૧૧૪૬૦
એહ વચન સુણીયને વ્હાલો એમ કીધું	કરી છલબલ મુખ ચુંબન દીધું	૧૧૪૭૦
કર્યું અધર તણું છે પાન પ્રિતે	લીધા ભામીની ભાવસું અંક રીતે	૧૧૪૮૦
જુએ અંચલ આઘો કરી અધર રંગ	ત્યારે કામીની બોલે વલી વચન વ્યંગ	૧૧૪૯૦
ચાંપા વરણી તણું જુથની નિહાલી	કમલા મુખીનું સ્વરૂપ નયણે સંભાલી	૧૧૫૦૦
કનક હારે જડયા વલી રત્ન પાંત	વસી રહયાં હોએ મનને ભુષણ ભાંત	૧૧૫૧૦
સહેજ વ્હાલ મન હોએ જયાંહાં આઠે જામ	નાહ નીકીસમ નહી અહમે તણખલા ઠામ	૧૧૫૨૦
સર્વસ ધન રાજનું રાજ તેહને	રાજ કૃપા કરો તે રસદાન જેહને	૧૧૫૩૦
પાઓધારતા બાગ જે ભાગ્યવાન	રહે મારગમાં જે તેહને રસના દાન	૧૧૫૪૦
બોલાવો રાજ રાજ તેહને દેઈ માન	ડેરામાં રમણ પ્રિય કહો કૃપા નિધાન	૧૧૫૫૦
વલી બાગમાં દાનની હોએ વૃષ્ટિ	ધન્ય ધન્ય ધન્ય તેહ છે રસિક શ્રૃષ્ટિ	૧૧૫૬૦
આવે રસ તણાં પાત્રના જુથ સંગ	હોએ મનોરથ પુરણ ઉભય અંગ	૧૧૫૭૦
ત્યાં લીલા હોએ ફુલના બાગ તણી કયાં લગી	કહું તેહોના ભાગ્ય તણી	૧૧૫૮૦
કરે મનોરથ રાજનો રાજ તેહોના	તેહતો નહી આંહાં રાજ ભુલો કેહોના	૧૧૫૯૦
રાજ થકી બચી કો મારગ નેહ	માહારાજાધિરાજ જશ દાન ગ્રેહ	૧૧૬૦૦
રાજ સમ નથી આ જુગે જુગ જુગે કોઈ	એમ કામીની વચન રચના સુણી સુણીય કોઈ	૧૧૬૧૦
મુખે મલકલી બોલે વયણ	વ્હાલો વદન કમલ ગ્રહી જોડી નયણ	૧૧૬૨૦
કહા વચન અમૃત હુ તે લાગત નીકો	પરમ પ્રિય વસ્તુ કો પ્રિય સકલ જીકો	૧૧૬૩૦
ઓર કછુ કહેનો હોય સો નરાખો મન	એ અબ હમકુ દો દાન હંસી પ્રસન્ન	૧૧૬૪૦
દાન તો સહુ છે જી રાજ પાસ	અમોતો દાન પાત્ર છે રાજની આશ	૧૧૬૫૦
સર્વ સમાજના રાજ છોજી દાન ભરણી	પણ રાજના ચરિત્રની નહી જાયે વરણી	૧૧૬૬૦
રાજ પધારો ઠાકુર દ્વાર જયારે	ભકત જુથ જુથને લેઈ સંગ ન્યારે	૧૧૬૭૦
ભકત ભાવતા સહુ સંગ સહુ રંગે આવે	શ્રીમુખ નિરખતાં હરખતાં વલીય ભાવે	૧૧૬૮૦
વલી ભકત જે દાદી એ ભાગ્યવાન	ઘોડા સંગ પહોંચે રંગ ભરીયાં દાન	૧૧૬૯૦
વલી મોજા ઉતરાવોજી તેહો પાસ	ઘરી સ્કંધે નિજ ચરણને કરિય હાસ્ય	૧૧૭૦૦
એહવા રસતણાં અનુભવ અનેક રાજ	ગોપ્ય પ્રગટ બહુ ચરિત્ર છે રાજકાજ	૧૧૭૧૦
વલી વસંતનો ખેલ ખેલી પુલીન	નિજ ઘેર આવતા ગલીય મારગ પ્રવિણ	૧૧૭૨૦
લક્ષ લક્ષા વીધી લક્ષ્મી રૂપવંતી	રાજ રસ તણી પાત્રની નહીય અગણીત	૧૧૭૩૦
કયાં લગી રાજના ચરિત્ર રીત	તે કહી સંકુચી રાજ કરિયને પ્રતિત	૧૧૭૪૦
આંહાં તે રસ નહી જેહ રાજ ઈચ્છો	થોડા માંહાં ઘણી વિનતી કરૂ છું પ્રિછો	૧૧૭૫૦

રાજ ચતુર સુજાણ પણ અહીંય ચુકો	તેહવા રસ આંહાં કયાં રાજ વેગ મુકો	૧૭૬૫
હવે થાએ અવરેને ઉઠવું વેગ	ચારમો ઘેર વુ રાજ થાઓ રસિઆ ભેગ	૧૭૭૭
સુણીય વચન રસિયા તણાં પ્રેમે લીધા	ભરી અંક નિશંક ને હૃદય કીધા	૧૭૮૧
રહી અંગ અંગ સંભાલ ન અણું માત્ર	રસવેસ આધીન થયા ઉભય ગાત્ર	૧૭૯૧
ચુંબનાદીકે ઉભય પરસ્પર નિરખે	નયણે નયણ જોડીને મન અતિ હરખે	૧૮૦૧
ફરીય અધરમું પાન મથ મય જગાવે	કર કમલે કુચ ગ્રહી જાતકાર કહાવે	૧૮૧૧
કર્યું અધરામૃત દાન રસપાન જુકતે	ઉભય દીશથી વિવાશથી થયા રમણ ઉકતે	૧૮૨૧
પંચ બાણે વેધાયાં વનીતા તણાં તે તન	પંચ હાવે કીધા છે મલી મલીય પ્રસન્ન	૧૮૩૧
બીડા પરસ્પર આરોગ્યા છે ચાવ કરીય	બેઠા ભુજે ભુજ સ્કંધે તે ઘરીય	૧૮૪૧
એક એકનું ભુષણ સમ શ્રંગાર	આવ્યા હાસ્ય રસ માંહાં ઉભય વિસ્તાર	૧૮૫૧
એક એક પર મન માંહે કરૂણા આણી	અંગ અંગ ને ઉરે ઉરે આરત જાણી	૧૮૬૧
ભરીયા ક્રોધ રતી બોધ ઉદબોધ બલ	અંગ અંગ આયુધ થયા ચપલ	૧૮૭૧
પ્રગટયા ચિન્હ ભિન્ન ભિન્ન સહુ અંગે	રસ રૂપ સ્વરૂપ થયા રમણ પ્રસંગે	૧૮૮૧
થયા રસ સહુ સિધ્ધ સેવાને અર્થ	ઘરી ઘરી મન મનોરથ બહુ સ્વાદે સમર્થ	૧૮૯૧
લીલા મધ્યપાતિ સુજાતિ જેહ	ઉભય દિસ થકી ઉભરી આવ્યા તેહ	૧૯૦૧
અગણીતાનંદ આનંદ સંગે	રસ રૂપ અનુપ ઉછલીત થઈ અંગ પ્રત્યંગે	૧૯૧૧
ઉભય ધીર રસ માંહાં આવ્યા રસિયા	રસના તરંગ ઉમડયા અતિ હુલસીયા	૧૯૨૧
કરી રતીચાર પછી પાંચ જેહ	આલીંગનને ચુંબનને કુચ પીડ તેહ	૧૯૩૧
નટ નાટક રીત અંગ પ્રત્યંગે વાલી	રચી રચી આસન હંસી હંસીય નિહાલી	૧૯૪૧
ચુંબન અધર રસ પાન કુચ પીડ	ક્રીડ મસકની અંક વંક કટીલંક પ્રીડ	૧૯૫૧
નખાક્ષત ક્ષત દસન વસન અંગ	ભુષણ કેશ સુદશ સહુ સકલ રંગ	૧૯૬૧
નાતકાર સતકાર ઉચાર ભંગ	રોમાંચીત ને રૂદન કંપ પ્રસ્વેદ અંગ	૧૯૭૧
ઉભય સંગ મન લગ્ન નિમગ્ન રમણે	કૃપા સ્નેહ સમિપ ઉભા વામ જમણે	૧૯૮૧
દીઠા સ્વરૂપ ઉભય રસ ચઢીયા સુર	લીલા રસે અતિ વિવશ રહિત સ્ફુરણ ચુરા	૧૯૯૧
એહોના સ્વરૂપને છે અનુભવીય જાણે	મતિ ગતિ મંદ અનુભવ વીણ સું વખાણે	૨૦૦૧
રસ રસ રમણ માંહાં રસ વસ બેહુ સ્વરૂપ	આવ્યા અગણીત આનંદ ઉભય એહ સ્વરૂપ	૨૦૧૧
કલોલ લોલ અલોલ	મધ્ય મધ્ય તાંહાં કામીની મધ્યમ બોલ	૨૦૨૧
ભુષણ શબ્દે કરી કરે જય જય પ્રકાર	કલ ગાન જુત કામીની મનોહર વિહાર	૨૦૩૧
શ્રંગાર હાસ્ય કરૂણા રસ રૌદ્ર વીર	રસ અંગીકરી વ્હાલેજી હરી પીર	૨૦૪૧
ઉભય સ્વરૂપે રમણમાં આદ્રસ્ય જોઈ	ત્યારે કામીનીજે અંગ રૂપ જોઈ	૨૦૫૧
દીઠા ચીન્હ ગતિ ભિન્ન અંગ અંગ	રંગ ઉત્પન મન હરખ ભય એક સંગ	૨૦૬૧
ફુલ પ્રાપ્તિ સેવા સમિપ મારગ વીહીંગ	રતી રણ રસ યુધ્ધ તેણે પ્રસંગ	૨૦૭૧
થયુ શીથલ અંગ અંગ આરત નવીન	પોઢયા સેજ પર સુંદરી છબી નવીન	૨૦૮૧
નિર્ભય રતી રણ યુધ્ધમાં આવ્યા જયારે	નખાક્ષત દંતાક્ષત જયાંહાં ત્યાંહાં ત્યારે	૨૦૯૧
અંગ સંગ રંગ ભંગ વ્યાકુલ ચિત્ત	ગુરૂજન તણો ભય ઉત્પન અત્ય	૨૧૦૧
કરી વિનતી રાજ ક્ષમા તે કીજે	હવે કહયું દાસી તણું તે માની લીજે	૨૧૧૧

અંગ રૂપ સ્વરૂપ આકેત કરી	ભય ઉત્પન મન માંહે આવ્યો ભરીય	।૨૧૨।
અં તણી આકૃત સહુ થઈ ઓર	તેણે સમય મન રંચ નહીય ઠોર	।૨૧૩।
જોઈ આકૃત ત્રીયના અંગ તણી	પ્રભુજીએ હંસી હંસીયને શોભા બની	।૨૧૪।
પ્રભુ સેજે બેઠા ભામીની પોઢયા પાસ	રૂપ નિરખે છે વ્હાલો હંસી હંસીય પ્રકાશ	।૨૧૫।
શીથીલ અંગ અંગનીને રંગભંગ બહુઅ	ભુષણે વસ્ત્રે નહી ઠોર કુચકચ એહ સહુઅ	।૨૧૬।
ભય વિવશ જોઈને વ્હાલોજી	કજલ પીક સુલીક જોઈ ભાવે ભીજે	।૨૧૭।
શોભા પ્રગટી પરમ શોભાયમાન	વ્હાલો નિરખી નિરખી હંસી હંસી ચુંબન દાન	।૨૧૮।
પછે ધીરવીને સુંદરી કીધા સાવધાન	ચુંબન દેઈ નખાક્ષતે કર્યું અધરપાન	।૨૧૯।
નિજ ભુષણ વસ્ત્ર અંગ રંગ નિહાલી	ઉઠી બેઠા થયા સેજે પોતે સંભાલી	।૨૨૦।
કુચ કચ કંચુકી ભુષણ વસ્ત્ર જેહ	તિલક કજલ પીક વલી અંગતેહ	।૨૨૧।
જોઈ આરસી આલસ મુકી સર્વ	સાવધાન થઈ બેઠા ભર મદને ગર્વ	।૨૨૨।
કરી મનુહાર પીયને તેણી વાર	આરોગીએ કાંઈ ભોગ છે પ્રાણ આધાર	।૨૨૩।
અવસ્ય નીકે કહીને પ્રિય વદન ગ્રહી	આવી ચોકી પર બેઠા મનોરથ લહી	।૨૨૪।
ભકતે આપ્યુ તે અંગી કર્યું પ્રિયત્વ સાથ	વ્હાલો આરોગીઉ ગ્રહી ગ્રહી નિજ હાથ	।૨૨૫।
સરાહી સરાહીને રીઝી મન	પોતે આરોગી આરોગાવે છે પ્રિય જન	।૨૨૬।
રસ રીતે પ્રિતે કરિયને આરોગ્ય	પછે કર ક્ષાણી કોગલા કરી બીડા સંજોગ્યા	।૨૨૭।
આરોગી આરોગાવીને આવ્યા સેજ	બેઠા ઉભય સ્વરૂપ મન ભરીમાં હેજે	।૨૨૮।
કરિય હાસ્ય કટાક્ષ અભિલાખ ભરીયા	પરસ્પર રતી સુરતે ચુંબન કરીયા	।૨૨૯।
મન મનોરથ ઉભય નાયક રૂપ	કીધા ઉભય શ્રંગાર ઉભય સ્વરૂપ	।૨૩૦।
અદ્‌ભુત લીલાનો મનોરથ મન આવ્યો	ઉલટ પુલટ શ્રંગારે રસ રૂપે ભાવ્યો	।૨૩૧।
આકૃત રૂપ સ્વરૂપ સહુ સુધ ભાસે	અદ્‌ભુત રતી રણ ભદે પ્રણતમ પ્રકાશે	।૨૩૨।
આવેશ સય અકૃતિ સર્વ થાયે	સ્વરૂપ ઉભય શ્રંગાર સમ દર્શન થાયે	।૨૩૩।
આવીર ભાવ જુત સર્વ રસ પ્રગટ હો એ	કો એ ચુકે નહી રમણ રમતા રમતા ભાવ કોએ	।૨૩૪।
વિપરીત રતિ ગતિ સહુ સંપન્ન પ્રકાશ	સંકુચ રહિત મન મોદ જુત આનંદ હુલ્લાસ	।૨૩૫।
વિહિત અણ વિહિત રીત સમરીત રીઝી	ચુંબનાદીક હોએ રસ રસે ભીજી	।૨૩૬।
ધર્યા વસ્ત્ર ભુષણને શ્રંગાર રૂપ	કરે રતી રમણ જેહવા સ્વરૂપ	।૨૩૭।
એણી પેરે એ લીલા હોએ રમણ તણી	ઉભય નિમગ્ન થઈને રમય ઘણી	।૨૩૮।
થૈય નિમગ્ન મન રહિત દેહ સંભાલ	વિલસે ઉભય સ્વરૂપ તે રસિક ચાલ	।૨૩૯।
ન રહી દેહ ગેહની મન સંભાલ	થઈ વિસ્મારક અવર લીલાની ઢાલવ	।૨૪૦।
ત્યાં સમિપ કૃપાને સ્નેહ આકૃતે જોઈ	થાએ નિમગ્ન લગ્ન જુત સ્વરૂપ જોઈ	।૨૪૧।
કૃપા સ્નેહ મન માંહે આણી વિચાર	લીલા તણો સંકેત વલી વિસ્તાર	।૨૪૨।
એહ લીલામાં એહ જો નિમગ્ન થાશે	તો વલી આગલ લીલા કેમ હશે પ્રકાશે	।૨૪૩।
ત્યારે સ્નેહ ભકત મન વાત્સલ્યતા આણી	કરે મનુહાર ભકત ઉર વાત્સલ્ય આણી	।૨૪૪।
રાજ કામ થયો મે નવ એ સુખ માંહાં ન જાણુ	રાત્ર રહી ગઈ અલ્પ તે મન માંહાં ન આણું	।૨૪૫।
હવે બીડુ આરોગીને નિંદ્રા સંગે	કીજે શયન મયન દલ એલણ રંગે	।૨૪૬।
પ્રભુજી પરમ થૈય કૃપાલ	કૃપાલતા ઉર આણી છે રસે રસાલ	।૨૪૭।

બેઠા સેજપર રસ ભર્યા રંગે	લેઈ સુંદરી સમિપ જોડીને અંગ અંગે	૧૨૪૮૦
ધર્યા વસ્ત્ર ભુષણ અને મેટયા ચિન્હ શાંત	રસ માંહાં આવી થયા ભિન્ન ભિન્ન	૧૨૪૯૦
પ્રથમ ભિન્ન ભિન્ન નહોતા ઉભય સ્વરૂપે	અનિર વચનીય આનંદ માંહાં એક રૂપે	૧૨૫૦૦
હવે ભિન્ન ભિન્ન સ્વરૂપ થયા રસને શાંત	.....	૧૨૫૧૦
અદ્ભુત શાંત રસ એણી પેરે રમણ પ્રાંત	.....	૧૨૫૨૦
થયા ભિન્ન રસ સ્વરૂપ શાંત થાયે	બેઠા સેજ વલ્લભ વલ્લભા મલીય	૧૨૫૩૦
કરે વિજ્ઞપ્તિ પ્રિયા કહે કહી નાથ	નિજ દાસત્વ ભાવ આવ્યો જે અંગ અંગ સાથ	૧૨૫૪૦
કરે મનુહાર પ્રિય પ્રિયા આરંદ્ર થાએ	માલા તુલસી ગુંજા તણી ભેટ થાએ	૧૨૫૫૦
કરાવી લીધા માલા પ્રસાદી બહુઅ	વહેંચી આપવા સ્વકીય સમાજ સહુઅ	૧૨૫૬૦
અધરામૃત લીધુ પ્રિયા વિજ્ઞપ્તિ કીધી	માહા પ્રભુજી એ આપ્યુ વિનંતી કીધી	૧૨૫૭૦
ધોતી ઉપરેણો ધરાવાની વિનતી ઉચારે	પ્રભુજીએ વચન આપ્યુપહેરવા સવારે	૧૨૫૮૦
કછોટો પ્રથમનો લીધો ભકતે	નૌતન ધરાવવાને ભાવ અવ્યકતે	૧૨૫૯૦
શ્રી કંઠેથી માલા પ્રિયાને પ્રિય આપે	કર ફેરવી વદન પર હૃદય સ્વરૂપ સ્થાપે	૧૨૬૦૦
વલી અધરામૃત આપી પ્રિય પ્રિયા હાથ	મનુહાર કરી બહુ અને બોલાવે નાથ	૧૨૬૧૦
હોમઘર સુધી લાવી પ્રિય પ્રિયાને સાથે	પછે સોપીયાં ગમતા સખી ગોરી હાથ	૧૨૬૨૦
કરી દંડવત ચરણે મુકીને માથ	શ્રીમુખ જોઈ નિજ શીષે વાલે હાથ	૧૨૬૩૦
આશિષ દેઈ અને વલીયાં નિજ ધામ વામ	સખી સંગે થૈય સુંદરી આવ્યા નિજ સદન ઠામ	૧૨૬૪૦
માહા પ્રભુજી હોમઘર થી સેજે આવ્યા	બેસી સેજે પછી પોઢીયા મનોરથે ભાવ્યા	૧૨૬૫૦
નિંદ્રા નાયકા સંગે અતિ રંગ ભરીયા	કો ક્ષણું વ્યતીત કરિયને જાગ્યા આનંદ ભરીયા	૧૨૬૬૦
આલસ મોડીને જંભા જુત નયણ ખોલ્યાં	અર્ધ મિલિત નયણે ખંડીત વયણ બોલ્યા	૧૨૬૭૦
નિશા જાગી નિકટ વર્તી જે ખવાસ	સેજ સમિપ ચોક માંહાં બેઠા પાસ	૧૨૬૮૦
પુછ્યુ તેહાને રાત્ર તણું અનુમાન	નક્ષત્ર પુછીને એમ કર્યું વચન દાન	૧૨૬૯૦
ત્યારે સેવકે વિનતી કરીય કહયું	રાત્ર તણું અનુમાન જેહવું નક્ષત્ર જેહ લહયું	૧૨૭૦૦
સમય થયો છે ઉઠવા તણો રાજ	આજ આવ્યા ભકત સહુ ઉભા છે દર્શન કાજ	૧૨૭૧૦
માહા પ્રભુજી આલસ મોડી ઉઠયા રંગે	લેઈ દર્પણ જોયા જે ચિન્હ અંગે	૧૨૭૨૦
જે દ્રષ્ટિ પડીયાતે ટાલીયા લેઈકર વસ્ત્ર હાથ	ઉઠી સેજથી ઉભા થયા ધરણી નાથ	૧૨૭૩૦
કરી નમન કારણ જુત ત્રૈલોક નાથે	કટી વંક કરી વલી મુકયું ધરણી એ માથ	૧૨૭૪૦
ફરી ઉભા થઈ શીષથી પાગ પહેરીય	કરિયને ધરી સેજ પ્રતિને આરત હરીય	૧૨૭૫૦
લીધી પરદની પહેરી કછોટો મુકયો	આડો અવલો ઉપરેણો કરી શીષે ઝુકયો	૧૨૭૬૦
ઉષ્ન રીતુને પાવસનો છે એમ પ્રસંગ	ધોતી કટી અને ઉપરેણો શીષ સંગ	૧૨૭૭૦
શ્રી અંગ સકલનું દર્શન હોએ સાક્ષાત	માલા જનોઈ હૃદય સ્કંધ ઉદરે ને ગાત	૧૨૭૮૦
કુચ કુચ પીઠ નખ શીખ એમ સ્વરૂપ	દર્શન દાનદે ઉષ્ન પાવસે એમ અનુપ	૧૨૭૯૦
શીતકાલની રીતુ નીમો પહેરે ગાત્ર	તેહને આનન કરે પદને પીહુરી માત્ર	૧૨૮૦૦
દર્શન દાન દે ભકતને શીતકાલ	નીમો પહેર્યો ઉઠી સેજથી તે સમય લાલ	૧૨૮૧૦
પાઓઘારીમાં ચોખંડીમાં પીઢે આવી	બેઠા છે નીજ બાણસું સહેજે સુભાવી	૧૨૮૨૦
ખોલાવ્યા નીજ દ્વાર ઉદાર રાયે	આવ્યા વૈષ્નવજન અતિ ઉચ્છાહે	૧૨૮૩૦

કરી દર્શન સહુ કોઈ ત્રપ્તિ ન પામે	કરી દંડવત નિરખે સ્વરૂપ દાને	।૨૮૪।
માહા પ્રભુજી બેઠા છે પીઢે તે વાર	કરે દંડવત ધાવનતે લટકો અપાર	।૨૮૫।
કરે સ્વરૂપનું દાન સનમાન સાથ	ભકત સ્વરૂપ રસ પાન કરે વાલ હાથ	।૨૮૬।
નીત્ય રીતે કરી પહોંચ્યા દત ધાવન જયારે	ફરી બેસી પીઠે કર મુખ પુછે ત્યારે	।૨૮૭।
ક્ષણું એક રહી પધાર્યા સ્થલ એકાંત	શંકા નિવર્તન કરિયને પાઓધાર્યા કોટી કાંત	।૨૮૮।
ચરણ ક્ષાલણ કરી ચોખંડી માંહાં	ફરીય બેઠા પીઢે તે સમય જયાંહાં	।૨૮૯।
શ્રીમુખ કર પદ પુછન ત્યાંહાં કીધુ	થેલી આપી ખવાસે ચરણામૃત લીધુ	।૨૯૦।
પછે કરી જલ પાન ઓષધ લીધુ નાથ	પાઓધાર્યા ચોખંડી માંહાંથી લટકાતે સાથ	।૨૯૧।
આવ્યા તિબારીમાં તેલગાદી બેઠા તેલાભ્યંગ	કરી પહોંચી અને ત્યાંહાંથી ઉઠયા	।૨૯૨।
આવ્યા ચોક માંહાં તે ચોકી આગલ ઉભા	નિરખે ભકત સહુ મલીયને શ્રી અંગ શોભા	।૨૯૩।
કરિય અભ્યંગ પહોંચ્યા છે તે નિત્ય રીતે	અંગ વસ્ત્ર કરી ધોતી ધારી પ્રિતે	।૨૯૪।
બેસી પીઢે પછે નિત્ય કારજ કરીયાં	ગ્રહી શીપ કર કમલે સું તિલક ધરીયાં	।૨૯૫।
ઉઠી પોઓધાર્યા નાથજી મંદિર આવ્યા	ત્યાં નિત્ય ચરિત્ર વિચિત્ર કરી નિજ ધામે ભાવ્યા	।૨૯૬।
સાહમી ભીંતે ઉભા રહી દર્શન આપી	હાસ્ય વીનોદ કરી જોત સંજોગ સ્થાપી	।૨૯૭।
ફરીય એકાંતે થઈ ચરણ ક્ષાલણ કીધાં	અહી પણ દર્શન દાને સનમાન દીધાં	।૨૯૮।
ઉઠી તેલાભ્યંગ ઉભા કરી નાહી નાથ	ફરી પોઓધારીયા નાથ મંદિર આપ	।૨૯૯।
રાજભોગ અણ અવસર કરી ફરીય	આવી નિજધામે ચટાઈ અંગી કરીય	।૩૦૦।
મહુરત માત્ર બેસી કરી દાન વ્રષ્ટિ	પુર્યા સકલ મનોરથ સ્વારથી સૃષ્ટિ	।૩૦૧।
સમય થયો અને ભોજન હિત છે પધાર્યા	ભોજન ઘર જઈ ભોજન કરી આનંદ વધાર્યા	।૩૦૨।
ઉઠીને અચવીને નિત્યરીતે બેઠક આવે	ચોક માંહાં ચોકીએ શીત રીતે ઉષ્ને સેજ સોહાવે	।૩૦૩।
કો ક્ષણું બેસી વ્હાલો પછે પોઢે જયારે	સહુ વૈષ્નવ આશિષ દેઈ વેલ ત્યારે	।૩૦૪।
પોઢી ઉઠી ઉત્થાપને બેઠા નાથ	કરે દર્શન આવી સહુ વૈષ્નવ સાથ	।૩૦૫।
સેજથી ઉઠયા વ્હાલોજી નિત્ય બાણે	નિજ ભકત ઉપર કૃપયાને સાણે	।૩૦૬।
સ્થલ એકાંત થઈ ગાદી તકિયે સોહે	ધોતી ઉપરેણો રીતુ ભેદે કભાય મોહે	।૩૦૭।
આતમ સુખ ઓઢી જલપાન કીધું	બીડી આરોગી સ્વરૂપ રૂપે દાન દીધું	।૩૦૮।
બહુ ભકત સમાજ ઉભો છે કો કો બેઠા જુથ	નિરખે નયણ ભારી ભારી સ્નેહે ગુંથે	।૩૦૯।
નિત્ય ચરિત્રની લીલા હોય અતિ રસાલ	બેઠા માહા પ્રભુ ઉત્થાપને નયણ વીશાલ	।૩૧૦।
ફેર મનોરથ શ્રૃષ્ટિના ભાવ સમ	એ છે લીલા નિજ વલ્લભની અતિ અગમ્ય	।૩૧૧।
એ લીલાનો કહેતાં ન પામુ પાર	શેષ શારદા તણે તે બલ ઉચ્ચાર	।૩૧૨।
એહ લીલા અવગાહને દાન હોએ	શ્રી ગોકુલપતિ કૃપા સુદ્રષ્ટિ જોએ	।૩૧૩।
મોહનવર શ્રી વલ્લભજી પુરે આશ	ઘરે નિરંતર દીન થયો તે નાગરદાસ	।૩૧૪।
મહેદકૃપાએ મનોરથ પુરણ થાએ	મન વચકૃમ કરીએ લીલા જો ગાએ	।૩૧૫।
યમુના સુવન જે સુંદર સુત છે વલ્લભદાસ	શ્યામદાસ હરજીય ભાણેજ પ્રકાશ	।૩૧૬।
તેહો તણી આરતે મનોરથ પ્રસંગ	પચાસ ઉપર પાંચ પંચાવન એહ પ્રસંગ	।૩૧૭।
થયો છે મહેદ દાનને સમાન પ્રિય	અનુભવી સમાજનું પ્રાણ પ્રિય	।૩૧૮।
અનુભવ વીનકો નવી લહે શ્રી વલ્લભ સ્વરૂપ	તે નિત્યચરિત્ર શ્રી વલ્લભ તણું જે વિચિત્ર રૂપ	૩૧૯।

અને સ્વરૂપના પ્રાગટય તણું કારણ હેત	વલી ભકતસું લીલાનો જે સંકેત	।૩૨૦।
હવે વિનંતી કરિયને એ દાન માંગુ	સ્વરૂપ લીલાને ભકત સું રહો મન લાગું	।૩૨૧।
હવે કૃપા કરી અનુભવી ભકત રાજ	કરી કૃપા અનુભવ તણી નાગરને એહજ કાજ	।૩૨૨।

ઈતિશ્રી ઘોલ પંચાવનમું સંપૂર્ણમ
ઈતિશ્રી કમલ સરસના નામનો પ્રસંગ
માંગલ્ય પચાસને પાંચ મેહલ્યા ।। સમાપ્તમ્ ।।

લીખીત એતહ ભકત લીલા પરીવસાઈ એતદ લીલા પરીવસાઈ એતદ લીલા મધ્ય પાતિ સમાજનો ચરણ રજ દશા અભિલાખી નાગરદાસ ગોકુલભાઈ નારાયણજી ભરૂચના કૃત અનુભવ લીલાના માંચલ્ય પચાસ સંધ્યા વદન કર્યા પછીના લખાયા છે તે માંગલ્ય પાંચ સંપૂર્ણમ્ ।। ૫ ।। છપ્પન ।। શ્રી વલ્લભ પદ કમલ ઈચ્છીત રસ પોષક શ્રી વલ્લભ પદ કમલ રતી ગતી આરતી સોસક શ્રી વલ્લભ પદ કમ જુગ ભકતની જીવન પ્રાણપતિ સો શ્રી વલ્લભ પદકમલ નાગર ઉર મહી નિત પ્રતિ

શ્રી શ્રી શ્રી શ્રી શ્રી

માંગલ્ય - ૫૬

શ્રી શ્રી ગોકુલેશ જય જયતિ ।। હવે એ ધોલ કમણ સરસ નું છઠ્ઠુ લખીએ છે ।।
મેહેલ્યા માંગલ્ય છપ્પનમુ ઘેણુને ઢુંઢન ભાવે રે વલ્લભજી
।। એણી જાતે ગવાશે ।।

મહેદ મનોરથે રસ ભર્યા રંગે વલ્લભ વાત્સલ્ય હેત
વિવિધ પ્રકારે ભાવ તરંગે ભાવના ભકિત સમેત ।૧।
શ્રી વલ્લભ સ્વરૂપ વીના ઉરના આણે અણું તે કો ક્ષણું માત્ર
અહરનીશ રૂચીને દાને પ્રમાણે વલ્લભ સેવાના પાત્ર ।૨।
તન મન ધન અને પ્રાણ પરાક્રમે બની આવે જેહ
પ્રછન્ન પ્રકાશ વલી અનુક્રમે રાજસ રીતે નેહ ।૩।
નીશદીન સેવા સુખની વિચારે બીજું કાંઈ ન પ્રિછે
સ્વતઃ અને પરતહ વિચારે બીજુ કાંઈન પ્રિછે ।૪।
પલ ઓટે જુગ કોટ તે થાએ ક્ષણું ક્ષણું હોએ અધિર
મોહન ગોકુલ માધવ સમુદાયે ને નારંગ દામોદર વીર ।૫।
રૂપ સ્વરૂપના દરશી અહરનીશ પલ પલ વારે પ્રાણ
શુધ્ધ સ્વરૂપ એ શ્રી ગોકુલઈશની મહેદ જાણ નીબાણ ।૬।
અનુભવી એ પ્રતિક્ષણું લીલા કેરા ગુપ્તને પ્રગટ પ્રકાર
એહવા અવરન બીજા કોએ એ છે વા સમ જે અપાર ।૭।
એ મહેદ સમાજ સુજાતિય સંગે જેહોને મહેદનું દાન
અનુદીત નિકટ રહી અંતરંગે કરે દરશ રસ પાન ।૮।
કો તનથીય કો મનથીય ભાવે ધનથીય સેવા સાર
પરાક્રમથીય સમાજ પ્રભાવે વાત્સલ્ય તણીય અપાર ।૯।
એ અનુભવી મહેદ ભકત સમાજને ચરણે આરત્યે લાગી
અનુભવદાન તે અનુભવ કાજને દીનત્વ ભાવે લાગી ।૧૦।
શ્રી વલ્લભ ચરિત્ર અવગાહન અર્થે લખવા કર્યો વિચાર
અનુભવી અનુભવ દાન સામર્થે કરૂ તે પ્રેમે પ્રચાર ।૧૧।
મહેદભકત ભગવદી અનુભવી પીઠીકા લેઈ તે રીતે
ચાતુરતાઈ નહીં અણું કવીની કેવલ ધરી મન પ્રિતે ।૧૨।
નામ વિશદે કહું તે સમાજના જેહોએ એ અનુભવ ગાયો
નિકટ રહી જે અનુભવ કાજના એ રસ લીખને લખાયો ।૧૩।
નયણે નિરખી પરખી શ્રી અંગ અંગે ને નીજ ઉર કર્યો સાંચે
સ્વરૂપ વર્ણન નિત્ય ચરિત્ર તરંગે અવગાહન કર્યું રંચ રંચે ।૧૪।
લીલા ગુપ્ત પ્રકાર તણી તે ગાઈ વિલક્ષણ ભાવે
દાન પાત્ર સમઝે કે ઘણી તે જે લીલા એ પ્રગટાવે ।૧૫।

માધવદાસ માહા બડભાગી ખંભાત વાસના સ્થાઈ
પ્રથમ એ ધોલે પ્રગટ અનુરાગી વલ્લભ લીલા ગાઈ ।૧૬।
માહાવજી ભાઈ સ્વરૂપના વેધી સોરઠ ભણીયના વાસી
શ્રી વલ્લભ સ્વરૂપે સ્વતંત્ર ભેદી અનુભવી લીલા પ્રકાશી ।૧૭।
સ્વરૂપ સિધ્ધાંત કરી ઘણી ભાંતે લખીયું છે માહાવજી ભાઈ
સંસ્કૃત પ્રાકૃતે ખાંતે લીલા એ સ્વરૂપની ગાઈ ।૧૮।
દાદા નારાયણજી ભરૂચ કેરા લીલા મધ્યપાતિ
શ્રી ગોકુલપતિ મુખથી એ વર્યા કર્યા છે કરીઅ સુજાતિ ।૧૯।
અનુભવ સાદ્રશ ગાઢ નયણે સિધ્ધાંતનુ સાર પ્રકાશી
..... ।૨૦।
નાથભાઈ કૃપા પાત્રના પુત્ર જે હરીભાઈ સહુ જાણે
અનુભવા નંદ અનુભવને સુત્ર તે ગાયો પ્રગટ પ્રમાણે ।૨૧।
બીજુ અનેક કવીય પ્રબંધે કીધું છે દાન સમાને
ભાવ વિલક્ષણ પુર્વ સંબંધે ઘરી મન માંહાં અનુમાને ।૨૨।
પરમ ભગવદીય ગોપાલદાસ છે અનુભવને ઉર આણે
વ્યારા માંહે તે પ્રથમ નિવાસ છે તેહોને દાન પ્રમાણે ।૨૩।
શ્રીમુખ વચન પ્રમાણે લીલા પ્રાગટયથી સહુ ગાઈ
ગુજરાતે પાઓધાર્યાની લીલા વલી અનુભવની સુખદાયી ।૨૪।
ભગવદી ગોકુલદાસ નાગરેને વેણીદાસ વલી ભાઈ
અનુભવ સમ લીલા રસ સાગરને ઠાકુરધ્વારની ગાઈ ।૨૫।
વલી સુખપાલને ઉછાહ સમયની બહુ ભાંતે તે પ્રકાશી
અનુભવ સ્વતઃ એ સ્થલ ઉભયની ને પર મુખ સુણી તે હુલ્લાસી ।૨૬।
દાદા નારાયણજી ભરૂચી મહેદ એ મોટા ભાગ્યવાન
તેહ તણાં સુત છે અંગવદ તે ગોકુલભાઈ અભિધાન ।૨૭।
તેહો એ સ્વરૂપ યથારથ વલ્લભ લખ્યું ઉત્સવને પ્રસંગે
સ્વરૂપ વર્ણન અતિ દુર્લભ નિત્ય ચરિત્રને અંગે ।૨૮।
ભૈયા વીઠલદાસ ભરૂચી વાત્સલ્યે સેવા તેહોની
નિકટ રહીયને કરી તે રૂચી એ વાત પ્રસિધ્ધ છે તેહોની ।૨૯।
નિત્ય ચરિત્ર કરીય લખ્યું વાતે તે સ્વરૂપ યથારથ જુકત
પ્રાતઃ થી ઉઠીને પરજંત તે વલ્લભ લીલા અવ્યકત ।૩૦।
ત્રીકમભાઈ નારાયણજીના પુત્ર છે વલ્લભભાઈ તો નામ
નિત્ય ચરિત્ર અનુભવને સુત્ર લખીયું શ્રી ગોકુલ ધામ ।૩૧।
પરસ રામજી ભગવદીય મોટાને પંડયા ગોવરધન
નિહાલચંદ કંબો એહ જલોટો ને સુરજીભાઈ પ્રપન્ન ।૩૨।
નારાયણદાસ ઈટાવા ભણીના કાયસ્થ જ્ઞાતે સાર
કવીત ને પદ કર્યા સ્વરૂપ ઘણીના અનુભવનાતે પ્રકાર ।૩૩।

દાદાજીનો દોહીત્ર તે નામ છે માધવભાઈ જેહ
અનુભવ કીધો શ્રી ગોકુલ ગામ છે સ્વરૂપનું વર્ણન તેહ ૧૩૪૧
સુલતાનપુરના શામદાસજી હરજીભાઈના પુત્ર
અનુભવીય સમાજ પ્રકાશ છે કર્યુ અનુભવને સુત્ર ૧૩૫૧
એ સમાજે સ્વરૂપ શ્રી વલ્લભ વર્ણવ્યુ અનુભવ કરીય
માંગલ્ય ઘોલને પદ છંદે દુર્લભ નેત્ર હૃદય માંહે ધરીય ૧૩૬૧
પ્રાકૃત સ્વરૂપનું પ્રાકૃત વચને પ્રાકૃત વત કરી પ્રિતે
એ અપ્રાકૃતે રચના રચને અનુભવીનો રસ રીતે ૧૩૭૧
કલ્યાણભટ મઠપતિ છે મોટા પંડીત માહે પ્રસિધ્ધ
ચાલીસ સહસ્ત્ર શ્લોક ગધ્ય છોટા કરી ગ્રંથ કોધો નીધ્ય ૧૩૮૧
સ્વરૂપ સિધ્ધાંતને સ્વરૂપ લીલાનો પ્રાગટયથી સહુ કહીય
ગીર્વાણ ભાષાએ ભાવ રસિલી અનુભવે તેહવી લહીય ૧૩૯૧
કૃષ્ણરાય ભાણેજે કહીયું શ્લોક કરી સહું સંસ્કૃત
પોતે અનુભવી જેહવી લહીયુ આણ્યું તેહવું વ્યકત ૧૪૦૧
કૃષ્ણરાય તેહોએ કીધુ રૂચીરાષ્ટક રૂપ
તેહની ટીકાને ચિત્ત દીધું હરીદાસભાઈએ અનુપ ૧૪૧૧
એ હરીદાસભાઈ કાયસ્થ જ્ઞાતે પણ મોટા ભાગ્યવાન
અનુભવી નિકટ કર્યા દીનરાત્ર કીધું સિધ્ધાંતે ગાન ૧૪૨૧
પીંગલ રીતે કર્યો ગ્રંથ એક છે પ્રાકૃત ભાષાએ કરીય
બીજા કવીત ઘમાર વિવેક છે ભાવ તે માંહાં રસ ભરીય ૧૪૩૧
સંઘજી વ્યાસને તારા કવી છે એહોને શાસ્ત્રની નીતે
ગ્રંથ કર્યા બહુ શ્લોકે લખી છે નિજ અનુભવની રીતે ૧૪૪૧
વલી સહિતે તે અનેક અનેકે કહયુ છે અનુભવ કરીય
વીઅનુ નાયણે તે વિવેકે કરી લાવ્યા ઉર ધરીય ૧૪૫૧
પ્રાકૃત કવીત કર્યા કોટા વીધી અનેક અનેક કવીયે
બિહારી કવી ગુણ સાગર છે નિધી કવીત કર્યા ઉકત નવીએ ૧૪૬૧
પેજ પચીસીય માલોધ્ધરના સમયની કીધી વિહારી
ગજન ગીરધરે એહ પ્રકારના વલીય અનેક ઉચ્ચારી ૧૪૭૧
રૂપાંબાઈ ગોમતીબાઈયે સહેજબાઈએ લીલા સાર
એ રીતે બહુ પ્રિતે ગાઈએ અનુભવ સ્વરૂપ પ્રકાર ૧૪૮૧
એમ પીઠીકા ને ઉર રાખી ધરી ઉર એહજ આશ
એહજ સમાજ કૃપા અભિલાખી ચરણે નમીયને દાસ ૧૪૯૧
તે ગોકુલભાઈનો નાગરદાસ છે તેણે એ ઉરમાં આણી
દર્શન તણી મન ધરીયને આશ છે ઉપરી અનુભવ વાણી ૧૫૦૧
કયાંહાં લગી કહીયે વલ્લભ ચરિત્રને લીલા ચરિત્રની વાત
અનુભવીયે અનુભવ સ્વરૂપ ને કીધા જે દીન રાત ૧૫૧૧

હવે કહું પ્રસંગ પચાસને પાંચ એ માંગલ્ય થયાની રીત
અનુભવીયે અનુભવનો સોંચ તે કીધો છે બહુ પ્રિત ૧૫૨૧
ગોમતીબાઈ હરીબાઈની બેટી અનુભવી પ્રગટ પ્રકાશ
છે રસ માત્ર એ ભાવે લપેટી એહજ અનુભવ આશ ૧૫૩૧
એ અનુભવ ગાહન કાજે કીધો પ્રસંગ સાર
પ્રાતઃથી ઉઠીને ચરિત્રે બિરાજે તે સહુ સુરતિ વિચાર ૧૫૪૧
સંધ્યા લગીય ભાવ વિસ્તારે નિત્ય ચરિત્ર રાસ
રાગ જાત અને તાલ પ્રસ્તારે ભિન્ન ભિન્ન સહુની ચાલ ૧૫૫૧
સંધ્યા સમય જલ ઘર માંહાં વ્હાલો પીઢે બેઠા સોહે
ભકત જુથ સંવલી તને નિહાલો શ્રી મુખજોઈ મન મોહે ૧૫૬૧
અહીં લગીયા એ પ્રસંગના ઘોલતે માંગલ નામ ધરીયે
પચાસ માંગલ્ય કલીને કલોલ તે લખીયા અનુભવ કરીય ૧૫૭૧
સંગસહાય છે લખવાને હીતે માધવદાસનો પુત્ર
ગોકુલદાસ વીસત નગરીનો તે ગાએણ ભલો પ્રેમ સુત્ર ૧૫૮૧
સંવત સત્તર સાત થકી તેર લગીએ લખાયું
ઈચ્છાને અનુસારે એ લખીને ચૌદ પછી એ રખાયું ૧૫૯૧
પચાસ માંગલ્ય તે સંધ્યા સુધી તે લખાયા એણી રીતે
ચાવ ધરી બહુ ભાવે સુબુધ્ધી ધરીયને ઉર અતિ પ્રિતે ૧૬૦૧
પછે સંવત પંદર તે માંહે ગોમતીબાઈ ભાગ્યવાને
વૈશાખ મહીને શ્રી ગાકુલ ત્યાંહે શ્રીમુખ જોયુ દાને ૧૬૧૧
ત્યાર પછી છે પ્રસંગતે તેટલો રહયો અન આગલ ચાલ્યો
તે પછે કો વર્ષાંતરે જેટલે છે ભગવદીએ ભાલ્યો ૧૬૨૧
તે ભગવદીય વલ્લભદાસ કહીયે જમનાબાઈના પુત્ર
શ્રી વલ્લભ સંબંધે વ્હાલ તે લહીયને એહો ઉર અતિ મલે સુત્ર ૧૬૩૧
તેહો મન આવ્યું પુરણ થાયે અધવચ રહે તે ન વારૂ
એમ મન ચાવે તે આતુરતાએ જે પુરણ થાએ સારૂ ૧૬૪૧
પત્ર લખ્યુ તે નિજ સંબંધ વિચારી તેહ તે શ્રીપુર આવ્યું
શ્રીપુર વાસીએ વાંચ્યું ઉચારી તે ઈચ્છા એ ઉપજાવ્યું ૧૬૫૧
આરંભ કીધો લખવા કેરો સંધ્યા સમય પછીઅ
પચાસ પછી એ પાંચ ઉપરે પંચાવન માંગલ્ય કરીય ૧૬૬૧
મહેદ કૃપા તણે દાનને ફલથી નાગરે ઘોલ એ પાંચે
છઠું એ ઉપસંહારનું ભલે થી છપ્પનનો થયો સોચે ૧૬૭૧
ઉપસંહારે પુરણ કીધાનો મનોરથ થયો શ્યામદાસ
એહનો ભાવ તે પુષ્ટ માહા લીધાનો રાજનગરે નિવાસ ૧૬૮૧
સુંદરભાઈ સ્વકીયના પુત્ર એ દાદા નારાયણજીનો વંશ
ઉત્પન્ન છે સ્નેહ મારગી સુત્ર એ ઉજવલ મનોરથી હંસ ૧૬૯૧

હવે એ માંગલ્ય ઉપસંહારનું લખાએ પચાસ ઉપરે એ છઠ્ઠું
એથી સંપુર્ણ પ્રસંગ એ પરખીયે એમ છપ્પન થયા એકઠું ૧૭૦૧
મહેદભકત સમાજને ચરણે લાગી કરૂ વિજ્ઞપ્ત
પ્રાતઃથી ઉઠી અનુકરણે ચરિત્ર પ્રગટને ગુપ્ત ૧૭૧૧
સંધ્યાથી નીશી ચરિત્રના પ્રસંગ તે પોઢતા લગીય છે જેહ
પોઢયા પછી રસ ભકતને સંગ તે લીલા કરે છે તેહ ૧૭૨૧
શ્રી વલ્લભ સ્વરૂપને ભકત સમાજનું લીલા જુત ઉર ધ્યાન
મારે એહજ કાજનું કાજ છે બીજુ નહી અણું જ્ઞાન ૧૭૩૧
એ વેદ પુરાણ પ્રમાણે ન પામીએ પામીએ અનુભવે એહ
સ્નેહ પંથ શુભ શીલ સોભાગીએ ચાલતા પોહોંચે તે ગ્રેહ ૧૭૪૧
શાસ્ત્ર સિધ્ધાંત ન જાણે છે ઈસ તે વલ્લભ કૌતીક ભાસે
ગોઠડી મીઠડી ગોકુલાધીશ તે કરીયને જણાવ્યો આશે ૧૭૫૧
શ્રી વલ્લભ સ્વરૂપ સમાન ન આનકો આધ્યથી અદી જે કહાવે
થયુ થાવુ નથી એ ઉનમાને કે વેદ ન ભેદ એ પાવે ૧૭૬૧
એ શ્રી ગોકુલને ગોવરધન સ્થલથી અન્યત્ર બીજે ન કહીય
ભકત સમાજસું સ્વરૂપ બલથી લીલા અહરનીશ અહીંય ૧૭૭૧
અક્ષરાતીત એ સ્વરૂપ છે શ્રી ગોકુલેશજીય કેરૂ
નિસાધન ફલાત્મા રૂપ છે જે અનુભવી ભકત છે હેરૂ ૧૭૮૧
દીન તણે તે આધિન છે સર્વદા પોતે તે થઈયને દીન
જે જેમ જાણે તે તેમ ફલદાયક શ્રી ગોકુલેશજી પ્રવિણ ૧૭૯૧
અગણીત આનંદે રહે નિત આવર્યા ભકત સમાજને સંગે
લીલા પ્રતિક્ષણું એ છે પરવર્યા હરખિત નખશીખ અંગે ૧૮૦૧
નખ શીખ અંગ અંગ છે રસ રૂપ તે ભકત સમાજ છે તે તેમ
લીલા નિરંતન એ સ્વરૂપને જાણ્યુ ન જાએ કયેમ ૧૮૧૧
શ્રી અંગ અંગ છે વિરલ સ્વરૂપ તે તે ઉર માંહાં સમુગ્ર ન આવે
જેહને જેહ અંગ અનુભવમાં અનુપ છે તે ઉર તેટલુ ભાવે ૧૮૨૧
અછુતુ પ્રાગટય અવની પર દરસાવ્યુ
અપ્રાકૃતે કરી પ્રાકૃત કાપટય ચરણે સહુ પરમાવ્યુ ૧૮૩૧
પ્રાગાટય માહા ગોપ્ય છે લીલા સર્વે તે ભેદના પામે કોઈ
પ્રાકૃતવત દેખાડે છે સર્વે શુધ્ધ ન સમજણ હોઈ ૧૮૪૧
એહ સ્વરૂપનું એહ ચરિત્ર છે અપ્રાકૃત રસ રૂપ
જાણવી પુષ્ટ જે પરમ વિચિત્ર છે પરમ ગુઢ એ સ્વરૂપ ૧૮૫૧
શ્રી અંગ પ્રગટી શ્રૃષ્ટિ જે અંગવદ તે જાણવા એહ સ્વરૂપ
અવર ન કોહોને જ્ઞાપીત એહજે એહવા શ્રી ગોકુલ ભુપ ૧૮૬૧
જાણી શકે નિરધાર નહી કો કોણ લખ્યુ ન જાય
અનુભવ સમ એ જાણે સહુકો પણ સંપુર્ણ ન લહેવાય ૧૮૭૧

શ્રી વલ્લભ સ્વરૂપ છે શ્રૃષ્ટિ સહુ તેમ લીલાની એ રીતે
શાસ્ત્ર જ્ઞાને ન જાણવા કો કયેમ એ જાણવા મારગ પ્રિતે ૧૮૮૦
એ શ્રી ગોકુલપતિના સ્વરૂપને અનુભવી અનુભવ રીતે
સંયોગ સમય લીલા તદરૂપ એ ગાઉ સુનુ પ્રિતે ૧૮૯૦
વિપ્રયોગમાં લીલા ચરિત્રને સ્વરૂપ અવગાહન હેત
અનુભવ નયણે કર્યો જે વિચિત્ર તે ગાયો ભાષાના સમેત ૧૯૦૦
ભાગ્યવાન એ ગોમતીબાઈ તેહોએ મનોરથ કીધો
વિપ્રયોગ દશાામાં સ્થાઈ અનુભવ રસ એમ પીધો ૧૯૧૦
મહેદભકત ભગવદીયની રીતે અનુભવ નયણે જે કરીયો
પ્રભુ ઈચ્છા તણે તે અંકીતે મનોરથે મન એમ ધરીયો ૧૯૨૦
એહોને મનોરથે માંગલ્ય એ થયાં પોતે લખ્યાં પચાસ
સંપુર્ણ એ એમ થયાં છે છ પાછલ એ પ્રકાશ ૧૯૩૦
છપ્પન માંગલ્ય પ્રસંગ એ પુરણ થઈ આવ્યો અનુભવને દાને
ચરણે લાગીને આરત ચુરણ કરે તે એ રસ પાને ૧૯૪૦
અનુભવીની નીધિ એહ પ્રસંગ છે સુણે થકી અનુભવ થાએ
નયણ હૃદયમાં સુરતિ પ્રત્યંગ છે આવે છે સમુદાયે ૧૯૫૦
આરતી ઉપજાવે વિપ્રયોગીને સંયોગીને મન ધાયે
અનુભવ પ્રત્યક્ષ કર્યો જે સંયોગી ફરી ફરી તે લલચાયે ૧૯૬૦
અનુભવોને અનુભવીને અનુભવ એ સુણતા અનુભવ તે ફરી થાયે
અનુભવ રહિત ને એ અનુસરતાં અનુભવી ઉર ધાયે ૧૯૭૦
એ પ્રસંગઅનુભવી જીવન ફલદાયક પ્રકાશ
અણ અનુભવીને રૂચતુ પ્રિયમન ઉપજાવે ઉર આશ ૧૯૮૦
નારાયણજી ભાઈનો છે નાગરદાસ છે નામ
રહે અકીંચન આયુષ સ્થાનીને શ્રીગોકુલેશપુર ધામ ૧૯૯૦
શ્રી વલ્લભ દર્શન લાલસા નીશદીન શ્રીગોકુલેશપુરના સંગથી
અવર ન વ્યાસંગ વ્યાપે એક છીનુ મહેદ દાનના અંગથી ૧૦૦૦
એ સમય વિરૂધ્ધમાં એ લખાયે તે કેવલ ઈચ્છા દાન
દાસનો દાસ જાણીને ઈચ્છાએ કીધું એમ સનમાન ૧૦૧૦

ઈતીશ્રી માંગલ્યપચાસને ઉપર છ થકી છપ્પન થયા ૧૦૨૦
॥ ૧૭૬૧ ॥ ચૈત્ર સુદી ૧૫ ॥ રવેઉ ॥ એ પ્રસંગ નામ
S "કમણ સરસ" ભોગ્ય ગોમતીબાઈ હરીદાસ ૧૦૩૦
નાથજીભાઈની બેટી કૃત માંગલ્ય પચાસ થયાં છે"
તદ ઉપરાંત વર્ષાંતરે માંગલ્ય ॥ છ ॥ લીખત ॥ ૧૦૪૦
નાગરદાસ ગોકુલભાઈનો મલ્યા એમ થઈ ને માંગલ્ય
છપ્પન થયા તે સંપૂર્ણમ્ સમાપ્તમ્ ૧૦૫૦